Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates

द्व

[illegible]

# સમયસાર વૈભવ

## શ્રી કુંદકુંદાચાર્યદેવ રચિત સમયસાર પરમાગમ ઉપર અધ્યાત્મયુગપુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના ૧૫મી વખતના સળંગ અક્ષરશઃ પ્રવચન

(ભાગ-૯)

(ગાથા-૧૫૭ થી ૧૯૨, શ્લોક-૧૦૮ થી ૧૨૮
,
પ્રવચન-૨૪૪ થી ૨૭૩)

પ્રકાશક

સ્વ. શાહ વૃજલાલભાઈ ભાઈલાલભાઈ ડેલીવાળા પરિવાર
(મૂળ રહેવાસી બરવાળા ઘેલાશા, હાલ સુરત)
હ : અશ્વિનભાઈ વૃજલાલભાઈ શાહ
સુધીરભાઈ વૃજલાલભાઈ શાહ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

| વિક્રમ સંવંત | વીર સંવંત | ઈ. સન |
|---|---|---|
| ૨૦૭૪ | ૨૫૪૪ | ૨૦૧૭ |

**પ્રકાશન**
માગશર વદ ૮, તા.૧૦-૧૨-૨૦૧૭, રવિવાર
શ્રીમદ્ ભગવત કુંદકુંદાચાર્યદેવ પદારોહણ દિન

**પ્રાપ્તિ સ્થાન**
જે કોઈ મુમુક્ષુ ભાઈ-બહેનોને પ્રસ્તુત પુસ્તકની નકલ જોઈતી હોય તેમણે શ્રી સુધીરભાઈ શાહનો સંપર્ક કરવા વિનંતી.
મો. ૦૯૩૭૪૭૧૯૨૦૨

**ટાઈપ સેટિંગ :**
**પૂજા ઈમ્પ્રેશન્સ**
ભાવનગર
મો. ૯૭૨૫૨૫૧૧૩૧



ण वि होदि अप्पमत्तो ण पमत्तो जाणगो दुजो भावो।
एवं भणंत्ति सुद्धंणादो जो सो दु सो चेव।।६।।

# પ્રકાશકીય નિવેદન

શાસનનાયક અંતિમ જિનેશ્વર શ્રીમહાવીરસ્વામીના પ્રવર્તમાન શાસનમાં અનેક ગુણસમુદ્ર એવા આચાર્ય ભગવંતો થયા છે. તેઓએ નિજાનુભવ તથા ભગવાનની દિવ્યધ્વનિના આધારે અનેક મહાન પરમાગમોની રચના કરી, તેમ જ જન્મ-મરણના દુઃખથી મુક્ત થઈ અવિનાશી નિજાનંદ સુખ, શાંતિની પ્રાપ્તિ કઈ રીતે કરવી તેનો માર્ગ પ્રકાશી, ભવ્ય જીવો ઉપર મહાન ઉપકાર કર્યો છે. ભગવાન મહાવીરસ્વામીના મોક્ષગમન બાદ ત્રણ કેવળી અને પાંચ શ્રુતકેવળી થયા. આચાર્યોની પરંપરામાં ભગવાન કુંદકુંદાચાર્યદેવ વિક્રમ સંવતની શરૂઆતમાં થઈ ગયા. દિગંબર જૈન પરંપરામાં ભગવાન કુંદકુંદાચાર્યદેવનું સ્થાન સર્વોત્કૃષ્ટ છે. દિગંબર જૈન સાધુઓ પોતાને કુંદકુંદાચાર્યદેવની પરંપરાના કહેવરાવવામાં ગૌરવ અનુભવે છે. તેઓશ્રીને ભગવાન મહાવીરનું જ્ઞાન આચાર્યોની પરંપરાથી મળ્યું હતું, એટલું જ નહિ પણ આઠ દિવસ સુધી મહાવિદેહવાસી શ્રી સીમંધર ભગવાનની દિવ્યધ્વનિ સાક્ષાત્ શ્રવણ કરવાનું મહાભાગ્ય પણ તેઓશ્રીને પ્રાપ્ત થયું હતું.

પવિત્રતાના સ્વામી એવા કુંદકુંદાચાર્યદેવે અનેક કૃતિઓની રચના કરી છે. સમયસાર, પ્રવચનસાર, નિયમસાર, પંચાસ્તિકાય, અષ્ટપાહુડ પંચ પરમાગમો સહિત બીજી પણ અનેક ભવ્ય કૃતિઓની રચના કરીને જિનશાસન-સ્તંભનું કાર્ય કર્યું છે. શ્રી સમયસાર પરમાગમ તેઓશ્રીની એક અદ્વિતીય કૃતિ છે, જગતનું અદ્વિતીય ચક્ષુ છે. પાંચમી ગાથામાં તેઓશ્રી ફરમાવે છે મારા નિજ વૈભવથી હું સમયસારને કહીશ. જિનેન્દ્ર ભગવાન અને ગણધરદેવથી માંડીને અમારા ગુરુ પર્યંતના ઉપકારીઓ દ્વારા પ્રસાદરૂપે અપાયેલ શુદ્ધાત્મતત્ત્વના અનુગ્રહપૂર્વક ઉપદેશથી થયો છે. નિરંતર ઝરતો-આસ્વાદમાં આવતો સુંદર જે આનંદ, તેની છાપવાળું જે પ્રચુરસ્વસંવેદનરૂપ સ્વસંવેદન છે તેનાથી પણ તેનો જન્મ થયો છે. આ સમયસાર અદ્ભુત શાસ્ત્ર છે. તેમાં પોતાનો નિજ વૈભવ બતાવ્યો છે. તેથી આ પ્રવચન ગ્રંથનું '**સમયસાર વૈભવ**' નામ આપવામાં આવ્યું છે. આવા નિર્વિકારી અતીન્દ્રિય આનંદની મહોરછાપ યુક્ત પ્રત્યેક વાક્યો ભવ્યજીવોના આત્મહિતાર્થે લખાયેલા છે.

આ મહાન પરમાગમ ઉપર શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવ રચિત આત્મખ્યાતિ ટીકા ખરેખર અમૃતને રેલાવી ભવ્યજીવોને અજર-અમર પદની પ્રાપ્તિ કરાવે છે. આ દૈવી ટીકા છે. ૪૧૫ ગાથાની ટીકા કર્યા બાદ આચાર્ય ભગવાને પરિશિષ્ટની રચના કરીને સ્યાદ્વાદ અધિકાર લખ્યો

તથા આત્મસ્વરૂપનો વૈભવ એવી ૪૭ શક્તિઓની રચના કરી. આથી સમયસાર પરમાગમ વૈભવથી ભરપૂર એક મહાન કૃતિ છે.

સાંપ્રત સમાજમાં આવા મહાન વૈભવયુક્ત પરમાગમની ઉપલબ્ધિ હોવા છતાં, અંતરંગ રહસ્ય ઉકેલનારું કોઈ નહોતું, તેથી મોક્ષમાર્ગ લુપ્તપ્રાયઃ થઈ ગયો હતો. મિથ્યાત્વનું ભયંકર સામ્રાજ્ય પ્રવર્તી રહ્યું છે એવા દુષમકાળમાં તેવા ઘોર અજ્ઞાન-અંધકારનો નાશ કરવા તેજસ્વી સૂર્યનો ઉદય થયો. એ સૂર્ય છે-પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી. ભાવિમાં સૂર્ય સમાન કીર્તિ ઉદિત થઈ ચૌદ બ્રહ્માંડમાં મોક્ષમાર્ગને પ્રકાશિત કરવાની છે, તેની વર્તમાનમાં ઝાંખી કરાવનાર એવા તારણહાર, યુગપુરુષ, ભવ્યાત્માઓના આત્મ-હિતકર ગુરુદેવશ્રીએ દિગંબર સત્‌શાસ્ત્રોના રહસ્યો ઉકેલી મોક્ષમાર્ગને સ્પષ્ટ કર્યો. પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનનાં શબ્દોમાં કહીએ તો પાંચમા આરાના છેડા સુધી ગુરુદેવશ્રીની વાણી રહેશે. પૂજ્ય ગુરુદેવશ્રીએ ચારે પડખેથી માર્ગને સ્પષ્ટ કર્યો છે. પૂજ્ય ગુરુદેવશ્રીને તો શ્રુતની લબ્ધિ હતી.

સમયસાર પરમાગમ તેઓશ્રીને સ્વાનુભવ થવામાં મહાન નિમિત્ત થયું છે. તેઓશ્રીનાં પ્રત્યેક પ્રવચનોમાં કુંદકુંદાચાર્યદેવ પ્રત્યેની સાતિશય ભક્તિ પ્રદર્શિત થાય છે. અનેક વાર પ્રવચનોમાં તેઓશ્રી કહેતાં કે અમે તો કુંદકુંદાચાર્યદેવના દાસાનુદાસ છીએ. તેઓશ્રીનાં વ્યક્તિગત સ્વાધ્યાયમાં તો તેઓશ્રીએ અનેક વાર સમયસાર શાસ્ત્રનો સ્વાધ્યાય કરી અમૃતપાન પીધાં જ છે, પરંતુ નિષ્કારણ કરુણાથી ધબકતા તેઓશ્રીનાં હૃદયમાંથી મોક્ષમાર્ગ રહસ્યોદ્‌ઘાટક પ્રવચનધારા વહી અને જાહેરમાં ૧૯ વાર પ્રવચનો કર્યાં. અમૃત ઝરતી તેઓશ્રીની જ્ઞાન-લહેરીઓ આકાશને આંબવા જેટલી ઊંચે ઉછળતી. પૂજ્ય ગુરુદેવશ્રીની વાણી એ સામાન્ય વાણી નથી, પરંતુ મિથ્યાત્વના ભૂક્કા ઊડાવી દે તેવી ભવદુઃખ નાશ કરનારી વાણી છે. તેઓશ્રીનાં પ્રત્યેક વચન અનેક આગમોથી યુક્ત છે. અનેક આગમોના રહસ્ય તેઓશ્રીનાં પ્રત્યેક વચનોમાં ભર્યાં છે.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનો રેકોર્ડિંગ કરવામાં આવ્યા અને જતન કરીને સાચવ્યા તેમ જ કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટે તેની ડી.વી.ડી. બનાવી તેમજ અક્ષરશઃ પ્રવચનો ઈન્ટરનેટ ઉપર ઉપલબ્ધ કરાવી સમાજ ઉપર જે ઉપકાર કર્યો છે તે માટે સર્વેનો આભાર વ્યક્ત કરીએ છીએ.

પૂજ્ય ગુરુદેવશ્રીનાં ઉપલબ્ધ આશરે ૯૦૦૦ પ્રવચનોમાં સમયસાર પરમાગમ ઉપરના ૧૩મી અને ૧૫મી થી ૧૯મી વારના પ્રવચનો ઉપલબ્ધ છે. તેમાં ૧૫મી વારના પ્રવચનો પ્રકાશિત કરવાની ભાવના સુધીરભાઈ શાહ, (ડેલીવાલા) પરિવાર, સુરતને થઈ. પૂજ્ય ગુરુદેવશ્રીના મુખમાંથી ઝરેલું આ અમૃત જો પુસ્તક રૂપે થાય તો મુમુક્ષુજીવોને મહાલાભનું કારણ થાય. તેઓએ કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ પાસે પોતાના વિચારો રજુ કર્યા અને વેબસાઈટ ઉપર

આ પ્રવચનો સર્વ સાધારણ મુમુક્ષુજનોને ઉપલબ્ધ થાય તેવી ભાવના વ્યક્ત કરી. ટ્રસ્ટ દ્વારા તેમને સુંદર આવકાર પ્રાપ્ત થયો, સહર્ષ સ્વીકૃતિ આપી અને આ કાર્યને આગળ ધપાવવા માટે પૂરી અનુમોદના વ્યક્ત કરી. ઉક્ત ભૂમિકા સાથે ૧૫મી વખતના પ્રવચનો પ્રકાશિત કરવાનું કાર્ય શરૂ થયું. શ્રી સમયસાર ગ્રંથના ૧૫મી વખતના કુલ ૫૯૫ પ્રવચનો છે, જે લગભગ ૨૧ ભાગમાં પૂર્ણ કરવાની ગણતરી છે.

સમયસાર વૈભવ ભાગ-૯ શ્રીમદ્ ભગવત કુંદકુંદાચાર્ય પદારોહણ દિને પૂજ્ય ગુરુદેવશ્રી તથા ભગવતી માતાને અર્પણ કરવામાં આવી રહ્યો છે. પ્રવચનોને કમ્પ્યુટરમાં ટાઈપ કરી આપવાનું કાર્ય શ્રી નિલેષભાઈ જૈન, ભાવનગર દ્વારા કરવામાં આવેલ છે. ત્યારબાદ પ્રવચનોને તપાસી આપવાનું કાર્ય શ્રી અતુલભાઈ જૈન, મલાડ, મુંબઈ દ્વારા કરી આપવામાં આવેલ છે. તે બદલ તેમનો અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ. દરેક સમયે માર્ગદર્શન આપવા બદલ બ્ર. હેમંતભાઈ ગાંધી, ચેતનભાઈ મહેતા-રાજકોટ તથા પંકજભાઈ કામદારનો આભાર માનીએ છીએ. અને આ પ્રવચનો વેબસાઈટ ઉપર મૂકવાની સ્વીકૃતિ આપવા બદલ શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ, મુંબઈનો પણ હૃદયપૂર્વક આભાર માનવામાં આવે છે.

આ પ્રવચનો અક્ષરશઃ છાપવાનો મૂળ ઉદ્દેશ અંગ્રેજીમાં અભ્યાસ કરનારા આજના યુવાનો પૂજ્ય ગુરુદેવશ્રીની વાણી સહેલાઈથી સમજી શકે અને સ્વયં વારંવાર અભ્યાસ કરીને ગુરુદેવશ્રીનાં વચનના મર્મને સમજી શકે છે. પ્રવચનોને પૂર્ણ ચોકસાઈથી તથા ચીવટ રાખીને પ્રકાશિત કરવાનો પ્રયત્ન કર્યો છે. તેમ છતાં કોઈ પણ પ્રકારની તૃટિ રહી જવા પામી હોય તો ધ્યાન દોરવા વિનંતી. અનાદિ કાળથી મોહાગ્નિમાં બળી રહેલા જીવોને આ પ્રવચન ગ્રંથના નિમિત્તે ભવ્ય જીવોને સમાધિ-સુખ ને શાશ્વત પરમાનંદની પ્રાપ્તિનો પંથ મળે એવી અમારી ભાવના છે.

અંતતઃ પૂજ્ય ગુરુદેવશ્રીના ભવતાપવિનાશક પ્રવચનોનો પ્રત્યેક મુમુક્ષુ લાભ લઈ આત્મહિત સાધે એવી ભાવના સાથે વિરામ પામીએ છીએ. આ પ્રવચનો Vitragvani.com ઉપર મૂકવામાં આવેલ છે.

શ્રી શાહ વૃજલાલભાઈ ભાઈલાલભાઈ ડેલીવાળા પરિવાર વતિ
અશ્વિનભાઈ વૃજલાલભાઈ શાહ
સુધીરભાઈ વૃજલાલભાઈ શાહ
સુરતના જય જિનેન્દ્ર



ઉપકાર તારા શું કથું, ગુણગાન તારા શું કરું?
વંદન કરું, સ્તવના કરું, તુજ ચરણસેવાને ચહું.

## સ્મરણાંજલિ





**અમારા પૂજ્ય માતા-પિતાના નિમિત્તે અમને પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય ભગવતી માતાના સમાગમનો યોગ પ્રાપ્ત થયો. નાનપણથી તેમની પ્રેરણાને કારણે પૂજ્ય ગુરુદેવશ્રીની ભવછેદક વાણી સાંભળી અને અખંડ મોક્ષમાર્ગ પ્રત્યે પ્રયત્નશીલ થવાનું બન્યું. આપે આજીવન પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય માતાજી પ્રતિ સમર્પિત રહી અમોને પણ સતત તે જ પ્રેરણા આપી અમારા ઉપર ઉપકાર કર્યો છે. સમયસાર વૈભવ પ્રકાશન નિમિત્તે આપના ઉપકારને સ્મરણમાં લઈ આપને શ્રદ્ધાંજલિ અર્પિત કરીએ છીએ.**

કલ્પનાબેન અશ્વિનભાઈ વૃજલાલ શાહ, સુરત
પરીન્દાબેન સુધીરભાઈ વૃજલાલ શાહ, સુરત
કજરીબેન તેજસભાઈ અશ્વિનભાઈ શાહ, સુરત
સ્નેહાબેન પ્રજ્ઞેશકુમાર જયંતિભાઈ શાહ, સુરત
વિરલબેન (પ્રિયલ) રીતેશકુમાર જીતુભાઈ શાહ, દાદર
વિદેહીબેન જીગરકુમાર કમલેશભાઈ શાહ, અમદાવાદ
નિરજાબેન જીનેશકુમાર યોગેશભાઈ દેસાઈ, ભાવનગર
કુ. રુચિ, કુ. સપના, કુ. નિયતી. કુ. સુહાની, ચિ. શુભ, કુ. શ્રેયા



વૈરાગી અંતર્મુખી, મંથન પારાવાર,
જ્ઞાતાનું તળ સ્પર્શીને, કર્યો સફળ અવતાર.

# અનુક્રમણિકા



| પ્રવચન નં. | તારીખ | શ્લોક/ગાથા | પૃ.સં. |
|---|---|---|---|
| ૨૪૪ | ૧૨-૦૬-૧૯૬૭ | શ્લોક-૧૦૮, ગાથા-૧૫૭ થી ૧૫૯ | ૦૦૧ |
| ૨૪૫ | ૧૩-૦૬-૧૯૬૭ | ગાથા-૧૫૭ થી ૧૬૦ | ૦૧૭ |
| ૨૪૬ | ૧૪-૦૬-૧૯૬૭ | ગાથા-૧૬૧ થી ૧૬૩ | ૦૩૧ |
| ૨૪૭ | ૧૫-૦૬-૧૯૬૭ | શ્લોક-૧૦૯-૧૧૦ | ૦૪૬ |
| ૨૪૮ | ૧૬-૦૬-૧૯૬૭ | શ્લોક-૧૧૦ થી ૧૧૨ | ૦૬૧ |
| ૨૪૯ | ૧૭-૦૬-૧૯૬૭ | શ્લોક-૧૧૨-૧૧૩,ગાથા-૧૬૪-૧૬૫ | ૦૭૭ |
| ૨૫૦ | ૧૮-૦૬-૧૯૬૭ | ગાથા-૧૬૪ થી ૧૬૬ | ૦૯૩ |
| ૨૫૧ | ૧૯-૦૬-૧૯૬૭ | ગાથા-૧૬૬ | ૧૦૮ |
| ૨૫૨ | ૨૦-૦૬-૧૯૬૭ | ગાથા-૧૬૬-૧૬૭ | ૧૨૨ |
| ૨૫૩ | ૨૧-૦૬-૧૯૬૭ | ગાથા-૧૬૮ | ૧૩૭ |
| ૨૫૪ | ૨૨-૦૬-૧૯૬૭ | શ્લોક-૧૧૪-૧૧૫,ગાથા-૧૬૯-૧૭૦ | ૧૫૩ |
| ૨૫૫ | ૨૩-૦૬-૧૯૬૭ | ગાથા-૧૭૦ થી ૧૭૨ | ૧૬૯ |
| ૨૫૬ | ૨૪-૦૬-૧૯૬૭ | ગાથા-૧૭૨ થી ૧૭૬ | ૧૮૪ |
| ૨૫૭ | ૨૫-૦૬-૧૯૬૭ | ગાથા-૧૭૩થી૧૭૬, શ્લોક-૧૧૮ | ૨૦૦ |
| ૨૫૮ | ૨૬-૦૬-૧૯૬૭ | શ્લોક-૧૧૮-૧૧૯,ગાથા-૧૭૭-૧૭૮ | ૨૧૬ |
| ૨૫૯ | ૨૭-૦૬-૧૯૬૭ | ગાથા-૧૭૭-૧૭૮,શ્લોક-૧૨૦-૧૨૧ | ૨૩૧ |
| ૨૬૦ | ૨૮-૦૬-૧૯૬૭ | ગાથા-૧૭૯-૧૮૦,શ્લોક-૧૨૧થી૧૨૩ | ૨૪૬ |
| ૨૬૧ | ૨૯-૦૬-૧૯૬૭ | શ્લોક-૧૨૩-૧૨૪ | ૨૬૧ |
| ૨૬૨ | 30-૦૬-૧૯૬૭ | શ્લોક-૧૨૪-૧૨૫ | ૨૭૬ |

| | | | |
|---|---|---|---|
| ૨૬૩ | ૦૧-૦૭-૧૯૬૭ | ગાથા-૧૮૧ થી ૧૮૩, શ્લોક-૧૨૫ | ૨૯૧ |
| ૨૬૪ | ૦૨-૦૭-૧૯૬૭ | ગાથા-૧૮૧ થી ૧૮૩ | ૩૦૬ |
| ૨૬૫ | ૦૩-૦૭-૧૯૬૭ | ગાથા-૧૮૧ થી ૧૮૩ | ૩૨૨ |
| ૨૬૬ | ૦૪-૦૭-૧૯૬૭ | ગાથા-૧૮૧ થી ૧૮૩ | ૩૩૭ |
| ૨૬૭ | ૦૫-૦૭-૧૯૬૭ | ગાથા-૧૮૧ થી ૧૮૩, શ્લોક-૧૨૬ | ૩૫૨ |
| ૨૬૮ | ૦૬-૦૭-૧૯૬૭ | ગાથા-૧૮૪-૧૮૫ | ૩૬૮ |
| ૨૬૯ | ૦૭-૦૭-૧૯૬૭ | ગાથા-૧૮૬ | ૩૮૩ |
| ૨૭૦ | ૦૮-૦૭-૧૯૬૭ | ગાથા-૧૮૬, શ્લોક-૧૨૭ | ૩૯૮ |
| ૨૭૧ | ૦૯-૦૭-૧૯૬૭ | ગાથા-૧૮૬-૧૮૭ | ૪૧૪ |
| ૨૭૨ | ૧૦-૦૭-૧૯૬૭ | ગાથા-૧૮૭ થી ૧૯૨, શ્લોક-૧૨૮ | ૪૨૯ |
| ૨૭૩ | ૧૧-૦૭-૧૯૬૭ | ગાથા-૧૯૦ થી ૧૯૨ | ૪૪૩ |

# શ્રી સમયસારજી સ્તુતિ

(હરિગીત)

સંસારી જીવનાં ભાવમરણો ટાળવા કરુણા કરી,
સરિતા વહાવી સુધા તણી પ્રભુ વીર! તેં સંજીવની;
શોષાતી દેખી સરિતને કરુણાભીના હૃદયે કરી,
મુનિકુંદ સંજીવની સમયપ્રાભૃત તણે ભાજન ભરી.

(અનુષ્ટુપ)

કુંદકુંદ રચ્યું શાસ્ત્ર, સાથિયા અમૃતે પૂર્યા,
ગ્રંથાધિરાજ! તારામાં ભાવો બ્રહ્માંડના ભર્યા.

(શિખરણી)

અહો! વાણી તારી પ્રશમરસ-ભાવે નીતરતી,
મુમુક્ષુને પાતી અમૃતરસ અંજલિ ભરી ભરી;
અનાદિની મૂર્છા વિષ તણી ત્વરાથી તરતી,
વિભાવેથી થંભી સ્વરૂપ ભણી દોડે પરિણતિ.

(શાર્દૂલવિક્રીડિત)

તું છે નિશ્ચયગ્રંથ ભંગ સઘળા વ્યવહારના ભેદવા;
તું પ્રજ્ઞાછીણી જ્ઞાન ને ઉદયની સંધિ સહુ છેદવા;
સાથી સાધકનો, તું ભાનુ જગનો, સંદેશ મહાવીરનો,
વિસામો ભવક્લાંતના હૃદયનો, તું પંથ મુક્તિ તણો.

(વસંતતિલકા)

સૂણ્યે તને રસનિબંધ શિથિલ થાય,
જાણ્યે તને હૃદય જ્ઞાની તણાં જણાય;
તું રુચતાં જગતની રુચિ આળસે સૌ,
તું રીઝતાં સકલજ્ઞાયકદેવ રીઝે.

(અનુષ્ટુપ)

બનાવું પત્ર કુંદનનાં, રત્નોના અક્ષરો લખી;
તથાપિ કુંદસૂત્રોનાં અંકાયે મૂલ્ય ના કદી.

# સમયસાર વૈભવ

**(ભાગ-૯)**

**(અધ્યાત્મયુગપુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના શ્રી સમયસાર શાસ્ત્ર ઉપર ૧૫મી વખતના સળંગ પ્રવચનો)**

**જેઠ સુદ ૫, સોમવાર તા. ૧૨-૦૬-૧૯૬૭**
**ગાથા-૧૫૭ થી ૧૫૯, શ્લોક-૧૦૮, પ્રવચન-૨૪૪**

સમયસાર, પુણ્ય-પાપ અધિકાર. ૧૦૮.

**मोक्षहेतुतिरोधानाद्बन्धत्वात्स्वयमेव च।**
**मोक्षहेतुतिरोधायिभावत्वात्तन्निषिध्यते।।१०८।।**

શું કહે છે? જુઓ! શુભ-અશુભભાવ જે વિકારી પરિણામ છે એ '**કર્મ મોક્ષના કારણનું તિરોધાન કરનારું હોવાથી,...**' સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનું ઘાત કરનારું. સમજાણું? આત્માનો સ્વભાવ જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ઉત્પન્ન ન થવામાં એ ઘાત કરનારું છે, એમ કહે છે. શુભ-અશુભભાવ એ મારા એવું મિથ્યાત્વ, એનું જ્ઞાન એ અજ્ઞાન અને એનું આચરણ તે મિથ્યાચારિત્ર. એ ત્રણેય મોક્ષના માર્ગ જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એનું એ તિરોધાન ઘાત કરનારું છે. ભાવ. એ જડ કર્મના સંગે થયેલો ભાવ. જડ જ છે ઈ.

અહીં તો ચૈતન્ય શુદ્ધ જ્ઞાયક સ્વભાવ, એના વિરૂદ્ધ ભાવ તે આ ચૈતન્યના મોક્ષમાર્ગને ઉત્પન્ન થવા દેતું નથી. ઘાતક છે એમ કહેવું છે. કર્મ તો જડ છે. ભાષા તો એમ લેશે. પણ ઘાતિકર્મ એના સંગે જાય છે ને? વિકાર ઉત્પન્ન થાય એ બધો નિમિત્તના સંગે થાય છે. સ્વભાવના સંગે થતો નથી. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિ શુભભાવ બધો કર્મના સંગે ઉત્પન્ન થાય, એ કાંઈ સ્વભાવસંગ નથી.

કર્મ એટલે શુભાશુભભાવ, આચરણ એમ લીધું છે ને? આમાં તો એમ લીધું છે ચોખ્ખું, અહીં નહોતું લીધું? કહ્યું હતું. આચરણ લીધું-શુભાશુભ આચરણ. આચરણ આવ્યું હતું ને

પહેલું? આવી ગયું છે એના પહેલાં. શુભાશુભ આચરણ. બેય આચરણ છોડવા લાયક છે. આચરણ આત્મામાં નથી. એ આવી ગયું છે પહેલા. કહો, સમજાણું? એટલે કહે છે, અહીં તો એકલો સ્વભાવ ચૈતન્ય શુદ્ધ, એને આશ્રયે થયેલું સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર, એને પરસંગે થયેલો વિભાવ આને ઘાત કરે છે, ઉત્પન્ન થવા દેતું નથી. સમજાય છે કાંઈ આમાં?

'**તે પોતે જ બંધસ્વરૂપ હોવાથી...**' બીજો બોલ. એ શુભ-અશુભભાવ બંધસ્વરૂપ છે, '**અને તે મોક્ષના કારણના તિરોધાયિભાવસ્વરૂપ હોવાથી...**' મોક્ષના કારણથી વિરુદ્ધ ભાવ હોવાથી, વિરુદ્ધ. સમજાણું? પહેલામાં એ ઘાત કરનારા, બીજામાં બંધસ્વરૂપ, ત્રીજામાં તેના સ્વભાવથી વિરુદ્ધભાવવાળા. '**મોક્ષના કારણના તિરોધાયિભાવસ્વરૂપ...**' તિરોધાન કરનારું. એટલે વિપરીત ભાવ ઉત્પન્ન કરનારું. '**તેને નિષેધવામાં આવે છે.**' ટીકામાં તો એણે બહુ લીધું છે. સમજાણું? ૧૦૮. બતાવ્યું હતું ને? આચરણ નથી પણ કરવા જેવું છે કે નહિ? વર્જનીય છે કે નહિ? કે વર્જવા યોગ્ય જ છે. કહો, સમજાણું? એ દુષ્ટ એટલે દુષ્ટ ન કહેવું, એમ કહ્યું હતું ને તમે? જુઓ! '**કોઈ જાણશે કે શુભ-અશુભ ક્રિયારૂપ આચરણરૂપ ચારિત્ર...**' એ ઉત્પન્ન થયું ને? વિકાર ઉત્પન્ન થયો એ અવિકારી સમ્યગ્દર્શન-જ્ઞાનનો ઘાત કરનાર છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ભાવથી...

ઉત્તર :- ભાવ મૂળ તો એ જ છે. એ તો નિમિત્તથી વાત ભલે હો.

અહીં આત્માના સંગે ઉત્પન્ન થવું જોઈએ, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે નિર્મળ સ્વભાવ, એ પરના સંગે ઉત્પન્ન થયેલો ભાવ આને ઉત્પન્ન થવા દેતું નથી તેથી એને ઘાત કરનારું કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? શુભભાવ શુદ્ધ ભાવને ઉત્પન્ન થવા દેતું નથી. ઘાત કરનારું છે એમ કહે છે. આહાહા..! એ '**ચારિત્ર છે તે કરવાયોગ્ય નથી તેમ વર્જવાયોગ્ય પણ નથી. ઉત્તર આમ છે કે-વર્જવાયોગ્ય છે. કારણ કે વ્યવહારચારિત્ર હોતું થકું દુષ્ટ છે.**' એય..! ભારે ભાષા દુષ્ટ. ઝેર કહો. એનો ભાવ શું કહેવાનો છે?

ભગવાન આત્મા પોતના સ્વભાવની ઈષ્ટતા, પ્રિયતા કહી અને જે દર્શન-જ્ઞાન-ચારિત્રની દશા સ્વભાવરૂપ થાય એનાથી વિરુદ્ધ શુભભાવને પોતાનો માનીને મિથ્યાત્વભાવથી તે ભાવનો ઘાત કરે છે. સમજાણું કાંઈ? શુભરાગ પણ મારો છે એ માન્યતા મિથ્યાત્વ (છે). એ આત્માના સ્વભાવથી ઉત્પન્ન થતી સમ્યગ્દર્શન દશા એને ઉત્પન્ન થવા દેતું નથી એટલે ઘાત કરનાર છે. કહો, સમજાણું આમાં? આહાહા..! છે ને? કહ્યું હતું. આ વંચાણું હતું.

'**વ્યવહારચારિત્ર હોતું થકું દુષ્ટ છે, અનિષ્ટ છે, ઘાતક છે; તેથી વિષયકષાયની માફક...**' એ વિષયકષાયના અશુભભાવની માફક. '**ક્રિયારૂપ ચારિત્ર નિષેધ છે.**'

મુમુક્ષુ :- કુંદકુંદાચાર્યે આખી જિંદગી પાળ્યું.

ઉત્તર :- પાળ્યું છે ક્યાં? કોણ પાળે? એ વ્યવહારનયના કથન એવા આવે. એણે અઠ્યાવીશ મૂળગુણ પાળ્યા, પંચ મહાવ્રત પાળ્યા. એ વ્યવહારનયનું કથન છે. એમ નથી પણ એ દશામાં એવા શુભ વિકલ્પો હતા એને વ્યવહારનય કહે છે કે પાળ્યા. નિશ્ચય કહે છે કે એમાં હતા જ નહિ. નિશ્ચયમાં, દષ્ટિમાં, સ્વરૂપની રમણતામાં હતા જ નહિ. એનાથી ભિન્ન પડી ગયેલ છે. આમ છે. વસ્તુ તો આમ છે. બીજી મરડીને, કચડીને કરે તો કાંઈ મેળ નહિ ખાય.

ત્રણ બોલની સાત ગાથા છે. આ જે કહે છે, ત્રણ. કીધાને પહેલા? મોક્ષના કારણનું તિરોધાન. એની ત્રણ ગાથા આવશે. મોક્ષના કારણને ઘાત કરનારું એની ત્રણ. એ બંધ સ્વરૂપ એની એક અને મોક્ષના કારણ છે એનાથી આ વિપરીતભાવ છે એની ત્રણ. એમ કરીને સાત ગાથા આવશે.

**હવે પ્રથમ, કર્મ મોક્ષના કારણનું તિરોધાન કરનારું છે એમ સિદ્ધ કરે છે :-'**

**वत्थस्स सेदभावो जह णासेदि मलमेलणासत्तो।**
**मिच्छत्तमलोच्छण्णं तह सम्मत्तं खु णादव्वं।।१५७।।**
**वत्थस्स सेदभावो जह णासेदि मलमेलणासत्तो।**
**अण्णाणमलोच्छण्णं तह णाणं होदि णादव्वं।।१५८।।**
**वत्थस्स सेदभावो जह णासेदि मलमेलणासत्तो।**
**कसायमलोच्छण्णं तह चारित्तं पि णादव्वं।।१५९।।**

**મળમિલનલેપથી નાશ પામે શ્વેતપણું જ્યમ વસ્ત્રનું,**
**મિથ્યાત્વમળના લેપથી સમ્યક્ત્વ એ રીત જાણવું. ૧૫૭.**
**મળમિલનલેપથી નાશ પામે શ્વેતપણું જ્યમ વસ્ત્રનું,**
**અજ્ઞાનમળના લેપથી વળી જ્ઞાન એ રીત જાણવું. ૧૫૮.**
**મળમિલનલેપથી નાશ પામે શ્વેતપણું જ્યમ વસ્ત્રનું,**
**ચારિત્ર પામે નાશ લિપ્ત કષાયમળથી જાણવું. ૧૫૯.**

જુઓ! ધોળાપણું નાશ કર્યું. ઘાત કરે છે.

'**ટીકા :- જ્ઞાનનું સમ્યક્ત્વ કે જે મોક્ષના કારણરૂપ સ્વભાવ છે...**' લ્યો! જ્ઞાનનું સમ્યક્ત્વ. એટલે જ્ઞાનસ્વરૂપ એવો ભગવાન આત્મા, એની પ્રતીત તે જ્ઞાનસ્વરૂપ છે, નહિ કે રાગસ્વરૂપ છે. સમજાણું કાંઈ? ચૈતન્ય જ્ઞાન જ્ઞાયકસ્વભાવ શુદ્ધ ચૈતન્યદળ, સ્વભાવ ગુણથી ભરેલો પિંડ દળ છે ઈ આખું. એની અંતર્મુખ પ્રતીત થવી એ જ્ઞાનની પ્રતીત છે. જ્ઞાન એટલે આખો આત્મા. સમજાણું? એ આત્માનું સમ્યક્ત્વ છે. એ રાગરૂપ, પુણ્યરૂપ, વિકલ્પરૂપ

સમકિત નથી.

અરે..! માર્ગ ભાઈ! એવો છે કે અત્યારે તો લોકોને જાણે આ શું છે? આ તે કાંઈ મોટા .. વાત... આ તો મૂળની વાત પહેલાની છે. જેને આત્માનું કલ્યાણ કરવું હોય એની વાત છે. સમજાણું? ભગવાન આત્મા... આ જુઓને ક્યાં નિગોદ! ક્યાં આહાહા..! સવારમાં વાત નહોતી કરી? .. મોટું દેખીને. ઓહોહો..! કેટલા જીવ આમાં? કેટલા રજકણો! એ કે દિ' માણસ થાય? કે દિ' એને આવું સાંભળવા મળે? અનંતા જીવના થોકના થોક. બેસે વાત કોને? કારણ કે દેખાય છે ને. આમ અસ્તિ છે એમ દેખાય છે ને. જુઓને! ભલે થોર છે એના રજકણો પણ આમ અસ્તિ દેખાય છે કે નાસ્તિ? આ અસ્તિ દેખાય છે ત્યારે એમાં કાંઈક રજકણોનો ઘણો સમૂહ પણ છે ને? અને એની પાછળ જીવ પણ છે અંદર. સમજાણું? એ જીવ પણ અનંત છે. એમાંથી ક્યારે એકેન્દ્રિય, પૃથ્વી, ક્યારે પ્રત્યેક થાય હજી તો. આ લીલોતરી. ત્યાંથી ઈયળું, કીડી, મકોડો.. ઓહોહો..! કહો, મલૂકચંદભાઈ! એમાં પાછા પૈસા થાય એટલે જાણે થઈ રહ્યું, લ્યો. એ બતાવવું છે હોં એક ફેરી તમને. આ પૈસાવાળાના વખાણ કર્યા.

મુમુક્ષુ :- એમને શું કરવા બતાવવું, એમના દીકરાને...

ઉત્તર :- ના. એને નહિ. અહીં એ આવે છે ને. ઈ ક્યાં અહીં આવે છે? એણે ખુબ લખાણ કર્યું છે પૈસાવાળાનું. સારા વખાણ કર્યા છે.

મુમુક્ષુ :- સભામાં

ઉત્તર :- સભામાં.. નવરા હોય ત્યારે કોઈવાર વાંચીએ. સવારમાં કહ્યું હતું થોડું. પૈસાવાળા, પંચમકાળના પૈસાવાળા પૂર્વના પાપના અભિમાનથી થયેલા શુભભાવ, એના કાંઈક મળ્યા હોય તો એને વર્તમાનમાં જાણે હું મોટો... હું મોટો. એની ગણતરીમાં જ ન મળે કોઈ. એ કહેતા હતા કે પહેલા મોટા મોટા માણસો આવ્યા હોયને? પહેલો ... આપ્યો એને ઓલા માટે. બિહાર માટે. દુકાળ ફંડ. ૩-૪ લાખ રૂપિયા. પહેલા આવે ને? પહેલું. ઓલા નેતાઓ.. પ્રધાનો આવ્યા હશે. કીધું, આ તમારું કાંઈ થયું નહિ. તમારો બાપ રાડુ પાડે છે. ઓલા તો વગર ઓલે ગયા જઈને કહી દીધું પહેલું જાવ. બે-ત્રણ લાખ. બિહાર-બિહાર. દુકાળ ફંડમાં. અહીં એને લાખ જોતા હશે ત્યારે મળતા નથી હજી મંદવાડ માટે. આ તો એક દુનિયાની રીત કેવી છે એ પ્રકાર. એય.. કનુભાઈ! આહાહા..! આ કે દુ ના રાડું પાડે છે. એક લાખ.. એક લાખ.. શું કહેવાય? લોન લીધી. એ પણ નથી. આપશું... આ તો એક વસ્તુસ્થિતિ એવી છે જગતની. એ નહિ, બીજા બધા લ્યોને ઘણાં.

ઓલો મોટો શાંતિલાલ ખુશાલ તમારો આનો વળી. એને તો વળી મોટો જબરો છે.

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એ તો એટલા બધા ખરચતો નથી. તમારો તો હજી ક્યાંક ખર્ચે છે ક્યાંક ક્યાંક આપે છે. આપે છે. આ આહીં પણ આપે છે ને, અમુક વખતે આપે છે. આ તો બધું સમજવા જેવું છે. એ બીજામાં પણ થોડા (આપે). એના પ્રમાણમાં, પૈસા પ્રમાણમાં નથી આપતા. નહિ? મલૂકચંદભાઈ! આ તો એક વસ્તુની સ્થિતિ એવી. કોઈ વ્યક્તિ નહિ. કોઈએ પરિણામ જ કોઈ એવા માણસને.. આમ.. જ્યાં. હું છું આવો એ મૂકીને આ.. આ.. એમ થઈ જાય છે ને? આ શરીર ને આ પૈસા અને આ આબરૂ પણ કે દિ' હતી? એ તો જડ પર છે. આહાહા..! ઘેરો ઘેરાયેલો.

મુમુક્ષુ :- એની પાસે આવે છે ને.

ઉત્તર :- ક્યાં આવ્યા હતા? ધૂળમાંય નથી આવ્યા એની પાસે. એની પાસે આવી છે મમતા. પ્રવિણભાઈ! એની પાસે શું છે? એની પર્યાયમાં શું છે? આવે છે? રજકણો અડે છે એને?

મુમુક્ષુ :- નજીકમાં રૂપિયા.

ઉત્તર :- નજીક કોને કહેવું? નજીક તો આખી દુનિયા પડી છે. કહો, મોહનભાઈ! શું છે આ? આંધળે આંધળું ખાતુ ચાલે છે. આમ જ્યાં બે કરોડ, પાંચ કરોડ, દસ કરોડ થાય ત્યાં તો આંખ્યું ફરી જાય જાણે. શું છે પણ? ક્યાંના? એ તો રજકણ. આ નેહરા ભર્યા છે ઘણાં ધૂળના. ત્યાં ઊભો રહીને માન કે આ મારા છે. એમ છે આ બીજું શું છે? આહાહા..! જગતને મમતા.. મમતા.. બાપુ! ઈ અહીં કહે છે. ભગવાન આત્મા સ્વભાવની પ્રતીત એવું સમ્યગ્દર્શન એને આ મારા, એવો રાગ મારો, શુભભાવ મારો એવો જે મિથ્યાત્વભાવ, તે સમ્યગ્દર્શનને ઉત્પન્ન થવા દેતું નથી. લ્યો! કહો, સમજાણું આમાં? મોહનભાઈ! આહાહા..!

ક્યાં છે? જુઓ! '**જ્ઞાનનું સમ્યક્ત્વ...**' આહાહા..! ભગવાન આત્મા. અનંત-અનંત લક્ષ્મી સંપન્ન ચૈતન્યજ્યોત પ્રભુ. ભગવાનના જ્ઞાનમાં આખો આવ્યો એના અનંતા ગુણો અને એક સમયમાં... સમજાણું? ત્રણ કાળ કરતા અનંતગુણા ગુણો! આહાહા..! એક સમયે અનંતા કહે તો ત્રણ કાળમાં પૂરા કહી શકાય નહિ. કેટલા ગુણ છે આત્મામાં? કહો, સમજાણું કે નહિ? શું?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એનાથી ત્રણ કાળના કરતા તો આકાશના પ્રદેશ અનંતગુણા છે, એનાથી આના અનંતગુણા.

એક આત્મામાં એક જ્ઞાનગુણ, આનંદગુણ, શ્રદ્ધાગુણ, ચારિત્રગુણ, અસ્તિત્વગુણ, કર્તા, કર્મ, જીવત્વ શક્તિ આદિ એટલી સંખ્યા એક દ્રવ્યમાં છે કે એક સમયમાં એક સમયમાં

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

અનંતા ગુણ કહે તો પણ ત્રણ કાળમાં એના અનંતા ગુણો કહી શકાય નહિ. કારણ કે ત્રણ કાળ કરતાં અનંતગુણા આકાશના પ્રદેશ અને એનાથી અનંતગુણા એક જીવમાં ગુણ છે. કોણ આ તે બાપુ! જૈન દર્શન એટલે વસ્તુ કોઈ દર્શન સ્વભાવવાદ એવી ચીજ છે કોઈ. આહાહા..!

હોય કેવળીનું આયુષ્ય તો બહુ તો .. કરોડ પૂર્વ. આઠ વર્ષે કેવળ થાય તો સંખ્યાતા વર્ષ. અને અનંતા અનંતા ગુણો. ઓહોહો..! અને એક એક ગુણની શક્તિ તો પાછી અનંતી. પર્યાય ત્રિકાળ એ જુદી, હોં! એક ગુણની ત્રિકાળ પર્યાય જુદી પણ એક એક ગુણની શક્તિથી અનંતગુણી પાછી. કેમ કે એક એક ગુણમાં એટલી તાકાત, સ્વભાવ છે... સ્વભાવ છે... સ્વભાવ છે... સ્વસ્વભાવ સ્વરૂપ છે. એના સામર્થ્યની શક્તિના પ્રમાણનું શું કહેવું? આહાહા..! એવા એવા અનંતા ગુણનો નાથ, જેને કેવળી પણ એક સમયમાં કહી શકે નહિ. કહો, સમજાણું કાંઈ? એવો આત્મા, એની જે પ્રતીતિ, એનું જ્ઞાન અને પ્રતીતિ એમ. જ્ઞાનનું સમકિત એટલે આત્માનું સમકિત. એમ. રાગનું, વિકલ્પનું, કર્મનું, શુભભાવનું એ નહિ. એમ.

'**કે જે મોક્ષના કારણરૂપ સ્વભાવ છે,...**' જોયું ભાઈ! એ સ્વભાવ કીધો એને. ત્રિકાળ સ્વભાવ છે એની આ પર્યાયને પણ મોક્ષના કારણરૂપ સ્વભાવ કીધો છે. ઓલો વિભાવ કહેવો છે ને સામે? ભગવાન આત્મા અનંત ગુણના પિંડ સ્વરૂપ. એની અંતરમાં જેટલો અને જેવડો છે એટલો અને એવડો જેને રાગ વિનાની પ્રતીતમાં જ્ઞાનમાં જ્ઞાન જ્ઞેય થઈને પ્રતીત થાય એ આત્માનું જ સમકિત છે. એ આત્માનું સમકિત એ મોક્ષના કારણરૂપ સ્વભાવ છે. છે પર્યાય. એને મોક્ષનું કારણ એટલે માર્ગ. માર્ગરૂપ સ્વભાવ છે. આહાહા..!

'**તે, પરભાવસ્વરૂપ જે મિથ્યાત્વ નામનો કર્મરૂપી મેલ...**' કહો, સમજાણું? એમાં શુભ વિકલ્પ ઉઠે એ મારો છે એવો મિથ્યાત્વભાવ, એવો જે મિથ્યાત્વભાવ. '**પરભાવસ્વરૂપ જે મિથ્યાત્વ નામનો કર્મરૂપી મેલ...**' શુભ. '**તેના વડે વ્યાપ્ત થવાથી,...**' મિથ્યાત્વભાવમાં રોકાયેલ હોવાથી સમ્યગ્દર્શનને ઉત્પન્ન થવા દેતું નથી તેથી તેને ઘાતક કહેવામાં આવે છે. આહાહા..! કહો, સમજાણું? પરભાવસ્વરૂપ જે મિથ્યાત્વ નામનું કાર્ય-મેલ તે મોક્ષના કારણરૂપ સ્વભાવ, તેના વડે વ્યાપ્ત હોવાથી તિરોભૂત થાય છે. **'જેમ પરભાવસ્વરૂપ મેલથી વ્યાપ્ત થયેલો...**' દાખલો પછી આવે છે. ઓલામાં દાખલો પહેલો છે. સમજાણું? તેના વડે વ્યાપ્ત થવાથી. એટલે કે શુભરાગનો વિકલ્પ છે એટલા અસ્તિત્વમાં પ્રતીતિ જવાથી, એ મિથ્યાત્વભાવરૂપી મેલ, એને સમ્યગ્દર્શનરૂપી જે મોક્ષના કારણરૂપ સ્વભાવ, તેનો એ ઘાતક છે. તિરોભૂત થાય છે. ઘાત કરી નાખે છે. સમજાણું કાંઈ?

કહ્યું છે ને ઓલામાં? નહિ? બંધ અધિકારમાં નહિ? જેટલા વ્યવહારભાવ તેટલા મિથ્યાત્વભાવ કેવળી ઉકત હૈ. બનારસીદાસ. મૂળ મુદ્દાની વાતની ચર્ચા નહિ અને આ બધી

બહારની (માંડી). આનું આ ને આનું ને આ આનું આ. એ બધી હોય છે પણ એની પછી કેટલી... ઓહોહો..! આમાં કેટલું લખ્યું છે. રાતે વાંચ્યું હતું ને થોડું એ સિવાય બીજું કેટલું લખ્યું છે. પછી મૂકી દેવું પડ્યું. શું કહેવાય? અભિષેક છે કે .. જૂનામાં નહોતું. નવામાં નાખ્યું. થઈ રહ્યું, જાવ.

અહીં કહે છે કે ભાઈ! આ વાત તો ચર્ચો. જે મુદ્દાની રકમ છે, જે અનાદિથી ભૂલો પડ્યો છે એ ભૂલનું કારણ શું છે? અહીં તો કહે છે કે પુણ્યભાવ એટલે.. પાપને એક કોર રાખો પણ પુણ્યભાવ એ પરભાવ, એને પોતાનો માને એવો જે પરભાવ. અહીં માનતો નથી. સ્વભાવ ત્રિકાળી શુદ્ધ તેની પ્રતીત સમ્યગ્દર્શનરૂપ સ્વભાવ. એ મોક્ષના કારણરૂપ સ્વભાવ. એની આ બાજુ દૃષ્ટિ નથી. એથી એને પર તરફનો જે ઉઠેલો ભાવ શુભ વિકલ્પ એ મારો એવો જે મિથ્યાત્વભાવ, એનાથી આ સમ્યગ્દર્શન લેપાયેલું હોવાથી સમ્યગ્દર્શન ઉત્પન્ન થતું નથી. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ પ્રતીત ત્યાં ગઈ છે. આમ જે જ્ઞાનનું સમકિત એટલે શુદ્ધ ચૈતન્ય સ્વભાવ એકરૂપ અખંડ ગુણનો પ્રભુ, એનું જે સમકિત એટલે કે એની જે શ્રદ્ધા-સમ્યક્ત્વ, જે સ્વરૂપ છે તેવી જ એની પ્રતીતરૂપ સ્વભાવભાવ એને શુભભાવરૂપી મિથ્યાત્વ (ઘાત કરે છે). કેમ કે અહીં અસ્તિપણું નથી એટલે શુભભાવપણામાં કાંઈક લાભ છે એમ માનીને જે એમાં રોકાયેલો છે એવો જે મિથ્યાત્વરૂપી ભાવ એ સમ્યગ્દર્શનને ઉત્પન્ન થવા દેતું નથી. અથવા ઘાત કરે છે. લ્યો! સમજાણું કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :- .. આનું શું કામ છે?

ઉત્તર :- એનું કામ છે એ કીધું ને? તેથી તો આ નાખ્યું ને. શુભભાવને પોતાનો માની. એનું અસ્તિત્વ મારામાં છે. આ સ્વરૂપમાં નથી એનું અસ્તિત્વ. એને આ સ્વરૂપના અસ્તિત્વની પ્રતીતને, આ સ્વરૂપના અસ્તિત્વનો ભાવ એનો ઘાત કરે છે. બરાબર સમજાણું કે નહિ? એય..! મલૂકચંદભાઈ!

ભગવાન આત્મા જે પુણ્યના વિકલ્પ વિનાની ચીજ છે. એવો જે જ્ઞાયકસ્વભાવ, એનું સમકિત એટલે એની પ્રતીતિ, એનું ભાન કરીને પ્રતીતિ એ તો આત્માનું સમકિત થયું. એ આત્માના સમકિતરૂપી મોક્ષમાર્ગના કારણરૂપ સ્વભાવને શુભભાવ જે આમ છે એ આનાથી વિરુદ્ધ છે. એને પોતાનો માનવાથી એ મિથ્યાત્વભાવ સમ્યગ્દર્શનને મેલ કરે છે એટલે ઉત્પન્ન થવા દેતું નથી. એટલે ઘાત કરે છે. એમ.

શુભભાવની પર્યાયબુદ્ધિમાં રોકાયેલો મિથ્યાત્વભાવ એ આત્માનું જે સમ્યગ્દર્શન તેનો તે

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ઘાત કરે છે. લ્યો! સમજાણું કાંઈ આમાં? કહો, જગજીવનભાઈ! સમજાય છે કે નહિ હવે? ઠીક હળવે હળવે તૈયાર થાય છે ડોસા બધા. ... આવ્યા છે ને. ક્યાં ગયા ધર્મચંદભાઈ આવ્યા નથી? ઠીક. એ બધા જૂની ઘરેડવાળા હતા. આહાહા..! આ ભગવાનભાઈ ને... છોટાભાઈ તો ઘણા વખતથી આવી ગયા છે આપણે અહીંયાં. એ પણ જૂની ઘરેડમાં હતા પણ ઘણા વખતથી.. વહેલા આવી ગયા હતા. આહાહા..!

વસ્તુ આવી છે એની દૃષ્ટિમાં પણ ન રહે, એના જ્ઞાનમાં ન આવે, એની સમજણમાં એનો ભાવ ભાસે નહિ અને માને કે અમે સમ્યગ્દૃષ્ટિ અને અમે ધર્મ કરીએ છીએ. સામાયિક કરીએ, પોષા કરીએ, પડિક્કમણા કરીએ. ધૂળમાંય નથી તારા સામાયિક, પોષા. સાંભળને! મિથ્યાત્વ છે એમ કહે છે. સામાયિક, પોષા, પડિક્કમણા વખતે જે કાંઈ શુભરાગ થયો એનાથી લાભ માને છે એની દૃષ્ટિ ત્યાં છે. એ મિથ્યાત્વભાવ સમ્યગ્દર્શનને ઘાત કરનારો છે. એ માને છે મને લાભ કરે છે. અહીં કહે છે કે ઘાત કરનારો છે. એમ કહે છે, લ્યો. આહાહા..! કહો, પોપટભાઈ! એણે મુહપત્તિના તાકા બહુ આપ્યા છે. .. મુહપત્તિ... ધર્મલાભ થશે તમને. ચાલો ભાઈ! લ્યો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સંપ્રદાયમાં જે સ્થિતિ હોય એ ઊભી થાય, ભાઈ! આહાહા..!

ઓહોહો..! નવમી ગ્રૈવેયક ગયો. કેટલો એનો કષાય મંદ, જેને મિથ્યાદૃષ્ટિ હોવા છતાં. એ કષાયના મંદ ઉપર તેની દૃષ્ટિ અને રુચિ છે. શુક્લલેશ્યા છે. શુક્લલેશ્યા કષાયનો અંશ છે. આમ સ્વભાવનું સમકિત નથી એટલે સ્વભાવ ઉપરની પ્રતીત નથી. એટલે સ્વભાવના પ્રતીતરૂપી ભાવ એવો મોક્ષના કારણરૂપ સ્વભાવ અને આ અંશની પ્રતીતિ એવો મિથ્યાત્વભાવ આને ઉત્પન્ન થવા દેતું નથી. એટલે ઘાત કરે છે એમ કહે છે. સમજાણું કાંઈ? ધીરૂભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એનું હશે એ રહેશે. આ એનું ક્યાં હતું આ? આહાહા..!

'**જેમ પરભાવસ્વરૂપ મેલથી વ્યાપ્ત થયેલો શ્વેત વસ્ત્રના સ્વભાવભૂત...**' જોયું! ધોળા વસ્ત્રના સ્વભાવભૂત શ્વેતસ્વભાવ '**શ્વેતસ્વભાવ તિરોભૂત થાય છે...**' એટલા ધોળા વસ્ત્રનો શ્વેતસ્વભાવ ઉત્પન્ન થતો નથી. મેલને લઈને શ્વેતસ્વભાવ ઉત્પન્ન થતો નથી. એટલે શ્વેતસ્વભાવના ધોળા ભાવને ઓલો મેલો ભાવ ઘાત કરે છે. મેલ કપડામાં લાગ્યો હોય તો ધોળાભાવનો ઘાત કરે છે. સમજાણું કાંઈ? '**તિરોભૂત થાય છે તેમ.**' એમાં દાખલો પછી આપ્યો.

શ્વેત વસ્ત્રનો ધોળો સ્વભાવ, પર્યાય સ્વભાવ હોં એનો. શ્વેત છે એ પર્યાય છે વર્તમાન.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


રંગ છે એ ત્રિકાળી છે. પણ એનો શ્વેત કપડાનો પર્યાય સ્વભાવ એ શ્વેતસ્વભાવ એ પર્યાયને શ્વેતની ઉત્પત્તિ થતી નથી. કેમ કે મેલ લાગવાથી તેની ઉત્પત્તિ ન થતાં તેનો ઘાત મેલ કરે છે. કહો, સમજાણું કાંઈ? અહીં પર્યાયનું લેવું છે ને, ભાઈ! પર્યાયનું લેવું છે. શ્વેત એ ગુણ નથી. સમજાણું? સમ્યગ્દર્શન ગુણ નથી. સમ્યગ્દર્શન પર્યાય સ્વભાવ છે. છે ને પણ માથે કહ્યું ને? '**મોક્ષના કારણરૂપ સ્વભાવ છે...**' સમજાણું કાંઈ?

આત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિ અનંતગુણરૂપ, એની પ્રતીત એટલે શ્રદ્ધા સમ્યક્. સમ્યક્ એટલે જેવો આત્મા છે તેવું જ્ઞાન થઈને તેમાં થતી પ્રતીત એ આત્માનું સમકિત છે. એ આત્માનો સમ્યક્ મોક્ષના કારણરૂપ સ્વભાવ છે. તેને શ્વેત વસ્ત્રની પર્યાયને જેમ મેલ આવતાં તે વસ્ત્રની સફેદાઈ ઉત્પન્ન થતી નથી અને તે સફેદાઈને મેલ ઘાતે છે. એમ શુભ પરિણામના પ્રેમમાં શુભવિકલ્પ ઉઠ્યો તેના પ્રેમમાં, પ્રેમ એટલે મિથ્યાત્વભાવ. શુભરાગના પર્યાયબુદ્ધિનો મિથ્યાત્વભાવ. એટલા અંશમાં અટકેલો તેને ત્રિકાળ જ્ઞાયક સ્વભાવની પ્રતીતનો અભાવ અથવા તે પ્રતીતને પર્યાયબુદ્ધિનો ભાવ મિથ્યાત્વભાવ ઉત્પન્ન થવા દેતું નથી. સમજાણું કાંઈ? આહાહા..! આને સાંભળનારા પણ થોડા હોય. સમજાણું?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ના. આ તો પુણ્ય બધું ભેગું છે ને એટલે બધું સરખું ચાલે છે. પણ આ વાત તો માંડ કો'કને બેસે. આ શું કહે છે પણ આ? એક હાંક્યા કરે છે. મોક્ષના કારણરૂપ સ્વભાવ, વસ્ત્રનો મેલ જેમ વસ્ત્રની ધોળાઈને ઢાંકે એને આ ઘાત કરે, ઉત્પન્ન થવા દે નહિ. શું પણ કહે છે આ? એમાં અમે શું કરીએ છીએ ઈ એમાં શું આવ્યું? આવ્યું ને. કહો, ભગવાનભાઈ!

એ વિકલ્પ જે છે સામાયિક, પૌષધ, પડિક્કમણું, અપવાસ કરું એવી વૃત્તિ છે. એ વૃત્તિ ઉપર દૃષ્ટિ હોવાથી એ મિથ્યાત્વભાવ છે. એ મિથ્યાત્વભાવ ત્રિકાળ જ્ઞાયકસ્વભાવની જે દૃષ્ટિ ઉત્પન્ન થવી જોઈએ તેને ઉત્પન્ન થવા ન દેતા તેનો એ ઘાત કરે છે. આહાહા..! કહો, આ તો અંતરની ક્રિયા થઈ. આ તો બહારને કારણે ઘાત થાય અને બહારને કારણે ઉત્પન્ન થાય એવું કાંઈ છે નહિ. આહાહા..!

મુમુક્ષુ :- કર્મ તો ...

ઉત્તર :- એ કર્મ એ ભાવકર્મ. એ તો નિમિત્તથી વાત દ્રવ્યકર્મથી લે. એમાં શું છે? અહીં એક કોર સ્વભાવ છે અને એક કોર વિકાર અને દ્રવ્ય બધું ભેગું છે. બધું અજ્ઞાન છે. એકલું જ્ઞાનનું જ્ઞાન, જ્ઞાનનું સમકિત એ સિવાય રાગાદિ બધો અજ્ઞાન. અજ્ઞાન એટલે જ્ઞાન નથી. એ જ્ઞાન નથી એને પોતાનું માને એ મિથ્યાત્વભાવ જ્ઞાનના સમકિતને ઉત્પન્ન

થવા દેતો નથી એટલે ઘાત કરે છે. કહો, સમજાણું કાંઈ? આ તો કોણ ઉત્પન્ન થવા દેતું નથી અને ઘાત કોણ કરે છે અને ભાવ કેવો છે અને કેવો હોવો જોઈએ? એ બધી વાત અંદર આવી ગઈ છે. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- કર્મમાં ઉદય દેખાય ક્યાં..

ઉત્તર :- એ કર્મ ઉદય એને ઘરે રહ્યો. ઉદય આત્મામાં ક્યાં હતો પણ? ઉદય જડમાં છે. એમાં જ્યાં આમ જોડાય છે સંગ કરીને ત્યારે અહીં વિકાર ઉત્પન્ન થાય. અને એના ઉપર દૃષ્ટિ છે કે આ જ હું. પછી ભલે શુભ હો દયા, દાન, વ્રતાદિ ભાવ. અહીંયાં ત્રિકાળ જ્ઞાયકભાવ ઉપર દૃષ્ટિનું અસ્તિત્વ નથી. શ્રદ્ધામાં (-આખો) આત્મા પૂર્ણ શુદ્ધ છે તેના અસ્તિત્વની મોજૂદગીની પ્રતીત તો નથી. એની પ્રતીતની જે પર્યાય ઉત્પન્ન થવામાં વિઘ્ન કરનાર, રાગને પોતાનો માનીને જે મિથ્યાત્વભાવ છે, એ મોક્ષમાર્ગના કારણરૂપ સમકિત સ્વભાવ પર્યાય, એ પર્યાયને ઘાતે છે. ઘાતે એટલે ઉત્પન્ન કરવા દેતું નથી. કહો, સમજાય છે આમાં?

કહો, એક બોલ થયો સમ્યક્‌નો. સમજાય છે કે નહિ? થોડી થોડી ગુજરાતી શીખી લેવી. હવે તો અહીં બે મહિનામાં તો અમારા છોકરા હુશિયાર થઈ જાય. બોર્ડિંગના. હિન્દી હોં હિન્દી. શીખી જાય. છોકરાઓ તો બહુ બોલે. એક તો ઓલો મારવાડી બહુ બોલે છે, ગુજરાતી બોલે છે. નથી આવતો ઓલો નાનો ઢીચકો? એમાં શું છે?

બીજું. '**જ્ઞાનનું જ્ઞાન...**' શું કીધું? જ્ઞાનસ્વરૂપ એવો જે આત્મા એનું જ્ઞાન. આત્મા એકલો ચૈતન્ય સ્વભાવ શુદ્ધભાવ, એવો જે આત્મા એટલે જ્ઞાન. જ્ઞાનનું જ્ઞાન. એવા આત્માનું જ્ઞાન જે સ્વભાવ સન્મુખ થઈને જે પોતાનું જ્ઞાન થવું એવું જે જ્ઞાનનું જ્ઞાન '**કે જે મોક્ષના કારણરૂપ સ્વભાવ છે તે,...**' એ જ્ઞાનનું જ્ઞાન તે મોક્ષના કારણરૂપ સ્વભાવ છે. આહાહા..! સમજાણું કાંઈ? જ્ઞાનનું જ્ઞાન એટલે શું? ચૈતન્ય સ્વભાવ એ જ્ઞાનસ્વરૂપ જ (છે). અહીં એને જ્ઞાન તે આત્મા એમ લીધું છે ને. લક્ષણ તે જ લક્ષ. બે અભેદ કરીને આત્મા ગણ્યો છે. એવો જે ભગવાન આત્મા, જેમાં વિકલ્પની ગંધ નથી એવું ચૈતન્ય જ્ઞાનસ્વરૂપ એનું જ્ઞાન. એવી પર્યાય હોં! આ પર્યાયની વાત ચાલે છે. પર્યાય એટલે અવસ્થા. જે ત્રિકાળ જ્ઞાનસ્વભાવ ભગવાન, એનું જ્ઞાન, એવી જે નિર્મળ પર્યાય '**જે મોક્ષના કારણરૂપ સ્વભાવ છે...**' જે મોક્ષના માર્ગરૂપે જ્ઞાનની પર્યાય એ સ્વભાવ છે. લ્યો, આ મોક્ષનું કારણ આ જ્ઞાનસ્વભાવ. શાસ્ત્રના ભણતર ને એ બધા મોક્ષના કારણરૂપ સ્વભાવ નથી, એમ કહે છે. આહાહા..!

'**તે, પરભાવસ્વરૂપ અજ્ઞાન નામના કર્મમળ વડે...**' લ્યો! એ શુભ વિકલ્પ જે ઉઠે છે એનું જ્ઞાન કરીને, એને જ્ઞેય બનાવીને પર્યાયબુદ્ધિ, એ મને (થાય છે), એ હું જ્ઞાન

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છું અને એ હું આત્મા છું. શાસ્ત્રનું થતું જ્ઞાન, છ દ્રવ્યનું થતું પરલક્ષી જ્ઞાન, એ પર્યાયબુદ્ધિનું જ્ઞાન છે. એ પર્યાય અંશબુદ્ધિનું જ્ઞાન, એ ત્રિકાળ જ્ઞાનસ્વભાવ એવો ભગવાન, એને તે પરભાવસ્વરૂપ અજ્ઞાન. એ રાગ અને પર સંબંધીનું જે જ્ઞાન એ બધું અજ્ઞાન છે. સમજાણું કાંઈ? એ પરભાવ રાગનું જ્ઞાન તે મિથ્યાજ્ઞાન અથવા શાસ્ત્રનું પર તરફનું જ્ઞાન એ પર તરફના વલણવાળી દશા એ પર્યાયનું જ્ઞાન તે મિથ્યાજ્ઞાન છે.

એક અંશમાં પરાલંબી જે કાંઈ વિકાસ થાય એની સાથે રાગ પણ છે અને ઓલો વિકાસ છે એ બધું પર, અજ્ઞાન છે. એ અજ્ઞાન, ત્રિકાળી જ્ઞાનસ્વભાવનું જે જ્ઞાન તેને ઉત્પન્ન થવા દેતું નથી. આહાહા..! એટલે કે તે જ્ઞાનની ક્ષયોપશમ પર્યાય ભલે પરાવલંબી પરસંગ હોય એ અજ્ઞાન છે. એટલા અંશને પોતાનો માની ત્યાં મિથ્યાત્વભાવનું જે અજ્ઞાન (ઉત્પન્ન થયું), એ જ્ઞાનનું  જ્ઞાન, એટલે આત્મા જે જ્ઞાનસ્વરૂપ છે, શુદ્ધ છે, એનું જે જ્ઞાન, એવી જે જ્ઞાનની પર્યાય, તેને અજ્ઞાનભાવ રાગ અને ઉઘાડનો ભાવ, એટલો હું, એ હું એનાથી મને લાભ, એવું જે મિથ્યા અજ્ઞાનભાવ એ આ સમ્યગ્જ્ઞાનની ઉત્પત્તિને રોકનારું છે, એનું ઘાતક છે. સમજાણું કાંઈ?

'**જ્ઞાનનું જ્ઞાન...**' આહાહા..! હજી ભાન નહિ જ્ઞાનનું જ્ઞાન કોને કહેવુ? જ્ઞાનનું સમકિત કોને કહેવું? એ વિના અણુવ્રત થઈ ગયા. આહાહા..! વીતરાગમાર્ગમાં ક્યાં ઊંધે ચાલે છે ને. વળી એમાં કાંઈક સમાજને આત્માનો લાભ થાય એમ કરીએ છીએ. એ આવશે ત્રીજા બોલમાં આવશે. સમજાણું કાંઈ?

અહીં તો આત્માનું જે જ્ઞાન, ભગવાન ચૈતન્ય સ્વરૂપ એનું જ્ઞાનનું જ્ઞાન. એના તરફનું જે જ્ઞાન જે મોક્ષના કારણરૂપ સ્વભાવ, એને પર તરફનું જે જ્ઞાન એટલે અજ્ઞાન એ બધું અજ્ઞાન. એ અજ્ઞાનમાં બુદ્ધિ પર્યાયમાં, અંશમાં ઉઘડેલા બોધમાં કે રાગમાં, એમાં આ છું એમ માનીને એનાથી મને લાભ થશે એમ માનીને એ માન્યતાવાળું અજ્ઞાન, જ્ઞાનના જ્ઞાનને ઉત્પન્ન થવા દેતું નથી. જ્ઞાનના જ્ઞાનને તે અજ્ઞાન ઘાત કરે છે. પ્રવિણભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઉઘડ્યું એટલે પર અપેક્ષિત જ્ઞાન છે ને? ઉઘાડ. પરને જાણવાના ખ્યાલવાળું. એ ખરેખર અજ્ઞાન છે. આત્માનું એ જ્ઞાન નથી. સમજાણું કાંઈ? કહો, આ વધેલા ... જ્ઞાન જાણપણા, આ બધા ડોક્ટરના એ તો ક્યાંય રહી ગયા પણ આ શાસ્ત્ર સંબંધીનું એકલું પરલક્ષી જ્ઞાન જે પર્યાયબુદ્ધિનું જ્ઞાન એ દ્રવ્યબુદ્ધિનું જ્ઞાન, એને ઉત્પન્ન થવા દેતું નથી. આહાહા..!

મુમુક્ષુ :- એ બધું મિથ્યાત્વમાં કહેવાય?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

ઉત્તર :- મિથ્યાત્વમાં. કહો, સમજાણું આમાં? કહો, સમજાય છે કે નહિ? એય..! મનુભાઈ! આ બધું સમજવું પડશે, હોં! ત્યાં ભણવા-બણવામાં થોથા છે, કાંઈ છે નહિ. મફતના હેરાન થઈ જાય છે માણસ. પૈસા જાય. પૈસા દઈને હેરાન થાય. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઈ પણ ક્યાં.. મમતા છે ને એ વખતે દેવાની. વળી આ કાંઈક થાય છે એમાંથી આપણે વધશું, કેળવણીનું જ્ઞાન પામશું. વળી એક જણો એમ કહેતો હતો. પણ આ જાતનું જ્ઞાન હોય તો આત્માનું જ્ઞાન થાય ને. ના ના, કીધું. ભણ્યો ન હોય એને જ્ઞાન થાય? કાંઈ ભણ્યો ન હોય તો જ્ઞાન થાય? વળી એક જણો એમ કહે. ઘણા પ્રશ્ન કરનારા હોય છે. કાંઈક બે ચોપડી, પાંચ ચોપડી, દસ ચોપડી ભણ્યો હોય તો શાસ્ત્ર (આવડે). હવે સાંભળને! આ અગિયાર અંગ અને નવ પૂર્વ ભણ્યો એ અજ્ઞાન છે. એને પોતાનું જ્ઞાન માનનાર, આ જ્ઞાનના જ્ઞાનને એ ઘાત કરી નાખે છે. કહો, સમજાણું?

'**જ્ઞાનનું જ્ઞાન...**' આહાહા..! ભાષા તે પણ. આ જ્ઞાનનું સમકિત અને જ્ઞાનનું જ્ઞાન. એટલે પરનું નહિ, એમ. આત્માનું જ્ઞાન, પરનું નહિ. આહાહા..! સમજાણું કાંઈ? '**જ્ઞાનનું જ્ઞાન કે જે મોક્ષના કારણરૂપ સ્વભાવ છે...**' પર્યાય સ્વભાવ છે ને? પર્યાય છે કે નહિ? '**તે પરભાવસ્વરૂપ અજ્ઞાન...**' તે પરના જ્ઞાનનો ભાવ એવું જે અજ્ઞાન, એવું અંશબુદ્ધિમાં રોકાયેલું જ્ઞાન, એવું જે જ્ઞાન એ સ્વભાવબુદ્ધિથી ઉત્પન્ન થતાં જ્ઞાનને ઘાત કરે છે. આહાહા..! એની ખબર પણ ન મળે અને ખબર કરવાની દરકાર પણ ન મળે. એને કહે કે અમને થઈ ગયું સમ્યગ્જ્ઞાન.

ભાઈ! સમ્યગ્જ્ઞાન કોને કહેવાય? જેવો સ્વભાવ શુદ્ધ છે એ જ્ઞાનસ્વરૂપ આત્મા છે. એનું જ્ઞાન થાય એ મોક્ષના કારણરૂપ પર્યાય છે. એને ન પ્રગટ કરતાં, કર્મ લેવું છે ને અહીં? કર્મ લેવું છે ને અહીં સામે? એ બધું કર્મ છે. પર તરફનું જ્ઞાન એ પણ એક કર્મ છે. શુભ વિકલ્પ પણ કર્મ છે અને અજ્ઞાનરૂપી એ પણ એક કર્મ છે. આહાહા..! સમજાણું કાંઈ? એ અજ્ઞાનભાવ, રાગભાવ, કર્મભાવ બધું આખું બધું અજ્ઞાન. બધું અજ્ઞાન. એ અજ્ઞાનમાં બુદ્ધિ હોવાને લઈ, જ્ઞાનનું જ્ઞાન જે સ્વભાવનું જે જ્ઞાન છે એ જ્ઞાનને આ ઘાત કરે છે. એ ઉત્પન્ન થવા દેતું નથી. માટે નિષેધવામાં આવે છે. એમ કહે છે અહીં. નિષેધવામાં આવે એમ કહેવું છે ને પાછું? છેલ્લું તો એમ લેવું છે ને. જુઓને! '**તિરોધાન કરતું હોવાથી કર્મને નિષેધવામાં આવ્યું છે.**' સમજાણું કાંઈ?

હવે જ્ઞાનનું ચારિત્ર. એય..! લૂગડાનું ચારિત્ર નહિ, નાગાનું ચારિત્ર નહિ, અઠ્યાવીશ મૂળગુણનું ચારિત્ર નહિ, એમ કહે છે. એ અણુવ્રતના પરિણામનું ચારિત્ર નહિ, મહાવ્રતરૂપી ચારિત્ર નહિ.

આહાહા..! કહે છે, જ્ઞાનનું ચારિત્ર. ભગવાન આત્મા શુદ્ધ ચિદાનંદ પ્રભુ, એ જ્ઞાનસ્વરૂપી આત્મા અથવા જ્ઞાનની સાથે અવિનાભાવ અનંતગુણસ્વરૂપ આત્મા, એ આત્માનું ચારિત્ર, એમાં સ્વરૂપમાં રમણતા, નિર્વિકલ્પતા, વીતરાગતા એ ચારિત્ર જે આત્માનું ચારિત્ર, જ્ઞાનનું ચારિત્ર એટલે આત્માનું ચારિત્ર. આત્માનું ચારિત્ર એટલે આત્માના પોતાના સ્વભાવમાં આચરણ કરીને રહેતું એ. એવું જે જ્ઞાનનું ચારિત્ર... આહાહા..! કે જે મોક્ષના કારણરૂપ સ્વભાવ છે. એ આત્મા જ્ઞાનસ્વરૂપ ભગવાન, એમાં રમતું જ્ઞાન, ઠરતું જ્ઞાન, એમાં લીન થતું જ્ઞાન એ જ્ઞાનનું ચારિત્ર છે. આહાહા..! આત્માનું ચારિત્ર છે. વીતરાગ સ્વભાવરૂપ આત્મા, એનો એ વીતરાગી પર્યાયરૂપ મોક્ષકારણરૂપ સ્વભાવ છે. સમજાણું કાંઈ?

'**જ્ઞાનનું ચારિત્ર કે જે મોક્ષના કારણરૂપ સ્વભાવ છે...**' પર્યાય છે આ. '**તે પરભાવસ્વરૂપ કષાય...**' એ શુભ વિકલ્પ ઉઠે અણુવ્રત અને મહાવ્રતાદિનો એવો જે વિકલ્પ એ મારું કર્તવ્ય છે, એ હું છું એવા વિકલ્પની દૃષ્ટિ તે અચારિત્ર છે. સમજાણું કાંઈ? એ પરભાવસ્વરૂપ મેલ છે. પરભાવસ્વરૂપ કષાય છે. આહાહા..!

મુમુક્ષુ :- પુણ્યને કષાય કહેવો?

ઉત્તર :- હા. કષાય છે ને. પુણ્ય સંસાર, સંસારને લાભ આપનારો છે એ રાગ. એ રાગ મને લાભદાયી છે અથવા મારો છે એવી જે બુદ્ધિ તે કષાયભાવ. મિથ્યાત્વને અહીં કષાયભાવ કહ્યો છે. મિથ્યાત્વ નામ રાગની મંદતાનો વિકલ્પ તે મને લાભદાયક કે એ હું છું, એવો જે મિથ્યાત્વરૂપી કષાયભાવ. સમજાણું કાંઈ? એ મિથ્યાત્વ સાથે જે મેલભાવ '**કર્મમળ વડે વ્યાપ્ત થવાથી તિરોભૂત થાય છે-**' એવા રાગના અથવા રાગ મંદતાના ભાવને પોતાના લાભદાયકની દૃષ્ટિવાળો ભાવ, તે ત્રિકાળ સ્વભાવનું જે જ્ઞાન ચારિત્ર તેને ઉત્પન્ન થવા દેતું નથી. કહો, સમજાણું આમાં?

'**જ્ઞાનનું ચારિત્ર...**' આ વળી કેવું હશે? અહીં તો પા શેર દૂધ પીવે અને બે પૂરી ખાય તો ચારિત્ર બહુ સારું છે એમ કહે, લ્યો. સાદુ વર્તન છે. ચારિત્ર બહુ આનું સારું છે. એમ માણસ ભેગા થઈને વાતું કરે. બે-પાંચ હજારનો પગાર હોય મહિને દસ હજારનો અને જો સાદું લૂગડું પહેરતો હોય અને સાદો આહાર કરતો હોય તો બહુ સાદું ચારિત્ર. એનું ચારિત્ર બહુ ઊંચું છે. કોનું ચારિત્ર? જડનું? એ જે વિકલ્પ રાગની મંદતાનો ભાવ કે હું આમ ઓછું પીઉં છું, ઓછું ખાઉં છું એવો જે વિકલ્પ, એને પોતાનો માનવાથી એવો જે મિથ્યાત્વ ચારિત્રરૂપ કષાયભાવ, એના જ્ઞાનના ચારિત્રને એ ઘાત કરે છે. જ્ઞાનના ચારિત્રને ઉત્પન્ન થવા દેતું નથી. ઓહોહો..! સમજાણું કાંઈ?

એ કહેતો હતો, હોં! ઈ. .. અણુવ્રત સમ્યગ્દર્શન વિના કરે છે તો એ ખોટી વાત છે.

એ કહેતો હતો, નહિ? ઓલો માણસ લાડનૂવાળો કહેતો હતો. આચાર્યની પરંપરામાં તો ચારિત્ર સમ્યગ્દર્શન વિના હોઈ શકે નહિ. સમ્યગ્દર્શન વિના હોય નહિ અને સમ્યગ્દર્શન વિનાના આવા અણુવ્રતથી લાભ માને છે અથવા મનાવે છે એ પ્રરૂપણા ખોટી છે. એ કહેતો હતો, હોં! આમ પાગલ, ઠેકાણા વિનાનો.

જે કોઈ આત્માનું ચારિત્ર એટલે સ્વરૂપ જે શુદ્ધ ચૈતન્ય, એમાં અકષાયભાવરૂપી જે પરિણમન, એ આત્માનું ચારિત્ર. એને જે કાંઈ અણુવ્રત, મહાવ્રતાદિનો વિકલ્પ જે છે એ વિકલ્પ મારો છે, મારું કર્તવ્ય છે એવી જે બુદ્ધિ, એવો જે મિથ્યાત્વભાવસહિતનો કષાયભાવ એ શુભરાગ-એ મેલ આત્માના સમ્યક્ચારિત્રનો ઘાત કરે છે. સમ્યક્ચારિત્રને ઉત્પન્ન થવા દેતું નથી. ભારે વાતું, ભાઈ! કહો, સમજાણું આમાં? કહો, આ પંચ મહાવ્રત ને અઠ્ઠાવીશ મૂળગુણ વિકલ્પ. એનાથી મને લાભ થાય એ મિથ્યાચારિત્ર, સમ્યક્ચારિત્રને ઘાત કરે છે, એમ કહે છે. ઓલો કહે કે મને લાભ થાય, આ કહે કે ઘાત કરે છે. આહાહા...! ક્યાંય ઉગમણે-આથમણે મેળ ખાય એવું ન મળે દુનિયા સાથે.

એ વ્યવહાર કરતાં કરતાં નિશ્ચય થશે એમ માનનાર રાગની મંદતાના કાર્યરૂપે નિશ્ચય ચારિત્ર છે. એ રાગનું ચારિત્ર થયું. એ આત્માનું ચારિત્ર નહિ. આત્માનું ચારિત્ર જે જ્ઞાન, આનંદમાં ઠરે એવું જે આત્માનું ચારિત્ર, એની ઉત્પત્તિને, રાગની મંદતાના ભાવ મારા છે, એવો જે મિથ્યાત્વરૂપી કષાયભાવ સાથે અનંતાનુબંધી.. સમજાણું કાંઈ? એ સ્વરૂપના આચરણના ચારિત્રને ઘાતે છે. સ્વરૂપના આચરણરૂપ ચારિત્રને ઉત્પન્ન થવા દેતું નથી.

મુમુક્ષુ :- સંસારને અને ... મેળ ખાય એવું નથી.

ઉત્તર :- મેળ શેનો ખાય?

મુમુક્ષુ :- જાત જુદી છે.

ઉત્તર :- જાત જુદી છે. આમાં નાખ્યું છે કે એમાં નાખ્યું છે? તિરોભવમાં નાખ્યું છે? શું એ પાઠ? ઓલા સ્વરૂપઆચરણ નાખ્યું.. જ્ઞાનસ્વભાવ એનો. એમાં કહ્યું છે. સ્વરૂપાચરણ. કેટલા? છ બોલ લીધા છે. છ-છ. (સમયસાર કલશટીકા-૧૦૬).

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો વળી શુદ્ધિના. આ તો સ્વરૂપાચરણ.. '**ज्ञानस्वभावेन वृत्तं तत् तत् मोक्षहेतुः एव**' '**શુદ્ધ વસ્તુમાત્ર, તેની સ્વરૂપનિષ્પત્તિ, તેનાથી જે 'वृत्तं' નામ સ્વરૂપાચરણ ચારિત્ર છે તે જ, તે જ મોક્ષમાર્ગ છે; આ વાતમાં સંદેહ નથી. ભાવાર્થ આમ છે-કોઈ જાણશે કે સ્વરૂપાચરણચારિત્ર એવું કહેવાય છે કે આત્માના શુદ્ધસ્વરૂપને વિચારે અથવા ચિંતવે અથવા એકાગ્રપણે મગ્ન થઈને અનુભવે...**' એકાગ્ર

મગ્ન થઈને એટલે રાગને, હોં! **'પણ એવું તો નથી, એમ કરતાં બંધ થાય છે. કેમ કે એવું તો સ્વરૂપાચરણચારિત્ર નથી. તો સ્વરૂપાચરણચારિત્ર કેવું છે? જેમ પાનું (સુવર્ણપત્ર) તપાવવાથી સુવર્ણમાંની કાલિમા જાય છે.'** કાલિમા-મેલ. કોઈ પૂછતું હતું ને? તમે પૂછતા હતા સવારમાં. **'સુવર્ણ શુદ્ધ થાય છે, તેમ જીવદ્રવ્યને અનાદિથી અશુદ્ધચેતનારૂપ રાગાદિ પરિણમન હતું તે જાય છે, શુદ્ધસ્વરૂપ માત્ર શુદ્ધચેતનારૂપે જીવદ્રવ્ય પરિણમે છે, તેનું નામ સ્વરૂપાચરણચારિત્ર છે.'** આવો મોક્ષમાર્ગ છે. કહો, સમજાણું?

**'કાંઈક વિશેષ-તે શુદ્ધ પરિણમન જ્યાં સુધીમાં સર્વોત્કૃષ્ટ થાય છે ત્યાં સુધીના શુદ્ધપણાના...'** સ્વરૂપાચરણના ભેદ છે. શુદ્ધ... શુદ્ધ... શુદ્ધ... વધે છે એમ કહે છે. એની શુદ્ધિને વધારે. એમ. **'અનંત ભેદ છે. તે ભેદો જાતિભેદની અપેક્ષાએ તો નથી;...'** જાતિભેદની અપેક્ષાએ નથી. **'ઘણી શુદ્ધતા, તેનાથી ઘણી, તેનાથી ઘણી-એવા થોડાપણા-ઘણાપણારૂપ ભેદ છે. ભાવાર્થ આમ છે કે જેટલી શુદ્ધતા હોય તેટલી જ મોક્ષનું કારણ છે. જ્યારે સર્વથા શુદ્ધતા થાય છે ત્યારે સકળકર્મક્ષયલક્ષણ મોક્ષપદની પ્રાપ્તિ થાય છે. શા કારણથી? ત્રણે કાળે આવું છે જે શુદ્ધચેતનાપરિણમનરૂપ સ્વરૂપાચરણ ચારિત્ર...'** લ્યો! **'તે આત્મદ્રવ્યનું નિજ સ્વરૂપ છે.'** લ્યો. છ વાર આવ્યું.

મુમુક્ષુ :- એકવાર હાથમાંથી બતાવો.

ઉત્તર :- એકવાર હાથમાંથી આવે, હાથ એટલે શું પણ? સાંભળને! ન્યાયથી તો સમજ.

ભગવાન આત્મા પોતના સ્વરૂપમાં આચરણની સ્થિરતાને ઉત્પન્ન ન કરે, રાગની આચરણની સ્થિરતાને ઉત્પન્ન કરે અને એમાં લાભ માને છે, એ સ્વરૂપાચરણચારિત્રનો ઘાત કરે છે. ન્યાયથી સમજને હવે, ચારિત્રથી શું? માર્ગ તે પ્રભુનો ન્યાયથી હશે કે એમ ને એમ કચડમચડ હશે? સમજાણું કાંઈ?

વસ્તુ સ્વરૂપ જ્ઞાયક ને આનંદ અને ચારિત્ર તો એનો ત્રિકાળ ગુણ સમરસ છે. એવો જે આત્મા તેને આશ્રયે એમાં રમતા-રમણતા, પ્રતીત જ્ઞાન સહિતમાં જે સ્થિરતા તે સ્વરૂપાચરણચારિત્ર છે. એવા ચારિત્રને રાગની વિકલ્પ દશા એ મારી એવી જે મિથ્યાત્વ સહિતનો રાગ કષાય, તે આવા સ્વરૂપાચરણચારિત્રને ઉત્પન્ન થવા દેતું નથી. ઘાતે છે. માટે નિષેધવામાં આવ્યું છે. માટે શુભક્રિયારૂપ આચરણ નિષેધવામાં આવ્યું છે. માટે શુભક્રિયારૂપ શ્રદ્ધા છે ને દેવ-ગુરુ-શાસ્ત્ર અને વિકલ્પાદિ? એ પણ શુભક્રિયારૂપ શુભ છે માટે નિષેધવામાં આવ્યું છે. માટે શુભક્રિયારૂપ.. શુભક્રિયારૂપ જે શાસ્ત્રનું જ્ઞાન આદિ એ પણ શુભક્રિયારૂપ હોવાથી તે નિષેધવામાં આવ્યું છે. અને રાગની મંદતા અણુવ્રત અને મહાવ્રત પણ શુભ ક્રિયા હોવાથી

નિષેધવામાં આવી છે. આહાહા..! કાયરના તો કાળજા કંપી જાય એવું છે અંદર. માનતા હોય કે અમે વ્રતધારી છીએ અને આવા વ્રત પાળીએ છીએ. સમજાણું? એનો દાખલો એનો ઈ છે.

'**પરભાવસ્વરૂપ કષાય નામના કર્મમળ વડે વ્યાપ્ત થવાથી તિરોભૂત થાય છે...**' ઢંકાઈ જાય છે. ઉત્પન્ન થાતું નથી. '**જેમ પરભાવસ્વરૂપ મેલથી વ્યાપ્ત થયેલો શ્વેત વસ્ત્રના સ્વભાવભૂત શ્વેતસ્વભાવ તિરોભૂત થાય છે તેમ. માટે મોક્ષના કારણનું...**' ત્રણ સ્વભાવ લે છે. '**(-સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રનું-)...**' જે મોક્ષનું કારણ છે, એને '**તિરોધાન કરતું હોવાથી...**' એ વિકલ્પાત્મક શ્રદ્ધા, વિકલ્પાત્મક જ્ઞાન અને વિકલ્પાત્મક ચારિત્ર તે ઉત્પન્ન થતાં આવા ત્રણને ઉત્પન્ન કરવા દેતું નથી તે '**કર્મને નિષેધવામાં આવ્યું છે.**' સ્વભાવિક ક્રિયાને ઉત્પન્ન થવા ન દેતા રાગની ક્રિયારૂપ જ્ઞાન, શ્રદ્ધા અને ચારિત્ર, આચરણ ક્રિયા, તે બધા કર્મને નિષેધવામાં આવ્યા છે. એ આત્માને લાભદાયી છે નહિ.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**જેઠ સુદ ૬, મંગળવાર તા. ૧૩-૦૬-૧૯૬૭**
**ગાથા-૧૫૭ થી ૧૬૦, પ્રવચન-૨૪૫**

આ સમયસાર, પુણ્ય-પાપ અધિકાર છે. ભાવાર્થ છે. ૧૫૭, ૧૫૮, ૧૫૯ એ ગાથાનો ભાવાર્થ.

અહીં તો કહેવું છે કે પુણ્ય-પાપના ભાવ એ કર્મ છે, વિકાર છે અને મોક્ષનો માર્ગ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે. મોક્ષનો માર્ગ આત્માની સર્વજ્ઞ શક્તિ જે છે એની પ્રગટ દશા સર્વજ્ઞપણું થવું એનું નામ મોક્ષ. એનો માર્ગ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર (છે). હવે એ સમ્યગ્દર્શનમાં આ પુણ્ય-પાપ રોકનાર છે એમ સિદ્ધ કરવું છે.

'**જ્ઞાનનું સમ્યક્ત્વરૂપ પરિણમન...**' આત્મા જ્ઞાનસ્વરૂપ શુદ્ધ ચૈતન્ય છે એવા શુદ્ધ સ્વરૂપનું જ્ઞાનપણે પરિણમન શ્રદ્ધા સ્વભાવે. એમાં આવ્યું હતું ને? સમજાણું? પરભાવથી-મેલથી વ્યાપ્ત છે. ઓલામાં આવ્યું હતું. ... આગલામાં આવ્યું હતું એ. શ્રદ્ધાભાવ એ ૧૫૫માં. ૧૫૫ જે આ ચાલી હતી ઈ.

મુમુક્ષુ :- જીવાદિ પદાર્થોના શ્રદ્ધાન સ્વભાવે...

ઉત્તર :- એ જ આનું એ. વાત તો એની એ છે પણ બીજે શબ્દે (કહી છે).

એ જ્ઞાનનું સમ્યક્ત્વરૂપ શ્રદ્ધાસ્વભાવે પરિણમવું. સમજાણું કાંઈ? વસ્તુ જે છે આત્મા પદાર્થ, ક્ષેત્ર ભલે એનું આટલું છે શરીર પ્રમાણે, પણ એનો એક એક ભાવ, સ્વભાવ અનંત અનંત છે. એવા અનંત એક એક ગુણનો સ્વભાવ એનું જે સ્વરૂપ આખું આત્મા અનંતગુણ સ્વભાવવાન એવો આત્મા, એ આત્માને અહીંયાં જ્ઞાન તરીકે કહ્યું છે. એવા આત્માનું સમ્યક્ત્વરૂપ પરિણમન. એવો આત્મા પૂર્ણ શુદ્ધ સ્વભાવ, એનું અંતર્મુખ જેવો સ્વભાવ છે તેવું એનું શ્રદ્ધા સ્વભાવે આત્માનું જ્ઞાન પરિણમન એટલે રાગપરિણમન નહિ, એને સમકિતનું પરિણમન કહે છે.

એને '**મિથ્યાત્વ કર્મથી તિરોભૂત થાય છે;...**' એ શુભ-અશુભભાવ વિકાર છે અને એ મારા એવી માન્યતા, એવો જે ભાવ, એનાથી શુદ્ધ સ્વભાવની શ્રદ્ધાસ્વભાવે આત્માનું પરિણમવું એને એ ઉત્પન્ન કરવા દેતું નથી. તેને ઘાત કરે છે. માટે પુણ્ય-પાપના ભાવ અને કર્મ નિષેધ કરવાલાયક છે. કહો, સમજાય છે કે નહિ આમાં? આત્મા વસ્તુ છે આખી પૂર્ણ. એક પરમાણુ છે તો પણ કેટલા અનંત ગુણ લઈને પડેલી સ્વભાવિક વસ્તુ છે. એક પરમાણુ આટલો પોઈન્ટ હોં! તો પણ અનંત સ્વભાવ છે ને એનો સ્વભાવ. રંગ, ગંધ, રસ સ્વભાવ,

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


સ્પર્શ એવો એક પરમાણુ નાનામાં નાનો એનો પણ રંગ સ્વભાવ, ગંધ સ્વભાવ અનંત બેહદ છે. એવું એ પરમાણુ તત્ત્વ છે પણ એ અચેતન છે. એમાં ચેતનપણું નથી.

આ આત્મા વસ્તુ છે એ એક સેકન્ડના અસંખ્ય ભાગમાં અનંત જ્ઞાન-દર્શન આદિ સ્વભાવ સંપન્ન વસ્તુ, એને અહીં જ્ઞાન તરીકે કહેવામાં આવ્યું છે. ઓલો વિકલ્પ ને કર્મ છે ને? એનો અભાવ બતાવવો છે એટલે. એવો જે જ્ઞાનસ્વરૂપ આત્મા, વસ્તુ સ્વરૂપ આત્મા એનું વસ્તુના સ્વભાવપણે જ્ઞાનપણે, દર્શનપણે, શ્રદ્ધા સ્વભાવપણે પરિણમન થવું તેને સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. એને ઓલો રાગપરિણામ જે છે એ રાગની રુચિનો ભાવ એવો જે મિથ્યાત્વભાવ એ કર્મ છે, એ ધર્મ નથી, જ્ઞાનસ્વભાવ નથી. એ કર્મ જ્ઞાનના સમ્યગ્દર્શનને ઘાત કરે છે. કહો, સમજાણું આમાં? વાતું પણ બીજી જાતની બધી. બીજી વાત છે. બાપા! આહાહા..!

આમ જુઓ તો અસ્તિત્વ બધું કેટલું ભર્યું છે. અસ્તિત્વ દેખાય છે કે નહિ? છે... છે... છે... છે... આ પરમાણુ પુદ્ગલ સૂક્ષ્મ આ બધું. એ બધા હોવાવાળાને જેણે જાણ્યું છે, જે જાણે છે અને એ જાણવાના સ્વભાવની વર્તમાન પ્રગટ અવસ્થામાં એટલું તો એ જાણે છે. એ શક્તિરૂપ જે આખો જ્ઞાનાદિ સ્વભાવ, એવા અનંત ગુણનું રૂપ એવો જે આત્મા, એના સ્વભાવની શ્રદ્ધારૂપે સમ્યક્‌પણે પરિણમન થવું એનું નામ સમ્યગ્દર્શન છે. એ સમ્યગ્દર્શનને કર્મ એટલે રાગભાગ, રાગ પ્રત્યેની રુચિનો પ્રેમ અને એવો મિથ્યાત્વભાવ આ ભાવને ઉત્પન્ન થવા દેતો નથી. આહાહા..! સમજાણું કાંઈ?

'**મિથ્યાત્વકર્મથી તિરોભૂત...**' તિરોભૂત એટલે ઘાત કરે છે. તિરોભૂત સમજાણું? ઘાત ઘાત કરે છે-ઉત્પન્ન થવા દેતું નથી. '**જ્ઞાનનું જ્ઞાનરૂપ પરિણમન...**' ભગવાન આત્મા જ્ઞાન, આનંદ આદિ સ્વભાવસ્વરૂપ વસ્તુ, એનું તેના સ્વભાવરૂપના જ્ઞાન, તેના સ્વભાવના જ્ઞાનરૂપે, એટલે સ્વભાવસ્વરૂપે, આત્મપણે તેનું જ્ઞાનનું પરિણમન થવું, એ '**પરિણમન અજ્ઞાનકર્મથી તિરોભૂત થાય છે;...**' એને રાગના પરિણામનું જ્ઞાન કરતું અટકતું જ્ઞાન, આ જ્ઞાનના પરિણમનને ઉત્પન્ન થવા દેતું નથી. સમજાણું કાંઈ? શાંતિભાઈ!

વસ્તુ છે ચૈતન્યપ્રભુ એ અનંતગુણસ્વરૂપ જ્ઞાનસ્વરૂપ. અહીં પરમ જ્ઞાનસ્વરૂપ ગણવામાં આવ્યું છે. કારણ કે જ્ઞાન છે તે અવિનાભાવી એની સાથે ભલે અનંતા ગુણ હો, પણ પરમ સ્વભાવ છે માટે તે આત્માને જ્ઞાનસ્વરૂપ, ચૈતન્યસ્વરૂપ, જાગૃત સ્વભાવસ્વરૂપ ગણીને એવા આત્માનું તેના સ્વરૂપે જ્ઞાનરૂપે થવું, જ્ઞાનનું જ્ઞાનરૂપે પરિણમવું, આત્માનું એના જ્ઞાનરૂપે થવું એનું નામ સમ્યગ્જ્ઞાન અને તે મોક્ષનું કારણ. પણ તે જ્ઞાનને અહીં કર્મ અટકાવે છે. કોણ? કે જે વિકલ્પ ઉઠ્યો તેનું જ્ઞાન કરતું જ્ઞાન અટકીને ત્રિકાળ જ્ઞાનની પર્યાયને ઉત્પન્ન

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


થવા દેતું નથી. તેથી તે કર્મ નિષેધવા લાયક છે. કહો, સમજાણું આમાં? પ્રવિણભાઈ! ભારે ઝીણું. એક જણો કહે, આવું કાઢ્યું ક્યાંથી? પણ આ છે કે નહિ? જોને. આમ ન હોય તો બીજું હોય શી રીતે પણ? કાંઈક સમજ તો ખરો, કાંઈક વિચાર તો કર. આ કાંઈ (કલ્પિત નથી).

અજ્ઞાનપણે એનું જ્ઞાન ઉત્પન્ન થતું નથી એટલે શું? કે એનું સ્વરૂપનું જે જ્ઞાન, સ્વભાવનું જ્ઞાન, જ્ઞાનપણે પરિણમન થવું જોઈએ એને ઠેકાણે સ્વભાવિક જ્ઞાન, એના ઉપર દૃષ્ટિ નહિ હોવાથી, રાગાદિ વિકલ્પરૂપી કાર્ય એના ઉપર દૃષ્ટિ હોવાથી, એવું જે અજ્ઞાન કર્મ-અજ્ઞાનરૂપી કાર્ય એ આત્માના જ્ઞાનની પર્યાયને ઘાત કરે છે. સમજાણું કાંઈ? અહીં પર ઘાત કરે અને પરનું કરે એ અહીં વાત છે નહિ. એને ઘરે રહી બધી ચીજો જગતની.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કોણ કરે? એ તો વાતું બધી. જ્યારે કહેવું હોય ત્યારે દ્રવ્યથી લેવું હોય ત્યારે લેવાય એમ. કર્તાકર્મમાં. એ તો દ્રવ્યસ્વભાવ નથી એમ કરીને એનો સ્વભાવ છે એમ કહ્યું. સમજાણું કાંઈ? ઘાતે કોણ? ખરેખર એ કર્મ ઉપર નજર જતાં કર્મ પણ એક પદાર્થ છે ને? એની પર્યાય છે ને પરમાણુની? આત્મા એક વસ્તુ છે જેમ અખંડાનંદ પ્રભુ, એમ એ કર્મ પણ પુદ્ગલની વિભાવિક એક અવસ્થા છે. તો અહીં જ્યાં લક્ષ ન જાય ત્યારે ત્યાં લક્ષ જાય એટલે એને વિકાર થયા વિના રહે નહિ. અને એ વિકારને કર્મ ગણીને, જડને કર્મ ગણીને ભલે, પણ એ વિકાર અહીંયાં જ્ઞાનના પરિણમનની દશાને ઉત્પન્ન થવા દેતું નથી. દ્રવ્યદૃષ્ટિમાં તો એની પર્યાય જ્ઞાનમય થાય. એને ઠેકાણે રાગના વિકલ્પ ઉપર દૃષ્ટિ બાહ્ય ઉપર હોવાથી તે જ્ઞાનની પર્યાયને ઉત્પન્ન થવા દેતું નથી. માટે તે કર્મ નિષેધવા લાયક છે. એટલે કે દૃષ્ટિમાં લેવા લાયક નથી. સમજાણું કાંઈ?

'**જ્ઞાનનું ચારિત્રરૂપ પરિણમન...**' ભગવાન આત્મા, એનો જે જ્ઞાનસ્વભાવ, આનંદ સ્વભાવ આદિ એમાં એ જ્ઞાન અને આનંદરૂપે પરિણમવું, આત્માના સ્વભાવરૂપે થવું એનું નામ ચારિત્ર છે. ચારિત્ર કોઈ શરીરની ક્રિયા, નગ્ન અવસ્થા કે પંચ મહાવ્રતના વિકલ્પ આદિ ભાવ એ કાંઈ ચારિત્ર નથી. એ તો અચારિત્રભાવ છે. સમજાણું કાંઈ? '**જ્ઞાનનું ચારિત્રરૂપ પરિણમન...**' ભગવાન આત્મા પોતાના જ્ઞાયક સ્વભાવમાં સ્થિર થવાની દશા, એ જ્ઞાનનું પરિણમન એટલે કે આત્માનું પરિણમન છે. એવી ચારિત્રરૂપ દશા એ કષાય કર્મથી તિરોભૂત થાય છે. એને કષાય નામ વિકલ્પ જે રાગાદિ છે, એની એક્તા અથવા એનામાં લક્ષ જતાં, આ સ્વભાવની પરિણતિ ઉત્પન્ન ન થતાં ચારિત્રને એ રોકે છે. સમજાણું કાંઈ?

'**જ્ઞાનનું ચારિત્રરૂપ પરિણમન...**' ભગવાન આત્મા પોતાનો શાંત સમરસ સ્વભાવ,

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

સમરસ વીતરાગ સ્વભાવ છે એનો, એ વીતરાગ સ્વભાવનું વીતરાગ સ્વભાવપણે પરિણમન થવું, એ જ્ઞાનનું ચારિત્ર પરિણમન કહેવામાં આવે છે. એને '**કષાય કર્મથી તિરોભૂત થાય છે.**' રાગનો વિકલ્પ એ શુભ ગુણ-ગુણીના ભેદના વિકલ્પમાં પણ રુચિ રહી, એમાં અટક્યો એ કષાયભાવની ઉત્પત્તિ, એ ચારિત્રભાવની ઉત્પત્તિને થવા દેતું નથી. સમજાણું કાંઈ? આહાહા..!

'**આ રીતે મોક્ષના કારણભાવોને...**' જુઓ! આ રીતે મોક્ષના કારણરૂપ પર્યાયને, પર્યાય છે ને એ ભાવ? મોક્ષ એ એક પર્યાય છે. મોક્ષ એ કાંઈ ગુણ નથી. ગુણ તો ત્રિકાળ રહે છે. મોક્ષ એટલે નિર્મળ આનંદદશાની પૂર્ણતા, એવી દશાના કારણરૂપ ભાવ એટલે પર્યાય, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર. એમ. મોક્ષના કારણભાવ એટલે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર, એને કર્મ એટલે રાગાદિનું કાર્ય '**તિરોભૂત કરતું હોવાથી તેનો નિષેધ કરવામાં આવ્યો છે.**' કહો, સમજાણું આમાં? એ ત્રણ ગાથા મોક્ષમાર્ગની અવસ્થાને કર્મ એટલે વિકારી પરિણમન, એની રુચિ, એનું જ જ્ઞાન અને એમાં ટકવું-એ ત્રણે આ શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રની પર્યાયને ઘાત કરે છે. માટે કર્મ નિષેધવામાં આવ્યું છે. સમજાણું?

'**હવે, કર્મ પોતે જ બંધસ્વરૂપ છે એમ સિદ્ધ કરે છે :-**' ૧૬૦. લ્યો, આ શેઠ હતા ને જ્યારે ચાલ્યું હતું ને પહેલું?

**सो सव्वणाणदरिसी कम्मरएण णियेणावच्छण्णो।**
**संसारसमावण्णो ण विजाणदि सव्वदो सव्वं।।१६०।।**

આત્માની વાત કરે છે કે આત્મા કોણ છે, કેવો છે.

**તે સર્વજ્ઞાની-દર્શી પણ નિજ કર્મરજ-આચ્છાદને,**
**સંસારપ્રાપ્ત ન જાણતો તે સર્વ રીતે સર્વને. ૧૬૦.**

મહા અલૌકિક ગાથા છે! સ્વભાવનું સામર્થ્ય બતાવનાર અને બંધસ્વરૂપ ભાવ અબંધને રોકે છે એમ બતાવે છે. આહાહા..!

'**ટીકા :- જે પોતે જ જ્ઞાન હોવાને લીધે...**' ભગવાન આત્મા એ તો જ્ઞાનસ્વરૂપ છે. જેમ સાકરનું ગળપણ સ્વરૂપ છે. ભલે એની સાથે બીજા ગુણ હો. અફીણનો કડવો સ્વભાવ છે. ભલે બીજી શક્તિઓ સાથે હો. એમ આત્માનું પોતે જ આત્મા જ્ઞાનસ્વરૂપ છે. એ તો જ્ઞાન-જ્ઞ સ્વભાવ છે. જ્ઞાન સ્વભાવ '**હોવાને લીધે...**' આને કારણે. એમ. '**પોતે જ જ્ઞાન હોવાને લીધે વિશ્વને (-સર્વ પદાર્થોને) સામાન્ય-વિશેષપણે જાણવાના સ્વભાવવાળું છે...**' એટલે દર્શન-જ્ઞાન સ્વભાવવાળું છે. સમજાણું કાંઈ? એનો સ્વભાવ સામાન્યપણે એટલે ભેદ પાડ્યા વિના દેખે અને ભેદ પાડીને જાણે એવો એનો સ્વભાવ

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આત્માનો પોતે જ્ઞાન એટલે આત્મા જ્ઞાન હોવાને લીધે બધા પદાર્થોને '**સામાન્ય-વિશેષપણે...**' અભેદપણે કે ભેદપણે જાણવાના સ્વભાવવાળું આત્મદ્રવ્ય છે. એવું જ આત્મદ્રવ્ય છે. '**એવું જ્ઞાન અર્થાત્ આત્મદ્રવ્ય,...**' છે. દ્રવ્ય તો એવું છે કે સામાન્યપણે અને વિશેષપણે બધાને જાણે ને દેખે એવા સ્વભાવવાળો આત્મા છે. કોઈને કરવાવાળો નથી, કોઈથી ઉત્પન્ન થવાવાળો નથી અને અપૂર્ણ નથી. સમજાણું કાંઈ? વસ્તુ પોતે જે છે એ કોઈથી ઉત્પન્ન થવાવાળી નથી, કોઈને ઉત્પન્ન કરતી નથી. તેમ અલ્પજ્ઞ સ્વભાવવાળી નથી. વસ્તુ કાંઈ એવી હોય? વસ્તુ છે ઈ. સમજાણું કાંઈ? ભગવાન આત્મા આ એક એક આત્માની વાત ચાલે છે, હોં! આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એમ કે ... ચાલે છે.

ભાઈ! તારી વાત ચાલે છે આ. તું કેવડો છો અને ત્યાં ક્યાં અટક્યો છો? અહીં પુણ્ય-પાપની વ્યાખ્યા ચાલે છે ને? પુણ્ય-પાપના પરિણામ એને ઉત્પન્ન થવા દેતું નથી મોક્ષના માર્ગને અને અહીં પુણ્ય-પાપ પરિણામ પોતે બંધસ્વરૂપ છે એમ સિદ્ધ કરવું છે. અને ભગવાન આત્મા અબંધસ્વરૂપ છે એમ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા ચૈતન્યસ્વરૂપ વસ્તુ જે ચૈતન્ય છે; આ રજકણો માટી તો ક્યાંય રહી ગયા, ધૂળ છે, પર છે, વાણી પર, કર્મ પર. પુણ્ય-પાપના વિકલ્પો એ પર. અને એક સમયની અવસ્થા એ પણ ખરેખર ત્રિકાળથી પર. સમજાણું કાંઈ? એવું જે આત્મદ્રવ્ય. અહીં દ્રવ્યની વાત કરવી છે ને? એ પોતે જ જ્ઞાન હોવાને કારણે. પાછું કારણ આપ્યું. પોતે જ જ્ઞાન હોવાને કારણે. પોતે જ જ્ઞાનસ્વરૂપ જ્ઞ-ચક્ષુ-જ્ઞાનચક્ષુ-તે આત્મા. એ જ્ઞાનચક્ષુ પોતાને હોવાને કારણે એ જ્ઞાન વિશ્વ નામ બધા પદાર્થને, ત્રણ કાળ ત્રણ લોક જેટલા છે તેટલાને સામાન્ય-વિશેષપણે જેનો જાણવાનો સ્વભાવ (છે), તે જાણવાના સ્વભાવમાં જગત આખું સામાન્યપણે એટલે કે રાગ વિના અને ભેદ વિના આખી લોકાલોક ચીજ સત્ છે એવું આત્મામાં દેખવાના સ્વભાવવાળો એ આત્મા છે. અને એને ભેદસહિત એક એક પર્યાયને અને એક એક રાગને ભિન્ન-ભિન્ન, ભિન્ન-ભિન્ન જાણવાનો આત્માનો સર્વ વિશ્વને એક સમયમાં જાણવાના સ્વભાવવાળું આત્મદ્રવ્ય છે. આહાહા..!

અહીં અબંધસ્વરૂપ છે એમ સિદ્ધ કરવું છે. સામે બંધ છે ને? પુણ્ય-પાપ વિકલ્પ બંધસ્વરૂપ જ છે પોતે. આ અબંધસ્વરૂપ છે. અલ્પજ્ઞ અવસ્થા એ અહીં નહીં. અહીં તો આખું એકરૂપ ત્રિકાળ અબંધસ્વભાવી વસ્તુ કે જેનો જ્ઞાન-દર્શન સ્વભાવ સામાન્ય અને વિશેષપણે એટલે કે ભેદ પાડ્યા વિના પદાર્થને પૂર્ણ દેખે અને ભેદ પાડીને નાના નાના અંશમાં પણ જુદાઈના

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

અંશો જે છે એ બધાને પોતે ભેદ પાડીને રાગ વિના વર્તમાન જ્ઞાનના સ્વભાવ સામર્થ્ય દ્વારા લોકાલોક જાણે એવો એનો સ્વભાવ છે. સમજાણું કાંઈ?

**'એવું જ્ઞાન અર્થાત્ આત્મદ્રવ્ય,...'** એવો આ ભગવાન આત્મા છે. એક એક આત્મા એવડો છે, એમ કહે છે. **'અનાદિ કાળથી...'** એ આત્મદ્રવ્ય વસ્તુ જે છે. આ. આ કીધી એવી. અનાદિકાળથી... પાછું પહેલો આવો હતો અને અવસ્થામાં શુદ્ધ હતો અને પછી મલિન થયો, બંધ સ્વરૂપ થયો એમ નથી. આવું સ્વરૂપ છે અને પર્યાયમાં એની અવસ્થામાં પણ એવું જ છે? ના. પર્યાયમાં એવું નથી-અવસ્થામાં એવું નથી. વસ્તુ એવી છે.

**'અનાદિ કાળથી પોતાના પુરુષાર્થના અપરાધથી...'** જુઓ! કોઈ કર્મે એને ઢાંક્યો છે અને કર્મે એને પુરુષાર્થ ઊલટો કરાવ્યો છે એમ નથી. કોઈ ઈશ્વરે એને ઊલટો નાખ્યો રખડાવામાં, એમ નથી. **'અનાદિ કાળથી પોતાના પુરુષાર્થના અપરાધથી...'** લ્યો. ત્યાં વાંધો આવ્યો હતો ને તે દિ'? (સંવત) ૨૦૦૧ની સાલમાં. પુરુષાર્થના કારણે? કર્મને લઈને થાય. આવા શીખ્યા. પોતે પોતાને ભૂલીને પોતાનો આવો સ્વભાવ ત્રણ કાળ ત્રણ લોકના પદાર્થને સામાન્યપણે ભેદ વિના દેખવાના સ્વભાવવાળું દ્રવ્ય, વિશેષપણે જ્ઞાનમાં બધા પદાર્થને ભેદ પાડીને જાણવાવાળું જ્ઞાન નામ આત્મા. એવું હોવા છતાં, એવો જ એનો સ્વભાવ હોવાપણે છે છતાં **'અનાદિકાળથી પોતાના પુરુષાર્થના અપરાધથી પ્રવર્તતા...'** કહો, સમજાણું કાંઈ?

ત્રિકાળ જાણવું-દેખવું એવો અબંધ સ્વભાવ છે. અલ્પજ્ઞ નહિ, બંધ નહિ. પૂર્ણ સ્વભાવ જેનો જાણવા-દેખવાનો સ્વભાવ છે. એનો અર્થ થયો કે એ મુક્તસ્વરૂપ છે વસ્તુ. અબંધસ્વરૂપ છે. સમજાણું કાંઈ? એ પોતાના પુરુષાર્થના અપરાધે પર્યાયમાં-અવસ્થામાં-હાલતમાં-દશામાં- **'પોતાના પુરુષાર્થના અપરાધથી...'** પોતાના વીર્યના-પુરુષાર્થના-અપરાધથી. કોઈનો અપરાધ નહિ. **'પ્રવર્તતા...'** અપરાધથી પ્રવર્તતા. **'એવા કર્મમળ વડે...'** વિકારી મળ એવા કાર્ય, વિકારી મળ એવું કાર્ય, એવા વડે **'લેપાયું-વ્યાપ્ત થયું-હોવાથી જ,...'** સમજાણું કાંઈ?

**'પોતાના પુરુષાર્થના અપરાધથી પ્રવર્તતા...'** એવો રાગ-મેલ. આ પુણ્યાદિનો મેલ. એ મેલ વડે લેપાયું વ્યાપ્ત થયું હોવાથી જ. ઓલામાં લીધું હોવાને લીધે બધાને જાણવા-દેખવાથી. પર્યાયમાં આવું હોવાથી જ. અવસ્થામાં-વર્તમાન હાલતમાં-અનાદિથી રાગરૂપે પરિણામને પોતાના ઊલટા પુરુષાર્થથી કરતું દ્રવ્ય, એ પર્યાયમાં બંધ સ્વભાવને ઉત્પન્ન કરતું, બંધ અવસ્થામાં એવી બંધ દશામાં એટલે રાગમાં રોકાવાની દશામાં.. આ પુણ્ય-પાપનો અધિકાર છે ને? (રાગ) પોતે બંધસ્વરૂપ છે. ભગવાન આત્મા અબંધસ્વરૂપ છે. સમજાણું કાંઈ?

વસ્તુ જાણવા-દેખવાના પૂર્ણ સ્વભાવવાળું (એનો) અર્થ જ એ મુક્તસ્વરૂપ છે, અબંધ

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


સ્વરૂપ છે. અને રાગ, પર્યાયમાં પોતાના ઊલટા પુરુષાર્થથી કરી રહેલો રાગ, એનાથી લેપાયેલો છે પર્યાયમાં. સમજાણું કાંઈ? આહાહા..! જેની ચીજ મહા સિદ્ધાંતનો નેતા! આહાહા..! મહા સિદ્ધાંતનો જાણનાર. આહાહા..! એવું જે તત્ત્વ. એ વર્તમાનમાં અનાદિથી રાગ વિકલ્પના ભાવમાં ઊલટા પુરુષાર્થથી કરેલા ભાવમાં પ્રવર્તતું-એવા મેલ વડે લેપાયું છે પર્યાયમાં. સમજાણું કાંઈ?

આ તો આત્માના ધર્મકથાની વાત છે. અનંત કાળે એણે આત્મા અને એનો ઊલટો પુરુષાર્થ શું એવું યથાર્થપણે એણે જાણ્યું નથી. જુઓ! પર્યાયને જાણી નથી અને દ્રવ્યને પણ જાણ્યું નથી એમ કીધું. સમજાણું કાંઈ? એનું દ્રવ્ય એટલે વસ્તુ કાયમી મહા સ્વભાવના સામર્થ્યવાળો ભગવાન એવો સર્વને જાણવા-દેખાવાના સામર્થ્યવાળું તત્ત્વ પોતાના અપરાધને લઈ એ વિકલ્પ જે સૂક્ષ્મમાં સૂક્ષ્મ રાગાદિ ભાવ તે કર્મ છે અને આત્મા તે વસ્તુ એનાથી ભિન્ન છે. અનાદિથી રાગના સૂક્ષ્મ ભાવના પરિણમનથી લેપાયેલું. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા આમ વસ્તુ તરીકે તો સર્વને જાણવા-દેખવાના સ્વભાવવાળો પદાર્થ છે. એક હોં! એક એક. એ બીજો જે રાગ-વિકલ્પ જે છે સૂક્ષ્મ વૃત્તિ, એ રાગ પોતાના અપરાધથી થયેલો છે. એમાં પ્રવર્ત્યો છે. એવા મેલથી લેપાયું થકું હોવાને લઈ બંધ અવસ્થા. વર્તમાન રાગમાં અટક્યો એ બંધ અવસ્થા છે. સમજાણું કાંઈ? વર્તમાન વિકલ્પની મંદતા હો કે તીવ્રતા. અહીં તો ખરેખર તો રાગની મંદતારૂપી પુણ્યનો નિષેધ કરવો છે. ઓલી વાત તો ક્યાંય રહી ગઈ. આહાહા..!

જયસેનાચાર્યે તો ૫૫થી ઉપાડ્યું છે કે પાપ અધિકાર કહું છું. આહાહા..! અમૃતચંદ્રાચાર્ય કહે, અમે મોક્ષમાર્ગ પરમાર્થ કહીએ. પણ જે વિકલ્પ છે રાગની મંદતાનો, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ, પંચ મહાવ્રતનો વિકલ્પ, શાસ્ત્રના જ્ઞાનનો વિકલ્પ એ ખરેખર તો પાપ છે. એય..! મોહનભાઈ! આહાહા..! પવિત્ર ભગવાનને અટકાવે તે પાપ. કહો, સમજાણું કાંઈ? એ તો અશુભ આવી ગયું હતું છે. પહેલામાં નહિ? પહેલા શ્લોકમાં ન આવ્યું? શુભ-અશુભ પરિણામ અશુભ છે. બેયને અશુભ કહીએ છીએ. એ શુદ્ધ પરિણમન તેને શુભ કહેવામાં આવે છે. શુદ્ધ મોક્ષનો માર્ગ જે આત્મા અવલંબે નિર્વિકલ્પ દૃષ્ટિ-જ્ઞાન-શાંતિ (પ્રગટે) એને અમે શુભ કહીએ છીએ. બાકી એના પર્યાયથી વિરૂદ્ધ દેવ-ગુરુ-શાસ્ત્ર આદિની શ્રદ્ધાનો રાગ, પંચ મહાવ્રત દયા-દાનના વિકલ્પો બધા પવિત્રના ભાવને અટકાવનારા ઊંધા (છે) માટે તેને અશુભ કહીએ છીએ. એ પુણ્ય પોતે અશુભ છે. આહાહા..!

ભગવાન પવિત્રધામ એ ખસીને જ્યાં રાગમાં આવ્યો (ત્યાં) પવિત્રતામાં લૂંટ પડી. સમજાય છે કાંઈ? ચાહે તો તીર્થંકરગોત્રનો ભાવ હો, અહીં તો કહે છે કે એ પાપ છે. એય..! ઠીક!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

પવિત્રમાંથી ખસ્યો છે ને? પવિત્રતામાંથી ખસ્યો તે પાપ. આહાહા..! જગતને એવી વાત રુચિ છે ને જગતને ક્રિયાકાંડ અને રાગની, એને સાંભળતાં આમ ધ્રુજી ઉઠે. હાય.. હાય..! આ શું? આવો માર્ગ! એવો જ માર્ગ ત્રિકાળ પરમેશ્વરે કહેલો એ જ માર્ગ છે. દુનિયાને સાંભળવા મળે નહિ માટે કંઈ માર્ગ બીજો થઈ જાય?

અહીં એ જ કહે છે. ભગવાન આત્મા પવિત્ર સ્વભાવ, જેને ત્રણ કાળ ત્રણ લોકને સામાન્ય વિશેષથી જાણે એવું સ્વભાવવાળું તત્ત્વ, બહાર ખસીને એ પુણ્યના વિકલ્પમાં પણ આવ્યો, અટક્યો એ બંધ અવસ્થા થઈ. એ બંધ અવસ્થા થઈ. સમજાણું કાંઈ? છે ને? પુસ્તક સામે છે કે નહિ? ક્યાં ગયો તારો જ્યોતિ? નથી? ભાવનગર? કહો, સમજાણું આમાં?

કહે છે... આહાહા..! એ ભગવાન કેમ ભૂલ્યો છે એમ કહે છે. ભગવાન આત્મા એના ગુણની જ્ઞાન-દર્શનની મહિમા શું કહેવી? જેને જ્ઞાન-દર્શનમાં ત્રણ કાળ ત્રણ લોક જણાય પણ એથી અનંતગુણા હોય તો જણાય એવું સામર્થ્યવાળું છે ઈ. એવો અબંધ સ્વભાવી આત્મા જેમાં અટકતું નથી એવું એ દ્રવ્ય વસ્તુ છે. એ અનાદિ પોતાના ઊલટા પુરુષાર્થથી, રાગના પુરુષાર્થમાં જઈ અને બંધ અવસ્થામાં રોકાયેલું છે. આહાહા..! સમજાણું કાંઈ? આ પણ ... મલૂકચંદભાઈ ક્યાં ગયા? અમદાવાદ ગયા હશે.

અહીં તો '**સર્વ પ્રકારે સંપૂર્ણ એવા પોતાને અર્થાત્ સર્વ પ્રકારે સર્વ જ્ઞેયોને જાણનારા એવા પોતાને નહિ જાણતું થકું,...**' એમ છે. જોયું! આહાહા..! શું કહે છે? ભગવાન આત્મા જેનો વસ્તુ એનો જે સ્વભાવ, જ્ઞ સ્વભાવ વસ્તુ છે એનો સ્વભાવ હોય ને? વસ્તુ તો દ્રવ્ય થયું. તો એનો ભાવ શું ભાવ? કે ભાવ એનો જ્ઞાન અને દર્શન. એ કેવો ભાવ? ભાવવાનનો ભાવ એ સર્વને દેખે-જાણે એવો ભાવવાનનો ભાવ. એ વસ્તુ સર્વને જાણે એવો ભાવવાનનો ભાવ. એવું એ સ્વરૂપ આત્મદ્રવ્ય એ વિકલ્પની દશા સૂક્ષ્મમાં સૂક્ષ્મ રાગ, એમાં અટકેલો પોતાના ઊલટા પુરુષાર્થથી, બંધ અવસ્થાની દશામાં, બંધ અવસ્થાની પર્યાયબુદ્ધિમાં '**સર્વ પ્રકારે સંપૂર્ણ એવા પોતાને...**' કેવો છે પોતે? કે '**સર્વ પ્રકારે સંપૂર્ણ એવા પોતાને અર્થાત્ સર્વ પ્રકારે સર્વ જ્ઞેયોને જાણનારા એવા પોતાને નહિ જાણતું થકું,...**' આહાહા..! રાગમાં અટકેલું, બંધ અવસ્થામાં અટકેલું, ઊલટા પુરુષાર્થને લઈને તે જ્ઞાન સર્વ પ્રકારે સર્વને જાણવાવાળું એવું જે પોતાનું દ્રવ્ય, સર્વ પ્રકારે સંપૂર્ણ એવા પોતાને એટલે સર્વ પ્રકારે સર્વ જ્ઞેયોને જાણનારા એવા પોતાને નહિ જાણતો. પોતાને જાણતો નથી કે હું આ સર્વજ્ઞ અને સર્વદર્શી છું. પોપટભાઈ! એવી વાતું મળવી મુશ્કેલ છે, હોં! જગતને ઉકરડા મળ્યા ઉકરડા. આહાહા..! અમૃતની રેલ છે અહીં તો! અમૃતચંદ્રાચાર્ય જુઓને!

ભાઈ! પ્રભુ! તારો સ્વભાવ વસ્તુ છે. નાનું ક્ષેત્ર છે એમ ન જો. એ ક્ષેત્રમાં ભાવ

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે ને એટલે દ્રવ્યના ભાવનું સામર્થ્ય છે ને. ભાવનું સામર્થ્ય છે એની પરિમિતતા હોય નહિ. અપરિમિતતા હોય, અનંતતા હોય, બેહદ સ્વભાવ હોય. એ સર્વને જાણવા-દેખવાવાળું જે પોતાનું સ્વરૂપ એ રાગની અવસ્થામાં અટકેલું સર્વને જાણનાર-દેખનારનો એવો જે પોતાનો સ્વભાવ એને બંધ અવસ્થામાં જાણતું નથી. એ બંધ અવસ્થાને દેખે છે. આહાહા..! સમજાણું કાંઈ?

બંધદશામાં એટલે કે રાગની વિકલ્પની દશામાં ઊંધા પુરુષાર્થે અટકેલું જ્ઞાન સર્વ પ્રકારે સંપૂર્ણ એવો ભગવાન, એવો પોતાને. સર્વ પ્રકારે સંપૂર્ણ એવો પોતે એટલે કે સર્વ પ્રકારે સર્વને જાણનારો એવો પોતે, એને નહિ જાણતું. એ રાગને જાણીને અટકેલું જ્ઞાન, સર્વ પ્રકારે બધા જ્ઞેયને જાણનારો એવો આત્મા એને ન જાણતું. આ એનો અપરાધ. આહાહા..! સમજાણું કાંઈ?

'**સર્વ પ્રકારે સર્વ જ્ઞેયોને...**' હજી તો સર્વજ્ઞની વ્યાખ્યામાં અત્યારે તો વાંધા ઉઠાવે છે. કેવળી આમ જાણે, થાય પછી જાણે. કેવળીએ એમ કહ્યું છે કે અનિયત હોય, ભગવાને એમ કહ્યું છે કે નિયતવાદ મિથ્યાદષ્ટિ છે. ભગવાને જાણ્યું અને ભગવાને આમ કહ્યું છતાં પાછા તમે નિયત સ્થાપો છો? ભગવાનને પણ ઉડાવે છે. એની ખબર વિના ઉડાવે છે. અરે..! સર્વ પ્રકારે સર્વને જાણનાર ભગવાન, એમાં વળી પર્યાયમાં.. અહીં તો જ્ઞાન જ એવો સ્વભાવ કે જેવું વ્યવસ્થિત છે એવું એમ ને એમ ત્રિકાળ જાણે અને દેખે એવા સ્વભાવવાળું છે. સમજાણું? નિયત અનાદિ મર્યાદાએ વર્તે છે ને. એક શબ્દ છે. શ્રીમદ્‌માં છે ને? એક શબ્દ છે, છે. આહાહા..!

ભગવાન આત્મા '**સર્વ પ્રકારે સર્વ જ્ઞેયોને જાણનારા એવા...**' કોણ? પોતાનું તત્ત્વ. એટલે સર્વ ત્રણ કાળ ત્રણ લોકના જ્ઞેયોને જાણનારો સ્વભાવવાળો એવો આત્મા, એને રાગની એક્તાબુદ્ધિમાં રાગરૂપી કર્મ નામ કાર્યમાં ઊલટા પુરુષાર્થથી અટકેલું, સર્વને જાણનારો એવો આત્મા, એને પોતે જાણતું-દેખતું નથી. સમજાણું કાંઈ? લેપાયું એટલે રાગમાં અટકેલું લેપાયેલું હોવાથી એવી બંધદશામાં સર્વ પ્રકારે સંપૂર્ણ એવા પોતાને. આખું સ્વરૂપ જે આમ સર્વને જાણે એવું સંપૂર્ણ દ્રવ્ય. સંપૂર્ણ ભાષા આવી છે ને એમાં? અહીં આવી છે ને, જુઓ! 'જે એક અખંડ સંપૂર્ણ દ્રવ્ય હોવાથી.' શ્રીમદ્‌નું વાક્ય છે. પહેલો ચાકળો. 'જીવ એક અખંડ સંપૂર્ણ દ્રવ્ય હોવાથી તેનું જ્ઞાન સામર્થ્ય સંપૂર્ણ છે.' સંપૂર્ણ વીતરાગ થાય તે સંપૂર્ણ સર્વજ્ઞ થાય. સંપૂર્ણ વીતરાગ થાય તે સંપૂર્ણ સર્વજ્ઞ થાય.

ભગવાન આત્મા અનાદિથી આવા સ્વભાવવાળું તત્ત્વ સર્વને સર્વ પ્રકારે સંપૂર્ણ જાણવાવાળા સ્વભાવવાળું સત્ સત્ સત્ દ્રવ્ય હોવાથી. પણ તેની પર્યાયમાં... પુણ્ય-પાપ અધિકાર છે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

ને? એટલે પુણ્યનું કર્મ જે રાગ તેને ઊલટા પુરુષાર્થથી કરતો તે બંધ અવસ્થામાં સર્વને જાણનારું એવું જે સ્વરૂપ પોતાનું એ પોતાને જાણતું નથી. બંધ અવસ્થાને જાણે છે. સમજાણું કાંઈ?

'**સર્વ જ્ઞેયોને જાણનારા એવા પોતાને નહિ જાણતું થકું, આ પ્રમાણે પ્રત્યક્ષ અજ્ઞાનભાવે (-અજ્ઞાનદશામાં) વર્તે છે;...**' લ્યો. જોયું! '**આ પ્રમાણે પ્રત્યક્ષ...**' એટલે કે બરાબર સિદ્ધ થાય એ રીતે. અજ્ઞાનભાવે અજ્ઞાનદશામાં વર્તે છે. લ્યો. અહીં તો ભાવ પાછો આવ્યો ને ચોખ્ખો, ભાઈ! ઓલું કર્મ-ફર્મ નહિ. '**આ પ્રમાણે પ્રત્યક્ષ...**' એટલે ખબર નથી પડતી કે તારી દશા સંપૂર્ણ સર્વને જાણનાર એવા આત્માને જાણતું નથી. એથી પ્રત્યક્ષ અજ્ઞાનભાવે અજ્ઞાનદશામાં વર્તે છે. એમ સિદ્ધ નથી થતું? એમ કહે છે. સમજાણું કાંઈ?

'**આ પ્રમાણે પ્રત્યક્ષ અજ્ઞાનભાવે વર્તે છે;...**' પ્રત્યક્ષ જુઓ. એને પ્રત્યક્ષ નથી ભલે. પણ અહીં કહે છે, તને સાબિત નથી થતું કે જે વસ્તુ છે એ વસ્તુનો સ્વભાવ સર્વને જાણવા-દેખવાવાળું એ તત્ત્વ. નહિતર પણ એ વસ્તુ કેમ હોય? વસ્તુ છે એ સર્વને જાણવા-દેખવાવાળો સ્વભાવવાળો પદાર્થ, એ રાગમાં અટકવાની અવસ્થામાં સર્વ જાણનાર-દેખનારને તું જાણતો નથી પ્રત્યક્ષ છે, કહે છે. એ ખબર નથી તને? સમજાણું કાંઈ? ત્રણ કાળની વાત જાણતો નથી એને ખબર છે કે નહિ? ત્રણ કાળના જાણનારને જાણતો નથી એમ કહે છે. આહાહા..!

'**સર્વ પ્રકારે સંપૂર્ણ...**' સર્વ પ્રકારે સંપૂર્ણ એમ કહ્યું હતું ને? સર્વ પ્રકારે સંપૂર્ણ. એના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ જે સંપૂર્ણ જાણવાનું સામર્થ્યવાળું પોતે સર્વ પ્રકારે સંપૂર્ણ છે પોતે. એવું '**એવા પોતાને...**' તે જ્ઞાન રાગમાં પુરુષાર્થમાં ઊલટાથી અટકતું આવા સર્વ પ્રકારે જાણનાર એવો આત્મા તેને જાણતું નથી. કહો, બરાબર છે? કહો, સમજાય છે કે નહિ આમાં? આ છોકરાઓને સમજાય છે? ભરત! સમજાય છે કે નહિ? તમારા ઓલા લોજિક છે ને? એ બધા ઊંધા, હોં! એથી આ બીજી જાતના (છે). ન્યાં તો બધું સમજવા જેવું હોય. ત્યાં પૈસા દઈ, ખર્ચી, ઉજાગરા કરી, માથાફોડ કરીને ભણે, લ્યો. હેરાન થઈને, હેરાન થઈને.

મુમુક્ષુ :- હવે એનો ઉપાય શું?

ઉત્તર :- ઉપાય, આ સમજ કહે છે. બાપુ! મૂકને હવે લપ. આહાહા..!

પોતે ભગવાન સર્વ પ્રકારે સંપૂર્ણ. એટલે બધા જ્ઞેયોને સ્પર્શ્યા વિના અને પોતાને પોતામાં સર્વ પ્રકારે જાણનારો એવો ભગવાન આત્મા, એને રાગમાં અટકેલું જ્ઞાન ઊંધા પુરુષાર્થથી તે આવા આત્માને જાણતું નથી. બંધમાં અટકેલું એવા અબંધ સ્વભાવને જાણતું નથી એમ કહે છે. સમજાણું કાંઈ?

'**તેથી એ નક્કી થયું કે કર્મ પોતે જ બંધસ્વરૂપ છે.**' એ રાગમાં અટકવું એ પોતે જ બંધસ્વરૂપ છે. બંધસ્વરૂપ જ છે. બંધસ્વરૂપ છે તે મોક્ષના માર્ગને બિલકુલ સહાય કરે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? એક કોર ધર્મસ્વરૂપ ભગવાન આત્મા ધર્મસ્વભાવ. એક કોર કર્મસ્વરૂપ રાગાદિ વિકાર. રાડ નાખી જાય ને. એ વ્યવહારરત્નત્રયને પાપ કહ્યું છે. રાડ નાખી જાય.

મુમુક્ષુ :- અભી તો હમ કર્મસ્વરૂપ હી માનતે હૈં.

ઉત્તર :- એ તો છે. એ વાત જ પહેલી એને હજી ખ્યાલમાં નથી કે આ વસ્તુ શું છે. અને તે પણ આ બધાને નથી જાણતું, બધાને જાણવાવાળો સ્વભાવવાળું તત્ત્વ. એને નથી જાણતું એ પ્રત્યક્ષ નથી તને? કહે છે. એવા આત્માને રાગમાં અટકેલી બંધ દશાવાળી દશા અબંધસ્વભાવી જે જ્ઞાન દર્શનને પરિપૂર્ણ રીતે જાણવાવાળું-સામર્થ્યવાળું તત્ત્વ, એને એ જાણતું નથી એ એનો બંધ અવસ્થાનો ભાવ. '**તેથી એ નક્કી થયું કે કર્મ પોતે જ બંધસ્વરૂપ છે.**' ભગવાન ધર્મસ્વરૂપ છે. જ્ઞાન ને દર્શન પૂર્ણ સામર્થ્ય જાણવાવાળું ધર્મસ્વરૂપ છે અને રાગનો વિકલ્પ તે બંધસ્વરૂપ છે. એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા..! જરી ઝીણું લાગે પણ છે મીઠું, હોં! વસ્તુ એવી છે, ભાઈ! ... છે આ. પુણ્ય-પાપનો અધિકાર ચાલે છે.

ભાઈ! તારો સ્વભાવ આવો એને તું જોતો નથી એનું કારણ? કે રાગમાં તારા ઊલટા પુરુષાર્થથી અટકેલા વિકલ્પમાં અટક્યો છો એ બંધ અવસ્થાને કારણે. અબંધ સ્વભાવી એટલે સર્વને જાણનાર-દેખનાર એવો મુક્તસ્વરૂપ પ્રભુ, એવા દ્રવ્યને તે જાણતું નથી. એ પ્રત્યક્ષ સિદ્ધ થાય છે કે કર્મ જ બંધસ્વરૂપ છે. રાગનો વિકલ્પ ઉઠે તે બંધસ્વરૂપ છે. સમજાણું કાંઈ?

માણસને પોતાનો સ્વભાવ આવડો છે એ સામર્થ્યવાળું એને બેસતું નથી. હું ભિખારી છું, હું રાંક છું, હું રાંક છું. ભગુ પશુ છે. લ્યો. જેતપુરમાં એક કંદોઈ હતો. એ ગુજરી ગયો બિચારો. પહેલા ગયા હતાને (સંવત) ૧૯૭૦માં, ત્યાં આવે અપાસરે દર્શન કરવા. ઘરે વાત કરે એના મા-બાપ કે બૈરા-બૈરાને વાત કરે કે, જો, ભગુ પશુ છે. ધ્યાન રાખજો, હોં! એમ કહે બિચારા મા-બાપ. ભાભી-ભાભી-ભોજાઈ બધી આવી હોય એ તો બધી કો'કની દીકરી હોય અને આ કો'કનો દીકરો. . વળી ગાંડો. ગાંડો એટલે ભોળો, હોં! મૂરખ નહિ. ગાંડાઈ ન કરે. ભોળાઈ, મૂરખ. (અપાસરે આવી કહે), મહારાજ! ભગુ પશુ છે. ઓલું ત્યાં સાંભળ્યું હોય ને. ઘરના માણસ કહેતા હોય ને. એનું નામ ભગવાન. નામ ભગવાન, હોં! કંદોઈ. કંદોઈ સમજો છો? હલવાઈ, સુખડિયા. મહારાજ! ૭૦ની વાત છે, હોં! પહેલી

૭૦ના પોષ મહિને ગયેલાને જ્યારે. મહારાજ! ભગુ પશુ છે, હોં! ઓય માળા! ભગુ પશુ કહેવાવાળું કોણ? એના ઘરના માણસો આખો દિ' એના મા-બાપ કહે ને. ભઈ, ભગુ પશુ છે, હોં! આપણે ધ્યાન રાખવું. એને કોઈ બોલે-ચાલે.. પશુ જેવો માણસ છે બિચારો. એમ આ ભગુ પશુ થઈ ગયો. ભગવાન આવો જાણનાર-દેખનાર હોવા છતાં તે ભગવાન રાગમાં એકત્વ થવાથી પોતાના ભગવાન સ્વભાવને તે જાણતો-દેખતો નથી. આહાહા..! આ ક્રિયા પણ અંદરની ઊંધી અને સ્વભાવ પણ અંદરનો સવળો ત્રિકાળ.

'**પોતે જ બંધસ્વરૂપ છે. માટે, પોતે બંધસ્વરૂપ હોવાથી કર્મને નિષેધવામાં આવ્યું છે.**' માટે વિકલ્પ છે પુણ્યનો હો કે પાપનો હો. બેય બંધસ્વરૂપ છે માટે દૃષ્ટિ જેને આત્માની કરવી છે એને નિષેધવા જેવું છે. સમજાણું કાંઈ? અરે..! ભગવાન! ક્યારે રસ્તો એને (મળે)? વ્યવહારરત્નત્રય કરીએ તો નિશ્ચય થાય. વ્યવહારત્નત્રય થાય એ પહેલો આવે અને પછી નિશ્ચય આવે. પહેલો તો જાણે પાપ આવે, પછી પવિત્રતા પ્રગટ થાય. આહાહા..! બહુ આત્માનો અપરાધ એણે પોતે પોતાનો બહુ કર્યો, હોં! આહાહા..! કોઈનો અપરાધ એ કરતું નથી અને કોઈ એને અપરાધ કરાવતું નથી. કોઈ એને અપરાધ કરાવતું નથી અને કોઈનો અપરાધ એ કરતો નથી. એ તો પોતાનો અપરાધ કરે છે. આહાહા..! આવી ચૈતન્ય પુંજી અનંત જ્ઞાનલક્ષ્મીનો સાગર ભગવાન, બધાને જાણવા-દેખવાના સંપૂર્ણ સામર્થ્યવાળો પદાર્થ છે. એને રાગમાં અટકેલું જ્ઞાન આને જાણતું-દેખતું નથી. માટે તે કર્મસ્વરૂપ રાગ બંધસ્વરૂપ છે, નિષેધવા લાયક છે. સમજાણું કાંઈ? એ આદરવા લાયક નથી એમ કહે છે. આદરવા લાયક ત્રિકાળ જાણનાર-દેખનાર ભગવાન આત્મા તેને આદરવા જેવો છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**ભાવાર્થ :- અહીં પણ 'જ્ઞાન' શબ્દથી આત્મા સમજવો.**' લ્યો! અહીં આત્મા એટલે જ્ઞાન અને જ્ઞાન એટલે આત્મા. ચૈતન્ય ચક્ષુ, ચૈતન્ય ચક્ષુ તે આત્મા. ચામડાની આંખ્યું તો માટી જડની છે. આ તો માટી છે. અંદર ચૈતન્યચક્ષુ તે આત્મા. છે ચૈતન્યનો ગુણ અથવા પર્યાય, છતાં એ જ આત્મા છે. '**જ્ઞાન અર્થાત્ આત્મદ્રવ્ય સ્વભાવથી તો...**' ભગવાન આત્મા એનો સ્વભાવ તો, '**સ્વભાવથી તો સર્વને દેખનારું તથા જાણનારું છે...**' એનો સ્વભાવ તો સર્વને જાણવા-દેખવાનો છે. '**પરંતુ અનાદિથી પોતે અપરાધી હોવાથી...**' જુઓ! અનાદિથી પોતે અપરાધી (હોવાથી). પોતાને ન જાણતું. પોતાનો શુદ્ધ સ્વરૂપ પરિપૂર્ણ ભગવાન આત્માનો સ્વભાવ, એને એ જ્ઞાન ન જાણતું, એને પોતે પોતાને ન જાણતું. '**કર્મ વડે આચ્છાદિત છે,...**' રાગના કાર્યથી તે ઢંકાઈ ગયેલું છે. શુભ રાગાદિ વિકલ્પ એના કર્તાપણે અથવા એના અસ્તિત્વને સ્વીકારતું અબંધસ્વભાવી તરફ દૃષ્ટિ નહિ

આપતું એ પોતાથી પોતાને લેપાયેલું છે. સમજાણું કાંઈ?

'**અને તેથી પોતાના સંપૂર્ણ સ્વરૂપને જાણતું નથી;...**' જોયું! પોતાના સંપૂર્ણ સ્વરૂપને જાણતું નથી. સર્વને જાણવું એ તો પોતાનું સ્વરૂપ છે. એવું પોતાનું જે સંપૂર્ણ સ્વરૂપ એ ત્રણ કાળ ત્રણ લોકને જાણે એવો જે આત્મસ્વભાવ, એને સંપૂર્ણ સ્વરૂપને તે જાણતું નથી. '**એ રીતે અજ્ઞાનદશામાં વર્તે છે. આ પ્રમાણે કેવળજ્ઞાનસ્વરૂપ અથવા મુક્તસ્વરૂપ આત્મા...**' જોયું! વિશેષ કર્યું. કેવળજ્ઞાન સ્વરૂપ-એ તો એકલો જ્ઞાનસ્વભાવ ભગવાન ચૈતન્યનો પુંજ છે. જ્ઞાનનો પુંજ, આખું જ્ઞાનનું ધોકડું છે.

ભગવાન આત્મા આમ ચૈતન્ય જ્ઞાનનો પુંજ આખો છે. એવો આત્મા '**કેવળજ્ઞાનસ્વરૂપ અથવા મુક્તસ્વરૂપ...**' જોયું! અબંધસ્વરૂપ કહેવું છે ને અહીં. '**મુક્તસ્વરૂપ આત્મા કર્મ વડે લિપ્ત હોવાથી...**' રાગના વિકલ્પમાં પોતાપણે અટકીને લેપાયેલો હોવાથી '**અજ્ઞાનરૂપ અથવા બદ્ધરૂપ વર્તે છે,...**' જુઓ! છે? '**અજ્ઞાનરૂપ અથવા બદ્ધરૂપ વર્તે છે,...**' એ રાગનો વિકલ્પ જે છે એ અપરાધથી ઉત્પન્ન કરી, વસ્તુના સ્વભાવની દૃષ્ટિ છોડી અને રાગના વિકલ્પને પોતાનું કાર્ય, કર્તવ્ય અસ્તિત્વ સ્વીકારી અજ્ઞાનરૂપ અથવા બદ્ધરૂપ પ્રવર્તે છે. રાગમાં અટકેલું બંધરૂપ જ્ઞાન પ્રવર્તે છે. સમજાણું કાંઈ?

'**માટે એ નક્કી થયું કે કર્મ પોતે જ બંધસ્વરૂપ છે.**' લ્યો! એ વિકલ્પ પોતે જ અજ્ઞાનસ્વરૂપ અને બંધસ્વરૂપ છે. આત્મા જ્ઞાનસ્વરૂપ અને સંપૂર્ણ સ્વરૂપ છે. ભગવાન આત્મા જ્ઞાન સંપૂર્ણ સ્વરૂપ જાણનાર-દેખનાર સ્વરૂપ એ. રાગ અજ્ઞાનરૂપ બંધરૂપ, અજ્ઞાનરૂપ એકલું કર્મરૂપ છે. ધર્મ સ્વભાવથી વિરુદ્ધ કર્મરૂપ છે. '**પોતે જ બંધસ્વરૂપ છે. તેથી કર્મનો નિષેધ કરવામાં આવ્યો છે.**' માટે તે વિકલ્પ શુભ હો કે અશુભ હો આદરવા જેવો નથી. આહાહા..!

વ્યવહારરત્નત્રય જેને મોક્ષનું, વ્યવહારરત્નત્રય મોક્ષનું કારણ કહે પાછા. બેયથી મોક્ષ થાય. પુરુષાર્થસિદ્ધિ ઉપાયમાં આવશે. ત્યાં એમાં છે દાખલો. જુઓ! આમાં નિશ્ચય અને વ્યવહારરત્નત્રય બેયથી મોક્ષથી થાય કહ્યું છે, બે કારણથી એક કાર્ય થાય. ભઈ! હવે એક કારણ આરોપિત હતું, એક યથાર્થ હતું એમ કરીને કથન કર્યું છે. સાંભળને! શું થાય? એના પોતાના અપરાધની દશા પોતે કરી છે, એ રાગ છે એ એને સૂઝતું નથી. એ પ્રશસ્ત રાગ (કર્યો) તો કાંઈક મેં સારું કર્યું એમ ભાસે છે એને. સમજાણું? દુકાને બેસતો હોય, તોળતો હોય ત્યાં. માલ વેચતો હોય ત્યાં બેઠો હોય અને એક કોર દેરાસર બેઠો હોય અને અપાસરે બેઠો હોય. નિવૃત્તિ લાગે. કાંઈ પાપ કરે છે? પણ એ નિવૃત્તિ છે જ નહિ. સાંભળને!

અંદરમાં જે આમ વિકલ્પ ઉઠે છે કે હું આ કરું... આ કરું.. આ કરું... આ હું નિવૃત્તિ

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


લઉં એ બધો વિકલ્પ તે વિકાર કર્મ છે. અને ધર્મ એટલે સ્વભાવવાન આત્મા એ તો ત્રિકાળ જાણનાર-દેખનાર સ્વભાવવાન આત્મા છે. એવા ભગવાન આત્માને આ રાગની એક્તાબુદ્ધિમાં અટકતું જ્ઞાન આવા સ્વભાવને જાણવા-દેખવા દેતું નથી. માટે તે રાગ પુણ્યના પરિણામને નિષેધવામાં આવ્યા છે. કાંતિભાઈ!

૧૬૦ ગાથા. બહુ ઊંચી છે હોં આ! શેઠ પહેલા આવ્યા હતા ને તે દિ' આ વંચાણી હતી. (સંવત) ૨૦૦૧ની સાલ. હુકમીચંદ શેઠ. ત્યારે ઓલા સાથે હતા ઈંદોરવાળા. ૨૦૦૧ની સાલ. બાવીસ વર્ષ થયા. ૨૦૦૧. વૈશાખ વદ પાંચમ. પછી વંચાણી છઠે. આમાં ઓલા જીવંધર કહે, જુઓ! અપરાધ આત્માનો કર્યો છે? પોતાનો અપરાધ કર્યો? કર્મને લઈને અપરાધ, કર્મને લઈને અપરાધ. આત્મા અનાદિથી રખડે છે એ નુકસાન કરાવનાર કર્મ. પોતે તો ધોયેલ મૂળા જેવો. પોતાને તો કાંઈ અપરાધ માથે નથી. આહાહા..!

અરે..! અપરાધમાં પણ સ્વતંત્રપણે તું કરે છો એટલી તને ખબર ન હોય, એને આત્માનો એ જ્ઞાન-દર્શન આદિ પૂર્ણ સ્વભાવ, સ્વતંત્રપણે પરની અપેક્ષા વિના જાણવા-દેખવાનો સ્વભાવ એ એને પ્રતીત કેમ આવે? સમજાણું કાંઈ? આવડું ચૈતન્ય રતન ચૌદ બ્રહ્માંડ લોકમાં વચમાં પડ્યું પણ ત્રણ કાળ ત્રણ લોકને જાણનારું પરને અડ્યા વિના એવો એનો સ્વભાવ (છે), એને આ રાગના અપરાધથી અટક્યું છે એમ પોતે ન જાણે તો રાગના અપરાધને ટાળી અને સ્વભાવ ઉપર દૃષ્ટિ કરવાનો એને તો અવકાશ રહે નહિ. માટે આચાર્ય કહે છે કે તારા રાગના બંધસ્વરૂપથી તું અબંધ સ્વભાવને જોઈ શકતો નથી. તારો અપરાધ છે, કોઈનો અપરાધ નથી. માટે બંધ છે રાગ એ છોડવા લાયક છે. અબંધ સ્વભાવ એવો ભગવાન આત્મા તે આદરણીય દૃષ્ટિમાં કરવા લાયક છે. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**જેઠ સુદ ૭, બુધવાર તા. ૧૪-૦૬-૧૯૬૭**
**ગાથા-૧૬૧ થી ૧૬૩, શ્લોક-૧૦૯, પ્રવચન-૨૪૬**

પુણ્ય-પાપ અધિકાર. ૧૬૧થી ૧૬૩. ત્રણ ગાથા છે. ૧૬૧, ૧૬૨ અને ૧૬૩. શું કહે છે? જુઓ! ઉપરનું મથાળું. '**હવે, કર્મ મોક્ષના કારણના તિરોધાયિભાવસ્વરૂપ (અર્થાત્ મિથ્યાત્વાદિભાવસ્વરૂપ) છે એમ બતાવે છે :-**

**सम्मत्तपडिणिबद्धं मिच्छत्तं जिणवरेहि परिकहियं।**
**तस्सोदयेण जीवो मिच्छादिट्ठि त्ति णादव्वो।।१६१।।**
**णाणस्स पडिणिबद्ध अण्णाणं जिणवरेहि परिकहियं।**
**तस्सोदयेण जीवो अण्णाणी होदि णादव्वो।।१६२।।**
**चारित्तपडिणिबद्धं कसायं जिणवरेहि परिकहियं।**
**तस्सोदयेण जीवो अचरित्तो होदि णादव्वो।।१६३।।**

નીચે હરિગીત.

**સમ્યક્ત્વપ્રતિબંધક કરમ મિથ્યાત્વ જિનદેવે કહ્યું,**
**એના ઉદયથી જીવ મિથ્યાત્વી બને એમ જાણવું. ૧૬૧.**
**એમ જ્ઞાનપ્રતિબંધક કરમ અજ્ઞાન જિનદેવે કહ્યું,**
**એના ઉદયથી જીવ અજ્ઞાની બને એમ જાણવું. ૧૬૨.**
**ચારિત્રને પ્રતિબંધ કર્મ કષાય જિનદેવે કહ્યું,**
**એના ઉદયથી જીવ બને ચારિત્રહીન એમ જાણવું. ૧૬૩.**

એની ટીકા છે એ. છે? નટુભાઈ! શું છે? વાંચો જોઈ.

મુમુક્ષુ :- સમ્યક્ત્વ કે જે મોક્ષના કારણરૂપ સ્વભાવ છે...

ઉત્તર :- બસ. બરાબર છે એ.

'**ટીકા :- સમ્યક્ત્વ...**' શું કહે છે? '**કે જે મોક્ષના કારણરૂપ સ્વભાવ છે...**' સમ્યક્ત્વ એટલે શું? કે આત્મા શુદ્ધ આનંદ અને જ્ઞાનની મૂર્તિ શુદ્ધ છે એવો એનો પરિપૂર્ણ પવિત્ર સ્વભાવ ત્રિકાળ છે. એની અંતરમાં સ્વસન્મુખ થઈને જ્ઞાનના ભાનમાં શ્રદ્ધા કરવી એને સમકિત કહે છે. સમજાય છે? આત્મા... આ દેહાદિ તો જડ છે.

મુમુક્ષુ :- ક્યારે?

ઉત્તર :- અત્યારે. ક્યારે શું? માટી છે અત્યારે. શું છે આ? આ ક્યાં આત્મા હતો?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

પ્રવિણભાઈ!

આ શરીર જડ છે, વાણી જડ છે, કર્મ જડ છે, આ પુણ્ય અને પાપના ભાવ થાય તે વિકારી મેલ છે. એ વિનાનું રહેલું તત્ત્વ એ જ્ઞાનસૂર્ય ચૈતન્યસૂર્ય શુદ્ધ આનંદ અને પૂર્ણ પવિત્રતાનું એ ધામ આત્મા છે. એના એવા સ્વભાવને શુદ્ધ સ્વભાવને દૃષ્ટિમાં લઈને અંતર્મુખ થઈને શ્રદ્ધા કરવી એનું નામ સમ્યગ્દર્શન છે કે જે આત્માને સુખરૂપ મોક્ષ એનું કારણ છે. સમજાણું કાંઈ?

'**સમ્યક્ત્વ કે જે મોક્ષના કારણરૂપ સ્વભાવ છે તેને રોકનારું મિથ્યાત્વ છે;...**' એટલે શું? કે મિથ્યાત્વ તો પોતે કર્મ છે. વિકાર છે ને ભાવ? એ કર્મ ને ભાવ બધું એક છે. '**તેના ઉદયથી જ જ્ઞાનને મિથ્યાદૃષ્ટિપણું થાય છે.**' એટલે શું કહે છે? કે આત્મા પોતાના શુદ્ધ સ્વભાવને ભૂલીને, જ્યારે કર્મના સંગમાં વિપરીત માન્યતા કરે છે કે આ વિકાર, પુણ્ય દયા, દાન વ્રતાદિના ભાવ છે ને? એ પુણ્ય છે એ મને લાભદાયક છે એવો જે મિથ્યાત્વભાવ... કહો, પોપટભાઈ! સમજાણું કાંઈ? વસ્તુ છે સચ્ચિદાનંદ સિદ્ધ સ્વરૂપ આત્મા, એની જે અંતર શ્રદ્ધા જે સુખનું કારણ, સુખ એટલે પૂર્ણ આનંદ એવું મુક્તિ એનું કારણ, એવા સમ્યગ્દર્શનને વિપરીત કરનારું એટલે કે સમ્યગ્દર્શનથી વિપરીતભાવ. પુણ્ય, પાપ, દયા, દાન, વ્રત, ભક્તિના જે ભાવ એ મને લાભદાયક છે, એ મારા છે, એવો જે મિથ્યાત્વભાવ. તે સમ્યગ્દર્શનથી વિરૂદ્ધ ભાવ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કહીએ છીએને, હળવે હળવે ચાલે છે ને આ તો. કહો, કનુભાઈ! સમજાય છે આમાં?

વસ્તુ જે છે આત્મા એટલે કે ચૈતન્યસ્વરૂપ એવું જે આત્મસ્વરૂપ એમાં ચૈતન્યની અંદરમાં અનંત શાંતિ, ગુણ આદિ બધા આવી જાય છે. એવા સ્વભાવને શ્રદ્ધામાં સ્વભાવ સન્મુખ થઈને પ્રતીતમાં, ભાનમાં શ્રદ્ધા કરવી એ આત્માને મોક્ષના સુખના કારણરૂપ ઉપાય છે. એને... અહીં પુણ્ય-પાપનો અધિકાર છે. જે ભાવ પુણ્ય અને પાપ એમાં અહીં મુખ્ય તો પુણ્ય છે. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એવો જે ભાવ થાય ને અંદર? એ ભાવ મને લાભદાયક છે, એવો જે મિથ્યાત્વભાવ. એ મિથ્યાત્વભાવ સમ્યક્ ભાવથી વિરૂદ્ધ ભાવ છે. સમજાણું કાંઈ? કહો, ભગવાનભાઈ! શું આ બધું ત્યારે અત્યાર સુધી આ કર્યું. આ પોષા ને પડિક્કમણા. ઊંધું.

અહીં પરમેશ્વર ત્રિલોકનાથ સર્વજ્ઞદેવ એણે કહેલું સંતો કહે છે અને એ રીતે સ્વરૂપ છે. ભાઈ! પુણ્ય એ કર્મ છે. આત્માનો ધર્મ નથી એ. સમજાણું કાંઈ? પુણ્ય એ કર્મ છે અને

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એ કર્મ પવિત્ર સ્વરૂપ એવો આત્મસ્વભાવ, એની જે શ્રદ્ધારૂપી ભાવ, એનાથી તે 'પુણ્ય પરિણામ મારા' એવો મિથ્યાત્વભાવ આનાથી વિપરીત છે. કહો, કાંતિભાઈ! વકીલ છે. ઓળખો છો ને? વીરજીભાઈના દિકરા નહિ? કાંતિભાઈ, જામનગર.

મુમુક્ષુ :- વકીલ હોય તો બધા સમજી જતા હશે?

ઉત્તર :- ના ના. વકીલ શું બધા સમજતા હશે? સમજે તો બધા સમજે. કાંઈ ફલાણા છે માટે સમજે. અહીં તો વકીલ એટલે ભણેલા હોય માટે સમજે? એમ એ કહે છે.

અહીં તો કહે છે, વાત જ હજી સમજવાની ખ્યાલમાં આવતી નથી. એણે અનંત કાળથી સત્ય શું છે એણે વિચાર્યું પણ નથી. એમ ને એમ આંધળી દોડે અનાદિથી ચાલ્યો જાય છે. અહીં તો કહે છે કે ભાઈ! સાંભળ તો ખરો. પુણ્યના ભાવ જે છે એ કર્મ છે. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો ભાવ એ કર્મ છે. કર્મ નામ વિકારી પરિણામ છે અને આત્માનો સ્વભાવ શુદ્ધ ત્રિકાળ છે એની જે શ્રદ્ધા સ્વભાવ એવો ધર્મભાવ, એનાથી આ પુણ્ય પરિણામ મારા એવો મિથ્યાત્વભાવ એ ભાવથી વિપરીત ભાવ છે. સમજાણું કાંઈ? છે ને, જુઓ!

'**સમ્યક્ત્વ કે જે મોક્ષના...**' મોક્ષ એટલે પૂર્ણ આનંદ. પૂર્ણ આનંદદશા એનું નામ મોક્ષ. એ સમકિત જે છે એ '**કે જે મોક્ષના કારણરૂપ...**' મોક્ષના ઉપાયરૂપ, મોક્ષના કારણરૂપ '**સ્વભાવ છે...**' સમકિત તો આત્માના પૂર્ણ આનંદના કારણરૂપ સમ્યગ્દર્શન એ સ્વભાવ છે અને આ પુણ્યના પરિણામ જે દયા, દાન, વ્રત, ભક્તિ આદિ એ પુણ્ય પરિણામ એ મારા, એવો જે મિથ્યાત્વભાવ એ સમકિતભાવથી વિરૂદ્ધ ભાવ છે. સમજાણું કાંઈ? શરીર, વાણી બાહ્ય આ તો ક્યાંય રહી ગયું. ધૂળ આ તો બહાર છે. એ ક્યાં અંદરમાં છે?

મુમુક્ષુ :- .. દેખાય છે.

ઉત્તર :- શું દેખાય છે? દેખનારો શું દેખે છે? દેખનારો દેખે છે જ્ઞાનને. એમ દેખે. આ શરીર છે એમ કહે છે. એમ કહે હું શરીર છું? હું શરીરને જાણું છું, હું રાગને જાણું છું, આને જાણું છું એમ કહે છે. તો હું જાણું છું તો જાણનારો હું આત્મા એમ નથી કહેતો. હજી ક્યાં બિચારા એક તો જાણે સંસારમાં રળવા આડે નવરો થાતો નથી. નટુભાઈ! ભેગું કરવા આડે. ધૂળ. એમાં કરતા કાંઈક થયું તો પણ પાછો દયા, દાન ને પાછો ત્યાગી થાય હાલો ભાઈ કાંઈક કરીએ. તો એમાંથી કાંઈક રાગની મંદતાનો ભાવ થયો, દયા, દાન, ભક્તિ, પૂજા, વ્રત એને માન્યો ધર્મ. આહાહા..!

એ અહીં કહે છે કે ભાઈ! જેને તું ધર્મ માને છો એ આત્માના મોક્ષના કારણરૂપ સમ્યક્ સ્વભાવ એનાથી વિરૂદ્ધ ભાવ છે. સમજાણું કાંઈ? ભારે વાતું આવી. '**તેને રોકનારું મિથ્યાત્વ છે; તે તો પોતે કર્મ જ છે,...**' રાગ, પુણ્ય, દયા, દાન, વ્રત, ભક્તિ એ કર્મ છે,

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

વિકાર છે. અને એ વિકાર છે તે કર્મ છે અને ધર્મ એવો જે સમ્યગ્દર્શન સ્વભાવ એનાથી વિરૂદ્ધ ભાવ છે. પહેલી ત્રણ ગાથામાં એમ કહ્યું હતું કે સમ્યગ્દર્શન એવો જે મોક્ષસ્વભાવ તેનું ઘાતક છે એમ કહ્યું હતું. આ એનાથી વિરૂદ્ધ ભાવ છે એટલું કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

દેહ, વાણી તો વિરૂદ્ધ અજીવતત્ત્વ, જીવથી વિરૂદ્ધ અજીવતત્ત્વ છે. એ એક કોર રાખો. શરીર, વાણી આ તો અજીવતત્ત્વ, માટી પુદ્‌ગલ તત્ત્વ છે. પણ અહીંયાં તો ભગવાન આત્મા જે આખો વીતરાગ સમરસી પ્રભુ આત્મા છે. એની જે શ્રદ્ધા, સમ્યગ્દર્શનરૂપી શ્રદ્ધાનો સ્વભાવ, છે પર્યાય એ, એ મોક્ષનું કારણ છે. એનાથી પુણ્ય પરિણામ એ મારા ત્યાં રુચિ પડી છે એવો જે મિથ્યાત્વભાવ, એ આ સમ્યક્ ધર્મથી વિરૂદ્ધ ભાવ છે. સમજાણું કાંઈ? માટે તે છોડવા જેવું છે. સરવાળો તો એમ લેવો છે ને પાછો? '**નિષેધવામાં આવ્યું છે.**'

ભગવાન આત્મા એકલો ધર્મસ્વરૂપ છે. ધર્મ એટલે સ્વભાવસ્વરૂપ છે. શુદ્ધ ચૈતન્ય સ્વભાવ, સ્વ પોતાનો ભાવ આનંદ, જ્ઞાનાદિ. એની શ્રદ્ધા એ પણ સમ્યગ્દર્શનરૂપી સ્વભાવ. જેવો ત્રિકાળી સ્વભાવ છે એનો જ અંશ પ્રગટ્યો છે આ. શુદ્ધ ચૈતન્યમૂર્તિ ભગવાન પૂર્ણ આનંદનું કારણ એવો જે સમ્યક્ સ્વભાવ, સમ્યગ્દર્શન સ્વભાવ એ તો મોક્ષના કારણરૂપ ભાવ છે. અને પુણ્ય પરિણામ મારા એની રુચિમાં રહેવું એવો જે મિથ્યાત્વભાવ એ મોક્ષના કારણરૂપ સમ્યક્ સ્વભાવ એનાથી વિપરીતભાવ છે. માટે તે છોડવા જેવું છે.

'**તેના ઉદયથી જ જ્ઞાનને મિથ્યાદષ્ટિપણું થાય છે.**' વિપરીત માન્યતા ઊભી કરે છે. સમજાણું કાંઈ? એક કોર ભગવાન આત્મા અને એક કોર કર્મ એટલે વિકારભાવ. એની દશામાં થતો વિકારભાવ એ કર્મ છે. એટલે કે એની રુચિ કરવી કે મને હિતકર છે એ મિથ્યાત્વભાવ છે. એને આત્માની રુચિ કરવી શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ છે એની શ્રદ્ધા કરવી એ સમ્યક્ સ્વભાવરૂપી મોક્ષના કારણની પર્યાય છે. એવી સમ્યગ્દર્શનરૂપી પર્યાય જે મોક્ષના કારણરૂપ સ્વભાવ છે, એનાથી પુણ્યનો ભાવ જે મિથ્યાત્વભાવ તે મારા એમ માનેલી માન્યતા, એ પુણ્ય ઉપર રુચિ અને તેની ઉપર દષ્ટિ છે કે આ મને ઠીક છે અથવા પોતાનું અસ્તિત્વ ત્રિકાળી જ્ઞાયક છે એમ જાણવામાં આવ્યું નહિ, તેથી જે શુભભાવ એ મારું અસ્તિત્વ અને એ મારું કાર્ય છે, એમાં અટકેલી જે દષ્ટિ એ મિથ્યાત્વભાવ છે. એ મિથ્યાત્વભાવ સમ્યગ્દર્શનથી વિપરીતભાવ છે. કહો, સમજાય છે કાંઈ આમાં? વાતું ભારે ધર્મની તે આવી.

ઓલું તો કહે કે ભાઈ! એક ક્ષેત્રુંજયની જાત્રા કરી આવો ૯૯ જાવ. એય..! નટુભાઈ! ત્યાં એની જોડી રહે છે ત્યાં. ઓલા મોદી ત્યાં રહે છે ને? ત્યાં ને ત્યાં માથે ચડી આવે એકાદ બે એટલે થઈ જાય મુક્તો. ધૂળમાંય નથી.

મુમુક્ષુ :- .. દર્શન કરે તો પણ બેડો પાર થઈ જાય.

ઉત્તર :- થયા. ધૂળમાંય નથી ત્યાં. એના ઉપર લક્ષ જાય તો શુભભાવ થાય. ભગવાન અહીં મોક્ષ ગયા હતા. આમ હતું, આમ હતું. શુભ વિકલ્પ છે, રાગ છે. એ રાગ એ મને હિતકર છે એવો જે મિથ્યાત્વભાવ એ સમ્યગ્દર્શનની પર્યાયના સ્વભાવથી વિપરીત ભાવ છે. આહાહા..! કાંતિભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. તારા શુદ્ધઉપયોગની હિંસા થાય. સવારમાં આવ્યું હતું. બે દિ'થી અહીં નથી વ્યાખ્યાનમાં અને કહે અડધી ફીએ જાવ છું. કીધું, અંદરથી વિચાર તો આવે ને કે કે આ તે કેવી નોકરી? એક તો ત્રણસોના પોણા દોઢસો કર્યા પોણા બસ્સો. ભાઈ અમારે ત્રણસોની નોકરી નથી જોઈતી. હવે એમાં પોણા બસ્સોમાં વ્યાખ્યાન એક જાય સવારમાં. એમાં પાછું અગિયાર વાગ્યા સુધી હોય તો નવ પછી જાય. અને આ તો થોડા સુધી હોય તો રજા દે એટલે એમાં જાવું પડે છે એને. એમ વિચાર તો કર્યો હતો ભેગો, હોં! કોણ જાણે કીધું કે આ હિંમતભાઈ જેવાને આવી નોકરી! એય..! છોટાભાઈ! વિચાર તો આવે ને ભાઈ આમ. બીજે જાય તો છોકરા નીકળે ને. કીધું, આ વહેલા જાય એટલે એને વહેલામાં હાજર રહેવું જોઈએ. ઓલું ચાલતું હોય ને આઠ થી તે અગિયાર સુધી. તો તો નવથી જઈને એનું પૂરું કરી આવે. અરેરે..! ક્યાં વખત? આ પુરુષાર્થસિદ્ધિ ઉપાયની નવી વાત ચાલે છે. પહેલું ચાલે છે વ્યાખ્યાનમાં. સમજાણું કાંઈ?

અહીં તો કહે છે, પ્રભુ તીર્થંકરદેવ ત્રિલોકનાથ પરમેશ્વર, ભાઈ! તું એક આત્મા છો અને એ આત્મા છે એ પવિત્ર અનંત શક્તિ અને ગુણનું ધામ છે. એ વસ્તુ પોતે છે એ રજકણથી જુદી, રાગથી જુદી, દયા, દાન, ભક્તિના રાગ એનાથી જુદી ચીજ છે એ. એવા સ્વભાવનું અંતર શ્રદ્ધા-જ્ઞાન કરવું, શ્રદ્ધા કરવી એ શ્રદ્ધા એ મોક્ષના કારણનો પર્યાય છે, કારણ છે. એના કારણથી (જુદી ચીજ) પુણ્ય પરિણામ મને હિતકર છે, મને લાભદાયક છે, એ વ્યવહાર છે. વ્યવહારને હિતકર માનવો એ મિથ્યાત્વભાવ છે. આ તો ઓલું વ્યવહારથી આવ્યું ને?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ગડબડી રહી ગઈ એના ઘરે. એ બધું ગયું. જડની ક્રિયા, રાગભાવ અને કર્મ એ ત્રણે બધું એક. એક કોર ભગવાન આત્મા, એક કોર રામ અને એક કોર ગામ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ બધો ભાવ અને કર્મ બધું એકમાં ગયું. એના સંબંધમાં થયેલો ભાવ તે એમાં ગયું. કહો, ભગવાન આત્મામાં એ નથી.

કહે છે કે એ '**સમ્યક્ત્વ કે જે મોક્ષના કારણરૂપ સ્વભાવ છે...**' આ કાંઈ કાયદા ઓલા સાધારણ નથી કે વાંચી જાય ઝટ દઈને. નટુભાઈ! તમારી મેળે વાંચો તો કાંઈ મોં-માથું હાથ આવે એવું નથી ત્યાં. વકીલાતના... કનુભાઈ! '**તેને રોકનારું મિથ્યાત્વ છે;...**' મિથ્યા નામ વિપરીત માન્યતા છે. જે સમ્યગ્દર્શન છે એ અવિપરીત દૃષ્ટિ સાચી છે. મોક્ષના કારણરૂપ આત્માના પૂર્ણ સ્વભાવની શ્રદ્ધારૂપ સત્ય ભાવ, એ સત્ય ભાવ મોક્ષના કારણરૂપ છે ત્યારે એનાથી વિપરીત પુણ્યના પરિણામ, એના પ્રત્યેની પ્રીતિનો ભાવ એવો જે મિથ્યાત્વભાવ એ સમ્યક્ભાવથી વિરૂદ્ધ ભાવ છે. માટે તે પુણ્યના પ્રેમની રુચિનો મિથ્યાત્વભાવ લક્ષમાંથી છોડવા જેવો છે, એમ કહે છે. અને શુદ્ધ ચૈતન્ય સ્વભાવનું લક્ષ અને દૃષ્ટિ કરવા જેવી છે. કહો, જગજીવનભાઈ! આવું ક્યાંથી કાઢ્યું? આ પરમસત્ય જ આ છે, સાંભળને! હવે કોઈ દિ' સાંભળ્યું નથી અને કોઈ દિ' સમજ્યો નથી એટલે એને કાંઈ નવું કહેવાય? અનાદિની વાત સર્વજ્ઞો પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરો અનાદિથી કહેતા આવે છે. સમજાણું કાંઈ?

'**ઉદયથી જ જ્ઞાનને મિથ્યાદૃષ્ટિપણું થાય છે.**' જ્ઞાનને હવે એમ લેવું છે આપણે. પોતે કર્મ છે, રાગ વિકલ્પ જે કર્મ છે તેના ઉદયથી એટલે પ્રગટવાથી એટલે જ્ઞાનસ્વરૂપ ન પ્રગટતાં જ્ઞાનને મિથ્યાદૃષ્ટિપણું થાય છે. જ્ઞાનની દશામાં સમ્યક્પણું ન થતાં મિથ્યાદૃષ્ટિપણું થાય છે. એક વાત થઈ. બીજી વાત. '**જ્ઞાન કે જે મોક્ષના કારણરૂપ સ્વભાવ છે...**' એ શબ્દ તો એટલો ને એટલો એનો એ છે. ઓલું સમકિત અને આ જ્ઞાન. '**તેને રોકનારું અજ્ઞાન છે;...**' એ રાગ પુણ્ય દયા-દાન એના ઉપર ગયેલું જ્ઞાન એ અજ્ઞાન છે. કારણ કે રાગને જાણનારું જ્ઞાન અને એ હું છું, એવું જે માનેલું જ્ઞાન તે અજ્ઞાન છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- જ્ઞાન આત્માનું અંદરનું છે. એને ઠેકાણે રાગને જાણેલું જ્ઞાન એટલો હું છું, એ હું છું એ અજ્ઞાન છે. એ અજ્ઞાન, આત્માનો જ્ઞાનસ્વભાવ જે મોક્ષનું કારણ છે તેને તે અજ્ઞાન વિપરીતભાવ અજ્ઞાન છે. જ્ઞાન સમ્યગ્દર્શનની પર્યાય જ્ઞાનસ્વભાવ છે. એનાથી આ પર્યાય મિથ્યાપર્યાય એટલે જ્ઞાન વિપરીત છે. વિપરીત છે માટે તે છોડવા જેવું છે. આહાહા..! શું કહ્યું સમજાણું?

'**જ્ઞાન કે જે મોક્ષના કારણરૂપ સ્વભાવ છે...**' એ પર્યાયની વાત છે પહેલી '**તેને રોકનારું અજ્ઞાન છે;...**' અજ્ઞાન એટલે શું? '**તે તો પોતે કર્મ જ છે,...**' એમ. અજ્ઞાન એટલે ઓલો રાગભાવ છે એને જાણતું જ્ઞાન એ અજ્ઞાન છે. આત્માને જાણતું જે જ્ઞાન તે મોક્ષના કારણરૂપ છે. સમજાણું કાંઈ? આત્મા ચૈતન્ય જ્ઞાયકમૂર્તિ એને જાણતું જ્ઞાન એ

મોક્ષના કારણરૂપ છે. અને જે જ્ઞાનની દશા રાગ વિકલ્પ છે તેમાં ચોંટીને એકાગ્ર થયું છે એ અજ્ઞાન કર્મ છે-અજ્ઞાનરૂપી કાર્ય છે. એ સમ્યગ્જ્ઞાનરૂપી દશાથી વિપરીત ભાવરૂપ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સમ્યગ્જ્ઞાનથી વિપરીતભાવરૂપ. વિપરીતભાવ અહીં સિદ્ધ કરવો છે. ઘાતક છે એ ત્રણ ગાથામાં કહ્યું છે. સમ્યગ્જ્ઞાન એવો જે આત્માનો સ્વભાવ, એનું જે જ્ઞાન, એનાથી (વિપરીત) મિથ્યાજ્ઞાન તે ઓલા જ્ઞાનને ઉત્પન્ન થવા દેતું નથી. તેથી ત્રણ ગાથામાં એને ઘાતક કહ્યું હતું. બીજામાં એમ કહ્યું હતું કે રાગ અને વિકલ્પનો જે શ્રદ્ધા જ્ઞાનાદિ ભાવ એ બંધસ્વરૂપ છે. ભગવાન આત્મા અબંધસ્વરૂપ, મોક્ષસ્વરૂપ છે. સર્વને જાણવા-દેખવાના સ્વભાવવાળું મોક્ષસ્વરૂપ છે. એવો ભગવાન આત્મા એને આ રાગ તે બંધસ્વરૂપ છે અને આ મોક્ષસ્વરૂપ છે. માટે બંધસ્વરૂપ તે નિષેધવા લાયક છે. ત્રીજા બોલમાં એમ કહ્યું કે ભગવાન આત્મા પોતાનું જે જ્ઞાન કરે, અંતરનું જ્ઞાન, સ્વભાવનું જ્ઞાન જે જ્ઞાન મોક્ષનું કારણ છે એવી જે જ્ઞાનની પર્યાય-દશા એનાથી રાગનું જ્ઞાન જે અજ્ઞાન કાર્ય છે, એ આ જ્ઞાનની પર્યાયથી વિરૂદ્ધ ભાવ છે. કહો, સમજાય છે કાંઈ? ભઈ, સંસારના ડહાપણ તો ઘણાં કર્યા. પોપટભાઈ!

મુમુક્ષુ :- ડહાપણ કે દિ' હતું?

ઉત્તર :- એ ડહાપણ કે દિ'? મૂર્ખાઈ હતી. એય..! કનુભાઈ! મૂર્ખાઈ છે કહે છે આ, લ્યો. ડહાપણ નથી? લ્યો, એમના દીકરાની મુર્ખાઈ કહે છે. એને દસ હજારનો પગાર મળે છે મહિને. એય..! નટુભાઈ!

મુમુક્ષુ :- પગારના પ્રમાણમાં મૂર્ખાઈ કે નહિ?

ઉત્તર :- પણ એ જ્ઞાન જ ખોટું છે એમ કહે છે. અજ્ઞાન છે. હમણાં આવવાના છે જુલાઈમાં અમેરિકાથી. મોઢું ફાટી જાય. દસ હજારનો પગાર માસિક! ઓહોહો..! મોઢું ભરાઈ જાતું હશે કે ફાટી જાતું હશે. ધૂળમાંય નથી, લાખ ને પાંચ-દસ લાખ હોય તો પણ ધૂળ છે પણ એની સાથે આત્માને શું છે? અને આત્માને શું મળ્યું?

અહીં તો કહે છે કે રાગની મંદતાના દયા, દાન, વ્રત, પૂજાના ભાવ થાય એ મને લાભદાયક છે એવો જે મિથ્યાત્વભાવ, એ સમ્યગ્જ્ઞાનથી વિપરીત ભાવ છે. આ તો ક્યાંય રહી ગયું બહારનું. સમજાણું કાંઈ? આહાહા..! નવ પૂર્વ અને અગિયાર અંગનું જ્ઞાન એ રાગને જાણતું, પરપદાર્થને જાણતું ત્યાં રોકાયેલું જ્ઞાન, એવું જે અજ્ઞાનરૂપી કાર્ય એ સમ્યગ્જ્ઞાનરૂપી દશાથી વિપરીત ભાવ છે. આહાહા..! આવા માર્ગ સિવાય, વીતરાગ સિવાય આ વાત ક્યાંય હોઈ શકે નહિ. આહાહા..! જેને સર્વજ્ઞપણું પ્રગટ્યું છે અને એવો સર્વજ્ઞ સ્વભાવ આત્માનો

છે એમ જ્યાં પ્રત્યક્ષ અંતરમાં અનુભવ્યું અને જાણ્યું છે, એના વિના આ વાત આવી ક્યાંય હોઈ શકે નહિ. સમજાણું કાંઈ?

અહીં તો કહે છે કે, ભગવાન! તારો આત્મા જે શુદ્ધ જ્ઞાનની મૂર્તિ, એનું જે જ્ઞાન, એનું જ્ઞાન એ તો મોક્ષના કારણરૂપ જ્ઞાન છે. અવસ્થા. એનાથી જેટલું નવ પૂર્વ અને અગિયાર અંગનું જ્ઞાન એ તો રાગનું અને પરનું જ્ઞાન છે. એ સ્વનું નહિ. એ રાગમાં અટકેલું જ્ઞાન કાર્ય તે આત્માના જ્ઞાન દશાથી વિપરીત દશા છે. આહાહા..! માટે તે પરના જાણવામાં રોકાતું જ્ઞાન તે દૃષ્ટિ છોડવા જેવી છે. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ઘરમાંથી બહાર નીકળવું નહિ.

ઉત્તર :- એ બહાર નીકળ્યો પણ ચોંટ્યો રાગમાં પાછો. એમ કહે છે.

પોતામાં રહીને રાગ અને પરને જાણે તો એને અડ્યા વિના જાણે છે. અહીં તો રાગના વિકલ્પમાં એકત્વ થઈ પુણ્ય પરિણામ મારા હિતકર એવું કાર્ય એવો જે અજ્ઞાનભાવ, એ સમ્યગ્જ્ઞાન જે આત્માના સ્વભાવની પર્યાય, એનાથી વિપરીતભાવ છે. માટે પુણ્ય પરિણામનું જ્ઞાન અને એ અજ્ઞાન તે છોડવા જેવું છે. આહાહા..! સમજાણું કાંઈ? કહો, હરિભાઈ! સમજાય છે કે નહિ? ક્યાં ગયા તમારા નહિ? અત્યારે નથી આવતા, નહિ? હિંમતભાઈ. બેંકમાં છે. આહાહા..! એને ખ્યાલમાં નથી કે મારું જ્ઞાન કોના કાર્યમાં રોકાણું છે અને એનાથી મને શું નુકસાન છે એની એને ખબર નથી. જે જ્ઞાનની દશા રાગને પુણ્યને જાણતું રોકાયેલું જ્ઞાન એ અજ્ઞાન છે. સમજાણું કાંઈ? આ કેળવણી-બેળવણીના થોથા ઉડે છે આમાં તો. એય..! જીતુ!

મુમુક્ષુ :- આપ કાંઈ ઉપાય બતાવતા નથી.

ઉત્તર :- આ ઉપાય કહીએ છીએ ને. શું કહીએ છીએ? આત્મા અંદર જ્ઞાનની મૂર્તિ પ્રભુ છે ને. આ એનું અંતર જ્ઞાન કરને તારું કલ્યાણ થાય. બધું ભણવું-બણવું મટી જાય લ્યો એને. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- .. આવી જાય એને?

ઉત્તર :- એકને ભણ્યો એટલે બધું ભણાઈ ગયું એને.

મુમુક્ષુ :- બહારમાં સર્ટિફિકેટ મળે છે.

ઉત્તર :- સર્ટિફિકેટ મળે છે. નટુભાઈ! જાવ, હુશિયાર છે જાવ. નટુભાઈ કલકતે ગયા તો આપ્યા ઓલાએ પૈસા થોડા.

મુમુક્ષુ :- થોડાક જ.

ઉત્તર :- થોડા જ આપે ને. શું લાખ-બે લાખ આપતા હશે ત્યાં? આપણે હુશિયાર

લાગે છે, હોં! બીજા કરતાં. અહીં કહે, થોથે થોથા છે તારું. નટુભાઈ! આહાહા..!

ભાઈ! ભગવાન આત્મા છે અંદર પ્રભુ, જેમાંથી ભગવાનપણું કેવળજ્ઞાન પ્રગટ્યું છે. એવો ભગવાન આત્મા અંદર કેવળજ્ઞાનનો કંદ આત્મા છે. એનું જે જ્ઞાન સ્વસન્મુખનું થઈને જ્ઞાન થવું, એ જ્ઞાનની દશા તો પૂર્ણ મોક્ષરૂપી આનંદની દશાનો હેતુ અને કારણ છે. એવી દશાથી એ દયા, દાન, વ્રતના વિકલ્પનું લક્ષ કરીને ત્યાં જ્ઞાનમાં રહેવું એવું જે અજ્ઞાનરૂપી, પર્યાયરૂપી કાર્ય, એ સમ્યગ્જ્ઞાનરૂપી કાર્યથી વિરુદ્ધ ભાવ છે. આહાહા..! આ અગિયાર અંગ ભણ્યો અને નવ પૂર્વ ભણ્યો તો કહે છે એ અજ્ઞાન છે એમ કહે છે. એય..! આહાહા..! અરે..! આટલું થોડું આવડે ત્યાં તો જાણે આમ.. આહાહા..! કેટલું આવડ્યું મને! છોકરા પૂછે એનો જવાબ તરત. આનું આ, આનું આ. ઓહોહો..! એય..!

કહે છે કે, આત્માના સ્વભાવનું અંતર્મુખનું જે જ્ઞાન, એ જ્ઞાનની પર્યાયથી આ બધું જે જ્ઞાન રાગનું અને પરનું, એવો અજ્ઞાનભાવ પરના લક્ષનું જ્ઞાન તે આત્માના જ્ઞાનની દશાથી વિપરીત છે. સમજાણું કાંઈ? અને જ્ઞાનીને એવા અગિયાર અંગ કે નવ પૂર્વ કદાચિત્ ન હોય એને ખ્યાલમાં પણ એ જ્ઞાનનું જ્ઞાન અને આત્માનું જ્ઞાન જ્યાં થયું છે, મોક્ષના કારણરૂપ એ જ્ઞાન છે. આહાહા..! સમજાણું કાંઈ?

ભાઈ! કહે છે કે શેના મદ? આટલું ભણ્યા અને આટલું, શેના મદ તને? જ્યાં સ્વરૂપ આવું અખંડ કેવળજ્ઞાનની મૂર્તિ ભગવાન, જેને એક સમયમાં કેવળજ્ઞાન લઈ શકે એવી તાકાત. એવું તત્ત્વ એનું તને અભિમાન એટલે દૃઢતા અને એની અધિકતા, વર્તમાન જ્ઞાન અને રાગથી અધિકતા નથી ભાસતી અને આની અધિકતા ભાસે છે એ જ્ઞાનની પર્યાયથી વિપરીત ભાવ છે. આહાહા..! ગજબ શૈલી! કથનની બહુ ટૂંકામાં પણ. કહો, સમજાણું આમાં?

કહે છે, આમ બે વાત કરે છે અહીં તો. ધર્મ-કર્મ. ધર્મ એટલે કે ધર્મવાન એવો જે આત્મા એનું જે જ્ઞાન તે ધર્મ. એ જ્ઞાનની ધર્મ પર્યાયથી આ અજ્ઞાન રાગાદિમાં એકાકાર થઈને જે અજ્ઞાન ઉત્પન્ન થયું એ ધર્મના જ્ઞાનથી વિપરીત ભાવ છે. આહાહા..! અહીં તો કર્મ અને ધર્મ, બે ગુલાંટ ખાય છે. પુણ્યનો અધિકાર છે ને. સમજાણું કાંઈ? કો'ક તો એમ કહે કે આ વળી ટીકાનું પછી શું? એકનો એક શબ્દ કહી દેવો એનું વળી વિશેષ શું કરવું? વળી એમેય કહે કો'ક.

મુમુક્ષુ :- ઘણાં વખત પહેલા આવતું ને.

ઉત્તર :- ઘણાં વખત પહેલાં. અરે..! ભગવાન! ભાઈ! હજી તો કહેલી ટીકા એના અર્થ સમજવા કઠણ છે અને એમાં કહેવામાં આવે એનો ભાવ સમજવો પાછો કઠણ છે. આહાહા..! લ્યો!

'**તેના ઉદયથી જ જ્ઞાનને અજ્ઞાનીપણું થાય છે.**' પર્યાયની વાત છે, હોં! માટે તે નિષેધવા જેવું છે. આહાહા..! એ વિકલ્પ દયા-દાનના વિકલ્પ તરફ જે વળેલું જ્ઞાન એ છોડવા જેવું છે. લક્ષ છોડવા જેવું છે. એ છોડવા જેવું કર્મ છે. અને આમ જ્ઞાયકસ્વરૂપ ભગવાન એના ઉપર જ્ઞાન કરવા જેવું છે. પ્રવિણભાઈ! આ તો અલકમલકની વાતું છે આ. અરે..! કોઈ દિ' તેણે રસ્તા લીધા નથી. અનંત કાળના આથડેલો, અનંત કાળથી રઝળતો દુઃખી થયો પ્રાણી, એની એને દયા નથી.

સવારમાં આવ્યું નહોતું? આવ્યું હતું. શુભભાવમાં રોકાયેલું એ શુદ્ધ સ્વભાવનો ઉપયોગ તેની તે દયા કરતો નથી. દયાની હિંસા કરે છે. શુદ્ધઉપયોગ જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની આત્માની પર્યાય, એને ન ઉત્પન્ન કરતું, રાગ અને શુભરાગને ઉત્પન્ન કરીને, એમાં હિતકર માનીને આત્માના શુદ્ધોપયોગની હિંસા કરે છે. એ પોતાની દયા કરતો નથી. પોતાને માટે તે નિર્દય થયો છે. સમજાણું કાંઈ? બીજાની દયામાં ઉછળી જાય. ઓહો..! દયા મંડળી, જીવદયા મંડળી, ફલાણું મંડળી, ઢીંકણું મંડળી, પરોપકાર, ખરડા કરો, ચાલો, મોઢા આગળ ચાલો, પહોળા-પહોળા ફરતા મોઢા આગળ લાવો. હું ખરચીશ. લાખ રૂપિયા આપી દઈશ, બે લાખ આપીશ. ખરડા-બરડા કરવા હોય ને-ચંદા? પહોળા ફરતા હોય આમ જાણે શું કરી દઉં. શું છે પણ, સાંભળને હવે. એય..! નટુભાઈ!

મુમુક્ષુ :- શક્તિવાળા હોય ઈ કરી દે.

ઉત્તર :- ધૂળેય કરતો નથી. રાગ કરે છે.

એ કહે છે કે રાગ કર્યો અને એમાં એણે સારું કર્યું એવું માન્યું છે. એવું જે મિથ્યાજ્ઞાન તે સમ્યગ્જ્ઞાનથી વિપરીત ભાવ છે. સમ્યગ્જ્ઞાનને ઘાત કરનારું છે, એ બંધસ્વરૂપ છે, સમ્યગ્જ્ઞાનથી વિપરીત ભાવવાળું છે. આહાહા..! એની વિચિક્ષણતા લૌકિકની બધી આની પાસે આમ જાવું ને આને આમ બોલવું, આને આમ કહેવું, આને આમ કહેવું. નાડું જાલતા એને આવડે બધાની હુશિયાર હોય એટલે. નાડું એટલે કે આ માણસને આમ કહેવું ને આમ કહેવું. ત્યારે એ પૈસા આપે અને ત્યારે આમ થાય. એય..! પોપટભાઈ! એવા હુશિયાર લોકોના માણસો કહેવાય. અહીં કહે છે કે મૂરખ છો. આહાહા..! તને તારી દુકાન આત્માની સાચવતા ન આવડી અને બીજાને સાચવવા માટે મંડ્યો. સમજાણું કાંઈ?

હવે ત્રીજો બોલ. '**ચારિત્ર કે જે મોક્ષના કારણરૂપ સ્વભાવ છે...**' લ્યો, આ ચારિત્ર. ચારિત્ર એટલે લૂગડા ફેરવ્યા અને બહારનો ત્યાગ કર્યો, મહાવ્રત પાળ્યા-ફાળ્યાનો ભાવ એ ચારિત્ર નહિ. આહાહા..! અમે મહાવ્રત પાળીએ છીએ. કોઈની હિંસા કરતા નથી, બાયડી-છોકરા છોડ્યા છે. અમે આ છોડ્યું છે. દુકાન છોડી, ધંધા છોડ્યા, આ છોડ્યા. પણ ગ્રહ્યું

શું? કે ગ્રહ્યો શુભરાગ. એ શુભરાગ ગ્રહ્યો એને એણે ધર્મ માન્યો છે. સમજાણું કાંઈ? આહાહા..!

ચારિત્ર તો એને કહીએ '**કે જે મોક્ષના કારણરૂપ સ્વભાવ છે...**' ચારિત્ર તો સ્વરૂપ આત્મા શુદ્ધ આનંદ એમાં ચરવું, રમવું, લીન થવું. ચરવું એવો આનંદ સ્વભાવ ભગવાન આત્મા, એમાં રમવું આનંદમાં. એવું જે વર્તમાન ચારિત્ર અકષાયભાવ તે મોક્ષના કારણરૂપ પર્યાય અથવા સ્વભાવ છે. '**તેને રોકનાર કષાય છે;...**' એ દયા, દાન, વ્રત, પરિણામ જે વિકલ્પ ઉઠ્યા એ કષાય છે. એ અકષાય ચારિત્રથી વિપરીતભાવ છે, એમ કહે છે. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા સમરસી પ્રભુ આત્મા, વીતરાગસ્વરૂપ જ આત્મા છે. એવા વીતરાગસ્વરૂપ શક્તિ સત્ત્વ એનું. એની અંતરમાં લીનતા થવી, તેને ચારિત્ર કહીએ અને એ ચારિત્ર તે મોક્ષના કારણરૂપ માર્ગ છે પર્યાય. એ ચારિત્રથી વિપરીત જે કાંઈ અહિંસા, સત્ય, દત, બ્રહ્મચર્યનો વિકલ્પ ઉઠે પંચ મહાવ્રતનો, બાર વ્રતનો એ રાગ તે કષાય છે. એ આત્માના ચારિત્રથી એ કષાયભાવ વિપરીત ભાવ છે. સમજાણું કાંઈ? છે?

'**ચારિત્ર કે જે મોક્ષના કારણરૂપ સ્વભાવ છે તેને રોકનાર કષાય છે; તે તો પોતે કર્મ જ છે,...**' રાગ વિકલ્પ તે કાર્ય જ છે. પર્યાય છે એક વિકારી. '**તેના ઉદયથી જ જ્ઞાનને અચારિત્રીપણું થાય છે.**' રાગના વિકલ્પને કારણે જ્ઞાનસ્વરૂપનું જે ચારિત્ર છે એમાં વિકલ્પને કારણે જ્ઞાનને અચારિત્રપણું થાય છે. આહાહા..! શુભભાવ દયા, દાન, વ્રત, ભક્તિ, તપ, પૂજાનો વિકલ્પ ઉઠે અહિંસા, સત્ય, દત, બ્રહ્મચર્ય પાળું એવો વિકલ્પ, રાગ તે '**જ્ઞાનને અચારિત્રીપણું થાય છે.**' એ આત્માની દશામાં અચારિત્રપણું છે. સમજાણું કે નહિ? ભગવાનભાઈ! આ બાર વ્રત અને પંચ મહાવ્રત ને એવા વિકલ્પ ઉઠે છે, કહે છે એ વિકલ્પ છે, એ કષાય છે. કષાય છે. એ કષ નામ સંસારના લાભરૂપ છે. અને આ ચારિત્ર એ આત્માના મોક્ષના કારણરૂપ સ્વભાવ ચારિત્ર છે. એ ચારિત્રથી વિપરીત એ કષાયનો ભાવ છે. પંચ મહાવ્રત પાળે છે ભાઈ આ, હોં! અહીં કહે છે કે કષાય પાળે છે એ.

મુમુક્ષુ :- મંદ કષાય...

ઉત્તર :- મંદ કષાય કહો કે રાગ કહો. એ કષાયને પાળે છે. એ કષાયભાવ રાગ છે. આ કરું, આને ન મારું ને આ કરું એ વૃત્તિનું ઉત્થાન વિકાર છે, કષાય છે. એ ચારિત્રરૂપ ભાવ મોક્ષના કારણરૂપ ભાવ એનાથી વિપરીત કષાયભાવ છે. સાંખ્યું જાય નહિ. ઓલા બેઠા હોય ને.. ક્યાં ગયા? એઈ..! દીપચંદજી! એથી કરીને કોઈ વ્યક્તિ પ્રત્યેની વાત નથી હોં! આ. વ્યક્તિ પ્રત્યે સમ.. વ્યક્તિ સ્વતંત્ર છે. આ તો વસ્તુનું સ્વરૂપ છે. કોઈ ન કરતા હોય માટે એના ઉપર દ્વેષ કરવો (કે) એય..! આવું સાંભળતા પણ નથી. સ્વતંત્ર છે આત્માઓ.

જે આત્મા જે સ્થાનમાં છે ત્યાં સ્વતંત્ર છે. એના પ્રત્યે વેર કે વિરોધ હોઈ શકે નહિ. સમજાણું?

અહીં તો કહે છે, ચારિત્ર એને કહીએ. ચારિત્ર. આ તો લૂગડા ફેરવ્યા, લૂગડા પહેર્યા તો કહે ચારિત્ર લીધા. ધૂળેય લીધી નથી, સાંભળને! પુણ્યના ઠેકાણા નથી ત્યાં ચારિત્ર ક્યાંથી આવ્યા? આ હમણાં બહુ થાય છે ને દીક્ષાઓ. સ્થાનકવાસીમાં, શ્વેતાંબરમાં બહુ દીક્ષા લે. દીક્ષા દખ્યા છે બધી. એય..! જગજીવનભાઈ! ક્યાંક જાવું પડતું હશે કે નહિ તમારે એવો ભાવ હોય તો. ન જાવ ને? ન જાય.

મુમુક્ષુ :- ત્યાં હવે ક્યાં જવાનું છે. અહીં આવ્યા પછી ક્યાંય જવા જેવું નથી.

ઉત્તર :- શેઠિયાની દીકરી તમારા કુટુંબમાંથી લીધી તો ત્યાં ગયા નહિ હો? નહિ ગયા હો. ઓણ દીક્ષા લીધી કે નહિ તમારે? એના કુટુંબમાં લીધી ને. આવી હશે તો મોક્ષશાસ્ત્ર આપ્યું એક વાંચવા. એને શું સમજે? આહાહા..! કાલે બે દીક્ષા થાય છે. નહિ? તુલસી. આવ્યા હતા ને તેરાપંથી સાધુ. કાલે દીક્ષા લે છે. એ કહેતો'તો અમરેલી આવવાના છે. એમ કહેતા હતા. નહિ? શિવલાલભાઈ! અમરેલી આવવાના છે. એમ કહેતા હશે. બચુભાઈએ વાત કરી. બચુભાઈ છે ને ઓલા માવજીભાઈના દીકરા. આવે. આમ જવાના હોય ક્યાંક.

મુમુક્ષુ :- ....

ઉત્તર :- અહીં પાલીતાણા જવું છે. ત્યાંથી જવું પાલીતાણા, અમરેલી જાવું હોય તો પાલીતાણાથી. અને પછી થોડા દિ' ફરીને આમ અમદાવાદ જાવું હોય. સીધા અમરેલી આવવાના હોય કે જુનાગઢ થઈને આવવાના હોય. વાત ત્યાં થઈ હશે. પહેલા ઉડાવે. એટલે શું જાવું હોય ને તો તૈયારી કરે માણસો. દીક્ષા કાલે થવાની છે. શેની દીક્ષા? હજી ભાન ન મળે આત્મા શું છે. આહાહા..!

અખંડ પ્રભુ આત્મા અનંત શાંતરસનો (કંદ). શાંતરસ કહો કે વીતરાગભાવ કહો કે અનંત ત્રિકાળી ચારિત્ર સ્વરૂપ કહો. એવો ભગવાન આત્મા ચારિત્રસ્વરૂપ જ અંદર ધ્રુવ છે એ. એવા અંદરમાં લીન થઈને, એમાં લીન થવું આનંદમાં. એની આનંદની દશાની ઉગ્રતા પ્રગટ થાય તેને ચારિત્ર કહે છે. એ ચારિત્ર તે સાચું મોક્ષનું કારણ છે. અને એનાથી વિપરીત વિકલ્પ જે રાગ, દયા, ભક્તિ આ કર્યું, તે કર્યું એ બધો કષાયભાવ છે. એ કષાયભાવ ચારિત્રથી વિરૂદ્ધ ભાવ છે. અચારિત્રભાવ છે. એય..! સુગમચંદજી! શું છે આ?

'**ચારિત્ર કે જે મોક્ષના કારણરૂપ સ્વભાવ છે...**' પછી ચારિત્ર એટલે શું કે આ મેં મહાવ્રત લીધા એ ચારિત્ર. એ નહિ. એ મહાવ્રત કહે એને, લીધો છે તેં રાગ. એને રોકનારું કષાય છે રાગ. '**તે તો પોતે કર્મ જ છે,...**' રાગ તો ધર્મ સ્વરૂપથી વિરૂદ્ધ એક કર્મ છે. વિકલ્પ જે છે કષાયનો એ કર્મ છે વિકારી. એ ધર્મની પર્યાયથી, ચારિત્ર પર્યાયથી

વિરૂદ્ધ ભાવ છે. સમજાણું કાંઈ? ..ભાઈ! આ એની મેળે સમજાય એવું નથી હોં ઝટ દઈને.

વીતરાગ પરમેશ્વરે કહેલો માર્ગ, સર્વજ્ઞદેવ તીર્થંકરદેવ કેવળજ્ઞાનથી જોઈને કહ્યું જે સ્વરૂપ, એ અત્યારે વર્તમાનમાં ગડબડે ચડી ગયું છે. એટલે ઊંધે રસ્તે ચડી ગયું છે. એટલે એને કહેનાર સાચા હોય તો કહે, એ એમ નહિ. એકાંત થઈ ગયું. એકાંત થઈ જાય. અહીં કહે છે, એકાંત છે અચારિત્ર. મહાવ્રતના પરિણામ રાગના એ એકાંત અચારિત્ર છે. સ્વભાવની સ્થિરતા કરવી અંદરમાં એકાંત ચારિત્ર છે. એમાં કથંચિત્ ચારિત્ર અને કથંચિત્ અચારિત્ર એમ નથી. તેમ મહાવ્રતના વિકલ્પ છે એ કથંચિત્ ચારિત્રનો અંશ અને કથંચિત્ અચારિત્ર એમ નથી. સમજાણું કાંઈ? આહાહા..!

અહીં તો કહે છે, જેટલો વ્યવહાર આવે, સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની ચારિત્રવંતને પણ, સ્વરૂપની દૃષ્ટિ, સ્વરૂપનું જ્ઞાન અને સ્વરૂપમાં સ્થિરતાવંતને જેટલો વ્યવહાર આવે એ વિકલ્પ બધો કષાય છે એમ કહે છે, ભાઈ! આહાહા..! સમજાણું કાંઈ? એ વ્યવહાર નિશ્ચયની પરિણતિ પ્રગટ કરવા માટે નિષેધવા જેવો છે.

‘**માટે, (કર્મ) પોતે મોક્ષના કારણના તિરોધાયિભાવસ્વરૂપ હોવાથી...**’ તિરોધાયિભાવસ્વરૂપ. એનાથી વિરૂદ્ધ ભાવ સ્વરૂપ હોવાથી ‘**કર્મને નિષેધવામાં આવ્યું છે.**’ એ વિકારી કષાયની મંદતાના ભાવને નિષેધવામાં આવ્યું છે. કહો, રાગની મંદતા હો. આહાહા..! આમ થોડું બોલે, શાંત લાગે, કષાય મંદતા હોય, પણ એ કષાયની મંદતા એ વિકલ્પ છે, વિકાર છે. કેમ કે પરલક્ષી ઉત્પન્ન થયેલી દશા છે. ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યપ્રભુ, એની અંતર દૃષ્ટિ-જ્ઞાન કરીને અંદર રમણતા, આનંદમાં રમણતા કરવી એ ચારિત્રને ભગવાને મોક્ષનું કારણ કહ્યું છે. એનાથી વિરૂદ્ધ ભાવ આ રાગ એ મોક્ષના કારણથી વિપરીત ભાવ છે. આહાહા..! એકાંત છે... એકાંત છે. હવે સાંભળને. તને એકાંત-અનેકાંતની શી ખબર? હાલી નીકળ્યા પંડિતો કેટલાય ભણી ભણીને પોથા. થોથા ભણ્યે પંડિત ન થવાય. સમજાણું કાંઈ? એ આત્મા ભણ્યે પંડિત થવાય.

અહીં એ કહે છે કે આત્માનું જ્ઞાન, તેને આત્માનું દર્શન અને આત્માનું ચારિત્ર તેને મોક્ષનો માર્ગ કહીએ. પરનું જ્ઞાન, પરની.. સમજાય છે? શ્રદ્ધા પર તરફની કે રાગ એ બધું બંધના કારણ તરીકે નિષેધવામાં આવ્યું છે. સમજાણું આમાં?

‘**ભાવાર્થ :- સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર મોક્ષના કારણરૂપ ભાવો છે તેમનાથી વિપરીત મિથ્યાત્વાદિ ભાવો છે;...**’ જુઓ! એમ લીધું, ભાઈ! ચોખ્ખું લીધું છે. એ તો એના પછી.. એ તો છે એ જુદી વાત છે. એ પછી. વિપરીત મિથ્યાચારિત્ર ભાવ છે ને અહીં તો. આનાથી વિપરીત છે ને ઈ? સમ્યગ્દર્શન-આત્માની શુદ્ધ પ્રતીતિ નિર્વિકલ્પ.

સમ્યગ્જ્ઞાન-આત્માનું સ્વસન્મુખનું સ્વસંવેદનજ્ઞાન, ચારિત્ર-સ્વરૂપમાં લીનતાની સ્થિરતારૂપ ચારિત્ર એ મોક્ષના કારણરૂપ ભાવ છે-પર્યાય છે. મોક્ષના કારણરૂપ દશા છે. '**તેમનાથી વિપરીત મિથ્યાત્વાદિ ભાવો છે;...**' આ ત્રીજાની વ્યાખ્યા છે. સમજાણું? ત્રીજાની આ ત્રણ ગાથા ચાલે એની.

'**મિથ્યાત્વાદિ ભાવો છે; કર્મ તે મિથ્યાત્વાદિ ભાવો-સ્વરૂપ છે.**' એ વિકારીભાવ પોતે કર્મ છે અને પોતે કર્મસ્વરૂપ જ છે. એ ધર્મસ્વરૂપ નહિ, આત્મસ્વરૂપ નહિ, આત્મભાવસ્વરૂપ નહિ. કહો, સમજાણું કાંઈ? '**આ રીતે કર્મ મોક્ષના કારણભૂત ભાવોથી વિપરીત ભાવો-સ્વરૂપ છે.**' આ રીતે કર્મ મોક્ષના કારણભૂત ભાવોથી વિપરીત ભાવો-સ્વરૂપ છે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા પોતાના સ્વભાવની શ્રદ્ધા, સ્વભાવનું જ્ઞાન, સ્વભાવનું ચારિત્ર, એવો જે મોક્ષકારણરૂપ પર્યાય, એનાથી રાગની શ્રદ્ધા, રાગનું જ્ઞાન અને રાગનું આચરણ ત્રણે એ પર્યાયથી વિપરીત ભાવ છે. '**આ રીતે કર્મ મોક્ષના કારણભૂત ભાવોથી વિપરીત ભાવો-સ્વરૂપ છે.**'

'**પહેલાં ત્રણ ગાથાઓમાં કહ્યું હતું કે કર્મ મોક્ષના કારણરૂપ ભાવોનું-સમ્યક્ત્વાદિનું ઘાતક છે.**' એમ કહ્યું હતું. પહેલા ત્રણ ગાથાઓમાં. પહેલી હોં! કઈ? ૫૭, ૫૮, ૫૯. ૧૫૭, ૧૫૮, ૧૫૯. '**ત્રણ ગાથાઓમાં કહ્યું હતું કે કર્મ મોક્ષના કારણરૂપ ભાવોનું-સમ્યક્ત્વાદિનું ઘાતક છે. પછીની એક ગાથામાં એમ કહ્યું કે કર્મ પોતે જ બંધસ્વરૂપ છે.**' ૧૬૦. '**આ છેલ્લી ત્રણ ગાથાઓમાં કહ્યું કે કર્મ મોક્ષના કારણરૂપ ભાવોથી વિરોધી ભાવોસ્વરૂપ છે-**' લ્યો. સમજાણું? એ રાગ છે એ જડ છે. 'રાગ મારો' એ માન્યતા એ જડ છે એમ કહે છે. મોક્ષના કારણરૂપ પર્યાય એ ચૈતન્યપર્યાય છે અને આ અચેતન જડપર્યાય છે.

'**મોક્ષના કારણરૂપ ભાવોથી વિરોધી ભાવોસ્વરૂપ છે-મિથ્યાત્વાદિસ્વરૂપ છે. આ પ્રમાણે એમ બતાવ્યું કે કર્મ મોક્ષના કારણનું ઘાતક છે,...**' ત્રણ ગાથા. ૧૫૭-૧૫૮-૧૫૯. '**બંધસ્વરૂપ છે...**' ૧૬૦. અને ૧૬૧, ૧૬૨, ૧૬૩ '**બંધના કારણસ્વરૂપ છે,...**' એટલે મોક્ષના કારણ સ્વરૂપથી વિપરીત બંધના કારણસ્વરૂપ છે. '**માટે નિષિદ્ધ છે.**' માટે પુણ્ય-પરિણામ તે છોડવા જેવા છે. આદરવા જેવા છે નહિ. એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**અશુભ કર્મ તો મોક્ષનું કારણ છે જ નહિ,...**' અશુભ-હિંસા, જૂઠું, ચોરી, વિષય ભોગ પાપ પરિણામ એ તો મોક્ષનું કારણ નથી. '**તેથી નિષિદ્ધ જ છે; પરંતુ શુભ કર્મ પણ કર્મસામાન્યમાં આવી જતું હોવાથી...**' શુભ અને અશુભ બેય કાર્ય વિકારમાં

આવી જતા હોવાથી '**તે પણ બાધક જ છે તેથી નિષિદ્ધ જ છે એમ જાણવું.**'

'**હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :-**' જુઓ શ્લોક.

**संन्यस्त्वमिदं समस्तमपि तत्कमैंव मोक्षार्थिना**
**संन्यस्ते सति तत्र का किल कथा पुण्यस्य पापस्य वा।**
**सम्यक्त्वादिनिजस्वभावभवनान्मोक्षस्य हेतुर्भवन्-**
**नैष्कर्म्यप्रतिबद्धमुद्धतरसं ज्ञानं स्वयं धावति।।१०९।।**

પહેલી શ્રદ્ધા અને જ્ઞાનમાં તો લે વાતને. મોક્ષનું કારણ શું અને બંધનું કારણ શું એને ખ્યાલમાં લીધા વિના એનું પર તરફનું વલણ ખસે નહિ અને સ્વ તરફમાં આવે નહિ.

'**શ્લોકાર્થ :- મોક્ષાર્થીએ...**' જેને આત્માના સુખની ઉપાદેયબુદ્ધિ થઈ છે એવા મોક્ષાર્થીએ '**આ સઘળુંય કર્મમાત્ર ત્યાગવા યોગ્ય છે.**' વિકારી પરિણામમાત્ર ત્યાગવા યોગ્ય છે. '**જ્યાં સમસ્ત કર્મ છોડવામાં આવે છે ત્યાં પછી પુણ્ય કે પાપની શી વાત?**' એમાં બે ભેદ ક્યાં રહ્યા? કે પાપ છોડવા જેવું છે અને પુણ્ય છોડવા જેવું (નથી), એવું રહ્યું નહિ. ભગવાન આત્માના શુદ્ધ સ્વભાવના આદર સિવાય જેટલો વિકલ્પ આદિ ઉઠે એ બધું છોડવા જેવું છે. આહાહા..! અહીં તો જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ છોડવા જેવો છે, કહે છે. એ અચેતનભાવ છે. એ સ્વભાવથી વિરૂદ્ધ ભાવ છે. આહાહા..! ત્યાં તો તીર્થંકરગોત્ર બાંધવાના ભાવમાં મશગુલ. સમકિત વિના એવો વિકલ્પ એને આવે પણ નહિ. પણ આ તો... ષોડષકારણ ભાવના ભાવતા તીર્થંકર (પદ) લે. આવે છે ને પૂજામાં? શ્રીચંદજી! દર્શનવિશુદ્ધિ ભાવના ભાવતા. બહુ વળી હુશિયાર હોયને તો ત્રણ-ચાર વાર બોલે તો એને બહુ ભાવના કહેવાય. ઓલા વખતે બોલે ને? એક-બેવાર બોલી ગયા હોય, ત્રણ વાર બોલી ગયા હોય તોય ચોથી વળી બહુ જોર કરીને ચોથી વાર બોલે તો કહે, આ બહુ પ્રેમી લાગે છે. ... આહાહા..! આ પૂજામાં સાંભળીએને. અમે બેઠા બેઠા સાંભળીએ હોં ત્યાં. કેટલાક પાછળથી બોલે. ત્રણ વાર બોલવાનું હોય હોં! ચોથી વાર. ચાર વાર, વળી પાંચમી વખત બોલે. પછી ઝાઝું બોલી ગયો હોય તો ઓલું પાંચમાનું શરૂ કર્યું હોય તો બંધ થઈ જાય પછી. ઝાઝા બીજા .. ગયા હોય ને. પોપટભાઈ!

અહીં તો કહે છે, ભગવાન! તારું સ્વરૂપ અંદર શુદ્ધ છે એની શ્રદ્ધા-જ્ઞાન અને રમણતા એ મોક્ષનું કારણ છે. બાકી તો આ તો જેટલો વિકલ્પ ઉઠે, ભેદ એ બધોય બંધનું કારણ છે. એમ સમજીને સ્વભાવની દૃષ્ટિ કરવી. એમ કહેવા માગે છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**જેઠ સુદ ૮, ગુરુવાર તા. ૧૫-૦૬-૧૯૬૭**
**શ્લોક-૧૦૯-૧૧૦, પ્રવચન-૨૪૭**

આ સમયસાર, પુણ્ય-પાપ અધિકાર છે. એનો ૧૦૯ કળશ.

'**શ્લોકાર્થ :- મોક્ષાર્થીએ...**' જેને બંધનથી છૂટવું છે, આત્માની જેણે આનંદરૂપ દશા ઉપાદેય તરીકે જાણી મોક્ષનો અર્થી થયો હોય એણે '**આ સઘળુંય કર્મમાત્ર ત્યાગવા યોગ્ય છે.**' અંદરમાં શુભ અને અશુભ પરિણામ થાય, પુણ્ય અને પાપના એ બધા છોડવા લાયક છે. સમજાણું? કેમ કે એ શુભ-અશુભભાવ બેય બંધના કારણ છે. '**જ્યાં સમસ્ત કર્મ છોડવામાં આવે છે...**' જ્યાં આત્મામાં પુણ્ય અને પાપ સામાન્ય રીતે કાર્ય-વિકાર છોડવામાં આવે એમ કહેવામાં આવે. આત્માના સ્વભાવથી વિરૂદ્ધ ભાવ એવું વિકારી કાર્ય, એને છોડવામાં આવે અને છોડવાનું કહેવામાં આવે '**ત્યાં પછી પુણ્ય કે પાપની શી વાત?**' ત્યાં પાપ પરિણામ છોડવા લાયક છે અને પુણ્ય પરિણામ એ આદરવા લાયક છે એમ બે હોઈ શકતું નથી. સમજાણું કાંઈ?

'**(કર્મમાત્ર ત્યાજ્ય છે ત્યાં પુણ્ય સારું ને પાપ ખરાબ-એવી વાતને ક્યાં અવકાશ છે?**' શુભભાવ-દયા, દાન, વ્રત, ભક્તિ, તપ, પૂજા વગેરે એ ભાવ સારો છે અને હિંસા, જૂઠ, ચોરી, વિષય ભાવ અશુભ તે ખરાબ છે એવો એમાં અવકાશ છે નહિ. આત્માના ધર્મ સ્વભાવથી બેય ભાવ વિરૂદ્ધ છે. '**કર્મસામાન્યમાં બન્ને આવી ગયાં.**)' જ્યાં કર્મ એટલે ભાવ જ વિકારીનો નાશ કરવાનું કહ્યું, છોડવાનું કહ્યું ત્યાં બંને પુણ્ય અને પાપ ભેગા આવી ગયા. '**સમસ્ત કર્મનો ત્યાગ થતાં,...**' એટલે કે શુભ અને અશુભ રાગ, તેનો આશ્રય છૂટતાં, તેનું લક્ષ છૂટતાં, તેનો ત્યાગ થતાં '**સમ્યક્ત્વાદિ જે પોતાનો સ્વભાવ તે-રૂપે થવાથી-પરિણમવાથી મોક્ષના કારણભૂત થતું,...**' આત્મા જ્ઞાન અને આનંદસ્વરૂપ છે એમ અંતર દૃષ્ટિ થતાં શુભ અને અશુભ રાગને ત્યાગ છે એમ અંતરમાં લક્ષ થતાં સમકિત, જ્ઞાન અને ચારિત્ર જે આત્માના સ્વભાવરૂપે પરિણમવું. ભગવાન આત્મા શુદ્ધ સ્વભાવસ્વરૂપ ચિત્ચમત્કાર માત્ર પદાર્થ છે. પુણ્ય-પાપના વિકલ્પનો જ્યાં આશ્રય અને રુચિ છૂટી એને આત્માના સ્વભાવ તરફની દૃષ્ટિ અને જ્ઞાન અને આનંદનું સમકિત, જ્ઞાન અને રમણતા એ જ્ઞાનનું પરિણમન થાય છે. ઝીણું બહુ ઝીણું.

વસ્તુ પોતે શુદ્ધ ચૈતન્ય સ્વભાવ છે આનંદ. એનો આશ્રય કરતાં એટલે કે પુણ્ય-પાપના રાગનો ત્યાગ કરતાં, જ્યારે શુભ-અશુભ રાગ વિકલ્પ, બહિર્મુખી દૃષ્ટિવાળા લક્ષવાળા જે

ભાવ એ છોડવા લાયક (છે) એમ જ્યાં નક્કી થયું એટલે એને અંતર્મુખ ચૈતન્ય સ્વભાવ તરફ દષ્ટિ જાય. અને ચૈતન્ય સ્વભાવની વસ્તુ જે નિર્વિકલ્પ છે એનું નિર્વિકલ્પ દર્શન-પ્રતીત થવી એ જ્ઞાનનું પરિણમન થવું, આત્માનું પરિણમન થવું. રાગાદિ એ તો પુણ્ય, દયા, દાન એ કાંઈ આત્માનું પરિણમન નહોતું. એ વિકારી દશા હતી.

'**સમ્યક્ત્વાદિ જે પોતાનો સ્વભાવ...**' અહીં પર્યાયની વાત લીધી છે. '**તે-રૂપે થવાથી-પરિણમવાથી...**' ચૈતન્ય સ્વભાવ શુદ્ધ વસ્તુ, એના ઉપર દષ્ટિ જવાથી એ જ્ઞાન જ પોતે સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રરૂપે પરિણમતું '**મોક્ષના કારણભૂત થતું, નિષ્કર્મ અવસ્થા સાથે જેનો ઉદ્ધત (-ઉત્કટ) રસ પ્રતિબદ્ધ...**' છે. નિષ્કર્મ એટલે ઓલા કર્મની સામે લીધું છે ને. પુણ્ય-પાપના વિકલ્પ જે ઉઠે છે એ કર્મ છે, વિકાર છે, દુઃખરૂપ છે. એને છોડીને આત્માના સ્વભાવ સન્મુખ થઈને, શુદ્ધ ચૈતન્ય સ્વભાવની દષ્ટિ, જ્ઞાન અને લીનતા (થાય) એ નિષ્કર્મ અવસ્થા (અર્થાત્) રાગરૂપી કાર્ય વિનાની અવસ્થા (છે). અર્થાત્ આત્માના આનંદના સ્વાદની અવસ્થા.

પુણ્ય-પાપના ભાવ જ્યારે કર્મ છે, સામાન્યપણે છોડવા જેવું છે એમ થયું એટલે એનો અર્થ થયો, પુણ્ય અને પાપ જે દુઃખરૂપ છે એને અંતરમાંથી લક્ષ છોડતાં શુદ્ધ ચૈતન્ય સ્વભાવના લક્ષે આત્મા જ્ઞાનરૂપે, આનંદરૂપે, સ્વાદરૂપે પરિણમે એ નિષ્કર્મ અવસ્થા છે. સમજાણું કાંઈ? મોક્ષનો માર્ગ તે આવો કેવો? આ બધું ભક્તિ ને વ્રત ને તપ કરીએ એમાંથી થઈ જતું હોય. કહે છે ને, ભાઈ! પરલક્ષમાં જેટલા વિકલ્પો ઉઠે એ બધા શુભાશુભ વિકારભાવ છે. એ તો બંધનું કારણ છે. મોક્ષાર્થીએ તે બંધના કારણનો પ્રેમ-રુચિ છોડી શુદ્ધ સ્વભાવ એવી ચૈતન્ય મૂર્તિ એવો આત્મા, તેનો આશ્રય લઈને જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે આત્માનો સ્વભાવ છે એ રૂપે આત્મા પોતાના સ્વભાવરૂપે પરિણમતો-થતો નિષ્કર્મ નામ આનંદની દશા સાથે '**જેનો ઉદ્ધત (-ઉત્કટ) રસ પ્રતિબદ્ધ...**' છે. અતીન્દ્રિય આનંદના સ્વાદ સાથે આત્મા અનુભવમાં આવે એને મોક્ષનો માર્ગ કહેવાય છે.

શુભ-અશુભભાવ એ આકુળતા હતી. એ આકુળતા છોડવા લાયક એમ લક્ષ થયું, આત્મા અંતર શુદ્ધ આનંદકંદ છે આદરવા લાયક થયું, એટલે આત્માનો સ્વભાવ શુદ્ધ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર અને આનંદરૂપે પરિણમ્યો. એનું નામ નિષ્કર્મ અવસ્થા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? નિષ્કર્મ દશા એવો જે મોક્ષનો માર્ગ. એની સાથે જેનો ઉત્કટ રસ, આનંદરસ, શાંતરસ પ્રતિબદ્ધ '**અર્થાત્ સંકળાયેલો છે...**' નિષ્કર્મ દશા એની સાથે અનાકુળ આનંદ ઉદ્ભવે છે-પ્રગટ થાય છે.

શુભ-અશુભભાવ જે આકુળતારૂપ, બંધરૂપ, દુઃખરૂપ હતું તેની રુચિ અને આશ્રય છોડતાં;

છોડવા લાયક છે એટલે છોડતાં, અંતર ત્રિકાળી જ્ઞાનસ્વરૂપ જે સ્વભાવમાં આનંદ આદિ છે એના તરફનો આશ્રય લેતાં આત્મા પોતાના આનંદ અને જ્ઞાનસ્વભાવ સાથે પરિણમતો, એની સાથે આત્માનો રસ પ્રતિબદ્ધ સંકળાયેલો છે. શું કહે છે?

આત્મા અંતર વસ્તુમાં દૃષ્ટિ દેતાં વસ્તુ પોતે શુદ્ધ ચૈતન્ય આનંદ અને જ્ઞાનની મૂર્તિ છે, એવી અંતરમાં પ્રતીત અને જ્ઞાન અને રમણતા થતાં તે દશામાં આનંદનો રસ સંકળાયેલો (છે), આનંદરસ સ્વાદમાં સાથે હોય છે. એવી નિષ્કર્મ દશાને મોક્ષમાર્ગ કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? ચોર્યાસી લાખના અવતાર. ક્યાં રઝળે, ક્યાં રખડે? ક્યાંય એનો પત્તો નથી. એમાંથી જેને છૂટવું હોય તો એ અવતાર ચાર ગતિના કારણરૂપ શુભ અને અશુભભાવ. એ ભાવ વિનાનું તત્ત્વ જે આત્મા છે એને અંતરમાં દૃષ્ટિમાં એકાકાર લઈને જે આત્મા પોતાના શુદ્ધ સ્વભાવરૂપ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર એની સાથે આનંદરસ સાથે સંકળાયેલો છે એવો અતીન્દ્રિય આનંદનો સ્વાદ '**એવું જ્ઞાન આપોઆપ દોડ્યું આવે છે.**' '**ज्ञानं स्वयं धावति**' એટલે આત્મા પોતાના પરિણમનમાં ગતિ કરે છે, એમ કહે છે. પુણ્ય-પાપના વિકલ્પની ગતિ જે હતી એના પ્રેમમાં પડ્યો હતો ત્યારે પુણ્ય-પાપ ઉત્પન્ન થતાં ચાર ગતિમાં રખડવાનું. મોહનભાઈ! બહુ ઝીણું પણ, હોં! આમાં બે-ચાર મંદિર કરી નાખે અને જો ધર્મ થતો હોય તો સહેલું પડે, લ્યો. પાંચ લાખ હોય તો બે લાખ એમાં ખર્ચે અને ત્રણ લાખે સંસાર અને બે લાખે ધર્મ થઈ જાય. નહિ થાતો હોય એમ? પ્રવિણભાઈ! બાપા! એ તો શું પણ સામાયિક કરીને બેસી જાય સમજ્યા વિના એનાથી પણ થાતું નથી. એ વિકલ્પ જે ઉઠે કે આ કરું, આ લઉં, આ દઉં, મૂકું એ બધો રાગ અને વિકાર છે. હિંસા, જૂઠું, ચોરી, વિષય વાસના, કામ, ક્રોધની વૃત્તિ ઉઠે છે એ તો દુઃખરૂપ અને આકુળતા છે જ. પણ પરજીવને ન મારું, ભક્તિ ભગવાનની કરું, વ્રત પાળું, પૂજા કરું એવા જે ભાવ એ પણ એક રાગમય આકુળતાજન્ય ઉપાધિ છે. આહાહા..! સમજાણું? અહીં તો પુણ્ય-પાપ અધિકાર છે ને.

અરે..! એની એને દયા નથી. કોની? એને પોતાની દયા નથી. અરે..! મારું શું થશે? અરે..! હું ક્યાં જઈશ? એક થોડી પ્રતિકૂળતા આવે ત્યાં આમ રાડ નાખી જાય છે. એને અનંતી પ્રતિકૂળતા ક્યાં કેમ સહન થશે? ચોર્યાસીના અવતારમાં ક્યાં આંખુ મીંચીને જશે? ક્યાં? કોઈ ગતિ જ્યાં જાય ત્યાં દુઃખ છે. સ્વર્ગમાં પણ આકુળતા છે, નરકમાં પણ આકુળતા છે. સમજાણું કાંઈ? એવી આકુળતા જેને અંતર ભાસે કે ચાર ગતિમાં રહેવું એ કલંક અને દુઃખરૂપ છે. મોક્ષાર્થી કહ્યો છે ને પહેલો? '**संन्यस्त्वम**' '**संन्यस्त्वम**' છોડવું. મૂળમાંથી છોડવું. એમ. '**संन्यस्त्वम**' શુભ અને અશુભ રાગ જે પર તરફના લક્ષે ઉત્પન્ન થતાં શુભ-અશુભ

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


વિકલ્પો-લાગણી એ બધી દુઃખરૂપ છે અને આકુળતા છે, ક્લેશ છે. એને અંતરમાં લક્ષમાંથી છોડીને ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય આનંદકંદ વસ્તુ છે, એની દૃષ્ટિ દેતાં આત્મા શુદ્ધપણે પરિણમનમાં સમ્યક્પણે પરિણમે, સમ્યક્જ્ઞાનપણે થાય, સમ્યક્ચારિત્રપણે લીન થાય એની સાથે અતીન્દ્રિય આનંદનો સ્વાદ સાથે આવે. આ એને મોક્ષનો માર્ગ કહે છે. આહાહા..! ક્યાંય મોંમાથુ હાથ આવે નહિ.

આ તો જડ-માટી ધૂળ છે. આ તો જગતની ધૂળ છે-માટી. દાળ-ભાત-રોટલા હતા એ અહીં ખડકાણા છે. દાળ-ભાત રોટલા એ પહેલા ઘઉં આદિ હતા. ઘઉંની પહેલી ધૂળ હતી અને ધૂળમાંથી ઘઉં થયા અને ઘઉંમાંથી આ રોટલા અને રોટલામાંથી આવું થયું. આ તો માટી છે. આ કાંઈ આત્મા નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ધૂળમાંય સાધન નથી. આ માટી સાધન હશે, ધૂળ આ. આ તો અજીવ માટી છે. જેમાં જીવના ચૈતન્યનો એક અંશ નથી પરમાણુમાં. એ તો એક કોર રહ્યું પણ પુણ્ય અને પાપના વિકલ્પમાં ચૈતન્યનો અંશ નથી એમ સિદ્ધ કરવું છે. ભગવાન એ મડદા છે કહે છે. સાંભળને ભાઈ! આહાહા..! આ તો જડ છે જ. માટીનું પૂતળું છે આ તો. જડનું, ધૂળનું માંસ ને હાડકા ચામડાની દશા. આ કાંઈ આત્મા નથી. અને આત્માનું નથી. એ તો જડનું છે. હવે અંદર ઉત્પન્ન થતાં પુણ્ય અને પાપના ભાવ એ પણ અચેતન મડદાં છે. એ ચૈતન્યના જ્યોતની શક્તિનું તત્ત્વ નથી. આહાહા..! સમજાણું કાંઈ?

ભગવાન કહે છે કે '**संन्यस्त्वमिदं समस्तमपि तत्कर्मैव**' જે ભાવ ચૈતન્યની જાગૃતિના અભાવભાવરૂપ છે, જે ભાવ ચૈતન્યના અભાવસ્વરૂપ શરીર છે એ તો એક કોર રાખ કહે છે, પણ જે ભાવ અંતરમાં શુભ અને અશુભ થાય એ ચૈતન્યમૂર્તિ ભગવાન જ્ઞાનનો કંદ, એનો એમાં પુણ્ય-પાપમાં અભાવ છે. એ અચેતન છે, જડ છે, અજીવ છે. એ અજીવ જુદી જાતનું. ભારે વાત આ.

ભાઈ! તું ચૈતન્યનો પૂંજ છો ને પ્રભુ! અંતરમાં તારું સ્વરૂપ ગુપ્ત ચમત્કાર આનંદ આદિથી ભરેલું તત્ત્વ છે. આહાહા..! ક્યાં જોવે? કારણ કે વર્તમાન પ્રગટ અવસ્થા એટલા ઉપર એની અનાદિની રુચિ અને પ્રીતી અને પ્રેમ (છે). એ પર્યાયની એક સમયની અવસ્થાની પાછળ આખું ચૈતન્ય ચમત્કાર દ્રવ્ય વસ્તુ શું છે? એની એણે અંતરમાં ચમત્કારની વાત પ્રેમથી સાંભળી નથી. આહાહા..!

આત્મા વસ્તુ છે અંદર આ. એ શરીર તો એક બાજુ રહ્યું. કર્મ પણ એક બાજુ રહ્યું. હવે રહી પુણ્ય-પાપની અવસ્થા. એ વિકાર અચેતન છે. એ કાંઈ જાત ચૈતન્યની નથી. એ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

એક બાજુ રહી. હવે એની વર્તમાન અવસ્થા. એ અવસ્થા એક સમયના જ્ઞાનનો થોડો વિકાસ છે. હવે એના ઉપર જેને લક્ષ છે એ તો લક્ષ પછી રાગ અને પર ઉપર જેનું લક્ષ જાય છે. પણ એક સમયની અવસ્થા જેના ઉપર વીતે છે અને વર્તે છે એવું ચૈતન્યદ્રવ્ય વસ્તુ અનાદિઅનંત દળ, આનંદકંદ એવું આત્મતત્ત્વ એના ઉપર એની નજર જ કોઈ દિ' ગઈ નથી. તેમ એ શું છે એવું માહાત્મ્ય કોઈ દિ' અંતર રુચિએ સાંભળ્યું નથી. સમજાણું કાંઈ? બહારની વિભૂતિના માહાત્મ્ય અને કાં અંદર પાપના પરિણામ થયા આહાહા.. કાં પુણ્યના પરિણામ થયા તો એનું માહાત્મ્ય. દયા, દાન, વ્રત, ભક્તિ કોઈ શુભભાવ થયા (તો) એના માહાત્મ્ય. એ વિકારના માહાત્મ્ય (છે). એ વિકાર વિનાની ત્રિકાળી ચીજ કોણ છે, અરે..! વિકારનું માહાત્મ્ય એના પછી લ્યોને અલ્પ વિકાસ છે. પર્યાયમાં જ્ઞાનનો વિકાસ ક્ષયોપશમ છે ને થોડો? એનું એને માહાત્મ્ય. પણ એ એક સમયની અવસ્થા જેના ઉપર વર્તે અને વીતે એવું ભગવાન શુદ્ધ ચૈતન્યતત્ત્વ વસ્તુ, એના ઉપર દૃષ્ટિ દીધા વિના તારો કલ્યાણનો રસ્તો કોઈ દિ' ઉઘડે એવો નથી. કનુભાઈ! આહાહા..!

આહાહા..! શરીર જરી સારું મળે ને જ્યાં તો આ મળ્યું. નાક સરખું, કાન સરખા. ધૂળના આકાર સરખા. આહાહા..! વજુભાઈ! અને જો સરખું ન મળ્યું હોય તો કહે, અરે..! મારી શરીરની કાઠી પાતળી. એક જણો કહેતો હતો. શરીર સાધારણ હતું ને. મેં કીધું.. એ કહે પણ રૂપાળું શરીર મળ્યા વિના આવું શરીર શું કામનું? ઠીક! જુવાન માણસ હતો જુવાન, હોં! જુવાન હજી તો. પણ શરીર બહુ રૂપાળુ નહિ, સાધારણ રંગ. કહે, આવા શરીર શું? ઠીક. આ પણ ગરી ગઈ છે ને. શરીર કાંઈક રૂપાળું હોય તો ઠીક. રૂપાળાની વ્યાખ્યા શી? સમજાય છે? આ જડના પરમાણુ કાંઈક ધોળા હોય એને રૂપાળું કહેતો હોય તો એ જડની અવસ્થા એ તો માટી છે. જુવાન માણસ કહેતો હતો, હોં! મોહનભાઈ! આપણે અહીં સાંભળવા (આવે એ) માહ્યલા. જુવાન નાની ઉંમરનો. શરીર આ તમારું. આવું શરીર શું કામનું? કાંઈ રૂપ નહિ, આમ દેખાવ. જેના શરીર આમ રૂપાળા લાગે, ચંદ્ર જેવા મોઢા હોય, ગોળ ચક્કર આંખ હરણ જેવી, કાન કુંડળ જેવા, નાક.. સમજાય છે ને? ગરુડ જેવું લાંબુ. હોઠ આમ જરી સરખા. આ તો આમ નીકળેલું ને આમ નીકળેલું ને આ શું છે આ? લ્યો, હવે આ જડની વિભૂતિ બધી ધૂળની. પણ ઓલો ભગવાન બિરાજે અંદર ચૈતન્ય એની વિભૂતિની તને ખબર ન મળે. આહાહા..!

અહીં એ કહે છે, '**संन्यस्त्वम**' ભગવાન! એ શુભ-અશુભ વિકલ્પ મૂળમાંથી છોડવા જેવા છે. છે ને? '**संन्यस्त्वम**' છે ને? મૂળમાંથી છોડવા જેવા છે. ભાઈ! તારી ચૈતન્ય ૠદ્ધિ વૈભવ અંદર પડ્યો છે. એ સચ્ચિદાનંદ પ્રભુ છે. જેવા આ પરમાત્મા થયા એ પરમાત્માની

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


દશા જે થઈ એ દશાઓનો ભગવાન આત્મા પિંડ છે. એ દશાનું આખું દળ પિંડ આત્મા છે. કહે છે કે એ પુણ્ય-પાપના પ્રેમ છોડ. તને એના માહાત્મ્ય આવતા હોય તો છોડ. જો મોક્ષાર્થી થવું હોય તો. આ તો અનાદિથી રખડે છે અને ધૂળમાં જાય છે એમ ને એમ. સમજાણું કાંઈ? પોપટભાઈ! આહાહા..!

જુઓને! '**संन्यस्त्वम**' શબ્દ આવ્યો છે ને? એટલે કેનો ત્યાગ? કોનો ત્યાગ? બાયડી-છોકરાના ત્યાગની વાત અહીં નથી કરી. બાયડી-છોકરા ક્યાં ગરી ગયા હતા અંદર? એ તો બિચારા પડ્યા છે એના ઘરે. એ તો સ્વતંત્ર પદાર્થ છે. એ તો સ્વતંત્ર જગતના આત્માઓ અને સ્વતંત્ર જગતના પરમાણુઓ. તારામાં થતાં પુણ્ય અને પાપના વિકલ્પ તેનો સન્યાસી થા. એમ કહે છે. એય..! આ સંન્યાસી નથી કહેતા? એ સંન્યાસીની ભાન ન મળે એ સંન્યાસી શેના? આહાહા..! પોપટભાઈ! સંન્યાસી હોય છે કે નહિ મોટા? કોને કહેવા સંન્યાસી? સાંભળને! ભગવાન આત્મા અનંત ગુણનો પિંડ પ્રભુ, એનું શરણ લઈને પુણ્ય-પાપના વિકલ્પને ત્યાગે તેને સંન્યાસી-મિથ્યાત્વનો ત્યાગી-એને સમકિતનો આદર કરનાર કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

'**એવું જ્ઞાન આપોઆપ...**' એનું જ્યાં... કહે છે કે ભાઈ! એવો આત્મા અંદર સચ્ચિદાનંદ પ્રભુ, સત્ નામ શાશ્વત જ્ઞાન અને આનંદ રૂપ જેનું છે, એનો આશ્રય લેતાં આ પુણ્ય-પાપનો પ્રેમ-રુચિ જતાં, આનો ત્યાગ થતાં આ સ્વરૂપનું ગ્રહણ થાય છે. અને એનો આદર થતાં સ્વરૂપનો ત્યાગ થાય છે. સમજાણું કાંઈ? દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ શુભ આવે એનો આદર થતાં ભગવાન આત્માનો ત્યાગ થાય છે. ત્યાગ થાય છે કે હું આત્મા નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

'**જ્ઞાન આપોઆપ દોડ્યું આવે છે.**' જુઓ! તો શું કહે છે? કે જેને પુણ્ય અને પાપના પ્રેમ છૂટ્યા. સન્યસ્ત થયો, અહીં સ્વભાવ તરફનો આશ્રય થયો (તો) એ વસ્તુ જ પોતે શુદ્ધપણે પરિણમતી, પરિણમતી ઉગ્રપણે પુરુષાર્થમાં આનંદ આપતી પ્રગટ થાય છે. જ્ઞાન આપોઆપ કહ્યું ને? સ્વયં કીધું ને? સ્વયં કેમ કહ્યું? કે ઓલા વિકલ્પનો આશ્રય છે દયા, દાન, વ્રત, કષાય મંદ હતો તો આત્માને કાંઈક જ્ઞાનનું પરિણમન થયું એમ નથી. '**स्वयं ज्ञानं धावति।**' સમજાણું કાંઈ? જુઓને! શબ્દ મૂક્યો છે કેવો! '**ज्ञानं स्वयं धावति**' '**नैष्कर्म्यप्रतिबद्धमुद्धतरसं ज्ञानं स्वयं धावति**' ગજબ વાત કરી છે ને પણ જુઓને!

ભગવાન આત્મા શુભાશુભ વિકલ્પ બહિર્લક્ષી ઉત્પન્ન થયેલા, તેનો જ્યાં ત્યાગ થાય છે ત્યારે અંતર સ્વભાવમાં અંતર શુદ્ધનો એને આદર થાય છે. આદર થતાં એ ભગવાન આત્મા પોતે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રપણે, એ રાગની મંદતાના આશ્રય ને અવલંબનની અપેક્ષા રાખ્યા

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


વિના... સમજાણું કાંઈ? નિષ્કર્મ અવસ્થા ઉદ્ધત રસ સાથે, આનંદરસ સાથે જ્ઞાન સ્વયં પરિણમે છે. કહો, સમજાય છે આમાં? એય..! સમજાય છે કે નહિ? અરૂણ! આ બધું તારે ન્યાં મેટ્રિક-ફેટ્રિકમાં કાંઈ ન મળે. થોથા છે ત્યાં. ત્યાં હોંશુ કેટલી કરે! હોંશુ. આમ પાસ થાય તો પરિણામ ક્યાં આવ્યું? પરિણામ ક્યાં આવ્યું? પાને પાના તપાસે. મારું નામ એમાં છે કે નહિ? નામ ત્યાં ગરી ગયું હશે? નામ વિનાનો, શરીર વિનાનો. કેટલા લપ ગરી ગયા પણ એને. એય..! મોહનભાઈ! એમાં પાછો પૈસાવાળો. પૈસાવાળો ક્યાંથી આવ્યો તું? ધૂળવાળો? પૈસા તો ધૂળ છે.

ભાઈ! અહીં તો કહે છે કે પુણ્યવાળો એ પણ તને શોભતું નથી. પુણ્યના પરિણામ જે દયા, દાનના મંદ રાગના એ વાળો એ તને શોભતું નથી. ભાઈ! એ તો રખડવાના રસ્તા છે. આહાહા..! તો પછી પુણ્યના બંધન અને એના ફળ અને આ ધૂળ મળે પાંચ-પચ્ચીસ લાખ ને એના અમે આ ને.. મરી જઈશ ક્યાંક.

મુમુક્ષુ :- મરે તે દિ'ની વાત તે દિ', અત્યારે તો...

ઉત્તર :- અત્યારે મરી જાય છે. એઈ..! વજુભાઈ! મરી જાય છે કીધું ને એટલે એમ કે ભવિષ્યનું લીધું. અત્યારે મરી ગયો છો. સાંભળને! ચૈતન્ય જ્ઞાન આનંદના પ્રાણના જીવનને તું જીવતો રાખતો નથી અને પુણ્યના પરિણામવાળો અને પુણ્યવાળો હું છું, એ ચૈતન્યના ભાવપ્રાણનો નાશ કરે છે. પોતાના ચૈતન્યના શુદ્ધ ભાવપ્રાણ એના જીવનને મડદું બનાવે છે. એ મરી જાય છે વર્તમાનમાં. આહાહા..! ધારશીભાઈ! શ્રીમદ્‌માં આવે છે કે નહિ? 'ક્ષણ ક્ષણ ભયંકર ભાવમરણે કાં અહો (રાચી રહો).' એમાં ઈ નાખ્યું છે.

અરે..! પ્રભુ! તું શુભ-અશુભભાવમાં મારાપણે માની અને હું એ વાળો છું એમ માનીને ભગવાન! તારા ક્ષણે ક્ષણે ભાવપ્રાણનું મૃત્યું થાય છે, ભાઈ! તું મરી જા છો, તને ખબર નથી, ભાઈ! આહાહા..! સમજાણું કાંઈ? પોતાનો જીવતર સ્વભાવ અનાદિઅનંત શુદ્ધ પ્રાણથી જીવન, આનંદ અને શાંતિથી જીવન જેનું ત્રિકાળ પડ્યું છે. એના અવલંબે થતાં ચૈતન્ય શ્રદ્ધા, જ્ઞાન, શાંતિના પર્યાયના પ્રાણ, એનું એ જીવન. પુણ્યના વિકલ્પની મીઠાશનો આદર કરતાં એ શુદ્ધ પરિણમનના પ્રાણની હિંસા થાય છે. એટલે કે ઉત્પન્ન થતા નથી. ઉત્પન્ન થતાં નથી એટલે કે મરી ગયેલા છે. ઓલા રતિભાઈ કહેતા કે એ મહારાજનું સાંભળવું હમણાં ન ચાલે. એ મરી ગયા બિચારા લ્યો. કર્યા વિનાના. આંખ્યુંવાળા શું કહેવાય ઈ? ડોક્ટર. કેવા સર્જન હતા ને? આંખના. રતિલાલ કેવા કહેવાય એ? શાહ. પહેલા સાંભળવા આવતા ને પહેલા? (સંવત) ૧૯૯૫માં. ત્યારે કહે, આ મહારાજનું જો સાંભળીએને તો સંસારના રહીએ નહિ કાંઈ. કાંઈ હોંશ નહિ રહે. ધંધા વિનાના થઈ જશે. પણ સાંભળને હવે. ધંધા

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કે દિ' તું કરી શકે છે? એ તો જડની ક્રિયા પરની છે. તું કરી શકે છે? તું કરે છે રાગ અને દ્વેષ. અંતે મરતા.. આહા..! કાંઈક થયું હતું તો ગયા હતા ધબો મરાવવા, ભાઈ! સમજ્યા? પોપટભાઈને ખબર છે. યોગી છે ને આ સ્વામિનારાયણના, નહિ? જેતપુરમાં છે. ગોંડલમાં છે? એ બધા એવું ગપ ઉડાડ્યું હતું. આમ કરે તો રોગ મટી જાય, આમ કરે તો.. એ પણ મરી જશે. સાંભળને! ભ્રમણામાં. આવા ને આવા. ધબો એટલે આમ હાથ માથે મૂકને હાથ જરી, આમ ધબો મારે તો રોગ મટી જાય. એ ધબો મરાવવા ગયા હતા. પોપટભાઈ!

મુમુક્ષુ :- રોગ મટ્યો કે ન મટ્યો?

ઉત્તર :- મરી ગયા.

મુમુક્ષુ :- રોગ મટ્યો કે નહિ?

ઉત્તર :- પણ મરી ગયા ને રોગ શેનો મટ્યો? ત્યારે પછી કહેવાણું કે ત્યારે એમ કેમ થયું? કે એ જેવા ભાવથી એણે ધબો મારવો જોઈએ એવા ભાવથી નહિ માર્યો હોય. એમ કહ્યું હતું કે નહિ? અરે..! ભગવાન! સાજા કોને કહે? અરેરે..! શું ભ્રમણા પણ જગતની! અને એ ભ્રમણા ચલાવવામાં પાછા પોતે કારણ કે અમે મટાડી દઈએ તમને. રોગ મટાડી દઈએ, આયુષ્ય (વધારી દઈએ). મરી જાઈશ હવે, સાંભળને! રોગની અવસ્થા તો જડની છે. એને મટવું ન મટવું એની પર્યાયને આધીન છે. એ કોઈના આશીર્વાદથી મટી જાય છે?

મુમુક્ષુ :- ગુરુના આશીર્વાદથી.

ઉત્તર :- ધૂળમાંય નથી. ગુરુનો આશીર્વાદ તો એના આત્મા માટે કામ કરે. જો પુરુષાર્થ કરે તો. એઈ..! મોહનભાઈ! આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સાંભળી છે ને બધી સાંભળી છે. પણ આ તો મરી ગયા ત્યારે એમ બોલ્યા લોકો કે એણે બરાબર હોંશથી નહિ માર્યો હોય. પણ આ બધા મરી જાય છે ઈ? એની સ્થિતિ પૂરી થાય (એટલે) ચાલ્યા જશે.

ભાઈ! દેહની સ્થિતિને એક સમય પણ વધારવી કોઈ અધિકારની વાત નથી. ત્રણ કાળમાં કોઈ ઈન્દ્ર નરેન્દ્ર એક સમયના પ્રાણને આપી શકે (એમ વસ્તુસ્થિતિ નથી). એ તો તારા પ્રાણ પણ નથી. તારા જીવન પ્રાણને તું હણી રહ્યો એને તો જીવતા કર હવે. સમજાણું કાંઈ? કેટલા શબ્દ આમાં મૂક્યા છે, જુઓને!

**संन्यस्त्वमिदं समस्तमपि तत्कर्मैव मोक्षार्थिना**
**संन्यस्ते सति तत्र का किल कथा पुण्यस्य पापस्य वा।**

એમ. બેનો જ્યાં રાગનો ત્યાગ કીધો એમાં વળી પુણ્ય અને પાપના ભેદ ક્યાં રહી

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

ગયા કે પાપ ત્યાગ અને પુણ્યનો ત્યાગ નહિ? આહાહા..! ભારે ઊંડી વાત છે. લોકો તો ભારે ઊંચા.

**सम्यक्त्वादिनिजस्वभावभवनान्मोक्षस्य हेतुर्भवन्–**

લ્યો. એક લીટી મૂકી દીધી. સમ્યક્ત્વાદિ પોતાનો સ્વભાવ જે નિર્મળ શ્રદ્ધા, નિર્મળ જ્ઞાન, નિર્વિકલ્પ આનંદ એવા સ્વભાવે પરિણમતું જ્ઞાન એ મોક્ષનો હેતુ થાય છે. પુણ્યનો વિકલ્પ માત્ર મોક્ષનો હેતુ નથી. આહાહા..! એવા રાડ નાખે બિચારા. અરે..! ભાઈ! નહિ કામ આવે, બાપા! અત્યારે તું વાદવિવાદ કરી અને આમ હોય ને પુણ્ય હોય ને ફલાણું હોય. એ મરી જઈશ. એમાં નહિ આવે તારું. શરણવાળો જે ચૈતન્ય એનો આદર નહિ કરતાં આનો આદર સ્થાપીશ તો મરતાં કોનું શરણ લઈશ ત્યાં? સમજાણું કાંઈ? એ વાદવિવાદે સિદ્ધ કરી દે કે નહિ. વ્યવહારથી થાશે, પુણ્યથી થાશે. અહીં કહે છે કે '**स्वयं ज्ञानं धावति।**' સમજાણું કાંઈ? શાસ્ત્રના વાદવિવાદ કરીને સ્થાપે, જુઓ! વ્યવહાર હોય તો આ થાય. રાગની મંદતા હોય તો આમ થાય. ભગવાનના દર્શન, મૂર્તિના દર્શન કરે તો મિથ્યાત્વના ટૂકડે ટૂકડા થઈ જાય. એ નહિ કામ આવે અત્યારે અને નહિ કામ આવે મરણ વખતે. લે સાંભળ. પણ હવે શું થાય? કામમાં આવે એવો ભગવાન ચિદાનંદ સ્વરૂપ છે એનો તું આદર કરતો નથી અને આ ફાંફા નાખ્યા કરે જ્યાં ત્યાં. શાસ્ત્રને બહાને પણ એવા કાઢી કાઢીને મોઢા આગળ મૂકે. 'ત્યાગ વૈરાગ્ય ન ચિત્તમાં...' આવે છે કે નહિ? પણ પછી કહ્યું કે 'અટકે ત્યાગ વૈરાગ્યમાં...' એ રાગની મંદતામાં અટક્યો તો મિથ્યાત્વી રહ્યો. સાંભળને! આહાહા..!

કહે છે, '**આવું જ્ઞાન આપોઆપ...**' એટલે સ્વયં. એટલે કે વ્યવહારના દયા, દાન, વ્રતના પરિણામની અપેક્ષા રાખ્યા વિના પોતાનો સ્વભાવ પોતાપણે પરિણમી જાય છે. આ એનું નામ મોક્ષનો માર્ગ કહેવાય છે. કહો, સમજાણું કાંઈ?

'**ભાવાર્થ :- કર્મને દૂર કરીને,...**' એટલે શુભ-અશુભભાવનું લક્ષ છોડીને, રુચિ છોડીને '**પોતાના સમ્યક્ત્વાદિસ્વભાવરૂપે પરિણમવાથી...**' પોતાના સમ્યગ્દર્શન-જ્ઞાન સ્વભાવરૂપે પરિણમવાથી. જે ઓલો રાગ અને મિથ્યાત્વપણે પરિણમવું એ પોતાનો સ્વભાવ નથી. '**મોક્ષના કારણરૂપ થતું...**' પૂર્ણ આનંદની પ્રાપ્તિના હેતુરૂપ થતું. જ્ઞાન એટલે ભગવાન આત્મા શુદ્ધ સ્વભાવી '**આપોઆપ પ્રગટ થાય છે,...**' અંતરના સ્વભાવનું લક્ષ અને દૃષ્ટિ કરતાં એ શુદ્ધ સ્વભાવ જ પોતે પોતાની પર્યાયપણે પરિણમે છે. '**ત્યાં પછી તેને કોણ રોકી શકે?**' એમ '**धावति**' કીધું છે ને? દોડે છે એટલે પછી કોણ રોકે? એમ લખ્યું છે. કોણ અટકાવતું હતું? ધૂળેય અટકાવતો નહોતો. તું અટકતો હતો તો અટકાવતું હતું.

'**હવે આશંકા ઊપજે છે કે-**' જ્યારે તમે આમ કહો છો તો '**અવિરત સમ્યગ્દષ્ટિ**

**વગેરેને જ્યાં સુધી કર્મનો ઉદય રહે ત્યાં સુધી જ્ઞાન મોક્ષનું કારણ કેમ થઈ શકે?'** સમ્યગ્દૃષ્ટિ હોય એને પણ હજી રાગ તો હોય છે. શુભાશુભભાવ હોય છે. તમે તો કહો કે શુભાશુભભાવ મોક્ષનું કારણ નહિ. પણ આ એને હોય છે એનું શું કરવું? **'વળી કર્મ અને જ્ઞાન બન્ને (-કર્મના નિમિત્તે થતી શુભાશુભ પરિણતિ અને જ્ઞાનપરિણતિ બન્ને) સાથે કેમ રહી શકે?'** એમ પૂછે છે. જ્યાં સુધી રાગાદિ થાય ત્યાં સુધી મોક્ષનું કારણ કેમ થઈ શકે? એક પ્રશ્ન. અને વિકારની પરિણતિ હોય એને સાથે શુદ્ધની દશા હોય, મોક્ષના માર્ગની દશા હોય અને એક કોર વિકાર હોય. બે એકસાથે કેમ રહી શકે? સમજાણું કાંઈ? આ શ્લોક વાંચ્યો હતો, આગ્રા. ઓલા કળશમાંથી. ત્યાં હતો ને ઓલો પંડિત મોટો? યતિ, મુનિની ક્રિયા પંચ મહાવ્રત, અઠ્યાવીશ મૂળગુણ એ પણ બંધનું કારણ છે. સમજાણું? છે એમાં કળશમાં છે ને એ બધું. મોટા મોટા બે પાનાં ભર્યા છે. ઘણું લખ્યું છે.

કહે છે, પ્રશ્નમાં આ છે કે ચોથા ગુણસ્થાનમાં, પાંચમામાં, છઠ્ઠામાં એમ લ્યો. કે ત્યાં તો હજી કર્મના ઉદયથી ત્યાં આગળ રાગાદિ તો વર્તે છે. તો ત્યાં મોક્ષનું કારણ કેમ થઈ શકે? વળી વિકારભાવ અને શુદ્ધભાવ બેય એકસાથે-શુદ્ધ અને અશુદ્ધ એક સાથે કેમ રહે? એક કોર ઝેર અને એક કોર અમૃત એકસાથે રહે? એમ શિષ્યનો પ્રશ્ન છે. ભગવાન આત્મા અમૃત આનંદસ્વરૂપ, એનું ભાન થઈને અતીન્દ્રિય આનંદની પરિણતિ-અવસ્થા થાય અને સાથે પુણ્ય-પાપના પરિણામનું ઝેર પણ રહે એટલે કર્મ પણ રહે વિકાર અને ધર્મ પણ હોય બે એકસાથે કેમ રહે? એમ શિષ્યનો પ્રશ્ન છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- તે .. છે ને અંદર છે ને આ કળશમાં.

**'તે આશંકાના સમાધાનનું કાવ્ય કહે છે :-'** લ્યો. એ તો છે ને ભાવ અંદર છે. એમાંથી આવ્યું છે ને? મથાળું બાંધ્યું છે.

**यावत्पाकमुपैति कर्मविरतिर्ज्ञानस्य सम्यङ् न सा**
**कर्मज्ञानसमुच्चहोऽपि विवितस्तावन्न काचित्क्षतिः।**
**किन्त्वत्रापि समुल्लसत्यवशतो यत्कर्म बन्धाय तन्-**
**मोक्षाय स्थितमेकमेव परं ज्ञानं विमुक्तं स्वतः।।११०।।**

પાછું આવ્યું '**स्वतः**'. શું કહે છે? આમ કહ્યું ને કે આત્માને તો મોક્ષ એ પુણ્ય-પાપના વિકલ્પથી ન થાય. અને આત્મા શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ પવિત્ર આત્મા એનું અંતર શુદ્ધપણે પરિણમવું, શુદ્ધનું જ્ઞાન અને શુદ્ધનું પરિણમન એ મોક્ષનું કારણ થાય. તો પછી હજી ક્યાં એને કર્મનો ઉદય ખસી ગયો છે? ચોથે-પાંચમે-છઠ્ઠે બિલકુલ વીતરાગ થઈ ગયો છે? કર્મનો

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ઉદય છે અને શુભાશુભભાવ પરિણમે પણ છે. એને કઈ રીતે મોક્ષનું કારણ એકસાથે બે બને? એક કોર મોક્ષનું કારણ, વળી બીજો બંધનું કારણ. વળી આનંદ આવે, વળી સાથે દુઃખ થાય. એક કોર ધર્મ, એક કોર કર્મ. એક કોર સ્વભાવ, એક કોર વિભાવ. એક કોર અજીવભાવ જેમાં જીવનું જીવપણું કાંઈ નથી. અને એક કોર શુદ્ધ જીવભાવ. આ બંને સાથે શી રીતે રહે? ચોથે-પાંચમે બેય સાથે છે. સમજાણું કાંઈ?

'**શ્લોકાર્થ :- જ્યાં સુધી જ્ઞાનની...**' એટલે આત્મસ્વભાવની. વસ્તુ આત્મા શુદ્ધ ચૈતન્યનું રૂપ એની '**કર્મવિરતિ...**' એટલે રાગથી (ભિન્ન) પૂર્ણ બરાબર પરિપૂર્ણતા પામે નહિ, રાગથી પરિપૂર્ણતા રાગ વિનાની દશા જ્ઞાનમાં પરિપૂર્ણતા ન થાય '**ત્યાં સુધી કર્મ અને જ્ઞાનનું એકઠાપણું શાસ્ત્રમાં કહ્યું છે;...**' શું કહે છે? '**જ્યાં સુધી જ્ઞાનની કર્મવિરતિ...**' ભાષા એમ છે ને? '**यावत्पाकमुपैति कर्मविरतिर्ज्ञानस्य**' એમ છે ને? '**ज्ञानस्य**' છે ને? '**ज्ञानस्य**' છે ને. જ્ઞાન નામ આત્મા. શુદ્ધ સ્વભાવની શ્રદ્ધા, જ્ઞાન અને સ્થિરતા અંશે પ્રગટ થઈ એવો આત્મા, એને આત્માની દશામાં '**કર્મવિરતિ...**' એટલે રાગ, દયા, દાન, પુણ્ય-પાપ કે શુભાશુભભાવ બધા. માથે શુભાશુભ બેય લીધું છે મથાળામાં. સમજાણું? એણે માથે બેય લઈ લીધું. પણ ખરું તો અહીં ઓલો શુભભાવ કહેવો છે. કેમ કે વળી શુભભાવ પુણ્ય હોય અને વળી ધર્મ હોય, બે એકસાથે શી રીતે વર્તે? એટલે શુભાશુભ પરિણામ પણ સાથે હોય.

'**જ્યાં સુધી...**' ભગવાન આત્મા પોતના આનંદ અને જ્ઞાન સ્વરૂપમાં પૂર્ણ પરિણમન ન કરે ત્યાં સુધી કર્મવિરતિ એટલે રાગની નિવૃત્તિ બરાબર પરિપૂર્ણતા પામતી નથી. સમજાણું કાંઈ? વાતું પણ એવી કે કોણ જાણે કથા સાંભળવી કઠણ પડે. આવો ધર્મ હશે? અરે..! ભાઈ! ધર્મ તેં અનંત કાળે નથી કર્યો. અનંત કાળે સાધુ થઈને મરી ગયો પાંચ મહાવ્રત પાળીને. અઠ્યાવીશ મૂળગુણ, રાજા-રાણી રાજ છોડીને, રાજ છોડ્યું. પણ આ આત્મા એ રાગ વિનાની શું ચીજ છે એની એણે દૃષ્ટિ કરી નથી. સમજાણું કાંઈ?

'**જ્યાં સુધી જ્ઞાનની...**' એટલે આત્માના શુદ્ધ સ્વભાવની દશા એમાં '**કર્મવિરતિ...**' એટલે પુણ્યના પાપના ભાવ એ કર્મ. એની વિરતિ એટલે નિવૃત્તિ. '**બરાબર પરિપૂર્ણતા પામતી નથી...**' રાગના પુણ્ય-પાપના ભાવથી જ્ઞાન છૂટું પડીને જ્ઞાનની પરિણતિ તો છે. પણ હજી રાગથી બરાબર પરિપૂર્ણતા છૂટીને નિવૃત્તિ થઈ નથી. એમ કહે છે. સમજાણું કાંઈ? '**ત્યાં સુધી કર્મ અને જ્ઞાનનું એકઠાપણું શાસ્ત્રમાં કહ્યું છે;...**' ત્યાં સુધી આત્મા પોતાના શુદ્ધ સ્વભાવ ને શ્રદ્ધા-જ્ઞાનને અને શાંતિપણે પણ થાય અને રાગપણે પણ હોય. એક સમયમાં બે દશા સાથે હોય. એમાં કાંઈ વિરોધ છે નહિ. સમજાણું કાંઈ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

ભાઈ! નિશ્ચય છે ને એટલે વ્યવહાર પણ છે કે નહિ હજી? એમ કહે (છે). એ વ્યવહારથી નિવર્ત્યો નથી. બરાબર નિવર્ત્યો નથી. અમુક .. બરાબર.. સાથે હોય છે. હોય છે તે? એ એનું કામ, આ આનું કામ. સમજાણું કાંઈ? સ્વભાવ પોતાનો જે જ્ઞાયક શુદ્ધ સ્વભાવ, એની અંતર દૃષ્ટિ, જ્ઞાનનું પરિણમન થતાં એ જ્ઞાન પુણ્ય-પાપના રુચિથી નિવર્ત્યું છે. સમજાણું? પણ હજી અસ્થિરતાનો ભાગ છે એનાથી નિવર્તીને વીતરાગતા પૂર્ણ થઈ નથી. સમજાણું?

'**ત્યાં સુધી કર્મ અને જ્ઞાનનું એકઠાપણું શાસ્ત્રમાં કહ્યું છે;...**' ત્યાં સુધી ભગવાન આત્મા પોતાના શુદ્ધ સ્વભાવની શ્રદ્ધા-જ્ઞાનની શાંતિપણે પણ પરિણમે, અવસ્થા નિર્મળ પણ હોય અને સાથે રાગનો ભાગ પણ હોય. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિનો વિકલ્પ પણ સાથે હો. પણ એ વિકલ્પ છે એ બંધનું કારણ છે. અને આત્માને આશ્રયે જેટલી દૃષ્ટિ, જ્ઞાન અને સ્થિરતા થઈ તેટલો મોક્ષનો માર્ગ છે. એકસાથે બે રહેવાને વિરોધ નથી.

'**તેમના એકઠા રહેવામાં કાંઈ પણ ક્ષતિ અર્થાત્ વિરોધ નથી.**' ક્ષતિ એટલે? વર્તમાનમાં એ રાગ હોય અને એની દશા સમ્યગ્દર્શન-જ્ઞાન અને ચારિત્રની ન રહે એમ નથી. સમજાણું કાંઈ? ભાઈ! આવો રાગ હોય અને વળી વીતરાગ પરિણતિ સાથે હોય. એમાં વાંધો શું છે તને? સાંભળને. પરિપૂર્ણ વીતરાગતા રાગથી ખસીને થઈ નથી એટલે જેટલે અંશે સ્વભાવના આશ્રયે નિર્મળ શ્રદ્ધા, જ્ઞાન અને સ્થિરતા એવું જ્ઞાનનું પરિણમન, એની સાથે રાગની નિવૃત્તિ પૂરી થઈ નથી એટલે રાગ ભાગ છે. એકઠાપણે રહેવાને એ રાગ છે માટે વર્તમાન દશાનો એ નાશ કરે છે એમ નથી. સમજાણું કાંઈ? આહાહા..! ધર્મી જીવને આત્માના શુદ્ધ સ્વભાવની અંતર આશ્રયે દૃષ્ટિ, જ્ઞાન અને એકાગ્રતા હોવા છતાં તે કાળમાં તેને રાગ પણ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, વિનય આદિનો ભાવ હોય છે. એ બેને એકઠા રહેવામાં કાંઈ ક્ષતિ-વિરોધ નથી. એ રાગ છે તો એની શુદ્ધ પરિણતિ વર્તમાન છે તેને નાશ કરે છે એમ નથી. સમજાણું કાંઈ?

'**પરંતુ અહીં એટલું વિશેષ જાણવું કે આત્મામાં અવશપણે (-જબરદસ્તીથી) જે કર્મ પ્રગટ થાય છે...**' એટલે કે જેને રાગ કરવાની રુચિ નથી. એમ. પણ કર્મમાં જોડાણથી નબળાઈને લઈને જેટલો રાગ પુણ્ય-પાપનો ભાવ થાય તે '**ઉદય થાય છે તે તો બંધનું કારણ થાય છે,...**' જેટલો કર્મના નિમિત્તના સંગે પડેલો પુણ્યભાવ રહેલો (છે), દયા, દાન, ભક્તિ, મુનિને પંચ મહાવ્રત, અઠ્યાવીશ મૂળગુણ, શ્રાવકના બાર વ્રત વિકલ્પ એ બધો ભાવ '**અવશપણે જે કર્મ પ્રગટ થાય છે...**' અવશ એટલે? રુચિ નથી અને પરને તાબે પુરુષાર્થ થઈને પ્રગટ થાય છે. '**તે તો બંધનું કારણ થાય છે,...**' લ્યો.

જેટલો દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો વિકલ્પ ઉઠે ધર્મીને, એ પણ બંધનું જ કારણ છે. અહીં તો સમ્યગ્દષ્ટિની વાત છે. ઓલા કેટલાક કહે છે ને? મિથ્યાદષ્ટિના શુભભાવ બંધનું કારણ છે. સમ્યગ્દષ્ટિના શુભભાવ બંધનું કારણ નથી. અહીં કહે છે કે બંધનું કારણ છે. સમ્યગ્દષ્ટિ હો કે મિથ્યાદષ્ટિ હો. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- જબરદસ્તી કીધું ને. રુચિ નથી માટે. રુચિ રાગની કરવાની નથી પણ નબળાઈને લઈને થાય એ જબરદસ્તીથી થાય એમ કહેવામાં આવે છે. આહાહા..!

છ ખંડના ધણી ચક્રવર્તી હોય, જેને અંતર મિથ્યાત્વ અને અનંતાનુબંધીનો નાશ થઈ આનંદ અને સ્વરૂપાચરણ દશા છે. વચમાં આવા શુભભાવ કે અશુભ આવ્યા વિના રહે નહિ. ભૂમિકા નબળી છે એટલે. એ આત્માને પ્રેમ નથી રાગનો. કરવા જેવો છે એમ રુચિ નથી. સારો છે એમ રુચિ નથી. પણ એ આવ્યા વિના, ભૂમિકાની યોગ્યતામાં આવ્યા વિના રહેતું નથી. પણ આવે તે બંધનું કારણ છે. આત્માને જરીએ સંવર અને નિર્જરાનું કારણ એ પુણ્ય-પરિણામ નથી. આહાહા..! ઘણી ગડ્યું ફેરવવી પડે. ગડ્યું ફેરવવી પડે. ત્યારે આ ગડ બેસે એવી છે. પ્રવિણભાઈ! એઈ..! પોપટભાઈ! તમારી ગડ્યું શું કહેવાય ઓલાની? .. અટલસ-અટલસ? અટલસ. એમ! સાટમ જુદું હશે? અહીં શી ખબર. પાટલા આવે છે ને પાટલા? આમ ખોલે ખોલે. એ પછી એ ગડી એને બેસાડતા આવડે. બીજો અણઘડ હોય તો બેસાડતા પણ ન આવડે. એમ આ ઊંધી ગડ બેઠી હોય એમાં સવળી ગડ બેસાડવી ભારે કઠણ પડે. આહાહા..! શું કહે છે આ તે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ કાપડની ન બેસાડી શકે રામજીભાઈથી ત્યાં. ત્યાં એં..એં.. થઈ જાય હાથ. પછી ઉભા રહે નહિ ત્યાં. એ કામ નહિ, અમારું કામ છે? ઝટ સંકેલો, ઝટ સંકેલો લ્યો. જમવાનું કહેવા આવ્યા હોય, લ્યોને. તમે ઝટ સંકેલો તો તમારી સાથે આવી શકું, લ્યો. પણ મને સંકેલતા જ આવડે નહિ શું કરવું? કહો, વજુભાઈ! આહાહા..!

એમ કહે છે કે અનાદિની જ્યાં રાગથી ધર્મ અને પુણ્ય માનીને બેઠો છે ને ગડમાં, એ ગડ એને ઉકેલવી ભારે કઠણ છે. શું છે આ તે? આવો ધર્મ કઈ જાતનો આ? ધર્મ કરવો હોય એને માટે. બાકી તો કરે છે ને, લહેર કરે છે ને રખડતો. રખડતા લહેર કરે છે. રખડવાની લહેર એટલે એ તો એમ જ માને છે કે મજા છે અમને. આહાહા..! નહોતો કહેતો? એક ફેરી કહેતો ઓલો વળોદવાળો. મહારાજ કહે છે કે આ સંસાર દુઃખ છે. પણ અમને તો કાંઈ દુઃખ લાગતું નથી. આ પાંચ-દસ હજાર રૂપિયા હોય, બસ્સે-પાંચસે હજાર-

બે હજારની પેદાશ થાતી હોય, આ પાંચસો-હજાર વધતા હોય. અત્યારે તો લાંબુ પૂછડું જોવે છે. પણ આ તો એ વખતે સાધારણ સંતોષમાં. બે હજાર રળતા હોય, હજારનો ખર્ચ હોય તો હજાર વધતા હોય તો બસ છે. થઈ રહ્યું. અમે આમાં દુઃખી ક્યાં છીએ? કહે. હવે સાંભળને! તને દુઃખની ખબર નથી. એ પરને આશ્રયે જે વૃત્તિ જે ઉઠે છે એ પોતે દુઃખ છે. દુઃખની ખબર વિના દુઃખી છું એમ ક્યાંથી તને ખબર પડે? સમજાણું કાંઈ? દુઃખના સ્વરૂપને જાણ્યા વિના. કો'ક માણસ કહે, ભાઈ! આને તું ઓળખે છે? કે ભાઈ! મને ખબર નથી. કેવા રંગનો છે ગોતી આવ જા. કેવા રંગનો છે એ મને ખબર નથી, કેવો લાંબો એ મને ખબર નથી, કઈ નાત છે એ મને ખબર નથી. હવે શી રીતે ઓળખીશ તું ત્યારે? એમ રાગ જે છે એ દુઃખરૂપ છે એના તને ભાન વિના દુઃખ તું માનીશ શી રીતે? મને કાંઈ દુઃખ લાગતું નથી. પણ તને ભાન જ નથી કે આ રાગ દુઃખ છે ઈ. સમજાણું કાંઈ? શરીર, વાણી, પ્રતિકૂળતા, નિર્ધનતા એ કોઈ દુઃખ છે જ નહિ. અંદરમાં વિકારની વૃત્તિઓ શુભ-અશુભ થાય એ પોતે દુઃખ છે. આહાહા..! ખબરું વિનાનો માની બેસે. કોણ ના પાડે છે એને? રખડે છે અનાદિથી. સમજાણું કાંઈ?

પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવની વાણીમાં એમ આવે છે, ભાઈ! જેટલો તારામાં પુણ્ય અને પાપનો વિકલ્પ ઉઠે એ બધું દુઃખરૂપ છે. તું દુઃખી નથી એમ માને છો તને ભાન નથી. ભાન નથી તને. અમે ક્યાં દુઃખી છીએ? ગાદલામાં સૂઈએ રેશમના. પુરણપોળીને ઘીમાં ઝબોળીને આપતા હોય, અંદર તપેલામાં ઘી હોય પાંચશેર એમાં. સાત આઠ પુરણપોળી ચડાવી જાય, માથે પતરવેલીયા ચડાવીને નિરાંતે.. આવા ઉનાળાના દિ' હોય અને સરબતી મલમલ ઓઢી ચારે કોર પંખા વાતા હોય અને સૂતો હોય. આમાં દુઃખ ક્યાં છે મારે? અરે..! મૂઢ સાંભળને! ઈચ્છા થાય એ દુઃખ છે.

મુમુક્ષુ :- આવી સુખની વ્યાખ્યા સાંભળીને...

ઉત્તર :- આવી સુખની વ્યાખ્યા સાંભળે. પતરવેલીયા, શીખંડ, પૂરી ધૂળમાંય નથી મફતનો. 'ક્યા ઈચ્છત ખોવત સબે, હૈ ઈચ્છા દુઃખમૂલ.' આવે છે કે નહિ? તમે તો બહુ કહ્યું હતું.. એને સમજતા નથી. એટલે કેટલાક કેવળી ઠરાવે છે. મોક્ષ ગયા છે એમ કહે છે. ભારે ગજબ!

મુમુક્ષુ :-

ઉત્તર :- પણ ભૂમિકા પ્રમાણે દશા હોય તો આ બધા મુનિઓ ખોટા પડે છે. એ તો કેવળ પામીને મોક્ષ ગયા છે. કેવળ હતું એમને. બીજો ભવ કરવો હતો ને? આ કહે છે ને 'તેથી દેહ એક ધારીને...' છેલ્લે એક મહિનો દૂધ પીધું હતું એટલે ભવ થઈ ગયો બીજો. આવા પણ ગપ્પા મારનારા. સમજાણું કાંઈ? ભૂમિકાની શું લાયકાત અને યોગ્યતા

છે એ સમજ્યા વિના (વાતું કરે).

અહીં તો એ બે વાત કરે છે કે ધર્મદશા હોય છતાં રાગ હોય છે હજી. પૂર્ણ દશા નથી થઈ ત્યાં સુધી આ વર્તમાન કાળમાં તો રાગ હોયા વિના રહે જ નહિ. સમજાણું કાંઈ? **'જે કર્મ પ્રગટ થાય અર્થાત્ ઉદય થાય છે તે તો બંધનું કારણ થાય છે,...'** ચાહે તો મુનિ કુંદકુંદાચાર્ય જેવા હોય પણ એને જેટલો પંચ મહાવ્રત આદિ શુભ વિકલ્પ ઉઠે છે એ બંધનું કારણ છે. સમજાણું કાંઈ? ગૃહસ્થાશ્રમમાં તો એ દશા ન હોય. ગૃહસ્થાશ્રમમાં તો ઘણો રાગ હોય છે. બે કષાયનો રાગ. ત્રણ કષાયનો રાગ. મુનિને તો એક સંજ્વલનનો રાગ (હોય છે). મહાદશા જેની અંતરમાં પૂર્ણ આનંદની ... પ્રચુર સ્વસંવેદનમાં. કેવળજ્ઞાનનો અભાવ વર્તે છે એટલે એમાં રાગ પંચ મહાવ્રત અને અઠ્યાવીશ મૂળગુણનો આવ્યા વિના રહે નહિ. પણ એ રાગ બંધનું કારણ છે એને પણ. એમ કુંદકુંદાચાર્ય પોતે કહે છે કે આ રાગ પણ બંધનું કારણ છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'અને મોક્ષનું કારણ તો, જે એક પરમ જ્ઞાન છે તે એક જ થાય છે-'** જુઓ! પાછી ભાષા જુઓ ભાઈ! એક જ છે, પાછા બે નહિ. **'જે એક પરમ જ્ઞાન છે...'** પરમજ્ઞાન સ્વરૂપ શુદ્ધ આનંદ, એનું જે જ્ઞાનનું શુદ્ધપણે પરિણમન શ્રદ્ધા જ્ઞાનનું (થવું), એ એક જ જ્ઞાન તે એક મોક્ષનું કારણ થાય છે. લ્યો, આમાં મોક્ષનું... સવારમાં આવ્યું હતું ને પ્રવચનસારમાં સજ્ઝાયમાં 'સુદ્ધસ્સ નિવાણ સુદ્ધસ્સ સાધુ' સુદ્ધસ્સ સમ્યગ્દર્શન, સુદ્ધસ્સ જ્ઞાન, સુદ્ધસ્સ ચારિત્ર, સુદ્ધસ્સ સાધુ, સુદ્ધસ્સ નિર્વાણ. શુભમાં નિર્વાણ થવાનું ક્યાંથી આવ્યું? સમજાણું કાંઈ?

**'જે એક પરમ જ્ઞાન છે તે એક જ થાય છે-'** છે ને? **'मोक्षाय स्थितमेकमेव परं ज्ञानं विमुक्तं स्वतः।'** **'स्थितमेकमेव'** એને? **'मेकमेव'** ભાષા જુઓ! મોક્ષને માટે તો આત્માનો જ્ઞાનસ્વભાવ જે શુદ્ધ પરિણમન થાય એ શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર એ એક જ મોક્ષનું કારણ છે. વળી ઓલો વિકલ્પ છે એ મોક્ષનું કારણ નથી, એ તો બંધનું કારણ છે. અને મોક્ષમાર્ગ બે છે એમ અજ્ઞાનીઓ સ્થાપે છે. સમજાણું કાંઈ? **'मोक्षाय स्थितमेकमेव'** **'मेकमेव'** એમ છે ને? નિશ્ચયથી એક જ છે. એક જ થાય છે. ભગવાન આત્મા પોતાના શુદ્ધ સ્વરૂપ ત્રિકાળી, એની શ્રદ્ધા જ્ઞાન અને ચારિત્રપણે, શુદ્ધપણે આત્મા પરિણમે એ એક જ મોક્ષનો માર્ગ છે. જેટલો વચ્ચે રાગ આવે એ પુણ્યબંધનું કારણ છે. એક સમયે બે હોય છે. રહેવામાં કાંઈ હરકત છે નહિ. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**જેઠ સુદ ૯, શુક્રવાર તા. ૧૬-૦૬-૧૯૬૭**
**શ્લોક-૧૧૦ થી ૧૧૨, પ્રવચન-૨૪૮**

સમયસાર. પુણ્ય-પાપ અધિકાર. ભાવાર્થ. ૧૧૦ કળશનો ભાવાર્થ છે ને?

'**ભાવાર્થ :- જ્યાં સુધી યથાખ્યાત ચારિત્ર થતું નથી...**' શું કહે છે? આત્મા પવિત્ર શુદ્ધ સ્વભાવ એવી દૃષ્ટિ થઈ, અનુભવ થયો અને જ્ઞાન થયું અને સ્વરૂપની સ્થિરતારૂપ શુદ્ધ ચારિત્રની પરિણતિ પણ થઈ. પણ જ્યાં સુધી યથાખ્યાત ચારિત્ર પૂર્ણ ન થાય '**ત્યાં સુધી સમ્યગ્દૃષ્ટિને બે ધારા રહે છે-**' પૂર્ણ શુદ્ધતા ન થાય ત્યારે ધર્મી જીવને બે પરિણતિ, બે દશા, બે પ્રકાર ધારા રહે છે. એક '**શુભાશુભ કર્મધારા...**' શુભાશુભ પરિણામની ધારા. શુભ અને અશુભભાવ પણ હોય અને જ્ઞાનધારા. આત્માના શુદ્ધ સ્વભાવની શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા એવી નિર્વિકલ્પ શુદ્ધ દશા એ જ્ઞાનધારા. શુદ્ધ દશા તે જ્ઞાનધારા અને પુણ્ય-પાપના પરિણામ તે કર્મધારા. એવી એક ક્ષણે બે ધારા હોય છે. પૂર્ણ શુદ્ધતા યથાખ્યાત ન થાય ત્યાં સુધી. સમજાણું કાંઈ?

'**તે બન્ને સાથે રહેવામાં કાંઈ પણ વિરોધ નથી.**' તે બે એકસાથે રહેવામાં શુદ્ધતા ન રહે અને રાગ છે માટે શુદ્ધતા ટકે નહિ એમ છે નહિ. અને શુદ્ધતા છે માટે રાગ ન હોય એમ પણ નથી. સમજાણું કાંઈ? સાધક છે. પોતાના શુદ્ધ સ્વભાવનું અવલંબન કરીને, પુણ્ય-પાપના રાગના વિકલ્પનું અવલંબન છોડીને શુદ્ધ સ્વભાવ પરમાત્મસ્વરૂપ જ્ઞાયક એનું અવલંબન લઈને શુદ્ધ શ્રદ્ધા-જ્ઞાન અને સ્વરૂપ સ્થિરતારૂપી શુદ્ધતા પ્રગટ થઈ છે. પણ પૂર્ણ શુદ્ધતા નથી એટલે સાથે પુણ્ય-પાપના ભાવ પણ હોય છે. એવું એક ક્ષણમાં બે ભાગ વિરોધી જેવું લાગે છતાં સાથે રહેવામાં વિરોધ નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- બહારમાં દાખલો તો હોય તો સમજાય.

ઉત્તર :- બહારમાં દાખલો આ શું. શુદ્ધતા પ્રગટે જેટલી એટલી અશુદ્ધતા રહે. પાણીમાં લ્યો મેલ. શુદ્ધતા જેટલી નિર્મળ થાય એટલે થોડી અશુદ્ધતા પણ રહે, પૂર્ણ નિર્મળ ન થાય ત્યાં સુધી. સોળ વલું સોનું. શુદ્ધ થતાં-થતાં પંદર વલું થયું. એક વલું કથિરનો ભાગ રહે અને પંદર વલું આ શુદ્ધ થાય. બે ભેગું છે એક સાથે. સમજાણું? પીપરનો દાખલો. ચોસઠ પહોરી તીખાશ છે એ ચોસઠ પહોરી પૂરી પ્રગટે નહિ ત્યાં સુધી ૬૦-૬૫-૭૦ કે ૫૦ એ શુદ્ધતા છે. બાકી બીજી કેટલીક તીખાશ છે અને બાકી બધી તીખાશનો અભાવ છે. એકસાથે બે રહે છે.

એમ આત્માનો સ્વભાવ સર્વજ્ઞ થવાનો, સર્વદર્શી થવાનો, પૂર્ણ આનંદ, પૂર્ણ વીર્ય એવી દશા થવાનો છે પણ એવી દશા થઈ નથી. પણ તે દશાનું અંતર જ્ઞાન, દર્શન અને ચારિત્ર થયું છે. એની સાથે પૂર્ણ ચારિત્ર નથી, થોડી ધારા રાગની પણ હોય છે. તો હો. સાધક છે ત્યાં બાધકપણું થોડું છે. એ સાધકપણાને બાધકપણું રોકતું નથી ઉઘડેલું (છે) એને. સમજાણું કાંઈ?

'**(જેમ મિથ્યાજ્ઞાનને અને સમ્યગ્જ્ઞાનને પરસ્પર વિરોધ છે...**' લ્યો, દાખલો. મિથ્યાજ્ઞાન અને સમ્યગ્જ્ઞાન એક સમયે બે એકસાથે ન રહી શકે. '**તેમ કર્મ સામાન્યને અને જ્ઞાનને વિરોધ નથી.**)' તેમ જ્ઞાન શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ, એની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા એ જ્ઞાન. એને જ્ઞાનદશા કહીએ. અને સાથે કર્મ સામાન્ય. સામાન્ય એટલે શુભ કે અશુભભાવ. એને વિરોધ નથી. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શન અને મિથ્યાદર્શન એકસાથે એને વિરોધ હોય કે ભાઈ! સમ્યગ્દર્શન હોય અને મિથ્યાદર્શન પણ હોય એમ ન હોય. સમ્યગ્જ્ઞાન પણ હોય અને મિથ્યાજ્ઞાન પણ હોય એમ ન હોય. પણ શુદ્ધતા ચારિત્રમાં ભેદ પડે. એમ કહે છે. દર્શન-જ્ઞાન તો સમ્યક્ થયા. એની સાથે મિથ્યાદર્શન-મિથ્યાજ્ઞાન ન હોય. પણ શુદ્ધતા ચારિત્રની થોડી પ્રગટી છે તો એની સાથે થોડી અશુદ્ધતા પણ હોય એમાં કાંઈ વિરોધ છે નહિ. કહો, સમજાણું?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સામાન્ય કીધું ને. સામાન્યપણે. પછી શુભ હો કે અશુભ હો. એમ. .. રહે. વિકાર રહે. સામાન્ય એટલે વિશેષ કર્મ એવું મિથ્યાત્વાદિ નથી. આવું કર્મ સામાન્ય છે રાગની મંદતાવાળું કે શુભાશુભ ધારાવાળું. વિશેષકર્મ મિથ્યાત્વનું સાથે છે એમ નથી.

'**તે સ્થિતિમાં કર્મ પોતાનું કાર્ય કરે છે...**' શુદ્ધ સ્વરૂપ ભગવાન આત્મા એની દૃષ્ટિ, જ્ઞાન અને લીનતા (થયા) એ પોતાની શુદ્ધતાનું કામ કરે. અને કર્મ એટલે રાગ, જેટલો રાગ છે તે પોતાનું કાર્ય કરે. બંધનું કારણ કરે. સમજાય છે? એમ નહિ કે આત્મજ્ઞાન થઈ ગયું એટલે એ વખતે કેવળજ્ઞાન થઈ ગયું એને. એને પૂર્ણ ચારિત્ર થઈ ગયું એમ છે નહિ. '**અને જ્ઞાન પોતાનું કાર્ય કરે છે.**' રાગ રાગનું કાર્ય કરે, ઉદય ઉદયનું કરે. શ્રેણિક રાજા લ્યો, ક્ષાયિક સમકિતી. મરવાનો ભાવ આવ્યો. દેહ છોડવાનો. એણે એનું કામ કર્યું. ક્ષાયિકે ક્ષાયિકનું કામ કર્યું. બે ભિન્ન કામ છે. દાખલો. ક્ષાયિક સમકિત છે. એની એ સમકિત દશા કેવળજ્ઞાનમાં લઈ જવાની છે. છતાં એ પ્રસંગ એમ બન્યો. એવો રાગ આવ્યો. છૂટવાનો તો એનો કાળ જ હતો. પણ એને આવ્યો રાગ. એ રાગે રાગનું કામ કર્યું. સમ્યગ્દર્શને સમ્યગ્દર્શનનું કામ કર્યું. એમાં કાંઈ બે કામમાં એક જણાએ વિરોધ કર્યો એમ છે નહિ. કહો, સમજાણું

આમાં?

'**જેટલા અંશે શુભાશુભ કર્મધારા છે...**' જુઓ! જેટલા અંશમાં શુભ અને અશુભ વિકાર છે '**તેટલા અંશે કર્મબંધ થાય છે...**' જુઓ! અહીં સમકિતીને પણ જેટલો શુભભાવ છે એટલું કર્મબંધ થાય છે. એમ ચોખવટ છે. શું કરે છે?

મુમુક્ષુ :- ...તે દિ' એમ કહેતા હતા કે સમકિતીને બંધ થાતો જ નથી.

ઉત્તર :- એ વળી દૃષ્ટિની અપેક્ષાએ વાત છે. એ તો દૃષ્ટિની અપેક્ષાએ એનું જોર જ્યારે લે ત્યારે બંધ થતો નથી. એ અપેક્ષા જુદી છે. અહીં તો સ્થિરતાની અપેક્ષાના ભાગ પાડીને બંધ થાય છે એમ વાત લીધી. સમ્યગ્દૃષ્ટિને આસ્રવ-બંધ છે જ નહિ. એમ નિરાસ્રવ આવશે આસ્રવ અધિકારમાં.

એ તો સમ્યગ્દર્શન આત્મા મુક્તસ્વરૂપ છે. તદ્દન મુક્ત છે એવું જ્યાં જ્ઞાનમાં ભાન થઈ ગયું. મુક્ત જ છે. અલ્પ કોઈ રાગાદિ છે એનાથી પણ સ્વભાવ અને સ્વભાવની દૃષ્ટિ તે રાગથી મુક્ત છે. સમજાણું કાંઈ? સ્વભાવ ત્રિકાળ એ પણ મુક્ત છે અને એની દૃષ્ટિ થઈને જેટલું જ્ઞાન યથાર્થ થયું એ પણ એનાથી તો મુક્ત જ છે. એ ધારા જુદી છે. એમ. બંધધારામાં બંધ જાય. મુક્તધારામાં મુક્ત છે. અહીં બેને એક સાથે રહેવામાં વિરોધ નથી. ચારિત્રમાં અપૂર્ણતા છે માટે. સમજાણું કાંઈ?

... ચારિત્ર તો સ્વરૂપ આત્મા શુદ્ધ આનંદ એમાં ચરવું, રમવું, લીન થવું. ચરવું એવો આનંદ સ્વભાવ ભગવાન આત્મા એમાં રમવું આનંદમાં. એવું જે વર્તમાન ચારિત્ર અકષાયભાવ, તે મોક્ષના કારણરૂપ પર્યાય અથવા સ્વભાવ છે. તેને રોકનારો કષાય છે. એ દયા, દાન, વ્રત પરિણામ જે વિકલ્પ ઉઠ્યા એ કષાય છે. એ અકષાય ચારિત્રથી વિપરીતભાવ છે એમ કહે છે. .. દાખલો પછી ગમે તે લ્યો. સમજાણું કાંઈ?

સમ્યગ્દૃષ્ટિ... કીધું ને? સવારમાં નહોતું આવ્યું? લડાઈમાં ઊભો હોય. રાજકુમાર. ચરમશરીરી હોય. પણ વર્તમાનમાં આવી ચારિત્રધારા સ્થિર નથી. દૃષ્ટિમાં આત્મા મુક્તસ્વરૂપ છે. તે જ્ઞાનસ્વરૂપ તે મુક્ત જ છે. એવું ભાન હોવા છતાં સ્વરૂપની સ્થિરતાની નબળાઈને લઈને રાગ શુભ-અશુભ આવે. એ બંધનું કારણ છે. જેટલી સ્વભાવને આશ્રયે, શુદ્ધ સ્વભાવને આશ્રયે શુદ્ધતા પ્રગટી છે એ સંવર-નિર્જરા છે. એક સાથે સંવર-નિર્જરા, પુણ્ય-પાપ, આસ્રવ-બંધ, .. એમ કહે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ તો બહુ સાધારણ વાત છે આમાં કાંઈ...

વસ્તુ છે કે નહિ આખી ચીજ? ચૈતન્ય જ્ઞાનસ્વરૂપ એવો આત્મા પરમાનંદની મૂર્તિ વસ્તુ

શુદ્ધ. એનું અંતર ભાન થયું. ભાન નહોતું ત્યારે મિથ્યાદર્શન, એકલું મિથ્યાજ્ઞાન અને મિથ્યાદર્શન હતું. એકલી કર્મધારા. પણ જ્યાં આત્મા શુદ્ધ ચૈતન્ય, એની દૃષ્ટિનું ભાન થયું ત્યારે જ્ઞાનધારા એટલે આત્માની શુદ્ધ ધારા અને રાગ બાકી રહ્યો એટલો પ્રમાદધારા, વિકારધારા, કર્મધારા (રહી). બેય સાથે હોય છે. એ અમારા મગનભાઈનો ઘણા વખતનો પ્રશ્ન હતો. .. આમ છે.. એઈ..! આવું ક્ષાયિક સમકિત અને આ શું? એટલી શ્રદ્ધામાં કચાશ છે? એમ. ના. ક્ષાયિક સમકિત હોય. સમ્યક્ પૂર્ણ શુદ્ધતાની પ્રતીત નિર્વિકલ્પ તદ્દન થઈ ગઈ. એને .. જરીએ રહ્યો નહિ. પણ સાથે રાગ છે ને? .. છે કે નહિ ચારિત્રગુણ? સ્વરૂપમાં સ્થિરતાનો અંશ જેટલો પ્રગટ્યો એટલો સંવર-નિર્જરા. જેટલો રાગ બાકી રહ્યો શુભાશુભ બેય. એ કર્મધારા. મિથ્યાત્વ સાથે હોય અને અજ્ઞાન હોય અને આત્માને જ્ઞાન સમ્યગ્દર્શન હોય એમ ન હોય. સમજાણું કાંઈ? પણ આત્માની શુદ્ધતા, એનું ભાન, એનું જ્ઞાન, એની પ્રતીતિ, એની સાથે નબળાઈનો ચારિત્રદોષ રાગનો પુણ્ય-પાપનો હોય છે. જેટલે અંશે પુણ્ય-પાપના વિકલ્પો ઉઠ્યા એટલે અંશે બંધ છે. જેટલે અંશે આત્માને આશ્રયે શુદ્ધતા પ્રગટી એટલે અંશે સંવર-નિર્જરા છે. નહિતર સંવર-નિર્જરા એકસાથે સિદ્ધ નહિ થાય. કહો, સમજાણું? ચોથે, પાંચમે, છઠ્ઠે સંવર-નિર્જરા પણ છે, આસ્રવ પણ છે અને બંધ પણ છે. થઈ રહ્યું? બંધ રહિત થઈ ગયો? સમજાણું કાંઈ?

'**જેટલા અંશે જ્ઞાનધારા છે તેટલા અંશે કર્મનો નાશ થતો જાય છે.**' કહો, સમજાણું? સ્વભાવનો જેટલો સ્પર્શ થયો છે એટલી તો શુદ્ધતા પ્રગટી. એનાથી તો સંવર અને કર્મનો નાશ નિર્જરા લીધી. સમજાણું? અને જેટલા અંશે રાગ બાકી રહ્યો એટલે અંશે બંધ છે. સમજાણું કાંઈ? '**વિષય-કષાયના વિકલ્પો કે વ્રત નિયમના વિકલ્પો-**' છે ઓલામાં? જયસેનાચાર્યમાં નહિ હોય. ... કળશટીકામાં તો બધું નાખ્યું છે ઘણું. એ ક્યાં માન્ય રાખે છે? વિચાર કરવો એ વિકલ્પ રાગ છે. સ્મરણ કરવું ભગવાનનું એ રાગ છે. બંધનું કારણ છે. આહાહા..! રાડ નાખી જાય બધા. સમજાણું કાંઈ? આવે છે ને એમાં? .. મોટા કળશ આખા આણે તો મોટો ભર્યો છે. મેં વાંચ્યો હતો. આગ્રા. જુઓ! (કલશટીકા-૧૧૦) એમાં લખ્યું છે, જુઓ!

'**ત્યાં સમાધાન આમ છે-જેટલી શુભ-અશુભ ક્રિયા, બહિર્જલ્પરૂપ વિકલ્પ, અંતર્જલ્પરૂપ અથવા દ્રવ્યોના વિચારરૂપ અથવા શુદ્ધ સ્વરૂપનો વિચાર ઈત્યાદિ સમસ્ત, કર્મબંધનું કારણ છે. આવી ક્રિયાનો આવો જ સ્વભાવ છે. સમ્યગ્દષ્ટિ-મિથ્યાદષ્ટિનો હવે ભેદ તો કાંઈ નથી.**' સમ્યગ્દષ્ટિના શુભ વિકલ્પ કાંઈક લાભ કરે અને ઓલાને નુકસાન કરે એમ કાંઈ છે નહિ. બેયને બંધનું કારણ છે. એવો ખુલાસો મૂક્યો છે. લ્યો સમજાણું?

સહારો કોનો? '**એવા કરતૂતથી (કૃત્યથી) એવો બંધ છે. શુદ્ધસ્વરૂપ પરિણમનમાત્રથી મોક્ષ છે. જોકે એક જ કાળમાં સમ્યગ્દૃષ્ટિ જીવને શુદ્ધ જ્ઞાન પણ છે, ક્રિયારૂપ પરિણામ પણ છે, તોપણ ક્રિયારૂપ છે જે પરિણામ તેનાથી એકલો બંધ થાય છે, કર્મનો ક્ષય એક અંશમાત્ર પણ થતો નથી. આવું વસ્તુનું સ્વરૂપ છે, સહારો કોનો?**' એમાં સહારો-મદદ કોની? એમાં ટેકો કોનો, વસ્તુ જ આવી છે ત્યાં? એમ કહે છે. કહો, સમજાણુ?

'**તે જ કાળે શુદ્ધસ્વરૂપ-અનુભવ-જ્ઞાન પણ છે, તે જ કાળે જ્ઞાનથી કર્મક્ષય થાય છે, એક અંશમાત્ર પણ બંધ થતો નથી. વસ્તુનું એવું સ્વરૂપ છે. આવું જેમ છે તેમ કહે છે.**' સમજાણું? '**પરંતુ એક વિશેષ-કોઈપણ હાનિ નથી. એક જીવમાં એક જ કાળે જ્ઞાન-ક્રિયા બંને કઈ રીતે હોય છે? સમાધાન આમ છે કે-વિરૂદ્ધ તો કાંઈ નથી. કેટલાક કાળ સુધી બંને હોય છે, એવો જ વસ્તુનો પરિણામ છે; પરંતુ વિરોધી જેવા લાગે છે, છતાં પણ પોતપોતાના સ્વરૂપે છે, વિરોધ તો કરતાં નથી.**' સમજાણું? ઘણું લાંબુ લખ્યું છે. '**દ્રવ્યરૂપ-ભાવરૂપ, અંતર્જલ્પ-બહિર્જલ્પ, સૂક્ષ્મ-સ્થૂળરૂપ ક્રિયા, સમ્યગ્દૃષ્ટિ પુરુષ સર્વથા ક્રિયાથી વિરક્ત હોવા છતાં...**' વિરક્ત હોવા છતાં. દૃષ્ટિમાં અને જ્ઞાનમાં એનો આદર નથી. વસ્તુમાં અને વસ્તુની દૃષ્ટિમાં એ રાગ ભેગો આવતો નથી, ભેગો ભળતો નથી. સમજાણું કાંઈ? '**ચારિત્રમોહના ઉદય બળાત્કારે થાય છે.**' લ્યો. હોય છે, એમાં શું થયું? સહારો કોનો? સમજાણું? '**આમ જ છે, સંદેહ કરવો નહિ.**' આમ જ છે, સંદેહ કરવો નહિ. રાડ નાખે. એઈ..!

એ તો કહે વ્રત બધા ચારિત્ર છે. વ્રત ચારિત્ર. હમણાં પુરુષાર્થસિદ્ધિમાં નહોતું આવ્યું? ચારિત્રના બે ભેદ. સર્વવિરતીને એ નાખ્યું છે. એવા દાખલા વીરસેનસ્વામીના ને ધવલના બધા નાખ્યા છે. અરે..! ભાઈ! સાંભળને! એ તો એ વખતે ચારિત્રની નિર્મળતા વખતે એના વિકલ્પની જાત કેવી હોય એ સમજાવ્યું છે. સમજાણું કાંઈ? ચારિત્ર (એટલે) આ કરું અને આ મૂકું એ ચારિત્ર છે? ચારિત્ર તો સ્વરૂપમાં નિરપેક્ષ રાગની અપેક્ષા વિના સ્વરૂપમાં શાંતિની જમવટ થઈ જવી એનું નામ ચારિત્ર છે. ચારિત્ર તે કાંઈ મહાવ્રતના વિકલ્પમાં ચારિત્ર એ તો હિંસા છે. વ્રતનો વિકલ્પ એ હિંસા છે. હિંસા એ ચારિત્ર હશે? છે.. છે.. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો બધા જઈ આવ્યા ને બહાર. હવે શું છે? જઈ આવ્યા. જાતે જઈ આવ્યા છે ને. ... હવે નીકળી ગયા એમાંથી. બધે જઈ આવ્યા. બધા રાડ્યું પાડતા હતા ત્યાં જઈ આવ્યા એની સામે. રાજેશ ઓલો હતો. રાજેનકુમાર એને ઘરે જઈ આવ્યા એની

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પાસે. હતો ત્યાં સવારે જઈ આવ્યા અને સાંજે જઈ આવ્યા એની પાસે. કહે છે કે કોણ છો તમે? કહે, હું રાજન છું. રાજેન્દ્રકુમાર. હા. બરાબર. મેં કીધું, અવસ્થા થઈ ગઈ. શરીર-બરીર ફરી ગયું બરાબર. શું છે પણ હવે? અહીં તે કોણ તને જવાબ આપે છે? કાગળ લખ્યો હતો. એને એમ કે કાંઈક બોલે છે. અહીં શું બોલે? દિલ્હી-દિલ્હી.

કલકત્તામાં તો કાંઈ કોઈ વાત પણ નહોતી. એ તો પાછળથી બધા ઓલા લખ્યા હશે ચોપાનિયા-ફરફરીયા. ત્યાં તો પોતે ગજરાજ ઊભા થઈને, પહેલે દિ' ઊભો થઈને સ્વાગત અધ્યક્ષ.. કુંદકુંદાચાર્ય મહારાજ કહે છે તે જ મહારાજનું બેય એક જ છે. પહેલું જ તે ભાષણ કર્યું. ઓલો ગજરાજ છે. સિંહ જેવો છે ને? હમણાં વચ્ચે છોકરો આવ્યો, વ્યવહાર તે ઉપચાર છે. સમ્મેદશિખરમાં કહ્યું જ્યારે ચર્ચા થઈ ત્યારે. મેં કીધું, રાખ્યું લાગે છે. વ્યવહાર-ફ્યવહાર તે ઉપચાર છે. સાચી વાત, ભાઈ! પન્નાલાલ છે ને. બેય વ્યાખ્યાનમાં આવતા. એમાં કાંઈ નહિ. બધા ટેં.. ટેં.. કર્યા કરે. એ બહારથી કર્યા કરે પણ સીધી વાતમાં કોઈ આવે નહિ સામા. કર્યા કરે. એ તો હોય. અને એને જે ન બેસે શું કરે?

આ વાત તદ્દન નિરપેક્ષ ભગવાન આત્મા, જેના સમ્યગ્દર્શનમાં કોઈ રાગની અપેક્ષા નથી. સમજાણું? જેની સ્વરૂપની રમણતામાં પણ પાંચ મહાવ્રતના વિકલ્પની અપેક્ષા નથી એને ચારિત્ર કહેવાય. .. અપેક્ષા ભાવ આવે એ બધું પુણ્યબંધનું કારણ છે. ભગવાનને હોય તો એ છે અને કુંદકુંદાચાર્યને હોય અને બધાને એ હોય છે. લ્યો. કહો, સમજાણું કાંઈ? જેટલો સ્વદ્રવ્ય આશ્રયે ઠર્યો એ શાંતિ. એટલા સંવર-નિર્જરા. જેટલી પરદ્રવ્ય ઉપર લક્ષ જઈને વૃત્તિ ઉઠી એ બધું બંધનું કારણ છે. 'એક હોય ત્રણ કાળમાં પરમાર્થનો પંથ.' એમાં કાંઈ બીજું થાય એવું નથી.

કહે છે, '**જેટલા અંશે જ્ઞાનધારા છે તેટલા અંશે કર્મનો નાશ થતો જાય છે. વિષય-કષાયના વિકલ્પો કે વ્રતનિયમના વિકલ્પો-...**' લ્યો, ઠીક! શુભ-અશુભ બે નાખ્યા. '**શુદ્ધ સ્વરૂપનો વિચાર સુદ્ધાં-કર્મબંધનું કારણ છે;...**' એ નાખ્યું એમાં. શુદ્ધ ચૈતન્ય છું એવો વિકલ્પ ઉઠે. આ શુદ્ધ છું, આ શુદ્ધ છું એવો વિકલ્પ ઉઠે એ બંધનું કારણ છે, પુણ્યભાવ છે એ, ધર્મભાવ નહિ. સમજાણું કાંઈ? '**શુદ્ધ પરિણતિરૂપ જ્ઞાનધારા જ મોક્ષનું કારણ છે.**' એક ભગવાન આત્મા. અરે..! એને પણ જોવે, નવરો થઈને જોવે તે ખરો કે આ તે શું છે? એને જોવું નથી, જાણવું નથી એમાં શું છે માલ-તાકાત એને તપાસવી નથી. એમ ને એમ ઉપરને ઉપર ચાલ્યું જાવું છે. ઉપર જેટલા પરલક્ષી ભાવ હોય શુભ હોય કે અશુભ બધું બંધનું કારણ છે.

અંતર આત્મ અવલોકન અને આત્માની અંતર પ્રતીત અને આત્મામાં અંતરમાં આત્મામાં

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

રમણતા, એટલી શુદ્ધ પરિણતિ એક જ જ્ઞાનધારા મોક્ષનું કારણ છે. લ્યો. બાકી કોઈ સંવર-નિર્જરા બીજું કારણ હોઈ શકતું નથી. ખુબ ખુલાસો કર્યો છે કળશટીકાએ. અસ્તિ-નાસ્તિ કરી. શુભ પરિણામ બિલકુલ સંવર, નિર્જરાનું કારણ નથી અને શુદ્ધ પરિણામ બિલકુલ બંધનું કારણ નથી. નિર્જરાનું કારણ છે અને બંધનું કારણ નથી. શુભ પરિણામ બંધનું કારણ છે અને નિર્જરાનું કારણ નથી. એમ સિદ્ધ કર્યું છે. પણ ન હોય તો ન્યાયથી તો સિદ્ધ થાય છે ને. લખાણમાં એક કોર રહ્યું.

સ્વદ્રવ્ય ચૈતન્ય ભગવાન પૂર્ણ શુદ્ધ સ્વરૂપ છે, એની તળેટીએ ચડ્યો અંદર, એમાં ગયો એટલો એકાગ્ર થયો એટલી શુદ્ધતા. જેટલો બહારમાં વિકલ્પ ભટકે એટલો બંધ. કારણ કે એ વિકલ્પ પણ છોડીને સ્થિર થાશે ત્યારે એને પૂર્ણ ચારિત્ર થશે. ત્યારે અબંધ પરિણામ પૂર્ણ પ્રગટશે. અબંધ એટલે મોક્ષ. કહો, સમજાણું આમાં? આહાહા..! અરે..! વખત ચાલ્યા જાય છે કાળ જુઓને! સમય સમય જે મળ્યો આયુષ્યનો. એ સ્થિતિ હવે કાંઈ વધવાની છે? કોને માટે? આ શું કરે છે? સમજાય છે? જે આયુષ્ય લઈને આવ્યો એ તો સમયે સમયે ઘટતું જાય છે. મૃત્યુની સમીપમાં દેહ છે. એમાં ક્યાંય લાખ ઈન્દ્રો ઉતારે તો કાંઈ બીજું ફરે એવું નથી. હવે એમાં આ કરવા જેવું એની તું શ્રદ્ધા તો કર. શ્રદ્ધા તો કર કે સ્વભાવનો આશ્રય કરું એટલો જ લાભ. એવી શ્રદ્ધા બાંધ્યા વિના સ્વભાવ તરફ વીર્ય ઢળશે અને વળશે નહિ. સમજાણું કાંઈ? બીજાનું માન રાખશે, જ્યાં સુધી રાગનું માન રાખશે ત્યાં સુધી એને છોડશે શી રીતે?

**'હવે કર્મ અને જ્ઞાનનો નયવિભાગ બતાવે છે :-'**

**मग्राः कर्मनयावलम्बनपरा ज्ञानं न जानन्ति यन्-**
**मग्रा ज्ञाननयैषिणोऽपि यदतिस्वच्छन्दमन्दोद्यमाः।**
**विश्वस्योपरि ते तरन्ति सततं ज्ञानं भवन्तः स्वयं**
**ये कुर्वन्त न कर्म जातु न वशं यान्ति प्रमादस्य च।।१११।।**

'**यदतिस्वच्छन्दमन्दोद्यमाः**' એવો શબ્દ લીધો છે. સમજાણું ને? જુઓ! '**जातु**' શબ્દ આવ્યો. '**जातु**' શબ્દ ઘણે ઠેકાણે આવે છે, હોં!

'**શ્લોકાર્થ :- કર્મનયના આલંબનમાં તત્પર (અર્થાત્ કર્મનયના પક્ષપાતી)...**' તત્પર શબ્દ વાપર્યો છે ને? એ દયા, દાન, વ્રત, ભક્તિના શુભરાગનો તત્પર પક્ષી જે છે, એ કર્મનયના આલંબન-રાગના આલંબનમાં તત્પર જે છે એ '**પુરુષો ડૂબેલા છે...**' સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ઉત્તર :- હા. ઈ કહે છે. એકલા વ્યવહારનયની ક્રિયાકાંડમાં જે પડ્યા તત્પર એ ડૂબેલા છે. એકલા નિશ્ચયમાં પડ્યા છે ભાન વિનાના એ પણ ડૂબેલા છે એમ કહે છે. આહાહા..! ઓલું આવી ગયું નહિ? પુરુષાર્થસિદ્ધિ ઉપાયમાં આવી ગયું. એક ગાથામાં બેય. બેય આવ્યું હતું. નિશ્ચય અવબુધમાણો.

'**કારણ કે તેઓ જ્ઞાનને જાણતા નથી.**' શુભ વિકલ્પ, દયા, દાન, વ્રત, ભક્તિ, તપ બસ! એ..એ.. એમાં તત્પર... તત્પર... તત્પર... પણ એના રહિત મારી ચીજ શું છે એને જાણવાનો પ્રયત્ન અને પુરુષાર્થ કરતા નથી. આખો દિ' આ કરું.. આ કરું... ઓલા કહેતા હતા ને. ઉપધાન કરે ને ૪૫ દિ'ના. કેટલા તો ઓલા આવે કહે. એ ભાઈ કહેતા હતા. કરેલા ખરાને આ જેઠાભાઈએ. જેઠાભાઈએ બહુ કર્યા. આખો દિ' નવરાશ ન મળે. કેટલી માળા ગણવી જોઈએ, કેટલા ઉઠ-બેસ કરે. એમાં વખત ચાલ્યો જાય. વાંચવાનો વખત પણ ન મળે. એને ઉપધાન કર્યા કહેવાય. ૫૦૦-૧૦૦૦ જોડી ભેગા થયા ત્યારે તો... ઓહોહો..! એમની નિશ્રામાં આટલા થયા. બહુ ધર્મધ્યાન થયું. કર્મધ્યાન થયું.

એ શુભ વિકલ્પમાં જે તત્પર છે, તત્પર... જ્ઞાનીને રાગ હોય છે પણ એમાં તત્પર નથી. એને જાણે છે કે આ નબળાઈને લઈને આ આવે છે. તે '**પુરુષો ડૂબેલા છે કારણ કે તેઓ...**' જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા જ્ઞાયકભાવવાળું તત્ત્વ ભગવાન સ્વરૂપ જે સત્‌નું સત્ત્વ, એને બિલકુલ અંતરમાં, દૃષ્ટિમાં જાણતા નથી.

'**જ્ઞાનયના ઈચ્છક (અર્થાત્ પક્ષપાતી)...**' જાણપણાના પક્ષપાતી. એકલા જાણપણાના ઉઘાડના પક્ષપાતી '**પુરુષો પણ ડૂબેલા છે...**' ઓલા રાગની ક્રિયામાં ડૂબ્યા છે, ત્યારે બીજા જાણપણાના બોલમાં ઉઘાડ થયો જાણપણાનો, બસ, આપણને થઈ ગયું જ્ઞાન. જાણપણાના ઉઘાડ થઈ ગયા બોલવાના, ચાલવાના, .. દેતા આવડે તો આપણને જ્ઞાન થઈ ગયું. એમ માનનારા એ ડૂબેલા છે, કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? '**જ્ઞાનનયના ઈચ્છક...**' હોં! વસ્તુ થઈ નથી તેથી ઈચ્છક. ઓલામાં તત્પર લીધું, આમાં ઈચ્છક લીધું. '**ज्ञाननयैषिणोऽपि**' એમ છે ને મૂળ તો. ઓલામાં આલંબનપરા (હતું). જ્ઞાનનયના ઈચ્છક પક્ષપાતવાળા ડૂબેલા.

'**કારણ કે તેઓ સ્વચ્છંદથી અતિ મંદ-ઉદ્યમી છે (સ્વરૂપપ્રાપ્તિનો પુરુષાર્થ કરતા નથી, પ્રમાદી છે અને વિષયકષાયમાં વર્તે છે).**' ખાવા-પીવા પુરુષાર્થ, વિષય, અશુભભાવ તીવ્ર-મંદ. પણ અંતર આત્મા શુદ્ધ ચૈતન્ય તરફનો પ્રયત્ન, વિચાર, મંથન પણ કરતા નથી. '**સ્વચ્છંદથી અતિ મંદ-ઉદ્યમી છે (સ્વરૂપપ્રાપ્તિનો પુરુષાર્થ કરતા નથી, પ્રમાદી છે અને વિષયકષાયમાં વર્તે છે). તે જીવો વિશ્વના ઉપર તરે છે...**' ત્રીજો બોલ. એ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

જીવ એનું તરવું થાય છે. કોનું?

**‘કે જેઓ પોતે નિરંતર જ્ઞાનરૂપ થતા-પરિણમતા થકા કર્મ કરતા નથી...’** શુદ્ધ જ્ઞાન સ્વરૂપમાં શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિપણે પરિણમતા કર્મ કરતા નથી. રાગનું કાર્ય મારું એમ કરતા નથી. **‘તેમ ક્યારેય પ્રમાદને વશ પણ થતા નથી...’** રાગ કરતા નથી અને પ્રમાદને વશ થતા નથી. સમજાણું કાંઈ? થાવું હોય ઈ થાય. આપણે તો જ્ઞાન છે, જાણપણું છે. પછી હવે ગમે તે આચરણ થાવ, ગમે તે ભાવ આવો. અમારે શું છે? એ અજ્ઞાની છે. એને આત્માના શુદ્ધ સ્વભાવ તરફ વિચારવાનો કે એકાગ્ર થવાનો પ્રયત્ન કરવાનો અવસર લેતા નથી. એમાં ને એમાં જ્ઞાનની વાતુંમાં અને જ્ઞાનના ઉઘાડમાં ડૂબી ગયેલા છે. કહો, સમજાણું? **‘(-સ્વરૂપમાં ઉદ્યમી રહે છે).’** ધર્મી જીવ રાગ કરતા નથી તેમ પ્રમાદી પણ થતાં નથી. સ્વરૂપ તરફનો ઉદ્યમી, વલણ સદા રહ્યા કરે છે.

**‘ભાવાર્થ :- અહીં સર્વથા એકાંત અભિપ્રાયનો નિષેધ કર્યો છે કારણ કે સર્વથા એકાંત અભિપ્રાય જ મિથ્યાત્વ છે.’**

**‘કેટલાક લોકો પરમાર્થભૂત જ્ઞાનસ્વરૂપ આત્માને તો જાણતા નથી...’** ભગવાન આત્મા શુદ્ધ પવિત્ર રાગથી રહિત નિષ્ક્રિય વસ્તુ, એવું ભગવાન સ્વરૂપ એવા આત્માને તો જાણતા નથી. **‘અને વ્યવહાર દર્શન-જ્ઞાનચારિત્રરૂપ ક્રિયાકાંડના આડંબરને મોક્ષનું કારણ જાણી...’** લ્યો! વ્યવહાર દર્શન-જ્ઞાન-ચારિત્ર ક્રિયાકાંડના આડંબર. વ્યવહાર સમકિત, વ્યવહાર જ્ઞાન અને વ્યવહાર રાગ. ઓલા કહે કે ના, એ વ્યવહાર દર્શન-જ્ઞાન-ચારિત્ર છે એ મોક્ષનો જ માર્ગ છે. કહો, વળી ઈ કહે છે. શું થાય? એની એ વાતું કર્યા કરે. જ્યાં-ત્યાં મહાવ્રત ચારિત્ર છે. સામાયિકના ભેદ છે ને? ભેદ અઠ્યાવીશ છેદો.. ચારિત્ર કહ્યું છે માટે. સામાયિકના ભેદ પણ ચારિત્ર છે. એવું જ્યાં જ્યાં આવે ને ત્યાં ત્યાં... બૃહદ દ્રવ્યસંગ્રહમાં આવે છે ને સંવરના ભેદ? સંવરના ભેદ આવે છે. જે સંવરના વિકલ્પો એ બધા ભેદ છે એ ચારિત્ર છે. એમ કરીને નાખે છે. અરે..! ભગવાન! ભાઈ! અને કષ્ટ છે. અજીતકુમાર એમ કહેતા. બાપુ! એ આચરણ કરવા એ કષ્ટ છે, મહાદુઃખદાયક છે. એમ લખે. માટે એને કાઢી નાખે છે. કરવા નથી (કેમ કે) કષ્ટદાયક છે.

પૂજ્યપાદસ્વામીનો દાખલો આપે છે. દુઃખેથી કર્યું હોય તો પછી રોગ આવે તો એને સહન કરવાની શક્તિ જાગે. આવે છે ને? દુઃખેન.. આવે છે ને? ભાઈ! શું આવે છે? એઈ..! દુઃખેથી આવે છે. દુઃખના કાળમાં દુઃખેથી આચરણ કર્યું હોય તો પછી કામ આવે. કઈ અપેક્ષાએ? પહેલેથી સહન કરવાની શક્તિ જગાડી એમ કહે છે. દુઃખેથી એટલે? દુઃખ કરવું એ તો રાગ અને કષ્ટ છે. એમ કે પહેલેથી અંદરમાં સહનશક્તિ કેળવવી કે જેથી પ્રતિકૂળતાના

પ્રસંગે તે સહનશક્તિ કામ આવે. એમ. જેને સહનશક્તિ સ્વભાવમાં પ્રગટી નથી અને એકદમ પ્રતિકૂળતા આવી પડશે; શરીરમાં રોગ, ક્ષુધા, તૃષા, આઠ-આઠ દિ' પંદર-પંદર દિ' પાણીનું બિંદુ આહાર ન લેવાય. આહાહા..! સમજાણું? આહાર ઉતરે નહિ ગળે, ક્ષુધાનો પાર નહિ. અહીં થઈ જાય કેન્સર, કાણા પડે, અંદર જરી શરીરમાં તાકાત હોય. પાણી ઉતરે નહિ. પાણી જાય ત્યાં રાડ નાખે અંદરથી. આળું આળું થઈ ગયું હોય. આળાને હિન્દીમાં શું કહે છે? છે કોઈ હિન્દી નથી? આ એક જ છે એને ખબર નહિ હોય. આળુ-આળું હોય ને અંદર થઈ જાય. શરીર એવું ઓલું થઈ જાય ને. આ ભાઈને થયું હતું આપણે. શિવલાલભાઈને. શિવલાલ ટપુ. એને બિચારાને આવું કાણું પડ્યું મોટું.

મુમુક્ષુ :- કેન્સર છે.

ઉત્તર :- કેન્સર છે. પણ સાંભળવા બરાબર આખો દિ' એમ જ કર્યા કરે. હોય તે શું છે? અને એમાં એવું આળું હોય અંદર. અને અહીં થયું હોય બરાબર. શરીર સારું બધું હોય અને અહીં થયું હોય અને એ ત્યાં પાછું સડ્યું હોય. પાણી અડે ત્યાં.. ટાઢું અડે તો પણ થાય, ઊનું અડે તો પણ થાય. હાય.. હાય..! પંદર પંદર દિ', મહિના-મહિના ચાલવું એ વખતે પહેલેથી સહન કરી લે, શાંતિ જ્ઞાન દર્શન અને સ્વભાવથી. તો એ વખતે તને કામ આવશે. એમ કહેવું છે. સમજાણું કાંઈ? વૃદ્ધા (અવસ્થા) આવશે, ઈન્દ્રિયો હીણી પડશે. જરા ઈન્દ્રિયો, જરા જાવ ન પીલેઈ વાયે જાવ... શરીર મોળા પડી જશે, ઈન્દ્રિયો કામ નહિ કરે. પગ ફરશે નહિ. આહાહા..! જુઓને! વચ્છરાજજી પડી ગયા છે ભાઈ! પડી ગયા છે તો એક ટાંગો ઊંચો (રાખવો પડે છે). મગનભાઈને કર્યું હતું? તમારે કર્યું હતું ને? ખીલો મારીને પગ. હરગોવિંદભાઈને કર્યું હતું. ખબર છે. બેય ડોક્ટર છે. આને ૧૪-૧૫ દિ' થયા આમ પગ ઊંચો (રાખે છે). હમણાં પડી ગયા. કહો, હવે મોટો કરોડપતિ માણસ. પાછો ફર્યો સાથે સાથે.. ક્યાંક પડી ગયા. બહુ ઉતાવળા ચાલતા હતા. એ તો થવાનું હોય એ (થાય). હાડકું ભાંગી ગયું હતું. કેટલે દિ'એ .. ખબર પડી. આ મોટો કરોડપતિ ગૃહસ્થ. પૈસા રહ્યા. ઓલા બેયના થોડા ઓછા થયા અને છોકરા બે મરી ગયા. મોહનભાઈ! એક સાંધે ને તેર તૂટે એવું છે. એ આમ કહે છે. ફરવાના ... ફરાય નહિ. આમ સૂતા સૂતા આહાર, સૂતા સૂતા પેશાબ, સૂતા સૂતા જંગલ. ઘરે ઘરે, દવાખાને નહિ. નર્સ એક રાખી હશે. જુઓ! હવે એને આમ ફરાય નહિ, આમ ફરાય નહિ. એક ચાર કલાક આમ ન ફરે ત્યાં આમ તપી જાય અંદર. એય..! મગનભાઈ! શું થાતું હશે તમારે? કાંઈક થાતું હશે? શું રાખતા હશે? કાંઈક ધોળો શું કહેવાય એ? પાવડર. એ ધોળો પાવડર લગાવે શરીર જરી આમ...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. પણ એ જરી એટલું કરે. આમ થોડું ઊંચુ કરીને ફેરવે. આમથી આમ કરીને થોડું... તદ્દન રાખે તો ઓલો મૂંઝાઈને મરી જાય. થોડુંક ધોળું હોય ને ધોળું? નીચે સુંવાળું લૂગડું રાખે અને સહેજ ઓલું ચોપડે એટલે બહુ.. થોડોક હાથ એ નાખે. બહુ ઊંચું થવા ન દે પણ હાથ નાખે હેઠે જરી. એમ કરીને ધોળું.. એમ ને એમ રાખશે ઓલાને. શું કરે પણ આમાં? આરે આરે..! આ તે જુઓને ચામડા. એટલી એટલી સંભાળ કરે તો પણ ફાટી જાય, જુઓ! તો પણ તૂટી ગયું. અને ઉંમર થાય ત્યારે હાડકા લૂખ્ખા અંદર થઈ ગયા હોય. બટકણા થઈ જાય. ફટ.. બટકે. આમેય કાંઈક કહેતા હતા. કોણ કહેતું નહિ ભાઈ? વજુભાઈ કહેતા હતા? હાડ ભાંગી ગયું. આમ એ વખતે કાંઈ નહિ પણ મસળતા મસળતા માલિશ કરતા કરતા ભાંગ્યું. આહાહા..! આવો માણસ ગૃહસ્થ કરોડાધિપતિ. કેટલા વખત એને આમ ટાંગો એક ઊંચો રહે અને એક હેઠે. આહાહા..!

મુનિને તો એવું થાય તો સંથારા કરે. એ ખાપીણું કાખમાં લઈને ફરતા હોય. ..માં. કહે છે કે પહેલેથી સહનશીલતા જ્ઞાતા-દૃષ્ટાની વિશેષપણે કરી હશે તો પ્રતિકૂળતાના સ્થાનમાં ક્યાંય ખેદ થશે નહિ. સહનશીલતા રહેશે એમ વાત છે. આહાહા..! એક ટંક જાય તો ઠીક ન પડે. ... ત્યાં એ વખતે ડોક્ટર કહે કે ખાવ. પણ અહીં ગળે પાણી ન ઉતરે, શું ખાય? કાણા પાડો અહીં. નળી નાખે. દૂધ પ્રવાહી જાય. શેરો-બેરો પાતળો કરી નાખે. ઘીનો પાતળો કરીને નાખે. આ લખણ જુઓને શરીરના. પાતળો કરે જરી ઘીનો શેરો કરી નાખે. નળી હોય ને બહાર. ઘણાં અમારી પાસે આવે ને. એક આવ્યો હતો. અહીંથી ઉતરે જ નહિ. આહાહા..! આટલી આટલી સંભાળ કરી, નવરાવ્યા, ધોવરાવ્યા. દોઢ-દોઢ રૂપિયાના સાબુથી આમ સાફ કરે તો પણ અંતે આ થઈને ફરે.

મુમુક્ષુ :- ... જૂના કાળમાં.

ઉત્તર :- અત્યારે મોટો થયો. પાંચ રૂપિયાનો હોય, લ્યોને. આહાહા..! આમ કરીને ધોવેને જ્યારે તો આમ કેવા જાણે સોનાના કરી નાખું એમ થઈ જાય ને એને? પણ એ જ્યારે ફાટે ને આવડા ગુમડા થઈને અંદરથી જ્યારે. ભાઈ! શરીરની સ્થિતિ એવી છે, બાપુ!

કહે છે કે ટાણે જાળવી લેજે. પહેલે ટાણે જ્ઞાતા-દૃષ્ટાની સહનશીલતા કરી લેજે, ભાઈ! નહિતર એ મુશ્કેલ પડશે. પંદર પંદર દિ'... આહાહા..! સમજાણું?

**'સર્વથા એકાંત અભિપ્રાયનો નિષેધ કર્યો છે કારણ કે સર્વથા એકાંત અભિપ્રાય જ મિથ્યાત્વ છે. કેટલાક લોકો પરમાર્થભૂત જ્ઞાનસ્વરૂપ આત્માને તો જાણતા નથી અને વ્યવહાર દર્શન-જ્ઞાનચારિત્રરૂપ ક્રિયાકાંડના આડંબરને મોક્ષનું કારણ જાણી તેમાં**

**તત્પર રહે છે-તેનો પક્ષપાત કરે છે.**' રાગની ક્રિયા આખો દિ'. પણ ઓલો ચૈતન્ય સહજાનંદ પ્રભુ, એની અંતર દૃષ્ટિ કરતો નથી. આ કરું ને આ મૂકું ને આ લીધું. ચોવીસ કલાકમાં ક્રિયાકાંડ દયા, દાન વિકલ્પ. ગયો વખત તારો, ભાઈ! તારા માટે કાંઈ કર્યું નહિ તેં. એના પક્ષપાતી ડૂબેલા છે.

'**આવા કર્મનયના પક્ષપાતી લોકો-જેઓ જ્ઞાનને તો જાણતા નથી...**' આત્મા શુદ્ધ વસ્તુ શું છે એનું તો એને કોઈ માહાત્મ્ય જ આવતું નથી. બસ! માહાત્મ્ય આ ક્રિયાકાંડનું. ભગવાન આત્મા ચૈતન્યબિંબ શુદ્ધ ચૈતન્ય ચમત્કાર પદાર્થ, જેમાં પરમાત્મા પોતે પરમાત્મસ્વરૂપ છે. એવું એને જ્ઞાન થતું નથી. '**અને કર્મનયમાં જ ખેદખિન્ન છે...**' ખેદખિન્ન છે, જોયું! આહા..! '**તેઓ-સંસારમાં ડૂબે છે.**' એ જીવો પણ સંસારમાં ડૂબે છે.

'**વળી કેટલાક લોકો આત્મસ્વરૂપને યથાર્થ જાણતા નથી...**' અનુભવ કરતા નથી, અનુભવ થયો નથી, દૃષ્ટિની નિર્વિકલ્પતા પ્રગટી નથી. '**અને સર્વથા એકાંતવાદી મિથ્યાદૃષ્ટિઓના ઉપદેશથી...**' વેદાંત આદિનો ઉપદેશ અથવા એકલા નિશ્ચયનો એકલો ઉપદેશ '**અથવા પોતાની મેળે જ અંતરંગમાં જ્ઞાનનું સ્વરૂપ ખોટી રીતે કલ્પી...**' પોતાની મેળાએ. આને જ્ઞાન થયું છે.. જ્ઞાન થયું છે... જ્ઞાન થયું છે. હતાને એ ઓલા? ભાઈ! વનમાળી કેવા નામ શું? માંગરોળના. વનરાવન. વનરાવનભાઈ, નહિ? વેરાવળવાળા. ભારે! અહીં આવ્યો હતો. હવે તારો કુંદકુંદાચાર્ય તો મારી પાસે ઘણું આવે છે દરરોજ. ફાટ્યો પ્યાલો લાગે છે આને. કો'કને કહે, મારી પાસે ન કહે. મારી પાસે તો વિનયથી બોલે. કો'ક કહે, બહુ કુંદકુંદાચાર્યના વખાણ કરે. ઓહોહો..! કુંદકુંદાચાર્ય મહામુનિ. ભગવાન પાસે ગયા હતા. અહીં તો મારી પાસે તો દરરોજ આવે છે. એક આવ્યો હતો. સૂતા સૂતા ઓલા વિકલ્પ વિચાર કરે ને? શાતાશીળીયું શરીર હતું. નિરોગી શરીર. સાંભળીને કરે, હોં! આવે તો સાંભળે. પણ ત્યાં સૂતો સૂતો વિચાર કરે ને? થઈ ગયું, જાવ. આપણને શુદ્ધનો અનુભવ છે. ઓલો વિચારમાં આવે ને કે આવો આત્મા હતો. સાંભળ્યો હતો. અનુભવ છે. હવે કુંદકુંદાચાર્ય પણ અમારી પાસે કેટલી વાર આવે દરરોજ. ઠીક! એ અહીં આવીને બોલ્યા હતા. તે દિ' તો હીરાભાઈના મકાનમાં હતા. પ્યાલો ફાટ્યો લાગે છે આનો. આહાહા..! એવા. નોકરી હતી એને સ્થાનકવાસીમાં ભાઈ, ત્યાં મુંબઈમાં. એ નોકરી હતી તો એવો નિશ્ચયાભાસી બહુ. એટલે પૈસા આવ્યા હોય સંઘના. બહાર નીકળે તો કોઈ પણ ઓલો હોય આપી દે. દાનમાં આપી દે.

મુમુક્ષુ :- દાનેશ્વરી...

ઉત્તર :- દાનેશ્વરી કોના બાપના? જ્યારે સરવાળો લેવા ગયા... ત્રણ હજાર ગયા. કે

ક્યાં ગયા? ભાઈ! મારી પાસે ગુંજામાં હોય અને પછી મને આપ્યા વિના મારો ભાવ... પણ કોના હતા? પણ મારા ગુંજામાં તો હતા ને. સંઘના પૈસા ખાઈ ગયો. કોઈ દાનમાં આપ્યા અને કોઈ ભૂખ્યો હશે એને આપ્યું હશે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ મૂર્ખ તે કાંઈ કો'કના પૈસા કાંઈ ભૂખ્યો દેખે એટલે આપી દે એને? પૈસા ક્યાં તારા બાપના? એ તો સંઘના હતા. પોતે નોકરી કામ કરનારો. એનો જવાબ એવો આપે પાછો સીધો. પૈસા હતા તો મેં આપી દીધા. જુઓ! સંઘમાં આટલું છે. પૈસા ત્રણ હજાર ગયા. હવે? મારી પાસે કાંઈ નથી અત્યારે. મૂર્ખ કહેવાય કે નહિ? આવા ને આવા નિશ્ચયાભાસી. અક્કલના ખાં. જગતને ધર્મમાં પણ કલંક લગાડે એવા હોય.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કે દિ' થયો હતો પણ? અમે તો શુદ્ધ છીએ. અમારે કાંઈ છે નહિ. એમ અહીં કહ્યું છે ને? યથાર્થ જાણતા નથી. બરાબર જાણ્યું હોય નિશ્ચય તો તો એને સ્વચ્છંદ હોય નહિ.

**'સર્વથા એકાંતવાદી મિથ્યાદષ્ટિઓના ઉપદેશથી અથવા પોતાની મેળે જ અંતરંગમાં જ્ઞાનનું સ્વરૂપ ખોટી રીતે કલ્પી તેમાં પક્ષપાત કરે છે. પોતાની પરિણતિમાં જરાય ફેર પડ્યા વિના...'** જરાય સ્વચ્છંદમાં રાગ કરવો, દ્વેષ કરવો, કલુષિતતા કરવી એમાં જરી ફેર પડ્યો ન હોય. **'પોતાને સર્વથા અબંધ માને છે...'** અમે અબંધ છીએ. આત્માને બંધ કેવો? એમ આત્માની દૃષ્ટિમાં અનુભવ વિના એકલો સ્વચ્છંદી થઈ આત્મા અબંધ છે એમ માને, પર્યાયમાં અબંધ પરિણામ પ્રગટ કરે નહિ **'અને વ્યવહાર દર્શનજ્ઞાનચારિત્રના ક્રિયાકાંડને નિરર્થક જાણી છોડી દે છે.'** ઓલો શુભભાવ હોય એ છોડી દે. શુદ્ધ થયો નહિ અને શુભ છોડી દે. અશુભમાં જાય. સમજાણું કાંઈ?

**'વ્યવહાર દર્શનજ્ઞાનચારિત્રના ક્રિયાકાંડને નિરર્થક જાણી છોડી દે છે. આવા જ્ઞાનનયના પક્ષપાતી લોકો જેઓ સ્વરૂપનો કાંઈ પુરુષાર્થ કરતા નથી...'** સ્વરૂપનો અંતરમાં વખત લઈ અંતર્મુખ થવામાં પ્રયત્ન, પુરુષાર્થ, જાગૃતિ, અંતર વલણનો કાંઈ પણ કરતા નથી. વખત મળવા છતાં અંતરના સ્વભાવ તરફ વલણ કરવાનો, ઝુકાવ કરવાનો, અંતર વળવાનો કાંઈ પુરુષાર્થ કરતા નથી.

મુમુક્ષુ :- વખત મળવો...

ઉત્તર :- વખત ઘણો હોય નવરાશ એમ. નવરાશ તો ઘણો હોય. સૂવામાં શું છ કલાક જાય. એ સિવાય રાતે વખત હોય કે નહિ? કરે તો વિકલ્પ કરે, વાતું કરે એમાં કાળ ગુમાવે.

મુમુક્ષુ :- ચોપડી હાથમાં લઈને બેસતા હશે...

ઉત્તર :- એમ કે ચોપડી હાથમાં લઈને બેસે ત્યાં ઝોલું શરૂ થઈ જાય. એનો અર્થ શું? **'શુભ પરિણામોને છોડી સ્વચ્છંદી થઈ વિષય-કષાયમાં વર્તે છે...'** દુકાનના ધંધા આદિમાં રસ લે અને કહે કે અમે તો શુદ્ધ છીએ. જાવ. અમારે કાંઈ બંધ નથી. અમે દુકાનને સાચવીએ તો શું વાંધો છે? કહો. તને ભાન નથી. સાચવવાનો ભાવ થાય છે એ તારો મિથ્યાભાવ છે. સાચવી શકું છું દુકાન એ વાત જ સાચી નથી. આવો ભાવ રાખીને દુકાને બેસીએ તો સારું ને? એમ પૂછયું હતું એક શેઠિયાએ. ઘણાં વરસ પહેલા. તમે કહો છો એમ આત્માને જાણીએ. અને બસ, અમે દુકાને પછી કામ કરીએ તો વાંધો નહિ ને? પણ ક્યાં જાણ્યું? મફતના સમજ્યા વિના. દુકાનના ધંધાનો રસ છોડવો નથી અને આ બહાને અમે બેસીએ. **'વિષય-કષાયમાં વર્તે છે...'** દુકાનના રસ, છોકરાવના રસ, બધાનો પ્રેમ, પૈસાનો પ્રેમ. ભલે મળે નહિ પણ પ્રેમ બધો અંદરમાં ઊંડે એ હોય. પછી કહે કે અમને અબંધ છીએ, અમારે શું? એ તો થાય છે. થવાનું હોય તે થાય છે. વિષય-કષાયમાં વર્તે સંસારમાં ડૂબી મરવાના છે. કહો, સમજાણું કાંઈ? સંસારસમુદ્રમાં ચોર્યાસીના અવતારમાં જાશે. એ... રખડવા ક્યાંક જશે નિગોદ-નરક. આહાહા..! મરતા એ પરિણામ ભીંસાઈ જશે. હાય.. હાય..! મૂર્છા થઈ જશે, અસાધ્ય થઈ જશે. ચાલ્યા જશે.

**'મોક્ષમાર્ગી જીવો જ્ઞાનરૂપે પરિણમતા થકા શુભાશુભ કર્મને હેય જાણે છે...'** શુભાશુભભાવ થાય એને હેય તરીકે, છોડવા લાયક તરીકે જાણે છે. અને જ્ઞાનસ્વરૂપે પરિણમે. જ્ઞાનસ્વરૂપ મારું શુદ્ધ છે એ રીતે પરિણમે છે એટલે એ રૂપે થાય છે. **'અને શુદ્ધ પરિણતિને જ ઉપાદેય જાણે છે.'** જેટલો આત્મામાં સ્વભાવની શુદ્ધતા, એની પરિણતિ નિર્મળ થઈ એ જ આદરણીય અને પ્રગટ કરવા લાયક છે એમ જાણે છે. સમજાણું કાંઈ? **'તેઓ માત્ર અશુભ કર્મને જ નહિ પરંતુ શુભ કર્મને પણ છોડી,...'** અશુભભાવને નહિ પણ શુભભાવને પણ છોડી **'સ્વરૂપમાં સ્થિર થવાને નિરંતર ઉદ્યમવંત છે-'** સ્વરૂપમાં સ્થિર થવાને નિરંતર ઉદ્યમવંત છે. **'સંપૂર્ણ સ્વરૂપસ્થિરતા થતાં સુધી તેનો પુરુષાર્થ કર્યા જ કરે છે.'** એમ નહિ કે પૂર્ણ થયું નથી ને પુરુષાર્થ અટકાવી દે. અંદર તરફ વળ્યું છે તો અંદર પુરુષાર્થમાં ગતિ થયા જ કરે.

**'જ્યાં સુધી પુરુષાર્થની અધૂરાશને લીધે,...'** ધર્મીને પણ આત્મદર્શન, આત્મજ્ઞાન અને સ્થિરતા હોવા છતાં પુરુષાર્થની નબળાઈને લઈને **'શુભાશુભ પરિણામોથી છૂટી સ્વરૂપમાં સંપૂર્ણપણે ટકી શકાતું નથી...'** શુભ-અશુભભાવથી છૂટી સ્વરૂપમાં સંપૂર્ણપણે, પૂરાપણે ટકી શકાતું નથી. ... પોતે જ છે. શુદ્ધ સ્વભાવની પરિણતિનું સાધન તો એ પોતે જ

છે. બાહ્ય નિમિત્ત સાધન તરીકે આ કહે છે.

'**અંતર્-આલંબન લેનારને જેઓ બાહ્ય આલંબનરૂપ કહેવાય છે...**' બાહ્ય આલંબનરૂપ કહેવાય છે, નિમિત્ત તરીકે. દયા, દાન, કષાય મંદ, પુરુષાર્થ, વ્રત આદિના પરિણામ હોય છે. '**એવા (શુદ્ધ સ્વરૂપના વિચાર આદિ) શુભ પરિણામોમાં તે જીવો હેયબુદ્ધિએ પ્રવર્તે છે,...**' ધર્મી જીવને રાગ આવે પણ એને હેયબુદ્ધિએ છોડવાલાયક છે એમ પ્રવર્તે છે. ક્ષણે ક્ષણે એ છૂટે એમ પ્રવર્તે છે. સમજાણું કાંઈ?

'**પરંતુ શુભ કર્મોને નિરર્થક ગણી છોડી દઈને સ્વચ્છંદપણે અશુભ કર્મોમાં પ્રવર્તવાની બુદ્ધિ તેમને કદી હોતી નથી.**' શુભભાવ છોડી અને અશુભ સ્વચ્છંદે વિષય કષાયના ભાવો સેવવા એવા સ્વચ્છંદ ભાવની બુદ્ધિ કદી થતી નથી. '**આવા જીવો-જેઓ એકાંત અભિપ્રાય રહિત છે તેઓ-કર્મનો નાશ કરી, સંસારથી નિવૃત્ત થાય છે.**' તેઓ જ કર્મનો નાશ કરી ક્રમે ક્રમે કેવળજ્ઞાન પામી મોક્ષ જાય છે.

'**હવે પુણ્ય-પાપ અધિકારને પૂર્ણ કરતાં આચાર્યદેવ જ્ઞાનનો મહિમા કરે છે :-**'

**भेदोन्मादं भ्रमरसभरान्नाटयत्पीतमोहं**
**मूलेन्मूलं सकलमपि तत्कर्म कृत्वा बलेन।**
**हेलोन्मीलत्परकलया सार्धमारब्धकेलि**
**ज्ञानज्योतिः कवलिततमः प्रोज्जजृम्भे भरेण।।११२।।**

'**શ્લોકાર્થ :- જેણે મોહરૂપી મદિરા પીધી હોવાથી...**' જેણે મિથ્યાત્વના ભાવને અંગીકાર કર્યો હોવાથી, '**જે ભ્રમના રસના ભારથી...**' ભ્રમણાના રસના ભારથી. '**શુભાશુભ કર્મના ભેદરૂપી ઉન્માદને નચાવે છે...**' એટલે કે અશુભભાવ તે ખોટા અને શુભભાવ તે સારા એમ મિથ્યાદૃષ્ટિને લઈને પાગલપણે એમ માનીને પરિણમી રહ્યો છે. એમ કહે છે. સમજાણું કાંઈ? મોહરૂપી દારૂ પીધો છે. ભગવાન આત્મા શુદ્ધ છે એને ભૂલી મિથ્યા ભ્રાંતિમાં અશુભ ખરાબ છે અને શુભ આચરણ તે ભલા છે એમ અજ્ઞાની '**કર્મના ભેદરૂપી...**' કર્મ એક જ છે શુભાશુભભાવ એનો ભેદ પાડે છે મિથ્યાત્વને લઈને. સમજાણું કાંઈ? '**ઉન્માદને (ગાંડપણાને) નચાવે છે...**' ઉન્માદ-ઉન્માદ. એ પુણ્ય સારું-શુભભાવ સારા અને અશુભ ખરાબ એને ઉન્માદ કહે છે. ઘેલછાઈ. '**એવા સમસ્ત કર્મને પોતાના બળ વડે મૂળથી ઉખેડી નાખીને...**' લ્યો! ધર્મીની વાત કરે છે. '**જ્ઞાનજ્યોતિ અત્યંત સામર્થ્ય સહિત પ્રગટ થઈ.**' સમજાણું?

એવા સમસ્ત કર્મને પુણ્ય અને પાપ બેય વિકલ્પ અને બેય ઝેર બંધનું કારણ છે. આહાહા..! બેય દુઃખરૂપ છે. રાગ છે. એને પોતાના બળ વડે. જોયું! પોતાના શુદ્ધ પુરુષાર્થના બળ

વડે મૂળથી ઉખેડી. રાગનો એક અંશ પણ લાભદાયક છે એમ નથી. સમજાણું કાંઈ? '**જ્ઞાનજ્યોતિ અત્યંત સામર્થ્ય સહિત...**' ભગવાન આત્મા ચૈતન્યપ્રકાશની મૂર્તિ પોતાના બળ વડે શુભાશુભ પરિણામને છોડી-નાશ કરી '**જ્ઞાનજ્યોતિ અત્યંત સામર્થ્ય સહિત...**' પુરુષાર્થ વડે '**પ્રગટ થઈ.**' ઝળહળ જ્યોતિ કેવળજ્ઞાન પ્રગટ્યું. .... એવા અજ્ઞાનનો તો જેણે મૂળમાંથી નાશ કરી નાખ્યો છે. કહો, સમજાણું આમાં? આહાહા..!

'**જે લીલામાત્રથી (-સહજ પુરુષાર્થથી) ઊઘડતી-વિકસતી જાય છે...**' '**હેલોન્મીલ**' છે ને એ? '**હેલોન્મીલ**' લીલામાત્રથી. ભગવાન આત્મા સહજ આનંદસ્વરૂપ એનો અનુભવ સહજ લીલા કરતો, આનંદ સહજ સ્વભાવમાં રમતો. '**(-સહજ પુરુષાર્થથી) ઊઘડતી-વિકસતી જાય છે...**' જ્ઞાનજ્યોતિ ઉઘડતી જાય. સહજ ઓલા રાગને લઈને નહિ. અંતરમાં એકાગ્ર થતી સહજ વિકાસ થતી જાય છે. જ્ઞાનજ્યોતિ વિકાસ થતી થતી કેવળજ્ઞાન પામે છે એમ કહેવું છે.

'**જેણે પરમ કળા અર્થાત્ કેવળજ્ઞાન સાથે...**' '**કેવળજ્ઞાન સાથે ક્રીડા શરૂ કરી છે...**' પૂર્ણ કેવળજ્ઞાનને પામવા માટે જેની કળા લાગુ પડી ગઈ છે. અંતર શુદ્ધ પરિણતિમાં એકાકાર થઈ કેવળજ્ઞાનની કળા સાથે રમતું માંડી છે. કેવળજ્ઞાન પ્રગટ કરવા જેનો પુરુષાર્થ છે. '**એવી તે જ્ઞાન જ્યોતિ છે. (જ્યાં સુધી સમ્યગ્દષ્ટિ છદ્મસ્થ છે ત્યાં સુધી જ્ઞાનજ્યોતિ કેવળજ્ઞાન સાથે શુદ્ધનયના બળથી પરોક્ષ ક્રીડા કરે છે,...**' પૂર્ણ દશા આવી હોય એમ શ્રદ્ધા-જ્ઞાનમાં લઈને એકાગ્ર થાય છે. '**કેવળજ્ઞાન થતાં સાક્ષાત્ થાય છે.**' પૂર્ણ દશા થતાં .. ત્યારે એકલી જ્યોતિ રહી જાય છે એને જ્ઞાનદશા .. એને કેવળજ્ઞાન મોક્ષ કહેવામાં આવે છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**જેઠ સુદ ૧૦, શનિવાર તા. ૧૭-૦૬-૧૯૬૭**
**શ્લોક-૧૧૨-૧૧૩, ગાથા-૧૬૪-૧૬૫**
**પ્રવચન-૨૪૯**

આ પુણ્ય-પાપનો અધિકાર છે. તો કહે છે કે પુણ્ય-પાપના ભાવ, એનાથી બંધાયેલું કર્મ અને કર્મથી મળતા બહારના સુખ-દુઃખના સંયોગ, એ બધા એક જાતના છે. અજ્ઞાની એનાથી બે જાતના માને છે. પુણ્યબંધન એ ઠીક છે અને પાપબંધન અઠીક છે એમ માને છે. પુણ્ય બંધનના ભાવ કારણમાં શુભભાવ હોય છે એ ઠીક છે. અશુભભાવ પાપમાં એ ઠીક નથી એમ બે ભિન્ન પાડે છે. શુભના બંધનથી આ પૈસા આદિ અનુકૂળ મળે એમ માને છે અને પાપથી પ્રતિકૂળ મળે એમ માને છે.

મુમુક્ષુ :- માને છે કે એમ છે?

ઉત્તર :- એમ માને છે. એમ છે નહિ. અજ્ઞાની એમ માને છે. એ કહે છે, જુઓ!

'**ભાવાર્થ :- પોતાને (જ્ઞાનજ્યોતિને) પ્રતિબંધક કર્મ કે જે શુભ અને અશુભ-એવા ભેદરૂપ થઈને નાચતું હતું...**' શુભ કર્મ એ ઠીક અને અશુભ કર્મ અઠીક એમ કર્મના બે ભેદથી અનાદિથી અજ્ઞાનીને શુભ કર્મ સારું અને અશુભ કર્મ અઠીક એમ ભેદ પાડીને અજ્ઞાનમાં નાચતું હતું. '**અને જ્ઞાનને ભુલાવી દેતું હતું...**' ભુલાવી દેતું એટલે શુભભાવને ભલો માનનાર, ચૈતન્ય જ્ઞાનસ્વરૂપ છે તેને ભૂલતો હતો, એમ કહે છે. સમજાણું કાંઈ? દયા, દાન, વ્રત, ભક્તિ આદિ શુભભાવ એ ઠીક છે એમ માનનારને જ્ઞાન પોતે ભૂલી જતો હતો. કારણ કે ભલું જ્ઞાન સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય છે. શુભભાવ કાંઈ ભલા નથી. એ તો બંધનું કારણ છે.

મુમુક્ષુ :- ભેદ પાડ્યા એ ...

ઉત્તર :- એ કીધા ને અહીં. ભેદ પાડે છે અજ્ઞાની. પાડીને જ્ઞાનને ભૂલાવી દેતો હતો. અજ્ઞાની ભેદ પાડે છે કે અશુભભાવ આ, અશુભભાવ ઠીક નહિ, શુભભાવ ઠીક. એનાથી પુણ્ય બંધાય એ ઠીક, પાપ બંધાય એ ઠીક નહિ. પુણ્યથી આ પૈસા ને બધી સગવડતા મળે. કહો, હિંમતભાઈ! કેટલી સગવડવતા તમારા છોકરાવને, લ્યો. ભત્રીજાને કેટલી, જુઓ! ... બહારમાં ખમ્મા ખમ્મા થાય. ત્યાં પુનમ શાહ.. પુનમ શાહ થઈ ગયું. તમારું નામ પણ કોઈ લેતું નથી ત્યાં. એના બાપનું પણ લેતું નથી.

મુમુક્ષુ :- લેવા જેવું નથી.

ઉત્તર :- નથી?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

એ કહે છે, અજ્ઞાની એમ કહે છે કે પુણ્યના ફળમાં ખમ્મા-ખમ્મા-ખમ્મા થાય, લ્યો. કહો, બાબુભાઈ! અને પાપમાં કોઈ બોલાવે નહિ, એક કોર (પડ્યો રહે) પ્રતિકૂળતા (રહે). બેય ફેર છે. હવે સાંભળને! બેય ધૂળ છે. ફેર કે દિ' હતો? ઈ કહે છે. ધૂળમાં કાંઈ સુખ નથી. પુદ્‌ગલ બધા છે. ફેર શું છે? પુદ્‌ગલ છે બધા. જ્ઞાનમાં જાણવાયોગ્ય જ્ઞેય છે. એમાં સારા નરસા કહેવા કોને?

'**તેને પોતાની શક્તિથી ઉખેડી નાખી...**' હવે સવળું કરે છે. '**ભેદરૂપ થઈને નાચતું હતું...**' પુણ્ય-પાપમાં બે ભાગ પાડતું હતું અજ્ઞાન, બંધમાં ભેદ પાડતો હતો, ફળમાં ભેદ પાડતો હતો અને પુણ્ય તે ધર્મ ને મોક્ષને આશ્રયે થાય, પાપ તે બંધને આશ્રયે થાય. એમ અજ્ઞાન અનાદિથી ભેદ પાડતું હતું તે '**પોતાની શક્તિથી ઉખેડી નાખી...**' પોતાનો આત્મા આનંદ સામર્થ્ય સ્વરૂપ ચૈતન્ય છે, એના સામર્થ્યની દૃષ્ટિ દ્વારા ઉખેડી નાખી. પુણ્ય-પાપ બેય બંધના કારણ છે. કર્મ પણ પુણ્ય-પાપ બેય પુદ્‌ગલ છે. અને એના ફળરૂપે બધું પુદ્‌ગલ અને સંયોગ છે. એમાં ક્યાંય આત્માને સુખ છે નહિ.

કહો, '**જ્ઞાનજ્યોતિ સંપૂર્ણ સામર્થ્ય સહિત પ્રકાશિત થઈ. આ જ્ઞાનજ્યોતિ અથવા જ્ઞાનકળા કેવળજ્ઞાનરૂપી પરમકળાનો અંશ છે...**' આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ એ પુણ્ય-પાપના વિકલ્પથી ભિન્ન છે. એમ અંતરમાં જે જ્ઞાનકળા જાગી એ જ્ઞાનકળા કેવળજ્ઞાનનો અંશ છે. પુણ્ય અને પાપના જે ભાવ (થાય), એમાં પુણ્ય ઠીક અને પાપ અઠીક એમ અજ્ઞાનપણે કર્મ જે નાચતું હતું એને જ્ઞાને જાણ્યું કે પુણ્ય અને પાપ બેય બંધના કારણ છે. એમ જ્યારે પુણ્ય અને પાપના ભાવથી રુચિ હઠાવી અને જ્ઞાનસ્વરૂપનું સામર્થ્ય, ચૈતન્ય સામર્થ્ય, સ્વભાવ સામર્થ્ય, પોતાના સામર્થ્યની દૃષ્ટિ દ્વારા પુણ્ય-પાપ એક છે, બંધના કારણ છે એમ કરીને એને છોડી દીધું. અને પોતાના સંપૂર્ણ સામર્થ્ય સહિત પ્રકાશિત થયું.

એ '**જ્ઞાનકળા કેવળજ્ઞાનરૂપી પરમકળાનો અંશ છે...**' આત્મા; જેમ ચંદ્રમામાં બીજ ઊગે છે. તો બીજ છે એ પૂનમનો અંશ છે. બરાબર છે કે નહિ? એ અંશ વધી વધીને પૂનમ થાય. એમ આત્મા જ્ઞાનાનંદ ચૈતન્યસૂર્ય (છે). એને પુણ્ય-પાપના રાગથી ભિન્ન પાડીને આત્માનું જ્ઞાન સમ્યક્ થયું, એ સમ્યગ્જ્ઞાનની કળાનો અંશ બીજરૂપ છે. એ કેવળજ્ઞાનને પ્રગટ કરાવશે. સમજાણું કાંઈ? પરમકળા કેવળજ્ઞાનનો એ ભાગ છે. પુણ્ય-પરિણામ એનો ભાગ નથી એમ અહીં સિદ્ધ કરવું છે.

કોઈપણ ભાવ તીર્થંકરગોત્ર બંધાય એવો ભાવ પણ કેવળજ્ઞાનના અંશનો ભાગ નથી એ. એ તો વિકાર છે. ચૈતન્ય જ્યોતિ આત્મા જ્ઞાનસ્વરૂપ શુદ્ધ ચૈતન્ય વસ્તુના સ્વભાવનો સ્વભાવ છે. એનો સ્વભાવ છે એના સામર્થ્યનું શું કહેવું? અનંત જેનું સામર્થ્ય છે એમ અંતરમાં સ્વભાવના

સામર્થ્યની દૃષ્ટિ કરતાં પુણ્ય-પાપ બેય એક છે, બંધના કારણ છે એમ અબંધ પરિણામ આત્માને આશ્રયે પ્રગટ કરી પુણ્ય-પાપને છોડી દીધા. એ જ્ઞાનકળા પોતામાં રમતા રમતા પરમકળા કેવળજ્ઞાનને પામે છે. સમજાણું કાંઈ?

'**અને કેવળજ્ઞાનના સંપૂર્ણ સ્વરૂપને તે જાણે છે...**' પ્રગટ કરશે પણ અત્યારે પણ એ કેવળજ્ઞાન કેવું એને મતિ શ્રુતજ્ઞાન (જાણે છે). આ જ્ઞાનનો અંશ જે પ્રગટ્યો એ પૂર્ણ કેવળજ્ઞાન એકરૂપ હોય એને જાણે છે. નીચલી જે દશા મતિ અને શ્રુતજ્ઞાનની દશા પૂર્ણ કેવળજ્ઞાનને જાણે છે. સમજાણું કાંઈ? પૂર્ણ કેવળજ્ઞાનની સાથે ક્રિડા કરે છે એટલે એને પ્રગટ કરવા મંથન છે અને કેવળજ્ઞાનનો એ અંશ હોવાથી.. સમજાણું? '**સંપૂર્ણ સ્વરૂપને તે જાણે છે...**' આ પર્યાય પૂર્ણ થાય ત્યારે સંપૂર્ણ કેવી હોય એને પણ એ જાણે છે. શું કીધું સમજાણું આમાં?

આત્મા એટલે.. આત્મા એટલે શું? સમજાણું? અનંત ગુણનો પિંડ વસ્તુ વસ્તુ. અનંત ગુણમાં એક એનો જ્ઞાનગુણ છે. જ્ઞાનસ્વભાવ છે. જ્ઞાનગુણ છે એ એના અસંખ્ય પ્રદેશ ભાગમાં રહે છે અને બધી અવસ્થામાં એ ગુણ રહે છે. એ ગુણ બધી અવસ્થામાં રહે છે એવા જે ગુણ ઉપર દૃષ્ટિ આપતાં પુણ્ય અને પાપના બેય વિકલ્પો એકરૂપ છે અને મારું સ્વરૂપ એનાથી ભિન્ન છે એમ જ્યાં સમ્યગ્જ્ઞાનની કળા જાગી, એ કેવળજ્ઞાનની સાથે ક્રિડા કરે એટલે કેવળજ્ઞાન પ્રગટ કરવા મંથન એનું છે. અને કેવળજ્ઞાન કેવું હોય એ પણ એ જાણે છે. કહો, સમજાણું?

'**તેમ જ તે તરફ પ્રગતિ કરે છે,...**' જાણે છે કે પૂર્ણ જ્ઞાન કેવું હોય અને તે તરફ પ્રગતિ મતિ-શ્રુત પુષ્ટિ વધારે વધે છે. '**તેથી એમ કહ્યું છે કે જ્ઞાનજ્યોતિએ કેવળજ્ઞાન સાથે ક્રિડા માંડી છે.**' આહાહા..! રમત માંડી રમત. પોતાનો સ્વભાવ ચૈતન્ય ઝળહળ જ્યોતિ ભગવાન આત્મા, ચૈતન્ય સ્વભાવ છે ને? એવું જ્યાં અંદર પુણ્ય-પાપના રાગથી ભિન્નનું ભાન થયું એથી પૂર્ણ કેવળજ્ઞાન પ્રગટ કરવાનો અંદર પુરુષાર્થ કરી રહ્યું છે.

'**જ્ઞાનકળા સહજપણે વિકાસ પામતી જાય છે...**' એટલે શું કહે છે? એ રાગની મંદતાની અપેક્ષા રાખ્યા વિના જ્ઞાનકળા સહજપણે વિકાસ પામતી જાય છે. સ્વભાવ સન્મુખ થયેલું જ્ઞાન, સ્વભાવ સન્મુખમાં સહજપણે જ્ઞાનનો વિકાસ થતો જાય છે. એને દયા, દાન, વ્રતના પરિણામની અપેક્ષાથી વધે છે એવી અપેક્ષા છે નહિ. કહો, સમજાણું આમાં? '**અને છેવટે પરમકળા અર્થાત્ કેવળજ્ઞાન થઈ જાય છે.**' બીજની જેમ પૂનમ થઈ જાય એમ મતિ અને શ્રુતજ્ઞાન રાગથી ભિન્ન પડી સ્વભાવને અવલંબે પ્રગટ્યું, એ સ્વભાવને અવલંબે કેવળજ્ઞાન પ્રગટાવશે અને પૂર્ણ થઈ જશે.

‘**ટીકા :- પુણ્ય-પાપરૂપે બે પાત્રરૂપ થયેલું કર્મ એક પાત્રરૂપ થઈને (રંગભૂમિમાંથી) બહાર નીકળી ગયું.**’ નાટકની ઉપમા આપી છે ને.

‘**ભાવાર્થ :- કર્મ સામાન્યપણે એક જ છે...**’ પુણ્ય બંધાવ કે પાપ બંધાવ, બધું એક જ છે. પુદ્‌ગલ છે એ. ‘**તોપણ તેણે પુણ્ય-પાપરૂપી બે પાત્રોનો સ્વાંગ ધારણ કરીને...**’ પુણ્ય અને પાપના બે સ્વાંગ ધારણ કર્યા. ‘**રંગભૂમિમાં પ્રવેશ કર્યો હતો. તેને જ્ઞાને યથાર્થપણે એક જાણી લીધું...**’ પુણ્ય અને પાપ બે એક જ છે. આત્માને બંધનનું કારણ છે. આત્માને લાભનું કારણ નથી એમ જ્ઞાને જાણ્યું. ‘**ત્યારે તે એક પાત્રરૂપ થઈને રંગભૂમિમાંથી બહાર નીકળી ગયું,...**’ બે એક થઈને નીકળી ગયું એમ. આત્મામાં એકાગ્ર થતાં પુણ્ય-પાપના રજકણો છૂટી ગયા. ‘**નૃત્ય કરતું અટકી ગયું.**’ આ રજકણો જે પરિણમતા હતા કર્મપણે એ અટકી ગયા.

છેલ્લો શ્લોક. આ તો ભાવાર્થ હતો.

**‘આશ્રય, કારણ, રૂપ, સવાદસું ભેદ વિચારી ગિને દોઊ ન્યારે,**
**પુણ્ય રુ પાપ શુભાશુભભાવનિ બંધ ભયે સુખદુઃખકરા રે;**
**જ્ઞાન ભયે દોઊ એક લખૈ બુધ આશ્રય આદિ સમાન વિચારે,**
**બંધકે કારણ હૈં દોઊ રૂપ, ઈન્હાં તજિ જિનમુનિ મોક્ષ પધારે.’**

મુમુક્ષુ :- જિનમુનિ એમ કહ્યું.

ઉત્તર :- વીતરાગી મુનિ. જિનમુનિ એટલે વીતરાગી મુનિ.

મુમુક્ષ :- પુણ્યથી લાભ નથી માનતા..

ઉત્તર :- બિલકુલ નથી. એ એને તજિને જિનમુનિ મોક્ષ પધારે છે. કહો, સમજાણું આમાં?

‘**આશ્રય,...**’ અજ્ઞાની એમ કહે છે કે પુણ્યના ભાવ મોક્ષમાર્ગને આશ્રયે થાય છે અને પાપના ભાવ બંધને આશ્રયે થાય છે. એમ અજ્ઞાની ભેદ પાડે છે. એમ છે નહિ. આહાહા..! જગતની પુણ્યની મીઠાશ ભારે પણ. ઓલા હીરાના નીકળતા હતા ને કંઠીયું. નહોતી કાંઈક હીરાની કંઠી? કેટલા? હેં! સો રૂપિયાનો પગાર ન મળે. હજાર-હજાર પેદા કરવા છે અમારે. મહિને હજાર. એક જણો અમારે ત્યાં આવ્યો હતો, પાલેજ. તમે? હું તો અગિયાર હજાર પેદા કરું છું. પણ તને સો રૂપિયા પણ મળે નહિ અને અગિયાર (હજાર)? આ હીરાનું શું પણ? એ થયું બંધ એકદમ. વેપાર બંધ થઈ ગયો. કાંઈ બધું સરખું ન ચાલ્યું. એય.. કંઈકના ભાંગ્યા. એમ અજ્ઞાની માને છે. સો રૂપિયાનો પગાર, દોઢસો રૂપિયાનો, બસોનો તો માંડ માંડ મળે. એને ઠેકાણે કહે, અગિયાર હજાર તો સહેજે પાડું છું. ક્યાં ગયા? ભાઈ

.. ગયા? ઠીક! એ પાછું કહે છે, ભાંગ્યું હમણાં. પણ એમ કે પુણ્ય હોય તો કેવી સગવડતા મળે! ભાવનગરનો હતો, હોં! અહીં. સો-દોઢસોનો પગાર માંડ મળતો હતો. એક મહિને અગિયાર-બાર હજાર પણ પાડું. બુદ્ધિની જરૂર ન પડે, કાંઈક વળી હાથ બેસી જાય. ... ત્યાં મીઠાશ લાગે એને. ઓલો છોકરો રળે તો મા અને બાપને સારો લાગે. એની બાયડીને એમ લાગે કે આ મારો સાધારણ લાગતો હતો પણ છે એનામાં, હોં! હજાર-બારસો પેદા કરે છે. ધૂળે ધૂળ છે સાંભળને હવે.

એ તો કહે છે કે પૂર્વના પુણ્યના પરિણામ હોય તો પુણ્ય બંધાય, પાપના હોય તો પાપ બંધાય. બેય પુણ્ય અને પાપ બેય એક પ્રકારના છે. એમાં આત્માને કાંઈ લાભનું કારણ નથી. સમજાણું કાંઈ? અને બંધન પડ્યું એમાં ... અહીં તો કહે છે, આશ્રયમાં ભેદ પાડે છે, કારણમાં ભેદ પાડે છે. અજ્ઞાની પુણ્ય પરિણામનો આશ્રય (માને છે), મોક્ષમાર્ગમાં આહારક શરીર બંધાય, તીર્થંકર ગોત્ર બંધાય. જુઓ! સમકિતીને બંધાય છે કે નહિ? આહારક બંધાય, તીર્થંકર ગોત્ર થાય, ત્રણ લોકનો નાથ થાય, ઈન્દ્રો સેવા કરવા આવે. એ બધું મોક્ષમાર્ગને આશ્રયે પુણ્ય થાય. એમ અજ્ઞાની માને છે.

મુમુક્ષુ :- પુણ્ય થાય છે.

ઉત્તર :- ના, ના થાતું નથી. બિલકુલ નથી થાતું. એ બંધને આશ્રયે રાગ છે. એમાં આત્માને શું? સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે મોક્ષમાર્ગ છે એને આશ્રયે તીર્થંકરગોત્ર બંધાય જ નહિ. એ તો બંધને આશ્રયે ભાવ છે. આહાહા..! વસ્તુ નિરાળી છે આખી.

ચૈતન્ય સહજાત્મ સ્વરૂપ શુદ્ધ, એને આશ્રયે તીર્થંકરગોત્ર બંધાય? એ તો બંધભાવને આશ્રયે છે, હેય છે. સમજાણું કાંઈ? અજ્ઞાની આશ્રયમાં ભેદ માને છે કે પુણ્યભાવ, આહારક શરીર, તીર્થંકરગોત્ર... સમજ્યાને? એવા એવા ભાવ જુઓ! સમકિતીને હોય છે. માટે મોક્ષમાર્ગમાં એ બંધાય છે. એ ભેદ પાડે છે, હોં! કારણમાં ભેદ છે. લ્યો! કારણ અહીં શુભ પરિણામથી પુણ્ય બંધાય અને અશુભ પરિણામથી પાપ બંધાય. એમ કારણમાં ભેદ છે.

'**રૂપ,...**' એનું. રૂપ એટલે પુદ્‌ગલ-પુદ્‌ગલ. એક પુણ્યના પરમાણુ અને એક પાપના પરમાણુ હોય છે. શાતા વેદનીય આદિ પુણ્યના પરમાણુ અને અશાતા વેદનીય આદિ પાપના પરમાણુ. રૂપ એટલે એ પુદ્‌ગલ. '**સવાદસું...**' અને પુણ્યના ફળ મીઠા હોય. આમ ઢગલા પૈસાના દેખાય અને પાપના ફળમાં દરિદ્રતા અને સામે કોઈ જોવે નહિ. એવા સવાદમાં ફેર છે, કહે છે. નહિ ચંદુભાઈ? અજ્ઞાનીઓ એમ ભેદ પાડે છે. ધૂળમાંય નથી, સાંભળને!

'**સવાદસું ભેદ વિચારી ગિને દોઊ ન્યારે,...**' છે ને? એના ભેદો વિચારીને બેયને જુદા જુદા માને છે. પુણ્યભાવ તે મોક્ષમાર્ગને આશ્રયે, પાપ તે બંધને આશ્રયે, પુણ્ય તે

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


શુભભાવ, પાપ તે અશુભભાવ, પુણ્યમાં શાતા વેદનીય બંધાય, પાપથી અશાતા વેદનીય બંધાય અને એના ફળ પણ ફેર છે. અજ્ઞાની એમ માને છે. '**પુણ્ય રુ પાપ શુભાશુભભાવનિ બંધ ભયે સુખદુઃખકરા રે;...**' પુણ્ય રુ પાપ શુભાશુભભાવથી બંધાય. બંધ થાય અને એનું ફળ સુખદુઃખ બહાર (આવે). એમ અજ્ઞાની માને છે.

'**જ્ઞાન ભયે દોઊ એક લખૈ...**' જ્યાં આત્મા ચિદાનંદ સ્વરૂપ છે એમ ભાન થયું એ શુભ-અશુભભાવ પણ એક જ બંધના વિકારીભાવ. બંધ પણ એકલા પુદ્‌ગલ, ફળ પણ સંયોગ એકલા પુદ્‌ગલ. ભાઈ! છોકરા પાંચ-પાંચ હજાર પેદા કરે તો હૈયાના હાર જેવા લાગે મીઠા, લ્યો. એય..! મોહનભાઈ! ઓલો કહે, અમે ગરીબ થઈ ગયા. અમારે કાંઈ પેદા થાતું નથી. અને ઓલા છોકરા પેદા કરે. ૨૫-૨૫ હજાર, ૫૦ હજાર. કાંઈક હશે કે નહિ એમાં?

મુમુક્ષુ :- એને પુણ્યની મીઠાશ છે ને.

ઉત્તર :- ધૂળમાંય નથી. એક જણાને હમણા પૂછ્યું. રસ ખાધો? કહે, રસ મને ભાવતો નથી.

મુમુક્ષુ :- ભાવતો નથી ને. ભાવતો હોય એવાને પૂછો ને.

ઉત્તર :- દીપકને પૂછયું હતું. મેં કીધું, રસ ખાધો? કહે, મને રસ ભાવતો નથી. રસ ન ભાવતો હોય એ ભારે કહેવાય. તમે વળી યાદ આવ્યા. નહિ ઓલો? આપણે નહોતો આવ્યો વૈદ? વૈદ ત્યાં આવ્યા હતા ને જોવા. બે હોંશિયાર વૈદ. એક વૈદ બહુ હોંશિયાર (હતો). મેં કીધું, જુઓ! ભાઈ! આ તાવ આવે છે. રોટલી ખાઉં છું, રસ ખાઉં છું. કાંઈ ભૂખ નથી લાગતી એમ નહિ. તાવ છે. પણ ભૂખ લાગે છે. તાવ આવે અને ન ભાવે એમ નથી. આ જુદી જાતનો તાવ છે. આવે છે ચાર દિ' થી. આઠ દિ' પહેલા આવ્યો તોપણ ખાધો હતો રોટલી ને રસ. ભલે થોડુંક લેતા તે દિ'. ... પછી તો બે-ત્રણ દિ' નહોતું ખાધું. પણ રસનો તો બહુ ગુણ છે. ... બહુ હોંશિયાર માણસ. મહેન્દ્રભાઈ લાવેલા. આ રસને લઈને તો દ્રાક્ષને જંગલમાં જાવું પડ્યું; એના રસની મીઠાશને લઈને. અને કેરીના રસની મીઠાશને લઈને ખજૂરને સંકોચાવું પડ્યું. સંકોચાઈ ગયા. બે યાદ રહ્યા. બહુ બોલ્યો હતો. ઘણાં બોલ બોલ્યો હતો. મેં કીધું, વાત કરી કે ભાઈ! તાવ આવે છે, રસ ખાઉં છું, એમાં ખવાય કે નહિ તમે કહો. કહે, રસની છૂટ હોય. રસ તો અનુકૂળ હોયે. એ શ્લોક બોલ્યો, હોં! હોંશિયાર માણસ. દેશી.. દેશી. લૂનો તાવ છે. દવા આપી દેશી. શું કહેવાય? ... .. ઉતરતો નથી. બીજીવાર હુમલો આવ્યો છે. કહે, એ છે લૂ કલકત્તાની. રસમાં ગુણ બહુ છે. એટલે મેં પૂછયું .. ને. કેમ, દીપક! પૂછ્યું કે નહિ? કહે કે મને ભાવતો નથી રસ. ખાટો હોય તો ભાવે, ગળ્યો હોય તો ન ભાવે. એક અમારે આ જીતુ એવો છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

એને બહુ ભાવે શીખંડ ને એવું. નહિ? રસ ભાવે છે કે નહિ? રસ તો ભાવતો હશે. ઘણી જાતના અત્યારના માણસો.. અત્યારના. પહેલાના તો... એમ કેટલાક માણસ એવા હોય છે કે પુણ્ય અને પાપમાં ફેર માને છે. જ્ઞાની પુણ્ય-પાપને એક જ માને છે. બેના સ્વાદમાં કાંઈ ફેર માનતો નથી. કહો, સમજાણું કાંઈ? કેરીનો રસ હો કે કાળીજીરીનો હો. કાળીજીરી આવે છે ને? એમાં કાંઈ નહિ. કાળીજીરીની ચા કરે છે ને.

મુમુક્ષુ :- કડવી હોય.

ઉત્તર :- કડવી હોય છે. અમને તો બધી ખબર છે ને. કાળીજીરી. કફ હોય ને કફ તો કાળીજીરીની ચા કરે. ઓલી ચા ન નાખતા કાળીજીરી નાખે થોડી. ભૂકો ન નાખે. આખી આખી નાખે. કડવી. એનો રસ અને એ રસ બેય કડવો કે ખાટો-ગળ્યો બેય એક જાતનો જડનો છે. એમ પુણ્યના ફળ તરીકે અનુકૂળ પૈસા મળે કે પ્રતિકૂળ હોય એ બધું જડનું સંયોગી છે. આત્મામાં એમાં કાંઈ લાભદાયક છે નહિ. કહો, બરાબર હશે આમાં? એય..! ભરતભાઈ!

મુમુક્ષુ :- પહેલા એના વખાણ કરો છો અને પછી આ બેય સરખું છે એમ કહો છો. હવે એમાંથી કઈ સાચું?

ઉત્તર :- હીરાવાળાને પૂછીએ જો. હજી તો ક્યાં એને પૈસા આવ્યા છે એના હાથમાં. પણ એના બાપના હાથમાં છે. પૈસાવાળા સુખી છે, મેં કીધું. લ્યો. પાંચ જણા બેઠા હોય તો એને બોલાવે મોઢું જોઈને. હોય સમજવા જેવા. પણ પૈસાવાળા ડાહ્યા કહેવાય. આ ભારે!

મુમુક્ષુ :- આપ જ વખાણ કરો છો.

ઉત્તર :- દુનિયા કહે છે. દુનિયા મૂરખ કહે છે ઈ. પૈસાવાળા હોય છોકરા સાધારણ હોય તોપણ કહે, ભાઈ બહુ ડાહ્યો છે. મૂરખ છે. સાંભળને હવે. પૈસાને લઈને ડહાપણ ક્યાંથી આવી ગયું? એવા જગત બહારને લઈને ફેર પાડે છે. જ્ઞાની એને ક્યાંય ફેર પાડતો નથી.

'**જ્ઞાન ભયે દોઊ એક લખૈ...**' જ્યાં સમ્યગ્જ્ઞાન થયું કે પુણ્ય અને પાપ બેય એક જ છે. બંધ પણ પુદ્ગલ જ છે, સંયોગ પણ બહારના એક જ પ્રકારના છે. અને આશ્રય તો પુણ્યનો આશ્રય અને પાપનો આશ્રય બેય બંધને આશ્રયે છે. '**એક લખૈ બુધ...**' બુધ એટલે જ્ઞાની. '**આશ્રય આદિ સમાન વિચારે,...**' પુણ્ય-પાપનો આશ્રય બેય (સમાન છે). તીર્થંકરગોત્રનો ભાવ પણ બંધને આશ્રયે છે. મોક્ષના માર્ગને આશ્રયે નહિ. મોક્ષમાર્ગમાં ભલે હોય પણ મોક્ષમાર્ગને લઈને નથી. સમજાણું કાંઈ?

'**બંધ કે કારણ હૈં દોઊ રૂપ,...**' આહાહા..! કર્મ બંધાય એ બેડી છે. પછી સોનાની

બેડી હોય કે લોઢાની બેડી. બેય બેડી છે. મીઠી લાગે છે. ઓલા કહે, નહિ. સોનાની બેડી આવી છે. બધા એવા અર્થ કરે છે. છાપામાં બહુ આવે છે હમણાં. '**ઇન્હૈં તજિ જિનમુનિ મોક્ષ પધારે.**' જિન એટલે વીતરાગ. વીતરાગધારી મુનિ પુણ્ય-પાપને એક જ પ્રકારે માની, પોતાના સ્વભાવનો આશ્રય લઈ વીતરાગ થઈને મોક્ષ પધારે. લ્યો. એટલે પુણ્યને સાથે લઈને મોક્ષ પધારતા નથી. એને ત્યજીને કીધું ને?

'**આમ શ્રી સમયસારની (શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત શ્રી સમયસાર પરમાગમની) શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવવિરચિત આત્મખ્યાતિ નામની ટીકામાં પુણ્ય-પાપનો પ્રરૂપક ત્રીજો અંક સમાપ્ત થયો.**' લ્યો. આમાં ઘણા અધિકાર ગયા, હોં! પહેલેથી શરૂ કર્યું હતું આપણે. આજ સત્તરમો દિ' છે ને? સત્તરમો છે ને. ... પુણ્ય-પાપ શરૂ કર્યું પહેલે દિ'.

શુભ અને અશુભભાવ. એ દયાનો, દાનનો, વ્રતનો, તપનો, ભક્તિનો, પૂજાનો એ ભાવ પુણ્ય છે, બંધ છે, ધર્મ બિલકુલ નથી. એમ કહે છે. કહો, સમજાણું આમાં? અપવાસ કરે, વર્ષીતપ કરે, એમાં જે રાગની મંદતા હોય તો મિથ્યાત્વ સહિત એ પુણ્ય છે. એને ધર્મ માને છે. અમે કાંઈક ધર્મ કર્યો. અમે વર્ષીતપ કર્યો (તો) અમારે તપસ્યા નિર્જરા થઈ. ભગવાનભાઈ! તમે પછી ત્યાં પેલાને અનુમોદતા હશો. આહાહા..! ભાઈએ આમ તો બહુ સારું કર્યું. ... સીધો કર્યો હોય તો.. અને પંચમ આરામાં વર્ષીતપને બહુ આવા કોણ... ધૂળેય નથી, સાંભળને હવે તને તારા... એ તો બધી લાંઘણું છે.

આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ શુદ્ધ ચૈતન્યમૂર્તિ, એનાથી વિરૂદ્ધ જેટલા પુણ્ય-પાપના વિકલ્પ અને વૃત્તિ ઉઠે એ બધોય વિકાર અને સંસાર છે. એનાથી રહિત આત્માનું જ્ઞાન ન કરે અને આત્માની દૃષ્ટિ ન કરે ત્યાં સુધી એને જરીએ આત્માને લાભ નથી. કહો, સમજાણું આમાં? એ અધિકાર પૂરો થયો. સોનાની બેડી કીધી હતી અને ઓલાને લોઢાની બેડી. જે સંસારમાં પ્રવેશ કરાવે એ તે કાંઈ આત્મકલ્યાણનું કારણ નથી. એમ કહ્યું આચાર્યે. આહાહા..! સુશીલ કહેવાય કોને? પુણ્યભાવ હોય કે પાપભાવ હોય, બંધ હો. બેય કુશીલ છે, કુશીલ છે. સ્વભાવ આત્માનો શીલસ્વભાવ નથી. આત્માનો સ્વભાવ જેમ રાગથી ભિન્ન જ્ઞાન અને શાંતિ એવો જે આત્મસ્વભાવ એ સુશીલ સ્વભાવ છે. પુણ્ય-પાપનો વિકલ્પ એ કુશીલ સ્વભાવ છે. માટે ધર્મી જીવે પુણ્ય-પાપને એક માની.. મોહનભાઈ! આ તમારે અમદાવાદમાં બહુ ચાલે છે. બધે ચાલે છે એવું. એ અધિકાર પૂરો થયો. લ્યો.

હવે આસ્રવ. '**अथ प्रविशत्यास्रवः।**' એમ છે ને? આસ્રવે પ્રવેશ કર્યો. નાટકની ઉપમા આપી છે ને. પુણ્ય-પાપના ભાવ બેય આસ્રવ થઈને પ્રવેશ કરે છે, જ્ઞાન જાણી લે છે.

એ બેય આસ્રવ તે બંધનું કારણ છે. મારું સ્વરૂપ નથી.

**દ્રવ્યાસ્રવથી ભિન્ન છે, ભાવાસ્રવ કરી નાશ;**
**થયા સિદ્ધ પરમાતમા, નમું તેહ, સુખ આશ.**

વચનિકાકાર મંગળીક કરે છે. હિન્દી જે વચનિકાકાર છે ને? જયચંદ્ર પંડિત. દ્રવ્યાસ્રવથી ભિન્ન છે ભગવાન આત્મા. એ કર્મના રજકણો જે દ્રવ્ય આસ્રવરૂપ છે એનાથી તો આત્મા તદ્દન જુદો છે અત્યારે. જેમ આ શરીર જડ, હેય, પર. એમ કર્મ જડ, હેય, પર. સમજાણું? એમ કર્મના કારણરૂપ પુણ્ય-પાપ ભાવ અચેતન એ પણ ખરેખર જડ, હેય છે. એમ આ દ્રવ્યાસ્રવ કર્મ એનાથી તો આત્મા જુદો જ છે. અજ્ઞાનીને પણ જુદો છે અને જ્ઞાનીને પણ જુદો છે. બરાબર છે?

'**દ્રવ્યાસ્રવથી ભિન્ન છે,...**' એ તો પરમાણુ છે. આઠ કર્મ છે એ તો પરમાણુ રજકણ છે, અજીવ છે. આત્મા ચૈતન્ય સ્વરૂપ છે. એ તો રજકણ છે. આ શરીર માટી છે, એમ કર્મ એ માટી છે. માટીથી આત્મા તો તદ્દન જુદો છે. '**ભાવાસ્રવ કરી નાશ;...**' ભિન્ન તો હતો જ આ. એટલે ભિન્ન થઈ ગયા. એમ. અને પુણ્ય અને પાપના ભાવ એ ભાવાસ્રવ છે. ભાવઆસ્રવ મલિન ભાવ બંધનું કારણ. શુભ અને અશુભભાવ. દયા, દાનનો ભાવ શુભ અને હિંસા, જૂઠાનો અશુભ બેય ભાવાસ્રવ એનો નાશ કર્યો.

ધર્માત્મા સંતોએ દ્રવ્યાસ્રવ તો ભિન્ન જાણ્યો આત્માને, ભિન્ન છે. ભાવાસ્રવ એની દશામાં થતાં એનો નાશ કર્યો. પર્યાયમાં પુણ્ય અને પાપ વિકારી ભાવ મલિન ભાવ એ ભાવાસ્રવ, એનો નાશ કર્યો. '**થયા સિદ્ધ પરમાતમા,...**' એ ભાવાસ્રવનો નાશ કરીને સિદ્ધ પરમાત્મા થયા. સિદ્ધ પરમેશ્વર થયા. કહો, સમજાણું? '**નમું તેહ, સુખ આશ.**' એવા સિદ્ધ ભગવાનને સુખની પીપાસાથી હું એમને નમસ્કાર કરું છું.

'**ટીકાકાર કહે છે કે હવે આસ્રવ પ્રવેશ કરે છે.**' '**જેમ નૃત્યના અખાડામાં...**' આ હોય છે ને નાટક? એના અખાડામાં એટલે થિએટર આદિ કહેવાય છે ને અત્યારે? '**નૃત્ય કરનાર માણસ સ્વાંગ ધારણ કરીને પ્રવેશ કરે છે તેમ અહીં આસ્રવનો સ્વાંગ છે. તે સ્વાંગને યથાર્થ જાણનારું સમ્યગ્જ્ઞાન છે; તેના મહિમારૂપ મંગળ કરે છેઃ-**'

**अथ महामदनिर्भरमन्थरं**
**समररङ्गपरागतमास्रवम्।**
**अयमुदारगभीरमहोदयो**
**जयति दुर्जयबोधधनुर्धरः।।११३।।**

'**શ્લોકાર્થ :- હવે સમરાંગણમાં આવેલા,...**' એ યુદ્ધ સ્થળમાં આવેલા. ઉપમા આપી

છે. '**મહા મદથી ભરેલા મદમાતા આસ્રવને...**' પુણ્ય અને પાપના ભાવ મદ થયો છે એને કે મેં મોટા માંધાતાને પણ પાડ્યા છે. મારા પંજામાંથી કોઈને મેં છોડ્યા નથી. સાધુ થાય, ત્યાગી થાય, મુનિ થાય તો પણ એ દયા, દાનના પરિણામ એ ધર્મ છે એમ માનનારાને (પાડનારો) આસ્રવ એવો છું, એવા માંધાતાને મેં પાડ્યા છે. એવો આસ્રવને મદ થયો છે. ઉપમા આપી છે ને. સમજાણું કાંઈ? શું કહે છે?

આમ રણ-રણ. શું કહેવાય રણ? રણભૂમિ. રણભૂમિમાં આવેલો આસ્રવ મહામદથી ભરેલો છે. એકેન્દ્રિયમાં, બે ઈન્દ્રિયમાં રહ્યો ત્યાં આસ્રવ કહે છે કે મેં એને દબાવ્યા હતા બધાને. હું જ ત્યાં પ્રધાન થઈ પડ્યો હતો. ત્યાંથી ફરતા ફરતા સાધુ જૈનનો થયો. બહાર હજારો રાણીને ત્યાગી અને પંચ મહાવ્રતના પરિણામ અહિંસાદિના કર્યા. એ આસ્રવ છે. એને પણ મેં પાડ્યો. વશ કરી દીધા છે મેં. માંધાતાને મેં પાડ્યા છે. એમ આસ્રવને મદ થયો છે. સમજાણું કાંઈ?

'**મહા મદથી ભરેલા...**' અભિમાનથી. '**મદમાતા આસ્રવને આ દુર્જય જ્ઞાનબાણાવળી જીતે છે-**' પણ આત્મા જ્ઞાનસ્વરૂપ (છે) એમ ભાન કરીને એ પુણ્ય-પાપના આસ્રવને મદમાં આવેલો જે આસ્રવ એને જીતે છે. સમજાણું કાંઈ? શુભ-અશુભભાવ બેય વિકાર છે, મારું સ્વરૂપ નહિ. હું ચૈતન્યજ્યોતિ જ્ઞાનાનંદ સ્વરૂપ છું. એમ આત્માનું જ્ઞાન દુર્જય જ્ઞાન એ જ્ઞાનને કોઈ જીતી શકે એવું નથી. ઓલો આસ્રવ જીતાઈ ગયો, આ જીતાય એવો નથી. '**દુર્જય જ્ઞાન બાણાવળી...**' ભાઈ એમ છે ને? ધનુર્ધર. ..બોધ એ જ્ઞાન થયું. આ તો બાણાવળી. ધનુર્ધર. એનો અર્થ બાણાવળી કર્યો. એક પછી એક બાણ છૂટે. સમજાણું? શું કહે છે ઈ?

પુણ્ય અને પાપના ભાવ બેય આસ્રવ છે, બંધ છે, ઝેર છે, દુઃખરૂપ છે. પણ એને એમ થઈ ગયું કે મેં તો બધા મોટા મોટા મહંતોને પાડ્યા છે. છેવટે .. કહે જુઓ! મેં આમ ત્યાગ્યું, મેં આમ ત્યાગ્યું, મેં આ ત્યાગ્યા, મેં આ છોડ્યું, મારે આટલું હતું, મારે આટલું હતું. એ છોડ્યું એવો જે વિકલ્પ એનું પણ એને અભિમાન. અમારી પાસે રાજ હતા, પાટ હતા, સાધન હતા, દુકાન ચાલતી, પૈસા હતા, ફલાણું, ઢીકણું (હતું). છતી ઋદ્ધિના અમે ત્યાગી છીએ. એ પણ એક મિથ્યાત્વભાવ છે. કારણ કે એ ઋદ્ધિ કાંઈ તારી નહોતી કે તારામાં ગરી ગઈ અને તું એને છોડ. એનું પણ એને અભિમાન હોય. આહાહા..! અમે આ છોડ્યું. કોણ? પણ હતું જ ક્યાં તારામાં એ? અમે આ છોડ્યા માટે મોટા ત્યાગી (છીએ). એ પણ મિથ્યાત્વનું અભિમાનરૂપી આસ્રવ છે. સમજાણું કાંઈ?

'**આ દુર્જય જ્ઞાન બાણાવળી...**' બાણાવળી બાણની શ્રેણી-ધારા. જ્ઞાનસ્વરૂપ હું છું. ચિદાનંદ સ્વરૂપમાં એ રાગ અને પુણ્ય છે જ નહિ. એમ જ્ઞાનની એકાગ્રતા દ્વારા, જ્ઞાનની

એકાગ્રતાની બાણાવળી, બાણની શ્રેણી પ્રગટી. જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા એની એકાગ્રતા દ્વારા જ્ઞાનની ધારા પ્રગટી. એ રાગને-પુણ્યને જીતે છે. સમજાણું કાંઈ?

'**કે જે જ્ઞાનરૂપી બાણાવળીનો મહાન ઉદય ઉદાર છે...**' '**अयमुदारगभीर**' આહાહા..! ચૈતન્ય સ્વભાવ અને એ સ્વભાવ બેહદ સ્વભાવ, શક્તિના સામર્થ્યનું શું કહેવું? એવા સ્વભાવની જ્યાં અંતર દૃષ્ટિ થઈ, કહે છે કે એ '**જ્ઞાનરૂપી બાણાવળીનો મહાન ઉદય ઉદાર છે (અર્થાત્ આસ્રવને જીતવા માટે જેટલો પુરુષાર્થ જોઈએ તેટલો પૂરો પાડે એવો છે)...**' વાત એ કે જ્ઞાનમાં એકાગ્રતાની ધારા એટલી વહે છે કે આસ્રવ એને સ્પર્શતો નથી. સમજાણું આમાં? '**અને ગંભીર છે (અર્થાત્ જેનો પાર છદ્મસ્થ જીવો પામી શકતા નથી એવો છે).**' ઓહોહો..!

આમ ચૈતન્ય સ્વભાવ જાણક સ્વભાવ એની શક્તિ અને સામર્થ્યનો પાર શું? વિકલ્પ દ્વારા એનો પાર પમાતો નથી. એ સ્વભાવ-સ્વભાવ ચૈતન્ય ગંભીર. 'સાગરવર ગંભીરા...' આવે છે ને? એ આત્માનો સ્વભાવ ગંભીર ગંભીર ઊંડો ઊંડો અમાપ છે. એવા અમાપનું સાધારણ જીવ માપ કરી શકે નહિ. સમજાણું? ગંભીર છે. ઓહોહો..! નિર્વિકલ્પ જ્ઞાનની પૂર્ણ ... મહાગંભીર. ચૈતન્ય ચમત્કાર, જેની દશામાં અનંતા કેવળીઓ જણાય, એને કોળિયો કરી નાખે અનંતા કેવળીને પણ! એવી જ્ઞાનની દશા ગંભીર ઊંડી... ઊંડી... ઊંડી... એવું જ્ઞાન પ્રગટ થાય છે. આત્માનો આશ્રય લઈને. રાગનો, પુણ્ય-પાપનો આશ્રય છૂટી જાય છે. ત્યારે તેને સમ્યગ્દર્શન અને જ્ઞાન થાય છે. કહો, સમજાણું આમાં?

'**ભાવાર્થ :- અહીં નૃત્યના અખાડામાં આસ્રવે પ્રવેશ કર્યો છે. નૃત્યમાં અનેક રસનું વર્ણન હોય છે...**' જુઓ! અહીં રસ આવ્યો રસ. '**તેથી અહીં રસવત્ અહંકાર વડે શાન્ત રસમાં વીર રસને પ્રધાન કરી...**' શાંત... શાંત.. આત્મા ચૈતન્ય ધીર શાંતસ્વરૂપ છે. પુણ્ય-પાપના ભાવ છે એ અશાંત અને આકુળસ્વરૂપ છે. શુભ-અશુભભાવ એ અશાંત અને આકુળ અને અધીર સ્વભાવ છે. ભગવાન આત્મા એનાથી ભિન્ન પડીને સ્વરૂપ શાંત અને ધીર રસવાળું છે. '**શાન્ત રસમાં વીર રસને પ્રધાન કરી વર્ણન કર્યું છે...**' પુરુષાર્થને પ્રધાન કરીને.. '**શાન્ત રસમાં વીર રસને પ્રધાન કરી...**' છે તો અહીં શાંતરસનું વર્ણન. પણ એમાં વીરરસ એટલે પુરુષાર્થથી ઓલાને જીત્યો એમ બતાવ્યું છે. સમજાણું કાંઈ? પુરુષાર્થની ગતિ જ કાંઈક જુદી. અંતરમાં જ્ઞાનાનંદ ચૈતન્યની જ્યોત ભગવાન આત્મા છે. એનો અંતરમાં પુરુષાર્થ કરીને, દૃષ્ટિ અને સ્થિરતા કરી, કહે છે કે એના પુરુષાર્થના સ્વભાવનું શું કહેવું? અને એના શાંત રસમાં વીરતા પડી છે. અજ્ઞાનીઓ તો રાગાદિમાં વીરતા બતાવે છે. આ તો શાંતરસમાં વીરતા. સમજાણું કાંઈ?

‘**જ્ઞાનરૂપી બાણાવળી આસ્રવને જીતે છે.**’ લ્યો. એવું પ્રભુ આત્મા.. વાત એ છે કે અહીંયાં આત્મા શું છે એ વાત જ બેઠી નથી. જગતને બેસવું કઠણ. આત્મા એટલે કે અનંત અનંત આનંદ અને જ્ઞાનનો દરિયો છે ઈ. સમજાણું? એની જ્યાં અંતર દૃષ્ટિ થઈ, સમ્યગ્દર્શન-જ્ઞાન થયું, કહે છે કે એના ગંભીરતાના જ્ઞાનની દશાના ચમત્કારના વર્તમાન દશાના સામર્થ્યનું શું કહેવું? સમજાણું કાંઈ? વર્તમાન દશા પ્રગટી એ પણ લોકાલોકને જાણવાને તાકાવાળી છે. એવું જ્ઞાન ‘**બાણાવળી આસ્રવને જીતે છે.**’ એવો જ્ઞાનરૂપી બાણાવળી પોતે. ઓલા કહે છે ને અર્જુનને? શું કહે છે? બાણાવળી નહિ? અર્જુન બાણાવળી હતો. બાણ ફરે નહિ. રામચંદ્રજી. એનું નાખ્યું બાણ ફરે નહિ. રામચંદ્રજીનું. જ્યાં બાણ નાખ્યું, પેલો મરે છૂટકો.

એમ અહીંયાં આત્મા આતમરામ. ઓલા તો રામચંદ્રજી હતા બળદેવ. આતમરામ પોતાના જ્ઞાનસ્વરૂપથી જાગૃત થયો, એણે પુણ્ય-પાપના વિકલ્પને જેમ રામચંદ્રજીએ .. આ આત્માના ભાને પુણ્ય-પાપરૂપી રાવણને જીત્યો. મદમાં હતો ને? ઓલો રાવણ પણ મદમાં હતો બહુ. મહારાજા નહિ હતાને ઓલામાં? વિદ્યાઓ બહુ સાધેલી. ઘણી વિદ્યાઓ સાધી. કેટલા હજારો રાજા એની સેવા કરે. એણે આ રામચંદ્રજી, લક્ષ્મણજી જેવા .. હવે એવા .. માણસો. શું કહેવાય પૃથ્વીના? ભૂમિચર. ભૂમિચર માણસો અમને પહોંચી શકશે? અમે તો મોટા વિદ્યાધર છીએ. મદમાં ગયો રાવણ. એના ભાઈ વિભિષણે કહ્યું, ભાઈ! આપને બધી વિદ્યા છે, ખબર છે મને. પણ એ બળદેવ પુરુષો અને વાસુદેવ. જૈનશાસનમાં આગમમાં એમ. ઓલા આગમના જાણનારા. વિભિષણ એનો ભાઈ હતો ને? ભાઈ! એ બળદેવ-વાસુદેવ પાક્યા છે. હેં..! કોણ બળદેવ? ભૂમિચરમાં તાકાત શું હોય એની? ભાઈ! એ તમને મારી નાખે છૂટકો છે હોં! ધ્યાન રાખજો. આગમ એમ બોલે છે.

આગમ એમ કહે છે કે બળદેવ-વાસુદેવ પાક્યા. પ્રતિવાસુદેવને મારશે. સાચી વાત છે આ. આપી દ્યો સીતા. હવે હાલ હાલ. કેવો પ્રેમ હતો હોં! વિભિષણ ઉપર બહુ. આવું જ્યાં કીધું ત્યાં .. વયો જા. .. રામચંદ્રજીમાં ભળી ગયા. વાસુદેવ-બળદેવ છે. ભલે એની પાસે સેના થોડી હોય પણ એ વાસુદેવ-બળદેવ છે. શાસ્ત્ર કહે છે, વાસુદેવ-બળદેવ (છે). વાસુદેવના બાણે જ પ્રતિવાસુદેવ મરે એ મને ખાત્રી છે. નહિ જીતો તમે આ. અગ્નિ ઘાલી ઘરમાં. સીતાને લાવીને અગ્ની ઘાલી. મરશો .. હવે હાલ હાલ. તું વળી ઘરનો ભાઈ થઈને એનો થઈ ગયો? વિનાશ કાળે વિપરીત બુદ્ધિ. વિભિષણ કહીને ચાલી નીકળ્યો. ઓહો..! રાજનો વિનાશનો વખત લાગે છે. રાવણનો પણ વિનાશનો વખત લાગે છે. વિનાશ કાળે વિપરીત બુદ્ધિ. મારું કહેવું પણ માનતો નથી. મદમાં આવી ગયો હતો.

એમ આસ્રવ મદમાં આવી ગયેલો છે. અરે..! કંઈકને મેં દયા, દાન, વ્રત પરિણામને

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ધર્મ મનાવીને મેં .. ખવરાવ્યા છે. મોહનભાઈ! પોષા ને પડિક્કમણા ને સામાયિક ને. ધૂળની નથી. એ તો બધી વૃત્તિ વિકલ્પ છે, રાગ છે. આત્મા જ્યાં આનંદ રાગ વિનાના ભાન વિના તારા સામાયિક અને પોષા આવ્યા ક્યાંથી? કહે છે કે એને પણ જ્ઞાનરૂપી બાણાવળી આસ્રવને મારી નાખ્યો છે. કહો, સમજાણું?

'**આખા જગતને જીતીને મદોન્મત્ત થયેલો આસ્રવ સંગ્રામની ભૂમિમાં આવીને ખડો થયો;...**' આવીને ઊભો થયો-ઉદય આવીને. એમ. સંગ્રામમાં આવે ને જેમ. એમ અંદર રાગ-દ્વેષ અંદર ઊભા થયા. '**આખા જગતને જીતીને મદોન્મત્ત...**' રાવણની જેમ લ્યોને. કેટલા બધા રાજાને કંઈકને... '**આસ્રવ સંગ્રામની ભૂમિમાં આવીને ખડો થયો; પરંતુ જ્ઞાન તો તેના કરતાં વધારે બળવાન યોદ્ધો છે...**' અંતર જ્ઞાનાનંદ ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપી પ્રભુ એનું જ્યાં ભાન થયું એ તો અનંતગુણું બળવાન છે. એને તો મારીને ભૂક્કો કરી દે એવું છે. કહો, સમજાણું?

'વીરપણું તે માંગુ...' એ આવે છે ને આનંદઘનજીમાં? 'જીત નગારું વાગ્યું રે...' એવું આવે છે. 'વીરજીને ચરણે લાગું...' આવે છે ને? 'વીરપણું તે માંગુ રે...' એવું આવે છે. 'મિથ્યામોહ તિમિર ભય ભાંગ્યું, જીત નગારું વાગ્યું...' આવે છે એમાં. સ્તુતિ કરે છે ને ભગવાનની? 'વીર જિનેશ્વર ચરણે લાગુ વીરપણું તે માંગુ.' પુરુષાર્થ આત્માનો જે અંતર વીર્ય... 'વીરપણું તે આતમ ઠાણે, જાણ્યું તુમથી વાણે રે...' ભગવાન! તમારી વાણીથી જાણ્યું છે કે વીરપણું તો આત્માના સ્વભાવમાં ભરેલું છે. આહાહા..! રાગમાં વીરપણું છે નહિ. જ્ઞાનાનંદ ભગવાન આત્મા, 'વીરપણું તે આતમ ઠાણે, જાણ્યું તુમથી વાણે રે, ધ્યાન વિન્નાણે શક્તિ પ્રમાણે, નિજ ધ્રુવપદ પહિચાણે રે...' જેટલો આત્મા અંદરના પુરુષાર્થથી એકાગ્ર ધ્યાન અને વિજ્ઞાનથી થાય એટલો પુરુષાર્થ તો એને આત્માથી ભાન થાય. એટલી સ્થિરતા થાય. વિકલ્પને કારણે નહિ. 'ધ્યાન વિનાણે શક્તિ પ્રમાણે, નિજ ધ્રુવપદ પહિચાણે રે...' પોતાનું જ્ઞાન પોતા તરફ વળ્યું, પોતાનું વીર્ય સ્વભાવ તરફ ઢળ્યું એટલું જે જ્ઞાન અને ધ્યાન થયું એટલા પ્રમાણે જ્ઞાન વિના, શક્તિ પ્રમાણે 'નિજ ધ્રુવ પદ પહિચાણે' પોતાનું ધ્રુવપદ છે એનું જ્ઞાન થાય. સમજાણું કાંઈ? આ બહારની કોઈ રમતું નથી કે બહારને જીતીએ તો આમ થઈ જાય અને ઢીંકણું થાય. આહાહા..!

'**જ્ઞાન તો તેના કરતા વધારે બળવાન યોદ્ધો છે...**' કોના કરતાં? ઓલા રાગ કરતાં. રાગમાં પોતે પુરુષાર્થ ઊંધો હતો ને? આ સવળો એટલે ઘણો સામર્થ્યવાળો. એમ. '**બળવાન યોદ્ધો છે...**' આત્મા રાગ રહિત અંતર ભાન કરે એ જ્ઞાન બળવાન યોદ્ધો છે. ક્યું જ્ઞાન હશે આ? ભણતરનું? આ લોકો ભણે કેળવણી એ નહિ? આ વકિલાતનું?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

ડોક્ટરનું? નહિ? અંદર ચૈતન્ય સ્વરૂપ ભગવાન જ્ઞાનસ્વભાવ એનું જે અંતરમાં ધ્યાન, એકાગ્રતા, એના વીર્યના પુરુષાર્થનું શું કહેવું? મહા બળવાન છે. રાગને તો, ઉધઈને જેમ અગ્નિ બાળે, એમ રાગને ઉત્પન્ન થવા ન દે એવું એ જ્ઞાન બળવાન છે. ઊભો થવા ન દે ઊભો. સમજાણું કાંઈ? બળવાન યોદ્ધો હોય ને ઊભો થઈને આમ નજર કરે ત્યાં ઓલો મરી જાય. હાય હાય! આ મારી નાખશે.

આસ્રવ પુણ્ય-પાપના પરિણામ એ મેલા છે. એમાં બળ નથી એ તો વીર્ય ઊંધું થોડું હતું એટલે.. આત્માના સ્વભાવનો જ્યાં પુરુષાર્થ કર્યો તો એ બળવાન યોદ્ધો આત્મા છે. '**તેથી તે આસ્રવને જીતી લે છે અર્થાત્ અંતર્મુહૂર્તમાં કર્મોનો નાશ કરી કેવળજ્ઞાન ઉપજાવે છે. એવું જ્ઞાનનું સામર્થ્ય છે.**' લ્યો! અહીં વાત જ એ કહેવી છે ને મૂળ તો. એક અંતર્મુહૂર્તમાં અંતરમાં એકાગ્ર ધ્યાન લીન થયો, ચૈતન્યની નિજ સ્વરૂપના ધ્રુવના સ્વદ્રવ્યની સંભાળે પડ્યો, પરદ્રવ્યનો એક સમય પણ ઉપયોગ ત્યાં રહ્યો નહિ, એવો જ્ઞાનનો અંતર ઉપયોગ આત્મામાં જામ્યો (કે) કર્મનો નાશ (થઈ ગયો).

'**કેવળજ્ઞાન ઉપજાવે છે.**' એક ક્ષણમાં અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન. કહો, '**એવું જ્ઞાનનું સામર્થ્ય છે.**' વિશ્વાસ પણ ક્યાં? દેખાય નહિ. પર્યાય સમયની એક પ્રગટ, બાકી બધું ભરેલું દ્રવ્ય. એ દ્રવ્ય શું કહેવાય? વળી આ દ્રવ્ય શું છે? એ દ્રવ્યનો ભાવ. દ્રવ્ય એટલે વસ્તુ થઈ. પણ વસ્તુના કોઈ ભાવ હોય કે નહિ? એ ભાવ જ્ઞાન, દર્શન આદિ ભાવ અનંત બેહદ સ્વભાવ છે. સમજાણું કાંઈ? એવા સ્વભાવના સામર્થ્ય ઉપર દૃષ્ટિ પડતાં ક્રમે ક્રમે કેવળજ્ઞાન પામી જાય છે. અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન અસંખ્ય સમયમાં સાધક થઈને કેવળજ્ઞાન પામે. લ્યો. એવું જ્ઞાનનું સામર્થ્ય છે. લ્યો, આ મંગળિક કર્યું. એ આસ્રવનો અધિકાર શરૂઆત કરતા મંગળિકનો માંડવો નાખ્યો. અમારી જીત છે, જ્ઞાનની જીત છે. રાગની જીત નથી. અનાદિથી તેં જીત્યું પણ હવે અમે તને જીતનારા છીએ. એવું અમારું સામર્થ્ય છે. એમ જ્ઞાનનું મંગળિક કર્યું. લ્યો.

'**હવે આસ્રવનું સ્વરૂપ કહે છે :-**'

**मिच्छत्तं अविरमणं कसायजोगा य सण्णसण्णा दु।**
**बहुविहभेया जीवे तस्सेव अणण्णपरिणामा।।१६४।।**
**णाणावरणादीयस्स ते दु कम्मस्स कारणं होंति।**
**तेसिं पि होदि जीवो य रागदोसादिभावकरो।।१६५।।**

નીચે હરિગીત.

**મિથ્યાત્વ ને અવિરત, કષાયો, યોગ સંજ્ઞ અસંજ્ઞ છે,**
**એ વિવિધ ભેદે જીવમાં, જીવના અનન્ય પરિણામ છે; ૧૬૪.**
**વળી તેહ જ્ઞાનાવરણઆદિક કર્મનાં કારણ બને,**
**ને તેમનું પણ જીવ બને છે રાગદ્વેષાદિક કરે. ૧૬૫.**

સમ્મુચય વાત કરી છે ટીકામાં. આમાં સંજ્ઞ-અસંજ્ઞ બે લીધી છે ને? ચેતનના વિકાર છે અને અસંજ્ઞ પુદ્ગલના વિકાર છે. સમ્મુચય આવી ગયું છે અંદર.

અન્વયાર્થ લો પહેલો, લ્યો. છે ને અન્વયાર્થ? '**મિથ્યાત્વ, અવિરમણ,..**' એટલે અત્યાગ '**કષાય અને યોગ-એ આસ્રવો સંજ્ઞ (અર્થાત્ ચેતનના વિકાર) પણ છે અને અસંજ્ઞ (અર્થાત્ પુદ્ગલના વિકાર) પણ છે.**' શું કહ્યું? જે વિપરીત માન્યતાના પરિણામ (છે) એ ચૈતન્યનો વિકાર છે. વિપરીત માન્યતાના ભાવ એ ચૈતન્યનો વિકાર છે અને રજકણો દર્શનમોહ છે એ પુદ્ગલનો વિકાર છે. ભાવઆસ્રવ અને દ્રવ્યઆસ્રવ. એક જીવ છે, એક અજીવ છે. અહીં તો જીવના અનન્ય પરિણામ સિદ્ધ કરવા છે ને? એણે કરેલા છે ને? પારિણામિકભાવ, રાગમાં પરિણમે છે એમ કહે છે. એ તું પરિણમે છો રાગ-દ્વેષમાં, કર્મને લઈને એમ અહીં સિદ્ધ કરે છે. આહાહા..! સમજાણું કાંઈ?

આત્મા આનંદ અને જ્ઞાન સ્વરૂપ હોવા છતાં તેના પરિણામમાં પરિણમન થઈને મિથ્યાશ્રદ્ધા દેહાદિ હું, દેહાદિની ક્રિયા મારી, રાગાદિ, પુણ્યાદિ મને લાભદાયક એવો જે મિથ્યાત્વ ભાવ એનો કરનારો, પરિણમનારો તારા પરિણામમાં થાય છે એ ભાવ. એ તારા પરિણામ તારા જીવથી અનન્ય છે. જુદા નથી. કહો, એક બાજુ કહે કે આસ્રવ જીવમાં નથી. એ તો સ્વરૂપમાં નથી. પણ એની પર્યાયમાં છે એને અહીં સિદ્ધ કરીને એનો અભાવ કરાવવો છે ને? સમજાણું કાંઈ? એ તો કહ્યું કર્તાકર્મમાં કે મિથ્યાત્વ એ પુદ્ગલના પરિણામ છે.

અહીં કહે છે કે મિથ્યાત્વ બે પ્રકારના છે. એક મિથ્યાત્વ તારા વિકારી પરિણામ છે અને એક મિથ્યાત્વ દર્શનમોહના રજકણ છે જડ અસંજ્ઞ. એમાં સંજ્ઞા નથી એટલે જ્ઞાન નથી. આ સંજ્ઞ એટલે ચિદાભાસ છે. આહાહા..! સમજાણું આમાં? પુણ્યથી લાભ થાય, પાપમાં મીઠાશ છે, દેહાદિની ક્રિયા કરી શકું છું, પરને સુખ-દુઃખ કરી શકું છું એવો જે ભાવ, એ જીવનો પરિણામ અનન્ય પરિણામ-એની જાતના પરિણામ એટલે કે એનાથી જુદા નથી. એ જડના રજકણ નથી એમ કહે છે. એની ભૂલ તે એની દશામાં છે એમ કહે છે. સમજાણું કાંઈ? લ્યો, એક કોર કહે, મિથ્યાત્વ તે પુદ્ગલના છે. એ તો વસ્તુનો સ્વભાવ જોતા એ પુદ્ગલના પરિણામ (કહ્યાં). પણ આખું જ્યાં પરદ્રવ્યથી ભિન્ન પાડવું છે ત્યાં એ વિકારી પરિણામ મિથ્યાત્વ એની જાતમાં એનામાં થયેલા છે. ચિદાભાસ છે. સમજાણું કાંઈ? લ્યો.

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ચેતન ... એમ અવિરમણ અત્યાગભાવ. એ પણ ચૈતન્યના પરિણામ છે. અવિરતિ ભાવ એ ચૈતન્યના પરિણામ છે. રાગનો ત્યાગ ન થાય, રાગરૂપ પરિણામ રહે એ ચૈતન્યના પરિણામ છે. અને એ પુદ્‌ગલના પરિણામ છે. ચારિત્રમોહના રજકણો જે અંદર છે એ પુદ્‌ગલના પરિણામ છે. અને કષાય. છે ને અંદર અન્વયાર્થમાં. '**મિથ્યાત્વ, અવિરમણ, કષાય...**' એ ક્રોધ, માન, માયા, લોભ જીવના પરિણામ છે. અને એક કષાય ચારિત્રમોહના રજકણના પરિણામ છે જડના. અહીં બેની ભિન્નતા બતાવીને એ મેલ છે એ છે તારા પરિણામ. પણ જીવના સ્વભાવની દૃષ્ટિ કરીને નાશ થઈ શકે છે. પેલા રજકણ તો ભિન્ન જ છે. આવું થોડુંક જાણવું પડશે એને બધું. એમ ને એમ ઓઘે ઓઘે નહિ ચાલે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. આ લાભ જોઈતો હોય તો.... બહારમાં જોઈને હેરાન થઈશ, મરી જાઈશ. પૈસા માટે. પૈસા માટે કેટલું કરે છે, જુઓને! હેરાન.. હેરાન. અંતે એ દગો આપશે પાછો. શું થયું? હમણાં ખાધું ને. સૂતા હતા ને. કોણ જાણે સૂતા હતા તે ઉઠ્યા જ નથી. હમણાં પાણી પીને સૂતા હતા. ... પણ ખોંખારો ન ભાળ્યો એટલે જોવા ગયા તો એમ ને એમ પડ્યા છે અંદર, કાંઈ ન મળે. અમારે કાળીદાસભાઈને એમ થયું હતું. કાળીદાસને. .. એ રાતે ઉઠ્યા. ... પછી રાત્રે ઉઠ્યા. બાથરૂમમાં પેશાબ કરી આવ્યા. પાછા લૂગડા સાફ કરે. પેશાબવાળા કપડા ન રાખે. લૂગડા પહેર્યા, બધું કર્યું. બધાને ખબર બૈરાને. ઉઠ્યા. સાંજ સુધી તો ખબર છે અમને. સવારે જોયું તો આમાં કાંઈ ન મળે. તો શું થયું પણ? એક ક્ષણમાં ફૂ થઈ જઈશ, બાપા! એ ક્યાં ચીજ તારી હતી?

કહે છે કે ઓલા પરિણામ કરેલા તારા છે. અને ઓલા રજકણો જે છે એ જડના છે. બે ચીજોને નિમિત્ત નૈમિત્તિક સંબંધ છે. એમ કરીને આસ્રવ સિદ્ધ કરી તારો તારો ભાવ અને એ જડનો ભાવ, જડની પર્યાય. બેને નિમિત્ત નૈમિત્તિક સંબંધ છે. એ કર્મનો ઉદય આવે ત્યારે વિકાર તું કર તો નવા બંધન થાય અને કર્મનો ઉદય આવે, વિકાર તું ન કર તો કર્મ બંધન થાય નહિ એમ અહીં સિદ્ધ કરશે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**જેઠ સુદ ૧૧, રવિવાર તા. ૧૮-૦૬-૧૯૬૭**
**ગાથા-૧૬૪ થી ૧૬૬, પ્રવચન-૨૫૦**

આ પુણ્ય-પાપનો અધિકાર છે.સમજાણું? '**પોતાના પરિણામના નિમિત્તે થાય છે...**' એમ કહ્યું. '**स्वपरिणामनिमित्ताः**' એમ છે. નિમિત્ત એટલે કારણ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એમ અહીં વાત નથી. નિમિત્ત એટલે પોતાને કારણે. એમ.

આત્મામાં દેહાદિના કાર્ય અને પરના કાર્ય કરી શકું એવો જે મિથ્યાત્વભાવ, અને પુણ્ય-પાપના ભાવમાં સુખબુદ્ધિ એવો જે મિથ્યાત્વભાવ અને અનુકૂળ-પ્રતિકૂળતામાં જ્ઞેયમાં આ ઠીક-અઠીક જાણીને રાગ-દ્વેષના પરિણામ (થાય). અહીં અજ્ઞાનીની વાત લેવી છે મૂળ તો. એવા જે રાગ-દ્વેષના પરિણામ અને મિથ્યાત્વભાવ, એ પોતાના પરિણામના કારણે થાય છે. આત્મા પોતે એ રીતે પરિણમે છે તો થાય છે. કર્મને લઈને થાય છે કે પરને લઈને થાય છે એમ નથી. સમજાણું કાંઈ? જુઓ! પાઠ એમ લીધો છે. '**आस्रवाः इह हि जीवे स्वपरिणामनिमित्ताः**' પોતાનું જ પરિણમન એ જાતનું સ્વતઃ છે, એને કારણે એ મિથ્યાત્વ-મોહ અને રાગ-દ્વેષના પરિણામ થાય છે. સમજાણું કાંઈ?

'**માટે તેઓ જડ નહિ હોવાથી...**' એ જડ નથી. મિથ્યા શ્રદ્ધા અને રાગ-દ્વેષ, પુણ્ય-પાપના ભાવ એ જડ નથી. કેમ કે જીવના પરિણામને કારણે ઉત્પન્ન થયેલા માટે જડ નથી. '**ચિદાભાસ છે...**' એ જ્ઞાનસ્વરૂપ નથી પણ જ્ઞાનાભાસ જેવા એમાં ઉત્પન્ન થતાં વિકાર છે. સમજાણું કાંઈ? એક બાજુ એમ કહે કે રાગ-દ્વેષના પરિણામ જડ (છે). એટલે શું કે પુદ્‌ગલના નિમિત્તે થયા માટે જડ. અહીં બીજી અપેક્ષા છે. અહીં એના પોતાના ભાવ છે માટે સ્વભાવનો આશ્રય કરે તો એ ટળી શકે. એમ સિદ્ધાંત સિદ્ધ કરવો છે. સમજાણું? એ રાગ-દ્વેષ પોતે જડ નથી. મિથ્યાત્વભાવ જડ નથી. આત્માના શુદ્ધ સ્વભાવથી વિરુદ્ધ ભાવ છે. પણ છતાં એ જડ નથી. જીવના વિપરીત મિથ્યાત્વના પરિણામ અને રાગ-દ્વેષના ભાવ જીવે કરેલા, જીવના પરિણામથી થયેલા, જીવની દશામાં થયેલા, જીવની અવસ્થા પોતે ચિદાભાસરૂપ છે માટે તેને જડ કહેવામાં આવતા નથી.

'**(-જેમાં ચૈતન્યનો આભાસ છે એવા છે, ચિદ્વિકાર છે).**' એટલું સિદ્ધ કર્યું. કર્મને લઈને નહિ. પોતાનો ભગવાન આત્મા શુદ્ધ અને આનંદ સ્વભાવ આત્માનો, એને ન માનતા પરમાં સુખ છે, એ શુભ અને અશુભભાવ થાય પુણ્ય-પાપના, એમાં સુખ છે એવો

જે મિથ્યાત્વભાવ જીવના પરિણામને કારણે એ મિથ્યાત્વભાવ થાય છે. દર્શનમોહને કારણે કે કર્મને કારણે એ ભાવ નથી એમ અહીંયાં પહેલું સિદ્ધ કરવું છે. શશીભાઈ! કહો. એક ઠેકાણે આ અને એક ઠેકાણે આ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ જ કહે છે નયચક્ર છે, ભાઈ! કઈ અપેક્ષાએ? સવારમાં આવ્યું હતું ને. .. કઈ અપેક્ષા કહે. પ્રયોજન સિદ્ધ કરવા વાત કરે છે.

ભાવઆસ્રવ છે એ તારા પોતાના પુરુષાર્થની અવળાઈથી અને કમીથી તે થાય છે. પરને કારણે નહિ. પોતે પોતાને ભૂલે છે. આનંદસ્વરૂપ જ્ઞાનમૂર્તિ, ચૈતન્ય જેનો સ્વભાવ, એમ ન માનતા હું પરનું કરી દઉં અને પરથી મારું થાય, દેહાદિની ક્રિયા, પરનું ભલું કરું, ભૂંડું કરું, પરથી મારું ભલું-ભૂંડું થાય એવા પરવસ્તુના ગ્રહણ-ત્યાગની બુદ્ધિથી પોતે જ મિથ્યાત્વરૂપે પરિણમે છે. કહો, વલ્લભદાસભાઈ! હવે કહે છે... એ વાત સિદ્ધ એટલી કરી.

‘**મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ-એ પુદ્ગલપરિણામો,...**’ હવે કર્મના ઉદયની વાત કરે છે. પૂર્વનું જે કર્મ છે ને? દર્શનમોહ, ચારિત્રમોહ જે પુદ્ગલ પરમાણુ, કર્મ એટલે અજીવ જડ. એ જડ જે છે, દર્શનમોહ, ચારિત્રમોહ આદિ એ ‘**મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ...**’ એ જડના જે પરિણામ (છે) એ પુદ્ગલ પરિણામ છે. એ દર્શનમોહનો ઉદય એ જડના પરિણામ છે. ચારિત્રમોહનો ઉદય એ જડના પરિણામ છે. સમજાય છે કાંઈ? આ સંજ્ઞ-અસંજ્ઞ કહ્યું હતું ને? એટલે ખુલાસો આ પણ કરી નાખ્યો. સંજ્ઞ-અસંજ્ઞ પાઠમાં આવ્યું હતું ને? સમજાણું કાંઈ?

આત્મામાં થતાં મિથ્યાત્વ અને રાગ-દ્વેષના ભાવ એ જીવના જીવ પરિણામ છે. ચિદાભાસ છે. ચૈતન્ય સ્વરૂપ નહિ પણ ચૈતન્ય જેવા ભાસે એવા એની દશામાં થાય છે. અને જે પુદ્ગલ કર્મ છે... આત્મા તો ભિન્ન અરૂપી છે, હવે જોડે જે કર્મ પુદ્ગલ છે માટી, દર્શનમોહ, ચારિત્રમોહ, નામ કર્મ વગેરે એ પુદ્ગલ પરિણામો ‘**જ્ઞાનાવરણાદિ પુદ્ગલ કર્મના આસ્રવણનાં (-આવવાનાં) નિમિત્ત હોવથી,...**’ જૂના કર્મનો ઉદય નવા કર્મને કારણ હોવાથી તેને આસ્રવ કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- નવાને કે જૂનાને?

ઉત્તર :- જૂનાને. જૂના કર્મનો ઉદય નવા કર્મને આવવાનું કારણ હોવાથી જૂના કર્મને આસ્રવ કહેવામાં, ઉદયને આસ્રવ કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- નવા આવે એને આસ્રવ કહેવાય ને?

ઉત્તર :- નવા આવે એને... આ તો ઉદયને આસ્રવ. ઓલા તો આવે છે એ બે જ

કહે છે. ઓલામાં નાખ્યું છે ને? નથી નાખ્યું? (જૈન સિદ્ધાંત) પ્રવેશિકામાં નાખ્યું છે. ... નાખ્યું. એને આસ્રવ કહેવો. જૂના કર્મનો ઉદય છે ને એને આસ્રવ કહે. કેમ કે એ નિમિત્ત થાય છે નવા આવવાનું. અને ત્યારે આત્મા રાગ-દ્વેષ અને મોહ કરે ત્યારે ઓલું નિમિત્ત થાય એટલે નવા આવરણો આવે છે. એમ સિદ્ધ કરશે. સમજાણું કાંઈ? વસ્તુ પોતે પરણમે છે આત્મા પોતે રાગ-દ્વેષ-મોહપણે. ત્યારે કર્મનો જે ઉદય છે એ નવા કર્મને આવવાનું આસ્રવરૂપ કારણ છે. છે?

**'જ્ઞાનાવરણાદિ પુદ્‌ગલકર્મના આસ્રવણનાં (-આવવાનાં) નિમિત્ત હોવાથી,...'** ભાષા જુઓ! **'ખરેખર આસ્રવો છે;...'** એમ કીધું છે. ઉદયને ખરેખર આસ્રવ કીધા. કારણ કે એ તો ખરેખર પરમાણુનો ઉદય એવો છે કે એને જ અહીંયાં આસ્રવ ખરેખર કીધા. કારણ કે આત્માના પરિણામ છે એમાં એનું સ્વરૂપ શુદ્ધ નથી આસ્રવ, અશુદ્ધ ચિદ્‌વિકાર પરિણામ છે. માટે એને ખરેખર આસ્રવ ન કહેતા, પૂર્વના કર્મના ઉદયનું લક્ષ કરે છે અને પૂર્વનો કર્મનો ઉદય નવાનું કારણ થાય છે માટે ખરેખર જૂના ઉદયને જ આસ્રવ કહેવામાં આવે છે. કહો, સમજાણું આમાં?

મુમુક્ષુ :- ખરેખર તો એ પરમાણુ જ છે ને?

ઉત્તર :- પરમાણુની પર્યાય છે કીધી ને. પુદ્‌ગલની પર્યાય છે.

એ આસ્રવણનાં પુદ્‌ગલ કર્મના નવા આવવાના. પહેલા કીધા કે પુદ્‌ગલ પરિણામો એ ઉદયના. અને જ્ઞાનાવરણાદિ પુદ્‌ગલ કર્મના આસ્રવ એ નવા આવવાના. એમાં એ જૂનું કર્મ નિમિત્ત હોવાથી **'ખરેખર આસ્રવો છે;...'** સમજાણું કાંઈ? **'અને તેમને કર્મ-આસ્રવણના નિમિત્તપણાનું નિમિત્ત...'** જૂના ઉદયને નવા કર્મને આવવાનું નિમિત્ત **'કર્મ-આસ્રવણના નિમિત્તપણાનું...'** નવા કર્મને આવવાનું પૂર્વનું કર્મ જે નિમિત્ત. એનું નિમિત્ત. ભાષા આમ લીધી. જોઈ! આત્માના રાગ-દ્વેષ-મોહ પરિણામમાં કર્મ નિમિત્ત છે એ વાત અહીં લીધી જ નથી. સમજાણું કાંઈ?

આત્મા રાગ-દ્વેષ-મોહ કરે એ ઉપાદાન અશુદ્ધ અને એમાં જૂનું કર્મ એને નિમિત્ત. એ વાત અહીં લીધી જ નથી. એ વાત તો અહીં આસ્રવ સ્વતંત્ર સિદ્ધ બતાવવા એનું જ પરિણમન પારિણામિકભાવનું જ એ પરિણમન છે વિકારી મિથ્યાત્વ અને રાગદ્વેષ, એમ બતાવવા જૂના કર્મ નવાનું ખરેખર લાવવાનું કારણ આસ્રવ છે. એ જૂના કર્મને પણ નિમિત્ત થવામાં, નવા આવવાને નિમિત્ત થવામાં એ નિમિત્તને જીવના મોહ અને રાગ-દ્વેષ પરિણામ નિમિત્ત છે ત્યારે નવા આવે છે એમ કહેવામાં આવે છે. કહો, વલ્લભદાસભાઈ! આરેરે..!

મુમુક્ષુ :- લાંબી લાંબી બહુ વાત છે.

ઉત્તર :- ઓલા લોકો કહે ને, કર્મને લઈને થાય.. કર્મને લઈને થાય.. એ વાત જ અહીં ઉડાડી દીધી. એ વાત જ યાદ કરતા નથી. તારો પોતાનો જ અપરાધ છે. ચૈતન્યના શુદ્ધ સ્વરૂપનું સમ્યગ્દર્શન એવી શ્રદ્ધાનો ગુણ તારો ત્રિકાળ છે. એની ઊલ્ટી પર્યાય મિથ્યાત્વરૂપ તારામાં તું કરે છે એમ અહીં સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ?

'**તેમને...**' તેમને એટલે જૂના કર્મના ઉદયના પુદ્ગલ પરિણામને '**(મિથ્યાત્વાદિ પુદ્ગલપરિણામોને)...**' ખુલાસો કર્યો છે ભાઈએ. '**કર્મ-આસ્રવણના નિમિત્તપણાનું નિમિત્ત રાગદ્વેષમોહ છે-**' જૂના કર્મ ઉદયમાં આવે એ નવાનું કારણ છે એમ પહેલું સિદ્ધ કરી ખરેખર એ કારણ છે એમ સિદ્ધ કર્યું. પણ એને પણ જ્યારે આત્મા પોતે મિથ્યાત્વ અને રાગ-દ્વેષના પરિણામ કરે ત્યારે ઓલા નિમિત્તને આ પરિણામ નિમિત્ત થતાં નવા આવરણનું એ કર્મ જૂનું નિમિત્ત થાય છે. કહો, શશીભાઈ! છે ને પણ આ જુઓને વાંચો છો કે નહિ એ? ક્યાં ગયા તમારા ભાઈ ગયા? સમજાણું આ?

ત્રણ બોલ સિદ્ધ કર્યા. એક તો આ એક પર્યાયની સિદ્ધિ આ વસ્તુની. એ સર્વજ્ઞ સિવાય, પરમેશ્વર સિવાય આ વાત બીજે ક્યાંય હોઈ શકે નહિ. આત્મા શુદ્ધ જ્ઞાનાનંદની મૂર્તિ સમરસી ચૈતન્ય આનંદ, એમ હોવા છતાં પોતે પોતાને ભૂલી મિથ્યાત્વ અને રાગ-દ્વેષના પરિણામ પર્યાય પોતે કરે છે એમ અહીંયાં સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? અને તેને નિમિત્ત એ કોને થાય છે? કે જૂના એ કર્મ છે રજકણો, એ રજકણોનો જે પાક થતાં ઉદય થાય એ પુદ્ગલની અવસ્થા જડની અવસ્થા છે. એ અવસ્થા નવા કર્મના આવવાની અવસ્થાને નિમિત્ત થાય છે અને આ નિમિત્તને પણ આત્માના મોહ અને રાગ-દ્વેષના પરિણામ નિમિત્ત થાય ત્યારે ઓલાને નિમિત્ત કહેવામાં આવે છે. નવા આવવાને નિમિત્ત કહેવામાં આવે છે. સમજાણું આમાં કાંઈ? સમજાય છે કે નહિ?

આમ પોતે વસ્તુ તો શુદ્ધ ચૈતન્ય સિદ્ધ કરવી છે અને એની ભૂલ એની દશામાં સિદ્ધ કરવી છે, સ્વતંત્ર. સમજાય છે? ભગવાન આત્મા આનંદ અને શાંત અને શાંતરસનું તત્ત્વ આખું છે. એને અનાદિથી ભૂલેલો પોતાના ભાવમાં ભ્રાંતિ ઊભી કરી છે એણે કે આ સુખ પુણ્ય પરિણામ, દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ થાય એમાં મને સુખ છે. એ મને ઠીક છે. એ મિથ્યાત્વભાવ છે. એ મિથ્યાત્વભાવ પોતે પરિણમન કરીને ઉત્પન્ન કરેલો છે. કહો, સમજાય છે આમાં? આહાહા..! અને તે પરિણામ જૂના પુદ્ગલના પરિણામને નવા આવવાનું જે નિમિત્ત થાય છે જૂના, એને આ રાગ-દ્વેષ મોહ નિમિત્ત કહેવામાં આવે છે. આ કર્મનો ઉદય આને નિમિત્ત થાય છે એમ નહિ. પણ જૂના કર્મને આ નિમિત્ત થાય છે એટલે જૂનું કર્મ નવા કર્મનું કારણ કહેવામાં આવે છે. આહાહા..! ભારે!

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


મુમુક્ષુ :- વાત જ ફેરવી નાખી. બધી વાત ફેરવી નાખી.

ઉત્તર :- આખી વાત ફેરવી નાખી. સ્વતંત્ર સિદ્ધ કરવું છે. પરિણામ ભાષા લીધી, જુઓને! સ્વપરિણામ નિમિત્તા. પોતાનું જ પરિણમન અજ્ઞાન અને રાગ-દ્વેષ. એને હજી અજ્ઞાન કહેશે જુઓને! કહેશે ને.

વસ્તુ સ્વરૂપ જે છે જ્ઞાનની મૂર્તિ છે પ્રભુ. એકલો ચૈતન્ય પુંજ આત્મા છે. જ્ઞાનસૂર્ય આત્મા છે. આત્મા એકલો જ્ઞાનસૂર્ય ચૈતન્ય પ્રકાશનું નૂર અને પુર છે. એમાં એ ચૈતન્યના સ્વભાવનું સન્મુખનું અનાદિથી ભૂલેલો છે. અને મિથ્યા પરિણામ કરી અને હું કાં રાગી છું, કાં દ્વેષી છું, કાં અલ્પજ્ઞ છું, કાં સંયોગને સુધારી શકું છું, કાં સંયોગી ચીજથી હું સુધરું-બગડું છું, એવો જે પરલક્ષી મિથ્યાત્વભાવ એ પોતે જીવ ઊભો કરે છે. કહો, એમાં દર્શનમોહનું નિમિત્ત છે એમ નથી કહ્યું. દર્શનમોહનું નિમિત્ત નવા આવવાને ક્યારે કારણે થાય? કે એને આના મોહ-મિથ્યાત્વના પરિણામ નિમિત્ત થાય ત્યારે ઉદયને નવા આવવાનું કારણ થાય. ભારે વાત, ભાઈ! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- .. વ્યાખ્યા આવે ત્યારે એમ આવે, દર્શનમોહનીય આદિ..

ઉત્તર :- એ તો વાત... વિકારી પરિણામ છે એનું લક્ષ પર ઉપર છે તો એ બતાવવા. પણ અહીં તો વિકારી પરિણામ તારાથી સ્વતંત્ર નિરપેક્ષ થાય છે.

તું તને ભૂલી ભગવાન આત્મા સુખરૂપ આનંદ છે, એને ભૂલીને ક્યાંક એની મીઠાશ રહી જાય છે. શરીરનો વૈભવ, પુણ્યનો વૈભવ, બાહ્ય ક્રિયાનો ત્યાગ, કાંઈક વસ્તુનું ગ્રહણ, ઉપાવાસાદિ ગ્રહણ, લીલોતરીનો ત્યાગ, કંદમૂળનો ત્યાગ, પ્રત્યેકનું ગ્રહણ એવો જે વિકલ્પ, એ વિકલ્પ છે ને એ રાગ છે. એ રાગ મારું સ્વરૂપ છે એમ માન્યું છે તે મિથ્યાત્વભાવ છે. પોપટભાઈ! એ મિથ્યાત્વભાવ જીવે પોતે ઉભો કરેલો છે. એમ સિદ્ધ કરવું છે. કહો, આ તો ગોમ્મટસારમાં જ્ઞાનાવરણીયનું આ થાય, દર્શનાવરણીયમાં આમ થાય એ બધું ઉડાડી દીધું અહીં. ઓલા કહે કે આ બધું ઉડાડી દે છે સોનગઢવાળા. એમ કહે છે. એ કહે છે, એ તો દર્શનમોહથી આમ મિથ્યાત્વ થાય, ચારિત્રમોહથી રાગ થાય, ફલાણાથી આ થાય, ફલાણાથી આ થાય. વેદનો ઉદય હોય તો વિકાર થાય. આ એવું શાસ્ત્રમાં બધું છે. સોનગઢવાળા ઉડાડી દે છે. પણ આ શું સાંભળને, શું કહે છે આ? વલ્લભદાસભાઈ! કર્મના ગ્રંથી. કર્મનું બહુ... કર્મ તો જડ છે બિચારા, એને ભાન પણ નથી કે અમે કોણ છીએ. એ તો માટી ઝીણી ધૂળ છે. સમજાણું કાંઈ? જેમ આ જાડી છે આ શરીર ધૂળ-માટી. એમ ઓલી ઝીણી ધૂળ છે અજીવ. એ કાંઈ આત્માને વિકાર કરાવે છે એમ છે નહિ.

અને અહીંયાં તો જૂના કર્મ નવાને આસ્રવનું નિમિત્ત એ પણ નિમિત્તની વાત છે. ઉપાદાન

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

તો એને કારણે ઓલા નવા આવરણો આવે છે. સમજાણું કાંઈ? ત્યારે જૂના કર્મને નિમિત્ત જ્યારે નવાનું કહેવાય ત્યારે ક્યારે કહેવાય? કે એ નિમિત્તને આના મોહ પરિણામ નિમિત્ત થાય તો. અહીં અજ્ઞાનીની જ વાત છે, ભાઈ! અજ્ઞાની સિવાય બીજાના રાગ-દ્વેષને .. જ્ઞાનીને રાગ-દ્વેષ એના પોતાના નથી. સમ્યગ્દૃષ્ટિ છે-ધર્મી ચાહે તો ગૃહસ્થાશ્રમમાં હો કે ચાહે તો મુનિ સમકિતી, એને જે દયા, દાનના વ્રતનો વિકલ્પ જે ઉઠે છે એ પોતાના નથી માનતો. એટલે એના છે જ નહિ એટલે એને બંધન રાગ-દ્વેષ છે જ નહિ એમ કહે છે અહીં. આહાહા..! સમજાણું કાંઈ? આ તો પોતાના સ્વરૂપને ભૂલેલાના મિથ્યાત્વના રાગ-દ્વેષના પરિણામ એને અહીંયાં એનો આસ્રવભાવ કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. એનું આસ્રવતત્ત્વ એની પોતાની ભૂલ છે એમ કહે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- તારી ભૂલ છે એમાંથી ઉત્પન્ન થયેલું છે. નહિ કે પરથી.

મુમુક્ષુ :- એમ? કર્મનો વાંક નહિ?

ઉત્તર :- કર્મનો વાંક નહિ અને કર્મને લઈને નહિ અને કર્મનું લક્ષ કર્યું માટે થયા એ અહીં વાતેય નથી. તું પોતે પરિણમ્યો માટે રાગ, દ્વેષ અને મોહ થયા છે. અજ્ઞાનભાવને લઈને સ્વરૂપને ભૂલ્યો માટે. અહીં તો એની વાત છે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા ચૈતન્યમૂર્તિ જ્ઞાયકસ્વરૂપ, જ્ઞાતા-દૃષ્ટા સ્વભાવ, એનું કોઈ કર્તવ્ય રાગાદિ પરનું એનું કર્તવ્ય જ નથી. પરને છોડું, મૂકું એ વસ્તુમાં છે જ નહિ. એ તો ચૈતન્ય સ્વરૂપ છે. કોને ગ્રહે અને કોને મૂકે? એવો જે ચૈતન્ય સ્વભાવ તેને તે રીતે ન માનતા, પરના પદાર્થનું ગ્રહણ ત્યાગ કરી શકું છું, છોડી શકું છું, લઈ શકું છું, પરમાં સુખ છે એવી જે મિથ્યાત્વભાવના એ તારાથી કરેલી વિકાર દશા છે. અને એ મિથ્યાદૃષ્ટિના જે રાગ-દ્વેષ છે તેને અહીંયાં રાગ-દ્વેષ ગણવામાં આવ્યા છે. સમજાણું કાંઈ? આહાહા..!

જુઓ! '**કર્મ-આસ્રવણના નિમિત્તપણાનું નિમિત્ત રાગદ્વેષમોહ છે-કે જેઓ...**' અહીં તો બે વાત. એક જ્ઞાન અને આમ અજ્ઞાન. '**અજ્ઞાનમય આત્મપરિણામો છે.**' ભાષા જુઓ! એ મિથ્યાત્વ પરિણામને રાગ-દ્વેષ અજ્ઞાનમય આત્મપરિણામ છે. અજ્ઞાનમય આત્મ અવસ્થા છે. એ જ્ઞાનમય આત્મ અવસ્થા નહિ એમ સિદ્ધ કરવું છે. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બિલકુલ નહિ. વાંચો ને તમે. વાંચતા આવડે છે કે નહિ? હિન્દી છે નહિ?

અહીં અજ્ઞાનીની જ વાત છે. ભગવાન આત્મા ચૈતન્ય સ્વરૂપ એનું જ્યાં ભાન જ

નથી અને જ્યાં રાગ-દ્વેષનો કર્તા હું, પરનો કર્તા હું, પરનો ગ્રહણ-ત્યાગ કર્તા હું, પરના ગ્રહણ-ત્યાગથી મને લાભ થાય, પરના ગ્રહણથી મને નુક્સાન થાય એવી જે મિથ્યાત્વ દશા એ તારામાં તેં તારા કારણે ઊભી કરેલી છે. અને એ જ મિથ્યાત્વભાવની સાથે રહેલો રાગ-દ્વેષ એને ત્રણેને અજ્ઞાન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? ભારે ભાઈ! વીતરાગ દર્શન સમજવું. ભાઈ! એ વીતરાગદર્શન એ વસ્તુનું સ્વરૂપ જ આવું છે. ભગવાને જોયું છે એટલે કાંઈ એણે કર્યું નથી. સર્વજ્ઞ પરમેશ્વર કેવળજ્ઞાની પરમાત્માએ કહ્યું છે એટલે કાંઈ કર્યું છે કોઈનું એમ છે? આ કહ્યું છે એના પણ કર્તા નથી એ તો. કહ્યું છે એ તો વાણી છે. વાણીના પણ કર્તા નથી એ તો. આહાહા..! અને આત્મા જ કર્તા નથી એ વાણીનો. સર્વજ્ઞ તો શું પણ આત્મા કોઈ દિ' ત્રણ કાળમાં વાણીનો કર્તા નથી. વાણી જડ છે. એનો કર્તા આત્મા કેમ હોય?

અહીં તો કહે છે કે એ વાતને અમે લેતા જ નથી. માને છે એમ. પોતાનું જ્ઞાન જ્ઞાતા સ્વરૂપ જ્ઞાનસ્વરૂપ ભૂલી જઈને માને છે કે હું વાણી કરું છું, બીજાને સમજાવું છું, એથી બીજા સમજશે એવો મિથ્યાત્વભાવ એ અજ્ઞાનીએ પોતે ઉત્પન્ન કરેલો તે અજ્ઞાનમય ભાવ છે. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અનંત સંસાર જ એમ ગયો છે ને. લોકોને બિચારને ધર્મને બહાને પણ એને ખબર ન મળે. અનાદિ આમ ને આમ એણે કાળ ગાળ્યો છે. સમજાણું? આહાહા..! સાધુ નામ ધરાવી, પંચ મહાવ્રતના નામ ધરાવી પણ એ વિકલ્પનો હું કર્તા છું અને આ ક્રિયા મેં કરી અને હું છું તો આ દયા પળે છે, મારે લઈને આ બધાને ધર્મધ્યાન થાય છે, હું છું તો આ બધાની દશા એ થાય, એ બધોય મિથ્યાત્વભાવ છે. સમજાય છે કાંઈ?

મેં ખાવાનું ઘટાડ્યું ને ત્યારે શરીરમાં નબળાઈ થવા માંડી. એ અજ્ઞાનીનો મિથ્યાત્વભાવ છે. કારણ કે ખાવાનું ઘટાડ્યું એ તારા તાકાતની વાત નથી. એ તો રજકણો તે વખતે આવવાના નહોતા અને શરીરમાં તે જ અવસ્થા થવાની નબળાઈની હતી એ જડને કારણે છે. આ ન આવ્યો માટે નથી અને તેં રાગ ઘટાડી નાખ્યો ને આ ન લીધો એમ પણ નથી. ભારે વાત. સમજાણું કાંઈ? કહે છે...

મુમુક્ષુ :- રોકડ રકમ બધી ખોટી છે.

ઉત્તર :- રોકડ રકમ નક્કી કરેલી બધી ખોટી પડે છે આ. રોકડ હતી જ નહિ. ન્યાલભાઈ! આ રોકડ રકમ આટલી માની હતી એ નીકળ્યા ખોટા પડ્યા.

એક ફેરી બનેલું અમારે પાલેજ. એક હજાર રૂપિયા બરાબર લઈ. ... બહુ આવે ત્યાં.

સેંકડો. પાલેજમાં ધંધો મોટો. લાખો રૂપિયાની ઉથલ-પાથલ એક દિ'માં. ગાડા હજારો. અમે એક ગાડુ હજાર રૂપિયાનો વેચ્યો હશે કપાસ. રૂપિયા રોકડ રૂપિયા એકલા હોં કોથળી. એક જણો એવો આવ્યો, ઠીકરાની એટલી જ કોથળી એવડી બનાવીને ઠીકરાની કોથળી. ઓલો બિચારો હું દુકાને બેઠો હતો અને જોડે હતી એક જગજીવનભાઈની દુકાન. શું કહેવાય એ? .. એ જોડે દુકાન હતી. ઓલો લેતો હતો કાંઈ કરિયાણું. એ જરીક હાથ આમ ઊંચો થયો ત્યાં ઓલી કોથળી લઈને આ કોથળી મૂકી દીધી. આમ જ્યાં ઉપાડ્યા ત્યાં તોલ ન મળે. અરે..! આ શું થયું? ખોટા ચક્કરડા એકલા ઠીકરાના કરેલા. રોકડ રકમ. આહાહા..! એને બિચારાને પછી તરત અમારી જોડે દુકાન હતીને એટલે ખબર પડી. સામે ગાડું હતું. આ ગાડામાં છે. માલ વેચ્યો અને આ ઠીકરા બરાબર. કો'ક બરાબર એવડી જ કોથળી ઠીકરા બનાવીને લાવ્યું. કહો, એમ આ ઠીકરામાં એણે માનેલા છે કે અમે ધર્મ કર્યો. હોય ઠીકરા મિથ્યાત્વના ભાવ. સમજાણું કાંઈ? આહાહા..!

કહે છે, '**જેઓ અજ્ઞાનમય આત્મપરિણામો છે.**' ભાષા જુઓ! વસ્તુ સ્વરૂપ ચિદાનંદ સ્વરૂપ છે એ જ્ઞાનમૂર્તિ છે અને મિથ્યાત્વ અને રાગ-દ્વેષ એ અજ્ઞાન છે એમ કહેવું છે. અજ્ઞાન છે. એમાં જ્ઞાનનો અંશ નથી. કહો, સમજાણું કાંઈ? '**અજ્ઞાનમય...**' પાછા અજ્ઞાનમય. એના પરિણામ અનન્ય પરિણામ કહેવા છે ને? '**માટે (મિથ્યાત્વાદિ પુદ્‌ગલપરિણામોને)...**' જૂના કર્મના પુદ્‌ગલના ઉદયને '**આસ્રવણના...**' નવા આવવાના '**નિમિત્તપણાના નિમિત્તભૂત હોવાથી...**' એ નવા આવવાના નિમિત્તપણું પુદ્‌ગલ પૂર્વનો ઉદય, એને નિમિત્તભૂત હોવાથી '**રાગ-દ્વેષ-મોહ જ આસ્રવો છે.**' એ મિથ્યાત્વ અને રાગ-દ્વેષ-મોહ એ જ આસ્રવ ખરેખર છે. ઓલામાં ખરેખર કહ્યું હતું. અને અહીં રાગ-દ્વેષ-મોહ જ આસ્રવ એટલો શબ્દ. ઓલામાં ખરેખર શબ્દ. પાઠમાં છે ને. સમજાણું કાંઈ?

'**किलास्रवाः**' '**किल**' છે શબ્દ, જુઓ! '**किल**' છે ત્રીજી લીટી. '**किलास्रवाः**' ત્યાં ખરેખર આસ્રવ કહે છે ઓલાને. અને '**आस्रवणनिमित्तत्वनिमित्तत्वात् रागद्वेषमोहा**' પરિણામ '**रागद्वेषमोहा**' એટલું કહ્યું છે. '**एव**' એમાં ન નાખ્યું. છેલ્લું નાખ્યું. '**आस्रवणनिमित्तत्वनिमित्तत्वात् रागद्वेषमोहा एवास्रवाः**' 'જ' થઈ ગયો ત્યાં. કહો, સમજાણું? '**ते चाज्ञानिन एव भवन्तीति अर्थदेवापद्यते।**' શું કહે છે? એવા રાગદ્વેષમોહના પરિણામ કે જે આસ્રવો છે એટલે કે દુઃખરૂપ છે, એ જૂના કર્મ જે નિમિત્ત છે નવા આવવાને, એને આ દુઃખરૂપ અજ્ઞાન પરિણામ નિમિત્ત કહેવામાં આવે છે. માટે ખરેખર '**एव**' નામ રાગદ્વેષમોહ જ આસ્રવ છે. '**અને તે તો (-રાગદ્વેષમોહ તો) અજ્ઞાનીને જ હોય છે...**' જુઓ! આહાહા..! સમ્યગ્દર્શન, આત્માનું જ્ઞાન અને આત્માનું ભાન થયે પછી જે કાંઈ રાગ-

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


દ્વેષ થાય એ જ્ઞાનીના નથી. એ રાગધારા પરજ્ઞેયમાં જાય છે. આહાહા..! સમજાણું કાંઈ?

ભગવાન આત્મા ચૈતન્ય સ્વરૂપ છે, જ્ઞાનનો સૂર્ય છે એવું જ્યાં ભાન થયું, અંતરદષ્ટિ ખીલી, સ્વભાવના અનુભવનું વેદન થયું. પછી કહે છે કે આ સંસારના છન્નું હજાર સ્ત્રી હોય, એનો રાગ થાય. સમજાય છે? કોઈ પ્રતિકૂળતાનો પ્રસંગ હોય અને જરી દ્વેષનો અંશ આવે, કહે છે કે એ જ્ઞાનીના છે જ નહિ. સમજાણું કાંઈ? કહો. એક કોર કહે, જરી રાગનો અંશ રહે મુનિને. આત્મધ્યાની, જ્ઞાની, સાચા સંતને પંચ મહાવ્રતનો વિકલ્પ ઉઠે, કહે છે કે એ આસ્રવી જીવ છે. દુઃખરૂપ પરિણામ એ ઝેર છે મુનિને. એ ચારિત્રથી અચારિત્રભાવ છે. આહાહા..! સ્વરૂપની સ્થિરતાની કમી છે એથી તેને આસ્રવ ગણી દુઃખરૂપ ગણ્યા ત્યાં.

અહીં તો વસ્તુનો સ્વભાવ જે છે એમાં એ આસ્રવ ઉત્પન્ન થવાનું આત્મા સ્થાન જ નથી. સમજાણું કાંઈ? આત્મા તો આનંદ અને શાંતિને ઉત્પન્ન થવાનું સ્થાન છે. ભગવાન આત્મા એ અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય જ્ઞાન એને જ ઉત્પન્ન થવાનું એ સ્થાન-કારણ છે. સમજાણું કાંઈ? પર્યાયના અંશમાં જે ઉત્પન્ન થાય મિથ્યાત્વ અને રાગદ્વેષ, એ અંશબુદ્ધિમાં અંશબુદ્ધિવાળાને થાય છે. સમજાણું કાંઈ? દ્રવ્યબુદ્ધિ જ્યાં થઈ ત્યાં એ છે નહિ. જ્ઞાયકબુદ્ધિ આત્માનું ભાન થયું, સમ્યગ્દર્શન થયું (તો) કહે છે કે એને પર્યાયબુદ્ધિ જ નથી. એટલે અંશમાં જે ઉત્પન્ન થતાં રાગ-દ્વેષ દ્રવ્યબુદ્ધિવાળાના છે જ નહિ. સમજાણું કાંઈ? અંશબુદ્ધિવાળાના અજ્ઞાન ભાવના રાગદ્વેષમોહ હતા એ એનો ચિદાભાસ ભાવ છે. સમજાણું કાંઈ? ભારે વાત, ભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અંશબુદ્ધિ એટલે વર્તમાન અંશ ઉપર દષ્ટિ છે. અંશ-વર્તમાન અવસ્થા રાગ-દ્વેષ-પુણ્ય-પાપ, વિકલ્પ અને અલ્પજ્ઞતા. એના ઉપર જેની દષ્ટિ છે એ મિથ્યાદષ્ટિ છે. એના રાગદ્વેષ અને મોહ એના કહેવામાં આવે છે. એને જ રાગદ્વેષમોહ હોય છે. જેને આત્મબુદ્ધિ છે વસ્તુ દ્રવ્ય અખંડ જ્ઞાયકબુદ્ધિ (થઈ છે), એવા બુદ્ધિમાં પર્યાયને લક્ષે ઉત્પન્ન થતાં રાગદ્વેષ એને દ્રવ્યબુદ્ધિમાં છે જ નહિ. આહાહા..! લડાઈમાં સમ્યગ્દષ્ટિ ઊભો હોય અને લડાઈનો દ્વેષ હોય જરી તો એ જ્ઞાનીનો દ્વેષ છે જ નહિ. એ તો પર જડ છે એને જેમ જાણે છે દેહની ક્રિયા થતી, (લડાઈમાં) દેહની ક્રિયામાં બાણ છૂટતા હોય હાથીના હોદ્દે બેઠો (હોય) એ ક્રિયા જડની છે. જ્ઞાન પોતામાં જ્ઞાનમાં રહીને તેને અડ્યા વિના જ્ઞાન જાણે છે, એમ દ્વેષના અંશના અડ્યા વિના દ્વેષને પોતામાં જ્ઞાનમાં રહીને પૃથક્ જાણે છે.

મુમુક્ષુ :- ...સાધન શું?

ઉત્તર :- આ સાધન નથી? આ ભાન છે કે નહિ એને? બીજાનું શું કામ છે એને

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ખબર છે કે નહિ પોતાને. જુઓ! એ આમ બોલે છે ને એમ બોલે છે કે અમે આમ કામ કરીએ છીએ, અમે આમ જતનાથી શરીરને ઊંચું મૂકીએ છીએ. અને શરીર હળવેથી આમ હેઠે કીડી આવી હોય તો શરીરને આમ ઊંચું કરીએ છીએ. અમે આમ કરીએ છીએ. આ હથિયાર અમે ઉપાડીએ છીએ. આ ફલાણું લઈને આમ પૂજીએ છીએ. એ અમારી ક્રિયા છે. એમ માનનાર મિથ્યાદષ્ટિ છે. એ એનું બાહ્ય લક્ષણ. જડની પર્યાય થાય એને પોતાની કરેલી માને છે. એ તો જડની અવસ્થા છે. એ ક્યાં આત્માની છે? આ શરીર હાલે-ચાલે, ઊંચું-નીચું થાય એ તો જડની દશા, અજીવની દશા અને અજીવની દશાને જીવ માને એ તો મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ? ખબર ન મળે પણ વાતની જ ખબર ન મળે. શું થાય? સમજાણું?

એ આસ્રવની વ્યાખ્યા મોટી થઈ હતી આ શેઠિયાની સાથે તુલસી ગણી છે ને? એની. આસ્રવ જીવ છે કે અજીવ? તેરાપંથી. જીવ. જીવ જ કહે એ લોકોને ... બીજો પ્રશ્ન કર્યો શેઠિયાએ. એ અભેદ છે કે ભેદ? થઈ રહ્યું. હાય.. હાય..! એ વાત જ ચાલતી નથી સંપ્રદાયમાં. ખબર જ નથી સંપ્રદાયને. જીવના પરિણામ હોય એ જીવથી જુદા કેમ કહેવાય? અને જો જુદા કહીએ,.. સમજાય છે? તો આપણી માન્યતા રહેતી નથી. અને અભેદ કહીએ તો સિદ્ધમાં એ પુણ્ય-પાપના પરિણામ રહેતા નથી. જીવથી જુદા પડી જાય છે. કહો, સમજાણું કાંઈ? પ્રવિણભાઈ! આ તો બધી રમતું જાણવા જેવી છે. આમ ભગવાન... ભગવાન.. કરો, ભગવાન... ભગવાન.. કરો એમ કાંઈ થાય એવું નથી આમાં, કહે છે. હિંમતભાઈ! આરે.. આરે..! ભારે વાત! સમય સમયની પર્યાય જડની જડમાં થાય, તારી તારામાં થાય એમ નિર્ણય કરી, એ અવસ્થાબુદ્ધિ છોડી, વસ્તુબુદ્ધિ-દ્રવ્યબુદ્ધિ કર. પછીના જે રાગ-દ્વેષ થાય એ તારામાં, તારાથી, તારી દશામાં નથી. અને જ્યાં સુધી એને રાગ-દ્વેષ અને દયા-દાનના વિકલ્પ અને અંશબુદ્ધિ ઉપર બુદ્ધિ છે ત્યાં સુધીના ઉત્પન્ન થયેલો મિથ્યાત્વ, રાગ-દ્વેષભાવ એ બધા અજ્ઞાનીના અજ્ઞાનમય રાગ-દ્વેષ ગણવામાં આવ્યા છે. સમજાણું કાંઈ? આહાહા..! બહુ વાત એટલો બધો ફેરફાર થઈ ગયો છે ને કે મૂળ વાત જ સાંભળવા મળે નહિ. એટલો ફેરફાર બિચારાને. એમ ને એમ બિચારા આંધળે આંધળા અનાદિથી છે અને એમ ને એમ જિંદગી પૂરી થઈ જાય. એમાં કાંઈ આત્માને લાભ ન મળે. નુક્સાનનો પાર ન મળે. નુક્સાન ખરું?

મુમુક્ષુ :- માનેલા.

ઉત્તર :- માનેલા એટલે ઊંધા ભાવથી નુક્સાનનો પાર ન મળે. આહાહા..!

કહે છે, આ એક કેટલો.. કહે છે કે ભાઈ! વસ્તુ ભગવાન આત્મા છે એ પોતે પર્યાયમાં

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અંશબુદ્ધિમાં ભૂલેલો મિથ્યાત્વ અને રાગ-દ્વેષના પરિણામ ભ્રમણાથી ઉત્પન્ન કરી અને એ પોતે એમાં રહ્યો છે. એ પરિણામ જૂના પરિણામ જે કર્મ છે... જુઓ! પાછો જૂનો સંબંધ સિદ્ધ કર્યો. જૂના પણ કર્મ છે. જૂના કર્મના પાક કાળમાં જે પરિણામ જૂનાના ઉદયરૂપ પાક અવસ્થા થઈ, એ નવા પરમાણુની પર્યાય થવામાં, જૂનાની પર્યાય તેને નિમિત્ત થાય. પણ એ નિમિત્તને નિમિત્ત તો આ અજ્ઞાનીના રાગ-દ્વેષ-મોહ થાય ત્યારે નિમિત્ત કહેવામાં આવે છે. આહાહા..! મૂળ તો પર્યાયબુદ્ધિ અને દ્રવ્યબુદ્ધિની વ્યાખ્યા કરે છે અહીં તો ખરેખર. સમજાણું કાંઈ?

'**અને તે તો (-રાગદ્વેષમોહ તો) અજ્ઞાનીને જ હોય છે...**' જોયું! અજ્ઞાનીને જ હોય છે. જેની બુદ્ધિ વસ્તુ સ્વભાવ તરફ ઢળી નથી, ચિદાનંદ ભગવાન આત્મા અનંત ગુણની અપરિમિત ગુણની ખાણ છે. મિથ્યાત્વના સાથે રહેલા રાગ-દ્વેષ મિથ્યાત્વ એ જ મૂળ મોહ અને દોષ છે. પછીના જે રાગ-દ્વેષ છે સાધારણ એ ગૌણ દોષ છે. એ ગૌણ દોષને વસ્તુની દૃષ્ટિ થઈ તેને એ ગણવામાં આવતા નથી. સમજાણું કાંઈ?

'**અજ્ઞાનીને જ હોય છે એમ અર્થમાંથી જ નીકળે છે.**' એમ અર્થમાંથી જ નીકળે છે. લ્યો. છે ને? '**तेसिं पि होदि जीवो य रागदोसादिभावकरो।।**' એમ. ભાવ કરનારો છે ને? એ રાગદ્વેષમોહ કરનારો. એ અજ્ઞાનીના જ રાગદ્વેષ મોહ ગણવામાં આવ્યા છે. '**(ગાથામાં સ્પષ્ટ શબ્દોમાં કહ્યું નથી તોપણ ગાથાના જ અર્થમાંથી એ આશય નીકળે છે.)**' અભિપ્રાય. અજ્ઞાનીના જ રાગદ્વેષ ગણવામાં આવ્યા છે. જ્ઞાનીને રાગદ્વેષ છે જ નહિ. કારણ કે જ્ઞાનીનો આત્મા રાગદ્વેષવાળો નથી. એ તો રાગદ્વેષથી ભિન્ન છે. આહાહા..! જુઓને! ઓલો વ્યવહારના દયા, દાનના વિકલ્પ જે વ્યવહાર ઉઠે એ વ્યવહારથી ભિન્ન જ્ઞાની છે એમ સિદ્ધ કરે છે. વ્યવહારથી મુક્ત છે એમ કહે છે, ભાઈ! આહાહા..! જુઓને! કઈ રીતે નાખ્યું? ઓલાપણે વ્યવહારે જાણેલો પ્રયોજનવાન કહ્યું. બીજું વ્યવહારથી મુક્ત કહ્યું અધ્યવસાયમાં. પરત્યાગને. અહીં એ રીતે કહ્યું. આ રીતે વ્યવહારથી મુક્ત એટલે વ્યવહાર એનામાં છે જ નહિ. આહાહા..! રાગ-દ્વેષના પરિણામ એવા જે નિશ્ચયના ભાન પછી થતાં એ વ્યવહાર નિશ્ચયમાં વ્યવહાર છે જ નહિ. વ્યવહાર તો પરમાં (જાય છે), જેમ શરીરાદિ વસ્તુ છે એ છે, એમ આ પણ છે. એ પરમાં જાય છે. સમજાણું કાંઈ? ભારે સમજવાની દરકાર. આહાહા..! પણ એ તો પોતે ચૈતન્ય સ્વરૂપ છે તો એને સમજવાનું જ હોય. બીજું એને કરવાનું શું હોય? સમજવું એ કરવું છે એને. પણ એની તો એને ખબર નથી. એમ ને એમ અનંત કાળ ગાળ્યો એણે. લ્યો. કેટલા બોલો કહ્યા? ઘણાં કહ્યા, હોં!

'**ભાવાર્થ :- જ્ઞાનાવરણાદિ કર્મોના આસ્રવણનું (-આગમનનું)...**' એ નવા આઠ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

કર્મ જે આવે જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય. એને આવવાનું '**કારણ તો મિથ્યાત્વાદિ કર્મના ઉદયરૂપ પુદ્‌ગલના પરિણામ છે,...**' એ જૂના દર્શનમોહનો ઉદય, ચારિત્રમોહનો ઉદય આદિ નવા આઠ કર્મને આવવાનું કારણ એ છે. '**માટે તે ખરેખર આસ્રવો છે.**' ખરેખર જૂના કર્મ તે આસ્રવ છે. કહો, આવતા નથી એને આસ્રવ કહેવો. એય..! નવા આવનારને નિમિત્ત છે માટે તેને આસ્રવ કહેવામાં આવે છે. કહો, હિંમતભાઈ! શું આમાં? કહો, ઓલા જડને આસ્રવ. આવે તો તો આસ્રવ કહેવાય. પણ આ પડ્યા છે, પછી ઉદય આવ્યા તો કહે આસ્રવ. કેમ કે નવા આવવામાં નિમિત્ત છે માટે એ આસ્રવ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? જૂનાના ઉદયને દ્રવ્યાસ્રવ કહેવાય, નવા આવે એને દ્રવ્યઆસ્રવ કહેવાય અને મિથ્યાત્વ અને રાગ-દ્વેષના ભાવને ભાવ આસ્રવ કહેવાય. એમ ત્રણ પ્રકાર છે. કહો, માટે તે ખરેખર આસ્રવો છે.

'**વળી તેમને કર્મઆસ્રવણના નિમિત્તભૂત થવાનું...**' તેમને એટલે જૂના કર્મને નવા કર્મમાં આવવાનું નિમિત્ત કારણરૂપ થવામાં '**નિમિત્ત જીવના રાગદ્વેષમોહરૂપ (અજ્ઞાનમય) પરિણામ છે...**' જ્ઞાનમય ભગવાન આત્મા એ કેમ નિમિત્ત પરને થાય? આહાહા..! તેમને એટલે જૂના કર્મને નવા આવવાના નિમિત્ત થવામાં, નિમિત્ત એટલે નિમિત્ત કારણ હોં! નિમિત્ત કારણની વાત છે ને અહીં? જીવના રાગદ્વેષમોહરૂપ અજ્ઞાનમય પરિણામ છે. '**માટે રાગદ્વેષમોહ જ આસ્રવો છે.**' એ દુઃખરૂપ ભાવ છે. મિથ્યાત્વભાવ, રાગદ્વેષભાવ, અજ્ઞાનમય પરિણામ એ દુઃખરૂપ ભાવ છે. '**તે રાગદ્વેષમોહને ચિદ્વિકાર પણ કહેવામાં આવે છે.**' આત્માનો વિકાર. આત્મા નહિ પણ આત્મા જેવો ચિદાભાસ દેખવામાં આવે છે.

'**તે રાગદ્વેષમોહ જીવને અજ્ઞાન-અવસ્થામાં જ હોય છે.**' આત્મા જ્ઞાન ચિદાનંદ સ્વરૂપનું ભાન નથી તેને આ રાગદ્વેષમોહ કહેવામાં આવે છે. '**મિથ્યાત્વસહિત જ્ઞાન જ અજ્ઞાન કહેવાય છે.**' મિથ્યાશ્રદ્ધા છે એ પુણ્ય અને પાપના.. જુઓ! પુણ્ય-પાપ અધિકાર થયા પછી આ લીધું છે. પુણ્ય-પાપ અધિકાર પૂરો થયો છે. બેય એકરૂપ છે વિકાર એમ ગણાવીને અહીં કહે છે કે બેય ભાવ અજ્ઞાનમય છે, હવે કહે છે. એ આસ્રવભાવ જ અજ્ઞાનમય છે. '**એ મિથ્યાત્વ સહિત જ્ઞાન જ અજ્ઞાન કહેવાય છે.**' શ્રદ્ધામાં ચૈતન્ય સ્વભાવ જાણકસ્વભાવ છે એમ જ્યાં અંતર ભાન થયું નથી, ત્યાં અજ્ઞાનીને રાગદ્વેષમોહ અને અલ્પજ્ઞ પર્યાય ઉપર પ્રેમ અને રુચિ છે એવા જ્ઞાનને અજ્ઞાન કહેવામાં આવે છે. ચાહે તો અગિયાર અંગનું ભણતર કર્યું હોય, ચાહે તો નવ પૂર્વ ભણ્યો હોય તો પણ તે અજ્ઞાન છે. સમજાણું કાંઈ?

'**માટે મિથ્યાદષ્ટિને અર્થાત્ અજ્ઞાનીને જ રાગદ્વેષમોહરૂપી આસ્રવો હોય છે.**'

લ્યો! નયચક્ર. સવારમાં આવ્યું હતું ને. ... નયચક્ર માથું તોડી નાખે અજ્ઞાનીના ભાવનું. ઊલટી એકાંત માન્યતા કરીને પડ્યા હોય એનું માથું તોડી નાખે એના ભાવનું. ખંડ ખંડ કરી નાખે. આહાહા..! એક કોર વસ્તુનું ભાન થયું, લડાઈ આદિનો રાગ તે જ્ઞાનીના નહિ, એ આત્માના નહિ. એક કોર કહે કે રાગનો અંશ પણ ઉત્પન્ન થાય, મહામુનિ સંતને ત્રણ કષાયનો અભાવ થયો છે એવી આનંદદશા છે, એને પણ હજી પંચ મહાવ્રતનો વિકલ્પ ઉઠે અહિંસા સત્યનો, કહે છે કે એ ઝેર છે, દુઃખ છે, આસ્રવ છે. એ જીવ આસ્રવી છે. નવા એને આવરણ આવે છે. ઓલો રાગભાગ છે માટે.

અહીં કહે છે કે વસ્તુની દૃષ્ટિનું ભાન થયું, પર્યાયદૃષ્ટિ ઊડી ગઈ એવા જ્ઞાનીને રાગ-દ્વેષમોહ છે જ નહિ. કારણ કે વસ્તુમાં નથી. વસ્તુની દૃષ્ટિમાં નથી. સમજાણું કાંઈ? માણસને ઓલું સમજવામાં મુશ્કેલ પડે ને એટલે બીજો રસ્તો લઈ લે પછી. અનાદિથી એમ જ એણે કર્યું છે. ટાણા આવ્યા છે ત્યારે એવા ગુમાવી બેઠો છે. આ શું કહે છે અને કેમ કરવું કાંઈ મોંમાથુ હાથ આવે નહિ. ઓલું તો હાથ આવે. દયા પાળીએ, વ્રત કરીએ, તપ કરીએ, અપવાસ કરીએ, ઉણોદરી કરીએ, રસ છોડીએ. એઈ..! ન્યાલભાઈ! ૩૫ વર્ષથી કેરીનો રસ ન ખાવો. કહો, છે એમાં કાંઈ મહેનત?

મુમુક્ષુ :- પરસેવો ઉતરી ગયો.

ઉત્તર :- ધૂળમાંય ઉતર્યો નથી. શું છે?

મુમુક્ષુ :- કેરીનો રસ ખાય તો ધર્મ થાય.

ઉત્તર :- કેરીનો ધર્મ ક્યાં હતો? પણ કેરીનો રસ છોડ્યો માટે ધર્મ થાય એમ પણ ક્યાં હતું? એ તો વિકલ્પ છે જરી રાગનો. મંદ રાગ હોય તો કેરી નથી ખાવી. પણ પાછી કેરીના રજકણો મેં રાગ મંદ કર્યો માટે આવ્યા નહિ, મેં ખાધા નહિ. એ જડનો સ્વામી થયો. મિથ્યા અભિપ્રાય થયો. એય..! અને આ હવે આ મૂકીને હું આ લઉં છું. દાળ-ભાત, રોટલી લઉં છું. ઓલો રસ લેતો નથી. એ દાળ-ભાત, રોટલીના રજકણો લઉં છું એ માન્યતા જ મિથ્યાત્વ છે. એ તો રજકણ જડ છે. તારાથી લેવાય ને મૂકાય? એ તારા અધિકારની વાત છે? એ તો પરમાણુ અજીવતત્ત્વ છે. અજીવતત્ત્વને આવવું જાવું એ તો એના અધિકારની વાત છે. શું છે?

મુમુક્ષુ :- .. મેળ કરવો...

ઉત્તર :- વાણિયા ખાતા હોય એ કરે છે કે નહિ બધી સરખી? એનું ખાતું એને ખતવવું જોઈએ, ભાઈ! આ તો અજીવને જીવ માને, આસ્રવને આત્મા માને, બધી મિથ્યા દૃષ્ટિ છે. આહાહા..! ભગવાનનો માલ છે અહીં તો, બાપુ! વીતરાગનો માર્ગ છે આ. આ કાંઈ દુનિયા

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


સાથે મેળ ખાય એવો નથી. આહાહા..!

આનંદઘનજી તો કહે છે કે એકવાર કે જ્ઞાનીના અભિપ્રાય સાથે ઘણા મેળમાં જો આવતા હોય તો એ અભિપ્રાય જ સાચો નથી. કારણ કે ઘણાઓ સંસારના રસ્તે છે એના અભિપ્રાય સાથે જ્ઞાનીનો અભિપ્રાય મેળ કેમ ખાધો? અથડાણો કેમ નહિ? શશીભાઈ! સમજાણું કાંઈ? વલ્લભદાસભાઈ! કીધું છે આનંદઘનજીએ એક ઠેકાણે. જ્ઞાનીનો અભિપ્રાય ધર્મીનો છે એનો દુનિયાના મોટા ભાગ સાથે મેળ ખાય તો એ જ્ઞાનીનો અભિપ્રાય જ નથી. મોટો ભાગ અજ્ઞાનમાં છે એને ભાન નથી તત્ત્વનું. અને એની સાથે મેળ કેમ ખાય છે આનો? અથડામણી કેમ ઊભી થતી નથી? એય..! ન્યાલભાઈ! એમ કહ્યું છે. અથડામણી કેમ ઊભી થતી નથી? માટે મેળ લાગે છે આ બધો. માટે એનો અભિપ્રાય સાચો નથી. દુનિયાની ચાલતી પ્રથાથી જ્ઞાનીનો અભિપ્રાય તદ્દન જુદો હોય છે. આહાહા..!

'**અજ્ઞાનીને જ રાગદ્વેષમોહરૂપી આસ્રવો હોય છે.**' બસ, જ્યાં વસ્તુદૃષ્ટિ થઈ, વસ્તુમાં જ્યાં રાગદ્વેષ નથી એટલે જ્ઞાનીને પણ રાગદ્વેષ નથી. પર્યાયબુદ્ધિ જ્યાં છે એમાં ઉત્પન્ન કરેલો પરિણામ જે રાગદ્વેષ ભાવ એ અજ્ઞાનીના જ છે. જ્ઞાનીને હોતા નથી. ઓહોહો..! સમયસાર.

'**હવે જ્ઞાનીને આસ્રવોનો (ભાવાસ્રવોનો) અભાવ છે એમ બતાવે છે :-**' હવે એની ગાથા. ધર્મીને ભાવાસ્રવ જે મિથ્યાત્વ અને રાગદ્વેષના પરિણામ એનો અભાવ છે.

**णत्थि दु आसवबंधो सम्मादिट्ठस्स आसवणिरोहो।**
**संते पुव्वणिबद्धे जाणदि सो ते अबंधंतो।।१६६।।**

પહેલું જ ઉપાડ્યું પાધરું.

**સુદૃષ્ટિને આસ્રવનિમિત્ત ન બંધ, આસ્રવરોધ છે;**
**નહિ બાંધતો, જાણે જ પૂર્વનિબદ્ધ જે સત્તા વિષે. ૧૬૬.**

આહાહા..! કાયરના તો કાળજા કંપે એવી વાત છે.

'**ટીકા :- ખરેખર જ્ઞાનીને...**' જ્ઞાની નામ સમ્યગ્દૃષ્ટિ ધર્મીને '**જ્ઞાનમય ભાવો વડે...**' જુઓ! આત્મા આનંદ અને શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ છે એવા જ્ઞાનમય ભાવો જ્ઞાનીને હોય છે. જ્ઞાન એટલે ચૈતન્યસ્વરૂપ, એની દૃષ્ટિ, એનું જ્ઞાન અને એની લીનતા અને એનો આનંદ એ બધા જ્ઞાનમય ભાવ છે. સમજાણું કાંઈ? '**ખરેખર...**' સમ્યગ્દૃષ્ટિને સમ્યગ્જ્ઞાનમય બધા ભાવો વડે. કારણ કે વસ્તુ જે જ્ઞાન ને ચૈતન્ય ને આનંદ અને શુદ્ધ છે એવું જ્યાં સમ્યગ્જ્ઞાન થયું તો એ એની દશામાં એ જ્ઞાનમય જ બધા ભાવ છે. સમજાણું?

'**અજ્ઞાનમય ભાવો અવશ્યમેવ નિરોધાય છે-**' જ્ઞાનમય ભાવની ઉત્પત્તિથી અજ્ઞાનમય

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

મિથ્યાત્વ અને રાગ-દ્વેષના ભાવો રોકાય છે એટલે અભાવરૂપ થાય છે. એટલે ઉત્પન્ન થતાં નથી. જ્ઞાનમયભાવ જ્યાં ઉત્પન્ન થયા ત્યાં અજ્ઞાનમય ભાવ ઉત્પન્ન થતાં નથી. સમજાણું કાંઈ? વસ્તુ ચૈતન્ય સ્વભાવ શુદ્ધ જ્ઞાન અને આનંદ, એની દૃષ્ટિ થતાં ધર્મીને બધા જ્ઞાનમય જ ભાવ છે. એના વડે અજ્ઞાનભાવ... આસ્રવ નિરોધ કહેવું છે ને? આસ્રવ નિરોધ કહેવાય છે ને? આસ્રવ નિરોધ તે સંવર. જ્ઞાનીને જ્ઞાનમયભાવથી અજ્ઞાનમય આસ્રવનો નિરોધ છે. થતાં નથી. અધિકાર આસ્રવનો છે.

મુમુક્ષુ :- આસ્રવ થતા નથી એમ કહ્યું.

ઉત્તર :- નથી. એમ કહ્યું.

મુમુક્ષુ :- આસ્રવના પચ્ચખાણ તો કરવા પડે ને?

ઉત્તર :- પણ એ પચ્ચખાણ ક્યાં પચ્ચખાણ હતાં? જ્ઞાનાનંદમાં સ્થિર થઈને અતીન્દ્રિય આનંદનું વેદન એનું નામ પચ્ચખાણ. પચ્ચખાણ કાંઈ બહારમાં થાય? પચ્ચખાણ કરવા પડે ને? કહે છે. એ તો આવી ગયું પહેલું. 'જ્ઞાન તે પચ્ચખાણ છે.' ૩૪મી ગાથામાં. પચ્ચખાણ બીજી કઈ ચીજ? જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા એ જ્ઞાનમાં એણે કોઈ દિ' રાગ ગ્રહ્યો છે કે છોડે? એ જ્ઞાનમાં જ્ઞાનનું જ્ઞાન કરીને ઠર્યો છે એટલે ઠરીને શાંતિ પ્રગટ થઈ છે, બસ! એ જ પચ્ચખાણ. સમજાણું કાંઈ?

'**ખરેખર જ્ઞાનીને...**' ધર્મીને પોતાના સ્વભાવની દૃષ્ટિ ખીલી છે માટે સ્વભાવની દૃષ્ટિનું સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્‌શાંતિ, ચારિત્ર, આનંદ એ બધા વર્તમાન પર્યાય તે જ્ઞાનમય ભાવ છે. એ વર્તમાન દશા એ જ્ઞાનમયભાવ છે. અહીં તો જ્ઞાનમય ત્રિકાળની વાત નથી. વર્તમાન પર્યાયની વાત છે. સમજાણું કાંઈ? ધર્મીને પોતાનો દ્રવ્યસ્વભાવ ચૈતન્ય જ્ઞાયક, આનંદ, શુદ્ધ સ્વભાવ એવી દૃષ્ટિ અને ભાન થયાથી તેને વર્તમાન દશામાં રાગ અને અજ્ઞાનમય ભાવ ન થતાં એકલા જ્ઞાનમય ભાવ જ જ્ઞાનીને થાય છે. એ જ્ઞાનમય શ્રદ્ધા, શાંતિ, સ્થિરતા અવિકારી જ્ઞાનની દશા વડે વિકાર એવો જે અજ્ઞાનભાવ તે અટકી જાય છે.

'**અવશ્યમેવ નિરોધાય છે.**' એમ કહ્યું પાછું. જરૂર રોકાય છે. જરૂર અભાવરૂપ થાય છે. શું કીધું? અજ્ઞાનીને જ્યારે રાગદ્વેષમોહ છે, ત્યારે જ્ઞાનીને રાગદ્વેષમોહનો અભાવ થાય છે. સમજાણું કાંઈ? જરૂર અભાવ થાય છે. '**કારણ કે પરસ્પર વિરોધી ભાવો સાથે રહી શકે નહિ;...**' જ્યાં અજ્ઞાનમય, રાગદ્વેષ અને મિથ્યાત્વ છે ત્યાં જ્ઞાનમય ભાવ હોતા નથી. અને જ્યાં જ્ઞાનમયભાવ છે ત્યાં અજ્ઞાનમય રાગદ્વેષમોહ હોતા નથી. બે પરસ્પર વિરોધ છે. ઓહોહો..! કઈ શૈલી! તેથી એનું વિશેષ સ્વરૂપ કહેશે હવે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**જેઠ સુદ ૧૨, સોમવાર તા. ૧૯-૦૬-૧૯૬૭**
**ગાથા-૧૬૬, પ્રવચન-૨૫૧**

આ સમયસાર. આસ્રવ અધિકાર. ૧૬૬ ગાથા.

'**ટીકા :-ખરેખર જ્ઞાનીને જ્ઞાનમય ભાવો વડે અજ્ઞાનમય ભાવો અવશ્યમેવ નિરોધાય છે-રોકાય છે-અભાવરૂપ થાય છે...**' એટલે શું કહ્યું? જેને આત્મા શુદ્ધ દ્રવ્ય સ્વભાવ ત્રિકાળ પવિત્ર છે એનો જ્યાં આશ્રય કર્યો છે એથી એ જ્ઞાનસ્વરૂપ આત્મા, તેથી એનું ભાન થતાં એ જ્ઞાની થયો. '**જ્ઞાનીને જ્ઞાનમય ભાવો વડે...**' એમ છે ને? એટલે જ્ઞાની એટલે શું? જ્ઞાનીની વ્યાખ્યા. ધર્મી એટલે કે જ્ઞાની અને જ્ઞાની એટલે કે ધર્મી. એટલે શું? વસ્તુ જે શુદ્ધ ચૈતન્ય સામાન્ય દ્રવ્ય સ્વભાવ ધ્રુવ ત્રિકાળ એનો જેણે આશ્રય લીધો છે, એના આશ્રયને લઈને જ્ઞાનસ્વભાવની શ્રદ્ધા, શાંતિ અને પ્રતીતિ ઉત્પન્ન થઈ છે. એટલે ધર્મી કેમ થવાય એ પણ સાથે આવી ગયું.

ધર્મી અને જ્ઞાની કેમ થવાય? કે વસ્તુ શુદ્ધ ચૈતન્ય સ્વભાવ, ધ્રુવ સ્વભાવ, એકરૂપ સ્વભાવ એનું અંતર અવલંબન લઈ-આશ્રય લઈને-પરિણમન કરે તેને ધર્મી અને તેને ધર્મની પર્યાય પ્રગટ થઈ એમ કહેવામાં આવે છે. કહો, સંભળાય છે બરાબરને? ન્યાલચંદભાઈ! સંભળાય છે ને? અહીં નજીક (આવો), અહીં જગ્યા છે. એમણે એવી જગ્યા ગોતી છે કે અહીં પાછી સંકડાશ થાય. એવે ઠેકાણે બેસવું કે કોઈ ઉઠાડે નહિ. અહીં ભીંસ પડે. સમજાણું કાંઈ? કારણ કે એક સાથે આમ આવે, આમ આવે. પાછું લાકડું આઘું જાય તો ઓલી કોર થાય. એ તો હુશિયાર માણસ છે ને. સમજાણું કાંઈ?

અહીં કહે છે કે ધર્મ કેમ થાય અને ધર્મી કોને કહેવાય? આ આત્મા ચૈતન્ય સ્વભાવ આનંદ સ્વભાવ, શુદ્ધ ધ્રુવ સ્વરૂપ છે એનું ત્રિકાળી. એનો જેને વર્તમાન પર્યાય એટલે અવસ્થાએ એનો આશ્રય લીધો અથવા પર્યાયે એનો આશ્રય લીધો કે પર્યાય એને અવલંબી. સમજાણું કાંઈ? વસ્તુ જે શુદ્ધ ચૈતન્ય વસ્તુ, વસ્તુ છે ને? અનાદિઅનંત છે ને. સદશ સ્વભાવથી ધ્રુવ એ પોતે છે. એની વર્તમાન દશામાં પરિણમન પર્યાય-અવસ્થા હો. પણ અવસ્થા વિનાનું જે તત્ત્વ છે એ તો ધ્રુવ સદશ એકરૂપ સ્વભાવે ભરેલું તત્ત્વ છે. એનો શ્રદ્ધામાં આશ્રય લીધો. જ્ઞાનમાં એનું જ્ઞેય બનાવ્યું, સ્થિરતામાં એમાં રમણતા કરી ત્યારે તેને ધર્મ થયો અને તેને ધર્મી અને જ્ઞાની થયો એમ કહેવામાં આવે છે. કહો, સમજાય છે કે નહિ આમાં?

એવો જ્ઞાની થયો એથી '**જ્ઞાનમય ભાવો વડે...**' એથી શુદ્ધ ચૈતન્ય સ્વભાવ, એની

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


શ્રદ્ધા, જ્ઞાન અને એકાગ્રતાથી જ્ઞાનસ્વરૂપ આત્મા તે જ્ઞાનમય ભાવ થયા. અનાદિથી પુણ્ય-પાપના પ્રેમમાં અથવા પરના પ્રેમની રુચિમાં પડ્યો એને મિથ્યાત્વ અને રાગ-દ્વેષના ભાવ થતાં. વસ્તુ સ્વસ્વભાવના સન્મુખે વર્તમાન પુરુષાર્થ કર્તા થઈ તે વસ્તુ છે જ્ઞાન અને આનંદમય એવી વર્તમાન દશા જ્ઞાનમય, આનંદમય, શાંતમય, સ્વચ્છતામય એવી વસ્તુની શક્તિ છે તેની પર્યાયમાં તે પ્રકારનું પરિણમન શુદ્ધ થયું એવા જ્ઞાનમય ભાવો વડે. સમજાણું કાંઈ? વર્તમાન દશાની વાત છે.

'**જ્ઞાનીને જ્ઞાનમય ભાવો વડે...**' એટલે જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા, એનું જ્ઞાન કર્યું એટલે જ્ઞાનમય અવસ્થા નિર્મળ થઈ. શ્રદ્ધા સમ્યક્ યથાર્થ થઈ કે આ ચિદાનંદ સ્વરૂપ તે હું છું. અને અનંત ગુણના જેટલા પ્રકાર છે એ અંશે અંદરમાં પ્રગટ થતાં એ બધા ભાવને અહીંયાં જ્ઞાનમય ભાવ કહેવામાં આવ્યા છે. સમજાણું કાંઈ? એવા જ્ઞાનમય ભાવ વડે '**અજ્ઞાનમય ભાવો...**' એટલે કે જે રાગ ને દ્વેષ ને પુણ્ય અને પાપના પ્રેમથી-રુચિથી જે અજ્ઞાનમય મિથ્યાત્વભાવ થતો અને રાગ-દ્વેષના ભાવ થતા તે ભાવો અવશ્યમેવ ઉત્પન્ન થતાં નથી તેને '**નિરોધાય છે-રોકાય છે-અભાવરૂપ થાય છે...**' એમ કહેવામાં આવે છે. કહો, સમજાણું આમાં?

વસ્તુના અજ્ઞાનમાં જે રાગ-દ્વેષ, પુણ્ય-પાપ અને પરની રુચિથી પોતાના ત્રિકાળી જ્ઞાયક શુદ્ધ સ્વભાવનો અનાદર કરી અને અંશબુદ્ધિમાં જે રુચિ રોકાયેલી હતી એનું નામ મિથ્યાત્વ અને એનું નામ મિથ્યાત્વ સહિતના રાગ-દ્વેષ. એવો જે અજ્ઞાનભાવ એ જ્ઞાનમય ભાવોથી ઉત્પન્ન થતાં નથી. આ જ્ઞાનમય ઉત્પન્ન થયું, અજ્ઞાનનો વ્યય થયો, વસ્તુ તો ધ્રુવ ત્રિકાળ છે. સમજાણું કાંઈ? ભારે ધર્મની વ્યાખ્યા એવી કે લોકોને બિચારાને ક્યાંય બહારમાં હાથ આવે નહિ. અંદરમાં જાવું એને કઈ રીતે એની ખબર પડે નહિ.

મુમુક્ષુ :- નમૂનો ચાખે તો..

ઉત્તર :- નમૂનો પણ નમૂનો અંદર લેવા જાય ત્યારે નમૂનો આવે કે તે વિના આવે? ધોકડામાં હાથ નાખે ત્યારે નમૂનો આવતો હશે કે હાથ નાખ્યા વિના .. નમૂનો હાથ આવતો હશે? ધોકડું ધોળા રૂનું છે કે પીળા રૂનું છે કે ઝાંખું છે? ધોકડું હોય ને મોટું? એમાંથી આપે થોડું કાઢીને આમ. ચોખાની ગુણી હોય તો કાઢીને આપે ને એમાંથી બંબી મારીને. મારનાર મારનારમાં ફેર હોય. ઓલો ઘરનો ધણી મારે ને એ આમ મારીને આમ ચોખા આખા ખેંચે. અને ઓલો જે હોય ને, એ એવો હુશિયાર હોય, આમ મારીને અંદરથી જેવા હોય એવા નીકળે. કણકી થોડીક હોય, ચોખા આખા હોય. પણ નમૂનો તો એ માહ્યલો આવે ને?

એમ વસ્તુ એક સમયમાં જ્ઞાન આનંદનો કંદ વસ્તુ પદાર્થ છે. એમાં એકાગ્રતારૂપી બંબી મારે એકાગ્રતા એનો આશ્રય લઈને એટલે અંતર શ્રદ્ધા, જ્ઞાન, શાંતિના અંશો પ્રગટ થયા વિના રહે નહિ. કહો, ભગવાનભાઈ! આ તો તમારો દાખલો આપ્યો, આ અનાજનો.

કહે છે, ખરેખર યથાર્થમાં વાસ્તવિકપણે સત્ય દૃષ્ટિથી જોઈએ તો જ્ઞાની નામ જેણે આત્માના શુદ્ધ ધ્રુવ સ્વભાવનો આશ્રય (લીધો છે), જેમાં વિકાર નથી, જેમાં સંસાર નથી. સમજાય છે? એવો આતમ પદાર્થ એનો જેણે આશ્રય-અવલંબન લીધો છે, એવા જ્ઞાનીને જ્ઞાનમય ભાવની વર્તમાન દશાના ઉત્પન્ન થવાના કારણે એને અજ્ઞાનભાવ ઉત્પન્ન થતાં નથી. એટલે અજ્ઞાનભાવ રોકાય જાય. આ એને અહીં સંવર કહેવો છે ને? આહાહા..! સમજાણું કાંઈ?

'**અવશ્યમેવ નિરોધાય છે-રોકાય છે-...**' '**निरुध्यन्ते**' એમ છે સંસ્કૃત. વાત એ છે કે પુણ્ય-પાપના વિકલ્પની પ્રેમની રુચિમાં જે ઉત્પન્ન થતાં વિકાર, એ સ્વભાવ સ્વરૂપની દૃષ્ટિમાં તે વિકાર ઉત્પન્ન થતાં નથી એટલે રુંધાય છે. વસ્તુની સ્થિતિ પણ આમ છે ને? સમજાણું કાંઈ? વસ્તુ છે, ભગવાન આત્મા એક સમયમાં પૂર્ણ ધ્રુવ ચૈતન્ય ગંજ. ચૈતન્યનો ગંજ એ તો એકલી શક્તિનું એકલું સ્વત્વ, સ્વત્વ. સ્વપણું. સત્ત્વ એમ નહિ પણ સ સ્વત્વ. સ્વત્વ-સ્વપણું. વસ્તુ છે એનું સ્વપણું. જ્ઞાન, આનંદ, આદિ શુદ્ધ વસ્તુ તે એનું સ્વપણું છે. એનો જ્યાં વર્તમાન પર્યાય-વર્તમાન દશાએ-આશ્રય લીધો એટલે એમાં જ્ઞાનમય જે વસ્તુ છે તેવી દશા એને પ્રગટ થઈ. કારણ કે વસ્તુમાં કાંઈ પુણ્ય અને પાપ, રાગ-દ્વેષ છે નહિ. વસ્તુમાં સંસાર જ નથી. એ તો શુદ્ધ ચૈતન્યમૂર્તિ ધ્રુવ આનંદ છે. સમજાણું કાંઈ?

એનો અંતર આશ્રય લેતાં અથવા એ પર્યાયને દ્રવ્યનો આધાર મળતાં જે દશા પ્રગટી તેને જ્ઞાનમયભાવ કહેવામાં આવે છે. પહેલાં રાગમય, દયામય, પુણ્ય-પાપના વિકલ્પમય, મિથ્યાત્વમય જે ભાવ થતાં તે ભાવની ઉત્પત્તિ સ્વભાવભાવના આશ્રયે, આશ્રય મળ્યો પર્યાયને, અથવા પર્યાયને આધાર દ્રવ્યનો મળ્યો, એથી પર્યાય નિર્મળરૂપ ભાવરૂપ પ્રગટ થઈ. એટલે જે મિથ્યાત્વરૂપી મલિનતા હતી તે ગઈ, એ નિરોધાણી એટલે એ હોઈ શકતી નથી. જ્યાં એક સમયમાં જ્ઞાનમયભાવ અને અજ્ઞાનમયભાવ બે વિરોધી હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? આસ્રવ બંધ નથી એમ સિદ્ધ કરે છે ત્યાં. કેમ નથી? સમજાણું કાંઈ?

'**કારણ કે પરસ્પર વિરોધી ભાવો સાથે રહી શકે નહિ;...**' કેમ કે રાગની વર્તમાન મંદતા કે તીવ્રતા, ખરેખર તો મંદતાના પ્રેમની રુચિમાં, અંશમાં રોકાયેલો મિથ્યાત્વભાવ અને રાગ-દ્વેષભાવ એની સાથે સ્વભાવને આશ્રયે પ્રગટેલો જ્ઞાનમય ભાવ, એક સમયમાં બે વિરોધભાવ હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? એ આવ્યું હતું યાવત કર્મ વિરતી .. નહોતું આવ્યું? બે એકસાથે હતું. છતાં એમાં કહ્યું હતું કાંઈક નહિ? કર્મ સામાન્ય અને જ્ઞાનને વિરોધ નથી

એમ હતું એમાં. એમાં હતું. કર્મ સામાન્યને અને જ્ઞાનને વિરોધ નથી એમ કહ્યું છે. જુઓ! કૌંસમાં. મિથ્યાજ્ઞાનને અને સમ્યગ્જ્ઞાનને વિરોધ છે. પણ કર્મ સામાન્ય. સામાન્ય એટલે રાગાદિભાવ બસ, એટલું. ભાવાર્થમાં છે ને? ૨૬૪ પાને છે આમાં. જ્યાં સુધી કર્મવિરતિ પરિપૂર્ણ થઈ નથી એના ભાવાર્થમાં છે. ત્યાં પણ કર્મ સામાન્ય શબ્દ વાપર્યો છે. છે ને? ભાવાર્થ એની ચોથી લીટી. યાવતનો ભાવાર્થ. પાનું ફેર છે?

ત્યાં તો એમ કહ્યું હતું કે જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા એનું ભાન પણ વર્તે અને રાગનો ભાવ પણ વર્તે. પણ બે વર્તતાં એમાં એ વિરોધી ભાવ નથી. જેમ મિથ્યાત્વભાવ અને સમ્યક્ભાવ વિરોધી છે એમ એ વિરોધી નથી. એમ કરીને બે ધારા સિદ્ધ કરી હતી. અહીં તો જ્ઞાનીને જ્ઞાનમયભાવના ઉત્પન્ન સ્થાનમાં અજ્ઞાનમય ભાવની ઉત્પત્તિનો રૂંધન થાય છે. માટે એક સમયે બે ભાવ જ્ઞાનીને હોઈ શકે નહિ. ત્યાં બે ભાવ સિદ્ધ કર્યા છે બીજી રીતે. અહીં તો એકલા મિથ્યાત્વના અને રાગ-દ્વેષ અને મિથ્યાત્વ સહિતના રાગ-દ્વેષ ભાવ એના અને સમ્યગ્દર્શન સહિત રાગ-દ્વેષના અભાવનો ભાવ એ બે એકસાથે હોઈ શકે નહિ. સમજાણું કાંઈ?

'**કારણ કે પરસ્પર વિરોધી ભાવો...**' આ પરસ્પર વિરોધી ભાવો. ક્યા? કે પુણ્ય-પાપની રુચિનો મિથ્યાત્વભાવ અને સાથેનો રાગ-દ્વેષ અને આત્માના જ્ઞાયક સ્વભાવની રુચિનો જ્ઞાનમય અને અરાગી પરિણામભાવ એ બે પરસ્પર વિરોધી ભાવો '**સાથે રહી શકે નહિ;...**' એક સમયમાં બે હોઈ શકે નહિ. અહીં સિદ્ધ કરે છે કે જ્ઞાનીને આસ્રવ બંધ નથી કેમ? એનો સિદ્ધાંત સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ? અહીં આસ્રવ મિથ્યાત્વ સંબંધીનો રાગ-દ્વેષ અને એને જ અહીંયાં આસ્રવ અને બંધ ગણ્યો છે. ઓલાને આસ્રવ-બંધ ગણ્યો નથી. એ પરમાં ગયું છે. સમજાણું કાંઈ?

'**તેથી અજ્ઞાનમય ભાવોરૂપ રાગ-દ્વેષ-મોહ...**' અજ્ઞાનમય એટલે કે વર્તમાનમાં પુણ્ય-પાપના વિકલ્પની વાસનાની રુચિનો મિથ્યાત્વભાવ એવો અજ્ઞાનમય ભાવરૂપ રાગદ્વેષમોહ '**કે જેઓ આસ્રવભૂત (આસ્રવસ્વરૂપ) છે...**' કે જેઓ આસ્રવભૂત છે. રાગ, વિકલ્પની મંદતા આદિ એનો પ્રેમ, એની દૃષ્ટિ, એના સન્મુખના ભાવનો આશ્રય, એવો જે મિથ્યાત્વભાવ અને એ મિથ્યાત્વભાવને આસ્રવભૂત કહેવામાં આવ્યો છે. એ મિથ્યાત્વભાવ જ આસ્રવભૂત છે. સમજાણું કાંઈ? '**તેમનો નિરોધ હોવાથી,...**' તેથી અજ્ઞાનમય ભાવોરૂપ જે વર્તમાન રાગના અંશની રુચિના મિથ્યાત્વરૂપી પરિણામ તે જ આસ્રવભૂત છે. તે જ આસ્રવસ્વરૂપ છે. '**તેમનો નિરોધ હોવાથી...**' સમ્યક્ ચૈતન્યસ્વભાવ, ધ્રુવ સ્વભાવનો આશ્રય લેતા તે જ્ઞાનમય (ભાવ થયા), અજ્ઞાનમયની ઉત્પત્તિ અટકીને જ્ઞાનમય શાંતિ રાગ-દ્વેષ રહિત સમ્યગ્દર્શન

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


સાથેનો ભાવ જે ઉત્પન્ન થયો, એનાથી આવો મિથ્યાત્વ આસ્રવભૂત ભાવ અટકી જાય છે. કહો, સમજાય છે કે નહિ આમાં? રવિભાઈ! સમજાય છે. હુશિયાર માણસને ન સમજાય? એઈ..! ..! એ હવે જવાનો છે ભણવા.

અહીં તો વાત જુઓને કીધી. આત્મા છે ને? વસ્તુ છે ને? પદાર્થ છે ને? અને વસ્તુ છે તેનો કાયમી, કાયમી એનો સ્વપણાનો સ્વભાવ પણ હોય ને? સ્વવસ્તુ છે, સ્વવસ્તુ છે તો એનો સ્વપણાનો સ્વભાવ કાયમ હોય ને? તો કાયમી સ્વભાવ જેમ સ્વ કાયમ છે એમ એનું સ્વપણું કાયમ જ્ઞાન, દર્શન, આનંદ આદિ સ્વભાવ એનું સ્વપણું કાયમ છે. એને ભૂલીને જે રાગ અને પુણ્યના પરિણામની રુચિ અને પ્રેમ હતો, એ સ્વપણાને ભૂલીને પરપણાની રુચિમાં પડ્યો એને મિથ્યાત્વભાવ અને રાગ-દ્વેષભાવ એને અહીંયાં આસ્રવભૂત અને આસ્રવ કહેવામાં આવ્યા છે. એનાથી નવા આવરણ આવે એવો એને જ આસ્રવ કહ્યો છે. કહો, સમજાણું આમાં? એ આસ્રવભૂત એટલે કે મલિન પરિણામ એ નવા આવરણ આવવાનું કારણ હતું, એ ભાવ સ્વભાવના ચૈતન્ય સ્વભાવ જ્ઞાન, આનંદના પૂર્ણ સ્વભાવનો આશ્રય લેતા જે વસ્તુ છે તેવી શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ જ્ઞાનમય ભાવ પ્રગટ્યા, એ કારણે ઓલો આસ્રવભૂત ભાવ રોકાઈ ગયો. માટે જ્ઞાનીને આસ્રવ અને બંધ નથી એમ અહીંયાં સિદ્ધ કરવામાં આવે છે. હેતુસર, ન્યાયસર કારણ આપીને સિદ્ધ કરે છે. કહો, સમજાણું આમાં?

'**જેઓ આસ્રવભૂત (આસ્રવસ્વરૂપ) છે...**' એટલે કે બાહ્ય બુદ્ધિ જે છે-વસ્તુના સ્વભાવથી બાહ્યબુદ્ધિ. પુણ્યના પરિણામના પ્રેમની રુચિ, એમાં સુખબુદ્ધિ, એવો જે મિથ્યાત્વભાવ તે જ આસ્રવસ્વરૂપ છે. તે જ આસ્રવ એટલે નવા આવરણના કારણરૂપ આસ્રવસ્વરૂપ છે. એ સંસારસ્વરૂપ છે બીજી રીતે કહીએ લ્યો. સમજાણું કાંઈ? એ જ્ઞાનમયભાવથી વસ્તુ સ્વભાવ ચૈતન્ય જ્યોત સ્વપણે પરમાનંદ અને શાંત અવિકારી ત્રિકાળ સ્વભાવ, એનો આશ્રય લઈને એમાં છે તેવી દશા શ્રદ્ધા, જ્ઞાન, અનંતા ગુણની નિર્મળ અવસ્થાપણે જ્ઞાનમય દશા થઈ, એ જ્ઞાનમયદશામાં અજ્ઞાનમયભાવનો નિરોધ થાય છે. જે મિથ્યાત્વ અને રાગદ્વેષ હતા મિથ્યાત્વ સાથે એને જ આસ્રવસ્વરૂપ કહેવામાં આવે છે. એ આસ્રવસ્વરૂપ આ ભાવના આશ્રયમાં, જ્ઞાનમયદશામાં એ આસ્રવભૂત ભાવ હોતા નથી. કહો, સમજાય છે કાંઈ? ભારે ભાઈ ધર્મ સમજવો. આવો ધર્મ સમજવામાં મહેનત પડતી હશે ને? કહો, .. એણે ક્યાં એના સ્વભાવની શું શક્તિ અને સત્ત્વ છે, એના માહાત્મ્ય એણે ક્યાં સાંભળ્યા છે? સાંભળ્યા છે ક્યાં? સમજાણું?

ભગવાન આખો પરમાનંદ જ્ઞાનમૂર્તિ. એનો સ્વભાવ જ્ઞાન, એની હદ બેહદ અનંત-અનંત સ્વભાવ. ક્ષેત્ર ટૂંકું હો એનો પ્રશ્ન અહીં છે નહિ. જેનો ભાવ સ્વભાવ, સ્વપણું, સ્વત્વ,

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


સ્વત્વ-સ્વપણું, અમાપ જ્ઞાન, આનંદ, શાંતિ, એવા સ્વભાવ સ્વરૂપ ભગવાન આત્મા, એને ભૂલીને જે સ્વપણામાં નથી એવા પુણ્ય ને દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામના પ્રેમમાં પડ્યો એ મિથ્યાત્વભાવ અને રાગ-દ્વેષભાવ ઉત્પન્ન કરે તે જ આસ્રવ ગણવામાં આવે છે. એ આસ્રવ એટલે વિકારી ભાવ, દુઃખરૂપ ભાવ, સંસારભાવ. એ આત્મા જ્ઞાયકભાવ ત્રિકાળી તેનું અવલંબન લઈને જે જ્ઞાનમયભાવ પ્રગટ્યા, એનાથી તે મિથ્યાત્વભાવરૂપી આસ્રવસ્વરૂપ રોકાય જાય છે. એક સમયમાં બે હોતા નથી. કહો, પ્રવિણભાઈ! ભારે વાત, ભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અદશ્ય એટલે? અદશ્ય જ પોતે દેખનારો છે. બીજો દેખનારો કોણ છે? બધાનું નક્કી કરનારો કોણ? કોઈપણ રાગ, વિકલ્પ, આ દયા, દાન કે એ બધાને જાણનારની હયાતીવાળું તત્ત્વ, એના વિના આ છે એમ નક્કી કોણે કર્યું?

મુમુક્ષુ :- અદશ્ય..

ઉત્તર :- એ અદશ્ય એટલે કે ઇન્દ્રિયથી અદશ્ય છે. સ્વભાવથી અદશ્ય નથી. સ્વભાવથી તો દશ્ય છે. સમજાણું કાંઈ? અદશ્ય એટલે? કે આ ઇન્દ્રિયથી દેખાય તેવી તો ચીજ છે નહિ. કારણ કે ઇન્દ્રિયોને અને દેખનારી ચીજને જે જાણનાર છે કે જેની હયાતી આ છે જગતમાં એ જ્ઞાનની હયાતી એને કબુલ કરે છે. સમજાણું કાંઈ? દષ્યમાન પદાર્થ જે છે ઇન્દ્રિયો અને આ વિષયો આદિ, આ છે એવું નક્કી કોણે કર્યું? ઇન્દ્રિય અને બાહ્ય પદાર્થના આશ્રય વિનાનું તત્ત્વ છે. અને ઇન્દ્રિય ને બાહ્ય પદાર્થ જેમાં નથી એવા જ્ઞાનની હયાતીમાં આ છે એમ એણે નક્કી થવામાં અદશ્ય પોતે દશ્ય છે.

મુમુક્ષુ :- આ બધું છે.

ઉત્તર :- પણ આ બધું થયું, આ બધું થયું એની સત્તાનો સ્વીકાર કઈ સત્તાએ કર્યો? એમ. સમજાણું કાંઈ? આ બધું છે. ઇન્દ્રિયો છે, આ છે, આ છે. એ આ છે.. આ છે.. કોના હોવાપણામાં આ છે એમ નક્કી થયું? એ જેના હોવાપણામાં એટલે પોતે પરની અપેક્ષાએ અદશ્ય છે. (બાકી તો પોતે દશ્ય) છે. સમજાણું કાંઈ? આ છે... આ છે.. આ છે... આ છે. પણ આ છે એ જાણનારમાં નક્કી થાય? કે જાણનાર નથી એમાં નક્કી થાય? જાણનાર ભગવાન આત્મા જ્ઞાનમૂર્તિ, એમાં જણાણું કે આ ઇન્દ્રિય છે... આ છે... આ છે... આ છે. એટલે ખરેખર તો પોતે પરથી ભલે દશ્ય નથી, પણ પોતાથી દશ્ય છે એવો જે પદાર્થ એ પોતે પોતાની હયાતીની પ્રસિદ્ધિ કરે છે.

એક ફેરી તો શ્રીમદ્દે એમ પણ કહ્યું એક ઠેકાણે. બાહ્ય બીજા પદાર્થ કરતાં આત્મા તો પ્રત્યક્ષ છે. આત્મા તો પ્રત્યક્ષ છે એમ કહ્યું એક ઠેકાણે. એક ઠેકાણે કહ્યું છે. ભાવ પ્રત્યક્ષ.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


બીજા કરતાં આત્મા ભાવ પ્રત્યક્ષ છે એમ છે. એવું એક છે ક્યાંક. એનો અર્થ શું? કે આ બધી ચીજોને કબૂલનારો કે આ ઈન્દ્રિયો છે.. આ છે... આ છે... આ છે... આ શરીર છે ને બાયડી છે ને આ છોકરા છે. એ બધાનું જેમાં જણાય છે, એ બધાનું જેમાં જણાય છે એવો જાણનાર જ પોતે પ્રસિદ્ધ છે. એ તો જાણનારની પ્રસિદ્ધિ થાય છે. ભીખુભાઈ! પણ કોઈ દિ' એણે અંદર ચીજ શું પોતાની હયાતીવાળી ચીજ (છે) એનું એને માહાત્મ્ય કે તે તરફ જોવાનો (પ્રયત્ન કર્યો નથી). પોતા તરફ જોવું, એ શું છે એનું એને માહાત્મ્ય જ આવતું નથી. સમજાણું? એટલે એને આ.. આ... આ.. દેખાય. પણ આમાં આ.. આ.. એનો નક્કી કરનાર કઈ ભૂમિકામાં આ છે એમ જણાણું? જડની ભૂમિકામાં આ છે એમ જણાય? ન્યાયથી સમજશે કે નહિ? ન્યાયથી? એક કડી પણ ક્યાંક છે. અરે..! પણ આ તૂં તને ભૂલીને આ છે એમ ક્યાંથી લાવ્યો? એક કડી છે ક્યાંક. ઊર્ધ્વ સ્વભાવની વાત જુદી. શ્રીમદ્દ્ તો બહુ ટૂંકાં કોઈ કોઈ વખતે ટૂંકા કરી નાખ્યા છે. વર્ષ થોડા અને થોડામાં પતાવવું. ૩૩ વર્ષે ગયા. ૩૩ x ૨ = ૬૬ ગયા બીજા. ૯૯ થઈ ગયા. ૧૦૦ થશે ને આ? ૨૪ની સાલ. ૩૩ ને ૪, ૬૬ ને ૮. થોડા મહિના રહ્યા એટલે ઓછું રહ્યું. ૧૦૦ થાશે. ડબલ થયું અત્યારે જુઓ.

અહીં કહે છે કે આત્મા કોઈનો પણ વિચાર બાંધે. આ રાગ છે કે આ દ્વેષ છે કે આ દયા છે કે આ મેં કર્યું. એના અસ્તિત્વનું, જેના અસ્તિત્વમાં ભાન થાય છે એવા અસ્તિત્વમાં આત્માની જ મુખ્યપણે પ્રસિદ્ધિ છે. પણ એને મુખ્યપણે ભાસતું નથી. કહો, સમજાય છે કે નહિ આમાં? ધીરુભાઈ! આ તમારા ઝવેરાત કે આ બીજી જાતની આ કિંમત છે આ. ક્યાં ગયા પાનાચંદભાઈ? આવ્યા છે કે નહિ? ઓલા ઝવેરાતની કિંમત કરે ત્યાં હુશિયાર માણસ બેઠા એવા જાણે લાગે અંદર કે ઓહોહો..! શું કરતા હશે! પણ એનું આ ઝવેરાત છે અને આ લાખની કિંમત છે અને ઢીકણાની કિંમત છે એ જાણ્યું કેમાં? ઈ બોલે છે કાંઈ? જેનામાં એની કિંમત એટલે આવા ભાવવાળી (છે), એ ભાવ તો છે ઈ છે. એનો ભાવ તો જડ છે. પણ લોકોએ ટાંક્યો છે ને? કે ભાઈ! આ લાખનું કહેવાય, આ બે લાખનું કહેવાય. પણ આ લાખ-બે લાખનું કહેવાય એ જાણ્યું કોણે? અને એ જાણનારમાં આવી ચીજ ઊંચી છે એ થોડી મળે, રંગે ઊંચી, ટકાઉ બહુ, લેનારા થોડા, પ્રાપ્ત થોડી થાય માટે એની કિંમત. એમ જાણ્યું કોણે? સમજાણું કાંઈ?

એ જાણનારને જ્યાં જાણ્યો. જાણનારને જાણ્યો નહોતો ત્યારે રાગ-દ્વેષ અને પુણ્ય-પાપ અને આ છે એમ જાણીને એ હું છું એમ માન્યું હતું. એ મિથ્યાત્વ અને રાગ-દ્વેષભાવ એ આસ્રવ હતો. બસ! એને જ અહીં આસ્રવ કહેવામાં આવે છે. એ આસ્રવ વસ્તુ ભગવાન

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આત્મા જ્ઞાનપ્રભુ ચૈતન્યસ્વભાવી વસ્તુ સ્વભાવ એની દૃષ્ટિ કરતાં, અંતર અનુભવ કરતાં, અંતરનો આશ્રય લેતાં જે દશા પ્રગટ થઈ એ જ્ઞાનમય સત્ય શ્રદ્ધામય, શાંતિમય, આનંદમય, સ્વચ્છતામય, જેવો આત્મા છે તેવી પર્યાય-અવસ્થા નિર્મળ પ્રગટ થઈ. તો નિર્મળ પ્રગટ થઈ તે ભાવ વડે મલિન એવો જે મિથ્યાત્વ સહિતનો રાગ-દ્વેષનો આસ્રવ પરિણામ ઉત્પન્ન થતો નથી. માટે જ્ઞાનીને રાગ-દ્વેષ, આસ્રવ અને બંધ છે નહિ. આસ્રવ જ નથી પછી બંધ ક્યાંથી આવ્યો? સમજાણું કાંઈ?

'**જ્ઞાનીને આસ્રવનો નિરોધ હોય જ છે.**' જોયું! '**તેમનો નિરોધ હોવાથી...**' કારણ આપ્યું. વિરોધી ભાવો સાથે રહી શકે નહિ તેથી અજ્ઞાનમય ભાવોરૂપ રાગ-દ્વેષ-મોહ કે જેઓ આસ્રવસ્વરૂપ છે તેમનો નિરોધ નામ ઉત્પન્ન થતાં નથી. તેથી જ્ઞાનીને આસ્રવનો નિરોધ હોય જ છે. તેથી ધર્મીને આસ્રવ હોતા જ નથી. હોતા નથી એટલે નિરોધ જ હોય છે. સમજાણું કાંઈ?

'**માટે...**' જુઓ હવે. હવે ઓલું કર્મનું કહે છે. આ નથી ને પછી બંધ પણ છે નહિ. એમ. આસ્રવ અને બંધ નથી એમ છે ને પાઠમાં? '**णत्थि दु आसवबंधो सम्मादिट्ठस्स**' એમ છે ને? સમ્યગ્દૃષ્ટિ જ્ઞાનીને આસ્રવ અને બંધ નથી. હવે આસ્રવ નથી એ પહેલું સિદ્ધ કર્યું. સમજાણું કાંઈ? '**માટે જ્ઞાની, આસ્રવો જેમનું નિમિત્ત છે એવાં (જ્ઞાનાવરણાદિ) પુદ્‌ગલકર્મોને બાંધતો નથી,-**' લ્યો! કહો, સમજાણું આમાં? એ જ્ઞાન, જ્ઞાન, જ્ઞાનનું જ્ઞાન કર્યું. એટલે જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા એને જ્ઞાનથી વેદ્યો-જાણ્યો. એવો જે ભાવ એને અજ્ઞાનમયભાવની ઉત્પત્તિ આસ્રવરૂપની નથી, માટે જ્ઞાનીને આસ્રવનો નિરોધ છે. અને આસ્રવનો નિરોધ હોય જ છે. આવા કારણે નિરોધ હોવાથી, ઉત્પત્તિ નહિ હોવાથી ધર્મીને મિથ્યાત્વ, રાગ-દ્વેષ જે આસ્રવરૂપ ભાવ તેનો નિરોધ હોય જ છે. કહો, સમજાય છે કાંઈ?

'**માટે જ્ઞાની,...**' ધર્મી જીવને જેણે આત્માના શુદ્ધ ધર્મ સ્વભાવનો આશ્રય લઈને ધર્મ દશા પ્રગટ કરી છે તેને '**આસ્રવો જેમનું નિમિત્ત છે...**' જેમનું એટલે? નવા આવરણોને એ આસ્રવ નિમિત્ત કહેવાય છે. તો જ્યાં આસ્રવ જ નથી '**એવાં પુદ્‌ગલકર્મોને બાંધતો નથી,...**' તેથી ધર્મી કર્મને બાંધતો નથી. આસ્રવ નથી તે આસ્રવ જેને નિમિત્ત છે એવા કર્મને પણ બાંધતો નથી. આસ્રવ નથી પછી નિમિત્ત કોને થાય? સમજાણું કાંઈ? કેટલી વાતને સ્પષ્ટ કરી છે! '**सम्मादिट्ठस्स आसवणिरोहो**' એમ શબ્દ છે ને મૂળ પાઠમાં? '**संते पुव्वणिबद्धे जाणदि सो ते अबंधंतो**' કહે છે કે, ભગવાન આત્મા જ્ઞાન બાહ્યનું ઓછું-વત્તું હોય એની સાથે અહીં સંબંધ નથી. આત્માનું જ્ઞાન, આત્માનું જ્ઞાન. જેણે જ્ઞાનની પર્યાયે આત્માને પકડ્યો અને જાણ્યો. એવું જે આત્માનું જ્ઞાન, એવા જ્ઞાનના ધરનાર જ્ઞાનીને આસ્રવરૂપ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

મિથ્યાત્વભાવ હોતો નથી. તો જેથી આસ્રવ જેને નિમિત્ત થઈને કર્મ બાંધે એ જ્ઞાની બાંધતો નથી. એ જ્ઞાની કર્મ બાંધતો જ નથી. આહાહા..! સમજાણું કાંઈ?

'**સદાય અકર્તાપણું હોવાથી...**' સિદ્ધ કર્યું પાછું વધારે. સમજાણું? '**नित्यमेवाकर्तृत्वात् तानि नवानि न बध्नन्**' '**સદાય અકર્તાપણું હોવાથી...**' એટલે? કે રાગાદિના વિકલ્પ છે તેનો કર્તા જ નથી. તેનો એ સ્વામી નથી. સ્વામી તો એનો જાણનાર જ્ઞાન તેનો સ્વામી છે. આહાહા..! સમજાણું કાંઈ? '**સદાય અકર્તાપણું હોવાથી...**' વસ્તુની દૃષ્ટિ, ચૈતન્યની દૃષ્ટિ થઈ અને જ્ઞાન પ્રગટ્યું એ જ્ઞાન રાગનું અકર્તા છે. રાગનું કરવું એનામાં વસ્તુમાં છે નહિ. વસ્તુમાં ક્યાં રાગ છે તો રાગને કરે? સમજાણું કાંઈ? આહાહા..! વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ જે છે એનો એ કર્તા જ્ઞાની નથી એમ કહે છે અહીં. અકર્તા છે. અંદર ક્યાં ગરી ગયું હતું? સમજાણું કાંઈ?

'**સદાય અકર્તાપણું હોવાથી નવાં કર્મો નહિ બાંધતો થકો...**' '**संते पुव्वणिबद्धे**' એનું સિદ્ધ કરવું છે ને? ત્રીજું પદ છે. '**નવા કર્મો નહિ બાંધતો થકો સત્તામાં રહેલાં પૂર્વબદ્ધ કર્મોને, પોતે જ્ઞાનસ્વભાવવાળો હોઈને, કેવળ જાણે જ છે.**' આહાહા..! ખ્યાલમાં એને આવે કે આ ચોથે ગુણસ્થાને, પાંચમે ગુણસ્થાને આવી પ્રકૃતિ હોય સત્તામાં એનું આવું હોય.. આવું હોય.. એ જ્ઞાન જ કરે છે. આહાહા..! સમજાણું કાંઈ? '**પુદ્‌ગલકર્મને બાંધતો નથી,-સદાય અકર્તાપણું હોવાથી...**' એમ. ધર્મીજીવને કર્તાપણું તો શુદ્ધ પરિણમનનું કર્તાપણું છે. શુદ્ધ સમ્યક્ દર્શન-જ્ઞાન-ચારિત્રના પરિણામનો કર્તા અને એ એનું કાર્ય છે. વ્યવહાર રત્નત્રયનું વિકલ્પનું એ કાર્ય અને આત્મા કર્તા, એ વસ્તુના દૃષ્ટિમાં અને વસ્તુના સ્વભાવમાં નથી. માટે વસ્તુના સ્વભાવની દૃષ્ટિવંત સદાય વ્યવહારના રાગનો અકર્તા છે. કહો, સમજાણું કાંઈ? સદાય અકર્તા. કેમ કે દ્રવ્ય સદા ત્રિકાળ છે. અને ત્રિકાળ દ્રવ્ય જ્ઞાનાનંદ સ્વરૂપ છે. એવી દૃષ્ટિ અને જ્ઞાન થયું તો સદાય રાગાદિ ભિન્ન છે તેનો એ સ્વામી અને કર્તા છે નહિ. એટલે એને આસ્રવ અને બંધ છે નહિ. આહાહા..! પોપટભાઈ ગયા લાગે છે નહિ ક્યાંક? રાજકોટવાળા. સમજાણું?

'**नित्यमेवाकर्तृत्वात् तानि**' એમ છે. '**नित्यमेवाकर्तृत्वात् तानि**' વસ્તુ સ્વરૂપ જ્ઞાન ચૈતન્યજ્યોત સૂર્ય. એ વસ્તુ પોતે રાગને કરે અને રાગરૂપે પરિણમે એ વસ્તુમાં ક્યાં છે? એટલે વસ્તુની દૃષ્ટિવંત, વસ્તુના જ્ઞાનવંત એ પણ રાગનો સદાય ત્રિકાળ અકર્તા છે. સમજાણું કાંઈ? આવું તત્ત્વ! એ વસ્તુનું આવું જ સ્વરૂપ છે. એ કાંઈ ભગવાને કહ્યું છે માટે એમ નહિ. વસ્તુનું સ્વરૂપ જ આવું છે. સમજાણું કાંઈ? કઈ અપેક્ષાએ ચાલે છે એ વાતને ન જાણે (પછી એમ કહે), હજી તો દસમે ગુણસ્થાન સુધી આસ્રવ અને બંધ છે. અને સમકિતી

જ્ઞાનીને આસ્રવ-બંધ નથી (એમ તમે કહો છો એ) ખોટું છે, લ્યો. (સંવત) ૧૯૯૫માં એમ થયું હતું. બહારથી આવી હતી વાત. કો'કે લખ્યું હશે કે આમ નહિ આમ કહેવામાં આવે છે અહીં. ૯૫માં. આ ગાથા ચાલી હશે ને પછી કો'કે બહાર લખ્યું હશે કો'કને. સંપ્રદાયના સાધુને. નહિ, દસમા ગુણસ્થાન સુધી બંધ છે. ભાઈ! કોણ ના પાડે છે, સાંભળને હવે. એ બંધ અને બંધનો ભાવ બેય જ્યાં સ્વભાવમાં નથી અને સ્વભાવની પરિણતિમાં પણ નથી. એ અપેક્ષાએ જ્ઞાનીને આસ્રવ અને બંધ છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

'**સત્તામાં રહેલા પૂર્વબદ્ધ કર્મોને,...**' '**संते पुव्वणिबद्धे**' '**પોતે જ્ઞાનસ્વભાવવાળો હોઈને,...**' કારણ કે આત્મા જ્ઞાનસ્વરૂપ છે અને જ્ઞાનસ્વભાવરૂપ દશા થઈ છે. દશા થઈ છે. પર્યાયમાં જાણવા-દેખવાના ભાવરૂપ જ આત્મા પરિણમ્યો છે. જાણવા-દેખવાના જ્ઞાનસ્વભાવવાળો હોઈને, જાણવા-દેખવાના જ્ઞાનસ્વભાવવાળો હોઈને '**કેવળ જાણે જ છે.**' કેવળ... કેવળ. કર્મ આ છે, પ્રકૃતિ આટલી છે, આટલી બંધાય છે, આટલી ટળે છે એ બધી વાતને કેવળ જાણે જ છે. જ્ઞાની એને બાંધતો નથી, જ્ઞાની સંક્રમણ કરતો નથી, જ્ઞાની એને ફેરવતો નથી, પાપના પરિણામને પુણ્યરૂપ કરતો નથી, પુણ્યના પુદ્‌ગલને પાપરૂપ કરતો નથી. એ કાંઈ કરતો નથી. જે થાય એ ગુણસ્થાનની સ્થિતિમાં તેનું જ્ઞાન તેને જાણે છે કે આ ઠેકાણે આવું હોય છે. સમજાણું કાંઈ?

'**કેવળ જાણે જ છે. (જ્ઞાનીનો જ્ઞાન જ સ્વભાવ છે,...)**' ધર્મી જીવનો ધર્મ એવો વસ્તુનો સ્વભાવ જ્ઞાનમય, એ જ્ઞાનીને જ્ઞાનમય ભાવની શ્રદ્ધા, જ્ઞાન અને પરિણમન થયું છે જ્ઞાનનું. '**(જ્ઞાનીનો જ્ઞાન જ સ્વભાવ છે,...)**' જ્ઞાન શબ્દે એને શ્રદ્ધા આદિ બધું ભેગું છે. પણ ઓલો રાગ સ્વભાવ નથી એમ લેવું છે. કર્તાપણું સ્વભાવ (નથી), જાણવાનો સ્વભાવ છે. પણ ધર્મીને રાગ કરવાનો સ્વભાવ વસ્તુમાં નથી તો પર્યાયમાં પણ નથી. સમજાણું કાંઈ? ધર્મીનો જ્ઞાન જ સ્વભાવ છે. જ્ઞાન જ સ્વભાવ છે? પછી દર્શન અને ચારિત્ર એ ક્યાં ગયા? ભાઈ! સાંભળને. એ બધું એમાં (આવી ગયું). સ્વરૂપાચરણ એ પણ જ્ઞાનસ્વભાવ છે. એ કાંઈ રાગભાવ નથી. સમ્યગ્દર્શન પણ એ જ્ઞાનસ્વભાવ છે. એ કાંઈ રાગભાવ નથી. પુરુષાર્થ જે સ્વભાવ તરફનો વળ્યો છે એ પણ જ્ઞાનસ્વભાવ જ છે. એ કાંઈ રાગભાવ નથી. સમજાણું કાંઈ?

'**કર્તાપણું સ્વભાવ નથી;...**' કેમ કે વસ્તુ સ્વભાવ જ જ્ઞાનમય છે. એમાં રાગનું પરિણમવું એ વસ્તુમાં ક્યાં છે? સમજાણું કાંઈ? રાગરૂપે પરિણમવું થવું એ વસ્તુમાં ક્યાં છે? એ તો અજ્ઞાનભાવને લઈને, વસ્તુના સ્વભાવના અજાણભાવને લઈને અજ્ઞાનમય એવા રાગ-દ્વેષનું પરિણમન કરતો હતો એ તો અજ્ઞાનદશામાં હતું. સમજાણું કાંઈ? જ્ઞાન ચૈતન્ય સ્વભાવ એને

કર્તાપણું સ્વભાવ જ નથી. કર્તાપણું હોય તો કર્મ બાંધે. રાગ મારું કાર્ય છે, રાગનો હું સ્વામી છું, રાગ મેં કર્યો છે એવો ભાવ હોય તો કર્મ બાંધે.

'**જ્ઞાતાપણું હોવાથી કર્મ બાંધતો નથી.**' કહો, સમજાય છે આમાં? એક ગાથાની આ ટીકા. કેટલી! '**णत्थि दु आसवबंधो सम्मादिट्ठस्स**' એમાં જ્ઞાની અર્થ કર્યો. '**आसवणिरोहो**' તેને મિથ્યાત્વ અને રાગ-દ્વેષના જે આસ્રવ રોકાઈ ગયા છે. પણ ત્યારે પૂર્વના પડ્યા છે ને? પૂર્વે દ્રવ્યાસ્રવ કહ્યા હતા ને એને? કે પૂર્વના પડ્યા (છે) તેને જાણે એ. તેને જાણે છે. જાણે છે. એવો જાણનાર જ્ઞાનીનો જ્ઞાનસ્વભાવ છે. રાગનો કરવા સ્વભાવ કે બંધ સ્વભાવ એનામાં છે નહિ. '**सो ते अबंधंतो**' છે ને? પછી છેલ્લે એ મૂક્યું. બાંધતો નથી માટે તે અબંધ છે. સમજાણું કાંઈ?

અરે..! મૂળ ચીજની ખબર વિના અને ખબર થયા પછી એને રાગ-દ્વેષ હોય છે એ રાગ-દ્વેષ ગણવામાં જ આવ્યા નથી. કેમ કે એ વસ્તુમાં નથી, વસ્તુની દૃષ્ટિમાં નથી, જ્ઞાનમય દશા થઈ તેમાં એ નથી. સમજાણું કાંઈ? માટે જ્ઞાનીને જ્ઞાનમયભાવમાં અજ્ઞાનમયભાવનો નિરોધ છે. પૂર્વના કર્મ છે એને જાણે છે. માટે જ્ઞાની અબંધ છે. માટે જ્ઞાની અબંધ છે. કહો, સમજાણું આમાં? વસ્તુ અબંધ છે ને? વસ્તુ અબંધસ્વરૂપ છે ને પદાર્થ ચૈતન્ય? તો એની દૃષ્ટિ અને જ્ઞાન યથાર્થ થયું એટલે એ પરિણામ જ અબંધ થયા. અબંધસ્વભાવી વસ્તુનો આશ્રય લઈ જે (પરિણામ થયા એ) અબંધ થયા. એ અબંધ પરિણામનો કર્તા અને કરનારો છે. બંધ પરિણામનો કર્તા અને એને લઈને નવું બંધાય એ જ્ઞાનીને છે નહિ. જૂના છે એને જાણે છે જાણવાના સ્વભાવને લઈને. આહાહા..! લ્યો, એ ટીકા કીધી.

'**ભાવાર્થ :- જ્ઞાનીને અજ્ઞાનમય ભાવો હોતા નથી,...**' ધર્મીને અધર્મમય ભાવો હોતા નથી. આ ભાષા. એક મ્યાનમાં બે તરવાર રહેતી નથી. ધર્મીને આત્માના સ્વભાવની શ્રદ્ધા-જ્ઞાન અને શાંતિ અવિકારી અબંધ પરિણામ અબંધ સ્વભાવને આશ્રયે પ્રગટ્યા છે. તે જ્ઞાનીને અજ્ઞાનમય ભાવો હોતા નથી. એને રાગ-દ્વેષ જે અજ્ઞાનભાવ છે જેમાં જ્ઞાનનો અંશ નથી એવા ભાવ એને હોતા નથી. સમજાણું કાંઈ? '**અજ્ઞાનમય ભાવો નહિ હોવાથી (અજ્ઞાનમય) રાગદ્વેષમોહ અર્થાત્ આસ્રવો હોતા નથી...**' અજ્ઞાનમય નહિ હોવાથી જ્ઞાનીને રાગદ્વેષમોહ આસ્રવ છે નહિ. '**અને આસ્રવો નહિ હોવાથી નવો બંધ થતો નથી.**' ચાલતી ભાષામાં કહ્યું. ભાવાર્થ. સમજાણું કાંઈ? '**આ રીતે જ્ઞાની સદાય અકર્તા હોવાથી નવાં કર્મ બાંધતો નથી અને પૂર્વે બંધાયેલાં જે કર્મો સત્તામાં રહ્યા છે તેમનો જ્ઞાતા જ રહે છે.**' એ ટીકાનો ચાલતી ભાષામાં ભાવાર્થ કર્યો છે.

હવે જરી કોઈ એમ કહે કે '**અવિરતસમ્યગ્દૃષ્ટિને પણ અજ્ઞાનમય રાગદ્વેષમોહ હોતા**

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**નથી.**' અવિરતિ સમ્યગ્દૃષ્ટિને પણ અજ્ઞાનમય ભાવ હોતા નથી. એને સિદ્ધ કરે છે કે ઓલા રાગદ્વેષ છે ને એને? અજ્ઞાનમય રાગદ્વેષ હોતા નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ એક જ છે. અવિરત સમ્યગ્દૃષ્ટિ કહો કે જ્ઞાની કહો. કોઈ એમ કહે કે અવિરત સમ્યગ્દૃષ્ટિને પણ આવા રાગ તો ઘણા હોય છે. વિષય વાસના, રાગ, લડાઈ, વેપાર, ધંધાના પરિણામ આદિ છે ને? કે અજ્ઞાનમય રાગદ્વેષ હોતા નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સદાય. સદાય.. સદાય... આકરી વાત છે, બાપા! અહીં તો અત્યારે. ચાલે છે અધિકાર એકલો જ્ઞાનસ્વભાવનું ભાન વર્તે છે. પછી લડાઈનો ભાવ કીધો ને હમણાં? વિષયનો ભાવ હોય, રાગ હોય એ જ્ઞાનીનો રાગ નથી. મિથ્યાત્વભાવનો જે રાગ-દ્વેષ છે એને જ અહીંયાં રાગદ્વેષ ગણવામાં આવ્યા છે. ઓલા રાગદ્વેષ ગણવામાં આવ્યા નથી. સદાય. ચોવીસે કલાક. ઊંઘતો હોય તો પણ. ઊંઘે છે શેમાં? એ તો બહારમાં. અંદરમાં ક્યાં ઊંઘ્યો છે. સમજાણું કાંઈ? આહાહા..! 'ધર્મ જિનેશ્વર ગાઉ રંગ સું ભંગ ન પડશો પ્રીત જિનેસર, ધર્મ જિનેશ્વર ચરણ ગ્રહ્યા પછી કોઈ ન બાંધે કર્મ.'

મુમુક્ષુ :- જેને ધર્મ કરવો હોય તો..

ઉત્તર :- સાવધાન શેમાં કરવાનું છે? આત્મામાં કે બહારમાં? આત્મામાં સાવધાન થયો, દર્શન-જ્ઞાન ઉઘડ્યું, શાંતિનો અંશ આવ્યો, નિર્મળ જ્ઞાનમય દશા થઈ. ઉઘડ્યું ભલે વિશેષ જ્ઞાનને જાણવાનું ન ઉઘડ્યું હોય. સમજાય છે? ચારિત્રની સ્થિરતા વિશેષ ન હોય, પણ જ્ઞાનીના જ્ઞાનમયભાવમાં શ્રદ્ધા-જ્ઞાન-શાંતિ આદિ જે પ્રગટી છે એમાં એને અજ્ઞાનમય રાગદ્વેષ હોતા નથી. ચોથે ગુણસ્થાને હોય તો પણ. ચક્રવર્તી છ ખંડનો ધણી, ભરત. ચોવીસે કલાક. છન્નું હજાર સ્ત્રીના વૃંદમાં, વિષયની વાસના વિકલ્પના કાળે પણ એને રાગદ્વેષમોહ મિથ્યાત્વના હોતા નથી. માટે એનો આસ્રવભાવ એને છે નહિ. લ્યો, આસ્રવ એને છે નહિ. આસ્રવ નથી તો આસ્રવને નિમિત્તે બંધન એને છે નહિ. જૂના કર્મને જાણે છે. કહો, સમજાણું કાંઈ? નવું તો છે નહિ પછી પ્રશ્ન ક્યાં? જૂના પડ્યા છે એને જ્ઞાન જાણે છે કે આ ભૂમિકામાં આવા પ્રકૃતિ પરમાણુ અંદર હોય છે. સમજાણું કાંઈ? આહાહા..! અરે..! અંતરમાં મંથન કરવાના કાળમાં આવું મંથન કરે નહિને મફતના મહેનતું બીજી કરીને હેરાન-હેરાન (થાય). વાદ-વિવાદ.

ભગવાન આત્મા આખો પ્રભુ છે ને, ભાઈ! તને વખત મળ્યો છે ને, વખત મળ્યો છે ને. જોને! એની તરફ વળને, વાળને. એ વાળતા જે દશા થાય તેને કહે છે કે રાગદ્વેષમોહ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

મિથ્યાત્વ એને હોતા નથી. એમાં ક્યાં હતા? એમ કહે છે. સમજાણું કાંઈ?

'**મિથ્યાત્વ સહિત રાગાદિક હોય તે જ અજ્ઞાનના પક્ષમાં ગણાય છે,...**' મિથ્યાત્વ સહિત રાગાદિ હોય. રાગ-દ્વેષાદિ જોયું. રાગની રુચિનો પ્રેમ પડ્યો મિથ્યાત્વ એ મિથ્યાત્વ સહિતના રાગ-દ્વેષને રાગ-દ્વેષ ગણવામાં આવે છે. '**તે જ અજ્ઞાનના પક્ષમાં ગણાય છે,...**' અજ્ઞાનના પક્ષમાં એને ગણાય છે. '**સમ્યક્ત્વ સહિત રાગાદિક અજ્ઞાનના પક્ષમાં નથી.**' છે ખુલાસો? દેખો! વસ્તુ જે રીતે સિદ્ધ કરવી હોય એમ વાસ્તવિક રીતે સિદ્ધ થાય ને?

'**સમ્યક્ત્વ સહિત રાગાદિક...**' જુઓ! પાછું સમકિત સહિત અને રાગાદિક. ભાષા છે. સમ્યક્ત્વ સહિતમાં જે કાંઈ રાગાદિ છે તે અજ્ઞાનના પક્ષમાં નથી. એમ સિદ્ધ કરવું છે ને? રાગાદિ છે પણ એ અજ્ઞાનના પક્ષમાં નથી. ભારે વાત. આ ઘરે પુસ્તક લઈ જાવ છો પણ થોડુંક અહીંયાં સમજ્યા વિના નહિ સમજાય હોં! થોડુંક સમજવું પડશે અહીં. રસિકભાઈના ભાણેજ. આ પુસ્તક લીધા. ઘણા લીધા છે. થોડું થોડું અહીં સાંભળીને દૃષ્ટિ કરે પછી સમજાય એવું છે. નહિતર એની મેળે તો કાંઈ મોં-માથું હાથ આવે એવું છે નહિ. રસિકભાઈને તો અહીં ઘણા વર્ષનો પરિચય છે. ઘણા વર્ષનો.

બાપુ! આ તો માર્ગ વીતરાગનો એવો છે કે બહુ પરિચયની આખી વાત ફરી ગઈ છે અત્યારે. આખી વાત ફરી ગઈ. ઓહોહો..! અવળાઈની વાત ને સવળો માર્ગ છે એમ માની બેઠા છે. શું થાય? કાં તો કો'કનું કરી દઉં, દયા પાળી દઉં, બીજાને ધર્મ પમાડી દઉં, બીજા ધર્મ પામે તો મને લાભ થાય. અરે..! બધી ભ્રમણાનો પાર ન મળે. સમજાણું કાંઈ? અને પોતાને થાય વિકલ્પ પાછો એ. અને એ વિકલ્પથી લાભ માને.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- શું ધૂળમાંય થાતો નથી. એકેય થાતો નથી. આમ પગ મૂકે ત્યાં બીજો પગ ઉપાડવાનું મન થઈ જાય. પગ મૂક્યો હતો શું કરવા? પગ ઉપાડ્યો શું કરવા? કેમ? ડાબે-જમણે.. ડાબે-જમણે ચાલે કે નહિ? આમ મૂક્યો પગ ત્યાં પહેલો .. વળી પાછો ઉપાડ્યો. એ મૂક્યો હતો એ મૂકવા માટે નહિ ઉપાડવા માટે. જુઓ હવે. ઉપાડવા માટે મૂક્યો એનું ધાર્યું ક્યાં થયું? ... એય..! પડ્યા. એ તો જડની ક્રિયા તારે કારણે થાતી નથી. કહો, સમજાણું આમાં?

ખાવાનું બરાબર રાખે ત્યાં અંદર પચતું નથી. ક્યાં ધાર્યા પ્રમાણે થાય છે? લાવો.. શું કહેવાય એ બધું? હિંગાષ્ટક ને સુદર્શન. ઈ એને ખબર છે. સુદર્શન, સુદર્શન. એક જણો ઓલો હમણાં લેવા ગયો ભાવનગર. ઓલી કેપ્સ્યુલ. કેપ્સ્યુલ કહે આને. સુદર્શનની પડીકી બધી કેપ્સ્યુલ ભરીને આપેલી. એક પાઈની કિંમત નહિ. આવા? કેપ્સ્યુલ-કેપ્સ્યુલ આવે છે

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ને? ઓલાએ કીધું હશે કેપ્સ્યુલ લઈ આવજે. પાંચ કે દસ. લઈ આવ્યો. જ્યાં જોયું ત્યાં સુદર્શન. બહુ પણ બધા થઈ ગયા છે. કેપ્સ્યુલમાં એકલું સુદર્શન. કહો, સમજાણું આમાં? ધાર્યું ક્યાં થાય છે? એમ કહેવું છે આમાં. એય..! પાછી ગભરાટ.. ગભરાટ. એ.. આણે મારું ન રાખ્યું. સરખી લાવ્યા નહિ. એલા પૂછયું નહોતું તેં કે આ ફલાણું છે? વળી ઓલાને ઠપકો (આપે). લેતા આવડ્યું નહિ? કેપ્સ્યુલ કીધી હતી ને અને કેપ્સ્યુલની છે ઓલી. ઉપર હોય ને ફોતરી? ચોખાના ઓલાનું. એવા રંગનું છે હવે એની અંદર સુદર્શન છે એ મને શી ખબર પડે?

કોલસાની ભૂકી હતી એકમાં. એક જણને જોતા હતા પાંચ-દસ રૂપિયા. હવે કરવું શું? કોઈ આપે એવું ન મળે. મગાય નહિ વાણિયાના દિકરાને. પછી કોલસાનો ભૂકો કરીને એક પાંચસો-હજાર પડીકી બાંધી નાની સરખી ફર્સ્ટક્લાસ. માથાને ચોપડવાની અસરકારક દવા. એય..! માથે લખ્યું થોડું. કો'ક ચોપડે ત્યારે કો'કને કાંઈક મટવાનું તો હોય. પણ દવા કાળી છે. પણ દવા તો એવી જ હોય. દવા ધોળી હોય? કોલસાની ભૂકી. અમીચંદ કહેતો હતો. અમીચંદભાઈ છે ને પોરબંદરવાળો. મારે પૈસા જોતા હતા. મારે મગાય નહિ. કો'ક આપે. દસ-વીસ રૂપિયા જોતા હતા. પછી કોલસાની ભૂકી કરીને ચાલવા માંડી.

..... ધાર્યું થયું નહિ કાંઈ, એમ કહે છે. ધાર્યું ન થયું. એ તો બહારનું કારણ ભજવાનું હતું એ ભજી નાખ્યું. એટલે જ્ઞાનીને સમકિતીને અજ્ઞાનપક્ષના રાગ ગણવામાં આવ્યા નથી. માટે જ્ઞાનીને રાગદ્વેષ છે નહિ. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**જેઠ સુદ ૧૩, મંગળવાર તા. ૨૦-૦૬-૧૯૬૭**
**ગાથા-૧૬૬-૧૬૭, પ્રવચન-૨૫૨**

આસ્રવ અધિકાર. ગાથા-૧૬૬. એનો અડધો ભાવાર્થ થઈ ગયો છે, અડધો બાકી છે. માથે કહ્યું હતું, જ્ઞાનીને આસ્રવ અને બંધ નથી. એનો વિશેષ ખુલાસો કરે છે કે '**અવિરતસમ્યગ્દષ્ટિને પણ અજ્ઞાનમય રાગદ્વેષમોહ હોતા નથી.**' એમ. પહેલી સમુચ્ચય વાત કરી હતી. ધર્મીજીવને આત્મા શુદ્ધ ચૈતન્ય સ્વભાવનું જ્ઞાન, શ્રદ્ધા, એકાગ્રતા હોય છે. ધર્મી એવો આત્મા અને એની ધર્મદશા એ ધર્મી એવા આત્મામાં એકાગ્રતા હોય છે. સમજાણું? એથી તે એકાગ્રતાને કારણે તે ધર્મી-જ્ઞાની-કહેવાય છે. અને તે જ્ઞાનીને જ્ઞાનમય એકલા શુદ્ધ સ્વભાવ છે તેથી શ્રદ્ધા-જ્ઞાનાદિ જ્ઞાનમય જ ભાવ થાય છે. એને અજ્ઞાનમય ભાવ હોતા નથી. (કેમ કે) એક સમયે બે વિરોધ ભાવ રહી શકે નહિ. માટે જ્ઞાનીને-ધર્મીને-આસ્રવ નથી એટલે બંધના કારણના ભાવ નથી અને બંધ પણ નથી.

ત્યારે કહે છે, '**અવિરતસમ્યગ્દષ્ટિને પણ...**' એમ. ત્યારે કોઈ એમ કહે કે ભાઈ, ચોથા ગુણસ્થાનમાં અવિરતી છે એને શું? તમે તો સમુચ્ચય વાત કરી કે જ્ઞાનીને બંધ નથી. તો કહે છે, એને પણ અજ્ઞાનમય રાગદ્વેષ હોતા નથી. મિથ્યાત્વસહિત રાગાદિ હોય તે જ અજ્ઞાનના પક્ષમાં ગણાય. રાગ, વિકલ્પ-રાગની વૃત્તિ એની જેને રુચિ છે, અંશબુદ્ધિમાં જેને રાગમાં પ્રેમ અને રુચિ છે એવા જ અજ્ઞાન પક્ષમાં જે રાગ દ્વેષ થાય એને ગણવામાં આવ્યા છે.

'**સમ્યક્ત્વસહિત રાગાદિક અજ્ઞાનના પક્ષમાં નથી.**' કેમ કે સમ્યગ્દર્શનમાં ચૈતન્ય આનંદ અને જ્ઞાન શુદ્ધ સ્વરૂપ, એના સન્મુખનું જ્ઞાન અને દર્શન વર્તે છે. તેથી સમકિત સહિત જીવને રાગાદિ તે અજ્ઞાન પક્ષમાં નથી. તેને રાગમાં રાગબુદ્ધિવાળું અજ્ઞાન એવું એને છે નહિ. સમજાય છે કાંઈ? '**સમ્યગ્દષ્ટિને નિરંતર જ્ઞાનમય પરિણમન જ હોય છે.**' વસ્તુ ચૈતન્ય આનંદ અને જ્ઞાનની મૂર્તિ (છું), એવી જ્યાં અંતર્મુખ થઈને અનુભવ થઈને દૃષ્ટિ થઈ એથી જ્ઞાનીને તો જ્ઞાન, શાંતિ, આનંદ જે દ્રવ્યમાં ભરેલાં અનંત શુદ્ધ ગુણો (છે), એ શુદ્ધનું જ પરિણમન એનું ગણવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ?

'**તેને ચારિત્રમોહના ઉદયની બળજોરીથી...**' રાગ કરવાની રુચિ નથી. સ્વભાવની રુચિના પરિણમનને લઈને, સ્વભાવની શુદ્ધતાને જ વધારવાની ભાવના જ્ઞાનીને હોય છે. એને રાગની રુચિ હોતી નથી. તેથી રાગની રુચિ નથી એથી કર્મના નિમિત્તના સંગે બળજોરીથી રાગાદિ થાય છે. પોતાના પુરુષાર્થની ગતિ સ્વભાવ તરફ છે. છતાં રાગ કરવાનો ભાવ નથી.

છતાં થાય છે એ કર્મના બળજોરીથી કહેવામાં આવે છે. છે પુરુષાર્થની નબળાઈ. પણ રુચિ નથી. રાગમાં હિત નથી, રાગમાં પ્રેમ નથી, રાગનો આશ્રય નથી. સમજાય છે કાંઈ?

સમ્યગ્દૃષ્ટિપણું એટલે? વસ્તુ અખંડ અભેદ જ્ઞાનમૂર્તિ, એની જ્યાં અંતર દૃષ્ટિ થઈ, અનુભવ જ્ઞાનનો થયો તો તેને હવે રાગ જે સ્વરૂપમાં નથી, તેવા રાગની રુચિ અને રાગ કરવાનો ભાવ હોતો નથી. છતાં પુરુષાર્થની નબળાઈથી થાય તેને બળજોરીથી થયો એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? '**ચારિત્રમોહના ઉદયની બળજોરીથી...**' એમાંય વાંધા કાઢે.

મુમુક્ષુ :- કર્મનું આવ્યું ને.

ઉત્તર :- જરીએ આવ્યું નથી.

મુમુક્ષુ :- શબ્દ ચોખ્ખો છે ને.

ઉત્તર :- ચોખ્ખો શબ્દ છે પણ એનો અર્થ સમજવો જોઈએ ને? એ બિચારાને કર્મને ખબરેય નથી કે અમે કેવા છીએ ને શું થાય છે?

મુમુક્ષુ :- ... કહે છે.

ઉત્તર :- કહે છે ને. આત્માના બળ-વીર્ય-પુરુષાર્થ તો સ્વભાવ તરફ ઢળ્યો છે. સમજાણું? હવે કંઈક પુરુષાર્થની નબળાઈ છે એ પર્યાયબુદ્ધિમાં એ પર તરફનું બળજોર છે એમ કહેવામાં આવે છે. સ્વભાવની બુદ્ધિમાં એ છે નહિ. એ કર્મ તો નિમિત્તમાત્ર છે. પણ નિમિત્તમાં જે જોડાણ થયું ને એ બધી બળજોરી પરની છે. પુરુષાર્થના ભાવકર્મની બળજોરી પરની છે. પોતાનો પુરુષાર્થ તો સ્વભાવ સન્મુખનો આનંદ અને શુદ્ધિ વધારવો (એ છે). દ્રવ્ય સ્વભાવની ભાવના જ્ઞાનીને હોય છે. રાગની ભાવના હોતી નથી.

તેથી '**તેને ચારિત્રમોહના ઉદયની બળજોરીથી જે રાગાદિક...**' દ્વેષાદિ, વિષય વાસનાદિ થોડી થાય તેનું સ્વામીપણું-ધણીપણું-એને નથી. કેમ કે સ્વસ્વામીપણું જે આત્માનો જે ગુણ છે... આત્મા શુદ્ધ દ્રવ્ય, શુદ્ધ ગુણ અને શુદ્ધ નિર્મળ પર્યાય એ એનું સ્વ અને એનો એ સ્વામી જ્ઞાની છે. બાયડી, છોકરાનો સ્વામી નથી પણ રાગ થાય એનો પણ સ્વામી નથી. સમજાણું કાંઈ? '**તે રાગાદિકને રોગ સમાન જાણીને પ્રવર્તે છે...**' ઓહો..! રાગ કે દ્વેષનો ભાવ આવે એને દુઃખ જાણીને, ઉપસર્ગ જાણીને પ્રવર્તે છે. દુઃખ છે. એમાં આનંદ નથી, એ કરવાના ભાવ નથી. એમાં આનંદ નથી અને આનંદની શુદ્ધિનું એ કારણ પણ નથી. એથી રાગ ને વિકલ્પ ને વાસના સમ્યગ્દૃષ્ટિને થાય એ રોગ સમાન જાણે છે. રોગને રાખવાનો ભાવ હોય? રોગ રહે તો ઠીક. ચૈતન્ય-નિરોગસ્વરૂપ ભગવાન આત્મા પરમ અનાકુળ આનંદનું સ્વરૂપ, એવી જ્યાં અંતરદૃષ્ટિ એમાં થઈ એથી એને આત્માના અતીન્દ્રિય આનંદમાં જ સુખબુદ્ધિ છે. ધર્મીને સુખબુદ્ધિ વિષયમાં, રાગમાં ત્રણ કાળમાં નથી. અને જો સુખબુદ્ધિ

રાગમાં થાય તો તે સમ્યગ્દષ્ટિપણું રહેતું નથી. સમજાણું કાંઈ? એથી કહે છે, રાગને રોગ સમાન જાણે છે. આહાહા..! એ શુભરાગ હો કે અશુભરાગ હો, બેયને રોગ જાણી છે. એ મારું સ્વરૂપ નથી. રોગ છે-દુઃખ છે-અશાંતિ છે. એને મારાપણે કેમ કરે ઈ? કહો, સમજાય છે કાંઈ?

'**અને પોતાની શક્તિ અનુસાર તેમને કાપતો જાય છે.**' એટલે કે શુદ્ધ સ્વભાવ તરફનું સાવધાનપણું દષ્ટિનું પરિણમન છે એથી સ્વભાવ તરફના ઝુકાવથી ક્રમે ક્રમે રાગ ઘટતો જાય છે. એને ક્રમે ક્રમે કાપે છે એમ કહેવામાં આવે છે. ભારે વાત ભાઈ ધર્મની. બહારની સાથે ક્યાંય મેળ ખાય એવું ન મળે. રાગાદિને રોગ જાણે. આહાહા..! આમ હરખમાં દેખાય. બહારમાં લગન છોકરાના થતા હોય, બેઠો હોય ભેગો. એઈ..! બહારમાં કહે, આજ હરખમાં છે. ભાઈ! હરખ તો રાગ છે. એ રાગની પર્યાય છે, દુઃખની પર્યાય છે. દુઃખની હોંશ જ્ઞાનીને હોતી નથી. સમજાણું?

એક તો ધર્મીજીવને આત્માનો સ્વભાવ જ જ્યાં રુચ્યો છે. આત્મા જ્ઞાન અને આનંદ સ્વરૂપ, એવું જ્યાં અંતર રુચિનું પરિણમન થયું ત્યાં રાગને કરવાનો ભાવ હોય કેમ? રાગ હોય તેને રોગ સમાન જાણી સ્વભાવ સન્મુખની દષ્ટિ છે એટલે સ્વભાવ સન્મુખથી એને ઘટાડતો જાય છે એમ કહેવામાં આવે છે. કાપતો જાય છે એમ કહેવામાં આવે છે. બાકી કપાય, ધીમે ધીમે ઘટતું જ જાય છે. સ્વભાવ સન્મુખ છે એટલે રાગ ઘટતો જ જાય છે. શુદ્ધિ વધતી જાય છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**માટે જ્ઞાનીને જે રાગાદિક હોય છે તે વિદ્યમાન છતાં અવિદ્યમાન જેવા છે;...**' આહાહા..! ધર્મીને આત્માના આનંદના પ્રેમ આગળ, એને રાગ હોવા છતાં રાગ નથી એમ ગણવામાં આવે છે. વિદ્યમાન છતાં અવિદ્યમાન જેવા છે. નથી જેવા છે, નથી જેવા. આહાહા..! '**તેઓ આગામી સામાન્ય સંસારનો બંધ કરતા નથી,...**' જુઓ! સામાન્ય આવ્યું. સામાન્ય એટલે અનંત સંસારનો બંધ કરતા નથી. સામાન્ય સંસાર એટલે અનંત સંસાર. અલ્પ કોઈ રાગાદિ છે એ નહિ. સામાન્ય સંસારનો બંધ કરતા નથી. એકરૂપ જ સંસાર ધારા જે અનંતી ચાલે છે એ ભાવ એને હોતો નથી.

'**માત્ર અલ્પ સ્થિતિ-અનુભાગવાળો બંધ કરે છે.**' માત્ર નવા કર્મમાં રાગ જે કાંઈ થાય નિમિત્ત એથી અલ્પ સ્થિતિ અને અલ્પ રસવાળો બંધ કરે. '**આવા અલ્પ બંધને અહીં ગણવામાં આવ્યો નથી.**' કહો, ચોથે ગુણસ્થાને અલ્પ સ્થિતિ અને અલ્પ બંધ. અનંત સંસારના વૃદ્ધિની અપેક્ષાએ. અનંત સંસાર. જ્યાં રાગની એક્તાબુદ્ધિ એટલે કે સંસારમય જ જ્યાં આત્મા જાણ્યો હતો એટલે એકલો સંસાર જ વધતો હતો. સમજાણું? એ રાગથી

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ભિન્ન પડીને ચૈતન્યનું ભાન થયું ત્યાં રાગ હવે અલ્પ રહ્યો એની એકતા નથી એટલે અનંત સંસાર વધે એવું રહ્યું નહિ. અલ્પ રાગાદિ હોય પરિમિત. એક-બે ભવ આદિ હોય. અલ્પ સ્થિતિ, અનુભાગ છે. એવા બંધને અહીં ગણવામાં આવ્યો નથી.

જુઓ! સમ્યગ્દર્શનનું માહાત્મ્ય અને સમ્યગ્દષ્ટિની ચમત્કારી દશા!! એ બહારથી કાંઈ સમજાય એવું નથી. કહો, પ્રવિણભાઈ! બહારના ત્યાગથી એનું એ લક્ષણ નથી જણાય એવું. બહારમાં છ ખંડના રાજ હોય છતાં તે અલ્પ સ્થિતિ બંધવાળો ભાવ એને હોય છે. બાહ્યનો ત્યાગ હોય બધોય (અને) અંદરમાં રાગની એકતાબુદ્ધિને લઈને, રાગના પ્રેમબુદ્ધિમાં ફસાયેલો, ભગવાન આત્માના આનંદના પ્રેમથી ખસી ગયેલો, એ બાહ્યના ત્યાગમાં નગ્ન મુનિ પણ દેખાય તો પણ તે અનંત સંસારને-સામાન્ય સંસારને વધારે છે. આહાહા..! સમજાણું કાંઈ?

‘**આ રીતે જ્ઞાનીને આસ્રવ નહિ હોવાથી બંધ થતો નથી.**’ આ જે પ્રકાર કહ્યા એ પ્રકારની રીતિએ ધર્મીને આસ્રવ એટલે વિકારના પરિણામ નહિ હોવાથી તેને બંધ થતો નથી. અબંધ એમ સિદ્ધ કર્યું.

‘**હવે, રાગદ્વેષમોહ જ આસ્રવ છે એવો નિયમ કરે છે :-**’ મિથ્યાત્વ સંબંધી રાગદ્વેષમોહ, હોં! બીજા અહીં ગણવામાં નથી. ૧૬૭.

**भावो रागादिजुदो जीवेण कदो दु बंधगो भणिदो।**
**रागादिविप्पमुक्को अबंधगो जाणगो णवरि।।१६७।।**

**રાગાદિયુત જે ભાવ જીવકૃત તેહને બંધક કહ્યો;**
**રાગાદિથી પ્રવિમુક્ત તે બંધક નહીં, જ્ઞાયક નર્યો. ૧૬૭.**

‘**ટીકા :- ખરેખર, જેમ લોહચુંબક-પાષાણ સાથે...**’ લોહચુંબક પત્થર. એની ‘**સાથે સંસર્ગથી (લોખંડની સોયમાં) ઉત્પન્ન થયેલો ભાવ...**’ લોખંડની સોયમાં લોહચુંબક પાષાણના સંસર્ગથી ઉત્પન્ન થયેલો સોયનો ભાવ. ‘**લોખંડની સોયને (ગતિ કરવાને) પ્રેરે છે...**’ ગતિ કરવાને પ્રેરે છે. સોય આમ લોહચુંબક પત્થર તરફ (ગતિ કરે છે). લોહચુંબકનો પત્થર એની સાથે લોઢાની સોય. એ લોહચુંબકના નિમિત્તથી અને એનું પોતાનું ઉપાદાન એની અંદરમાં ગતિ કરવાનું, એ ગતિને પ્રેરે છે આ બાજુ. લોહચુંબક ગતિ કરવાને, લોહચુંબક તરફ ગતિ કરવાને સોયને પ્રેરે છે. લોહચુંબકના સંસર્ગથી ઉત્પન્ન થયેલો સોયમાં ભાવ, લોહચુંબક તરફ ગતિ કરવાને પ્રેરે છે. કહો, આ દૃષ્ટાંત. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સામર્થ્ય શું બતાવે? એ તો વાત.. અહીં તો દૃષ્ટાંત દેવો છે. એના નિમિત્તના

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

સંબંધમાં સંસર્ગમાં આવેલી સોય. એમ કીધું છે ને? સંસર્ગમાં આવેલું કીધું છે કે નહિ? એ શું કીધું? '**પાષાણ સાથે સંસર્ગથી ઉત્પન્ન થયેલો ભાવ...**' એમ કીધું છે. '**લોહચુંબક-પાષણ...**' બસ આટલું. એની સાથે સંસર્ગમાં આવેલી સોય. એમાં ઉત્પન્ન થયેલો. સંસર્ગમાં આવી એટલે ઉત્પન્ન થયેલો ભાવ. એ લોહચુંબક તરફ ગતિ કરવાને તે ભાવ પ્રેરે છે. સોયને પ્રેરે છે ને? સોય એની કોર જાય છે ને ખસીને? સમજાણું કાંઈ?

'**તેમ રાગદ્વેષમોહ સાથે ભેળસેળપણાથી (આત્મામાં) ઉત્પન્ન થયેલો અજ્ઞાનમય ભાવ...**' આહાહા..! ભાષા જુઓ! ઓલો સોયમાં ઉત્પન્ન થયેલો ભાવ એને અજ્ઞાનમય ભાવની સાથે મેળવે છે. રાગ, દ્વેષ અને મોહ એની સાથે એકત્વબુદ્ધિથી, ભેળસેળપણાથી આત્મામાં ઉત્પન્ન થયેલો. આત્માના જ્ઞાન અને આનંદના ભાવને ભૂલીને ઉત્પન્ન થયેલો અજ્ઞાનમય ભાવ. સમજાણું કાંઈ? ભગવાન આત્મા...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કર્મ નહિ, વિકારી પરિણામ. એ કર્મને પ્રેરે છે એમાં પોતે કર્મનું કાર્ય કરવા દોરાય છે ઈનો ઈ. આહાહા..!

અહીં કહે છે કે, ભગવાન આત્મા એ તો જ્ઞાનાનંદ સ્વરૂપ છે. રાગદ્વેષમોહ સાથે ભળેલી ચીજ જ નથી. સમજાણું કાંઈ? વસ્તુ સચ્ચિદાનંદ પ્રભુ વસ્તુનું દળ, ચૈતન્ય ભગવાન બેહદ જ્ઞાન આનંદ આદિ સ્વભાવનું સ્વરૂપ, એ પુણ્ય-પાપના વિકલ્પનો મોહ સાથે ભળેલી ચીજ જ નથી. પણ અજ્ઞાનીને એના સાથે એકત્વબુદ્ધિ થતાં ઉત્પન્ન થયેલો અજ્ઞાનમય ભાવ, આત્માના જ્ઞાનસ્વભાવથી વિપરીત અજ્ઞાનમય ભાવ. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- દાખલા સાથે મળી ગયું.

ઉત્તર :- મળી ગયું દાખલા સાથે. એમ કે ઓલા લોહચુંબકનો પથરો અને સોય બીજી. એનાથી આ થયું અને વળી આની કોર ખેંચે એની સાથે મળે છે કે નહિ? એમ કહે છે. એ એમ જ છે અહીં.

ભગવાન આત્મા અખંડાનંદ જ્ઞાનમૂર્તિ શુદ્ધ ચૈતન્ય છે. એણે રાગદ્વેષમોહનો સંસર્ગ કર્યો-પરિચય કર્યો. એથી ઉત્પન્ન થયેલો અજ્ઞાનમય ભાવ. કહો! એ જ આત્માને કર્મ કરવાને પ્રેરે છે. એ વિકારી પરિણામનો કર્તા અજ્ઞામયભાવ થાય છે એમ છે. આહાહા..! સમજાણું કાંઈ? ભાઈ! આ તો અંતરની રમતું છે. આહાહા..! અહીં તો કહે છે કે જેમ લોહચુંબકના સંસર્ગમાં આવેલી સોય, એમાં-સોયમાં-ઉત્પન્ન થયેલો ભાવ લોખંડ ચુંબક તરફ ગતિ કરવાને પ્રેરે છે. એમ ભગવાન આત્મા રાગ અને દ્વેષ, મોહ સાથે ભળેલ ભાવ, એની સાથે ભળેલ એકત્વબુદ્ધિ, એનાથી ઉત્પન્ન થયેલો જે અજ્ઞાનમય ભાવ એ જ અજ્ઞાનમય ભાવ રાગ-દ્વેષ-મોહને કર્તાપણે

મારું કાર્ય છે એમ પ્રેરે છે. સમજાણું કાંઈ?

**'ભાવ જ આત્માને કર્મ કરવાને પ્રેરે છે,...'** વસ્તુ સ્વભાવનો સંસર્ગ છોડી જેણે રાગ-દ્વેષનો સંસર્ગ કર્યો તેથી ઉત્પન્ન થયેલો જ્ઞાનના આનંદના અભાવરૂપ અજ્ઞાનમય ભાવ, એ ભાવ જ રાગ મારું કર્તવ્ય છે એમ પ્રેરણા કરે છે. સમજાય છે કાંઈ? છે ને સામે પુસ્તક તો છે. એય..! રવિભાઈ! છે કે નહિ સામે? જુઓને! આ શબ્દનો અર્થ તો થાય છે. એઈ..! જીતુ! સમજાય છે કે નહિ આમાં? કાંઈ થોથા છે બધા લૌકિકના. આ જુઓને જરીક આમ થાય, નાપાસ થાય તો મોઢું ફરી જાય. તમારે નાપાસ થયો તો જરીક આમ મોઢું (થઈ ગયું). શું છે પણ? કિરીટ. અહીંથી પાસ થાય તો પાસ, નહિતર અહીંથી પાસ ન થાય એ બધા નાપાસ.

મુમુક્ષુ :- ઓલામાં નંબર આવે...

ઉત્તર :- ધૂળમાંય નંબર નથી. ભાઈ! એ ભણ્યાના નંબર શા કામના? જે ભણ્યાના નંબરમાં જેને સુખ ને શાંતિ મળે એ નંબર કહેવાય. ભાઈ! બાકી નંબર શેના? નંબર શેના આવ્યા?

અહીં કહે છે, જુઓને! આ અજ્ઞાનનો નંબર આવ્યો. સમજાણું? ભગવાન આત્માએ કે રાગદ્વેષમોહનો સંસર્ગ કર્યો. આહાહા..! જેમ ઓલી સોયે લોહનો સંસર્ગ કર્યો-લોહચુંબકનો. આખી ચીજ જ પર થઈ એ તો. એમ આ પણ રાગ, દ્વેષ અને મોહ આખી ચીજ જ પર છે. આહાહા..! સમજાણું કાંઈ? ભગવાન આત્મા અનાકૂળ આનંદનો સમુદ્ર સરોવર છે પ્રભુ. એવો ભગવાન પોતે પોતાના સંસર્ગ નામ સ્વભાવ સન્મુખની સાવધાની છોડીને રાગ-દ્વેષના ભાવ સાથેના સંસર્ગમાં આવ્યો, એવો જે અજ્ઞાનભાવ, એ અજ્ઞાનભાવ રાગ-દ્વેષ મારું કાર્ય છે એમ કર્મ કરવાને પ્રેરે છે. સમજાણું કાંઈ? આહાહા..!

એક વાર કહ્યું હતું નહિ? દાદુનું, ભાઈ! બાયડી પરણી આવે છે ને? પછી દાદુએ દોહરો કર્યો હતો. દાદુ. 'દાદુ દુનિયા બાવરી ખોટા કરે ગલ, ગાડીમાં બેસાડીને હેલ લાવ્યા ને જીત્યા ટોડરમલ.' આ ભણવામાં એ બધું (આવે), હોં! પાસ થયા જાણે ઓહોહો..! જાણે શું કર્યું! એમ ઓલી ગાડીમાં બેસાડીને બાયડી લાવ્યો. નાખી હેડ. હેડ પડી. રાજી થયો. 'દાદુ દુનિયા બાવરી ખોટા કરે ગલ.' ખોટા મારી મજા માણે છે. એઈ..! હિંમતભાઈ! આહાહા..! 'ગાડે બેસાડીને...' હવે ગાડું ન હોય તો બસમાં બેસાડીને લાવે લ્યો ને. એક જણે પૂછયું હતું, શેમાં તું આવ્યો? બસમાં. 'બસમાં બેસાડીને લાવ્યો હેલ જીત્યા ટોડરમલ.' આહાહા..! જાણે જીત્યા કાંઈક. ધૂળેય નથી, હારી ગયો છો. સાંભળને! પોપટભાઈ! એમ ભણ્યાના કાંઈક નંબર આવે ને? હેડમાં પડ્યો છે ઈ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બંધાણો હવે. એને એટલું કો'ક કહે અને એટલાથી હેઠું કહે તો એને ઠીક પડે નહિ. એટલે એની પદવી કહેવાય, ત્યાં કહેવાય. બી.એ. શું કહેતા હતા? આપણને બહુ ખબર નથી. આ બી.એ. અને તમારે બી.એચ. છે શું છે એને કાંઈક? એવું કાંઈક કહેતા હતા ભાઈ. તમારો કિરીટ. કીધું, હવે દિલગીર થાઈશ નહિ મફતનો. કાંઈ કરીશ મા. એમાં કાંઈ ધૂળમાંય નથી. પાસ થાય તો.. આવા ને આવા. જગતને હેરાન અનાદિકાળથી થઈ રહ્યો છે. ઓહોહો..!

એ તો ઠીક પણ શાસ્ત્રના ભણતર કરીને પણ એ મેં કાંઈક કર્યું એમ માને એ હેડ પકડી એણે. આહાહા..! સમજાણું કાંઈ? બોલતા આવડ્યું, કહેતા આવડ્યું, સમજાવતા આવડ્યું, માણસો સમજે, રાજી થાય કે હા હું કાંઈક વધ્યો છું. પોપટભાઈ! ભાઈ! બાપા! એ ચીજ બીજી છે. ભગવાન! એ અહીં કહે છે, પરની દૃષ્ટિ થઈ એમાં અધિકપણું માન્યું એ રાગદ્વેષમોહનો જ ભાવ છે. જીવે એનો સંસર્ગ કર્યો એટલે અજ્ઞાનભાવ ઉત્પન્ન થયો. જ્ઞાનભાવ ઉત્પન્ન થવો જોઈએ સ્વભાવને સંસર્ગે, એને ઠેકાણે આ સંસર્ગ કર્યો કે આ ઠીક, આ ઠીક. એના ભાવથી અજ્ઞાનમય ભાવ. બસ, અજ્ઞાનમય ભાવનો સ્વભાવ, એ સ્વભાવ જ વિકારને કરે એવો સ્વભાવ છે. એ કહેશે અંદર આગળ, જુઓ! ..માં લેશે. આત્માનો સ્વભાવ એ છે નહિ. ઈ કહેશે.

'**અને જેમ...**' હવે સવળું. આહાહા..! '**લોહચુંબક-પાષાણ સાથે અસંસર્ગથી (લોખંડની સોયમાં) ઉત્પન્ન થયેલો ભાવ...**' અસંસર્ગથી લોખંડની સોયમાં ઉત્પન્ન થયેલો ભાવ. જોયું! એટલે જેવો એનો ભાવ હતો એ. સોયને લોખંડના લોહચુંબકના સંસર્ગ રહિતથી ઉત્પન્ન થયેલો એટલે કે એનામાં જે સ્વભાવ છે તે. ઓલો તો કૃત્રિમ ઊભો થયો હતો. '**(લોખંડની સોયમાં) ઉત્પન્ન થયેલો ભાવ...**' પર્યાય. '**લોખંડની સોયને (ગતિ નહિ કરવારૂપ) સ્વભાવમાં જ સ્થાપે છે...**' એટલે એ સોયનો જે સ્વભાવ છે ગતિ આમ ન કરવી એમાં જ એ સોય રહે છે. સમજાણું કાંઈ? સોયે લોખંડના ચુંબકના પત્થરનો સંસર્ગ કર્યો નહિ. એથી તેના તરફ ગતિ કરવાનો ભાવ ન થયો. એનો જે સ્વભાવ છે જે રીતે ત્યાં તે પડી છે ઈ. સમજાણું કાંઈ? સ્વભાવમાં સ્થાપે છે. એમ છે ને, જુઓને! સ્વભાવ એટલે એ ગતિ કરવું એનો સ્વભાવ નહોતો ખરેખર. એમ કહે છે. ત્યાં સોયનું સોયની પર્યાયના સ્વભાવપણે ત્યાં ને ત્યાં રહેવું એ એનો સ્વભાવ છે. પણ લોહચુંબકના સંસર્ગથી ઉત્પન્ન થયેલો ભાવ એ તરફ ગતિ કરવાને પ્રેરે છે.

એમ અજ્ઞાની રાગ-દ્વેષના સંસર્ગથી ઉત્પન્ન થયેલો અજ્ઞાનભાવ. એ આ રાગ મારું (કાર્ય)

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


દયા, દાન, વિકલ્પ ઉઠ્યા એ મારું કાર્ય છે એવી અંદર પ્રેરણા કરી. એટલે એ અજ્ઞાનભાવ જ આ કામ કરે છે. જ્ઞાનમયભાવમાં એ હોતું નથી. આહાહા..! ઘરની ચીજ છે, ઘરમાં છે. ક્યાંય ગોતવા જાવી પડે એવી નથી. પણ એના પરિચયમાં આવવા માટેની દરકાર નહિ. ભટક્યા ભટક વિકલ્પમાં કર્યા કરે છે. એ વિકલ્પનો અજ્ઞાની કર્તા થાય છે. વસ્તુનું સ્વરૂપ નથી તો સ્વભાવમાં રહી શકતો નથી.

હવે આ જ્ઞાનીની સાથે (મેળવીએ). લોહચુંબક પત્થરની સાથે પરિચય નામ અસંસર્ગને કારણે નહિ ઉત્પન્ન થયેલો એટલે ઉત્પન્ન થયેલો ભાવ. અહીં તો ઓલો નહિ ઉત્પન્ન થયેલો પણ આ તો જે છે તેવો ઉત્પન્ન થયેલો ભાવ. એમ. ઓલો નહિ ઉત્પન્ન થયેલો ભાવ એમ નહિ. આ તો એનો ઉત્પન્ન થયેલો જે છે તે ભાવ. '**લોખંડની સોયને (ગતિ નહિ કરવારૂપ) સ્વભાવમાં જ સ્થાપે છે...**' સ્વભાવમાં જ સ્થાપે છે. ... '**તેમ રાગદ્વેષમોહ સાથે અભેળસેળપણાથી...**' રાગદ્વેષના વિકલ્પની સાથે એકપણાના અભાવથી '**ઉત્પન્ન થયેલો જ્ઞાનમય ભાવ,...**' આહાહા..! ભારે પણ ટીકા! સમજાય છે કાંઈ? રાગ-દ્વેષના વિકલ્પો જે સ્વભાવમાં નથી, તેના સંસર્ગમાં જે આવ્યો નથી. ઓલો સંસર્ગમાં આવ્યો એ પહેલું લીધું ત્યાં. આ એના સંસર્ગમાં આવ્યો નથી એટલે જ્ઞાયકભાવના સંસર્ગમાં આવ્યો છે. એને અભેળસેળ-રાગથી ભેળસેળ થયેલો નથી. ભેળસેળ સમજાય છે કે નહિ? આપણી કાઠિયાવાડી ભાષા છે. હિન્દીમાં ભેળસેળને શું કહે છે? મિશ્રણ. મિશ્રણ ક્યાં?

'**ઉત્પન્ન થયેલો જ્ઞાનમય ભાવ,...**' દેખો! એટલે? સોયમાં લોહના સંસર્ગના અભાવે ઉત્પન્ન થયેલો સોયનો સ્વભાવમય ભાવ તેમાં સોય સ્થિર છે. એમ રાગ અને વિકલ્પમાં સંસર્ગમાં નહિ આવેલો આત્મા પોતાના જ્ઞાનસ્વભાવના પરિચય સંસર્ગમાં આવતો એના જ્ઞાનસ્વભાવમાં તે પર્યાય સ્થાપે છે. એ જ્ઞાનમય ભાવ... લ્યો. આહાહા..! જ્ઞાનમય ભાવ '**જેને કર્મ કરવાની ઉત્સુકતા નથી (અર્થાત્ કર્મ કરવાનો જેનો સ્વભાવ નથી)...**' રાગ કરવો એ એના સ્વભાવમાં છે જ નહિ. વસ્તુમાં છે નહિ. વિકલ્પનું થવું, દયા-દાનાદિનો વિકલ્પ, પુણ્ય-પાપનો વિકલ્પ એ કરવું એ વસ્તુના સ્વભાવમાં જ નથી. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઉઠાવ કર્યો છે એણે અનાદિનો. વસ્તુની ખબર ક્યાં છે? અનાદિ વસ્તુ છે અને ખબર નથી એ પણ અનાદિની છે. પર્યાયબુદ્ધિમાં એનું લક્ષ જ ઇન્દ્રિયો આધીન પરમાં ગયું છે અનાદિથી. કારણ કે એક અંશ ઉપરનું લક્ષ કરે તો ત્યાં અંશમાંથી લક્ષ આઘું જાય તો રાગ ઉપર જાય, શરીર ઉપર જાય, આમ જાય. આમ અંદર વસ્તુ શું છે? જેનો અંશ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે તે અંશી કેવો છે? એ તરફ ઢળ્યું નથી. એથી એમાં નથી એવા રાગ-દ્વેષની એકત્વબુદ્ધિથી અજ્ઞાનભાવ ઉત્પન્ન કર્યો. એ અજ્ઞાનભાવ જ રાગનો કર્તા થાય છે. અને પરના રાગના સંસર્ગ વિના એ ઉત્પન્ન થયેલો ભાવ એટલે જ્ઞાનમય ભાવ સ્વભાવના એકત્વથી ઉત્પન્ન થયેલો જ્ઞાનમય ભાવ રાગને કરવાપણે સ્થાપતો નથી. જ્ઞાનમય સ્વભાવમાં સ્થાપે છે. કહો, સમજાણું આમાં? કર્તાકર્મમાં કેટલો અધિકાર લીધો! છતાં પાછો આસ્રવમાં પણ કર્તાકર્મ નાખ્યું. મૂળ મોટી વસ્તુ જ ત્યાં છે ને આખો ફેર.

રાગના વિકલ્પનું કરવું એ વસ્તુના સ્વભાવમાં નથી. પણ સ્વભાવનો પરિચય નથી અને રાગનો પરિચય છે તેથી અજ્ઞાનમય ભાવે રાગનો, રાગરૂપી ભાવનો કર્તા થાય છે. જેને રાગ ઉપરની રુચિ નથી, રાગનો પરિચય નથી, રાગ તરફની એકત્વબુદ્ધિ નથી, એને જ્ઞાનસ્વરૂપ ચૈતન્ય (સ્વભાવમાં) અંતર્મુખ બુદ્ધિ હોવાથી, અંતર્મુખ દૃષ્ટિ હોવાથી તેને રાગના અસંસર્ગથી ઉત્પન્ન થયેલો ભાવ એટલે કે રાગવાળો નહિ, હવે જ્ઞાનમય ઉત્પન્ન થયેલો ભાવ સ્વભાવમાં સ્થાપે છે. સમજાય છે? કર્મ કરવાની ઉત્સુકતા નથી. લ્યો ઠીક. રાગનો ઉત્સાહ (નથી). જ્યાં સ્વભાવ તરફ ઢળેલી દૃષ્ટિ (પ્રગટ થઈ છે) એને રાગનો કરવાનો ઉત્સાહ છે જ નહિ. ભારે ભઈ આ! આ અભ્યાસમાં પાસ થવું આકરું છે. સમજ્યા? જીતુ! એય..!

મુમુક્ષુ :- સહેલામાં સહેલું કરી નાખ્યું.

ઉત્તર :- સહેલું (છે). પણ આમ જાણે ક્યાંય મોંમાથું ઉગતું ન હોય. જાણે અદૃશ્યની વાતું. ભાઈ! વસ્તુ જ જે કાંઈ જાણવાનું કામ કરે એ અદૃશ્ય નથી, એ તો દૃશ્ય જ છે. પણ એ દૃશ્યમાન ભગવાન ચૈતન્ય અંતર સ્વભાવના સંસર્ગે આવતો, રાગના સંસર્ગમાં ન જતો, જેવો એનો સ્વભાવ છે તે જ્ઞાનમયમાં સ્થાપે છે. તેથી તેને રાગના કરવાનો ઉત્સાહ નથી. કેમ કે ઉત્સાહ છે એ સ્વભાવ સન્મુખમાં ગયો છે. આહાહા..! વીર્યનું વલણ સ્વભાવ સન્મુખમાં છે. તેથી રાગ કરવાનું કાર્ય તેમાં એને ઉત્સાહ નથી. કહો, સમજાણું? કરવાની ઉત્સુકતા નથી. કર્મ કરવાનો જેનો સ્વભાવ નથી એમ અર્થ કર્યો. ઉત્સુકતા નથી એટલે એનો સ્વભાવ જ નથી. રાગ કરવો એ તો એનો સ્વભાવ જ નહોતો. એ તો ઉભો કર્યો અજ્ઞાનમય ભાવે. એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

શુભરાગ પણ કરવો એ તો એના સ્વભાવમાં નથી. અજ્ઞાનમય સ્વભાવના ભાનમય ભાવે ઊભું કરેલું 'રાગ કાર્ય છે' એમ અજ્ઞાનમયથી માને છે. જ્ઞાનમય સ્વભાવ રાગની એક્તાબુદ્ધિ છોડીને. એમ કહે છે. અસંસર્ગનો અર્થ એ. રાગની એક્તાબુદ્ધિ છોડીને, જેણે રાગની એક્તાબુદ્ધિના અભાવસ્વભાવરૂપ જ્યાં ભાવ આત્માનો ઉત્પન્ન થયો છે એ પોતાને જ્ઞાનમાં સ્થાપે છે. સમજાણું?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અને જેને કરવાની ઉત્સુકતા નથી. એટલે કે રાગ કરવાનો જીવનો સ્વભાવ છે જ નહિ. વ્યવહાર વિકલ્પ કરવાનો જીવનો સ્વભાવ જ નથી. આહાહા..! જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ કરવાનો જીવમાં સ્વભાવ નથી એમ કહે છે. સમજાણું કાંઈ? અહીં તો એને થાતો જ નથી એમ કહે છે. રાગ જ નથી એને. એ પરદ્રવ્યમાં ગયું. છે ને? એવો અર્થ કર્યો ને?

ઓલાનો સ્વભાવ છે અજ્ઞાનમય, આનો સ્વભાવ જ્ઞાનમય હોવાથી રાગ કરવાનો સ્વભાવ એમાં નથી. રાગ કરવાનો સ્વભાવ નથી પણ ઉત્પન્ન કરેલો રાગની એક્તાબુદ્ધિને લઈને અજ્ઞાનમય ભાવથી. એમ. વસ્તુમાં નથી પણ અંશમાં રાગની એક્તાબુદ્ધિએ અજ્ઞાનભાવ ઉત્પન્ન કરીને ઉત્સુકતા થઈ કે 'રાગ મારું કાર્ય છે, રાગ મારું કર્તવ્ય છે.' એ રાગના એકત્વબુદ્ધિથી છૂટી, સ્વભાવની એકત્વબુદ્ધિ થઈ અને જે સ્વભાવ છે તેનું જ્ઞાનમય સ્થાપન થયું. અને એ જ્ઞાનમય ભાવમાં રાગ કરવાનો સ્વભાવ નથી. એટલે ઉત્સુકતા નથી એટલે સ્વભાવ નથી. ભારે માર્ગ! સમજાણું કાંઈ?

આવી જાતનો કેવો ધર્મ? ઓલું તો સામાયિક કરવી, પોષા કરવા, પડિક્કમણા કરવા, સમજાય તરત લ્યો. રાત્રે ખાવું નહિ ધર્મ થાશે. ચોવિહાર કરવો. કંદમૂળ ન ખાવું, ધર્મ થાશે. એય..! ન્યાલભાઈ! આ શું? આ તો બીજું નીકળ્યું આખું. એ તો સમજાય પણ ખરું બધાને. પણ શું ખાવું કે ન ખાવાની ક્રિયા પણ ક્યાં તારી હતી? અહીં તો એના પ્રત્યેનો વિકલ્પ ઉઠ્યો એ પણ તારું કર્તવ્ય નથી. એ આત્માના સ્વભાવમાં નથી એમ કહે છે. આહાહા..! બહારના ખાવા-પીવાના છોડી એ તો અંદર સ્વભાવ તરફ હોય છે. એટલો રાગ ન હોય એટલે બહારની ક્રિયા એ થતી નથી. આહાહા..! નયચક્રનું માથું તોડી નાખે એવું છે. સમજાણું?

'**એવા આત્માને સ્વભાવમાં જ સ્થાપે છે;...**' લ્યો! આત્મા પોતાના ભાવ તરફ ઝુકતો, રાગની એક્તાબુદ્ધિમાં ન આવતો, પોતે જ્ઞાનમય થયો થકો એનો સ્વભાવ રાગ કરવાનો નથી તેથી સ્વભાવમાં પોતાને સ્થાપે છે. શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ એવા સ્વભાવમાં પોતે રહે છે. આહાહા..! એની રીત પણ હજી પકડતા કઠણ પડે. સાંભળવા મળે નહિ એ કે દિ' પ્રયોગ કરે અને કે દિ' પ્રયાસ કરે? સમજાણું કાંઈ? '**એવા આત્માને સ્વભાવમાં સ્થાપે છે;...**' રાગ કરવાનો સ્વભાવ જેનો નથી તેવા આત્માને સ્વભાવમાં સ્થાપે છે. '**માટે રાગાદિ સાથે...**' લ્યો. હેઠે કર્યું છે હોં! મિશ્રિત નહિ? મિશ્રિત શબ્દ છે અંદર? '**सङ्कीर्ण**' ઠીક. '**રાગાદિ સાથે મિશ્રિત (-મળેલો) અજ્ઞાનભાવ...**' જુઓ ભાષા. માટે દયા, દાનનો વિકલ્પ જે છે એની સાથે મળેલો. '**અજ્ઞાનમય ભાવ જ...**' અજ્ઞાનમય ભાવ જ. ઓહોહો..! '**કર્તૃત્વમાં પ્રેરતો હોવાથી...**' રાગના કરવાપણામાં '**બંધક છે...**' તે ભાવ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


નવા કર્મનો બંધક થાય છે. સમજાણું કાંઈ? માટે રાગ નામ વિકલ્પની વૃત્તિ જે કોઈ શુભ, દયા, દાન, વ્રત, ભક્તિ, ત્યાગ-ગ્રહણનો વિકલ્પ ઉઠ્યો એ વિકલ્પની સાથે મિશ્રિત એક્તાબુદ્ધિ એવો અજ્ઞાનમયભાવ જ કર્તૃત્વમાં એટલે રાગ મારું કાર્ય છે એટલે ત્યાં જ કાર્ય છે. આમ કાર્ય તો નથી. એટલે કાર્યમાં પ્રેરતો હોવાથી તે ભાવ બંધક છે. એ ભાવ જ પોતે બંધક છે. નવા કર્મના બંધમાં નિમિત્ત થાય છે. ભાવબંધ પોતે છે.

‘**અને રાગાદિ સાથે અમિશ્રિત ભાવ...**’ એ વિકલ્પની સાથે નહિ મળેલો ભાવ ‘**સ્વભાવનો પ્રકાશક (પ્રગટ કરનાર) હોવાથી...**’ ચૈતન્ય સ્વભાવના સન્મુખ હોવાથી, રાગની સન્મુખતા જેની ગઈ છે એવા હોવાથી. રાગ સાથે અમિશ્રિત ભાવ એટલે રાગ સાથેની એક્તાબુદ્ધિ નહિ રહેવાથી. સ્વભાવ સાથે એક્તાબુદ્ધિ થવાથી. ‘**અમિશ્રિત ભાવ સ્વભાવનો પ્રકાશક...**’ રાગના મિશ્રણ વિનાનો એકલો જ્ઞાનભાવ પ્રકાશતો પ્રગટ થાય છે. આહાહા..! ભારે ટીકા! પ્રવિણભાઈ! બહુ આમાં તો પ્રવિણપણું કરવું પડે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આસ્રવતત્ત્વ જ્ઞાનીને નથી એમ બતાવવું છે. આસ્રવતત્ત્વ બતાવવું નથી. આસ્રવ અને બંધ જ્ઞાનીને નથી. અજ્ઞાનીને છે એ વાત બતાવવી છે. મિશ્ર-મિશ્રપણું નહિ. થોડો બંધ છે અને થોડો અબંધ છે એમ વાત જ નથી અહીં. ભારે વાત આકરી. નિશ્ચયની જ વાત કરે છે એમ કેટલાક કહે છે, હોં! એ તો નિશ્ચયની જ વાત કરે છે. વ્યવહારની તો વાત કરતા જ નથી. વ્યવહારની પણ વાત હવે સવારમાં નથી આવતી? રાગ આવે એને વ્યવહાર કહેવાય છે. શું તારે કામ છે પણ? વ્યવહાર આવે એની હોંશું છે ત્યાં તને સ્વભાવ તરફની દૃષ્ટિ નથી. હોંશ આવે. આવું આવે કે નહિ? આવું કરીએ કે નહિ? આવું કરીએ કે નહિ? કર્તાભાવ છે એ જ અજ્ઞાનભાવ છે એમ અહીં તો સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ? શું કહે છે? જુઓને!

‘**કર્તૃત્વમાં પ્રેરતો હોવાથી બંધક છે...**’ રાગ વિકલ્પનો કર્તા. આ મેં કર્યું.. આ મેં કર્યું... આ રાગ કર્યો, પરની દયા પાળી મેં, ભક્તિ કરી મેં, પૂજા કરી એવો વિકલ્પ. એના કર્તાપણાને પ્રેરે તે અજ્ઞાનમય ભાવ બંધક છે. એ અજ્ઞાનમય ભાવ જ બંધક છે. આહાહા..! સમજાણું કાંઈ? અને રાગાદિ સાથે નહિ મળેલો ભાવ ‘**સ્વભાવનો પ્રકાશક...**’ એટલે જેવું સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય છે તે તરફ વળતો, ઢળતો ભાવ તે પ્રગટ કરનાર સ્વભાવનો હોવાથી, ઓલામાં રાગમાં અજ્ઞાનભાવ પ્રગટ હતો એકત્વબુદ્ધિમાં. આમાં જ્ઞાનભાવ પ્રગટ કરનાર હોવાથી ‘**કેવળ જ્ઞાયક જ છે,...**’ એકલો જાણનાર જ રહે છે. એકલો જાણનાર જ રહે છે. કહો, સમજાણું કાંઈ? જ્ઞાયક તો ત્રિકાળ છે. અહીં તો જાણનાર રહે છે. જ્ઞાન કરનાર જ્ઞાન કરનાર

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


રહે છે, રાગ કરનાર નહિ. એમ. સમજાણું કાંઈ?

જ્ઞાનનો જ કરનાર રહે છે. જ્ઞાન સ્વભાવમાં જ્ઞાનનો જ કરનાર, શ્રદ્ધાનો જ કરનાર એમ પરિણમન કરનાર રહે છે. રાગનું પરિણમન કરનાર રહેતો નથી. આહાહા..! સમયસારે તો કેવળજ્ઞાન ઊભું રાખ્યું છે! એને ખ્યાલમાં આવે એવી વાત છે. ખ્યાલમાં ન આવે એવી વાત નથી. વસ્તુ આવી છે ને. કહે છે કે ભાઈ! જેણે પોતાના અંતર્મુખના સ્વભાવનો સંસર્ગ કર્યો એને રાગનો સંસર્ગ નથી એમ કહેવું છે. રાગનો સંસર્ગ નથી એટલે જ્ઞાનમય સ્વભાવ પ્રગટ થયો. અને જ્ઞાનમય સ્વભાવ તે બંધક છે નહિ. એટલે તેને આસ્રવ પણ નથી અને નવા બંધ પણ એને નથી.

'**કેવળ જ્ઞાયક જ છે,...**' પાછું વધારે જોર કર્યું. એકલો જ્ઞાયક નામ જાણનાર-દેખનાર... જાણનાર-દેખનાર... જાણનાર-દેખનાર જ છે. કહો, સમજાણું કાંઈ? '**જરા પણ બંધક નથી.**' જોર પાછું અહીંયાં આપ્યું. બસ! સમકિત થયું એટલે જરા પણ બંધક નથી? આવા તે ક્યાં વચન લાવ્યા? પણ હવે કેટલા બે ગાથાથી તો કેટલું સિદ્ધ કરતા આવ્યા છે. સમજાણું? છે ને પાઠ? '**न मनागपि बन्धकः**' '**मनाग**' નામ થોડો પણ બંધ નથી. ભગવાન સ્વભાવ ભગવાન સ્વભાવ એટલે મહિમાવંત ચૈતન્ય સ્વભાવ. એની દૃષ્ટિ સંસર્ગ હોવાથી જે જ્ઞાનમય ભાવ પ્રગટ્યો એકલો જ્ઞાયક જ છે. એ રાગ આવે એનો પણ જાણનાર, રાગ ટળે એનો પણ જાણનાર, સંયોગ આવે એનો જાણનાર, સંયોગ બીજી જાતના થાય એનો પણ જાણનાર. સંયોગને બીજી રીતે કરું અને છોડું એ જ્ઞાયકમાં છે નહિ. આહાહા..! આ ચીજને આમ ફેરવું, આ ચીજને આમ લઉં, આને આ છોડું એ વસ્તુમાં નથી એમ કહે છે. એ તો નથી પણ રાગનું કરવું એ પણ વસ્તુમાં નથી. બીજું કરવું તો ક્યાં રહ્યું? આપણે આને છોડો, આને ગ્રહણ કરો, આને આ કરો, આને આ કરો. એ અજ્ઞાનમય ભાવ એને કર્તૃત્વમાં પ્રેરે છે. સમજાણું આમાં? '**જરા પણ બંધક નથી.**' થોડો પણ ધર્મી બંધક નથી. થઈ ગયો મુક્ત? એઈ..! વજુભાઈ! થઈ ગયો મુક્ત.

મુમુક્ષુ :- અવિરત સમ્યગ્દૃષ્ટિથી વાત છે?

ઉત્તર :- અવિરત સમ્યગ્દૃષ્ટિથી વાત છે. અવિરત સમ્યગ્દૃષ્ટિથી વાત છે. એકલા અવિરત સમ્યગ્દૃષ્ટિ નહિ. અવિરત સમ્યગ્દૃષ્ટિથી માંડીને જ્ઞાનીની વાત છે. સમજાણું કાંઈ? ચોથા ગુણસ્થાનથી માંડીને બધી વાત છે. પાંચમામાં હો, છઠ્ઠામાં હો, સાતમામાં ધ્યાનમાં હો. બધા જ્ઞાની ચોથા ગુણસ્થાનથી માંડીને. માંડીને સમજ્યાને? શરૂઆતથી. શું કહ્યું?

મુમુક્ષુ :- શરૂ કરે.

ઉત્તર :- શરૂ કરે. ચોથા ગુણસ્થાનથી. ચોથા ગુણસ્થાનથી જ અહીં વાત છે આ. આ

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


તો વાત આવી ગઈ પહેલી કીધીને. અવિરત સમ્યગ્દષ્ટિને પણ. એમ કહ્યું હતું. કારણ કે જ્ઞાની વાત કરે છે તો ઓલા અવિરત સમ્યગ્દષ્ટિને વળી બીજું હશે? એને ઓલા રાગદ્વેષ થાય છે તે હશે? ના ના. એને નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ના ના. ત્રિકાળ ચોવીસ કલાક. અરે, ક્યાં એને (ખબર છે). અહીં તો ચોવીસે કલાક દૃષ્ટિ ત્યાં છે માટે જ્ઞાનીને જ્ઞાનમય પરિણમન છે, રાગમય છે નહિ. લડાઈ કરતો હોય, ભોગના વિષયમાં પડ્યો હોય, જરી પ્રતિકૂળ હોય ને બીજા ઉપર ક્રોધમાં આવે. એને ક્રોધાદિકનું પરિણમન જ નથી. એમ કહે છે. આ તો જ્યારે ઓલો ધ્યાનમાં હોય ને ત્યારે આ હશે, એમ કહે છે. એ તો કાલે રાતે વાત થઈ હતી. રાતે પૂછયું હતું, નહિ? ખબર છે ને? ખબર નથી? પણ એને તો આહાહા..! આવી વાત! હવે એને ખાવું પડે, પીવું પડે, બોલવું પડે, ચાલવું પડે મૂળ આવી વાત? પણ ખાવું-પીવું કરતો જ નથી. આહાહા..! ભારે વાત છે, ભાઈ! કહો! આ જૈનમાં જન્મ્યા. જૈનમાં નગ્ન થવાના હતા તોપણ એને ખબર નથી આટલી? આવું હોય? જરીએ બંધક નહિ? ધ્યાનમાં હોય ત્યારે હશે. અહીં તો જ્યારથી સમ્યગ્દર્શન થયું ત્યારથી જરાય બંધક છે નહિ.

મુમુક્ષુ :- નિર્વિકલ્પ અવસ્થામાં...

ઉત્તર :- નહિ... નહિ... નહિ. નિર્વિકલ્પની વાત જ ક્યાં છે અહીં. એક જ દશા છે. વિકલ્પ હોય તો તેની એકત્વબુદ્ધિ નથી. એટલે વાત એક જ દશા છે. જ્ઞાયકધારા. વાત તો અહીં લેવી છે ને. આહાહા..! એ ખાતા-પીતા તો જડની ક્રિયા છે. એ તો જાણે છે કે આમ થાય છે. હું કરું છું એમ છે નહિ એને.

મુમુક્ષુ :- રાગ થાય છે.

ઉત્તર :- એને રાગ થતો જ નથી, એમ કહે છે. અહીં તો રાગ જ થતો નથી. ભેળસેળ નથી. એ વાત છે. જરી સૂક્ષ્મ વાત છે. કહો, સમજાય છે કાંઈ? આહાહા..! બે ગાથામાં તો કેટલું સ્પષ્ટ કરી નાખ્યું! આસ્રવ બંધ નથી એમ સિદ્ધ કરવું છે.

**'ભાવાર્થ :- રાગાદિક સાથે મળેલો અજ્ઞાનમય ભાવ જ બંધનો કરનાર છે,...'** લ્યો, અહીં તો એક વાત સિદ્ધ કરી. આખો સરવાળો કર્યો. સમજાણું? આત્મા જ્ઞાનાનંદ સ્વભાવ એ રાગના વિકલ્પની વૃત્તિ સાથે એકત્વ થાય, 'એ રાગ મારું કર્તવ્ય છે એવો' અથવા અહીં તો રાગની એકત્વબુદ્ધિથી ઉત્પન્ન થયેલો અજ્ઞાન, એ જ રાગનો કર્તા થાય છે. પરનો કર્તા એ માને એ તો વળી તદ્દન જૂઠી વાત છે. પણ આ રાગનો... દયા, દાન, વ્રતના પરિણામ આવ્યા કે અશુભના પરિણામ આવ્યા, એનો કર્તા જ્ઞાયક સ્વભાવને ભૂલીને

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

રાગની એકત્વબુદ્ધિવાળો અજ્ઞાનભાવે ઉત્પન્ન કરીને 'રાગ મારું કાર્ય છે' એમ અજ્ઞાની માને છે. સમજાણું કાંઈ?

અહીં તો કહે છે, ભગવાન આત્મા ચિદાનંદ સ્વભાવ શુદ્ધ, એમાં રાગને ભેળવે છે. બસ! એ જ અજ્ઞાની છે. અને એ અજ્ઞાનભાવ જ રાગનો કર્તા થાય છે. તેથી તે બંધક છે. ભગવાન આત્મા વસ્તુ ચૈતન્ય શુદ્ધ સ્વભાવ, એવું જ્યાં અંતર ભાન થયું તે જ્ઞાનભાવ ઉત્પન્ન થતાં તે જ્ઞાનમય ભાવમાં જ રહે છે. એ રાગમાં આવતો જ નથી એમ કહે છે. જ્ઞાનમયમાં રહે છે. રાગમાં આવતો નથી. તેથી તે રાગનો અકર્તા થઈ એકલા જ્ઞાનનો જ કર્તા રહે છે. આહાહા..! કહો, વજુભાઈ! આહાહા..! ન્યાયથી પણ બેસે છે કે નહિ? એ બેસે એવી વાત છે. એમ નહિ કે આમ આમ ઘચડીપચડીને કર્યું છે. ન્યાયથી, યુક્તિથી, દૃષ્ટાંત આપીને તો વાત કરી છે. વાતની વાત સાંભળવાને મળે નહિ ને એટલે એવી લાગે કે આ તે.. આહાહા..! આ તો જ્યારે નિર્વિકલ્પમાં રહેતો હશે ને બે-ચાર, એકાદ મિનિટ ત્યારે આ હશે. વળી પોણી સેકંડ... નિર્વિકલ્પ જ સદાય છે. રાગ થવા છતાં દૃષ્ટિ નિર્વિકલ્પનું જ પરિણમન છે, એમ કહે છે. સમજાણું કાંઈ?

'**ભાવાર્થ :- રાગાદિક...**' રાગ-દ્વેષાદિ વિકલ્પ '**સાથે મળેલો અજ્ઞાનમય ભાવ જ બંધનો કરનાર છે, રાગાદિક સાથે નહિ મળેલો જ્ઞાનમય ભાવ બંધનો કરનાર નથી- એ નિયમ છે.**' ત્રિકાળી વસ્તુનો આ સ્વભાવ છે. આહાહા..! એટલે એણે શું કરવું? કે રાગની એકતાબુદ્ધિ અંદરમાં પર્યાયબુદ્ધિ આમ છે તેને સ્વભાવ બુદ્ધિ કરવી એ કરવું એ માટે કહેવાય છે. એ કાંઈ અજ્ઞાનમય થઈને રાગને કરવું એ માટે આ નથી કહેવાતું. પ્રવિણભાઈ! આવો ભાવ આમ છે માટે તારે આત્માના જ્ઞાનસ્વભાવ તરફ વળવું, ઢળવું અને જ્ઞાનમય ભાવ પ્રગટ કરવો. બસ! એ માટે આ કહેવામાં આવે છે. અજ્ઞાનમય ભાવથી આ કરે છે માટે એ કરજે, એ માટે કથન છે આ? આ તો એને સમજાવે છે કે આ રાગનો કર્તા કેમ થાય છે? એક વિકલ્પ ઉઠ્યો અપવાસનો, લ્યોને. આજથી એક મહિનાના અપવાસ કરવા. આહાર ન કરવો. એક મહિનો આહાર ન કરવો. પાણીની છૂટ. એ વિકલ્પ ઉઠ્યો. એ તો વિકલ્પ છે રાગ. એ કાંઈ અપવાસ નથી અને એ કાંઈ નિર્જરા નથી. વિકલ્પ છે. એ વિકલ્પની સાથે એક્ત્વબુદ્ધિ એમાં પડી છે, આ હું. એ અજ્ઞાનમય ભાવ છે. એ અજ્ઞાનમય ભાવથી તે રાગનો કર્તા થાય છે. તેથી તે નવા કર્મનો બંધક કહેવાય છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કોણ ખાતું હતુ, પીતું હતુ? ધૂળ. ખાય કોણ ને પીવે કોણ? છોડે કોણ ને મૂકે કોણ? આહાહા..!

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


તત્ત્વ વસ્તુ. ભગવાન અનંત પદાર્થ છે એમાં વળી એક તત્ત્વ, બીજા તત્ત્વને આઘુપાછું કરે, ભાઈ! એ વસ્તુમાં છે નહિ. એના અજ્ઞાનભાવે કલ્પીને આરોપ કર્યો છે. હું આ કરું છું, મેં આ મૂક્યું, જુઓ! આ દાળ-ભાત, રોટલી પડ્યા હતા થાળીમાં. ફટ છોડ્યા. નથી ખાવું આજે જાવ. અપવાસ છે આજે.

મુમુક્ષુ :- ઓછામાં ઓછી એક વસ્તુ તો છોડવી.

ઉત્તર :- એક નહિ ઓલો આખી છોડી દે. પંદર માણસ ખાતા હોય. આજ મારે અપવાસ કરવો છે, બસ. એ વિકલ્પ છે. એ વિકલ્પની સાથે સ્વભાવની સન્મુખની દૃષ્ટિ નથી એ એકતાબુદ્ધિ છે. એ અજ્ઞાનમય ભાવ રાગને કરવા મારું કાર્ય છે એમ પ્રેરે છે. એ મિથ્યાદૃષ્ટિ ને એકલો બંધક છે. એ અપવાસ કર્યા તો એકલો અજ્ઞાનથી બંધક જ છે, એમ કહે છે. આહાહા..! અને અશુભભાવને કાળે જ્ઞાનીને એકત્વબુદ્ધિ અશુભની નથી તેથી જ્ઞાનમાં એકત્વબુદ્ધિને કારણે તે રાગાદિકનો જ્ઞાયક જ છે. કરનાર-બરનાર છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

**'હવે રાગાદિ સાથે નહિ મળેલા ભાવની ઉત્પત્તિ બતાવે છે :-'** વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

**જેઠ સુદ ૧૪, બુધવાર તા. ૨૧-૦૬-૧૯૬૭**
**ગાથા-૧૬૮, શ્લોક-૧૧૪, પ્રવચન-૨૫૩**

૧૬૮ ગાથા. આસ્રવનો અધિકાર છે. રાગાદિ આસ્રવ સાથે નહિ મળેલા ભાવની ઉત્પત્તિ બતાવે છે.

**पक्के फलम्महि पडिए जह ण फलं बज्झए पुणो विंटे।**
**जीवस्स कम्मभावे पडिए ण पुणोदयमुवेदि।।१६८।।**
**ફળ પકવ ખરતાં, વૃંત સહ સંબંધ ફરી પામે નહીં,**
**ત્યમ કર્મભાવ ખર્યે, ફરી જીવમાં ઉદય પામે નહીં. ૧૬૮.**

કહે છે, આમાં શું કહેવું છે? કે ધર્મીજીવને રાગની ઉત્પત્તિ થતી નથી પણ રાગના અભાવભાવની ઉત્પત્તિ થાય છે. કેમ કે આત્મા ચૈતન્ય શુદ્ધ ધ્રુવ સમસ્વભાવી વસ્તુ છે એની અંતર અનુભવ દૃષ્ટિ થતાં, જ્ઞાન તેનું થતાં તેમાં જ્ઞાનમય જ ભાવની, અરાગમય ભાવની જ ઉત્પત્તિ થાય છે. રાગની ઉત્પત્તિ જ્ઞાનીને છે નહિ. એમ અહીં સિદ્ધ કરવું છે. કહો, સમજાણું કાંઈ?

‘**ટીકા :- જેમ પાકું ફળ ડીંટાથી એકવાર છૂટું પડ્યું...**’ ડીંટડેથી. આ કેરી કે ફળ હોય ને કોઈપણ? ડીંટડું સડ્યું હોય, સડ્યું. પાકું થઈ ગયું હોય ને પાકું? એનું ફળ નીચે પડ્યું. ડીંટડેથી છૂટ્યું ‘**ફરીને ડીંટા સાથે સંબંધ પામતું નથી,...**’ એ દૃષ્ટાંત (કહ્યો). ‘**તેમ કર્મના ઉદયથી થતો ભાવ જીવભાવથી એકવાર છૂટો પડ્યો...**’ છે ને? ભગવાન આત્મા પોતાના શુદ્ધ સ્વભાવ-પવિત્ર સ્વભાવ સન્મુખ થયો અને કર્મનો ઉદય જે આવ્યો એ ખરી ગયો. ફળ પક્વ થઈને જેમ નાશ પામે છે, એમ આત્માના પોતાના સ્વભાવ સન્મુખ થયો ત્યારે તે કાળના કર્મનો ઉદય ખરી જાય છે. પાકીને ખરી જાય છે. હવે એને ચોંટતું નથી. સમજાણું કાંઈ?

‘**તેમ કર્મના ઉદયથી ઉત્પન્ન થતો ભાવ જીવભાવથી એકવાર છૂટો પડ્યો...**’ એટલે ઉદયથી થતો ભાવ, અહીં થતો જ નથી એમ કહેવું છે મૂળ તો. અહીં તો ઉદયથી થતો ભાવ જ્યારે હતો, આત્માના સ્વભાવ સન્મુખ નહોતો અને કર્મના સ્વભાવ સન્મુખ હતો ત્યારે જે કર્મનો ઉદય થતો ત્યારે તેમાં જોડાણ થતું. તેથી કર્મનો ઉદય થયો અને એમાં જોડાણો અને એને ફળ આવ્યું એમ કહેવામાં આવતું. અહીં તો ઉદય જ થયો નથી હવે, એમ કહે છે. સમજાણું કાંઈ?

'**કર્મના ઉદયથી ઉત્પન્ન થતો ભાવ...**' વિકાર. '**જીવભાવથી એકવાર છૂટો પડ્યો...**' એટલે કે વિકાર અને સ્વભાવ બેની એકતા તૂટી. સમજાણું કાંઈ? ચૈતન્ય જ્ઞાનસ્વભાવ શુદ્ધ આનંદસ્વભાવ અને રાગસ્વભાવ, એ બેની એક્તા તૂટીને ભિન્ન પડ્યો એટલે કર્મનો ઉદય તે ખર્યો, ફરીને જીવ સાથે ભેગું થતું નથી. એ તૂટ્યું એ તૂટ્યું. અહીં તો એક જ વાત છે. રાગની સાથે આત્માનો સ્વભાવ એકરૂપ જે માન્યો હતો, એ ચૈતન્ય સ્વભાવની સન્મુખ થઈને રાગથી એકતાનો ભાવ તૂટ્યો, છૂટો પડ્યો એ ફરીને હવે આત્મા સાથે જોડાય એવો નથી. એવો અપ્રતિહતભાવ જ અહીં લીધો છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- પાકું ફળ કયું?

ઉત્તર :- એ પાકું ફળ કર્મ પાક્યું ઈ. કર્મ પાક્યું ફળમાં આવ્યું એ ડીંટડેથી જુદું પડી જાય છે અંદર કર્મથી. છૂટું પડી જાય. આત્માથી છૂટું પડી ગયું. આત્મામાં આનંદમાં પાક આવ્યો, એની દૃષ્ટિમાં પડ્યો આત્મા એટલે કર્મનો જે પાક છે એ ડીંટડેથી છૂટ્યો એટલે છૂટી ગયો. અહીં ચોંટ્યો નહિ, અહીં ભેગો આવ્યો નહિ, રાગભાવ ઉત્પન્ન થયો નહિ. અરાગભાવ સમ્યગ્દર્શન આદિ શાંતિનો ભાવ ઉત્પન્ન થયો. હવે એ રાગ ફરીને અહીં ચોંટે એવું છે નહિ.

મુમુક્ષુ :- રાગ કે કર્મ?

ઉત્તર :- રાગ. કર્મની ક્યાં વાત છે અહીં? સમજાણું કાંઈ? એ રાગ જ નથી હવે આત્માની સાથે. કહો, સમજાણું કાંઈ?

રાગથી છૂટો પડ્યો. અહીં તો ભેદજ્ઞાન કર્યું છે ને. રાગથી એકત્વ હતું મિશ્રણપણે ત્યારે તો કર્મના ઉદય સાથે જોડાણો તો રાગ જ ઉત્પન્ન થાય. એકલો આસ્રવ જ છે એને તો. ધર્મીને આસ્રવ જ નથી એમ સિદ્ધ કરવું છે. આસ્રવ જ નથી. એને આસ્રવ ઉત્પન્ન થતો જ નથી. ત્યારે શું ઉત્પન્ન થાય છે? કે અરાગી ભાવ ઉત્પન્ન થાય છે. એમ સિદ્ધ કરવું છે ને? જુઓને! '**रागाद्यसङ्कीर्णभावसम्भवं दर्शयति**' સમજાણું કાંઈ? મથાળું ઈ છે. ભાઈ હિંમતભાઈ!

હેતુ તો એ સિદ્ધ કરવો છે કે રાગનો ઉદય જે હતો ત્યારે જે જોડાણ હતું, ત્યારે પાક આવ્યો અને આત્મામાં જોડાણ થયું. એ તો આસ્રવ અજ્ઞાનીને છે. અજ્ઞાનીને પર નિમિત્તના લક્ષે જોડાવાથી તેને એકાંત મિથ્યાત્વનો જ આસ્રવ છે અને મિથ્યાત્વ તે જ સંસાર છે. સમજાણું કાંઈ? એ સિદ્ધ અહીં કરવું છે. આત્મા પોતાના શુદ્ધ ચૈતન્ય સ્વભાવ, એના સન્મુખ દૃષ્ટિ થઈ, આશ્રય થયો, સ્વભાવ ધ્રુવ ચૈતન્યનો આદર થયો એ વખતે જે કર્મનો ઉદય હતો રાગ એ અહીં છે નહિ. જોડાણ જ નથી. એટલે અરાગની ઉત્પત્તિ થઈ છે. વીતરાગભાવની ઉત્પત્તિ થઈ છે. તેને રાગની ઉત્પત્તિ થઈ નથી. રાગના મિશ્રણવાળો ભાવ એને છે નહિ.

અરાગભાવ ઉત્પન્ન થયો છે. સમજાણું કાંઈ? ભાઈ! આ તો અધ્યાત્મની વાત છે. જુઓને! શું કીધું?

મુમુક્ષુ :- દાખલા..

ઉત્તર :- દાખલો તો સિદ્ધાંત માટે છે ને. છૂટો પડ્યો એટલે અહીં ભેદજ્ઞાન જ્યાં થયું, રાગથી સ્વભાવની એકતા જે હતી અનાદિથી એને જ આસ્રવ હતો, એને જ મિથ્યાત્વ હતું, એને જ બંધ હતો. સમજાણું કાંઈ? પોતાનો ચૈતન્ય સ્વભાવ ચેતનનો, એ સ્વભાવ સન્મુખની એક્તા થતાં રાગના ભાવની ઉત્પત્તિ થઈ નહિ, રાગ આવ્યો એ ખરી ગયો. ખરી ગયો એટલે અરાગભાવ ઉત્પન્ન થયો. અરાગભાવ ઉત્પન્ન થયો એને હવે રાગભાવ ઉત્પન્ન થવાનો નથી. અત્યારે થયો નથી અને હવે થવાનો નથી. સમજાણું કાંઈ?

વસ્તુમાં ક્યાં રાગ છે? વસ્તુદૃષ્ટિ જ્યાં થઈ, વસ્તુ દૃષ્ટિ થઈ... વસ્તુ એટલે પોતે શુદ્ધ ચૈતન્યમૂર્તિ પદાર્થ. એકલો આનંદકંદનું દળ. સ્વભાવ શુદ્ધનું સત્ત્વ. એ સત્ત્વ ઉપર જ્યાં દૃષ્ટિ થઈ અંદર. એથી એનામાં અરાગભાવની જ ઉત્પત્તિ થઈ. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનો સ્વરૂપાચરણાદિ ત્રણે વીતરાગી ભાવ છે એમ કહે છે, લ્યો. આહાહા..! સમજાય છે કાંઈ? જેનામાં જે ભર્યું છે એનો આશ્રય લેતાં એમાં હોય એ પ્રગટ થાય. કહો, સમજાય છે કે નહિ આમાં? એમાં તો એકલો વીતરાગભાવ જ ભર્યો છે આત્મામાં. એવો ચૈતન્ય ભગવાન, એનું જ્યાં અવલંબન લીધું એટલે એને વીતરાગભાવની જ ઉત્પત્તિ થાય છે. રાગનું જોડાણ નથી એટલે રાગ આવીને ખરી ગયો અને આ ઉત્પત્તિ થઈ અરાગભાવની, એમ કહે છે. સમજાણું કાંઈ? વસ્તુ ભઈ જેમ છે એમ એને જાણે નહિ ત્યાં સુધી એને શાંતિ વળે એવું નથી. શાંતિ ક્યાંય બહારમાં મળે એવું નથી. શાંતિ જ્યાં અંતર સ્વભાવ એકલો સમસ્વભાવી એટલે કે ચારિત્રસ્વરૂપ સ્વભાવ, અરાગસ્વરૂપ એવો આત્મા, એની અંતર દૃષ્ટિ થતાં, એનો આશ્રય લેતાં, એમાં લીન અંશે થતાં વીતરાગભાવની ઉત્પત્તિ થઈ. એ ટાણે કર્મનો ઉદય જે છે એ ખરી જાય છે. ખરી જાય એ ફરીને હવે અહીં ચોંટતો નથી. કહો, સમજાય છે કાંઈ? આહાહા..!

અહીં તો મિથ્યાત્વ એ સંસાર કહેશે કે નહિ? આમાં ક્યાંક છે ને? જુઓ! ઓલી કોર છે. ના, ના આમાં છે. ઓલી કોર છે, જુઓ! '**સંસારનું કારણ મિથ્યાત્વ જ છે;...**' ઓલી કોર છે, જુઓ! અહીં તો ગાથાઓ જ એની છે બધી. સમજાણું કાંઈ? કેમ વાર લાગી એને? નિરાંતે સૂતા હોય. સૂતા હતા એમ કીધું ને? કહો, સમજાણું આમાં? અહીં તો મિથ્યાત્વ તે સંસાર અને સમ્યગ્દર્શન તે મુક્ત. કેમ કે આત્મા પોતે શુદ્ધ મુક્તસ્વરૂપ છે. અબંધસ્વરૂપ વસ્તુ છે. વસ્તુ બંધમાં હોય? એક સમયની પર્યાય રોકાયેલી છે એટલો એક

સમયનો બંધ છે. વસ્તુ છે એ બંધમાં નથી. વસ્તુ તો શુદ્ધ ચૈતન્ય ધ્રુવ એકલું જ્ઞાન સત્ત્વ, આનંદ સત્ત્વ, સ્વત્વ-પોતાનું સ્વ-પોતાપણું આખું શુદ્ધપણું એ તો અબંધપણું છે. એવા અબંધપણાની દૃષ્ટિ થતાં પરિણામ અબંધ પરિણામના થયા. અબંધ સ્વભાવનો આશ્રય લેતા પરિણામ અબંધ પરિણામ થયા. એ અબંધ પરિણામ કહો કે સમ્યગ્દર્શન-જ્ઞાન અને સ્વરૂપાચરણની સ્થિરતા કહો. આહાહા..! સમજાણું કાંઈ? પેલા કહે, નહિ. સ્વરૂપાચરણ ચારિત્ર ચોથે ન હોય. હવે સાંભળને. આ શું કહે છે અહીં. શરૂઆત ન હોય તો પછી સ્થિરતા કરશે શેમાં?

મુમુક્ષુ :- આઠમે કરવાની.

ઉત્તર :- ધૂળમાંય આઠમે નહિ થાય. પહેલેથી નથી થઈ આગળ ક્યાંથી થાશે?

મુમુક્ષુ :- પછી આઠમેય ન થાય.

ઉત્તર :- થઈ રહ્યું. અહીં ન થાય તો ત્યાં પણ નહિ થાય.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એમ કે શરૂ થાય છે ને. શરૂઆત અહીં છે એની. પૂર્ણ ભલે ત્યાં થાય. જ્ઞાનચેતનાનું આવે છે ને પંચાધ્યાયીમાં? ના પાડે ને જ્ઞાનચેતના. આ કહે, સ્વરૂપાચરણ નથી એ વળી એક નવું નીકળ્યું. એમ. જ્ઞાનચેતના ન હોય તો જ્ઞાન એકાગ્ર થયા વિના, અંદર એકાગ્ર થયા વિના જ્ઞાનચેતના જાગે શી રીતે? રાગમાં એકાગ્ર તો અનાદિનો છે. એ તો છે, એમાં નવું શું કર્યું? સમજાણું કાંઈ?

જેને ધર્મ પ્રગટ કરવો છે તેને... ધર્મ એટલે વીતરાગી ભાવ. એ વીતરાગી ભાવ વીતરાગભાવ સ્વભાવ આત્મા તેના સન્મુખની દૃષ્ટિથી પ્રગટ થાય છે. એ પ્રગટ થતાં ત્યાં રાગાદિનું એકપણું એવો જે મિથ્યાત્વભાવ છૂટી જાય. છૂટ્યો એ છૂટ્યો, ફરીને જોડાતો નથી એમ કહે છે અહીં. સમજાણું કાંઈ? એણે દાખલો આપ્યો છે. ઠીક લખ્યું છે. એમ કે દર્શનભ્રષ્ટ છે એ ભ્રષ્ટ જ છે. ચારિત્રભ્રષ્ટ સિઝશે એમ કુંદકુંદાચાર્ય કહે છે. એનો દાખલો આપ્યો. હવે થોડું થોડું તો બોલતા થયા થોડા થોડા કેટલાક. કારણ કે ચારિત્રભ્રષ્ટ તો ખ્યાલ છે એને કે આમાં રાગભાવ છે એટલે ખ્યાલ છે. પણ જેને વસ્તુની દૃષ્ટિની જ ખબર નથી, ક્યાં દૃષ્ટિ અને શું ઉત્પન્ન થયું? અને કેમ ઉત્પન્ન થાય અને શું થાય એમાં? એની જેને ખબર નથી એ તો ભ્રષ્ટ જ છે. દર્શનભ્રષ્ટ તે જ ભ્રષ્ટ છે. ચારિત્રભ્રષ્ટ તે ખરેખર ભ્રષ્ટ નથી. સમજાણું કાંઈ? શું થાય પણ? વાત હવે ચાલી છે થોડી થોડી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. લખ્યું છે. થોડી આપણે ચાલતી હવે તો ખૂબ ચાલવા માંડી છે. નાખ્યું છે. થોડી થોડી વ્યક્તિગત ક્યાંક ક્યાંક ચર્ચા ચાલતી હતી આપણે. હવે તો આને લઈને,

કાનજીસ્વામીને લઈને હવે તો ગામોગામ ચાલી છે. આ જ ચાલી છે હવે તો. ઉપાદાન અને નિમિત્ત એમાં નથી નાખ્યું. પણ એ સ્વરૂપાચરણની વાત (નાખી છે). ભાઈ! સ્વરૂપાચરણ.. ત્યાં કહ્યું હતું નહિ? ..માં. દિલ્હી. આ નવું (થયું), નહિ? ... ઓલા બહારથી આવ્યા એ. કેવા કહેવાય? ના, ના બહારથી આવેલા. ટોડરમલવાળા. મલ્કાપુર. મલ્કાપુરને મંદિરે ગયા હતા ને જ્યારે ત્યારે બધા હતા. પંડિતો આવ્યા હતા. બધા બેઠા હતા. બતાવ્યું હતું ત્યાં કે જુઓ! ચોથે ગુણસ્થાને જ્ઞાનાદિ ગુણ એકદેશ સર્વ પ્રગટ થાય છે. કૈલાસચંદ્રજી બેઠા હતા. બધા બેઠા હતા. પંડિતો બેઠા હતા. મુલ્તાનપુરવાળા. મુલ્તાન મુલ્તાનપુર. ત્યાં મંદિરમાં બહુ માણસો હતું. રહસ્યપૂર્ણ ચિઠ્ઠીનું કહ્યું હતું. બહુ માણસો. જુઓ! કીધું આ છે. કાંઈ માનવું નથી, સમજવું નથી, પોતાનો કક્કો છોડવો નથી. એમ કાંઈ થાય? ભઈ, માર્ગ તો જેમ છે એમ રહેશે. આગમની સાથે અનુભવ જોડવો જોઈએ. અનુભવ જોડ્યા વિના આગમનો ભાવ સમજાશે નહિ. એકલું આગમ તો બધું કહે, જુઓ! મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન પરોક્ષ છે એમ કહે છે આગમ. તત્ત્વાર્થસૂત્ર મૂળ સૂત્ર. હવે એના લખાણ આમ છે. પણ પાછું એને જાણવું જોઈએ કે નહિ? મતિ-શ્રુત જ્યારે પોતાને પકડે છે ત્યારે એ પ્રત્યક્ષ થાય છે. એ ભાવ આગમ સાથે મેળવવો જોઈએ. સમજાણું કાંઈ? ઘણાં લખાણ આવે. એની પદ્ધતિ જાણવી જોઈએ કે નહિ?

કહે છે કે '**જેમ પાકું ફળ ડીંટાથી એકવાર છૂટું પડયું થકું ફરીને ડીંટા સાથે સંબંધ પામતું નથી, તેમ કર્મના ઉદયથી ઉત્પન્ન થતો ભાવ જીવભાવથી એકવાર છૂટો પડ્યો થકો ફરીને જીવભાવને પામતો નથી.**' ઉદય અહીં થયો જ નથી. મૂળ તો એમ છે. ઉદયથી થતો ભાવ એ તો મિથ્યાત્વ વખતે ઉદય ભાવ હતો એમ કહે છે. સમજાણું? '**જીવભાવથી એકવાર છૂટો પડ્યો...**' એમ એનો અર્થ છે. શું કહ્યું સમજાણું? કર્મના ઉદયથી જોડાણથી જે મિથ્યાત્વભાવ ઉત્પન્ન થતો તે સમ્યગ્દર્શનના કાળમાં સ્વભાવને આશ્રયે તે ભાવ ઉત્પન્ન થતો નથી. એ છૂટો પડી ગયો એ છૂટો પડ્યો. એમ કહે છે.

'**કર્મના ઉદયથી ઉત્પન્ન થતો ભાવ જીવભાવથી એકવાર...**' જીવભાવથી. એટલે શું? જીવના સ્વભાવભાવથી. '**એકવાર છૂટો પડ્યો...**' જીવભાવથી. જીવ એટલે આત્મા, એનો ભાવ એટલે સ્વભાવ ચૈતન્ય શુદ્ધ સ્વભાવ. એવા સ્વભાવથી જે રાગનો ભાવ એ મિથ્યાત્વનો ભાવ છે, એકવાર છૂટો પડ્યો થકો '**ફરીને જીવભાવને પામતો નથી.**' જીવમાં એ જોડાણ થાતું નથી, એ ભાવ ઉત્પન્ન થતો નથી.

'**આ રીતે જ્ઞાનમય એવો,...**' જુઓ! આ રીતે જ્ઞાનમય એવો '**રાગાદિક સાથે નહિ મળેલો ભાવ ઉત્પન્ન થાય છે.**' ઓલો ઉત્પન્ન થતો નથી અને આ ઉત્પન્ન થાય છે.

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


સમજાય છે કાંઈ આમાં?

આ આત્મા છે. જુઓ! આત્મા છે વસ્તુ. વસ્તુ છે તે વસ્તુના સ્વભાવ વીતરાગી સમસ્વભાવી વસ્તુ છે. હવે એ સમસ્વભાવી વસ્તુમાં એની વર્તમાન પર્યાયની દૃષ્ટિ જ્યારે સંયોગ ઉપર હતી, સંયોગ ઉપર હતી ત્યારે મિથ્યાત્વભાવ કર્મના ઉદયનો ભાવ ઉત્પન્ન થતો. એ સ્વભાવભાવ ન થયો. જ્યારે સ્વભાવભાવ ઉપર દૃષ્ટિ ગઈ એટલે સ્વભાવમાંથી ઉત્પન્ન થતો જ્ઞાનમય ભાવ ઉત્પન્ન થયો. એ વખતે ઓલા કર્મનો ઉદયનો મિથ્યાત્વભાવ ઉત્પન્ન થતો નથી. આવ્યો એ ખરી જાય છે. એને જ્ઞાનમય ભાવની ઉત્પત્તિ થાય છે. કહો, સમજાણું આમાં?

'**આ રીતે જ્ઞાનમય એવો, રાગાદિક સાથે નહિ મળેલો...**' એટલે રાગની સાથે એક્તા રૂપે નહિ થયેલો અને શુદ્ધ સ્વભાવની સાથે એક્તા રૂપે થયેલો એવો ભાવ નામ વીતરાગી પર્યાય ઉત્પન્ન થાય છે. લ્યો. આ ભાવમાં બધું આવ્યું. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સ્વરૂપાચરણ, આનંદનો અંશ એ બધા અંશો એમાં પ્રગટ થયા. વીતરાગી ભાવ જ ઉત્પન્ન થાય આત્માને આશ્રયે. આહાહા..! સમજાણું કાંઈ? એ ધાર્મિક ક્રિયા છે. એ ધાર્મિક ક્રિયા. આ ક્રિયા ક્રિયા કહે છે ને? આ ધાર્મિક ક્રિયા. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ સંસાર છૂટ્યો મિથ્યાત્વ એ જ ધાર્મિક ક્રિયા છે.

મુમુક્ષુ :- એ બીજી કહે છે.

ઉત્તર :- ભલે કહે. સંસાર એટલે મિથ્યાત્વ. રાગ સાથે એકત્વભાવ કરવો તે મિથ્યાત્વ. અસત્યભાવ. સ્વભાવ સાથે રાગ એક ભાવસ્વરૂપે નથી. છતાં એક સ્વરૂપે માનીને કરવો એનું નામ મિથ્યાત્વ સંસાર છે. કહો.

એ મિથ્યાત્વરૂપી સંસાર સ્વભાવની દૃષ્ટિની એકતા થતાં જેમાં સંસાર નથી, જેમાં રાગ નથી, જેમાં મિથ્યાત્વ નથી એવા સ્વભાવની દૃષ્ટિ કરતાં, એ ભાવ જે મિથ્યાત્વનો હતો એ ખરી ગયો, એ ફરીને આત્મા સાથે જોડાય નહિ. કહો, સમજાણું કાંઈ? કેવો દાખલો સરસ આપ્યો, જુઓને! જાંબુ, કેરી, બોર આદિ ઘણા હોય છે ને ફળ. ડીંટડું ઓગળ્યું-ગળ્યું. ખલાસ. તૂટ્યું એ તૂટ્યું પાછું ચોટતું હશે? રેણ દેવાતું હશે કે નહિ એને? રેણ રેણ? ..ભાઈ! રેણ સમજો છો? નથી સમજતા? જોડાણ કરવું. ડબ્બા તૂટે છે ને ડબ્બા? એમ આને રેણ દેવાય કે નહિ? ભાષા કાંઈક જુદી હોય. હિન્દી ભાષા કોઈ જુદી હોય. ભાઈ, આપણને પૂરી હિન્દી કે દિ' આવડતી? ત્યાં હિન્દી બોલતા પણ હવે ભાવ ભાવ આવે. વળી કોઈ ગુજરાતી શબ્દ આવી જાય અંદર.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

**ભાવાર્થ :- 'જો જ્ઞાન એકવાર (અપ્રતિપાતી ભાવે) રાગાદિકથી જુદું પરિણમે...'** એટલે અહીં તો અપ્રતિપાત વસ્તુની દૃષ્ટિ થઈ ઈ થઈ, વસ્તુમાં હવે પછી રાગથી એકત્વ થતું નથી. વસ્તુ કોઈ દિ' રાગથી એકત્વ હોય તો વસ્તુની દૃષ્ટિ થતાં રાગથી એકત્વ હોય. સમજાણું કાંઈ આમાં? વસ્તુ જે ચૈતન્ય જ્યોત વસ્તુ સત્ સત્ સત્ શાશ્વત વસ્તુ, ધ્રુવ વસ્તુ જે છે એ વસ્તુ પોતે જો રાગમય હોય, મિથ્યાત્વમય હોય તો એને ભાવ મિથ્યાત્વમય (રહે). વસ્તુમાં એ નથી. વસ્તુ જ પોતે સ્વભાવ શુદ્ધ ચૈતન્યમૂર્તિ છે. સંસારનો ભાવ એમાં છે જ નહિ. એનો આશ્રય કરતા જે અબંધ પરિણામ ઉત્પન્ન થયા એને બંધ પરિણામરૂપી મિથ્યાત્વ, એને જોડાણ થાતું નથી. વસ્તુમાં જો રાગ થાય તો વસ્તુદૃષ્ટિવાળાને રાગ થાય. તો વસ્તુમાં રાગ નથી તો દૃષ્ટિવાળાને પણ રાગ અને મિથ્યાત્વ થાતું નથી. આહાહા..! પહેલું દર્શનનું જોર દેવું જોઈએ. લખ્યું છે, હોં! એણે લખ્યું છે, ઠીક લખ્યું છે. પુરુષાર્થસિદ્ધિમાં પહેલું દર્શનનું કહ્યું છે. એ દર્શન વિના જ્ઞાન-ચારિત્ર કાંઈ ન હોય. પેલો દાખલો (આપ્યો છે).

મુમુક્ષુ :- આપે આપ્યો હતો ને. પુરુષાર્થસિદ્ધિની વાંચી હતી.

ઉત્તર :- હા. વાંચી હતી ને બધે ઘણે ઠેકાણે કહ્યું હતું. ત્યાં પણ કહ્યું હતું. ચૌદમી ગાથા ઘણે ઠેકાણે કહેતા હતા. ચૌદમી. પંડિતો બેઠા હતા ને કહ્યું હતું. હિંમતનગર કહ્યું હતું બધાને. જુઓ! કર્મના નિમિત્તથી થયેલા ભાવરહિત ભગવાન આત્મા છે. એને સહિત માનવો તે સંસારનું બીજ છે. એ ઘણી વખત કહ્યું.

કારણ કે વસ્તુ જે છે એ તો જ્ઞાન સ્વત્વ સ્વરૂપ, પોતાનું જ્ઞાનસ્વરૂપ ધ્રુવ સત્ત્વ. હવે એમાં કર્મના નિમિત્તે થતાં ભાવ એ વસ્તુમાં છે જ નહિ. પુણ્ય-પાપ આસ્રવ. આસ્રવની વ્યાખ્યા છે ને આ? આસ્રવ વસ્તુમાં નથી. છતાં આસ્રવ સહિત જે મિથ્યાત્વથી માને છે એનું નામ અસત્ય માન્યતા અને વિપરીત અભિપ્રાય છે. કહો, સમજાણું આમાં? આ અંતરની પુરુષાર્થની ગતિ એને સૂઝ પડતી નથી એટલે બહારમાં બિચારા કાંઈક કાંઈક આ કર્યું, દયા પાળી, વ્રત પાળ્યા, અપવાસ કર્યા ને સૂઝ પડે અંદરથી. એમાં જોડાણા. પણ એ મિથ્યાત્વભાવ છે એની તને ખબર નથી. રાગની અંદર વિકલ્પનો ભાવ, એમાં એકપણું, એકપણાની માન્યતા; ભલે દયા, દાન, વ્રત ગમે તે પરિણામ થયા હોય, પણ એ પરિણામ રહિત સ્વભાવ છે. એને એકત્વ પરિણામ (કરે કે) એનાથી મને લાભ થશે અને એ રૂપે હું છું, એવી માન્યતા જ સંસાર-મિથ્યાત્વ છે. આહાહા..! સમજાણું કાંઈ? થોડું થોડું ગુજરાતી સમજો છો કે નહિ? જબલપુરથી આવ્યા છે. સમજાય છે કાંઈ? આહાહા..!

આ વસ્તુ આખી જે મહાન પદાર્થ એને તો જાણે ગુમ કરી દીધો. એ કાંઈ નહિ. આ શરીરથી આમ થાય, આનાથી આ થાય... આનાથી આ થાય.. આનાથી આ થાય. અને

બહુ તો અંદર રાગની મંદતા અને તીવ્રતામાં જોડાણ. બસ, આ વસ્તુ. પણ આ આત્મા શરીર અને અજીવ તત્ત્વથી જુદો અને આસ્રવતત્ત્વથી જુદો. એ વસ્તુ એવી છે. સમજાણું કાંઈ?

એથી અહીં કહે છે કે જ્યાં આસ્રવ અને અજીવથી જુદો પડેલો આત્મા, એની દૃષ્ટિમાં જે એકલો આત્મા જ્ઞાનસ્વરૂપે, શુદ્ધ વીતરાગસ્વરૂપ આવ્યો એને મિથ્યાત્વભાવ હોતો નથી. મિથ્યાત્વરૂપી સંસાર એનો નાશ થઈ ગયો છે. એ ફરીને મિથ્યાત્વ આવતું નથી. અહીં તો એવી જ વાત છે. આવે શું ફરીને. સમજાણું કાંઈ? આહાહા..! લક્ષ્મી જો એમ કહે ને એક દિ' માં પાંચ લાખ રૂપિયાની પેદાશ આવશે. એટલી હોંશ થાય એને. અને એ પાંચેય સદાય રહ્યા જ કરશે તમારે.

મુમુક્ષુ :- આપની વાત..

ઉત્તર :- ધૂળમાંય નથી હવે સાંભળને. એય..! ઓલાની સાંભળેને તમારા ભાઈની. સો વર્ષ સુધી લાખ રૂપિયા નીકળશે. પણ સો વર્ષ સુધી તું રહીશ કે નહિ એ શી ખબર પડે?

મુમુક્ષુ :- છોકરાને...

ઉત્તર :- છોકરા કોના બાપના? એના આત્માનો આત્મા, એના રજકણના રજકણ. કોના છોકરા? મફતનો. સો વર્ષ સુધી આ પ્રમાણે ખાણમાંથી નીકળશે. સમજ્યાને? એક એક લાખની ચીજ વળી અબજ રૂપિયાની. ધૂળમાંય નથી, સાંભળને હવે. મરી ગયેલું મડદું છે. એ મને મળે છે એવો મિથ્યાત્વભાવ એ રાગ થયો એનો એ મારો ભાવ અને મને લાભદાયકની મીઠાશ છે એ જ મહા મિથ્યાત્વ સંસાર પોતે છે. પૈસા-બૈસા જડ રહી ગયા એના ઘરે. સમજાણું કાંઈ?

એને કહે કે પણ આ તારી ખાણ એવી છે... ઓલી ખાણની વાત કહે તો રાજી થયા કરે. આ તો એવી ખાણ છે કે એમાં એકાગ્ર થઈને એકવાર મિથ્યાત્વનો નાશ કર્યો (તો) એ ખાણમાંથી અનંત કાળ સુધી આનંદ નીકળ્યા જ કરશે. અનંત કાળ સુધી આનંદ નીકળ્યા જ કરશે. એવી તારી ખાણ છે. લે. હવે આ ખાણની ખબર ન મળે ને.. આહાહા..!

મુમુક્ષુ :- એ ખાણ પાછી ભરપૂર રહે.

ઉત્તર :- આહાહા..! કોઈ દિ' ખૂટે જ નહિ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ રોકડો આ છે. ઓલું પણ રોકડું છે. મિથ્યાત્વનો ભાવ એ પણ રોકડું દુઃખ છે ત્યાં. આ રોકડો આનંદ છે. ઉધાર-ફુધારમાં ફેર કે દિ' હતો? ત્યાં એમ માન્યું કે આ મને મળે છે. આનો હું છું, આ મને મળ્યા, એનો રાગ થયો એ મારી ચીજ છે,

એ માન્યતા જ એને મળી છે મિથ્યાત્વ દુઃખ. રોકડીયું દુઃખ મળ્યું છે. પ્રવિણભાઈ! ઉધારું ક્યાં હતું? રોકડીયું દુઃખ છે. આનંદનો અભાવ એટલે દુઃખ. અને આત્મા શુદ્ધ ચિદાનંદ મૂર્તિ છે એમ જ્યાં દૃષ્ટિ થઈ, રોકડીયું દર્શન છે. અને એ દર્શન આનંદની ખાણ એવી છે આત્મા (કે) સાદિઅનંત (એમાંથી નીકળ્યા જ કરે). અહીં તો એ કહે છે, જુઓને! મિથ્યાત્વ છે જ નહિ હવે. સાદિઅનંત આનંદ એમાંથી નીકળ્યા જ કરે છે. આહાહા..!

ભગવાન આત્મા જ્ઞાનગુણથી લ્યો તો જ્ઞાનસ્વભાવ પણ અનંત છે. શ્રદ્ધાગુણથી લ્યો તો શ્રદ્ધાસ્વભાવ પણ અનંત છે. આનંદસ્વભાવ લ્યો તો એ પણ સ્વભાવ છે ને? સ્વભાવના ભાવને મર્યાદા શું હોય? મહાન સ્વભાવ... મહાન સ્વભાવ..! એવા એક એક સ્વભાવ મહાન એનો ધરનાર ભગવાન મહાન પદાર્થ છે. મહાન પદાર્થ આવે છે ને અંદર? ૮૯માં. પ્રવચનસારમાં ગાથા. એવો આત્મા એને જેણે અંતર્મુખ થઈને દૃષ્ટિમાં, અનુભવમાં લીધો, પ્રતીત બેઠી કે આ આત્મા આનંદ અને શુદ્ધ છે. એમ બેસતા આનંદ અને શુદ્ધતાનો અંશ સાથે પ્રગટ થાય છે. એ પ્રગટ થાય તે પ્રવાહરૂપે સદાય પ્રગટ જ થશે એમ કહે છે અહીં. હવે એને મિથ્યાત્વ-ફિથ્યાત્વ આવવાનું નથી. આહાહા..! એઈ..! ક્યાં ગ્યો જ્યોતિ? સમજાણું આ?

'**જો જ્ઞાન એકવાર રાગાદિકથી જુદું પરિણમે તો...**' એકવાર જ પરિણમે. એકવાર પરિણમ્યો એ પરિણમ્યો, હવે તો ખલાસ. ભગવાન વસ્તુ, વસ્તુ છે એ ત્રિકાળ છે, ત્રિકાળ છે. એને હવે બંધ ત્રિકાળ નથી. એવી ચીજને અનુભવમાં લીધી, નિર્વિકલ્પ દૃષ્ટિ કરી અને એકાકાર શ્રદ્ધામાં એકત્વ થયો, એ દ્રવ્યને જેમ હવે બંધ નથી એમ એની પર્યાયને પણ બંધન નથી. પર્યાયને મિથ્યાત્વ છે નહિ, રહેવાનું નથી. એ પર્યાય એમ ને એમ ધારાવાહી નિર્મળ થયા કરશે. ભલે વૃદ્ધિ થાય જુદી વાત છે. સમજાય છે? ...એ જુદી વાત છે. પણ એને અશુદ્ધતા એકત્વપણે થાય એવું બનતું નથી. આહાહા..!

સમ્યગ્દર્શનની મહિમા, એ મહિમા સ્વભાવને આશ્રયે પ્રગટે છે. સમજાણું કાંઈ? વસ્તુની મહિમા, એની દૃષ્ટિ કરી એ દૃષ્ટિની મહિમા આવી છે. જેમાં એકવાર ભગવાન આત્મા ધીરો થઈને સત્તા એકલી જ્ઞાનમય છે, આનંદમય છે, જેનો અંતર સ્વભાવ બેહદ સ્વભાવ વસ્તુ છે એવા સ્વત્વ-પોતાના તત્ત્વને અંતર જોતા જે એકત્વ થયો એને એકત્વની પર્યાય નિર્મળ હવે સદાય થશે. એને મિથ્યાત્વ હવે થવાનું નથી. કહો, સમજાણું આમાં? કહો, સમજાય છે કે નહિ? એઈ..! ભરતભાઈ! એ રસ લે છે હોં હવે. થોડા થોડા પ્રશ્ન કરે એ ઉપરથી લાગે છે. રસ લે છે થોડો થોડો. થોડું થોડું,- હજી તો ઘણું છે ને બહારનું. આહાહા..!

કહે છે, અને '**ફરીને તે કદી રાગાદિક સાથે ભેળસેળ થઈ જતું નથી.**' શું થાય? કે એ ડીટડું તૂટ્યું એ તૂટ્યું ફળ ફરીને જોડાણ થાય નહિ. આહાહા..! એવી જોરદાર વાત

છે અહીં તો, કહે છે. સમજ્યા? બીજે ઠેકાણે વાત કરે કે આમ પડશે. પણ એ પડવા-ફડવાનું (આવતું નથી). વસ્તુ-દ્રવ્ય, વસ્તુ જો કોઈ દિ' અવસ્તુ થાય, વસ્તુ પોતે જો અવસ્તુ થાય તો વસ્તુની દષ્ટિવંત અવસ્તુરૂપે થાય-મિથ્યાત્વરૂપે થાય. એમ કહે છે. સમજાણું કાંઈ? એના એ સંસ્કારથી આગળ વધતો એ કેવળજ્ઞાનને પામવાનો. એને બંધન બંધન છે નહિ. આહાહા..!

શુદ્ધ ચૈતન્ય વસ્તુ એવી વસ્તુના સત્તાના સ્વીકારમાં જે દૃષ્ટિ પ્રગટી એ દૃષ્ટિમાં હવે ફરીને રાગનો સ્વીકાર થાય, એ વસ્તુમાં નથી તો દૃષ્ટિમાં પણ નથી. કહો, પોપટભાઈ! આહાહા..! અરે..! એવી વાત માણસને કાને નથી પડતી. કાને લેવી જોઈએ આ વાત. અમૃતને કાને પીવે છે એમ કહે છે. આહાહા..! મધુર. ભગવાન કહે છે ને? એની વાણી નથી આવતું ઓલામાં? અમૃત જાણે પીતા હોય. અમૃત જાણે પીતા હોય કાને કરીને એવી વાણી ભગવાનની હોય છે. આહાહા..! શાંતરસે પરિણમેલો પૂર્ણ પ્રભુ, એની જે વાણી નીકળે, કહે છે કે અમૃત જાણે પડતું હોય કાને! અમૃત કીધું ને. આવ્યું નહોતું સવારમાં? અમૃત હેતુત્વાત્. અમૃત એટલે મોક્ષ. કોઈ દિ' પર્યાય ફરે નહિ પાછી. થઈ ગઈ એ થઈ. એને અહીં પણ એમ લીધું કે થયું તે થયું હવે કાંઈ થવાનું બીજું છે નહિ. 'હોતા સો તો જલ ગયા' રહ્યું નહિ કાંઈ. આહાહા..! 'ઐસી કહાંસે મતિ ભયી, આપ આપ હૈ નાહિ,' 'ઐસી કહાં સે મતિ ભયી આપ આપ હૈ નાહિ, આપ કો જબ ભૂલ ગયે તો અવર કહાં સે લાય.' તું પોતે ગયો હવે લાવ્યો ક્યાંથી? કે આ છે ને આ છે ને આ છે ને આમ હોય ને આમ ન હોય. સમજાણું કાંઈ? એ શ્રીમદ્નું વાક્ય છે. 'ઐસી કહાં સે મતિ ભયી, આપ આપ હૈ નાહી.' આહાહા..! 'અપનકો જબ ભૂલ ગયે, અવર કહાં સે લાયે?' તું જ આવી સત્તા છે એની તને ખબર નથી ને બીજાની વાતું ક્યાંથી તું કરવા માંડ્યો? કે રાગ આવો હોય, શરીર આવું હોય, રખડે આમ, ફલાણું થાય, ઢીંકણું આમ. ભવ મળ્યા. પણ કોણે જાણ્યું ઈ? કેમ પ્રવિણભાઈ! આહાહા..!

એમ અહીંયાં કહે છે કે 'કહાં સે મતિ ભયી?' એમ આ કહાં સે ભયી? હવે પછી મિથ્યાત્વ મતિ આવે ક્યાંથી? એમ કહે છે. સમજાણું કાંઈ? '**આ રીતે ઉત્પન્ન થયેલો, રાગાદિક સાથે નહિ મળેલો...**' ઉત્પન્ન થયેલો. કેવો? કે રાગથી નહિ મળેલો. '**જ્ઞાનમય ભાવ સદાકાળ રહે છે.**' જોયું! ભગવાન આત્મા શુદ્ધ આનંદનું ઘર, એ આનંદનું આયતન-સ્થાન, એને જ્યાં દૃષ્ટિમાં, પ્રતીતમાં, અનુભવમાં લીધો, કહે છે કે એ ભાવ જ્ઞાનમય થયો, શ્રદ્ધામય થયો, શાંતિમય થયો, આનંદમય થયો, સ્વચ્છતામય થયો, પ્રભુતામય થયો. પ્રભુતા એની પરિણમી. પર્યાયમાં પ્રભુતા પરિણમી. આહાહા..! એ સદા કાળ રહે છે. એ પ્રભુતા

સદાય રહે છે. સમજાણું કાંઈ?

**'પછી જીવ અસ્થિરતારૂપે રાગાદિકમાં જોડાય તે નિશ્ચયદષ્ટિમાં જોડાણ છે જ નહિ...'** ખુલાસો જરી કર્યો છે જયચંદ્ર પંડિતે. જરી રાગાદિ હોય થોડો પણ એ કાંઈ મૂળ નથી. મૂળ એની સાથે એકત્વ નથી ને એટલે ખરેખર જોડાણ નથી. એકત્વપણું નથી એને જ અહીંયાં જોડાણ નથી એમ કહ્યું છે. એકત્વપણું થાય એને જોડાણમાં કહેવામાં આવે છે. છૂટો... છૂટો.. છૂટો રહીને રાગને જાણે છે. એ જ્ઞાનમાં... જ્ઞાનમાં... જ્ઞાનમાં... જ્ઞાનમાં... જ્ઞાનમાં જ્ઞાન રહીને, જ્ઞાનપણે રહીને રાગને જાણે છે. એ જોડાણ એને અહીં ખરેખર કહેવાતું નથી. આહાહા..!

**'અને તેને જે અલ્પ બંધ થાય તે પણ નિશ્ચયદષ્ટિમાં બંધ છે જ નહિ,...'** એ વ્યવહારથી ગૌણ થઈ ગયો. વ્યવહાર કર્યો ને? રાગાદિનો ભાવ થોડો થાય એ વ્યવહાર છે. એનાથી .. એ પણ વ્યવહાર છે. નિશ્ચયમાં એ છે નહિ. **'કારણ કે અબદ્ધસ્પૃષ્ટરૂપે પરિણમન નિરંતર વર્ત્યા જ કરે છે.'** એ જયચંદ્ર પંડિતનો શબ્દ છે આ કે તમારો? જયચંદ્ર પંડિતનો નહિ હોય આ અબદ્ધસ્પૃષ્ટનો. .. ઉનકે બાદ કર્મ ફિર ઉદય નહિ રહતા હૈ. જીવકા મિથ્યાત્વ કર્મ અનંત અનંત સહિત સત્તા મેં...

મુમુક્ષુ :- .. આખું ફેરવ્યું...

ઉત્તર :- હા. આખું ફેરવ્યું લાગે છે. એમ લાગે છે. છે ને. જુઓ! અનંત અનંત સહિત સત્તામેં ક્ષય હો જાતા હૈ. જુઓ! એ વિશેષ નાખ્યું છે આમાં. અનંત અનંત સહિત ક્ષય હો જાતા હૈ. એ વધારે છે, જુઓ! તબ ફિર ઉદય મેં નહીં આતા. તબ જ્ઞાની હુઆ કર્મ કર્તા નહીં હોતા. મિથ્યાત્વ કે સાથ રહનેવાલી પ્રકૃતિયાં તો બનતી નહીં, અન્ય પ્રકૃતિ સામાન્ય સંસારકા કારણ નહીં. મૂલ સે કટે હુએ વૃક્ષકે હરે પત્તેકે સમાન હૈ. શીઘ્ર હી સૂખને યોગ્ય હૈ. ઈસકા જ્ઞાનીકા રાગાદિસે નહિ મીલા હુઆ, જ્ઞાનમય સંભવતા ચારિત્રમોહ .. સમ્યગ્દષ્ટિ ઉનકા .. નહી હૈ. લ્યો, એવો અર્થ કર્યો છે. આમાં જરી ફેરવ્યો છે. આહાહા..! આ પણ ઠીક હતું. અનંતાનુબંધીનું ભેગું નાખ્યું છે. આ મોટો વાંધો ઉઠ્યો છે ને. અનંતાનુબંધી ક્ષય થઈ ગયો ને, ક્ષય થઈ ગયો ભેગો. સમજાણું?

મુમુક્ષુ :- એ અનંતાનુબંધી સમકિતને રોકે છે.

ઉત્તર :- એ સમકિતને રોકે છે એ તો નિમિત્તથી વાત છે. સાથે છે એટલે. રોકે છે સ્વરૂપાચરણને નિમિત્તરૂપે. રોકે એટલે સ્વરૂપાચરણ ...

**'કારણ કે અબદ્ધસ્પૃષ્ટરૂપે પરિણમન નિરંતર વર્ત્યા જ કરે છે.'** એટલે? આત્મા અખંડ પૂર્ણાનંદ શુદ્ધ અબદ્ધસ્પૃષ્ટ જ છે વસ્તુ. એ વસ્તુની દષ્ટિ થઈ તો એનું પરિણમન

અબદ્ધસ્પૃષ્ટપણે સદા વર્ત્યા કરે છે. બંધપણું-રાગનું એકત્વ નથી એટલે બંધપણું એનામાં છે નહિ. સમજાણું કાંઈ? વસ્તુ સ્વભાવ એ રાગથી અને પરથી અબદ્ધ સ્વરૂપે છે. એની દૃષ્ટિ થતાં એ અબદ્ધ સ્વરૂપે જ સદા પરિણમન છે. રાગના બંધનું એને પરિણમન જ્ઞાનીને છે જ નહિ. એ તો ભિન્ન રહી ગયું. પરવસ્તુ છે એમ જ્ઞેય થઈ ગયું. આહાહા..!

'**વળી તેને મિથ્યાત્વની સાથે રહેનારી...**' એ એનો શબ્દ છે. '**પ્રકૃતિનો બંધ થતો નથી...**' કહો, મિથ્યાત્વની સાથે પ્રકૃતિ હોય છે ને? ૪૧ પ્રકૃતિ હોય છે. ૨૫ ને ૧૬. ૪૧ પ્રકૃતિનો બંધ હોતો નથી. એ સમ્યગ્દૃષ્ટિ લડાઈમાં ઊભો હોય આમ તો પણ ૪૧ પ્રકૃતિનો બંધ નથી. એટલો તો સંવર ત્યાં છે. આહાહા..! અજ્ઞાની આમ .. કરતો હોય ચાલીને આમ.. કરતો હોય. આ મેં કર્યું... આ મેં કર્યું. ૪૧ પ્રકૃતિ સમયે સમયે બાંધે છે. મેં આ કર્યું. બીજાને બતાવે. જુઓ! નીચે જીવજંતુ નથી ને? લૂગડું નાખે કાં લૂગડુ સાફ કરીને બેસે. એટલે બતાવે કે અમે દયાવાળા છીએ. અજ્ઞાન છે. કપડું રાખે ને કપડું? કપડું રાખીને આમ કરે. શું છે પણ? આ પાછું એમ છે કે આ મેં કર્યું માટે આમ થયું, અને તે પણ બીજા પાછા દેખે કે આને દયા ભાવ સારો લાગે છે. અયત્નાચારે પ્રવર્તતો ને. અયત્નાચાર-રાગની એકત્વબુદ્ધિ એ અયત્નાચાર છે, સાંભળને. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ હોય એવું હોય કે નહિ? પરીક્ષા તો શું કહે? સાતમી ચોપડીનો ભાવ જે હોય એ હોય. એકડીયામાં બેસે તો કાંઈ પરીક્ષામાં પાસ થાય? એકડીયો સાતમીમાં બેસે એ પરીક્ષામાં પાસ થાય? ન્યાલચંદભાઈ! પરીક્ષા બહુ આકરી, તમારે શેઠ કહે છે. આહાહા..! ભાઈ! આહાહા..!

એ વસ્તુ સ્વરૂપ એકલું જ્ઞાનનું સ્વરૂપ જ એ તો છે. એ રાગને કરે કે પરને કરે આમ .. આમ આમ કરે એ એનામાં છે કે દિ'? આહાહા..! મેં આ શરીરને હલાવ્યું, મેં શરીરને જતનાએ રાખ્યું, એ બધું મિથ્યાદૃષ્ટિપણું છે. જડના સ્વામીપણાની બુદ્ધિ છે. સમજાણું કાંઈ? અને લડાઈમાં સમ્યગ્દૃષ્ટિ ઊભો હોય બાણ આમ મારતો હોય ફડાક.. ફડાક. કહે છે કે એને રાગ સાથે એકત્વ નથી તો બંધન છે નહિ. અલ્પ રાગાદિ છે તેને નિશ્ચયમાં ગણવામાં આવતું નથી. કારણ કે એ તો વ્યવહાર છે. અને તેનાથી અલ્પ સ્થિતિ બંધ પડે એ પણ ખરેખર ગણવામાં આવતું નથી. અહીં તો વસ્તુ અખંડાનંદ પ્રભુ દૃષ્ટિમાં આવ્યો એને બંધન છે નહિ એમ સિદ્ધ કરવું છે. એ વીતરાગદૃષ્ટિ છે. સમ્યગ્દર્શન એટલે વીતરાગદૃષ્ટિ છે. એ રાગ સરાગ (સમકિત) નથી. પેલા કહે, સરાગ સમકિત હોય, આ ન હોય, ફલાણું ન હોય. અરે.. ભગવાન! તને શું થાય છે? તને તારા સ્વભાવનું જ માહાત્મ્ય આવતું નથી. પરાશ્રય ભાવનું જ માહાત્મ્ય

બધું.

કહે છે કે એને બંધ થતો નથી. '**અન્ય પ્રકૃતિઓ સામાન્ય સંસારનું કારણ નથી;...**' સામાન્ય એટલે અનંત સંસાર. '**મૂળથી કપાયેલા વૃક્ષનાં લીલા પાંદડાં જેવી તે પ્રકૃતિઓ શીઘ્ર સુકાવાયોગ્ય છે.**' મૂળ કપાણું તો પાંદડા સૂકાઈ જશે. મૂળ કાપ્યા વિના પાંદડા સૂકાશે ત્યાં પાછા પાંગરી જશે. બે મહિને એનું એ ઝાડ થઈ જશે. એની પણ ખબર નથી. મૂળ વસ્તુની ખબર ન મળે અને ઉપરથી પાંદડા તોડવા માંડ્યો. આ દયા ને વ્રત ને ભક્તિ ને ફલાણું ને ફલાણું. પાંદડા છે બધા. આત્મા અખંડાનંદ વસ્તુ રાગથી તદ્દન ભિન્ન છે. એવા અંતરના ભાન વિના મિથ્યાત્વનું મૂળ છેદાય નહિ. અને છેદાયા વિના એ રાગ મંદ મંદ પડે એ પાછો સંસાર તો ક્ષણે ક્ષણે ઊભો જ થાય છે.

'**હવે જે જ્ઞાનમય ભાવ છે તે જ ભાવાસ્રવનો અભાવ છે...**' જુઓ! શું કહે છે? જે આત્મા રાગ સાથે એકત્વ ન થયો અને સ્વભાવની સાથે એકત્વ થયો, તેનાથી જે થતો જ્ઞાનમય, શ્રદ્ધામય, શાંતમય, સ્થિરતામય, વીતરાગમય જે ભાવ થયો તે ભાવાસ્રવનો અભાવ છે. એ ભાવ છે તે જ ભાવાસ્રવનો અભાવ છે. '**એવા અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :-**' સમજાણું કે નહિ આમાં? આત્મા પવિત્ર ભગવાન આત્મા, એનું જે શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિના પરિણામ થયા એ પોતે જ જ્ઞાનમય ભાવ છે. એ જ્ઞાનમયભાવ છે એ જ પોતે ભાવાસ્રવના અભાવસ્વરૂપ છે. સમજાણું કાંઈ? શ્લોક-૧૧૪.

**भावो रागद्वेषमोहेर्विना यो**
**जीवस्य स्याद् ज्ञाननिर्वृत्त एव।**
**रुन्धन् सर्वान् द्रव्यकर्मास्रवौधान्**
**एषोऽभावः सर्वभावास्रवाणाम्।।११४।।**

'**શ્લોકાર્થ :- જીવને જે રાગદ્વેષમોહ વગરનો,...**' આત્માને મિથ્યાત્વભાવ વગરનો એટલે કે '**જ્ઞાનથી જ રચાયેલો ભાવ...**' શુદ્ધ સ્વભાવ ચૈતન્યમૂર્તિ તેની દૃષ્ટિએ રચાયેલો ભાવ, નિર્મળ પર્યાય અને '**જે સર્વ દ્રવ્યકર્મના આસ્રવના થોકને રોકનારો છે,...**' રોકનારો એટલે? એને દ્રવ્યકર્મ આવતું નથી. એમ. સમજાણું કાંઈ? જ્ઞાનથી આત્મા શુદ્ધ પ્રભુ, એની શ્રદ્ધા, જ્ઞાન અને રમણતાના અંશથી પ્રગટેલો જ્ઞાનમય ભાવ, તેને દ્રવ્યકર્મના આસ્રવના થોકને રોકનારો. રોકનારો એટલે? દ્રવ્યકર્મ આવતું હતું અને અટકાવ્યું એમ નહિ. એને દ્રવ્યકર્મ આવતું નથી. આહાહા..! કહો, સમજાણું?

'**(અર્થાત્ જથ્થાબંધ દ્રવ્યકર્મના પ્રવાહને) રોકનારો છે,...**' ભાષા જુઓ આવી છે. જોરદાર દુશ્મન આવે ને? સામે જોરદારથી ઊભો રહે. એમ નથી. અહીં તો એને દેખીને

દુશ્મન આવતો જ નથી. સમજાણું કાંઈ? વસ્તુ ભગવાન આત્મા સચ્ચિદાનંદ પ્રભુ એ સત્ સ્વભાવે જાગૃત થયો એને અસત્ એવા દ્રવ્યકર્મના રજકણો એને આવતા નથી. એમાં એ નથી એ ક્યાંથી આવે? કહો.

'**તે (જ્ઞાનમય) ભાવ સર્વ ભાવાસ્રવના અભાવસ્વરૂપ છે.**' બેય વાત કરી. જેને કર્મ પણ આવતું નથી અને જેને ભાવાસ્રવનો પણ ભાવ સ્વભાવભાવમાં અભાવ છે. ભારે વાતું, ભાઈ! હજી એકેન્દ્રિયા, બેઈન્દ્રિયા કરીને દયા પાળે, ભક્તિ કરે એ સમજાય પણ ખરું. વ્યવહાર કરતા કરતા થાશે. વ્યવહાર તો રાગ છે. રાગ કરતા કરતા આત્મા થાશે? જેનામાં છે જ નહિ.

કહે છે કે '**રાગદ્વેષમોહ વગરનો,...**' એટલે નાસ્તિથી પહેલી વાત કરી. અસ્તિમાં જ્ઞાનથી રચાયેલો. શુદ્ધ પ્રભુ ચૈતન્ય ભગવાન એની અંતર દૃષ્ટિના સત્તાના સ્વીકારથી ઉત્પન્ન થયેલો જ્ઞાનમય, શ્રદ્ધામય ભાવ તે રાગ-દ્વેષ ને મિથ્યાત્વ વગરનો ભાવ છે. તે ભાવથી નવા કર્મ એને આવતા નથી. આવતા હતા એને રોક્યા એનો અર્થ કે એને આવતા નથી. એટલે બંધ છે નહિ. બંધ તો છે નહિ ત્યારે જે ભાવાસ્રવમાં ભાવાસ્રવમાં રોકાતો એ ભાવ અહીં રોકાણો. એટલે એને ભાવાસ્રવ પણ છે નહિ.

'**(જ્ઞાનમય) ભાવ સર્વ ભાવાસ્રવના અભાવસ્વરૂપ છે.**' ઓહોહો..! આસ્રવમાં ઘણું સ્પષ્ટ કર્યું છે. ભગવાન આત્મા પોતાના પવિત્ર સ્વરૂપના ધામને જ્યાં પરખ્યો એને, કહે છે, જ્ઞાનમય જે ભાવ, એમાં રાગદ્વેષના પરિણામરૂપી ભાવાસ્રવ આ જ્ઞાનમય ભાવમાં તો અભાવ છે. જ્ઞાનમય ભાવમાં ભાવાસ્રવ હોતા નથી. માટે જ્ઞાનીને બંધ પણ નથી અને ભાવાસ્રવ પણ નથી. આસ્રવ અને બંધ બેય જ્ઞાનીને છે નહિ. એમ સિદ્ધ કર્યું. સમજાણું કાંઈ?

શ્લોક તો અહીં આવ્યો ને ઓલા બેયનો? અડધો શ્લોક. ૧૧૪ પહેલા ૧૧૩ ગયો હશે ક્યાંક. પહેલો છે શ્લોક. આસ્રવનો પહેલો-શરૂઆત. આ બધી ગાથાનો અર્થ અહીં લાવ્યા. છે ને? ૬૪, ૬૫, ૬૬, ૬૭, ૬૮. કહો, સમજાણું? એનો આ કળશ અહીં લાવ્યા. માટે કહે છે કે જેને મિથ્યાત્વભાવ ઉત્પન્ન કરવો ન હોય, દુઃખ ઉત્પન્ન કરવું ન હોય એણે આત્માના આનંદભાવને ઉત્પન્ન કરવો. એનો આશ્રય લેવો. આ એનો હેતુ છે.

'**ભાવાર્થ :- મિથ્યાત્વ રહિત ભાવ જ્ઞાનમય છે.**' ભાવાર્થ જુઓ. મિથ્યાત્વ, જેમાં રાગની એક્તાબુદ્ધિ નથી એવો જે મિથ્યાત્વભાવ, એક્તાબુદ્ધિનો મિથ્યાત્વભાવ એનાથી રહિત ભાવ તે જ્ઞાનમય છે. સમજાણું કાંઈ? '**તે જ્ઞાનમય ભાવ રાગદ્વેષમોહ વગરનો છે...**' ભગવાન આત્મા જ્ઞાતા દૃષ્ટાના પરિણમને પરિણમ્યો એમાં રાગદ્વેષમોહના મિથ્યાત્વનો અભાવ છે. '**અને દ્રવ્યકર્મના પ્રવાહને રોધનારો છે;...**' એટલે જડ કર્મ એને આવતા નથી.

નથી આવતા એને રોકનારો છે એમ કહેવામાં આવ્યું છે. અહીં તો મિથ્યાત્વ તે સંસાર અને સમકિત તે મુક્તિ. આહાહા..!

મુમુક્ષુ :- એક જ સિદ્ધાંત.

ઉત્તર :- એ સિદ્ધાંત. જુઓ! છે ને?

'**તેથી તે ભાવ જ...**' તેથી તે ભાવ કોણ? જ્ઞાનમય, શ્રદ્ધામય, આત્માના સ્વભાવની શ્રદ્ધા અને જ્ઞાનમય ભાવ ભાવઆસ્રવના અભાવસ્વરૂપ છે. સંવરસ્વરૂપ ભાવ ભાવાસ્રવના અભાવસ્વરૂપ છે. સંવરસ્વરૂપ કહો કે જ્ઞાનમયભાવ કહો. અહીં તો કહે છે કે '**સંસારનું કારણ મિથ્યાત્વ જ છે;...**' લ્યો! મિથ્યાત્વ જ છે. ઓલા તો રાગદ્વેષ અલ્પ છે. એ તો ટળી જવાના છે. પાંદડા. એ મૂળ કપાણા એ પાંદડા સૂકાઈ જવાના. એ પાંદડા વધારે રહેશે નહિ. પાંદડા સમજો છો ને? પત્ર-પત્તે. મૂળ કપાણું પત્તા કેટલા પંદર દિ'એ ખલાસ. જાવ. પાણી ચડે નહિ તો રહેશે ક્યાં સુધી?

મુમુક્ષુ :- વૃક્ષકો જડસે કાટનેકા ભાવ.

ઉત્તર :- કાટનેકા ભાવ. બસ! એ વાત છે. જેનું મૂળ કપાણું. મિથ્યાત્વરૂપી જડ સંસારનું. નાશ થઈ ગયો, સ્વભાવની દૃષ્ટિ અને એકાગ્રતા થઈ એને સંસારનું કારણ મિથ્યાત્વ તે છે નહિ. ભારે વાત! એની વાતને મૂકી દઈને બધી ઉપરની વાતું. લ્યો, સવારમાં આવે છે ને? આ કરવું, આ અણુવ્રત, આ ખાવું ને આ પીવું. એ રસમાં એને વધારે પડે મજા. માંસ ન ખાવું, દારૂ ન પીવો. પણ એ તો પછી સ્વરૂપની દૃષ્ટિ પછી રાગને ઘટાડવામાં આવા નિમિત્તો ઉપર લક્ષ જાતું નથી (એને) છોડવું એમ કહેવામાં આવે છે. પણ મૂળ ચીજ આ હોય તો ને એ? સમ્યગ્દર્શન વિના જ્ઞાન નથી ને સમ્યગ્દર્શન વિના દેશવિરતી, સર્વવિરતી ચારિત્ર હોતા નથી.

'**તેથી મિથ્યાત્વસંબંધી રાગાદિકનો અભાવ થતાં, સર્વ ભાવાસ્રવનો અભાવ થયો એમ અહીં કહ્યું.**' લ્યો! મિથ્યાત્વસંબંધી. એમ કહ્યું ને? મિથ્યાત્વ તે સંસારનું કારણ તે મિથ્યાત્વ. તેથી '**મિથ્યાત્વસંબંધી રાગાદિકનો અભાવ થતાં, સર્વ ભાવાસ્રવનો અભાવ થયો એમ અહીં કહ્યું.**' ઓહોહો..! કહો, સમજાણું? એ સમ્યગ્દૃષ્ટિ એક બળદ હોય, બળદ. બૈલ કહે છે ને? બૈલ. બૈલ-બળદ. બૈલગાડીકા બૈલ. ઊભા લીલા છોડ હોય ખેતરમાં. લીલા છોડ. એમાં જઈને ખાતો હોય. ચાહટીયો. સમજાણું? કહે છે કે સમ્યગ્દૃષ્ટિ છે તે ચાહટીયાને ખાતો નથી અને તેના તરફનો રાગ તે અલ્પ છે તેને ગણતરીમાં ગણવામાં આવ્યો નથી. સમજાણું કાંઈ?

હજાર યોજનનો મચ્છ છે. ચાર હજાર ગાઉનો. સ્વયંભુરમણ સમુદ્ર ચાર હજાર ગાઉ.

એટલું પાણી આવે એમાં મચ્છ આવે જાય. કહે છે કે એને બંધ જ નથી. હાય. હાય.. આવું કામ કરે. મોટું એક પૂછડું આમ ફેરવે તો હજાર યોજનનું કેટલા પાણી અને કેટલા ઓલા થાય અંદરથી. એમ નથી. મિથ્યાત્વ તે સંસાર છે. મિથ્યાત્વ ગયે આત્મા અબંધ સ્વરૂપની દૃષ્ટિ થઈ, સમ્યગ્દર્શન થતાં મિથ્યાત્વ સંબંધીના રાગભાવ નથી માટે તેને ભાવાસ્રવ નથી. આહાહા..! વાત ગળે ઉતરવી. અહીં સાધુ પંચ મહાવ્રતનો બરાબર એને માટે આહાર પાણી લે નહિ. કરેલા ન લે, હોં! નિર્દોષ આહાર. બરાબર ધ્યાન રાખે. ઈર્યા સમિતિ જોઈને આ કર્યું. દૃષ્ટિમાં એ રાગનો વિકલ્પ તે મને લાભદાયક છે અને આ શરીરની ક્રિયા મેં કરી, એવો મિથ્યાત્વભાવ છે તો કહે છે કે જરીએ એને ભાવાસ્રવ રોકાયેલો નથી. જરીએ રાગની મંદતા જ નથી એને, એમ કહે છે અહીં તો. મિથ્યાત્વભાવ છે ત્યાં મિથ્યાત્વ પોતે કષાય છે અને કષાય પોતે ત્યાં તીવ્ર ભાવ છે. એમ કહે છે.

આ માપ. આના માપ જ જુદી જાતના. ઓલો બિચારો બરાબર નિર્દોષ વહોરવા જાય ભીક્ષા માટે. મારે માટે આહાર પાણી નહિ. આ બધું કર્યું છે? નહિ. આ સરખાઈનું ત્યાં ખાતો હોય ત્યાં. વનસ્પતિ પ્રત્યેક ખાવા બેઠો હોય. ચક્રવર્તી લ્યોને છ ખંડનો ધણી સમકિતી. એની ખીર અને વાસુદેવના કેસરીયા શું કહેવાય એ? સિંહકેસરી લાડુ. સિંહકેસરીયા લાડુ. તો એ લાડુ એ પચવી શકે, બીજો પચવી શકે નહિ. એવા સિંહકેસરી ઊંચી ચીજ હોય બહુ. જઠર જબરી છે ને. એક એક લાડુ કરોડો રૂપિયાની કિંમતનો હોય. એકલી ભસ્મ અંદર. સિંહકેસરીયા. સિંહ પચવી શકે એવો. એ લાડવો ખાય. સમકિતી છે એ ખાતો જ નથી. કહે છે કે એ ક્રિયા એની નથી. ઓલો રાગ છે ને? કે રાગ એનો પણ નથી. કારણ કે રાગથી ભિન્ન પડ્યું તત્ત્વ એટલે એનો રાગ નથી. આહાહા..! સમજાણું કાંઈ? દૃષ્ટિએ દૌલત દેખી આત્માની, કહે છે કે બીજી દૌલત ઉપર એને મહિમા આવતી નથી.

'**રાગાદિકનો અભાવ થતાં, સર્વ ભાવાસ્રવનો અભાવ થયો એમ અહીં કહ્યું.**'

'**હવે જ્ઞાનીને દ્રવ્યાસ્રવનો અભાવ છે એમ બતાવે છે :-**' ભાવાસ્રવનો અભાવ કહ્યો હવે દ્રવ્યાસ્રવનો અભાવ (કહેશે)... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**જેઠ સુદ ૧૫, ગુરુવાર તા. ૨૨-૦૬-૧૯૬૭**
**શ્લોક-૧૧૪-૧૧૫, ગાથા-૧૬૯-૧૭૦,**
**પ્રવચન-૨૫૪**

આસ્રવ અધિકાર છે. ૧૬૯ ગાથા. માથે કહ્યું ને? '**સંસારનું કારણ મિથ્યાત્વ જ છે;...**' ભાવાસ્રવનો અભાવ પહેલો બતાવ્યો. હવે દ્રવ્યાસ્રવનો બતાવે છે. ભાવાસ્રવ એટલે શું? કે આત્મા શુદ્ધ ચૈતન્ય સ્વભાવ છે એનું ભાન કર્યા વિના જે કાંઈ શુભ-અશુભ વિકલ્પ રાગદ્વેષાદિ છે એ મારા છે, હું એનો છું, એ મને લાભદાયક છે-એવો જે મિથ્યાત્વભાવ તે જ ખરું પાપ અને ભાવાસ્રવ છે. સમજાણું કાંઈ?

આત્મા ચૈતન્ય સ્વરૂપ શુદ્ધ છે. પરમેશ્વર વીતરાગ પરમેશ્વરે જોયેલો આત્મા એનો અને આનો બધાનો. એ ચૈતન્ય જ્ઞાન પવિત્ર શુદ્ધ આનંદધામ એવા આત્મામાં જે કંઈ દયા, દાન, વ્રત, કામ, ક્રોધના વિકલ્પ વૃત્તિઓ ઉઠે છે એ રાગ છે. એ રાગ મારું કર્તવ્ય છે અથવા રાગ તે હું છું, એ રાગ મને લાભદાયક છે એવી જે માન્યતા તેને મિથ્યાત્વ કહે છે. એ મિથ્યાત્વ એ જ સંસાર છે અને એ જ ભાવાસ્રવ છે. ખરેખર તો એ મિથ્યાત્વ એ જ હિંસા છે. કહો, સમજાણું?

પોતાનો શુદ્ધ ચૈતન્ય સ્વભાવ જ્ઞાન અને આનંદના સ્વભાવરૂપ ભાવપ્રાણ, તેની પ્રતીતિ ન કરતાં જીવતી જ્યોતનો અનાદર કરીને પુણ્ય અને પાપના રાગ અને શરીરાદિ મારા, એવી જે માન્યતાનો ભાવ તે જ સ્વરૂપની હિંસા છે. સમજાણું કાંઈ? તે જ અસત્ય છે. તે મિથ્યાત્વભાવ તે જ ચોરી છે. આગળ આવશે પુરુષાર્થસિદ્ધિ ઉપાયમાં. મિથ્યાત્વ અને અનંતાનુબંધી-પાંચ સમકિતદર્શનના ચોર છે. સમજાણું કાંઈ?

વસ્તુ ચૈતન્યમૂર્તિ આત્મા સર્વજ્ઞ પમરેશ્વરે જે પરમેશ્વરપદ પ્રાપ્ત કર્યું એ બધી દશાઓ જેના અંતર સ્વભાવમાં પડી છે. એવો આત્મા એને અપૂર્ણ પર્યાયવાળો માનવો, એને રાગવાળો માનવો, એને આ મારા માનવા, અથવા રાગ અને પરમાં સુખ છે એવી માન્યતા એને મિથ્યાત્વ કહે છે. અને એ મિથ્યાત્વ જ સ્વરૂપની હિંસા છે, સ્વરૂપથી અસત્ય ભાવ છે, સ્વરૂપનો એ ચોર છે. અને એ જ મિથ્યાત્વભાવ એ જ મૈથૂન છે. ખરું એ જ મૈથૂન-અબ્રહ્મ છે. અને એ મિથ્યાત્વ એ જ પરિગ્રહ છે ખરેખર. ચૌદ પરિગ્રહમાં એ જ પહેલો પરિગ્રહ વર્ણવ્યો છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

વસ્તુ ચૈતન્ય સ્વભાવ અનાદિનું સત્ એવું જે એનું સ્વભાવરૂપ તત્ત્વ પરિપૂર્ણ પ્રભુ આત્મા છે. જ્ઞાને, દર્શને, આનંદે પરિપૂર્ણ સ્વભાવ (છે). એનો આદર ન કરતાં અલ્પજ્ઞ દશાનો આદર,

રાગનો આદર એવો જે મિથ્યાત્વભાવ એમાં પાંચેય પાપ સમાઈ જાય છે. પાંચેય પાપ એટલે? હિંસા, જૂઠું, ચોરી, અબ્રહ્મ અને પરિગ્રહ. પોપટભાઈ! બહુ વાતું ભાઈ આવી. સમજાણું કાંઈ? એ જ મિથ્યાત્વ, સંસારનું કારણ તે મિથ્યાત્વ જ છે. ઉપર લીટી બેમાં. '**તેથી મિથ્યાત્વસંબંધી રાગાદિકનો અભાવ થતાં,...**' એ મિથ્યાત્વસંબંધીનો કષાય એનો સ્વભાવના શુદ્ધ ચૈતન્ય સ્વભાવની અંતર્મુખની, સ્વભાવ સન્મુખની દૃષ્ટિ, એનું જ્ઞાન અને એમાં રમણતા થતાં '**સર્વ ભાવાસ્રવનો અભાવ થયો...**' એને એ મિથ્યાત્વ આદિની સાથે રાગદ્વેષ એ આસ્રવ એનો અભાવ થયો. સમજાણું કાંઈ?

'**હવે, જ્ઞાનીને દ્રવ્યાસ્રવનો અભાવ છે એમ બતાવે છે :-**' આ ભાવાસ્રવની વાત કરી. એ ભાવ સમ્યગ્દૃષ્ટિને હોતો નથી. તેથી તેને ભાવાસ્રવનો અભાવ છે. સમજાણું કાંઈ? કેમ કે ભગવાન આત્મા વસ્તુ અને એનો સ્વભાવ જે શુદ્ધ પરિપૂર્ણ, એનું જ્ઞેય કરીને જ્ઞાન થઈને પ્રતીતિ થઈ એમાં એને મિથ્યાત્વ અને રાગ-દ્વેષ જે મિથ્યાત્વ સાથેના એ ભાવ તો ટળ્યા. એ રહ્યા નહિ. એ સર્વ આસ્રવ હતો. એ આસ્રવ ગયો એટલે જ્ઞાનીને ભાવાસ્રવનો ખરેખર અભાવ છે. કહો, પ્રવિણભાઈ! બહુ ઝીણું ભારે આ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ વસ્તુ એમ છે કે નહિ? આમ જુઓ! એક વસ્તુ છે કે નહિ? પદાર્થ સત્ છે ને, શાશ્વત છે ને, સનાતન છે ને, જેમ છે તેમ એમ ને એમ છે ને?

પદાર્થ ચૈતન્ય વસ્તુ ધ્રુવ પરમ સ્વભાવભાવ એવો જે આત્મા એને વિપરીત રીતે માનીને કબુલ કરેલો જે ભાવ જે મિથ્યાત્વ એ જ સંસાર. અને એ જ મિથ્યાત્વ એ જ દુઃખ અને મિથ્યાત્વ એ જ હિંસા, અસત્ય, ચોરી, અબ્રહ્મ અને પરિગ્રહ. જ્યાં આત્માનું અંદર ભાન થયું કે આત્મા શુદ્ધ અખંડ પરિપૂર્ણ (છે). એવું અંતરમાં ભાન થતાં જે પ્રતીત થઈ એને મિથ્યાત્વનો આસ્રવ, મિથ્યાત્વની હિંસા, મિથ્યાત્વનું અસત્ય, ચોરી, અબ્રહ્મ પાંચેય છે નહિ. અસ્થિરતાના થોડા રહ્યા એને અહીંયાં ગણવામાં આવ્યા નથી. એ વાત આવી ગઈ છે ભાવાર્થમાં. આવી હતી ભાવાર્થમાં? શું આવી હતી?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ નિશ્ચયમાં ગણવામાં આવતું નથી. એમ. એ તો અબદ્ધ પછી. પહેલું નિશ્ચય દૃષ્ટિમાં રાગ અસ્થિરતાનો તે ગણવામાં આવતો નથી. અને એનો આસ્રવ અને બંધ તે ખરેખર અલ્પ સ્થિતિવાળો ગણવામાં આવતો નથી. પછી કેમ? કે અબદ્ધસ્પૃષ્ટ પરિણમન છે માટે. આહાહા..!

મુમુક્ષુ :- એ એનું કારણ આપ્યું.

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ઉત્તર :- હા. કારણ આપ્યું.

હવે ધર્મીને ધર્મ થતાં અધર્મના ભાવો નથી એમ સિદ્ધ કર્યું. અહીં સમજાય છે કાંઈ? ધર્મીજીવની દશામાં ધર્મ થવાથી; ધર્મ એટલે સમ્યગ્દર્શન-જ્ઞાન અને શાંતિ થવાથી, ત્રિકાળ જ્ઞાયક સ્વભાવની પ્રતીત, જ્ઞાન અને એકાગ્રતા થવાથી ધર્મીના ધર્મભાવમાં અધર્મભાવ હોતો નથી. મિથ્યાત્વ તે જ અધર્મભાવ હતો. સમજાણું? વસ્તુ સ્વભાવ એનું અંતર પ્રતીત અને જ્ઞાન અને ભાન થતાં એનો આશ્રય લઈને જે દશા થઈ એ ધર્મદશામાં હવે અધર્મદશા નથી. એટલે ભાવાસ્રવ નથી એમ કહેવામાં આવ્યું છે. સમજાણું કાંઈ? હવે એને પરમાણુ ઓલા પડ્યા છે આઠ કર્મના. કાંઈ પૂર્વે બાંધેલા એ છે કે નહિ? ના. એ તો કર્મ સાથે સંબંધ છે. આત્મા સાથે કાંઈ નથી. જડ સાથે ક્યાં (સંબંધ છે) આત્માને? રાગની એક્તા તૂટી તો રાગ રહેલો જ્યાં એ એનો નથી ત્યાં ઓલા સાથે એક્તા હતી જ ક્યાં? એ તો જુદું જ છે. આહાહા..!

મુમુક્ષુ :- ભાવઆસ્રવ...

ઉત્તર :- એ તો ભાવાસ્રવ ભાવ ભાન થતાં એને નથી. દ્રવ્યાસ્રવ તો છે જ નહિ. કારણ કે એ તો પરમાણુ છે. આ તો એની પર્યાયમાં સ્વભાવનો આદર કર્યા વિના રાગ-દ્વેષનો આદર કરી જે મિથ્યાત્વભાવરૂપી આસ્રવ નામ નવા બંધનું કારણ જે હતું એ જ્યાં ગયું, એની દશામાં હતું એ ગયું. એમ કહે છે. ઓલું તો એની દશામાં છે જ નહિ. કર્મ તો એની દશામાં છે જ નહિ. એક સમયમાત્ર પણ નથી. એ તો ભિન્ન છે દ્રવ્ય. આ તો એક સમયનો સ્વભાવના ભાન વિનાનો મિથ્યાત્વભાવ, એ ભાવ જે હતો એની દશામાં એ સ્વભાવના ભાન દ્વારા ગયો ભાવાસ્રવ એટલે અધર્મ નથી. તો પૂર્વે અધર્મથી બંધાયેલા પરમાણુઓ એ રજકણની સાથે સંબંધ છે. આત્મા સાથે છે નહિ. એમ સિદ્ધ કરે છે. આહાહા..!

૧૬૯-ગાથા.

**पुढवीपिंडसमाणा पुव्वणिबद्धा दु पच्चया तस्स।**
**कम्मसरीरेण दु ते बद्धा सव्वे वि णाणिस्स।।१६९।।**

નીચે હરિગીત.

**જે સર્વ પૂર્વનિબદ્ધ પ્રત્યય વર્તતા તે જ્ઞાનીને,**
**છે પૃથ્વીપિંડ સમાન ને સૌ કર્મશરીરે બદ્ધ છે. ૧૬૯.**

સંબંધ એની સાથે છે. આત્મા સાથે કાંઈ સંબંધ નથી. સમજાણું કાંઈ આમાં?

'**ટીકા :- જે પૂર્વે અજ્ઞાન વડે બંધાયેલો મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગરૂપ દ્રવ્યાસ્રવભૂત પ્રત્યયો છે,...**' જોયું! મિથ્યાત્વ પણ રજકણો પડ્યા છે એની

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

વાત લેવી છે. ક્ષાયિક સમકિતની અહીં વાત અત્યારે છે નહિ. પોતાની દશામાં ક્ષયોપશમ છે ને? એટલે ક્ષયોપશમથી વાત કરે છે. શું કીધું? કે આ આત્મા શુદ્ધ જ્ઞાનાનંદ સચ્ચિદાનંદ પૂર્ણાનંદ સિદ્ધ સ્વરૂપે સ્વરૂપ છે આત્માનું. એનું જ્યાં અંતરમાં ભાન થયું, ઓળખાણ થઈ, અજ્ઞાન ટળ્યું અને જ્ઞાન થયું, એથી અજ્ઞાન સંબંધીના જે બંધના ભાવ હતા એ એને છે નહિ. જ્ઞાનસ્વભાવમાં પછી અજ્ઞાનભાવ એક સમયે કાંઈ બે હોઈ શકે નહિ.

હવે એને જે પૂર્વે બંધાયેલા મિથ્યાત્વ અજ્ઞાન વડે બંધાયેલા. જોયું! પૂર્વે જ્ઞાનીને ભાન નહોતું ત્યારે મિથ્યાત્વના રજકણો જે પડ્યા છે દર્શનમોહના, એને લેવું છે. પાકમાં નથી. જોડાણ નથી. કારણ કે સંબંધ તો તૂટી ગયો છે ઈ. રાગની સાથે સંબંધ તૂટી ગયો પછી પરની સાથે સંબંધ છે નહિ. પણ પૂર્વના જે પડેલા, અજ્ઞાન વડે બંધાયેલો મિથ્યાત્વભાવ જે રજકણો કર્મના-દર્શનમોહ-એના રજકણો પડ્યા છે, અજ્ઞાનભાવે બંધાયેલા એ કાળના. અવિરતી પડી છે. પૂર્વના ચારિત્રમોહનો રજકણ. કષાય પડ્યો છે એ ચારિત્રમોહનો એક પ્રકાર. અને યોગરૂપ. યોગ એટલે શરીરનો નામ કમર્નો ઉદય. નામ કર્મ પડ્યું છે ને શરીરાદિ. એ '**દ્રવ્યાસ્રવભૂત પ્રત્યયો છે,...**' તે દ્રવ્ય એટલે જડરૂપ આસ્રવ છે. દ્રવ્યઆસ્રવરૂપ. જડરૂપ આસ્રવ એટલે કે નવા બંધનમાં નિમિત્ત થવાના કારણરૂપ જે હતા એવા રજકણો તેને દ્રવ્યાસ્રવભૂત પડ્યા છે આસ્રવો. સમજાણું?

'**તે અન્યદ્રવ્યસ્વરૂપ પ્રત્યયો...**' ભગવાન આત્મા શુદ્ધ જ્ઞાનાનંદની મૂર્તિ પ્રભુ, એવું અંતરમાં ભાન થવું, બસ! એનું નામ સમ્યગ્દર્શન, એનું નામ ધર્મની શરૂઆત. એ ધર્મ દશા જ્યાં પ્રગટી એટલે મિથ્યાત્વનો ભાવ તો રહ્યો નહિ. પણ પૂર્વે મિથ્યાત્વભાવથી બંધાયેલા રજકણો જે પડ્યા છે એનો એને સંબંધ છે નહિ. સત્તામાં પડેલા. પડ્યા એની વાત છે.

'**પૂર્વે અજ્ઞાન વડે બંધાયેલા...**' એમ હતું ને? પૂર્વે બંધાયેલા રજકણો. '**મિથ્યાત્વ,...**' દર્શનમોહ. '**અવિરતિ,...**' ચારિત્રમોહ, એનો કષાય પેટાભેદ ચારિત્ર '**અને યોગરૂપ...**' નામ કર્મ. એ '**દ્રવ્યાસ્રવભૂત પ્રત્યયો છે, તે અન્યદ્રવ્યસ્વરૂપ...**' એ તો અન્યદ્રવ્યસ્વરૂપ પ્રત્યય. પ્રત્યય એટલે આસ્રવ. આસ્રવ એટલે અન્યદ્રવ્યસ્વરૂપ-એ તો જડસ્વરૂપ છે. સમજાણું કાંઈ? '**અચેતન પુદ્ગલપરિણામવાળા હોવાથી...**' એ અચેતન ચેતન વિનાના પુદ્ગલની અવસ્થાવાળા હોવાથી ધર્મીને '**માટીના ઢેફાં સમાન છે...**' આહાહા..! બાયડી, છોકરા ને શરીર-ફરીર બહારનું તો ક્યાંય રહી ગયું. ધર્મીને એ છે જ નહિ એના. આહાહા..! છ ખંડના રાજમાં પડ્યો સમકિતી. ના, ના, એના નથી અને એમાં એ નથી.

અહીં તો કર્મ પડ્યા છે અજ્ઞાનભાવે બંધાયેલા એ ઢેફાં જડ છે. કાર્મણ શરીર સાથે સંબંધ ધરાવે છે. અહીં સ્વભાવ સાથે સંબંધ નથી. સ્વભાવ સાથે સંબંધ ક્યાં છે? સમજાણું કાંઈ?

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


રાગનો વિકલ્પ જે મલિન પરિણામ શુભ કે અશુભ, એની જ્યાં એક્તા સ્વભાવની સાથે માની હતી એ જ મિથ્યાત્વ અને સંસાર હતો. એ મિથ્યાત્વ અને સંસાર. સ્વભાવ ચૈતન્ય પ્રભુ, એનો અંતર આશ્રય લેતા એ પરાશ્રયથી ઉત્પન્ન થતાં મિથ્યાત્વભાવ તેને તે અજ્ઞાનભાવ હોતા નથી. ભાવાસ્રવ નથી.

હવે અજ્ઞાનભાવે બંધાયેલા રજકણો એ તો માટી છે, ધૂળ છે. આ તો એની અવસ્થામાં હતા. અવસ્થામાં હતા. એને સ્વભાવ દૃષ્ટિના ભાન વડે અવસ્થામાં હતા એ પણ રહ્યા નહિ. તો ઓલી તો અવસ્થામાં પણ નથી. અજ્ઞાનની અવસ્થાનું નિમિત્ત પામી અને જે પૂર્વે બંધાયેલા રજકણો, એ અન્ય દ્રવ્યસ્વરૂપ પ્રત્યયો છે. પ્રત્યય એટલે આસ્રવ. આસ્રવ એટલે બંધના કારણનું નિમિત્ત હતું તેવો દ્રવ્યાસ્રવ. '**અચેતન પુદ્‌ગલપરિણામવાળા હોવાથી...**' આ કારણે. એ તો જડ કર્મની અવસ્થા, માટીની અવસ્થા છે. જેમ આ માટી છે આ શરીર, આ માટીની અવસ્થા છે. આ કાંઈ આત્માની નથી. આ તો ધૂળ છે, માટી છે. એમ આઠ કર્મના રજકણો માટીની અવસ્થા ધૂળની છે. સમજાણું કાંઈ?

'**માટીના ઢેફાં સમાન છે...**' આ તો ઓલા ગારનું યાદ આવ્યું. બાયું નથી ગોળીયા કરતા? પહેલાં કરતાં. હવે તો કરતા ન હોય. ગારું-ગારુંનું હતું ને? પછી બાયું સારી ધોળી ધૂળ નીકળે ને લઈ આવે. પછી ગારું તો કરે પણ પાછા દસ-પંદર-વીસ કરી રાખે. આવડા ગોળ કરી રાખતા. ગોળ-ગોળ. ગોળીયા કરતા. રાખી મૂકે. બાયડીયુંને એવું હતું. કો'ક દિ' મળે ને બહુ લોભી હોય.

મુમુક્ષુ :- બીજીવાર જાવું ન પડે.

ઉત્તર :- જાવું ન પડે અને વળી એવી નીકળી કે ન નીકળી. આસો મહિને ગાર-બાર કરવી પડે ને એકવાર? ઓલી પોડાબારશ નથી કહેવાતી કાંઈક? એ પોડાબારશની ગારું કરે. એમ વાતું કરે લોકો બધા. ગોઠવી દીધેલી અજ્ઞાનીઓએ. દિવાળી પહેલા કરે ને ગાર? કે ગાર તો સારી ધૂળ હોય. અહીં કરે છે. ધોળી ધૂળ નીકળે લઈ આવે. પછી ગાર કરીને થોડી રાખે.

અહીં તો કહે છે કે જે પૂર્વે અજ્ઞાનભાવથી જે ગાર કરી હતી, અજ્ઞાનભાવ એ તો ટાળી નાખ્યો. હવે અજ્ઞાનભાવે રજકણો જે પડ્યા હતા ઢેફાં પડ્યા ઓલા એ ધૂળના છે. આત્માના છે નહિ. સમજાણું કાંઈ? એ આરસપહાણના મકાન કર્યા પછી ઢેફાં એમ ને એમ રહી ગયા એને. એ કામના નથી. ઠામુકું કાઢી મૂકેલા હોય. આરસપહાણના મકાન કર્યા હોય પછી. પહેલા ગરીબ હોય સાધારણ, એમાં થયા પૈસા. લ્યો. દસ લાખનું આરસપહાણનું મકાન. આ પૂનમચંદ ગોદિકાનું ચાર લાખનું મકાન. ઓલાને દસ લાખનું. ક્યાં? સાગર. છ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


લાખનું. એક વળી બીજા કરે છે ઓલા દિલ્હી નેમચંદ. દસ લાખનું એ કરે છે. પગલાં કરવા લઈ ગયા હતા. પચાસ તો આમાં પાયખાના થાશે. શું કહેવાય એ? શું નામ? એ જાજરૂ શબ્દ નહોતો કહ્યો. ન્હાવાના બાથરૂમ. બાથ થાશે એમ બોલ્યા હતા. મકાનમાં પગલા કરવા લઈ ગયા હતા. દસ લાખનું મકાન. પગલા કરવા. કહે, આમાં પચાસ તો બાથરૂમ છે. એમ કરીને આ કેવડું મોટું છે એમ કહેતા હતા. હજી તો કાચુ હતું. પણ એ...

મુમુક્ષુ :- પૈસા ઘણા થઈ ગયા ને.

ઉત્તર :- પૈસા થયા. એ તો કહે ચાર લાખ પેદા કરતા એના આઠ લાખ થયા તમારે નામે. અમે ભગત થયા તમારા. એમ બોલ્યો ઈ તો, લ્યો. મકાન ઉપર 'કહાન કરુણા' લખ્યું છે. એ તો પુણ્યને લઈને મળે, બાપા! ચાર લાખ વર્ષો વર્ષ પેદા કરતા અને ઓણ થયા આઠ લાખ. દસ લાખનું કરે છે. નહિ? ગયા હતા ને? આમ તો કહે ભાઈ.. પુણ્યને લઈને. પણ જરી એમ કે પ્રેમ અમને છે અને આમાં આવ્યા પછી પૈસાના ઢગલા થાય છે પેદાશના. એમ માણસને વહેમ પડી જાય છે ને ઘણાંને? એય.. મોહનભાઈ! ઘણા કહે, આ લાકડીમાં કાંઈક છે. લાકડી ફરે ત્યાં પૈસા થાય. એમ પણ કહે છે ને જરી? પોપટભાઈ! અહીં ઘણાય બીજા સાધારણ પણ છે. કેમ લાકડી તો બધા ઉપર ફરે છે આમ. એય..! એ હજી વિચારે છે શું કહેવું?

અહીં તો કહેવું છે કે ગરીબ માણસ હોય અને ગાર માટે ઢેફાં કર્યા હોય અને ઢેફાં પડ્યા હોય. આરસપહાણનું મકાન હોય તો છોડી દે. નાખી દ્યો એ અહીં ક્યાં રાખવું? આરસપહાણ ઉપર ગાર થતા હશે એના? એમ જ્યાં આત્માની સક્જ્ડ બુદ્ધિ જ્યાં સમ્યગ્દર્શન થયું... આહાહા..! નવા મકાન કર્યા આરસપહાણના. હીરાના-હીરાના. ચૈતન્ય હીરો ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ જેવો સર્વજ્ઞ કેવળજ્ઞાની પરમેશ્વરે વીતરાગદેવે આત્મા જોયો એવો અંદરમાં ભાનમાં, જ્ઞાનમાં હીરો આવ્યો, હવે કહે છે કે પૂર્વના અજ્ઞાનભાવે બાંધેલા કર્મ તે ઢેફાં રહી ગયા. એને કાંઈ આત્મા સાથે સંબંધ નથી. આહાહા..! સમજાણું કાંઈ?

પહેલા કીધું હતું ને કે પૂર્વનું કર્મ, એને આસ્રવ કહેવો નવા માટે. પણ એને પણ રાગદ્વેષમોહના પરિણામ તે નિમિત્ત થાય તે આસ્રવ છે. હવે અહીં તો કહે છે કે એ ભાવ જ નથી જ્યાં. ભાવાસ્રવ નથી એટલે ઓલા પડ્યા રજકણ એ બીજાને નિમિત્ત થવું એવું છે નહિ. એ તો જડ છે એકલા. આહાહા..! અરે..! સમ્યગ્દર્શન અને એની મહિમા શું છે? એની એને ખબર ન મળે. અને મિથ્યાદર્શનનું કેટલું અધમપણું અને કેટલું પાપ છે (એની ખબર ન મળે). આ તો બહારમાં કાંઈક હિંસા કરે તો આ કર્યું ને તે કર્યું, ફલાણું કર્યું. એના ઉપર માપ કરે અજ્ઞાની અનાદિથી. સમજાણું કાંઈ?

પરમેશ્વર ત્રિલોકનાથ તો કહે છે કે બાપુ! તારા સ્વભાવમાં એ અવિકારી સ્વભાવ ભગવાન સમરસપણું તો પડ્યું છે. વીતરાગતા પ્રગટ થશે એ ક્યાંથી આવશે? વીતરાગદશા પ્રગટ થશે, વીતરાગ વિજ્ઞાન. વીતરાગ વિજ્ઞાન. રાગ વિનાની જ્ઞાનદશા અને વિજ્ઞાન કેવળજ્ઞાન. ભાઈ! એ દશા ક્યાંથી આવશે? ભાઈ! તારા અંદર સ્વભાવમાં પડી છે. કાંઈ બહારથી લટકતી નથી તે બહારથી આવે એ વસ્તુ. એવો જે આત્મા અંદર સચ્ચિદાનંદ સિદ્ધ સમાન સ્વરૂપ, એનું ભાન કરતાં અભાન વડે જે આસ્રવ આવતા એ તો ન રહ્યા, પણ અભાન વડે જે બંધાયેલા રજકણો છે એ '**(માટી વગેરે પુદ્ગલસ્કંધો છે તેવા જ એ પ્રત્યયો છે);...**' જગતમાં ઓલા ઢેફાં કરી રાખ્યા એવા ઓલા કર્મના ઢેફાં છે. આત્માને અને એને કાંઈ સંબંધ છે નહિ. નિમિત્ત નૈમિત્તિક સંબંધ નથી એમ કહે છે, ભાઈ! ઈ એમ કહે છે. મૂળ તો એમ કહે છે.

અહીં રાગદ્વેષ જ એકત્વપણું જ્યાં ઉડી ગયો વળી આ કોઈ નિમિત્ત એને થાય એ રહ્યું જ નહિ, એને છે જ નહિ. આહાહા..! સમજાણું કાંઈ? નિમિત્ત નૈમિત્તિક સંબંધ તો એ વ્યવહાર હતો. એ તો જ્યાં વ્યવહારનો રાગ એ વ્યવહાર હતો. એ જ્યાં ઉડાડ્યો અંદરમાંથી. વળી પાછું બાકી શું રહ્યું એને? આહાહા..! સમજાણું? આવા ભાનમાં પૂર્વના અજ્ઞાનભાવે, અભાનભાવે બંધાયેલા એ માટીના ઢેફાં સમાન છે.

'**(માટી વગેરે પુદ્ગલસ્કંધો છે તેવા જ એ પ્રત્યયો છે);...**' પ્રત્યય એટલે આસ્રવ. '**તે તો બધાય, સ્વભાવથી જ માત્ર કાર્મણ શરીર સાથે બંધાયેલા છે-સંબંધવાળા છે,...**' એની સાથે છે. '**स्वभावत एव कार्माणशरीरेणैव सम्बद्धाः**' જુઓ! છે ને? '**कार्माणशरीरेणैव सम्बद्धाः**' છે ને? સંસ્કૃતમાં. એની સાથે સંબંધ છે. અહીં સંબંધ નિમિત્ત નથી એમ મારે કહેવું છે. સમજાય છે? આની સાથે તો નિમિત્ત નૈમિત્તિક સંબંધ પણ ન મળે હવે. આ ઉડી ગયો મિથ્યાત્વભાવ પછી વળી આની સાથે નિમિત્ત સંબંધ રહ્યો ક્યાં? સમજાણું કાંઈ?

મૂળ જડ મિથ્યાત્વની જ્યાં ટળી અને સમ્યક્ થયું, ખલાસ ઊડી ગઈ વાત. ધારાવાહી પરિણતિ કરીને કેવળજ્ઞાન લેવાનો. સમજાય છે કાંઈ? અરિહંત એ ધારાવાહી પર્યાય થવાની. .. લીધું હતું ને? ડીંટડું તૂટ્યું એ ફરીને સંધાય નહિ. એવી શૈલી લીધી છે. પોતાની સ્થિતિ એવી છે, એ સ્થિતિથી વર્ણન છે. સમજાણું કાંઈ? ભલે ક્ષાયિક સમકિત નથી. એ તો સિદ્ધ કર્યું. .... પણ એ સમ્યગ્દર્શન એવું છે ધારાવાહી થઈને ક્ષાયિક થઈને કેવળજ્ઞાન લેશે. સમજાણું કાંઈ? એ વાત જાણવાની. આ તો વસ્તુસ્થિતિ છે આદરવાની ઈ આ છે. સમજાણું કે નહિ? આહાહા..!

મુમુક્ષુ :- વ્યક્તિગત.

ઉત્તર :- વ્યક્તિગત નહિ, વસ્તુ પોતે છે એમાંથી ઉપાડીને વાત કરી. આ રીતે છે કે આમ છે. આહાહા..!

તે પરમાણુના સ્કંધ-રજકણ જે કર્મ જડ એ તો '**સ્વભાવથી જ માત્ર...**' સ્વભાવથી એક વાત. '**માત્ર કાર્મણ શરીર સાથે બંધાયેલા છે-સંબંધવાળા છે,...**' કાર્મણ શરીરનો કોઠો જે પડ્યો છે ને કોઠો? એની સાથે એ પૂર્વના અજ્ઞાનથી બંધાયેલા એની સાથે સંબંધવાળા છે. જીવ સાથે નહિ. જીવ સાથે સંબંધ નિમિત્ત નૈમિત્તિક પણ છે નહિ. આહાહા..! હવે આ તે કાંઈ આઠમા ગુણસ્થાનની વાત કરે છે? .. વાત કરે છે? કોણ જાણે શું કરે છે, કાંઈ ખબર પડતી નથી. આટલું બધું.. આહાહા..! ખબર પડતી નથી એટલે કે આવું તે પણ આંધળું ખાતું! આવું અંધારું! ઓહો..!

ભગવાન આત્મા... અહીં તો એ સિદ્ધ કરે છે. જાગ્યો તે જાગ્યો. બસ! સમજાણું? એને કાર્મણ શરીરના રજકણો સાથે કાંઈ સંબંધ નથી. એટલે અકિંચિત્કર છે. એટલે કે એનો સંબંધ જડ સાથે, કાર્મણ શરીર સાથે છે. અહીં છે નહિ. '**જીવ સાથે નહિ;...**' અસ્તિ-નાસ્તિ કર્યું. કાર્મણ શરીર સાથે સંબંધ છે રજકણો બંધાયેલા પૂર્વના. જીવ સાથે નહિ. જીવ સાથે સંબંધ નહિ. પૂર્વના રજકણના ઢેફાં જીવ સાથે-ભગવાન જ્ઞાયકભાવ સાથે એને કાંઈ સંબંધ છે નહિ. આહાહા..! કેટલું કઠણ! આ બધી ભગવાન આત્માની મહિમાની વાત કરે છે. એની મહિમા એટલે દૃષ્ટિ એના મહિમાવાળી અને ભાન થયું એટલે ખલાસ બધું ઊડી ગયું. ભગવાન આત્મા. સમજાણું કાંઈ? પોતાની ખબર ન મળે અને માંડ્યો ધર્મ કરીએ. શું ધર્મ? ક્યાંથી આવ્યો પણ? તું કોણ? ભગવાને શું કહ્યું? અને ધર્મ કોને કહેવો એની ખબર ન મળે અને અમે ધર્મ કરીએ છીએ. શેના ધૂળના ધર્મ? ધૂળ એટલે સારું પુણ્ય પણ બંધાશે નહિ એમ કહે છે. સમજાણું કાંઈ?

'**માટે જ્ઞાનીને...**' જ્ઞાનીને એટલે ધર્મી. '**દ્રવ્યાસ્રવનો અભાવ સ્વભાવથી જ સિદ્ધ છે.**' કારણ કે એની સાથે તો કાંઈ સંબંધ છે નહિ. એકબીજામાં અભાવ છે. નિવૃત્તસ્વરૂપ જ છે. આવ્યું હતું ને ઓલામાં? પુરુષાર્થસિદ્ધિ ઉપાયમાં. નહિ? પરિગ્રહમાં. એ પરિગ્રહનો અર્થ એ કે એ વિકલ્પને, શરીરને પકડ્યું જ નથી એણે. આત્મામાં... બહારથી વાત કરે છે. પરદ્રવ્યથી નિવૃત્તસ્વરૂપ જ છે. પરદ્રવ્ય નિવૃત્તસ્વરૂપ જ છે. પરદ્રવ્યના ત્યાગસ્વરૂપ જ છે. આત્મા પરદ્રવ્યના ત્યાગ-અભાવસ્વભાવસ્વરૂપ જ છે. આહાહા..! એ નિવૃત્તિ તત્ત્વ છે. ભગવાન આત્મા નિવૃત્ત તત્ત્વ છે. નિવૃત્ત તત્ત્વ એટલે? એનામાં રજકણ અને અનંત બીજા દ્રવ્યોનો નાસ્તિ છે, અભાવ છે, ત્યાગ છે. પરનો ત્યાગ જ એનામાં છે. ત્યાગ કરવો એમ નથી.

આહાહા..! સમજાણું કાંઈ?

આત્મામાં પરનો ત્યાગ જ છે અનાદિથી. કારણ કે સ્વપણાની અસ્તિ અને પરપણાની નાસ્તિ. નિવૃત્તિ જ તત્ત્વ છે ઈ. આહાહા..! એ અહીં કહે છે કે કર્મનું માન્યું હતું કે હું સંબંધવાળો છું, રાગવાળો છું, આ વાળો છું, કર્મવાળો છું એમ માન્યું હતું. એ માન્યતા ટળતા જે ભાવ રહી ગયો ધર્મનો આત્મા શુદ્ધ ચૈતન્યની શ્રદ્ધા, હવે એને કાંઈ કર્મ છે નહિ. કર્મની સાથે એને સંબંધ છે જ નહિ.

'**દ્રવ્યાસ્રવનો અભાવ સ્વભાવથી જ સિદ્ધ છે.**' લ્યો! એ તો રજકણ જગતના પડ્યા છે એમ પડ્યા છે ઈ. બીજાના શરીર કેમ છે? બીજાના શરીર, બીજાની લક્ષ્મી, બીજાના પથરા પડ્યા હોય એમ એ પથરા બીજારૂપે છે. પરદ્રવ્યરૂપે છે. સ્વદ્રવ્યરૂપે છે નહિ. સ્વદ્રવ્યમાં નિમિત્ત નૈમિત્તિક સંબંધ પણ રહ્યો નથી. આહાહા..!

'**ભાવાર્થ :- જ્ઞાનીને...**' એટલે ધર્મીને-સમ્યગ્દ્રષ્ટિને-વીતરાગ પરમાત્માના માર્ગમાં અંતર અનુભવની દૃષ્ટિએ આવ્યો એને '**જે પૂર્વે અજ્ઞાનદશામાં બંધાયેલા...**' મિથ્યાત્વ, અવ્રત આદિ કષાય વગેરે '**દ્રવ્યાસ્રવભૂત પ્રત્યયો છે...**' રજકણો પડ્યા છે પૂર્વના. '**તે તો માટીના ઢેફાંની માફક પુદ્ગલમય છે...**' સમજાણું કાંઈ? '**તેથી તેઓ સ્વભાવથી જ અમૂર્તિક ચૈતન્યસ્વરૂપ જીવથી ભિન્ન છે.**' તેથી તે જડ રજકણો જે કર્મના, એ સ્વભાવથી જ અચેતન, ચૈતન્ય સ્વરૂપ જીવથી એવા અમૂર્તિક ચૈતન્ય સ્વરૂપથી, મૂર્તિક રજકણો તે જીવથી ત્રિકાળ ભિન્ન છે. સમજાણું કાંઈ? '**તેમનો બંધ અથવા સંબંધ પુદ્ગલમય કાર્મણ શરીર સાથે જ છે,...**' કહો, સમજાણું? કાર્મણ શરીર '**बद्धा**' શબ્દ પડ્યો છે ને? એટલે એ લીધું. ટીકામાં પાછો સંબંધ લીધો ભાઈએ. સમજાણું ને? બે નાખ્યા એમણે. પાઠમાં '**बद्धा**' શબ્દ છે. ટીકામાં '**बद्धा**' નો અર્થ '**सम्बद्धाः**' કીધો છે. '**सम्बद्धाः**' કાર્મણશરીર '**सम्बद्धाः**'. '**बद्धाः**'નો અર્થ '**सम्बद्धाः**' કર્યો. એટલે બેય અર્થ રાખ્યા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા એમ. બંધાયેલા છે, સંબંધવાળા છે.

'**તેમનો બંધ અથવા સંબંધ પુદ્ગલમય કાર્મણ શરીર સાથે જ છે, ચિન્મય જીવ સાથે નથી.**' ભગવાન આત્મા જ્ઞાનનો પુંજ પ્રભુ, ચૈતન્ય સ્વભાવનો સાગર આત્મા એની સાથે જડનો કાંઈ સંબંધ છે નહિ. જડના અભાવસ્વરૂપે જ ભગવાન અનાદિથી રહ્યો છે. '**માટે જ્ઞાનીને...**' ધર્મીને '**દ્રવ્યાસ્રવનો અભાવ તો સ્વભાવથી જ છે. (વળી જ્ઞાનીને ભાવાસ્રવનો અભાવ હોવાથી, દ્રવ્યઆસ્રવો નવાં કર્મના આસ્રવનું કારણ થતા નથી...**' એ લીધું જુઓ! ઓલું નિમિત્ત. નિમિત્ત સમજાણું?

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


'**(વળી જ્ઞાનીને ભાવાસ્રવનો અભાવ હોવાથી, દ્રવ્ય આસ્રવો...**' એટલે રજકણો. ભાવાસ્રવો સમજાણું? મિથ્યાત્વ અને મિથ્યાત્વ સાથેના રહેલા રાગદ્વેષભાવ. અનંતાનુબંધીના રાગદ્વેષ એ સમ્યગ્દર્શનના ચોર છે. સમજાણું? એ ચોરનો જ્યાં નાશ કર્યો અને આત્મા ભગવાન પૂર્ણાનંદ પ્રભુ, એની અંતર દૃષ્ટિ અને અનુભવ થયો. કહે છે કે, ધર્મીને '**ભાવાસ્રવનો અભાવ હોવાથી, દ્રવ્ય આસ્રવો નવાં કર્મના આસ્રવનું કારણ થતા નથી...**' એમ. કારણ એટલે નિમિત્ત કારણ થતાં નથી. '**તેથી તે દૃષ્ટિએ પણ જ્ઞાનીને દ્રવ્ય આસ્રવનો અભાવ છે.**' નિમિત્ત નૈમિત્તિક સંબંધ થતા નથી માટે પણ અભાવ છે. કહો, સમજાણું આમાં? આ તો કૌંસમાં નાખ્યું છે, નહિ? એનું નહિ હોય. જયચંદ્રજીનું.

'**હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :-**' ઉપર શ્લોક છે ૧૧૫.

**भावास्रवाभावमयं प्रपन्नो**
**द्रव्यास्रवेभ्यः स्वत एव भिन्नः।**
**ज्ञानी सदा ज्ञानमयैकभावो**
**निरास्रवो ज्ञायक एक एव।।११५।।**

'**एक**' શબ્દ ઉપર વજન છે. એકલો. બેકલો છે નહિ હવે.

'**શ્લોકાર્થ :- ભાવાસ્રવોના અભાવને પામેલો...**' '**प्रपन्न**' છે ને? ભગવાન આત્મા પોતાના શુદ્ધ આનંદ સ્વભાવને પ્રાપ્ત થયેલો ભાવ. એને '**ભાવાસ્રવોના અભાવને પામેલો...**' શું કીધું? ભગવાન આત્મા પોતાની શુદ્ધ સંપદાને પામેલો, શ્રદ્ધા ને જ્ઞાનમાં પોતાના શુદ્ધ સ્વભાવને પામેલો, એને ભાવાસ્રવના અભાવને પામેલો. એને ભાવાસ્રવ એટલે મિથ્યાત્વ અને રાગદ્વેષ હોતા નથી. અનંતાનુબંધી ને મિથ્યાત્વ એવા કારણ, સ્વભાવનું સમ્યગ્દર્શન અને સ્વભાવની સ્થિરતાનો અંશ, એને સ્થિરતા અને શ્રદ્ધા દ્વારા આત્માને પામેલો, એને ભાવાસ્રવનો અભાવ પામેલો છે. એટલે ભાવાસ્રવ છે નહિ.

'**ભાવાસ્રવોના અભાવને પામેલો...**' સ્વભાવના ભાવને પામેલો, સમજાણું કાંઈ? શુદ્ધ ચૈતન્ય ભગવાન આત્મા એવા સ્વભાવના ભાવને પામેલો દર્શન ને જ્ઞાન ને શાંતિનો ભાવ. એવા ભાવને, એ ભાવ આ ભાવને પામેલો. એને આ ભાવાસ્રવના અભાવને અભાવરૂપ પામેલો. એને ભાવાસ્રવ હોતા નથી. આહાહા..! સમૂળગી મૂડીની વાત ન મળે અને ઉપરની બધી વાતું. આ વ્રત લીધા, દયા કરી, તપ કર્યા, અપવાસ કર્યા. હવે એ તો બધા થોથાં ઉપરના પાંદડા છે. મૂળીયું કાપ્યા વિના એ પાંદડા પાછા પાંગરી જાશે. એમ અહીંયાં કહે છે કે જ્યાં મૂળ કપાણા... આહાહા..! સંસારનું મૂળ જે મિથ્યાત્વ છેદાણું, મોક્ષનું મૂળ જેવું સમ્યગ્દર્શન, આત્મદ્રવ્ય મોક્ષનું મૂળ છે એને ભાન પ્રાપ્ત થયો, એને ભાવાસ્રવને અણપામેલો.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

ભાવાસ્રવ એને છે નહિ.

‘**દ્રવ્યાસ્રવોથી તો સ્વભાવથી જ ભિન્ન...**’ જડના રજકણોથી તો સહજપણે ભિન્ન એવો ધર્મી કે ‘**જે સદા એક જ્ઞાનમય ભાવવાળો છે...**’ જુઓ ભાષા! ધર્મી સદા એક જ્ઞાનમય, શ્રદ્ધામય, શાંતમય એવા ભાવવાળો જ છે. એને રાગનો વિકલ્પ અને નિમિત્તનું કર્મ એ વાળો કોઈ દિ’ છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? આ બધું દેખાયને? બોલવાનું દેખાય, ચાલવાનું દેખાય, ખાવા-પીવાનું દેખાય. સૂવામાં શરીરને આમ વાળ્યું, આમ કર્યું ને આ કર્યું. એ બધું દેખાય ને? કહો, સમજાણું? ન્હાવાનું દેખાય, ધોવાનું દેખાય, બોલવાનું દેખાય, ચાલવાનું દેખાય. એ તો જડની છે, એ બધી જડની અવસ્થા છે. સમજાણું? તેથી તેને જ્ઞાનીને તો એક જ્ઞાનમય ભાવ છે. ઓલો ભાવ એનો છે નહિ. આહાહા..! આ તો સદા એક જ્ઞાનમય ભાવવાળો. એમ. એ સદાય એક જ્ઞાનમયભાવ (વાળો છે). એ વખતે શરીરની ક્રિયા ખાવા-પીવાની હોવા છતાં અને કાંઈક રાગ હોવા છતાં જ્ઞાની તો જ્ઞાનમય ભાવવાળો છે. રાગવાળો ને ક્રિયાવાળો છે નહિ. સમજાણું કાંઈ? એટલે કે જ્ઞાની અજીવની ક્રિયાવાળો નથી અને આસ્રવવાળો નથી. જ્ઞાની જીવના સ્વભાવના પરિણમનવાળો છે. એથી સદા એક જ્ઞાનમય ભાવવાળો એમ કીધું. લ્યો! થઈ ગયું? સમ્યક્ થયું ત્યાં? હવે સાંભળને! કઈ અપેક્ષાએ વાત છે? સમ્યગ્દષ્ટિને ખબર છે કે બાપુ! હજી પૂર્ણ ચારિત્ર ન થાય ત્યાં સુધી મને રાગ છે એ ટાળવો છે. એ આવશે પછી. તરત જ લખ્યું. ૧૭૦માં જ લેશે. એકદમ આ વાત ઉપાડીને મૂકી પાછી તરત વ્યવહારની પર્યાય મોળી છે જરી એ વાત લેશે. અહીં એકદમ લીધું છે.

ભગવાન આત્મા પોતાના પવિત્ર આનંદ સ્વભાવમાં ઘૂસીને જે સમ્યગ્દર્શન-જ્ઞાન-શાંતિનો જ્ઞાનમય ભાવ થયો. બસ! એ જ્ઞાનમય ભાવવાળો જ છે આત્મા. ધર્મી તો જ્ઞાનમય ભાવવાળો જ છે. ધર્મીને બાયડીવાળો, છોકરાવાળો, શરીરવાળો, આ રાગવાળો કહેવો કે એ વાત સાચી છે નહિ. આહાહા..! શું છે આ? ઘરમાં બધો વેપાર કરતો હોય છે. કહો, મલૂકચંદભાઈ! નથી કરતો? જેઠાભાઈ કહેતા કે અમે આ માનીએ આમાં નથી, એમ કરીને થડાનો ધંધે વેપાર કરીએ તો? ઠીક!

મુમુક્ષુ :- બે દિ’ પહેલા એમ ...

ઉત્તર :- એને એમ કે લ્યો, અમે આમ કરીએ તો? શું પણ? હજી મમતા એકત્વબુદ્ધિ તો છૂટી નથી. વળી કરવું છે પાછું. કરે કોણ? થાવું હોય તે થડે થાય અને આવવું હોય તે પૈસા આવે અને જાવું હોય તો જાય. જ્ઞાનીને રાગનો વિકલ્પ સાથે મેળ નથી, એ વાળો નથી. અહીં તો જ્ઞાની સદાય એ જ્ઞાનમય ભાવવાળો છે. સમજાણું કાંઈ? આહાહા..! એ

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


વખતના વેપારનો વિકલ્પ છે એ વાળો નથી એમ કહે છે. કારણ કે ભાવાસ્રવ છે. એનો તો અભાવ છે એમાં-જ્ઞાનપર્યાયમાં. સમજાણું કાંઈ? વીતરાગનો માર્ગ અજર પ્યાલા જગતને સાંભળવા મળ્યો નથી. અજ્ઞાનીના રાગ-દ્વેષના ભાવ અને એવો ને એવો અહીં ભાવ કરે ને અમે વીતરાગ ધર્મને સમજીએ છીએ. આહાહા..!

કહે છે... અહીં વજન શું છે? કે સમ્યગ્દષ્ટિને સદા એક જ્ઞાનમય ભાવવાળો કહેવામાં આવ્યો છે. ધર્મી થતાં, ધર્મનું ભાન થતાં અથવા ધર્મી એવો ભગવાન આત્મા એનું અંતરમાં ભાન અને જ્ઞાન થતાં ધર્મીને એક સદાય. સદાય એટલે કાયમનો, ચોવીસે કલાક, ત્રણે કાળમાં સાદિઅનંત ભાગ રહી ગયો, બધામાં સદાય જ્ઞાનમય ભાવવાળો છે. '**તે નિરાસ્રવ જ છે,...**' લ્યો! જ્ઞાનમય ભાવ હોવાને લઈને જ્ઞાનમયથી વિરૂદ્ધ ભાવવાળો એ છે નહિ. માટે તે નિરાસ્રવ જ છે. એ આસ્રવ જ્ઞાનીને છે નહિ. પાછું 'જ', હોં! '**નિરાસ્રવ જ છે,...**' એમ છે ને? '**निरास्रवो ज्ञायक एक एव**' ઈ ને?

'**માત્ર એક જ્ઞાયક જ છે.**' જાણનાર દેખનાર એવો ભગવાન પોતાની જ્ઞાનકળાએ જાગ્યો. એ જાગ્યો એ જાગ્યો. કહે છે કે હવે એ તો જ્ઞાનમય જ છે, જ્ઞાયક જ છે. એ ધર્મીને હવે રાગવાળો કહેવો, બાયડીવાળો, શરીરવાળો, ધંધાવાળો, આ વાળો, આ વાળો કહેવો એ વાત એને શોભતી નથી, એને લાગુ પડતી નથી, એને બંધબેસતી નથી. કહો, સમજાણું કાંઈ? '**તે નિરાસ્રવ જ છે, માત્ર એક જ્ઞાયક જ છે.**'

'**ભાવાર્થ :- રાગદ્વેષમોહસ્વરૂપ ભાવાસ્રવનો જ્ઞાનીને અભાવ થયો છે...**' રાગદ્વેષ અને મિથ્યાત્વ સાથેના રાગદ્વેષ અને મિથ્યાત્વનો અભાવ. અનંતાનુબંધીનો રાગ-દ્વેષ અને મિથ્યાત્વ. એવો ભાવાસ્રવ, ખરો જે આસ્રવ, ખરો સંસાર એનો તો અભાવ થયો છે. સમજાણું કાંઈ? પુરુષાર્થસિદ્ધિમાં કહ્યું, પહેલામાં પહેલું આ કર સમ્યગ્દર્શન. એ વિના જ્ઞાન અને ચારિત્ર સાચા હોઈ શકે નહિ. હવે એ મૂળની વાતની ખબર ન મળે અને ઉપરના આ લૂગડા છોડો, વ્રત લઈ લ્યો, અણુવ્રત લઈ લ્યો. પણ મિથ્યાદષ્ટિને અણુવ્રત કેવા?

મુમુક્ષુ :- મિથ્યાદષ્ટિ હોય દિગંબર હોય તો?

ઉત્તર :- દિગંબર કે દિ' (હતો)? જન્મ્યો એટલે થઈ ગયો દિગંબર? વાડામાં જન્મ્યો એટલે થઈ ગયો? કોથળીમાં કરિયાતા ભર્યા અને માથે લખ્યું સાકર. તો કરિયાતા મટી જાતા હશે કડવા? એમ જૈનમાં જન્મ્યો એટલે જૈન થઈ ગયો? ના ના. ધૂળમાંય નથી. ભાનેય નથી હજી તો. સાંભળી નથી એણે વાત હજી તો. એકલો પરમાત્મા વિકલ્પ વિનાનો અને અલ્પજ્ઞ પર્યાય વિનાનું આખું દ્રવ્ય છે. એ શું કેવડું કેમ, એને નજરમાં આવવું કઠણ છે. સાંભળવા મળે કે આ વસ્તુ... વસ્તુ... વસ્તુ... ચૈતન્ય સ્વભાવ પૂર્ણાનંદ પ્રભુ એક સમયની

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પર્યાયમાં પણ આવતો નથી અને પર્યાય પણ ખરું એનું કાયમનું સ્વરૂપ નથી. આહાહા..! એવો ભગવાન આત્મા સર્વજ્ઞ પરમેશ્વરે નિશ્ચયથી તેને આત્મા કહ્યો છે. એક સમયની અવસ્થાને તો વ્યવહાર આત્મા કહ્યો છે, લ્યો! આહાહા..!

રાજકોટમાં ચાલ્યું હતું તો કહે, એને શું કહેવું? અરે! અનાત્મા કહેવો. લ્યો. નિશ્ચયથી અનાત્મા છે, વ્યવહારથી પર્યાય છે. આહાહા..! સ્યાદ્વાદની જૈનદર્શનની કળા અલૌકિક વાત! અલૌકિક વાત!! જ્ઞાનીના ન્યાયને સમજે નહિ, એને અનેકાંત આવો માર્ગ આ તે કઈ જાતનો છે? એવું એને લાગે. અદ્દ્ભુતાત્ અદ્દ્ભુતમ. નથી આવતું? પાછળ આવે છે. વસ્તુ એવી છે, ભાઈ! એ કોઈએ કરેલી નથી. વસ્તુ કોને કહેવી? સ્વભાવ છે એમ કોને કહેવું? વસ્તુનો સ્વભાવ કોને કહેવો? સમજાણું? આકાશમાં ક્ષેત્રનું માપ ક્યાંય (છે)? નથી ક્યાંય નથી આવતું, આ શું હશે? આકાશ ક્યાંય નથી એમ નથી આવતું એ શું હશે? એ વસ્તુ સ્વભાવ લેવો છે. આકાશ આકાશ છે ને? પછી એનો અંત ક્યાં આવ્યો? ક્યાં નથી?

અહીં ભગવાન તો કહે છે કે, છે... છે... છે... છેમાં ક્યાં નથી અને નથી તો કહીશ શી રીતે તું વસ્તુને? એવો જ કોઈ સ્વભાવ ક્ષેત્રનો. એવો જ કોઈ (સ્વભાવ) ભગવાન આત્માના એક એક ગુણનો. સમજાણું? એના સ્વભાવનું શું કહેવું? પરિપૂર્ણ પ્રભુ. આ પરિપૂર્ણ ક્ષેત્રમાં નથી ક્યાંય આવતું નથી. અસ્તિ-અસ્તિ-અસ્તિ જ આખું આવે. આહાહા..! કાળમાં પણ અસ્તિ-અસ્તિ જ આવે. કે દિ' નથી કાળ ગયા કાળમાં? ભવિષ્યકાળમાં કાળ કે દિ' નહિ હોય? કાળ પણ અસ્તિ... અસ્તિ.. અસ્તિ... અસ્તિ... અસ્તિ... અસ્તિ. છે... છે... છે... છે... છે... છે... છે... છે... છે. આ તે કાંઈ વાત છે! લોકો વિચારતા નથી. એ જૈનદર્શનનું વસ્તુ સ્વરૂપ છે એ લોકો વિચારતા નથી. એટલે પોતાની કલ્પનાએ પછી આ શું? આ શું એમ કરીને કાઢી નાખે. સમજાણું?

પહેલા સિદ્ધ કે સંસારી? વસ્તુ સિદ્ધ કઈ રીતે તું કરીશ? જો સિદ્ધ નથી એમ કહે તો સિદ્ધના સાધનારા નથી અને સાધનારા નથી તો મિથ્યાત્વ એકલું છે. મિથ્યાત્વ છે એ શું? મિથ્યાત્વ કોની અપેક્ષાએ રહ્યું? સમ્યગ્દર્શનના સાધકની અપેક્ષાએ બાધકપણું કહેવાય છે. એ વસ્તુ જ એવી કોઈ છે. વસ્તુ એવી છે. કરેલી નથી, આવું ન હોય તો બીજી રીતે હોય શી રીતે? એવો ભગવાન આત્મા જેના એક એક જ્ઞાનસ્વભાવનું ઓહો..! શું કહે! કહે છે. પરિમિત દશા જ જેની નથી. અપરિમિત સ્વભાવ એવો ભગવાન આત્મા. એના સ્વભાવની અંતર દૃષ્ટિએ ઠર્યો. કહે છે કે એને હવે મિથ્યાત્વના આસ્રવ નથી. બેહદ સ્વભાવની જ્યાં દૃષ્ટિ થઈ ગઈ. સમજાણું કાંઈ? આહાહા..! એને ભાવાસ્રવ વિકારી દશા છે જ નહિ. અને કર્મના રજકણો છે એ તો એના છે એ તો સ્વભાવથી જડ છે. અહીં વધારે વજન અહીં

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

છે. સમજાણું?

એક ભાવ છે, કીધું હતું ને? **'રાગદ્વેષમોહસ્વરૂપ ભાવાસ્રવનો જ્ઞાનીને અભાવ થયો છે અને દ્રવ્યાસ્રવથી તો તે સદાય સ્વયમેવ ભિન્ન જ છે. કારણ કે દ્રવ્યાસ્રવ પુદ્ગલપરિણામસ્વરૂપ છે અને જ્ઞાની ચૈતન્યસ્વરૂપ છે.'** ભગવાન જાણક સ્વભાવ, ચૈતન્ય સ્વભાવ છે. કર્મના રજકણોથી અચેતન પુદ્ગલના પરિણામ સ્વભાવ છે. બે ચીજ જ ભિન્ન છે. અહીં તો એને કહે કર્મ અમારા નહિ. ક્યાંથી લાવ્યા આ? ભગવાને કીધા છે ને? આઠ કર્મવાળો જીવ. આઠ કર્મ બાંધ્યા. જડને હોય? ભીંતને આઠ કર્મ હોય? કર્મની વાત જ જૈનમાં હોય. બીજે હોય? વીતરાગ સિવાય ક્યાંય એ વાત હોય નહિ. કેવળજ્ઞાની સિવાય કર્મની એની પર્યાય, એના અનંતા રજકણો, એની પ્રકૃતિ, સ્થિતિ, અનુભાગ, પ્રદેશ સંખ્યા, ... બીજે ત્રણ કાળમાં ક્યાંય ન હોય. એટલે એ કર્મવાળો જીવ છે, અનાદિ રખડે છે માટે. અહીં કહે છે કે સાંભળને હવે. કર્મ રહ્યા જડમાં. ભગવાન તો આનંદ અને જ્ઞાનવાળો છે. આહાહા..! એ અલ્પજ્ઞ પર્યાયવાળો પણ નથી. આહાહા..! સમજાણું કાંઈ? જે આશ્રય લે છે એવડો એ નથી. આહાહા..! પર્યાય આશ્રય લે ને ત્રિકાળનો. પર્યાય એક સમયનો આશ્રય લે છે ત્રિકાળનો. એ આશ્રય લે છે એવડો એ ત્રિકાળ નથી. આહાહા..! એવા આત્માનું જ્યાં અંતરમાં ભાન થયું તો કહે છે કે પુદ્ગલ પરિણામ તો અચેતન જ છે. જ્ઞાની ચૈતન્ય સ્વરૂપ છે. **'આ રીતે જ્ઞાનીને ભાવાસ્રવ તેમ જ દ્રવ્યાસ્રવનો અભાવ હોવાથી તે નિરાસ્રવ જ છે.'**

**'હવે પૂછે છે કે જ્ઞાની નિરાસ્રવ કઈ રીતે છે? તેના ઉત્તરની ગાથા કહે છે :-'** હવે જરી પાછું સમજાવે છે. એકદમ આ વાત કરી અને હવે પાછું પર્યાય હીણી છે એટલું જ્ઞાન કરાવવા વ્યવહાર સમજાવે છે. સમજાણું કાંઈ? પણ આવું જેને નક્કી થયું છે ત્યારે પછી એને વ્યવહાર અલ્પ જ્ઞાન છે અને યથાખ્યાત ચારિત્ર નથી એવું એને જ્ઞાન સાચું થાય. સમજાણું કાંઈ?

**चउविह अणेयभेयं बंधते णाणदंसणगुणेहिं।**
**समए समए जम्हा तेण अबंधो त्ति णाणी दु।।१७०।।**

નીચે હરિગીત.

**ચઉવિધ પ્રત્યય સમયસમયે જ્ઞાનદર્શનગુણથી,**
**બહુભેદ બાંધે કર્મ, તેથી જ્ઞાની તો બંધક નથી. ૧૭૦.**

જોયું! ગુણથી. જ્ઞાન દર્શનની પર્યાય બાંધે અને છતાં જ્ઞાની બંધક નથી. એટલે પર્યાયની મોળપ છે. દ્રવ્ય સ્વભાવની દૃષ્ટિએ બંધક છે જ નહિ. પર્યાયમાં કમી છે. તો એ દૃષ્ટિ-

પર્યાયદૃષ્ટિ ક્યાં છે જ્ઞાનીને? સમજાણું કાંઈ? એટલે વાત સમજાવે છે ખરી પાછી ભેગી.

'**ટીકા :- પ્રથમ,...**' તો. '**તાવદ**' છે ને? એ '**તાવદ**' છે. '**જ્ઞાની તો આસ્રવભાવની ભાવનાના અભિપ્રાયના અભાવને લીધે નિરાસ્રવ જ છે;...**' એક સિદ્ધાંત સિદ્ધ કર્યો કે ધર્મીને આત્મા મહા સંપદાથી ભરેલો ભગવાન, એનું અંતરમાં ભાન અને ભેટા અંદરમાં થયા એ આસ્રવભાવની ભાવના નથી હવે એને. હવે ભાવના હોય તો સ્વભાવ તરફની એકાગ્રતાની છે. હવે વિકલ્પ જે દયા, દાન, વ્રત, એની ભાવના નથી કે આ હોય તો ઠીક. એમ છે? આહાહા..!

મૂળ ધર્મી તો-જ્ઞાની તો... બીજો એમ કહે કે અમે જ્ઞાની નથી પણ અમે ધર્મી છીએ. પણ ધર્મી અને જ્ઞાની એક જ છે. એમ જ સમજ નહિ કે જ્ઞાની અમે નથી, અમને જ્ઞાનનું ભાન નથી પણ અમે ધર્મી છીએ. પણ ધર્મીનો અર્થ જ જ્ઞાની છે. સમજાણું કાંઈ? વસ્તુના સ્વભાવનો ધર્મ જે છે એને જેણે જ્ઞાનમાં જાણ્યા એવી દશાને ધર્મ કહે છે. એ ધર્મને ધર્મીનો આશ્રય લઈને જે દશા પ્રગટી એને જ્ઞાની કહે છે. અમે જ્ઞાની નહિ. ભાઈ! અમારે એટલું બધું જ્ઞાન ન હોય લ્યો. પણ અમે ધર્મી તો છીએ. મોહનભાઈ! આ ધર્મી અને જ્ઞાની એક જ વાત છે.

જ્ઞાની એના વસ્તુના ભાન સહિતની અપેક્ષાએ તેને જ્ઞાની કહ્યો. અને ધર્મી તેના ધર્મ વસ્તુ જે ત્રિકાળ છે તેની પર્યાયમાં તેનો તે સ્વભાવ પ્રગટ થયો તેથી તેને ધર્મી કહ્યો. એવા ધર્મને કરે, કરાનારો, કરનારો, માટે ધર્મી કહ્યો. પણ જ્ઞાની અને ધર્મી બે જુદા છે એમ નથી. જ્ઞાન બહુ આવડતું હોય એ જ્ઞાની કહેવાય અને જ્ઞાન બહુ ન આવડતું હોય અને આ ધર્મ કાંઈક કરે એને ધર્મી કહેવાય, એમ હશે?

'**પ્રથમ, જ્ઞાની તો આસ્રવભાવની...**' આસ્રવ એટલે રાગની ભાવના એને નથી. રાગ વિનાનો... કેટલાક કહે છે ને? વ્યવહાર આવશે કે નહિ અમારે? અમારે વ્યવહાર આવશે કે નહિ? વ્યવહાર આવશે એની હોંશ છે તને? રાગ આવશે એની હોંશ છે ને? એ તો ભાવના થઈ રાગની. સમજાણું કાંઈ? એ જ્ઞાનની ભાવના ન થઈ. અમારે વ્યવહાર તો આવે કે નહિ વચ્ચે? વ્યવહાર હોય કે નહિ? હોય. એની ઓલો હોંશ કરે છે. હાશ, આવ્યો ખરો. પણ એ તો તને રાગની ભાવના થઈ, વ્યવહારની ભાવના થઈ. ત્યાં નિશ્ચયની ભાવના ક્યાં રહી? સમજાણું કાંઈ? નિશ્ચયની ભાવના તો જ્ઞાનાનંદ પરમાત્મા શુદ્ધ ચૈતન્યમાં ઠરું ક્યારે? ઠરું ક્યારે? ઠરીને પૂર્ણ પદ પ્રાપ્ત (કરું) એવી એની ભાવના (હોય). એને ઠેકાણે તું કહે, આવો રાગ આવશે ને? એમાં વચ્ચે તો આવું આવે કે નહિ? તીર્થંકર ગોત્રનો બંધ સમકિતીને હોય કે નહિ? જ્ઞાનીને હોય કે નહિ? અજ્ઞાનીને હોય? જ્ઞાનીને જ એ ભાવ

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આવે. માટે સારો છે. હવે આવે માટે સારો કોણે કહ્યું? આવે છે એની હોંશ તને શેની આવે છે?

**મુમુક્ષુ** :- ...

ઉત્તર :- હા. આગે નહીં હો જાતા. એ વ્યવહાર પણ નથી અજ્ઞાનીનો. નિશ્ચય વિના વ્યવહાર કેવો? આહાહા..! સમજાણું?

'**આસ્રવભાવની ભાવનાના...**' આસ્રવ એટલે મિથ્યાત્વ અને રાગદ્વેષ વિકાર. વિકારની ભાવના જ્ઞાનીને '**અભિપ્રાયના અભાવને લીધે...**' એના ભાવનો અભિપ્રાયમાં ભાવ હોતો નથી. રાગ થાય તો ઠીક, રાગ હોય તો ઠીક, રાગ આવે તો ઠીક, રાગ આવો હોય તો ઠીક, એવી અભિપ્રાયમાં જ્ઞાનીને રાગના ભાવની, આસ્રવની ભાવના હોતી નથી. કહો, બરાબર છે? '**નિરાસ્રવ જ છે;...**' માટે નિરાસ્રવ છે. લે. અભિપ્રાયમાં, શ્રદ્ધામાં, આશયમાં, સ્વભાવ શુદ્ધ ચૈતન્યની દૃષ્ટિ ને જ્ઞાનને લઈને પોતાનું જ્ઞાન શ્રદ્ધાન છે. એને રાગના ભાવની અભિપ્રાયમાં ભાવના હોતી નથી. એની ભાવના નથી માટે તેને નિરાસ્રવ કહેવામાં આવે છે. રાગ જ નથી ને આસ્રવ નથી. '**પરંતુ...**' એને છે. એ કઈ રીતે છે એ થોડી વાત લેશે. આવશે..

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

**જેઠ વદ ૧, શુક્રવાર તા. ૨૩-૦૬-૧૯૬૭**
**ગાથા-૧૭૦ થી ૧૭૨, પ્રવચન-૨૫૫**

૧૭૦ ગાથા. પૂછ્યું છે કે ધર્મીને અધર્મ કેમ નથી? '**જ્ઞાની નિરાસ્રવ કઈ રીતે છે?**' એમ કહે છે. ધર્મીજીવને અધર્મ કેમ નથી? એમ કહે છે.

મુમુક્ષુ :- ધર્મીજીવને અધર્મ ન જ હોય?

ઉત્તર :- એ જ પૂછે છે. કઈ રીતે અધર્મ નથી? એમ કહે છે. ધર્મીને અધર્મ કઈ રીતે નથી? કહો, સમજાણું?

'**જ્ઞાની તો આસ્રવભાવની ભાવનાના અભિપ્રાયના અભાવને લીધે...**' ધર્મીજીવને આત્મા પવિત્ર શુદ્ધ આનંદકંદ છે, એવું અંતરમાં ભાન હોવાથી તેને અંતરમાં એકાગ્રતાની ભાવના હોય છે. રાગ જે અધર્મ છે, તેની એને ભાવના હોતી નથી. અભિપ્રાયમાં રાગ અધર્મ છે તેની ભાવના હોતી નથી. અભિપ્રાયમાં શુદ્ધ ચૈતન્ય ધર્મસ્વરૂપ, એની જે દશા ધર્મરૂપ, એની એકાગ્રતાની ભાવના હોય છે. કહો, સમજાણું? '**જ્ઞાની તો આસ્રવભાવની ભાવનાના અભિપ્રાયના અભાવને લીધે...**' વજન અહીં દેવું છે ને. ધર્મીનો અભિપ્રાય શુદ્ધ ચૈતન્ય વસ્તુ એના અનુભવ દૃષ્ટિ પરિણમી છે. સમજાણું કાંઈ? વસ્તુ શુદ્ધ ચૈતન્ય સ્વભાવ આનંદ અને જ્ઞાનની મૂર્તિ, એના સન્મુખ થઈને સમ્યગ્દર્શન-જ્ઞાનાદિ ધર્મરૂપ પરિણમન જેને ધર્મીને વર્તે છે. તેથી અભિપ્રાયમાં ધર્મ પરિણમનની એને એકાગ્રતા છે. રાગની એકાગ્રતાનો ભાવ અભિપ્રાયમાં ધર્મીને હોતો નથી. અહીં તો એકમાં બે ન હોય. ધર્મીને અધર્મ ન હોય અને અધર્મીને ધર્મ ન હોય. એમ વાત કરે છે સીધી. પછી થોડું લેશે. સમજાણું?

'**પ્રથમ, જ્ઞાની...**' એટલે આત્મા સ્વસંવેદન આત્માનું જ્ઞાન થયું એવા ધર્મીને '**આસ્રવભાવ...**' નામ વિકારી પરિણામ જે અધર્મરૂપ છે તેની ભાવનાના અભિપ્રાયનો અભાવ છે. સમજાય છે? જ્યાં શુદ્ધ આત્મા આનંદ છે એવું જ્યાં ભાન થયું, એવા ધર્મીને આનંદની અતીન્દ્રિય એકાગ્રતાની ભાવના હોય છે. પણ રાગ અને પુણ્યનો વિકલ્પ આદિ છે એની ભાવના હોતી નથી. તેથી અભિપ્રાયમાં તેની ભાવનાના અભાવે ધર્મી અધર્મમાં બિલકુલ નથી. એને ધર્મ જ એકલો છે. સમજાણું કાંઈ?

'**પરંતુ જે તેને પણ...**' ધર્મીને જે તેને પણ '**દ્રવ્ય પ્રત્યયો...**' એટલે પૂર્વના કર્મના રજકણો જડ પડ્યા છે તે '**સમય સમય પ્રતિ અનેક...**' '**તેને પણ દ્રવ્યપ્રત્યયો સમય સમય પ્રતિ...**' ઉદય આવે છે કર્મ અંદર જડ. '**અનેક પ્રકારનું પુદ્‌ગલકર્મ બાંધે છે,...**'

એ ઉદય છે એ નવા કર્મને બાંધે છે.

મુમુક્ષુ :- ઢેફાં છે એમ સાબિત કેમ થયું?

ઉત્તર :- ઢેફાં થઈ ગયા. ઢેફાં જ છે. એ બાંધતો નથી. એ તો કર્મને લઈને બંધાય છે એમ કહે છે. પોતે તો નિરાસ્રવ જ છે.

મુમુક્ષુ :- ઢેફાં કામ કરે છે.

ઉત્તર :- ઢેફાં ઢેફાંનું કામ કરે છે એમ કહે છે.

અહીં તો અભિપ્રાયમાં એક જ ચીજ છે. આશયમાં, શ્રદ્ધામાં, અભિપ્રાયમાં, રુચિના પરિણમનમાં એકલો આત્મા શુદ્ધ જ્ઞાન સ્વરૂપ એવા બેહદ સ્વભાવની જ્યાં અંતર રુચિ અને જ્ઞાનનું ભાન થયું એવા જીવને અભિપ્રાયમાં રાગની કરવાની ભાવના હોતી નથી. બસ, નથી માટે નિરાસ્રવ છે. માટે અધર્મ એને નથી. ધર્મની ભાવનાવાળાને અભિપ્રાયમાં અધર્મની ભાવના હોતી નથી. એમ કહે છે. કહો, સમજાણું? એ વ્યવહાર દયા, દાન, વ્રતના ભાવ આવજો અને થજો એવા અભિપ્રાયની ભાવના નથી એમ કહે છે અહીં.

મુમુક્ષુ :- સાધન છે ને.

ઉત્તર :- એ જ કહે છે અહીં, સાધન નથી. સમજાણું કાંઈ?

વ્યવહારની ભાવના જ ધર્મીને નથી એમ કહે છે અહીં. આવે એ જુદી વાત છે, હોય એ જુદી વાત છે. અભિપ્રાયમાં આત્મા શુદ્ધ ચૈતન્ય વસ્તુ, એમાં જ એને ઠરવાનું વારંવાર ઉલ્લસિત વીર્ય હોય છે. રાગનો ભાવ ચાહે તો દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો, પંચ મહાવ્રતનો કે વ્રતનો, એ રાગની ભાવનાનો અભિપ્રાયમાં અભાવ છે. તો અભિપ્રાયમાં રાગ હજો અને રાગ ઠીક છે એમ છે અભિપ્રાય? તો આ ઠીક છે એમ ક્યાં રહ્યું? સમજાણું કે નહિ?

મુમુક્ષુ :- સાધન હોય તો કરીએ.

ઉત્તર :- સાધન-ફાધન ક્યાં હતા? એ તો નિમિત્તથી વાત કરી છે બધી. .. ક્યાં છે, શું થાય? સાધન ને કારણ ને હેતુ ને બરાબર બંધબેસતું છે ને. એય..! ક્યાં આવે છે? પંચાસ્તિકાયમાં છે. છેલ્લે આવે છે. સાધન છે એ બરાબર છે. ઘટે છે, નિશ્ચયનો ભાગ ઘટે છે. આમ ઘટે છે. એ બધા વ્યવહારના એવા કથનો છે.

અભિપ્રાયમાં તો એકલો આત્મા જ્યાં રુચ્યો છે શુદ્ધ આનંદ એને આત્માના સ્વભાવથી વિરૂદ્ધ ભાવની અભિપ્રાયમાં ભાવના નથી. ભાવના પણ શેની હોય? સમજાણું? એ અપેક્ષાએ તેને ધર્મમાં અધર્મ છે નહિ. એટલે સંવરની દશામાં એને આસ્રવ છે નહિ. એમ કહે છે મૂળ તો. આહાહા..! સમજાણું કાંઈ?

**'પરંતુ જે તેને પણ દ્રવ્યપ્રત્યયો...'** એટલે જૂના કર્મનો ઉદય **'સમય સમય પ્રતિ**

**અનેક પ્રકારનું પુદ્દગલકર્મ બાંધે છે, ત્યાં જ્ઞાનગુણનું...**' ત્યાં-જે તેને બંધાય ત્યાં. એમ. જે તેને પણ જૂના કર્મ સમયે સમયે ઉદય આવીને નવા બંધાય તેને '**ત્યાં જ્ઞાનગુણનું પરિણમન જ કારણ છે.**' લ્યો, ઠીક ભાષા મૂકી છે. જ્ઞાનગુણ હીણો પરિણમે છે અને રાગ છે માટે બંધ છે એમ સિદ્ધ કરશે. અહીં તો એટલી વાત લીધી જ્ઞાનગુણનું પરિણમન. અને પછી રાગ લેશે. સમજાણું કાંઈ? હીણું પરિણમન છે એનો અર્થ કે હજી પૂર્ણ સ્વભાવની શ્રદ્ધા, પૂર્ણ દેખવું, પૂર્ણ જાણવું, પૂર્ણ થયું નથી. એટલે એને રાગ ભાગ છે. એને રાગ ભાગ છે થોડો. સમજાણું કાંઈ?

'**પરંતુ જે તેને પણ દ્રવ્યપ્રત્યયો સમય સમય પ્રતિ અનેક પ્રકારનું પુદ્દગલકર્મ બાંધે છે, ત્યાં...**' તેને. એમ પાછું. જૂના બાંધે છે ત્યાં તેને '**જ્ઞાનગુણનું પરિણમન જ કારણ છે.**' એમ બતાવવું છે. એટલે આત્મા ત્યાં હીણો પરિણમેલ છે માટે ત્યાં રાગ ભાગ છે એમ કરીને જૂના કર્મને બંધવામાં આ રાગ કારણ છે માટે તેને આસ્રવ આવે છે. સ્વભાવની દૃષ્ટિ અને સ્વભાવનો અભિપ્રાય એમાં આસ્રવ છે નહિ. અસ્થિરતાને કારણે છે એ વાત જૂના કર્મ નવાને બંધના કારણમાં આના હીણા પરિણમનમાં જે રાગ છે માટે તેને બંધનું કારણ થાય છે. વસ્તુ ને વસ્તુની દૃષ્ટિ અને એનો અભિપ્રાય એ બિલકુલ આસ્રવના કારણ છે નહિ. સમજાણું કાંઈ?

'**વળી પૂછે છે કે જ્ઞાનગુણનું પરિણમન બંધનું કારણ કઈ રીતે છે?**' જ્ઞાનગુણનું પરિણમવું, જ્ઞાનગુણ પરિણમે એ બંધનું કારણ શી રીતે હોય? જ્ઞાન એટલે આત્મા. આત્માનું પરિણમન એ બંધનું કારણ શી રીતે હોય? તમે તો કહો છો, જ્ઞાનનું પરિણમન બંધનું કારણ છે એમ કીધું.

**जम्हा दु जहण्णादो णाणगुणादो पुणो वि परिणमदि।**
**अण्णत्तं णाणगुणो तेण दु सो बंधगो भणिदो।।१७१।।**
**જે જ્ઞાનગુણની જઘન્યતામાં વર્તતો ગુણ જ્ઞાનનો,**
**ફરીફરી પ્રણમતો અન્યરૂપમાં, તેથી તે બંધક કહ્યો. ૧૭૧.**

શું કહે છે? '**ટીકા :- જ્ઞાનગુણનો જ્યાં સુધી જઘન્ય ભાવ છે...**' જુઓ! ગુણનો એટલે પર્યાયનો લેવો. સમજાણું કાંઈ? ગુણ તો ત્રિકાળી છે. પણ વર્તમાન દશામાં આત્માનું જ્ઞાન, ચારિત્રાદિ એ બધો જ્ઞાનગુણ છે. એટલે પર્યાય છે. આત્માની વર્તમાન જ્ઞાનની, ચારિત્રની, આનંદની જે પર્યાય છે, સ્વચ્છતાની, પ્રભુતાની, એ બધા જ્ઞાનપર્યાય જ્યાં સુધી જઘન્ય ભાવ છે. જ્ઞાનના પરિણમનમાં જ્યાં સુધી ઓછો ભાવ પરિણમે છે. કહો, સમજાણું કાંઈ? એટલે કે '**(-ક્ષાયોપશમિક ભાવ છે)...**' લ્યો, અહીં તો આ વાત એની કરી. ક્ષાયિકની

તો કરી નથી. કેવળીને અભૂતાર્થ હોય, ફલાણું હોય, ઢીકણું હોય. આ તો ખુલાસો ઈ કર્યો જઘન્યભાવ છે. એને અહીંયાં સમ્યગ્દર્શનમાં આસ્રવ નથી, એને ને એને પરિણમનમાં હીણું છે, એને ને એને આસ્રવ કેમ આવે છે એનો ખુલાસો કરે છે. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા પરિપૂર્ણ વસ્તુ છે. અને એનો જ્યાં અભિપ્રાય એટલે સમ્યગ્દર્શન અભિપ્રાય યથાર્થ થયો એટલે અભિપ્રાયમાં તો વસ્તુના સ્વભાવની જ એકાગ્રતાની ભાવના હોય છે. રાગની ભાવના હોતી નથી. એ અપેક્ષાએ અભિપ્રાય અને અભિપ્રાયનો વિષય એ બેયમાં આસ્રવ ને અધર્મ છે નહિ. ત્યારે કહે છે, આ છે ને બંધનું કારણ? જૂના કર્મ સમયે સમયે નવાને બંધ કરે છે ને? નવાને બંધ કરે એ એના ગુણની વર્તમાન પર્યાયની હીણપ બંધ કરે છે એમ કહે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ બધું. આઠેય કર્મ દુઃખના બીજ. આવે છે ક્યાંય? પેલી ગાથામાં આવ્યું નહોતું? ૫૬માં આવે છે. પાછળ આવે છે. પાછળ આવે છે. નહિ? આલોચનામાં. આઠેય કર્મ દુઃખનું બીજ. ભગવાન આત્મા મોક્ષનું બીજ. સમજાણું કાંઈ?

અહીં તો કહે છે... મૂળ અભિપ્રાય અને એનો વિષય. એનું જોર દેવા જ્ઞાનીને આવા જાતના અભિપ્રાય હોવાથી ધર્મીને આસ્રવ એટલે વિકારભાવ છે નહિ. એકલો નિર્વિકારી ભાવ જ એનો છે એમ કહે છે. વસ્તુ નિર્વિકારી છે અને અભિપ્રાયનું પરિણમન પણ નિર્વિકારી છે. માટે પરિણમનના નિર્વિકારી પરિણનમાં ધર્મીને વિકારી પરિણમન નથી એટલે આસ્રવ છે નહિ. ત્યારે કહે છે, તમે એમ કહ્યું વળી પાછું ત્યાં કાંઈક થાય છે ને થોડું? થાય છે એ પૂર્વના કર્મનો ઉદય નવાને બંધ કરે. એમાં આનું હીણાપણું જરી નિમિત્ત થાય છે તેથી બંધ છે.

વળી અવસ્થા દૃષ્ટિએ અવસ્થા બતાવે છે. અભિપ્રાયનો વિષય અને અભિપ્રાય એ સિદ્ધ કર્યો પહેલો. હવે અવસ્થામાં અપૂર્ણતા છે અને પૂર્ણ રીતે જ્ઞાન, દર્શન અને આનંદને અનુભવતું નથી. એથી એની વર્તમાન દશા જઘન્ય ભાવે પરિણમે છે ત્યાં સુધી '**તે (જ્ઞાનગુણ) અંતર્મુહૂર્તમાં વિપરિણામ પામતો હોવાથી...**' જુઓ! એ જ્ઞાન અને ચારિત્રના પરિણામ નબળા છે એથી અંતર્મુહૂર્તમાં એનું પર ઉપર લક્ષ જાય છે, પલટે છે. સ્વરૂપમાં સ્થિર રહી શકતો નથી. '**અંતર્મુહૂર્તમાં વિપરિણામ...**' એટલે સ્વરૂપથી અન્ય પરિણામમાં એનો આશ્રય જાય છે. '**ફરીફરીને તેનું અન્યપણે પરિણમન થાય છે.**' જ્ઞાનનું રાગના લક્ષે ફરી ફરીને તેની દશા પરિણમે છે. ઘડીક કહે આમ અને ઘડીક કહે આ. કહેશે કે એ તો વિવિક્ષા ભેદ છે. અપેક્ષાથી સમજવું જોઈએ. વીતરાગનો માર્ગ અનેકાંત છે. સ્યાદ્વાદથી કહ્યું છે તે રીતે

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એને સમજવું જોઈએ. અભિપ્રાયની દૃષ્ટિએ તે નિરાસ્રવ છે, અભિપ્રાયથી નિરાસ્રવ છે અને પરિણતિની નબળાઈને લઈને પૂર્વના કર્મનો બંધ થાય એમાં પોતે નબળાઈ નિમિત્ત થાય, રાગભાવ નિમિત્ત થાય માટે બંધનું કારણ એને પર્યાયમાં બંધનું કારણ છે, દ્રવ્યદૃષ્ટિ અને દ્રવ્યમાં બંધનું કારણ નથી એમ સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ? ભાઈ! આવું કેટલું સમજવું આમાં? પેલા કહે કે ભાઈ! અપવાસ કરી નાખો લ્યો, નિર્જરા થાય. કર્મ ... કર્મ બાંધ્યા છે તો અપવાસ કરો. તપેલાને કાટ વળગ્યો હોય તો કાંઈ રેતી, કાથી હોય કે નહિ? કે એમ ને એમ ઉખડી જતા હશે? ઘસવું પડે હમુકું. એમ કર્મના લોચા ચોટ્યા છે એને કાંઈ અપવાસ-બપવાસ કરો, તપસ્યા કરો તો થાય કે નહિ? શેની તપસ્યા? સાંભળને હવે. એ બધા અપવાસમાં રાગની મંદતા કદાચ હોય તો એ તો બધા વિકારના કારણ છે. એમાં ક્યાં આત્માનું કારણ છે એમાં? તપસ્યા તો એને કહે કે ભગવાન આત્મા પોતાના પરિપૂર્ણ સ્વભાવનું પરિણમન શ્રદ્ધામાં કર્યું એ સમ્યગ્દર્શન જ મુક્તસ્વરૂપ છે. એ જ ખરી તપસ્યા છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ઓલું બાહ્ય દેખાય.

ઉત્તર :- બાહ્ય દેખાય. દેખાય એટલે શું થયું?

અહીં તો... કહ્યું નહોતું કાલે? કે વસ્તુનો સ્વભાવ જ્યાં પરિપૂર્ણ એક સમયમાં અનંત ગુણનો પિંડ પ્રભુ, એવો વસ્તુ સ્વભાવ જ્યાં પ્રતીતમાં, શ્રદ્ધામાં, જ્ઞાનમાં આવ્યો તો એ સમ્યગ્દર્શન જ પોતે મુક્તસ્વરૂપ છે. મિથ્યાત્વ તે પાપ છે અને સમ્યગ્દર્શન તે ધર્મ છે. કહો. મિથ્યાત્વ તે હિંસા છે અને સમ્યગ્દર્શન તે? સમ્યગ્દર્શન તે? અહિંસા છે. સમ્યગ્દર્શન પોતે અહિંસા છે. આહાહા..! સમજાણું કાંઈ? એ સમ્યગ્દર્શન પોતે અહિંસા છે, સમ્યગ્દર્શન પોતે સત્ય છે, સમ્યગ્દર્શન પોતે સત્‌નું શરણ છે, અચૌર્ય ધર્મ છે. સમ્યગ્દર્શન બ્રહ્માનંદ બ્રહ્મસ્વરૂપ છે. એ બ્રહ્મચર્યસ્વરૂપ છે અને સમ્યગ્દર્શન એ અપરિગ્રહસ્વરૂપ છે. કહો, રાગની પક્કડ જ્યાં નથી, સ્વભાવને પકડ્યું એ સમ્યગ્દર્શન અપરિગ્રહસ્વરૂપ છે. સમજાણું કાંઈ?

કહે છે, એવો ભાવ પ્રગટ્યો એ અપેક્ષાએ તો એને આસ્રવ નથી એમ કહીએ છીએ. દૃષ્ટિ અને દૃષ્ટિનો વિષય બેયની અપેક્ષાએ આસ્રવ છે નહિ એની પરિણતિમાં એમ કહેવામાં આવે છે. પણ હવે પર્યાયમાં નબળાઈ છે એ વાતનો જરી ખુલાસો કરે છે. અભિપ્રાય અખંડ છે, વસ્તુ અખંડ છે. એથી એને અધર્મ અને આસ્રવ છે નહિ. પણ પર્યાયનું જ્ઞાન હવે પાછું. પર્યાયમાં જ્ઞાનગુણ એટલે કે આનંદગુણ, ચારિત્રગુણ એ બધા જ્ઞાનની અવસ્થા હીણાપણે છે. પૂર્ણ સ્વરૂપને હજી દેખીને આચરણ કરતો નથી.

‘**તે અંતર્મુહૂર્તમાં વિપરીણામ...**’ પામે છે. સવિકલ્પ હો કે નિર્વિકલ્પ હો, અંતરમાં

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એકરૂપ સ્થિર રહી શકતો નથી. એને રાગના લક્ષમાં એનો ઉપયોગ ગયા વિના રહેતો નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, એ અન્યરૂપ થયું-રાગરૂપ.

'**તે (જ્ઞાનગુણનું જઘન્યભાવે પરિણમન),...**' તે વીતરાગ દશાની અલ્પતા હીણી દશા, એનું હીણાપણું '**યથાખ્યાતચારિત્ર-અવસ્થાની નીચે...**' જોયું! જ્યાં સુધી યથાખ્યાત વીતરાગ અકષાય પરિણમન પૂર્ણ ન થાય, તેની નીચી દશામાં '**અવશ્યંભાવી રાગનો સદ્‌ભાવ...**' જોયું! જ્ઞાનગુણનું પરિણમન કહી ત્રણ પ્રકાર રાખ્યા. જ્ઞાની નિરાસ્રવ છે, એક વાત. વળી પરિણમનમાં જ્ઞાનનું હીણાપણું માટે બંધનું કારણ છે-બે. અને હીણાપણામાં રાગ કારણ છે એમ પાછું સિદ્ધ કર્યું. એકલું જ્ઞાનનું પરિણમન એમ નહિ. જ્ઞાનનું પરિણમન હીણું કેમ છે? કે રાગભાગ છે માટે. સમજાણું કાંઈ?

હીણી દશા જણાવી. પૂર્ણ અને પક્કડવાળી દશા જણાવી. હીણી દશા જણાવી, હીણી દશામાં થતા રાગને જણાવ્યો. ઓહો..! સમજાણું કાંઈ? એક એક પર્યાયની સંભાળ લીધી પાછી. હીણી કેમ છે? રાગ કેમ છે? એ ગુલાંટ ખાય છે આમ. રાગ છે ને એટલે એક વિષયમાં રહી શકતું નથી. એટલે આમ ફરે છે. એ રાગ વિકલ્પ છે એ બંધનું કારણ છે. આહાહા..! સમજાણું?

'**રાગનો સદ્‌ભાવ હોવાથી, બંધનું કારણ જ છે.**' એમ પાછું આવ્યું. જોયું! '**રાગનો સદ્‌ભાવ હોવાથી,...**' યથાખ્યાત પૂર્ણ અવિકારી ચારિત્ર દશા પ્રગટ ન થાય તે પહેલાં. રાગની હયાતીને લઈને જ્ઞાનનું હીણું પરિણમન બંધનું કારણ થાય. બંધનું કારણ તો આમ જૂના સમય સમય આવે એ બંધનું કારણ કહીને જ્ઞાનનું પરિણમન કીધું, એમાં પાછો રાગ કીધો. સમજાણું કાંઈ? '**બંધનું કારણ જ છે.**' કોણ? '**રાગનો સદ્‌ભાવ હોવાથી,...**' જુઓ! ત્યાં વજન આપ્યું. વિકલ્પ છે એટલો રાગભાગ (છે). યથાખ્યાત અકષાય ચારિત્ર થયું નથી. ત્યાં આગળ જ્ઞાનની હીણી દશા છે ત્યાં રાગ છે, રાગ બંધનું જ કારણ છે. સમજાણું કાંઈ? જુઓ! આ તો યથાખ્યાત ચારિત્ર પહેલા રાગ ક્યો લીધો છે? શુભ. સમજાણું? શુભરાગ જાય છે અંદર. અશુભરાગ છે એ તો ઠીક. પણ શુભરાગ થાય છે તે જ્ઞાનના હીણા પરિણમનમાં થાય છે તો એને લઈને રાગ બંધનું જ કારણ છે. ભગવાન આત્માનો શુદ્ધ સ્વભાવ એકલો મોક્ષનું કારણ છે. કહો, સમજાણું આમાં? પોપટભાઈ! આવી વાત ક્યાં કાંઈ (સાંભળવા મળે?). ઓલામાં તો જ્ઞાન થયું એટલે થઈ ગયું, જાવ. થયું. જ્ઞાન થયા પછી વળી અનુભવ થયા પછી શું બાકી રહ્યું? એ તો થઈ ગયો કેવળી. એમ. એમ નથી, સાંભળ! કહે છે. જુઓ. સમજાણું?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

મુમુક્ષુ :- ....

ઉત્તર :- નકરો જ છે. ચૈતન્ય વસ્તુ છે કે નહિ? આ રજકણ માટી-પદાર્થ છે એવો એ પદાર્થ છે. અને તે પણ પરના અભાવસ્વભાવ રૂપથી જ પદાર્થ છે. સમજાણું? પરપદાર્થના અભાવસ્વરૂપ છે. ખરેખર તો આસ્રવના ભાવવાળો પણ એ નથી. એ તો એના અભાવસ્વરૂપ છે. એવા સ્વભાવનું ભાન થતાં જ્ઞાનીને બંધન નથી એમ ત્યાં પહેલું આપ્યું જોર. સ્થાપન કર્યું, સિદ્ધ કર્યું. વસ્તુ એવી છે અને વસ્તુનો અભિપ્રાય એવો છે. એમ. હવે જરી પાછું વાત બાકી રહે છે એ જણાવી છે કે ભાઈ! સમ્યગ્દષ્ટિને અભિપ્રાયમાં રાગનો ભાવનો ભાવનાનો ભાવ નથી માટે નિરાસ્રવ કહ્યો. પણ એને પર્યાયમાં જ્ઞાનની હીણી દશા વર્તે છે અને પૂર્વનો કર્મનો ઉદય નવાને બંધમાં નિમિત્ત થાય છે એને ભેગો રાગભાગ છે. એકરૂપ જ્ઞાન રહેતું નથી. માટે રાગ બંધનું કારણ છે. કેટલી વાત સિદ્ધ કરે છે! સમજાણું કાંઈ? પૂર્વનો કર્મનો ઉદય, જ્ઞાનનું હીણું પરિણમન, સાથે રહેલો રાગ, પૂર્ણ યથાખ્યાત ન થાય ત્યાં સુધી એને બંધનું કારણ છે. કહો, સમજાણું આમાં? આહાહા..!

'**ભાવાર્થ :- ક્ષાયોપશમિક જ્ઞાન...**' એટલે કે થોડા વિકાસવાળું જ્ઞાન. ક્ષાયિક જ્ઞાન એટલે પૂર્ણ વિકાસ થઈ ગયો. એમાં તો કાંઈ પછી (જ્ઞાનનું) હીણાપણું નથી. અને જ્ઞાનનો આમ પલટો ખાતો નથી. પણ ઓછા વિકાસવાળું જ્ઞાન '**એક જ્ઞેય પર અંતર્મુહૂર્ત જ થંભે છે,...**' સમજાણું? લક્ષમાં કોઈ એક વસ્તુ લે તો એના ઉપર અંતર્મુહૂર્ત જ રહી શકે. કારણ કે હીણું જ્ઞાન છે તો ઉપયોગ એક જ્ઞેય ઉપર વધારે રહી શકે નહિ. અંતર્મુહૂર્ત રહે. અંતર્મુહૂર્ત જ ટકી શકે. સમજ્યાને?

'**પછી અવશ્ય અન્ય જ્ઞેયને અવલંબે છે;...**' પછી ગુલાંટ ખાતું જ્ઞાન હીણું છે માટે રાગ છે, બીજા જાણવા યોગ્ય પદાર્થને એક અંતર્મુહૂર્ત રહીને બીજાને જ અવલંબે. એવી જ્ઞાનની દશા, હીણી દશામાં આવું હોય છે. '**સ્વરૂપમાં પણ તે અંતર્મુહૂર્ત જ ટકી શકે છે,...**' એમ. અમથું બહારમાં પણ કોઈમાં અંતર્મુહૂર્ત રહે અને વળી ત્યાંથી ફરીને બીજામાં જાય. એમ '**સ્વરૂપમાં પણ તે અંતર્મુહૂર્ત જ ટકી શકે છે, પછી વિપરિણામ પામે છે.**' રાગાદિ થયા વિના રહેતો નથી.

'**માટે એમ અનુમાન પણ થઈ શકે છે...**' એમ. વસ્તુ તો આમ છે પણ અનુમાન પણ થઈ શકે છે એમ કહે છે. '**કે સમ્યગ્દષ્ટિ આત્મા સવિકલ્પ દશામાં હો...**' ચાહે તો શુભ-અશુભ રાગની દશામાં હો, ચાહે તો નિર્વિકલ્પ અનુભવ દશામાં હો. અંતરના જ્ઞાતા જ્ઞેય અને જ્ઞાનના ભેદ વિના સ્વરૂપમાં એકરૂપ દશામાં હો... '**યથાખ્યાત ચારિત્ર અવસ્થા થયા પહેલાં...**' પૂર્ણ ચારિત્ર દશા સ્વરૂપમાં યથાખ્યાત, યથાપ્રસિદ્ધ, યથા ખ્યાત યથા પ્રસિદ્ધ.

જેવું એનું સ્વરૂપ છે એકરૂપ સ્થિર એવું જ્યાં સુધી પ્રસિદ્ધ ન થાય. તેનાં '**પહેલા તેને અવશ્ય રાગભાવનો સદ્‌ભાવ હોય છે;...**' કહો, સમજાણું? એ કોર કહે કે જ્ઞાનીને રાગ નથી, જ્ઞાનીને વ્યવહાર નથી, જ્ઞાનીને આસ્રવ નથી. જ્ઞાની વ્યવહારથી મુક્ત છે, જ્ઞાની આસ્રવથી મુક્ત છે, જ્ઞાની રાગથી મુક્ત છે. આહાહા..! અપેક્ષાથી જાણવું જોઈએ કે નહિ?

બીજી રીતે અવસ્થામાં પૂર્ણ સ્થિરતા નથી ત્યાં સુધી તેને રાગભાવ, સદ્‌ભાવ રાગની હયાતી છે. '**અને રાગ હોવાથી બંધ પણ થાય છે.**' જુઓ! અહીં જોર આપવું છે. '**માટે જ્ઞાનગુણના જઘન્ય ભાવને બંધનો હેતુ કહેવામાં આવ્યો છે.**' આ એક કારણે કહ્યું છે. એમ. રાગ છે એથી જ્ઞાનગુણના જઘન્ય ભાવને બંધનો હેતુ કહ્યો. જ્ઞાનગુણનું જઘન્ય પરિણમન કાંઈ બંધનું કારણ નથી. સમજાણું? પણ જોડે રાગ છે એથી જ્ઞાનગુણના હીણા પરિણમનને બંધનું કારણ કહેવામાં આવ્યું છે. આહાહા..!

શ્રીમદ્‌માં આવે છે ને એક? કે જૈનનું સમ્યગ્દર્શન અને વેદાંતનું કેવળજ્ઞાન. પણ આ બેમાં ક્યાં મેળ છે? એય..! વજુભાઈ! જૈનનું સમ્યગ્દર્શન અને વેદાંતનું કેવળજ્ઞાન. બે વસ્તુ જ ક્યાં સરખી હતી? વેદાંતનું કેવળજ્ઞાન તો અદ્વૈત એકલું છે. એકલું એમાં બે આવ્યું નથી. અહીં તો જૈનનું સમ્યગ્દર્શન પૂર્ણ સ્વરૂપને માને છે, અનુભવે છે, છતાં એની જ્ઞાનદશામાં હીણી દશા છે, ચારિત્ર હીણું છે તેથી રાગ થાય છે, તેથી બંધ છે. એ દશા પર્યાયનું જ્ઞાન કરાવે છે અને દ્રવ્યનું જ્ઞાન કરાવ્યું પહેલું. પર્યાયનું જ્ઞાન કરાવે છે કે હીણી દશા છે ત્યાં સુધી એને બંધનું કારણ છે. એય..! ન્યાલભાઈ! બધો મેળ ભારે આકરો. પણ બહુ કામ આકરું. મેળવવું શ્રીમદ્‌માંથી કાઢવું સાચા દેવ-ગુરુ-શાસ્ત્રનું સ્વરૂપ એ ભારે. પંદર ભેદે સિદ્ધ થાય એ બધું ત્યાં સાબિત કર્યું છે એના માણસોએ. ભગવાનદાસે તો કેટલું સિદ્ધ કર્યું છે. ભગવાનદાસ ને? મનસુખભાઈનું ડોક્ટર. એ તો કેટલાય બધાને મેળવ્યા છે. આનંદઘનજીને, યશોવિજયને, દેવચંદજીને, કુંદકુંદાચાર્યને. બધાય સરખા છે આ બધા. મહામુનિ આમ ને મહામુનિ આમ ને મહામુનિ આમ. પણ ક્યાંય પત્તો ખાતો નથી. અર્ધ શતાબ્દિ પુસ્તક (બહાર) પાડ્યું છે ને? એમાં લખ્યું છે બધું ભગવાનદાસે. તે દિ' આવ્યા હતા,(સંવત) ૨૦૧૩માં ત્યાં આવ્યા હતા. ભાઈ હતા. મારવાડીના ઓલામાં ... કરવા. અરે..! પણ ધીરા થાવને તમે હવે. એને જાણે કે હું જાણું છું ને આમ છે. હવે જાણ્યા હવે. મનસુખભાઈના દીકરા. કાંઈ ભાન ન મળે કાંઈ, હોં! જૈન શું કહે છે અને અન્ય શું કહે છે એનો ક્યાંય મેળ જ ન મળે એને. બધાનો સન્મવય. અરે..! સમન્વય ત્રણ કાળમાં ન થાય.

વીતરાગ પરમેશ્વર જે દિગંબર સંતોએ કુંદકુંદાચાર્યે જે માર્ગ કહ્યો એનો ક્યાંય કોઈ સાથે એકેય મેળ ખાતો નથી. સમજાણું કાંઈ? વસ્તુસ્થિતિ મેળ આવવી જોઈએ કે નહિ અંદર.

ન્યાયથી મેળ આવવો જોઈએને કે એમ ને એમ બધા સરખા છે અને આ પણ સરખા છે. શ્વેતાંબર પણ સાધુ છે, દિગંબર પણ સાધુ છે, સમન્વય કરવો ને બધા સરખા છે. એક કોર દિગંબર કહે, વસ્ત્રનો તાણો રાખીને સાધુપણું માને તો નિગોદમાં જાય. બીજા કહે કે વસ્ત્ર રાખીને સાધુ. હવે મેળ ક્યાં કરવો આનો બેનો?

મુમુક્ષુ :- એ તો વસ્ત્ર રાખે તો કેવળજ્ઞાન પામે.

ઉત્તર :- એ તો વસ્ત્ર હોય તો કેવળ પામે. મેળ ક્યાંથી કરવો આમાં? કોઈ ન્યાય આવવો જોઈએ ને મગજમાં.

મુમુક્ષુ :- ... વ્યવહારથી.

ઉત્તર :- વ્યવહાર કેવો પણ વ્યવહાર? વ્યવહાર તો જે નિશ્ચય છે એ તો આત્માની દૃષ્ટિપૂર્વક ત્રણ કષાયના અભાવનું પરિણમન તે નિશ્ચય છે અને એ ભૂમિકામાં અઠ્યાવીશ મૂળગુણના વિકલ્પોની જાત જ એવી હોય. વસ્ત્ર ન લેવા, પાત્ર ન હોય, આહાર-પાણી .. એવા વિકલ્પોને વ્યવહાર કહેવામાં આવે. એ દશાની હદમાં એ વાત (છે). એને વ્યવહાર કહીએ. વ્યવહાર ઠેકાણા વિનાનો સ્થાનમાં વ્યવહાર નથી એને વ્યવહાર કહે. કાંઈ મેળ આવવો જોઈએ કે નહિ કાંઈ? સમજાણું કાંઈ? વસ્તુ એવી છે આ. સર્વજ્ઞ પરમેશ્વરે કહ્યું એવું જ કુંદકુંદાચાર્યે કહ્યું. એ કુંદકુંદાચાર્ય આદિ સંતોએ એક જ વાત ધારાવાહી દ્રવ્ય પર્યાયની જે સ્થિતિ છે એનું વર્ણન છે. સમજાણું? એવું વર્ણન કોઈ બીજા સાથે ક્યાંય મેળ ખાતો નથી. વાત એવી છે, ભાઈ! પક્ષપાતથી જોયા કરે તો એને નહિ બેસે આ વાત. સમજાણું? જુઓને! મુનિ છે એને પણ રાગ છે થોડો. એમ કહે છે. સાચા મુનિ હોં ભાવલિંગી.

મુમુક્ષુ :- પોતાની...

ઉત્તર :- હા. આમાં કહે છે ને? અમારે પણ આ જરી આમ ફરે છે એ અમારે બંધ છે આટલો. એમ સિદ્ધ કરે છે. એય..! યથાખ્યાત ચારિત્ર નથી ત્યાં સુધી અમારી હીણી દશા છે. હીણી દશા છે ત્યાં રાગ છે. રાગ છે તેટલો બંધ છે. આહાહા..! અમૃતચંદ્રાચાર્ય એનો અર્થ કરે, મુનિ કુંદકુંદાચાર્ય. અમે કેવળી નથી. અમને યથાખ્યાત ચારિત્ર નથી. વસ્તુ તો જેમ હોય એમ હોય કે નહિ? સમજાણું કાંઈ?

'**હવે વળી ફરી પૂછે છે કે-જો આમ છે (અર્થાત્ જ્ઞાનગુણનો જઘન્ય...**' જઘન્ય સમજાય છે? હીણું. '**ભાવ બંધનું કારણ છે) તો પછી જ્ઞાની નિરાસ્રવ કઈ રીતે છે?**' વળી તમે પાછા જ્ઞાની નિરાસ્રવ, વળી જઘન્ય ગુણનું પરિણમન. બંધ થાય, વળી કહો નિરાસ્રવ. આ બે તમારું ક્યાંય ખીલે બંધાતું નથી. સાંભળ સાંભળ, કહે છે. ... દ્રવ્યનું ભાન અને પર્યાયની મોળપની દશા બેયનું જ્ઞાન રાખ. એમ ન સમજી લે કે પંચમકાળનો

મુનિ આવો થઈ ગયો માટે હું પૂર્ણ છું. સમજાણું? એકાવતારી હોઈ શકે, ભેદજ્ઞાન હોઈ શકે. (ન હોય) એ વાત છે નહિ. કાળે અટકાવ્યું નથી, એની પુરુષાર્થની ગતિ જ એટલી હીણી છે. સમજાય છે? તેથી કહ્યું, ભગવાન કુંદકુંદાચાર્યે. અત્યારે લોકાંતિક થાય. લોકાંતિક દેવ. બે હજાર ... થઈ ગયો. પાંચમો દેવલોક લોકાંતિકમાં જાય. આહાહા..! જ્યાં એકાવતારી છે, બ્રહ્મચારી છે પાછા. ઉત્કૃષ્ટમાં જાય તો ત્યાં જાય. મોક્ષમાં જાય એમ નથી બાપુ હોં!

એક કોર કહ્યું પદ્મપ્રભમલધારીદેવે, અમારામાં અને વીતરાગમાં કાંઈ ફેર ન માનશો, હોં! એક જરી રાગ છે એને ગૌણ કરીને .. રાગ જરી છે એને ગૌણ કરી દીધો. વીતરાગતાની ઘણી ઉગ્રતા એને (વર્તે છે). બીજે કહે કે અમારા અને ભગવાનમાં થોડો ફેર છે. એ તો બેય વાત અપેક્ષાથી જાણવી જોઈએ કે નહિ? ફેર છે ભાઈ! જેવો વીતરાગભાવ કેવળજ્ઞાનીનો છે વિજ્ઞાન સહિતનો. એવો વિજ્ઞાન કેવળજ્ઞાન અને વીતરાગભાવ નથી અમને. આહાહા..! સમજાણું?

‘**કઈ રીતે છે? તેના ઉત્તરની ગાથા કહે છે :-**’ ૧૭૨.

**दंसणणाणचरित्तं जं परिणमदे जहण्णभावेण।**
**णाणी तेण दु बज्झदि पोग्गलकम्मेण विविहेण।।१७२।।**

નીચે હરિગીત.

**ચારિત્ર, દર્શન, જ્ઞાન જેથી જઘન્ય ભાવે પરિણમે,**
**તેથી જ જ્ઞાની વિવિધ પુદ્‌ગલકર્મથી બંધાય છે. ૧૭૨.**

એક કોર (કહે), સમ્યગ્દૃષ્ટિ મુક્ત જ છે. જાહેર થાવ કે મિથ્યાત્વ તે સંસાર છે. સમજાણું કાંઈ? આવ્યું હતું કે નહિ? હમણાં આવી ગયું છે નહિ આપણે? સંસારનું કારણ મિથ્યાત્વ જ છે. જોયું! એ વાત સાચી છે અને આ અપેક્ષાએ પર્યાયનું જ્ઞાન કરાવે એ વાત પણ સાચી છે. બેનું બરાબર એણે જ્ઞાન કરવું જોઈએ. ગમે તેવો ઉત્કૃષ્ટ સાધુ થાય તો પણ કેવળ પામી શકે એ વાત છે નહિ. યથાખ્યાત ચારિત્રનો વર્તમાન ભાવ ઉત્કૃષ્ટ સંતને પણ હોઈ શકે નહિ. આહાહા..!

‘**ટીકા :- જે ખરેખર જ્ઞાની છે...**’ જે ખરેખર ધર્મી થયેલ છે. આત્મા શુદ્ધ આનંદનું જેને ખરેખર ભાન અને પ્રતીત અને જ્ઞાન છે. ખરેખર. સમજાણું? ખોટા જ્ઞાની હોય છે વ્યવહારના. શાસ્ત્રના ભણતરવાળા, વ્યવહાર શ્રદ્ધાવાળા એમ કહે. એ ખરેખર જ્ઞાની નથી. અગિયાર અંગનું જ્ઞાન હોય, નવ પૂર્વનું જ્ઞાન હોય, પંચ મહાવ્રતના પરિણામ હોય, નવમી ગ્રૈવેયક જાય એ જ્ઞાની ખરેખર નથી. વ્યવહારથી કહેવાય જૈન સાધુ છે, દિગંબર સાધુ છે. શુક્લ લેશ્યાથી સ્વર્ગમાં જાય.

'**જે ખરેખર જ્ઞાની છે તે, બુદ્ધિપૂર્વક (ઈચ્છાપૂર્વક) રાગદ્વેષમોહરૂપી આસ્રવભાવોનો તેને અભાવ હોવાથી,...**' લ્યો! ઓલામાં અભિપ્રાયપૂર્વક કહ્યું હતું, અહીં બુદ્ધિપૂર્વક કહ્યું. જેને આત્મા શુદ્ધ સ્વરૂપ પવિત્ર આત્માનું જ્ઞાન થયું છે. એવા જ્ઞાની જીવને '**(ઈચ્છાપૂર્વક) રાગદ્વેષમોહરૂપી આસ્રવભાવોનો તેને અભાવ હોવાથી,...**' રાગ કરવા જેવો છે એમ ઈચ્છા છે નહિ. બુદ્ધિમાં, જ્ઞાનમાં રાગ ઠીક છે, રાગ કરવા જેવો છે એવી ઈચ્છા હોતી નથી.

એ '**રાગદ્વેષમોહરૂપી આસ્રવભાવોનો...**' એ જ્ઞાન પ્રમાણે બુદ્ધિપૂર્વકમાંથી તો અભાવ હોવાથી '**નિરાસ્રવ જ છે.**' જુઓ! ત્યાં એમ કહ્યું હતું કે જ્ઞાનીને અભિપ્રાયમાં આસ્રવના અભાવની ભાવનાના અભાવને લઈને નિરાસ્રવ છે. એમ કહ્યું હતું પહેલામાં. ત્યારે અહીં કહ્યું કે '**બુદ્ધિપૂર્વક રાગદ્વેષમોહરૂપી આસ્રવભાવોનો તેને અભાવ હોવાથી, નિરાસ્રવ જ છે.**' જોર આપે છે ને નિરાસ્રવ જ છે. એ અપેક્ષાએ. કહો, સમજાણું આમાં?

'**પરંતુ ત્યાં એટલું વિશેષ છે કે-**' ત્યાં પણ કહ્યું હતું. પરંતુ ત્યાં એમ કહ્યું હતું કે જે તેને પણ દ્રવ્ય પ્રત્યયો સમયે સમયે આવે છે. '**એટલું વિશેષ છે કે-તે જ્ઞાની જ્યાં સુધી જ્ઞાનને...**' હવે જુઓ! '**સર્વોત્કૃષ્ટ ભાવે દેખવાને,...**' આત્માને સર્વોત્કૃષ્ટ ભાવે જ્યાં દેખતો નથી પૂર્ણ. સર્વોત્કૃષ્ટ ભાવે જાણતો નથી. અને '**આચરવાને અશક્ત વર્તતો થકો...**' જોયું! '**આચરવાને અશક્ત વર્તતો થકો...**' કર્મને કારણે અશક્ત વર્તતો એમ નથી કહ્યું. ભાઈ! સમજાણું કાંઈ?

ભગવાન આત્મા એને આમ પૂર્ણપણે સ્થિર થવાને, પૂર્ણપણે દેખવાને, પૂર્ણપણે જાણવાને, સ્થિર થવાને અશક્ય હોવાથી. અશક્ય વર્તતો થકો. જોયું! પોતાનું જ કારણ છે ત્યાં એમ કહે છે. ભગવાન આત્મા સમ્યગ્દર્શન-જ્ઞાન થયું છતાં, ચારિત્ર થયું છતાં પૂર્ણ આમ સ્વભાવમાં લીનતા જે પૂર્ણ એકાકાર જોઈએ તેવું દેખવાને, જાણવાને, આચરવાને, રમવાને ચારિત્રમાં અશક્ય હોવાથી '**અશક્ત વર્તતો થકો...**' અશક્ત વર્તતો થકો '**જઘન્ય ભાવે જ જ્ઞાનને દેખે છે,...**' લ્યો! એટલે જ્ઞાન હીણું છે. પૂરું જ્ઞાન નથી. જઘન્યભાવે દેખે છે. આત્માને જઘન્યભાવે જે દેખે છે. ઓલો ઉત્કૃષ્ટ ભાવ થયો નથી.

જઘન્યભાવે જ '**જાણે છે...**' લ્યો. જઘન્યભાવે જાણે. જ્ઞાન હીણું છે એટલા જ્ઞાનથી આત્માને જાણે છે. સમજાય છે? '**અને આચરે છે ત્યાં સુધી...**' જઘન્યભાવે આચરે છે. રાગની અભાવદશા થઈ છે કેટલીક પણ હજી રાગ ભાગ છે. પૂર્ણ આચરણ આત્મામાં નથી. '**ત્યાં સુધી તેને પણ,...**' એમ. ત્યાં સુધી તેને પણ. સમજાણું? ઓલામાં હતું ને? '**કે પરંતુ જે તેને પણ,...**' એમ હતું ત્યાં. દ્રવ્ય પ્રત્યયનો સમય સંકૃત્ય. આને પણ.

એમ. ભારે પણ ટીકા ગજબની! માર્મિક ટીકા એકલી. ગાગરમાં સાગર ભરી દીધો છે. ઓહોહો..! વસ્તુને પ્રસિદ્ધ બાહ્ય મૂકવાની પદ્ધતિ અલૌકિક!

ભગવાન આત્મા પોતાનું ભાન, શ્રદ્ધા ને સ્થિરતા થવા છતાં પોતાને પૂર્ણ રીતે જોતો, નિહાળતો, દેખતો અને ઠરતો નથી ત્યાં સુધી તેને હીણાભાવે પ્રવૃત્તિ છે. જ્ઞાનને હીણા ભાવે દેખે છે. સમજાણું?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. ક્ષાયિક સમકિત હોય તો પણ. હીણા ભાવે દેખે છે, શ્રદ્ધે છે. એ તો અહીં દેખવાનું વજન છે ને વધારે? શ્રદ્ધે છે એમ ભલે લીધું. દેખવું. જાણે છે એને આમ હીણાપણે જાણે છે, પૂરું નથી જાણતો.

'**આચરે છે...**' સ્વરૂપમાં ઠરતો વિશેષ, હીણાપણે આચરે છે. સમજાણું? '**ત્યાં સુધી તેને પણ, જઘન્યભાવની અન્યથા અનુપપત્તિ વડે...**' એટલે શું કહે છે? કે જઘન્યભાવ આ રીતે હોઈ શકે એમ '**અન્ય રીતે નહિ બનતો હોવાને લીધે)...**' જઘન્યભાવે દેખે છે એનું અન્યથા અનુપપત્તિ તેનું એનુ અનુમાન થઈ શકે છે. એમ. જઘન્યભાવે પરિણમે છે એનું અનુમાન થઈ શકે છે '**એવા બુદ્ધિપૂર્વકના કર્મકલંકના વિપાકનો સદ્ભાવ...**' છે. અનુમાન થઈ શકે છે કે બુદ્ધિપૂર્વક, ઈચ્છાપૂર્વક રાગદ્વેષમોહનો અભાવ છે. પણ અબુદ્ધિપૂર્વક એટલે રુચિપૂર્વક નથી. પણ અસ્થિરતામાં રાગાદિનો ભાગ છે. ભારે ભાઈ! બુદ્ધિ અને અબુદ્ધિના ભેદ પાડશે પાછા હોં ઓલામાં.

'**(જઘન્યભાવ અન્ય રીતે નહિ બનતો હોવાને લીધે)...**' કેમ? કે તેને રાગાદિનું કલંક છે. નહિતર જઘન્ય ભાવ હોઈ શકે નહિ. પૂર્ણ ભાવ હોય તો રાગ ન હોય. જ્યાં હીણું જ્ઞાન-દર્શન અને ચારિત્ર છે તો એ અનુમાન થઈ શકે છે કે ત્યાં રાગ છે. નહિતર જઘન્યભાવનું, રાગના અભાવમાં જઘન્યભાવનું પરિણમન હોઈ શકે નહિ. રાગના અભાવમાં જઘન્ય પરિણમન હોઈ શકે નહિ. એટલે જઘન્ય પરિણમનના ભાવમાં અનુમાન થઈ શકે છે કે ત્યાં રાગભાવનો સદ્ભાવ છે. સમજાણું કાંઈ?

જઘન્યભાવની બીજા પ્રકારે પ્રાપ્તિ જ નથી. '**જેનું અનુમાન થઈ શકે છે...**' જઘન્યભાવ છે માટે. '**એવા અબુદ્ધિપૂર્વક કર્મકલંકના વિપાકનો...**' એ અબુદ્ધિપૂર્વક રાગ છે તે કર્મકલંકનો પાક છે. ભગવાન આત્માનો એ પાક નથી. આહાહા..! '**અબુદ્ધિપૂર્વક કર્મકલંકના વિપાકનો સદ્ભાવ હોવાથી, પુદ્ગલકર્મનો બંધ થાય છે.**' લ્યો! જ્ઞાનીને પણ જઘન્યભાવે, હીણાભાવે પરિણમવું છે અને હીણાભાવે, જઘન્યભાવે પોતાને જાણવું, દેખવું, આચરવું નથી ત્યાં સુધી એને જઘન્યભાવની અન્યથા ઉત્પત્તિ ન હોય એવા અનુમાનથી તેને રાગભાવનો સદ્ભાવ

છે. સમજાણું કાંઈ?

જ્ઞાનીને પણ દૃષ્ટિમાં, વસ્તુમાં નિરાસ્રવ હોવા છતાં પર્યાયની મોળપને લઈને રાગની હયાતીનું અનુમાન થઈ શકે (છે). એને લઈને બંધ થાય છે. એટલું સિદ્ધ કર્યું, લ્યો. સમજાણું કાંઈ? '**પુદ્‌ગલ કર્મનો બંધ થાય છે. માટે ત્યાં સુધી જ્ઞાનને દેખવું,...**' જુઓ! એટલે આત્માને ત્યાં સુધી અંદરમાં જોવો, અવલોકવો, જાણવો, આચરવો અંતરમાં. '**કે જ્યાં સુધીમાં જ્ઞાનનો જેવડો પૂર્ણ ભાવ છે...**' પૂર્ણ એટલે કેવળજ્ઞાન. '**તેવડો દેખવામાં, જાણવામાં અને આચરવામાં બરાબર આવી જાય.**' અહીં દેખવાનો ઉપયોગ છે. સમજ્યાને? શ્રદ્ધાની વાત ગૌણ છે. શ્રદ્ધામાં તો પૂર્ણ છે પણ છતાં શ્રદ્ધાએ પૂર્ણ સમ્યક્ થયું પણ એના બધા (ગુણ) સમ્યક્ સાથે ત્યાં નથી માટે હજી પૂર્ણરૂપે દેખતો નથી એમ કહેવાય. તેથી કેવળજ્ઞાનમાં પરમઅવગાઢ સમકિત કહ્યું છે ને? સમકિતને ફેર પાડ્યો એ જ્ઞાનની અપેક્ષાએ. બાકી તો પૂર્ણ છે. શ્રુતકેવળીને અવગાઢ અને કેવળીને પરમઅવગાઢ. એ જ્ઞાનની અપેક્ષાથી વાત કરી છે. સમજાણું કાંઈ?

ઘણું આમાં તો જાણવું પડે અને ઘણાં ભેદ, હોં! આના અભ્યાસ વિના આ બેસે નહિ. શું કહે છે આમાં કાંઈ આ. ધર્મની વાત અમે તો ભાઈ સાંભળવા આવ્યા એમાં આ શું માંડી છે આ? જઘન્યપણે પરિણમે અને એને આસ્રવ ન હોય એને આ બંધ થાય, રાગ થાય. કહે છે કે ભાઈ! ધર્મ એટલે આત્માના શુદ્ધ સ્વભાવનું પરિણમન, સ્વભાવની દૃષ્ટિ-જ્ઞાન થવું એનું નામ ધર્મ. એવી ધર્મદૃષ્ટિ અને ધર્મને લઈને જોઈએ, અભેદની અપેક્ષાએ જોઈએ દૃષ્ટિને, વસ્તુને તો એને આસ્રવ એટલે અધર્મ છે નહિ. પણ જ્યાં સુધી પૂર્ણ પર્યાય નિર્મળ યથાખ્યાત ચારિત્ર અરાગ પરિણમન નથી ત્યાં સુધી જ્ઞાનની હીણી દશા ફરી ફરીને પલટે છે અને રાગમાં જાય છે. એથી અબુદ્ધિપૂર્વકનો રાગનો કલંક જ્ઞાનીને (વર્તે છે). રુચિપૂર્વક નથી એટલે અબુદ્ધિપૂર્વક કહ્યો. સમજાણું? ધર્મીને રાગ કરવાની, રાગ લાવવાની, રાગ હોય તો ઠીક એવી રુચિ નથી. તેથી એને અબુદ્ધિપૂર્વક રાગની હયાતી છે એમ કહેવામાં આવ્યું છે. આહાહા..!

જેવડો પૂર્ણ ભાવ ભગવાન આત્માનો છે એવડો ને એવડો દેખવામાં, જાણવામાં, આચરણ બરાબર આવી જાય એમ પાછું. પૂર્ણ જ્ઞાન કેવળજ્ઞાન દ્વારા આત્મા પૂર્ણ જણાય, કેવળદર્શન દ્વારા પૂર્ણ દેખાય, યથાખ્યાત ચારિત્ર સ્થિરતા દ્વારા પૂર્ણ સ્થિરતા થાય ત્યાં સુધી એણે પ્રયત્ન કરવો. સમજાણું? સમ્યગ્દર્શન થયું એટલે થઈ ગયું પૂર્ણ એમ છે નહિ. એમ કહે છે. સમ્યગ્જ્ઞાન થયું એટલે પૂર્ણ દશા થઈ એમ છે નહિ. ભાઈ! તારે ઘણું કરવાનું છે, હજી તારે પણ ઘણું બાકી છે કરવાનું. ભાઈ! પૂર્ણ સ્વરૂપને પૂર્ણ સ્વરૂપના કેવળજ્ઞાન દ્વારા પૂર્ણ

ન જોવે અને પૂર્ણ ન દેખે અને પૂર્ણ આચરે નહિ ત્યાં સુધી. સમજાણું?

'**ત્યારથી સાક્ષાત્ જ્ઞાની થયો થકો...**' આમ જ્યારે બરાબર પૂર્ણ જાણે, દેખે અને ઠરે ત્યારે સાક્ષાત્ જ્ઞાની થયો થકો. લ્યો. પ્રત્યક્ષ જ્ઞાની થયો થકો. '**(આત્મા) સર્વથા નિરાસ્રવ જ હોય છે.**' લ્યો! ત્યારે સર્વથા નિરાસ્રવ (હોય છે). દૃષ્ટિની અપેક્ષાએ નિરાસ્રવ કહ્યો હતો. પણ અહીંયાં સર્વથા નિરાસ્રવ છે. પૂર્ણ સ્થિરતા થાય.. શાંત... શાંત... શાંત... શાંત... જેવું શાંત સ્વરૂપ છે એવી જ શાંતિ પરિણમનની દશા પૂર્ણ અકષાય શાંત ઠરે ત્યારે સાક્ષાત્ સર્વથા નિરાસ્રવ થાય. લ્યો. પછી એને આસ્રવ અને અધર્મ હોતા નથી. કહો, સમજાણું? દ્રવ્યને સિદ્ધ કર્યું, દ્રવ્યના અભિપ્રાયને સિદ્ધ કર્યું, દ્રવ્યની પર્યાય મોળીને સિદ્ધ કરી. મોળીમાં રાગને સિદ્ધ કર્યો અને રાગને લઈને બંધ થાય છે અને ઓલો કર્મનો ઉદય છે, નવાને બંધ થાય એમાં રાગ નિમિત્ત થાય એમ બધું સિદ્ધ કર્યું. સમજાણું? જઘન્યપણું છે તો કર્મનો ઉદય પણ છે. જઘન્યપણું છે તો રાગ અબુદ્ધિપૂર્વક કલંક રાગનો છે. માટે જઘન્યપણામાં ન રહેતાં ઉત્કૃષ્ટપણે જ્યાં સુધી દેખે અને જાણે, આચરે નહિ ત્યાં સુધી એને આસ્રવ છે. ઉત્કૃષ્ટપણે આત્માને દેખે-જાણે-ઠરે ત્યારે આસ્રવ છે નહિ.

'**સર્વથા નિરાસ્રવ જ હોય છે.**' એને બિલકુલ અધર્મનો અંશ પછી હોતો નથી. કહો, સમજાય છે કે નહિ આમાં? ઘણાં ભંગ આવ્યા આમાં તો-બે ગાથામાં. ઠેઠ લઈ જા. પર્યાય પૂર્ણ ન થાય ત્યાં સુધી પ્રયત્ન કર. ત્યાં સુધી જો. સમજાણું કાંઈ? જ્યાં સુધી જ્ઞાનને પૂર્ણ બરાબર આવી જાય ત્યાં સુધી દેખ. જુઓ! પુરુષાર્થ કેવો છે! પોતાનો પુરુષાર્થ પણ અંદર કહે છે કે જ્યાં સુધી કેવળજ્ઞાન ન થાય, પૂર્ણ યથાખ્યાત ચારિત્ર ન થાય ત્યાં સુધી બરાબર સ્વને જાણ, દેખ અને આચર. કહો, સમજાણું? ઓલો રાગને આચરણ, વ્યવહારને આચરણ એમ કહ્યું નથી અહીં. જ્યાં સુધી પૂર્ણતા ન થાય ત્યાં સુધી પૂર્ણતાને જો દેખ અને આચરણ કર. પૂર્ણતા તરફ વળ. સમજાણું? રાગભાગને આચરજે, થોડો બાકી રહ્યો છે એને માટે રાગને આચરજે. જઘન્ય ભાવ છે તો રાગને આચરજે અને કરજે (એમ નથી કહ્યું). અહીં તો રાગ છે એટલી વાત સિદ્ધ કરી. સમજાણું? પણ તે આચરવા જેવો છે એમ છે નહિ. સમજાણું? '**સર્વથા નિરાસ્રવ જ હોય છે.**' લ્યો.

'**ભાવાર્થ :- જ્ઞાનીને બુદ્ધિપૂર્વકનો (અજ્ઞાનમય) રાગદ્વેષમોહનો અભાવ હોવાથી...**' લ્યો! ખુલાસો કર્યો. બુદ્ધિપૂર્વનો ખુલાસો કર્યો. રાગ કરવા જેવો છે એવો અજ્ઞાનભાવ એને હોતો નથી. જ્ઞાનીને. '**રાગદ્વેષમોહનો અભાવ હોવાથી જ્ઞાની નિરાસ્રવ જ છે.**' એ અપેક્ષાએ તેને આસ્રવ અને અધર્મ છે નહિ. '**પરંતુ જ્યાં સુધી ક્ષાયોપશમિક જ્ઞાન છે ત્યાં સુધી તે જ્ઞાની જ્ઞાનને સર્વોત્કૃષ્ટ ભાવે દેખી, જાણી અને આચરી શકતો નથી-**

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


' જ્યાં સુધી ક્ષયોપશમજ્ઞાન છે ત્યાં સુધી પૂર્ણ રીતે આત્માને જાણવું, દેખવું અને આચરવું થઈ શકતું નથી.

**'જઘન્ય ભાવે દેખી, જાણી અને આચરી શકે છે;...'** હીણા ભાવે હજી જાણવું, દેખવું અને આચરવું છે. **'તેથી એમ જણાય છે કે તે જ્ઞાનીને હજુ અબુદ્ધિપૂર્વક કર્મકલંકનો વિપાક (અર્થાત્ ચારિત્ર મોહસંબંધી રાગદ્વેષ)...'** ચારિત્રમોહ સંબંધી હજી **'વિદ્યમાન છે અને તેથી તેને બંધ પણ થાય છે.'** ઓલા રાગને લઈને, હોં! **'માટે તેને એમ ઉપદેશ છે કે-જ્યાં સુધી કેવળજ્ઞાન ન ઊપજે...'** લ્યો! કેવળજ્ઞાન છે કે નહિ અત્યારે?

**'કેવળજ્ઞાન ન ઊપજે ત્યાં સુધી જ્ઞાનનું જ નિરંતર ધ્યાન કરવું,...'** જોયું! જ્ઞાન એટલે આત્મા. એ આત્માનું જ નિરંતર ધ્યાન કરવું. જ્યાં સુધી કેવળ ન થાય ત્યાં સુધી આત્માનું જ ધ્યાન કરવું. સમજાણું? **'જ્ઞાનને જ દેખવું,...'** એને જ અંતર જોવું **'જ્ઞાનને જ જાણવું અને જ્ઞાનને જ આચરવું. આ જ માર્ગે દર્શન-જ્ઞાન-ચારિત્રનું પરિણમન વધતું જાય છે.'** લ્યો. અંતરના સ્વભાવની એકાગ્રતા જાણવા-દેખવાની અને આચરવાની એ માર્ગે પૂર્ણ દશા થાય છે. વચમાં રાગ આવે એ માર્ગે કાંઈ પૂરું થાતું નથી.

**'અને એમ કરતાં કરતાં કેવળજ્ઞાન પ્રગટે છે.'** એમ થતાં કેવળજ્ઞાન થાય છે. **'કેવળજ્ઞાન પ્રગટે ત્યારથી આત્મા સાક્ષાત્ જ્ઞાની છે...'** લ્યો! **'અને સર્વ પ્રકારે નિરાસ્રવ છે.'** સર્વ પ્રકારે નિરાસ્રવ છે. ત્યાં સુધી થોડો હજી આસ્રવ અને બંધ છે. એ જ્ઞાન પણ સાથે કરાવ્યું. વિવિક્ષા પૂર્ણની બતાવી, પર્યાયમાં નબળાઈ છે એ પણ જણાવ્યું. બેય ભાવ જાણવા જેવા છે, શ્રદ્ધવા જેવા છે, ઓળખવા જેવા છે એમ જણાવ્યું.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**જેઠ વદ ૨, શનિવાર તા. ૨૪-૦૬-૧૯૬૭**
**ગાથા-૧૭૨ થી ૧૭૬, પ્રવચન-૨૫૬**

એ બંધના કારણ એ પાંચ ભાવ છે. સમજાણું? આત્મામાં આત્માનો સ્વભાવ તો વસ્તુ અબંધ છે. ૧૭૨ ગાથા. એનો છેલ્લો પેરેગ્રાફ થોડો. ત્રણ લીટી, ચાર લીટી છે. સમજાણું? આ આત્મા છે એ જ્ઞાન, આનંદ, શુદ્ધ ચૈતન્ય સ્વભાવ (છે). એના ભાન વિના વિપરીત માન્યતા-અધ્યાસ ભાવ, કષાય ભાવ, પ્રમાદ ભાવ અને યોગ. એ ભાવ નવા કર્મના બંધનું કારણ છે. એ પાંચ ભાવને આસ્રવ કહેવામાં આવે છે. આત્માનું સમ્યગ્દર્શન થતાં એ પાંચ ભાવરૂપ આસ્રવ જ્ઞાનીને હોતા નથી, એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? કેમ કે આત્મા એ શુદ્ધ ચૈતન્ય પરમાનંદની મૂર્તિ અબંધસ્વરૂપ (છે), એવી અંતર દૃષ્ટિ થતાં, તેનું જ્ઞાન થતાં ધર્મીજીવને એ સમ્યગ્દર્શન-જ્ઞાનના પરિણામ થતાં તે પરિણામ અબંધસ્વરૂપી છે. એવા અબંધ પરિણામી-પરિણામવાળા જીવને-બંધના કારણભૂત પાંચ ભાવ હોતા નથી. સમજાણું કાંઈ? પાંચ ભાવ આસ્રવ જ હોતા નથી એમ કહે છે અહીં તો.

ત્યારે '**જ્યાં સુધી ક્ષાયોપશમિક જ્ઞાન છે...**' છેલ્લો પેરેગ્રાફ. ઓછું જ્ઞાન છે. જ્ઞાનની દશા હીણી છે '**ત્યાં સુધી અબુદ્ધિપૂર્વક (અર્થાત્ ચારિત્રમોહનો) રાગ હોવા છતાં,...**' રુચિમાં રાગ કરવાનો અભિપ્રાય ન હોવા છતાં વસ્તુ સ્વભાવના પ્રેમના રુચિના પરિણમનમાં રાગનો ભાવનો પ્રેમ જ્ઞાનીને ન હોવા છતાં '**બુદ્ધિપૂર્વક રાગના અભાવની અપેક્ષાએ જ્ઞાનીને નિરાસ્રવપણું કહ્યું...**' એવો રાગનો ભાગ હોવા છતાં રુચિપૂર્વક રાગ એને નથી. સમજાય છે કાંઈ? રાગ કરવાનો ભાવ-વસ્તુ આનંદ સ્વરૂપની દૃષ્ટિમાં રાગ ઝેર અને દુઃખ (છે)- એને કરવાનો ભાવ જ્ઞાનમાં કેમ હોય? સમજાણું કાંઈ?

ભગવાન આત્મા અનાકુળ આનંદનું નિધાન, ખાણ એવો આત્મા જ્યાં અંતરમાં અનુભવમાં, દર્શનમાં, જ્ઞાનમાં, શ્રદ્ધામાં આવ્યો એથી ધર્મીને ધર્મ પરિણામ જે અબંધ પરિણામ થયા એને બંધ પરિણામ હોતા નથી. આહાહા..! સમજાણું કાંઈ? '**અને અબુદ્ધિપૂર્વક રાગનો અભાવ થતાં...**' જ્યારે અબુદ્ધિ એટલે રુચિપૂર્વક વિનાનો, રુચિ વિનાનો જે રાગ થાય છે એનો અભાવ થતાં તો કેવળજ્ઞાન પ્રગટતાં '**સર્વથા નિરાસ્રવપણું કહ્યું...**' ત્યારે તો એને આસ્રવ જે અસ્થિરતાનો જરી હતો એ પણ છે નહિ. રુચિપૂર્વકનો નહોતો. સમ્યગ્દર્શનમાં પુણ્ય-પાપના પરિણામનો પ્રેમ એના રુચિથી થતો એ રાગ હોતો નથી અને અબુદ્ધિપૂર્વક જે રુચિ વિનાનો રાગ છે એ પણ જ્યારે સ્વરૂપમાં ઠરીને ટળે, પછી કેવળજ્ઞાન થતાં સર્વથા

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

નિરાસ્રવપણું હોય છે.

'**આ, વિવિક્ષાનું વિચિત્રપણું છે.**' કહેવા ધારેલી વાતની વિવિધતા છે, એમ કહે છે. સમ્યગ્દર્શનના જોરમાં આત્માનું ભાન થતાં તેને આસ્રવ નથી એમ કહ્યું અને વળી જ્યારે અસ્થિરતાનો રાગ છે એ જ્યાં સુધી નહિ ટળે ત્યાં સુધી આસ્રવ થોડો છે એમ પણ કહ્યું. કહો, સમજાણું આમાં? શું કીધું આમાં? મલૂકચંદભાઈ! શું કીધું? રુચિ એટલે શું?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એકત્વબુદ્ધિ ઘરનું નાખ્યું પણ આ રુચિપૂર્વકનો અર્થ અહીં કર્યો છે. રાગનો પ્રેમ. રાગ કરવા જેવો છે એવો પ્રેમ. એનો અર્થ રાગની એક્તા નથી. રાગની એક્તા નથી એટલે રાગ છૂટો પડ્યો સ્વભાવની દૃષ્ટિથી, એટલે છૂટો પડેલો રાગ એને કરવાનો ભાવ હોતો નથી. સમજાણું કાંઈ? જે એમાં છે એને કરવાનો ભાવ હોય. જે એમાં છે એ તો શુદ્ધ વીતરાગતા અને નિર્મળતા છે એ તો આત્મામાં. એને કરવાનો ભાવ હોય. ઓલું તો એનામાં છે નહિ એટલે કરવાનો ભાવ હોય નહિ. પણ અસ્થિરતાને લઈને થાય છે એની ગણતરી ગણી નથી. એને નિરાસ્રવ કહ્યો.

હવે થોડો અબુદ્ધિપૂર્વક રહ્યો એ જ્યારે ટળશે ત્યારે સર્વથા કેવળજ્ઞાન થતાં તદ્દન નિરાસ્રવ થઈ જશે. કહો, સમજાણું કાંઈ?.

'**હવે આ જ અર્થનું કળશરૂપ કાવ્ય છે :-**'

**संन्यस्यन्निजबुद्धिपूर्वमनिशं रागं समग्रं स्वयं**
**वारंवारमबुद्धिपूर्वमपि तं जेतुं स्वशक्ति स्पृशन्।**
**उच्छिन्दन्परवृत्तिमेव सकलां ज्ञानस्य पूर्णो भव-**
**न्नात्मा नित्यनिरास्रवो भवति हि ज्ञानी यदा स्यात्तदा।।११६।।**

ઘણું કહ્યું થોડામાં.

'**શ્લોકાર્થ :- આત્મા જ્યારે જ્ઞાની થાય...**' એટલે કે આત્માનું જ્ઞાન થાય એટલે આત્મા શુદ્ધ આનંદ અને પવિત્ર છે એવું અંતરમાં ભાન થતાં, સ્વાદ આવતાં આત્મા આનંદ સ્વરૂપ છે એવું ભાન થતાં એ અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવતાં એ આખો આત્મા અતીન્દ્રિય આનંદમય છે એમ ભાન થતાં. '**ત્યારે પોતે પોતાના સમસ્ત બુદ્ધિપૂર્વક રાગને નિરંતર છોડતો થકો...**' સમજાણું કાંઈ? ઝીણી વાતું ઘણી ભાઈ આમાં. ઓઠીકણ લઈને સૂવાય નહિ, હોં! છોકરાઓ! એક હાથ રાખ્યો છે ઓલામાં, ઓઠીકણ રાખ્યું ઓલામાં. હાથમાં લ્યો. તે કેવો સવા સાત વર્ષે હોં! જનમ્યા પછી સવા સાત વર્ષનો થાય ને કેવળ પામે એમ કહે છે ભગવાન. ઓલા સવા નવ મહિના ભેગા ગણીને આઠ વર્ષ હોય છે. ગભજ

અષ્ઠ માસ એવો પાઠ છે. ગર્ભ સહિતના આઠ વર્ષે આત્મા સિદ્ધપદને, કેવળજ્ઞાનને પામે છે. ભગવાન પરમેશ્વરના જ્ઞાનમાં એવું ભાસ્યું છે. કહો, પોપટભાઈ! આહાહા..! રાજકુમાર આઠ આઠ વર્ષના ચાલી નીકળ્યા છે, હજારો.

મુમુક્ષુ :- કોઈ ગરીબ માણસ ચાલ્યું?

ઉત્તર :- ગરીબ તો નીકળે એનો પ્રશ્ન શું? પણ રાજકુમાર એમ. ગરીબની તો વાતેય શું? અરે..! અમારા ચૈતન્ય રતન .. રાગ અને અજ્ઞાનમાં. સમજાણું? એમ ભાન થયાં. આઠ વર્ષના રાજકુમાર, હોં! આહાહા..! અરે..! આ શરીર અને મડદાને ઉપાડીને બીજા લઈ જશે સ્મશાનમાં. અમે જ ઉપાડીને મૂકી દઈએ છીએ અત્યારે. કારણ કે મડદું છે, અમારું સ્વરૂપ નથી. સમજાણું કાંઈ?

ભગવાન ચૈતન્ય નિધાન અતીન્દ્રિય આનંદને સંઘરીને પડ્યો છે એને અમે કોઈ દિ' જોયા નહિ. સમજાણું કાંઈ? જેમાં અતીન્દ્રિય બેહદ આનંદ પડ્યો છે એને તો અમે કોઈ દિ' જોયો નહિ. એને સંભાર્યો નહિ, એમાં છે કે નહિ એનું લક્ષ કર્યું નહિ. એવા રાજકુમારો ચાલી નીકળે. આહાહા..! ત્રણ લોકના નાથ, ખજાના ખોલી દીધા આત્માના. આવો આત્મા છે, ભાઈ! હવે એ ખજાનો ખોલવા કોણ ન નીકળે? એમ કહે છે લ્યો. સ્તુતિમાં એમ આવે છે. ઋષભદેવની સ્તુતિમાં આવે છે. સમજાણું? આહાહા..! કો'કને ઘરમાં કહે કે તને પાંચ કરોડનું નિધાન છે. તારો બાપ મૂકી ગયો છે. તો શું થાતું હશે તેને?

મુમુક્ષુ :- રાત ને દિ' સૂવે નહિ.

ઉત્તર :- રાત ને દિ' સૂવે નહિ. જુઓ નામ કેવું ઓલાનું આવે છે. એક જણો આવ્યો હતો. તમારા ભાઈનું નામ લેતો હતો છોકરાનું. હમણા કો'ક આવ્યો હતો. પૂનમ શાહ. એના બાપ અહીં છે કે નહિ? કીધું, હા એનો બાપ છે અને એનો પણ બાપ છે. આમાંથી ભાઈ કો'ક હતું આમાં. તુલસીજીના તુલસીજીના ઓલામાંથી કોક ઓળખતો હોય ને. એક આવ્યો હતો. એમ કે તમારા પરિચયમાં આવ્યા છે. તમારા પુસ્તકો અમે બધાય લીધા. પૂનમ શાહ રહે છે કે નહિ એનો બાપ? કીધું, અહીં રહે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- દાળીયા શું થયા એમાં આત્માને? આત્માને શું લાભ? પ્રસિદ્ધ કોણ થયું? નામ શરીર. નામ આત્માને છે નહિ. નામ અને શરીર જ આત્મામાં નથી. પછી કોની પ્રસિદ્ધિ કરવી? કહો. ઢેઢની પ્રસિદ્ધિ થાય ત્યાં ઓલો નાગર ખુશી થાય કે મારી પ્રસિદ્ધિ (થાય છે). આ તો જડ છે ને અને જડના નામના પ્રસિદ્ધ. હવે એ તો માટી છે, આ તો ધૂળ છે. એમાં આત્મા ક્યાં આવ્યો? અને આત્માનું નામ એમાં ક્યાં છે? આ તો માટી છે,

ધૂળ છે. એનું નામ પાડ્યું કે આ મલૂકચંદ.

મુમુક્ષુ :- શાહ હોં હવે તો.

ઉત્તર :- એ શાહ કહેતો હતો. પૂનમચંદ શાહ. તમારું ઝોબાળિયાનું નામ નથી આવતું હોં! એમ. આહાહા..! શું છે? ધૂળમાંય નથી કાંઈ.

ભગવાન આત્મા.. આહાહા..! જેના નામ સાંભળતા જ્યાં શાંતિ આવે એવો ભગવાન આત્મા. નામ એટલે એમાં નમે. આ વસ્તુ આવી. એવી ચીજ. અરે..! ભાઈ! તારી નજરુંને આળસે નિધાન પડ્યા રહ્યા છે. સમજાણું કાંઈ? એ જ્યાં નજર થઈને જ્યાં ભાન થયું આત્માનું. કહે છે, જ્ઞાની '**પોતે પોતાના સમસ્ત બુદ્ધિપૂર્વક રાગને નિરંતર છોડતો થકો...**' રાગ જણાય એને તો સ્વભાવને આશ્રયે છોડી દે છે. સમાજને એમ જ વ્યાખ્યાન આવે છે. એમ કહે છે ને? જુઓ! '**નિરંતર છોડતો થકો...**' નિરંતર એટલે? આનંદ ભગવાન આત્મા શાંતરસનો પ્રભુ, એના તરફની અંતર પરિણમન દષ્ટિનું થયું એ સ્વભાવમાં આશ્રયને લઈને ક્ષણે ક્ષણે જાણવામાં આવેલા રાગને ઉત્પત્તિ છૂટી જાય છે. ક્ષણે ક્ષણે ઉત્પત્તિ છૂટી જાય છે. આમ ખ્યાલમાં આવે એટલું. સમજાય છે કાંઈ?

'**વળી જે અબુદ્ધિપૂર્વક રાગ છે...**' જુઓ! એ આવ્યું પાછું. જે ખ્યાલમાં નથી આવતો એવો પણ રાગ છે. ધર્મીને આમ ખ્યાલમાં આવે કે આ રાગ છે એ રાગને પણ સ્વભાવનો આશ્રય લઈને છોડે છે. અને જે ખ્યાલમાં નથી. કારણ કે ઉપયોગ ઘણો સ્થૂળ છે. એટલે રુચિપૂર્વકનો રાગ એને નથી હવે. પણ જે બુદ્ધિપૂર્વક વિનાનો રાગ જે અંદર છે એને '**જીતવાને વારંવાર (જ્ઞાનાનુભવનરૂપ) સ્વશક્તિને સ્પર્શતો થકો...**' લ્યો, જુઓ! ત્યાં અનુભવ. ઓલામાં એમ લીધું કે '**સમસ્ત બુદ્ધિપૂર્વક રાગને નિરંતર છોડતો થકો...**' જે ખ્યાલમાં આવે એ. અને ખ્યાલમાં નથી આવતો એને પણ આત્માના અંતરમાં અનુભવને સ્પર્શીને એને પણ નિરંતર છોડે છે. સમસ્ત પરવૃત્તિને. વારંવાર સ્વશક્તિ. આત્મા આનંદનો મોટો ભંડાર, અતીન્દ્રિય આનંદનો રવો. ઓલા રવાની વાત કરે તો આમ રાજી રાજી થઈ જાય, લ્યો. કોલ્હાપુરનો આવે છે ને રવો અડધા નંબરનો. અડધા નંબરનો ગોળ બહુ ઊંચો આવે અડધા નંબરનો. કેમ ગોપાણી! આવે છે કે નહિ?

મુમુક્ષુ :- પ્રભુ! એ તો નમૂનો જાત છે, આ નમૂનો...

ઉત્તર :- આ નમૂનો છે. પણ અંદર જા ત્યારે એને ખબર પડે ને? એની કોર ગયા વિના પહેલું અનુમાન તો કરે કે આ આત્મા એક વસ્તુ છે. તો આ વિકૃત દુઃખરૂપ તે એનામાં હોય કે નહિ? એમ તો નક્કી કરે. જે વિકાર છે તે દુઃખ છે એ દુઃખ કાંઈ વસ્તુના સ્વભાવમાં હોય? સમજાણું કાંઈ? પર તરફના ઝુકાવની જેટલી લાગણી થાય એ લાગણીઓ કાંઈ સ્વભાવમાં

છે? એમ તો એને પહેલું અનુમાનમાં (નક્કી કરે કે) જ્ઞાન તે આત્મા, રાગ તે આત્મા છે નહિ. સમજાણું કાંઈ? જ્ઞાન તે આત્મા. એનો અર્થ-રાગ તે આત્મા નહિ. અને દુઃખ તે આત્મા નહિ. જ્ઞાન તે આત્મા એટલે આનંદ તે આત્મા એ છે.

મુમુક્ષુ :- આપે તો સિદ્ધ કરી દીધું પણ અમારે...

ઉત્તર :- સિદ્ધ કરે કોણ પણ? કોણ કરે? પોતે કરે કે કોઈનું કર્યું થાય? ભૂલ એણે કરી છે ને? તો જ્યાં ભૂલ જેણે કરી ત્યાં ભૂલ તેને ટાળવી. જણનારીમાં જોર ન હોય તો સુયાણી શું કરે? નથી આવતું એ?

મુમુક્ષુ :- જણનારીમાં જોર હોય તો તો પછી..

ઉત્તર :- થઈ રહ્યું. એ તો કરે ત્યારે ઓલાને નિમિત્ત કહેવાય. કહો, સમજાણું આમાં? આહાહા..!

ભાઈ! તારી દૃષ્ટિએ દોલત પડી છે પણ દૃષ્ટિ બદલી શકતો નથી અને દૃષ્ટિમાં એને માહાત્મ્ય આવતું નથી. આ વસ્તુ (છે). અને જે વસ્તુ છે એ સ્વયંસિદ્ધ અનાદિઅનંત સત્રૂપ, તેમાં આનંદ જ હોય. સત્ વસ્તુમાં કાંઈ દુઃખ હોય? દુઃખ તો કૃત્રિમ વિકૃત અવસ્થા ક્ષણિક છે. એવા ક્ષણિક અવસ્થાના દુઃખની રુચિ છોડી અને ત્રિકાળી શાશ્વત આનંદ અને જ્ઞાનની મૂર્તિ એવો ભગવાન આત્મા, એને સ્પર્શીને. જુઓને! એમ કહે છે ને? '**સ્વશક્તિને સ્પર્શતો થકો...**' અબુદ્ધિપૂર્વક જે રાગ છે-ખ્યાલમાં નથી આવતો. પણ ખ્યાલમાં એટલું તો આવે ને કે હું કેવળજ્ઞાન પામ્યો નથી માટે કાંઈક અબુદ્ધિપૂર્વકનો રાગ છે. મારા પ્રેમથી, રુચિથી કરું એ ભલે નથી. પણ અબુદ્ધિપૂર્વકનો (રાગ છે ખરો).

બુદ્ધિપૂર્વકનો રાગ ખ્યાલમાં આવે એને તો સ્વભાવ તરફના આશ્રયથી છોડતો ક્ષણે ક્ષણે જાય. પણ જ્યારે ખ્યાલમાં ન આવે એવો પણ રાગ જો ન હોય તો તો કેવળજ્ઞાન હોય. કાંઈક રાગ ભાગ ખ્યાલમાં ન આવે એવો પણ છે. તો હવે એને ટાળવાનો ઉપાય શું? એ સ્વભાવનું સ્પર્શન અનુભવ કરવો તે. સમજાણું કાંઈ? લ્યો, જિન-જિન. આ જિન એને કહે છે-જૈન. આહાહા..! જીતવું શબ્દ છે ને? રાગ જીતવાને વારંવાર.. શું શબ્દ છે? '**જેતું**' છે ને? '**જેતું સ્વશક્તિ સ્પૃશન્।**' વાહ!

ભગવાન આત્મા એનામાં અતીન્દ્રિય આનંદ, શાંત અવિકારી સ્વભાવથી ભરેલો પદાર્થ, એમાં ખ્યાલ વિનાનો જે રાગ વિકલ્પ ઉઠે છે એને આત્માના સ્વભાવને સ્પર્શતો, અનુભવતો, આસ્વાદતો, વેદતો એ રાગને છોડે છે. કહો, સમજાણું ? વળી કોઈ (એમ કહે છે કે) અબુદ્ધિપૂર્વક છે એ ક્રમબદ્ધ છે અને બુદ્ધિપૂર્વક તે અક્રમબદ્ધ છે. એમ નથી. એમ કે અંદરમાં અબુદ્ધિપૂર્વક રાગ થાય ને એ તો ક્રમબદ્ધ થાય. પણ બુદ્ધિપૂર્વક રાગ થાય એ ક્રમબદ્ધ નહિ. આડોઅવળો

થાય. એમ. બીજું શું? એમ નથી. ક્રમબદ્ધ તો ક્રમબદ્ધ જ છે. પણ ખ્યાલમાં આવ્યો રાગને સ્વભાવને દૃષ્ટિથી બુદ્ધિપૂર્વક રાગ જણાય તેને છોડે છે. ભલે ક્રમબદ્ધ જ આવે છે એ. અને અબુદ્ધિપૂર્વક અંદર રાગ છે એ પણ ક્રમબદ્ધમાં જ છે.

એને આત્માના સ્વભાવને. '**જીતવાને વારંવાર (જ્ઞાનાનુભવનરૂપ) સ્વશક્તિને...**' લ્યો ઠીક. આ ક્રિયા. જુઓ તો આ ક્રિયા. એ ક્રિયા ખ્યાલમાં આવતી નથી. અને આ રાગની, પુણ્યની, દયાની, વ્રતની, ભક્તિની એ ક્રિયા. અને કાં તો કો'કનું ભલું કરી દે અને બીજાને સમજાવી દે, એમાંથી મને કાંઈક મળી જશે. ધૂળમાંય મળશે નહિ. શું મળે? વાણી જ તારી નથી પછી શું મળશે તારું? વાણી જડ છે. એ તો જડને કારણે નીકળે. આહાહા..! જુઓને! સાકરચંદભાઈ બોલી શકતા નથી. આ સડી ગયું છે બધું. બોલતા હતા તો ઝપટબાજ બોલતા હતા. એ બોલતા હતા? પુદ્ગલના પરમાણુમાં ધ્વનિ ઉઠતી હતી. એ પુદ્ગલ પરમાણુ ખૂટ્યા એ જાતના. થઈ રહ્યું. આ સડી ગયું બધું સડી ગયું. જોયું છે કે નહિ? પ્રવિણભાઈ આવ્યા હતા ઉપર? બ્રાહ્મણ નાખે છે ને તમાકૂ? તમાકૂ ચુના સાથે કરી આમ આમ કરે. એટલે એમાંથી જરી ઉડી જાય. ચૂના સાથે તમાકૂ રાખે ને. પછી આમ આમ કરે થોડું. એટલે શું કે બહુ ઝીણી ધૂળ ઉડી જાય. સહેજ સહેજ ઝાડું ઝાડું રહે. ઓરમું હોય ને એવું રહે. ઓલું ઝીણું. પછી ભરાવે. એ ત્યાં હોઠ સડ્યો છે. બહુ પીતા એ. સાથે ને સાથે રાખતા. તમાકૂ ને ચુનો બેય ભેગા. બ્રાહ્મણનું જોયું છે આપણે. બ્રાહ્મણ કેટલાક કરતા હોય ને એ જોયું છે. હોં! આમ કરીને પછી એટલે ચડાવે. સ્વાદ લે જુઓ આ. એ તમાકૂના સ્વાદ.

મુમુક્ષુ :- મોક્ષ દેખાય છે ત્યાં.

ઉત્તર :- મોક્ષ દેખાય? આહા..! મૂર્ખાઈ તે પણ કેટલી. વ્યસન એટલે દુઃખ. ઈચ્છા થઈ કે આ લઉં એ પોતે દુઃખ છે. આહાહા..! કહે છે..

મુમુક્ષુ :- ...

ઉત્તર :- લાલચોળ જેવું રહે. આ સડી ગયું એનું શું થયું? ઓલો શાતાનો ઉદય હતો. એમાં તમાકૂને લઈને કે દિ' હતું? આહાહા..! જુઓ તો આમ નિરાધાર. બોલાય નહિ. આહાહા..! કોઈ કોઈનું નથી એમ ભાષા કરે બધા. આમ આમ કરે. આ .. નથી. કે દિ' હતું પણ તે દિ'? સમજાણું? આહાહા..! જીવંત શક્તિ આવે છે ને આમાં ક્યાંક જીવંત? આમાં જ આવે છે ને આસ્રવમાં? જીવંતનો અર્થ વિદ્યમાન નહોતું કહ્યું એક ફેરી? ભગવાન વિદ્યમાન છે ને? જીવતા છે એટલે વિદ્યમાન છે. એમ આમાં જ ક્યાંક આમાં જ શ્લોકમાં આવે છે, હોં! '**जीवन्त्यां**' એના પછી જ આવે છે લ્યો ૧૧૭માં. એ જ આવે છે, જુઓ! છે ને? '**सर्वस्यामेव जीवन्त्यां**' ભાઈ! જીવતા. જીવતા એટલે વિદ્યમાન. જેમ સીમંધર

ભગવાન આમ જીવતા છે. ત્યાં છે, બયાનામાં. જીવીત સ્વામી. એટલે કે વિદ્યમાન સ્વામી એનો અર્થ એ થાય. વિદ્યમાન સ્વામી. જીવતા સ્વામી એમ નહિ. વિદ્યમાન સ્વામી. ભગવાન વિદ્યમાન છે પરમાત્મા મહાવિદેહ ક્ષેત્રમાં. એને જીવંત સ્વામી લખ્યા છે. સમજાણું? જુઓ! આપણે અહીંયાં આવ્યું. ૧૧૭ શ્લોકમાં છે કળશમાં. કહો, સમજાણું?

જેને આત્માના સ્વભાવનું ભાન ને રુચિ ને પ્રેમ થયો એને આત્મામાં કાંઈ રાગ બુદ્ધિપૂર્વક થાય એ તો સ્વભાવને આશ્રયે ટાળે છે. કારણ કે ખ્યાલમાં છે તો અહીં ખ્યાલ વાળીને એ ટળે છે. પણ જે ખ્યાલમાં નથી એને પણ અનુભવ કરીને ટાળે છે. એમ કહે છે. મૂળ તો બેય એક જ વાત છે પણ.. સમજાણું કાંઈ? એ રાગને ટાળવાનો એક જ ઉપાય-સ્વનો અનુભવ કરવો એ. અહીં એમ સિદ્ધાંત સિદ્ધ કર્યો. રાગને ટાળવાને ઉપાય બીજો કોઈ છે નહિ. ભગવાન આત્મા એના અનુભવમાં એકાકાર થાય, એને અનુસરીને દશા પ્રગટે. બસ! એ જ વિકારને ટાળવાનો ઉપાય છે. કહો, સમજાણું?

'**અને (એ રીતે) સમસ્ત પરવૃત્તિને-પરપરિણતિને-ઉખેડતો...**' એ તો વ્યવહારથી વાત એમ જ (આવે). અહીં ઠરે છે એટલે ઉખેડતો (એમ કહ્યું). ઉખેડતો એટલે મૂળમાંથી કાઢતો. સમજાણું? '**उच्छिन्द**' છે ને એ? '**परवृत्तिमेव सकलां**' '**सकलां परवृत्तिमेव उच्छिन्द**' ઉછેદતો, ટાળતો. આહાહા..! મૂળમાંથી ઉખેડીને જેમ ખાય ને ગધેડા. અંદરથી આમ મૂળમાંથી ઉખેડીને ખાય. એમ કહે છે, રાગને મૂળમાંથી ઉખેડીને સ્વભાવ તરફ ઢળે છે. '**જ્ઞાનના પૂર્ણભાવરૂપ થતો થકો,...**' પોતાનો જ્ઞાનસ્વભાવ (એમાં) એકાગ્ર થઈને પૂર્ણ ભાવ કેવળજ્ઞાનરૂપે થયો થકો. '**ખરેખર સદા નિરાસ્રવ છે.**' કહો, સમજાણું આમાં? આહાહા..!

'**ભાવાર્થ :- જ્ઞાનીએ સમસ્ત રાગને હેય જાણ્યો છે.**' જુઓ! સમસ્ત રાગ. શુભ હો કે અશુભ હો. બુદ્ધિપૂર્વક હો કે અબુદ્ધિપૂર્વક હો. '**તે રાગને મટાડવાને ઉદ્યમ કર્યા કરે છે;...**' સ્વભાવ તરફનું વલણ સદા રહ્યા જ કરે છે, એમ કહે છે. સમજાણું કાંઈ? બહુ થોડી વાત છે ટૂંકી પણ મોટી વાત છે. મહત્ત્વની વાત છે. આહાહા..! ભગવાન આત્મા આનંદનો મોટો રવો છે. એમાં જેટલી પુણ્ય-પાપની વૃત્તિઓ ઉઠે એને છેદવાને જ્ઞાની પુરુષાર્થ સ્વભાવ તરફ કર્યા કરે છે. સમજાણું કાંઈ?

'**તેને આસ્રવભાવની ભાવનાનો અભિપ્રાય નથી;...**' અભિપ્રાય લીધો ને? એને રાગ કરવાનો અભિપ્રાય નથી. કેમ કે રાગ દુઃખરૂપ જાણ્યો, આત્મા આનંદરૂપ જાણ્યો. આનંદરૂપ જાણતા રાગને અભિપ્રાયમાં કરવાનો ભાવ નથી. '**તેથી તે સદા નિરાસ્રવ જ કહેવાય છે.**' લ્યો! એ આસ્રવ સાથે ગોઠડી તોડી. કટ્ટી કરી. શું કહે છે? છોકરાઓ નથી કહેતા?

શું કહે છે એ? કટ્ટી કરે ને? આમ કાંઈક કરે છે દાંત. આમ દાંતથી કરે તો કટ્ટી થાતી હશે, મોઢેથી નહિ થાતી હોય. શું હશે? વિપુલ નથી આવ્યો? જ્યોતિ! શું હશે એ? આમ કાંઈક કરે છે હોં! આમ કટ્ટી જાવ. તમારે અમારે હવે કટ્ટી છે. અહીં કહે છે કે રાગ સાથે કટ્ટી કરી જ્ઞાનીએ. સમજાણું કાંઈ? રાગ વિકલ્પ ઉઠે વિકાર એની સાથે મારે કાંઈ સગા સંબંધ નથી કે મારે એની સાથે લાગતું-વળગતું નથી. એ આવે છે ને? બીજે આવે છે. આહાહા..! '**તે રાગને મટાડવાને ઉદ્યમ કર્યા કરે છે; તેને આસ્રવભાવની ભાવનાનો અભિપ્રાય નથી;...**' અભિપ્રાયમાં રાગને હેય જાણતો આદરવાનો ભાવ નથી તેથી તેને અભિપ્રાયની અપેક્ષાએ આસ્રવ છે નહિ. '**તેથી તે સદા નિરાસ્રવ જ કહેવાય છે.**'

હવે '**પરવૃત્તિ (પરપરિણતિ) બે પ્રકારની છે–**' એનો ખુલાસો કરે છે. પરપરિણતિ એટલે આત્મામાં પુણ્ય-પાપના વિકાર થાય તે પરપરિણતિ બે પ્રકારની છે. એક '**અશ્રદ્ધારૂપ અને અસ્થિરતારૂપ.**' સમજાણું? એક રાગની જેને શ્રદ્ધા નથી કે રાગ પર છે એવું અશ્રદ્ધારૂપ, અને ભાન થયું પછી અસ્થિરતારૂપ. રાગ વિકારના બે પ્રકાર. એક અશ્રદ્ધા એટલે મારું છે એવી માન્યતાપૂર્વક અને એક અસ્થિરતાપૂર્વક '**જ્ઞાનીએ અશ્રદ્ધારૂપ પરવૃત્તિ છોડી છે...**' એ રાગ મારો છે એ શ્રદ્ધા છૂટી છે. એને રાગ મારો નથી અને સ્વભાવ મારો છે એમ જ્ઞાનીને અશ્રદ્ધારૂપ પરવૃત્તિ એટલે પરપરિણતિ વિકાર છૂટી છે. આહાહા..! એ આઠ વર્ષની બાલિકા પણ સમ્યગ્દર્શન પામે તો પણ આમ છે, કહે છે. આહા..! આત્મામાં તાકાત છે. પણ માણસને એ વાત સૂઝે નહિ, સૂઝ પડે નહિ. આઠ વર્ષની બાલિકા હોં! હજી તો આમ. એને જ્યારે આ ભાન થાય.. આહાહા..! આવો આત્મા! પરમાત્મા અને આત્મામાં કાંઈ ફેર નથી અંતર સ્વભાવની અપેક્ષાએ. સમજાણું કાંઈ? એમ પોતાના ભાન થતાં જે રાગની શ્રદ્ધા હતી કે રાગ મારો છે એ શ્રદ્ધા ગઈ એટલે એની પરવૃત્તિ છોડી છે. રાગ મારો છે એવી વૃત્તિ છૂટી ગઈ છે.

'**અસ્થિરતારૂપ પરવૃત્તિ જીતવા માટે...**' ધર્મીને હજી કમજોરી પુરુષાર્થની નબળાઈ હોય એવી રાગને '**જીતવા માટે તે નિજ શક્તિને વારંવાર સ્પર્શે છે...**' આહાહા..! સમજાણું? એક માણસ મરવા પડ્યો. આઠ હજાર રૂપિયા હતા રોકડા. ઘણાં વર્ષની વાત છે. પછી કૂંચી રાખી. તાળું દઈને કુંચી (રાખી) અહીં ગાદલા હેઠે. મરવાની તૈયારી. એટલે ઘડી ઘડી ગાદલા નીચે હાથ નાખે. ઓલી કુંચી છે કે નહિ? કોઈ લઈ ગયું કે નહિ? અહીંથી લઈને ઉઘાડે નહિ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એમ નહિ. અહીં તો એમ કે જેમાં લગની લાગી હોય એમાં વારંવાર સ્પર્શ્યા

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


જ કરે છે એમ સિદ્ધ કરવું છે. તે દિ' રોકડ હતું ને. પચાસ વર્ષ પહેલા. રોકડા પડ્યા હતા આઠ હજાર. વૃદ્ધ અવસ્થા. પોણો સો વર્ષની થઈ ગઈ. એક બાયડી મરી ગઈ અને એક બાયડી હતી. આઠ હજાર રોકડા. દીકરો-દીકરી કાંઈ નહિ. વાંઝિયા હતા. પછી લઈને.. લોકો કહે, આ વારંવાર શું કરે છે? ગાદલા હેઠે કુંચી નાખી હોય ને. મોટી મોટી કુંચી તે દિ' રાખતા. આવડી મોટી, હોં! સાધારણ આવા તાળા નહિ. મોટા તાળા. કુંચી પણ મોટી. દેશી તાળા. જુઓ! એની સંભાળ કરે. હવે મરવું છે. પણ આઠ હજાર ઓલામાં નાખ્યા છે કોઈ કુંચી લઈને ઉઘાડી તો નથી ગયો ને? એમ. લઈ તો નથી ગયો ને? વારંવાર ત્યાં નજર જાય.

એમ ધર્મીને વારંવાર આત્માના નિધાન ઉપર નજર હોય છે. સમજાણું કાંઈ? કેટલી લગની! પણ હવે સાથે આવે એવું નથી, નક્કી થઈ ગયું છે, શરીર હમણાં છૂટી જશે. સમજાણું? બેસવાની તાકાત નહિ. પછી ઓલું બાંધ્યું હોય ને? નથી બાંધતા? દોરડું. દોરડું બાંધે એટલે ઊંચું હોય તો (ટેકો રહે). કારણ કે વારંવાર બધા માણસ .. દોરડું ઝાલે. .. પછી હળવે હળવે આમ. એ બેઠો થઈને પણ પાછું ઓલી કુંચી આઘી વઈ ગઈ હોય તો જોવા માટે નક્કી કરે પાછું ક્યાં ગઈ? આહાહા..! હવે એ શું થાય? કહો. ઉંદર થાય ત્યાં સંભાળવા માટે. આવી લગની! અહીં કહે છે, એ લગની જેને આત્માના શુદ્ધ ચૈતન્યની લાગી એને તો રાગ મારો છે એ પરિણતિ તેને છૂટી ગઈ. હવે જરી અસ્થિરતાનો-આસક્તિનો રાગ જ્ઞાનીને હોય છે. તે જીતવા માટે નિજ અનુભવને વારંવાર સ્પર્શે છે. આત્મા તરફ આત્માને ધ્યેયમાં લક્ષમાં તો પરિણતિ થઈ છે. પણ હવે વિશેષ લક્ષમાં લઈને તેને અનુભવમાં જોડે છે. '**અર્થાત્ પરિણતિને સ્વરૂપ પ્રતિ વારંવાર વાળ્યા કરે છે.**' ઓહોહો..! દશાને દશાવાનમાં વારંવાર વાળે છે.

'**એ રીતે સકળ પરવૃત્તિને ઉખેડીને કેવળજ્ઞાન પ્રગટાવે છે.**' લ્યો. કેવળજ્ઞાન પરમેશ્વર અરિહંત જે થાય એ આ રીતે કેવળજ્ઞાન પ્રગટ કરે છે. કહો, એમાં કેટલા અપવાસ કર્યા અને કેવળજ્ઞાન થયું, એ કાંઈ ન આવ્યું એમાં. ન્યાલચંદભાઈ! ન્યાલચંદભાઈ દાંત કાઢે છે. કેટલા અપવાસ કરનારો આ કેવળજ્ઞાન પામે એમ ન આવ્યું આમાં. આહાહા..! અહીં તો કહે છે કે ભગવાન આત્મા જે જ્ઞાનની મૂર્તિ જ્ઞાનસ્વરૂપ ચૈતન્ય હીરો, એવું જેને અંતરમાં ભાસ થયો, ભાસ્યો, જ્ઞાને જાણ્યું એને તો હવે રાગ મારો છે એ બુદ્ધિ રહી નહિ. એ જાતની વૃત્તિ ને પરિણતિ-અવસ્થા તો છૂટી ગઈ. આસક્તિની વૃત્તિ રહી છે એ સ્વરૂપને સ્પર્શ કરતાં એને છોડી દે છે. એ અનુભવ કરતાં કરતાં છોડશે અને છૂટતાં એને કેવળજ્ઞાન થશે. આમ કહ્યું. સમજાણું કાંઈ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

**'બુદ્ધિપૂર્વક' અને 'અબુદ્ધિપૂર્વક'નો અર્થ આ પ્રમાણે છે :-'** હવે બુદ્ધિપૂર્વક અને અબુદ્ધિપૂર્વકનો અર્થ કરે છે થોડોક. **'જે રાગાદિપરિણામ ઈચ્છાસહિત થાય તે બુદ્ધિપૂર્વક છે...'** રુચિપૂર્વક. **'અને જે રાગાદિપરિણામ ઈચ્છા વિના પરનિમિત્તની બળજોરીથી થાય તે અબુદ્ધિપૂર્વક છે.'** અત્યારે અર્થ આ છે. પાછા વિશેષ કરશે પછી. પુણ્ય-પાપના ભાવ બુદ્ધિપૂર્વક એટલે રુચિપૂર્વક કરું એને બુદ્ધિપૂર્વક કહે છે. અને જે રાગાદિ પરિણામ રુચિ વિના એટલે રુચિના ભાવ વિના (થાય) એનું નામ ઈચ્છા વિના. પરનિમિત્તથી બળજોરીથી થાય તે અબુદ્ધિપૂર્વક કહેવામાં આવે છે.

**'જ્ઞાનીને જે રાગાદિ પરિણામ થાય છે તે બધાય અબુદ્ધિપૂર્વક જ છે;...'** અબુદ્ધિપૂર્વક એટલે દૃષ્ટિ રુચિપૂર્વક, અભિપ્રાયપૂર્વક નથી. એમ. સમજાણું કાંઈ? આત્મા શુદ્ધ વસ્તુ પવિત્ર એનું ભાન થતાં ધર્મીને અપવિત્ર જે ભાવ દેખાય છે એ બધા અબુદ્ધિપૂર્વક છે. પુરુષાર્થની કમજોરીને લઈને, વિકારનું જોર છે અને કર્મના નિમિત્તનું એને જોર કહેવામાં આવે છે. **'જ્ઞાનીને જે રાગાદિ પરિણામ થાય છે તે બધાય અબુદ્ધિપૂર્વક જ છે; સવિકલ્પ દશામાં થતા રાગાદિપરિણામો જ્ઞાનીની જાણમાં છે...'** રાગ થાય એ એના ખ્યાલમાં છે કે આ રાગ દયાનો છે, આ દાનનો છે, આ વિષયનો છે, આ .. વગેરે. **'તોપણ અબુદ્ધિપૂર્વક છે...'** તોપણ રુચિપૂર્વક નથી. ખ્યાલમાં હોવા છતાં તેને અબુદ્ધિપૂર્વક કહેવામાં આવે છે. **'કારણ કે ઈચ્છા વિના થાય છે.'** ઈચ્છા વિના રાગ કર્મના જોરને લઈને થાય છે. એમ હશે ને? જીતુ! શું? ક્યારે આવ્યો?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એટલે?

**'ઈચ્છા વિના થાય છે.'** ઈચ્છા વિના એટલે રુચિ વિના થાય છે. એમ. સમજાણું? એને ભાવ, રાગ કરવાનો ભાવ નથી રુચિમાં. છતાં થાય છે એટલે એને અબુદ્ધિપૂર્વક કહેવામાં આવે છે.

**'(રાજમલ્લજીએ આ કળશની ટીકા કરતાં બુદ્ધિપૂર્વક અને અબુદ્ધિપૂર્વકનો આ પ્રમાણે અર્થ લીધો છે :-'** કળશમાં, કળશમાં. **'જે રાગાદિપરિણામ મન દ્વારા, બાહ્ય વિષયોને અવલંબીને,...'** અંદર મન અવલંબન લીધું, બાહ્ય વિષયોનું અહીં અવલંબન લીધું-બાહ્ય નોકર્મનું. **'પ્રવર્તે છે અને જેઓ પ્રવર્તતા થકા જીવને પોતાને જણાય છે...'** કે આ રાગ છે. આ રાગ જણાણો. સમજાય છે? **'તેમ જ બીજાને પણ અનુમાનથી જણાય છે...'** વિષયની વાસનામાં હોય, આ ક્રિયામાં હોય, સમજાય છે? એને રાગ છે. **'તે પરિણામો બુદ્ધિપૂર્વક છે;...'** એને બુદ્ધિપૂર્વક કહેવામાં આવે છે.

**'અને જે રાગાદિપરિણામ ઈન્દ્રિયમનના વ્યાપાર સિવાય...'** અપેક્ષાથી વાત છે, હોં! મનનો વેપાર તો અંદર છે. પણ આમ ખ્યાલથી નથી ને. **'ઈન્દ્રિયમનના વ્યાપાર સિવાય કેવળ મોહના ઉદયના નિમિત્તે થાય છે...'** એ અપેક્ષાનું વચન છે. એકલો મોહનો ઉદય ... નહિતર મન તો સાથે છે, પણ આમ ખ્યાલ નથી ને વિશેષ એટલે એને મનના વ્યાપાર સિવાય કહેવામાં આવે છે. **'અને જીવને જણાતા નથી...'** જણાતા નથી એટલે ખ્યાલમાં આવતા નથી. **'તે અબુદ્ધિપૂર્વક છે. આ અબુદ્ધિપૂર્વક પરિણામને પ્રત્યક્ષ જ્ઞાની જાણે છે...'** લ્યો! **'અને તેમના અવિનાભાવી ચિહ્ન વડે...'** એટલે? કે બુદ્ધિપૂર્વક રાગ છે ખ્યાલમાં આવે એવો, તો અબુદ્ધિપૂર્વક પણ અંદર હોવો જોઈએ. ન હોય તો બુદ્ધિપૂર્વક કેમ આવ્યું? એમ. શું કીધું સમજાણું? રાગ બુદ્ધિપૂર્વક ખ્યાલમાં આવ્યો એથી એમ અનુમાન થયું કે હજી એ ખ્યાલમાં ન આવે એવો અબુદ્ધિપૂર્વક રાગ છે. સમજાણું કાંઈ આમાં?

ફરીને. આત્મા શુદ્ધ દૃષ્ટિ કરીને દૃષ્ટિપૂર્વક રાગનો અભાવ કર્યો. એને રાગ હજી આવતા ખ્યાલમાં આવે એવો રાગ આવ્યો કે આ સ્ત્રી હોય તો કામ .. કરતી હોય, ફલાણું કરતી હોય, આ પુરુષ હોય તો વેપાર કરતો હોય. દાખલો છે ને દુકાન. કહે છે કે એને રાગ છે. ખ્યાલમાં એને આવે છે, બીજાને પણ ખ્યાલમાં છે કે રાગ છે. નહિતર દુકાને બેસે નહિ. દુકાનનો માલ તોળવાનો ભાવ છે ને. એ ભાવ એને છે. એમ પોતાને ખ્યાલમાં આવે અને બીજાને પણ ખ્યાલમાં આવે. સમજાણું?

અને જે રાગ... ઉપયોગ સ્થુળ છે ને? એટલે રાગ છે એ ખ્યાલમાં આવ્યો પણ અંદર ઉપયોગ ન પહોંચે એવો પણ રાગ છે અંદર. જો ઉપયોગ પહોંચી જાય તો તો સમયનું કેવળજ્ઞાન થઈ જાય એને. ઉપયોગ કામ કરે નહિ. એટલે રાગ છે આ વેપાર, ધંધો, આ કરે છે, આ કરે છે. સમજાણું? એ તો ખ્યાલમાં આવ્યો રાગ. પોતાને આવ્યો અને બીજાને પણ ખ્યાલમાં આવે છે. પણ જે રાગ પોતાને ખ્યાલમાં નથી આવતો. કારણ કે સૂક્ષ્મપણે ખ્યાલમાં ન આવે એવો અબુદ્ધિપૂર્વક પુરુષાર્થની કમીને લઈને અંદર થાય છે. સમજાણું? એ પોતાને પણ જાણવામાં ન આવે અને બીજા પણ એને જાણી શકતા નથી. કેવળી જાણે કે આને રાગ છે. પણ પોતાને અનુમાનથી થાય. સમજાણું કાંઈ? કે આ બુદ્ધિપૂર્વક રાગ છે તો ઉપયોગ ત્યાં આગળ પહોંચે છે તો હજી અંદર ખ્યાલમાં ન આવે એવો અબુદ્ધિપૂર્વક આત્માના પ્રદેશમાં રાગની ઉત્પત્તિ અંદર છે. સમજાણું કાંઈ? આ તો તત્ત્વની વાત છે એટલે જરી મગજને કેળવવું જોઈએ. શું કહ્યું?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઉદય તો બેયમાં છે.

એક લોઢાનો ગોળો હોય ને અગ્નિથી તપેલો. બહુ અગ્નિ હોય ને એમાં તો એને સાઠીકડું મૂકો તો એ સળગે ભટ્ટ દઈને. ત્યારે જણાય કે આમાં અગ્નિ સ્થુળપણે પણ છે. હવે એ અગ્નિ ઘણી નીકળી ગઈ હોય અને સૂક્ષ્મ અગ્નિ અંદર હોય. તો સાંઠીકડું મૂકો તો બળે નહિ પણ રૂનો ઝીણો પોલ કરીને મૂકો તો .. થાય કે અંદર છે અગ્નિ. સમજાણું કાંઈ? લોઢાના ગોળા થાય છે કે નહિ ઊના? બહુ ઊના હોય ને એ તો સાંઠીકડું આમ અડાડો ત્યાં ફટ દઈને (સળગે) આમ. સમજ્યા? અગ્નિ ઘણી નીકળી ગઈ અને સૂક્ષ્મ અગ્નિ હોય એને સાંઠીકડું મૂકો તો સળગે નહિ. પણ રૂને જાડું રૂ કરીને મૂકો તો પણ ઝટ ન સળગે. પણ જે પકડી શકે એવું રૂ પહોળું પોચું આમ ઝીણું કરીને મૂકો તો તડતડ થઈ જાય. ત્યારે કહે, અંદર અગ્નિ છે.

એમ આત્મામાં ખ્યાલ આવે એવો રાગ કે આ વિકાર છે, આ કામ કરે છે, માટે આને વિકાર છે. એ તો ખ્યાલ આવે એવો રાગ છે. પણ એ વખતે ખ્યાલ ન આવે એવો રાગ છે. જે આત્માની પર્યાયને જનજન કરીને બાળે છે થોડી. સમજાણું કાંઈ? આ તો આત્માની વાત છે, ભાઈ! એટલે એને માટે તો એણે (સમય કાઢવો જોઈએ).

અનંત વાર શરીરને માટે એણે આત્માને ગાળ્યો. શ્રીમદ્ કહે છે ને? આત્મા માટે શરીર કોઈ દિ' એણે ગાળ્યું નહિ. આત્માને ગાળ્યો શરીરને માટે. એની સંભાળ કરું, આ કરું.. આ કરું. જે ચીજ પોતાની નથી. જે રજકણો એને કારણે પલટ્યા કરે છે. તારો વિકલ્પ કાંઈ કામ કરી શકે નહિ. આત્મા શરીરને રાખવા માટે આત્માને ગાળી દીધો. ગાળ્યો સમજાણું? એ રાગમાં વયો ગયો એકાકાર થઈને. શરીરની સંભાળ, આબરૂની સંભાળ, મળેલી લક્ષ્મીની સંભાળ, ખાવા-પીવાની કેટલી જાગૃતિનો ઉપયોગ કેટલો કામ કરે જુઓને! સવારથી જુઓ તો ચા, ઊના-ઊના. ન ઠીક પડે તો દૂધ ઉકાળા, ન ઠીક પડે તો કોફી. .. ? કાવો. એક એક. કેટલે ઘરે તો બબ્બે-ત્રણ-ત્રણ થાય એક સાથે હોં! કો'ક છોકરાને ન ભાવતું હોય તો. કેટલી સંભાળ! આહાહા..! ધૂળની. જે કો'કની માટી છે, જગતના રજકણો છે આ. પણ એને ખ્યાલમાં તો આવવું જોઈએ કે આ મફતનું થાય છે. એમાં કાંઈ રાગને કારણે એમાં અવસ્થા રહેતી નથી. રાગ મારો મફત પાપમાં જાય છે. સમજાણું કાંઈ?

આત્મદ્રવ્ય સિવાય પરદ્રવ્યની સંભાળ કરતાં આત્મા ગાળી નાખ્યો છે. પણ આત્મા ખાતર શરીર ગળતું હોય જ્યાં જાવું હોય તો થાય અને થાવું હોય તો થાય. અમથું પણ થાવું હોય ઈ થાય. પણ એનું લક્ષ છોડીને આ આત્મા.. અરે..! અનંત કાળમાં માંડ વખતે ત્યાંથી નીકળ્યો. માતાના ઉદરમાંથી નીકળ્યો ત્યારે એવું આવે છે અન્યમાં. હે નાથ! આમાંથી નીકળું તો હવે હરિ તને ન ચૂકું, હોં! આ સંકડાશમાંથી અને આ પાપ ને સવા નવ મહિના

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અંદર. ઓલો ભગવાન અંદર બિરાજે છે. ચારે કોર વિષ્ટા, પેશાબ, પાયખાના. એમાં ભગવાન સવા નવ મહિના શરીરમાં રહે. હે નાથ! આ મુંઝવણમાંથી નીકળું ને તો હવે હું તને ન ભૂલું, હોં! પણ બહાર જ્યાં નીકળે એટલે પાછું ઈનું ઈ. આહાહા..! એક તો .. પોતે જન્મ્યો નહોતો ત્યારે કાંઈ નહોતું. જ્યારે જન્મ થયો ત્યારે ઓહો..! આ મારી મા, આ મારો બાપ, વળી એક વળગી બાયડી, આ મારી બાયડી. વળી થયો છોકરો. આ મારો છોકરો. મારી નાખ્યા.

મુમુક્ષુ :- છોકરાને..

ઉત્તર :- છોકરાને પાંચ-છ છોકરા થાય. છોકરાના છોકરા, એના છોકરા. વિરજીભાઈને કેટલું છે? ૧૦૦. મોટી ઉંમરના. ૧૮-૧૮ વર્ષની લાઈન ગણો તો કેટલા પાંચ-છ પેઢી થઈ જાય. સો વર્ષની બાઈ હોય. સો વર્ષે ગુજરી ગઈ ને હમણાં? લાલુભાઈની મોટી બા. સો વર્ષ એને, ભાઈ અમરચંદભાઈને ૮૦ વર્ષ, ૭૯. હવે આને ૫૫-૫૬ હશે. ૫૭ હોય ખરા. એને કાંતિભાઈના છોકરા, કાંતિભાઈના.. એના છોકરાના છોકરા. કેટલું બધું છે. લપ પણ કેટલી? એ આવે છે, ... શાસ્ત્રમાં નહિ? કેટલી પેઢી કાંઈક કહે છે યાદ નથી. મરુદેવીની કેટલી પેઢી કહે છે. એ આંકડો આવે છે. શ્વેતાંબરમાં આવે છે. કેટલી પેઢી? કોના પેઢા?

ભાઈ! તારું સ્વરૂપ એનાથી ભિન્ન છે. એમ જ્યાં ભાન થયું. કહે છે કે કાંઈક અબુદ્ધિપૂર્વક રાગ રહ્યો. જાણવામાં ભલે ન આવે પણ અનુમાનમાં છે કે કેમ કેવળજ્ઞાન નથી થતું? પૂર્ણ દશા કેમ નથી? કે અટકેલું કાંઈક છે. એમ જાણીને સ્વભાવનો સ્પર્શ કરીને એને ટાળવા માગે છે.

મુમુક્ષુ :- સ્પર્શ કરીને એટલે?

ઉત્તર :- અનુભવીને. સ્પર્શીને, અનુભવીને-આત્માના આનંદને અનુભવીને.

મુમુક્ષુ :- સવિકલ્પ...

ઉત્તર :- સદાય છે. સવિકલ્પ વખતે પણ આત્મા એકાગ્ર થઈને સદાય... સ્વભાવ તરફ વલણ જ છે ને. સમજાણું કાંઈ? વીર્યનું વલણ જ અંતર્મુખ થયું છે આખું. બાહ્યમાં દેખાય બધું ભલે. વસ્તુ છે ને વસ્તુ? પદાર્થ મહા. એમ અંતર્મુખ જ્યાં દૃષ્ટિ થઈ તો અંતર્મુખનું જ વલણ છે હવે. બહિર્મુખની દૃષ્ટિ છે ખરી પણ એને અંતર્મુખ વડે ટાળવા માગે છે. જીવનું જીવન છે. સમજાણું? જુઓ!

**'આ અબુદ્ધિપૂર્વક પરિણામને પ્રત્યક્ષ જ્ઞાની જાણે છે અને તેમના અવિનાભાવી ચિહ્ન વડે તેઓ અનુમાનથી પણ જણાય છે.'** કેવળજ્ઞાન નથી, પૂર્ણ થતું નથી રાગ ક્યાં? અનુભવ વખતે રાગ ન દેખાય પણ પાછો રાગ આવ્યો. ત્યારે રાગ હતો ત્યારે આવ્યો

કે રાગનો નાશ થઈ ગયો ને આવ્યો?

**'હવે શિષ્યની આશંકાનો શ્લોક કહે છે :-'**

**सर्वस्यामेव जीवन्त्यां द्रव्यप्रत्ययसन्ततौ।**
**कुतो निरास्रवो ज्ञानी नित्यमेवेति चेन्मतिः।।११७।।**

**'શ્લોકાર્થ :- જ્ઞાનીને સમસ્ત દ્રવ્યાસ્રવની સંતતિ વિદ્યમાન હોવા છતાં...'** એ વિદ્યમાનનો અર્થ કર્યો. નહિ? **'जीवन्त्यां'**. મહારાજ! આત્મા શુદ્ધ ચૈતન્ય મૂર્તિ છે એવું અંતરમાં ભાન ને જ્ઞાન ને દર્શન થયું ત્યારે જ્ઞાનીને હજી જડ કર્મોની સંતતિ ઘણી પડી છે એને. આઠ કર્મો પડ્યા છે, કાંઈ વયા નથી ગયા. કેવળી નથી થઈ ગયો. સમજાણું કાંઈ? એ દ્રવ્યાસ્રવની સંતતિ વિદ્યમાન છે. **'છતાં જ્ઞાની સદાય નિરાસ્રવ...'** કઈ રીતે આપ કહો છો? સમજાણું કાંઈ?

ભગવાન આત્મા જ્ઞાતા-દૃષ્ટાનો સ્વભાવવંત પ્રભુ, એવું અંતરમાં ભાન થયું, દૃષ્ટિમાં જ્ઞાન થયું, એવું ભાન (થયું છે) છતાં એને કર્મની ધારા તો વહે છે. કર્મ છૂટી નથી ગયા. આઠે કર્મ પડ્યા છે અને એનો ઉદય પણ થાય છે. વિદ્યમાન છે, જીવતા છે. આહા..! એ ભગવાન વિદ્યમાન છે મહાવિદેહ ક્ષેત્રમાં. જીવતા છે એમ નહિ, વિદ્યમાન છે. ત્યાં બયાનામાં એ લખ્યું છે ને. જીવંત સ્વામી, જીવંત સ્વામી. જુઓ! આપણે અહીં મળી ગયું. તમે નહોતા, નહિ? તમે નહોતા આવ્યા? કેમ કાંઈક ગયા હતા આઘા પાછા? ઘણાં એવા વયા ગયા હતા આડા અવળા હોં! .. હતા. નહિ? મગનભાઈ નહોતા. બધા આડાઅવળા વયા ગયા હતા. ... આવ્યું ત્યાં શું છે એમ કરીને કોકે રસ્તો આમ લીધો અને કોકે રસ્તો આમ લીધો. પોપટભાઈ હતા એ પણ .. સગવડતા ગોતવા જાય ને પહેલી. નેમિદાસભાઈ પહેલા જાય. સૌથી પહેલા જાય. શું પાછું મકાન-બકાન .. પણ આ રહી ગયું આ બધું. પહેલેથી કહ્યું હતું કે અહીં ભગવાન બિરાજે છે. ... વર્ષ પહેલાના બિરાજે છે. એની .. આપણે ફોટા મગાવ્યા હતા. હતા કે નહિ?

મુમુક્ષુ :-

ઉત્તર :- હા. પણ ત્યાં ને ત્યાં .. ગયો છે. કાંઈ નથી, એક છોડી હવે છે. છતાં મજૂરી કર્યા જ કરે છે ત્યાં. કોણ જાણે સલવાણું હશે, ગમે તેમ હોય, કાઢવા નહિ દેતા હોય.

જીવતા સ્વામી. જીવંત સ્વામી શ્રીસીમંધર સ્વામી એમ લખ્યું હતું. ... ચંદુભાઈ ઉપર ચડ્યા. ચંદુભાઈ ઉપર ચડીને કહે, આ તો પૂર્વ છે. વાત સાચી. આ બરાબર. પૂર્વવિદેહ. દૂર વિદેહ નહિ. પહેલું એ લોકો .. છાપામાં એ નાખે છે. છાપામાં. દૂરના ભગવાન. પૂર્વના

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


મહાવિદેહના જીવંતસ્વામી સીમંધર સ્વામી. સમજાણું કાંઈ? આપણે તો અહીં હમણાં પધરાવ્યા. ૯૭માં. એ તો ૪૦૦-૫૦૦ ને ૧૦૦ વર્ષ પહેલાનું.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વાત સાચી. હજી તો એને ક્યાં ખબર પણ હતી? આ તો એના પહેલા લોકો ઓલા રાડું પાડતા હતા ને. ચોવીસ તીર્થંકરો ... હવે સાંભળને. એ તીર્થંકર નથી? એ તીર્થંકર નથી? શાંતિનાથ છે. પદ્મપ્રભુ ભગવાન છે, માથે નેમિનાથ છે. પણ માણસને આડું જોવું છે ને. સાંખી શકાતું નથી. આ શું? મોટરમાં બેસે, સાથે મોટા ઓલા, હવે એ કહે બીજાને ખોટા ઠરાવે. .. એય..! માણસ કહે. હવે સાંભળને હવે. દર્શનશુદ્ધિ વિના તારા ખોટા ત્યાગને કોણ ગણતા હતા? સમજાણું કાંઈ? ત્યાગ કરીને મરી જાય ને સૂકાઈ જઈને બહાર નગ્ન થઈને. જેને આત્મા શું છે એની દૃષ્ટિના વિરહ પડ્યા, ત્યાં ત્યાગના તો વિરહ છે એને. ત્યાગ હતા કે દિ' એને? આહાહા..!

શિષ્યને શંકા છે. એમ પોતે ઉઠાવ્યું છે. '**જ્ઞાનીને સમસ્ત દ્રવ્યાસ્રવની સંતતિ વિદ્યમાન હોવા છતાં...**' ભગવાન જેમ વિદ્યમાન બિરાજે છે, એમ જ્ઞાનીને કર્મ વિદ્યમાન છે એમ કહે છે. કર્મ છે હજી. તમે કહો કે કાંઈ નથી એને બંધ નથી અને આસ્રવ પણ નથી. ઠીક ભગવાન! આચાર્યે શંકા કરીને ... '**એમ જો તારી બુદ્ધિ છે...**' એમ. '**(અર્થાત્ જો તને એવી આશંકા થાય છે)...**' આશંકા હોં! શંકા એમ નહિ. '**તો હવે તેનો ઉત્તર કહેવામાં આવે છે.**'

'**હવે, પૂર્વોક્ત આશંકાના ઉત્તરની ગાથા કહે છે :-**'

**सव्वे पुव्वणिबद्धा दु पच्चया अत्थि सम्मदिट्ठिस्स।**
**उवओगप्पाओगं बंधंते कम्मभावेण।।१७३।।**
**होदूण णिरुवभोज्जा तह बंधदि जह हवंति उवभोज्जा।**
**सत्तट्ठविहा भूदा णाणावरणादिभावेहिं।।१७४।।**
**संता दु णिरुवभोज्जा बाला इत्थी जहेह पुरिसस्स।**
**बंधदि ते उवभोज्जे तरुणी इत्थी जह णरस्स।।१७५।।**
**एदेण कारणेण दु सम्मादिट्ठी अबंधगो भणिदो।**
**आसवभावाभावे ण पच्चया बंधगा भणिदा।।१७६।।**
**જે સર્વ પૂર્વનિબદ્ધ પ્રત્યય વર્તતા સુદૃષ્ટિને,**
**ઉપયોગને પ્રાયોગ્ય બંધન કર્મભાવ વડે કરે. ૧૭૩.**
**અણભોગ્ય બની ઉપભોગ્ય જે રીત થાય તે રીત બાંધતા,**

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**જ્ઞાનાવરણ ઈત્યાદિ કર્મો સપ્ત-અષ્ટ પ્રકારનાં. ૧૭૪.**
**સત્તા વિષે તે નિરુપભોગ્ય જ, બાળ સ્ત્રી જ્યમ પુરુષને;**
**ઉપભોગ્ય બનતાં તેહ બાંધે, યુવતી જેમ પુરુષને. ૧૭૫.**
**આ કારણે સમ્યક્ત્વસંયુત જીવ અણબંધક કહ્યા,**
**આસરવભાવઅભાવમાં નહિ પ્રત્યયો બંધક કહ્યા. ૧૭૬.**

પોતાનો ભાવ જ્યાં નથી જોડાવાનો એને ઉદય કરીને શું કરે? કહે છે. સમજાણું કાંઈ? કર્મ પડ્યા હોય તો શું? ઢેફાં જેમ પડ્યા છે. ઉપયોગ જ જેમાં જોડાણ નથી, ઉપયોગ જ આત્મા તરફ છે એને પડેલા કર્મ છે એવા નથી એમ કહેવામાં આવે છે. એને બંધન અને આસ્રવ છે નહિ. વિશેષ કહેશે.... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**જેઠ વદ ૩, રવિવાર તા. ૨૫-૦૬-૧૯૬૭**
**ગાથા-૧૭૩ થી ૧૭૬, શ્લોક-૧૧૮, પ્રવચન-૨૫૭**

આ સમયસાર આસ્રવ અધિકાર છે. ૧૭૩થી ૧૭૬. એની ટીકા. શું કહેવું છે અહીંયાં? કે આત્મા આસ્રવ વિનાની ચીજ છે. આ આત્મા છે ને આત્મા? એ આત્મા જેને કહીએ એ તો જ્ઞાનાનંદ શુદ્ધ ચૈતન્યમૂર્તિ સ્વરૂપ છે. એમાં આસ્રવ એટલે આ દયા, દાન, વ્રત, પુણ્ય-પાપના ભાવ એ આસ્રવ છે એ સ્વરૂપમાં નથી. એથી જેને સ્વરૂપની દૃષ્ટિ થઈ, સમ્યગ્દૃષ્ટિને આસ્રવ નથી એમ અહીં સિદ્ધ કરવું છે. સમજાય છે કાંઈ? જ્ઞાન વિજ્ઞાનઘન આત્મા, વિજ્ઞાનઘન ચૈતન્ય સ્વરૂપ, એમાં કર્મ અને શરીર તો નથી પણ પુણ્ય અને પાપ, દયા, દાન, વ્રત, ભક્તિ, કામ વિકલ્પ જે શુભ-અશુભ એ આસ્રવ છે એ વસ્તુમાં નથી. એવી વસ્તુની દૃષ્ટિ જ્યાં થઈ, સમ્યગ્દર્શન થયું કે હું તો શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ આનંદ છું. ત્રિકાળ જગતનો સાક્ષી અને દૃષ્ટા અને દેખનાર છું. એવા ભાનમાં સમ્યગ્દૃષ્ટિને આસ્રવ હોતા નથી એમ અહીં સિદ્ધ કરે છે. સમજાણું?

આસ્રવ નથી એટલે એને બંધ પણ નથી. દૃષ્ટિનો વિષય શુદ્ધ ચૈતન્ય સ્વભાવ જ્યાં નિર્વિકલ્પ વસ્તુ ભાનમાં, અનુભવમાં, પ્રતીતમાં આવી એને હવે બંધન અને આસ્રવ બંધના કારણો છે જ નહિ. એ અહીં સિદ્ધ કરે છે. ત્યારે કહે છે, કર્મ પડ્યા છે ને પૂર્વના? વર્તમાનમાં ભલે એ ભાન થયું પણ પૂર્વના કર્મ પડ્યા છે એનું શું કરવું? જ્ઞાનીને પૂર્વમાં અજ્ઞાનભાવે બંધાયેલા કર્મો જડ છે એ ઉદયમાં આવે ત્યારે એને બંધ થાય કે નહિ થાય? એ માટે આ ગાથાઓમાં દૃષ્ટાંત સહિત વાત કરે છે.

‘**ટીકા :- જેમ પ્રથમ તો...**’ સ્ત્રીનો દાખલો આપે છે. જગતને સરળપણે સમજાય માટે. ‘**તત્કાળની પરણેલી બાળ સ્ત્રી અનુપભોગ્ય છે પરંતુ યૌવનને પામેલી એવી તે પહેલાંની પરણેલી...**’ પહેલાંની પરણેલી એમ લેવું છે ને દાખલો પહેલાનો. ‘**યૌવન-અવસ્થામાં ઉપભોગ્ય થાય છે...**’ જ્યારે એ પહેલાની પરણેલી સ્ત્રી વર્તમાન યૌવન અવસ્થામાં ઉપભોગ્ય થાય છે ‘**અને જે રીતે ઉપભોગ્ય થાય...**’ વર્તમાનમાં જે રીતે ઉપભોગ્ય થાય ‘**તે અનુસારે, પુરુષના રાગભાવને લીધે જ,...**’ પુરુષના રાગ અને વાસનાના પ્રેમને લીધે ‘**પુરુષને બંધન કરે છે-વશ કરે છે,...**’ આ દૃષ્ટાંત થયો. સમજાણું કાંઈ?

‘**તેવી રીતે જેઓ પ્રથમ તો સત્તા-અવસ્થામાં અનુપભોગ્ય છે...**’ શું કહે છે? ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યના અંતર ભાન અને અનુભવ થયો તે પહેલા અજ્ઞાનપણે બાંધેલા

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કર્મો એની સત્તામાં, એની હયાતીમાં હતા. તે ઉપભોગ... છે ને? **'તેવી રીતે જેઓ પ્રથમ તો સત્તા-અવસ્થામાં અનુપભોગ્ય છે...'** જે જડ કર્મ સત્તામાં પડ્યા છે એ કાળે તો તે ઉપભોગ્ય-ભોગવવા લાયક નથી. સમજાણું કાંઈ?

**'પરંતુ વિપાક અવસ્થામાં...'** ઓલાને યૌવન અવસ્થામાં, એમ આના વિપાક અવસ્થામાં **'ઉપભોગ્ય થાય છે...'** એ વિપાક-કર્મનો પાક થાય ત્યારે તે ઉપભોગને યોગ્ય થાય છે. **'એવા પુદ્‌ગલકર્મરૂપ દ્રવ્ય પ્રત્યયો...'** એવા જડ કર્મ જે ઉદયમાં આવેલા એવા ભાવ, જડના હોં! **'હોવા છતાં તેઓ ઉપયોગના પ્રયોગ અનુસારે...'** એ ઉદયનો જે રીતે જોડાણ થઈને ઉપભોગ્ય થાય તે અનુસારે, ઉપયોગના પ્રયોગ અનુસારે **'કર્મોદયના કાર્યરૂપ જીવભાવના સદ્‌ભાવને લીધે જ,...'** કર્મનું નિમિત્ત અને તેને અનુસરીને થતો વર્તમાન વિકારી ભાવ. એ કર્મોદયનું જે કાર્ય જે પુણ્ય-પાપના વિકલ્પો અને વિકાર એવા જીવભાવની હયાતીને લીધે જ **'બંધન કરે છે.'** કહો, સમજાણું આમાં? કહો, સમજાણું કે નહિ? મગનભાઈ!

કર્મ જે પડ્યા છે પૂર્વના... અહીં તો આસ્રવ અને બંધ નથી એમ સિદ્ધ કરવું છે. ત્યારે કહે છે, આત્માનું જ્ઞાન વસ્તુ શુદ્ધ ચૈતન્ય, જ્ઞાનસ્વરૂપ, આનંદસ્વરૂપ (છે) એમ ભાન થયું ત્યારે એને આસ્રવ અને બંધ નથી. કેમ? કે ત્યારે પૂર્વે અજ્ઞાનભાવે બંધાયેલા પડ્યા એનું શું કરવું? અજ્ઞાનભાવે કર્મ પડ્યા એને કર્મ સત્તામાં છે ત્યાં સુધી તો એને ઉપભોગ નથી. પણ પાક કાળે એ કર્મના કાર્યકાળે કર્મ ઉદય આવ્યું અને તેમાં જોડાણ પોતાનો ઉપયોગ જેટલા પ્રમાણમાં અનુસરીને જોડાય એ પ્રમાણે તેને વિકારી ભાવ થાય અને તે પ્રમાણે તેને વિકારીભાવથી બંધન થાય.

મુમુક્ષુ :- એ તો બંધન થાય એમ સિદ્ધ કર્યું.

ઉત્તર :- બંધન થાય એમ સિદ્ધ કર્યું છે પહેલું.

મુમુક્ષુ :- નિરાસ્રવ છે ઈ?

ઉત્તર :- એ જ કહે છે. ઉપયોગને અનુસારે. હવે ઉપયોગ એનો નથી એમ સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ?

ઉપભોગના પ્રવેશના... લીધે બંધન કરે છે. શું કહે છે? ન્યાય શું કહ્યો પણ? કે જેમ બાળક સ્ત્રી તો જેમ સત્તામાં કર્મ. યૌવન સ્ત્રી જેમ પાકનું કર્મ. યૌવન સ્ત્રીને જેમ એના પ્રત્યે પુરુષનો રાગ જેટલા પ્રમાણમાં વર્તે છે ઉપભોગકાળમાં તેટલો તે સ્ત્રી તેને વશ કરે છે એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? એમ કર્મની સત્તા એ તો અણુપભોગ્ય છે વિપાક વિના. પાક આવ્યો ત્યારે ઉપભોગ યોગ્ય થઈ. પણ પાક કાળમાં એને અનુસારે જે વિકાર પરિણામ કરે, ઉપયોગ તેમાં જોડીને તેના પ્રમાણમાં પણ વિકારને કારણે તેને બંધન થાય.

જ્ઞાનીને એનું જોડાણ છે નહિ, એમ સિદ્ધ કરવું છે અહીં. સમજાણું કાંઈ?

જુઓ! વિશેષ સિદ્ધ એ કરે છે ને? અહીં આવ્યું ને પહેલું? '**પુદ્‌ગલકર્મરૂપ દ્રવ્યપ્રત્યયો...**' જેવી રીતે ઉપભોગ્ય થાય તે અનુસારે '**કર્મોદયના કાર્યરૂપ...**' કર્મના નિમિત્તમાં પોતાનો ઉપયોગ જોડાવાના કારણે, જે કાર્ય જીવમાં વિકારી ભાવનો સદ્‌ભાવ થાય એને બંધન કરે છે. હવે જ્ઞાનીને નથી એમ સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ? '**માટે જ્ઞાનીને જો પૂર્વબદ્ધ દ્રવ્ય પ્રત્યયો વિદ્યમાન છે, તો ભલે હો;...**' ભલે પડ્યા જડ. '**તથાપિ તે તો નિરાસ્રવ જ છે,...**' હવે કારણ આપે છે.

'**કારણ કે કર્મોદયનું કાર્ય જે રાગદ્વેષમોહરૂપ આસ્રવભાવ તેના અભાવમાં દ્રવ્યપ્રત્યયો બંધના કારણ નથી.**' જ્યારે કર્મનો ઉદય આવતા તેના તરફનું વલણ જે અજ્ઞાનીનું હતું, એના વલણમાં જે મિથ્યાત્વ અને રાગદ્વેષ ભાવ થતો એ જીવના પરિણામના સદ્‌ભાવને કારણે બંધન હતું. જ્ઞાનીને એ છે નહિ. તેમ કર્મના ઉદયકાળમાં ઉપયોગ તો સ્વ તરફ જોડાયેલ છે. શુદ્ધ ચૈતન્ય છું, જ્ઞાન છું, આનંદ છું એમ એનું જોડાણ છે એટલે કર્મના ઉદયનું કાર્ય જે રાગદ્વેષમોહ છે એ જ્ઞાનીને થતું નથી. નથી થતું માટે તેને આસ્રવ અને બંધ છે નહિ. કેવી વાતું ભારે છે! એય..! આ તો બંધનને સિદ્ધ કર્યું કહે છે. અહીં તો અબંધ સિદ્ધ કરવો છે. પણ એ જ કહે છે બંધને સિદ્ધ કર્યું એમાંથી નિકાલ કાઢવો છે હવે. જે આત્મા અખંડ પ્રભુ એનું જ્યાં ભાન થયું, સમ્યગ્દર્શન થયું. આત્મા અખંડાનંદ પ્રભુ શુદ્ધ ચૈતન્ય નિર્વિકલ્પનું અંતર ભાન થતાં એને પૂર્વમાં અજ્ઞાનભાવે બંધાયેલા જે કર્મ હતાં, જડ છે. હો. એના પાક કાળે જે જીવનો સદ્‌ભાવ, એના તરફ જોડાણના અનુસારે જે વિકાર થતો એને લઈને બંધનનું કાર્ય હતું. જ્ઞાનીને એ દ્રવ્યપ્રત્યયો પાકમાં આવે તો તેના તરફનું જોડાણ એને નથી.

મુમુક્ષુ :- ... જોડાણ છે ...

ઉત્તર :- એ તો બંધનની સિદ્ધિ કરી કે આવો બંધ થાય. જ્ઞાનીને નથી. કર્મનો ઉદય હોય એના પ્રમાણમાં જોડાણમાં થાય. ઓલું કીધું ને? કે સ્ત્રી યૌવન અવસ્થા પામી અને તેના પ્રત્યે અને અનુસારે જે રાગદ્વેષ કરીને એને વશ થાય તેને સ્ત્રી બંધનમાં નાખે છે, એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? ભારે! આ આત્મા એના સ્વરૂપના અજ્ઞાનભાવે મિથ્યાત્વભાવ અને રાગદ્વેષમોહને કારણે કર્મના પાકમાં એનું જોડાણ ત્યાં થાય છે એમ કહે છે. જ્ઞાનીને એ ભાવ છે નહિ. ચિદાનંદ સ્વરૂપ જ્ઞાયકમૂર્તિ આત્મા, એના અંતર ભાનમાં ચોથે ગુણસ્થાને હો તો પણ (બંધ નથી) એમ કહે છે અહીં.

વસ્તુ જ્યારે... અજ્ઞાનભાવે બંધાયેલા કર્મો પાક કાળે આવ્યા તે કાળે જ્ઞાનીની દૃષ્ટિ તો

શુદ્ધ ચૈતન્યના સ્વરૂપ તરફ પરણમેલી છે. પર તરફનું સાવધાનપણું અને પર તરફમાં રાગ-દ્વેષની એક્તા એ વાત છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? સમ્યગ્દર્શનની મહિમા અને સમ્યગ્દર્શનનો વિષય એની મહિમા તો શું કરવી! આહાહા..!

ભગવાન આત્મા અનંત જ્ઞાન, આનંદનો કંદ એ તો મહા પદાર્થ! એની તો શું વાત? પણ એનું જ્યાં અંતર ભાન થયું કે આ વસ્તુ આવી નિર્વિકલ્પ છે, એવું ભાન થતાં અભાન વડે બંધાયેલા કર્મના પાક કાળે તેમાં જોડાણ જ્ઞાનીનું છે નહિ. માટે જ્ઞાનીને આસ્રવ અને બંધ છે નહિ. સમજાણું કાંઈ? પહેલું તો બંધ સિદ્ધ કર્યું. એઈ..! પંડિતજી! હવે કહે છે ને '**કર્મોદયના કાર્યરૂપ જીવભાવના સદ્ભાવને લીધે જ, બંધન કરે છે. માટે જ્ઞાનીને જો પૂર્વબદ્ધ દ્રવ્ય પ્રત્યયો વિદ્યમાન છે, તો ભલે હો; તથાપિ તે (જ્ઞાની) તો નિરાસ્રવ જ છે, કારણ...**' હવે કારણ આપે છે.

'**કર્મોદયનું કાર્ય જે રાગદ્વેષમોહરૂપ આસ્રવભાવ તેના અભાવમાં દ્રવ્યપ્રત્યયો બંધનાં કારણ નથી.**' કર્મનો ઉદય આવ્યો પણ તેના તરફનું જોડાણ, જોડાણ આમ દૃષ્ટિનું આમ થઈ ગયું છે. જ્ઞાનમૂર્તિ આત્મા પરમાનંદસ્વરૂપ, ત્યાં અંદર અનુભવ દૃષ્ટિ ત્યાં પડી છે. એટલે કર્મના ઉદયના કાળમાં તેમાં જોડાણ નથી માટે મિથ્યાત્વ અને રાગદ્વેષમોહનો અભાવ છે. માટે જ્ઞાનીને આસ્રવ નથી અને આસ્રવથી બંધ થાય એ પણ નથી. કહો, સમજાણું કે નહિ આમાં? એય..! મલૂકચંદભાઈ! શું પાછા કહી શકો કે નહિ? ત્યાં વાંધા ઉઠે.

સ્ત્રી યૌવન થઈ પણ એને વશ થાય તો તેને વિકાર થઈને એ સ્ત્રી એને બાંધે એમ કહેવામાં આવે છે. એમ કર્મનો પાક આવ્યો પણ કર્મના પાક કાળે આત્માનો પાક છે ને અંદર. આનંદ શુદ્ધ ચૈતન્યની અંદર દૃષ્ટિ, રુચિનું પરિણમન છે. સમજાય છે કાંઈ? શુદ્ધ જ્ઞાયક મૂર્તિ છું એવું સ્વસન્મુખનું ભાન અને જ્ઞાન વર્તે છે એથી પરસન્મુખના ઉદયમાં તેનું જોડાણ નથી. અસ્થિરતાનું જોડાણ એને અહીં ગણવામાં આવ્યું નથી. અહીં તો આમ જોડાણ હતું ત્યારે મિથ્યાદૃષ્ટિ હતો અને આમ હતું ત્યારે એને આસ્રવ અને બંધ છે નહિ. કહો, પોપટભાઈ! સમજાય છે કે નહિ? ફરીને. આપણે ક્યાં એકવાર, બે વાર, ત્રણ વાર.. નક્કી કરવું પડશે ને?

આ આત્મા વસ્તુ છે કે નહિ વસ્તુ? ચિદાનંદ મૂર્તિ અનાદિઅનંત શાંત આનંદકંદ વસ્તુ છે. સમજાણું કાંઈ? એ ચીજનું અંતરમાં જ્યાં સુધી એને ભાન નહોતું ત્યાં સુધી તો એનું વલણ કર્મના પાક તરફના અંતરના વલણમાં પર તરફનું વલણ હતું. તો પર તરફના વલણમાં ભ્રાંતિ અને રાગદ્વેષ ઉત્પન્ન થતાં. અભ્રાંતિ જે સ્વરૂપ છે એવી દશાનું ભાન નથી એટલે એને ભ્રમણા અને રાગદ્વેષ મિથ્યાત્વ અને રાગદ્વેષ ઉત્પન્ન થતાં. એ મિથ્યાત્વ અને રાગદ્વેષનો

નાશ સ્વરૂપ સન્મુખ થઈને દૃષ્ટિ થઈ, મિથ્યાત્વ અને રાગદ્વેષનો નાશ થયો, રાગદ્વેષનો નાશ થતાં અજ્ઞાનપણે બંધાયેલા કર્મ, તેના પાક કાળે તેના તરફ જોડાણ, એકત્વબુદ્ધિ નથી. આમ એકત્વબુદ્ધિ હોવાને લઈને એમાં નથી. માટે જ્ઞાનીને મિથ્યાત્વ અને રાગદ્વેષમોહરૂપ ભાવઆસ્રવ નથી. કહો, સમજાણું કે નહિ આમાં?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- દિશા ફરી એમ કહે છે. આહાહા..! .. વાત છે ઈ અંતરથી સમજાય એવી છે ભાઈ.

વસ્તુ ભગવાન આત્મા આમ વિજ્ઞાનનું ઘન એમ જ્યાં દૃષ્ટિ થઈ, અનુભવ થયો, ભાન થયું ત્યારે ધર્મી સમ્યગ્દૃષ્ટિને અજ્ઞાને બંધાયેલા કર્મના પાકમાં જોડાણ નથી. વલણ આ બાજુ છે. સ્વસન્મુખના વલણમાં પરસન્મુખતાની એક્તાના પરિણામ જ્ઞાનીને છે નહિ. સ્વસન્મુખની એક્તાના પરિણામ છે. પરસન્મુખની એક્તાના પરિણામ નથી. એવા રાગદ્વેષ અને મોહના અભાવને લઈને. સમજાણું? રાગ આસ્રવભાવ '**તેના અભાવમાં દ્રવ્યપ્રત્યયો બંધના કારણ નથી.**' એને જૂના કર્મ પાકમાં આવ્યા પણ નિમિત્ત થનાર, એને નિમિત્ત થનાર જે રાગદ્વેષ અને મોહ એ નથી માટે જૂના કર્મ પણ બંધનું કારણ નથી. કહો, સમજાણું આમાં? બહુ ઝીણું પણ. બહારનું કરવું હોય ને તો કરી નાખે. વ્રત પાળવા, દયા પાળવી. એ નથી. બાપા! વ્રત પાળવા એ બધો વિકલ્પ છે, રાગ છે.

ભગવાન આત્મા એ વિકલ્પની પાર નિર્વિકલ્પ સચ્ચિદાનંદ મૂર્તિ પ્રભુ સિદ્ધ સમાન છે. એનું અંતર ભાન વિના જેટલી ક્રિયાકાંડ, દયા-દાન, વ્રત-ભક્તિ કરે એ બધી મિથ્યાત્વમાં જાય છે. સમજાણું? એ અજ્ઞાનમાં જાય છે. એને આત્માનો કાંઈ લાભ નથી. અને જ્યાં આત્માનો ઉપલબ્ધ લાભ થયો, શુદ્ધ ચૈતન્ય વસ્તુ, મારામાં તો પૂર્ણ આનંદ અને પૂર્ણ જ્ઞાન દર્શન આદિ સ્વભાવથી ભરેલો પદાર્થ, એવું એકરૂપ મારી ચીજ છે એમાં અંતર દૃષ્ટિમાં એકાગ્ર થયો એથી કહે છે કે કર્મના પાક કાળે આમ જે એકાગ્ર થઈને રાગની એક્તામાં વિકારમાં જોડાતો, એ જોડાણ ન રહ્યું. એટલે કર્મનો ઉદય આવીને ખરી જાય છે. એને બંધનું કારણ કર્મનો ઉદય થતું નથી. કેમ કે એના તરફના વલણનો રાગદ્વેષમોહ જ્ઞાનીને નથી. કહો, બરાબર છે? શશીભાઈ! કહો, સમજાય છે કે નહિ આમાં? આવો ધર્મ કઈ જાતનો? માણસ કહે. આ તે ક્યાં ધર્મ થયો પણ? એ ધર્મ થયો આત્માની દશામાં.

મુમુક્ષુ :- ક્યા ગામમાં?

ઉત્તર :- આત્માના ગામમાં. એઈ..! વજુભાઈ! આહાહા..! અધર્મ ક્યાં થયો? એ પણ આત્માની પર્યાયમાં. ક્યાં થાતો હશે? બહારમાં થાય છે કાંઈ?

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ભગવાન આત્મા જ્ઞાનની મૂર્તિ પ્રભુ ચૈતન્ય જ્યોત એકલો છે એનું જ્યાં લક્ષ અને આશ્રય નથી ત્યાં આગળ એને કર્મના નિમિત્ત તરફનું લક્ષ અને આશ્રય છે. બસ! એ મિથ્યાત્વભાવ અને રાગદ્વેષભાવ છે. ત્રિકાળ જ્ઞાયક સ્વભાવનો અનાદર કરી અને રાગ ને દ્વેષની ઉત્પત્તિ કરીને તેમાં હિતબુદ્ધિએ ત્યાં જોડાઈ ગયો છે. બસ! એ જ મિથ્યાત્વ અને રાગદ્વેષ સંસારનું કારણ છે. સમજાણું કાંઈ? એ જ્યાં વલણ છૂટ્યું,.. વસ્તુ સચ્ચિદાનંદ પ્રભુ મહાન પદાર્થ જેની મહિમાનો પાર ન મળે. જેની નિર્મળ પર્યાયનું તો શું કહેવું? નિર્મળ પર્યાયની પણ મહિમા અપાર તો એના સ્વભાવનું તો શું કહેવું? એવા અંતર્મુખ સ્વભાવ તરફની જ્યાં દૃષ્ટિ પ્રતીતમાં આત્માના ભાન સહિત આવ્યું, કહે છે કે એ ભાનમાં જ્ઞાનીને પર તરફની એકત્વબુદ્ધિનો નાશ થઈ ગયો. એને કારણે મિથ્યાત્વ અને રાગદ્વેષ જ્ઞાનીને થતાં નથી. નથી થતાં ત્યારે વીતરાગ અને વિજ્ઞાનદશામાં એ એકાકાર છે. વીતરાગ અને વિજ્ઞાનદશાની ઉત્પત્તિ થાય છે. સમજાણું કાંઈ? ઝીણું લાગે, પરિચય નહિ. અંતરમાં શું આ ચીજમાં ક્યાં ભૂલ પડી છે અને કેમ ભૂલ ટળે? એની રીતની ખબર ન મળે. એટલે આમ બફમ જેવું બધું લાગે. જયંતિભાઈ! શું કહે છે પણ આ? આહાહા..! દુનિયાને આમ કરી દે, દુનિયાનું આમ કરે તો એને સૂઝે, સૂઝ પડે અજ્ઞાનમાં. આહાહા..! અરે..! ભાઈ! સમજાણું?

એક અહીં ગાય પડી છે બે દિ'થી. પાણી નહિ ને આહાર કાંઈ નહિ. સૂકાય છે અહીં. કો'કની પેલા ભિખાની છે. હું દિશાએ નીકળ્યો... આ રતિભાઈની વહુ જરી દયાળુ લાગે છે. છે કો'કની પણ એને ઘાસ ખવરાવે. પછી ઓલો કૂચો આપ્યો. શાંતિભાઈએ શું કીધું? એ શું કૂચો? ક્યાંથી? એ આવે છે અહીં? ક્યાંથી આવે છે? એ ભૂક્કો ખાય. જતા હતા ને .. બે દિ'થી પડેલી આમ. ઊભી થઈ શકે નહિ. બાઈ બિચારી જરી ખડ આમ નાખે. ચાલવાની તાકાત નહિ. જુઓ! તો દશા. આહાહા..! આવી દશાઓ અજ્ઞાનપણે પરમાં લક્ષ કરી અને ભૂલ્યો ભગવાન આત્માને. આ શરીરમાં કાંઈક થાય તો મને થયું, આ શરીરમાં અનુકૂળ હોય તો મને અનુકૂળ. આ ખોરાક કાંઈક ઠીક આવ્યો તો હાશ. આ શું? ધૂળમાં. જડના પરમાણુ કાંઈક પેટમાં જઠરમાં અડ્યા ત્યારે કહે, હાશ. પણ એ અડ્યા જ નથી તને ખરેખર તો. આહાહા..! ભારે પણ ભ્રમણા સેવી છે ને. અને આવા ભવ અનંતા કર્યા છે. આહાહા..! કોઈ સામું જોનાર નથી. તેં ક્યાં સામું જોયું છે તારી? પર સામું જોઈને ભટક્યા કર્યો છો અનંત કાળથી. આહા..!

અહીં છપ્પનીયાની ગાયું જોઈ હતી ને છપન્નીયામાં. ઊભી ઊભી રોતી હતી, હોં! જોયું હતું મેં, દસ વર્ષની ઉંમરે. છપન્નીયામાં ગાયું. બહુ ઘાસ ઓલા કરેલા. આમ રોવે. ભરવાડ માથે ધાબળો નાખી એ રોતો હોય ભેગો. એ જોયેલું એક ફેરી. ભરવાડ હોય ને બિચારો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

ધાબળો ઉપર નાખીને રોવે. આહાહા..! ઘાસના તરણા મળે નહિ. એ અજ્ઞાનીને આનંદકંદનો આહાર છે એનું ભાન ન મળે.

મુમુક્ષુ :- પણ ભૂખ લાગી હોય ત્યાં ક્યાં?

ઉત્તર :- ભૂખ લાગી જડની પર્યાયમાં. આત્માને ક્યાં લાગે છે? સમજાણું કાંઈ? આહાહા..!

અરે..! અનંત આનંદની કોઠી પડી છે એમાં. અનંત આનંદની કોઠી એનું બારણું ઉઘાડે. શું કહે ઓલું હેઠલું? શું કહેવાય ઓલું? .. ઉઘાડેને જ્યાં હડહડાટ ઘઉંના દાણા ચાલ્યા આવે છે. જોયા છે એ? કોઠી મોટી રાખતા ને? ૫૦-૫૦ મણ, પોણો-પોણો સો મણ ભરાય. લૂગડું રાખે. જરીક આમ કરે ત્યાં..

મુમુક્ષુ :- નીચે ખુલ્લું રાખે.

ઉત્તર :- નીચે .. રાખે ને. નીચે જ રાખે ને. ઉપર ભાર હોય એટલે આમ નીચે આવી જાય. મોઢિયું. ચાલ્યું આવે આમ હડહડાટ હોં! અધમણ નિકળી જાય. વળી પાછા જોઈતા હોય તો લઈને પછી લૂગડુ ઢાંકી દે.

આત્મા બાપા! અનંત આનંદની કોઠી છે. એમાં એકાગ્ર થઈને કાણું પાડ એટલો આનંદ એમાંથી નીકળવાનો છે. આહાહા..! પણ એવા સ્વભાવની મહાસત્તાનો સ્વીકાર જ દૃષ્ટિમાં એને આવતો નથી. આવી ચૈતન્ય સત્તા મહા અનાકુળ આનંદમૂર્તિ. જગત જગતને ઘરે રહ્યું. અને રાગદ્વેષના પરિણામો છે એ પણ એને ઘરે. એ આત્મામાં છે નહિ. ભગવાન આત્મા અંતરના સ્વભાવને સન્મુખ થઈને જોવા જાય તો એકલો જ્ઞાનની મૂર્તિ અને અનાકુળ આનંદનો પિંડ એ આત્મા દેખાય. સમજાણું કાંઈ? એને જ્યાં જોયો અને જાણ્યો, કહે છે કે કર્મના ઉદય તરફ જોવાનું એને રહ્યું નહિ. અસ્થિરતાનું જોવું અહીં ગણવામાં આવ્યું નથી. બિલકુલ અહીંયાં એકાગ્ર નહોતો અને ત્યારે ત્યાં એકાગ્ર હતો એવા જે મિથ્યાત્વ અને રાગદ્વેષના ભાવ (થતા) બસ, એ જ સંસાર અને એ જ બંધન હતું. સમજાણું કાંઈ? આહાહા..!

ખડનો ભૂકો થોડો પાણીવાળો મળે તો રાજી થઈ જાય. બાદશાહ તે કેવો. અને ચક્રવર્તીએ છ ખંડનું રાજ હતું તે ક્ષણમાં છોડી દીધું. ફૂ.. વિકલ્પ એ અમારી ચીજ નથી. અમે નિર્વિકલ્પ આનંદકંદ છીએ. એમાં સમાવા અમે જંગલમાં ચાલ્યા જઈએ છીએ. બહારમાં જંગલમાં નહિ, અંદરમાં. આહાહા..!

જેને આત્માની પુંજી, આત્માની મૂડી અનંત કેવળજ્ઞાનનો કંદ આત્મા, એમ જ્યાં દૃષ્ટિ થઈ, પરિણમન થયું એવું દૃષ્ટિમાં પરિણમ્યો કે હું તો શુદ્ધ છું ચૈતન્ય. હવે કહે છે કે રાગની, દ્વેષની પરિણતિ જે એકત્વબુદ્ધિની હતી એને છે નહિ. એને આસ્રવ રાગ-દ્વેષ અને મોહના નથી. માટે જ્ઞાનીને આસ્રવ અને બંધન નથી. પછી ખુલાસો કરવો પડ્યો. આ બંધનનું સિદ્ધ

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કર્યું હતું ને એની સાથે ખુલાસો કરવો પડ્યો.

'**(જેમ પુરુષને રાગભાવ હોય તો જ જુવાની પામેલી સ્ત્રી તેને વશ કરી શકે છે...**' જુઓ! સમજાણું કાંઈ? શરીર ફાટેલું, શરીરના માંસ અને હાડકા કઠણ એને જુવાની કહેવામાં આવે છે. એ જુવાની પુરુષને જો રાગભાવ હોય તો જ જુવાની પામેલી સ્ત્રી તેને વશ કરી શકે. બાકી ધૂળ ને ધાણી. છન્નું હજાર સ્ત્રી જંટીયા તાણતી રહી ગઈ. શાંતિનાથ ભગવાન જ્યાં આમ નીકળ્યા. બસ થાવ, અમે આત્માના આનંદમાં જવા માગીએ છીએ. છન્નું હજાર સ્ત્રી આમ પદમણી જેવી, હોં! જુવાન તો કેવી? આ તો બધા પુતળા ધોકડાં ધાનના. ઓલી તો રાણી ચક્રવર્તીની. એમાં એક મૂળ જે છે એ તો બહુ... હજાર દેવ તો સેવા કરે. બસ થાઓ! અમારો રાગ મરી ગયો છે. અમે ચૈતન્યની જ્યોતિએ જીવતા થયા છીએ. દૃષ્ટિમાં તો હતું પણ ભાનમાં અંદર આવ્યું ઓહો..! અમારા બ્રહ્માનંદનો આનંદ ઉગ્રપણે શોધવા સ્થિર થવાને જઈએ છીએ. તમે હવે અમને લલચાવી શકો એ અમારા ભાવમાં રહ્યું નથી. સમજાણું કાંઈ? એ તો જુવાન હતી, બધું હતું. ચક્રવર્તી એટલે શું?

એમ કહે છે, જુવાની સ્ત્રી '**પુરુષને રાગભાવ હોય તો જ જુવાની પામેલી સ્ત્રી તેને વશ કરી શકે છે. તેમ જીવને આસ્રવભાવ હોય તો જ ઉદયપ્રાપ્ત દ્રવ્યપ્રત્યયો નવો બંધ કરી શકે છે.**' સમજાણું કાંઈ? પુરુષમાં રાગ અને સ્નેહ હોય તો જુવાન સ્ત્રી એને તાબે કરી શકે. એમ આત્મામાં સ્વભાવ ભૂલીને રાગદ્વેષ ભાવ હોય તો જૂના કર્મ જુવાની પામેલા જે પાક થયેલા બંધનનું કારણ થાય. જ્ઞાનીને એ છે નહિ. સમજાણું કાંઈ? સ્વસન્મુખની દૃષ્ટિની કિંમત કેટલી છે અને પરસન્મુખની દૃષ્ટિની હલકાઈ કેટલી છે એ વાત કરે છે. નવરંગભાઈ! આહાહા..! ભલે એ દયા, દાન અને વ્રત-ભક્તિ કરતો હોય, બરાબર વ્રત પાળતો હોય શુભરાગ. પણ એ મારા મને લાભ કરશે અને એમાં મને હિત છે એવી મિથ્યાત્વની હલકી દૃષ્ટિ, હલકી દૃષ્ટિ કે જે રાગ જે મેલ એનાથી લાભ માનનાર નીચમાં નીચ દૃષ્ટિ મિથ્યાત્વ એની હલકટાઈ કેટલી અને ભગવાન અનંત આનંદની મૂર્તિ એનો સ્વીકાર કરનાર સમ્યગ્દર્શનની ઊંચાઈ કેટલી? આહાહા..! સમજાણું કાંઈ? કહે છે કે એને આસ્રવભાવ નથી.

'**ભાવાર્થ :- દ્રવ્યાસ્રવોના ઉદયને અને જીવના રાગદ્વેષમોહભાવોને નિમિત્ત-નૈમિત્તિક-ભાવ છે.**' જુઓ! ખુલાસો કરે છે. ભગવાન આત્મા પોતાના સ્વભાવને ભૂલી અને વર્તમાનમાં તેને રાગદ્વેષ થાય એ નૈમિત્તિક છે અને કર્મનો ઉદય તે નિમિત્ત છે. '**દ્રવ્યાસ્રવોના ઉદયને અને જીવના રાગદ્વેષમોહભાવોને નિમિત્ત-નૈમિત્તિક-ભાવ છે.**' દ્રવ્યાસ્રવનો ઉદય જડનો તે નિમિત્ત છે, અહીં વિકાર કરે તો તેને નૈમિત્તિક કહેવામાં આવે છે.

'**દ્રવ્યાસ્રવોના ઉદય વિના જીવને આસ્રવભાવ થઈ શકે નહિ...**' ઓલું નિમિત્ત

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

સિદ્ધ કરવું છે. પરનું લક્ષ છે ને? લક્ષ કરે છે ને પરમાં? જડ કર્મના પાકના ઉદય વિના જીવને મલિન પરિણામ પુણ્ય-પાપના ભાવ થઈ શકે નહિ. કેમ કે પુણ્ય-પાપના ભાવ સ્વભાવને લક્ષે આશ્રયે થતા નથી. સમજાણું કાંઈ? **'અને તેથી બંધ પણ થઈ શકે નહિ.'** દ્રવ્યાસ્રવના ઉદય વિના એના નિમિત્તમાં જોડાણા વિના, એટલે ઉદય જોડાણો એ, આસ્રવ થઈ શકે નહિ અને બંધ પણ થઈ શકે નહિ.

**'દ્રવ્યાસ્રવોનો ઉદય થતાં...'** જડ કર્મનો પાક બંધાયેલા રજકણો તેના ઉદયકાળમાં તે સમયે પરિણમ્યા. **'જીવ જે પ્રકારે તેમાં જોડાય...'** જીવ જે પ્રકારે પોતાના ઉલટા પુરુષાર્થથી તે નિમિત્તમાં તેમાં તેનું લક્ષ અને આશ્રય જાય. **'જે પ્રકારે તેને ભાવાસ્રવ થાય તે પ્રકારે દ્રવ્યાસ્રવો નવીન બંધના કારણ થાય છે.'** લ્યો! આહાહા..! જેટલા પ્રમાણમાં દ્રવ્યાસ્રવમાં જોડાય એટલા પ્રમાણમાં આસ્રવ થાય, એટલા પ્રમાણમાં જૂના કર્મ બંધનું કારણ થાય.

**'જીવ ભાવાસ્રવ ન કરે...'** ભગવાન આત્મા પોતાના પવિત્ર સ્વરૂપનો આશ્રય લઈ અને અંદરમાં એકાગ્ર થાય, એટલે કે ભાવાસ્રવ મિથ્યાત્વ અને રાગદ્વેષ ન કરે **'તો તેને નવો બંધ થતો નથી.'** કહો, સમજાય છે કે નહિ આમાં? ખુલાસો કરે છે જરી વિશેષ. **'સમ્યગ્દષ્ટિને...'** ધર્મી એવો આત્મા તેની સમ્યગ્દષ્ટિ થઈ તેને. ચોથું ગુણસ્થાન સમ્યગ્દર્શન. એ **'સમ્યગ્દષ્ટિને મિથ્યાત્વનો અને અનંતાનુબંધી કષાયનો ઉદય નહિ હોવાથી તેને તે પ્રકારના ભાવાસ્રવો તો થતા જ નથી...'** એનો ઉદય જ નથી. સમજાણું કાંઈ? ઉદય નથી એટલે કે એમાં જોડાતો નથી એટલે ઉદય છે જ નહિ. સમજાણું કાંઈ? કર્મના પરમાણુ પડ્યા હોય. મિથ્યાત્વ આદિના પરમાણુ પડ્યા હોય. ભલે હો. પણ ઉદય નથી એટલે કે એનું જોડાણ નથી. એટલે ખરેખર એનો ઉદય છે નહિ.

**'પ્રકારના ભાવાસ્રવો તો થતા જ નથી અને મિથ્યાત્વ તેમ જ અનંતાનુબંધી કષાય સંબંધી બંધ પણ થતો નથી.'** રાગ અને દયા દાનના પરિણામ એ મને લાભદાયક છે, એ મને ધર્મસ્વરૂપ છે એવી દૃષ્ટિ બહિર્બુદ્ધિ હતી. એ અંતર બુદ્ધિ થતાં મિથ્યાત્વનો ભાવ તેમ જ અનંતાનુબંધી જે અસ્થિરતા સ્વરૂપાચરણની હતી, એ બે તો તેને કષાયનો બંધ પણ થતો નથી. એવા બે ભાવ પણ થતા નથી અને ભાવબંધથી એને બંધ પણ થતો નથી. સમજાણું કાંઈ?

**'(ક્ષાયિક સમ્યગ્દષ્ટિને સત્તામાંથી મિથ્યાત્વનો ક્ષય થતી વખતે...'** એનો ખુલાસો કરે છે પાછો. ક્ષાયિક સમકિતીને સત્તામાંથી મિથ્યાત્વનો ક્ષય અને અનંતાનુબંધી કષાયનો ક્ષય થયો છે. એને તો ઉદય છે નહિ. અને **'તે સંબંધી અવિરતિ અને યોગભાવનો**

**પણ ક્ષય થઈ ગયો હોય છે...**' એ સંબંધીનો અવિરતભાવ અને યોગભાવ પણ એને નાશ થઈ ગયો છે. ક્ષાયિક સમકિતમાં. '**તેથી તેને તે પ્રકારનો બંધ થતો નથી;...**' એટલે ક્ષાયિક સમકિતની વાત કરી. ક્ષાયિક એટલે નિર્મૂળ, જેને મિથ્યાત્વનો કણ પણ જે સમકિત મોહનીય છે એ રહ્યો નથી. અને સ્વભાવ શુદ્ધની, ભગવાન આત્મા એના પવિત્ર સ્વભાવની એવી ક્ષાયિક પર્યાય પ્રગટ થઈ, જે ક્ષાયિક પર્યાય કેવળજ્ઞાનમાં જવાની. એવા ક્ષાયિકમાં એને અનંતાનુબંધી અને મિથ્યાત્વ સત્તામાં છે જ નહિ. સમજાણું? તેથી એને તે પ્રકારના ભાવ નથી તેથી તે પ્રકારનું એને બંધન પણ નથી.

'**ઔપશમિક સમ્યગ્દષ્ટિને...**' હવે બીજો વર્ણવે છે. '**મિથ્યાત્વ તેમ જ અનંતાનુબંધી કષાયો માત્ર ઉપશમમાં-સત્તામાં-જ હોવાથી...**' પડ્યા છે સત્તામાં બેય. '**દ્રવ્ય ઉદયમાં આવ્યા વિના તે પ્રકારના બંધનું કારણ થતું નથી;...**' સત્તામાં પડ્યા છે એ તો. '**અને ક્ષાયોપશમિક સમ્યગ્દષ્ટિને પણ સમ્યક્ત્વમોહનીય સિવાયની...**' એને બધું પડ્યું છે. આ થોડું ભાઈ જ્ઞાન કર્યું હોયને તો એને સમજાય એવી વાત છે. અદ્ધરથી એકદમ (સમજાય નહિ). ક્ષયોપશમ શું, ઉપશમ શું અને ક્ષાયિક શું? એને વળી છ શું? સાત શું? જાણવું તો જોઈએ ને. જાણ્યા વિના...

આત્મામાં નિર્મૂળ જ્યાં રાગની એક્તાબુદ્ધિનો મિથ્યાત્વનો બિલકુલ નાશ થઈ ગયો. સ્વભાવની શુદ્ધ ચૈતન્યની મહાપ્રતીતિ ક્ષાયિક થઈ ગઈ. એને તો કહે છે કે સત્તામાં મિથ્યાત્વ અને અનંતાનુબંધી રહ્યા નથી. તેથી એનો ઉદય થઈને જે પરિણામ થયા એ રહ્યા નથી. તેથી તે પરિણામથી બંધનમાં નિમિત્ત થાય દ્રવ્યાસ્રવ એ પણ એને રહ્યું નથી. ત્યારે હવે બંધ નથી એમાં ત્યારે ઉપશમ સમકિતીને શું સમજવું? એટલે કે જેમ પાણીમાં મેલ હોય એ બેસી ગયો છે. મેલ નીકળી નથી ગયો. બેસી ગયો, નીતરી ગયું પાણી. એમ આત્માની સમ્યગ્દર્શન દશા કર્મના ઉપશમરૂપે થઈ છે. ઠર્યા છે. એને પણ કોઈ કર્મ વિપાકરૂપે તો છે નહિ. સમજાણું? તેથી તે ઉદયમાં આવ્યા વિના એને વિપાકનો ઉદય છે નહિ. એના બંધનું કારણ થતું નથી.

'**ક્ષાયોપશમિક સમ્યગ્દષ્ટિને પણ સમ્યક્ત્વમોહનીય સિવાયની છ પ્રકૃતિઓ વિપાક-ઉદયમાં આવતો નથી...**' એને છ પ્રકૃતિનો પાક જ નથી. '**તેથી તે પ્રકારનો બંધ થતો નથી.)**' સમકિતનો અંશ છે એ કાંઈ બંધનું કારણ નથી. સમકિત મોહનીયનો ભાવ થાય અંદર પણ એ બંધનું કારણ નથી. છ પ્રકૃતિ પડી છે એ બંધનું કારણ નથી. સમજાણું કાંઈ? ઘણાં પડખા આમાં સમજે ત્યારે (સમજાય એવું છે). '**અવિરતસમ્યગ્દષ્ટિ વગેરેને જે ચારિત્રમોહનો ઉદય વર્તે છે તેમાં જે પ્રકારે જીવ જોડાય છે તે પ્રકારે તેને નવો**

**બંધ થાય છે;...**' સમ્યગ્દૃષ્ટિ ચોથા ગુણસ્થાનમાં, પાંચમા ગુણસ્થાનમાં, છઠ્ઠા ગુણસ્થાનમાં એને જૂના ચારિત્રમોહના કર્મ પડ્યા છે. કારણ કે અહીં ક્ષય થયો નથી. પડ્યા છે. એનો ઉદય વર્તે છે. '**તેમાં જે પ્રકારે જીવ જોડાય...**' પુરુષાર્થથી. '**તે પ્રકારે તેનો નવો બંધ થાય છે; તેથી ગુણસ્થાનોના વર્ણનમાં અવિરતસમ્યગ્દૃષ્ટિ આદિ ગુણસ્થાનોએ અમુક અમુક પ્રકૃતિનો બંધ કહ્યો છે. પરંતુ આ બંધ અલ્પ હોવાથી તેને સામાન્ય સંસારની અપેક્ષાએ બંધમાં ગણવામાં આવતો નથી.**' સામાન્ય એટલે મિથ્યાત્વથી અનંત સંસાર વધે એ એને હોતો નથી. સમજાણું કાંઈ?

'**સમ્યગ્દૃષ્ટિ ચારિત્રમોહના ઉદયમાં સ્વામિત્વભાવે તો જોડાતો જ નથી,...**' શું કહે છે? જેને ચૈતન્ય સહજાત્મ સ્વરૂપનું સ્વામીપણું ભાસ્યું, ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ સહજ આનંદ અને જ્ઞાનની મૂર્તિ છે એમ જ્યાં જ્ઞાનમાં ભાસ્યું, એ રાગનો સ્વામી કેમ થાય? સમજાણું કાંઈ? એ દયા, દાન, ભક્તિનો, પુણ્યનો ભાવ આવે એનો એ સ્વામી કેમ થાય? એ તો મેલ છે. નિર્મળાનંદનો સ્વામી જ્યાં આત્મા થયો, સચ્ચિદાનંદ પ્રભુ, નિર્મળ આનંદકંદ, એનો સ્વસ્વામી થયો, એને રાગ મારો સ્વ અને હું એનો સ્વામી (એવું) સમ્યગ્દૃષ્ટિને હોતું નથી. સમજાણું કાંઈ?

'**સ્વામિત્વભાવે તો જોડાતો જ નથી,..**' ધણીપતે તો રાગ કરતો નથી. રાગપણું ધણીપતે કરે તો મિથ્યાદૃષ્ટિ છે. સ્વરૂપમાં અસ્થિરતાને લઈને રાગ જરી થાય છે પણ સ્વામિ છે નહિ. '**માત્ર અસ્થિરતારૂપે જોડાય છે;...**' જરી નબળાઈને કારણે મચક ખાઈ જાય છે. રાગથી અસ્થિરતા થઈ જાય છે. '**અને અસ્થિરતારૂપ જોડાણ તે નિશ્ચયદૃષ્ટિમાં જોડાણ જ નથી.**' અલ્પ જે અસ્થિરતાનો ભાવ તે આત્મસ્વરૂપની ત્રિકાળ દૃષ્ટિની અપેક્ષાએ ખરેખર સ્વભાવના જોડાણમાં એને બંધ પડ્યો જ નથી. સ્વભાવનું જોડાણ છે માટે અસ્થિરતાનું જોડાણ એ ખરેખર ગણવામાં આવતું નથી. સમજાણું કાંઈ?

'**માટે સમ્યગ્દૃષ્ટિને રાગદ્વેષમોહનો અભાવ કહેવામાં આવ્યો છે.**' લ્યો! માટે ધર્મીજીવને-સમ્યગ્દૃષ્ટિને-રાગદ્વેષમોહનો અભાવ આ કારણે કહેવામાં આવ્યો છે. ઘણાં પ્રકાર. જ્ઞાન ન મળે ને પછી માણસને આ બોજા જેવું લાગે. બોજો નથી, આ તો હળવા જેવું છે. આ કેટલું આમાં યાદ રાખવું? યાદ ક્યાં રાખવું છે? વસ્તુ અખંડાનંદ પૂર્ણ શુદ્ધ છે એમાં જોડાણ થયું એને પરનું જોડાણ હવે ખરેખર નથી. થોડો રાગાદિ ભાવ હોય છે અસ્થિરતાનો એને અહીં ખરેખર સ્વભાવના જોડાણની દૃષ્ટિમાં ભગવાન આખો, પર્યાયમાં ભગવાનને ભેટ્યો એ રાગનો સ્વામી કેમ થાય હવે? એ રાગનું અસ્થિરપણું અહીં ગણવામાં આવ્યું નથી.

'**જ્યાં સુધી કર્મનું સ્વામીપણું રાખીને કર્મના ઉદયમાં જીવ પરિણમે છે...**' શું

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કહે છે? કર્મ મારા છે અને એના જોડાણથી જે રાગ થયો એ પણ મારા છે. એમ રાગના સ્વામીપણે કર્મના ઉદયમાં જોડાય છે '**ત્યાં સુધી જ જીવ કર્મનો કર્તા છે;...**' ત્યાં સુધી રાગના વિકલ્પનો પુણ્યભાવનો કર્તા છે. કર્તા છે ત્યાં સુધી મિથ્યાદષ્ટિ છે. સમજાણું કાંઈ? જ્યાં સુધી કર્મનું સ્વામીપણું રાખીને ચૈતન્ય સહજાત્મ ભગવાન એનું સ્વામીપણું છોડીને, પુણ્યના અને પાપના વિકલ્પનું સ્વામીપણું રાખીને કર્મના ઉદયમાં જીવ પરિણમે છે ત્યાં સુધી જ જીવ કર્મનો કર્તા છે.

'**ઉદયનો જ્ઞાતાદષ્ટા થઈને પરના નિમિત્તથી માત્ર અસ્થિરતારૂપે પરિણમે...**' સ્વભાવ સન્મુખનું જ્યાં જ્ઞાન સ્વરૂપ થયું એવા સમ્યગ્દષ્ટિને જરી અસ્થિરતાનો રાગાદિ થાય. એ ઉદયનો '**પરના નિમિત્તથી માત્ર અસ્થિરતારૂપે પરિણમે ત્યારે કર્તા નથી,...**' એ કર્તૃત્વ છે મારું, કરવાલાયક છે એમ છે નહિ. જ્ઞાતા-દષ્ટા કીધો, જુઓને! '**જ્ઞાતાદષ્ટા થઈને પરના નિમિત્તથી માત્ર અસ્થિરતારૂપે પરિણમે ત્યારે કર્મનો કર્તા નથી, જ્ઞાતા જ છે.**' જાણનાર-દેખનાર... જાણનાર-દેખનાર. શુદ્ધ ચૈતન્ય સ્વભાવ એ જાણનાર દેખનાર છે. જ્ઞાતા-દષ્ટા છે. એમાં જરી રાગાદિ અસ્થિરતા થઈ એનો એ જાણનાર-દેખનાર છે. સમજાણું કાંઈ?

'**આ અપેક્ષાએ, સમ્યગ્દષ્ટિ થયા પછી ચારિત્રમોહના ઉદયરૂપ પરિણમવા છતાં તેને જ્ઞાની અને અબંધક કહેવામાં આવ્યો છે.**' આ અપેક્ષાએ સ્વભાવની દૃષ્ટિને લઈ, રાગનું સ્વામીપણું છૂટી ગયું માટે કર્મના ઉદયમાં જોડાણ થોડા હોવાથી, રાગ હોવા છતાં જ્ઞાનીને અબંધક કહેવામાં આવ્યો છે. રાગનો જાણનાર અને રાગના ભાવની એક્તાબુદ્ધિ નહિ માટે તેને અબંધક કહેવામાં આવ્યો છે. સમજાણું કાંઈ? આવી વાત કેટલી ઝીણી પડે માણસને. ઓલું તો સમજાય બહારની વાત. સંગ્રહ પૈસાનો કરવો નહિ, ઝાઝો સંગ્રહ કરવાથી બીજાને દુઃખ થાય. એવું સમજાય ઝટ લ્યો. હોય મિથ્યાત્વભાવ તદ્દન. સંગ્રહ કોણ કરે અને સંગ્રહ.. અહીં સંગ્રહ ઓછો કરે માટે બીજાને મળે એ પણ વાત ક્યાં હતી? આહાહા..! આ તો એમ કે ઝાઝા ભાગ પડે ને. થોડું રાખે ને તો ઘણો ભાગ બીજાને મળે. અનાજનો સંગ્રહ બહુ એક વાણિયો ન કરે તો બીજાને અનાજનો ભાગ મળે ને? બહારની થોથાની વાતું. જેમાં મિથ્યાત્વભાવનું પોષણ ક્ષણે ક્ષણે થાય. આહાહા..! પરિગ્રહ ઓછો સંચય કરવો, જેથી પરિગ્રહનો.. કારણ કે જેટલા પુદ્ગલ છે એટલા એના ઘણાંના ભાગ છે. એકલો તમારો ભાગ નથી. બીજાને માટે રાખવું કાંઈક. શું રાખે? સારું કેવું લાગે. એય..! વલ્લભદાસભાઈ! શેઠિયા પાસે પૈસા કઢાવવા હોય તો જો કાઢે એ.

મુમુક્ષુ :- .. ન કાઢે.

ઉત્તર :- ન કાઢે? અને ગરીબોને મળે મદદ એમને લઈને. કોની મદદ? સાંભળ તો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

ખરો, ધૂળેય નથી. પૈસામાં મદદ મળે? એના રાગભાવ થાય એનાથી પણ એને શાંતિની મદદ નથી તો વળી પૈસાથી ક્યાંથી આવી? બહારની વાતું પણ એવી ચીતરેને. એવી ચીતરે કે આમ ચીતરામણ એને સારું લાગે માણસને કે આહા..! વાહ! વાહ! વળી પોતે કાંઈક ગરીબ હોય ને સાધારણ હોય એટલે ક્ષતિ હોય તો કહે, જુઓ! ગૃહસ્થો પાસે પૈસા બહુ સંઘરવા નહિ, અનાજ સંગ્રહવું નહિ. ઓછું કરવું કે જેથી ગરીબોને મળી શકે. ઓલો રાજી થાય. ઓલો જરી કચવાય ભલે પણ... એય..! મલૂકચંદભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- રાખે અને ઘણાં પડ્યા હોય. એ તો ડહાપણ માનતો હોય એને. પણ એ કોણ સંગ્રહે? એને ક્યાં સંગ્રહી શકે છે? એ તો એના રજકણ એને આવવાના હોય એટલા આવે. એ સંગ્રહી શકે શેનો? એનો ભાવ મમત્વ એની પાસે છે. વસ્તુને સંગ્રહી શકે છે એ? આપી શકે છે? ઘટાડી શકે છે? ઓછા અમે ઘટાડીએ તો બીજાને લાભ થાય એમ વાત છે? વસ્તુમાં એમ છે જ નહિ. કહો, જયંતિભાઈ!

આ આત્મા અનંત ગુણની ખાણ જે સંગ્રહ કરીને પડ્યો છે. એની દૃષ્ટિ જ્યાં થઈ, રાગનો સંગ્રહ કરીને પડ્યો હતો તે રાગ સંગ્રહ છૂટી ગયો. પરને તો સંગ્રહ કરી શકતો નથી. સમજાણું કાંઈ? અખંડાનંદ પ્રભુ ચૈતન્ય સ્વરૂપ અનંત ગુણના સમાજની ખાણ છે. એવી જ્યાં દૃષ્ટિ થઈ, સંગ્રહમાં આત્મા રહ્યો સ્વભાવ. રાગનો સંગ્રહ કરીને લાભ માનતો એ દૃષ્ટિ ગઈ. સમજાણું કાંઈ? રાગનો સંગ્રહ કરીને માનતો પરિગ્રહ એ પાપ છે. રાગ-પરિગ્રહ મારો એવો રાગ એ જ પાપ હિંસા છે. એ હિંસા છૂટી. સ્વભાવ ચૈતન્ય અનંત ગુણનો પિંડ પ્રભુ, એનો આશ્રય આવ્યો. એ દૃષ્ટિ થઈ અહિંસક. એ દૃષ્ટિ થઈ અહિંસક. સમ્યગ્દર્શન એ અહિંસા. સમ્યગ્દૃષ્ટિ સત્યનું નિતરતું સત્ય, સમ્યગ્દૃષ્ટિને અચૌર્યભાવ, સમ્યગ્દર્શન એ બ્રહ્માનંદનો ભાવ, સમ્યગ્દર્શન તે અપરિગ્રહનો અભાવ. સમજાણું કાંઈ?

રાગને પોતાનો માનીને સંગ્રહ્યો એ મિથ્યાત્વભાવ હિંસા, એ મિથ્યાત્વભાવ જૂઠામાં જૂઠો, એ મિથ્યાત્વભાવ ચોર સમકિતનો છે. મિથ્યાત્વભાવ અબ્રહ્મ છે અને મિથ્યાત્વભાવ પોતે પરિગ્રહ છે. પરિગ્રહના પ્રકાર છે કે નહિ? કેટલા? ચૌદ. અભ્યંતરમાં. મિથ્યાત્વ પરિગ્રહ છે કે નહિ? એ સંગ્રહી શકે છે કે બહાર સંગ્રહી શકે છે? આહાહા..! મિથ્યાત્વ એ પરિગ્રહ છે. મૂળ પરિગ્રહ ચૌદમાં. દસ બહારના, ચૌદ અંદરના. એમાં મૂળ મિથ્યાત્વ પરિગ્રહ છે. રાગના કણને પણ પોતાનો સંગ્રહીને માનવો એ મિથ્યાત્વરૂપી મહાપરિગ્રહ છે. આહાહા..! સમજાણું કાંઈ? કહો, પોપટભાઈ!

મુમુક્ષુ :- અંદરમાં લડાઈ કરવી ને.

ઉત્તર :- લડાકુ અંદરમાં થા અને અંદરમાં ભગવાન થા. બીજું કાંઈ છે નહિ. આહાહા..!

અહીં તો કહે છે કે જ્યાં મિથ્યાત્વ હતું ત્યાં પાંચેય પાપ હતા. અને ત્યાં નવા બંધન હતા અને મિથ્યાત્વ પોતે જ ખરો આસ્રવ હતો. જ્યાં મિથ્યાત્વ ટળીને આત્માનું ભાન સમ્યગ્દર્શન થયું એને મિથ્યાત્વ આદિ અવ્રત, પ્રમાદ, કષાય એકેય આસ્રવ એને છે નહિ. કેમ કે ઉદયમાં તેનું જોડાણ નથી. એકત્વબુદ્ધિથી હતું તે જોડાણ, ખરું જોડાણ એને કહેવામાં આવે છે. સ્વભાવ... સ્વભાવ.. જ્ઞાન આનંદ શુદ્ધ ચૈતન્ય, એવા જ્ઞાનસ્વભાવમાં જોડાણ, એને કર્મના ઉદયનું જોડાણ એકત્વબુદ્ધિ ન રહી. અહીં એકત્વ થયું, અહીં એકત્વ ન રહ્યું. એ સંબંધીનો મિથ્યાત્વ અને રાગદ્વેષમોહનો આસ્રવ એને છે નહિ. માટે એને બંધન છે નહિ. કહો, સમજાણું?

'**જ્યાં સુધી મિથ્યાત્વનો ઉદય છે અને તેમાં જોડાઈને જીવ રાગદ્વેષમોહભાવે પરિણમે છે...**' એમ કહે છે. ત્યારે ઉદય છે એમ કહ્યું ને ખરેખર? આમ ભગવાન આત્મા તરફ નહિ જોડાતા, અંતર્મુખ નહિ જોડાતા અને બહિર્મુખ પર્યાય રાગના ઉદયમાં જોડાણી, ત્યાં સુધી તો મિથ્યાત્વનો ઉદય છે અને તેમાં જોડાઈને રાગદ્વેષમોહ પરિણમે છે. '**ત્યાં સુધી જ તેને અજ્ઞાની અને બંધક કહેવામાં આવે છે. જ્ઞાની-અજ્ઞાનીનો અને બંધ-અબંધનો આ વિશેષ જાણવો.**' એ જ્ઞાની-અજ્ઞાની અને બંધ-અબંધનો આ વિશેષ. જ્ઞાનીને પરની એક્તાબુદ્ધિનો મિથ્યાત્વભાવ નથી, સ્વભાવની એક્તાબુદ્ધિનું સમ્યગ્દર્શન છે. માટે ધર્મી જ્ઞાની કર્મના ઉદયમાં અંતરમાં યથાર્થપણે ખરેખર જોડાતો નથી. માટે તે જ્ઞાનીને આસ્રવ અને બંધ છે નહિ. અજ્ઞાનીને સ્વભાવ સન્મુખની એક્તા નથી, પરસન્મુખની બહિર્મુખની એક્તા છે. બહિર્મુખની રાગમાં એક્તા, દયા-દાનનો ભલે પુણ્યનો નાનામાં નાનો ભાગ હો, પણ એમાં જેની એક્તા છે તે અજ્ઞાની રાગમાં એકત્વબુદ્ધિએ કર્મના ઉદયમાં જોડાય છે. તેથી તેને મિથ્યાદષ્ટિને મિથ્યાત્વનો ખરેખર આસ્રવ છે. માટે તેને ખરેખર બંધન છે. આ જ્ઞાની અને અજ્ઞાનીનો ફેર છે. સમજાણું?

જ્ઞાની અબંધ છે અને અજ્ઞાની બંધક (છે). આ વિશેષ બેનું જાણવું. વળી શુદ્ધ.. પછી વિશેષ કહે છે. '**વળી શુદ્ધ સ્વરૂપમાં લીન રહેવાના...**' છેલ્લી વાત લઈ જાય છે. '**અભ્યાસ દ્વારા કેવળજ્ઞાન પ્રગટવાથી...**' આ ઓલી વાત તો કરી સમ્યગ્દર્શન જ્ઞાન-અજ્ઞાનની. હવે આત્માનું સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન થયું એટલે એને મિથ્યાત્વના રાગદ્વેષના ભાવનો આસ્રવ અને બંધ નથી. ત્યારે કહે, થોડો રાગાદિ છે ને. એ '**શુદ્ધ સ્વરૂપમાં લીન રહેવાના અભ્યાસ દ્વારા...**' એકાકાર '**દ્વારા કેવળજ્ઞાન પ્રગટવાથી જ્યારે જીવ સાક્ષાત્ સંપૂર્ણ જ્ઞાની થાય છે...**' જ્યારે જીવ સાક્ષાત્ સંપૂર્ણ જ્ઞાની થાય છે '**ત્યારે તો તે સર્વથા નિરાસ્રવ થઈ જાય છે એમ પહેલાં કહેવાઈ ગયું છે.**' કહો, સમજાણું? સર્વથા નિરાસ્રવ. ઓલું તો

મિથ્યાત્વ સંબંધીના રાગદ્વેષમોહના આસ્રવથી રહિત. અને સ્વરૂપમાં સ્થિરતા કરતાં કરતાં, એ ક્રિયા બીજી નથી, એની ક્રિયા અંદરમાં સ્થિરતાની ધર્મની ક્રિયા છે. ભગવાન ડુંગર પડ્યો છે મોટો. આનંદનો ડુંગર. એને આશ્રયે એની તળેટીમાં એની સમીપમાં જતાં જેટલી સ્થિરતા થાય એ સ્થિરતા દ્વારા ક્રમે ક્રમે કેવળજ્ઞાન પામે. ત્યારે તેને આસ્રવ અંશે પણ (રહેતો નથી). જે અસ્થિરતાનો જે ભાગ હતો નિશ્ચય દૃષ્ટિ ગણવામાં નહોતો આવ્યો એને અહીં ગણો તો લીનતા થતાં એ છૂટી જાય. પછી પૂર્ણ નિરાસ્રવ કહેવામાં આવે છે. સમજાણું?

**'હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :-'**

**विजहति न हि सत्तां प्रत्ययाः पूर्वबद्धाः**
**समयमनुसरन्तो यद्यपि द्रव्यरूपाः।**
**तदपि सकलरागद्वेषमोहव्युदासा-**
**दवतरति न जातु ज्ञानिनः कर्मबन्धः।।११८।।**

પહેલામાં પહેલું શું કરવું? કે આ કરવું. સમજાણું? ઓલા આવ્યા હતા ભાઈ પા કલાક. વ્યાખ્યાનમાં હતા ને સવારે. રામ. રામ. માણસ મધ્યસ્થ માણસ. પહેલું મારે કરવું શું? કે પહેલું કીધું, નવ તત્ત્વ પૂર્વાપર વિરોધ રહિતનો નિર્ણય કરવો. નિર્ણય કર્યા પછી સ્વસન્મુખની દૃષ્ટિ થઈને સમ્યગ્દર્શન પ્રગટ કરવું એ પહેલું કરવાનું છે. ખુશી થતો હતો. પા કલાક આવ્યો હતો. બાપુ! કરવાનું તો આ છે. 'લાખ વાતની વાત નિશ્ચય એક ઉર આણો.' ભગવાન સ્વરૂપ ચિદાનંદ પ્રભુ છે એને તારા સન્મુખમાં લે, તારા મુખ આગળ લે. સન્મુખ થઈને એને જો. સમજાય છે કાંઈ? એ પહેલામાં પહેલું કર્તવ્ય છે. બાકી એ પછી શું કરવું એ તો એને સમજાય જશે. એ તો અહીં કહે છે. પછી ઠરવું... ઠરવું... ઠરવું... અંદર રહેશે એ ચારિત્ર છે. આહા..! બીજી એની ક્રિયા કોઈ ધર્મની બહારની છે નહિ. આહાહા..!

**'જોકે પોતપોતાના સમયને અનુસરતા (અર્થાત્ પોતપોતાના સમયે ઉદયમાં આવતા)...'** એમ. અનુસરતા એટલે કર્મનો ઉદય. **'એવા પૂર્વબદ્ધ (પૂર્વે અજ્ઞાન અવસ્થામાં બંધાયેલા) દ્રવ્યરૂપ પ્રત્યયો...'** જડ. દ્રવ્યરૂપ પ્રત્યય એટલે જડ આસ્રવ. કર્મના પરમાણુનો પાક થાય તે. **'પોતાની સત્તા છોડતા નથી.'** પૂર્વબદ્ધ દ્રવ્ય પ્રત્યયો જ્યાં.. સમજાય છે? સમયે સમયે આવતા એવા પૂર્વબદ્ધ દ્રવ્ય પ્રત્યય પોતાનું હોવાપણું છોડતા નથી. **'(અર્થાત્ સત્તામાં છે-હયાત છે), તોપણ સર્વ રાગદ્વેષમોહનો અભાવ હોવાથી...'** વજન અહીં છે. સર્વ રાગદ્વેષમોહનો અભાવ થયો. મિથ્યાત્વ જતાં સર્વ રાગદ્વેષમોહનો અભાવ થયો.

**'સર્વરાગદ્વેષમોહનો અભાવ હોવાથી...'** નીચે ખુલાસો કરશે. **'સકળ રાગદ્વેષમોહનો અભાવ બુદ્ધિપૂર્વક રાગદ્વેષમોહની અપેક્ષાએ સમજવો.'** ભાવાર્થમાં કરશે. સમજાણું કાંઈ?

અભિપ્રાયમાં રાગ કરવા જેવો છે એમ બુદ્ધિ હતી ત્યાં સુધી સર્વ રાગદ્વેષને કરતો. અને જ્યાં રાગબુદ્ધિ છૂટીને જ્ઞાયક સ્વભાવની બુદ્ધિ થઈ ત્યાં એને સર્વ પ્રકારના અભિપ્રાય સંબંધીના રાગદ્વેષમોહનો અભાવ છે. એને રાગદ્વેષ હોતા નથી.

'**સર્વ રાગદ્વેષમોહનો અભાવ હોવાથી જ્ઞાનીને કર્મબંધ કદાપિ અવતાર ધરતો નથી–થતો નથી.**' જ્ઞાનીને કર્મબંધન જન્મ પામતો નથી. જન્મતો જ નથી, બંધ જ થતો નથી. આહાહા..! ભાષા જુઓ સર્વ કીધું છે, હોં! છે ને? '**सकलरागद्वेषमोहव्युदासा–**' એમ છે ને? સકળ શબ્દ છે. સકળ રાગદ્વેષમોહ એને જ કહ્યા કે જે મિથ્યાત્વ સાથે રાગદ્વેષ થાય અને મિથ્યાત્વ એને રાગદ્વેષ કહ્યા. સમજાણું? પાંદડા ભલે રહે પણ મૂળ જેના તૂટ્યા એ પાંદડા પંદર દિ'એ સૂકાયા વિના રહે નહિ. એમ જેને આત્માના સ્વભાવનું ભાન થતાં મિથ્યાત્વનું મૂળિયું જ્યાં સંસારનું ટળી ગયું, એને જરી રાગદ્વેષ થોડા છે એ તો પાંદડા છે, એ સૂકાયા વિના રહેશે નહિ. એથી જ્ઞાનીને સર્વથા રાગદ્વેષમોહ વિનાનો કહેવામાં આવે છે. આહાહા..!

'**તોપણ સર્વ રાગદ્વેષમોહનો અભાવ હોવાથી...**' શું કહે છે? સમયે સમયે ભલે કર્મનો ઉદય આવે, સત્તામાંથી ભલે ન જાય પણ ભગવાન આત્મા પોતાના સ્વભાવના સન્મુખની અંતર્મુખ દૃષ્ટિ થવાને કારણે બહિર્મુખના ઉદયમાં જોડાવાના અભાવને કારણે એને સર્વ રાગદ્વેષમોહનો અભાવ હોવાથી જ્ઞાનીને કર્મબંધન કોઈ કાળે.. સમજાય છે? '**जातु**' શબ્દ છે એમાં? '**जातु**' છે. ઓલું આવ્યું ખરું ને. '**अवतरति न जातु**' આવ્યું ને ઓલું? '**जातु**' આવ્યું. જ્ઞાની એટલે એ શબ્દ આવ્યો એમાં. કદાપિ આવ્યું ને ઓલું? એ ત્યાં એ બધું... '**जातु**' શબ્દ ઘણે ઠેકાણે લાગુ પડે છે. આપણને કાંઈ બહુ સંસ્કૃત ન આવડે તો આવા શબ્દો યાદ રાખીએ, જ્યાં-ત્યાંના. કહો, સમજાણું આમાં? રાગદ્વેષમોહનો અભાવ હોવાથી ધર્મીને કર્મબંધન કોઈ કાળે, કોઈ સમયે જન્મતો નથી. એટલે બંધ થતો નથી. આહાહા..! રાગદ્વેષમોહનો અભાવ થયો ત્યાં. ભાવાર્થમાં વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**જેઠ વદ ૪, સોમવાર તા. ૨૬-૦૬-૧૯૬૭**
**શ્લોક-૧૧૮-૧૧૯, ગાથા-૧૭૭-૧૭૮, પ્રવચન-૨૫૮**

સમયસાર, આસ્રવ અધિકાર. ૧૧૮ કળશનો ભાવાર્થ છે. અહીં વધારે એ વાતને ન્યાયથી સિદ્ધ કરે છે કે આ આત્મા જ્યાં આસ્રવ, જે પુણ્ય-પાપના ભાવ આદિ છે એની હયાતીનો સ્વીકાર કરે છે પણ જે આત્મા ત્રિકાળ આનંદ અને જ્ઞાન છે એનો સ્વીકાર નથી. બહિર્મુખ ભાવનો સ્વીકાર કરે છે. અનાદિથી અજ્ઞાની પોતાનો શુદ્ધ ચૈતન્ય સ્વભાવ, પૂર્ણ સ્વભાવ, એનો સ્વીકાર ન કરતાં રાગ-દ્વેષ, પુણ્ય-પાપનો સ્વીકાર કરે છે. બહારનો સ્વીકાર તો એક કોર રહ્યો. એ સ્વીકારની દૃષ્ટિ મિથ્યાત્વ છે. અને મિથ્યાત્વીને જ આસ્રવ હોય છે એમ અહીં સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ?

'**ભાવાર્થ :- જ્ઞાનીને પણ પૂર્વે...**' હવે જ્ઞાનીની વાત લે છે. ધર્મીને ધર્મ કેમ થયો અને ધર્મ થયા કાળમાં એને શું છે? કે ધર્મ એ આત્માના અંતર શુદ્ધ સ્વભાવની અંતર્મુખ દૃષ્ટિ કરવી એનું નામ ધર્મ-સમ્યગ્દર્શન-કહેવાય છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- મોંઘો કરી નાખ્યો. ... ધર્મમાં આ કરવાનું.

ઉત્તર :- ધર્મ જ એ છે. બીજો ધર્મ ક્યાં હતો? આત્માનો ધર્મ શું પરમાં હોય? પરદ્રવ્યમાં, પરદ્રવ્યની પર્યાયમાં? ધર્મ એટલે પર્યાય છે. એ શું કાંઈ પરદ્રવ્યમાં હોય? મંદિર ને શરીર ને વાણી ને મન ને સમ્મેદશિખર ને શેત્રુંજય. ત્યારે ધર્મ કાંઈ પાપના ભાવમાં હોય? ત્યારે ધર્મ પુણ્યભાવમાં હોય? પુણ્ય એક રાગભાવ છે-દયા, દાન, વ્રત, ભક્તિ. એ ધર્મ નથી.

ધર્મ એ આત્મા પૂર્ણ શુદ્ધ ચૈતન્ય અનંત ગુણરૂપ સમાજનો સાગર, એના અંતરમાં દૃષ્ટિ જઈ અને એકાકાર થઈ અને અનુભવ થવો આત્માનો, આત્મા છે તેવો અનુસરીને દશાનો અનુભવ-નિર્વિકલ્પ અનુભવ થાય એ દશાને ધર્મ કહે છે. એ ધર્મી ધર્મ કરનાર આવો જે જીવ એને આસ્રવ હોતા નથી અને બંધ હોતા નથી એમ સિદ્ધ કરવું છે. કારણ કે વસ્તુમાં મલિનતા એટલે આસ્રવ નથી અને વસ્તુ પોતે બંધસ્વરૂપ નથી. વસ્તુ પોતે અખંડ જ્ઞાયકસ્વરૂપ, અબંધસ્વરૂપ વસ્તુ છે. એનો અંતરમાં એકાગ્ર થઈને અનુભવ કરવો એ અબંધ પરિણામ છે. અબંધ પરિણામ. એટલે મોક્ષમાર્ગના પરિણામ. બસ! એ પરિણામમાં બંધના પરિણામ અને બંધ બે હોતા નથી. કહો, સમજાણું આમાં?

ત્યારે કહે છે, '**જ્ઞાનીને પણ...**' આવું ભાન થયા છતાં પણ. શું કેવળજ્ઞાન થઈ ગયું? એને એક ક્ષેત્રાવહગાહ કર્મ છે-જ્યાં આત્મા છે ત્યાં કર્મ છે-એ છૂટી ગયા? બધા વયા

ગયા? કે એને પણ આત્મા ચૈતન્યમૂર્તિ શરણભૂત (છે). એ સ્વભાવ એનો શરણભૂત એવું ભાન થતાં, બોધ થતાં, અનુભવ થતાં '**જ્ઞાનીને પણ પૂર્વે અજ્ઞાન-અવસ્થામાં બંધાયેલા...**' જ્યારે ભાન નહોતું. સ્વરૂપ સ્વભાવનું અજ્ઞાન હતું ત્યારે અજ્ઞાનદશાએ બંધાયેલા કર્મો '**દ્રવ્યાસ્રવો સત્તા-અવસ્થામાં હયાત છે...**' રજકણો તે રજકણપણે મોજૂદગી ધરાવે છે.

'**અને તેમના ઉદયકાળે...**' એ કર્મ પાકમાં આવે. ઉદય એટલે પાક. સત્તા સત્તા તો ભલે પડી હો. સ્થિતિ-મુદત પાકતા કર્મ ખરવાને આવે, ખરવાને આવે એટલે ઉદયમાં આવે, એમ. ત્યારે આવતા જાય છે '**પરંતુ તે દ્રવ્યાસ્રવો જ્ઞાનીને કર્મબંધનું કારણ થતા નથી,...**' કેમ કે દૃષ્ટિ તો સ્વભાવ સન્મુખનું પરિણમન છે. ધર્મીને સ્વભાવનો આદર છે. એટલે સ્વભાવ અંતર્મુખ દૃષ્ટિ છે તેથી બહિર્મુખમાં ઉદય આવતા કર્મની સાથે ધર્મીને જોડાણ નથી. મિથ્યાત્વ અને રાગદ્વેષનું જોડાણ નથી. સમજાણું કાંઈ?

'**કેમ કે જ્ઞાનીને સકળ રાગદ્વેષમોહભાવોનો અભાવ છે.**' જુઓ! ભાષા છે ને? ધર્મીને સકળ રાગદ્વેષમોહનો અભાવ. '**અહીં સકળ રાગદ્વેષમોહનો અભાવ બુદ્ધિપૂર્વક રાગદ્વેષમોહની અપેક્ષાએ સમજવો.**' અભિપ્રાયમાં રાગ કરવા જેવો છે એ અભિપ્રાય ગયો. ભગવાન આત્મા આનંદ અને જ્ઞાન શુદ્ધ સ્વરૂપ છે એમાં એકાગ્ર થવા લાયક છે, એમાં ઠર્યે જ મને શુદ્ધિ પ્રગટ થાય. એમ જ્યાં દૃષ્ટિ અને ભાવના સ્વભાવ તરફ છે, એને બુદ્ધિપૂર્વક-અભિપ્રાયપૂર્વક આ રાગ કરવા જેવા છે એવો રાગદ્વેષમોહનો સકળ અભાવ છે. કહો, સમજાણું આમાં? આસ્રવ અધિકારમાં અહીં તો જ્ઞાનીને આસ્રવ બંધ નથી એ વધારે સિદ્ધ કરે છે. આહાહા..!

એમાં સમ્યગ્દર્શનનું માહાત્મ્ય કેટલું અને મિથ્યાત્વભાવની હલકટ નીચતા કેટલી. અધર્મ ભાવ કેટલો હલકો અને સમ્યગ્દર્શન કેટલો ઊંચો ભાવ. (એ બતાવે છે). સમજાણું કાંઈ? શરીર તો આ તો પરમાણુનો માટી પિંડ છે. એ તો એના સંયોગે આવ્યું અને વિયોગે ચાલ્યું જશે. કર્મો પણ અંદર રજકણો માટીના જડ છે. રાગ-દ્વેષ થાય એ વિકાર છે. પણ જ્યાં સ્વભાવની દૃષ્ટિ અને અનુભવ થયો કે આત્મા તો જ્ઞાનમૂર્તિ સત્ સત્ શાશ્વત, એ જ્ઞાનનો જ પુંજ છે. એમ અંતર ભાન જ્ઞાનનું જ્ઞાન થતાં, જ્ઞાનનું જ્ઞાન થતાં એને અભિપ્રાયમાં રાગ-દ્વેષ અને મોહ કરવાના રહ્યા નહિ. તેથી પૂર્વના કર્મ બંધાયેલા અજ્ઞાનભાવે હતા (એ) સમયે સમયે ઉદય આવે પણ એમાં એકત્વબુદ્ધિ નથી. કેમ કે સ્વભાવ તરફ એકત્વબુદ્ધિ છે. માટે જ્ઞાનીને સકળ રાગદ્વેષમોહનો અભાવ આ અપેક્ષાએ-દૃષ્ટિના જોરની અપેક્ષાએ ગણવામાં આવ્યો છે. આહાહા..! કહો, સમજાણું આમાં? ઓહોહો..! દુનિયાના કામ કરીને કેટલાય કરવા માણસને. કરી શકે નહિ કાંઈ અને બાંધે મોટા માળા ઊંચા મગજમાં. વિકલ્પના જાળ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એમ કે આ પૈસા-બૈસા, જુઓને! આ બધું થાય કે નહિ શું એય? મોટા મોટા કરે આમ પચાસ લાખ, કરોડ, બે કરોડ, પાંચ કરોડ ને ધૂળ કરોડ. ઓહોહો..! વિકલ્પના માળા એટલા ઊંચા ઊભા કરે. બહારનું એક રજકણ આંખની પાંપણ પણ ફરે નહિ, ભાઈ! તારાથી. તું તો તારી સત્તામાં અવળું સવળું કર એમ અહીં સિદ્ધ કરે છે. પરવસ્તુની સત્તાના કોઈપણ પર્યાયમાં તારાથી કાંઈ થાય એમ છે નહિ. લ્યો, ત્યારે કાંઈ કરવું નહિ ને? કો'કને એમ થઈ જાય. પણ કોણ કરે છે તે કરવું નહિ એમ તું કહે છે. આહાહા..!

અહીં તો એમાંથી ખસેડી અને જે કાંઈ સંકલ્પ વિકલ્પ કર્યા કરે છે એ પણ તું નથી, તારામાં નથી એમ બુદ્ધિ કરીને સ્વભાવ તરફ દૃષ્ટિ કર. તો સ્વભાવ તરફ દૃષ્ટિમાં તને શાંતિ અને સમ્યગ્દર્શન-જ્ઞાનની પર્યાય પ્રગટ થાય. બસ! આનું નામ ધર્મ. તો એ ધર્મની પર્યાય ધરનારો ધર્મી આત્મા અને અધર્મની પર્યાય મિથ્યાત્વ સહિતના રાગદ્વેષ નથી. તેથી તેને જૂના કર્મમાં બંધનનું કારણ પરિણામ થતાં નથી. પરિણામ થતાં નથી તો બંધન નવું પણ થતું નથી. આમ છે. એ વાતનું અહીં તો જોર દેવું છે. સમ્યગ્દર્શન એટલે શું? ઓહોહો..! અપૂર્વ આત્મલબ્ધિની પ્રાપ્તિ. સમજાણું કાંઈ? ધૂળની પ્રાપ્તિ લબ્ધિ વઈ ગઈ, શરીરની રહી, આ અનુકૂળ રહે, ન રહે. આ રાગની લબ્ધિની પ્રાપ્તિ ગઈ.

મુમુક્ષુ :- બાર અંગની આપ કાઢી નાખી છે ને.

ઉત્તર :- બાર અંગના ભણતરની ગઈ લબ્ધિ. એ ક્યાં? પર તરફની વસ્તુ છે. એ ક્યાં વસ્તુ છે?

ભગવાન આમ ચૈતન્યનું દળ પડ્યું છે ને આખું ચક્ર, જે ખીલીને કેવળજ્ઞાન પ્રગટ કરે એવી તો એનામાં તાકાત છે. જ્ઞાનનું સત્ત્વ છે, જ્ઞાનસ્વરૂપ છે તો જ્ઞાન જેનો સ્વભાવ છે એ કોકડું ઉકલે તો કેવળજ્ઞાન પ્રગટ થાય એવી એનામાં તાકાત છે. કહો, સમજાણું આમાં? સૂતરનું કોકડું ઉકલે તો સૂતર નીકળતું હશે કે નહિ? શું નીકળતું હશે? વસ્તુ છે ને આમ. સત્ છે. શું? જ્ઞાન. જ્ઞાન સ્વભાવ. આનંદ સ્વભાવ, શાંત સ્વભાવ, શ્રદ્ધા સ્વભાવ. ત્રિકાળ છે ને શ્રદ્ધા. એવા સ્વભાવની જ્યાં પ્રતીત થઈ, કોકડું ઉકલ્યું. ખીલ્યું. દશામાં જાગૃત દશા થઈ. ભગવાન જાગ્યો. જ્ઞાન, આનંદ, શાંતિવાળું તત્ત્વ છું. એમ જ્યાં ભાન અપૂર્વ અનંત કાળમાં નહિ થયેલી એવી લબ્ધિ દૃષ્ટિમાં પ્રાપ્ત થઈ, ખલાસ થઈ ગયું. અહીં તો કહે છે, હવે એને આસ્રવ અને બંધ છે નહિ. કહો, સમજાણું કાંઈ? નિધાન પ્રગટ્યા અને પછી નિર્ધનપણું રહે એમ બને?

મુમુક્ષુ :- એ તો પૈસાવાળાને પૂછી જુઓ.

ઉત્તર :- પૈસાવાળા અહીં કોઈ ક્યાં છે? એનો છોકરો અહીં નથી. કહો, સમજાણું કાંઈ? આ પણ નથી. આ પણ કહેતા કાલે, મારો ભાઈ ચાર ચોપડી ભણ્યો છે. અબજો રૂપિયા. ચાલીસ કરોડ તો નગદ. અબજો રૂપિયા નીકળવાના. અને એક લાખની પેદાશ. ચોપડી ચાર. એય..! ભણ્યા ઉપર શું છે? એ તો પૂર્વના રજકણો એવી જાતના કોઈ બંધાયેલા હોય તો પાક કાળે એ ઓલી ચીજ પણ એને કારણે આવવાની હોય. આહાહા..! જગતને વિસ્મયતા જગતના પદાર્થની અને પુણ્ય-પાપની વિસ્મયતા જ્યાં સુધી છે, ત્યાં સુધી એને સ્વભાવની વિસ્મયતા ન લાગે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ધૂળમાંય સુખ નથી ક્યાંય. પૂછવા તો જાવ ત્યાં.

ભગવાન આત્મા શાંત નિવૃત્તસ્વરૂપ પરપદાર્થથી તો નિવૃત્ત પણ કૃત્રિમ વિકારના પરિણામથી નિવૃત્ત સ્વરૂપ ભગવાન આત્મા. સમજાય છે? એની લબ્ધિની પ્રાપ્તિ જ્યાં થઈ, ખલાસ થઈ ગયું. એને પૂર્વના અજ્ઞાનપણે બંધાયેલા પરમાણુ ભલે ઢેફા જેવા પડ્યા અને ભલે એને પાક કાળે આવે. પણ અહીં પાક પાછો ચૈતન્ય તરફનો છે ને? દૃષ્ટિ અને જ્ઞાન ચૈતન્ય તરફ વળેલું છે. એથી એને કર્મના ઉદય તરફનું વલણ એકત્વબુદ્ધિનો અભિપ્રાયપૂર્વક છે એ તો રહ્યું નહિ. બસ! એ રહ્યું નહિ માટે પૂર્વના કર્મ બંધનું કારણ એને અહીં રાગદ્વેષમોહ નથી માટે થતા નથી. આ તો કરવા જેવું આ છે એમ કહે છે ભેગું. આહાહા..! સમજાણું કાંઈ? પહેલામાં...

મુમુક્ષુ :- ...ક્રિયા કહેવાય નહિ ને.

ઉત્તર :- આ ક્રિયા ન કહેવાય આ? ક્રિયા એટલે? 'ક્રિયા પર્યાયની ફેરણી,...' ક્રિયા એટલે પર્યાયનું ફરવું એ ક્રિયા. કહો, હવે રાગદ્વેષ અને પુણ્ય-પાપમાં એક્તાબુદ્ધિની ક્રિયા હતી એ સ્વભાવમાં એક્તાબુદ્ધિની ક્રિયા થઈ એ ક્રિયા નહિ? 'ક્રિયા પર્યાયની ફેરણી,...' પર્યાયનું બદલવું તેને ક્રિયા કહે. તો આ રાગ અને પુણ્ય-પાપના વિકલ્પ તરફ લક્ષમાં જે એકાકાર થતો એ મિથ્યાત્વની ક્રિયા હતી. શુદ્ધ ચૈતન્ય સ્વભાવના અંતર્મુખની દૃષ્ટિમાં જે ક્રિયા થઈ એ સમ્યગ્દર્શનની ક્રિયા થઈ. પર્યાય પલટી ગઈ. એકરૂપ મિથ્યાત્વ પરસન્મુખની હતી એ સ્વસન્મુખની થઈ. એ ક્રિયા નથી? એ ક્રિયાની સૂઝ પડતી નથી અને એ ક્રિયાની કિંમત ભાસતી નથી.

કહે છે કે **'અહીં સકળ રાગદ્વેષમોહનો અભાવ બુદ્ધિપૂર્વક...'** એટલે? રુચિપૂર્વક, અભિપ્રાયપૂર્વક **'રાગદ્વેષમોહનો અપેક્ષાએ સમજવો.'**

**'હવે આ જ અર્થ દૃઢ કરનારી બે ગાથાઓ આવે છે તેની સૂચનિકારૂપ શ્લોક**

**કહે છે :-**' દૃઢ વિશેષ. વાત તો એ પણ વિશેષ દૃઢ કરે છે.

**रागद्वेषविमोहानां ज्ञानिनो यदसम्भवः।**
**तत एव न बन्धोऽस्य ते हि बन्धस्य कारणम्।।११९।।**

બહુ ટૂંકું. પણ ટૂંકું પણ સીધું અને આખું.

'**શ્લોકાર્થ :- કારણ કે...**' ધર્મીને. ધર્મીને ધર્મ પ્રગટ્યો છે, સ્વભાવની રુચિ અને જ્ઞાન અને અંશે સ્થિરતા. એવા '**જ્ઞાનીને રાગદ્વેષમોહનો અસંભવ છે...**' એને મિથ્યાત્વ સંબંધી અસત્ય સંબંધી રાગ અને દ્વેષ એનો અસંભવ છે '**તેથી તેને બંધ નથી; કેમ કે તે (રાગદ્વેષમોહ) જ બંધનું કારણ છે.**' બસ! રાગદ્વેષમોહનું મિથ્યાત્વ, અસત્ય. સત્યથી વિરૂદ્ધ અસત્યની માન્યતા હતી એ અસત્યની માન્યતા જ બંધનું કારણ હતું. સત્ય સ્વરૂપ ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય સ્વભાવ એવા સત્યની સત્યરૂપે માન્યતા થઈ તો એ સત્ય માન્યતાને હવે આસ્રવ અને બંધ છે નહિ. સમજાણું કાંઈ?

'**હવે આ અર્થના સમર્થનની બે ગાથાઓ કહે છે :-**'

**रागो दोसो मोहो य आसवा णत्थि सम्मदिट्ठिस्स।**
**तम्हा आसवभावेण विणा हेदू ण पच्चया होंति।।१७७।।**
**हेदू चुदव्वियप्पो अट्ठवियप्पस्स कारणं भणिदं।**
**तेसिं पि य रागादी तेसिमभावे ण बज्झंति।।१७८।।**

નીચે હરિગીત.

**નહિ રાગદ્વેષ, ન મોહ-એ આસ્રવ નથી સુદૃષ્ટિને,**
**તેથી જ આસ્રવભાવ વિણ નહિ પ્રત્યયો હેતુ બને; ૧૭૭.**
**હેતુ ચતુર્વિધ અષ્ટવિધ કર્મો તણાં કારણ કહ્યાં,**
**તેનાંય રાગાદિક કહ્યા, રાગાદિ નહિ ત્યાં બંધ ના. ૧૭૮.**

'**ટીકા :- સમ્યગ્દૃષ્ટિને રાગદ્વેષમોહ નથી...**' આહાહા..! આ વ્યવહારનો જે દયા, દાન, ભક્તિનો રાગ આવે ને? કહે છે, એ રાગ જ્ઞાનીને આવે એ રાગ જ નથી. એને રાગ કહેવાતો નથી. એમ કહે છે અહીં તો. આહાહા..! સમજાણું કાંઈ? વ્યવહાર એને છે નહિ એમ કહે છે, ભાઈ! એઈ! એમ કહે છે. વ્યવહારનું જ્ઞાન અહીં છે. વ્યવહાર નથી એને. આહાહા..! ચૈતન્ય ભૂમિકા સ્વભાવની જાગૃતિ જાગી એવી જાગૃતિની ભૂમિકામાં દયા, દાન, વ્રત, આ કરવું ને? પછી આ કરવું ને? પણ કહે છે કે એ વિકલ્પનો ભાવ જ જેના સ્વભાવની પર્યાયમાં પણ નથી. આહાહા..! સહ્યું જાય નહિ અને બધું વયું જાય. એની એને દરકાર નહિ. આખો ચૈતન્ય જાય છે એની (દરકાર નહિ). આ આત્મા... વ્યવહાર

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


વયો જાય છે. હાય-હાય! અરે..! અમારે કરવું કે નહિ પછી? અહીં તો કહે છે કે સમ્યગ્દૃષ્ટિને વ્યવહાર છે જ નહિ. વ્યવહાર સ્વામીપણે નથી એટલે એ એનો છે જ નહિ. એનો છે જ નહિ. આહાહા..! એમ વાત કરે છે. એનો નથી પછી એને કરાય કે નહિ? પછી એ કરે કે નહિ? પ્રશ્ન જ નથી. આહાહા..! સમજાણું કાંઈ? જ્યાં જ્ઞાનસ્વરૂપ પ્રભુ ચૈતન્યનો ઉકેલ થયો, કોકડું અંદર ખીલ્યું. ભગવાન આત્મા જ્ઞાનસ્વભાવથી ભરેલું તત્ત્વ, એમ જ્યાં અંતર્મુખની અનુભવદૃષ્ટિ થઈ, સમ્યક્ થયું (તો) કહે છે કે એને રાગદ્વેષમોહ નથી. આ મિથ્યાત્વ સંબંધીના રાગદ્વેષમોહ નથી. ઓલા છે એને ગણવામાં આવ્યા નથી. એનું એને જ્ઞાન છે. એનું એનામાં ભાન છે, એનું એનામાં નથી. આહાહા..! સમજાણું કાંઈ?

ચૈતન્યના સ્વભાવનું સમ્યગ્દર્શન-સત્ય જેવું છે તેવું સ્વરૂપ અંતરના જ્ઞાનમાં ભાન થઈને પરિણમન એકાગ્ર સ્વભાવ સન્મુખ થયું, કહે છે કે એને રાગદ્વેષમોહ નથી. એટલે કે રાગદ્વેષમોહ જે એકત્વબુદ્ધિના એ નથી. પછી ઓલા છે કે નહિ? કે એ નથી. એ નથી. અસ્થિરતાના રાગદ્વેષ એ નથી, એના સંબંધીનું જ્ઞાન એનામાં છે. આહાહા..! પોપટભાઈ! આ ... અમારે વ્યવહાર ચાલે નહિ, વ્યવહાર વિના ચાલે નહિ. આ શું બધું કરો છો? આ મંદિરોને જુઓ તો કેટલું. ધામા જામ્યા છે. કેટલું કેટલું? કોણ કરે? બાપા! તને ખબર નથી, ભાઈ! એ રજકણે રજકણ જે ક્ષેત્રે જે રીતે પરિણમવાનો તે એને કારણે પરિણમે. ભાઈ! કોઈના હુકમથી નહિ, કોઈની આજ્ઞાથી નહિ, કોઈના રાગથી નહિ.

અહીં તો કહે છે, પ્રભુ! એક વાર સાંભળ તો ખરો. તને તારા ચૈતન્યના સ્વભાવની લબ્ધિની પ્રાપ્તિ થઈ. જ્યાં સુધી થઈ નથી ત્યાં સુધી રાગ અને પુણ્ય-પાપની પ્રાપ્તિ છે દૃષ્ટિમાં. એ પુણ્ય-પાપની દૃષ્ટિની લબ્ધિ નામ પ્રાપ્તિ છે ત્યાં સુધીના જ રાગદ્વેષમોહને અજ્ઞાન ગણવામાં આવ્યા છે. સમજાણું કાંઈ? જ્યારે સમ્યગ્દૃષ્ટિ થયો એને રાગદ્વેષમોહ નથી. '**કારણ કે સમ્યગ્દૃષ્ટિપણાની...**' સમ્યગ્દૃષ્ટિપણાની '**અન્યથા અનુપપત્તિ છે...**' અનેરા પ્રકારે સમ્યગ્દૃષ્ટિપણું પ્રાપ્ત થતું નથી. શું કહ્યું? આહાહા..!

'**સમ્યગ્દૃષ્ટિને રાગદ્વેષમોહ નથી...**' આહાહા..! છન્નું હજાર સ્ત્રીના વૃંદમાં બેઠો. બેઠો છે ક્યાં? તને ખબર નથી. એ બીજું ક્ષેત્ર અને બીજો સંયોગ દેખીને તું બેઠો કહે. એ બેઠો જ નથી. આહાહા..! ધર્મી તો બેઠો છે સ્વરૂપની દૃષ્ટિમાં આસન લગાવીને. સમજાણું કાંઈ? હીરાના સિંહાસનમાં બેઠો હોય. અબજો રૂપિયાના શરીર ઉપર દાગીના પહેર્યા છે. ઓહો..! આ નથી એને? નથી તો અહીં રાખ્યું કેમ? પણ રાખ્યું છે ક્યાં, એ તો એને કાળે છે અને એને કારણે છે. એમાં રાખ્યું ને છોડ્યું આવ્યું ક્યાં? આહાહા..! સમજાણું કાંઈ? એ તો એને કારણે, એને ક્ષેત્રે, એને કાળે, એના ભાવની પરિણતિને કાળે ત્યાં આવ્યા છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આની પરિણતિએ આવ્યા છે માટે આની પરિણતિમાં એ છે એમ છે નહિ. આહાહા..! સમજાણું? એ એમાં છે જ નહિ. રાગદ્વેષના વ્યવહારુ પરિણામમાં જ્ઞાની નથી તો વળી આ બહારની સ્થિતિમાં બેઠો છે અને એમાં છે એ તો બધી કથનની રીત છે નિમિત્તને બતાવવા. સમજાણું કાંઈ? ઠીક!

મુમુક્ષુ :- એટલી નજર પોગતી નથી.

ઉત્તર :- નજર પોગનારો નજર પોતામાં રહીને પોગાડે કે પરમાં જઈને પોગાડે? કહો. પોતામાં રહીને નજર પોગાડવાની તાકાત નથી અને કહે છે કે મારે ધર્મ કરવો છે. શી રીતે કરે? શી રીતે થાય? સમજાણું કાંઈ? આહાહા..! આમ ચૈતન્યઘન છે આખો. વિજ્ઞાનનો પિંડ છે. આમ નજર નાખતા એકલો જ્ઞાનનો રસકંદ છે. એમાં રાગ કે કાંઈ છે નહિ. એમ નજર નાખતા આવડે નહિ અને કહે છે કે અમને નજર પડતી નથી. હવે એનું કરવું શું? સમજાણું કાંઈ?

કહે છે કે જ્યાં નજરું ગઈ નિધાનમાં અને રાગ અને દ્વેષના ક્ષણિક ઉપાધિના પરિણામથી પ્રીતિ અને રુચિ છૂટી, ત્યારે સ્વભાવ તરફના શુદ્ધતામાં રુચિ અને પરિણતિ દૃષ્ટિ થઈ, એને રાગદ્વેષ અને મોહ નથી. પ્રવિણભાઈ! આરે.. આરે..! એ જાત્રાનો ભાવ એનો નથી એમ કહે છે. મહાવ્રતના પરિણામ જ્ઞાનીના નથી. એમ કહે છે અને એમ છે. કહો. આહાહા..! ભગવાન આત્મા પોતાના શુદ્ધ સ્વરૂપની પ્રતીત અને ભાનમાં આવ્યો, કહે છે કે એના સ્વરૂપમાં નથી તો એની દૃષ્ટિમાં અને એની દૃષ્ટિની પર્યાયના કાળમાં, એની દૃષ્ટિના પર્યાયના કાળમાં જે રાગ ઉત્પન્ન થાય એ પણ એના કાળમાં એને નથી. આહાહા..! રાડ નાખી જાય. એને જીરવવું કઠણ. આ કરે, આવું કરે જ્યારે બધું આસ્રવ છૂટી જાય તો સમ્યગ્દર્શન થાય. એમ વળી એક જણો (કહેતો હતો). ૭૨મી ગાથામાં આવે છે ને? આસ્રવથી છૂટયું છે કે નથી છૂટ્યું? આસ્રવથી નથી છૂટ્યું તો એ અજ્ઞાન છે. આસ્રવથી છૂટે તો એ જ્ઞાન છે. માટે આ બહારના આસ્રવથી આ છૂટે, નિવૃત્તિ લે તો એ છૂટ્યો કહેવાય. આવા તો અર્થ કરે. હવે શું કરે? કે દિ' ગરી ગયું હતું પણ બહારની ચીજોથી તે એમાંથી છૂટવું છે.

અહીંયાં તો એમ કહે છે કે રાગ અને દ્વેષના પરિણામ એના અભિપ્રાયમાંથી છૂટ્યા છે કે નહિ? જો નથી છૂટ્યા તો એ અજ્ઞાની છે અને છૂટ્યા છે તો એ જ્ઞાનીને રાગ-દ્વેષ છે નહિ. સમજાણું કાંઈ? આહાહા..! પરમસત્ય નિતરતા સત્યની લોકોને ખબર ન મળે. ઉપરટપકે બધા ગજના આંકાના માપ કરે. આનું આમ છે, આનું આમ છે, આણે આ ત્યાગ કર્યો, આણે આ વૈરાગ્ય કર્યો, આણે આ ધર્મ કર્યો. અરે..! ભાઈ! બહારના માપથી ધર્મના માપ નથી. શું કીધું?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


બે બોલ કીધા. '**સમ્યગ્દષ્ટિને રાગદ્વેષમોહ નથી કારણ કે...**' એમ. કારણ આપે છે. કેમ કે '**સમ્યગ્દષ્ટિપણાની...**' રાગદ્વેષમોહ ન હોય એટલે કે સમ્યગ્દષ્ટિપણાની રાગદ્વેષમોહ નથી એટલે કે '**અન્યથા...**' ઉત્પત્તિ નથી. રાગદ્વેષમોહ હોય અને સમ્યગ્દષ્ટિ ઉત્પન્ન થાય એમ હોઈ શકે નહિ. '**(અર્થાત્ રાગદ્વેષમોહના અભાવ વિના સમ્યગ્દષ્ટિપણું બની શકતું નથી);...**' એટલે કે સ્વભાવની એક્તામાં રાગદ્વેષમોહનો અભાવ છે. એ રાગદ્વેષમોહના અભાવ વિના સમ્યગ્દષ્ટિપણું બનતું નથી. સમજાણું કાંઈ? ઓલો વ્યવહાર રાગ એ રાગ છે જ નહિ. એ તો જ્ઞેયમાં નાખી દીધું. સમજાણું કાંઈ? દ્રવ્યકર્મનું જ્ઞાન કરે, નોકર્મનું કરે અને ભાવકર્મનું એ જ્ઞાન કરે છે. એનામાં એ છે નહિ. નહિતર સમ્યગ્દષ્ટિની અનેરા પ્રકારે. એટલે કે રાગદ્વેષમોહનો અભાવ ન હોય અને સમ્યગ્દષ્ટિ થાય એમ બની શકતું નથી.

'**રાગદ્વેષમોહના અભાવમાં તેને (સમ્યગ્દષ્ટિને) દ્રવ્યપ્રત્યયો પુદ્ગલકર્મનું હેતુપણું ધારતા નથી...**' કેટલી વાત સ્પષ્ટ કરે છે! ઓહો..! તારા ચૈતન્યના સ્વભાવના અનુભવની બલિહારી કહે છે. સમજાણું કાંઈ? બાકીના રાગદ્વેષના અનુભવમાં બધા રસ્તા હેઠે જવાના છે. આ ઊંચે જવાના છે. કેમ કે '**રાગદ્વેષમોહના અભાવમાં...**' ધર્મીને સ્વભાવ જે રાગદ્વેષમોહના અભાવરૂપ પ્રભુ આત્મા છે, એવા આત્માનો અંતરમાં ધર્મરૂપે ધાર્યો જેણે આત્મામાં, પર્યાયમાં ધર્મ થઈને એણે ધાર્યો આવો આત્મામાં, એને રાગદ્વેષમોહની ધારણા-ટકવું એનામાં છે નહિ. અને નથી માટે દ્રવ્યપ્રત્યયો પૂર્વના જડ કર્મો જે પડ્યા છે. દ્રવ્યપ્રત્યય એટલે દ્રવ્યાસ્રવ. દ્રવ્યાસ્રવ એટલે જડ કર્મ પડ્યા તે. '**પુદ્ગલકર્મનું હેતુપણું ધારતા નથી...**' જૂના કર્મ નવા કર્મના બંધનમાં હેતુ નિમિત્ત થતાં નથી. કહો, સમજાણું આમાં? ભારે! કહો, ન્યાલભાઈ! આ વીતરાગ માર્ગ. પણ અમારે કરવું શું? પોપટભાઈ કહે. પણ એ તમે કહો છો. પણ સાધન શું? આ ભક્તિ ને પૂજા ને દાન દયા કરીએ એ સાધન ખરું કે નહિ? પણ શાસ્ત્રમાં કહ્યું છે ને? વ્યવહાર સાધન છે, હેતુ છે, નિશ્ચયનું કારણ છે, વ્યવહાર કારણ છે, નિશ્ચય કાર્ય છે, વ્યવહાર સાધન છે, નિશ્ચય સાધ્ય છે. એય..! દીપચંદજી! એવું લખાણ છે શાસ્ત્રમાં. અમારા ઘરનું નથી કહેતા. એ તો વ્યવહારનું કથન છે. એ તો વ્યવહારનું કથન છે. સાધન નામ સ્વરૂપનું સાધન કર્યું છે ત્યારે રાગની નિમિત્તતા એ જાતની તેને હોય, બીજી હોય નહિ. માટે એમ ગણીને વ્યવહાર સાધન એટલે ખરેખર સાધન નથી. આહાહા..! અહીં તો કહે છે કે વ્યવહાર નથી એમ કહે છે અહીં તો. સાધન-ફાધન ક્યાંય રહી ગયું. લ્યો! પોતે આવડો મોટો એને બેસતો નથી. હું આવડો મોટો?!

પરમેશ્વર, પરમેશ્વરને પણ પરમેશ્વરને હું ગળી જનારો. મારા જ્ઞાનમાં અનંતા પરમેશ્વર સમાઈ જાય એવડો હું છું. આહાહા..! કહો, અનંતા પરમેશ્વરને જ્ઞાનની એક સમયની પર્યાય

ગળી જાય છે. એને અડ્યા વિના, હોં! જ્ઞાનનું જાણવું એવું જેનું સામર્થ્ય, એ જાણવાના સામર્થ્યની મર્યાદા શું? પર્યાયની હોં! ગુણની તો વાત જ શી? એવી અપરિમિત મર્યાદા રહિત દશા, જે અનંતા કેવળજ્ઞાનીને અડ્યા વિના જાણી લે છે. કેવળજ્ઞાનીની સત્તા તરફનો સ્વીકાર અહીંયાં પોતાની પર્યાયમાં અનંતા આવા કેવળી છે એનો સ્વીકાર કરી લે છે. એવી તો જેની પર્યાયમાં પરમેશ્વર અનંતા પરમેશ્વરને પેસારી દેવાની તાકાત છે. એવી અનંતી પર્યાયનો પિંડ ભગવાન આત્મા... આહાહા..! એવો એક ગુણ અને એવા અનંતા ગુણો, એને રાગના સાધન-ફાધન છે નહિ. સમર્થવાન પ્રભુ તે કાંઈ પામરની ઓથ લેતો હશે? સમજાણું કાંઈ? પરમેશ્વર તે કાંઈ પામરની ઓથ લેતો હશે ભિખારીની?

કહે છે કે, ભગવાન આત્મા રાગની મંદતાની અપેક્ષા છોડી દઈ, પર તરફની અપેક્ષા લક્ષ છોડી દઈ અને સ્વભાવના શરણે ગયો અને સમ્યગ્દષ્ટિ થયો, એને રાગદ્વેષમોહ નથી. તેથી જૂના કર્મ તેને નવા બંધનું કારણ રાગદ્વેષમોહ નથી માટે થતા નથી. એ તો અબંધ પરિણામે જ આવી ગયો હવે. સમજાણું કાંઈ? ઓલામાં આવશે. આ પુરુષાર્થસિદ્ધિમાં આવે છે ને. શ્લોક લીધો છે ને પાત્ર-અપાત્રનો. ત્યાં સમ્યગ્દષ્ટિને દર્શનજ્ઞાનચારિત્રના સંયોગવાળો ગણ્યો છે. સંયોગવાળો. સમજ્યાને? ત્રણના સમજાણું કે નહિ? છે કે નહિ? ક્યાં ગયું? જેમ ઓલા આપણે આવે છે ને નિયમસારમાં? શ્રાવકને ત્રણ. એમ અહીં પાત્ર-અપાત્રનો અધિકાર છે ને? ૧૭૧. ૧૭૧. જુઓ! ૧૭૧. અહીં બધા બે-ત્રણ પુસ્તક છે. ૧૭૧ જુઓ!

**पात्रं त्रिभेदमुक्तं संयोगो मोक्षकारणगुणानाम्।**
**अविरतसम्यग्दृष्टिः विरताविरतश्च सकलविरतश्च।।१७१।।**

**'मोक्षकारणगुणानाम्' 'મોક્ષના કારણરૂપ ગુણોનો અર્થાત્ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રરૂપ ગુણોનો સંયોગ જેમાં હોય,...'** સંયોગ જેમાં હોય. **'તે પાત્ર વ્રતરહિત સમ્યગ્દષ્ટિ...'** પણ છે. સમજાય છે કાંઈ? શું કીધું?

મુમુક્ષુ :- સમ્યગ્દષ્ટિમાં છે.

ઉત્તર :- શેનું?

મુમુક્ષુ :- દર્શન-જ્ઞાન-ચારિત્ર.

ઉત્તર :- ત્રણે છે એમ. સમ્યગ્દષ્ટિ, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ ત્રણના સંયોગ સહિત છે. એને એકનો વિયોગ નથી કે ચારિત્રનો વિયોગ છે (એમ નથી). જુઓ! પાઠ લીધો છે ને. મૂળમાં છે ને. **'पात्रं त्रिभेदमुक्तं संयोगो मोक्षकारणगुणानाम्। अविरतसम्यग्दृष्टिः'** બસ! એટલી વાત છે.

મુમુક્ષુ :- ...

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ઉત્તર :- બધું છે. કહે છે, ચારિત્ર નથી. ચોથે ચારિત્ર નથી. પણ ચારિત્ર નથી તો આ પાત્રમાં અવિરતિને ગણ્યો અને ત્રણનો સંયોગ ગણ્યો છે લે. સમજાણું કાંઈ? દીપચંદજી! આ જુઓ ૧૭૧ ગાથા છે. પુરુષાર્થસિદ્ધિ ઉપાયે પણ ઘણું કામ કર્યું છે, હોં! ત્રણ કારણ મૂક્યા પણ પાછા સંયોગો એમ લીધું. એટલે ત્રણની એક્તા છે, ત્રણનો સંબંધ છે. ત્રણનો સંબંધ છે. એક પણ છૂટી ગયું છે એમ નહિ. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- શું થાય?

**'પાત્ર વ્રતરહિત સમ્યગ્દષ્ટિ તથા દેશવ્રતી અને મહાવ્રતી ત્રણ ભેદરૂપ કહેલ છે.'** એ ત્રણેને ત્રણરૂપ ભાવ ગણવામાં આવ્યા છે. ત્રણેને ત્રણ. પછી ઓછીવત્તી સ્થિરતા એનો પ્રશ્ન નથી પણ છે ત્રણે ને ત્રણ.

મુમુક્ષુ :- ત્રણે મોક્ષ કારણ.

ઉત્તર :- છે ને. મોક્ષનું કારણ કીધું ને. મોક્ષનું કારણ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર. હવે એ કારણ છે ત્રણે છે જે ત્રણેને. ત્રણેને ત્રણે છે. ચોથાવાળા, પાંચવાળાને બે છે અને છઠ્ઠાવાળાને ત્રણ છે એમ નહિ. એમ છે ને? ભાઈ! સમજાણું કાંઈ? ઓહોહો..! બસ, અહીં તો એ કીધું, લ્યો.

સમ્યગ્દષ્ટિને રાગદ્વેષમોહનો અભાવ છે તો ચારિત્ર પણ છે. એટલું એ ચારિત્ર પણ છે. દર્શન-જ્ઞાન પણ છે. ત્રણે છે. સમ્યગ્દષ્ટિને તો કાંઈ નથી, કાંઈ નથી. એ તો છઠ્ઠે થાય ત્યારે આમ થાય, સાતમે થાય ત્યારે નિર્વિકલ્પ દર્શન થાય. અરે..! ભગવાન! શું કરે છે? ભાઈ! ભાઈ! વસ્તુ અખંડ છે એના અનંતા ગુણોનો અંશ સાથે પ્રગટે છે. તો પછી આ મૂળ કારણ જે ત્રણ છે એનો એક અંશ ઘટે ચારિત્રનો અને બે અંશ હોય એમ કેમ આવે? કહો, સમજાણું કાંઈ? અનંતા જેટલા ગુણો છે આત્મામાં ગણતરીએ, સંખ્યાએ. વસ્તુ છે તેની જ્યાં એકાકાર થઈને પ્રતીત, અનુભવ થયો તો જેટલા ગુણો તેટલાનો એકદેશ અંશ પ્રગટ થયા વિના રહે જ નહિ. તો ચારિત્રગુણનો પણ અંશ પ્રગટ સાથે છે. તેથી ત્રણેને ભેગા કરીને અવિરતિ સમ્યગ્દષ્ટિને પણ પાત્ર કહેવામાં આવે છે. ભલે જઘન્ય પાત્ર છે. મધ્યમ શ્રાવક અને ઉત્કૃષ્ટ મુનિની જુદી વાત છે. અહીં તો આપણે ત્રણ સહિત એક જ સિદ્ધ કરવું છે. ઓલી વાત પછી. ત્રણ સહિત છે. નિયમસારમાં એ ત્રણ આરાધક કીધો છે પાંચમે. અહીં તો ચોથાની વાત લીધી. ત્યાં વળી પાંચમાની વાત છે. સમજાણું કાંઈ?

આખી વસ્તુ પલટી ગઈ, દિશા પલટી ગઈ. એક સમયમાં દર્શને આખું જ્ઞાન પલટાવી દીધું, દિશા પલટાવી, રમણતા પલટાવી. એની તો કાંઈ કિંમત ન મળે. સમજાણું કાંઈ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

અજ્ઞાનમાં અનાદિથી રાગમાં રમણ કરતો, અજ્ઞાનથી અનાદિ મિથ્યાશ્રદ્ધા, જ્ઞાન અને રાગમાં રમણ હતું. રમણ તો હતું કે નહિ? એને મિથ્યાશ્રદ્ધા, મિથ્યા જ્ઞાન અને મિથ્યા રમણ તો એકસાથે જ હતું એમાં. સમજાણું કાંઈ?

કહે છે કે જ્યાં આત્મા જેની કેટલી કિંમત છે! આખો આત્મા પૂર્ણાનંદનો નાથ પ્રભુ, જ્યાં દૃષ્ટિ અને જ્ઞાનમાં લઈ જ્ઞેય બનાવીને અનુભવ થયો, પ્રતીત થઈ, અનુભવ સહિતમાં પ્રતીત થઈ એને, કહે છે કે રાગદ્વેષમોહ નથી. આહાહા..! એના વિના સમ્યગ્દૃષ્ટિપણું બનતું નથી. માટે જડ પ્રત્યયો હેતુપણું ધારતા નથી. જૂના કર્મો નવાને હેતુ થતા નથી. કેમ કે જ્ઞાનીને રાગ-દ્વેષ ને મોહ છે નહિ.

'**કારણ કે...**' હવે ન્યાય આપે છે. '**દ્રવ્યપ્રત્યયોને પુદ્‌ગલકર્મના હેતુપણાના હેતુઓ...**' જૂના કર્મને નવાનો હેતુ, એનો હેતુ રાગદ્વેષ ને મોહ. સમજાણું કાંઈ? આ તો સમ્યગ્દર્શન જ મહા ચીજ છે, મહારતન છે. એની કિંમત આવે નહિ અને બહારના વ્રત ને ત્યાગ ને ક્રિયાકાંડ ને એ ચારિત્ર. આહાહા..! લેખ તો આજે આવ્યા છે. ઘણાં લેખ આવ્યા. વ્રત તે ઉદયભાવ નથી, ક્ષયોપશમભાવ છે, ક્ષયોપશમભાવ છે. આમ છે. ચારિત્ર છે, આ છે. પણ કયો ક્ષયોપશમભાવ? એ તો સ્થિરતા તે ક્ષયોપશમભાવ છે. વ્રતનો વિકલ્પ ઉઠે એ તો આસ્રવભાવ છે. શું કરે? ભારે હાંક્યું છે પણ ગાડું. આહાહા..!

વસ્તુમાં ઉત્થાન થાય આને દુઃખ ન દઉં, આને આમ કરું. થઈ રહ્યું. એ તો વિકલ્પ છે. એ ક્યાં સ્વભાવ છે? જ્ઞાનસ્વરૂપ જ્ઞાનમાં આમ વિષયનું બદલવું એ જ્ઞાનમાં ક્યાં છે? ગુલાંટ ખાય આમ કરીને પરિવર્તન થાય એ તો વિકલ્પ છે અંદર. સમજાણું કાંઈ? પંચાધ્યાયીમાં એમ લીધું છે. ભાઈ! ઘણાં વર્ષ પહેલા કહ્યું હતું. એ છે, પંચાધ્યાયીમાં એક શ્લોક છે. વિષયને પલટાવે છે એ રાગ વિના પલટે નહિ. પલટો મારે છે આમ. આ મેં જાણ્યું, આ જાણ્યું... આ જાણ્યું... આ જાણ્યું.. વિકલ્પ અંદર આવે. એ શ્લોક છે. ઘણાં વર્ષ પહેલાં કહ્યું હતું એકવાર. (સંવત) ૧૯૯૭માં. પેલાએ પ્રશ્ન કર્યો હતો તે દિ'. કેવો? આ પાણસણાવાળો. પાણસણાવાળો નહિ? આ બેરિસ્ટર. બેરિસ્ટર નહિ. ચીમનલાલ ચકુ. એણે પ્રશ્ન કર્યો હતો કે આ વ્રત એ વિકલ્પ ક્યાંથી? ૯૭ની વાત છે, હોં! અહીં હજી ચાલતું હતું આ. ભાઈ! જ્ઞાનસ્વરૂપ છે આમ. આ કરું, આ ન કરું એવી વૃત્તિ ઉઠે છે એ બધો આસ્રવ છે. વિષય પલટાવે છે, ગુલાંટ ખાય છે રાગ. સમજાણું કાંઈ?

અહીં કહે છે કે એ જ્યાં હેતુ મિથ્યાત્વનો જ્યાં રહ્યો નથી, એ જ્ઞાનનો હેતુ જે સ્વભાવ છે એ પ્રગટ્યો છે, રાગાદિ રહ્યો નથી. એકત્વબુદ્ધિનો રાગ નથી એટલે ખરેખર પલટો મારતો જ નથી આમ. એકલા જ્ઞાયક સ્વભાવ ઉપર જ દૃષ્ટિ પડી છે. અસ્થિરતાના રાગની અહીં

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ગણતરી ગણી નથી. '**કારણ કે દ્રવ્યપ્રત્યયોને...**' દ્રવ્યાસ્રવને એટલે ઓલા જડ કર્મને દ્રવ્યાસ્રવ કીધા છે, હોં! જુઓ! ભાઈએ કહ્યું છે ખરું ને. જૈન સિદ્ધાંત પ્રવેશિકામાં. દ્રવ્યપ્રત્યયો. એમ કહ્યું છે. એ કાંઈ ઘરનું નથી નાખ્યું.

'**પુદ્‌ગલકર્મના હેતુપણાના...**' ધર્મી જીવને આત્મા શુદ્ધ પ્રભુ ભગવાન આત્મા, તેના સન્મુખ થઈને જે દૃષ્ટિ, જ્ઞાન અને સ્થિરતા થઈ, તેને રાગ ને દ્વેષ ને મોહ અજ્ઞાન સંબંધી છે નહિ. તેથી જૂના કર્મ જડ જેને આસ્રવ કહીએ, એ નવા કર્મને હેતુ થતો નથી. કેમ કે (નવા) કર્મના હેતુનો હેતુ રાગદ્વેષમોહનો અભાવ (થયો છે). હેતુના હેતુના અભાવને લઈને હેતુમાન કાર્ય ત્યાં બંધનું થતું નથી. કેટલી શૈલી! બહુ ટૂંકી ભાષામાં. શું કીધું?

'**દ્રવ્યપ્રત્યયોને પુદ્‌ગલકર્મના હેતુપણાના હેતુઓ...**' જૂના કર્મ જે હેતુ છે નવા બંધને, એનો હેતુ તો રાગ-દ્વેષ ને મોહ છે. સમજાણું? '**માટે હેતુના હેતુના અભાવમાં...**' હેતુના હેતુના અભાવમાં દ્રવ્યપ્રત્યયો હેતુ, એનો હેતુ મિથ્યાત્વસંબંધી રાગદ્વેષમોહ એના અભાવમાં હેતુ નામ કાર્યનો અભાવ છે. ત્યાં બંધનું કાર્ય થતું નથી. '**(અર્થાત્ કારણનું જે કારણ તેના અભાવમાં કાર્યનો) અભાવ પ્રસિદ્ધ હોવાથી જ્ઞાનીને બંધ નથી.**' શું કીધું?

ફરીને. આત્મા શુદ્ધ સ્વભાવનું અંતર જ્ઞાન અને અનુભવ ભાન સમ્યક્‌માં થતાં, એને અજ્ઞાન સંબંધીના જે રાગદ્વેષમોહ નથી. એથી રાગદ્વેષમોહ વિના અન્યથા બીજી રીતે ઉત્પત્તિ સમ્યગ્દર્શનની હોતી નથી. તેથી તેને જૂના કર્મ જે પડ્યા છે તે નવાને બંધ થતા નથી. કેમ કે જૂના કર્મનો હેતુ નવા બંધ ને એનો હેતુ અહીં રાગદ્વેષ અને મોહ. હેતુના હેતુના અભાવે હેતુમાન એવું બંધનું કાર્ય જ્ઞાનીને થતું નથી. કહો, સમજાણું કાંઈ? એને થાય છે જાણવા-દેખવાનું કાર્ય, એમ કહે છે. અબંધ પરિણામનું જાણવા-દેખવાનું કાર્ય થાય છે. એને બંધનું કાર્ય થતું નથી. સમજાણું કાંઈ?

દેડકો હોય સમ્યગ્દૃષ્ટિ. કાદવમાં પડ્યો હોય. કાદવમાં પડ્યો હોય. કહે છે કે રાગદ્વેષમોહ નથી. રાગદ્વેષમોહ એને નથી તેથી એને જૂના કર્મ નવાના બંધનો હેતુ થતો નથી. જૂના કર્મનો હેતુ ત્યારે થાય કે હેતુનો હેતુ અજ્ઞાનના રાગદ્વેષમોહ હોય તો. તો હેતુનો હેતુ જેને નથી એ તો એનું હેતુમાન બંધરૂપી કાર્ય તે દેડકાને પણ થતું નથી. દેડકો નથી એ તો આત્મા છે. આત્માને થતું નથી એમ કહેવું છે ને અહીં? દેડકો ક્યાં આત્મા હતો? એ તો જડ છે શરીર તો.

મહાન પ્રસિદ્ધ સિદ્ધ એવો જે આત્મા. પ્રસિદ્ધ સિદ્ધ. એનું જ્યાં અંતરમાં ભાન થયું, બધું નીકળી ગયું. મેલ કાંઈ નથી. સમજાણું કાંઈ? માટે એ ચીજ કરવા જેવી છે. એમ અહીં સિદ્ધ કરે છે. વાતુંની વાત નથી આ. સમજાણું કાંઈ? પુણ્ય-પાપના વિકલ્પની વૃત્તિઓ,

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

એના પ્રત્યેની રુચિ અને ભાવ છોડીને એકલો જ્ઞાનમય પ્રભુ ચૈતન્યથી ભરેલો સ્વભાવ, એના અંતર્મુખમાં જઈને એની પ્રતીત અનુભવ કરવો એ જ કર્તવ્ય મોક્ષના માર્ગીને આ છે. આ કરવાનું છે. પછી વ્યવહાર આવે એ કર્તવ્ય-ફર્તવ્ય નથી. વ્યવહાર એ જાણવા જેવો છે. આહાહા..! ભારે આકરી વાત. આ બધા આવા દેરાસર ને કેટલા સમવસરણ ને સોનગઢમાં વળી મુંબઈમાં ને વળી રાજકોટમાં. વળી આ ત્રીજું કાંઈક કરશે. મોટી મૂર્તિ કેટલી લાંબી? સવા પાંચ ફૂટ. મોટી બેઠેલીને? સવા પાંચ ફૂટ લ્યો. આપણે અહીં કેટલી અઢી ફૂટ છે? કેટલી છે? ત્રણ ફૂટ. ત્રણ. એથી સવા બે વધી. મલૂકચંદભાઈ મોટા છે ને જાડા. અદબદનાથ જેવી પ્રતિમા હશે એ પણ. અમરચંદભાઈ!

મુમુક્ષુ :- આપણે ફિરોજાબાદ હતી ને?

ઉત્તર :- હા. એવડી હતી? સવા પાંચ ફૂટ હતી? ફિરોજાબાદ એટલી હતી ભાઈ? પ્રતિમા. હતી ખરી પણ સવા પાંચ ફૂટ? સહેજ મોટા હતા. હોં! યાદ નથી. પાંચ ફૂટની હશે. બસ એટલી. વળી આ કરવું, વળી કહે કે કરી શકે નહિ. આ તે કાંઈ... ભાઈ! એ તો ત્યાં રહી, બાપુ! એના ક્ષેત્રના, એના ક્ષેત્રમાં, એના કાળે એ પરિવર્તનનો કાળ ત્યાં આવીને ઊભો હશે ત્યાં થશે. કોઈના વિકલ્પથી કાંઈ થાતું નથી. આહાહા..! અહીં તો વિકલ્પનું કર્તવ્ય એ જ્ઞાનીનું નથી. હવે પરનું કર્તવ્ય ક્યાં રહ્યું? આહાહા..!

એથી કહે છે ધર્મી જીવને ધર્મભાવ પ્રગટ્યો છે માટે, એને અધર્મ ભાવ નહિ હોવાને કારણે, અધર્મ ભાવના પહેલા અધર્મ કાળમાં બંધાયેલા કર્મો, એને બંધના હેતુ, એ હેતુને હેતુનો અભાવ હોવાથી વર્તમાન અધર્મના પરિણામનું નિમિત્ત એને નહિ હોવાથી એનું કાર્ય બંધનું આવતું નથી. એટલે અબંધ પરિણામ થાય છે. એમ કહે છે. આહાહા..! આવી વાત તો પકડવી કઠણ પડે માણસને. ન્યાલભાઈ! ઓલું તો સૂઝ પડે બહારથી. આહાહા..! આમ રસ ખાતા હોય અને બીજો રસ ન ખાય તો એમ લાગે આહાહા..! શું ત્યાગ! બે-ત્રણ વર્ષ અમારે એવું બન્યું હતું. રસ લઈ આવે ને રસ? ત્યાં કર્યો હોય ત્યાં. આ લઈને આવો છે. આપણને એ રસ ન.. આ ગૃદ્ધિ? આ શું? જ્યાં હોય ને ટાણું ત્યાં ફરી આવે. જોઈ આવે જગજીવન.. અહીં ઠેકાણે થાય છે. પાત્ર લઈને લઈ આવે પહેલું.

મુમુક્ષુ :- પહેલા ખબર કાઢી આવે?

ઉત્તર :- હા. પાણી લેવા જાય ને પાણી? પાણી લેવા જાય તો ખબર પડે નવ વાગે. ઘોળાતો હોય. અહીં ઠેકાણે મહેમાન લાગે છે. ત્યારે પેલા કહે, મહારાજ! પધારજો, હોં! અરર..! મને એમ થઈ ગયું. એ ખાતર ન ખાવું એનો ભાવ નહોતો એમ નહિ. પણ કીધું આ શૈલી શું આ? એટલે બે-ત્રણ વર્ષ નહોતું ખાધું. તો હીરાજી મહારાજ શરમાય બિચારા,

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


હોં! હીરાજી મહારાજ લે ખરા પણ શરમાય. અરર..! આ ખાતા નથી. મેં તો આ કારણે, હોં! ત્યાગ માટે કાંઈ નહિ. ન્યાલભાઈ! ત્રણ શેર ત્રણ શેર, ચાર શેર ચાર શેર રસ આવે. કારણ કે એ વખતે છૂટ હતી ઘણી ને. આપણને એ ગોઠતું નથી અંદર. આ રીતે રસ લેવો ખાવાનો ભાવ જ થતો નથી. ત્રણ વર્ષ એવું થયું. બહુ શરમાય હોં! હીરાજી મહારાજ. અરે..! તું ખા. આમાં કાંઈ વાંધો નથી. પણ મને કાંઈ મન માનતું નથી. ત્યારે એ શરમાય. એ ત્યાગ નહોતો. ફક્ત આ શૈલીએ આમ કેમ લે? એ ખાતર આપણને શોભતું નથી.

એમ અહીં કહે છે કે રાગનો ત્યાગ જ્યાં સ્વભાવની દૃષ્ટિ થાય ત્યારે થાય છે. એ વિના પરનો ત્યાગ અસદ્ભુત વ્યવહારનયે પણ કહેવામાં આવતો નથી. આહાહા..! સમજાણું કાંઈ? ભગવાન આત્મા એના આનંદરસના ભાનમાં જેને પર પ્રત્યેનો રાગ જ ઉત્પન્ન થતો નથી એકત્વબુદ્ધિનો. એને રાગદ્વેષમોહનો અભાવ સ્વભાવના રસની દૃષ્ટિને લઈને છે. ત્યારે એને બહારથી ન ખાવાની ક્રિયા ન હોય તો કહેવાય કે આણે આટલું છોડ્યું. એ અસદ્ભૂત જૂઠા નયે કહેવાનું છે. કાંઈ છોડ્યું-બોડ્યું એ નથી. રાગ છોડ્યો જાય નહિ ત્યાં વળી પર છોડ્યું જાય એ વસ્તુ ક્યાંથી આવી અંદરમાં? સમજાણું કાંઈ? વીતરાગ માર્ગની એવી લીલા છે અંદરની.

કહે છે, '**(અર્થાત્ કારણનું જે કારણ...**' એટલે ઓલા જૂના કર્મ કારણ હતા નવા બંધમાં, એનું કારણ રાગદ્વેષમોહ. તેના અભાવમાં હેતુમાન એટલે નવું બંધનનું કાર્ય, એનો અભાવ પ્રસિદ્ધ હોવાથી જ્ઞાનીને બંધ નથી, લ્યો. કહો, સમજાણું કાંઈ? રાડ નાખે ઓલા. (સંવત) ૧૯૯૫માં આવ્યું હતું ને? જ્ઞાનીને આસ્રવ અને બંધ નથી. એય..! બહારમાં લખાણ આવ્યું. દસ મહિના અને દસ દિ' અહીં તો.. ૯૫. આ જ્ઞાનીને રાગદ્વેષ અને આસ્રવ ને બંધ નથી. એ માથે લખાણ આવ્યું છાપામાં. નહિ. ખોટી વાત છે. દસમા ગુણસ્થાને.. નામ ન આવ્યું. સિદ્ધચક્રમાં આવ્યું હતું. ખોટી વાત છે. ભાઈ! સાંભળને! કઈ અપેક્ષાથી કહ્યું હતું. ઓલા રાગદ્વેષ છે એની ખબર નથી. એ વખતે રાગદ્વેષનું જ્ઞાન એનું છે. એ રાગદ્વેષ એનો નથી. સાંભળને! એની પુંજીમાં ભળે એ એની પુંજી કહેવાય કે રાગ ભળે છે એમાં? વ્યવહારનો રાગ દસમે સુધી ભલે હો. પણ એ કાંઈ જ્ઞાનની પર્યાયમાં ભળે છે? એ રાગ અને જ્ઞાન બે ભિન્ન રહીને જ્ઞાન રાગનું થાય છે. જ્ઞાન એ રાગનું કહેવું એ અપેક્ષાએ. પણ એ વખતનું જ્ઞાન જ સ્વપરપ્રકાશનો સ્વભાવ જ પોતાના કારણે એવો ઉત્પન્ન થાય છે. એ એની પર્યાય છે. રાગ-બાગ જ્ઞાનીનો છે નહિ. જ્ઞાનીનો મેલ છે? રાગ જ્ઞાનીને હોય? જીરવ્યું જાય નહિ. અરરર..! બાહ્યનો ત્યાગ કરે, આ થાય ત્યારે સમ્યગ્દૃષ્ટિ કહેવાય. જ્ઞાન ફલં વિરતી. લ્યો, આવે છે કે નહિ? એય..! જ્ઞાનનું ફળ વિરતિ. વિરતિની પણ વ્યાખ્યા શું? વિરતિ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

એટલે શું? રાગના પરિણામથી નિવર્તે અને જ્ઞાનમાં એકાગ્ર થાય તે જ્ઞાનનું ફળ. શબ્દ આવે છે એવો. શ્રીમદ્‌માં એક આવે છે એ. જ્ઞાન ફલં વિરતિ. વિરતિ એટલે આ બાહ્યનો ત્યાગ કરેને એ જ્ઞાનનું ફળ. એટલે જ્ઞાન છે ને એ જ્ઞાનનું ફળ એને આવ્યું. ત્યારે દેખાય ને અજ્ઞાનીને. શું દેખાય પણ? જ્યાં હોય ત્યાં હોય. બહારના ત્યાગમાં આત્મા છે? બહારના સંયોગમાં આત્મા છે? એના અભાવમાં આત્મા છે? એ તો અભાવમાં ત્રિકાળી આત્મા છે. એનો અભાવ થયો માટે અહીં આત્મામાં કાંઈક થયો ત્યાગ એમ છે જ નહિ. સમજાણું કાંઈ? એનો ભાવાર્થ લેશે હવે. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**જેઠ વદ ૫, મંગળવાર તા. ૨૭-૦૬-૧૯૬૭**
**ગાથા-૧૭૭-૧૭૮, શ્લોક-૧૨૦-૧૨૧, પ્રવચન-૨૫૯**

૧૭૭-૧૭૮નો ભાવાર્થ. અહીંયાં એમ કહ્યું કે સમ્યગ્દૃષ્ટિને આસ્રવ અને બંધ નથી. તો કહે છે કે એની અપેક્ષા શું છે? એનો ખુલાસો કરે છે.

'**ભાવાર્થ :- અહીં, રાગદ્વેષમોહના અભાવ વિના સમ્યગ્દૃષ્ટિપણું હોઈ શકે નહિ...**' શું કહે છે? કે આત્મામાં મિથ્યાત્વરૂપી મોહભાવ અને એની સાથે રહેલો અનંતાનુબંધીનો રાગ-દ્વેષ, એના અભાવ વિના સમ્યગ્દૃષ્ટિપણું હોઈ શકે નહિ. એટલે? કે આત્મા પવિત્ર શુદ્ધ વીતરાગસ્વભાવ છે. એની દૃષ્ટિ અને એની સાથે સ્થિરતાનો અંશ સમ્યગ્દર્શન થતાં સાથે પ્રગટ થાય છે.

મુમુક્ષુ :- સ્થિરતાનો અંશ ક્યાંથી...

ઉત્તર :- સ્થિરતાનો અંશ આ શું કીધું આ? રાગદ્વેષમોહનો અભાવ છે. રાગદ્વેષનો અભાવ છે. કાલે તો બતાવ્યું હતું કે નહિ? કે ... આવ્યો છે. બહાર ઓલા પૂછે છે કે આધાર (શું છે)? ચોથે ગુણસ્થાને આધાર? સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનો સંયોગ છે ચોથે. પાંચમે તો વળી ઘણે ઠેકાણે આવે એ જુદી વાત છે. એ લેવું છે, જુઓ!

'**રાગદ્વેષમોહ...**' મોહ એટલે મિથ્યાત્વ અને રાગદ્વેષ એટલે અસ્થિરતા. કોની? કે અનંતાનુબંધીની અસ્થિરતા એની અહીં વાત લેવી છે. સમજાણું કાંઈ? એના '**અભાવ વિના સમ્યગ્દૃષ્ટિપણું હોઈ શકે નહિ...**' એટલે કે આત્મામાં અંતર પવિત્ર સ્વભાવની અંતર દૃષ્ટિ અને તેમાં અંશની લીનતા એટલે કે રાગદ્વેષમોહનો અભાવ, એ વિના સમ્યગ્દૃષ્ટિપણું હોઈ શકે નહિ. સમજાય છે કાંઈ?

'**એવો અવિનાભાવી નિયમ કહ્યો...**' એવો સંબંધ કહ્યો કે રાગદ્વેષમોહના અભાવ વિના સમ્યગ્દૃષ્ટિ નહિ અને સમ્યગ્દૃષ્ટિ હોય એને રાગદ્વેષમોહનો અભાવ હોય. આવું જે કહ્યું '**ત્યાં મિથ્યાત્વસંબંધી રાગાદિકનો અભાવ સમજવો.**' વિપરીત માન્યતા અને એની સાથે રહેલો રાગ અને દ્વેષ. સમજાણું કાંઈ? '**મિથ્યાત્વસંબંધી રાગાદિકનો અભાવ સમજવો.**' મિથ્યાત્વ સંબંધીના રાગાદિકને જ અહીં રાગાદિ ગણવામાં આવ્યા છે. ચૈતન્ય સ્વભાવ, શુદ્ધ ચૈતન્ય વસ્તુ, એની દૃષ્ટિ અને એનું જ્ઞાન અને એની લીનતા થઈ એથી તેને મિથ્યાત્વ અને રાગદ્વેષનો અભાવ જ થયો. એ મિથ્યાત્વ સંબંધી રાગાદિને અહીંયાં રાગ ગણવામાં આવ્યો છે. સમજાણું કાંઈ? જુઓ! અહીં તો ખુલાસો કર્યો. ઓલાને માન્ય નહિ હોય. કારણ કે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

આ તો ચોથે ગુણસ્થાને .. (પેલા કહે, આ તો) આઠમા ગુણસ્થાનની વાત છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ભાષા શું, પાઠમાં નથી? પાઠ છે ને પાઠ. શું કીધું? '**रागद्वेषमोहा न सन्ति सम्यग्दृष्टेः, सम्यग्दृष्टित्वान्यथानुपपत्तेः। तदभावे न तस्य द्रव्यप्रत्ययाः पुद्गलकर्महेतुत्वं बिभ्रति, द्रव्यप्रत्ययानां पुद्गलकर्महेतुत्वस्य रागादिहेतुत्वात्। ततो हेतुहेत्वभावे हेतुमदभावस्य...**' એ ઊંચી વાત છે ... અરે..! ક્યાં, આ તો હજી પહેલી વાત છે. વસ્તુ જ્યાં અંતર એકલો જ્ઞાન, આનંદ, વિજ્ઞાનઘન સ્વરૂપ એવું અંતરમાં દૃષ્ટિનું પરિણમન થયું એથી તેને મિથ્યાત્વ અને અહિંસા છે એનો રાગ-દ્વેષ હોતો નથી.

મુમુક્ષુ :- મૂળમાં...

ઉત્તર :- એ ... મૂળમાં છે એ તો વીતરાગી સમ્યગ્દર્શનની વાત છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ચોથાવાળાનું ક્યાં છે અહીં? ટીકાકારે અર્થ કર્યો છે એવો. ... ભાવાર્થવાળાએ અર્થ કર્યો છે. એમ કહે છે. પાઠમાં ક્યાં છે? '**रागो दोसो मोहो..**' કોને? વીતરાગી સમ્યગ્દૃષ્ટિને.

મુમુક્ષુ :- જેને રાગદ્વેષ ગયો હોય એને.

ઉત્તર :- એને. રાગદ્વેષ જેના ગયા હોય એવા સમ્યગ્દૃષ્ટિને આસ્રવ નથી એમ એનો અર્થ કરે. કરે એ. એમ છે નહિ. બધા વાંધા આવા ઉઠ્યા છે. ચોથે ગુણસ્થાને વીતરાગ દૃષ્ટિ અને વીતરાગપણું! એમ. ગોઠતું નથી એને. દીપચંદજી!

અહીંયાં કહે છે કે '**સમ્યગ્દૃષ્ટિ થયા પછી કાંઈક ચારિત્રમોહ સંબંધી રાગ રહે છે...**' આત્મામાં શુદ્ધ સ્વભાવની પ્રતીત, જ્ઞાન અને રમણતા અંશે થવા છતાં જ્ઞાનીને હજી થોડો રાગ રહે છે. પણ '**તેને અહીં ગણ્યો નથી;....**' એને અહીં ગણવામાં આવ્યો નથી. મૂળ વસ્તુ જે તૂટી પાંદડા પછી ભલે રહ્યા. થડ તૂટી ગયું. એમ આત્મા રાગની એક્તાબુદ્ધિમાં જે મિથ્યાત્વ સહિતનો રાગ હતો એ સ્વભાવની દૃષ્ટિમાં અનુભવ થતાં રાગની એક્તાનું મિથ્યાત્વ અને રાગ રહ્યો નહિ. એને અહીંયાં સમ્યગ્દૃષ્ટિ ગણવામાં આવે છે. એને અહીંયાં રાગદ્વેષનો અભાવ ગણવામાં આવે છે. અધ્યાત્મની વાત સમજે નહિ. એને સમજવાની દરકાર પણ નહિ કે આ વસ્તુ આખી ચિદાનંદ સ્વરૂપ છે એનો જ્યાં આશ્રય લીધો, પછી શું રહ્યું? અસ્થિરતાનો થોડો આશ્રય છે એને અહીંયાં ગણ્યો નથી. એને ગૌણ કર્યો. કેમ કે એ વ્યવહાર છે. વ્યવહારને ગૌણ કરીને નિશ્ચયને સિદ્ધ કર્યું છે. લ્યો. સમજાણું કાંઈ? અભાવ નથી. ગૌણ કર્યો છે. વ્યવહારને ગૌણ કરીને એને ... આને મુખ્ય કરીને નિશ્ચયનો આદર કર્યો છે. એવી વાત છે કે આ તો અંતરની વાત છે. બહારના ઝઘડાથી એને કાંઈ પત્તો ખાય

એવું નથી.

વસ્તુ આખી છે. ચૈતન્ય વસ્તુ, જેના સ્વભાવમાં ચૈતન્ય રત્નાકર જેને કીધો છે. અનંત અનંત રત્નો જેનામાં ભર્યા છે. જ્ઞાન, દર્શન, શાંતિ, ચારિત્ર એવો સ્વભાવ, એનો જ્યાં અંતરમાં સન્મુખ થઈને આદર થયો (પછી) શું રહ્યું? રાગ વિકલ્પ થોડો રહે છે એનો આદર છે નહિ. આદર નથી એટલે એને ગૌણ કરીને એને નથી એમ કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? આ તો સમ્યગ્દર્શનનું માહાત્મ્ય કેટલું અને સમ્યગ્દર્શનનો વિષય કેવડો. આહાહા..! સમજાણું કાંઈ? સમ્યગ્દર્શનનો વિષય આખો પરમાત્મા પોતાનું નિજ શુદ્ધ સ્વરૂપ. અને એનું માહાત્મ્ય તો જ્યાં રાગની એક્તા તૂટી એથી મિથ્યાત્વ અને રાગદ્વેષનો ભાવ મિથ્યાત્વના કાળમાં હતો એટલો એમાં રહેતો નથી. કહો, સમજાણું? અન્યમતમાં પણ ગ્રંથિ એને કહે છે, હોં! ગ્રંથિભેદ. રામાયણમાં એવું આવે છે-ગ્રંથિ. પણ મૂળ વસ્તુ સમજ્યા વિના ઉપરથી બધી વાતું. ગ્રંથિ એટલે શું? ગ્રંથિભેદ થયો પછી થયું શું?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- આવે છે ઓલામાં ગ્રંથિભેદ રામાયણમાં આવે છે. પણ ગ્રંથિ શું? ભેદ થયો પછી થયું શું? ગ્રંથિ તે પર્યાયમાં હોય કે કોઈ દ્રવ્ય-ગુણ...? એ તો કંઈ વાત જ ન મળે. દ્રવ્ય એ તો ત્રિકાળી વસ્તુ છે અને જ્યારે ત્રિકાળી વસ્તુ છે તો એના ત્રિકાળી સ્વભાવો પણ સદશ્યરૂપે, એકરૂપે ત્રિકાળી છે. હવે એની વર્તમાન દશામાં બધો ફેરફાર છે. વર્તમાન દશાના રાગ અને વિકલ્પની એક્તા તેને ગ્રંથિ કહે છે-ગાંઠ કહે છે. એને સ્વભાવ તરફની એક્તા થઈને એ ગાંઠ તૂટી એને ગ્રંથિભેદ કહે છે. ત્યારે એને સમ્યગ્દર્શન-જ્ઞાન અને ચારિત્રનો અંશ થયો. પર્યાયમાં થયો. દ્રવ્ય-ગુણ તો છે એવા છે. સમજાણું કાંઈ?

જેને રાગના વિકલ્પનો પ્રેમ-પ્રીતિ છૂટી ગઈ અંદરથી અને ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય આનંદમૂર્તિ એમાં જ્યાં પ્રેમ જામ્યો, રુચિ કહો, સ્થિરતા દૃષ્ટિ કહો, પ્રેમ જામ્યો એને હવે રાગનો પ્રેમ રહ્યો નહિ. અસ્થિરતાનો થોડો રાગ એનો પ્રેમ રહ્યો નથી માટે એને રાગદ્વેષ છે નહિ. સમજાણું કાંઈ? એનું સ્વામીપણું રાગમાં છે નહિ. સ્વામીપણું નિજ સચ્ચિદાનંદ પ્રભુ, શુદ્ધ આનંદની મૂર્તિ તેમાં સ્વપણાનું સ્વામીપણું છે, સ્વપણાનું સ્વામીપણું છે એથી એને રાગનું સ્વામીપણું નથી. તેથી તેને રાગદ્વેષ મિથ્યાત્વના ગણવામાં આવ્યા એ એને નથી. વસ્તુ તો ન્યાયથી બરાબર ધ્યાનમાં લે, અંદર પકડે તો બરાબર ખ્યાલમાં આવી જાય એવી વાત છે. એ કાંઈ એવી વાત નથી કે ન ખ્યાલમાં આવે અને ન સમજાય. સમજાણું?

**'સમ્યગ્દૃષ્ટિ થયા પછી કાંઈક ચારિત્રમોહસંબંધી રાગ રહે છે તેને અહીં ગણ્યો નથી; તે ગૌણ છે.'** જોયું! ગણ્યો નથી અને ગૌણ છે. **'આ રીતે સમ્યગ્દૃષ્ટિને**

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**ભાવાસ્રવનો...**' ભાવાસ્રવ એટલે વિકારીભાવ. ભાવાસ્રવ એટલે નિર્વિકારી ચૈતન્ય સ્વભાવ, તેની અનુભવ દૃષ્ટિનું પરિણમન થયું એથી તેને મિથ્યાત્વ સંબંધીના રાગદ્વેષ એવા ભાવઆસ્રવ એટલે મલિન પરિણામ '**અર્થાત્ રાગદ્વેષમોહનો અભાવ છે.**' કહો, સમજાણું કાંઈ?

'**દ્રવ્યાસ્રવને બંધના હેતુ થવામાં...**' જૂના કર્મના ઉદયમાં નવા બંધમાં હેતુ થવામાં '**હેતુભૂત એવા રાગદ્વેષમોહનો સમ્યગ્દષ્ટિને અભાવ હોવાથી...**' જૂના કર્મ નવાને બંધ થાય તેને નિમિત્તરૂપ મિથ્યાત્વ સંબંધીના રાગ-દ્વેષ હતા તેનો તો અભાવ છે. '**દ્રવ્યાસ્રવો બંધના હેતુ થતા નથી,...**' તેથી એને જૂના કર્મને નિમિત્ત મોહ-મિથ્યાત્વ રાગદ્વેષનું રહ્યું નહિ માટે જૂના કર્મ બંધનું કારણ થતું નથી. '**અને દ્રવ્યાસ્રવો બંધના હેતુ નહિ થતા હોવાથી સમ્યગ્દષ્ટિને-જ્ઞાનીને-બંધ થતો નથી.**' પહેલા ભાવાસ્રવ કહ્યો નથી અને પછી કહે બંધ નથી. એમ. સમજાણું? એમ બે છે ને શબ્દ? પહેલા એમ લીધું. '**णत्थि सम्मदिट्ठिस्स रागो मोहो**' છેલ્લે એમ લીધું '**तेसिं पि य रागादी तेसिमभावे ण बज्झंति**' છેલ્લું એ લીધું. શું કહ્યું?

જેને ધર્મ કરવો છે, એ ધર્મ છે એ આત્માની એક પર્યાય છે. અવસ્થા-અવસ્થા. એ ધર્મ કરનારને અવસ્થા જે પ્રગટ કરવી છે તો ત્રિકાળી ભગવાન શુદ્ધ વસ્તુ પરમાત્મા પોતે, એનો અંતરમાં આશ્રય કરે તો એ ધર્મની પર્યાય પ્રગટ થાય. જેનો આશ્રય કરે છે તેમાં રાગ-દ્વેષ અને અજ્ઞાન અને સંસાર નથી. એથી એના આશ્રય કરનારને જે ધર્મ પ્રગટ્યો એમાં પણ રાગદ્વેષ અને મલિન આસ્રવાદિ નથી. સમજાણું કાંઈ? પરનો જરી આશ્રય બાકી રહ્યો એ સ્વના આશ્રયની મુખ્યતાએ પરના આશ્રયથી રાગ-દ્વેષ થયા એને અહીં ગણવામાં આવ્યા નથી. કહો, સમજાણું આમાં?

તેથી ભાવાસ્રવ તો નથી. કેમ કે આત્મા નિર્મળાનંદ પ્રભુ એવો શુદ્ધ સ્વરૂપ, એની ઉપલબ્ધિ દૃષ્ટિમાં, જ્ઞાનમાં પ્રાપ્તિ થઈ અંતર્મુખ થઈને (કે) આ વસ્તુ પવિત્ર શુદ્ધ છે, એવું ભાન થતાં એને મિથ્યાત્વ સંબંધીના ભાવાસ્રવ એટલે મલિન પરિણામનો અભાવ કહ્યો. એથી એને અભાવ છે માટે જૂના કર્મને ભાવાસ્રવનું નિમિત્ત નહિ થવાથી દ્રવ્યાસ્રવ પણ બંધનું કારણ થયું નહિ. માટે તેને બંધ છે નહિ. એમાં સમજાય એવું છે કે નહિ? વેપારીને સમજાય એવું છે કે નહિ?

મુમુક્ષુ :- પંદરમી વાર છે એટલે સમજાય ને.

ઉત્તર :- પંદરમી વાર ચાલે છે. વાત સાચી. આ તો પંદરમી વાર ચાલે છે સભામાં આ સમયસાર.

જેનો પ્રેમ પરથી છૂટી ગયો છે, એમ કહે છે. શુભ-અશુભભાવમાં પણ દુઃખ છે. અને

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

એના બંધનમાં એ રજકણો બંધાય છે. એના ફળમાં આ બહારનો સંયોગ છે. એ ત્રણે પ્રત્યેથી ધર્મીને પ્રેમ છૂટી ગયો છે. સમજાય છે કાંઈ? ક્યાંય સુખબુદ્ધિ રહી નથી. ધર્મીને ક્યાંય પુણ્ય-પાપના ભાવમાં, એના બંધનમાં કે એના ફળમાં સુખબુદ્ધિ રહી નથી. સુખબુદ્ધિ આત્માના આનંદમાં છે ત્યાં સુખબુદ્ધિ છે. એથી તેને સુખબુદ્ધિની દષ્ટિને લઈને અને એકલો આનંદકંદ સ્વભાવ જેના આશ્રયમાં લીધો છે માટે એને દુઃખબુદ્ધિ એવા રાગદ્વેષના પરિણામ, દુઃખબુદ્ધિના જે તીવ્ર એકત્વના હતા એ દુઃખબુદ્ધિ છે નહિ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ આ ધર્મ કરશે ઈ સુખી થશે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. ઈ લાગુ પડ્યું આ. ધર્મ કરશે તો સુખી થશે એટલે બહારમાં ધૂળ મળશે એમ નહિ. ધર્મ કરશે એ સુખી થાશે. કરશે એ સુખી થાશે. અમારે કાંઈ લેવા દેવા નહિ. મેલામાં લખે. થોડું અણઘટું થયું છે, ઈશ્વરની આગળ આપણું હાલે નહિ. એમ લખે પાછું. હજી ઈશ્વરની પાસે ચાલવું છે એને. આ પંચમ આરો કઠણ છે અને આ બધું.. ધર્મ કરશે એ સુખી થાશે. વાત સાચી. પણ ધર્મ.. પણ ધર્મ કરવો એટલે શું? અને અધર્મ છોડવો એટલે શું? એનો કાંઈ નિર્ણય જોઈશે કે નહિ? પોપટભાઈ! ધર્મ કરવો એટલે શું? ત્યારે શું કરે છે એ કે ધર્મ કરવો છે એને? એ ધર્મ કરતો નથી, કાંઈક અધર્મ કરે છે. અધર્મનો અર્થ કે રાગ-દ્વેષને પોતાના માનીને રાગદ્વેષ કરે છે. એટલે પોતાના માનીને એટલે મિથ્યાત્વ અને રાગદ્વેષ કરે છે. સમજાણું કાંઈ? આ એનું નામ અધર્મ છે. પછી ચાહે તો ગમે તે ગતિમાં પડ્યો હોય, સ્વર્ગમાં ઊંચે ગયો હોય પણ આ રાગદ્વેષમાં સુખબુદ્ધિ પડી છે, એને મિથ્યાત્વ અને રાગદ્વેષ છે. બસ! એ જ સંસાર અને એ દુઃખ છે. એ અધર્મ છે.

ધર્મ કરનારને એ અવસ્થા ટાળવી છે. એમ ખરું ને? કારણ કે નવી ધર્મ દશા પ્રગટ કરવી છે. ધર્મ દશા પ્રગટ કરનારને જેમાં એ પર્યાયનો સમૂહ પિંડ પડ્યો છે એવા ભગવાન આત્માનો આશ્રય લે ત્યારે ધર્મ પ્રગટ થાય. એ વિના કાંઈ રાગદ્વેષનો આશ્રય લઈને, અલ્પજ્ઞ પર્યાયનો આશ્રય લઈને ધર્મ પ્રગટ ન થાય. એ તો સીધી વાત છે. અંદર સચ્ચિદાનંદ પ્રભુ છે પોતે. એ આનંદની મીઠી મધુરી મોટી વેલડી છે. વેલડી શું કહે છે? વેલડી? વીરડો વીરડો. વેલડી નહોતી કહ્યું. .. વીરડી વીરડી. મીઠી વીરડી કહે છે ને આ? આહાહા..!

શુભ-અશુભભાવ પરના લક્ષે ઉત્પન્ન થયેલા આકુળતારૂપ છે, એ જ અધર્મ છે. ધર્મ કાંઈ બીજે હોતો નથી. એ અધર્મને ટાળવો છે એ એક અપેક્ષાનું કથન. એટલે કે ધર્મ જેને કરવો છે. ધર્મ તો ભગવાન આત્મા આનંદની મીઠી વીરડી છે. એના ઉપર નજર પડતાં

આનંદનો એને સ્વાદ આવે છે. બસ! એનું નામ ધર્મ. ઓલા દુઃખના સ્વાદનું એકત્વ ટળ્યું, આનંદના સ્વાદ સાથે એકત્વ થયું. એથી એકત્વપણામાં જે મિથ્યાત્વ અને રાગદ્વેષ જે રાગ તરફનો હતો એ નથી. અસ્થિરતાનો રાગ એ તો દુઃખરૂપ છે. અહીંયાં તો આનંદનો આદર કર્યો છે અને આનંદની દશા, પર્યાયમાં આનંદની દશા ધર્મરૂપે થઈ છે. એથી ઓલા રાગદ્વેષ દુઃખરૂપ છે એને આના ગણવામાં આવ્યા નથી. કારણ કે નથી એના વસ્તુમાં, નથી એના ગુણમાં, નથી એની પર્યાયમાં. સમજાણું કાંઈ?

'**માટે સમ્યગ્દષ્ટિને...**' એટલે જ્ઞાનીને આસ્રવ-ભાવાસ્રવ નથી તેમ બંધ પણ નથી. એ સિદ્ધ કર્યું ચાલતી ભાષાએ. '**સમ્યગ્દષ્ટિને જ્ઞાની કહેવામાં આવે છે તે યોગ્ય જ છે.**' જોયું! ઓલો કહે કે સમ્યગ્દષ્ટિ આઠમે ભાન થયું હોય તો (કહેવાય). અહીં નીચેથી સમ્યગ્દષ્ટિ જ્ઞાની કહેવાય. આઠમે ક્યાંથી કહે? એ તો વળી સ્થિર થઈ ગયો, ન્યાં એને શું છે?

'**જ્ઞાની શબ્દ મુખ્યપણે ત્રણ અપેક્ષાએ વપરાય છે :-**' જ્ઞાની આત્માને કહેવામાં ત્રણ અપેક્ષાઓ છે. આત્માને જ્ઞાની કહેવામાં. પહેલા સમ્યગ્દષ્ટિને જ્ઞાની કહેવામાં આવે છે એ સિદ્ધાંત સિદ્ધ કર્યો. પણ જ્ઞાની શબ્દ મુખ્યપણે ત્રણ અપેક્ષાએ, ત્રણ પ્રકારે ગણવામાં આવે છે. '(૧) **પ્રથમ તો, જેને જ્ઞાન હોય તે જ્ઞાની કહેવાય; આમ સામાન્ય જ્ઞાનની અપેક્ષાએ તો સર્વ જીવો જ્ઞાની છે.**' કારણ કે આત્મા જ્ઞાનસ્વરૂપ છે. એ જ્ઞાનસ્વરૂપ છે એટલે જ્ઞાની જ છે, એ કાંઈ અજ્ઞાની એટલે જડ નથી. સમજાણું? આત્મા જ્ઞાની જ છે. એ કાંઈ રાગ છે અને જડ નથી. એ જ્ઞાનસ્વરૂપ છે માટે જ્ઞાની જ છે. બધાય જ્ઞાની છે. દરેક અનંત આત્માઓ જ્ઞાની છે. સમજાય છે કાંઈ? એ અપેક્ષા અહીં નથી લેવી. એમ કહેશે. આ તો સમજાવે છે. જ્ઞાની કહેવામાં '**સામાન્ય જ્ઞાનની અપેક્ષાએ તો સર્વ જીવો જ્ઞાની છે.**' શું આત્મા રાગી છે? શરીરવાળો છે? આત્મા તો જ્ઞાની જ છે. સમજાણું કાંઈ? જ્ઞાનનો પુંજ છે એ તો જ્ઞાનનો રસકંદ છે. આત્મા એટલે શું? એને જ્ઞાની આંખ્યું છે. જ્ઞાનસ્વરૂપ છે માટે બધા આત્માને જ્ઞાની કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

'**(૨) સમ્યક્ જ્ઞાન અને મિથ્યા જ્ઞાનની અપેક્ષાએ લેવામાં આવે તો સમ્યગ્દષ્ટિને સમ્યગ્જ્ઞાન હોવાથી તે અપેક્ષાએ તે જ્ઞાની છે...**' ઠીક! હવે સમ્યગ્જ્ઞાન અને મિથ્યા જ્ઞાનની અપેક્ષા લેવામાં આવે. આત્મા જે જ્ઞાની છે અને જ્ઞાનસ્વરૂપ છે એનું જ્યાં ભાન થયું. ઓલું ભાન નહોતું પણ હતો તો જ્ઞાની. જ્ઞાનસ્વરૂપ જ છે. એ કાંઈ જડસ્વરૂપ કે રાગસ્વરૂપ, અચેતનસ્વરૂપ થઈ ગયો છે કોઈ આત્મા? પણ જ્યારે ભાન થયું કે આ તો જ્ઞાનસ્વરૂપ જ હું છું. ચૈતન્યસ્વભાવ તે હું. રાગ, પુણ્ય, શરીર એ હું નહિ. નહિ એ નથી કહેવું પણ આ તો આ છું એમાં ઓલું નથી. એવું સમ્યગ્જ્ઞાન અને મિથ્યાજ્ઞાનની અપેક્ષા

લેવામાં આવે તો સમ્યગ્દષ્ટિને સમ્યગ્જ્ઞાન હોવાથી. આ તો હવે પર્યાયમાં પ્રગટ સમ્યગ્જ્ઞાન હોવાથી. '**તે અપેક્ષાએ તે જ્ઞાની છે...**' સમજાણું કાંઈ? પછી એને જાણપણું કેટલું છે કે ઓછું વત્તું એની સાથે મેળ-સંબંધ નથી. આત્મા અખંડાનંદ પ્રભુ ચૈતન્યનું જ્યાં શરણ આવ્યું, પર્યાયે આત્માનું શરણ લીધું અથવા પર્યાય દ્રવ્ય સાથે એકાકાર થઈ એથી તે જ્ઞાનમાં સમ્યગ્જ્ઞાનપણું પ્રગટ્યું એ અપેક્ષાએ સમ્યગ્દષ્ટિને જ જ્ઞાની કહેવામાં આવે છે.

એ દેડકો હોય નાનો તો એ જ્ઞાની છે સમ્યગ્દષ્ટિ. એને કાંઈ નવ તત્ત્વના નામ પણ ન આવડતા હોય. કહો. પછી ભલે પંડિત થયા. શાસ્ત્રનું જ્ઞાન એ જ્ઞાન ક્યાં છે? આ નવ પૂર્વ અને અગિયાર અંગ ભણ્યો હોય, તો પણ સ્વસ્વરૂપનું જ્ઞાન નથી તેને જ્ઞાન કહેતા નથી. અજ્ઞાન કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? અને નવ તત્ત્વના નામ બોલતા ન આવડે તો સમ્યક્ ચૈતન્યનું ભાન થયું અનુભવમાં, એને જ્ઞાની કહેવામાં આવે છે. સમજાણું?

'**અને મિથ્યાદષ્ટિ અજ્ઞાની છે.**' જુઓ! મિથ્યાદષ્ટિને અજ્ઞાની કહે છે. દૃષ્ટિ જ્યાં રાગ અને પુણ્ય ઉપર જ્યાં પડી છે, આખું અસ્તિત્વ જે ત્રિકાળ છે એનો જ્યાં અંતર સ્વીકાર નથી, રાગના વિકલ્પની પર્યાય અને અલ્પ જ્ઞાનમાં અસ્તિત્વપણે માન્યતા છે એ મિથ્યાદષ્ટિનું બધું અજ્ઞાન જ છે. એને અજ્ઞાની જ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? ભારે તત્ત્વની વાત એવી. લોકોને એવું સારું લાગે-સર્વ ધર્મ સમન્વય. ત્રણ બોલ આવ્યા ને. ૧૦૧ અણુવ્રત આંદોલનના કરતા એટલે. સર્વ ધર્મ સમન્વય-જૈનની એકતા. કોને કહેવી એકતા? છોડી દે ને ભઈ આ બધું હવે. મુહપત્તિ-બુહપત્તિ છોડીને બેસી જા મસ્જિદમાં. ... સર્વ ધર્મ સમન્વય નહિ થતો હોય ત્યાં. સમન્વય .. સમન્વયની .. .. જુઓ! ટોડરમલજી તો કહે છે કે તત્ત્વની દૃષ્ટિ વિનાનો કોઈપણ ભાવ એની સાથે મેળ ખાતો નથી. માટે અજ્ઞાનીને જ્ઞાની સાથે મેળવાય એ સમન્વય હોઈ શકે નહિ.

બે વાત થઈ. સર્વને જ્ઞાન છે. આત્મા બધા જ્ઞાનની મૂર્તિ છે એ અપેક્ષાએ જ્ઞાની કહેવાય. એ અહીં કાંઈ કામ નથી. પણ સમ્યક્ અને મિથ્યાત્વની અપેક્ષાએ સમ્યગ્દષ્ટિને અને મિથ્યાદષ્ટિને જ્ઞાની અને અજ્ઞાની (કહેવાય). સમજાણું? એ તો સ્વભાવ જ છે એનો. જ્ઞાનસ્વરૂપ જ છે. વસ્તુ છે કે નહિ? વસ્તુ છે તો જ્ઞાનસ્વરૂપ જ આત્મા છે. એનો આત્મા. પણ સ્વરૂપ સ્વભાવ શું? આત્મા તો વસ્તુ થઈ. વસ્તુને વસ્તુત્વ કાંઈક હોય કે નહિ? વસ્તુનું વસ્તુત્વ જ્ઞાનપુંજ. જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... એ અપેક્ષાએ બધા જ્ઞાની છે. એ કાંઈ આત્માને લાભદાયક નથી.

સમ્યગ્દષ્ટિ થતાં જે જ્ઞાન આત્માને અવલંબે પ્રગટ્યું એ ભલે થોડું પ્રગટ્યું પણ છે એ જ્ઞાની. અને પરને લક્ષે અગિયાર અંગ અને નવ પૂર્વ ભણ્યો હોય અને દૃષ્ટિ જ્યાં હજી

મિથ્યાત્વ છે, રાગ અને અલ્પજ્ઞની પોતાની માન્યતા અંદર છે તો કહે છે, મિથ્યાદષ્ટિ અને અજ્ઞાની કહેવાય છે. બે વાત કરી.

હવે '(૩) **સંપૂર્ણ જ્ઞાન અને અપૂર્ણ જ્ઞાનની અપેક્ષા લેવામાં આવે તો કેવળી ભગવાન જ્ઞાની છે...**' કારણ કે પૂર્ણ જ્ઞાન એને થઈ ગયું. સંપૂર્ણ જ્ઞાનની અપેક્ષાએ. '**અને છદ્મસ્થ અજ્ઞાની છે...**' પૂર્ણ કેવળજ્ઞાન ન થાય ત્યાં સુધી જ્ઞાનની પૂર્ણતા નથી તેથી એને અજ્ઞાન એટલે વિપરીત એમ નહિ, અજ્ઞાન એટલે ઓછું જ્ઞાન એમ એને કેવળજ્ઞાનની અપેક્ષાએ ઓછું જ્ઞાન બારમા સુધી કહેવામાં આવે છે. બારમા ગુણસ્થાનની ભૂમિકા.

'**કારણ કે સિદ્ધાંતમાં પાંચ ભાવોનું કથન કરતાં બારમા ગુણસ્થાન સુધી અજ્ઞાનભાવ કહ્યો છે.**' અજ્ઞાન એટલે જ્ઞાનની પૂર્ણ હયાતીનો અભાવ. બારમા ગુણસ્થાને વીતરાગતા થઈ પણ જ્ઞાનની પૂર્ણતા નથી. પૂર્ણતા નથી એ અપેક્ષાએ ઓછા જ્ઞાનવાળાને અજ્ઞાન કહેવામાં આવે છે. પૂર્ણ જ્ઞાનવાળાને જ્ઞાની કહેવામાં આવે છે. આ એક અપેક્ષા. '**બારમા ગુણસ્થાન સુધી અજ્ઞાનભાવ કહ્યો છે. આ પ્રમાણે અનેકાંતથી અપેક્ષા વડે વિધિનિષેધ નિર્બાધપણે સિદ્ધ થાય છે; સર્વથા એકાંતથી કાંઈ પણ સિદ્ધ થતું નથી.**' અહીં જે કહેવું છે એ સમ્યગ્દષ્ટિને જ્ઞાની કહીને બંધ અને આસ્રવ નથી એમ કહેવું છે. સમજાણું કાંઈ? અહીં બધા જ્ઞાની એમ પણ કહેવું નથી અને કેવળજ્ઞાની પૂર્ણ જ્ઞાની અને બીજા અજ્ઞાની, એ પણ અહીં કહેવું નથી. એમ.

'**હવે, જ્ઞાનીને બંધ થતો નથી એ શુદ્ધનયનું માહાત્મ્ય છે માટે શુદ્ધનયના મહિમાનું કાવ્ય કહે છે :-**'

**अध्यास्य शुद्धनयमुद्धतबोधचिह्न-**
**मैकाग्र्यमेव कलयन्ति सदैव ये ते।**
**रागादिमुक्तमनसः सततं भवन्तः**
**पश्यन्ति बन्धविधुरं समयस्य सारम्।।१२०।।**

શું કહે છે? '**ઉદ્ધત જ્ઞાન (-કોઈનું દબાવ્યું દબાય નહિ એવું ઉન્નત જ્ઞાન) જેનું લક્ષણ છે એવા શુદ્ધનય...**' એટલે કે આત્મા અંદર પરમાનંદ મૂર્તિમાં પરિણમે છે એને અહીંયાં શુદ્ધનય કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? '**ઉદ્ધત જ્ઞાન જેનું લક્ષણ છે એવા શુદ્ધનય...**' એમ. '**શુદ્ધનયનો આશ્રય કરીને જેઓ સદાય એકાગ્રપણાનો જ અભ્યાસ કરે છે...**' એટલે? શુદ્ધનય એટલે ચિદાનંદ વસ્તુ ત્રિકાળી આનંદસ્વરૂપ, એનો આશ્રય કરીને એકાગ્રનો અભ્યાસ કરે છે એને અહીંયાં શુદ્ધનય કહેવામાં આવે છે. રાગનો અભ્યાસ અનાદિનો છે તે અજ્ઞાન દશા છે. સમજાણું કાંઈ?

'**તેઓ નિરંતર રાગાદિથી રહિત ચિત્તવાળા વર્તતા થકા,...**' વસ્તુ શુદ્ધ ચૈતન્ય સ્વભાવ જ્ઞાન વિજ્ઞાનઘન એમાં એકાગ્રતાના પરિણમનથી જે અંતર્મુખ અભ્યાસ એકાગ્રતાનો કરે છે '**તેઓ, નિરંતર રાગાદિથી રહિત...**' છે. સ્વરૂપમાં રાગાદિ છે નહિ. નિરંતર શુદ્ધ સ્વરૂપ તરફનો અનુભવ-પરિણતિ નિરંતર છે. સમજાણું કાંઈ? વસ્તુ જે ચૈતન્ય છે એને અંતર્મુખની દૃષ્ટિ કરીને એનો જ્યાં આશ્રય લીધો તે કાયમ એની એકાગ્રતા જ એનું ઘોલન રહ્યા કરે છે. સમજાણું?

'**બંધરહિત એવા સમયના સારને અનુભવે છે.**' એ આત્મા રાગ રહિત, પુણ્ય-પાપના ... રહિત અને અનંત ગુણ સહિત, પુણ્ય-પાપના રાગ રહિત, અનંત અનંત શાંત આદિ સહિત, એનો જે અંતર્મુખ થઈને એકાગ્રતા સદાય કરે છે તે સદાય આત્માને પામે છે. એ રાગ-દ્વેષથી રહિત વર્તતા થકા એ આસ્રવથી રહિત થયું. અને બંધરહિત (થયા) થકા એવા સમયસારને-પોતાનો શુદ્ધ સ્વભાવ ભગવાન, એને પામે છે અથવા એને અનુભવે છે. સમજાણું કાંઈ?

'**ભાવાર્થ :- અહીં શુદ્ધનય વડે એકાગ્રતાનો અભ્યાસ કરવાનું કહ્યું છે. હું કેવળ જ્ઞાનસ્વરૂપ છું,...**' કેવળ એટલે એકલું જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન.. આ જ્ઞાન સ્વરૂપ છું, '**શુદ્ધ છું...**' પવિત્ર છું. '**એવું જે આત્મદ્રવ્યનું પરિણમન...**' એવું જે આત્મવસ્તુનું પર્યાયમાં પરિણમન-અવસ્થા-દશાનું થવું '**તે શુદ્ધનય. આવા પરિણમનને લીધે...**' આવી અંતર દૃષ્ટિના પરિણમનને લઈને '**વૃત્તિ જ્ઞાનમાં વળ્યા કરે...**' વર્તમાન પરિણતિ તેના તરફ જ ઢળ્યા કરે છે. '**અને સ્થિરતા વધતી જાય તે એકાગ્રતાનો અભ્યાસ.**' સમજાણું કાંઈ?

અંતર્મુખ ચીજ જે શુદ્ધ જ્ઞાનઘન એકલો કેવળ જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન.. જ્ઞાન.. અને તે શુદ્ધ. જ્ઞાન છે તે શુદ્ધ છે. જ્ઞાન એકલું જ્ઞાન એનું સત્ત્વ એમ ને એમ રહેલું ધ્રુવ, એમાં એકાગ્ર થઈને જે અભ્યાસ કરે છે. સમજાય છે? એને સ્થિરતા વધતી જાય છે અને એકાગ્રતાનો અભ્યાસ સદાય હોય છે. સમજાણું કાંઈ આમાં? આ તો અંતરની અધ્યાત્મની વાત છે. એ કાંઈ બહારની વાતથી પકડાય એવું નથી. સમજાણું આમાં? એ ધર્મ કરનારને ધર્મી એવો આત્મા એમાં એકાગ્રતા સદાય રહ્યા કરે છે. એમ કહે છે.

વસ્તુ ચોવીસે કલાક શુદ્ધ અને જ્ઞાનની મૂર્તિ અનાદિઅનંત છે. એના તરફના ઝુકાવથી જે દૃષ્ટિ એકાગ્ર થઈ, એકાગ્રતાને લઈને સદાય શુદ્ધિ વધે છે. માટે જ્ઞાનનો અભ્યાસ તેને કહેવામાં આવે છે. બીજો અભ્યાસ કાંઈ વાંચવું કે રાગ છોડવો એ પણ એમાં નથી. સમજાણું કાંઈ? વાંચે બે કલાક, પાંચ કલાક તો જ્ઞાનની વૃદ્ધિ થાય. એ જ્ઞાનને વાંચે એટલે અંદર

જ્ઞાનસ્વરૂપ છે એમાં એકાગ્ર થાય છે. એનાથી શુદ્ધિ વધે. એ શુદ્ધિ વધે એને અહીં એકાગ્રતાનો અભ્યાસ કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હતો કે દિ' બોજો? એમ કે.. .. ઈ તો વાત થઈ ગઈ નહિ? શાસ્ત્ર ભણવાની અટક નથી. વિકલ્પ આવે, સમજે, વાંચે વિચારે. છે વ્યવહાર. સમજાણું કાંઈ?

અંતર જ્ઞાનસ્વરૂપ ... અંતર્મુખની દૃષ્ટિ થઈ તે .. સદાય રહ્યા જ કરે છે. એ એનો અભ્યાસ છે એમ કહે છે. એને એકાગ્રતાનો અભ્યાસ એ અભ્યાસ છે. બાકી ક્યો અભ્યાસ હતો? પાના ફેરવ્યા કરે. ... એ અભ્યાસ છે? એ તો વિકલ્પ છે. ... જ્ઞાનનું જ્ઞાન નથી. સમજાણું કાંઈ?

'**શુદ્ધનય શ્રુતજ્ઞાનનો અંશ છે...**' નય છે ને? એ શ્રુતજ્ઞાનનો એક દેશ-ભાગ. શ્રુતજ્ઞાન તે પ્રમાણ છે. શ્રુતજ્ઞાન એ પ્રમાણ છે. એનો શુદ્ધનય એક અવયવ છે. અવયવ એટલે? ભાગ છે, એક અંશ છે. શું કીધું? અહીં શુદ્ધનયને સિદ્ધ કરવું છે. કહે છે કે વસ્તુ જે છે એનું શ્રુતજ્ઞાન, ભાવશ્રુતજ્ઞાન પ્રગટ્યું. એનો જે શુદ્ધનય તો એ ભાવશ્રુતજ્ઞાનનો એક ભાગ છે '**અને શ્રુતજ્ઞાન તો પરોક્ષ છે તેથી તે અપેક્ષાએ શુદ્ધનય દ્વારા થતો શુદ્ધ સ્વરૂપનો અનુભવ પણ પરોક્ષ છે.**' ... પ્રત્યક્ષ દેખાતું નથી. શુદ્ધનય દ્વારા આખો આત્મા અસંખ્ય પ્રદેશી અને આ આનંદ, આ આનંદ એમ દેખાતો નથી.

'**વળી તે અનુભવ એકદેશ શુદ્ધ છે...**' સમજાણું? '**વળી તે અનુભવ એકદેશ શુદ્ધ છે. તે અપેક્ષાએ તેને વ્યવહારથી પ્રત્યક્ષ પણ કહેવામાં આવે છે.**' જ્ઞાનની અપેક્ષાએ, હોં! '**સાક્ષાત્ શુદ્ધનય તો કેવળજ્ઞાન થયે થાય છે.**' સમજાણું કાંઈ? આ જ્ઞાનની અપેક્ષાએ છે, હોં! આનંદની અપેક્ષાએ તો છે ઈ છે. ... એમાં પરોક્ષ અને વ્યવહાર એમ નથી. જ્ઞાનનો ભાગ જે છે એ શ્રુતજ્ઞાનનો એક અંશ છે શુદ્ધનય, તેથી તેનો અનુભવ છે એ પરોક્ષ છે. પરોક્ષ છે પણ અંશ શુદ્ધ છે એ અપેક્ષાએ વ્યવહારે એને પ્રત્યક્ષ કહેવામાં આવે છે. એમ.

'**સાક્ષાત્ શુદ્ધનય તો કેવળજ્ઞાન થયે થાય છે.**' એક સમયમાં પૂર્ણ જ્ઞાન, ઝળહળ જ્યોતિ ... .. એના ... પરિણમ્યો એને સાક્ષાત્ શુદ્ધનય કહેવામાં આવે છે. ખરેખર તો તે પ્રમાણ છે જ્ઞાન. કેવળજ્ઞાન એ તો પ્રમાણ છે. પણ અહીં કહે છે કે સાક્ષાત્ શુદ્ધનય કેવળજ્ઞાન થયે થાય છે. એટલે કે શુદ્ધનયનું પરિણમન પૂરું કેવળજ્ઞાન થયે થાય છે. ક્યાં રહ્યો? કીધું નહિ? એનું જ્ઞાનનું પરિપૂર્ણ થવું એને શુદ્ધનય અને એ કેવળજ્ઞાન થયું ત્યારે કહેવામાં આવે છે. નય ઓલો અંશ છે ને ઈ અહીં અત્યારે.. શુદ્ધનય એટલે પરિપૂર્ણ પરિણમન.

દ્રવ્ય તો એક કોર રહી ગયું. અહીં તો કેવળજ્ઞાનનું પરિપૂર્ણ પરિણમન એને શુદ્ધનય કહેવામાં આવે છે. અપૂર્ણ પરિણમન પરોક્ષ છે અને ત્યાં પૂર્ણ થઈ ગયું પ્રત્યક્ષ એમ કહેવું છે. સાક્ષાત્ શુદ્ધનય કેવળજ્ઞાન થયે થાય છે. સાક્ષાત્ થઈ ગયું. સમજાણું કાંઈ?

ફરીને. ઉપાડી વાત. '**શુદ્ધનય શ્રુતજ્ઞાનનો અંશ છે...**' શુદ્ધનયને અહીં અનુભવવો એમ કહ્યું તે શ્રુતજ્ઞાનનો એક ભાગ છે '**અને શ્રુતજ્ઞાન તો પરોક્ષ છે...**' એ કાંઈ પ્રત્યક્ષ જ્ઞાન નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કીધું ને ભાવશ્રુત અંદર. એ આત્મા પવિત્ર પૂર્ણ છે એનું પૂર્ણ જ્ઞાન થવું અંદર શુદ્ધ. ભાગ નહિ. એનું જ્ઞાન થવું અંદર ભાવશ્રુતપણે. ભાવશ્રુત એટલે જ્ઞાનની પરિપૂર્ણ પર્યાય. એ પરિપૂર્ણ એટલે આખા જાણવાની પર્યાય. દ્રવ્ય અને પર્યાય બેને જાણવાનું જ્ઞાન. એને અહીં ભાવશ્રુતજ્ઞાન કહેવામાં આવે છે.

'**અને શ્રુતજ્ઞાન તો પરોક્ષ છે તેથી તે અપેક્ષાએ...**' અહીં તો શુદ્ધનયને પરોક્ષ સિદ્ધ કરવી છે ને? '**તે અપેક્ષાએ શુદ્ધનય દ્વારા થતો શુદ્ધ સ્વરૂપનો અનુભવ પણ પરોક્ષ છે.**' અનુભવ તો પરોક્ષ છે. જ્ઞાન જ્ઞાનને આમ જાણે છે આમ સીધું, એમ નથી. '**વળી તે અનુભવ એકદેશ શુદ્ધ છે...**' પવિત્ર છે ને શુદ્ધનું એ અપેક્ષા તેને એકદેશ છે માટે વ્યવહારથી પ્રત્યક્ષ કહેવામાં આવે છે. અને સાક્ષાત્ પૂર્ણ થાય ત્યારે શુદ્ધનય કેવળજ્ઞાન થયે થાય છે. સમજાણું કાંઈ?

'**હવે કહે છે કે જેઓ શુદ્ધનયથી ચ્યુત થાય તેઓ કર્મ બાંધે છે :-**' જેઓ શુદ્ધનય પરિણમન આત્માનું, શુદ્ધનય એટલે શુદ્ધનું પરિણમન. આત્મા પવિત્ર શુદ્ધ એનું પરિણમન. એનાથી જે ચ્યુત થાય છે અથવા શુદ્ધ ઉપયોગથી ચ્યુત થાય. એમ બે પ્રકાર લેશે.

**प्रच्युत्य शुद्धनयतः पुनरेव ये तु**
**रागादियोगमुपयान्ति विमुक्तबोधाः।**
**ते कर्मबन्धमिह बिभ्रति पूर्वबद्ध-**
**द्रव्यास्रवैः कृतविचित्रविकल्पजालम्।।१२१।।**

'**શ્લોકાર્થ :- જગતમાં જેઓ શુદ્ધનયથી ચ્યુત થઈને...**' ભગવાન આત્મા પવિત્ર શુદ્ધ ચૈતન્ય એનો અનુભવ દૃષ્ટિ થઈને '**ફરીને રાગાદિના સંબંધને પામે છે...**' ફરીને રાગાદિના સંબંધને... '**रागादियोग**' શબ્દ હતો ને? '**रागादियोगमुपयान्ति**' છે ને? સબંધ કીધો. ભાવનો યોગ સંબંધ હતો ... એના બે પ્રકાર છે. '**રાગાદિના સંબંધને પામે છે**

**એવા જીવો, જેમણે જ્ઞાનને છોડ્યું છે...**' દૃષ્ટિમાંથી જ્ઞાનને છોડ્યું છે. ઉપયોગમાંથી છોડ્યું એમ પણ લેશે. '**એવા થયા થકા, પૂર્વબદ્ધ દ્રવ્યાસ્રવો વડે કર્મબંધને ધારણ કરે છે...**' પોતાના સ્વભાવને છોડતા રાગનો સંબંધ કરતા જૂના કર્મ વડે નવા કર્મને બાંધે છે. દ્રવ્યકર્મને ધારણ કરે છે એમ કહ્યું. બાંધે છે એ કૌંસમાં નાખ્યું. '**बिभ्रति**' છે ને? '**बिभ्रति**' છે. ધારણ કરે છે. '**बिभ्रति**' .. ધારણ કરે. ... '**પૂર્વબદ્ધ દ્રવ્યાસ્રવો વડે કર્મબંધને ધારણ કરે છે...**' શું કીધું? આત્મા અંદર પૂર્ણ શુદ્ધ સ્વરૂપનું જે શ્રદ્ધા જ્ઞાનથી પરિણમન થયું હતું, એનાથી છૂટીને રાગ સાથે સંબંધ કર્યો, એવા થયા થકા પૂર્વ બદ્ધ દ્રવ્યાસ્રવો જૂના કર્મ જે નિમિત્ત બંધપણાના હતા એને કર્મબંધન ધારણ કરે છે. હવે પોતે ભાવ ભળ્યો રાગનો.

'**જે કર્મબંધ અનેક પ્રકારના...**' વિકલ્પોની જાળ કરે છે. એ બંધના નિમિત્તે આત્મામાં અનેક પ્રકારના વિકલ્પની જાળ ઊભી થાય છે. નિર્વિકલ્પતા સ્વભાવની એકાગ્રતા થતી નથી. આમ થતાં કર્મબંધન થઈને અનેક વિકલ્પની જાળ ઊભી થાય. '**(અર્થાત્ જે કર્મબંધ અનેક પ્રકારનો હોય છે.)**' વિકલ્પની જાળમાં એમ લીધું. કર્મ એક પ્રકારનું નથી. કર્મના નિમિત્તે અનેક પ્રકાર થયા. કર્મ પણ એક પ્રકારનું નથી. એમ. કર્મબંધ અનેક પ્રકારનું છે. વિકલ્પ એટલે અનેક પ્રકારનું છે એમ સિદ્ધ કર્યું. ... કર્મના પ્રકાર અનેક. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, ... એને ઊભા કરે છે.

'**ભાવાર્થ :- શુદ્ધનયથી ચ્યુત થવું એટલે હું શુદ્ધ છું એવા પરિણમનથી છૂટીને અશુદ્ધરૂપે પરિણમવું...**' સમજાણું કાંઈ આમાં? ભગવાન આત્મા પવિત્ર શુદ્ધ સ્વરૂપનું અંતર રાગની, પુણ્યની રુચિ છૂટી સ્વભાવની દૃષ્ટિએ પરિણમન થયું, તે શુદ્ધથી છૂટીને અશુદ્ધ નામ રાગની એક્તાપણે પરિણમન થયું એ '**મિથ્યાદષ્ટિ બની જવું તે.**' એ મિથ્યાદષ્ટિ થયો. સમજાણું આમાં? સ્વભાવ ચૈતન્યનો એ શુદ્ધ સ્વભાવ છે એના શુદ્ધપણે સ્વભાવથી થવું એ પરિણમન દશાથી એ દશાનો વ્યય થઈને રાગ સાથે એકત્વ થયો એ ચૈતન્યના પરિણમનથી ભ્રષ્ટ થયો. તેને અહીં મિથ્યાદષ્ટિ કહેવામાં આવે છે.

મિથ્યાદષ્ટિ બની જવું તે. હું ચૈતન્ય પ્રભુ શુદ્ધ જ્ઞાનઘન આનંદમૂર્તિ, એનું અંતરમાં એકત્વ થઈને જે પરિણમન હતું એ સમ્યક્ પરિણમન હતું. એ સમ્યગ્દષ્ટિ હતો. એ ધર્મી હતો. એ સ્વભાવ સન્મુખના પરિણમનથી છૂટી પરના રાગાદિ દયા, દાન, કોઈપણ વિકલ્પની સાથે સંબંધ પામ્યો, અહીંથી સંબંધ છૂટ્યો અને ત્યાંથી સંબંધ પામ્યો. બસ, એટલા ભાવને મિથ્યાદષ્ટિ કહે છે. સમજાણું કાંઈ? સમ્યગ્દષ્ટિ ચિદાનંદ શુદ્ધ ધ્રુવ સ્વરૂપ, એની અંતરની એકાગ્રતાનું પરિણમન એ સમ્યગ્દષ્ટિ છે. એનાથી ચ્યુત થઈને રાગ બહિર્મુખ જે વિકલ્પ છે એની સાથે એક્તાને સંબંધ કર્યો. યોગ છે ને? '**रागादियोगमुपयान्ति**' .. અહીં સંબંધ છૂટ્યો અને એ

સંબંધ પામ્યો. બસ, એ મિથ્યાદૃષ્ટિ (થયો). સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા નિર્મળ ચૈતન્યપ્રભુ એને અંતરમાં પરિણમનમાં લઈને શુદ્ધપણું પ્રગટ થયું, બસ! એ સ્વભાવની એક્તાની એકાગ્રતા તે સમ્યગ્દર્શન. આટલી વાત. શુદ્ધ સ્વભાવ ચૈતન્ય પૂર્ણ સ્વરૂપ એનો આશ્રય છોડી દીધો. અને રાગની સાથે વર્તમાન વિકલ્પ જે બહિર્મુખ સ્વભાવ એના સંબંધને પામ્યો. બસ! એના સંબંધને પામ્યો એ મિથ્યાદૃષ્ટિ. સમજાણું કાંઈ?

**'એમ થતાં, જીવને મિથ્યાત્વ સંબંધી રાગાદિક ઉત્પન્ન થાય છે,...'** રાગ વિકલ્પ નાનામાં નાનો હો, એની સાથે એકત્વપણાને પામ્યો. એથી તે મિથ્યાત્વ સંબંધીના રાગાદિક પરિણામને પામી ગયો. મિથ્યાત્વ અને રાગ-દ્વેષને પરિણમ્યો. એને મિથ્યાત્વ સંબંધીના રાગાદિક ઉત્પન્ન થાય છે. સમ્યગ્દૃષ્ટિમાં સમ્યગ્દર્શન અને સ્થિરતા ઉત્પન્ન થાય છે. સમજાણું કાંઈ? શુદ્ધ ચૈતન્ય સ્વભાવ, એના અંતર સન્મુખની પરિણતિથી સમ્યગ્દર્શન અને રાગ રહિત પર્યાય ઉત્પન્ન થાય છે. અને તેને છોડીને બહિર્મુખ રાગના સંબંધને પામતી દશા મિથ્યાત્વ સંબંધીના રાગદ્વેષને ઉત્પન્ન કરે છે. બહુ નાની વાત અને બહુ મહત્ત્વની વાત છે.

બે વાત છે. ... પરિણમન થઈને.. આ સ્વભાવની એક્તા છૂટી અને રાગમાં એકતાને પામ્યો એટલે મિથ્યાત્વ અને રાગદ્વેષની ઉત્પત્તિ થાય છે. એને ધર્મની ઉત્પત્તિ નથી. સમજાણું કાંઈ? અને સ્વભાવ શુદ્ધ ચૈતન્યની ઉત્પન્ન દૃષ્ટિ થઈ, એને તો સમ્યક્પણું અને રાગરહિત અવસ્થાની ઉત્પત્તિ થાય. સમજાણું કાંઈ? અને સ્વભાવની શુદ્ધતાની અંતર દૃષ્ટિ છોડીને અંતર શુદ્ધ પરિણમનને ... પરિણમનમાં રાગ સાથે એકત્વપણાનો સંબંધ .... .. વિકલ્પ.. અહીં સંબંધ તોડ્યો, અહીં સંબંધ જોડ્યો. જ્ઞાનીએ રાગ સંબંધ તોડ્યો અને સ્વભાવ સંબંધ જોડ્યો. ત્યાં સ્વભાવ સંબંધમાં સમ્યગ્દર્શન આદિની વીતરાગ પર્યાયની ઉત્પત્તિ થાય છે. એ સ્વભાવ સંબંધ છોડીને વિકલ્પનો સંબંધ કર્યો ત્યારે મિથ્યાત્વ અને રાગદ્વેષની ઉત્પત્તિ (થાય છે). ચાહે તો પછી ગમે ત્યાં બેઠો હોય અને ત્યાગી હોય, મુનિ હોય ને અગિયાર અંગ ભણ્યો હોય અને ... હોય. સમજાય છે કાંઈ?

તે **'મિથ્યાદૃષ્ટિ બની જવું તે.'** પરિણમનથી છૂટીને રાગના સંબંધમાં આવી જવું, **'એમ થતાં, જીવને મિથ્યાત્વ સંબંધી રાગાદિક ઉત્પન્ન થાય છે, તેથી દ્રવ્યાસ્રવો કર્મબંધના કારણ થાય છે...'** લ્યો ઠીક! ત્યારે આ રીતે જ્યારે શુદ્ધ સ્વભાવનો આશ્રય છૂટી, એનું પરિણમન છૂટી રાગનો-વિકલ્પનો આશ્રય લઈ અને મિથ્યાત્વ સંબંધી રાગાદિ ઉત્પન્ન થયા, ભાવાસ્રવ થયો. એમ. ભાવાસ્રવ થયો એટલે જૂના કર્મ નિમિત્તને આશ્રયે માટે દ્રવ્યાસ્રવ જૂના બંધનું કારણ થાય છે. દ્રવ્યાસ્રવ એટલે જૂના કર્મ ઉદય.**'આ રીતે અહીં શુદ્ધનયથી ચ્યુત થવાનો અર્થ શુદ્ધતાના ભાનથી (સમ્યક્ત્વથી) ચ્યુત થવું એમ કરવો.'**

સમજાણું કાંઈ?

હવે બીજી એક અપેક્ષા. '**ઉપયોગની અપેક્ષા અહીં ગૌણ છે,...**' ઉપયોગથી એટલે શુદ્ધઉપયોગમાં હતો ને બહાર નીકળ્યો અને શુભમાં આવ્યો એ વાતની અહીં ગૌણતા છે. અહીં કંઈ એની વિશેષતા નથી. '**અર્થાત્ શુદ્ધનયથી ચ્યુત થવું એટલે શુદ્ધ ઉપયોગથી ચ્યુત થવું એવો અર્થ અહીં મુખ્ય નથી;...**' શુદ્ધનયથી ચ્યુત થવું એટલે શુદ્ધઉપયોગ. જ્ઞાતા, જ્ઞેય અને જ્ઞાનમાં એકાગ્ર થઈને શુદ્ધઉપયોગનું પરિણમન. શુદ્ધ ઉપયોગનું. એમાંથી ચ્યુત થઈને શુભમાં આવ્યો, એ વાતની અહીં મુખ્યતા નથી.

'**કારણ કે શુદ્ધોપયોગરૂપ રહેવાનો કાળ અલ્પ હોવાથી માત્ર અલ્પ કાળ શુદ્ધોપયોગરૂપ રહીને પછી...**' અંતરમાં આત્મા જ્ઞાતા, જ્ઞેય અને જ્ઞાન. આત્મા એ જ્ઞાતા, એનું એ જ્ઞેય, એનું એ જ્ઞાન. એમ અભેદ ઉપયોગમાં પરિણમન શુદ્ધ ઉપયોગનું થવું. એ અપેક્ષાએ લઈએ એ અલ્પ કાળ રહે છે. અને અલ્પ કાળ '**રહીને પછી તેનાથી છૂટી જ્ઞાન અન્ય જ્ઞેયોમાં ઉપયુક્ત થાય...**' છે. અન્ય જ્ઞેય એટલે રાગાદિમાં લક્ષ જાય છે. સમજાણું?

શુદ્ધ સ્વભાવનો ઉપયોગ અંતરમાં બહુ થોડો કાળ રહે. પછી ઉપયોગ ખસીને રાગના.. રાગ એટલે અન્ય જ્ઞેય. રાગ અન્ય જ્ઞેય છે ને? એમાં લક્ષ જાય છે. '**તોપણ મિથ્યાત્વ વિના જે રાગનો અંશ છે...**' દૃષ્ટિમાં વિપરીતતા નથી અને પરિણમન શુદ્ધ છે એથી રાગનો અંશ છે તે અભિપ્રાયપૂર્વક નહિ. એ અભિપ્રાયપૂર્વક નથી. '**નહિ હોવાથી જ્ઞાનીને માત્ર અલ્પ બંધ થાય છે...**' જ્ઞાનીને અલ્પ બંધ, અલ્પ બંધ ઘણો. ત્રણ કષાયના બંધને પણ અલ્પ બંધ કહેવામાં આવે છે. '**અને અલ્પ બંધ સંસારનું કારણ નથી.**' એ અલ્પ બંધન કાંઈ પરિભ્રમણનું કારણ નથી. '**માટે અહીં ઉપયોગની અપેક્ષા મુખ્ય નથી.**' એક વાત પહેલી સિદ્ધ કરી. એ ઉપયોગને આમ શુદ્ધ સ્વરૂપમાં રમે, એમાંથી ખસે, એ વાતની અહીં મુખ્યતા નથી. પહેલા બોલમાં.

હવે બીજો બોલ. પેલા તો કહે છે, શુદ્ધઉપયોગ આઠમે હોય. ચોથાથી શુદ્ધઉપયોગમાં હોય નહિ. ભારે ભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નીકળે એ ખેંચી ખેંચીને કાઢો ત્યારે નીકળે. સીધો ક્યાં નીકળે છે એમ કહે. સીધો લાવ, સીધો લાવ. ઓલી વાત તો બહાર મૂકવાની છે. અવિરતિને દર્શન, જ્ઞાન, ચારિત્રનો સંયોગ ત્રણનો છે. આમ તો શ્રાવકને ત્રણ છે એ તો બધે આવે છે. નિયમસારમાં આવે છે. આ પુરુષાર્થસિદ્ધિ ઉપાયમાં પછી આવે છે. આ તો અવિરતિને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનો

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


સંયોગ છે. એ ચારિત્રને શું કહેશે? સમજાણું કાંઈ? ... અંતરમાં જ્યાં એ વાત બેસે નહિ. અને બહારની ધારણાએ પણ એ વાત બેસી શકે નહિ.

વસ્તુ સ્વરૂપ છે. એની બુદ્ધિ-દૃષ્ટિ થઈ ત્યાં પર્યાયબુદ્ધિ ગઈ. અંશબુદ્ધિ ગઈ, અંશી બુદ્ધિ થઈ. એટલે પરિણમન શુદ્ધ થયું. એ શુદ્ધમાં તો દર્શન-જ્ઞાન-ચારિત્ર બધું આવી જાય છે. અનંતા ગુણોનો અંશ શુદ્ધ પરિણમનમાં અનંતા ગુણોનો આવે છે. સમજાણું?

હવે કહે છે કે આ તો પરિણમન શુદ્ધ છે એનાથી ખસી જાય તો મિથ્યાત્વ થાય, એમાં ઉપયોગ શુદ્ધઉપયોગથી ખસે તો એની ગૌણતા લઈને એની મુખ્યતાએ વાત લેવી નથી. હવે શુદ્ધઉપયોગને જો લઈએ તો શી રીતે છે એ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**જેઠ વદ ૬, બુધવાર તા. ૨૮-૦૬-૧૯૬૭**
**ગાથા-૧૭૯-૧૮૦, શ્લોક-૧૨૧ થી ૧૨૩, પ્રવચન-૨૬૦**

આસ્રવ અધિકાર, સમયસાર. આત્માના અનુભવથી ભ્રષ્ટ થાય તો કર્મ બાંધે એમ અહીંયાં કહેવામાં આવ્યું. ઘણા શ્લોકો તો એમ ગયા ને? આત્મા શુદ્ધ ધ્રુવ સ્વરૂપ ચિદાનંદ એવો જ્યાં અનુભવ થયો, સમ્યગ્દર્શનમાં આત્મા પૂર્ણ શુદ્ધ ધ્રુવ એમ અનુભવ થયો એને આસ્રવ અને બંધ નથી. એમ ઘણું કહેવાણું. ત્યારે (કહે છે), એમાંથી ભ્રષ્ટ થાય તો બંધ થાય. એમ વાત સામે લીધી. પોતાનો શુદ્ધઉપયોગ, શુદ્ધ સ્વભાવ જ્ઞાયક ધ્રુવ સ્વભાવ, એના અનુભવથી જો છૂટી જાય તો બંધ થાય. છૂટી જવાના બે પ્રકાર લીધા. કાં સમ્યગ્દર્શનથી છૂટી જવું તો બંધ થાય એ વાત એક લીધી. હવે ઉપયોગની અપેક્ષાએ વાત લે છે.

‘**હવે જો ઉપયોગની અપેક્ષા લઈએ તો આ પ્રમામે અર્થ ઘટે :- જીવ શુદ્ધસ્વરૂપના નિર્વિકલ્પ અનુભવથી છૂટે...**’ એટલે શું? કે આત્મા સ્વરૂપનો અનુભવમાં ઉપયોગ જ્યારે જોડાઈ ગયો છે અંદર, શુદ્ધઉપયોગ. જેમાં આ આત્મા જ્ઞાતા, જ્ઞાન, જ્ઞેય આદિ ભેદ નથી એવો અનુભવ અભેદ નિર્વિકલ્પ. નિર્વિકલ્પ એટલે અભેદ. શુદ્ધ સ્વરૂપના અભેદ અનુભવથી જ્યારે છૂટે, એના શુદ્ધ ઉપયોગમાંથી ખસે ‘**પરંતુ સમ્યક્ત્વથી ન છૂટે...**’ શુભ રાગાદિ, અશુભ રાગાદિ આવ્યો પણ દૃષ્ટિથી, અનુભવની પરિણતિથી છૂટે નહિ. ‘**તો તેને ચારિત્રમોહના રાગથી કાંઈક બંધ થાય છે.**’ થોડો રાગ છે એનાથી બંધન થાય છે.

‘**તે બંધ જોકે અજ્ઞાનના પક્ષમાં નથી...**’ અજ્ઞાનના પક્ષમાં નથી કાંઈ, અજ્ઞાન નથી. સ્વરૂપનું ભાન થયા પછી જે રાગ થયો એ કંઈ અજ્ઞાન નથી. ‘**તો પણ તે બંધ તો છે જ.**’ થોડો બંધ ગણવામાં આવ્યો છે. પર્યાયની જ્યાં સંભાળ જોવે તો પર્યાયની નિર્મળતા પૂર્ણ નથી. સ્વરૂપમાં અંતર રહી શકતો નથી ત્યારે રાગમાં આવી જાય છે. એ ૧૨૧ કળશનો ભાવાર્થ છે. આસ્રવનો. ‘**માટે તેને મટાડવાને સમ્યગ્દષ્ટિ જ્ઞાનીને શુદ્ધનયથી ન છૂટવાનો અર્થાત્ શુદ્ધોપયોગમાં લીન રહેવાનો ઉપદેશ છે.**’ એમાં ને એમાં રહેજે, શુદ્ધોપયોગમાં રમણતા કરજે. એમ એની પરિણતિથી છૂટે નહિ પણ શુદ્ધોપયોગથી છૂટે તોપણ સ્થિર થવાનું વધારે કહે છે. ‘**કેવળજ્ઞાન થતાં સાક્ષાત્ શુદ્ધનય થાય છે.**’ પૂર્ણ જ્ઞાન થતાં એને શુદ્ધનય પૂર્ણ થઈ જાય છે. પછી એને પુરુષાર્થ કરવાનો રહેતો નથી.

‘**આ જ અર્થને દૃષ્ટાંત દ્વારા દૃઢ કરે છે :-**’ લ્યો. ગાથા ૧૭૯ અને ૧૮૦.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

**जह पुरिसेणाहारो गहिदो परिणमदि सो अणेयविहं।**
**मंसवसारुहिरादी भावे उदरग्गिसंजुत्तो।।१७९।।**
**तह णाणिस्स दु पुव्वं जे बद्धा पच्चया बहुवियप्पं।**
**बज्झंते कम्मं ते णयपरिहीणा दु ते जीवा।।१८०।।**

પાઠ '**णयपरिहीणा**' શબ્દ લીધો છે. '**णयपरिहीणा**' એ ખરેખર શુદ્ધનયના પરિણમનથી છૂટ્યો. એમ.

નીચે હરિગીત.

**પુરુષે ગ્રહેલ અહાર જે, ઉદરાગ્નિને સંયોગ તે,**
**બહુવિધ માંસ, વસા અને રુધિરાદિ ભાવે પરિણમે; ૧૭૯.**
**ત્યમ જ્ઞાનીને પણ પ્રત્યયો જે પૂર્વકાળનિબદ્ધ તે**
**બહુવિધ બાંધે કર્મ, જો જીવ શુદ્ધનયપરિચ્યુત બને; ૧૮૦.**

'**णयपरिहीणा**'નો અર્થ જ ઈ છે કે શુદ્ધનયથી ભ્રષ્ટ થાય છે. માથે આવ્યો હતો ને પાઠ. '**प्रच्युत्य शुद्धनयतः**'

'**ટીકા :- જ્યારે જ્ઞાની...**' સમ્યગ્દર્શન આત્માનો અનુભવ, રાગ રહિત પૂર્ણ ધ્રુવ સ્વરૂપ, એનો અંતર ભેટો થઈ અનુભવ થયો, જ્ઞાન થયું, સમ્યગ્દર્શન થયું. એનાથી ચ્યુત થાય. વળી કહે છે કે સ્વરૂપની જે અંતર દૃષ્ટિ ધ્રુવ સ્વરૂપમાં લાગી હતી એમાં વળી રાગના વિકલ્પને પોતાનો માનીને એકાગ્ર થઈ જાય રાગમાં (તો) એ શુદ્ધનયથી ચ્યુત થાય (એમ) કહેવાય છે. '**ત્યારે તેને રાગાદિભાવોનો સદ્ભાવ થવાથી,...**' હયાતીમાં રાગ નહોતો દૃષ્ટિમાં, દૃષ્ટિમાં જ્ઞાયક ચૈતન્ય મહાસત્તા હયાતીમાં હતી ત્યારે તો શુદ્ધનયનો અનુભવ હતો. એ હયાતીની દૃષ્ટિ છૂટીને રાગના વિકલ્પની હયાતીમાં જ્યાં ગયો તો એકલી દૃષ્ટિ રાગના સંયોગ ઉપર, સંયોગભાવ ઉપર ગઈ. '**રાગાદિભાવોનો સદ્ભાવ...**' તો એને રાગની જ હયાતી દૃષ્ટિમાં રહી. સમજાણું કાંઈ?

આમ ચૈતન્ય ધ્રુવ મહાપ્રભુ શાશ્વત જ્ઞાયકભાવ એવી જે દૃષ્ટિ હતી એ તો સમ્યક્ અને શુદ્ધનયનો અનુભવ (છે). એનાથી છૂટીને, સ્વભાવના પરમ પુરુષાર્થથી અંતર ગતિમાં જે પરિણમન હતું એ પરિણમન છૂટીને રાગના વિકલ્પની દશામાં ગયું, આ જ સ્વરૂપની સત્તા હું છું એવી દૃષ્ટિ થઈ (એટલે) રાગાદિનો સદ્ભાવ થઈ ગયો. વિકારની હયાતીનો સ્વીકાર થયો. તો એની દૃષ્ટિમાં વિકાર જ રહ્યો. સમજાણું કાંઈ?

'**રાગાદિભાવોનો સદ્ભાવ થવાથી,...**' રાગાદિ ભાવની જ હયાતી દૃષ્ટિમાં સ્વીકારથી '**પૂર્વબદ્ધ દ્રવ્યપ્રત્યયો,...**' એ કાળે એને પૂર્વના જે બાંધેલા કર્મો છે, પ્રત્યયો એટલે આસ્રવો

જૂના. '**પોતાને કર્મબંધના હેતુપણાના હેતુનો...**' પોતે કર્મબંધનો હેતુ છે જડ, એનો હેતુ આવ્યો. રાગની એક્તાબુદ્ધિ થઈ તો ઓલાને જૂના કર્મ હેતુનો આ હેતુ આવ્યો. શું કીધું સમજાણું?

જૂના કર્મ જે બંધાયેલા છે એ નવાનો હેતુ છે હેતુ-નિમિત્ત. એને હેતુ આવ્યો. સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય જ્ઞાતાદૃષ્ટાને દૃષ્ટિમાંથી છોડી દઈ અને પુણ્ય-પાપના વિકલ્પની હયાતીનો સ્વીકાર દૃષ્ટિમાં આવ્યો, એથી પૂર્વના બંધાયેલા કર્મોને હેતુપણું હતું એને હેતુ મળી ગયો આ. સમજાણું કાંઈ? આહાહા..! ધ્રુવ ચૈતન્યના દોરનો આધાર આખો છે. એ આધાર છૂટ્યો અને રાગના વિકલ્પની પર્યાયબુદ્ધિમાં રોકાણો એટલે જૂના કર્મને હેતુપણું તો બંધનમાં હતું પણ એને હેતુપણું આ રાગની એક્તાનું મળ્યું ત્યારે જૂના કર્મ બંધનું કારણ થયા. અહીં તો કહે છે, જૂના કર્મને પરિણમાવે છે. એમ કહેશે. '**કર્મબંધના હેતુપણાના હેતુનો સદ્ભાવ થતાં હેતુમાન ભાવનું (-કાર્યભાવનું) અનિવાર્યપણું હોવાથી,...**' પછી નવું બંધન થયું એ કાર્ય થયું. '**જ્ઞાનાવરણાદિ ભાવે પુદ્ગલકર્મને બંધરૂપે પરિણમાવે છે.**' લ્યો. સમજાણું કાંઈ? એ જૂના કર્મ પરિણમાવે છે નવાને.

મુમુક્ષુ :- ભાવાર્થમાં ખુલાસો કર્યો છે.

ઉત્તર :- ખુલાસો કર્યો છે પણ અહીં પહેલા પાઠ હોય એ વાંચેને પહેલું. પાઠ તો એમ જ બોલે ને, બીજું શું બોલે? સમજાણું? '**बज्झंते कम्मं**' એમ પાઠ તો એટલો જ છે. બંધાય છે કર્મ. પરિણમાવે છે. પરિણમાવે છે એટલે પર્યાયરૂપે નહોતું પરિણમતું એને અહીંયાં નિમિત્ત થયું, નિમિત્ત તો હતું એને આ નિમિત્ત થયું. રાગની એક્તાબુદ્ધિ મિથ્યાત્વની થઈ એટલે જૂના કર્મ નવા કર્મને બાંધવામાં નિમિત્ત થાય છે. એટલે નવા કર્મને પરિણમાવે છે એમ કહેવામાં આવે છે. ભાષા (શું કરે?) સમજાણું?

શું કીધું? '**કર્મબંધના હેતુપણાના હેતુનો સદ્ભાવ થતાં...**' તે દ્રવ્યપ્રત્યયોને હેતુમાન ભાવનું અનિવાર્યપણું થતું થવાથી એને નવા કર્મ બાંધવાનું કાર્ય થયું. કહો, સમજાણું આમાં? આવી વાતું ઝીણી. આત્મા પવિત્ર સ્વરૂપ, ધ્રુવ સ્વરૂપ, નિત્ય સ્વરૂપ, શાશ્વત સ્વરૂપ, એની અંતર દૃષ્ટિ થતાં તેને પકડતાં જે અનુભવ થયો, એને હવે જૂના કર્મ નવા બાંધવામાં જૂના કર્મ નિમિત્ત થતું નથી. કેમ કે એને નિમિત્તે મિથ્યાત્વનો ભાવ નથી. સમજાણું કાંઈ? પણ જ્યારે આત્મા પોતાના સ્વભાવથી જ્યારે અનુભવથી છૂટ્યો અને રાગ ને પુણ્ય-પાપના વિકલ્પની હયાતીનો સ્વીકાર, સત્કાર, એનો આશ્રય થયો એથી જૂના કર્મ નવાને હેતુ હતા એ હેતુને આ હેતુપણું મળી ગયું આનું. એટલે જૂના કર્મ નવાને પરિણમાવે છે. પરિણમાવે છે એટલે બાંધે છે. કહો, સમજાણું આમાં? પ્રવિણભાઈ!

અહીં તો વસ્તુબુદ્ધિ-દ્રવ્યબુદ્ધિનું પરિણમન એ જૂના કર્મને નિમિત્ત થતું નથી માટે જૂના કર્મ બંધનું કારણ થતું નથી માટે જ્ઞાનીને બંધ ને આસ્રવ નથી. અજ્ઞાની આત્માના શુદ્ધ સ્વભાવના રુચિના પ્રેમથી છૂટ્યો અને રાગના વિકલ્પના કોઈ પણ રાગ મંદ આદિના પ્રેમમાં ગયો અને આત્માનું શુદ્ધ પરિણમન છૂટી ગયું એટલે મિથ્યાત્વનું પરિણમન થયું. એથી જૂના કર્મને હેતુ મળી ગયો આ મિથ્યાત્વના પરિણમનનો. એટલે જૂના કર્મ નવાને બાંધે છે. બાંધે છે એટલે નવા કર્મને પરિણમાવે છે. આરે..! આવી વાતું સાંભળવા. બહાર હોય કેવી મજા છે માણસને, લ્યો.

મુમુક્ષુ :- ... સમજાય.

ઉત્તર :- એમાં શું સમજવું હતું. આ બધા લ્યો આમ કરો, આમ કરો. વિદ્યાલય કરે, વિશ્વ વિદ્યાલય કરે. અરે..! ભગવાન! પાંપણ ફેરવી ન શકે, બાપુ! તું શું કરીશ? ભાઈ! ભારે પણ જગતનો આખો બોજો ઉપાડી. આખી દુનિયાનો બોજો માથે.

મુમુક્ષુ :- મહાપુરુષો તો જગતનું કલ્યાણ કરે.

ઉત્તર :- કોણ કરતા હતા કલ્યાણ? કલ્યાણ એમાં ક્યાં વિશ્વ વિદ્યાલયમાં કલ્યાણ આવ્યું એનું? ઓલા સમજે ભણે એટલે કલ્યાણ થતાં હશે. આસ્રવ ભણે તો કલ્યાણ નથી તો એ વળી ભણે તો કલ્યાણ ક્યાંથી આવ્યું? આહાહા..! કહો, માણસને સારું લાગવું. કાંઈક પ્રવૃત્તિ આમ કરે... આમ કરે... આમ કરે.. પ્રવૃત્તિ. નિવૃત્તિમાં પણ પ્રવૃત્તિ જોઈએ. બોલ્યો હતો એ. પ્રવૃત્તિ હોય. આવે. આવે એ જુદી વાત છે, બાપા! એ તો વિકલ્પ આવે. પણ પરનું કરી શકે છે એક રજકણને પણ? આહાહા..! ભાષાના પરમાણુ પરિણમવા કે ન પરિણમવા એ કાંઈ વિકલ્પને ને જ્ઞાનને આધારે છે? આવી વસ્તુની જ્યાં મર્યાદા છે એને ખ્યાલમાં ન લે. મોટા બોજા જગતના ... શકે નહિ. દબાઈશ જઈશ અંદર. ભ્રમણાના ભાવમાં ભગવાનને દાબી દીધો.

અહીં કહે છે, આત્મા... અહીં તો સૂક્ષ્મપણાની વાત છે. એ ચૈતન્યની મહાસત્તા, ધ્રુવ સત્તા, શાશ્વત સત્તા એની જ્યાં દૃષ્ટિ થઈને પરિણમન થયું એ પરિણમન છૂટી ગયું. શાશ્વત સત્તાનો સ્વીકાર લક્ષમાંથી, દૃષ્ટિમાંથી ચાલ્યો ગયો. એક રાગનો મંદ કણ ઉઠ્યો એની અંદરની રુચિ થઈ એના ઉપર, પર્યાયબુદ્ધિ થઈ રાગ ઉપર. ઠીક!

મુમુક્ષુ :- પચખાણ થઈ ગયા.

ઉત્તર :- પચખાણ થઈ ગયા સમકિતના. ધ્રુવની દૃષ્ટિ હતી ત્યારે મિથ્યાત્વના પચખાણ થયા અને ધ્રુવની સ્વરૂપની ચૈતન્યસત્તા મહા જ્ઞાયકમૂર્તિ એવી જે અંતરંગ દૃષ્ટિનું પરિણમન હતું એ છૂટી ગયું. રાગના સ્વીકાર, મંદપણે રાગ હોય તો એના ઉપર બુદ્ધિ, રુચિ, પરિણતિ

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ગઈ (એટલે) જૂના કર્મને હેતુને હેતુપણું મળી ગયું. નવાને બાંધશે. નવા કર્મને પરિણમાવશે. સમજાણું? '**અનિવાર્યપણું હોવાથી,...**' હેતુને હેતુપણું મળવાથી હેતુમાન એવું કાર્ય. એ કાર્ય થવાને અનિવાર્ય છે એમ કહે છે. એ કાર્ય હવે કોઈ વારી શકે નહિ. કાર્ય થવાનું, થવાનું ને થવાનું. એમ કહે છે. કહો, સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- આસ્રવ કેમ મટાડવો?

ઉત્તર :- આસ્રવ કેમ મટાડવો? એ આસ્રવ સ્વભાવમાં નથી એવી દૃષ્ટિ અનુભવ કરવી, એનું નામ આસ્રવ મટાડવો. અને આસ્રવ કેમ થાય છે? એ આત્માના ધ્રુવ સ્વભાવની દૃષ્ટિનો નાશ કરીને રાગ ને વિકલ્પ ને બહિર્બુદ્ધિના ભાવોને પોતાના માનીને પરિણમે છે એને આસ્રવ મિથ્યાત્વનો દર્શનમોહનો આવે છે બધું. એને લઈને જૂના કર્મ પણ નવાને પરિણમાવે એટલે કે મિથ્યાત્વ નિમિત્ત બન્યું ને જૂનાને? જૂનાને પરિણમાવે છે. જૂના નવાને પરિણમાવે છે.

'**જ્ઞાનાવરણાદિ ભાવે પુદ્ગલકર્મને...**' જુઓ! જ્ઞાનાવરણાદિ પર્યાયે નવા. પુદ્ગલકર્મને '**બંધરૂપે પરિણમાવે છે.**' એનો ખુલાસો પછી કર્યો. પરિણમાવે શબ્દ પડ્યો છે ખરો ને. એ તો આવી ગયું છે ને પહેલું. પરિણમે છે એને પરિણમાવે છે એમ કહેવામાં આવે છે. આવ્યું છે ને કર્તાકર્મમાં? એ પરિણમે છે તો બીજો પરિણમાવે છે એમ કહે. એ પરિણમતો નથી તો બીજો પરિણમાવતો નથી એમ કહેવામાં આવે. વસ્તુ સ્થિતિ એ તો કથનની પદ્ધતિ છે. સમજાણું કાંઈ?

'**અને આ અપ્રસિદ્ધ પણ નથી (અર્થાત્ આનું દૃષ્ટાંત જગતમાં પ્રસિદ્ધ જાણીતું છે);...**' એમ. પહેલો જે દાખલો આપ્યોને પહેલી ગાથાનો? એનો આ છેલ્લો આપે છે અહીંયાં. સિદ્ધાંત સિદ્ધ કરીને દાખલો પછી આપે છે. ઓલામાં દાખલો પહેલો હતો. '**કારણ કે ઉદરાગ્નિ...**' આ ઉદરાગ્નિ-જઠરાગ્નિ. '**પુરુષે ગ્રહેલા આહાર...**' દાળ, ભાત, રોટલી, શાક, કેળા '**આહારને રસ, રુધિર, માંસ આદિ ભાવે પરિણમાવે છે...**' કોણ? ઉદરાગ્નિ. જઠરાગ્નિ. '**પુરુષે ગ્રહેલા...**' પુરુષે ગ્રહેલા. અહીં તો વાત સિદ્ધ કરવી છે ને. ગ્રહી શકાય છે કે નહિ એ પ્રશ્ન અત્યારે નથી અહીં. આહાહા..!

ઉદરાગ્નિ જે અહીં છે એ '**પુરુષે ગ્રહેલા આહારને રસ, રુધિર, માંસ આદિ ભાવે પરિણમાવે છે...**' ઉદરાગ્નિ પરિણમાવે છે. ઉદરાગ્નિ જુદી ચીજ છે, ઓલી ચીજ જુદી છે. પણ એને આમ થતાં ઓલા પરિણમે છે એટલે આને પરિણમાવે છે એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? ઉદરાગ્નિનું નિમિત્ત છે અને ઓલા રસાદિપણે આહાર પરિણમે છે. દાળ, ભાત, શાક લીધા એ લોહી, માંસપણે પરિણમે છે. પરિણમે છે એને જઠરાગ્નિ પરિણમાવે છે એમ કહેવામાં આવે છે. સમજાણું? એક એક રજકણ કોને પરિણમાવે? પણ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

અહીં તો દાખલો આપીને વાત ઓલી સિદ્ધ કરવી છે ને.

મિથ્યાદષ્ટિ જીવ જૂના કર્મને નિમિત્ત થાય છે માટે જૂનું કર્મ નવાને પરિણમાવે છે. પરિણમાવે છે એટલે પરિણમે છે એને પરિણમાવે છે એમ કહેવામાં આવે છે. ઉદરાગ્નિ જેમ ઓલાને લોહી આદિને કરે છે, એમ આ જૂનું કર્મ નવા કર્મને કરે છે. કરે છે કહો કે પરિણમાવે છે કહો, બંધ કરે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અહીં તો એ ભલે થાય. પણ એ રૂપે પરિણમાવ્યું ને પાછું? એ રૂપે પરિણમાવ્યું. એવો રસ થયો એને. એવો રસ થયો. કહો. બહુ ખાય અજીર્ણ જેવું તો પછી એને એ પરિણમે. ત્યારે ઉદરાગ્નિ એને પરિણમાવે છે એમ કહેવામાં આવે છે. પરિણમતાને પરિણમાવે છે એમ કહેવામાં આવે છે. પરિણમતો નથી અને પરિણમાવે છે એમ હોઈ શકે નહિ. સમજાણું? આદિ પર્યાયપણે એમ.

'**ઉદરાગ્નિ,...**' ઉદરાગ્નિ એટલું. '**પુરુષે ગ્રહેલા આહારને રસ, રુધિર, માંસ આદિ...**' ચરબી, હાડકા, આંતરડાપણે પર્યાયપણે '**પરિણમાવે છે એમ જોવામાં આવે છે.**' એમ નજરે દેખાય છે કે આમ થાય છે એમ શરીરના રજકણો બીજી રીતે પરિણમે છે એ જઠરાગ્નિને લઈને એમ જોવામાં આવે છે. કહો, સમજાણું? શરીર મોળું પડી ગયું હોય જ્યાં એને કાંઈક અમુક આપે, પા શેર-અધ શેર ફલાણું ત્યાં તેજ દેખાય શરીરમાં. એટલે એ રસરૂપે જઠરાગ્નિ ગ્રહેલા આહારને પરિણમાવે છે એમ .. એમ જૂના કર્મ અહીંયાં મિથ્યાદષ્ટિ થયો તેથી તે મિથ્યાદષ્ટિનું એને નિમિત્ત થયું જૂનું, જૂના કર્મ નવાને પરિણમાવે છે. કહો, સમજાણું?

'**ભાવાર્થ :- જ્ઞાની શુદ્ધનયથી છૂટે ત્યારે તેને રાગાદિભાવોનો સદ્ભાવ થાય છે,...**' ઓહો..! વસ્તુનો સ્વભાવ શુદ્ધ ચૈતન્ય જ્ઞાયક ત્રિકાળ સ્વભાવભાવ શાશ્વત. એ ભાવની દષ્ટિથી છૂટ્યો તે શુદ્ધનયથી છૂટ્યો કહેવાય છે. સમજાણું કાંઈ? '**ત્યારે તેને રાગાદિભાવોનો સદ્ભાવ થાય છે,...**' ત્યારે તેને રાગાદિ ભાવની જ હયાતી દેખાય છે. ત્યારે એને રાગાદિ જ દેખાય છે. ઓલો દષ્ટિમાં શુદ્ધ ધ્રુવ માનતો હતો, એને હવે એનાથી ભ્રષ્ટ થઈને રાગ, પુણ્ય-પાપના પરિણામ જ દેખાય છે. સમજાણું કાંઈ? એ આવે છે ને એક ઠેકાણે? અજીવતત્ત્વ.. નથી કળશમાં? જ્ઞાની અજીવને.. એવું આવે છે ક્યાંક. જીવપણું જ ભાળે છે. અજીવપણું ભાળતો નથી. કળશ આવે છે ક્યાંક. ઘણા કળશમાં ... જીવ અધિકારમાં છે ને? એ કળશ નથી? એક તત્ત્વ એમ કે ભાસતુ નથી એને, અંદર જીવ જ ભાસે છે. અજીવ ભાસતો નથી. અથવા અજીવ જ ભાસે છે. એક કળશ છે. ક્યાં છે? જુઓને!

મુમુક્ષુ :- વર્ણાદિ...

ઉત્તર :- હા એ. એ. વર્ણાદિ. ક્યાં છે? ૧૧૦ પાને. '**જે વર્ણાદિક અથવા રાગમોહાદિક ભાવો કહ્યા તે બધાય આ પુરુષથી (આત્માથી) ભિન્ન છે તેથી અંતદૃષ્ટિ વડે જોનારને એ બધા દેખાતા નથી, માત્ર એક સર્વોપરી તત્ત્વ જ દેખાય છે-**' ઓલાને આ એક દેખાય છે એમ. '**કેવળ એક ચૈતન્યભાવસ્વરૂપ અભેદરૂપ આત્મા જ દેખાય છે.**' સમજાણું? છે ને?

**वर्णाद्या वा रागमोहादयो वा**
**भिन्ना भावाः सर्व एवास्य पुंसः**
**तेनैवान्तरस्तत्त्वतः पश्यतोऽमी**
**नो दृष्टाः स्युदृष्टमेकं परं स्यात्।।३७।।**

સમજાણું? અંતર સ્વભાવમાં એકલો આત્મા દેખાય છે. આ અજ્ઞાનીને એકલા રાગાદિ દેખાય છે. એમ લેવું છે અહીં અંદર. તેથી આ યાદ આવ્યું. પરસ્પર. અંતર જોતા એકલો જ્ઞાયકભાવ ચૈતન્યમૂર્તિ દેખાય છે. બહિર્ જોતા એકલો રાગાદિ દેખાય છે. સમજાણું? એના અર્થમાં પણ ક્યાંક ફેર છે. નહિ? એક ઠેકાણે છે. જુઓ! ... જીવથી અજીવ ભિન્ન છે તેને તેની મેળે જીવથી ભિન્ન.. પરિણમતું જ્ઞાની પુરુષ અનુભવે છે. એમનો ઓલો .. એની મેળાએ એમાં અર્થ ફેર કર્યો છે ને કાંઈક. એ. જીવ તરફ લીધું. એ ક્યાંક છે. આમ પૂર્વોક્ત જૂના લક્ષણે જીવથી અજીવ ભિન્ન છે તેને અજીવને તેની મેળાએ વિલસતું, પરિણમતું, જ્ઞાની અનુભવે છે. અજીવને તેની મેળાએ ભાઈ. સમજ્યા ને?

મુમુક્ષુ :- કળશટીકાવાળાએ જુદું લીધું છે.

ઉત્તર :- હા, જુદું લીધું છે. કળશટીકામાં જીવને, એમ લીધું છે. મૂળ તો એમ કે આમ જ્યાં જોવે છે તો એકલો જીવ ભાસે છે, આમ જોવે તો એકલો અજીવ રાગાદિ (ભાસે છે). મૂળ તો વાત એમ છે. અહીં તો તેની મેળાએ વિલસતું, પરિણમતું .. ગાથા એ છે ને? અજીવ અધિકાર છે ને એ બધો? અજીવ અધિકાર છે ને? એટલે બરાબર છે. ૬૮મી ગાથા છેલ્લી છે ને. બરાબર છે. શું કીધું સમજાણું?

'**જ્ઞાની શુદ્ધનયથી છૂટે...**' વાત તો એ વસ્તુ સ્વરૂપ અંતર્મુખનો ભાવ જે દૃષ્ટિમાં લઈને જે પરિણમ્યો છે એમાંથી છૂટ્યો એટલે એને જ્ઞાયકભાવ તો દેખાતો નથી હવે. એને રાગાદિ જ (ભાસે છે). રાગ જ રાગના વિકલ્પની જાળ જ દેખાય. દેખાય એટલે એના અસ્તિત્વમાં હોય છે. સમજાણું? '**નિમિત્તે દ્રવ્યાસ્રવો અવશ્ય કર્મબંધના કારણ થાય છે...**' એ રાગાદિ ભાવોનો સદ્ભાવ થાય છે તેથી એ રાગાદિ ભાવોને નિમિત્તે ઓલા જૂના દ્રવ્યાસ્રવો જરૂર કર્મબંધના કારણ થાય છે. '**અને તેથી કાર્મણવર્ગણા બંધરૂપે પરિણમે**

**છે.**' કહો, સમજાય છે કાંઈ?

**'ટીકામાં જે એમ કહ્યું છે કે દ્રવ્યપ્રત્યયો પુદ્‌ગલકર્મને બંધરૂપે પરિણમાવે છે,...'** એમ છે ને અંદર? પોતાને દ્રવ્યપ્રત્યયોને આમ થવાથી દ્રવ્યપ્રત્યયો ઓલાને પરિણમાવે છે. '**તે નિમિત્તથી કહ્યું છે.**' ત્યાં એમ સમજવું કે દ્રવ્યપ્રત્યયો.. દ્રવ્ય પ્રત્યયો એટલે શું? મોહનભાઈ! જૂના કર્મ. પ્રત્યયો એટલે શું? આસ્રવ. એ જૂના કર્મનો ઉદય છે એને આસ્રવ કહેવામાં આવે છે.

જૂના કર્મ જે છે ઉદયમાં આવ્યા અને એને દ્રવ્યાસ્રવ કહેવામાં આવે છે. આવે છે એમ નથી. આવે તો જ દ્રવ્યાસ્રવ કહેવું એમ કાંઈ નથી. પણ ઉદય આવ્યા એને દ્રવ્યાસ્રવ કહેવામાં આવે છે. એટલે કોઈ માણસ કહે કે આસ્રવ એટલે આવે એને દ્રવ્યાસ્રવ કહીએ. એ તો આવ્યું નથી. ઉદયમાં આવ્યું એટલું ખરું. સત્તામાં હતું ને સત્તામાં? ઉદયમાં આવ્યું. ઉદયમાં આવ્યું એટલે એને દ્રવ્યાસ્રવ કહેવામાં આવ્યું. પાકમાં આવ્યું. ઓલો આસ્રવ મેળવવો હોય તો ભાઈ સમજાણું ને?

સત્તામાં જે રજકણો પડ્યા હતા દર્શનમોહના અને ચારિત્રમોહના. સત્તામાં. પાક થયો પાક. આવ્યું ને એટલું? વિપાકપણે પરિણમન થયું એનું. એટલે એને દ્રવ્યાસ્રવ કહેવામાં આવે છે. રજકણો નવા આવ્યા છે એમ નહિ પણ સત્તામાં હતા એનો પાક થયો એટલે એને દ્રવ્યાસ્રવ કહેવામાં આવે છે. એ દ્રવ્યાસ્રવને નવા બંધનું કારણ આ રીતે મિથ્યાત્વભાવનું એને નિમિત્ત મળ્યું એટલે દ્રવ્યકર્મ નવા કર્મને પરિણમાવ્યા, બાંધ્યા. સમજાણું? એમ કહેવામાં આવ્યું છે. લ્યો!

**'હવે આ સર્વ કથનના તાત્પર્યરૂપ શ્લોક કહે છે :-'** આખા સમયસારનો મોટું મહા મધ્ય મંગળિક. આદિ મંગળિક, અંત મંગળિક, આ મધ્ય મંગળિક. મોટો સાર આ શ્લોક છે આખો.

**इदमेवात्र तात्पर्यं हेयः शुद्धनयो न हि।**
**नास्ति बन्धस्तदत्यागात्तत्त्यागाद्बन्ध एव हि।।१२२।।**

આહાહા..!

**यह निचोर या ग्रंथकौ, यहै परम रसपोख।**
**तजै सुद्धनय बंध है, गहै सुद्धनय मोख।।१३।।**

એનું હિન્દી છે. બનારસીદાસનું હિન્દી હિન્દી. '**यह निचोर**' '**यह निचोर**' '**यह निचोर** '**या ग्रंथकौ, यहै परम रसपोख**', '**तजै सुद्धनय बंध है, गहै सुद्धनय मोख**' જુઓ! મહાસિદ્ધાંત આવો. આહાહા..! આ તો કર્મનો ઉદય આવ્યો તો આમ થાય, ઢીંકણું આવ્યું

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


હોય તો આમ થાય. વિકાર થાય. સાંભળને! આ બધું તાત્પર્ય અહીં કહે છે એકલું. સમજાણું કાંઈ?

'**શ્લોકાર્થ :- અહીં આ જ તાત્પર્ય છે કે...**' અબંધ ભાવનો ખાસ નિચોડ અને તાત્પર્ય-રહસ્ય એ છે કે '**શુદ્ધનય ત્યાગવા યોગ્ય નથી;...**' ભગવાન આત્મા શુદ્ધ ધ્રુવ સ્વરૂપ, તેનો આશ્રય-અનુભવ તે છોડવા જેવો નથી. સમજાણું કાંઈ? '**શુદ્ધનય ત્યાગવાયોગ્ય નથી;...**' શુદ્ધનય નામ પરમાનંદ પ્રભુ, એની શ્રદ્ધા-જ્ઞાનનું જે સ્વભાવ આશ્રયે પરિણમન થયું એ શુદ્ધનય છોડવાલાયક નથી. સમજાણું કાંઈ? પોપટભાઈ! આ મહા સાર. મધ્ય મંગળિક. આસ્રવ મધ્યભાવ છે ને. ભાઈ! ચૈતન્ય ભગવાન મહાપ્રભુ, મહાપરમેશ્વર શક્તિ શાશ્વત શક્તિ સંપન્ન, એનો આશ્રય, એના આશ્રયથી થતું પરિણમન એ શુદ્ધનય છોડવા યોગ્ય નથી. સમજાણું કાંઈ?

'**કારણ કે તેના અત્યાગથી...**' એટલે કે શુદ્ધ સ્વભાવના આશ્રયે, એટલે કે શુદ્ધનયના ત્યાગના અભાવથી બંધ થતો નથી. સમજાણું? ત્યાગ ન કર્યો શુદ્ધનયનો. શુદ્ધનયના અત્યાગથી એમ. ત્યાગ ન થવાથી. આહાહા..! ભાષા છે ને. શુદ્ધનયના અત્યાગથી એટલે કે શુદ્ધનયના ભાવના આશ્રયથી બંધ થતો નથી. ફરીને. (શુદ્ધનયને) ગ્રહણ કરવાથી. ભગવાન આત્મા પરમ પુરુષ પ્રભુ શાશ્વત પરમેશ્વર શાશ્વત વસ્તુ છે ને. વસ્તુ છે ને? સત્ છે ને? અનાદિ અવિનાશી, અકૃત્રિમ, નહિ કરાયેલું સત્ શાશ્વત. એનો અનુભવ અત્યાગવા યોગ્ય છે-ત્યાગવા જેવો નથી. સમજાણું કાંઈ? અને એનાથી બંધ થતો નથી. બંધ જ નથી. લ્યો, આ બધું ભણી ભણીને ભણે, આ છે, કહે છે અહીં.

'**કારણ કે...**' તેને નહિ છોડવાથી. શુદ્ધનયને ન છોડવાથી. એટલે કે શુદ્ધ સ્વરૂપના અંતર આશ્રયે પરિણમન કરવાથી '**બંધ થતો નથી...**' અબંધ સ્વભાવી ભગવાન આત્માનું શરણ લેવાથી, શુદ્ધનયને નહિ છોડવાથી, એટલે સ્વભાવનો આશ્રય કરવાથી બંધ થતો નથી. લ્યો, આ બંધ થતો નથી આ એક જ ઉપાય.

મુમુક્ષુ :- અનેકાંત...

ઉત્તર :- એ અનેકાંત. એને ત્યાગે બંધ થાય. અત્યાગે બંધ નથી અને ત્યાગે બંધ થાય એ અનેકાંત. એ શુદ્ધનયનો અત્યાગ કથંચિત્ બંધનું કારણ અને કથંચિત્ અબંધનું કારણ. એવું તે હોય? આનો અર્થ કર્યો છે ને આમાં? અસમગ્ર, નથી? ૨૧૧મી ગાથા પુરુષાર્થસિદ્ધિ ઉપાયમાં. મખ્ખનલાલજીએ કર્યો છે. પુણ્ય બંધાય છે તે મોક્ષનો ઉપાય છે, બંધનું કારણ નથી. મોક્ષ ઉપાયો ન બંધ. એમ એવો અર્થ કર્યો છે. મોક્ષ ઉપાય નથી. એ શુભભાવ છે, રત્નત્રયની અપૂર્ણતામાં રાગ છે એ બંધનું કારણ છે. આ કહે કે ના, મોક્ષનું કારણ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

છે. એવો અર્થ કર્યો એણે, લ્યો.

મુમુક્ષુ :- એણે આમ કર્યો અને ... કર્યો છે.

ઉત્તર :- હા. એ તો પહેલું એણે એમ કહ્યું. હજી ક્યાં.. વાત આઘી પાછી .. જે અંશે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર નિર્મળ (થયા છે) એટલે અંશે બિલકુલ બંધ નથી. જેટલે અંશે નિમિત્તના લક્ષે રાગની ઉત્પત્તિ થાય એટલે અંશે બંધ (થાય છે). આવી તો ત્રણ ગાથાઓ છે. શું કરે? કોણ જાણે માણસને કાંઈ... જાણપણું મળે, થોડો ઉઘાડ મળે એનું અભિમાન થઈ જાય છે. ભાઈ! અભિમાન ટાળવા કાળે બાપા, અભિમાન થાય. કોઈ શરણ નથી, ભાઈ! ક્યાં જઈશ? ક્યાં જઈશ? રજકણ તારા રખડશે જેમ રખડતી રેત. પછી નર તન પામીશ ક્યાં? ભાઈ! આવો દેહ. વિચારવાનો ક્ષયોપશમ આદિ મળ્યો, ભાઈ! એને આ રીતે સવળો ન કર તો તારું શું થશે? આમાં કોઈ બહારથી આપી દે એવું નથી. બધા વખાણ કરે કે આહાહા..! ભારે તમારી શ્રદ્ધા! તમે પુણ્યથી ધર્મ મનાવો છો અને મોક્ષમાર્ગમાં શુભભાવ એ પરંપરા મુક્તિનું કારણ છે. ભારે તમારો ભાવ, ભારે તમારા શાસ્ત્રના ભણતર. ત્યાં કાંઈ શરણ નહિ આપે, કહે છે.

મુમુક્ષુ :- પોતાને ભાવતું હોય અને ભોજન મળ્યું.

ઉત્તર :- ભોજન શું ધૂળ મળે એમાં. દુનિયા કહે માણસો ઝાઝા કહે ઓહોહો..! એની મર્યાદા કેટલી જે અભિનંદન આપે અને સારો કહે એની?

અહીં તો કહે છે કે ભાઈ! વસ્તુ પરમાત્મા પોતે શુદ્ધ સ્વરૂપ છે. એની દૃષ્ટિનો અનુભવ છોડવા જેવો કોઈ દિ' નથી. તો જ તેને બંધનો ત્યાગ છે, નહિતર બંધનો ત્યાગ છે નહિ. તારા શુભરાગના વિકલ્પની પક્કડ બંધનો જ પ્રકાર છે. એમ કહે છે મૂળ તો. સમજાણું કાંઈ? એ તો પાછું કહ્યું નથી? ભાઈએ નહોતું કહ્યું? શુભઉપયોગ અપરાધ. એમાં કહ્યું છે. તીર્થંકર ગોત્ર બાંધે છે અને આહારક શરીર એ શુભઉપયોગનો અપરાધ છે. આટલું તો સ્પષ્ટ (છે). આહાહા..! સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનની, સમ્યગ્દર્શનની ભૂમિકામાં જ તીર્થંકરગોત્ર બંધાય અને ચારિત્રની ભૂમિકામાં જ આહારક શરીર બંધાય. સમજાણું? આહારક શરીર સમ્યગ્દર્શનમાં એકલામાં ન બંધાય. એ સમ્યગ્દર્શનની ભૂમિકામાં તીર્થંકરગોત્ર બંધાય. પણ એ બંધાય છે એ સમ્યગ્દર્શનને લઈને નહિ. શુભઉપયોગનો અપરાધ છે માટે બંધાય છે. અને ચારિત્રની ભૂમિકામાં આહારક શરીર બંધાય. આહારક શરીર છે ને? આહારકનું નીચે ન બંધાય ચોથે, પાંચમે. છતાં એ ચારિત્રને લઈને નહિ. આહારક શરીર જે બંધાય, આહારક આંગોપાંગ એ ચારિત્રમાં શુભરાગનો અપરાધ છે. એને લઈને બંધાય છે. આહાહા..!

પરાશ્રિત ભાવે બંધ અને સ્વઆશ્રિત ભાવ તે મોક્ષનું કારણ છે. બહુ સીધી વાત, સરળ

વાત, સત્ય વાત તેને ગુંચવીને ઊભી કરે, બાપા! એ નહિ થાય. ગુંચવણ નહિ નીકળે.

જેમ ઓલામાં કીધું ને? '**भेदविज्ञानतः सिद्धाः**' એ સંવરમાં આવશે. અહીં કહે છે કે શુદ્ધનયને ત્યાગવા યોગ્ય નથી. ભાઈ! લાખ વાતની વાત અને કરોડ વાતની વાત. સમજાણું? અત્યંત અત્યંત આવે છે ને? ઓલામાં આવે છે ને શ્લોકમાં, નહિ? અત્યંત-અત્યંત. બે વાર અત્યંત આવે છે. ૧૨૪ શ્લોકમાં. ૧૨૪ શ્લોક છે ને એ? અત્યંત-અત્યંત નથી આવ્યું? પછી એનો અર્થ કર્યો છે અનંત અનંત. અત્યંત શેનો અર્થ કર્યો? '**स्फारस्फारैः**' '**स्वरसविसरैः**' અનંત અનંત જ્ઞાનનો ફેલાવ, એ જ્ઞાનની તાકાત. કેવળજ્ઞાનનો વિસ્તાર પામે એવું એ કોકડું આત્માનું છે. એવા જ્ઞાનસ્વભાવનો અનુભવ, દૃષ્ટિ કહો કે શુદ્ધનય કહો, છોડવા જેવી નથી. તેથી એને બંધ થતો નથી.

'**અને તેના ત્યાગથી બંધ જ થાય છે.**' એક જ સિદ્ધાંત લીધો છે. એમ નથી લીધું કે કર્મનો ઉદય આકરો આવે માટે એને બંધ થાય, ફલાણું થાય, ઢીંકણું થાય. પોતે શુદ્ધ સ્વભાવનો આદર ન કરતાં રાગાદિનો આદર કર્યો છે એથી એને એકાંત બંધ જ થાય છે. આમ લીધું છે. કહો, દીપચંદજી! છે એમાં? જુઓ. વાંચો.

મુમુક્ષુ :- બીજા શાસ્ત્રમાં લખ્યું છે ને.

ઉત્તર :- બીજા શાસ્ત્રમાં લખ્યું પણ આ એક વાત તોડીને હોય?

મુમુક્ષુ :- અનેકાંત છે. કોઈ આમ કહે, કોઈ આમ કહે.

ઉત્તર :- અનેકાંત શું અનેકાંત છે? કાંઈ ફૂદડીવાદ છે? નિર્ધારવાદ છે કે અનિર્ધારવાદ છે? નિશ્ચય વાત છે કે નિશ્ચય કાંઈ નહિ? નિશ્ચયે વાત આમ જ છે, બીજું નહિ. એ વિના એ અંદર ઠરે શી રીતે? જુઓ!

'**તેના ત્યાગથી...**' તેના ત્યાગથી એટલે? ભગવાન આત્મા શુદ્ધ ધ્રુવ સત્ સ્વરૂપ, સચ્ચિદાનંદ પૂર્ણ શાશ્વત વસ્તુ, એનો ત્યાગ દૃષ્ટિમાં થયો અને રાગનો આદર થયો, બસ! '**તેના ત્યાગથી બંધ જ થાય છે.**' પછી શુભરાગ આવ્યો પણ એનો આદર કર્યો અને સ્વભાવનો ત્યાગ દૃષ્ટિમાં થયો. તેને બંધ જ થાય. દર્શનમોહનીય બંધાય એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? બંધમાં સાધારણ બંધ એમ નહિ.

જ્ઞાન ભગવાન આત્મા, એની અંતરની શુદ્ધનયની દૃષ્ટિ અને એનો જે અનુભવ, એનો જે આશ્રય એ જ અબંધ પરિણામ છે. એનાથી બંધ થતો નથી. અને એને છોડીને રાગનો વિકલ્પ મંદ (આવે) એનો જ્યાં આશ્રય કર્યો, માન્યું કે આ છું અને આ છૂટ્યું. કહે છે કે એ જ બંધનું કારણ છે. શુદ્ધનયનો ત્યાગ તે બંધનું કારણ છે. શુદ્ધનયનો અત્યાગ તે બંધનું કારણ નથી. એટલી સીધી વાત છે. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સ્પષ્ટ જ છે. પણ સાંભળવામાં નથી આવી વાત. આહાહા..! કાંઠે આવીને વહાણ વયા ગયા. કંઈકના બૂડ્યા.

કહે છે, વસ્તુ ભગવાન આત્મા શુદ્ધ ધ્રુવ એનો જ્યાં આદર ગયો, એટલે કે શુદ્ધ સ્વભાવનું પરિણમન ગયું અને એક રાગની મંદતા, પછી દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ આદિનો ભાવ, એવા ભાવનો આદર થયો, આ ભાવનો આદર ગયો. છે એમાં? છે એમ? જુઓ! આમાં કાંઈ એમ નથી કહ્યું, કર્મનો ઉદય આવો આવે દર્શનમોહનો તો એવા એને ભાવ કરવા જ પડે. અને કરવા પડે તેથી દ્રવ્યકર્મ નવાને બાંધે. સમજાણું? એમ કાંઈ નથી કહ્યું. ઓલામાં એમ કહ્યું કે, દ્રવ્યાસ્રવનો હેતુ આ થાય તો ઓલો બાંધે, આ ન થાય તો ન બાંધે. એટલે આ ઉપર આધાર રહ્યો. ઓલાનો આધાર કાંઈ છે નહિ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- શેની?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- યાદ નહિ. અંદર દૃષ્ટિ કરવી. આહાહા..! ટાણા પણ થોડા નજીક થઈ ગયા છે કે નહિ મરણને? ૬૦ ઉપર ગયા એને તો પછી હવે નજીક છે બધું. ૬૦ સુધી લીધું હતું ને આપણે? ૨૦ વર્ષનું આની કોર અને ૬૦ ઉપરનું ઓલી કોર એમ લીધું હતું. ૬૦ લોકો કહે છે. સાઠે બુદ્ધિ નાઠી. એમ કરીને સાંઈઠે વૃદ્ધાવસ્થા કહે છે. એમ કહે છે ને? આ તો એક વાત કહે છે. આ તો ઓલું વૃદ્ધાવસ્થાને સિદ્ધ કરવા. બાકી બુદ્ધો-બુદ્ધો નાઠે એમ કાંઈ? પણ ૬૦ થાય એટલે લોકો કહેતા. હવે તો કાંઈ ૬૦ની કાંઈ ગણતરી રહી નથી. અત્યારે તો કાંઈ આયુષ્ય લાંબુ લાગે છે માણસનું. ૮૦નું લ્યોને. ૨૦ વર્ષ આનીકોર જાય અને ૬૦ વર્ષ વચમાં જાય લ્યો. ૮૦. ઓલીકોરનો ભાગ રહ્યો આગળીયાનો. આગળીયાનો. આનીકોરનો ભોથાનો. એમાં પણ ખાવું, સુવાનું જાય. હવે થોડો ભાગ રહ્યો હવે એને શિયાળે કરડ્યું છે. એમાં જો આ વાવ તો શેરડી ઘણી થાશે. નહિ તો કૂચા નીકળશે એમાં કાંઈ છે નહિ. એમ કહે છે. આહાહા..!

અહીં તો ઘણું જ ટૂંકું અને આખો સાર. ભગવાન આત્મા અંતરની દૃષ્ટિમાં ભગવાન આત્માને લઈને જે પરિણમન થયું એ શુદ્ધનયથી બિલકુલ બંધ છે નહિ. એ મુક્તિનું કારણ છે. એ શુદ્ધનય સ્વભાવનો આશ્રય છોડીને પછી રાગની મંદતા કોઈ ગમે તે (હોય). સમજાય છે? કારણ કે મિથ્યાદૃષ્ટિને તો એ શુભભાવ હોય નહિ તીર્થંકર ગોત્રનો. પણ બીજો શુભભાવ હોય. સમજાણું? એ શુભભાવ એનો આશ્રય અને એનો પ્રેમ અને એના અસ્તિત્વનો સદ્ભાવ

સ્વીકાર્યો અને આ શુદ્ધ ત્રિકાળના અસ્તિત્વનો સ્વભાવનો સ્વીકાર ગયો. બસ, બંધ છે એને. દર્શનમોહનો બંધ છે એમ કહે છે, ભાઈ! પછી બંધ છે એટલે એમ નહિ કે હવે સાધારણ બંધ છે. એમ નહિ. અહીં તો બંધ છે એટલે દર્શનમોહનો બંધ છે એમ કહે છે.

મુમુક્ષુ :- એને જ બંધ કીધો છે ને. ઓલાને બંધ કીધો જ નથી.

ઉત્તર :- આ એક વાત એમાં આવી મગજમાં. દર્શનમોહની ૭૦ ક્રોડાક્રોડી સ્થિતિ કીધી અને ચારિત્રમોહની ૪૦ ક્રોડાક્રોડી કીધી. એટલે બે મિથ્યાત્વ અને અનંતાનુબંધીની સ્થિતિમાં ફેર છે. સમજાણું? દર્શનમોહમાં ૭૦ ક્રોડાક્રોડી કીધી. અનંતાનુબંધી ચારિત્રમોહની પ્રકૃતિ છે. માટે ચારિત્રમોહની પ્રકૃતિ પચ્ચીસી ને અમુક સ્થિતિ છે. ૪૦ ... સમજાણું?

અનંતાનુબંધની સ્થિતિ ચારિત્રમોહનીય છે ને? ઝાઝામાં ઝાઝી. ૪૦ ક્રોડાક્રોડ છે. એટલે વસ્તુ જુદી છે એ. એ સંબંધીનો રાગદ્વેષ એ મિથ્યાત્વની સાથેનું બંધનું કારણ છે. અને સમ્યગ્દર્શન સાથે એનો અભાવ સ્વરૂપાચરણ જે થયું એ જ બંધનો અભાવ છે. સમજાણું કાંઈ? આહાહા..! માણસને મૂળ રકમને પકડવી નથી અને ઉપરથી મોટી બધી વાતું ને વાદ. અરે..! ભાઈ! વાદવિવાદે કાંઈ વસ્તુ સિદ્ધ નહિ થાય. ખોજ ખોજ. 'ખોજ પિંડ બ્રહ્માંડકા તો પત્તા લગ જાયે.' આવે છે ને શ્રીમદ્‌માં. ભગવાન આત્મા શરીરના પિંડમાં ભગવાન જુદો બિરાજે છે. ખોજ એને. બસ. ખોજ્યો એ પામ્યા અને પામ્યા એને બંધ છે નહિ. એના ખોજ વિના રાગ ને પુણ્યના વિકલ્પમાં જોડાઈ ગયો, સ્વભાવની દૃષ્ટિ છોડીને, (એને) બંધ છે. દર્શનમોહનો બંધ છે એમ કહે છે. મિથ્યાત્વનો બંધ છે. સત્તર ક્રોડાક્રોડીનો. અનંતાનુબંધી..

બસ, આ છે. બે પડખાં છે. ભગવાનને પડખે ગયો એને હવે સંસાર નથી. આ રાગને પડખે ગયો એને મોક્ષ નથી અને એકલો સંસાર છે. સમજાણું? બાહ્યમાં ઓલો ભલે સાધુ કહેવાતો હોય, ત્યાગી કહેવાતો હોય, અગિયાર અંગ અને નવ પૂર્વનો ભણેલો હોય. કહો. પણ સ્વભાવની ચૈતન્ય ધ્રુવ સત્તાનું શાશ્વત સત્ત્વ એની અંતરની દૃષ્ટિથી ભ્રષ્ટ થયો અને રાગના અવલંબનમાં ગયો એને એકલો બંધ જ છે. એના ત્યાગથી બંધ જ છે. લ્યો અહીં તો બેયને ત્યાગ શબ્દ વાપર્યો છે ને. બંધ ત્યાગ. લ્યો, ઓલા વળી ત્યાગ-ત્યાગ કરે છે ને બીજા? પણ આ.

શુદ્ધનયમાં મિથ્યાત્વનો ત્યાગ છે. અને પરના આશ્રયમાં સમ્યગ્દર્શનનો ત્યાગ છે. સમજાણું? ભગવાન આત્મા ધીરો થઈને જો. ચૈતન્ય સત્તા મહા શાશ્વત બિરાજે છે. એનો આશ્રય કર્યો એને મિથ્યાત્વનો ત્યાગ થયો. મિથ્યાત્વનો ત્યાગ થતાં બંધનો ત્યાગ થયો. નવા બંધનો ત્યાગ થયો. બંધનો ત્યાગ થતાં સંયોગો પણ એને (રહેતા નથી). એ સંયોગોનો ત્યાગ થયો. જેણે આત્માના સ્વભાવનો ત્યાગ કર્યો દૃષ્ટિમાંથી (અને) રાગનો, વિકલ્પનો આદર કરીને શુદ્ધનયને

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છોડી છે, શુદ્ધ પરિણમનને છોડ્યું છે, સ્વભાવનો આશ્રય છોડ્યો છે એને સમ્યગ્દર્શનનો ત્યાગ થયો. મિથ્યાત્વનો આદર થયો. એનાથી બંધ થયો દર્શનમોહનો. એનાથી સંયોગો. એ બધો સંયોગના લંગારમાં ગયો. લંગાર શું કહેવાય? ઓલું ઉતારે છે. ઓલું વહાણ ઉતારે ત્યારે નાખે છે ને? લંગર. વહાણ ઊભું રાખવા નાખે ને મોટું ઊંડું. લોઢાનું. આ ઊંડું લંગર નાખ્યું. સમજાણું કાંઈ? આહાહા..! હવે જ્યાં ગોઠે ત્યાં જા. માર્ગ આ છે. બધી વાતું ચરણાનુયોગની આમ છે, કરણાનુયોગમાં છે અને ફલાણામાં આમ છે. બધી વાતું સમાઈ ગઈ અહીં. ન્યાલચંદભાઈ! આહાહા..! ભગવાન! પણ સાંભળને ભાઈ! જુઓ! કેટલું આચાર્યે ગજબ કામ કર્યા છે ને!

શુદ્ધનય ત્યાગે બંધ છે, શુદ્ધનય ગ્રહે મોક્ષ. ખલાસ થઈ ગયું. અહીં શુદ્ધનયનો અત્યાગ કહો. એને ગ્રહે કીધો. સમજાણું? ત્યાં ગ્રહે કીધું. શુદ્ધનય ગ્રહે. અહીં એનો અત્યાગ કીધો. એટલે અત્યાગ એટલે શુદ્ધનયને ત્યાગતો નથી એટલે ગ્રહે છે. સ્વભાવની દૃષ્ટિને ગ્રહે છે, સ્વભાવને ગ્રહે છે એને બંધ નથી. સ્વભાવને ગ્રહતો નથી અને વિભાવના વિકલ્પને ગ્રહે છે એને બંધ દર્શનમોહનો છે. લ્યો, આખો મોટો બંધ છે એને એમ કહે છે. પૂર્ણ સ્વભાવનો અનાદર કર્યો, પૂર્ણ સ્થિતિ પડે એવા દર્શનમોહનો બંધ એને થાય છે. આહાહા..! પૂર્ણ સ્વભાવનો આશ્રય અને આદર કર્યો એને સંસારની પૂર્ણતાનો નાશ થઈને મોક્ષની પૂર્ણતા ઉત્પન્ન થાય છે. સમજાણું?

**'ફરી, શુદ્ધનય છોડવાયોગ્ય નથી એવા અર્થને દૃઢ કરનારું કાવ્ય કહે છે :'** વિશેષ વળી દૃઢ કરવા માટે કાવ્ય કહે છે.

**धीरोदारमहिम्नयादिनिधने बोधे निबध्नन्धृतिं**
**त्याज्यः शुद्धनयो न जातु कृतिभिः सर्वङ्कषः कर्मणाम्।**

જુઓ! **'जातु'** આવ્યું. બહુ શબ્દ આવે છે હોં એ. અમારે ..ભાઈ એવા શબ્દ પકડાય. અમે સંસ્કૃત ન જાણતા હોય તો ક્યાંક ક્યાંક એવા શબ્દ હોય એને (યાદ રાખી લઈએ).

**धीरोदारमहिम्नयादिनिधने बोधे निबध्नन्धृतिं**
**त्याज्यः शुद्धनयो न जातु कृतिभिः सर्वङ्कषः कर्मणाम्।**
**तत्रस्थाः स्वमरीचिचक्रमचिरात्संहृत्य निर्यद्बहिः**
**पूर्ण ज्ञानघनौधमेकमचलं पश्यन्ति शान्तं महः।।१२३।।**

આહાહા..! શાંતરસનું તેજ, શાંતરસનું તેજ. કહો. કેવો છે શુદ્ધનય? કે **'(ચળાચળતા રહિત) અને ઉદાર...'** એવો અનાદિ નિધન જ્ઞાન ભગવાન આત્માનું. એમ. **'ધીર (ચળાચળતા રહિત)...'** ધ્રુવ શાશ્વત સત્ સત્ ધામ પડ્યું છે આખું. કહો, સમજાણું?

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આ વિદ્યાધામ કરતાં જ્ઞાનધામ. ખરેખર તો એ આત્મજ્ઞાનની વાત, એના જ પુસ્તકો અને એનો જ પ્રચાર એ વિદ્યાધામ છે, બાપા! જેમાંથી આ ઘણું બધું મટી જાય જગતને. કેટલી માથાકૂટ! એય..! જ્યોતિ! માંદા છો પણ ત્યાં જાવું પડશે પાછું. નબળાઈ છે, પાણી જરતું.. તારો કહેતો હતો કે જ્યોતિ કે શરદી બહુ થઈ ગઈ. શું થયું પણ? કોણ જાણે શરદી બહુ થઈ ગઈ. આ ભણવા માટે જુઓ પાછા મોટા ઉપાડવા પડે ત્યાં. આવું નબળું શરીર હોય. .. શ્વાસ ચડી જાય. એને કરવું પડે કે નહિ ત્યાં? કારખાને શીખવા માટે. ઘણ ઉપાડીને. આહાહા..!

આ તો કાંઈ બોજો જ ઉપાડવો ન પડે. આ તો ભગવાન શુદ્ધ ચૈતન્ય કેવો છે? કે ધીર... ધીર.. એમ ને એમ પડ્યું છે એમ ધીર એટલે. ધીરું થઈને તત્ત્વ એનું પડ્યું છે જ્ઞાન. ચળાચળરહિત એટલે કાંઈ? ચળે નહિ. એવું તત્ત્વ આમ શુદ્ધ ધ્રુવ સત્. શાશ્વત બિંબ ચૈતન્ય પડ્યું છે. ઉદાર. એટલી શક્તિ એનામાં છે કે લોકાલોકને પકડી બેસે એક પર્યાયમાં એવી તો અનંતી પર્યાયનો એ ભંડાર છે. આહાહા..!

'**ધીર અને ઉદાર (સર્વ પદાર્થોમાં વિસ્તારયુક્ત)...**' એટલે બધા પદાર્થને જાણવાની તાકાતવાળું જ્ઞાન સ્વરૂપ સત્ત્વ ધ્રુવ છે. આ એક એક આત્માના સત્ત્વની વાત ચાલે છે, હોં! '**જેનો મહિમા છે એવા અનાદિનિધન...**' આદિ નહિ, અંત નહિ એવો ચૈતન્યઘન. '**સ્થિરતા બાંધતો થકો...**' એમ શુદ્ધનય. એવા જ્ઞાનસ્વરૂપ ભગવાનમાં એકાગ્રતાની પરિણતિને કરતો થકો. '**(અર્થાત્ જ્ઞાનમાં પરિણતિને સ્થિર રાખતો) શુદ્ધનય કે જે કર્મોને મૂળથી નાશ કરનારો છે.**' લ્યો! એ શુદ્ધનય જ કર્મને નાશ (કરનાર છે). કર્મ શબ્દે મિથ્યાત્વના ભાવ, અવ્રતના ભાવ, પ્રમાદના ભાવ બધાને નાશ કરનારો છે. સમજાય છે? '**મૂળથી નાશ કરનારો છે તે-પવિત્ર ધર્મી (સમ્યગ્દૃષ્ટિ) પુરુષોએ કદી પણ છોડવાયોગ્ય નથી.**' લ્યો! '**कृतिभिः**' પવિત્ર પુરુષો, ધર્મી પુરુષોએ ભગવાન આત્મા અનાદિનિધન જ્ઞાનઘન, વિજ્ઞાન પ્રભુ એનું સામર્થ્ય બધા લોકાલોકને જાણે એવું સત્નું સત્ત્વ, એને દૃષ્ટિમાંથી છોડવા જેવું નથી. તેથી એને બંધ થશે નહિ. વિશેષ વાત કરશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**જેઠ વદ ૭, ગુરુવાર તા. ૨૯-૦૬-૧૯૬૭**
**શ્લોક-૧૨૩-૧૨૪, પ્રવચન-૨૬૧**

આ સમયસાર, આસ્રવ અધિકાર. કળશ ચાલે છે-૧૨૩.

**'ફરી, શુદ્ધનય છોડવાયોગ્ય નથી એવા અર્થને દૃઢ કરનારું કાવ્ય કહે છે :'** કેમ આમાં આવ્યું છે? કે આત્મામાં... આત્મા એ તો જ્ઞાન, આનંદ આદિ શુદ્ધ સ્વરૂપની મૂર્તિ વસ્તુ છે. એમાં જેટલા પુણ્ય-પાપના વિકલ્પ નામ રાગ ઉઠે છે એ બધા આસ્રવ છે. એ આસ્રવ અધિકાર છે. આસ્રવનો અભાવ કરવા સ્વભાવનો આશ્રય લેવો એનું નામ આ શુદ્ધનય કહેવામાં આવે છે. આસ્રવ છે એ નવા આવરણનું કારણ છે. પછી ઘણા પ્રકારના આસ્રવનું વર્ણન કર્તાકર્મમાંથી આવી ગયું છે બધું. દયા, દાન, વ્રત, ભક્તિ, તપનો વિકલ્પ એ પણ પુણ્યાસ્રવ છે. ગુણ-ગુણીનો ભેદનો વિકલ્પ ઉઠવો, આત્મા અનંત ગુણ છે એનો ધરનાર છે એવી વૃત્તિ ઉઠવી એ પણ આસ્રવ છે. કર્તાકર્મમાં પક્ષમાં આવ્યો હતો કે હું શુદ્ધ છું. જેવું સ્વરૂપ સર્વજ્ઞે કહ્યું છે એવું હોં! એવો પણ હું શુદ્ધ છું એવો એક પક્ષ કરીને જે વિકલ્પ ઉઠે છે-રાગ એ પણ આસ્રવ છે. એમ ઘણાં પ્રકાર વર્ણવ્યા. એટલે આસ્રવમાં અંતે આ લીધું, સંવરનો અધિકાર શરૂ કરવા પહેલા.

જેને આત્માનું હિત કરવું હોય... અહિત તો અનાદિથી કરી રહ્યો છે. પોતાનો આનંદ અને જ્ઞાનસ્વભાવ ભૂલીને પુણ્ય-પાપના શુભ-અશુભ, દયા-દાન, વ્રત-ભક્તિ, કામ-ક્રોધના ભાવ એ બધા આસ્રવ મલિન (ભાવ છે) એ તો કરી રહ્યો છે. અને એને લઈને બંધન અને રખડી રહ્યો છે. સમજાણું? એથી એ રખડવાનું બંધ કરવાનો ઉપાય શું? એ અહીં શુદ્ધનયનો આશ્રય બતાવે છે.

શુદ્ધનય કેવી છે? **'ધીર...'** ધીર એટલે શુદ્ધનયનો વિષય છે ને આત્મા? આત્મા જેને કહીએ એ તો જ્ઞાન અને આનંદની મૂર્તિ છે. ચૈતન્યધામ. વસ્તુ છે ને વસ્તુ? વસ્તુ છે એ અનાદિઅનંત સત્ છે અને વસ્તુ છે એનો સ્વભાવ છે સ્વભાવ. જાણવું, દેખવું, આનંદ એ સ્વભાવ. જેમ એ કાયમી ચીજ છે સત્ અનાદિઅનંત, એમ એનો સ્વભાવ કાયમી ચીજ છે અનાદિઅનંત. એવો જે આત્મા તે કેવો છે? કે ધીર છે, ધ્રુવ છે. ધીર છે એટલે ધ્રુવ છે. ચળાચળ જેમાં નથી. સમજાણું કાંઈ?

વસ્તુ આમ ધ્રુવ પિંડ નિત્ય સત્, નિત્ય સત્. જ્ઞાન આદિ અનંત ગુણનો પિંડ એવો આત્મા ચળાચળ રહિત એટલે ધીર છે. ધીર એટલે એમ ને એમ ધ્રુવ છે. એનો આશ્રય

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કરવો એનું નામ શુદ્ધનય અને એનું નામ મોક્ષનો માર્ગ છે. સમજાય છે કાંઈ? ધીર છે. વસ્તુ જે છે એ ધીર છે. એમ ને એમ છે. શરીર, વાણી, મન નથી, પુણ્ય અને પાપના વિકલ્પો એ આસ્રવ છે. એ એના વસ્તુમાં નથી. અને એક સમયની પ્રગટ અવસ્થા છે એ આશ્રય કરવા લાયક નથી. એથી અહીં શુદ્ધનયનો વિષય ધીર એક સમયમાં ધીર ધ્રુવ એવું તત્ત્વ સત્ સચ્ચિદાનંદ સ્વરૂપ શાશ્વત જ્ઞાન અને આનંદનું ધ્રુવ સ્વરૂપ એ શુદ્ધનયનો વિષય છે અને ત્યાં એનો આશ્રય કરે એને સમ્યગ્દર્શન-જ્ઞાન અને શાંતિ પ્રાપ્ત થાય. બાકી ક્યાંય પ્રાપ્ત થવાની નથી. સમજાણું કાંઈ?

આસ્રવ અધિકાર છે ને? એટલે આસ્રવનો અભાવ કરવો છે. કારણ કે એ મલિન ભાવ બંધ એનો અભાવ કરવો છે. અભાવ ક્યારે થાય? કે ધીર એવો ભગવાન આત્મા શુદ્ધ સચ્ચિદાનંદ પ્રભુ, એનો આશ્રય કરે, એનું લક્ષ કરે, એની રુચિ કરે, એનું પરિણમન કરે ત્યારે તેને આસ્રવનો અભાવ થાય અને આત્માનું હિત થાય. સમજાણું કાંઈ?

'**ઉદાર...**' છે. કેવો છે? ઉદાર છે. જેનો સ્વભાવ જ્ઞાન, દર્શન, આનંદ આદિ ગુણ જે છે ઉદાર છે, અનંત છે. અનંત છે. જેની પરિપૂર્ણતામાં કોઈ ખામી નથી. એવો જેનો વસ્તુ છે એનો સ્વભાવ ઉદાર છે એટલે પરિપૂર્ણ છે. પરિપૂર્ણ છે. ટકતો છે અને પરિપૂર્ણ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- જે માગીએ એ પ્રાપ્ત થાય ...

ઉત્તર :- એ માગે એનો અર્થ એ કે અંદર બધું ભર્યું છે. એમાં પરિપૂર્ણ પડ્યું છે. પહેલું તો ધીર કહ્યું, ધ્રુવ ધ્રુવ છે એમ ને એમ. ધીરો. ધીરો એટલે ધ્રુવ એમ ને એમ છે. એક સમયમાં સચ્ચિદાનંદ શુદ્ધ ધ્રુવ, અને તે ઉદાર છે. ઉદાર એટલે એમાં કાંઈ એક એક ગુણના અપૂર્ણતા નથી, હીણો નથી. પરિપૂર્ણ ઉદાર. જેટલું કાઢો એટલું નીકળે એટલે કેવળજ્ઞાનના કંદ નીકળે એમાંથી. કેવળજ્ઞાનની પર્યાય અનંતી નીકળે એવો એ ઉદાર અંદર સ્વભાવ એમાં ભરેલો છે. આહાહા..! કહો, સમજાણું કાંઈ? પોપટભાઈ! એય..! ન્યાલચંદભાઈ! ભારે વાત આવી પણ. આવું તે વળી પકડવું ક્યાં પણ? ભાઈ! તું પકડીને તો બેઠો છો. છે ને? અહીં આસ્રવ અધિકાર છે કે નહિ? પુણ્ય-પાપ, શુભ-અશુભ રાગની વૃત્તિ ઉઠે એને પકડીને બેઠો છો. જે દુઃખરૂપ છે એને પકડીને બેઠો છો. એ સંસારમાં રખડવાનું કારણ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ રળવું એટલે .... સંસારનો એમ. કહેવું હતું તો એમ. એ સંસારનું રળવું છે, એ સંસારનો લાભ છે. એમ. એ કમાય છે સંસાર. એમ કહેવું છે. એ રળે છે-કમાય છે. પુણ્ય-પાપના ભાવ પોતાના માને છે એ અનંત જેનો ગુણ સમાજ છે એનો અનાદર

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કરે છે. એટલે કમાય છે રખડવાનું. સમજાણું કાંઈ? ઘરની પુંજી છે એને ગુમાવે છે. માંડ વખત મળ્યો હવે એમાં ક્યાં...? આંખ્યું મીંચાશે, ક્યાંય ચાલ્યો જઈશ, બાપા! અનાદિઅનંત તત્ત્વ છે એ કાંઈ નાશ થાય છે? એની અંતરમાં દૃષ્ટિ કર્યા વિના કૃત્રિમ જે પુણ્ય-પાપના વિકલ્પો બહારની ચીજ તો ક્યાંય રહી ગઈ. આસ્રવતત્ત્વ છે એટલે અહીંયાં તાત્પર્ય શુદ્ધનય ગ્રાહ્ય છે એમાં એ નાખ્યું. આસ્રવ તે ગ્રાહ્ય નથી. એકલો ભગવાન આત્મા સત્ છે, ધ્રુવ છે, ધીર છે, એમ ને એમ પડ્યો છે અનાદિઅનંત. અને જેમાં ઉદાર એટલી શક્તિનું અમાપપણું પડ્યું છે. અમાપ જ્ઞાન, અમાપ દર્શન, અમાપ જેનો સ્વભાવ, સ્વભાવ, સ્વરૂપ, એના સ્વભાવના સામર્થ્યની હદ શું હોય? ન્યાય સમજાય છે કાંઈ? આ જુદી જાતનું. ત્યાં ક્યાંય ન મળે તમારે રખડવામાં. આહાહા..!

જુઓને! શું કહે છે? '**ધીર અને ઉદાર જેનો મહિમા છે એવા અનાદિનિધન જ્ઞાનમાં...**' જ્ઞાન એટલે આત્મા. પુણ્ય-પાપના વિકલ્પ જે છે એ જ્ઞાન નથી એટલે આત્મા નથી. એમ. ચાહે તો વ્રત-અવ્રત, દયા, દાન, ભક્તિ, પૂજાનો ભાવ થાય એ બધો આસ્રવ મેલ દુઃખદાયક વૃત્તિ છે. ભગવાન આત્મા અનાદિઅનંત ધીર અને ઉદાર જેનો મહિમા છે. ટકવું અને અમાપ શક્તિનું રહેવું એવો જેનો મહિમા છે. સમજાણું કાંઈ? એવા અનાદિનિધન. અનાદિ એટલે અણ-આદિ, આદિ નહિ અને અનિધન. અનિધન. અંત નહિ. નિધન એટલે મૃત્યુ નહિ. એવો જે ભગવાન જ્ઞાન. જ્ઞાન એટલે ચૈતન્ય સ્વરૂપ આખું. એ તો જ્ઞાનથી આત્માને કહ્યો છે. જાણક... જાણક... જાણક... ચૈતન્ય... ચૈતન્ય.. ચૈતન્ય.. ચૈતન્ય.. ચેતનનું ચૈતન્ય. ચેતનનું ચૈતન્ય. ચેતનદ્રવ્ય એનું ચૈતન્ય એટલે જ્ઞાનગુણ ભાવ. એ વસ્તુ અકૃત્રિમ અણકરાયેલું સ્વતઃસિદ્ધ અનાદિઅનંત તત્ત્વ છે, ધ્રુવ અને ધીર અને ઉદાર. અમાપ શક્તિથી ભરેલો ભગવાન એવો અનાદિઅનંત જેનો મહિમા છે એવો આત્મા. આહાહા..!

એવા અનાદિઅનંત વસ્તુમાં. વસ્તુ જે અનાદિઅનંત છે, નિત્ય છે, ધ્રુવ છે, અમાપ સ્વભાવનો સાગર છે. શું છે વસ્તુનો સ્વભાવ? સ્વભાવ અમાપ છે. એવા આત્મામાં '**સ્થિરતા બાંધતો...**' નય શુદ્ધને એટલે નય તેના તરફ વળતાં, એમાં સ્થિર થતો. સમજાણું કાંઈ? આ ધર્મ કેમ થાય એમ વાત ચાલે છે. આત્માને સુખની પ્રાપ્તિ કેમ થાય? એની વાત ચાલે છે. આ બધું જે મળે છે ધૂળ ને પૈસા ને પુણ્ય-પાપના ભાવ એ તો બધા દુઃખરૂપ છે. પુણ્ય-પાપના ભાવ પોતે દુઃખરૂપ છે. એને લઈને મળેલી સામગ્રી બધા દુઃખના નિમિત્તો છે. ચોર્યાસીના અવતાર રખડતો, રઝળતો. અનાદિનો માંડ આ મનુષ્યને કેડે ચડી ગયો છે. સમજાણું કાંઈ?

કહે છે કે ભાઈ! તારે હિત કરવું હોય... આસ્રવ અધિકાર છે ને એટલે જેમાં વિકલ્પનો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

ભેદ ન ઉઠે એવી જે ચીજ છે, એ ચીજ અનાદિઅનંત અને ધ્રુવ અને નિત્ય ધીર (છે). એમાં સ્થિર થતો, શુદ્ધનય તે તરફ વળતો, શુદ્ધનયનું જ્ઞાન તે તરફ ઢળતું. વ્યવહારનયનું જ્ઞાન આમ રાગ અને અલ્પજ્ઞ તરફ વળતું એ છોડ દષ્ટિ. આહાહા..! સમજાણું? એની પાસે ઈ છે. એ પોતે એવું છે. પણ એને આ તો શું હશે? એવું લાગી જાય છે એને. આવડી મહિમાવાળી ચીજ શું છે આ તે? બીજા પદાર્થની મહિમા કરે છે. પણ આ ચીજ આખી. સ્વતઃસિદ્ધ અકૃત્રિમ, અણકરાયેલી અવિનાશી સ્વભાવથી ભરેલી. એવો જે ભગવાન આત્મા એમાં સ્થિરતા બાંધતો, એટલે જ્ઞાનમાં પરિણતિને સ્થિર રાખતો શુદ્ધનય અંતર સ્વરૂપમાં ઠરતી પરિણતિ શુદ્ધ થતી **'કે જે કર્મોને મૂળથી નાશ કરનારો છે...'** એ વિકલ્પની વૃત્તિઓને નાશ કરનાર છે. સમજાણું કાંઈ? શું કહે છે આમાં પકડવું (મુશ્કેલ પડે). અમારે તો ધર્મ સમજવો છે. પણ એની તો વાત ચાલે છે. ધર્મ સમજવો છે કે નહિ તારે? ધર્મ એટલે નિર્દોષ દશા. એ નિર્દોષ દશા ક્યાંથી આવશે અને કોને આશ્રયે આવશે? એ અહીં કહે છે. આસ્રવને આશ્રયે આવશે? આસ્રવ પોતે અધર્મ છે.

અનાદિનો આત્માનો સ્વભાવ સચ્ચિદાનંદ પ્રભુ એને ભૂલી અને પુણ્ય અને પાપની લાગણીઓ, ગુણ-ગુણીના ભેદરૂપે વિકલ્પો કે હું અબંધ છું, શુદ્ધ છું વગેરે વગેરે વિકલ્પ. એ બધી રાગની જાળ આસ્રવ છે, બંધનું કારણ છે, વર્તમાન દુઃખરૂપ છે. એનો અભાવ કરવા માટે ભગવાન આત્મા પહેલી એની શ્રદ્ધા જ્ઞાનમાં એ વાત બેસવી જોઈએ. આ વસ્તુ શાશ્વત રહેનારું આ તત્ત્વ છે. અને એની શક્તિઓ પણ અપાર શક્તિ ધરાવનારી એ શક્તિઓ પણ શાશ્વત રહેનારી છે. કારણ કે વસ્તુ છે તો વસ્તુની શક્તિ હોય કે નહિ? વસ્તુ છે... ગોળ છે તો ગોળ કાયમ રહે. તો એનું ગળપણ પણ કાયમ રહે ને સાથે? એમ વસ્તુ છે. છે આત્મા. છે એ નિત્ય શાશ્વત છે. એનામાં છે એ શું ચીજ છે? જેમ જડ છે, શાશ્વત છે, તો એનામાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ શાશ્વત છે. તો આ છે એનું શાશ્વતપણું શું? એનું શાશ્વત જ્ઞાન, દર્શન, આનંદ એવું શાશ્વતપણું ઉદાર, મહા અમાપ સ્વભાવથી ભરેલો પદાર્થ છે. એમ એની પહેલી પીછાણ, વિચાર જ્ઞાનમાં લઈ પછી તે સ્વરૂપ તરફની સ્થિરતા કરવી એ શુદ્ધનય સ્થિરતા બાંધતો મિથ્યાત્વ આદિનો નાશ કરે છે. સમજાણું કાંઈ? ભારે. રીત જ પકડવી કઠણ. અભ્યાસ ન મળે. અનાદિનો અજ્ઞાનીનો અભ્યાસ. આ શું ચીજ છે એ વાતમાં, એના ખ્યાલમાં બેસવી કઠણ. સમજાણું કાંઈ? જગતના પદાર્થની વિસ્મયતા અને મહિમા અને મોહ આવે. આહાહા..! આ! રેકોર્ડ આમ ચાલે, ફલાણું આમ ચાલે, આ ચાલ્યું, ઢીંકણું ચાલ્યું, આમ કર્યું. કેટલા ટન મોટો સંચો ઊડે ઊંચો. તમારું બલુન કેટલા ટનનું ઘણું હોય છે ને મોટું? બેઠા હતા ને તે દિ'? આ તો કેટલા ટનનું. કે ઓહો..! એ રજકણે

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


રજકણ અસ્તિ તત્ત્વ છે. આમ છે એમ છે ને? તો એનો નાનામાં નાનો ભાગ પણ એક ચીજ છે રજકણ. તો એ રજકણ પણ ધ્રુવ છે. એ ખરેખર તો ઉદાર છે.

અહીં આ જ્ઞાન વસ્તુ છે એમ અહીં સિદ્ધ કરવું છે. ઓલું તો જડ છે. એ જડની પણ અવસ્થા ક્ષણે ક્ષણે પોતાને કારણે થાય છે. એમાં કોઈનું કારણ છે નહિ. આ ભગવાન આત્મા ધ્રુવ છે, ઉદાર છે શું છે? કે જ્ઞાન છે. જ્ઞાનસ્વરૂપ ધ્રુવ અને ઉદાર છે. અપરિમિત શક્તિ, અપાર જેનો મહિમા એમાં સ્થિર થતો, તેમાં દૃષ્ટિ આપીને સ્થિર થતો કે જે કર્મોને મૂળથી નાશ કરનારો છે. મૂળથી. મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય અને યોગ એ બંધનના આસ્રવરૂપ ભાવ, એને મૂળથી, સ્વભાવ તરફ ઢળતા એને મૂળથી નાશ કરનારો છે. શુદ્ધનય સ્વરૂપની એકાગ્રતા એનો એ ભાવ છે. સમજાણું કાંઈ?

'**તે પવિત્ર ધર્મી (સમ્યગ્દષ્ટિ) પુરુષોએ...**' શબ્દ હતો ને અંદર? '**कृतिभिः**' '**कृतिभिः**' એમ. વાસ્તવિક કાર્યનો કરનારો. અમે તો '**कृतिभिः**' એમ લઈએ અર્થ. વાસ્તવિક કરાયેલો કર્તવ્યનો કાર્યનો કરનારો એ કોણ? કે સમકિતી. કહો, સમજાણું કાંઈ? હિંમતભાઈ જેવા શબ્દ આપણને ન આવડે તો ગોઠવી દઈએ અંદરથી. '**कृतिभिः**' વાસ્તવિક કાર્યનો કરનારો સમ્યગ્દષ્ટિ છે. આસ્રવનું કાર્ય છોડવું છે ને અહીં? વાસ્તવિક કાર્ય ભગવાન આત્મા ચૈતન્યના સરોવર સ્વભાવથી ભરેલો અનાદિઅનંત નિત્ય, એના ઉપર દૃષ્ટિ આપતો, શુદ્ધનય સ્થિર થતો કર્મોને નાશ કરે છે એવા ધર્મી પુરુષોએ. જોયું! એવા ધર્મી પુરુષોએ. સત્ય પવિત્ર કાર્ય કરનારા પુરુષોએ. '**કદી પણ છોડવાયોગ્ય નથી.**' શું? એ શુદ્ધ ધ્રુવ છે તેની એકાગ્રતા કદી છોડવા જેવી નથી. પુણ્ય-પાપની એકાગ્રતા છે ને એ છોડવા જેવી છે. સમજાણું કાંઈ? આ તો અધ્યાત્મ વાત છે. એને કોઈ દિ' સ્પર્શ્યો નથી ને એટલે એમ લાગે કે આ તે શું કેમ શું કહે છે આ વાત? એ તારા ઘરની અને તું એવડો છો. સમજાણું કાંઈ?

એવા ધર્મી પુરુષોએ '**કદી પણ છોડવાયોગ્ય નથી.**' સ્વરૂપ તરફની નયનો જે શુદ્ધનય વિષય, એને પકડનાર, એની એકાગ્રતા કદી છોડવા જેવી નથી. ભગવાન મહિમાવંત પ્રભુ, એના તરફની શુદ્ધનય એટલે એકાગ્રતા, એટલે એની પરિણતિ, શુદ્ધ પરિણતિ એટલે કે જેવો શુદ્ધ ધ્રુવ અમાપ શક્તિવાળો છે, તેવી જ અંતરમાં પરિણતિ શુદ્ધ થાય અવસ્થા. એ શુદ્ધ પરિણતિ કદી છોડવા જેવી નથી. આસ્રવ એ અશુદ્ધ પરિણતિ છે એ છોડવા જેવી છે. આ છોડવા જેવી નથી. સમજાણું કાંઈ?

'**શુદ્ધનયમાં સ્થિત તે પુરુષો,...**' જેણે ભગવાનનો અંતરમાં ભેટો કર્યો એવા પુરુષો, મહિમાવંત પ્રભુ, એવો મહિમાવંત કીધો હતો ને પહેલો? ધીર ઉદાર એની મહિમા છે. વસ્તુ મહા મહિમાવંત છે એવું જ્ઞાન અંદર. સમજાણું? એમાં '**સ્થિત તે પુરુષો,...**' આસ્રવનો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

અધિકાર છે ને આ? એટલે આસ્રવ સંસાર છે, ઉદયભાવ છે. ત્યારે એનો અભાવ ત્રિકાળ પરમ સ્વભાવને આશ્રયે થાય છે. કહો, સમજાણું કાંઈ આમાં? આ વ્રતનું પાછું આજે આવ્યું છે. વ્રત એટલે ક્ષયોપશમ. ખૂબ લખ્યા જ કરે છે. હવે તત્વાર્થ સૂત્રમાં ચોખ્ખો પાઠ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એમ નહિ. આ વ્રત, અવ્રત વૃત્તિ ઉઠે છે આ છોડવું, હિંસા ન કરું એ તો વિકલ્પ છે. આસ્રવ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ એને અહીંની શું વાત છે? સત્ છે એ એણે જોવું જોઈએ ને. અહીં સોનગઢનું શું કામ છે? સોનગઢનું સાચું થઈ જાય તો વાંધો આવે છે ઘણાંને. એમ થઈ જાય છે ભાઈ! એમ નથી, બાપુ! સોનગઢનું નથી, એ તો આત્માનું છે. આહાહા..! જરી ધીરેથી એને જો. ધીરેથી એને સાંભળ તો ખબર પડશે આ તો મારા સત્ના ઘરની વાત છે. આ કોઈના ઘરની નથી. સાંભળવા જેટલો પણ વખત નહિ, એને સમજવાનો વખત ક્યારે અને ઠરવાનો વખત ક્યારે?

કહે છે, ધર્મી પુરુષોએ-સમ્યગ્દષ્ટિએ શુદ્ધ સ્વભાવનો આશ્રય કોઈ દિ' છોડવા જેવો નથી. અંતરમાં દૃષ્ટિમાં જે શુદ્ધ સ્વરૂપ અનાદિઅનંત લીધું તે કદી કોઈ ક્ષણ છોડવા જેવી નથી. કારણ કે તેના આશ્રયે જીવને સંવર, નિર્જરા અને કર્મનો નાશ થાય છે. સમજાણું કાંઈ?

'**બહાર નીકળતા એવા પોતાના જ્ઞાનકિરણોના સમૂહને...**' એટલે શું કહે છે? જ્ઞાનની અવસ્થા જે પ્રગટ થઈ છે એ બહાર જતી હોય રાગ અને પરને જાણવા, '**(અર્થાત્ કર્મના નિમિત્તે પરમાં જતી જ્ઞાનની વિશેષ વ્યક્તિઓને) અલ્પ કાળમાં સમેટીને,...**' પર તરફ વલણ જતું, આમ સ્વભાવ તરફ વાળે છે એમ કહે છે. જે જ્ઞાનની વર્તમાનદશા આમ રાગમાં જતી હોય પરને જાણવા જાય છે એવી જે જ્ઞાનની દશા, એને અંતરમાં વાળીને, અંતરમાં સમેટીને વર્તમાન જ્ઞાનની પ્રગટ અવસ્થા, જે અંતરમાં વાળી છે એમાં પણ જ્યારે અસ્થિરતાને લઈને જ્ઞાન અવસ્થા, પર તરફના લક્ષના વલણમાં જાય છે તેવી જ્ઞાનની દશાને અંતરમાં વાળતો. પ્રવિણભાઈ! રામ... રામ... રામ... રામ... રામ... રામ... કરો. એ રામ-રામ આતમરામ-આતમરામ. આત્મા ભગવાન ચિદાનંદ આનંદકંદ વસ્તુ આતમરામ. એમાં અંતર દૃષ્ટિ દઈને ઠર અને એ જ્ઞાનનો અંશ કદાચિત્ બહાર તરફના વલણમાં જાય છે એને પાછો વાળીને ત્યાં લાવ. સમજાણું કાંઈ?

'**જ્ઞાનના કિરણોના સમૂહને...**' જ્ઞાનની પર્યાયને બહિર્મુખ ન જતાં અંતરમાં વાળવી. વસ્તુ જે છે એની અવસ્થા બહાર જાય છે એને અંતરમા વાળ. '**અલ્પકાળમાં સમેટીને,...**'

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


જ્ઞાન અવસ્થાને બહાર જતાં અટકાવી અંતરમાં વાળ. '**અલ્પકાળમાં સમેટીને, પૂર્ણ, જ્ઞાનઘનના પુંજરૂપ,...**' ભગવાન પૂર્ણ કેવળજ્ઞાનનો પિંડ પ્રભુ છે એ જ્ઞાનઘનનો પુંજ છે. વસ્તુ આત્મા એટલે શું? જ્ઞાનનો પુંજ. જ્ઞાનનું સત્ત્વ. એકલો જ્ઞાનનો રસ. કહો, સમજાણું? સાકર આવે છે ને? શું કહે છે? સેક્રિન. કેટલા ગુણી? છસ્સો ગુણી કાંઈક કહે છે મીઠાશ. આ તો અનંતગુણો જેનો સ્વભાવ છે. જ્ઞાનસ્વભાવ-જાણકસ્વભાવ, શ્રદ્ધાસ્વભાવ, આનંદસ્વભાવ એવા સ્વભાવ તરફ જે અવસ્થા બહાર જાય છે તેમને વાળીને.

'**પૂર્ણ, જ્ઞાનઘનના પુંજરૂપ, એક,...**' એકરૂપ વસ્તુ ત્રિકાળ. '**અચળ,...**' ન ચળે તેવી. '**શાંત તેજને...**' શાંત તેજ. વીતરાગી જ્ઞાન. શાંત તેજ-અકષાય સ્વભાવવાળું જ્ઞાન. ભગવાન આત્મા અકષાય જ્ઞાનસ્વભાવ. શાંત જ્ઞાન. એવા '**તેજઃપુંજને દેખે છે અર્થાત્ અનુભવે છે.**' કહો, સમજાણું આમાં? બહારની વાત હોય તો ઝપટ વાગે, લ્યો. માણસો કેટલા ભેગા થાય ને વાહ.. વાહ.. વાહ.. (થાય). વિદ્યાલય કરવી, ફલાણું કરવું. આ કરવું, મંદિર કરવા. લ્યો એય..! મલૂકચંદભાઈ! સૂઝેય પડે. આ શું કહે છે? એને સૂઝ પડતી નથી મગજમાં. એનો રસ્તો શું છે એ કોઈ દિ' સાંભળ્યો નથી.

ભાઈ! તારી સત્તા ચૈતન્યશિલા, ચૈતન્ય શાશ્વત પડી છે અંદર. જેમ બરફની શિલા હોય ને? જ્યાં જુઓ તો ઠંડી... ઠંડી... ઠંડી... ઠંડી... અને ઠંડાના સ્વભાવવાળું આખું તત્ત્વ-શિલા. એમ ભગવાન અકષાય શાંતરસની શિલા છે. આરે..! આ શું?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ કીધું ને આ તેજપુંજ બતાવે છે ને. એઈ..! ચંદુભાઈ!

રાગદ્વેષ થાય છે કે નહિ? આ આસ્રવ બતાવે છે. આસ્રવ સામે શાંતરસ બતાવે છે. પુણ્ય-પાપની વૃત્તિ થાય છે કે નહિ? એ અશાંત છે, શાંતરસથી વિરૂદ્ધ દુઃખરૂપ છે. અશાંતિ છે, આકુળતા છે. હવે એ ત્રિકાળી શાંતરસની વિપરીત અવસ્થા છે. સમજાણું કાંઈ? એટલે કહે છે કે એમાંથી ખસીને એ વિપરીત અવસ્થા જે છે આસ્રવ, એમાંથી ખસીને શાંત તેજ જેનું છે, અકષાય જ્ઞાનમૂર્તિ આત્મા છે, એને તું અંતરમાં જો, તને આત્મા દેખાશે. આત્મા અનુભવાશે, દેખાશે એટલે. રીત પણ આકરીને. માણસને લાગે. બીજો કોઈ ઉપાય છે કે નહિ? એમ કહે. એટલે કે આ વ્યવહાર કરતા કરતા થાય એવું કાંઈ છે કે નહિ? ના. એમ કહે છે. એ દુઃખ કરતા કરતા આનંદનો અનુભવ થાય કે નહિ? એમ ના પાડે છે અહીં. દુઃખ કહો કે આસ્રવ કહો.

શાંત તેજ. શબ્દ છે ને અંદર. શું છે? '**शान्तं महः**' છે ને? '**पूर्ण ज्ञानघनौधमेकमचलं पश्यन्ति शान्तं महः**' શાંત તેજ, શાંત તેજ. આહાહા..! આ વળી બધા તેજ જે દેખાય

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

છે આ બધા ઉષ્ણતા ને આ ચંદ્રના ને ઓલા. આ તો અકષાય સ્વભાવનો શાંત તેજ પ્રભુ છે. આહાહા..! શબ્દો પણ કેટલા.. સમજાણું કાંઈ? ભગવાન શાંત શિલા છે એમ કહે છે.

અરૂપી પણ પદાર્થ છે કે નહિ? અરૂપી વસ્તુ છે, પદાર્થ છે, અસ્તિ છે. અસ્તિ છે તો તેનો સ્વભાવ અસ્તિ છે. કેવો સ્વભાવ? કે પુણ્ય-પાપના વિકલ્પથી રહિત શાંત જેનો સ્વભાવ છે. આહાહા..! એવા સ્વભાવની દૃષ્ટિ કર, એમાં ઠર. તને શાંતરસનું તેજ અનુભવાશે. આસ્રવનો જે અનાદિથી પુણ્ય અને પાપનો વિકલ્પનો અનુભવ કરે છે એ દુઃખરૂપ, સંસાર-સંસાર, નરક અને નિગોદનું દુઃખ છે. નરક અને નિગોદ એટલે સંયોગ દુઃખ નથી, ઓલો ભાવ જ દુઃખરૂપ છે. નરકમાં કે નિગોદમાં દુઃખ સંયોગનું નથી. જેટલા પ્રમાણમાં એ મિથ્યાત્વ અને અજ્ઞાન, અવ્રત, પ્રમાદ કષાયના પરિણામ કરે છે એ દુઃખ છે. કહો, સમજાણું આમાં? મોહનભાઈ! આ દુઃખ છે, કહે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ધૂળમાંય નથી. શું છે? એય..! મલૂકચંદભાઈ! આ બેઠા મલૂકચંદભાઈ અને આ બેઠા.. કહો શું કહેવાય? મોટા ઓફિસર. આ શેઠિયા બેઠા ઓલા પાછળ. એક વેપારી અને એક ઓફિસર. એય..! હિંમતભાઈ! આ અમારે પંડિત બેઠા મુંબઈના. આહાહા..!

આમ જો તો. ન્યાયથી વિચાર તો કર. એ વસ્તુ છે એનો જો આશ્રય લીધો હોય તો તો એ સુખી હોય. તો તો એને સંસાર હોય નહિ પછી. એ રસ્તો લીધો હોય તો એ રસ્તો પૂરો થઈને સંસાર હોય નહિ. એણે અનંત કાળથી ભગવાન શાંતરસનો પિંડ ઉદાર, ધ્રુવ, મહિમાવંત પદાર્થ છે એનો આશ્રય લીધો નથી, ત્યાં દૃષ્ટિ મૂકી નથી, એને જોવા-અનુભવ કરવા નવરો થયો નથી. અનાદિથી ઓલા શુભ અને અશુભનું (પિષ્ટપેષણ કર્યા કરે છે). એના વાંધા કર્યા ઓલાએ. લ્યો, એ કહે છે કે ખાવું-પીવું એ કરતો નથી, ખાવું-પીવું કરતો નથી. પણ ખાવા-પીવાની ક્રિયા ક્યાં કરે છે એ? એ તો ખાવા-પીવા ટાણે જે હરખ થાય, રાગ થાય એને વેદે, ભોગવે છે. લ્યો, ત્યારે માંસ ખાય તોપણ વાંધો નહિ. એવી શીખ આપે, ભગવાન! ભારે ભાઈ તું. આહાહા..!

ભાઈ! તારી દશામાં એ સંયોગ કાળે માંસ હોય તો પણ માઠા પરિણામનો ભાવ ભોગવતો હોય એ વખતે. ભુંડા ભાવનો. મહાપાપનો ભોગવતો હોય. માંસનો નહિ. એ તો માટી-જડ છે. આત્મા અરૂપી છે. એને રૂપ અડતું નથી. આત્મા અરૂપી એને અડતો નથી. ફક્ત એવા માંસના કે ભોગના કે ખાવા-પીવાના પ્રસંગના કાળમાં પોતાનું જ્ઞાન એની તો દુરી લક્ષમાં લઈ અને રાગ કરે છે એ રાગને ભોગવે છે. સમજાણું કાંઈ? એવી ચીજ જ છે ત્યાં એ વસ્તુને એ રીતે ન બેસે. આમ કર્યું ને આ ભોગવું છું. શું ધૂળને ભોગવે છે?

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ભાઈ! અરૂપી વસ્તુ છે. જેમાં રાગનો,.. રાગ જે છે એ પણ અરૂપી છે ખરેખર. રંગ, ગંધ, રસ, સ્પર્શના અભાવની અપેક્ષાએ. સમજાય છે? એને રૂપી કહેવો એ તો સ્થુળ છે. ચૈતન્ય સૂક્ષ્મ વિપરીતભાવ થાય એ અપેક્ષાએ સ્થુળ, રૂપી, પુદ્‌ગલ એમ કહેવામાં આવે છે. પણ વર્ણ, ગંધ, રસ, સ્પર્શનો એમાં અભાવ છે. એ અપેક્ષાએ રાગ પણ અરૂપી છે. રાગથી રહિત ભગવાન આત્મા અંદર છે એ તો સૂક્ષ્મ ચૈતન્યઘન છે. એને કહે છે કે અનુભવ. તો તને તેજ, શાંત તેજ પુંજ-અકષાય શાંત. આસ્રવથી રહિત અકષાય સ્વભાવ, એના ઉપર દૃષ્ટિથી તારી પર્યાયમાં શાંત જ્ઞાનનો અનુભવ થશે. એનું નામ અનુભવનો માર્ગ મોક્ષનો કહેવામાં આવે છે. માણસ પછી એમ કહે કે, આ તો નિશ્ચયની (વાતું). પણ નિશ્ચય એટલે સાચું. વ્યવહાર એટલે ઉપચારી. વાત હોય વિકલ્પ કહે કે ભાઈ! આ સાધન છે અને ઢીંકણું. એ તો બધી ઉપચારની વાત છે. અહીં તો એ વાત લેવી જ નથી. શુભભાવ એ આસ્રવ સાધન થાય? આહાહા..!

મુમુક્ષુ :- ન થાય...

ઉત્તર :- ન થાય એ તો બતાવવું છે. આસ્રવનું છેલ્લું પૂરું કરતાં.

જે પોતાના આનંદ... વસ્તુ હોય એને દુઃખ ન હોઈ શકે. દુઃખ વિકૃતપણું બતાવે છે. વિકૃત એ કૃત્રિમ અવસ્થા હોય. દુઃખ એ ત્રિકાળી વસ્તુ હોઈ શકે નહિ. વસ્તુ હોય એ સ્વતઃસિદ્ધ, સ્વતઃસિદ્ધ. અકૃત્રિમ, સુખરૂપ, શાંતરૂપ હોય એને વસ્તુ કહીએ. પુણ્ય-પાપના વિકલ્પ ઉઠે છે એ તો દુઃખરૂપ, વિકૃત ભાવ છે. એ વિકૃત ત્રિકાળી આનંદનું ઊલટું રૂપ છે. હવે ઊલટું રૂપ કૃત્રિમ છે અને એનું સુલટું રૂપ અકૃત્રિમ ત્રિકાળ છે. એવા આત્માનો શુદ્ધનયથી અંતર ઠરીને અનુભવ કર. તને શાંત તેજ પુંજને દેખે એટલે અનુભવશે. એમ. એટલે તને કહે છે, જે પુણ્ય-પાપના વિકલ્પ આસ્રવ એ દુઃખરૂપ છે. એનાથી રહિત ભગવાન આત્મામાં નજર કરતાં તને શાંત અને આત્માના આનંદનો સ્વાદ આવશે. એ શાંત આનંદનો સ્વાદ આવશે. પુણ્ય-પાપના વિકલ્પમાં અશાંત અને આકુળતાનો સ્વાદ છે. સમજાણું કાંઈ? ઠરી જાય એવો માર્ગ છે.

કહે છે કે ભાઈ! તું છો કો નહિ? છો તો કેવડા સ્વભાવવાળો છો? શાશ્વત સ્વભાવવાળો છો. શાશ્વત સ્વભાવ તારો ક્યો છે? વસ્તુ શાશ્વત છે તો તારો સ્વભાવ શાશ્વત શું છે? જ્ઞાન, આનંદ, શાંતિ. શાંતિ એટલે ચારિત્ર કહેવાય. પુણ્ય-પાપના વિકલ્પો છે એ અચારિત્ર છે. સમજાણું? દુઃખ છે. આત્મા આનંદ અને ચારિત્ર શાંતરસવાળો છે. અરે..! પણ એ શું છે હજી એને મહિમા જ આવે નહિ ત્યાં સુધી એની દૃષ્ટિ, વલણ થાય કઈ રીતે? સમજાણું?

કહે છે કે ભગવાન! તું આવો છો. ત્યાં નજર કર અને ઠર. તને શાંત તેજનો સ્વાદ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

આવશે. તને આનંદનો સ્વાદ આવશે. પુણ્ય-પાપનો વિકલ્પ જે છે એ દુઃખરૂપનો સ્વાદ છૂટી જશે અને આનંદનો સ્વાદ આવશે. એ આનંદનો સ્વાદ આવવો એનું નામ મોક્ષનો માર્ગ કહેવામાં આવે છે.

'**ભાવાર્થ :- શુદ્ધનય, જ્ઞાનના સમસ્ત વિશેષોને ગૌણ કરી...**' એટલે જ્ઞાનની વર્તમાન અવસ્થામાં ભેદ ભેદ મતિ-શ્રુત આદિ પડે છે કે નહિ? એ બધા ગૌણ કરીને. અવગ્રહ, ઈહા, અવાય, ધારણા વગેરે ભેદ પડે છે એનું લક્ષ છોડી દઈને '**પરનિમિત્તથી થતા સમસ્ત ભાવોને ગૌણ કરી,...**' અને વિકલ્પાદિ જે થાય છે એને પણ લક્ષમાંથી છોડી દઈ '**આત્માને...**' આત્માને. શુદ્ધનય એમ લેવું. '**શુદ્ધનય,...**' એક વાત. જ્ઞાનના સમસ્ત ભેદોને ગૌણ કરી દઈ. એના ભેદ ઉઠે જ્ઞાનની અવસ્થામાં તેને લક્ષમાંથી છોડી દઈ. પર નિમિત્તથી થતાં પુણ્ય-પાપના વિકલ્પો તેનું લક્ષ છોડી દઈ. ગૌણ કરી દઈ એટલે લક્ષ છોડી દઈ '**આત્માને શુદ્ધ, નિત્ય, અભેદરૂપ, એક ચૈતન્યમાત્ર ગ્રહણ કરે છે...**' કોણ? શુદ્ધનય. છે કે નહિ અંદર? અંતરનો સમ્યગ્જ્ઞાનનો પર્યાય અંતરમાં વળેલો એ જ્ઞાનનો પર્યાય કોને ગ્રહણ કરે છે? જે જ્ઞાનની વર્તમાન નિર્મળ દશા એવો શુદ્ધનય એ અંતરમાં કોને ગ્રહણ કરે છે? કોના તરફ વળે છે? શેમાં એકાગ્ર થાય છે?

એ '**આત્માને શુદ્ધ, નિત્ય,...**' કાયમ રહેનાર. પવિત્ર નિત્ય રહેનાર '**અભેદરૂપ,...**' ભેદ વિનાનો. ગુણ-ગુણીનો ભેદ પણ નહિ. એ શુદ્ધનય આવા આત્માને પકડે છે. '**એક ચૈતન્યમાત્ર ગ્રહણ કરે છે...**' એક ચૈતન્યમાત્ર જાણક સ્વભાવ એકરૂપ, સામાન્ય કહો કે એકરૂપ કહો, એકરૂપ વસ્તુ તરફ શુદ્ધનય એકરૂપને ગ્રહણ કરે છે. કહો, સમજાય છે આમાં કાંઈ? બે પ્રકાર પાડ્યા. એક તો વિશેષોને ગૌણ કર્યા અને એક તો પરના નિમિત્તે થતાં વિકલ્પોને ગૌણ કર્યા. એમ. પુણ્ય-પાપના વિકલ્પ દૃષ્ટિને શુદ્ધનય ગ્રહણ કરતો નથી એટલે એને ગૌણ કર્યો કહેવાય. વ્યવહાર છે ખરો. રાગાદિને ગૌણ કર્યો, શુદ્ધનય એને પકડતી નથી.

શુદ્ધનય તો ધ્રુવ. '**શુદ્ધ, નિત્ય, અભેદરૂપ, એક...**' પાછું. એટલા વિશેષણો તો વળી બીજા પરમાણુને લાગુ પડે. '**એક ચૈતન્યમાત્ર...**' એમ. સમજાણું કાંઈ? એટલે પરમાણુ શુદ્ધ છે, એ નિત્ય છે અને એ પણ અભેદ છે. આ આત્મા કેવો? કે શુદ્ધ, નિત્ય, અભેદરૂપ ચૈતન્યમાત્ર. એમ. જાણકસ્વભાવ... જાણકસ્વભાવ... જાણકસ્વભાવ... એકરૂપ સ્વભાવ... એકરૂપ ભાવ. સમજાણું કાંઈ? આ ધર્મ કરવાની વિધિ પણ ભારે. હજી વિધિની ખબર ન મળે એ કરવા માંડે. શીરાની ખબર ન મળે શીરો કેમ કરવો અને કરવા માંડે. એમ ધર્મ કેમ કઈ વિધિએ થાય એ ખબર ન મળે અને કરો ધર્મ. ક્યાં ધર્મ? ધૂળમાં થતા હશે? સમજાણું કાંઈ?

કહે છે કે શુદ્ધનય જે પ્રમાણજ્ઞાનનો એક અંશ અંતરમાં વળે તે જ્ઞાન, તે જ્ઞાનનો અંશ વર્તમાન પ્રગટ છે તે, અંતરમાં આખી ચીજ જે શુદ્ધ છે, ટકતી છે અને એકરૂપ છે, અભેદ છે, ગુણ-ગુણીનો ભેદ નથી એવું એક ચૈતન્યમાત્ર, એક જ્ઞાયકભાવ, એક ચૈતન્ય સ્વભાવ, ચૈતન્ય સ્વભાવ, ધ્રુવ સ્વભાવ, એકરૂપ એને ગ્રહણ કરે છે.

'**તેથી પરિણતિ શુદ્ધનયના વિષયસ્વરૂપ ચૈતન્યમાત્ર શુદ્ધ આત્મામાં એકાગ્ર-સ્થિર-થતી જાય છે.**' લ્યો! એને લઈને વર્તમાન દશા ધ્રુવ અભેદ નિત્ય ચૈતન્યમાત્રમાં ઠરતા વર્તમાન દશામાં વર્તમાન હાલતમાં... '**તેથી પરિણતિ...**' ત્યાં તમારી મેળે વાંચો તો કાંઈ સમજાય એવું નથી હોં! સુમનભાઈ! ઓલા તેલમાં તમે ડહાપણ કરો. આમાં કાંઈ સમજાય એવું નથી. એય..! તેલમાં હવે ગોઠવાશે. પહેલાં ... .. ત્યાં કહે, આમ છે ને તેમ છે. અહીં તો મોહમાથુ સૂઝે નહિ. કહો, સમજાણું આમાં? આહાહા..!

ભગવાન ચૈતન્ય જાગતી જ્યોત હયાતી સત્‌થી ભરેલું તત્ત્વ છે. સત્ એટલે હયાતીવાળું ધ્રુવ. એવો ભગવાન એમાં સ્થિર થતો જાય છે. એકાગ્ર એટલે સ્થિર થતી જાય છે એમ અર્થ છે. એકાગ્રનો અર્થ કર્યો. શુદ્ધ આત્મામાં કેવો? કે '**શુદ્ધનયના વિષયસ્વરૂપ ચૈતન્યમાત્ર શુદ્ધ આત્મામાં...**' એની પરિણતિ એટલે વર્તમાન દશા ત્રિકાળમાં એકાગ્રતા એટલે સ્થિર થતી જાય છે. કહો, સમજાણું આમાં?

'**એ પ્રમાણે શુદ્ધનયનો આશ્રય કરનારા જીવો...**' આ રીત કહી છે તે પ્રમાણે શુદ્ધનયનો આશ્રય કરનારા જીવો '**અલ્પકાળમાં બહાર નીકળતી જ્ઞાનની વિશેષ વ્યક્તિઓને...**' ભેદરૂપ જ્ઞાનની અવસ્થાને છોડી દઈને '**સંકેલીને, શુદ્ધનયમાં (આત્માની શુદ્ધતાના અનુભવમાં) નિર્વિકલ્પપણે ઠરતાં...**' શુદ્ધ સ્વરૂપમાં જ્ઞાનને ઠરતાં. એ ધ્રુવ સ્તંભ પડ્યો છે ભગવાન. એ ધ્રુવની સાથે પરિણતિને ઠરતાં. એ પર્યાય ત્યાં ધ્રુવ સાથે એકાગ્ર થતાં-નિર્વિકલ્પપણે ઠરતાં. ત્યાં વિકલ્પ ને ભેદ છે નહિ. એવા સ્વરૂપમાં અભેદપણે ઠરતાં '**સર્વ કર્મોથી ભિન્ન કેવળ જ્ઞાનસ્વરૂપ,...**' કેવળ એકલું જ્ઞાનસ્વરૂપ. એકલો ભગવાન જ્ઞાનમૂર્તિ ચૈતન્ય ભિન્ન દેહથી, રાગથી. એકલો કેવળ જ્ઞાન. એકલો કેવળ જ્ઞાન પૂર્ણ.

'**અમૂર્તિક પુરુષાકાર,...**' અરૂપી પુરુષને આકારે વસ્તુ. શરીરને આકારે છે ને? '**વીતરાગ જ્ઞાનમૂર્તિસ્વરૂપ...**' એવો જે સમરસી જ્ઞાનસ્વરૂપ. જ્ઞાનમૂર્તિ એટલે જ્ઞાનરૂપ એવું સ્વરૂપ એવા '**પોતાના આત્માને દેખે છે...**' આહાહા..! કહો, સમજાણું? ક્યાં ગયો? ... તોફાન થયું તો સાંભળવાનું તો મળ્યું. ઓલા છોકરા તોફાન કરે છે ને ત્યાં કોલેજમાં. તો કહે, ન જવું. અહીં કહેતો હતો. જ્યોતિ કહેતો હતો. એટલા પુણ્ય મારા તે આ બધું આવું અટકી ગયું. વાડીભાઈ એમ કહેતા હતા. કરોડપતિ. કાનજી પાનાસણનો દીકરો. એક વ્યાખ્યાન સાંભળ્યું.

ટિકીટ લેવા ગયા તો ટિકીટ મળી નહિ. આ શું કહેવાય તમારા? પ્લેનની. ટિકીટ મળી નહિ. કરોડપતિ છે ને? કાનજી પાનાસણ. વાડીભાઈ કહેતા હતા. ટીકીટ મળી નહિ. પછી બીજું વ્યાખ્યાન સાંભળવા આવ્યા. આહાહા..! ભાગ્ય મારા. આ ટીકીટ ન મળી તો સારું થયું. આવું કો'ક વખતે વ્યાખ્યાન એવું આવ્યું. કહો, સમજાણું? કરોડપતિ માણસ. આહાહા..!

મુમુક્ષુ :- ...કરોડપતિની કિંમત.

ઉત્તર :- કાંઈ નથી કિંમત એમ કહે છે. આ દુનિયા ધૂળની કિંમત કરે છે કે નહિ? આ જુઓને એના બાપને કેવું થતું હતું. પુનમ... પુનમ.. પુનમ થઈ જાય છે એને. આ દિલ્હીમાં છે ને ઓલું પાલખીનું મોટું. સર્ટિફિકેટ. આમ આઠ દિ' ૭,૭૮,૦૦૦ પેદા કર્યા. ૭,૭૮,૦૦૦. ઓહોહો..! શું છે પણ? આ કાંકરા બધા ઘણાં છે બહારના.

મુમુક્ષુ :- .. કામમાં આવે ને. અને હવે તો મંદિર બનાવવામાં...

ઉત્તર :- ધૂળમાંય કામ આવે નહિ. આ મારા છે એવી મમતા કામમાં આવી દુઃખરૂપે. આહાહા..! પૂર્ણ ભગવાન આત્મા એ પૂનમ એને છોડીને આ દશામાં જાય, એ હીણો થઈને રખડે છે. હીણાનો એને મીણો કરે છે. દસ લાખ, વીસ લાખ, કરોડ. ઓલામાં આવ્યું હતું, ૮૦ લાખની ફિલમ લીધી છે પણ થોડા વર્ષમાં પાંચ કરોડ થઈ જવાના એને. છાપાવાળા વખાણ કરે. એ લીધા હતા ને. ત્રણે જણાએ લીધું હતું. એક એક લાખ લીધાને ત્રણેયે. પહેલા સો. શું કહેવાય તમારે? .. માં લીધા. પેલા પણ રાજી થયા અને આ પણ રાજી થાય. કે આહાહા..! ધૂળેય નથી, સાંભળને હવે. રાગનો વિકલ્પ પાપનો ઉઠાવીને દુઃખ છે એમાં. આહાહા..!

કહે છે, ઓહો..! કેવી વાત લીધી, જુઓને! આચાર્યે થોડા શબ્દોમાં કેટલો ગંભીર ગૂઢ ભાવ ભર્યો છે! ઓહોહો..! ભગવાન! તું મોટો મહિમાવાળો પ્રભુ. એમાં ઠર.. એમાં ઠર.. એમાં ઠરતા વિકાર અને કર્મ બેય નાશ થશે. બીજો કોઈ ઉપાય નથી. રસ્તો જ આ છે, બીજો માર્ગ જ નથી. અને બીજી રીતે હોઈ શકે જ નહિ ને. પરને આશ્રયે બાંધેલા, વિકાર થયેલા એ સ્વને આશ્રયે છૂટે. ઓલામાં ધર્મધ્યાનમાં નથી આવતું? એ ધર્મધ્યાનનો કાઉસગ્ગ બહુ શિખ્યા છે. 'મિથ્યાત્વે બાંધ્યા કર્મ, સમકિતે છૂટે.' આવે છે કે નહિ? એય..! ન્યાલચંદભાઈ!

મુમુક્ષુ :- એમાં લખ્યું છે અને બોલે છે.

ઉત્તર :- એમાં ઘણું લખ્યું છે કે મિથ્યાત્વે બાંધ્યા કર્મ. અવ્રતે બાંધ્યા કર્મ વ્રતથી છૂટે, પ્રમાદે બાંધ્યા કર્મ .. એવું આવે છે અંદર. ધર્મધ્યાનના કાઉસગ્ગમાં. આવે છે કે નહિ ભાઈ? એ વ્રત નથી. આજ જ બોલ્યા હતા એ જ પાછું આવ્યું. જુઓ! મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય અને યોગ એ બંધના કારણ છે. એની સામે સમકિત, વ્રત, અપ્રમાદે મોક્ષ થાય.

આજ જ આવ્યું હતું, હોં! પહેલો જ બોલ છે એનો. જુઓ! 'ઉદયભાવ ભાવ સંસાર નહિ હો સકતા ઉસસે ભી સિદ્ધ હૈ કિ .. ઉદયિકભાવ નહીં હૈ. ઉમાસ્વામી આચાર્યને ...' જુઓ! સમજ્યાને?

મુમુક્ષુ :- એ સિદ્ધ કરવું પડે છે એને?

ઉત્તર :- સિદ્ધ કરવું પડે છે શાસ્ત્રથી એને. એની સામે પાંચ છે. ઈ છે ક્યાંક. પાંચ બોલ છે એની સામે પાંચ છે. એવું કાંઈક લખ્યું છે ખરું. ભૂલી ગયા. આહાહા..! સિદ્ધાંતિક ચર્ચા. આમાં પણ પાંચ લીધા છે. સમજ્યાને? મિથ્યાત્વ, અવ્રત છે ને? બંધના કારણ. એની સામે સમકિત, અવ્રતની સામે વ્રત. વ્રતને ઉદયભાવ કહેવાય? વ્રત તો મોક્ષનો માર્ગ છે.

મુમુક્ષુ :- તો સમકિતની વ્યાખ્યા શું કરશે?

ઉત્તર :- એ વળી જુદી વાત છે. સમકિત કોને કહેવું? એ તો એનું દેવ-ગુરુ-શાસ્ત્ર માને. અરે..! ભગવાન! ભણી ભણીને ભૂલ્યો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નહિ. સમકિતીના વ્રત છે આ તો. અમે અનેકાંતને માનનારા અને અમારા વ્રત છે. એમ કહે. નથી કર્યું એ નથી જ કર્યું. અનેકાંત કોઈ દિ' માન્યું જ નથી. જુઓને! એકાંત .... નીકળ્યા છે કેટલા? એમ કહે છે. આહાહા..!

મુમુક્ષુ :- એકાંત અને અનેકાંતની વાત જ ચાલતી નહોતી.

ઉત્તર :- ચાલ્યું તો ખરું હવે થોડું. આહાહા..!

કહે છે, એ '**શુક્લધ્યાનમાં પ્રવૃત્તિ કરીને...**' જુઓ! ઠરે છે ને અંદર? કહે છે. વસ્તુ શુદ્ધ ધ્રુવ અભેદ અખંડાનંદ ભગવાન એમાં ઠરતો. પહેલો મિથ્યાત્વનો નાશ થાય છે, ઠરતો પછી અવ્રતનો નાશ થાય છે, ઠરતો પ્રમાદનો નાશ થાય છે, ઠરતો કષાયનો નાશ (થાય છે). શુક્લધ્યાનમાં ચડતા '**અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન પ્રગટાવે છે.**' લ્યો! શુક્લધ્યાનમાં પ્રવૃત્તિ કરીને. જુઓ! એ સ્વરૂપમાં ઠરીને. '**શુદ્ધનયનું આવું માહાત્મ્ય છે.**' શુદ્ધનય એટલે સમ્યગ્જ્ઞાનનો અંશ આખા તત્ત્વને પકડીને એકાગ્ર થાય એવું શુદ્ધનયનું આવું માહાત્મ્ય છે. એનાથી ક્રમે ક્રમે કેવળજ્ઞાન પામે છે.

'**માટે શુદ્ધનયના આલંબન વડે જ્યાં સુધી કેવળજ્ઞાન ઊપજે નહિ ત્યાં સુધી સમ્યગ્દૃષ્ટિ જીવોએ શુદ્ધનય છોડવાયોગ્ય નથી એમ શ્રી ગુરુઓનો ઉપદેશ છે.**' લ્યો! ઓલો શ્લોક આવ્યો હતો ને? એને ને એને દૃઢ કરવાનો આ બીજો શ્લોક. પહેલો આવ્યો હતો ને આ તાત્પર્ય-શુદ્ધનય ત્યાગવાયોગ્ય છે. એને ને એને સિદ્ધ કરવાનો આ ૧૨૩મો છે. કહો.

**'હવે, આસ્રવોનો સર્વથા નાશ કરવાથી જે જ્ઞાન પ્રગટ થયું તે જ્ઞાનના મહિમાનું કાવ્ય કહે છે :-'** આખિર મંગળિક કરીને આસ્રવનો અધિકાર પૂર્ણ કરે છે.

**रागादीनां झगिति विगमात्सर्वतोऽप्यास्रवाणां**
**नित्योद्योतं किमपि परमं वस्तु सम्पश्यतोऽन्तः।**
**स्फारस्फारैः स्वरसविसरैः प्लावयत्सर्वभावा-**
**नालोकान्तादचलमतुलं ज्ञानमुन्मग्नमेतत्।।१२४।।**

છેલ્લો શ્લોક. ભગવાન આત્મા **'જેનો ઉદ્યોત (પ્રકાશ) નિત્ય છે એવી કોઈ પરમ વસ્તુને અંતરંગમાં દેખનાર પુરુષને,...'** ચૈતન્ય સૂર્ય, ભગવાન ચૈતન્ય સૂર્ય જેનો ઉદ્યોત નિત્ય છે. જેનો પ્રકાશ નિત્ય છે એવો કોઈ પરમ વસ્તુને અંતરંગમાં દેખનાર પુરુષને. કહેવું છે પાછું ઓલું જ્ઞાન પ્રગટ થાય છે એમ કહેવું છે ને? ચૈતન્ય સ્વરૂપ જ્ઞાનપ્રકાશનું નૂર, આત્મા જ્ઞાનપ્રકાશનું નૂર, એનું પુર. એને દેખનારો. **'જેનો ઉદ્યોત નિત્ય છે એવી કોઈ પરમ વસ્તુ...'** તેઓ ભગવાન પોતે પોતે પરમ વસ્તુ છે. **'અંતરંગમાં દેખનારા...'** જુઓ! અંતરંગમાં તે વસ્તુ શુદ્ધ ધ્રુવ જ્ઞાયકમૂર્તિ, એને અંતરમાં દષ્ટિ-નયથી દેખનારા પુરુષને **'રાગાદિક આસ્રવોનો શીઘ્ર સર્વ પ્રકારે નાશ થવાથી,...'** લ્યો! એને આસ્રવ વિકલ્પનો, વૃત્તિનો, નિર્વિકલ્પ દ્રવ્યને આશ્રયે સ્થિર થતાં દેખનારને-અનુભવ કરનારને **'રાગાદિ આસ્રવોનો શીઘ્ર સર્વ પ્રકારે નાશ થવાથી, આ જ્ઞાન પ્રગટ થયું-'** કેવળજ્ઞાન પ્રગટ થયું. જ્ઞાનની દશા પરિપૂર્ણ થઈ ગઈ. છેલ્લું લેવું છે ને હવે તો.

**'આ જ્ઞાન પ્રગટ થયું-'** પ્રગટ થયું એટલે પર્યાયમાં આવ્યું. એમ. વસ્તુ તો હતી. કેવળજ્ઞાનનો કંદ જ હતો. **'કે જે જ્ઞાન અત્યંત અત્યંત (-અનંત અનંત) વિસ્તાર પામતા...'** જે જ્ઞાન ઉદાર અને ધ્રુવ જે અનાદિઅનંત જે સત્તાસ્વરૂપ હતું, એમાં એકાગ્ર થતાં જે જ્ઞાન પર્યાય પ્રગટ થઈ રાગનો અભાવ કરીને. **'અત્યંત અત્યંત (-અનંત અનંત) વિસ્તાર...'** લ્યો, અત્યંતનો અર્થ અત્યંત-અત્યંત અંત નહિ એવો. અત્યંત-અંત નહિ એવું અનંત. વિસ્તાર. જે રાગમાં અટકતું હતું એ જ્ઞાનમાં પરિપૂર્ણતાને પામ્યું. વિશાળ... વિશાળ... વિશાળ...

**'નિજરસના ફેલાવથી...'** એ જ્ઞાન રાગથી રહિત સ્વરૂપમાં સ્થિરતા કરતાં કરતાં જે જ્ઞાન પ્રગટ થયું. નિજ શક્તિના વિસ્તારના ફેલાવથી **'લોકના અંત સુધીના...'** એટલે લોકાલોકના. **'સર્વ ભાવોને તરબોળ કરી દે છે...'** લોકાલોકને તરબોળ કરી દે છે એટલે કે લોકાલોકને જાણે છે. એમ. ભાષા છે ને એવી? તરબોળ. **'प्लावयत्सर्वभावा-'** **'प्लावयत'** તરબોળ જેમ. સમજાણું? પુરણપોળી ઘીમાં તરબોળ કરે છે ને આમ? ઊની ઊની ઉતરે

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


સીધી અને ઓલામાં નાખે. કારજમાં નાખતા પહેલા, હોં! નજરે જોયું છે.

મુમુક્ષુ :- રોટલી.

ઉત્તર :- હા, પણ એ પુરણપોળી રોટલી લ્યો. (સંવત) ૧૯૫૭માં જોયું હતું. અમારા કુંવરજી કરતાં મોટા ભાઈ ગુજરી ગયા ને. ૧૯૫૭ની વાત છે. મહેમાન આવે. ઘર સાધારણ. ઊની ઊની રોટલી ઘીમાં તપેલીમાં બોળીને દેતા. મને ખબર છે. ૧૧ વર્ષની ઉંમર હતી. થાળીયુંમાં ઘી ભર્યા હોય. તાજા ઘી.

મુમુક્ષુ :- તે દિ' ઘી સોઘું હતું.

ઉત્તર :- પણ સોઘું પૈસા ક્યાં હતા? તે દિ' માંડ માંડ આજીવિકા ચલાવતા હોય. એ વખતે સ્થિતિ એવી હતી. અને રળનાર એ હતા. ગુજરી ગયા તે દિ' ૫૭માં. એક જ. દીપચંદભાઈ મોટા હતા ને. રામજી ભગવાનમાં નોકરી હતી. નોકરી સારી હતી એની. તે દિ'ની વાત હોં! આ તો ૫૬-૫૭ની વાત છે. એ પાણી લાગ્યું અને ગુજરી ગયા. એ જોયું હતું. બધું જોયું છે, હોં! નજરે બધું. ૧૧ વર્ષની વાત છે આ. એ માણસો, મહેમાન, સગા, વહાલા. ઊની ઊની રોટલી ઘીમાં નાખતા. ચોપડીને ન નાખે. તો કહે, આ આવડ્યું નથી. સુખડી આપતા નથી. સુખડી નથી કરતા તો હવે આ તો કરો. આ ખાનાર પણ કેવા?

તરબોળ.. તરબોળ.. એમ આત્મા લોકાલોકના પદાર્થને તરબોળ નામ અંદરમાં જાણપણું કરી લ્યે છે. એમ કહે છે. તરબોળ સમજાણું? વધી ગયું. આખા લોકાલોકથી પણ જ્ઞાન અંદર વિશેષ થઈ ગયું. જ્ઞાનપ્રકાશમય ચૈતન્ય પ્રગટ્યો. લોકાલોક તો તરબોળ થઈ ગયું. ગરી ગયા અંદર.

**'સર્વ પદાર્થોને જાણે છે, જે જ્ઞાન પ્રગટ થયું ત્યારથી સદાકાળ અચળ છે...'** એટલે કે એમ ને એમ રહેશે. મોક્ષ થયો, કેવળજ્ઞાન પ્રગટ થયું એ પછી અવતાર ધારણ નહિ કરે. એમ કહે છે મૂળ. **'અર્થાત્ પ્રગટ્યા પછી સદા એવું ને એવું જ રહે છે– ચળતું નથી, અને જે જ્ઞાન અતુલ છે અર્થાત્ જેના તુલ્ય બીજું કોઈ નથી.'** તેવા જ્ઞાનને અંતરમાં જ્ઞાનમૂર્તિ ભગવાનનો આશ્રય લઈને સ્થિર થાય છે. તેને પહેલું સમ્યગ્દર્શન પ્રગટે છે, પછી ચારિત્ર પ્રગટે છે, પછી શુક્લધ્યાન પ્રગટે, પછી કેવળજ્ઞાન પ્રગટે છે. એવું એનું શુદ્ધનયના માહાત્મ્યનું ફળ છે. એમ આસ્રવનો અભાવ કરીને ઠરે છે એને કેવળજ્ઞાન થાય છે. વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

**જેઠ વદ ૮, શુક્રવાર તા. ૩૦-૦૬-૧૯૬૭**
**શ્લોક-૧૨૪-૧૨૫, પ્રવચન-૨૬૨**

આ સમયસાર, આસ્રવ અધિકાર. ભાવાર્થ છે છેલ્લો. ૧૨૪ કળશનો. આવી ગઈ છે વાત આ તો થોડો ભાવાર્થ છે.

'**ભાવાર્થ :- જે પુરુષ અંતરંગમાં ચૈતન્યમાત્ર પરમ વસ્તુને દેખે છે...**' એમ બે ભાગ પાડ્યા છે અહીંયાં. પાઠમાં તો એકલું છે આમ દેખે છે. પણ અહીં તો શુદ્ધનયનું આલંબન એમ લીધું છે. ઓલામાં આવ્યું હતું ખરું ને? શું કહે છે? જેને સુખી થવું હોય એણે શું કરવું?

મુમુક્ષુ :- ધંધો વેપાર.

ઉત્તર :- સોહનભાઈ! શું કહે છે આ? એ તો આ બધું કરે છે પાપ તો. એય..! ધંધો-વેપાર કરવો. વાત એ સાચી. પણ કોનો? એ પ્રશ્ન હવે આવ્યો. આપણે ધંધા-વેપારમાં જોડી દઈને વાતને સિદ્ધાંતમાં. આ એ જ કહે છે કે જેને સુખી થવું હોય એણે ધંધો-વેપાર કરવો આવો.

મુમુક્ષુ :- સાચો.

ઉત્તર :- સારો કહો કે સાચો કહો. ધંધો-વેપાર કહો તો એ એમ જ છે. ઓલામાં આવે છે ને વ્યવહારમાં, નહિ? .. વાત આવે છે ક્યાંક યોગસારમાં. 'વ્યવહારે ધંધે રહે...' એમ આપણે યાદ કરવું. વ્યવહારે ધંધે રહે... એવું આવે છે. વ્યવહારના રાગદ્વેષના ધંધામાં રહે છે એ દુઃખમાં અને ચોર્યાસીના અવતારમાં રહે છે એમ કહે છે. વ્યવહારે ધંધે .. આવે છે ને. યોગસારમાં. શું પછી આવે છે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પછી? 'બહુધા જગના જીવ...' આત્મા જ્ઞાનાનંદ, શુદ્ધ આનંદ સ્વરૂપ છે એને ભૂલીને પુણ્ય અને પાપના વિકલ્પના રાગના ધંધે જગતના ઘણાં પ્રાણી ચડ્યા છે. એ બધા રખડવાને રસ્તે છે. કહો, સમજાણું આમાં? તો કહે છે કે હવે એ રખડવું કેમ મટે? આસ્રવ છે ને? પુણ્ય અને પાપ આત્માની દશામાં જે શુભ-અશુભ રાગ થાય એ આસ્રવ છે, વિકૃત વિકાર છે, દુઃખરૂપ છે, એને ટાળવા માટે શું ઉપાય?

એણે '**અંતરંગમાં ચૈતન્યમાત્ર પરમ વસ્તુને દેખે છે...**' ભગવાન આત્મા આનંદસ્વરૂપ છે ઈ. વસ્તુ છે ને? પદાર્થ છે ને? છે તો એનો કાયમી સ્વભાવ પણ હોય ને? તો કાયમી

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


સ્વભાવ ચૈતન્યને મુખ્યપણે વર્ણવવું છે. જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... ત્રિકાળ જ્ઞાન. એ જ્ઞાનની સાથે વણેલો અવિનાભાવી આનંદ છે. એવી પરમ વસ્તુને જે અંતર અવલોકે છે. પાઠમાં છે ખરું ને. '**सम्पश्यतोऽन्तः**' '**અને શુદ્ધનયના આલંબન વડે...**' અને પવિત્ર જ્ઞાનનો નય જે આત્માને શુદ્ધપણે અનુભવાવે, શુદ્ધ ચૈતન્ય આનંદ અને અનાકુળ જ્ઞાનની મૂર્તિ, એના ઉપર દૃષ્ટિ કરીને જે શુદ્ધ નિર્મળની અવસ્થાને પ્રગટ કરે એવા આલંબન વડે '**તેમાં એકાગ્ર થતો જાય છે...**' ભગવાન આત્મામાં, રાગમાં જે એકાગ્ર અનાદિથી છે એ આત્માના સ્વભાવમાં એકાગ્ર થતો જાય '**તે પુરુષને, તત્કાળ...**' તરત જ. જેટલે અંશે સ્વભાવ શુદ્ધ ચૈતન્ય વસ્તુ, એને અંતર અવલંબ્યો એટલે અંશે તત્કાળ સર્વ રાગાદિ આસ્રવભાવોનો સર્વથા અભાવ થાય છે. કહો, સમજાણું કાંઈ? છેલ્લી ગાથા છે ને એટલે કેવળજ્ઞાનની વાત લ્યે છે.

ચૈતન્યપ્રભુ અનંત સંપદા જ્ઞાન અને આનંદની અનંત લક્ષ્મી જેના ઘરમાં પડી છે. એ લક્ષ્મીમાં એકાગ્ર થતાં... અનાદિથી કરે છે શું? એ કાંઈ શરીરાદિનું કરતો નથી. કાંઈ બહારના કામ એણે કર્યા નથી. કરે છે એ શું? કે પુણ્ય અને પાપના ભાવ અને મને હિતકર છે એવી મિથ્યાદૃષ્ટિ. સમજાણું કાંઈ? શુદ્ધ-અશુદ્ધ પરિણતિને કરે. એ સિવાય બીજાનો એક રજકણ પણ ફેરવે એ આત્મામાં છે નહિ.

મુમુક્ષુ :- ક્યારે?

ઉત્તર :- ત્રણે કાળે. ક્યારે શું?

આત્મા ત્રણે કાળે પોતાના હોવાપણામાં ઊલટોસુલટો વેપાર કરે. પણ પોતાનું હોવાપણું જે તત્ત્વમાં નથી એ બીજા તત્ત્વમાં અંદર કાંઈ ફેરફાર કરે એવું ત્રણ કાળમાં બનતું નથી. સમજાણું કાંઈ? કહો, મલૂકચંદભાઈ! શું કરતા હશે આ બધું? શુભ અને અશુભ પરિણતિ-પર્યાય કરે. એ સિવાય આંખની પાંપણ ફેરવવી, આંગળી ફેરવવી એના અધિકારની વાત નથી. એ તો બધી જડની અવસ્થા છે.

પોતાના હોવાપણાની ભૂમિકામાં-ક્ષેત્રમાં, એના કાળમાં, એના પ્રદેશમાં... આહાહા..! કાલે તો રાતે જરી ... કેટલા અસંખ્ય પ્રદેશ છે જીવના. એનું ક્ષેત્ર. લોકના જે આકાશના પ્રદેશ જેટલા છે એટલા એક જીવના પ્રદેશ છે. એ પ્રદેશ એટલા છે કે જેના અંગુળના અસંખ્ય ભાગમાં એટલા પ્રદેશ અરૂપી ગણતરીએ છે કે અસંખ્ય ચોવીસીના સમય થાય એટલા તો પ્રદેશની સંખ્યા છે. આટલામાં. વસ્તુ છે કે નહિ? આ નહિ. આ તો રજકણ છે માટી. આ તો અનંત છે. અનંત રજકણ, પોઈન્ટ ટૂકડો કરતા-કરતા એક પોઈન્ટ રહે એવા અનંત છે. પણ એમાં જે આત્મા છે એનું ક્ષેત્ર છે, એના પ્રદેશો અંશ છે. એ એના અંશો અરૂપી

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એની સંખ્યા એટલી છે કે અસંખ્ય ચોવીસીના સમય જેટલા પ્રદેશ છે અંદર. એ કાંઈ અનંતા થયા નથી. અસંખ્ય થયા છે. ઘણાં એટલે કાંઈ અનંત નથી. આહાહા..!

અહીં તો એક છોકરો કાલે ચાલતો હતો. એનું જરી શરીર ઉપરથી વિચાર આવ્યો કે આ દળ. લોકો દળ દેખે છે બહારમાં પિંડને. પણ અંદર ચૈતન્ય અસંખ્ય પ્રદેશી આમ દળ પડ્યું છે આખું. સમજાણું? ભગવાન આત્મા ક્ષેત્ર છે ને શરીર પ્રમાણે. એની પહોળાઈ. પહોળાઈ છે ને? અને એ પહોળાઈમાં એકલો ઘન છે એમ નથી. એના અંશ છે. એક રજકણ જેટલામાં રોકે એટલા ભાગને પ્રદેશ કહે છે. એ વસ્તુ ગહન વસ્તુ સ્વભાવ.

જેમ ક્ષેત્રનું અસ્તિત્વ ક્યાં નથી? ક્યાં નથી? અલોકમાં ક્યાં નથી? આકાશ ક્યાં નથી? અલૌકિક સ્વભાવ! અસ્તિપણે ચાલ્યું જાય એમ ને એમ. નાસ્તિ ક્યાંય હોય નહિ. નાસ્તિ હોય તો પછી શું? આ શું ચીજ છે? ક્ષેત્ર સ્વભાવ અચિંત્ય અસ્તિપણે, કાળ સ્વભાવ અનંત અસ્તિપણે આદિ અંત (રહિત). એમ દ્રવ્ય અનંત, એના અસંખ્ય પ્રદેશ પણ અલૌકિક અસંખ્ય છે. સમજાણું કાંઈ? એના ક્ષેત્રમાં રહેલા એના ચોડાઈમાં અસંખ્ય પ્રદેશ, અસંખ્ય ચોવીસી જેને કહે છે. એક આંખ મીંચીને ઉઘાડે એમાં અસંખ્ય સમય જાય. એવા એવા મિનિટ-સેકન્ડ, મિનિટ, કલાક, વર્ષ, પલ્યોપમનો અસંખ્યમો ભાગ, અસંખ્ય વર્ષ. પલ્યોપમ, દસ ક્રોડાક્રોડીનો એક સાગરોપમ, દસ સાગરોપમની ચોવીસી એવી અનંતી ચોવીસીના સમય. ભાઈ! વસ્તુ એમ છે. ખબર નહિ. ખબર નહિ એટલે કાંઈ વસ્તુ વઈ જાય? એ વસ્તુ જ કોઈ અસંખ્ય ચોવીસીના સમય જેટલા પ્રદેશો. એમાં વ્યાપક અનંત ગુણ છે. એ અનંત ગુણની અમાપ તાકાત છે. એવું એકરૂપ ચૈતન્યનું છે એ અસંખ્ય પ્રદેશનું પણ એકરૂપ લેવું. અનંત સ્વભાવ છે એનો એકરૂપ. એવા એકરૂપમાં નજર કરતાં. છેને?

શુદ્ધનયના આલંબન. શુદ્ધનયના આલંબનની આ વ્યાખ્યા પહેલી થઈ કે અંતર પૂર્ણ સ્વરૂપ એકરૂપ ત્રિકાળ. ભેદ ભલે અસંખ્ય આટલા હોય પણ એનું એકરૂપ છે, એમાં અંતર નજર કરતાં એને શાંતિ વળે અને સુખ થાય અને ધર્મ થાય. વાતેય એણે સાંભળી હોય નહિ કે કઈ રીતે ધર્મ થાય. ધર્મ એટલે સુખ થાય. એમ. આ બધા દુઃખના રસ્તા જગતના જેટલા છે એ. એમ હશે? મલૂકચંદભાઈ! આ તમારો છોકરો આટલા પૈસા કમાય એ દુઃખના રસ્તા હશે? આ બધા ઓલા પૂછવા જાય છે બધા શું કહેવાય તમારા? નેતાઓ. શું કહેવાય એ? તમે જ કહેતા હતા.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ચૌહાણ આવ્યા. પહેલો શો અમને આપો વિહાર માટે. ભાઈ! તમને દઉં એક લાખ રૂપિયા આપ્યા. અમદાવાદના, એક દિલ્હીના અને એક ક્યાંના? ત્રણ ગામના કહેતા

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


હતા ક્યાંક. કલકત્તા. મારી નાખે ને. મરવાના જ રસ્તા છે ને.

આત્માની પ્રસિદ્ધિ ક્યાં આવી એમાં? આત્મખ્યાતિ છે ને આ ટીકા? બહારની પ્રસિદ્ધિ તો મડદા જેવી છે. મરી ગયેલા છે, મરી ગયેલા. ઓલું લખ્યું નથી? શ્રીમદ્‌માં આવે છે ને? શ્રીમદ્ શું બનારસીદાસ. જશ કેવો છે? કે નાકની લાળ જેવો છે. બનારસીદાસમાં આવે છે ને? વિટ સો વખત માને. ધર્મી તો પોતાના જશને નાકની લાળ જાણે છે. આહાહા..! એ પ્રસિદ્ધિને નાકની લાળ જાણે છે એમ કહે છે. ભાગ્યોદય-અમારા પુણ્યના ઉદય વિષ્ટા સમાન છે. ભગવાન આત્મા... આહાહા..! .. જાય નહિ, જાણ્યો જાય નહિ, સેવ્યો ક્યાંથી જાય? એવી ચીજ અચિંત્ય વસ્તુ, એની ખબરું ન મળે. ભગવાન આત્મા અસંખ્ય પ્રદેશનું ધામ આખું. ઓહોહો..! બીજાને તો કહે કે આ તે.. ઓલો એક જણો કહેતો હતો કે આવા ગાડાના ગાડા કેવળજ્ઞાનની પર્યાયમાં ભર્યા ક્યાંથી હશે? આ લોકાલોક.. અરે..! ભાઈ! તને ખબર નથી, બાપુ! આહાહા..!

ભગવાન આત્મા એની જ્ઞાનની એક સમયની દશામાં અત્યારે પણ અનંતને જાણે. છે, પ્રત્યક્ષ છે, જાણે છે. એ તો એના ગુણની શક્તિનું શું કહેવું? અને એ બધી શક્તિનો એક રસકંદ જે વસ્તુ છે એવા દ્રવ્યમાં નજર કરતાં, એકાગ્ર થતાં મિથ્યાત્વ અને રાગનો અભાવ થઈ, સમ્યક્ અને શાંતિ ને વીતરાગતાની વિજ્ઞાન દશા પ્રગટ થઈ, કેવળજ્ઞાન થાય છે. કહો, સમજાણું આમાં? કહો, પોપટભાઈ! દુનિયાથી તો ઊંધુ છે બધું. ન્યાલચંદભાઈ! આ દુનિયાથી ઊંધું છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. એ હમણાં કરી આવ્યા છો ને છોકરાનું. ભત્રીજો. ચાલીસ હજાર આપ્યા ત્યાં.

મુમુક્ષુ :- હાઈસ્કુલ બનાવવા.

ઉત્તર :- હાઈસ્કુલ બનાવવા. આ કહે, પણ મરી જશો આમાં, આમ ને આમ જ આ તો મોટું પહેર્યું. ડોકમાં સાંકળ. હવે આને નભાવવું ને બધું ત્યાં... ઓહો..! બાહુભાઈએ આ ચાલીસ હજારનું કરાવ્યું.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ તોફાન કરે છે, જુઓને અત્યારે ભાવનગર. આહાહા..!

ભાઈ! એ ક્યાં છે તને સુખના રસ્તા? એ તો રાગ... રાગ... રાગ. એ વિકલ્પની જાળ ભગવાન! દુઃખરૂપ છે. એ સંયોગ દુઃખરૂપ નથી, હોં! કહે છે કે વિકલ્પની પાછળ ભગવાન ચૈતન્ય છે ને. ભાઈ! તેં સાંભળ્યો નથી ને. તેં સાંભળ્યો નથી તો તેં જોયો ને જાણ્યો ક્યાંથી હોય? એવી જે ચૈતન્ય દ્રવ્ય વસ્તુ જે બાદશાહ આનંદકંદ છે, પૂર્ણાનંદ સ્વરૂપ, એમાં

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

અંતરમાં નજર કરતાં રાગ અને અજ્ઞાનનો નાશ થઈ અને વીતરાગ અને વિજ્ઞાન પ્રગટ થાય છે. કહો, સમજાણું કાંઈ? આહા..!

'**તત્કાળ સર્વ રાગાદિક આસ્રવભાવોનો સર્વથા અભાવ થઈને, સર્વ અતીત, અનાગત ને વર્તમાન પદાર્થોને જાણનારું નિશ્ચળ, અતુલ કેવળજ્ઞાન પ્રગટ થાય છે.**' અહીં છેલ્લી-આખર વાત લેવી છે. ભગવાન આત્મા અસંખ્ય પ્રદેશનું દળ અને અનંત ગુણનો પિંડ એવું જે તત્ત્વ, એમાં અંતર અંતર જોતા. અંતર છે ને પાઠ? '**सम्पश्यतोऽन्तः**' બહાર તો જોયું હવે અનાદિકાળનું દુઃખ થવાના રસ્તે. કહે છે કે ત્રણ કાળને જાણનારું જ્ઞાન '**તે જ્ઞાન સર્વથી મહાન છે, તેના સમાન અન્ય કોઈ નથી.**' એવું કેવળજ્ઞાન પરમાત્મ દશા એ શુદ્ધ ભગવાન આત્મા, એના અવલંબે-આશ્રયે પ્રગટ થાય છે. બસ, બીજો કોઈ ઉપાય ત્રણ કાળ ત્રણ લોકમાં છે નહિ. કહો, સમજાણું કાંઈ?

'**ટીકા :- આ રીતે આસ્રવ (રંગભૂમિમાંથી) બહાર નીકળી ગયો.**' લ્યો! થઈ રહ્યું. કેવળજ્ઞાન થઈ ગયું તો આસ્રવ રહ્યો નહિ. પૂર્ણ દશા પ્રગટ થઈ ગઈ. પહેલું સમ્યગ્દર્શન પ્રગટ થતાં જ આસ્રવ એનામાં નથી એવો અનુભવ થાય. આ તો સ્થિરતા થતાં પૂર્ણ દશા થઈ ગઈ.

'**ભાવાર્થ :- આસ્રવનો સ્વાંગ રંગભૂમિમાં આવ્યો હતો તેને જ્ઞાને તેના યથાર્થ સ્વરૂપે જાણી લીધો તેથી તે બહાર નીકળી ગયો.**' આ આવે છે ને ભાંડ? ભાંડના રૂપને જુઓ, દાંત કાઢીને નીકળી જાય એ. એમ આત્મામાં વિકારી દશા, ભ્રમણા, પરમાં સુખ છે, શરીર માટીનો પિંડ છે, મહાણની ભૂમિકા, સ્મશાનની મઢી છે આ. છે એમાં. બનારસીદાસમાં. ભાઈ. બનારસીદાસમાં છે આ. સ્મશાનની મઢી શરીર છે. એ.. ન્યાલંચદભાઈ! આહાહા..! ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદની મઢી છે.

એવા આત્મામાં જે કાંઈ આ પુણ્ય-પાપ અને વિકારીનો સ્વાંગ હતો એને જ્યાં આત્માનું અંતર જ્ઞાન અને શ્રદ્ધાનું ભાન થયું, મિથ્યાત્વનો સ્વાંગ નીકળી ગયો. સ્વરૂપની સ્થિરતા થતાં, કેવળજ્ઞાન થતાં અસ્થિરતાનો સ્વાંગ છૂટી ગયો. '**તેને જ્ઞાને તેના યથાર્થ સ્વરૂપે જાણી લીધો તેથી તે બહાર નીકળી ગયો.**'

હવે આખું એક પદ છે. આખા આસ્રવ અધિકારનું.

**યોગ કષાય મિથ્યાત્વ અસંયમ આસ્રવ દ્રવ્યત આગમ ગાયે,**
**રાગ વિરોધ વિમોહ વિભાવ અજ્ઞાનમયી યહ ભાવ જતાયે;**
**જે મુનિરાજ કરૈ ઈનિ પાલ સુરિદ્ધિ સમાજ લયે સિવ થાયે,**
**કાય નવાય નમૂં ચિત લાય કહૂં જય પાય લહૂં મન ભાયે.**

જય શબ્દ નાખ્યો લાગે છે, નહિ? પોતાનો. જીતવામાં આવી ગયો હશે. જય પણ આવી ગયું એનું નામ, લ્યોને.

'**યોગ કષાય મિથ્યાત્વ અસંયમ આસ્રવ દ્રવ્યત આગમ ગાયે,...**' ભગવાન પરમેશ્વર સર્વજ્ઞદેવ આગમમાં એમ કહ્યું છે કે મિથ્યાત્વ જે વિપરીત માન્યતા (અર્થાત્) શરીરમાં સુખ છે, ધૂળ-પૈસામાં સુખ છે, આબરૂમાં સુખ છે, પાપના ભાવમાં સુખ છે અને પુણ્યભાવમાં સુખ છે એવો મિથ્યાત્વભાવ મહા પાપ. આહાહા..! એ આસ્રવ છે. એ મિથ્યાત્વભાવ અને ઓલું દ્રવ્ય દર્શનમોહ, એને અહીં પહેલું લેવું છે. દ્રવ્ય-દર્શનમોહ જે ભાવાસ્રવમાં નિમિત્ત થાય છે એવો દર્શનમોહ. એ મિથ્યાત્વ છે, ક્રોધ-માન-માયા-લોભ કષાય છે, અસંયમ-અવિરતી અસંયમ છે, યોગ-કંપન્ન આદિ ભાવ. '**આસ્રવ દ્રવ્યત...**' એ દ્રવ્યરૂપે આગમમાં કહેવામાં આવ્યા છે. જડના રજકણો ઉદયમાં આવે તેને દ્રવ્યઆસ્રવ આગમમાં ભગવાને કહ્યા છે.

'**રાગ વિરોધ વિમોહ વિભાવ...**' એ ભાવ. '**અજ્ઞાનમયી યહ ભાવ જતાયે;...**' ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર રાગ નામ પ્રેમ, વિરોધ નામ અણગમો-દ્વેષ, વિમોહ નામ મિથ્યાત્વ એ વિભાવ અજ્ઞાનમય. ત્રણ અજ્ઞાન દશા છે. એ અજ્ઞાન દશાના વિકારી પરિણામ એ ભાવઆસ્રવ છે. ભાવમલિનતા છે. ઓલી જડનો આસ્રવ ઉદયમાં આવે એ. '**જે મુનિરાજ કરૈ ઈનિ પાલ...**' જે કોઈ આત્માર્થી ધર્માત્મા એને પાળ બાંધે એટલે એને ટાળે '**સુરિદ્ધિ સમાજ લયે સિવ થાયે,...**' આત્માની શાંતિ અને આનંદની રિદ્ધિ પામી એવો સમાજ અનંત ગુણનો સમાજ પામી શિવ થાય. '**કાય નવાય નમૂં ચિત લાય...**' એને હું ચિત્તના પ્રસન્નતાથી અને કાયથી નમીને પગે લાગું છું. '**કાય નમાય નમૂં ચિત લાય કહૂં જય પાય...**' જયચંદ્ર કહે છે હું કહું છું. '**લહૂં મન ભાયે.**' મારા મનની ભાવનાથી એને નમસ્કાર કરું છું. એ અધિકાર પૂરો થયો.

'**આમ શ્રી સમયસારની (શ્રીમદ્ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત શ્રી સમયસાર પરમાગમની) શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવવિરચિત આત્મખ્યાતિ નામની ટીકામાં આસ્રવનો પ્રરૂપક ચોથો અંક સમાપ્ત થયો.**'

હવે પાંચમો. પરમ અધ્યાત્મ તરંગણીમાં આ ટીકા કરતા ભાઈએ ૐ શબ્દ ઉપાડ્યો છે. આ સંવર અધિકાર. બીજામાં આવું નથી લીધું. આ અધિકાર લેતા ૐ. ભેદજ્ઞાનનું મૂળ સ્વરૂપ છે ને? કહો, સમજાણું? આ અધિકાર હમણાં અમદાવાદ વંચાઈ ગયો હતો ચાર દિ'. આઠ દિ' અહીંયાં વંચાણો હતો-હિંમતનગર. આ અધિકાર. પહેલો અમદાવાદ વંચાણો હતો. ભાઈએ સાંભળ્યું હતું. બાબુભાઈ હતા ને. એક દિ' આવ્યા હતા, સાંભળ્યું હતું. હિંમતનગરમાં આ વાંચતો હતો. પંડિત હતા ફૂલચંદજી, બંસીધરજી. દસ દસ હજાર માણસ. આ અધિકાર ત્યાં

વાંચ્યો હતો. આઠ દિ'. બે વાર હમણાં વિહારમાં બે વાર વંચાણું છે આ. કાંઈ બધા ત્યાં ન હોય. કેટલાક હશે કોઈ. મોહનભાઈ! મોહનભાઈ તો ક્યાંય હતા જ નહિ. એ તો રખડતા હતા બીજે.

જુઓ! આ. '**अथ प्रविशति संवरः**' હવે એ પોતે જયચંદ્ર પંડિત જરી મંગળિક કરે છે. પોતાની હિન્દી ભાષામાં.

**મોહરાગરુષ દૂર કરી, સમિતિ ગુપ્તિ વ્રત પાળી;**
**સંવરમય આત્મા કર્યો, નમું તેહ, મન ધારી.**

જેણે મિથ્યાત્વ અને રાગ અને રુષ નામ દ્વેષને દૂર કરી, સમિતિ-ગુપ્તિ. પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ, નિશ્ચય વ્રત અને વ્યવહાર વ્રત વગેરે પાળી, સંવરમય આત્મા-જેણે આત્માને રાગ રહિત કર્યો, વીતરાગમય પર્યાયમય કર્યો. '**નમું તેહ,...**' તેવા સંતોના ચરણમાં '**મન ધારી.**'ને. મનમાં ધારીને વંદન કરું છું.

'**પ્રથમ ટીકાકાર આચાર્યમહારાજ કહે છે કે હવે સંવર પ્રવેશ કરે છે...**' એ મૂળ શબ્દ ઉપરનો છે. '**अथ प्रविशति संवरः**' જુઓ! અહીંયાં '**अथ**' શબ્દ આવ્યો હવે. સમજાણું ને? મંગળિક તરીકે. આસ્રવમાં શું છે? ક્યાંથી આસ્રવ શરૂ થયો? ત્યાં પણ '**अथ**' છે, હોં! '**अथ प्रविशति आस्रवः**' માથે લખ્યું છે શરૂઆતમાં. ઓલામાં '**अथ**' છે શરૂઆતમાં. પહેલી ગાથામાં. '**वंदित्तु सव्व सिद्धे**'માં. '**अथ**' એટલે મંગળિક શરૂ કરીએ છીએ. શરૂઆત કરીએ છીએ સાધકભાવની. અનાદિની અજ્ઞાનદશામાંથી ટાળીને હવે સાધકની શરૂઆત કરીએ છીએ. માટે તેને મંગળિક કહેવામાં આવે છે.

'**આસ્રવ રંગભૂમિમાંથી બહાર નીકળી ગયા પછી હવે સંવર રંગભૂમિમાં પ્રવેશ છે.**' નાટક વર્ણવ્યું છે ને નાટકની પેઠે? '**ત્યાં પ્રથમ તો ટીકાકાર આચાર્યદેવ સર્વ સ્વાંગને જાણનારા સમ્યગ્જ્ઞાનના મહિમારૂપ મંગળ કરે છે :-**'

**आसंसारविरोधिसंवरजयैकान्तावलिप्तास्रव-**
**न्यक्कारात्प्रतिलब्धनित्यविजयं सम्पादयत्संवरम्।**
**व्यावृत्तं पररूपतो नियमितं सम्यक्स्वरूपे स्फुर-**
**ज्ज्योतिश्चिन्मयमुज्जवलं निजरसप्राग्भारमुज्जृम्भते।।१२५।।**

અમૃતચંદ્રાચાર્ય દિગંબર સંત મુનિ મહા આનંદમાં ઝુલતા હતા. એમણે સંવર અધિકાર શરૂ કરવામાં પહેલું મંગળિક કર્યું છે.

'**શ્લોકાર્થ :- અનાદિ સંસારથી માંડીને...**' નિગોદથી માંડીને. નિત્યનિગોદ જે એક શરીરમાં અનંતા જીવ. ઓહોહો..! એમાં રહેલો અનાદિનો જીવ. નિત્યનિગોદમાં. ત્યાંથી માંડીને

રખડે છે, કહે છે. '**અનાદિ સંસારથી માંડીને...**' જેની આદિ શું હોય? સંસારની આદિ ક્યાં? વસ્તુ જેમ અનાદિ. છે એની આદિ ક્યાં? એમ એનો વિકારભાવ સંસારનો પણ અનાદિ. વિકારભાવ ન હોય અને વિકાર નવો થાય એમ બને નહિ. અનાદિ નિગોદ.. ઓહો..! એક શરીરમાં અનંતા જીવ. એક જીવના અસંખ્ય ચોવીસીના સમય જેટલા પ્રદેશ. આહાહા..!

શું? ભરતભાઈ! શું પૂછયું હતું સાંજે? પ્રમેય-પ્રમેય. પ્રમેયનું પૂછયું હતું ને? પ્રમેય-કોઈપણ (જ્ઞાન)નો વિષય જ્ઞાન.. આવે છે ને? કોઈપણ જ્ઞાનનો વિષય હોય તેને પ્રમેય કહે છે. આ તો છોકરાઓની ભાષા હતી આ. જૈન સિદ્ધાંત પ્રવેશિકા. પ્રમેય કોને કહે છે? જગતમાં જ્ઞેયો જે છે એ કોને કહે છે? જે પ્રમેય કોઈપણ જ્ઞાનનો વિષય હોય. એ જ હતું ને ભરતભાઈ સાંજે? સાંજે બેઠા હોય તો વળી કો'ક પ્રશ્ન આવે. મેં કીધું, આટલા બધા પ્રમેય છે. એક જીવના અસંખ્ય પ્રદેશ ઈ પ્રમેય છે અને એક શરીરમાં અનંતા જીવ, એના એક એક જીવના અસંખ્ય પ્રદેશ અસંખ્ય ચોવીસીના સમય જેટલા એ પ્રમેય છે. તો એ છે એને કોઈ જાણનાર હોય કે નહિ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- છે એવું આવ્યું ક્યાંથી?

કેટલું જ્ઞાન ધીરું થાય ત્યારે ત્રણ કાળ ત્રણ લોકને જાણે? આવા અનંત આત્માઓ, એના અસંખ્ય પ્રદેશો, એના એક એક પ્રદેશે અનંતા અનંતા ગુણો, એના એક એક પ્રદેશે અનંતી અનંતી કર્મની વર્ગણાઓ. એમાંથી એક એક પરમાણુમાં અનંતા ગુણો, અને એક એક પરમાણુની અનંતી પર્યાય. આખો લોક આમ ભર્યો છે આખો ઠાંસીને. એને જાણનારું કેવળજ્ઞાન છે. આત્માની શક્તિમાંથી અંતરમાં અનુભવ કરીને જેણે વ્યક્તતા કેવળજ્ઞાનની કરી છે એ જ્યોતિને અહીં પ્રશંસે છે. સમજાણું કાંઈ?

કહે છે, '**અનાદિ સંસારથી માંડીને...**' આસ્રવે '**પોતાના વિરોધી સંવરને જીતવાથી...**' ભાષા જુઓ હવે. શું કહે છે આ? અનાદિ સંસારથી માંડી નિગોદથી. પોતાના વિરોધી સંવરને આસ્રવે જીત્યો. એટલે સંવર હતો અને આસ્રવે જીત્યો? પાઠ તો આવો છે, જુઓ! એઈ..! શું છે? '**વિરોધી સંવરને જીતવાથી જે એકાંત-ગર્વિત (અત્યંત અહંકારયુક્ત) થયો છે એવો જે આસ્રવ...**' મેં તો માંધાતાને પાડ્યા છે કંઈકને. મુનિ થયા, સાધુ થયા, એને પણ રાગના અભિમાનમાં મેં મારી નાખ્યા છે બધાને. દયા કરી ને અમે દાન કર્યા ને અમે પૂજા કરી અને અમે ઉપકાર કરીએ છીએ. એવો વિકલ્પ છે ને એ આસ્રવ છે. આસ્રવને ગર્વ થયો છે. સમજાણું કાંઈ?

નવમી ગ્રૈવેયકે અનંત વાર જૈન સાધુ થયો, દિગંબર થયો, દ્રવ્યલિંગી એને પણ મેં મારી

નાખ્યા છે, કહે છે. અલંકાર કર્યો છે ને? એ વિકલ્પ જે ઉઠે છે શુભ એ આસ્રવ છે. એ આસ્રવે સંવરને જીત્યો છે. એટલે કે સંવરની દશા ઉત્પન્ન થવી જોઈએ એ ઉત્પન્ન થવા દેતો નથી એને જીત્યો એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આ ભારે વાત. દયા પાળવી હોય, વ્રત કરવા હોય, ભક્તિ કરવી હોય, પાંચ-પચાસ લાખ આપી દેવા હોય તો દઈ દે. બે-પાંચ કરોડ. આપે એવા તો નથી એવા કાંઈ ઝટ. એય..! પણ કદાચ આપી દે, પાંચ કરોડ હોય તો લેને ભાઈ, પચાસ લાખ આમાં દઈએ. એય..! હિંમતભાઈ!

મુમુક્ષુ :- એટલા બધા ન આપે.

ઉત્તર :- ન આપે, એટલા બધા ન આપે. એનું પણ માને નહિ આ. આહાહા..! અરે..! કોણ મહેનત કરે? ભગવાન! તને ખબર નથી, ભાઈ! એ તો રજકણના દળ એને કારણે પાણીના પુર જેમ આવે ને જાય ગામ પાસે, એમ રજકણોના દળ એના કાળે, પ્રવાહે ક્ષેત્રાંતર થઈને આવે ને જાય છે. તારે કારણે આવ્યા નથી અને તારા છે નહિ.

મુમુક્ષુ :- ...તિજોરીમાં રહ્યા એના?

ઉત્તર :- કોની તિજોરી? એ તો જડમાં. જડમાં રહ્યા છે એમ પણ નહિ, એ તો પોતામાં જ રહ્યા છે. રજકણ રજકણમાં છે. બીજા રજકણમાં એ નથી.

મુમુક્ષુ :- એ તો નિશ્ચયની વાત છે.

ઉત્તર :- નિશ્ચય એટલે સાચું. વ્યવહાર એટલે ઉપચાર. વ્યવહારે પણ રહ્યા નથી. રહ્યા છે એ તો કહેવાય છે. રહ્યા કેવા? એક એક રજકણ... કહ્યું નહોતું કાલ? ભગવાન આત્મા જે જે ક્ષેત્રે નિરાલંબ આકાશમાં નિરાધાર ઊભો છે આત્મા. જ્યાં જ્યાં ઊભો છે ત્યાં આત્મા પોતાની સત્તાથી પરના નિરાધારપણે રહ્યો છે. શરીરને આધારે શરીરનો નથી, કર્મનો નથી, રાગનો નથી, એવો ચૈતન્ય ભગવાન જે જે ક્ષેત્રે જ્યાં જ્યાં ઊંચે-નીચે દેખાય તે પોતે પરના આધાર વિનાનો નિરાધાર છે.

મુમુક્ષુ :- સ્વ આધાર પૂરેપૂરો છે.

ઉત્તર :- સ્વ આધાર પોતે જ છે. આહા..! સમજાણું?

કહે છે, આસ્રવે સંવરને જીત્યો. આપણે તો અત્યારે એટલું લેવું છે. શૈલી જ એવી છે ને. કર્તાકર્મમાં નાખી છે. પોતાની ઉદાસીન અવસ્થાને છોડીને એમ આવ્યું છે ને?

વાત ઈ છે કે ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય સ્વભાવનો ઘન, એમાંથી તો સંવર નામ શુદ્ધ દશા જ ઉત્પન્ન થવી જોઈએ. એને ઠેકાણે પુણ્ય અને પાપરૂપી મિથ્યાત્વ ભ્રાંતિનો જે આસ્રવ થાય છે એને આ સંવરને જીત્યો એમ કહેવાય. ઓલી દશા ઉત્પન્ન થઈ નથી, થતી નથી એને આણે જીત્યો આસ્રવે એમ કહેવામાં આવે છે. શું કહે છે આ? ચંદુભાઈ! આ

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


વાત પણ વીતરાગની આખા જગતથી જુદી.

કહે છે કે '**અનાદિ સંસારથી માંડીને...**' આદિ ક્યાં પણ? આદિ શેની? છે નિગોદમાં એમ ને એમ અનાદિ... અનાદિ... અનાદિ... એવા વિકારની દશાવાળો આત્મા, એ વિકાર તે આસ્રવ. એણે '**પોતાના વિરોધી સંવરને...**' એટલે કે વસ્તુ જે સ્વભાવ ચૈતન્ય આનંદ અને શુદ્ધ છે એમાંથી તો શુદ્ધતા અણાસ્રવી સંવરદશા જ પ્રગટ થાય. ગોળના રવામાંથી ગોળ જ ઝરે, કાંઈ કાળીજીરી ઝરે નહિ. એમ ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનો રવો પિંડ પ્રભુ છે. કહે છે કે એમાંથી તો આનંદની પર્યાયરૂપ સંવર જ આવે. એની ખરી પર્યાય તો સંવર. એ સંવર એટલે આનંદની પર્યાય શુદ્ધ. સમજાણું કાંઈ? એ ન આવતાં પુણ્ય અને પાપના વિકલ્પના અભિમાન એ સંવરને ઉત્પન્ન થવા દેતો નથી.

આમ અહં જે શુદ્ધ ચૈતન્ય અભેદ અખંડ છે એનું અહંપણું ન આવતા, અનાદિથી પુણ્ય અને પાપ શુભ-અશુભ રાગાદિ ભાવ, એમાં અહંપણું આવ્યું. એથી જે અહીં અહંપણાથી ઉત્પન્ન થતી દશા નિર્મળ એને આ અહંપણે જીતી લીધી. કહો, પોપટભાઈ! આ તો કાંઈ શું કહે છે? ભાઈ! વસ્તુને સિદ્ધ કરે છે. સંવરને જીતીને. ભગવાન આત્મા જ્ઞાનની જ્યોતિ તીક્ષ્ણ ધારા સ્વરૂપ પરમાત્મ સ્વરૂપ છે. એમાંથી તો નિર્મળ ભ્રાંતિ રહિત અને રાગ રહિત, સમ્યગ્દર્શન અને જ્ઞાન સહિત શાંતિની ઉત્પત્તિ એ એની દશા છે. દશાવાનની આ દશા છે. એ દશાને સંવર કહે છે. એ સંવરને અનાદિ સંસારથી માંડી પોતાના વિરોધી સંવરને એટલે આસ્રવથી વિરોધી સંવર.

'**જીતવાથી એકાંત-ગર્વિત થયો છે એવો જે આસ્રવ...**' એ આસ્રવની વ્યાખ્યા કરી. એકાંત ગર્વિત થયો છે. બાદશાહ છે ઈ મિથ્યાત્વ. સમજાણું કાંઈ? કહે છે કે આત્મા આ ભગવાન આત્મા, આત્મા એને કહીએ કે જે પુણ્ય-પાપના આસ્રવ વિનાનું તત્ત્વ એને આત્મા કહીએ. એ આત્મા તો જ્ઞાન ને દર્શન ને આનંદ સચ્ચિદાનંદ સ્વભાવથી ભરેલું તત્ત્વ છે. એ એણે દૃષ્ટિમાં ન લેતાં, એની દૃષ્ટિ જ કરવી જોઈએ અને વસ્તુનો સ્વભાવ એ જ છે. શાંતિ અને સમ્યક્ સત્‌નો સ્વીકાર થઈને સંવર દશા પ્રગટ થાય. એવું જ એ વસ્તુનું સ્વરૂપ છે. એને અનાદિથી ન પ્રગટ કરતાં શુભ અને અશુભ વિકલ્પના રાગની જાળ વિકલ્પ છે. જ્યારે શાંતિ નથી ત્યારે એનો અર્થ... વસ્તુ છે એ તો શાંત નિર્મળ આનંદસ્વરૂપ છે. એની દશામાં જ્યારે સ્વતંત્ર શાંતિ નથી ત્યારે અશાંતિનો ભાવ છે. એ અશાંતિ એટલે પુણ્ય અને પાપના ભાવ. ચાહે તો દયા, દાન, વ્રતનો હો કે ચાહે તો હિંસા, ચોરી, વિષયનો હો. બેય ભાવ અશાંતિ અને આસ્રવ છે. એની આસ્રવભાવે. આસ્રવ એટલે મલિન. નવા આવરણનું કારણ. એવા ભાવે સંવરદશાને એણે અનાદિથી જીતી છે. એટલે કે આત્માની

શાંતદશાને પ્રગટ થવા દેતો નથી. સમજાણું કાંઈ?

'**અનાદિ સંસારથી માંડીને...**' અનાદિનો દુઃખી જીવ. રાગ અને દ્વેષના વિકલ્પોને ઉત્પન્ન કરતો. '**સંવરને જીતવાથી...**' એવા વિકારી ભાવે, ભગવાન આત્મામાંથી નિર્વિકારી આનંદની દશા જે ઉત્પન્ન થવી જોઈએ એને વિકારનો અહંકાર ઉત્પન્ન થવા દેતું નથી. એવો આસ્રવ '**(અત્યંત અહંકારયુક્ત) થયો છે...**' મહા એને ગર્વ આવ્યો છે. અલંકાર કર્યો છે ને. મોટા બાદશાહને પાડ્યા છે મેં. ત્યાગી થયા, મુનિ થયા. કહે, અમે દયા પાળીએ છીએ. અમે આ છોડ્યું છે, અમે આ મૂક્યું છે. એવો જે વિકલ્પ તેનો અહંકાર એને વર્તે છે તો એ મિથ્યાત્વભાવ છે. એ મિથ્યાત્વભાવને ગર્વ થયો છે કે માંધાતાને મેં મારા સોડમાંથી નીકળવા દીધા નથી. પોપટભાઈ! સમજાણું કાંઈ?

આવ્યું હતું ને એક ફેરી? ક્યાંક આપણે આવ્યું હતું. મૂક્યું હતું ને? કળશમાં છે ક્યાંક. આ છોડ્યું... આ છોડ્યું... આ છોડ્યું... આ મેં મૂક્યું. પુણ્ય-પાપના અધિકારમાં ભાઈ! પુણ્ય-પાપના અધિકારના કળશમાં. ઓલામાં લીધું છે. કળશટીકામાં. બ્રાહ્મણ હતો ચંડાળનો દિકરો પણ બ્રાહ્મણને ત્યાં ઉછર્યો. હતો ચંડાળનો. બે દિકરા ચંડાળણીના. પણ એક દિકરો રહ્યો ઘરે અહીં. એકને બ્રાહ્મણે લઈ લીધો. બ્રાહ્મણને ત્યાં રહ્યો એને એમ થયું કે, અમારે આ ખપે નહિ, દારૂ ખપે નહિ, આ ખપે નહિ, અમારે આ ખપે. એમ અને પાપવાળો ચંડાળ અમે તો ચંડાળ છીએ તો દારૂ પીએ અને ...

એમ પાપ છે એ ચંડાળણીનો પુત્ર ચંડાળણીને ઘરે રહ્યો અને પુણ્ય છે એ છે તો ચંડાળણીનો-વિભાવનો પુત્ર. ગયો ઓલામાં. એ પુણ્યભાવે આ અમને ન ખપે, આ અમને ન ખપે, અમને આ ખપે. એવો જે વિકલ્પ. એમ કહે છે. તે દિ' કહ્યું હતું. સમજાણું કાંઈ? આહાહા..! એ.. ન્યાલચંદભાઈ! આ તો બીજી જુદી જાતની વાત છે. ૮૫ વર્ષે બીજી વાતું છે. ભાગ્યશાળી. કહે છે, સરવાળે ભાગ્યશાળી છે ને એમ કહે છે. છેલ્લે ... આહાહા..!

ભગવાન જ્ઞાનસ્વરૂપ છે ચૈતન્ય. એમાં એ મેં છોડ્યું, આ મને નથી ખપતું, આ મને ખપે એવો જે વિકલ્પ છે એ પણ આસ્રવ છે. અને એ આસ્રવને એમ માને છે કે અમે કાંઈક ધર્મ કરીએ છીએ. સમજાણું કાંઈ? એટલે આસ્રવ ગર્વિત થયો છે કે મેં માંધાતા કોઈને છોડ્યા નથી. લે. સાધુ થયા તોપણ એને અભિમાન આસ્રવના છે. સમજાણું કાંઈ? અમને આટલું આવડે છે, અમને આ ભણતર આવડે છે, એ એક અભિમાન છે. ભગવાન આત્માના જ્ઞાનની દશા આગળ બહારના ભણતરની કિંમત શું છે? સમજાણું કાંઈ? એ ભણતરનો વિકલ્પ છે એ મિથ્યાત્વનો આસ્રવ છે. અમે આમ જ્ઞાની થયા, અમને આટલું આવડે છે એ મિથ્યાત્વ છે. એ આસ્રવ કહે છે કે અમે જ્ઞાનીને પાડ્યા હેઠે. સમજાણું કાંઈ? આહાહા..! જ્ઞાની એટલે

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આમ અજ્ઞાન તરીકે ...

એવા આસ્રવે વિરોધી સંવરને જીત્યા અને '**એકાંત ગર્વિત (અત્યંત અહંકારયુક્ત) થયો છે...**' એકાંતની વ્યાખ્યા કરી. '**એવો જે આસ્રવ...**' બસ! એટલી મર્યાદા ત્યાં બતાવી એણે. '**તેનો તિરસ્કાર કરવાથી...**' હવે જ્ઞાન જાગ્યું. '**તેનો તિરસ્કાર કરવાથી...**' શુદ્ધ સ્વભાવનો આશ્રય કરીને જે સમ્યગ્દર્શન-જ્ઞાન આદિ પ્રગટ્યું એણે આસ્રવનો તિરસ્કાર કર્યો. સમજાણું કાંઈ? ભગવાન આત્મા કેવળજ્ઞાનની મૂર્તિ પ્રભુ, એવું જ્યાં અંતર ભાન થયું ત્યાં એનું જ્ઞાન થયું, જ્ઞાનનું જ્ઞાન થયું, જ્ઞાની આત્માનું જ્ઞાન થયું. એવી જે જ્ઞાનની દશા એણે જે આસ્રવ છે વિકલ્પ જે અનાદિનો આસ્રવ એનો તિરસ્કાર કર્યો. મારા સ્વરૂપમાં તું નથી, મને તું લાભદાયક નથી. કહો, સમજાણું આમાં?

ભગવાન આત્મા શુદ્ધ સચ્ચિદાનંદ પ્રભુ, એવી અંતર દૃષ્ટિ થતાં, સમ્યગ્દર્શન-જ્ઞાન થતાં એ રાગનો તિરસ્કાર કર્યો. શુભ વિકલ્પ પણ ઉઠે છે એ મારું સ્વરૂપ નહિ, મારામાં છે નહિ. મને એ મદદગાર બિલકુલ છે નહિ. કહો, સમજાણું કાંઈ? આ વળી કેવી ધર્મની દશા! ભગવાનભાઈ! આવું તે ધર્મનું કેવું સ્વરૂપ હશે? અરે..! ભગવાન! શાંત તો થા, બાપા! ધર્મની દશા કોઈ અલૌકિક છે. સમજાણું કાંઈ?

અમે સામાયિક કરીએ છીએ, અમે પોષા કરીએ છીએ, અમે પડિક્કમણા કરીએ છીએ, અમે અપવાસ કરીએ છીએ. એ વિકલ્પનો અહંકાર. એણે આત્માના દઢતા અનુભવની દૃષ્ટિ થઈ, અરે..! અમે તો આત્મા જ્ઞાનસ્વરૂપ. શુદ્ધ ચૈતન્ય જાણનાર-દેખનાર છે એવા ભાન દ્વારા જેનો તિરસ્કાર કરવાથી '**જેણે સદા વિજય મેળવ્યો છે...**' ભાષા જુઓ! આસ્રવ તો અનાદિનો હતો એનો થોડો કાળ છે. શું કીધું?

અનાદિનો મિથ્યાત્વ રાગનો અહંકાર અને રાગનું કર્તવ્ય મારું એવો મિથ્યાત્વભાવ એ અનાદિનો હોવા છતાં, એની પર્યાયના સમયો અનંત હોવા છતાં, ભવિષ્યના કાળની અપેક્ષાએ અનંતમા ભાગના છે. આહાહા..! શું કહ્યું? આ આત્મા વસ્તુ તો અનાદિઅનંત શુદ્ધ ચૈતન્ય સત્, એની વર્તમાન દશામાં જે મિથ્યાત્વ રાગ-દ્વેષનો અહંકાર જે મિથ્યાત્વ છે, એ મિથ્યાત્વ અનાદિનો છે. એ સમય... સમય... સમય... સમય.. સમય... કરતાં જે અનાદિ કાળ ગયો, એ સમય એટલે એક સેકન્ડનો અસંખ્યમો ભાગ, એવા જે અનાદિથી અત્યાર સુધીનો જે સમય છે એ સમયનું માપ અનંતુ ખરું પણ બહુ થોડું.

જ્યાં સમ્યગ્દર્શન થયું, રાગનો તિરસ્કાર થયો, નકાર થઈને સ્વરૂપની અનુભવ દૃષ્ટિ થઈ, જે દશા પ્રગટી એ દશા સાદિઅનંત રહેશે. સાદિઅનંત એટલે કે આ ગયા કાળના જે સમયનો કાળ છે એથી અનંતગુણો કાળ ભવિષ્યમાં છે. કારણ કે ગયા કાળનો તો અંત આવ્યો.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

પણ જે દશાએ રાગનો તિરસ્કાર કરીને સ્વભાવની દૃષ્ટિનું ભાન થયું, સ્તંભ રોપ્યો એ અવસ્થા હવે ભવિષ્યમાં સદા રહ્યા કરશે. ભારે. સમજાણું કાંઈ? ભાષા શું વાપરી છે? જુઓ!

'**તેનો તિરસ્કાર કરવાથી જેણે સદા વિજય મેળવ્યો છે...**' ખલાસ થઈ ગયું. આહાહા..! ભગવાન આત્મા નિર્વિકલ્પ આનંદનું જ્યાં ભાન અને સ્પર્શ થયો દૃષ્ટિમાં (તો) કહે છે કે મિથ્યાત્વનો આસ્રવનો તિરસ્કાર કરી સદા જ્ઞાને સંવરે વિજય મેળવ્યો છે. વિજય ડંકો વાગ્યો. આહાહા..! સમજાણું કાંઈ? 'વીરજીને ચરણે લાગુ, વીરપણું તે માગું રે.' આનંદઘનજીનું પદ છે. 'જીત નગારું વાગ્યું રે.' આનંદઘનજીમાં આવે છે. ૨૪મા તીર્થંકરના સ્તવનમાં. 'વીરપણું તે આતમ ઠાણે, જાણ્યું તુમથી વાણે.'

અહીં કહે છે, ભગવાન આત્મા પોતાના શુદ્ધ સ્વરૂપનો આશ્રય લઈ અને જ્યાં સમ્યગ્દર્શન જ્ઞાનાદિ પ્રગટ્યું, એવી જે સંવરની દશા એટલે નિર્દોષ, પવિત્ર સ્વરૂપ છે તેવી પ્રગટ દશા થતાં એણે રાગરૂપી મિથ્યાત્વનો જે ભાવ 'આ મારું છે' એમ માન્યું હતું, એવા આસ્રવને તિરસ્કાર કરી આસ્રવ ઉપર સદા વિજય મેળવ્યો છે. સદા સાદિઅનંત કાળ હવે એ આસ્રવ થવાનો નથી. સમજાણું કાંઈ? કેમ કે મિથ્યાત્વનો જે ભ્રાંતિનો કાળ છે એ તો બહુ થોડો છે. ભલે અનાદિનો છે પણ એનો અંત આવી ગયો. અને જ્યાં સમ્યગ્જ્ઞાન થયું, વસ્તુ જેમ ત્રિકાળ છે એમ જ્યાં સમ્યગ્જ્ઞાન થયું, એ જ્ઞાન હવેથી એમ ને એમ ત્રિકાળ ભવિષ્યનો અનંત કાળ રહેવાનું. તો ભવિષ્યકાળ કેટલો છે? કે ભૂતકાળ કરતાં અનંતગુણો. આનો અંત આવ્યો અને આનો અંત આવશે નહિ. એટલે જ્ઞાન સમ્યક્ આત્માનું ભાન થતાં આસ્રવ ઉપર સદા જેણે વિજય મેળવ્યો છે. ભારે ભાઈ! કહો, સમજાણું આમાં? ઓલા તો ના પાડે છે. ફરીને મિથ્યાત્વ થાશે નહિ એમ કહે છે ભાઈ. ઓલા કહે, પડી જાય. હવે સાંભળને. પડવાની વાત ક્યાં. ઉઠાડી દીધી એમ કહીને.

ચૈતન્ય સત્તા જ્ઞાયકમૂર્તિ છું એમ જ્યાં અંતર્મુખમાં અંતર આત્માની દૃષ્ટિ થઈ એ દૃષ્ટિની પર્યાય આસ્રવ મિથ્યાત્વને હવે સાદિઅનંતમાં આવવા દેશે નહિ. એવો એણે વિજય મેળવ્યો છે. ઓલાએ અહંકાર કર્યો હતો તો આણે સદા વિજય મેળવ્યો છે. સામેસામે નાખ્યું છે ને? આહાહા..! સમજાણું કાંઈ? તિરસ્કારનો અર્થ '**न्यक्कारात**' છે ને? '**न्यक्कारात**' સંસ્કૃત છે. '**न्यक्कारात**'. તિરસ્કાર છે એટલે જેમ કોઈ માણસનો તિરસ્કાર કરીને પછી કોણ સામે સામે આવે. એમ. તિરસ્કાર કર્યો હોય એ સામો આવતો હશે પછી ઘરે ફરીને? નકાર. ભગવાન આત્મા જ્ઞાન ને આનંદનું પૂરનું નૂર ચૈતન્ય છે એમ અંતર જ્યાં દૃષ્ટિ થઈ, એ જેવો નિત્ય દ્રવ્ય સ્વભાવ છે એવી પર્યાય સાદિઅનંત થઈ ગઈ. એમ ને એમ એ પર્યાય સમ્યગ્દર્શન કેવળજ્ઞાનમાં રહેશે, સિદ્ધમાં રહેશે. સમજાણું કાંઈ?

'**જે એકાંત-ગર્વિત થયો છે એવો જે આસ્રવ તેનો તિરસ્કાર કરવાથી...**' લ્યો! '**જેણે સદાય વિજય મેળવ્યો છે એવા સંવરને ઉત્પન્ન કરતી,...**' કોણ? જ્ઞાનજ્યોતિ. સમજાણું કાંઈ? ભગવાન આત્મા જ્ઞાનનું સ્વરૂપ, જ્ઞાનનું નૂર એના પૂરનો ભરપુર. એવો ભગવાન જ્ઞાનસ્વભાવ એમ જ્યાં અંતર અનુભવ થયો, દૃષ્ટિ થઈ તે જ્ઞાનની પર્યાયે સદા વિજય મેળવ્યો. એ '**સંવરને ઉત્પન્ન કરતી,...**' એ જ્ઞાનદશાએ સંવરને ઉત્પન્ન કર્યો. આસ્રવનો વ્યય કર્યો, સંવરને ઉત્પન્ન કર્યો. ધ્રુવ તો કાયમ છે. '**उत्पादव्ययध्रौव्ययुक्तं सत्**' જે પર્યાયમાં રાગનું સ્વરૂપ તે હું, એ મારું કર્તવ્ય, એ સત્તા મારા સ્વભાવની, એવો જે મિથ્યાત્વભાવ હતો એના ઉત્પાદનો શુદ્ધ ચૈતન્યના સ્વભાવના આશ્રયે એ ઉત્પાદનો વ્યય કર્યો. અને એના સ્થાનમાં શુદ્ધ પર્યાયનો સંવર ઉત્પન્ન થયો. વસ્તુ તો ધ્રુવ છે. '**उत्पादव्ययध्रौव्ययुक्तं सत्**' થઈ ગયું, લ્યો. આહાહા..! સમજાણું કાંઈ?

કીધું ને? ઓલાનો તિરસ્કાર કર્યો અને આણે વિજય મેળવ્યો. એટલે સંવરને ઉત્પન્ન કર્યું. ઉત્પન્ન થયો ભાવ. શુદ્ધ ચૈતન્ય સ્વભાવ પરમાનંદ પ્રભુ, એમ અંતરમાં દૃષ્ટિ થતાં સમ્યગ્જ્ઞાન-દર્શન જે સંવર દશા થઈ એ ઉત્પાદ થયો. પૂર્વનો જે મિથ્યાત્વનો ભાવ હતો એનો વ્યય થયો. ધ્રુવના અવલંબે પર્યાય પ્રગટી એટલે ધ્રુવ તો કાયમ છે. સમજાણું કાંઈ? જુઓને! આસ્રવનો તિરસ્કાર કરીને નાશ કર્યો અને પોતે વિજય મેળવ્યો. સંવરને ઉત્પન્ન કરતી જ્ઞાનજ્યોતિ. ભગવાન જ્ઞાનસ્વરૂપ પ્રજ્ઞાબ્રહ્મ સ્વરૂપ ભગવાન આત્મા. પ્રજ્ઞાસ્વરૂપ-જ્ઞાનસ્વરૂપ. એમ અંતરમાં ભાન થતાં એ જ્ઞાનજ્યોતિએ પ્રગટ દશા થઈ એણે સંવરને ઉત્પન્ન કર્યો, આસ્રવનો નાશ કર્યો.

'**પરરૂપથી જુદી (અર્થાત્ પરદ્રવ્ય અને પરદ્રવ્યના નિમિત્તે થતા ભાવોથી જુદી),...**' એટલે શું ભાન થયું? કે કર્મ અને શરીરાદિ પરની હયાતીવાળા તત્ત્વો એનાથી જુદી ચૈતન્યજ્યોતિ. અને પરદ્રવ્યના નિમિત્તથી થતાં પુણ્ય-પાપના વિકલ્પો જે વિકાર એનાથી પણ જુદી. '**પરરૂપથી જુદી...**' પરરૂપથી જુદી એના બે અર્થ કર્યા પછી. પરરૂપથી. પાઠ છે ને. '**पररूपतो**' '**व्यावृत्तं पररूपतो**' રજકણ અને કર્મ શરીરાદિ પર અને એ કર્મના નિમિત્તથી થતાં દયા, દાન, કામ, ક્રોધના વિકલ્પો એ વિભાવ. એ પર અને વિભાવથી જુદી પડેલી ચૈતન્ય જ્યોતિ '**પોતાના સમ્યક્ સ્વરૂપમાં નિશ્ચળપણે પ્રકાશતી,...**' તે ભગવાન આત્મા ચૈતન્ય જ્યોત. '**પોતાના સમ્યક્ સ્વરૂપમાં...**' જોયું ને? ઓલી પરરૂપથી જુદી પડી એટલે જ્ઞાનની સમ્યગ્દર્શન દશા પોતાના સમ્યક્ સ્વરૂપમાં ત્રિકાળ સમ્યક્ સ્વરૂપ છે એને નિશ્ચળપણે પ્રકાશતી. જ્ઞાન, આનંદ અને શાંતિ છું એવી પર્યાયમાં એ જ્ઞાનમય જ્યોતિ ઉત્પન્ન થતાં પ્રકાશતી.

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


'**ચિન્મય,...**' ભગવાન આત્મા ચિન્મય. '**ઉજ્જ્વળ...**' જ્ઞાનમય. ચિન્મય એટલે પર્યાય પ્રગટી તે જ્ઞાનમય છે. રાગમય હતી એ નહિ. ઉજ્જ્વળ છે. ઓલો આસ્રવ મેલ છે. આ '(**નિરાબાધ, નિર્મળ, દેદીપ્યમાન) અને નિજરસના (પોતાના ચૈતન્યરસના) ભારવાળી...**' લ્યો! કહે છે કે નિર્મળ પર્યાય પ્રગટી કે જેની અતિશયતાથી જાણે બોજો વધી ગયો એનો. રાગ તો ક્યાંય એકત્વબુદ્ધિનો હતો એનો નાશ થયો. સમ્યગ્દર્શનમાં. સમજાણું કાંઈ? ભગવાન ચૈતન્ય સ્વભાવ એની અંતર દૃષ્ટિ થતાં ચૈતન્ય જ્યોતિએ પરરૂપથી પોતાની જુદી.. નાસ્તિથી વાત કરી. '**પોતાના સમ્યક્સ્વરૂપમાં નિશ્ચળપણે...**' પોતાનો જ્ઞાન અને આનંદ સ્વભાવ છે, એમાં નિશ્ચળપણે-ચળે નહિ એવી રીતે પ્રકાશતી. જ્ઞાનમય દશા ઉજ્જ્વળ નિરાબાધ નિજ શક્તિ ચૈતન્યના રસના ભારવાળી એટલે અતિશયપણાથી-વિશેષપણાથી. '**જ્યોતિ પ્રગટ થાય છે,...**' એ અંતરના સ્વભાવને આશ્રયે જેમ કળી ખીલે છે, કળી જેમ સંકોચરૂપે હોય અને ખીલે છે, એમ ભગવાન અંતરનું જ્ઞાન પરિણમન શક્તિરૂપે હતું. એનો પર્યાયમાં ફેલાવ થઈને વિકાસરૂપે પરિણમ્યું. કહો, સમજાણું કાંઈ? વાતે વાતે જુદી વાતું. ભાષા જુદી, ભાવ જુદા.

કહે છે કે '**નિજરસ...**' પોતાનો ચૈતન્યરસ. ઓલો આસ્રવ હતો તે વિકારરસ હતો. ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યના દળને આશ્રયે જે નવી દશા પ્રગટ થઈ એ પોતાના અતિશય વિશેષતાથી શોભતી '**જ્યોતિ પ્રગટ થાય છે, ફેલાય છે.**' લ્યો. સમજાણું? '**मुज्जृम्भते**' એ ને? '**निजरसप्राग्भारमुज्जृम्भते**' પ્રગટ થાય છે. જે આસ્રવ પ્રગટ થતો એ ચૈતન્ય જ્યોતિનો અંતર દૃષ્ટિ અને જ્ઞાન કરતાં જ્ઞાન પોતે વિસ્તાર-ફેલાવને પામે છે. આ એને સંવર કહે છે, એને જ્ઞાનજ્યોતિ કહે છે અને એને મોક્ષનો માર્ગ કહે છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**જેઠ વદ ૯, શનિવાર તા. ૧-૦૭-૧૯૬૭**
**ગાથા-૧૮૧ થી ૧૮૩, શ્લોક-૧૨૫, પ્રવચન-૨૬૩**

સંવર અધિકાર છે. સંવર એટલે શું? સંવર એટલે ધર્મ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સંવરનો અર્થ ધર્મ છે. સંવર શબ્દ તો શાસ્ત્ર ભાષા છે. સંવરવું એટલે વિકારને રોકવું.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નાસ્તિથી કહ્યું આ.

સંવર એટલે કે વિકારને રોકવું અને નિર્વિકારીની ઉત્પત્તિ કરવી એનું નામ સંવર. કહો, સમજાય છે કાંઈ? આત્મા શુદ્ધ ચૈતન્ય આનંદ અને જ્ઞાનની મૂર્તિ આત્મા છે. એને રાગ-દ્વેષ અને પુણ્ય-પાપના ભાવ એનાથી ભિન્ન પાડીને સમ્યગ્જ્ઞાન-દર્શન દ્વારા આત્મામાં એકાગ્ર થવું એનું નામ સંવર અને ધર્મ કહેવામાં આવે છે કે જે ધર્મ એણે અનંત કાળમાં એક સેકન્ડમાત્ર પણ કોઈ દિ' કર્યો નથી. કહો, સમજાણું? કહે છે, જુઓ! ભાવાર્થ છે ને? ટીકા ચાલી ગઈ છે.

'**ભાવાર્થ :- અનાદિ કાળથી જે આસ્રવનો વિરોધી છે એવા સંવરને...**' એટલે શું? કે આત્મામાં જે વિપરીત માન્યતા અને રાગ-દ્વેષના ભાવ છે એને આસ્રવ મલિન પરિણામ, અધર્મ કહેવામાં આવે છે. એ અધર્મરૂપી આસ્રવે અનાદિ કાળથી ભગવાન આત્મા એનો જે શુદ્ધ સંવરદશા જે પ્રગટ થવી જોઈએ એને આસ્રવે રોકી. સમજાણું કાંઈ? અનાદિ કાળથી આસ્રવનો વિરોધી, પુણ્ય-પાપના ભાવ અને પુણ્ય-પાપના ભાવ એ મારા એવો જે મિથ્યાત્વભાવ અને રાગ-દ્વેષભાવ એ આસ્રવ, એનો વિરોધી સંવર એટલે કે મિથ્યાત્વ રહિત અને રાગ-દ્વેષ રહિત આત્મા શુદ્ધ ચૈતન્યની અંતર શ્રદ્ધા-સમ્યગ્દર્શન અને સમ્યગ્દર્શન સહિતની અંદર સ્થિરતા-શાંતિ, શાંતિના અંશની સ્થિરતા, એને સંવરને એ આસ્રવ ઉત્પન્ન કરવા દેતું નથી. સમજાય છે કાંઈ? ઝીણી વાત છે. અનંત કાળથી એણે એ વાત લક્ષમાં લીધી જ નથી. બહારથી એણે માન્યું છે કે આમ ધર્મ થાય અને આમ અધર્મ થાય.

આત્મા જે સચ્ચિદાનંદ, પરમાત્મા સર્વજ્ઞ પરમેશ્વર કેવળજ્ઞાનીએ જે આત્મા વસ્તુ એને કહીએ કે જે શરીર કર્મના રજકણો જે જડ, માટી, ધૂળ છે એનાથી જુદું તત્ત્વ છે. અને એમાં પુણ્ય અને પાપના શુભ-અશુભભાવ થાય એ તો આસ્રવતત્ત્વ છે. એ આત્મતત્ત્વ નથી.

જેમ આ માટી શરીર, વાણી, કર્મ અંદર છે આઠ કર્મ એ બધા અજીવતત્ત્વ છે, જડ તત્ત્વ છે, માટી તત્ત્વ છે. એમ એ માટી તત્ત્વથી જેમ જુદો આત્મા છે, એમ અંદરમાં શુભ અને અશુભભાવ થાય એ આસ્રવતત્ત્વ છે, મેલ તત્ત્વ છે, એનાથી ભગવાન આત્મા જ્ઞાયકતત્ત્વ તદ્દન જુદું છે. એવા જ્ઞાયક આત્મા ચિદાનંદની જે દૃષ્ટિ રાગ અને પુણ્યથી ભિન્ન થઈને ભેદજ્ઞાન થવું જોઈએ એ સંવર દશા. એને પુણ્ય-પાપના ભાવરૂપી આસ્રવ એ સંવરદશાને ઉત્પન્ન થવા દેતું નથી.

તેથી '**આવા સંવરને જીતીને આસ્રવ મદથી ગર્વિત થયો છે.**' એક અલંકાર આચાર્યે કર્યો છે કે પુણ્ય-પાપનો ભાવ એને ગર્વ થયો છે કે મેં મોટા માંધાતાને મારા આસ્રવમાં પાડ્યા છે. સમજાણું કાંઈ? રાગનો ભાવ જે દયા, દાન, વ્રત આદિનો, કષાય મંદનો ભાવ એ પણ આસ્રવ છે, બંધનું કારણ છે. એ આસ્રવથી ધર્મ થાય એમ માનનારા મિથ્યાદૃષ્ટિને કહે છે, આસ્રવને ગર્વ થયો કે મેં મોટા માંધાતાને પાડ્યા છે હેઠે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એથી અભિમાન થયું ને. આ તો અલંકાર કર્યો છે ને.

આમ સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય ભગવાન નિર્મળ આનંદનું સ્વરૂપ આત્મા છે. સત્ શાશ્વત જ્ઞાન અને આનંદનો સ્વભાવ સમુદ્ર આત્મા છે. એની ખબર નથી અને ખબર ઓલા પુણ્ય અને પાપના ભાવની છે એવો જે આસ્રવભાવ એને અહીં ગર્વ થયો કે મેં કોઈને એમાંથી નીકળવા દીધા નથી. ધીરૂભાઈ! સાધુ થયો, દિગંબર મુનિ થયો અનંત વાર, પણ આસ્રવ કહે છે કે મેં પણ મારા પંજામાંથી એને નીકળવા દીધા નથી. એ પણ રાગની મંદતા દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામને ધર્મ માનતો હતો. આસ્રવને જ ધર્મ માનતો હતો. સમજાણું કાંઈ? આહાહા..!

અથવા મેં આ છોડ્યું... મેં આ છોડ્યું... મેં આ છોડ્યું... વિષય કષાયના સંયોગો છોડ્યા અને મેં નિવૃત્તિ લીધી. એવો એક વિકલ્પનું અભિમાન એ પણ રાગનું એક અભિમાન છે. ભગવાન આત્મા તો જ્ઞાનસ્વરૂપ, જ્ઞાનનો સૂર્ય પ્રભુ છે. એમ સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ, કેવળજ્ઞાની તીર્થંકરદેવ, એણે આ આત્માને ચૈતન્ય આનંદ અને જ્ઞાન શુદ્ધ સ્વરૂપ જોયું છે. એવું છે. એને ન માનતા એ રાગની ક્રિયા જે અંદર શુભભાવ દયા, દાન, વ્રત, ભક્તિ, તપનો ભાવ થાય એ આસ્રવ વિકલ્પ રાગ છે. એ કહે છે કે મેં એને ધર્મ મનાવીને, આસ્રવને ગર્વ થયો કે મેં બધા માંધાતાને પાડ્યા છે. સમજાણું કાંઈ? ભારે વાત ભાઈ!

'**તે આસ્રવનો તિરસ્કાર કરીને...**' હવે સમ્યગ્દર્શન થાય છે. હવે સંવર પ્રગટ થાય છે. '**તે આસ્રવનો તિરસ્કાર કરીને...**' અરે..! હું તો શુદ્ધ ચૈતન્ય જ્ઞાન આનંદની મૂર્તિ

આત્મા છું. એમ જેણે પુણ્ય અને પાપના રાગથી ભિન્ન પાડી, નિર્મળ સ્વભાવની શ્રદ્ધા-જ્ઞાન દ્વારા જેણે આત્માને પરથી ભિન્ન કર્યો, એવું જે સંવર સ્વરૂપ ભેદજ્ઞાન એણે આસ્રવનો તિરસ્કાર કર્યો. આસ્રવ પુણ્ય-પાપનો રાગ એ મારી ચીજમાં નથી, મારામાં નથી અને હું એવો નથી. એવું જેને અંતરમાં પુણ્ય-પાપના રાગથી ભેદજ્ઞાન થયું, એ ભેદજ્ઞાન સંવરે આસ્રવનો તિરસ્કાર કર્યો. ઝીણી વાતું. સમજાણું કાંઈ?

**'જેણે હંમેશને માટે જય મેળવ્યો છે...'** સમજાણું આમાં? સદા સાદિઅનંત... ભગવાન આત્મા શુભ અને અશુભ જે વિકલ્પ રાગ છે એનાથી ભિન્ન પાડીને જ્યાં સમ્યગ્દર્શન-જ્ઞાન ચૈતન્યનો અનુભવ થયો, કહે છે કે એ અનુભવે આસ્રવનો તિરસ્કાર કર્યો. ન્યાલચંદભાઈ! વાત ભારે ઝીણી! સમજાણું? એવા સંવરને ઉત્પન્ન કરતો. કોણ? ચૈતન્યનો પ્રકાશ. **'જેણે હંમેશને માટે જય મેળવ્યો છે એવા સંવરને ઉત્પન્ન કરતો, સમસ્ત પરરૂપથી જુદો...'** ચૈતન્ય પ્રકાશ ભગવાન આત્મા ચૈતન્યનું નુર છે. ચૈતન્ય પ્રકાશ છે આત્મા, ચૈતન્યનો પિંડ છે. એ અસંખ્ય પ્રદેશી પિંડ-સ્કંધ છે. સમજાણું કાંઈ? જેમ પરમાણુઓ ઘણા મળીને સ્કંધ છે. એ ઘણાં છૂટા મળીને સ્કંધ છે. આ અસંખ્ય પ્રદેશી સ્કંધ છે.

ભગવાન અસંખ્ય પ્રદેશી. કાલે કહ્યું હતું. અસંખ્ય ચોવીસીના સમય જેટલા આત્માના પ્રદેશ છે. શું પ્રદેશ ને કાંઈ.. સમજાણું કાંઈ? ભગવાન કેવળજ્ઞાની પ્રભુએ આ આત્માના પ્રદેશો-અંશ-આ છે તે અહીં નથી એમ એના જે ભાગ પડે, જુદો ન પડે પણ આ છે તે અહીં નથી એવો જે અંશ, એવા એક આત્મામાં ભગવાન પરમેશ્વરે અસંખ્ય પ્રદેશ જોયા છે. એ અસંખ્ય પ્રદેશનું આખું પૂર-સ્કંધ-એને આત્મા કહેવામાં આવે છે. એ અસંખ્ય પ્રદેશમાં અનંત ગુણ ભર્યા છે. જ્ઞાન, આનંદ, શાંતિ, શ્રદ્ધા એવા અનંત ગુણનો પિંડ આત્મા એને જેણે અંદર પુણ્ય-પાપના રાગથી ભિન્ન પડી અને ચૈતન્ય સ્વભાવનો જેણે આશ્રય લીધો, એવો જે ચૈતન્યનો પ્રકાશ એણે રાગ-દ્વેષનો તિરસ્કાર કર્યો અને સંવરને ઉત્પન્ન કર્યો.

**'સમસ્ત પરરૂપથી જુદો અને પોતાના સ્વરૂપમાં નિશ્ચળ એવો આ ચૈતન્યપ્રકાશ નિજરસની અતિશયતાપૂર્વક નિર્મળપણે ઉદય પામે છે.'** સંવર દશા-સમ્યક્દર્શન દશા ઉત્પન્ન થાય છે. આહાહા..! સમ્યગ્દર્શન ઉત્પન્ન થાય એને ભેદજ્ઞાન કહે છે. ત્યારથી એને ધર્મની શરૂઆત કહેવામાં આવે છે. ત્યાં સુધી એને ધર્મ-બર્મ હોતો નથી. સમજાણું કાંઈ? હવે એ પૂરું (થયું). એ તો શ્લોકનો અર્થ કર્યો. હવે મૂળ ચાલે છે.

**'ત્યાં (સંવર અધિકારની) શરૂઆતમાં જ, (ભગવાન કુંદકુંદાચાર્ય) સકળ કર્મનો સંવર કરવાનો ઉત્કૃષ્ટ ઉપાય જે ભેદવિજ્ઞાન તેની પ્રશંસા કરે છે :-'** શ્લોક-૩, ૧૮૧, ૧૮૨, ૧૮૩.

**उवओगे उवओगो कोहादिसु णत्थि को वि उवओगो।**
**कोहो कोहे चेव हि उवओगे णत्थि खलु कोहो।।१८१।।**
**अट्ठवियप्पे कम्मे णोकम्मे चावि णत्थि उवओगो।**
**उवओगम्हि य कम्मं णोकम्मं चावि णो अत्थि।।१८२।।**
**एदं तु अविवरीदं णाणं जइया दु होदि जीवस्स।**
**तइया ण किंचि कुव्वदि भावं उवओगसुद्धप्पा।।१८३।।**

નીચે હરિગીત

**ઉપયોગમાં ઉપયોગ, કો ઉપયોગ નહિ ક્રોધાદિમાં,**
**છે ક્રોધ ક્રોધ મહીં જ, નિશ્ચય ક્રોધ નહિ ઉપયોગમાં; ૧૮૧.**
**ઉપયોગ છે નહિ અષ્ટવિધ કર્મો અને નોકર્મમાં,**
**કર્મો અને નોકર્મ કંઈ પણ છે નહિ ઉપયોગમાં; ૧૮૨.**
**આવું અવિપરીત જ્ઞાન જ્યારે ઉદ્ભવે છે જીવને,**
**ત્યારે ન કંઈ પણ ભાવ તે ઉપયોગશુદ્ધાત્મા કરે. ૧૮૩.**

બહુ સરસ વાત છે, અલૌકિક વાત છે. અનંત કાળથી નહિ કરેલી એવા કરનારને શું કરવું એની વાત છે. અનંત કાળથી નહિ કરેલી એવા કરનારને શું કરવું એ વાત છે. સમજાણું કાંઈ?

'**ટીકા :- ખરેખર એક વસ્તુની બીજી વસ્તુ નથી...**' આ શબ્દ. આ જગતની અંદર ખરેખર, યથાર્થપણે, વાસ્તવિકપણે, નિશ્ચયથી જોઈએ તો એક ચીજની બીજી ચીજ નથી. આમાં મહાસિદ્ધાંત છે આખો. સમજાય છે કાંઈ? '**(અર્થાત્ એક વસ્તુની બીજી વસ્તુ કાંઈ સંબંધી નથી)...**' આત્મા વસ્તુ છે એની બીજી વસ્તુ કાંઈ એને સંબંધ નથી.

મુમુક્ષુ :- નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે.

ઉત્તર :- એ સંબંધ જ નથી કહેવાતો. નિમિત્ત-નૈમિત્તિક સંબંધ જ પૃથક્કપણું બતાવનાર છે. નિમિત્ત નૈમિત્તિક સંબંધ બેનો સંબધ એ પૃથક્પણું બતાવે છે. સમજાણું કાંઈ?

આ આત્મા,.. અહીં તો પહેલો સિદ્ધાંત કહે છે અને પછી એનો ન્યાય ઉતારશે. '**ખરેખર એક વસ્તુની બીજી વસ્તુ નથી.**' વસ્તુ નામ જેમાં ગુણો-શક્તિઓ વસેલી (હોય) તેને વસ્તુ કહેવામાં આવે છે. ભગવાન આત્મા વસ્તુ છે. એમાં પણ અનંત જ્ઞાન-દર્શન-આનંદ આદિ શક્તિઓ-સ્વભાવ વસેલા, વસ્તુમાં વસેલા છે માટે તેને વસ્તુ કહે છે. એ વસ્તુ '**ખરેખર એક વસ્તુની બીજી વસ્તુ કાંઈ સંબંધી નથી)...**' આત્મા એ શરીર, કર્મનો નથી, અને એ આત્મા પુણ્ય અને પાપ વિકારી ભાવ એનો નથી. સમજાણું કાંઈ? પુણ્ય-પાપ ભાવ

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પણ અન્ય વસ્તુ છે. શરીર, કર્મ જેમ અન્ય વસ્તુ છે, એમ શુભ-અશુભભાવ એ અન્ય વસ્તુ છે. એ અન્ય વસ્તુની અન્ય વસ્તુ નથી. એ અન્ય વસ્તુનો આત્મા નથી અને આત્માનો એ પુણ્ય-પાપ અને એ કર્મ, શરીર નથી. સમજાણું કાંઈ? ભારે ઝીણું. બહારથી જેણે માન્યું છે એને તો આમ ધડાકા લાગે એવું છે.

ભગવાન આત્મા ચૈતન્યનો સ્વભાવ છે ને. સત્ છે ને. અણકૃત્રિમ છે, અણકરાયેલ છે ને, શાશ્વત છે. એવી શાશ્વત ચીજ, એમાં તો જ્ઞાન, દર્શન અને આનંદ જ ભર્યા છે. એવો ભગવાન આત્મા એ પુણ્ય-પાપના રાગનો થતો નથી, કર્મનો થતો નથી, શરીરનો થતો નથી. એટલે પુણ્ય-પાપની પર્યાયની ક્રિયાનો થતો નથી, દેહાદિની ક્રિયાનો થતો નથી. અને એ આત્મા દેહાદિની ક્રિયા પર્યાય જડની ઉદય આદિ કર્મની (થાય) એનો થતો નથી, એમાં એ આત્મા નથી. અને પુણ્ય અને પાપને અહીં ક્રોધ કીધો છે. ક્રોધ કેમ? કે સ્વભાવની રુચિ છોડીને જેને પુણ્ય પરિણામનો પ્રેમ છે તેને આત્મા પ્રત્યે ક્રોધ છે. કહો, સમજાણું કાંઈ?

ભગવાન આત્મા ચૈતન્ય સ્વભાવ... સ્વભાવ... સ્વભાવ... જે જેનું રૂપ અને જે જેનું સ્વરૂપ છે એની રુચિ જેને નથી અને જેને રાગની મંદતા-દયા, દાન, વ્રતના પરિણામ શુભભાવ છે, એનો જેને પ્રેમ અને રુચિ છે એને આત્માના ત્રિકાળ સ્વભાવ પ્રત્યેનો એને દુશ્મનભાવ વર્તે છે. સમજાણું કાંઈ? એ ક્રોધ શબ્દ વાપર્યો. ભગવાન આત્મા ઉપયોગમાં ઉપયોગ છે એમ કહેશે. એ નિર્મળ દશાને આધારે આત્મા જણાય છે. એ વિકલ્પને આધારે આત્મા જણાય નહિ. કેમ કે પુણ્ય-પાપનો વિકલ્પ છે એ સ્વભાવથી ભિન્ન ચીજ છે. અને ભિન્ન ચીજનો જેને પ્રેમ છે એને પોતાના સ્વરૂપ પ્રત્યેનો એને દ્વેષ અને ક્રોધ છે. આહાહા..! સમજાણું કાંઈ?

ભગવાન આત્મા કોઈનો નથી. એક વસ્તુ બીજીની નથી અને બીજી વસ્તુ આની નથી. એનો અર્થ કે ભગવાન જ્ઞાનસ્વભાવ વસ્તુ એ નથી રાગનો, નથી કર્મનો, નથી શરીરનો. એને રાગવાળો માનવો અને રાગ છે એ હું છું એમ માનવું એને આત્માના શુદ્ધ સ્વભાવ પ્રત્યે અનાદર, દુશ્મનાઈ, ક્રોધ વર્તે છે. મોહનભાઈ! ઝીણું બહુ. ત્યાં ક્યાં હશે આવું? ત્યાં રખડપટ્ટાનું હોય બધું.

મુમુક્ષુ :- આનાથી ઊંધું હોય.

ઉત્તર :- ઊંધું. આહાહા..! અરે.. ભગવાન! પોતે..

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આહાહા..! ક્યાં વસ્તુ? ક્યાં વસ્તુ? કહે છે.

ભાઈ! એક સત્તા છે ને? હોવાવાળો પદાર્થ છે ને? છે ને? હોવાવાળો પદાર્થ છે ને

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

ભગવાન વસ્તુ. તો એ વસ્તુ પુણ્ય-પાપના વિકલ્પને આધારે નથી. એ વસ્તુ પુણ્ય-પાપના આધારે ટકતી નથી, એને આધારે પ્રગટતી નથી, એને આધારે એની દશા અનુભવ થતો નથી. સમજાણું કાંઈ?

એ વસ્તુ જે શુભ અને અશુભ રાગ એની જેને રુચિ છે, દ્વેષ અરોચક ભાવ. આનંદઘનજીએ એમ કહ્યું. જેને આ ભગવાન શુદ્ધ ચૈતન્યપ્રભુ રુચતો નથી, ગોઠતો નથી, પ્રેમ કરતો નથી, તેનું અવલંબન કરતો નથી. એને રાગના અવલંબનમાં પ્રેમ વર્તે છે તો એનો અર્થ છે કે દ્વેષ અરોચક ભાવ. સ્વભાવને રુચતો નથી તેને દ્વેષ કહેવામાં આવે છે. એને અહીં ક્રોધ કીધો છે. કારણ કે દ્વેષના બે ભાગ છે-ક્રોધ અને માન. રાગના બે ભાગ છે-માયા અને લોભ. સમજાણું કાંઈ? આ તે કેવી વાત! પોતે પોતાનો દુશ્મન! એવો શબ્દ છે ક્યાંક. શ્રીમદ્‌માં. ક્યાંક છે ખરું. અત્યારે.. સમજાણું? આ તે કેવું? કેમ કેવું? પોતે પોતાનો દુશ્મન? શ્રીમદ્ કહે છે. ઈ આ.

જ્ઞાનાનંદ સચ્ચિદાનંદ સ્વરૂપ, સત્ શાશ્વત જ્ઞાન અને આનંદનું સ્વરૂપ, એને પોતાનું ન માનતા, ન જાણતા, નહિ અનુભવતા એ રાગનો ભાગ જે વિકલ્પ ઉઠે એને પોતાનું માની અને એના અસ્તિત્વમાં દૃષ્ટિ કરી અને આત્માનો પ્રેમ છોડ્યો છે, એ આત્માનો દુશ્મન છે. આહાહા..! એનો દુશ્મન કોઈ કર્મ આદિ વસ્તુ નથી. એનો મિથ્યાત્વભાવ એ આત્માનો દુશ્મન છે. ઝીણું બહુ પણ ભાઈ! આહાહા..!

વસ્તુ, જેમ આ હોવાવાળા રજકણો દેખાય છે, આ જુઓને છે ને? પણ એ હોવાવાળાનું હોવાપણું જાણનાર કોણ? આ શરીર, આ.. આ... આ.. એમ જે અસ્તિપણે, વસ્તુપણે, મોજૂદગીપણે પદાર્થ છે એને આ છે એમ જાણનાર કોણ? એ જાણનાર એનાથી જુદો એ ચૈતન્યસત્તા ભિન્ન રાખે છે. ખરેખર તો એ પુણ્ય અને પાપ રાગાદિ થાય એનો એ જાણનાર સત્તા રાખે છે. જાણવાની સ્વ સત્તા રાખે છે. રાગની મારી સત્તા ભેગી છે એવું એમાં છે નહિ. સમજાણું કાંઈ?

કહે છે, '**ખરેખર એક વસ્તુની બીજી વસ્તુ નથી...**' વ્યવહારથી કહેવાય કે આના કર્મ અને આનો રાગ ને આ રાગી એમ કહે છે. એ તો કહેવામાત્ર છે. વસ્તુ છે નહિ. આહાહા..! જુઓને! અહીં જીવતા ઈયળું શરીરમાં પડે, મોઢા સડે. કુટુંબ-કબીલા બધા પાપ કરીને, પાપ કર્યા હોય પોતે અને બધા ઉડાડતા હોય. મહેમાન આવ્યા હોય લાડવા ઉડાડતા હોય. ખબર હોય. સડેલું મોઢું. નાનચંદભાઈની વહુ, સડેલું મોઢું. લાખોપતિ મોટા. ગઢડા. અને અત્યારે સાકરચંદભાઈ, પાલિતાણા. એના મુનિમ હતાને દિગંબરમાં. બધું સડી ગયું.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- જઈ આવ્યા? શું કરવા? કામ હતું? એ તો .. અહીં એને પ્રેમ હતો. એણે સંભાર્યા હતા. પાનાચંદભાઈ ગયા હતા ને એટલે સંભાર્યા હતા. એટલે મારે તો એકવાર અમથું જાવું હતું, તળેટી સુધી જાવું હતું. .. આ સડી ગયેલું બધું. બોલી શકે નહિ. અહીં મોટું કાણું. એવું શરીર હતું. સોનાના બટન આમ. સોનાના બટન પહેરતા. ૭૭ વર્ષ થયા. સોનાના બટન, અહીં સોનાની કડીયું લટકતી. ક્યાં ગયું આ બધું? આ સડ્યું સોનું. જેના માટે સોના પહેર્યા એ સડ્યા. આહાહા..! તમાકુ બહુ ખાતાને પહેલાં તમાકુ. કરે છે ને ઓલા બ્રાહ્મણો? તમાકુ હોય ને. આમ આમ કરી પછી આમ આમ કરે ઓલી જરીક ઉડી જાય અને પછી (મોઢામાં મૂકે). બ્રાહ્મણને જોયેલા. નાની ઉંમરમાં જોયેલા. અત્યારે ક્યાં જોવા નવરા? નાની ઉંમરમાં. અમારે ઉમરાળામાં બ્રાહ્મણ હોય ને. એ કરતા હોય આમ. પહેલા ઉડાડે અને પછી... આહાહા..! અવાજ ન મળે. અરે..! કેના બાપા? એ રજકણ ક્યાં એનું છે? એ રજકણની અવસ્થા એને કાળે જે થવાની એમાં ત્રણ કાળમાં કોઈ ફેરવી શકે નહિ. આહાહા..! કેમ કે આત્માની એ ચીજ નથી અને એ ચીજ આત્માને અડતી નથી. આહાહા..! કોઈ દિ' આત્મા રજકણને અડ્યો નથી ત્રણ કાળમાં. એ વળી શું હશે? આ બધું પડ્યું છે ને અહીં ચોંટીને.

મુમુક્ષુ :- ચોંટીને ને?

ઉત્તર :- ના ના. ચોંટ્યું પણ નથી. એ તો ભાષા કીધી. આત્મા રજકણને અડ્યો પણ નથી. અત્યારે અડતો જ નથી. અરૂપી રૂપીને શું અડે? રૂપી રૂપીને અડે નહિ તો અરૂપી રૂપીને શેનું અડે? સમજાણું કાંઈ?

એટલે કહે છે '**ખરેખર એક વસ્તુની બીજી વસ્તુ નથી...**' ઘણી ઈચ્છા કરે, જ્ઞાનનો ખદબદાટ કરે કે આ આમ થયું હવે? બોલતા હતા આમ. બોલી શકતા નહોતા. આમ આમ કરતા હતા. એટલે શું કે અહીં કર્યું અને એણે ભોગવવું. આ બધા ઊભા.

મુમુક્ષુ :- ભાન ઘણું હતું.

ઉત્તર :- ભાન પણ સાધ્ય રહેવાનું, શરીરમાં નબળાઈ નથી. તાકાત છે હજી. ઝટ જાય એવું નથી. એ તો જોયું છે. ભાન છે એનું? ભાન ... ભાન એટલે કે અસાધ્ય નથી થયા. બહારથી. ઓલું તો અસાધ્ય જ છે. અસાધ્ય છે. અનાદિનો રાગને પોતાનો માનીને સ્વરૂપને અસાધ્ય કરી નાખ્યું. આહાહા..! એ અસાધ્યમાં પડ્યા છે જીવો અનાદિથી. કોણ બોલે? બોલતાય નથી. આ તો હોઠ હલે... શિરા ખાવા જોઈતા હતા એને દરરોજના, લ્યો. હવે શિરા શેના? અને હવે શિરા થાય પણ ક્યાં? પૈસા ક્યાં હતા? આરેરે..! આ જુઓને! જગતની સંધ્યા, સંધ્યાના રંગ. જ્યાં ગયો સંધ્યાનો રંગ ત્યાં ઉડી ગયું, કાળું થઈ ગયું. એમ કહે

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે, ભગવાન! કોઈ ચીજનું કોઈ નથી, ભાઈ! એ ચીજો એને કારણે છે.

અહીં તો એમ કહે છે કે વિકારી પરિણામનો આત્મા નથી અને આત્માના વિકારી પરિણામ નથી. આહાહા..! જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ જીવનો નથી. અને જીવ એને આશ્રયે, જીવને આશ્રયે પ્રગટેલો નથી. પુણ્યના પરિણામનો આધાર આત્મા નથી. આહાહા..! સમજાણું કાંઈ?

**'ખરેખર એક વસ્તુની બીજી વસ્તુ નથી (અર્થાત્ એક વસ્તુની બીજી વસ્તુ કાંઈ સંબંધી નથી) કારણ કે બન્નેના પ્રદેશો ભિન્ન હોવાથી તેમને એક સત્તાની અનુપપત્તિ છે...'** વળી વિશેષ નાખ્યું. આહાહા..! એ કહે છે કે અંદર દયા, દાન, વ્રત, કામ, ક્રોધ, ભોગની વાસના ઉઠે છે ને? એનું ક્ષેત્ર જ જુદું છે. ભગવાન આત્માનું ક્ષેત્ર તદ્દન જુદું છે. એમ કહે છે અહીં. સમજાણું કાંઈ? બેના પ્રદેશો જુદા છે. બેનું ક્ષેત્ર જ જુદું છે. મેલના ઉપર પરિણામ થાય એ ક્ષેત્ર છે એ પરક્ષેત્ર છે. નિર્મળ શુદ્ધ ભગવાન આત્મા છે એ સ્વક્ષેત્ર છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- એ મળ ઉત્પન્ન થયો છે જે અંશમાં-ક્ષેત્રમાં એ ક્ષેત્ર જ જુદું છે. એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા..!

ભગવાન આત્માના ક્ષેત્રમાં.. બાંસાવડના ચોખા જ્યાં પાકતા હોય ત્યાં કળથી પાકે? કળથી તો અહીં પાકે જીથરીની જમીનમાં. ટેકરામાં પાકતી. પહેલા જતાં ને ઘણીવાર. કળથી. કળથી સમજો છો? કળથી સમજાય છે? કળથી નહિ? .. દાણો. આ છોકરાઓએ સાંભળ્યું પણ ન હોય. ઓલા કળથીનું શાક કરતા. પહેલા કળથી બહુ કરતા. કળથીનો મેવો પાતળો. હલકું અનાજ. છોકરાને શેકીને આપતા. એ કળથી પાકે અહીં જીથરીમાં. કાંઈ બાંસાવડના ચોખા પાકતા હશે?

એમ આત્માનું ક્ષેત્ર એમાં રાગ પાકે એ આત્માનું ક્ષેત્ર જ નથી, એમ કહે છે અહીં તો. આહાહા..! સમજાણું કાંઈ? ભારે આ વાત પણ. જગતે તો સાંભળી ન હોય તો ભગવાનની વાત હશે? કેવળીએ કહેલી હશે? કોઈ દિ' સાંભળવા મળતી નથી બિચારા શું કરે? આ કરો... આ કરો.. આ પાળો ને આ કરો.. મરી ગયા એમાં કરી કરીને. મિથ્યાદૃષ્ટિપણે મૂઢ થઈને એમ ને એમ જગતનો કાળ જાય છે અનાદિથી. ભગવાન આત્મા પરમેશ્વર કેવળજ્ઞાની ત્રિલોકનાથે જે કહ્યો એ આત્મામાં તો કહે છે કે એના ક્ષેત્રમાં પુણ્ય-પાપના વિકલ્પ ઉઠે એ ક્ષેત્ર જ નથી એનું. આહાહા..! સમજાય છે? દીપચંદજી! સમજાય છે? ગુજરાતી ભાષા છે. હવે તો હળવે હળવે થાય ને. હવે .. થઈ ગઈ. છોકરાઓ વિદ્યાર્થી આવે એ બબ્બે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

મહિને શીખી જાય છે. ક્યાં ગયો તારાચંદજી? એ તો હુશિયાર, ગુજરાતી બોલવામાં હુશિયાર થઈ ગયો છે. આ તો મારવાડી છે, હોં! ગુજરાતી બોલે છે હવે તો. એ તો મહિને બે મહિને શીખી જાય. તો પછી મોટા તો વહેલા શીખી જાય કે નહિ?

કહે છે, ભગવાન! તારું દ્રવ્ય ભિન્ન, તારું ક્ષેત્ર ભિન્ન, તારો કાળ ભિન્ન, તારો ભાવ ભિન્ન. આહાહા..! પુણ્ય-પાપના વિકારો તેનું દ્રવ્ય ભિન્ન, ક્ષેત્ર ભિન્ન, કાળ ભિન્ન, ભાવ ભિન્ન. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- શરીર જ ક્યાં હતું અહીં? શરીર શરીરમાં છે, ધૂળ ધૂળમાં છે. અહીં તો આત્માના પ્રદેશોમાં રાગ અને દયા, દાન, વિકલ્પ ઉઠે છે એ પ્રદેશો રાગના છે, આત્માના નહિ. એમ કહે છે. સમજાણું કાંઈ?

'**કારણ કે બન્નેના પ્રદેશો ભિન્ન...**' છે. કર્મના, શરીરના રજકણો તો આ ભિન્ન છે, જુદાં છે. ભગવાન ચૈતન્ય સત્તા વસ્તુ ભિન્ન છે. પણ રાગ-દ્વેષના, પુણ્ય-પાપના દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધના વિકલ્પો જે છે એનું ક્ષેત્ર, એ મેલા છે તો મેલાનું ક્ષેત્ર જ આત્માના નિર્મળ ક્ષેત્રથી ભિન્ન ગણવામાં આવ્યું છે. સમજાણું કાંઈ? પ્રવિણભાઈ! આ ભેદવિજ્ઞાન કહેવાય છે. માણસને બહારથી નવરો થાય ત્યારે આ અંદરમાં જાયને જોવા કે શું છે આ? નવરો થાતો નથી. આ વસ્તુ શું?

જેને ભગવાન વખાણે છે, જેના ગુણગ્રામ કરતાં શાસ્ત્ર થાકી જાય છે. થાકી જાય એટલે કહી શકતા નથી. એવો આત્મા આવા અનંતા રજકણના મધ્યમાં રહેલું જુદું તત્ત્વ, આ તો અનંતા રજકણ છે. એવી ચૈતન્ય સત્તા એના હોવાપણામાં તો આનંદ અને જ્ઞાનનું હોવાપણું એવી વસ્તુ, એને રાગદ્વેષના પ્રદેશો એને ભિન્ન ગણવામાં આવ્યા છે. પ્રદેશ નામ ક્ષેત્ર. ભગવાન આત્મા અસંખ્ય પ્રદેશી શુદ્ધ ચૈતન્ય એ એનું ક્ષેત્ર. રાગ-દ્વેષ, પુણ્ય-પાપના પરિણામ એના પ્રદેશમાં ઉત્પન્ન થવા છતાં એને ભિન્ન ક્ષેત્ર ગણવામાં આવ્યું છે. પોપટભાઈ! આહાહા..!

સર્વજ્ઞ વીતરાગ સિવાય, કેવળજ્ઞાની પરમાત્મા સિવાય આ વાત ક્યાંય હોઈ શકે નહિ. વસ્તુનું ક્ષેત્ર સિદ્ધ કરે છે, વસ્તુને સિદ્ધ કરે છે, વસ્તુનો ભાવ સિદ્ધ કરે છે અને આ વિકારી ભાવનું ક્ષેત્ર ભિન્ન છે એમ સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ? એના ઘરમાં જાવું એને આકરું પડે છે. બહારમાં રખડવું એને સહેલું પડે છે. આ વાત કહે છે આમ સમજવી એને કઠણ પડે છે, આ શું કહે છે આ?

કહે છે, '**એક વસ્તુની બીજી વસ્તુ નથી...**' એક વાત કરી. બીજું કહ્યું કે એના પ્રદેશો-ક્ષેત્ર તદ્દન જુદા છે. '**તેમને એક સત્તાની અનુપપત્તિ...**' એ બેના ક્ષેત્રનું એક

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


હોવાપણાની પ્રાપ્તિ જ નથી. આહાહા..! સ્વભાવની શ્રદ્ધા-જ્ઞાનની નિર્મળ ધારા દ્વારા અંતરમાં એકાગ્ર થાય, તો કહે છે કે એ નિર્મળ ઉપયોગ છે એને આધારે આત્મા જણાય છે. એ વિકલ્પને આધારે જણાતો નથી અને વિકલ્પ એ ભિન્ન ચીજ રહી જાય છે. સમજાણું કાંઈ?

'**(અર્થાત્ બન્નેની સત્તા જુદી જુદી છે);...**' કહો, સમજાણું? એમને એક સત્તા એટલે એક હોવાપણાની પ્રાપ્તિ નથી. એક હોવાપણાની બે પ્રાપ્તિ નથી. પુણ્ય-પાપના ભાવને કર્મને અને શરીરને અને આત્માના હોવાપણાને બેની એક હોવાપણાની પ્રાપ્તિ નથી. બેની ભિન્ન ભિન્ન પ્રાપ્તિ છે. સમજાણું કાંઈ? અહીં તો હજી દયા, દાન, ભક્તિના, વ્રતના પરિણામ થયા એટલે ધર્મ થઈ ગયો.

મુમુક્ષુ :- કારણ..

ઉત્તર :- ધૂળમાંય કારણ નથી. એ તો વાત નિમિત્તથી કરી. કારણ-ફારણ કેવા? વિકાર કારણ અને નિર્વિકારી (પર્યાય કાર્ય?).

અહીં તો નિર્વિકારી દશાને આધારે આત્મા જણાય માટે એને નિર્વિકારીનો આધાર ગણીને આધેય આત્માને ગણ્યો છે. રાગને આધારે આત્મા જણાય એ વસ્તુ છે નહિ. વ્યવહારને આધારે નિશ્ચય થાય એમ છે નહિ, એમ કહે છે. આ વાંચ્યું હતું. અમદાવાદમાં વાંચ્યું હતું. એય..! હજારો માણસ હતા. આઠ દિ' ત્યાં વાંચ્યું હતું-હિંમતનગર. ભલે થોડી વસ્તી ચાર બે-ચાર હજાર, પહેલા અઢી હજાર, ત્રણ હજાર, ચાર કરતા અગિયાર હજાર થઈ ગયા હતા. આઠમે દિ' અગિયાર હજાર માણસ. જૈન હતા બધા .. આ વાંચ્યું છે આ. આ જ રીતે જ વાંચ્યું છે. ત્યાં કાંઈ બીજો કાંઈ ફેરફાર નહિ કાંઈ. દાખલો દેવો પડે કાંઈક એવું દેવું પડે. એ તો દાખલો દેવો પડે. દાખલા વધારે આવે. કારણ કે મોટી સભા. કહો, સમજાણું આમાં? બધા સાંભળતા હતા. કહે છે... ત્યાં વિરોધી ઘણા થોડા થોડા તો હશેને એમાંથી આ ઓલા હિંમતનગરમાં. એ બધા હશે વાણિયા. બધા બેઠા હતા. બધા સાંભળતા હતા. સાંભળો ન્યાય. સત્ય શું છે? પક્ષપાત ન હોવો જોઈએ, આગ્રહ ન હોવો જોઈએ. વસ્તુ શું છે?

જેમાં જે નથી એનાથી એ ભિન્ન પાડ્યા વિના એને સમ્યગ્જ્ઞાન થાય નહિ. સમજાય છે કાંઈ? એટલે અહીં એ માટે આ વાત લીધી છે. એમાં એ પુણ્ય-પાપનો વિકલ્પ જે દયા, દાન, વ્રત, ભક્તિની વૃત્તિ ઉઠે છે એ રાગ એ આત્મામાં નથી. એનાથી જુદું પાડતા આત્મા જણાય એવો છે. એને એક માનીને આત્મા જણાય એવો નથી. કારણ કે બેની સત્તા તદ્દન જુદી છે. સમજાણું કાંઈ? આરે..આરે..! આ પણ બહારની... આ માંસ ને હાડકા ને આ બધા લાડવા ને દાળ-ભાત. લહેર કરતા હોય એમાંથી કહે છે કે આ ... લહેર નથી. મરી ગયો છે, સાંભળને હવે. એ જીવતી ચૈતન્ય જ્યોતનો અનાદર કરીને આ ચીજ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


મને ઠીક પડે છે, તેં મારી નાખ્યો તને. સમજાણું કાંઈ? કારણ કે બીજાથી ઠીક પડે એવી માન્યતા એ માન્યતા સ્વભાવમાં નથી. ભિન્ન ચીજ છે. આહાહા..! સમજાણું કાંઈ?

પરવસ્તુ અને પરવસ્તુના સંગે થયેલો વિકાર, એમાં ક્યાંય પણ એને મીઠાશ રહે, મીઠાશ રહે, પ્રીતિ રહે, પ્રચુર પ્રીતિ સહિત રોકાય. કહે છે કે ભગવાન આત્મા એ સત્તામાં નથી. એને એનાથી તેં માન્યો આત્માના સ્વભાવનું તેં ખૂન કર્યું છે. આહાહા..! આખો ચૈતન્ય ભગવાન જ્ઞાનનો દરિયો આખો. કહે છે કે એનું ક્ષેત્ર અને પુણ્ય-પાપના વિકલ્પનું ક્ષેત્ર જુદું, એની સત્તા જુદી, હોવાપણે જુદા. એ રીતે એક વસ્તુની બીજી વસ્તુ નહિ હોવાથી. વિશેષ નાખે છે.

'**એક સાથે બીજીને આધારાધેય સંબંધ પણ નથી જ.**' આહાહા..! શરીરને આધારે આત્મા છે એમ નથી, આત્માને આધારે શરીર છે એમ નથી. કર્મને આધારે આત્મા છે એમ નથી, આત્માને આધારે કર્મ છે એમ નથી. પુણ્ય-પાપના વિકલ્પને આધારે આત્મા છે એમ નથી અને આત્માને આધારે વિકલ્પ થયા છે એમ નથી. સમજાણું કાંઈ? માણસને એ પહોંચી શકે નહિ ને પછી એને વાતે ગોટા વાળવા પડે અને સમજાવનાર ગોટાવાળા હોય એને સારા માનવા પડે. આ શું કહે છે? ગોટા વાળવા પડે અને ગોટા વાળનારને સારા માનવા પડે. આમાં કાંઈ સૂઝ પડે નહિ. ગજનો આંકો સૂઝે નહિ. અને માપ કરવું. ગજનો આંકો સૂઝે નહિ ને માપ કરવું. ભાઈ! પ્રભુ! માપ ન સૂઝે એવો સૂઝનારો બેઠો છે અંદર. એની સત્તામાં તો એકલું જ્ઞાનસ્વરૂપ છે.

ભગવાન આત્મા... કહે છે કે, એ આત્મા એને આધારે રાગ ઉત્પન્ન થતો નથી. પંચ મહાવ્રતના પરિણામ જે છે અહિંસાના વિકલ્પ છે એ આત્માના આધારે થતો નથી એમ કહે છે. એય..! આહાહા..! વસ્તુ જુદી, એથી ક્ષેત્ર જુદું, એથી આધાર-આધેય સંબંધ પણ નથી. એમ ત્રણ વાત સિદ્ધ કરે છે. પછી આગળ કરશે વિશેષ. સ્વરૂપ વિપરીતતાની વાત. સ્વરૂપ વિપરીત પછી કહેશે. ચાર બોલ છે. વિસ્તાર કર્યા હતા ને બધા ત્યાં. કહો, સમજાણું આમાં? પંડિત બેઠા હતા ફૂલચંદજી ને બધા બેઠા હતો મોટા. બંસીધરજી ત્યાં હતા ને? હિંમતનગર. ત્યાં પણ હતા અમદાવાદમાં. બંસીધરજી હતા. ફૂલચંદજી નહોતા. પછી ત્યાંથી અહીં ગયા હિંમતનગર ત્યારે પણ હતા બેય.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- .. ધ્યાન? એ પછી. એ પછી. એ ભાઈ ઓલા પંડિત છે ને રાજેન્દ્ર? અને કલકત્તા પણ એણે કહ્યું હતું. એ અધિકાર. સંવરની ગાથાઓ. ઓલો કહે, આસ્રવનો અધિકાર છે. સમ્મેદશિખર... સમ્મેદશિખર.. સમ્મેદશિખર.. ત્યાં સંવરનો કલકત્તા. ત્યાં નહિ. આ તો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

સમ્મેદશિખર. ત્યાં કર્તાકર્મની ૭૨મી ગાથા હતી. સમ્મેદશિખર રાજેન્દ્રએ એ માંગ્યું હતું. અહીં સંવરનો, કલકત્તા. બધા સાંભળતા હતા અનેક હજારો માણસો. એમાં કાંઈ કો ઉં..ચું.. કાંઈ કરતું નહોતું. પાછળથી મારા અંદર ઉં..ઉં.. કરવા મંડે. એ.. આમ છે. હવે સાંભળ તો ખરો. તને ભાન નથી. પણ આ પાઠ છે. અહીં તમને અર્થ કરીને આધારથી તો અહીં કહેવાય છે. અને ન્યાયથી, પાઠથી વસ્તુ આવી હોય એનો ન્યાય સમજાવીને તો કહેવાય છે. સમજાણું કાંઈ?

જેને ભેદજ્ઞાન કરવું છે એટલે ધર્મ કરવો છે એને આ રીતે સમજવું પડશે. એ સમજ્યા વિના એને ભેદજ્ઞાન અને સંવરદશા થશે નહિ. સંવર છે ને અહીંયાં? કહો, ભગવાનભાઈ! આ સંવર-બંવર પાઠ સામાયિક, પોષા અને પડિક્કમણા કરીને સંવર કર્યા હતા. ધૂળેય નહોતો સંવર. આસ્રવ હતો એકલો. હજી ભાન ન મળે. એ જગજીવનભાઈ બેઠા. સાંભળ્યું નહોતું. સાંભળ્યું નહોતું સાચું. એય..! ધરમચંદભાઈ! કાને પડી નહોતી વાત. આહાહા..!

અરે..! કેવા તારા ઘર છે એવું સાંભળ્યું નહોતું. જોયું તો નહોતું. રહેવા તો નહોતો ગયો પણ તારું ઘર કેવું છે એની સાંભળી નહિ વાત. પારકી માંડી બધી. આ પુણ્ય કરવા, દયા, દાન ને વ્રત ને ભક્તિ ને તપ ને આ કરે. એ બધો વિકલ્પ રાગ. એ પારકા ઘરની વાત.

મુમુક્ષુ :- સેવા કરે.

ઉત્તર :- કોનો સેવા કરતો હતો? કોણ સેવા કોની કરે? રાગની સેવા કરે નહિ. કેમ કે રાગ પરવસ્તુ છે. એ સ્વવસ્તુ એની સેવા કરી શકતો નથી. એમાં એ નથી. અને રાગ આત્માની સેવા કરી શકતો નથી કે રાગને લઈને લાભ થાય એવું રાગમાં નથી, એવું રાગમાં નથી. અને આત્મા રાગને લઈને લાભ કરે એવું આત્મામાં નથી. બેય વસ્તુ ભિન્ન છે. સમજાણું કાંઈ?

.... ... ... પાંચસો-સો વર્ષ પહેલાની ... પંદરસો ને સાત. પંદરસોને સાતની સાલમાં સીમંધર ભગવાનની પધરાવેલી. લ્યો.

મુમુક્ષુ :- માથે લખ્યું છે ને.

ઉત્તર :- લખ્યું છે એ જીવંત સ્વામી. પૂર્વવિદેહસ્થ વિદેહના જીવંત સ્વામી. વિદ્યમાન જીવંત.. એ તો આપણે કાઢ્યું હતું ને. શાસ્ત્રમાંથી કાઢ્યું હતું. જીવંત એટલે વિદ્યમાન થાય. મોટા અક્ષર હોં! ભાઈ ચંદુભાઈએ ઉપર જઈને જોયું. આપણને તો બહુ.. મોટા અક્ષર. એના માણસોએ પણ જોયું હતું. પૂર્વ વિદેહના ધર્મ કર્તા ને? તીર્થકર્તા. તીર્થકર્તા જીવંતસ્વામી સીમંધર સ્વામી. જીવંતસ્વામી સીમંધર સ્વામી. વિદ્યમાન ભગવાન સીમંધર સ્વામી. જીવંતનો અર્થ

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


વિદ્યમાન થાય છે-હયાતી. એ લોકો પણ કહે, ઓહો..! અમે તો દૂરસ્થ મહાવિદેહ ક્ષેત્ર એમ વાંચતા હતા. એ ચંદુભાઈએ પછી વાંચ્યું સરખું. આ બરાબર. પૂર્વના મહાવિદેહના.. એમાં પણ લોકોને પ્રમોદ હતો ને અહીંયાં પણ. સમજાણું? મલૂકચંદભાઈ નહોતા? હતા? એ વખતે હતા કે નહિ? એ વખતે હતા નહિ, એમાં હા શું કરવા પાડી? સાથે નહિ, આગળ-પાછળ નહિ. મગનભાઈ નહોતા. એ તો બધા મોઢા આગળ ભાગ્યા હતા એકદમ. સગવડતા માટે ભાગે-ભાગે.

કહે છે કે પણ કોઈ કોઈને આધારે છે નહિ. આ સીમંધર ભગવાનને આધારે આત્મા સમજાય નહિ એમ કહે છે. અને પ્રતિમાને આધારે આત્મા સમજાય એવો આત્મા નથી. અને એ પ્રતિમા એવી નથી કે એને આધારે આત્મા સમજાય. એવી એ પ્રતિમા નથી એમ કહે છે. એય..! મોહનભાઈ! એક બીજી વસ્તુને આધાર-આધેય નથી કહે છે ને. પછી શું પ્રશ્ન છે? સમજાણું કાંઈ? ત્રિલોકનાથ સર્વજ્ઞ બિરાજતા હોય મહાવિદેહ ક્ષેત્રમાં મોજૂદ. પોતે વાણીમાં એમ આવે છે કે મારે આધારે તને ધર્મ નથી. એમ ઈ કહે છે. મારી વાણીને આધારે તને ધર્મ નથી. તને વિકલ્પ થાય અહીંયાં મને સાંભળવાનો એને આધારે તારો ધર્મ નથી એમ ઈ કહે છે ત્યાં. એય..! પોપટભાઈ!

મુમુક્ષુ :- બધું માનવું...

ઉત્તર :- એ પણ માને પહેલો યથાર્થપણે એને વિકલ્પ વિનયનો આવ્યા વિના રહે નહિ. નિશ્ચય જ્યાં ભાન થયું ત્યાં એવો વિકલ્પ વિનયનો આવ્યા વિના રહે નહિ. એ વિકલ્પને આધારે વસ્તુ નથી. આહાહા..! સમજાણું કાંઈ? એના ખ્યાલમાં તો લે કે આ ચીજ આમ છે અને આ ચીજ આમ નથી. પછી એનો પ્રયોગ કરે ત્યારે એને સમ્યગ્દર્શન થાય. સમજાણું કાંઈ? પણ ખબર જ નથી પ્રયોગ એટલે શું અને એક એટલે શું અને બે એટલે શું અને જુદા એટલે શું?

**'અને એ રીતે...'** એ રીતે એટલે? કે જ્યારે એક વસ્તુ બીજીની નથી અને બેના પ્રદેશો જ્યારે જુદા છે માટે. **'એ રીતે એક વસ્તુની બીજી વસ્તુ નહિ હોવાથી એક સાથે બીજીને આધારાધેય સંબંધ પણ નથી જ.'** એમ પાછું. આહાહા..! .. કહે છે, રાગની અપેક્ષા મંદની હોય તો આત્મા નિર્વિકલ્પ અનુભવ કરી શકે એવું આત્મામાં નથી અને એવું ઓલા રાગમાં નથી એમ કહે છે. સમજાણું કાંઈ? હવે આ વાત સાંભળે નહિ, સમજે નહિ અને ધોકાપંથી લીધા કરે. ધોકાપંથી એટલે શું હશે વળી? ધોકો મારે પણ દાણો નીકળતો નહિ એવું કાંઈક હશે. ફોતરાને એકલા મારે ધોકા. ફોતરાને ખાંડે. એમાંથી દાણા નીકળતા હશે?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

અહીં કહે છે, ભાઈ! જે રીતે જે વસ્તુનું જે સ્વરૂપ છે તેનું તેને ખ્યાલ અને જ્ઞાન કર્યા વિના એ પરથી જુદો કેવી રીતે છે એ ખ્યાલમાં કેમ આવશે? સમજાણું કાંઈ? જે રીતે જેમ વસ્તુ આત્મા સ્વરૂપે છે અને રાગાદિ જે સ્વરૂપે પરરૂપે પોતાની સત્તા રાખે છે, એનું એ પ્રકારે જ્ઞાન થયા વિના રાગથી ભિન્ન પડીને સ્વભાવનો આશ્રય કેમ લેશે? પ્રવિણભાઈ! આ તો સમજાય એવી વાત છે. આમાં કાંઈ કોઈ બહુ એવા લોજિક-બોજિક નથી, વકિલાતના બહુ ઝીણા કાયદા ને એવું નથી. હવે કોઈ એવા કાયદા હોય, સાધારણ વેપારીને ન પકડાય. આ સુમનભાઈનું તેલ હોય. તેલમાં એ કાંઈ કરતા હોય આમ છે ને તેમ. એ બીજાને શું ખબર પડે? આનું આમ થાય, આનું આમ થાય ને આનું આમ થાય. જેના જે ઘરનો હોય એને ખબર પડે. રામજીભાઈ કોડીયું બનાવતા હશે કુંભારનું? કોડીયા માટે માટી કઈ કાઢવી અને ક્યાંથી લાવવી એની ખબર ન મળે. ઓલાને કાયદો સમજીએ રામજીભાઈ કહે ઓલો કાયદો આ કે આમ થાય, ફલાણું. શું હશે કાંઈ આપણને તો કાંઈ ખબર પડતી નથી. એમ કુંભારની વાત વકીલને ખબર ન હોય અને વકીલની વાત કુંભારને ખબર ન હોય. આ વાત તો આત્માની ખબર પડે એવી છે.

ભગવાન આત્મા ચૈતન્ય સ્વરૂપે અનાકુળ આનંદના હોવાપણે બિરાજમાન આત્મા એને, કહે છે કે પુણ્યના રાગનો આધાર નથી અને એને આધારે આત્મા છે એમ નથી અને આત્માને આધારે વિકલ્પ ઉઠે છે (એમ નથી). કર્મનો આધાર તો ક્યાંય ગયો. કર્મને લઈને રાગ છે એમ નથી. રાગને લઈને કર્મનો ઉદય આવ્યો એમ પણ નથી. આહાહા..! આ તો કર્મને આધારે રાગ થાય. કર્મને આધારે રાગ થાય. અહીં તો એ વાત કહેવી નથી. સમજાણું કાંઈ? આ તો વિકાર સ્વતંત્ર વસ્તુ છે, બીજા કર્મને લઈને નહિ. સ્વતંત્ર થાય છે ત્યાં. એને આધારે આત્મા જણાય નહિ અને આત્માને આધારે વિકાર થાય નહિ. બે ચીજ ભિન્ન છે એમ કહે છે. બહુ સારી વાત આવી છે, હોં! સુમનભાઈ! તમે આવ્યા છો બરાબર.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આવ્યા પણ .. વ્યવસ્થિત .. આવું ત્યાં નહોતું. એમ કોઈ વાત કરે છે. સાંભળી આપણે તો કાંઈ .. પહેલું અહીંયાં આવ્યા પછી જાવું છે. આ વાત એવી સરસ આવી છે. મલૂકચંદભાઈ! ધૂળ-બુળ રૂપિયા-બુપિયાની કાંઈ કિંમત નથી આમાં, કહે છે. આ ડુંગરા બધા પડ્યા છે, .. ને! માટીના પથરા છે બધા. એનો આત્મા છે? આત્મા એનો છે? આત્માની એની ચીજ છે? આહાહા..! આ સંસારનું વિજ્ઞાન ઉઘડેલું એ આત્માનું નથી, એનું ક્ષેત્ર જુદું અને આત્માનું ક્ષેત્ર જુદું એમ કહે છે. લૌકિકનું આ જ્ઞાન-આ બધા ભણ્યા-બણ્યા છે ને? એ કહે છે કે એ ભણતરનું ક્ષેત્ર જુદું અને આત્માનું જ્ઞાનનું ક્ષેત્ર જુદું. કારણ

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કે ઓલું બંધનના કરવાવાળું જ્ઞાન છે. ભગવાન આત્મા અબંધસ્વરૂપી આત્મા છે. આહાહા..! એય.. ભરતભાઈ! આ તમારા બધા ભણ્યા-બણ્યાના મીંડા વળે છે. કહો, અતુલભાઈ! સમજાય છે આમાં? એને રસ છે. આમાં એક છે. પાક્યા છે. .. બાકી બધા પૈસામાં ગૂંચ્યા છે. છોકરામાં હોં! .. બાપુ! આ તો સમજવા અને આ રસ લેવા જેવો છે. આ રસ ચુસવા જેવો છે. સમજ્યા? જેમાં રસ ભર્યો છે. ખાલી મલોખા ચુસે એમાં શું ભર્યું હોય? ધૂળ? સૂકા મલોખા. આ તો રસ ભરેલો શેરડીનો ગન્નો છે. ચૂસે એટલો નીકળે અંદરથી.

ભગવાન આત્મા આહાહા..! કહે છે કે એકવાર રસ તો લાવ એનો. અનુભવરસ. જે રાગને અવલંબે નથી. અને આત્માના અનુભવને રસે આત્મા છે. અનુભવને રસને આધારે આત્મા છે. આ તો ભારે વાત ભાઈ. એ આત્મા રાગને આધારે નથી અને આત્માને આધારે વિકલ્પ જે છે, તીર્થંકરગોત્ર બંધાય જે ભાવ એ ભાવ એને આધાર થતો નથી. અદ્ધરથી.. અદ્ધરથી.. એનું ક્ષેત્ર અદ્ધર અને ભાવ અદ્ધર. વસ્તુ.. પછી એનો વિસ્તાર વિશેષ કરશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**જેઠ વદ ૧૦, રવિવાર તા. ૨-૦૭-૧૯૬૭**
**ગાથા-૧૮૧ થી ૧૮૩, પ્રવચન-૨૬૪**

આ સમયસાર, સંવર અધિકાર. પહેલી ગાથા ૧૮૧, ૧૮૨, ૧૮૩. એની ટીકા. ચાર લીટી થઈ છે, ચાર. થોડી ફરીને લઈએ, જુઓ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એટલે આ શરૂઆતથી. આ બધા નવા છે ને, નટુભાઈ ને એ.

આ સંવર અધિકાર છે. સંવર એટલે આત્મામાં શુદ્ધ આનંદની, જ્ઞાનની દશાનું થવું એનું નામ સંવર છે. સંવર એટલે ધર્મ. ધર્મ એટલે આત્મામાં પુણ્ય-પાપના રાગથી ભિન્ન અને પોતાના સ્વભાવને આશ્રયે શુદ્ધ આનંદ અને જ્ઞાનની દશાનું થવું તેને અહીંયાં સંવર અને ધર્મ કહે છે. એ સંવરની વ્યાખ્યા છે.

મુમુક્ષુ :- પોતાનું શરીર સહિત લેવું ને પોતાનું?

ઉત્તર :- શરીર ક્યાં હતું? શરીર કેવા? રાગ કેવા? અહીં તો રાગ પણ નથી એનામાં. શરીર એનું નથી પણ પુણ્ય-પાપના, દયા-દાનના અને જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ આત્મામાં નથી. એ ભાવનો આધાર આત્મા નથી. એ ભાવને કારણે આત્માને બંધ થાય એમ છે નહિ. કહો, સમજાય છે કાંઈ?

'**ટીકા :- ખરેખર એક વસ્તુની બીજી વસ્તુ નથી...**' પહેલો શબ્દ. છે તમારે? હિન્દી છે. પહેલી લીટી ટીકાની. '**ખરેખર એક વસ્તુની બીજી વસ્તુ નથી...**' એક આત્માનો બીજો આત્મા નથી. એક આત્માનો બીજો પરમાણુ નથી. એક પરમાણુનો આત્મા નથી, એક પરમાણુનો બીજો પરમાણુ નથી. કહો, સમજાય છે કાંઈ? '**ખરેખર એક વસ્તુ...**' વસ્તુ શબ્દ લીધો છે કેમ? કે એનામાં સ્વરૂપ પ્રતિષ્ઠા લેશે. એનો સ્વભાવ છે એનામાં જ્ઞાન, આનંદ અહીંયાં આત્માની વાત (લીધી), દરેક વસ્તુની પણ (એમ છે). પણ આત્માની (લીધી). એમાં જ્ઞાન, આનંદ, શાંતિ, પ્રભુતા આદિ જે ગુણો છે એ આત્મામાં વસેલા છે અને એ આત્માનું સ્વરૂપ છે. એટલે દરેક વસ્તુ બીજી વસ્તુની નથી. એક વાત. '**(અર્થાત્ એક વસ્તુની બીજી વસ્તુ કાંઈ સંબંધી નથી). કારણ કે...**' ક્ષેત્ર ભિન્ન બતાવે છે. વસ્તુ પહેલી કીધી.

હવે '**બન્નેના પ્રદેશો ભિન્ન હોવાથી...**' બેયના ક્ષેત્ર ભિન્ન છે. વસ્તુ ભિન્ન છે એમ એનું ક્ષેત્ર જુદું છે. આહાહા..! શું કહે છે? કે આ આત્મા પોતે વસ્તુ છે એ બીજી ચીજની નથી અને બીજી ચીજ એની નથી. એક વાત. અને આ રાગ-દ્વેષ એ આત્માના નથી. દયા,

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


દાન, કામ, ક્રોધ, પુણ્ય-પાપના ભાવ એ આત્માના નથી. અને તે પુણ્ય-પાપના ભાવ, એનું જે ક્ષેત્ર, એ ક્ષેત્ર એ આત્માનું નથી.

મુમુક્ષુ :- આ તો વસ્તુની વાત કરી.

ઉત્તર :- વસ્તુ સાથે ક્ષેત્ર અને ક્ષેત્ર સાથે ભાવ અને ભાવ સાથે કાળ. એમ ચારની ચાલે છે. આહાહા..! ઝીણી વાત છે ભાઈ આ અધિકાર. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા વસ્તુ છે. એ વસ્તુ એટલે એ શરીર, કર્મ પણ નહિ, પુણ્ય-પાપના વિકલ્પો એ પોતે વસ્તુ નહિ, એ આત્મા નહિ. સમજાણું કાંઈ? તો કહે છે કે '**એક વસ્તુની બીજી વસ્તુ નથી...**' પહેલા (નાસ્તિથી) કહેશે પછી અસ્તિ કહેશે. આધારઆધેય સંબંધ કહેશે પછી. હકાર. એમ '**બન્નેના પ્રદેશો...**' દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધનો જે રાગ ઉઠે છે એ રાગનું ક્ષેત્ર, અંશ, પ્રદેશ ભાગ જુદો છે. અને ભગવાન આત્માના પ્રદેશો શુદ્ધ ચૈતન્ય રાગના પ્રદેશથી જુદા છે. ફરીને કહીએ. એય..! સુમનભાઈ!

આ વસ્તુ છે ને ભગવાન આત્મા. કહે છે કે એમાં જે... અગ્નિ છે ને અગ્નિ? એમાં ધુમાડો ઉઠે છે ધુવોં. એ ધુવાનો ભાગ પ્રદેશ ક્ષેત્ર જુદું છે અને અગ્નિનું ક્ષેત્ર જુદું છે. એમ ચૈતન્ય જ્ઞાયકમૂર્તિ ભગવાન એનું ક્ષેત્ર તદ્દન પવિત્ર છે અને પુણ્ય અને પાપના વિકલ્પ ઉઠે તેનું ક્ષેત્ર મેલું (છે). એ આત્માના પ્રદેશથી ભિન્ન ક્ષેત્ર છે. ઝીણી વાત છે, ભાઈ!

મુમુક્ષુ :- આ પવિત્ર અને એ અપવિત્ર.

ઉત્તર :- એ અપવિત્રનું ક્ષેત્ર જુદું અને આ પવિત્રનું ક્ષેત્ર જુદું. શશીભાઈ!

વસ્તુ છે ને વસ્તુ? ભગવાન આત્મા વસ્તુ છે ને? વસ્તુ છે તો એમાં પોતાના જ્ઞાન, દર્શન, આનંદ આદિ ભાવ વસેલી વસ્તુ છે. એ વસ્તુ અન્યની નથી. અન્યની નથી એટલે કે શુભ-અશુભ વિકલ્પ, દયા-દાન વ્રત ભક્તિનો વિકલ્પ છે રાગ, એની એ ચીજ નથી. તેમ રાગ આની ચીજ નથી. રાગ આત્માની ચીજ નથી, આત્મા રાગની ચીજ નથી. પવૈયાજી! સૂક્ષ્મ વાત છે. આહાહા..! સમજાય છે કાંઈ? તેમ બેનું ક્ષેત્ર એક નથી. વિકલ્પનો ધુવોં ઉઠે છે એ ક્ષેત્રનો અંશ જ આત્માના પ્રદેશથી ભિન્ન ગણવામાં આવ્યો છે અહીં તો. આહાહા..! પ્રવિણભાઈ!

આ વસ્તુની સ્થિતિ વર્ણવવી છે અને આવી વસ્તુ સર્વજ્ઞ સિવાય ક્યાંય હોય નહિ અને વસ્તુનો આવો સ્વભાવ છે એમ વર્ણવે છે. તેથી ક્ષેત્ર ભેગું લઈ, વસ્તુને તો લીધી પણ ક્ષેત્ર ભાગ પાડ્યો છે પાછો. કેમ કે આત્મા અસંખ્ય પ્રદેશી ક્ષેત્ર છે. એ અસંખ્ય પ્રદેશી ક્ષેત્ર જે નિર્મળ શુદ્ધ છે તે આત્માનું ક્ષેત્ર છે. અને જેટલા પુણ્ય-પાપના વિકલ્પ ઉઠે છે એ મલિન ક્ષેત્ર તે આત્માનું ક્ષેત્ર નહિ, એ વિકારનું ક્ષેત્ર છે. આસ્રવતત્ત્વનું ક્ષેત્ર છે. આસ્રવતત્ત્વના

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

અંશનો એ ભાગ છે. ભગવાન આત્માનો એ ભાગ નહિ. આહાહા..! જયંતિભાઈ!

ભગવાન આત્મા... અહીંયાં તો એની વર્તમાન દશાને પછી વર્ણવશે. એ વર્તમાન દશાને આધારે આત્મા છે. કેમ કે એનાથી જણાય છે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા એ રાગ અને પુણ્યનો વિકલ્પ જેને વ્યવહાર કહીએ એ વ્યવહારના દયા, દાન, વ્યવહાર દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો વિકલ્પ, પંચ મહાવ્રતનો વિકલ્પ, શાસ્ત્રના જ્ઞાનનો ભાગ એ ત્રણેય આત્માથી ભિન્ન છે અને આત્માના ક્ષેત્રથી પણ એ ભિન્ન છે. એ સ્વરૂપ આત્માનું નથી. સમજાણું કાંઈ?

ભગવાન ચૈતન્યબિંબ, ચૈતન્યનો પુંજ પવિત્ર ધામ છે. એ પવિત્ર ધામ વસ્તુ એનું ક્ષેત્ર પણ પવિત્ર વસ્તુ એનું ક્ષેત્ર ઈ છે. પુણ્ય-પાપનું ક્ષેત્ર એના અંશો, પ્રદેશો, ભાગ, અંશ, મલિનતાનો જે અંશ છે એ બધું ક્ષેત્ર જ ભિન્ન છે. આહાહા..! કહો, સમજાણું કાંઈ? આ તો વંચાઈ ગયું છે આપણે ત્યાં. એય..! અમદાવાદમાં. અનેક હજારો માણસમાં. અને અહીં પણ વંચાઈ ગયું છે. હિંમતનગર. માર્ગ આ છે. સાંભળો! પહેલો નક્કી કરો. સમજાણું?

બે. '**તેમને એક સત્તાની...**' નહિ હોવાને લઈને. બેની સત્તા નામ હોવાપણાની એકપણે પ્રાપ્તિ નહિ હોવાને કારણે એક ચીજને બીજી ચીજ. એટલે પુણ્ય-પાપ વિકલ્પ વગેરે. એ પુણ્ય-પાપનું ક્ષેત્ર, વસ્તુ અને આત્માની સત્તા અને ક્ષેત્ર બેના એક હોવાપણાની પ્રાપ્તિ નથી. ચીમનભાઈ! ઝીણું છે ઝીણું આ. બરાબર આવ્યા છે. આજે રવિવાર એટલે ભાવનગરવાળા આવેને. રામજીભાઈ કહે કે કાંઈક નીકળે નવું. કહ્યું હતું ને સવારમાં? એય..! જયંતિભાઈ! કુદરતે. આહાહા..!

અરે.. ભાઈ! તું કોણ છો? ક્યાં છો? કેમ છો? તું કોણ છો? આત્મા. ક્યાં છો? અસંખ્ય પ્રદેશમાં. કેમ છો? અનંત ગુણ સ્વરૂપે છું હું. સમજાય છે? પણ એ અનંત ગુણ સ્વરૂપે પોતાના ક્ષેત્રથી વસ્તુ છે એનો પત્તો કેમ લાગે? એ પછી કહેશે. એ વર્તમાન છે એનો કાળ. સમજાણું કાંઈ?

એ વસ્તુ છે એટલે વસેલા ગુણો પણ આમ ત્રિકાળ ભેગા લઈ લીધા છે. વસ્તુ એક, એનું ક્ષેત્ર, પોતાનું ક્ષેત્ર જુદું અને પુણ્ય-પાપના વિકલ્પનું ક્ષેત્ર જુદું. કારણ કે અંતર્મુખ આમ જાય છે ત્યારે એ મલિન ક્ષેત્રનો ભાગ એનામાં વળતો પણ નથી અને એનામાં દેખાતો પણ નથી. શું કહ્યું? પુણ્ય-પાપનો વિકલ્પ જે છે એના ક્ષેત્રનો અંશ, એ ભાવ અને એનો અંશ, એ ક્ષેત્રનો જે અંશ છે એ અંતરમાં વળતો નથી અને અંતરમાં એ દેખાતો નથી. સમજાણું કાંઈ? ઝીણું પડે, પણ છે તો સાદું. એમાં કાંઈ બહુ એવું નથી. પણ એને અનાદિથી પોતાની જાતના ઘરને કેમ જોવા એની કળાની ખબર નથી. વકીલ! આ બહારના વકીલના

થોથા માર્યા કરે આડા અવળા ને એ આમ ને આમ. જેને જે હોય એ. આહાહા..!

કહે છે, પ્રભુ! તું સાંભળને, ભાઈ! તારી સત્તામાં તારે નજર કરવા જેવી છે કે તારું હોવાપણું ન હોય ત્યાં નજર કરવા જેવી છે? તારું હોવાપણું તારી વસ્તુમાં, વસ્તુ એટલે ભાવ આવ્યો. વસ્તુ જેમ કાયમ છે એમાં એના ભાવો-શક્તિઓ-કાયમ છે. અને એનું ક્ષેત્ર પણ શુદ્ધ કાયમ છે. પુણ્ય-પાપની વૃત્તિ ઉઠે છે એનું ક્ષેત્ર જુદું, એ વસ્તુ જુદી, એ ક્ષેત્ર જુદું અને એનો ભાવ જુદો. સમજાણું કાંઈ? આ ત્યાં વાંચતા નહિ હોય આવું. વાંચતા હશે ત્યાં? કોઈ દિ' વાંચ્યું હશે? વાંચ્યું હોય તો આ ક્યાં સમજાય એવું છે ત્યાં એમાંથી. તેલની વાતું સમજાય એમાં. આ તેલ કરવું ને આમ નાખવું, આમ નાખવું. કહો, સમજાણું આમાં? આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હમણાં રળવાનો કાળ છે ત્યાં રળી લેવા દયો. એમ કહે છે. ઈ દલાલ છે ને દલાલ. એક ફેરી કહેતા હતા, હોં! વિરજીભાઈ કહેતા હતા એક ફેરી. વઢવાણ આવ્યા હતા ને. કઈ સાલ હતી? ઘણું માણસ. (સંવત) ૧૯૯૦ની સાલમાં. ૯૦ની સાલમાં ત્રણ-ત્રણ હજાર માણસ વઢવાણમાં, હોં! ત્યારે નામ બહુ હતું ને. ત્રણ-ત્રણ હજાર માણસ. આર્જિકાઓ કેટલી ૨૭ કે ૩૧. મોટું સમવસરણ ભરાય. વિરજીભાઈ આવ્યા હતા. કો'ક કહે, વિરજીભાઈ પહેલા આવ્યા હતા. કહે, હમણાં રળી લેવું. કીધું, કોણ કહે છે એવું? વિરજીભાઈએ પહેલું કહ્યું હશે.

મુમુક્ષુ :- દામોદરભાઈને.

ઉત્તર :- દામોદરભાઈને. લ્યો તમારા. સમજાણું? દામોદરભાઈને કીધું. તમારા કાકાને. એ દામોદરભાઈ કહેતા હતા વઢવાણમાં. વઢવાણમાં આવ્યા હતા. ૯૦ની સાલની વાત છે લગભગ. કહે, આ પ્રમાણે વિરજીભાઈ કહેતા હતા. રળી શકાય છે? કીધું. હમણાં રળી લઈએ અને ઘડપણમાં કામ આવે એનો અર્થ શું? એનો અર્થ શું?

મુમુક્ષુ :- રળ્યા વિના ખાવું શું?

ઉત્તર :- પણ ખાય કોણ? તમારો પક્ષ કરે છે થોડો. જુઓને! સવારમાં .. પાનું ફેરવી નાખ્યું ખબર છે? પાનું બીજું હતું એ ફેરવી નાખ્યું. બીજું પાનું હતું અને ચાલતું હતું બીજું એટલે એણે જોઈ લીધું કે આ પાનું ફરે છે. ફેરવીને નાખી દીધું. વાંચતા હતા ભાઈ એ. ફેરવ્યું એ ખબર છે. કહો, સમજાણું કાંઈ? આહાહા..!

કહે છે, ભાઈ! ભગવાન આત્મા એ વસ્તુ છે અને તેનું ક્ષેત્ર તે તદ્દન શુદ્ધ છે. નિર્મળ ક્ષેત્ર છે એ, પવિત્ર ધામ છે. '**અને એ રીતે એક વસ્તુની બીજી વસ્તુ નહિ હોવાથી...**'

શબ્દ તો આટલો જ છે ને? '**तदसत्त्वे च**' એમ છે ને? બસ, એટલું. '**तदसत्त्वे च**' '**असत्त्वे**'માં બધું આવી ગયું જુઓ આમ. પરનું અસત્ત્વ છે. આત્મામાં પરનું અસત્ત્વ છે અને પરમાં પોતાનું અસત્ત્વ છે. થઈ રહ્યું, આવી ગયું બધું. એ રીતે... એ તો પછી શબ્દનું સમજાવે ત્યારે લખે ને?

'**तदसत्त्वे च तेन सहाधाराधेयसम्बन्धोऽपि नास्त्येव।**' ભગવાન આત્મા એના ક્ષેત્રમાં પુણ્ય-પાપના ભાવનું ક્ષેત્ર તદ્દન જુદું. એ વસ્તુ જુદી, ભાવ જુદો. ભગવાન આત્મા અનંત શુદ્ધ ગુણ અને એનું પવિત્ર ક્ષેત્ર તે તેનું. એટલે તે ક્ષેત્રમાં, તે વસ્તુમાં પુણ્ય-પાપના અને પર વસ્તુનું અસત્ત્વ છે. પરવસ્તુના નહિ હોવાપણાને કારણે. અને પુણ્ય-પાપના ભાવમાં અને શરીરાદિના સત્ત્વમાં આ આત્માનું આ સત્ત્વ નહિ હોવાને કારણે. સમજાણું કાંઈ? આહાહા..!

'**એ રીતે એક વસ્તુની બીજી વસ્તુ નહિ હોવાથી એક સાથે...**' આ કારણે. '**એક સાથે બીજીને આધારાધેયસંબંધ પણ નથી જ.**' હજી નથી એ વાત કરે છે, હોં! સમજાય છે? '**એક સાથે બીજીને...**' એટલે ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપે ક્ષેત્રમાં બિરાજમાન સ્વ પવિત્રધામ અને પુણ્ય-પાપના વિકલ્પો પરક્ષેત્ર, પરભાવ, પરસ્વરૂપ. એવું જ્યારે એકબીજામાં અસત્ત્વ નામ નથી ત્યારે એકબીજાને આધારાધેય સંબંધ પણ નથી જ. રાગ દયા-દાનનો વિકલ્પ ઉઠે તેને આધાર આત્માનો નથી અને આત્મા પોતાની નિર્મળ પર્યાય દ્વારા અંતરની દૃષ્ટિ કરે તેમાં તે રાગનો આધાર નથી. સમજાણું કાંઈ? સૂક્ષ્મ વાત છે બહુ. આ તો સંવર અધિકાર છે ને? કહો, પોપટભાઈ! આ જયંતિભાઈ કહે છે, આ હિંસાની વાત અમે જિંદગીમાં સાંભળી નહોતી. જયંતિભાઈ! સવારમાં એવી જ વાત હતી ને બધી. સવારમાં સારી હતી, હોં!

કહે છે, ભગવાન! તું તને તારો આધાર અને આધેય. આધાર નિર્મળ પર્યાય દ્વારા આત્મા જાણી શકાય છે એથી નિર્મળ પર્યાયનો આધાર છે અને એને આધારે સમજાણું એવું દ્રવ્ય તેને આધેય છે. સમજાય છે? પ્રાપ્ત થયો એ દ્રવ્ય નિર્મળ પર્યાયને લઈને. નહિતર અપ્રાપ્ત હતું. એ નિર્મળ પર્યાય રાગથી ભિન્ન પડી અને સ્વભાવને આશ્રયે જ્યાં પર્યાય ગઈ ત્યારે એ પર્યાયને આધારે આત્મા છે-આ આત્મા શુદ્ધ છે એમ ભાન થયું. માટે એને નિર્મળ સમ્યગ્દર્શન-જ્ઞાન અને ચારિત્ર, જે પુણ્ય-પાપના વિકલ્પથી ભિન્ન એવી પોતાની દર્શનશુદ્ધિ આદિ પર્યાયને આધારે આત્મા જણાણો. માટે એ પર્યાય આધાર છે, વસ્તુ ત્રિકાળી તે આધેય છે. પણ એને આ પુણ્ય-પાપનો વિકલ્પ આધાર છે, વ્યવહાર હતો તો આ નિશ્ચયપર્યાય થયો એમ છે નહિ. સમજાણું કાંઈ? પહેલા દયા, દાન રાગની મંદતા હતી તો પછી પહેલો... એ પહેલો-ફેલો એમાં છે જ નહિ. વસ્તુ જ એમાં નથી પછી પહેલી ક્યાંથી લાવ્યો તું?

પવૈયાજી! બહુ સૂક્ષ્મ માર્ગ છે. આહાહા..! વીતરાગમાર્ગ... સર્વજ્ઞથી સિદ્ધ થયેલું તત્ત્વ અનુભવમાં આવે એવો પદાર્થ. સમજાણું કાંઈ? એના જ્ઞાનમાં ભાસે એવો ભાવ.

કહે છે કે ભાઈ! તારું સ્વરૂપ.. સમજાણું? એ સ્વરૂપને એકબીજા સાથે આધારાધેય સંબંધ પણ (નથી). પણ નથી એટલે કે આવું તો નથી. અસત્ત્વ છે એથી આધારાધેય સંબંધ પણ નથી. જ્યારે એક વસ્તુમાં બીજી વસ્તુ નથી, એક વસ્તુના ક્ષેત્રમાં બીજું ક્ષેત્ર નથી અને તેથી એક વસ્તુમાં બીજાના અસત્ત્વને કારણે, આ કારણે એકબીજાને આધાર આધેય સંબંધ પણ નથી. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય જ્ઞાયક સ્વરૂપ એ વસ્તુ. એનું શુદ્ધ ક્ષેત્ર તે એનું ક્ષેત્ર. હવે કહે છે કે જ્યારે આવા ક્ષેત્રમાં અને આવા ભાવવાળા દ્રવ્યમાં બીજી વસ્તુના, પુણ્ય-પાપના સત્ત્વનું અસત્ત્વ છે. પુણ્ય-પાપ વ્યવહાર જેને કહીએ, જેને વ્યવહાર લોક કહે એવા વ્યવહારનું સત્ત્વ વ્યવહારના સત્ત્વમાં છે. એનું સત્ત્વ આમાં નથી. એ અસત્ત્વ હોવાને કારણે એને બેની વચમાં આધારઆધેય સંબંધ પરની સાથે નથી. આહાહા..! સમજાણું કાંઈ?

વિશેષ-વિશેષ. આમ રાગ ઉઠે પહેલો કે હું આત્મા છું, આવો છું, આવો છું, વસ્તુ છું. એવો જે વિકલ્પ ઉઠે, એને આધારે એનાથી ભિન્ન પડીને આત્મા જણાય એવો એ નથી. સમજાણું? અને એ વિકલ્પ ઉઠે એ આત્માને નિર્મળદશા નામ દ્રવ્ય-ગુણને આધારે પ્રગટે એમ નથી. બહુ ઝીણું પણ. આહાહા..! 'ભેદવિજ્ઞાન જગ્યૌ જિન્હકે ઘટ, સીતલ ચિત ભયૌ જિમ ચંદન.' આહાહા..! કહો, સમજાય છે કે નહિ? ભાઈ! નથી સમજાતું?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, પહેલા કીધું ઈ. ભેદવિજ્ઞાન પછી વળી. ભેદવિજ્ઞાનનો તો અર્થ અમે કર્યો. એ તો અર્થ ... કર્યો. આ ભેદવિજ્ઞાનની વાત ચાલે છે.

આ આત્મા વસ્તુ છે ને વસ્તુ? અસ્તિ છે ને? સત્તા છે ને? હોવાવાળું તત્ત્વ છે ને? તો હોવાવાળું તત્ત્વ છે એ તત્ત્વના ભાવ વિનાનું એ તત્ત્વ ન હોય. વસ્તુ છે તેના ભાવ વિનાનું, ભાવવાન ભાવ વિનાનું ન હોય. તો એ તત્ત્વ છે તેનો ભાવ-જ્ઞાન, દર્શન આદિ ભાવ-એ જ વસ્તુ આખી થઈ. એ જ વસ્તુ. એ વસ્તુ જેવી છે એનું ક્ષેત્ર એટલે પહોળાઈ જે છે એ બધી પવિત્ર પહોળાઈ છે. જેટલો પુણ્ય-પાપનો ભાગ એના ભાગમાં ઉઠે છે એ પવિત્રતાનું ક્ષેત્ર નથી. એ અપવિત્ર ક્ષેત્ર છે એ પોતાનું સ્વક્ષેત્ર જ નથી. પ્રવિણભાઈ! આહાહા..! કેમ કે અંતર સ્વરૂપમાં જેટલામાં એ છે ત્યાં આમ વળતાં.. આમ વળતાં.. એટલા ક્ષેત્રમાં એટલે એમ સિદ્ધ થયું કે એટલામાં જ એ આત્મા છે. આમ બધે વ્યાપક કહેતા હોય તો એમ આત્મા નથી. અને જેટલા ક્ષેત્રમાં છે તેટલામાં જ બધા ભાવો ભરેલા છે.

જ્ઞાન-દર્શન આદિ. એટલે એ પવિત્ર ક્ષેત્રને આમ વાળતાં એની પવિત્રતાનો પર્યાય અંતર વળતાં એમાં ઓલો અપવિત્ર સ્થાન જે પુણ્ય-પાપનું ક્ષેત્ર એમાં આવતું નથી. માટે ક્ષેત્ર જુદું, એનો ભાવ જુદો અને એ વસ્તુ જુદી. આ તો ન્યાયથી વાત છે પણ હવે કોઈ દિ' અભ્યાસ ન મળે જગતને. અને આ ઊંધા અભ્યાસ કર્યા બધા કર્યા હોય તો. કહો, સમજાણું કાંઈ?

કહે છે, આવા કારણે એક વસ્તુની બીજી નહિ હોવાથી, અસત્ હોવાથી. '**એક સાથે બીજીને...**' ભગવાન આત્મા પવિત્ર ક્ષેત્ર, પવિત્ર ભાવવાળું તત્ત્વ. એને અપવિત્ર પુણ્ય-પાપ ભાવ અને એનું ક્ષેત્ર. એનું દ્રવ્ય એ વસ્તુ. એ દ્રવ્ય કહેવાય એ ન્યાયે. એને અને આ બેને અસત્ત્વ હોવાને લીધે. એકબીજામાં એ નહિ હોવાને લીધે, એકબીજી સાથે '**આધારાધેયસંબંધ પણ નથી જ.**' આહાહા..! આધાર રાગ અને આત્મા એને લઈને જણાય એ વસ્તુ નથી એમાં એટલે આધારાધેય ક્યાંથી આવ્યો? કહે છે. એમ કહે છે. સમજાણું કાંઈ? ઓલા વ્યવહાર કહે છે ને વ્યવહાર પહેલા (હોય), વ્યવહાર હોય તો નિશ્ચય જણાય. એ વાત જૂઠી છે કહે છે. એ વસ્તુ જ જૂઠી છે. તને વસ્તુની ખબર જ નથી. સમજાણું કાંઈ? આ બધું કહ્યું હતું, હોં! અમદાવાદમાં ત્યાં દસ હજાર માણસમાં. એમાં કાંઈ આડુઅવળું બીજું (ન આવે), આવે તો આ જ આવે. પણ સાંભળે બરાબર બધા બિચારા. સાંભળે બધા. વાત તો કહે છે ન્યાયથી. પણ માણસને અભ્યાસ ન મળે, સાંભળવાનું બીજું મળ્યું હોય ને એને આ અંદર સૂક્ષ્મ કળાનું જ્ઞાન અંતર શું છે એનો પ્રયાસ નહિ. એ જાતની દરકાર નહિ અને બહારથી જે ભણ્યો તેમાં માનીને બેઠો. વસ્તુ બીજી છે. સમજાણું?

'**એક સાથે બીજીને આધારાધેયસંબંધ પણ નથી જ. તેથી...**' હવે આટલા કારણને લઈને. નથી કહ્યું. હવે અસ્તિ કહેશે. '**તેથી (દરેક વસ્તુને)...**' દરેક એટલે ભગવાન આત્મા એ વસ્તુ અને પુણ્ય-પાપના વિકલ્પ ઉઠે એ વસ્તુ, શરીર, કર્મ આદિ આઠ કર્માદિ વસ્તુ. એક કોર આત્મા અને એક કોર આ વસ્તુ. '**(દરેક વસ્તુને) પોતાના સ્વરૂપમાં પ્રતિષ્ઠારૂપ જ...**' ભાષા જુઓ! એટલે આત્માને પોતાના સ્વરૂપમાં દૃઢપણે રહેવારૂપ અથવા પોતાના સ્વરૂપમાં પ્રતિષ્ઠારૂપ-રહેવારૂપ '**આધારાધેયસંબંધ છે.**' ઓલો નકાર કર્યો હતો. આ હકાર કર્યો. રાગ અને વિકલ્પની સાથે એક વસ્તુ નથી, એક ક્ષેત્ર નથી, અને તેથી તેને બેની સાથે આધારઆધેય સંબંધ નથી. પુણ્ય-પાપની વૃત્તિ ભાવ ઉઠે હોં એ ભાવ. એ ભાવ અને આત્મભાવ બે વસ્તુ એક નથી, બે ક્ષેત્ર એક નથી અને તેથી બેને એકબીજાને આધારાધેય સંબંધ નથી. સંબંધ નથી ત્યારે હવે સંબંધ શું છે?

'**(દરેક વસ્તુને) પોતાના સ્વરૂપમાં પ્રતિષ્ઠારૂપ...**' હવે પોતાનું સ્વરૂપ આત્માનું શું

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે? જ્ઞાન, દર્શન અને આનંદ એ એનું સ્વરૂપ છે. સમજાણું કાંઈ? રાગ દયા, દાન, વ્રત, વિકલ્પ એ એનું સ્વરૂપ નથી. આહાહા..! '**તેથી પોતાના સ્વરૂપમાં પ્રતિષ્ઠારૂપ (દઢપણે રહેવારૂપ)...**' પ્રતિષ્ઠા એટલે જેવું છે તેવી તેને પ્રતિષ્ઠા મળે એટલે રહે છે તે રીતે. '**આધારાધેયસંબંધ છે.**' આત્માને પોતાના સ્વભાવમાં, પોતાની જ દશામાં આધારાધેય સંબંધ છે. પરની દશા સાથે આધારઆધેય સંબંધ કાંઈ છે નહિ. વિકારના ભાવ સાથે કાંઈ આત્માને આધારાધેય સંબંધ નથી. આ શરીર છે. જુઓ! જ્યાં જ્યાં આત્મા છે અદ્ધર. અહીંથી ઉપર. એ ત્યાં પોતે પોતાના નિર્મળ પર્યાયને આધારે પ્રાપ્ત થાય એવો જ આત્મા છે. એ શરીરને આધારે છે કે રાગને આધારે સમજાય છે કે એવી એ ચીજ છે નહિ. સમજાણું કાંઈ?

સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન એટલે તો એને મુક્તિના ભણકાર વાગ્યા. કેવળજ્ઞાન લેવાની તૈયારી હવે. આહાહા..! એ વસ્તુ છે. મુક્તએવ આવે છે ને? સિદ્ધ સમાન મુક્તએવ આવે છે ને? એક કળશમાં નથી આવતું? સિદ્ધ સમાન છે એ. આહાહા..! કહે છે કે ભગવાન આત્મા.. જુઓ! અહીંયાં સર્વજ્ઞે જોયો એટલો એવો કહેવો છે માટે પ્રદેશ અને આધારઆધેય સંબંધ ને ભિન્ન બે વસ્તુ અને અનેક વસ્તુ એમ સિદ્ધ કરે છે. સમજાણું? એક જ આત્મા હોય તો એને ભિન્ન પાડવાનું રહેતું નથી. એક જ આત્મા હોય તો એનું ક્ષેત્ર જુદું અને આનું ક્ષેત્ર (જુદું) હોઈ શકે નહિ. જુદું પાડવું હોઈ શકે નહિ. એમ એક જ વસ્તુ હોય તો એકબીજાના ભાવ એકબીજાના જુદા છે એ હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? વેદાંત કહે છે એનાથી તદ્દન વિરૂદ્ધ વાત છે.

મુમુક્ષુ :- સમન્વય કે દિ' થશે?

ઉત્તર :- સમન્વય અંશે ક્યાંય થાય એવું નથી. કહો. સમન્વય કરવો. કહેતો હતો ને હમણાં એક ઓલો છાપામાં. જૈનનો સમન્વય કરો, બધા ધર્મનો સમન્વય કરો. બાપુ! છે એ અપેક્ષાએ સમન્વય છે. એ પણ છે અને એ પણ છે, સાચું છે ને ખોટું છે. છે અપેક્ષાએ સમન્વય. ત્યાં ગયા હતા કે નહિ તમે? નહોતા ગયા? આ આવ્યા હતા ને. કહ્યું હતું કે આમ કરવું ને આમ કરવું. હતા બીજા ઘણા. સમન્વય કરો. ઝેર અને અમૃત સાથે સમન્વય કરો. સમન્વય એટલું કે ઝેર ઝેરરૂપે છે અને અમૃત છે અમતૃ રૂપે. છે એ અપેક્ષાએ સમન્વય. પણ બે એક સરખા છે એવો સમન્વય હોઈ શકે નહિ. અહીં તો પુણ્યના વિકલ્પ અને આત્મા બે એક છે એમ નથી હવે. હવે બીજી ક્યાં રહી ધૂળ? સમજાય છે?

પંચ મહાવ્રતના પરિણામ ઉઠે વૃત્તિ કે આને દુઃખ ન દઉં કે આમ થાય વૃત્તિ. તે વિકલ્પ અને આત્માના સ્વભાવને કાંઈ સંબંધ નથી. આહાહા..! ભાઈ! એ ચૈતન્ય પિંડ છે ને? વસ્તુ છે ને વસ્તુ છે ને? જેમ આ પરમાણુ છે-પોઈન્ટ, તો એ પરમાણુમાં એની શક્તિઓનું

સત્ત્વ પડ્યું છે. શક્તિઓનું સત્ત્વ પરમાણુમાં છે-એક પોઈન્ટમાં. તો આ તો અસંખ્ય પ્રદેશી મહાન પદાર્થ છે. તો એ અસંખ્ય પ્રદેશમાં અનંત વ્યાપક અનંત ગુણો મહાન પડ્યા છે અંદર. સમજાણું કાંઈ?

કહે છે કે, '**પોતાના સ્વરૂપમાં પ્રતિષ્ઠારૂપ જ આધારાધેયસંબંધ છે.**' પોતાને જ આધારે તેનું બધું સર્વસ્વ છે. '**માટે...**' આ સિદ્ધ કરીને હવે આત્મામાં એને ન્યાયથી ઉતારે છે. આધાર અને આધેય આત્મામાં શું એ વાત ઉતારે છે. સમજાણું કાંઈ? '**જ્ઞાન કે જે જાણનક્રિયારૂપ પોતાના સ્વરૂપમાં પ્રતિષ્ઠિત (-રહેલું) છે...**' જ્ઞાન કે જે જાણનક્રિયારૂપ પર્યાય. વર્તમાન જાણવાની પર્યાય. જે રાગ નહિ, પુણ્ય નહિ, જાણવાની પર્યાય. વર્તમાન જાણનક્રિયા. જાણવાની-શ્રદ્ધવાની જે વર્તમાન પર્યાય. એ પરથી ભિન્ન પડતાં જે જાણનક્રિયા એને આધારે આત્મા છે. કેમ કે એને આધારે આત્મા ખ્યાલમાં આવ્યો છે. હતો ત્યાં હતો તો હતો. પણ જ્ઞાનની વર્તમાન પર્યાય આમ વળી ત્યારે જાણનક્રિયાને આધારે આત્મા જાણવામાં આવ્યો. એનું હોવાપણું-અસ્તિપણું શુદ્ધ ધ્રુવપણે છે તો છે. પણ જાણન શુદ્ધ પર્યાય થઈ પરથી ભિન્ન પડી એ પર્યાયને આધારે એ જણાણો માટે જાણનક્રિયા આધાર છે અને આત્માનો કાયમી સ્વભાવ તે આધેય છે. સમજાણું કાંઈ? આ તો ઓલું કીધું ને? પરદ્રવ્યથી ભિન્ન પડેલો શુદ્ધ. સેવા કરે ત્યારે શુદ્ધ કહેવાય છે એ. એવી શૈલી લીધી છે. શુદ્ધ તો છે પણ શુદ્ધ આમ સેવા કર્યા વિના, આ શુદ્ધનું ભાન થયા વિના આ શુદ્ધ છે એમ ક્યાંથી આવ્યું?

એમ જ્યારે અંતરમાં પુણ્ય-પાપની વસ્તુ જુદી, એનું ક્ષેત્ર જુદું, એનો આધાર જુદો. એમ જ્યાં પરથી ભિન્ન પડ્યો ત્યારે આત્માની જે જાણનક્રિયા છે, જાણવાની ક્રિયા, શ્રદ્ધવાની ક્રિયા જે પહેલી પર્યાય હતી એ રૂપાંતર દશા એ દશાને આધારે આત્મા જણાણો. આ જાણનસ્વરૂપ છે, જ્ઞાનમૂર્તિ છે, આનંદ છે, શુદ્ધ છે પૂર્ણ. એવી વર્તમાન દશામાં રાગ ને પુણ્યની અન્ય વસ્તુથી ભિન્ન પડીને ભેદજ્ઞાન થયું ત્યારે એ જ્ઞાનની પર્યાય દ્વારા આત્મા જણાણો. તેથી તે જ્ઞાન પર્યાય આધાર છે અને વસ્તુ ત્રિકાળ છે તે આધેય છે. કહો, સમજાણું કાંઈ?

બીજે તો એમ કહે કે ભાઈ, જ્ઞાનની પર્યાય આત્માને આધારે રહેલી છે. એ જુદું, એ જુદું. અહીંયાં તો આ જણાણુંને? જણાણું ત્યારે આ છે માટે એને આધારે જ આ છે એમ નક્કી થયું ત્યારે એને જાણનક્રિયા આધાર થઈ. સ્વભાવ સન્મુખ અંતર વસ્તુ, અંતર વસ્તુ અંતર્મુખની પર્યાય જાણનક્રિયાની અંતર્મુખ વળી ત્યારે આ આત્મા છે. બહિર્મુખનો ભાવ, ક્ષેત્ર, વસ્તુ અને આધાર બધો પરમાં ગયો. આહાહા..! સમજાણું કાંઈ? ધ્યાન રાખે તો સમજાય એવું છે, હોં! કાંઈ એવી ભાષા બહુ શાસ્ત્રની નથી આવતી. આ તો સમજાય

એવી ભાષા આવે છે. પણ માણસને કાંઈ દરકાર જ ન મળે ને એમ ને એમ અદ્ધરથી ચાલ્યું જાય અને પછી કહે, આ ઝીણું પડે... ઝીણું પડે. ઝીણો તો પ્રભુ! તું ઝીણો જ છો. આ રાગથી ન જણાય એવો ઝીણો છો. લે. વ્યવહારરત્નત્રય જેને કહે એવો શુભઉપયોગ એનાથી તું ન જણાય એવો ઝીણો છો. અને શુભઉપયોગ તારી ચીજમાં નથી. એનું ક્ષેત્ર તારું નથી, એનું સ્વરૂપ એને આધારે છે, એનું સ્વરૂપ એને આધારે છે. તારે આધારે નથી. આહાહા..! શું પણ વાત તે પણ વાત! આહાહા..!

દિગંબર સંતોએ પોતાની વાતને મૂકવાની શૈલી ગાગરમાં સાગર ભરી દીધી છે. દિગંબર મુનિઓ એટલે કે આભના થોભ. ધર્મના થાંભલા! આહાહા..! કેવી રીતે વાતને મૂકી છે! આ તો એનો ક્ષયોપશમ કેવો! સમજાણું? અનુભવ હો અને થાય પણ આ તો એ વાતને મૂકવાની ઢબની રીત જ કોઈ બીજી જાતની છે. દુનિયાથી પાર. મહામુનિઓ સંતો અમૃતચંદ્રાચાર્ય, કુંદકુંદાચાર્ય. આહાહા..! મહાસંત કેવળજ્ઞાનના કંદ અને કેવળજ્ઞાન લેવાની તૈયારીવાળા. સમજાણું? અને વસ્તુના ઘર કહેવાની રીતની કળા પણ જુદી જાતની. સમજાણું કાંઈ? એ વાત બીજે હોઈ શકે નહિ. આહાહા..! દિગંબર સંતોના માર્ગમાં જે માર્ગ છે એવો એ માર્ગ બીજે ક્યાંય હોઈ શકે નહિ.

કહે છે.. શૈલી કેવી છે? કે આવો આધાર આધેય સંબંધ છે, હોં! પર સાથે કાંઈ નથી. પોતાના સ્વરૂપની સાથે જ એને પ્રતિષ્ઠા-શોભા છે. એના સ્વરૂપની શોભા જ પોતાના આધારઆધેય સંબંધ સાથે છે.

**'માટે જ્ઞાન કે જે જાણનક્રિયારૂપ પોતાના સ્વરૂપમાં પ્રતિષ્ઠિત (-રહેલું) છે તે, જાણનક્રિયાનું જ્ઞાનથી અભિન્નપણું હોવાને લીધે,...'** જાણવાની વર્તમાન ક્રિયા અને ત્રિકાળી જ્ઞાન એટલે આત્મા. એનું એકપણું હોવાને લીધે જ્ઞાનમાં જ છે. કોણ? જાણનક્રિયાનું જ્ઞાનથી એકપણું હોવાથી તે જાણનક્રિયા જ્ઞાનમાં જ છે, જુદી છે નહિ. આમ જાણનક્રિયા પરથી, રાગથી, વિકલ્પથી ભિન્ન પડીને વસ્તુની વર્તમાન ક્રિયા જ્ઞાનની કરીને એ જ્ઞાનને આધાર આ. એ જાણનક્રિયા એને આધારે થઈ. જાણનક્રિયાને આધારે આ થયું. અને જાણનક્રિયા તે જ્ઞાનમાં જ છે. એ જ્ઞાનમાં જ છે. એ રાગમાં છે નહિ, પરમાં છે નહિ. બહુ ઝીણું. સમજાણું કાંઈ?

આ તો આવો શ્લોકથી ભરેલો ભાવ. આખા ૪૧૫ શ્લોક છે. ભાવ જ એકલા ભર્યા છે અંદર. પણ એ ભાવને સમજવા માટે એને ઉગ્ર કળા જ્ઞાનની ખીલવી જોઈએ. એમ એના ખ્યાલમાં પહેલો ઓઘે પણ ભાસ થવો જોઈએ ને? કે આ આમ કહેવા માગે છે અને એ એ રીતે છે. એ રીતે ભાસ થયા વિના અંતરમાં પ્રયોગ શી રીતે કરશે? બરાબર

વિશ્વાસ ન આવે. આ આમ છે અને આ આમ નથી એમ આવ્યા વિના એના અંતર્મુખનો પ્રયોગ-અંતરમાં જવાનો પ્રયત્ન-વીર્ય શી રીતે કરશે એ? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- દરકાર નહિ એટલે શું?

ઉત્તર :- દરકાર આ બહારની દરકાર. હોંશું બહારની કાંઈક આમ માન, સન્માન, આબરૂ, કીર્તિ, હો.. હા.. મારી નાખ્યા જગતને. ધર્મને બહાને શાસ્ત્રના જાણપણા. પુસ્તક વાંચ્યા હોય એના અભિમાન. મારી નાખ્યા મિથ્યાત્વે તો. આહાહા..!

મુમુક્ષુ :- માંધાતાને પાડ્યા.

ઉત્તર :- માંધાતાને પાડી નાખ્યા છે. અમને પુસ્તક આવડે છે, અમને પુસ્તક વાંચતા આવડે છે. આ પુસ્તકમાં આ છે એમ અમને ખ્યાલ છે એમ કરીને મરી ગયો એમાં. મિથ્યાત્વમાં. એ મિથ્યાત્વ છે. એય..! હિંમતભાઈ! કહે છે કે એ ભાવ જ પર છે. સમજાય છે કાંઈ? અને પરમાં મને કાંઈક અધિક થયો છું એમ માન્યું છે એ જ મિથ્યાદષ્ટિ છે. આહાહા..! એ વસ્તુ જ પર છે, કહે છે અહીં તો. આહાહા..! ભણ્યા-ગણ્યાના ભૂલી જા અને એ જ્ઞાનની ક્રિયાને અંતરમાં વાળ એને વસ્તુ કહે છે. દાસ! સમજાણું કાંઈ? અમારી શ્રદ્ધા દઢ છે વ્યવહારની એ માટે બળ જોર કરે. વ્યવહારની શ્રદ્ધા દઢ છે એનું જોર કરે. એ જોર કરે એ ખોટું છે, સાંભળને હવે. રાગની મંદતાના અમે વ્રત પાળીએ છીએ, બ્રહ્મચારી છીએ એના અભિમાન પાછા. એને એ નામને કહેવરાવવાના અભિમાન પાછા. એ નામ આવે તો એને સખ થાય, નહિતર સખ આવે નહિ. આહાહા..! મારી નાખ્યા પણ આસ્રવે તો. મોટા માંધાતાને. આ તો સાધારણ છે પણ મોટા નવ પૂર્વના ભણેલા, અગિયાર અંગના ભણેલા પછાડ્યા છે એને. વિકારી જ્ઞાન, વિકારી ભાવ બંધનના કારણ, એને પોતાના લાભના કારણમાં માનીને એની હોંશું વર્તે અંદર. મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ? આહાહા..! શું કીધું?

મુમુક્ષુ :- કોઈ કામ જ કાંઈ નહિ કરે.

ઉત્તર :- તો પછી શું કહે છે કે ભણશે નહિ. વાંચવા-ભણવાનું આવ્યા વિના રહેશે નહિ. જાશે ક્યાં? પણ એ વસ્તુ નથી. આહાહા..!

કહે છે કે જેને આધારે આત્મા નથી. એ તો સ્વતંત્ર જ્યાં રાગ અને એ જ્ઞાનનો ભાગ ભૂલી અને અંતરમાં ભેદ પાડીને જ્ઞાનની પર્યાય દ્વારા આ જણાણો, બસ! એ પર્યાયનો આધાર, એ પર્યાયના આધારે જણાણો. એ જ્ઞાનગુણ ત્રિકાળ અને આ પર્યાય બેય એક અભેદ છે. સમજાણું કાંઈ? આહાહા..!

**'જ્ઞાન કે જે જાણનક્રિયારૂપ પોતાના સ્વરૂપમાં પ્રતિષ્ઠિત (-રહેલું) છે...'** એના પોતાના જ શોભામાં રહેલું છે. એને રાગને લઈને કાંઈ જરીએ નથી. આહાહા..! સમજાણું

કાંઈ? ભગવાન આત્મા તદ્દન જેનો સ્વભાવ એકલો જ્ઞાન. કરવું એવો વિકલ્પ જ્યાં સ્વરૂપમાં નથી. હું આ જાણનક્રિયા દ્વારા આ આત્માને જાણું. એવો જે વિકલ્પ એ પણ એની જાણનક્રિયામાં નથી. અને એને આધારે જાણનક્રિયા થાય છે એમ નથી. અને એને આધારે આત્મા જણાય છે એમ નથી. એ તો ભિન્ન પડેલી સ્વતંત્ર નિરપેક્ષ વ્યવહારથી નિરપેક્ષ, વ્યવહારથી નિરપેક્ષ, વ્યવહારની અપેક્ષા રાખ્યા વિનાની જે સમ્યગ્જ્ઞાનની ક્રિયા એને આધારે આત્મા જણાણો. માટે જાણનક્રિયા અને જ્ઞાન બે અભિન્ન છે. રાગાદિ બધા પરવસ્તુ છે. સૂક્ષ્મ બહુ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, નિરપેક્ષ છે. પરથી નિરપેક્ષ છે. રાગથી નિરપેક્ષ છે. આત્મા આત્મામાં છે તો પરમાં છે નહિ તો પરથી નિરપેક્ષ જ છે. કહે છે ને લોકો વ્યવહારથી સાપેક્ષ. નહિતર એક નિરપેક્ષ થઈ જાય છે. હવે સાંભળ તો ખરો. નિરપેક્ષ કર્યા વિના વ્યવહારનું જ્ઞાન પણ, આ રાગ છે એવું જ્ઞાન પણ વ્યવહારનું સાચું હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? એવો એનો સ્વભાવ છે, કહે છે. એ જાણનક્રિયા દ્વારા જણાય એવો એનો સ્વભાવ છે. વસ્તુ એ જાતની છે. હવે એને બીજી રીતે કલ્પવા જાય, વસ્તુ જ એની દૃષ્ટિમાં સાચી રહેતી નથી. સમજાણું કાંઈ? મોટા વાંધા અત્યારે ઈ છે ને? એ વ્યવહાર જોઈએ... વ્યવહાર જોઈએ.. વ્યવહારની વાતું કરતા (નથી). હવે સાંભળને. વ્યવહાર તો નુક્સાનકારી એની પહેલી વાત તારે કરીને શું કરવું છે? આહાહા..! અને એની હોંશુ એને હોય. આહાહા..! સમજાણું કાંઈ? વ્યવહારના જાણપણા, વ્યવહારના આચરણો, વ્યવહારની શ્રદ્ધા. ભારે! માથા મૂકીએ તો પણ અમે આમ માનીએ નહિ. સમવસરણ ભગવાનનું આવું જ હોય. શું છે પણ? સાંભળને. એ શ્રદ્ધાનો વિકલ્પ છે એ પણ સ્વરૂપમાં નથી. આવી શ્રદ્ધા કરે તો આત્માનો અનુભવ થાય એમ નથી. એઈ..! સમજાણું કાંઈ? ભારે વાત, ભાઈ!

ભગવાન આત્મા '**જ્ઞાન કે જે જાણનક્રિયારૂપ પોતાના સ્વરૂપમાં પ્રતિષ્ઠિત (-રહેલુ) છે તે, જાણનક્રિયાનું...**' વર્તમાન દશાનું '**જ્ઞાનથી અભિન્નપણું હોવાને લીધે,...**' એ જાણનક્રિયા '**જ્ઞાનમાં જ છે;...**' પોતામાં જ છે, પરમાં છે નહિ. સમજાણું કાંઈ? ધીમેથી, ધીરેથી સમજવા જેવી વાત છે. આ કોઈ મોટા ભણતરના ભણી જાય કે મોટી વાતું કરે અને ભાષણ કરે, આ માણસો ખુશી થઈ જાય.. આહાહા..! વક્તા ભારે ભાઈ. ઓલામાં નાખ્યું છે નહિ બનારસીદાસે? વ્યાખ્યા કાંઈક જુદી છે, વચનકળા જુદી છે, બોલવાનું જુદું છે, ભગવાન જુદો છે. એવું આવે છે શ્લોક એકમાં આવે છે, હોં! તંત્ર, મંત્ર, જંત્ર, ફલાણું, ઢીંકણું, વચનકળા ને વ્યાખ્યાતા અને ઉપદેશ બધી જુદી ચીજ છે. એ ઉપદેશની કળા આત્માની નહિ, એમ કહે છે. ઉપદેશ આત્માનો નહિ. આહાહા..! એ આત્મા છે તો

ઉપદેશની વાણી નીકળે છે એમ નહિ, એમ કહે છે. અને ઉપદેશ વખતનો વિકલ્પ ઉઠે છે તે આત્મા છે તો વિકલ્પ ઉઠે છે એમ નહિ. એમ છે. આ વાત અમૃત પ્યાલા આત્માના છે. એ તો બધા મડદા છે. વાણી આદિ તો મડદા છે. મડદા ચૈતન્યજ્યોતમાં ક્યાંથી આવ્યા? આહાહા..! સમજાણું કાંઈ? પોપટભાઈ! આવું સાંભળવા મળવું વાણિયાને મુશ્કેલ. તમે તો વળી લુહાણા અને આ ક્યાં? આ અમારે છે શશીભાઈ મોઢ હતા, મોઢ. આહાહા..! આ તો અમૃતના પ્યાલાના પાતાળકૂવા કહે છે ને? પાતાળકૂવા.

આમ જ્યાં પરની અપેક્ષા જ્યાં છૂટી ગઈ અને અંતરના નિરપેક્ષપણે જ્યાં જ્ઞાનની ક્રિયા એ આત્મા છે. બસ, એ જ્ઞાનની ક્રિયા અને જ્ઞાન બે એક વસ્તુ છે. એ જ્ઞાનની ક્રિયાના આધારે આ વસ્તુ જણાય છે. એને રાગ, પુણ્ય, વિકલ્પ કે આટલું જાણ્યું હતું પહેલું શાસ્ત્રનું જ્ઞાન, એને આધારે જણાય એવો એ આત્મા નથી. આહાહા..! પરલક્ષીના જ્ઞાનથી આત્મા સ્વલક્ષે થઈ શકે એવી જ્ઞાનની પર્યાય નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ બધી નિમિત્તની વાતું છે. નિમિત્તનું જ્ઞાન કરાવવા વાતું છે બધી. એવી વાત જરી કઠણ પડે. સમજાણું કાંઈ? એ.. દાસ! ભારે પણ ટીકા તે ગજબ વાત છે ને! પાઠમાં છે ને?

'**उवओगे उवओगो**' ઉપયોગમાં ઉપયોગ છે. જાણનક્રિયામાં આત્મા છે એમ કહ્યું છે પહેલા શબ્દમાં. જાણનક્રિયામાં આત્મા છે. રાગ અને વિકલ્પ અને વ્યવહારમાં આત્મા નથી. પહેલો શબ્દ છે ને? ભાઈ! '**ઉપયોગમાં ઉપયોગ, કો ઉપયોગ નહિ ક્રોધાદિમાં,**' આહાહા..! '**છે ક્રોધ ક્રોધ મહીં જ, નિશ્ચય ક્રોધ નહિ ઉપયોગમાં.**' એની વ્યાખ્યા ચાલે છે. એ શ્લોકની વ્યાખ્યા ચાલે છે. સમજાણું કાંઈ? આહાહા..! '**તે જાણનક્રિયાનું જ્ઞાનથી અભિન્નપણું હોવાને લીધે,...**' વસ્તુથી એકમેક હોવાને લીધે '**જ્ઞાનમાં જ છે;...**' એ જ્ઞાનની ક્રિયા જ્ઞાનમાં જ છે. એટલી વાત કરી આત્માની.

હવે, શુદ્ધ જ શબ્દ વાપર્યો છે અહીં તો. સ્વરૂપની જાણનક્રિયાને આધારે આ જણાણો એટલે જાણનક્રિયા અને આત્મા એક છે. એનાથી જે કાંઈ વિરોધભાવ, એને આત્માના સ્વભાવથી વિરૂદ્ધ ભાવની રુચિ છે એને ક્રોધ છે એમ કહેવામાં આવે છે. અરુચિભાવ આવે છે ને? ભગવાન આત્મા જાણનક્રિયાથી જણાય એ સિવાય જે કાંઈ પર્યાયમાં પર સંબંધીનું જ્ઞાન, શ્રદ્ધા, રાગની મંદતા એ બધા પ્રત્યે જેને પ્રેમ છે તેને સ્વભાવ પ્રત્યે દ્વેષ છે, તેને સ્વભાવ પ્રત્યેનો વિરોધ-મિથ્યાત્વભાવ છે. સમજાણું કાંઈ? કહે છે...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સમજાય છે એ તો આપણું વિસામાનું વાક્ય છે. વિસામાનું વાક્ય. સમજાય છે? એમ કરીને થોડું પહેલા કહેવાણું હોય અને પછી કાંઈક કહેવું હોય ઓલાને અવકાશ રહે વિચારવાનો અને અહીં નીકળવાનો અવકાશ રહે. એકબીજાને હોય છે ને વાક્ય? સાબડે મધે જેવું. એમ આ સમજાય છે? એ એક વિસામાનું વાક્ય છે. બોલવામાં વાક્ય હોય છે ને? રાજમલજી! એકબીજા બોલે ને પછી કાંઈ એમ કહે કે... એનું હોય સૌને સ્વતંત્ર. સમજાય? અમારા ભાઈને એમ છે. છોટાભાઈને બીજું છે. સમજાય સમજાય એમ કાંઈક ભાષા છે. છોકરાને સમજાવે ત્યારે ઈ બોલે. સમજ્યા કે? સમજ્યા કે? એ ભાષા છે એક જાતની. તમારે પણ એવું હશે બધું સ્વતંત્ર છે સૌનું.

અહીં તો કહે છે... ઓહોહો..! ગજબ વાત કરે છે ને! એક કોર ભગવાન અને એક કોર ક્રોધ. બે જ વાત. રાગની અસ્થિરતાની-ફસ્થિરતાની.. એ તો આ સ્વભાવનો પ્રેમ નથી, જાણનક્રિયાને આધારે આ થાય છે એવું જ્યાં ભાન નથી, એને એનાથી વિરૂદ્ધ જેટલો રાગનો ભાગ એનો પ્રેમ, પર જાણવાનો પ્રેમ, પર શ્રદ્ધવાનો પ્રેમ અંદર રુચિમાં એ બધાને અહીંયાં ક્રોધ કહેવામાં આવે છે. ક્રોધ કહેતાં સ્વભાવથી વિરુદ્ધ ભાવનો પ્રેમ છે તેને સ્વભાવ પ્રત્યે દ્વેષ છે તેને મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ? આહાહા..!

'**ક્રોધાદિક કે જે ક્રોધાદિક્રિયારૂપ પોતાના સ્વરૂપમાં પ્રતિષ્ઠિત છે...**' સ્વભાવથી, જાણનક્રિયાથી વિપરીત ભાવ એવો જે ક્રોધ, એ ક્રોધની ક્રિયારૂપ જે ભાવ એ ક્રિયા તે ક્રોધાદિમાં જ છે. એ ક્રોધ ક્રોધમાં જ છે. વિકાર વિકારમાં જ છે. વ્યવહાર વ્યવહારમાં જ છે. પર પરમાં જ છે એમ કહે છે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા સ્વ જાણનક્રિયામાં એ આત્મા છે અને પર પરમાં છે. બસ! બે જ વાત છે અહીં. જાણનક્રિયાને આધારે ચૈતન્ય જણાય માટે જાણનક્રિયા આધાર, એ આધેય. એનાથી વિરૂદ્ધ કોઈપણ વિકલ્પ ઉઠ્યો કે જાણપણું હો કે શ્રદ્ધા પરની હો.. આહાહા..! દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા મિથ્યાત્વ? દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા એ મિથ્યાત્વ નથી. એ રાગનું અસ્તિત્વ એ મારું છે ને એને આધારે મને થાય છે એવો ભાવ તે મિથ્યાત્વ છે.

મુમુક્ષુ :- દેવ-ગુરુની શ્રદ્ધા એ રાગ જ ક્યાં છે.

ઉત્તર :- રાગ નથી તો આ શું છે? પરદ્રવ્ય તરફની વૃત્તિ છે એ રાગ છે. આહાહા..! પરસત્તાવલંબી જ્ઞાન પણ મોક્ષનું કારણ નથી પરમાર્થે ત્યાં વળી રાગ ક્યાં (રહ્યો)? આહાહા..! શું થાય? જીવે પોતાને એવી રીતે ભૂલ્યો છે ને એ, કેમ ભૂલ્યો એની ખબર નથી. અને ભૂલ કેવા પ્રકારની હોય, ક્યાં હોય એની એને ખબર ન મળે. સમજાય છે? આહાહા..!

મુમુક્ષુ :- હજી ભૂલની...?

ઉત્તર :- ભૂલની ખબર નથી કે ક્યાં હું ભુલું છું અને એ ભૂલનો કેટલો દોષ છે. ભૂલનો આમાં કેટલો દોષ છે એની એને ખબર નથી. સમજાણું કાંઈ? આહાહા..! અહીં તો એક ઘા ને બે તરવાર. ઓલા કહે ને એક તરવારના બે ભાગ.

વસ્તુ ભગવાન આત્મા જાણન પરિણતિને આધારે પરિણામી ભગવાન જણાય છે એ વસ્તુ સ્વરૂપ છે. એનાથી વિરૂદ્ધ ભાવ જેટલો છે તે સ્વ અપેક્ષા સિવાયનો વિરૂદ્ધ ભાવ તેનો તેને અસ્તિત્વનો પ્રેમ છે. તે મને લાભદાયક છે, તેમાં હું છું, એને લઈને મને શોભા છે એવી જે દૃષ્ટિ એને અહીંયાં ક્રોધ કહેવામાં આવે છે. વસ્તુનો અણગમો કહેવામાં આવે છે. એને વસ્તુનું સ્વરૂપ તેને ગોઠતું નથી. સમજાણું કાંઈ? એ.. ન્યાલચંદભાઈ! આ વાતું તો ક્યાંય.. હવે આમાં ક્યાં રહી ગયું? આમાં બાહ્ય ત્યાગ ક્યાં ગયો? બાહ્ય ત્યાગ હોય તો કાંઈક અનેકાંત થાય, નહિતર અનેકાંત ન થાય. હવે એ તો ક્યાંય રહી ગયું. કાંઈક ત્યાગની કિંમત હશે કે નહિ બાહ્ય ત્યાગની? એય..! દીપચંદજી! એક રાગની મંદતા કરીને દયા, દાન, ભક્તિ, વ્રત પાળે, પૂજા કરે, નિવૃત્તિ લે, દૂધ ને એ ખાય નહિ ૫૦ વર્ષ સુધી. શેરડીનો રસ પીવે નહિ ત્યાગ, કેરીના રસનો ત્યાગ, પુરણપોળીનો ત્યાગ, ખાંડ સાકરનો ત્યાગ. હવે આટલું હોય એમાં કાંઈક તો ધર્મનો અંશ હશે કે નહિ એમાં?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ના, ના એ ત્યાગ કર્યો છે એવી માન્યતા છે તે મિથ્યાત્વ છે. એમ કહે છે અહીંયાં.

ભગવાન જાણનક્રિયા સ્વભાવે પ્રગટે. એની જ્યાં અપેક્ષા નથી અને બીજી કંઈપણ અપેક્ષા રાખે છે એને, કહે છે કે અહીં તો સ્વભાવ પ્રત્યે તેને અણગમો છે, દ્વેષ છે, ક્રોધ છે, સ્વભાવથી અધિકતા એને લાગે છે એથી એને માન છે. સ્વભાવ જેવો છે તે રીતે પ્રગટવાની શૈલીને જાણતો નથી. એથી આનાથી પ્રગટેલી કપટ માયા કરે છે અને એ રાગને અને પર તરફના જાણનપણાના લોભની ઈચ્છા છે એ અનંતાનુબંધી લોભ છે. આહાહા..! ગજબ વાત છે! વીતરાગ માર્ગ.. આહાહા..!

એમ કે જ્યાં... વખત થોડો રહ્યો, વસ્તુ સ્વભાવ છે એનાથી બીજી કોઈપણ અપેક્ષાવાળો રાગ, પર અપેક્ષાવાળું જ્ઞાન, શ્રદ્ધા કે વ્રત કે ત્યાગાદિના રાગની મંદતા એમાં કંઈપણ પ્રેમ અને અસ્તિત્વ હું છું અને એનાથી લાભ છે એને ક્રોધ કહે છે. સ્વભાવ પ્રત્યે અણગમો કહે છે. એને સ્વભાવનું માન ન આવતા પોતાના એ ભાવનું માન આવ્યું એટલે સ્વભાવથી અધિક થઈ ગયો માન્યું છે એ. સ્વભાવનો ભાવ એવો છે પરની અપેક્ષા વિના નિર્મળપણે પ્રગટ થાય એમ ન જાણતાં આનાથી થાય, તો એણે માયા-આડ મારી, આડ મારી છે.

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


માયા-આડ મારી એ કપટ છે. અને એ બહારના જાણપણા અને રાગની મંદતાનો જેને ભાવ આ ઠીક છે અને એનાથી થશે, એને અનંતાનુબંધીનો લોભ છે. એ એમ કહે છે આ. સુમનભાઈ! બહુ સમજવા જેવી વાત છે હોં! ત્યાં ક્યાંય મળે એવું નથી આ. પગાર દસ હજારનો. લોકો કહેતા હતા વાતું. આપણને ક્યાં ખબર હોય. તમારા બાપને પણ ખબર નથી. કેટલો પગાર એ કાંઈ પૂછે નહિ. વાતું કરે કો'ક એટલે આપણે સાંભળીએ. આપણને ક્યાં ખબર હતી. દસ હજારનો પગાર થઈને ત્યાં ગયા છે, એમ કો'ક વાતું કરતા હતા. દસ હજારનો હોય કે લાખનો હોય એમાં આત્માને શું આવ્યું?

બે વસ્તુ તદ્દન જુદી છે. એ પર અપેક્ષિત ભાવનો પ્રેમ અને સ્વ અપેક્ષિત પરથી નિરપેક્ષની ક્રિયા, બે તદ્દન જુદી છે. એકને આધારે બીજો નથી અને બીજાને આધારે આ નથી. એમ ભેદજ્ઞાન કરવા માટે આ વાત કરી છે. વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

**જેઠ વદ ૧૧, સોમવાર તા. ૩-૦૭-૧૯૬૭**
**ગાથા-૧૮૧ થી ૧૮૩, પ્રવચન-૨૬૫**

સંવર અધિકાર. આત્મા, અહીં આત્મા વસ્તુ તો બધી વસ્તુને સિદ્ધ કરી છે. કોઈ વસ્તુ કોઈ વસ્તુની નથી. આત્મા વસ્તુ છે એ જ્ઞાન, આનંદ આદિ સ્વરૂપ છે. એ આત્મા કોઈ રાગનો, પુણ્યનો કે શરીરનો કે વાણીનો નથી.

મુમુક્ષુ :- ઘણાં શબ્દ છે.

ઉત્તર :- આ તો હજી ઘણાં આવશે એમાં તો.

આત્મા જે શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ વીતરાગમૂર્તિ આત્મા છે. એ આત્મા પુણ્ય-પાપનો નથી. કર્મનો નથી, શરીરનો નથી. ઘણાં બોલ લેશે હજી. કર્મમાં નથી, નોકર્મમાં નથી અને વિકારમાં પણ નથી. અહીં તો અત્યારે વિકારમાં નથી પહેલા શરૂ કરીને પછી (બીજા લેશું). એટલે શું? કે જેને આત્મા પ્રાપ્ત કરવો છે એટલે ધર્મ પ્રાપ્ત કરવો છે એણે તો પરનું લક્ષ છોડી દઈ અને સ્વના લક્ષે જે જ્ઞાનની પરિણતિ શ્રદ્ધા, શાંતિની થાય, એ પરિણતિની જે ક્રિયા છે તે સંવરક્રિયા છે. એ સંવર એટલે પરથી ભિન્ન પડેલી ભેદજ્ઞાન ક્રિયા, એને આધારે આત્મા જણાય માટે એને આધારે આત્મા છે એમ અહીંયાં કહેવામાં આવે છે.

ફરીને. વસ્તુ છે વસ્તુ. અસ્તિ છે ને સત્તા હોવાવાળો પદાર્થ? કહે છે કે એ આત્મા જે છે એ પુણ્ય-પાપના વિકલ્પો એને અહીં ક્રોધ કીધો છે. કેમ કે સ્વભાવથી વિરૂદ્ધ ભાવ એને અહીંયાં ક્રોધ કીધો છે. અને વિરૂદ્ધ ભાવનો પ્રેમ છે એને આત્મા પ્રત્યે અણગમો છે એવો એને મિથ્યાત્વભાવ કહ્યો છે. અહીં તો બે વાત છે. આ મિથ્યાત્વ અને જ્ઞાનની પરિણતિ અંદર રાગથી ભિન્ન કરીને, જ્ઞાનની પરિણતિ દ્વારા, જ્ઞાન દ્વારા, અનુભૂતિ દ્વારા આત્માનો અનુભવ કરવો એ અનુભૂતિને આધારે આત્મા છે એમ અહીંયાં કહેવામાં આવ્યું છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- શેમાં?

મુમુક્ષુ :- સંવરમાં.

ઉત્તર :- એ સંવર પોતે સુખરૂપ છે. સંવરમાં શું?

અંતર રાગથી ભિન્ન પડીને આનંદની દશાનું પરિણમન થવું એ પરિણમનને અહીંયાં સંવર અને મોક્ષનો માર્ગ કહે છે. અથવા તેને જ્ઞાનનો અનુભવ કહે છે. જ્ઞાનની અનુભૂતિ. રાગનો

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અનુભવ છે એ આત્મા નહિ. પુણ્ય-પાપનો અનુભવ જે વિકારનું વેદન-દુઃખનું વેદન એ આત્મા નહિ. એ તો જડ વિકારક્રિયા વિકારની ક્રિયા છે. ખરેખર તો એ.. અહીં તો બધા ઘણા બોલ લીધા છે ને? રાગની ક્રિયા તે આત્માની નહિ અને આત્માની ક્રિયા તે રાગની નહિ. આત્માની ક્રિયાને આધારે રાગ નહિ અને રાગને આધારે આત્માની ક્રિયા નહિ. સમજાણું?

અહીં તો કહે છે કે રાગ ભાવ જે વિકલ્પ ક્રોધ છે એ અજ્ઞાન છે. વસ્તુ જ્ઞાનસ્વરૂપ છે. રાગ ભાગ એ બધો દયા, દાન, વ્રત આદિના વિકલ્પ જે છે એ બધું અજ્ઞાન છે. અજ્ઞાન એટલે? એમાં જ્ઞાનના સૂર્યના તેજનો અંશ નથી. સમજાણું કાંઈ? માર્ગ ઝીણો છે, ભાઈ! જેનું ફળ પણ અલૌકિક અને અપૂર્વ છે.

કહે છે કે '**જાણનક્રિયાનું જ્ઞાનથી અભિન્નપણું હોવાને લીધે, જ્ઞાનમાં જ છે;...**' એ જાણવાની ક્રિયા, પરનું લક્ષ છોડીને સ્વના લક્ષે જે જાણવાની, શ્રદ્ધાની, શાંતિની, આનંદની પરિણતિ થાય એ પરિણતિને આધારે આત્મા જણાણો, એને કારણે જણાણો માટે તે પરિણતિને આધાર કહ્યો, વસ્તુને આધેય કીધી છે. સમજાણું કાંઈ? અહીં તો કહે છે કે અગિયાર અંગના ભણતર પણ ત્યાં કામ આવે એવા નથી. એવું છે. રાગની મંદતા પણ ત્યાં કામ આવે એવું નથી. કારણ કે બેય ચીજ જ જ્યાં વસ્તુ ફેર છે. સમજાણું કાંઈ?

આત્મા સચ્ચિદાનંદ પૂર્ણ શુદ્ધ આનંદ સ્વરૂપ આનંદની જ મૂર્તિ છે આત્મા. અતીન્દ્રિય આનંદનો સ્વભાવમય આત્મા. એને વર્તમાનમાં જ્ઞાનનું પરિણમન કહો કે આનંદનું પરિણમન કહો કે સમ્યગ્દર્શનનું પરિણમન કહો, પરથી જુદું પાડીને અંતરના લક્ષે જ્યાં પરિણમન થાય એ પરિણમનને આધારે આત્મા જણાણો માટે જાણનક્રિયા અને આત્મા-જ્ઞાન બે અભિન્ન છે. સમજાણું કાંઈ? અને '**ક્રોધાદિક કે જે ક્રોધાદિક્રિયારૂપ...**' જે કાંઈ આત્માના સ્વભાવનું લક્ષ છોડીને પરલક્ષે જેટલો પુણ્ય-પાપનો ભાવ થાય એમાં પોતાનું અસ્તિત્વ માનીને જે મિથ્યાત્વ અને રાગ-દ્વેષના ભાવ થાય એ '**ક્રોધાદિક્રિયા પોતાના સ્વરૂપમાં પ્રતિષ્ઠિત છે...**' એ વિકાર વિકારના સ્વરૂપમાં છે, એ આત્માના સ્વરૂપમાં નથી. બહુ ઝીણું પણ, ભાઈ! કોઈ દિ' એણે અંતરના માર્ગને લેવાની ક્રિયા શું છે એ લક્ષમાં લીધી નથી. એમ ને એમ બફમમાં ને બફમમાં ચાલ્યો જાય છે.

'**ક્રોધાદિક્રિયાનું ક્રોધાદિથી અભિન્નપણું હોવાને લીધે,...**' સ્વભાવથી વિરૂદ્ધ ભાવ, એ વિરૂદ્ધ ભાવનો આધાર વિરૂદ્ધ ભાવ છે. આહાહા..! સમજાણું કાંઈ? '**(જ્ઞાનનું સ્વરૂપ જાણનક્રિયા છે, માટે જ્ઞાન આધેય...**' જ્ઞાનનું-આત્માનું સ્વરૂપ જાણવું, શ્રદ્ધવું, સમ્યક્ અનુભવવું, અનુભૂતિ થવી એ જ્ઞાનનું સ્વરૂપ એ જાણનક્રિયા છે. અનુભૂતિ-અનુભવ થવો એ જ્ઞાનનું સ્વરૂપ છે. '**માટે જ્ઞાન આધેય...**' છે. વસ્તુ ત્રિકાળી તે આધેય છે અને

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

'**જાણનક્રિયા...**' અનુભૂતિ તે '**આધાર છે.**' સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- દીકરો થયો ત્યારે બાપ કહેવાણો ને? નહિતર ક્યાંથી કહેવાણો? દીકરાને આધારે બાપ કહેવાણો છે. નહિતર બાપને આધારે બાપ કહેવાય? એણે એ કહ્યું.

અહીં તો એમ કહેવું છે કે જે વસ્તુ છે શુદ્ધ ચૈતન્ય સ્વભાવ, એનું લક્ષ ભલે કર્યું, પણ લક્ષ કરવાની દશા જે છે, પરના લક્ષથી છૂટી અને સ્વના લક્ષે જે શ્રદ્ધા-જ્ઞાન અને શાંતિનું પરિણમન, જ્ઞાનની ક્રિયા થઈ. એને અહીંયાં આધાર કહે છે. કારણ કે એનાથી પત્તો ખાધો. એથી એને આધાર કીધી અને વસ્તુ જ્ઞાનસ્વરૂપી ત્રિકાળીને આધેય. એમાં રહી છે એટલે એના વડે જણાણી માટે એને આધેય કીધી-વસ્તુને, આને આધાર કીધો. સમજાણું કાંઈ? આ તો છેલ્લામાં છેલ્લા સત્‌ના નંબરના આંકડા છે.

'**કારણ કે જાણનક્રિયા અને જ્ઞાન જુદાં નથી.**' એટલે? જે જાણવાનું પરિણમન થયું અને વસ્તુ જે જ્ઞાનસ્વરૂપ છે એ બે જુદા નથી. '**આ રીતે એમ સિદ્ધ થયું કે જ્ઞાન જ્ઞાનમાં જ છે.**' એ વસ્તુ વસ્તુમાં જ છે. વસ્તુ સિવાય રાગાદિમાં એ વસ્તુ નથી. ભગવાન આત્મા અંતર વસ્તુ અનુભૂતિ કરે તો એ અનુભૂતિ અનુભૂતિમાં જ છે. એ અનુભુતિ આત્મામાં જ છે. અને એ અનુભૂતિને આધારે આત્મા જણાણો માટે અનુભૂતિ આધાર-(અને આત્મા) આધેય. વસ્તુ વસ્તુમાં છે. વસ્તુ સિવાય બીજો રાગાદિ વિકલ્પ જે દયા, દાન, વ્યવહાર એને આધારે જણાતો નથી, એમાં એ નથી, માટે તેને આધારે આત્મા છે નહિ. પોપટભાઈ! ઝીણું બહુ. એય..! ન્યાલભાઈ! આ બધા જૂના માણસ છે ભઈ. આહાહા..! ઘણાં જૂના વર્ષ છે ને. મારાથી કાંઈક મોટા હશે થોડા. ઓહોહો..! આ તો ન્યાલ થવાના રસ્તાની વાત છે.

કહે છે, ભાઈ! જ્યાં તારું લક્ષ છે પુણ્ય-પાપના રાગમાં એ ક્રિયા જ પરની છે, એ ક્રિયા આત્માની છે જ નહિ. આહાહા..! અહીં તો વસ્તુ છે પ્રભુ ચૈતન્ય, એમાં તો જ્ઞાન અને આનંદ જ પડ્યો છે. એ જ્ઞાન અને આનંદનું વર્તમાન પરનું લક્ષ છૂટીને સ્વના લક્ષે પરિણમન થાય એ જ્ઞાનની ક્રિયા, દર્શનની ક્રિયા, આનંદની ક્રિયા એ આત્મા જ છે. રાગનો ભાગ તે આત્મા છે એ ત્રણ કાળમાં છે નહિ. આહાહા..! આ દયા, દાન, વ્રત, ભક્તિ, તપ, પૂજાનો જે વિકલ્પ એ આત્મા જ નથી અને એ આત્મામાં છે જ નહિ. આ વાત જગતને સહન કરવી, એય..! દીપચંદજી! માનીને બેઠા હોય બહારથી, એને એવું લાગે કે અરરર..! આ! એય..! મલૂકચંદભાઈ! પૈસા કામ ન આવે, શરીર કામ ન આવે, વાણી કામ ન આવે સુખને માટે. આત્માના સુખને માટે દુઃખ ટાળવા માટે પૈસા કામ ન આવે, શરીર

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કામ ન આવે, મન કામ ન આવે, વાણી કામ ન આવે અને અંદરનો રાગ વિકલ્પ ઉઠે એ પણ કામ ન આવે. આહાહા..! સમજાણું કાંઈ? સુખી થવા માટે. સુખી એટલે? આ ધૂળના સુખથી સુખી છે એ બધા દુઃખી છે બિચારા. ભિખારા છે. એય..! મલૂકચંદભાઈ! આહાહા..! ચાલીસ-ચાલીસ કરોડ રૂપિયા. મોં ફાટી જાય ને! આમ સાંભળતા ઓલાને એમ થાય કે આહાહા..! ઝવેરભાઈ બિચારા. સાકડિયા. પહેલી વાત થઈને... ત્યાં હેં! આહાહા..! શું છે આહાહા..? એય..! તમારા મામા. ચાલીસ કરોડ. તે દિ' તો આ જેઠાભાઈને કહે .. એ તે દિ' નહોતી ખબર. એક લાખની પેદાશ દિવસની. ઓહો..! શું છે પણ? આ ડુંગરા બધા પડ્યા જગતના, લેને માનવું છે ને તારે કે આ અમારા. એ ડુંગરો અહીં આવતો નથી, ડુંગરો પકડાતો નથી. કહો.

મુમુક્ષુ :- ડુંગરામાં મારાપણું ક્યાં આત્મામાં આવે?

ઉત્તર :- ડુંગરામાં મારાપણું ન કરે ડુંગરો ભાળીને. પૈસો ભાળીને કરે. એ તો ડુંગરો કે પૈસો બેમાં ફેર શું છે? એમ આ શરીરનો ડુંગરો લ્યો જડ, માટી, ધૂળ. માંસનો ઢગલો છે આ એક. એમાં આત્માનું ક્યાં આવ્યું આ? આ તો માટી-જડ છે, અજીવ-ધૂળ છે.

મુમુક્ષુ :- ભેગું રહે છે.

ઉત્તર :- પણ ભેગાની વ્યાખ્યા શું? એક જગ્યાએ રહે છે. તો એક જગ્યાએ બીજા ઘણાં અનંતા પરમાણુ પણ ત્યાં પડ્યા છે. આ તો દશ્યમાન દેખાય છે. બાકી જ્યાં આત્મા છે ત્યાં તો એક એક પ્રદેશ ઉપર કર્મપણે નહિ પરિણમેલા એવા અનંતા અનંતા રજકણોના સ્કંધો એક-એક પ્રદેશે પડ્યા છે. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. નો સંબંધ .. એ તો નિમિત્ત નૈમિત્તિક સંબંધ એટલે પૃથક્ પૃથક્ વસ્તુ એમ સિદ્ધ કરે છે ત્યાં. નિમિત્ત નૈમિત્તિક સંબંધનો અર્થ પૃથક્ પૃથક્ વસ્તુ છે એને અહીં રાગ કરે ત્યારે ઓલાને નિમિત્ત કહેવાય. સમજ્યાને? અહીં રાગ કરે ત્યારે પરમાણુ પરિણમે એટલો સંબંધ દેખીને કીધું. બાકી રાગ પણ આત્મામાં નથી ને અહીં તો હવે. આહાહા..!

ઓહો..! અનુભવ ભગવાનનો અનુભવ-આત્માનો અનુભવ, એ અનુભૂતિની ક્રિયા એ આત્માથી જુદી નથી. એ આત્માની અનુભૂતિને આધારે આત્મા જણાય છે. માટે અનુભૂતિને જ અહીંયાં આધાર કહેવામાં આવે છે. આહાહા..! જોડે રાગ હતો. કષાયની મંદતા અને કાંઈક વ્યવહાર કર્યો હતો, અશુભ ટાળીને શુભ (કર્યો હતો). કહે છે કે એ વ્યવહારનો અહીં આશ્રય-આધાર છે જ નહિ. એ વસ્તુમાં નથી ને આધાર ક્યાંથી આવી? ભારે લાકડા આકરા. હજી તો એક ઠેકાણે, આ કરીએ તો એમાંથી નિશ્ચય થશે. દુઃખ કરીએ એમાંથી આનંદ આવશે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


દયા, દાન, વ્રતના, પરિણામ રાગ છે, રાગ છે એ દુઃખ છે. દુઃખથી આત્માનો આનંદ આવશે, ધર્મ થાશે. સ્વતંત્ર છે ભઈ, માનવાને અધિકારી છે ને એ.

અહીં તો સંવર અધિકાર ચાલે છે. સુખ અધિકાર. સંવર એટલે? (સુખ). લ્યો, એ કૌંસ પૂરો થયો. જ્ઞાન જ્ઞાનમાં છે. '**(એવી જ રીતે ક્રોધ ક્રોધમાં જ છે.)**' છે ને છેલ્લું? વિકાર પરિણામ જે છે દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધના વિકલ્પો એને અહીંયાં સ્વભાવથી વિરૂદ્ધ ગણી સ્વભાવ જ્યારે શાંત છે, શાંત છે,... ઉત્તમ ક્ષમાદિ આવે છે ને? એવો ક્ષમાદિ, ઉત્તમ ક્ષમાદિ પરિણમન એ વસ્તુમાં તો એકલો ક્ષમાભાવ જ ભર્યો છે. એકલો નિર્માન ભાવ ભર્યો છે, એકલો વીતરાગભાવ ભર્યો છે, નિષ્કપટ ભાવ ભર્યો છે, નિર્લોભ ભાવ ભર્યો છે. એમાંથી વર્તમાન પરિણતિમાં-અવસ્થામાં વર્તમાન રાગાદિના વિકલ્પનું લક્ષ છોડી અને અંતરના લક્ષે શુદ્ધ શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિનું પરિણમન થાય તે આત્માનું. અને એ સિવાય અશાંતિ એટલે વિકલ્પનું પરિણમન થાય એ ક્રોધ ક્રોધનો, જડ અજ્ઞાન. સમજાણું કાંઈ?

'**વળી ક્રોધાદિકમાં,...**' એ પુણ્ય-પાપના રાગમાં. કર્મમાં ભેળવ્યું હવે વધારે. આ બે વાતને સિદ્ધ કરી એ રીતે બધામાં સમજવું. એમ. પુણ્ય-પાપનો વિકલ્પ ઉઠે... ખરેખર તો શુભરાગની વ્યાખ્યા છે અહીં તો વધારે. આહાહા..! શુભરાગ છે એ ક્રોધ છે. ક્રોધ કેમ? સ્વભાવથી વિરૂદ્ધ છે. અહીં ક્ષમા છે, એનાથી વિરૂદ્ધ છે. શાંત વીતરાગ ત્રિકાળ સ્વભાવ છે એની અનુભૂતિ શાંત શાંત દશાવાળી છે. શાંત દશાનું પરિણમન તે અનુભૂતિ છે. એનાથી વિરૂદ્ધ જે વિકલ્પ છે એ બધો શાંતિથી વિરૂદ્ધ તે ક્રોધ જ છે બધો. સમજાણું કાંઈ? આવો ધર્મ કેવો હશે? ભગવાનનો ધર્મ કેવળીનો આપણો જૈનનો ધર્મ આવો હશે? એય..! ન્યાલભાઈ!

ભાઈ! જૈન ધર્મમાં તો લીલોતરી ન ખાવી, ચોવિહાર કરવો. તીથિયું છ પાળવી. પાંચ પાળવી કે છ પાળવી લ્યોને મહિનામાં. બીજ, પાંચ, આઠમ, અગિયારસ. આહાહા..! હવે સાંભળને. તને જૈન ધર્મ શું કહેવાય એની ખબર નથી. એ બધી તો ક્રિયા થઈ. એ ક્રિયા તો બધી જડની ક્રિયા છે. લે સાંભળ. આ એમાં રાગ મંદ પડીને થાય એ પણ જડ છે. ચૈતન્ય નથી અજ્ઞાન છે. સમજાણું કાંઈ? એ વિકારી પરિણામમાં, શુભરાગમાં આત્મા નથી. આઠ કર્મમાં આત્મા નથી. એટલે કે કર્મ કાંઈ માર્ગ આપે તો અહીં કાંઈક માર્ગ મળે આત્મામાં એવું છે જ નહિ એમાં. સમજાણું કાંઈ? કર્મ કાંઈક એને કારણે ઘટે તો અહીં કાંઈક આત્માને સમજવાને સહેલું પડે. એવું છે જ નહિ. સમજાણું કાંઈ? જ્ઞાનાવરણીય કર્મ છે એ કાંઈક મંદ પડે, ક્ષયોપશમ થાય તો જ્ઞાનનું પરિણમન એના ક્ષયોપશને આધારે અહીં થાય? ના. એ વસ્તુ જ્ઞાનાવરણીય કર્મ જ ભિન્ન છે. એને આધારે, જ્ઞાનાવરણીયને આધારે જ્ઞાનાવરણીય. એને આધારે આત્મા જણાય એવી વસ્તુ છે નહિ. સમજાણું કાંઈ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


'**કર્મમાં કે નોકર્મમાં...**' નોકર્મ એટલે શરીર અને વાણી આદિ. એમાં '**જ્ઞાન નથી...**' એમાં આત્મા નથી. એ પુણ્ય-પાપના રાગમાં, કર્મમાં અને શરીરમાં આત્મા નથી. આત્મા એમાં નથી. સમજાણું કાંઈ? '**અને જ્ઞાનમાં...**' એમાં આત્મા નથી અને ભગવાન આત્મા શુદ્ધ પરિણતિને લક્ષે, સ્વને લક્ષે પરિણતિ એવો જે આત્મા, એમાં વિકાર પુણ્ય-પાપના ભાવ આત્મામાં નથી. આત્મામાં કર્મ નથી કે શરીર, વાણી નથી. લ્યો, ઓલા કહે કે અત્યારથી નથી? રાડ પાડે છે. અત્યારથી નથી એમ કહે છે. ત્રિકાળ નથી એમ છે. વિકારમાં આત્મા નથી, પુણ્ય-પાપ દયા, દાન, વ્રત, ભક્તિના ભાવમાં આત્મા નથી. એ જડ છે. કર્મમાં આત્મા નથી, એ જડ છે. શરીર, વાણીમાં આત્મા નથી, એ જડ છે. એક વાત. હવે આત્મામાં એ પુણ્ય-પાપ નથી. આત્મામાં કર્મ કે નોકર્મ નથી. કારણ આપે છે.

'**કે તેમને પરસ્પર અત્યંત સ્વરૂપવિપરીતતા હોવાથી...**' લ્યો! ન્યાય આપ્યો. પહેલી વસ્તુ જુદી કીધી હતી, બેના પ્રદેશ જુદા કીધા હતા. અસત્ હોવાને લઈને આધાર-આધેય નથી એમ કહ્યું હતું. સમજાણું? અહીં તો હવે કહે છે, બેનું અત્યંત સ્વરૂપવિપરીતતા (છે). ઓહોહો..! ભગવાન આત્મા પોતાના જ્ઞાનની પરિણતિ દ્વારા, અનુભૂતિ દ્વારા આત્માને અનુભવે, પકડે તે આત્મા. એને અને વિકલ્પ ઉઠે દયા, દાન, વ્રત, ભક્તિનો એ ભાવને, શરીરને, કર્મને આત્માને અને એ બે વચ્ચે અત્યંત સ્વરૂપવિપરીતતા છે. બેના વચ્ચે સ્વરૂપ અત્યંત વિપરીતતા છે. છે એમાં, જુઓ! કદી વાંચ્યું પણ નહિ હોય આટલા વર્ષમાં. મુનિ થઈ જવું ઝટ. નગ્ન થઈ જાઓ નગ્ન. નગ્ન તો આ ઢોર પણ ફરે છે નગ્ન. એક જણો કહેતા હતા, બુદ્ધિ વિનાના બાવા થાય. ભવસાગરમાં બૂડી મરે. એ તો અમુક .. કહે. ઘણા વખતની. (સંવત) ૧૯૭૭ની વાત છે. ગોંડલની. સમજાણું કાંઈ? તત્ત્વનું વસ્તુનું સ્વરૂપ શું છે એના ભાન વિના સાધુપણા કેવા, મુનિપણા કેવા, એને ચારિત્ર કેવા? એને ત્યાગી કેવા? સમજાણું કાંઈ?

કહે છે, ભગવાન આત્મા એ પુણ્ય-પાપના વ્યવહાર રત્નત્રયનો જે વિકલ્પ ઉઠે એમાં આત્મા નથી. શરીરમાં આત્મા નથી, કર્મમાં આત્મા નથી, વાણીમાં આત્મા નથી. લ્યો! વાણી એની મેળાએ નીકળતી હશે? વળી એમ કહે એક જણો.

મુમુક્ષુ :- ઈચ્છા વિના નીકળે?

ઉત્તર :- ઈચ્છા વિના જ નીકળે છે. વળી ઈચ્છા હોય તો નીકળે છે એનો અર્થ શું? ઈચ્છા જુદી ચીજ છે, વાણી જુદી ચીજ છે, આત્મા જુદી ચીજ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો શું છે.. એ તો કેવળીને ઈચ્છા વિના વાણી નીકળે છે એ વાત ત્યાં

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

બતાવવી છે. વાણી ઈચ્છા વિના જ નીકળે છે. રાગ છે એટલી વાત જુદી છે. રાગ છે માટે વાણી પરિણમે છે અને નીકળે છે એ વાતમાં કાંઈ માલ નથી. જરીએ દોકડો સાચો નથી. સમજાણું કાંઈ?

બે વાત લીધી અરસપરસ. ભગવાન આત્મા સચ્ચિદાનંદ શુદ્ધ સ્ફટિક મણિ જેવું સ્વરૂપ જેનું. એવો આત્મા પોતાના અનુભૂતિથી જ અનુભવાય એને આત્મા કહીએ. એ આત્મા પુણ્ય-પાપના ભાવમાં, કર્મ અને શરીરમાં નથી અને એ પુણ્ય-પાપના ભાવ, કર્મ અને શરીર આત્મામાં નથી. સમજાણું કાંઈ? આ મુદ્દાની રકમની વાત ચાલે છે ભઈ આ તો. કેમ?

જુઓ! '**નોકર્મ નથી કારણ કે તેમને...**' તેમને એટલે બેયને. ભગવાન જ્ઞાનસ્વરૂપ, આનંદસ્વરૂપ એવો આત્મા અને શુભ-અશુભભાવ એવો વિકાર, આઠ કર્મ અને શરીર-વાણી નોકર્મ. તેમને માંહોંમાંહે '**પરસ્પર અત્યંત સ્વરૂપવિપરીતતા...**' અત્યંત સ્વરૂપવિપરીતતા. ઓહોહો..!

મુમુક્ષુ :- કથંચિત્ નહિ?

ઉત્તર :- કથંચિત્ નહિ. અહીં તો અત્યંત સ્વરૂપવિપરીતતા (કહ્યું છે).

ક્યાં ચૈતન્ય પ્રકાશ અને ક્યાં રાગ અંધારારૂપ, જડ અંધારારૂપ. અંધારુ છે એ બધું. પુણ્ય-પાપના પરિણામ એ અંધારું છે. ચૈતન્યના પ્રકાશનું નુર એમાં નથી. સમજાણું કાંઈ? કહે છે કે પરસ્પર અત્યંત સ્વરૂપવિપરીતતા (છે). કોને? પરસ્પર. કોને પરસ્પર? વસ્તુ ભગવાન આત્મા જ્ઞાનાનંદને અને પુણ્ય-પાપના પરિણામ, કર્મને અને શરીરને, બેયને પરસ્પર અત્યંત રાગને અને આત્માને પરસ્પર સ્વરૂપવિપરીતતા. આત્મા અને રાગને પરસ્પર સ્વરૂપવિપરીતતા. સમજાણું કાંઈ?

'**તેમને પરસ્પર અત્યંત સ્વરૂપવિપરીતતા...**' પાછું સાધારણ સ્વરૂપવિપરીતતા નથી લીધી. આવા કારણે. એમ પાછું. હોવાથી છે ને? '**અત્યંત સ્વરૂપ વિપરીતતા હોવાથી (અર્થાત્ જ્ઞાનનું સ્વરૂપ અને ક્રોધાદિક તેમ જ કર્મ-નોકર્મનું સ્વરૂપ અત્યંત વિરૂદ્ધ હોવાથી)...**' લ્યો! વિપરીત એટલે વિરૂદ્ધ. '**તેમને પરમાર્થભૂત આધારાધેયસંબંધ નથી.**' સમજાણું? ઓલું તો એકલાનું લીધું હતું ને? જાણન અને ક્રોધાદિનું. પહેલામાં એ લીધું હતું અને આ બધાને ભેળવીને કીધું. કેમ કે આધારઆધેય આવી ગયું હતું ને? આવી ગયું હતું પણ વિકારની સાથે આવ્યું હતું. ક્રોધ, માન વિકાર અને સ્વભાવની સાથે આવ્યું. અહીં આખું લંગર એક કોર. વિકાર, કર્મ અને શરીર એને આધારે આત્મા નથી અને આત્માને આધારે એ નથી.

અશરીરી? અશરીરી આત્મા અત્યારે? અરે..! અશરીરી શું પણ અવિકારી આત્મા. શરીર

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


વિના રહેતો હશે? શરીર વિના રહે આત્મા? કોણ કહે છે શરીરમાં રહ્યો છે? શરીર જ માટી રજકણ ધૂળ છે અને આત્મા ભિન્ન તદ્દન જુદી ચીજ છે. પોતે પોતાના સ્વરૂપમાં બેય રહેલા છે. કહો, સમજાણું આમાં? આ ભેદજ્ઞાન, આ ધર્મ, આ સંવર. લ્યો, આ સંવર કરીને બેસે છે ને .. પચ્ચખાણ, પચ્ચખાણ. ન્યાલભાઈ! અપાસરામાં કરો સંવર. એય.! ભગવાનભાઈ! ભાવનગરના અપાસરામાં. .. ત્યાં પણ કરતા તો હશે ને. પાંચ આસ્રવના .. પચ્ચખાણ. ધૂળેય નથી સાંભળને. આસ્રવ ક્યાં...? આસ્રવ કોને કહેવો અને આત્મા કોને કહેવો એનું તો ભાન નથી. સમજાણું કાંઈ? આ દયા, દાન, વ્રત હું કરું એવો વિકલ્પ ઉઠે છે એ આસ્રવ. એ આત્મામાં નથી અને આત્મા એમાં નથી. પરસ્પર સ્વરૂપવિપરીત. પરસ્પર સ્વરૂપની અત્યંત વિરૂદ્ધતા (છે). આહાહા..! અરે..! ભાઈ! તારા માર્ગની તને ખબર નહિ અને એ માર્ગે ચાલવા માંડે ખબર વિના.

કહે છે કે એ '**તેમને પરમાર્થભૂત...**' ખરેખર શરીર અને આત્માને આધારાધેય નથી. શરીરને આધારે અત્યારે આત્મા છે. લ્યો, શરીરમાંથી જીવ નીકળી જાય તો જુઓ આ ડોક આમ પડી જાય ભડાક દઈને.

મુમુક્ષુ :- જીવ નીકળી જાય એટલે.

ઉત્તર :- હા, એ કીધું ને. જીવ નીકળી જાય ત્યારે. જીવ છે તો અંદર આમ રહે છે લ્યો. ના ના. એમ કહે છે. જીવ નીકળી જાય તો આમ થઈ જાય. ઓલો તો અંદર ઊભો છે ને એટલે આમ કડક રાખતો હશે. એમ હશે? સુમનભાઈ! આ બધી વાત જ જુદી જાતની, હોં! તમારા અમેરિકામાં ક્યાંય મળે એવી નથી. તમારા ભણતરમાં પણ ન મળે. આહાહા..!

સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ વીતરાગ દેવના જ્ઞાનમાં આવ્યું અને એ જ રીતે સ્વરૂપ છે. તે રીતે અહીંયાં કહેવામાં આવ્યું છે. આહાહા..! કહે છે કે ભાઈ! તને નજર કરતાં આવડતી નથી. જ્યાં નજર કરવી જોઈએને ત્યાં રાગાદિ કાંઈ વસ્તુ જ નથી. સમજાણું કાંઈ? પણ ભઈ શરીર કાંઈક નિરોગ હોય. 'શરીર આદ્ય ખલુ ધર્મ સાધન' નથી કહ્યું? ધર્મ-બર્મ હોય જો શરીર કાંઈક નિરોગ હોય, મન ઠીક હોય, વાણી ઠીક હોય. સ્નાન-બાન શરીરને કર્યું હોય. હવે આમ ગંદુ કપડું અને શરીર એવું હોય એમાં ધર્મ કરવો શી રીતે? એય.. મલૂકચંદભાઈ! જાડા શરીરને તમારે આમ કેવું લાગે ઉનાળામાં ગરમીમાં. એવી ગરમી હોય આમ. પહેરણ આમ નીચવો તો પરસેવો નીકળે. એક જણો કોણ કહેતું હતું? તમારો કહેતો હતો. જ્યોતિ. ઓલું થયું હતું ને કાંઈક હમણાં? શરદી. ઓલી ચોપડીને સૂતો હશે અંદર. પહેરણ આમ કરીએ તો પરસેવો, પાણી નીકળે એટલું પહેરણમાં પાણી. .. એ ચોપડે છે ને? બામ. એ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

પછી બિંદુ બિંદુ આમ આખું. બિંદુ બિંદુ આમ થઈ જાય. લૂગડું આમ રાખ્યું હોય તો લૂગડું પલળી જાય અને થોડું અંદર રાખ્યું હોય તો હવા લાગી જાય, ઠંડી લાગી જાય. બામ ચોપડે છે ને. એવું શરીર હોય એમાં કાંઈ ધર્મધ્યાન થાતા હશે? મેલું હોય, સમજાય છે ને? પણ કહે છે કે અંદર વિષ્ટા ભરી છે અને આ હાડકા છે બધા, મેલું છે. કોને ધોઈશ તું? અને એ એમાં આત્મા છે જ ક્યાં? એ તો અહીં કહે છે. એને લઈને આત્માને થાય. સ્ફૂર્તિ થાય. શરીર સાફ હોય તો મનની સ્ફૂર્તિ રહે. અને મનની સ્ફૂર્તિ હોય તો આત્માનું કાંઈક જ્ઞાન કરી શકાય. મૂઢ છે, સાંભળને! સમજાણું કાંઈ? આ ભારે અવસ્થા, ભાઈ! આખી દુનિયાથી જાણે ઊંધો માર્ગ હોય એવું લાગે.

કહે છે, '**તેમને પરમાર્થભૂત...**' તેમને એટલે? ભગવાન આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપને અને દયા, દાનના વિકલ્પને, શરીરને અને કર્મને બેયને અત્યંત માહોંમાંહે વિરોધતા હોવાથી બેયને આધારઆધેય-રાગને આધારે આત્મા અને આત્માને આધારે રાગ, શરીરને આધારે આત્મા અને આત્માને આધારે શરીર, કર્મને આધારે આત્મા અને આત્માને આધારે ત્યાં આઠ કર્મ રહ્યા છે એમ છે નહિ. પ્રવિણભાઈ! આ તો બધું સાંભળ્યું નહિ હોય જિંદગીમાં એવી વાતું છે. રામ.. રામ.. રામ... કરો. થઈ જશે સાક્ષાત્કાર. રામ રામથી સાક્ષાત્કાર થઈ જાય, એમ કહે છે. ધૂળેય નહિ થાય, સાંભળને! રામ... રામ.. રામ... રામ... રામ... કરો. એ રામ-રામ તો એક વિકલ્પ છે. વિકલ્પ છે એ રાગ છે. અહીં બોલાય એ તો જડ છે. અને વિકલ્પ ઉઠ્યો એ જડ છે હવે. સાંભળને! સમજાણું કાંઈ?

આ વીતરાગ સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમેશ્વરે કહેલું આ તત્ત્વ છે. સંપ્રદાયમાં તો સાંભળવા મળે નહિ આ. છે નહિ પણ ક્યાંય. વાત જ બધી ઊંધે રવેડે છે. ઊંધે રવેડે. રવેડે એટલે શું? રવેડે ઊંધે રવેડે ચડ્યા છે. કાંઈક શબ્દ હશે ને શબ્દ? રવેડેનો અર્થ શું? રવૈયું આમ આમ ફરે છે. આમ ઊંધું રવૈયું ફરે છે. રવૈયું નથી કરતા આમ? ... ઊંધે રવૈયો ફરે છે આ. આહાહા..!

તેમને ખરેખર પરમાં આધાર નથી. લ્યો ઠીક. બહુ સરસ.. બહુ સરસ..! મૂળ વાત છે, મૂળ વાત. એને અંતરમાં પકડ્યા વિના એને આ વાતનો ખ્યાલ પણ આવે નહિ એવી વાત છે આ. સમજાણું કાંઈ? અદ્ધર ને અદ્ધર માની લે કલ્પનાથી. આમ થઈ ગયું, અમને અનુભવ થઈ ગયો, અમને આ થઈ ગયું. ધૂળેય નથી. સમજાણું કાંઈ? હજી એના અમુક ઠેકાણા ન મળે ત્યાં અનુભવ થઈ ગયો વળી, લ્યો એમ કહે. ઘણાં એમ કહે. ઘણાં અમારી પાસે આવે ખાનગી, હોં! કહે કે અમને અનુભવ થઈ ગયો, ઓલો કહે મને અનુભવ થઈ ગયો. એય..! મલૂકચંદભાઈ! અમદાવાદમાંથી આવે છે કેટલાક. નામ ન લેવાય. અનુભવના મોઢા

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


મોટા છે, ભાઈ! આહાહા..! બાપુ! એ ચીજ થયે મુક્તિ થઈ જાય. એ કાંઈ એકલા ભણે-ગણેથી મળે એવું નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. પોતાને .. .. અનુભવ કોને થાય? આ ભાન થાય. ખાતો હોય એને ખબર પડે કે નહિ હું આ ખાઉં છું. એમ અનુભવ થાય એ ખબર પડે કે નહિ આ આનંદ મારો વેદાય છે. મૂઢ છે, ન ભાન મળે એને તો જડ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ તમારા.. એને કે દિ' ભાન હતું? ચીમનલાલ ઠાકર છે ને?

કહે છે, '**વળી જ્ઞાનનું સ્વરૂપ જેમ જાણનક્રિયા છે...**' ભગવાન આત્મા એનું જે શ્રદ્ધવું, જાણવું, ઠરવું, આનંદ, એવી ક્રિયા જે છે. જુઓ! ક્રિયા ઉપર અહીં વજન મૂક્યું છે ને. પૂર્વની અવસ્થા બદલી અને અહીં જે નિર્મળ અવસ્થા જે થઈ એવું જે જ્ઞાનનું સ્વરૂપ એટલે આત્માનું જાણનક્રિયા છે '**તેમ (જ્ઞાનનું સ્વરૂપ) ક્રોધાદિક્રિયા પણ છે...**' આત્માનું વિકાર સ્વરૂપ પણ છે એમ નથી. સમજાણું? જેમ જ્ઞાનનું સ્વરૂપ જાણવું... જાણવું... જાણવું.. એવી પરિણતિ છે. તેમ જ્ઞાનનું સ્વરૂપ વિકાર પણ છે. વિકારની ક્રિયા, રાગની ક્રિયા પણ એનું સ્વરૂપ છે એમ બે નથી. જુઓ! સમજાણું કાંઈ? અને ક્રોધાદિનું સ્વરૂપ જેમ ક્રોધાદિ ક્રિયા છે. સ્વભાવથી વિરૂદ્ધ વિકલ્પ જે છે એ વિકારી ક્રિયા સ્વરૂપ છે તે જ્ઞાનનું સ્વરૂપ છે, આ જાણનક્રિયા પણ છે '**એમ કોઈ રીતે સ્થાપી શકાતું નથી.**' આહાહા..! સમજાણું કાંઈ?

આઠ વર્ષની છોડી હોય તો અનુભૂતિ કરી શકે. ભાન વિનાના અગિયાર અંગના ભણેલા પણ રખડે. નવ પૂર્વના ભણેલા હોં! મોટા. આમ જાણે કેટલું જ્ઞાન હશે જાણે! ઓહોહો..! થોથા છે. વજુભાઈ! આહાહા..! દેડકું. અનુભૂતિ થઈ જાય. કહે છે, કોઈ રીતે ભગવાન આત્મા જાણનસ્વરૂપ... જાણનક્રિયામાં એની જ્ઞાનની પ્રધાનતાથી વાત કરી. એને પકડવાની જે ક્રિયા જ્ઞાનની, એને પકડવાની શ્રદ્ધા, એને આનંદ, શાંતિ, સ્થિરતા સ્વરૂપાચરણ વગેરે, એવી જે આત્માની નિર્મળ જે ક્રિયા, એને અને પુણ્ય-પાપની ક્રિયાને એકપણે કોઈ રીતે સ્થાપી શકાતું નથી. સમજાણું કે નહિ આ? શું કીધું?

'**જ્ઞાનનું સ્વરૂપ જેમ જાણનક્રિયા છે તેમ...**' વિકારી ક્રિયા પણ તેનું સ્વરૂપ છે એમ સ્થાપી શકાતું નથી. એમ બની શકતું નથી, સ્થાપી શકાતું નથી એટલે. '**અને ક્રોધાદિનું સ્વરૂપ જેમ...**' વિકારનું સ્વરૂપ વિકારરૂપ છે, તેમ વિકાર જ્ઞાનસ્વરૂપ પણ છે, એ કોઈ રીતે સ્થાપી શકાતું નથી. એટલે એકરૂપ હોઈ શકતું નથી. સમજાણું કાંઈ? કહે છે કે રાગની

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

ક્રિયા થાય અને અહીં જાણનક્રિયા બે એક સમયે બે એકમાં થાય એમ છે નહિ. એમ કહે છે. જાણનક્રિયામાં રાગની ક્રિયા છે એમ સ્થાપી શકાતું એટલે હોઈ શકતું નથી. રાગની ક્રિયામાં જાણનક્રિયા છે એમ કોઈ રીતે બની શકતું નથી. ભારે વાત, ભાઈ!

'**કારણ કે જાણનક્રિયા અને ક્રોધાદિક્રિયા ભિન્ન ભિન્ન સ્વભાવે પ્રકાશે છે...**' કેટલી વાત કરે છે, જુઓને! આત્મા જાણન નામ પ્રત્યક્ષ વેદન, એ ક્રિયામાં અને રાગની ક્રિયામાં ભિન્ન-ભિન્ન સ્વભાવ, બેય ભિન્ન સ્વભાવે પ્રકાશે છે. બેયના ભિન્ન ભાવ છે. બેયના ભિન્ન સ્વભાવ છે, બેયનું ભિન્ન સ્વરૂપ છે. ઓહોહો..! સમજાણું કાંઈ? '**અને એ રીતે સ્વભાવો ભિન્ન હોવાથી...**' અને એ જ રીતે જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા અને રાગસ્વરૂપ, જડસ્વરૂપ અજીવ ક્રિયા એ બે ભિન્ન ભિન્ન હોવાથી '**વસ્તુઓ ભિન્ન જ છે.**' એ વિકલ્પને પણ વસ્તુ કહીને, અચેતન કહીને, અજીવ કહીને જીવનું જ્ઞાન સ્વરૂપનું પરિણમન એનું અને આ બે તદ્દન ભિન્ન વસ્તુ છે. સમજાણું કાંઈ? બેય ભિન્ન ભિન્ન સ્વભાવે પ્રકાશે છે. બેયના ભિન્ન ભિન્ન સ્વભાવ છે. વસ્તુ ભિન્ન, આધારઆધેય ભિન્ન, સ્વભાવ ભિન્ન તેથી તે વસ્તુ ભિન્ન હોવાથી વસ્તુ તદ્દન જુદી છે. ભગવાન જ્ઞાનસ્વરૂપે પરિણમન કરનારો આત્મા અને રાગસ્વરૂપે અને કર્મ અને શરીરસ્વરૂપે જડ, બેયના સ્વભાવોના પ્રકાર બે સ્વભાવ ભિન્ન પ્રકારના છે. બે ભિન્ન પ્રકાર છે. છેલ્લો ન્યાય આપ્યો છે. કેટલા પ્રકાર પાડતા પાડતા.

'**આ રીતે જ્ઞાનને અને અજ્ઞાનને (ક્રોધાદિકને) આધારાધેયપણું નથી.**' આ તો અજ્ઞાન અને જ્ઞાન હવે પાછું સિદ્ધ કર્યું એમ. એ દયા, દાન, વ્રતના વિકલ્પ છે તે અજ્ઞાન છે એમ કહે છે. શરીર અજ્ઞાન છે અને કર્મ અજ્ઞાન છે. કારણ કે ચૈતન્યસૂર્ય પ્રકાશમૂર્તિ એનું કિરણ રાગમાં આવતું નથી, એનું કિરણ શરીરમાં નથી, કર્મમાં નથી. એટલે કર્મ, શરીર અને રાગની દયા, દાનનો વિકલ્પ એ અજ્ઞાન છે. અજ્ઞાન. બે ભાગ પાડ્યા. ખલાસ. પુણ્ય-પાપના વિકલ્પો તે અજ્ઞાન છે. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાના પરિણામ તે અજ્ઞાન છે. અજ્ઞાન એટલે મિથ્યાત્વ એમ નહિ, હોં! એમાં આત્માનું જ્ઞાન નથી એટલે આત્માના જ્ઞાન ચૈતન્ય સ્વરૂપથી વિરૂદ્ધ છે. સૂર્યથી જેમ અંધારું જુદું છે એમ ચૈતન્યસૂર્યના પ્રકાશ પાસે એ પુણ્યનો વિકલ્પ તે અંધારા રૂપ તે ભિન્ન છે. સમજાણું કાંઈ?

હજી તો ચોથા ગુણસ્થાનની વાત છે. ઓલા એમ કહે બે વાતું કરે. એમ કરીને બચાવ કરે. વીતરાગ સમકિત. જુઓ! જયચંદ્ર પંડિતે ...માં લખ્યું છે. વીતરાગ સમકિત. વીતરાગ સમકિતની જ અહીં વાત છે પણ. વીતરાગ સમકિત.. આત્માની વાત નહિ. સમકિત વીતરાગ જ હોય. સમકિત સરાગ-વીતરાગ બે ભેદ પડતા નથી. સમજાણું કાંઈ?

આ રીતે આત્માને. જ્ઞાનાનંદ સ્વરૂપ ભગવાન આત્માને અને રાગાદિ સ્વરૂપ અજ્ઞાનને

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


બેનું આધારઆધેયપણું નથી. જ્ઞાન અને અજ્ઞાનને બેને આધારઆધેય નથી. કાંઈ સંબંધ જ નથી. સમજાણું કાંઈ? કતરણી કીધી ક્રિયાને. મોક્ષની કતરણી. એ શુભ ક્રિયા દયા-દાનના વિકલ્પો છે, મોક્ષની ક્રિયા કતરણી કાતર છે. ભારે આકરી વાત. એય..! ન્યાલચંદભાઈ! એ આમાં છે હોં! બનારસીદાસ. પાછળ છે ને ક્યાંક. મોક્ષમાં? હતું ક્યાંક ખરું. સર્વવિશુદ્ધમાં છે, હોં! (૫૬-૯૬).

**કરની હિત હરની સદા, મુકતિ વિતરની નાંહિ,**
**ગની બંધ-પદ્ધતિ વિષૈ, સની મહાદુઃખમાંહિ. ૯૬.**

આહાહા..! શુભરાગ, કહે છે કે એ ક્રિયા મોક્ષની કતરણી છે-કાતર. અને મહા દુઃખદાયક છે. બંધ-પદ્ધતિમાં ગણી. એક તો ક્રિયા અહિત કરનારી, મુક્તિ દેનારી નહિ. ક્રિયાની ગણના બંધ-પદ્ધતિમાં કરવામાં આવી, મહાદુઃખથી અભિન્ન છે. દુઃખથી લિપ્ત છે.

**કરનીકી ધરનીમૈં મહા મોહ રાજા બસૈ,**
**કરની અગ્યાન ભાવ રાકિસકી પુરી હૈ.**

જુઓ! અજ્ઞાન આવ્યું. દયા, દાનના વિકલ્પ છે, વૃત્તિ છે એ વિકાર છે.

**કરની અગ્યાન ભાવ રાકિસકી પુરી હૈ.**
**કરની કરમ કાયા પુગ્ગલકી પ્રતિછાયા,**

એ શુભરાગ કર્મની કાયા. આત્મકાયા નહિ. આરેરે..! સાંભળવું મુશ્કેલ પડી જાય. ઘણો ત્યાગ કર્યો હોય ને કાંઈક માન્યું હોય કે એમાંથી કાંઈક થાશે. એમાંથી ધૂળેય નહિ થાય, સાંભળને. '**કરની કરમ કાયા પુગ્ગલકી પ્રતિછાયા.**' ઠીક! એ પુદ્ગલની છાયા છે. શુભભાવ પુદ્ગલની છાયા છે. '**કરની પ્રગટ માયા મિસરીકી છુરી હૈ.**' 'માયા મિસરીકી છુરી હૈ.' સમજાણું? શું કીધું? એ ક્રિયા સાક્ષાત્ માયારૂપ મિસરી લપેટેલ છુરી છે. બનારસીદાસ છે. પ્રત્યાખ્યાન .. એમાં છે. સર્વવિશુદ્ધમાં આવે છે ને? ...

'**કરનીકી જાલમૈં ઉરઝિ રહ્યૌ ચિદાનંદ.**' ઉરઝિ એટલે એમાં અટકાઈ ગયો. '**કરનીકી વોટ ગ્યાનભાન દુતિ દુરી હૈ.**' '**ક્રિયા કી આડ જ્ઞાન-સૂર્ય કે પ્રકાશ કો છુપા દેતી હૈ.**'

**આચારજ કહૈ કરનીસૌં વિવહારી જીવ,**
**કરની સદૈવ નિહચૈ સુરુપ બુરી હૈ. ૯૭.**

લખ્યું છે, હોં! એ આવે છે ને કોણ કરે?

**પાપ કિનિ કિયૌ કૌન કરૈ કરિહૈ સુ કૌન,**
**ક્રિયાકૌ વિચાર સુપિનેકી દૌર ધૂપ હૈ. ૯૨.**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

એમાં છે બધું, હોં! પચ્ચખાણ છે ને એમાં છે.

**મૃષા મોહકી પરનતિ ફૈલી,**
**તાતૈં કરમ ચેતના મૈલી.**

એ શુભભાવ કર્મ ચેતના મેલી છે. રાડ નાખે હોં! બિચારા ઓલા કહે, પણ હવે બિચારા આટલું તો કાંઈક કરે છે તો ખરું. કરતું હોય તો હોય છે. તો શું છે? એ ધર્મ નથી. સમજાણું કાંઈ? દેખો! બનારસીદાસ કહે છે. પાઠમાં છે હોં! પાઠમાં છે.

**મૃષા મોહકી પરનતિ ફૈલી,**
**તાતૈં કરમ ચેતના મૈલી.**
**ગ્યાન હોત હમ સમજી એતી**
**જીવ સદીવ ભિન્ન પરસેતી.**

લ્યો! એનાથી તદ્દન જુદો છે.

**મૈં ત્રિકાલ કરનીસૌં ન્યારા,**
**ચિદવિલાસ પદ જગ ઉજયારા.**
**રાગ વિરોધ મોહ મમ નાંહી**
**મેરૌ અવલંબન મુજમાંહી. ૧૦૦**

લ્યો, બહુ લાંબુ ઘણું છે. પોપટભાઈ! માખણની પેટે પકડી રાખ્યું હોય ને કે આહા..! આનાથી મારું કલ્યાણ થશે. સાંભળને! એ તો રાગ છે. ભગવાન તો જ્ઞાનાનંદ સ્વરૂપ છે. એની અંતરની નિષ્ક્રિય રાગથી ભિન્ન, જ્ઞાનની પરિણતિની આનંદની દશા વિના કલ્યાણ ક્યાંય ત્રણ કાળમાં છે નહિ. સમજાણું કાંઈ? આવું સાંભળશે તો કરશે નહિ, ફલાણું નહિ કરે. કોણ કરતો હતો તે કરશે નહિ? સાંભળને! વિકલ્પને કાળે આવશે એનો વિકલ્પ. છે ક્રિયા, રાગ, અજ્ઞાન. એ '**જ્ઞાન અને અજ્ઞાનને આધારાધેયપણું નથી.**' સમજાણું કાંઈ? એમ કહે, આ તમારું આમાં ઉતરે છે ને. હવે એ તો બધું ફેલાઈ ગયું નથી આખા હિન્દુસ્તાનમાં? એ ક્યાં છાનું છે? સોનગઢમાં આમ કહેવાય છે એ બધું ફેલાઈ ગયું છે બહુ. એક જણ કહેતો હતો, જુઓ! એ શાસ્ત્રના પાઠ વાંચી કાઢીને બતાવે છે. વળી એમ કહે છે. કોઈ પણ વાત કરે છે એ શાસ્ત્રના પાઠના અર્થમાંથી કાઢીને બતાવે છે. એક જણો એમ કહેતો હતો.

મુમુક્ષુ :- શાહુજીએ કહ્યું હતું.

ઉત્તર :- શાહુજી કહેતા હતા. હા, શાહુજી કહેતા હતા. સાચી વાત. કહેતા હોય બીજા પણ કહેતા હોય. એક તો વળી જરી ઓલું કહે. આપણે શબ્દના અર્થ કરીએ ને. આગમમાંથી

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કહે છે, એ ઘરનું કહેતા નથી. પણ માણસને વાંચવું નથી, સાંભળવું નથી. જે પકડ્યું છે એ મૂકવું નથી એટલે એને કાંઈ માર્ગ હાથ આવતો નથી. કહો, કેટલી વાત કરી આમાં.

આત્મા આનંદ જ્ઞાનમૂર્તિ પ્રભુ, એ તો અંતરની જ્ઞાન ને શ્રદ્ધા ને આનંદની પરિણતિ દ્વારા જ તેનો પત્તો લાગે એવો છે. બીજી રીતે કહીએ તો શુદ્ધઉપયોગથી તેનો પત્તો લાગે. શુદ્ધઉપયોગની ક્રિયા અને આત્મા બે એક છે એમ કહે છે. સમજાણું કાંઈ? અને શુભ અને અશુભ જે ઉપયોગ વિકલ્પ છે એ બધોય પર છે, અજીવ છે, અજ્ઞાન છે. એને આધારે આત્મા નહિ અને આત્માને આધારે એ થતા નથી. ... થાતા હશે? આત્માના આધાર વિના જડમાં થતા હશે? ઓલા એમ કહે. સાંભળને હવે. એ પર્યાયના અંશમાં ઉત્પન્ન થાય એ બધું જડને આધારે જડ થાય. આત્માને આધારે થાય? આત્મા આનંદમૂર્તિ એને આધારે એ થાય? સમજાણું કાંઈ? હવે એને દાખલો આપે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. એને હવે દૃષ્ટાંત આપે છે. એ વાતને સિદ્ધ કરીને. સંવરવું એટલે? પુણ્ય-પાપના વિકલ્પો તરફ લક્ષ છોડી દેવું. એ લક્ષ છૂટ્યું એટલે સ્વભાવને લક્ષે અંદર જ્ઞાનની ક્રિયા થાય. શ્રદ્ધાની ક્રિયા, આનંદની ક્રિયા. બસ! એ ક્રિયાને સંવર કહેવામાં આવે છે. એને આધારે આત્મા. સંવરને આધારે આત્મા એમ કહે છે. ઠીક! એ સંવરને આધારે આત્મા.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- એમ જ છે ને. આ થયું ત્યારે એના ખ્યાલમાં આવ્યો ને આત્મા? ...

એક જણો કહે, પણ આ મહારાજનું સાંભળવા જઈએને આવું તો આપણે ઘરના કામના નહિ રહીએ. એક જણો એમ કહેતો હતો. મરી ગયો બિચારો. રતિલાલ ડોક્ટર. હતા ને આંખના સર્જન. પહેલા સાંભળવા આવ્યા હતા. એક જણો કહે, આ મહારાજનું સાંભળીએ, ત્રણ દિ' સાંભળ્યું ત્યાં તો જાણે કોઈના કામના રહે નહિ. દુકાન.. આ સમજશે તો દુકાન નહિ ચાલે? અને ન સમજે તો ચાલતી હશે એમ હશે? અરે..! દુકાનનું ચાલવું તો એને કારણે ચાલે છે, તારી સમજણને કારણે ચાલે છે? છેવટે રોગ થઈ ગયો એમને. કેન્સર થયું? શું થયું? યોગીરાજ પાસે ગયો હતા અને ધબ્બો મારી આવ્યા હતા. સ્વામિનારાયણના છે ને એક? ધબ્બો મારે એને રોગ મટી જાય. ધૂળેય વાત નથી. ભ્રમણા. મારી આવ્યા હતા છતાં મરી ગયા.

મુમુક્ષુ :- યોગી પોતે ક્યાં જીવવાના છે?

ઉત્તર :- એ પણ મરી જશે. ક્યાંય જશે ચાલ્યા. પ્રેમથી નહિ ગયા હોય. એમ ન કીધું?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અહીં આટલા બોલો સમજાવ્યા. એક વસ્તુની બીજી વસ્તુ નથી. વસ્તુ એટલે પુણ્ય-પાપના ભાવ, શરીર અને કર્મ એક બાજુ અને એક કોર આત્મા. એક વસ્તુની બીજી વસ્તુ નથી. અને તેથી તેને પ્રદેશભેદ છે, ક્ષેત્રભેદ છે. પુણ્ય-પાપની ઉત્પત્તિનું ક્ષેત્ર જુદું અને ભગવાન આત્માની શાંતિની ઉત્પત્તિનું ક્ષેત્ર જુદું. બેયનું ક્ષેત્ર જુદું. બેયનું સ્વરૂપ અત્યંત વિપરીતતા. બે વચ્ચે બધું વિરૂદ્ધ. કોઈને આધારે કોઈ નહિ. વ્યવહારના આધારે નિશ્ચય નહિ અને નિશ્ચયને આધારે વ્યવહાર નહિ. વ્યવહાર તે અજ્ઞાન છે અને નિશ્ચય તે જ્ઞાન છે. માટે અજ્ઞાન અને જ્ઞાનને કોઈ રીતે બે એક સ્થાપી શકાતા નથી. એક કરી શકાતા નથી. માટે તે બેય તદ્દન ભિન્ન ચીજ છે. બહુ લીધું. સમજાણું કાંઈ? હવે એનો આકાશનો દાખલો આપશે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**જેઠ વદ ૧૨, મંગળવાર તા. ૪-૦૭-૧૯૬૭**
**ગાથા-૧૮૧ થી ૧૮૩, પ્રવચન-૨૬૬**

સમયસાર, સંવર અધિકાર. ૧૮૧, ૧૮૨, ૧૮૩. એમાં બે ગાથાની ટીકા ચાલી છે. એનો દૃષ્ટાંત ઉપરથી આપે છે હવે. દૃષ્ટાંત કાંઈ એમાં નથી ગાથામાં. બે ગાથા ૧૮૧, ૧૮૨ ચાલી.

'**વળી વિશેષ સમજાવવામાં આવે છે :-**' કોને માટે? આત્મા.. એમ કહ્યું કે આત્મા જે છે એ શુદ્ધ ચૈતન્ય આનંદસ્વરૂપ છે. એને અંદર જે અંતર પામવાની ક્રિયા છે એ જ્ઞાન ને શ્રદ્ધા ને શાંતિ ને આનંદરૂપી જે દશા, એ દ્વારા એ આત્મા પ્રાપ્ત થાય. એને કોઈ બીજાનો આધાર નથી. આત્મા વસ્તુ છે એની ધર્મ પ્રાપ્તિના સમયમાં એને કોઈ રાગ કે વિકલ્પ કે શરીરનો કોઈ આધાર નથી. તેમ એ બીજી ચીજને એ આત્માનો આધાર નથી. સમજાણું કાંઈ? શુદ્ધ ચૈતન્ય વસ્તુ પોતે પરમેશ્વર સ્વરૂપ જ છે. મુક્ત સ્વરૂપ છે વસ્તુ. મુક્ત સ્વરૂપ છે એવો જે અનુભવ કરીને, આ લક્ષ કરીને અનુભવ થયો અને અનુભવને આધારે એ જણાય છે. એને કોઈ બીજો આધાર નથી. એટલે એનો જ એને આધાર છે એમ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ?

આત્માના ધર્મની પ્રાપ્તિ કહો કે આત્મપ્રાપ્તિ કહો. એ આત્માને પોતાની પ્રાપ્તિ માટે બીજા કોઈ ચીજના આધારની એને જરૂર નથી. સમજાણું કાંઈ? એ વાત સિદ્ધ કરી છે કે જ્ઞાન અને અજ્ઞાનને આધારઆધેયપણું નથી. વસ્તુ જ્યારે આત્મા જ્ઞાન, દર્શન, શાશ્વત શક્તિનું તત્ત્વ છે એ. એનો આધાર કોઈ બીજો રાગાદિ નથી. એની પરિણતિ જ એનો આધાર છે. પરિણતિ સમજાય છે? શુદ્ધ અવસ્થા. એ તો અહીં લક્ષમાં લીધું કે આ ચીજ. ત્યારે એને રાગને આધાર વિના એ સ્વતંત્ર જ્ઞાનમાં પ્રગટ થાય છે. માટે અજ્ઞાન એટલે પુણ્ય-પાપનો ભાવ, શરીર, કર્મ એ બધું અજ્ઞાન છે. અને આ બાજુ એકલી શુદ્ધ ચૈતન્ય વસ્તુ, એને પરથી ભિન્ન પાડીને, પોતામાં એકાગ્ર થઈને જ્યારે જાણ્યું ત્યારે એને જાણવામાં જાણવાની દશા તે આધાર થઈ, વસ્તુ તેનું આધેય. એમાં જણાણી માટે. એના જણાવામાં દયા, દાન, વ્રત, કે રાગની મંદતા કે કોઈ શરીર કે કોઈ કામના એને છે નહિ. કારણ કે એ અજ્ઞાન છે. જ્ઞાનની દશાને પામવામાં, દશાને પ્રાપ્ત થવામાં, દશાવાનને મેળવવામાં અજ્ઞાનનો કોઈ આધાર છે નહિ. કહો, સમજાણું આમાં? એનો આ દાખલો આપે છે-આકાશનો.

જગતમાં મોટામાં મોટો પદાર્થ એ ખ્યાલમાં લેવા માટે કરીને આત્મા ઉપર ઉતારે છે.

કારણ કે આકાશને કોઈ બીજો આધાર નથી. આકાશ ક્યાં રહ્યું? કોને આધારે? એવો બુદ્ધિમાં કોઈ આવી શકે નહિ. આકાશ... આકાશ ને આકાશ. બીજા તત્ત્વો આ ધર્માસ્તિ આદિ કહો તો એમ પણ કહેવાય કે ભાઈ ધર્માસ્તિ, આકાશ વ્યવહારે હોં! આ તો એને વ્યવહાર પણ લાગુ પડતો નથી. એમ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ?

'**વિશેષ સમજાવવામાં આવે છે :- જ્યારે એક જ આકાશને...**' આકાશ છે ને સર્વવ્યાપક? એને પોતાની બુદ્ધિમાં સ્થાપીને. પોતાના જ્ઞાનમાં એનો ખ્યાલ કરવો કે આ આકાશ સર્વવ્યાપક એક વસ્તુ છે. જેના ક્ષેત્રની આદિ નથી અને જેના ક્ષેત્રનો અંત નથી. જ્યાંથી જુઓ ત્યાં આદિ વિનાનું જ ક્ષેત્ર છે. ક્યાંથી આકાશ શરૂ થયો? ક્ષેત્રથી આમ અનાદિ એટલે છે... છે.. અને છે. ક્ષેત્રથી આમ છે... છે... છે... ક્ષેત્રથી આમ છે. ... બીજાઓ. છે, છે, છે. એનાથી કોઈ બીજો પદાર્થ મોટો નથી કે એને માટે આધાર જોઈએ. જુઓ! એ દૃષ્ટાંત આકાશનું. દૃષ્ટાંતમાં પણ મહાનતા છે. ઈ એમ ને એમ નથી.

આમ એને લક્ષમાં લે કે આકાશ. શ્રેણી હોય છે આકાશના પ્રદેશની અનંત. આમ અનંત, આમ અનંત. એ ક્યાંથી શરૂ થઈ? હેઠેથી? ક્યે હેઠેથી? ક્યાંથી આમ શરૂ થઈ? અને ક્યાં આમ ગઈ? ક્યાંથી આમ શરૂ થઈ અને ક્યાં આમ ગઈ? જુઓ તો ખરા. આહાહા..! આકાશ છે એ નીચેથી ક્યાંકથી શરૂ થાતું હશે કે નહિ? આહાહા..! જુઓને! એક આકાશનું દૃષ્ટાંત આપીને શું કહેવા માગે છે? આકાશ આમ જુઓ. અહીં એના પ્રદેશ છે આમ આકાશના. પણ એ પ્રદેશ ક્યાંથી શરૂ થયા નીચેથી? અહીં પ્રદેશ છે આકાશના પણ ક્યાંથી શરૂ થયા? અહીંથી ક્યાં અંત આવ્યો અને અહીંથી આમ ક્યાં અંત આવ્યો? અહીં પ્રદેશ છે એને અહીંથી ક્યાં શરૂ થયા અને આમ ક્યાં અંત આવ્યો? સમજાણું કાંઈ?

'**એક જ આકાશને પોતાની બુદ્ધિમાં સ્થાપીને...**' જ્ઞાનમાં એ લક્ષમાં લઈને આકાશ નામના પદાર્થને '**આધારાધેયભાવ વિચારવામાં આવે...**' કે એનો આધાર કોણ અને એમાં રહ્યું શું? '**ત્યારે આકાશને બાકીનાં અન્ય દ્રવ્યોમાં આરોપવાનો નિરોધ જ હોવાથી...**' આકાશ બીજા દ્રવ્યમાં છે એમ ત્યાં છે નહિ. એવો આરોપ પણ નથી એમ કહે છે. સમજાણું કાંઈ? '**આકાશને બાકીનાં અન્ય દ્રવ્યોમાં આરોપવાનો નિરોધ જ હોવાથી...**' વસ્તુ તો વસ્તુ છે પણ એને આ આધારે એક બીજો કોઈ વ્યવહાર આધાર, હોં! એવો પણ એને કોઈ છે નહિ. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એમાં તપેલું છે એમાં છે એ નહિ. આ ધર્માસ્તિ આકાશમાં છે એમાં.. પણ આકાશ શેમાં છે? એમ કહે છે. એ તપેલું તો ક્યાંય રહી ગયું એક કોર. આ અનાદિ છે

ને? આ અનાદિ છે ને તત્ત્વો? ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ. અનાદિના જે છે એ ધર્માસ્તિને તો આકાશનું અવગાહન કહી શકાય. છે ભલે અનાદિ. આવીને રહ્યું એમ નહિ. સમજાણું? કે આકાશ હતો અને પછી ધર્માસ્તિ આવીને એમાં રહ્યું. એમ નથી. પણ છતાં અનાદિથી આકાશ આધાર છે અને ધર્માસ્તિ રહેનાર. એવો આરોપ વ્યવહારથી છે. તત્ત્વ જ હજી.. સમજાણું કાંઈ? આહાહા..!

'**ત્યારે આકાશને બાકીનાં અન્ય દ્રવ્યોમાં આરોપવાનો નિરોધ જ હોવાથી...**' લ્યો ઠીક! સંવર અધિકાર છે ને? અહીં તો બીજામાં આરોપનો પણ નિરોધ છે. ઓલા દ્રવ્યને. ભાષા જુઓ! '**(અર્થાત્ અન્ય દ્રવ્યોમાં સ્થાપવાનું અશક્ય જ હોવાથી)...**' બીજા દ્રવ્યમાં છે એવો આરોપ પણ અશક્ય છે. એમાં છે નહિ. શું કહે છે આ? સમજાણું કાંઈ? '**બુદ્ધિમાં ભિન્ન આધારની અપેક્ષા...**' બુદ્ધિમાં એનો કોઈ બીજો આધાર વ્યવહારે હોં! એવી અપેક્ષા આવતી નથી. '**પ્રભવતી નથી...**' એટલે એવી અપેક્ષા લક્ષમાં કોઈ હોઈ શકે જ નહિ. આકાશને કોઈ આધાર છે વ્યવહારે પણ એવું લક્ષમાં બિલકુલ આવી શકે નહિ. આકાશ... આકાશ... સમજાણું?

'**પ્રભવતી નથી...**'ની વ્યાખ્યા કરી. '**(ફાવી શકતી નથી,...)**' એટલે હોઈ શકતી જ નથી ખરેખર. આરોપપણું એમાં આવી શકતું જ નથી. '**અને તે નહિ પ્રભવતાં,...**' આકાશ પદાર્થને બીજા પદાર્થનો આરોપ પણ નહિ હોવાથી જ્ઞાનમાં પોતે વિચાર કરે તો '**એક આકાશ જ એક આકાશમાં જ પ્રતિષ્ઠિત છે.**' એક આકાશ જ એ આકાશમાં, આકાશ આકાશમાં છે. થઈ રહ્યું જાવ. આહાહા..! દૃષ્ટાંતમાં પણ મહા ગંભીરતા (છે).

આકાશ નામનો પદાર્થ સર્વવ્યાપક સિદ્ધ કરે છે. અને સર્વવ્યાપક છે એને સર્વવ્યાપકને બીજું બીજામાં વ્યાપે એ શું હોય? વ્યવહાર પણ એને લાગુ પડતો નથી. જ્ઞાન પોતે વિચારે જરી, આ આકાશ નામનો પદાર્થ શેમાં છે? આકાશ આકાશમાં છે. સર્વવ્યાપક સર્વવ્યાપકમાં છે. જ્યાં આદિ નથી, આમ અંત નથી. જ્યાં જ્યાં છે ત્યાં તે આકાશ તેને આધારે છે. એનો બીજો કોઈ આધારઆધેય છે નહિ. ઓહોહો..! સમજાણું કાંઈ? એવો અચિંત્ય ભગવાન આત્મા એની સાથે મેળવે છે.

એવા આકાશ નામના પદાર્થને તું ખ્યાલમાં લે તો તને એમ આવશે એ આકાશ કોઈને આધારે છે એવું તને નહિ ખ્યાલ આવે. કારણ કે બીજી ચીજ જ એવડી કોઈ મોટી છે નહિ. મોટી નથી અને એવી વ્યાપક નથી એવડી. તો હવે એવડી વ્યાપક જેને આદિ-અંત વિનાનું વ્યાપક. એને કોઈમાં જ્ઞાન જ વિચારે તો એને બેસશે કે એનો કોઈ આધાર નથી. આહાહા..!

મુમુક્ષુ :- થાંભલા કાંઈ હોય?

ઉત્તર :- થાંભલા હોય વચ્ચે? આ તો કોઈ એમ કહે કે આકાશ બધે આમ એને ક્યાંક.. ક્યાંક... ક્યાંક... શરૂઆત ક્યાંકથી થાય ત્યાં કાંઈક આધાર હશે? ક્યાં શરૂઆત જ ક્યાં છે એને બધી આદિ અંત વિના એમ ને એમ અનંત છે એમની એમ પડી છે. આહાહા..! ગજબ વાત છે! સર્વજ્ઞ સિવાય (આ વાત ક્યાંય નથી). આ વસ્તુ છે હોં એ સમજો.

મુમુક્ષુઃ- અમાપ વસ્તુ.

ઉત્તર :- એ વસ્તુ છે એવી વ્યાપક. સર્વવ્યાપક સર્વદેશી. લ્યો વળી સર્વદેશી આવ્યું. સર્વદેશી ઉપયોગ છે એમ કહેતા હતાને ઓલા. મોક્ષમાર્ગ નેતારં. શ્રીમદ્‌ને સર્વદેશી ઉપયોગ છે. સર્વદેશી એટલે શું? કે કેવળજ્ઞાન.

મુમુક્ષુ :- સર્વદેશી કહે એટલે લોકોને કાંઈ.. કેવળજ્ઞાની કહે તો વાંધો.

ઉત્તર :- એને સમજાય એવું. સર્વદેશી એટલે આમ ઓઘે ઓઘે વાત કરે. સર્વદેશી એટલે શું? કેવળજ્ઞાન હતું? કહે હા. અરિહંત હતા? કહે હા. મોક્ષ ગયા? તો કહે હા. અમે તો માનીએ છીએ. અમે આગ્રહ નથી કરતા. વાત બોલવી કઠણ. વિચાર કરવો જોઈને કાંઈ મધ્યસ્થથી. ઓલામાં લખ્યું છે ને 'ધન્ય રે દિવસ આ અહો.' એ વખતે તો હજી કંઠી તોડી નહોતી, જગતકર્તાની શ્રદ્ધા હતી. તેર વર્ષની વયે લખ્યું નથી? તેર વર્ષમાં લખ્યું છે કે આ મારી તેર વર્ષની વયનું. એ વખતે તો હજી દસ વર્ષે તો કંઠી બાંધી હતી, જગતકર્તાની શ્રદ્ધા હતી. છતાં ત્યાં એમ લાગ્યું કે દસ વર્ષે રે.. મટ્યો પછી. 'ધન્ય રે દિવસ આ હો જાગી અપૂર્વ શાંતિ.' એમ કાંઈક શબ્દ છે. હવે અહીં તો મિથ્યાત્વ છે, જગતકર્તા (માને છે). મગજને કામ કરવું જોઈએ કે નહિ? અને પછી લખે છે કે મારી .. તેર વર્ષ સુધી કંઠી બાંધી હતી. મારી જગતકર્તાની શ્રદ્ધા હતી. પછી આ પ્રતિમા નહોતા માનતા એની સાથે મારે પનારો હતો. એમ આવે છે ને? એ વળી જગતકર્તાની શ્રદ્ધા ગૃહિત મિથ્યાત્વની. ત્યારે વળી કોઈ અપૂર્વ શાંતિ શું અને એ મટ્યું પછી લીધું. દસ વર્ષે ધારા ઉલ્લસી. 'ધન્ય રે દિવસ આ અહો! જાગી રે શાંતિ અપૂર્વ રે..' 'દસ વર્ષે ધારા ઉલ્લસી, મટ્યો ઉદય કર્મનો ગર્વ.' વાત તો એમ છે કે એનો કોઈ ખ્યાલ કોઈ આવી ગયો હોય પૂર્વનો કોઈ સ્મરણનો વિશેષ. સમજ્યાને? એમાં કંઈ લાગ્યું કે.. ઓહો..! પૂર્વના ભવનો કોઈ ખ્યાલ આવતા એકદમ વિસ્મય લાગી ગયો હોય. એટલી વાત. બાકી તો આમ જગતકર્તા ને બધી શ્રદ્ધા હતી. એય..! દેવાનુપ્રિયા!

અહીં તો જુઓ! વિચાર એવો હોવો જોઈએ કે જેમાં તર્ક કામ ન કરે. આમાં શું તર્ક કરે? લ્યો. આકાશ સર્વવ્યાપકને આધાર? કર તર્ક. જ્ઞાનમાં કર તર્ક, એમ કહે છે. જ્ઞાનમાં સ્થાપને એમ કહે છે. તને એમ જ થશે કે આકાશ.. ભાવને લક્ષમાં લઈને, હોં! આકાશ

નામનો એક પદાર્થ છે. આકાશ નામનો એક પદાર્થ છે, એની અસ્તિ હોવાપણાનું જ્ઞાનમાં લક્ષ લઈને એને આધાર કોણ? એનો આધાર એ અને આધેય એ. જુઓ! છે ને?

'**એક આકાશ જ એક આકાશમાં જ પ્રતિષ્ઠિત છે**' લ્યો. આકાશ એક આકાશમાં જ પ્રતિષ્ઠિત છે. એટલો ભેદ. આકાશ જ એક આકાશમાં જ પ્રતિષ્ઠિત છે. '**એક આકાશ જ એક આકાશમાં જ પ્રતિષ્ઠિત છે એમ બરાબર સમજી જવાય છે અને તેથી એવું સમજી જનારને પર-આધારાધેયપણું ભાસતું નથી.**' આવું જ્ઞાન એને ખ્યાલમાં આવતા એ પદાર્થનું એને બીજો કોઈ આધાર બિલકુલ ન હોય. ઓહોહો..! દાખલો પણ અમૃતચંદ્રાચાર્યે...!

'**એવી રીતે...**' લ્યો. એ દૃષ્ટાંત થયો. '**જ્યારે એક જ જ્ઞાનને...**' એક જ આત્મ વસ્તુને. એમ. એક જ જ્ઞાન એટલે ચૈતન્ય વસ્તુને '**પોતાની બુદ્ધિમાં...**' એટલે જ્ઞાનમાં વર્તમાનમાં વિચારમાં સ્થાપીને '**(જ્ઞાનનો) આધારાધેયભાવ વિચારવામાં આવે...**' એ ચેતન વસ્તુ જ્ઞાનમય, એને જ્ઞાનમાં વિચારમાં આવતા એનો આધારાધેયભાવ વિચારે કે આવી જે વસ્તુ છે, જ્ઞાન વસ્તુ છે, જાણક સ્વભાવ છે એનો આધારાધેય કોણ? કહો, સમજાણું?

'**જ્ઞાનને બાકીનાં અન્ય દ્રવ્યોમાં આરોપવાનો નિરોધ જ હોવાથી...**' એ જ્ઞાનને બાકીના અન્ય. એટલે વિકલ્પ દયા, દાનના વિકલ્પથી માંડીને કર્મ, શરીર આદિ બધો એનો આધાર અને આધેય એવો આરોપવાનો વ્યવહાર કરવાનો પણ એમાં નિરોધ છે. '**જ્ઞાનને પોતાની બુદ્ધિમાં સ્થાપીને (જ્ઞાનનો) આધારાધેયભાવ વિચારવામાં આવે ત્યારે જ્ઞાનને...**' એટલે આત્મવસ્તુને. વસ્તુને. વસ્તુ છે તે જ્ઞાનની મૂર્તિ ચૈતન્ય પુંજને '**બાકીનાં અન્ય દ્રવ્યોમાં...**' એના સિવાય અનેરા વિકલ્પ રાગ શરીર, કર્મ આદિ કોઈ પદાર્થ એ જ્ઞાનને '**અન્ય દ્રવ્યોમાં આરોપવાનો નિરોધ...**' છે. સમજાય છે? કે આમાં વ્યવહારે છે. રાગમાં વ્યવહારે છે. પણ જ્ઞાનનો રાગમાં વ્યવહાર એટલે શું? સમજાણું કાંઈ? ચીમનભાઈ! બહુ ઝીણું ઝીણું છે આ.

વસ્તુ આમ અસ્તિ સિદ્ધ કરવી છે ને આમ. ઓલી આકાશ અસ્તિ કરી. તેના જ્ઞાનમાં બીજાનો આધાર આધેય સંભવતો નથી. ત્યાં એને વિકલ્પ છે. અને વિકલ્પથી એણે આવો કે એને કોઈ આધાર આધેય હોઈ શકે નહિ. અહીં જ્યારે જ્ઞાનમાં વિચાર કરવા માંગે છે કે '**આધારાધેયભાવ વિચારવામાં આવે ત્યારે જ્ઞાનને બાકીનાં અન્ય દ્રવ્યોમાં આરોપવાનો નિરોધ જ હોવાથી...**' જ્ઞાનવસ્તુ પરને આધારે છે કે રાગને આધારે છે અને એવો વ્યવહાર પણ કરવામાં આવતો નથી એમ કહે છે અહીં તો. સમજાણું કાંઈ? વસ્તુનું અસ્તિત્વ જે ચૈતન્ય અસ્તિ જ્ઞાયકભાવનું હોવાપણું જે વસ્તુ છે, એ વસ્તુને અન્ય

કર્મને લઈને, શરીરને લઈને કે રાગને લઈને હતી કે છે એ બુદ્ધિમાં આવતું નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આત્માની પરિણતિને આધારે આત્મા જણાય છે. અહીં તો ઈ પરિણતિ પણ જ્ઞાન અને એ પણ જ્ઞાન અભેદ છે એમ કહેવું છે. જ્ઞાની તો ક્યાંય રહી ગયા એનામાં. સમજાણું કાંઈ? આહાહા..! અલૌકિક! કીધું ને ટીકા પણ કેટલી અલૌકિક અને દાખલો પણ કેટલો અલૌકિક!

કહે છે કે ભગવાન આત્મા અહીં હોવાપણાના... જ્ઞાનસ્વરૂપ એટલે આત્મા, એના હોવાપણાના વિચારથી વિચારો તો, એના હોવાપણાનો આધારાધેય વિચારો તો એના આધાર માટે કોઈ બીજો આરોપવામાં આવે એ કોઈ ચીજ જ નથી. પોતે જ જ્ઞાનસ્વરૂપ છે, બીજું તો અજ્ઞાન છે બધું. સમજાણું કાંઈ? '**આધારાધેયભાવ વિચારવામાં આવે ત્યારે જ્ઞાનને બાકીનાં અન્ય દ્રવ્યોમાં આરોપવાનો નિરોધ જ હોવાથી...**' નિરોધ જ હોવાથી '**બુદ્ધિમાં ભિન્ન આધારની અપેક્ષા પ્રભવતી નથી;...**' જ્ઞાનમાં બીજાને આધારે આ છે એવું ઉત્પન્ન થતું નથી. એવો ભાવ જ જેમાં ઉત્પન્ન થતો નથી. આહાહા..!

મુમુક્ષુ :- એથી કહ્યું જ્ઞાન જ્ઞાનને આધારે છે.

ઉત્તર :- એ પોતે પોતાને જ આધારે છે. બસ! એને કોઈ આધાર નથી. વ્યવહારનો આધાર નથી. આહાહા..! સમજાણું કાંઈ?

આ વસ્તુ છે. જેમ ઓલો આકાશ નામનો પદાર્થ છે અસ્તિ સર્વ વ્યાપક ક્ષેત્રથી. દાખલો આધારાધેયનો લેવો છે એટલે એમ આવે. એમ ભગવાન આત્મા સર્વજ્ઞસ્વભાવ સ્વરૂપ પિંડ છે. સર્વ એટલે જ્ઞાન સર્વને જાણે એવો એક સર્વજ્ઞસ્વભાવ વસ્તુ. હવે એ વસ્તુને બુદ્ધિથી વિચારો તો એ વસ્તુના હોવાપણામાં એને આધાર કોણ? પોતાની પરિણતિ જ્ઞાનસ્વરૂપ અને પોતે જ્ઞાન. એ જ આધારાધેય છે. બીજો આધારાધેય એને હોતો નથી. આહાહા..! સમજાણું કાંઈ? ભારે ભાઈ વાત એવી ને. લોકોને અંદરમાં આવું અસ્તિત્વ છે, આવા હોવાપણાવાળો પદાર્થ એ પ્રભુ પોતે પ્રભુ છે. એ પ્રભુને બીજાનો આધાર છે એમ છે નહિ. એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

એક વિકલ્પ આવ્યો ને. વિકલ્પ આવ્યો કે આ ગુણી ગુણ છે. આ ગુણી આવો અને એમાં આવા ગુણ છે, લ્યો. સમજાય છે? એ પણ ભેદવાળી વાત થઈ. પણ આખી વસ્તુ કોને આધારે? એમ કહે છે અહીં તો. ભાઈ! ઓલું નથી કહેવું. આહાહા..! જોકે આ ગુણી વસ્તુ આત્મા જેમ ત્રિકાળી શાશ્વત, એમ એનો જ્ઞાન આનંદ પણ કાયમી શાશ્વત. એ પણ ભેદરૂપ વિકલ્પ એનું અહીં કામ નથી. અહીં તો વસ્તુ પોતે છે, વસ્તુ પોતે છે એ વસ્તુને

વર્તમાન જ્ઞાનની દશાથી વિચાર કરતાં એને માટે આધાર કોણ? અને શેમાં રહી છે એ? આકાશને આધાર આકાશનો. આકાશ આકાશમાં છે. એમ જ્ઞાનમાં આત્માને વિચારતાં જ્ઞાન પોતે, એને આધાર કોઈ વ્યવહારે છે એમ છે નહિ. જ્ઞાન જ્ઞાનને આધારે, આત્મા આત્માને આધારે. ઓહોહો..! ... સમજાણું?

એના કોઈ દ્રવ્ય, ગુણ કે પર્યાય ત્રણે આખી એક વસ્તુ. એ વસ્તુને કહે છે કે આ જ્ઞાનસ્વરૂપ છે, આ ભાવસ્વરૂપ. ઓલી ક્ષેત્રસ્વરૂપની વ્યાખ્યા હતી. એને કોઈ આધારાધેય નથી. આ ભાવસ્વરૂપ વસ્તુ જ્ઞાનસ્વરૂપ ચૈતન્યબિંબ ચૈતન્યસૂર્ય એવો આત્મા. એટલે ચૈતન્ય સૂર્ય આત્મા એને લક્ષમાં, જ્ઞાનમાં લેતાં એ ચૈતન્યસૂર્યને બીજા દ્રવ્યમાં એવું જ્ઞાન બીજામાં છે? આ વસ્તુ બીજામાં છે? આવી ચીજ બીજામાં છે? આ ચીજ બીજામાં છે? એમ નથી. પ્રવિણભાઈ! બહુ ઝીણું. વસ્તુનો સ્વભાવ સિદ્ધ કરે છે. અને એમ છે.

ભગવાન આત્મા નિર્વિકલ્પ નિરાલંબી તત્ત્વ એને પોતાની પરિણતિથી ત્યાં જ્ઞાન જ્ઞાનની ક્રિયા જ્ઞાનને આધારે છે. જ્ઞાનની ક્રિયા એ જ્ઞાનને એની ક્રિયાને આધાર જ્ઞાનનો છે અથવા જ્ઞાન એને આધારે છે. એ બધું એકનું એક છે એમ કહે છે અહીં તો. સમજાણું કાંઈ? જાણનક્રિયા એ આત્મા છે અને વસ્તુ ત્રિકાળી આત્મા છે એમ કહે છે. જાણનક્રિયા એ આત્મા અને વસ્તુ પણ આત્મા. સંવર જે દશા થઈ એ આત્મા છે એમ કહે છે. સ્વભાવને લક્ષે થઈ પરિણતિ. એ પરિણતિ આત્મા છે અને વસ્તુ પણ આત્મા છે. બેય એક જ છે. બેય જુદા નથી. એટલે એને આ કીધું જાણનક્રિયાના આધારે એમ સમજાવ્યું. સમજાણું? પણ વસ્તુ તો એની એ છે. એમ આને કોઈ આધાર બીજાનો છે, રાગનો કે શરીરનો ક્યાંય જ્યાં રહ્યું ત્યાં ક્ષેત્રનો આધાર નથી તેમ કોઈ બીજા ભાવનો આધાર નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- સંવર અધિકાર છે ને?

ઉત્તર :- હા. સંવર અધિકાર છે.

મુમુક્ષુ :- સંવરની વાત નથી કરતા, આ તો જ્ઞાનની વાત કરે છે.

ઉત્તર :- શેની વાત ચાલે છે આ? એ સંવરક્રિયા જ્ઞાનની પરિણતિ છે, એ જ્ઞાનસ્વરૂપ આત્મા જ છે એમ કહે છે. એ આત્મા છે તે તે પોતાને આધારે છે. એ આત્મા આત્માને આધારે છે. આત્મા પરને આધારે નથી. કોઈપણ વિકલ્પ, કોઈપણ નિમિત્ત, કોઈપણ સંયોગને આધારે એ વસ્તુ છે જ નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

કહ્યું છે ને અનુભવ પ્રકાશમાં, નહિ? માછલીનો દાખલો નથી કહ્યો? મચ્છ. ભાઈ! મને આત્મા બતાવો. એ ચેતના બતાવો ચેતન. જા ભાઈ બીજા પાસે. બીજો બતાવે છે. બીજો કહે કે જા બતાવે મચ્છ પાસે. મચ્છ પાસે ગયો ઓલો. ભાઈ! મને ચેતન બતાવો, ચેતન.

તો કહે, ભાઈ સાહેબ તમે હુશિયાર માણસ લાગો છો. તમે બહુ દૂરથી આવ્યા અહીં શોધવા. શોધક લાગો છો. તમે હુશિયાર છો તો મારે એક પાણી જોઈએ છે થોડું. તમે મારું કામ કરો તો તમારું કરી દઉં. પાણી જોઈએ છે થોડું, તૃષા બહુ લાગી છે. મારું કામ કરી દ્યો. હુશિયાર માણસ છો તમે લાવો. હુશિયાર લાગો છો હોં! એમ લખ્યું છે, ભાઈ! નહિ એમાં? તમે અહીં સુધી આવ્યા, ગોતવા આવ્યા, ઠેકાણા વિનાના હુશિયાર છો એમ કહે છે. હુશિયાર લાગો છો. શોધવા નીકળ્યા. જ્યાં છે ત્યાંની ખબર નથી. જરા પાણી લાવોને. કહે, પાણીનું શું પૂછો છો, આમ નજર કરોને. આમ કરોને. આમ જોયા કરો છો આકાશ સામું. આમ જુઆને પાણી જ છે. તમે ડાહ્યા છો તો મને સમજાવો છો આ? તમે નથી જાણતા કે આ જ્ઞાનસ્વરૂપ તે આ જ હું છું અંદર. આમ જુઓને. આમ જુઓ છો તો આમ જુઓને. તમે જ્ઞાનસમુદ્રથી ભર્યા જ છો. જેમ ઓલો પાણીમાં જ મચ્છ છે. સમજાણું કાંઈ? એમ ચેતન સ્વભાવથી જ ભરેલો છો. આમ તો જો. આમ જોવા માંડે છે આમ.. આમ.. કર્યા કરે છે. જ્ઞાનની જે પર્યાય બીજાને જાણે છે એ જાણનારને જાણવા જાને. આમ જાણવા જા છો રાગ ને પુણ્ય ને દયા ને શરીર ને. જાણનારનો જે વેપાર છે એ જાણનારનો વેપાર જેનો છે એને જોને. આખું અસ્તિત્વ છે આખું. એમ! ઓય મારું. ભૂલ્યા ભાઈ. મચ્છ કહે, ઠીક. સમજાણું કાંઈ? અલૌકિક વાત છે વીતરાગ માર્ગની! એવી કોઈ વસ્તુ છે. ત્રણ કાળમાં ક્યાંય આ રીતનો આવો દાખલો પણ હોય નહિ બીજી રીતે. આહાહા..! શું કહે છે એ?

કહે છે, ભગવાન આત્મા ચિદાનંદ વસ્તુ, એને અંતરલક્ષ કરતાં જે પરિણતિ ઊભી થાય તેને તમે આધાર કહો. પણ એ તો આત્મા જ આધાર અને આત્મા આધેય થયો એમ. એ સંવરને પણ અહીં આત્મા કીધો. ભાઈ! સમજાણું કાંઈ? સંવર દશા એટલે શુદ્ધ દશા. રાગ ને પુણ્યથી આમ જે લક્ષ હતું એ આમ લક્ષ કરીને જે દશા થઈ એ દશા જાણનક્રિયા એ આત્મા જ છે. એ સંવરની દશા અહીંયાં આત્મા એને સિદ્ધ કરવો છે, હોં! પાછું ઓલી સંવરની પર્યાય ભિન્ન છે એમ અત્યારે સિદ્ધ નથી કરવું. એય..! નહિતર સંવર નિર્જરા, મોક્ષ આત્મા નથી એમ કહ્યું છે એક ઠેકાણે. નવ તત્ત્વ નહિ. એ પર્યાયનો એક અંશ જુદો પડે એમ નહિ. અહીં તો કહે છે, આમ કરીને જે પરિણતિ ઉભી થઈ એ જ પોતે આત્મા છે. વસ્તુ પણ આત્મા જ છે. સમજાણું કાંઈ?

જ્ઞાન એટલે વસ્તુ ભગવાન ચૈતન્યબિંબને, ચૈતન્ય ધ્રુવ શાશ્વત સત્ત્વને '**બાકીનાં અન્ય દ્રવ્યોમાં આરોપવાનો નિરોધ જ હોવાથી બુદ્ધિમાં ભિન્ન આધારની અપેક્ષા પ્રભવતી નથી;...**' હોય ક્યાંથી પણ બીજી ક્યાંથી હોય? સમજાણું કાંઈ? '**અને તે નહિ પ્રભવતાં,**

**એક જ્ઞાન જ એક જ્ઞાનમાં જ પ્રતિષ્ઠિત છે...**' લ્યો! એ આત્મા આત્મામાં જ પ્રતિષ્ઠિત છે એમ કહેવું છે. જ્ઞાન એટલે આત્મા આખો. સમજાણું કાંઈ? એ પરમેશ્વર પરમેશ્વરને જ આધારે છે એમ કહે છે. એ પરમ સ્વરૂપ આખું શુદ્ધ પરિણતિને આધારે જણાણો એ પોતે આધાર અને આધેય અંદરમાં કહો, પણ એ બેય આત્મા જ છે. એને અન્ય આધારની... અન્ય શબ્દ છે ને? ભાઈ! આ પરિણતિ છે તો એ છે. શુદ્ધ પરિણતિ છે એ તો એ અને એની એ છે. બીજો આધારાધેય એને માટે કોઈ કલ્પો કે આ વસ્તુ આમ, એ છે જ નહિ. સમજાણું કાંઈ?

'**એક જ્ઞાન જ એક જ્ઞાનમાં જ પ્રતિષ્ઠિત છે...**' એટલે જ્ઞાન જ્ઞાનમાં જ રહેલું છે. ત્યાં ને ત્યાં છે. જ્યાં છે ત્યાં તે છે. એના સિવાયનો કોઈ ભાવ કે કોઈ ક્ષેત્ર એને આધારે આ વસ્તુ છે એમ છે નહિ. ઓહોહો..! કહો, ન્યાલચંદભાઈ! સમજાય છે આમાં? ભારે ઝીણું. સાંભળવા મળવું મુશ્કેલ. કઈ રીતની વસ્તુ છે. સર્વજ્ઞથી સિદ્ધ થયેલી અનુભવમાં સિદ્ધ થવાને યોગ્ય છે. આ રીતે યોગ્ય છે, કહે છે. બીજી ચીજ યોગ્ય છે નહિ એમ કહે છે. સમજાણું કાંઈ?

એ વસ્તુ પોતાના જ્ઞાનની પર્યાયથી પરિણતિથી જે જણાણી એ તો બેય આત્મા જ છે. આત્મા જ છે. આત્માથી આત્મા છે. જ્ઞાનથી જ્ઞાન છે. એ રાગથી અને નિમિત્તથી અને સંયોગથી વસ્તુ છે જ નહિ. આહાહા..! સમજાણું કાંઈ? હો, વચ્ચે વ્યવહાર આદિથી વાતું પણ આવે શાસ્ત્રમાં ઘણી. વ્યવહાર સાધન ને વ્યવહાર હેતુ ને વ્યવહાર કારણ ને. આવે ને ભારે આવે વાત. અહીં ફૂ કરીને ઉડાડી દીધું, ભાઈ! ઓલા તકરાર કરે છે ને? સાધન છે, સાધ્ય છે, ફલાણું છે, ઢીંકણું છે. બધુંય છે. સાંભળને હવે. એ તો બધી વ્યવહારની વાતું છે. વસ્તુ હતી વિકલ્પ એનું જ્ઞાન કરાવે છે. વસ્તુને અંદર કોઈ પર સાધન કે પરનો આશ્રય, ત્યારે આ વાત સિદ્ધ થાય પરિણતિ કે વસ્તુ, એમ છે નહિ.

'**એક જ્ઞાન જ એક જ્ઞાનમાં જ પ્રતિષ્ઠિત છે...**' ભગવાન આત્મા પોતાના સ્વરૂપમાં જે રીતે છે ત્યાં જ છે એમ ને એમ. પરિણતિ અને વસ્તુ બધી એકની એક છે, એમ કહે છે. '**એમ બરાબર સમજી જવાય છે...**' એમ બરાબર જ્ઞાનમાં જાણવામાં, સમજવામાં આવી જાય છે. સમજાણું? '**અને તેથી એવું સમજી જનારને...**' તેથી આ રીતે જાણનારને '**પર-આધારાધેયપણું ભાસતું નથી.**' કહો, સમજાણું? કે આ કાંઈક રાગ હતો અને આ થઈ પરિણતિ અને પરિણતિને કાંઈક મદદ મળી એમ ભાસતું જ નથી. સમજાણું કાંઈ? '**એવું સમજી જનારને પર-આધારાધેયપણું ભાસતું નથી. માટે જ્ઞાન જ જ્ઞાનમાં જ છે,...**' માટે જ્ઞાનસ્વરૂપ ભગવાન ચૈતન્યસૂર્ય એ ચૈતન્યસૂર્ય ચૈતન્યસૂર્યમાં જ છે. કહો,

સમયસાર આ. આત્મા આત્મામાં જ છે.

મુમુક્ષુ :- જ્ઞાનનો આધાર...

ઉત્તર :- શું સમજ્યા નહિ? આધાર-આધાર આત્મા. એ આત્મા. જ્ઞાન કહો કે આત્મા કહો. આત્માનો આધાર આત્મા જ છે. આત્માનો આધાર રાગાદિ નથી. જ્ઞાન કહો કે આત્મા કહો અહીંયાં. ભાષા ગુજરાતી છે.

આત્મા... અહીં તો જ્ઞાનસ્વરૂપ એટલે આત્મા. એ આત્માને જાણાણું જ્યારે સ્વરૂપની પરિણતિ ત્યારે એ પરિણતિ આધાર અને એ વસ્તુ આધેય એ ભલે કહો. સમજાય છે? પણ એ બે વસ્તુ તો આત્મા જ છે, બેય વસ્તુ જ્ઞાન જ છે. જ્ઞાન અને વસ્તુને કોઈ વિકલ્પનો કે વ્યવહારનો આધાર હતો, અજ્ઞાનનો આધાર હતો તો જ્ઞાન થયું અને જ્ઞાન છે એમ નથી. અજ્ઞાન એટલે રાગાદિ જે પરવસ્તુ, પરદ્રવ્ય હતું તો આ દ્રવ્ય સાબિત ખ્યાલમાં આવ્યું છે એમ નથી. એમ કહે છે. સમજાણું કાંઈ? બધી માથે વાત કર્યા પછી તો આ દાખલો આપે છે. રાગમાં ઉપયોગ નથી, કર્મમાં ઉપયોગ નથી. ઉપયોગમાં ઉપયોગ છે. ઉપયોગમાં ક્રોધાદિ નહિ. ક્રોધાદિમાં ઉપયોગ નહિ. ભગવાન આત્મા પોતાના ઉપયોગરૂપી પરિણતિમાં આત્મા છે. ત્યાં આત્મા છે. એ આત્મા છે. રાગ અને વિકલ્પ છે ત્યાં આત્મા નથી અને એમાં આત્મા નથી અને એ આત્મામાં નથી. આહાહા..! સમજાણું કાંઈ?

'**માટે જ્ઞાન જ જ્ઞાનમાં જ છે,...**' ઓહોહો..! એણે આટલું કાંઈ પહેલું જાણ્યું, આટલું કાંઈક કર્યું ને એટલે એને લઈને આ સમજાણું એમ કહે છે. ના ના એવું કાંઈ છે જ નહિ. એમ કહે છે. સમજાણું? ત્રિકાળ ભગવાન સત્ સ્વરૂપ કારણપ્રભુ, જેમાં સર્વજ્ઞ સર્વદર્શી સ્વભાવરૂપ આત્મા. એ સર્વજ્ઞ સ્વભાવી આત્મા એટલે જ્ઞાનસ્વરૂપ. એવો સર્વજ્ઞ સ્વભાવ એ વર્તમાન પરિણતિએ ખ્યાલમાં આવ્યો કે આ એકલો જ્ઞાન સ્વરૂપ જ છે. એ ખ્યાલની પરિણતિનો આધાર ગણીને આત્માને એનો આધેય ગણ્યો. સમજાય છે? પણ એના સિવાય બીજો કોઈ આત્મા માટે વ્યવહાર આ આધાર અને આ આધેય, એને લઈને આ જણાણો એવી કોઈ ચીજ છે જ નહિ. આહાહા..! ગજબ શૈલી! વસ્તુને જગત પાસે મૂકવાની દૃષ્ટાંત સહિતની કળા અલૌકિક કળા!! આહાહા..!

મુમુક્ષુ :- ... વીંટાણો.

ઉત્તર :- વીંટાણો-ફીટાણો નથી અહીં કાંઈ. એમ કે આમાં કાંઈ.. ઓલું જીતવું રહી ગયું. આમાં તો આત્મા આત્મા જ આવ્યો. જીતવું તો આવ્યું નહિ પાછું એમ કહે છે. એ જીતવું પણ નથી અહીં તો. એ તો એની પરિણતિ આમ લક્ષમાં ગઈ અને પરિણતિ (થઈ તો) એ એને આધારે. આત્મા આત્માને આધારે. રાગને જીતવું એ પણ એમાં નથી.

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


રાગ તો નથી પણ રાગને જીતવું એ પણ એનામાં નથી. સમજાણું કાંઈ? શું એણે પૂછ્યું સમજાણું? જીતવાનું લખ્યું હતું ને? પહેલું નહોતું આવ્યું સંવરે જીત્યું. તિરસ્કાર કર્યો અને જીત્યો, સદાયને માટે વિજય મેળવ્યો છે. એય..! આવ્યું હતું કે નહિ કળશમાં? એ અહીં લાગુ પાડવું છે કે નહિ? એમ પૂછે છે. એ તો થયું એનું જ્ઞાન કરાવ્યું ત્યાં.

અહીં તો કહે છે કે ભગવાન આત્મા પોતાની પરિણતિથી જે જણાણો, અંતર અવલોકનથી ભગવાન જણાણો એ અવલોકનને આધાર ગણીને વસ્તુને આધેય (કહ્યું). પણ એ તો આત્મા (છે), બેય આત્મા જ છે. એ આત્મા સિવાય કોઈ બીજી ચીજ નથી. ભારે વાત! નિર્વિકલ્પ દૃષ્ટિ અને નિર્વિકલ્પ જે જ્ઞાન રાગ વિનાનું થયું એને આધારે આત્મા જણાણો કે આ આત્મા. હવે એને માટે બીજો કોઈ આધાર છે એમ છે નહિ. દ્રવ્યને આધાર નથી, એના ગુણને આધાર નથી અને એની વર્તમાન પરિણતિને પણ બીજો કોઈ આધાર નથી. એમ કહે છે. આહાહા..! ભારે વાત!

'**માટે જ્ઞાન જ જ્ઞાનમાં જ છે,...**' પાછો 'જ' બેય લાગુ પાડ્યો છે ને? સમજાણું? '**ક્રોધાદિક જ ક્રોધાદિકમાં જ છે.**' લ્યો! '**ततो ज्ञानमेव ज्ञाने एव, क्रोधादय एव क्रोधादिप्वेवेति**' એ વિકલ્પ જે વિકાર છે તે વિકારમાં જ છે. વિકારનો આધાર વિકાર અને વિકારનો આધેય વિકાર. એ વિકારને આધાર આત્માનો કે એની પરિણતિનો આત્માની પર્યાયનો, સંવર પર્યાયનો એને આધાર એ છે નહિ કહે છે. સમજાણું કાંઈ? ભારે ભાઈ! એ દયા, દાનના વિકલ્પ ઉઠ્યા કે ગુણ-ગુણી ભેદનો વિકલ્પ ઉઠ્યો પહેલો, લ્યોને. એ વિકલ્પ જે ઉઠ્યો કે આ આત્મા આવો અને આ વિકલ્પ. એને આત્માની પરણતિનો આધાર નથી. અને આત્માની પરિણતિને એનો આધાર નથી. સમજાણું કાંઈ?

ગુણ-ગુણી ભેદ એ જ્ઞાનનું અંગ કહ્યું છે. નહોતું કહ્યું? કાલે કહ્યું હતું ને. ઓલામાં આવ્યું છે ને કળશમાં. ગુણ-ગુણી ભેદ એ જ્ઞાનનું અંગ છે. એમ ત્રણ બોલ કહ્યા હતા. ઓલું દયા અંગ આવ્યું હતું ને? એ ઉપરથી વિચાર આવ્યો. દયા અંગ છે. ... કીધું આ શું કહે છે? ઓલામાં આમ છે કળશમાં. ગુણ-ગુણી ભેદ એ જ્ઞાનનું અંગ છે અને ઓલા ઉદય નયશ્રીમાં (-કળશમાં) નય નિક્ષેપને ઓલાથી.. એ જ્ઞાનના વિશેષો છે. મૂળ જ્ઞાનના વિશેષો નથી. એ તો વળી જ્ઞાનનો ઉઘાડ થોડો હતો એ જાતનો... આહાહા..! સમજાણું કાંઈ? આવે છે ને? ત્રણ બોલ આવે છે. ત્યાં એમ જ્ઞાનના વિશેષો શબ્દ છે. જેમ તેમ સાધીશ તો નહિ સાધી શકાય વસ્તુને. એ જાતનું જ્ઞાન એવા જ પ્રકારનો વ્યવહાર હોય છતાં એના આધારે આત્મા જણાય છે એમ નથી. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નહિ. હોવા છતાં ઓલો વ્યવહાર અનુકૂળ છે ને એટલે જરી. નહિ. સમજાણું? ટીકામાં એમ કહે છે ને ઓલું? અંગ મૂક્યું છે. નહોતું કળશમાં કહ્યું? એક તો વ્યવહારમાં નાખ્યું છે. ભેદકથન. 'તેવી જ રીતે ગુણગુણીરૂપ ભેદકથન જ્ઞાન ઉપજવાનું એક અંગ છે.' વ્યવહારનય.. એ લીધું. ભેદ છે, આખી વસ્તુ જ નથી. એ વસ્તુ જ નથી. એમ કીધું ને પછી? ચિત્ચમત્કાર માત્ર પરવિરત.. એવો જે ભેદ છે એ પણ નથી. એમ પાછું ત્યાં એ કહ્યું. સમજાણું? અને ઓલા નય નિક્ષેપનો છે ને કળશ? કેટલામો છે એ? (૯). **'उदयति न नयश्री'** ઉદયથી લેવો. સમજાય છે? નય, નિક્ષેપ પણ જૂઠા છે. સમજ્યાને? જ્ઞાન વિશેષે લેવું. એ જયચંદ્ર પંડિતનું હોં! આમાં નહિ. એ તો ઓલા ભાવાર્થમાં છે. ભાવાર્થમાં છે. આમાં નહિ. જયચંદ્ર પંડિતના ભાવાર્થમાં છે. એ તો ભાવાર્થ. પણ એ નહિ. તો પછી વ્યવહાર કહ્યું ને. વ્યવહારના ત્રણ અભાવની વાત છે ને એમાં. છતાં ત્યાં કહ્યું એમ કે જ્ઞાનના વિશેષો છે, આ જ્ઞાનનું અંગ છે અને ઓલામાં પાછું ન્યાં ઈ નાખ્યું. ઈ ઉપરથી વિચાર આવ્યો. દયા અંગ છે. એ નાખ્યું. છે ને પાછળ? કેટલામો કળશ? .. છે ને? દર્શનજ્ઞાનચારિત્ર .... એમાં લીધું છે. જો દયાકા ભાવ સો પ્રગટ જ્ઞાનકો અંગ. નહિતર ઈ કાંઈ કળશમાં નથી. પણ જો દયા. દયા ઉપર નાખ્યું છે ખરું ને. ભેખધરી લોકની વંચે સો ધર્મ ઠગ. ગુરુ સો કહાવે .. ચાહિયે મંત્ર તંત્ર સાધક કહાવે ગુણી જાદુગર, પંડિત કહાવે પંડિતાઈ જામે લઈએ. કવિત કલા મેં પ્રવિણ સો કહાવે. બાદ કરી જાણે.. ભાષાનો જાણનાર. વ્યાખ્યાતા.. એ તો સબ .. ભિખારી માયાધારી જીવ. ઈનકો વિલોકીકે દયારૂપ રહીએ. જોઈને દયા.. શ્રીમદ્‌માં આવે છે ને? 'કોઈ ક્રિયા જડ થઈ રહ્યા, શુષ્કજ્ઞાનમાં કોઈ, માને માર્ગ મોક્ષનો, કરુણા ઉપજે જોઈ.' એ શૈલી છે. .. એટલે કહે જો દયા ઉસકા ભાવ સો પ્રગટ જ્ઞાન કા અંગ. હૈ તથાપિ અનુભવદશા વર્તે વિગત તરંગ. એટલે ઓલો વિકલ્પ લીધો પછી દયાનો. અનુભવ તો વિકલ્પ રહિત છે. પણ એટલો જરી વિકલ્પ નાખ્યો થોડો. સમજાણું કાંઈ?

અહીં તો કોઈનો આધાર નથી. કો'ક ઠેકાણે કહે, વ્યવહાર આધાર-સાધનને કહે છે ને. સાધક ને હેતુ ને જ્ઞાનનું અંગ ને જ્ઞાનના વિશેષો. જુઓ! બધા કહે છે કે નહિ? સમજાણું કાંઈ? એ બધા વ્યવહારના ઉપચાર કર્યા છે. વસ્તુમાં નહિ. એ સંવર કહો કે ધર્મની દશા કહો એમાં ક્યાંય નહિ. સંવર કહો, સમ્યગ્દર્શન કહો, સમ્યગ્જ્ઞાન, સમ્યક્‌ચારિત્ર પછી પણ શુક્લધ્યાન આદિ કોઈ પણ પર્યાયમાં પરનો કોઈ બિલકુલ આધાર છે જ નહિ. સમજાણું કાંઈ? સંવરને અધિકારે આ અને બીજે અધિકારે બીજું, એ તો બીજે કહ્યું છે ફક્ત આવું હતું એવું એને જ્ઞાન કરાવ્યું છે.

**'ક્રોધાદિક જ ક્રોધાદિકમાં જ છે.'** અહીં તો રાગાદિ અજ્ઞાન, અજ્ઞાન વસ્તુ તે અજ્ઞાનમાં

જ છે. જ્ઞાન ભગવાન આત્મા તે જ્ઞાનમાં જ છે. આનું નામ ભેદજ્ઞાન. આનું નામ સંવર અને આનું નામ ધર્મની દશા. આહાહા..!

**'આ પ્રમાણે (જ્ઞાનનું અને ક્રોધાદિક તેમજ કર્મ-નોકર્મનું) ભેદવિજ્ઞાન ભલી રીતે સિદ્ધ થયું.'** લ્યો! સમજાણું? **'साधु सिद्धं भेदविज्ञानम्'** એમ. **'साधु'** ભલું. આ રીતે ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ તે જ્ઞાનને આધારે છે અને રાગ તે રાગને આધારે છે. એમ બેનું ભેદજ્ઞાન સાબિત થયું.

**'ભાવાર્થ :- ઉપયોગ તો ચૈતન્યનું પરિણમન હોવાથી જ્ઞાનસ્વરૂપ છે...'** જુઓ! ત્યાંથી ઉપાડ્યું. **'ઉપયોગમાં...'** એમ છે ને? ઉપયોગમાં ત્યાંથી ઉપાડ્યું. **'ઉપયોગ તો ચૈતન્યનું પરિણમન હોવાથી જ્ઞાનસ્વરૂપ છે...'** એ તો જ્ઞાનસ્વરૂપ જ છે. **'અને ક્રોધાદિ ભાવકર્મ,...'** દયા આદિના ભાવ પરિણામ **'જ્ઞાનાવરણાદિ દ્રવ્યકર્મ, શરીરાદિ નોકર્મ- એ બધાંય પુદ્‌ગલદ્રવ્યના પરિણામ હોવાથી...'** કહો! એ દયા-દાનના પરિણામ પણ પુદ્‌ગલદ્રવ્યના પરિણામ હોવાથી **'જડ છે;...'**

મુમુક્ષુ :- ભાવાર્થમાં લખ્યું છે.

ઉત્તર :- માથે નથી આવી ગયું? ભાવાર્થમાં શું લખ્યું? લે. માથે કીધું ને. પ્રદેશો ભિન્ન છે, વસ્તુ ભિન્ન છે, આધારાધેય ભિન્ન છે, અત્યંત સ્વરૂપવિપરીતતા છે, અજ્ઞાન અને જ્ઞાન બે જુદા છે. અજ્ઞાન કહ્યું છેલ્લું. **'આ રીતે જ્ઞાનને અને અજ્ઞાનને આધારાધેય નથી.'** અજ્ઞાન કહો, જડ કહો એ બધું એકાર્થ છે. આહાહા..!

પરમેશ્વર ચૈતન્ય પ્રભુ પરમેશ્વર છે. પરમેશ્વરને કોઈ પામર રાગાદિની એને અપેક્ષા છે નહિ. એમ કહે છે. પોતે ભરપૂર ભગવાન પડેલો છે. એનું અવલોકન કરતાં એને અવલોકનની પર્યાય માટે કોઈના આધારની જરૂર નથી. એમ કહે છે મૂળ. સમજાણું કાંઈ? આહાહા..!

**'ઉપયોગ તો ચૈતન્યનું પરિણમન...'** પર્યાય છે એમ કહે છે. એ જ્ઞાનસ્વરૂપ જ છે ઉપયોગ. એમ. **'અને ક્રોધાદિ ભાવકર્મ, જ્ઞાનાવરણાદિ દ્રવ્યકર્મ, શરીરાદિ નોકર્મ- એ બધાંય પુદ્‌ગલદ્રવ્યના પરિણામ હોવાથી જડ છે; તેમને અને જ્ઞાનને પ્રદેશભેદ હોવાથી અત્યંત ભેદ છે.'** એ રાગનો વિકલ્પ દયા, દાનનો અને આત્માની પરિણતિ એવો આત્મા, બેને તદ્દન પ્રદેશભેદ છે. શુદ્ધ શ્રદ્ધાની પરિણતિ, એનું ક્ષેત્ર અને રાગનું ક્ષેત્ર બે તદ્દન પ્રદેશભેદ છે. સમજાણું કાંઈ? **'અત્યંત ભેદ છે. માટે ઉપયોગમાં ક્રોધાદિક,...'** માટે જ્ઞાનની પરિણતિમાં ક્રોધાદિ એટલે વિકારાદિ **'કર્મ તથા નોકર્મ નથી અને ક્રોધાદિકમાં,...'** રાગાદિમાં અને કર્મમાં અને નોકર્મમાં આત્મા નથી. ઉપયોગ નથી એટલે આત્મા નથી. **'આ રીતે તેમને પારમાર્થિક આધારાધેયસંબંધ નથી;...'** પરમાર્થ શબ્દ

હતો ને અંદર? સમજાણું? હતું ને અંદર? ક્યાં આવ્યું? પરમાર્થભૂત જુઓને! ઓલામાં આવ્યું. '**અત્યંત વિરુદ્ધ હોવાથી તેમને પરમાર્થભૂત આધારાધેયસંબધ નથી.**' છે ને અંદર? સમજાણું કાંઈ? વસ્તુ ભગવાન આત્મા જ્ઞાન સ્વરૂપ ચૈતન્ય એને અને પુણ્ય-પાપના વિકલ્પને બેને કાંઈ સંબંધ નથી. વસ્તુ જુદી, એનો પ્રદેશ જુદો, એનું ભાવરૂપ જડપણું જુદું.

મુમુક્ષુ :- .. આંતરુ

ઉત્તર :- એ આંતરુ કાંઈ નથી. એ સવળા થઈને જાય છે ને પરદેશમાં જાય છે કે નહિ? પારકા પરદેશમાં જાય છે ને? ત્યાં કાંઈ એને ઓલું નથી પડતું. એમ અહીં પ્રદેશ છે એ પારકા પ્રદેશ છે. એ આત્માના પ્રદેશ નથી. કહો, સમજાણું?

'**આ રીતે તેમને પારમાર્થિક આધારાધેયસંબંધ નથી; દરેક વસ્તુને પોતપોતાનું આધારાધેયપણું પોતપોતામાં જ છે.**' આ છેલ્લો સરવાળો. એનો આધાર અને આધેય. એની એ વસ્તુનો આધાર અને એની એ પરિણતિનો આધાર અને એ પોતે આધાર. બીજું કાંઈ છે નહિ. એ પોતે દ્રવ્યની પરિણતિ તે દ્રવ્ય જ છે એમ કહે છે અહીં. વસ્તુની નિર્મળ શુદ્ધ અવસ્થા પરિણતિ તે વસ્તુ જ છે. એ સ્વવસ્તુ છે, એ પર નથી. એમ કહેવું છે.

'**માટે ઉપયોગ ઉપયોગમાં જ છે,...**' લ્યો! '**ક્રોધ ક્રોધમાં જ છે.**' ઉપયોગ એટલે આત્મા તે નિર્મળ પરિણતિમાં જ છે. અને ક્રોધ ક્રોધમાં, વિકાર વિકારમાં છે. '**આ રીતે ભેદવિજ્ઞાન બરાબર સિદ્ધ થાય છે. (ભાવકર્મ વગેરેનો અને ઉપયોગનો ભેદ જાણવો તે ભેદવિજ્ઞાન છે.)**' રાગને, સ્વભાવને ભિન્ન જાણવા, રાગને અને સ્વભાવ વસ્તુને અને રાગ વિભાવ વસ્તુને ભિન્ન જાણવું એનું નામ ભેદજ્ઞાન કહેવામાં આવે છે. કહો, સમજાણું આમાં?

'**હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :-**' લ્યો.

**चैद्रूप्यं जडरूपतां च दधतोः कृत्वा विभागं द्वयो-**
**रन्तर्दारुणदारणेन परितो ज्ञानस्य रागस्य च।**
**भेदज्ञानमुदेति निर्मलमिदं मोदध्वमध्यासिताः**
**शुद्धज्ञानघनौघमेकमधुना सन्तो द्वितीयच्युताः।।१२६।।**

આહાહા..! '**શ્લોકાર્થ :- ચિદ્રૂપતા ધરતું જ્ઞાન...**' એટલે ચૈતન્યરૂપ એવો જે આત્મા. એ જ્ઞાનરૂપ ધરતો આત્મા. જ્ઞાન, શાંતિ, આનંદ એ રૂપ ધરતો આત્મા. '**જડરૂપતા ધરતો રાગ-**' લ્યો. દયા, દાન, વ્રત, ભક્તિનો વિકલ્પ છે રાગ એ જડ છે. આહાહા..! વ્યવહાર જડ છે અને નિશ્ચય તે આત્મા છે એમ કહે છે અહીં. રાગાદિ વ્યવહાર છે ને? વ્યવહારરત્નત્રય એ જડ છે. ઓલામાં પાપ કહ્યું છે, પુણ્ય-પાપના અધિકારમાં. પાપ છે. અહીં કહે કે જડ

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે. અને શુદ્ધ ચૈતન્ય સ્વભાવ જ્ઞાયકમૂર્તિની શ્રદ્ધા-જ્ઞાન પરિણતિ એ ચૈતન્ય છે. એ ચૈતન્ય છે. વ્યવહારરત્નત્રયનો વિકલ્પ એ જડ છે. સમજાણું કાંઈ?

'**ચિદ્રૂપતા ધરતું જ્ઞાન...**' એટલે આત્મા. '**અને જડરૂપતા ધરતો રાગ એ બન્નેનો, અંતરંગમાં દારુણ વિદારણ વડે...**' બન્નેનો આકરા વિદારણ. ભેદ પાડવાના ઉગ્ર અભ્યાસથી. એમ. '**અંતરંગમાં દારુણ વિદારણ વડે...**' અંતર્મુખ થઈને ઉગ્ર પુરુષાર્થ દ્વારા, બેને ભાગ પાડતાં દારુણ-આકરું વિદારણ. વિદારી લે. '**ચોતરફથી વિભાગ કરીને...**' ચારે બાજુથી. દ્રવ્યથી પણ રાગને મેળ નહિ, ક્ષેત્રથી મેળ નહિ. એમ કહે છે. પ્રદેશભેદ કહ્યું હતું ને ભાઈ અંદર? એટલે વસ્તુ ભાવે નહિ અને પ્રદેશે નહિ. ચોતરફથી એમ ભાષા વાપરી છે. શું કીધું સમજાણું? હવે એ ભાવ જુદા અને પ્રદેશ એક છે બેના, એમ પણ નહિ. ચોતરફથી દ્રવ્ય જુદું, ક્ષેત્ર જુદું, કાળ જુદું અને ભાવ જુદો રાગાદિનો. એમ કહે છે.

'**ચોતરફથી વિભાગ પાડીને આ નિર્મળ ભેદજ્ઞાન ઉદય પામ્યું છે;...**' એને બિલકુલ પ્રદેશને ભાવથી તદ્દન ભિન્ન પાડીને આત્મા નિર્મળ જ્ઞાન પ્રગટ થયું છે. આ નિર્મળ ભેદજ્ઞાન ઉદય પામ્યું છે. એ સંવર થયો. '**માટે હવે એક શુદ્ધ વિજ્ઞાનઘનના પુંજમાં...**' એક શુદ્ધ વિજ્ઞાનઘનનો જે આત્મા પુંજમાં '**સ્થિત અને બીજાથી એટલે રાગથી રહિત...**' પુંજમાં સ્થિત અને વિકલ્પાદિથી એટલે રાગથી રહિત. '**એવા હે સત્પુરુષો!**' હે ધર્માત્મા! એમાં સ્થિર થઈને આનંદને અનુભવો. '**મુદિત થાઓ.**' આનંદિત થાઓ. આનંદિત થાઓ એમ કહે છે. આનંદિત થાઓ. રાગ અને ભિન્ન આ ચીજ છે એથી તેનો અનુભવ કરીને આનંદને અનુભવો. મુદિત થાઓ એમ કહ્યું છે. સમજાય છે? એ આનંદનો અનુભવ તે સંવરદશા છે. એ રાગથી ભિન્ન છે. વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**જેઠ વદ ૧૩, બુધવાર તા. ૫-૦૭-૧૯૬૭**
**શ્લોક-૧૨૬, ગાથા-૧૮૩, પ્રવચન-૨૬૭**

આ સમયસાર, સંવર અધિકાર. સંવર ભેદજ્ઞાનથી થાય છે. ભાવાર્થ છે, જુઓ! આ આત્મા છે એ આત્મા જ્ઞાનસ્વરૂપ છે. આત્મા છે ને? ભગવાન પરમેશ્વર કેવળજ્ઞાની પ્રભુએ આત્માને જ્ઞાનસ્વરૂપ જોયો છે અને બીજા જે શુભ-અશુભ રાગ થાય, શુભ-અશુભ વિકાર રાગ, એને તો ભગવાને વિકાર અને આસ્રવતત્ત્વ તરીકે જડ જોયું છે.

મુમુક્ષુ :- .. જડ જોયું છે.

ઉત્તર :- જોયું છે એ કહેશે અંદર. એ ચૈતન્યથી વિરૂદ્ધ માટે જડ. એમ. આત્મા અંદર જ્ઞાનની મૂર્તિ ચૈતન્યસૂર્ય છે.

'**ભાવાર્થ :- જ્ઞાન તો ચેતનાસ્વરૂપ છે અને રાગાદિક પુદ્‌ગલવિકાર હોવાથી જડ છે;...**' ચેતનાથી વિરૂદ્ધ કહેવું છે ને આમ. પુણ્ય-પાપના ભાવ થાય છે એ ચેતન જ્ઞાનસ્વરૂપથી વિરૂદ્ધ ભાવ છે. તેથી તે જડ છે. બેને જુદા પાડીને ચૈતન્યનો અનુભવ કરવો એનું નામ આત્મધર્મ અને એનું નામ સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? એક જ પદે બે વાત કરી કે ભગવાન આત્મા જાણનાર... જાણનાર... જાણનાર... ચૈતન્ય સ્વભાવ છે એનો. અને રાગદ્વેષ, પુણ્ય-પાપના ભાવ એ તો પુદ્‌ગલ વિકાર છે. એથી ચૈતન્યના જ્ઞાન સ્વભાવમાં એ જડ રીતે જણાય છે. એ કાંઈ એના છે એમ છે નહિ. એના છે એમ માને છે ત્યાં સુધી અજ્ઞાન અને મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ? જુઓ!

'**પરંતુ અજ્ઞાનથી,...**' આમ હોવા છતાં. ભગવાન આત્મા તો ચૈતન્ય સ્વરૂપ શુદ્ધ આનંદ અને જ્ઞાન છે. અને એનાથી વિરૂદ્ધ આ દેહાદિ તો જડ છે, માટી, ધૂળ છે આ તો. પણ અંદરમાં શુભ અને અશુભ રાગ એની અહીં તો વહેંચણીની વાત છે. એ વસ્તુ છે એ જાણક સ્વભાવથી ભરેલો પદાર્થ છે અને એનાથી ઉત્પન્ન બહિર્બુદ્ધિએ શુભ-અશુભ ને રાગ થાય છે એ ચૈતન્યના સ્વભાવથી વિરૂદ્ધ છે, એ જડ છે. એ જડથી પૃથક્ કરીને ચૈતન્ય સ્વરૂપ હું આનંદ અને જ્ઞાન છું એમ અંતરમાં દૃષ્ટિ કરીને અનુભવવું એનું નામ સમ્યગ્દર્શન, ભેદજ્ઞાન અને સંવર કહેવામાં આવે છે. રાજમલજી! ઝીણી વાત બહુ. આહાહા..!

મુમુક્ષુ :- ચોખ્ખી આપ કરો છો ને.

ઉત્તર :- ચોખ્ખી વાત જ આમાં ચોખ્ખી વાત છે કે નહિ? આમ જ્ઞાન જાણે છે. જેના હયાતીમાં જાણવું ભરેલું છે. એ જાણવાવાળું જે તત્ત્વ એ આત્મા. અને એનાથી

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


જાણવાવાળું નહિ એવા પુણ્ય-પાપના ભાવ એ કાંઈ જાણી શકતા નથી. પોતાને જાણે નહિ, આત્માને જાણતા નથી. શુભ-અશુભ રાગ જે વિકલ્પ પુણ્ય-પાપના ભાવ એ વિકાર છે તેથી અહીં પુદ્ગલ વિકાર કીધો. કેમ કે એ ચૈતન્યથી વિરૂદ્ધ છે. એથી ચૈતન્યનું વિકાર્ય એટલે કાર્ય નહિ. પુદ્ગલનો વિકાર છે, જડ છે.

'**પરંતુ અજ્ઞાનથી,...**' સ્વરૂપ ચૈતન્ય કોણ છું (એનું એને) અનંત કાળથી ભાન નથી. હું કોણ છું અને ક્યાં છું અને કેમ છું એની એને ખબર નથી. સર્વજ્ઞ ભગવાન પરમેશ્વર કેવળજ્ઞાની, એના જ્ઞાનમાં ત્રણ કાળ જણાણા, એમાં એમ કહ્યું કે ભાઈ! તું કોણ છો એવું તને અનંત કાળમાં જ્ઞાન થયું નથી. તું ચૈતન્ય છો ને. ભાઈ! જ્ઞાનસ્વરૂપ છો ને. જે જ્ઞાન ધીરું રહેલું શાશ્વત છે, શાશ્વત છે. એમ ને એમ ધીર.. ધીર... ધીરું શાશ્વત સત્. એવો ચૈતન્ય સ્વભાવ એ આત્મા. એનાથી પુણ્ય-પાપના વિકલ્પો રાગ છે તે ચૈતન્યનો વિકાર ન કહેતા અહીં પુદ્ગલનો વિકાર કીધો. કારણ કે આનું વિશેષ સ્વરૂપ નથી. એથી એ ચૈતન્યનો સ્વભાવ નહિ. એથી પુણ્ય અને પાપના ભાવ બેય વિકાર અને જડ છે.

'**પરંતુ અજ્ઞાનથી, જાણે કે જ્ઞાન પણ રાગાદિરૂપ થઈ ગયું હોય...**' લ્યો! પણ જેને અનાદિથી જ્ઞાન-ભગવાન આત્મા અને રાગ જડ બે જાણે એકરૂપ થઈ ગયા હોય એટલે કે જ્ઞાન જ જાણે રાગરૂપ થઈ ગયું હોય એમ અજ્ઞાનમાં અનાદિથી ભાસે છે. બહુ ઝીણું. કહે છે, '**અજ્ઞાનથી, જાણે કે જ્ઞાન પણ...**' પુણ્ય-પાપના ભાવ થઈ ગયું હોય એમ ભાસે છે. '**અર્થાત્...**' એની વ્યાખ્યા કરી. '**જ્ઞાન અને રાગાદિક બન્ને એકરૂપ-જડરૂપ ભાસે છે.**' એમ કહે છે. જડરૂપ એટલે રાગ તે જ હું એમ ભાસે છે. રાગ, પુણ્ય-પાપના ભાવ, એનાથી ચૈતન્ય ભિન્ન એમ ન ભાસતા એ પુણ્ય-પાપના ભાવ.. પર્યાયની લક્ષબુદ્ધિ પર ઉપર ગઈ છે એટલે એને અંતર સ્વરૂપ ચૈતન્યની સત્તાની ખબર નહિ એટલે પુણ્ય-પાપના રાગ તે હું છું. એટલે જ્ઞાન તે જ અચેતન વિકારરૂપ છું એમ ભાસે છે. કહો, સમજાણું કાંઈ?

વસ્તુ જ્ઞાનસ્વરૂપ પ્રભુ ચૈતન્યસૂર્ય, એનું કિરણ તો.. સૂર્યનું કિરણ તો ધોળું નીકળે. પ્રકાશ હોય. અંધકાર કાંઈ સૂર્યનો પ્રકાશ છે? એમ આત્મા જ્ઞાનમૂર્તિ આત્મા છે. ચૈતન્યસૂર્ય છે. એનું કિરણ નીકળે એ તો પ્રકાશરૂપ હોય. રાગ તો અંધકારરૂપ છે. એથી અંધકાર રાગને જડપણું છે એને અને આત્માને એકપણું છે એમ જે અજ્ઞાનથી ભાસે છે, એથી જાણે હું જડ જ હોઉં, એટલે કે હું રાગ જ હોઉં. એમ. હું એ પુણ્ય-પાપના બહિર્મુખે થયેલી શક્તિઓ, વિકાર તે જ છું એમ જડરૂપ ભાસે છે. એને અજ્ઞાન અને મિથ્યાદૃષ્ટિ કહેવામાં આવે છે. એને વીતરાગ ભગવાને કહેલા તત્ત્વની ખબર નથી. કહો, સમજાણું કાંઈ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**'જ્યારે અંતરંગમાં જ્ઞાન અને રાગાદિનો ભેદ પાડવાનો તીવ્ર અભ્યાસ કરવાથી...'** દેખો! પણ ભગવાન આત્મા ચૈતન્યનો સ્વભાવનો સમુદ્ર છે અને પુણ્ય-પાપના રાગાદિ ભાવ તે જડ અને અચેતન છે. એ બેને અંતરમાં જુદા પાડવાનો તીવ્ર અભ્યાસ કરતાં. '**ભેદ પાડવાનો તીવ્ર અભ્યાસ...**' જુઓ! આ એક અભ્યાસ. શું કરવું? કે શુભ-અશુભ રાગ અને ચૈતન્ય સ્વભાવ બે જુદા છે એમ ભેદ પાડવાનો અભ્યાસ કરવો એ આત્માને પ્રાપ્ત થવાનો ઉપાય છે. કહો, સમજાણું આમાં? કોઈ દિ' પણ માથું ઊંચું જ કર્યું નથી. એમ ને એમ આંધળે આંધળો ચાલ્યો જ ગયો છે એમ ને એમ.

એને અજ્ઞાનથી તે હું છું એમ ભાસે છે. એટલે કે હું છું એનો અર્થ કર્યો કે હું જડ છું. એમ. જ્ઞાન જ જાણે જડ ભાસે છે. એમ. એનો જાણનાર આમ જુદો ન રહેતા અજ્ઞાનમાં એ રાગને જ ભાસે છે. રાગની જ સત્તા જ્ઞાનમાં ભાસે છે એમ ન રહ્યું. રાગની સત્તા તે ભાસે છે તે જ હું છું. સમજાણું કાંઈ? કહો, પ્રવિણભાઈ! ભારે વાત! આવો અભ્યાસ કરવો?

કહે છે, ભગવાન આત્મા સર્વજ્ઞ પરમેશ્વરને જે કેવળજ્ઞાન થયું પરમેશ્વરને, એ કેવળજ્ઞાન આવ્યું ક્યાંથી? એ રાગમાંથી આવ્યું? કહો. ભગવાન આમ ચૈતન્ય સ્વભાવ છે એ શક્તિનું આખું, શક્તિ એટલે સત્ત્વ જ્ઞાનનું સત્ત્વ આખો આત્મા એમાં કેવળજ્ઞાનની શક્તિ પડેલી છે. એમાં અંતર એકાગ્ર કરવાથી અને રાગથી ભિન્ન કરવાથી કેવળજ્ઞાન થયું છે. કાંઈ રાગને પોતાનો માનીને અને રાગને ભેગો રાખીને કેવળજ્ઞાન થાતું હશે? કહો! પણ શું પરમેશ્વર કહે છે એની એને ખબર ન મળે. એ તો એ વાડામાં પડ્યા અને આંધળી દોડે જે કાંઈ કરીએ એમાં આમ કરતા કરતા કાંઈક થઈ જશે. ધૂળેય નહિ થાય. સાંભળને!

વાસ્તવિક ચૈતન્ય સ્વભાવ આત્મા અને પુણ્ય-પાપ તે અચેતન પુદ્‌ગલ વિકાર જડ, બેને જ્યાં સુધી એકપણે માન્યા છે તે જ મિથ્યાદષ્ટિપણું ચાર ગતિમાં રખડવાનું એ જ મૂળિયું છે. કહો, સમજાણું કાંઈ? અહીં તો કહે છે કે એનો ભેદ પાડવાનો તીવ્ર અભ્યાસ. એટલે? બહિર્મુખની જે લાગણી પુણ્ય-પાપની છે એને અંતર્મુખના વલણમાં એને ભેદ પાડી. અંતર્મુખના વલણમાં એને જુદા રાખી. '**તીવ્ર અભ્યાસ કરવાથી ભેદજ્ઞાન પ્રગટ થાય છે...**' એ શુભ-અશુભ રાગ અને આત્મસ્વભાવ બે જુદા છે. એમ જ્યારે ભેદજ્ઞાન થાય છે '**ત્યારે એમ જણાય છે કે જ્ઞાનનો સ્વભાવ તો માત્ર જાણવાનો જ છે,...**' ત્યારે એમ જણાય કે આ તો જાણનાર જ આત્મા છે. એ રાગ અને પુણ્ય-પાપ એ આત્મા નહિ. કહો, સમજાણું આમાં? ઓહોહો..! દયા, દાન, વ્રત, ભક્તિ એવા પરિણામ થાય એ શુભરાગ છે. એ રાગ એ આત્મા નહિ. આત્માનો સ્વભાવ તો જાણવું છે. અને જાણવાના સ્વભાવથી

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

તો અજાણવું એવો ભાવ-વિકાર તે ભિન્ન છે. જે કરવાનું છે એ એણે કોઈ દિ' કર્યું નથી. અને નહિ કરવામાં કાંઈક કરું છું એમ માને છે.

મુમુક્ષુ :- અનાદિકાળથી આમ જ કરે છે.

ઉત્તર :- આમ જ કરતો આવ્યો છે.

કહે છે કે ભાઈ! ભગવાન પરમેશ્વર કેવળજ્ઞાનીએ એમ કહ્યું છે ને કે તારું સ્વરૂપ, સ્વ-રૂપ, સ્વ-રૂપ-સ્વભાવ તો જ્ઞાન, આનંદ, શાંતિ, દૃષ્ટા એવો તારો સ્વભાવ છે. એ આત્મા છે અને પુણ્ય-પાપના ભાવ, વિકલ્પ જે શુભ-અશુભ રાગ એ તો આત્મા નથી. એ તો જુદી જાત છે. કારણ કે પરમાત્મા સિદ્ધ થાય ત્યારે એ વિકાર જુદા પડી જાય છે. એની જાત હોય તો જુદા પડે નહિ. કહો, સમજાણું આમાં?

'**જ્ઞાનનો સ્વભાવ તો માત્ર જાણવાનો જ છે,...**' રાગ થાય તેના સન્મુખ થઈને નહિ પણ જ્ઞાન સ્વભાવમાં સન્મુખ થઈ અને જાણવાનો સ્વભાવ મારો અને રાગ થાય એને પણ મારામાં રહીને જાણું. એવો જ્ઞાનનો સ્વભાવ છે. કહો, સમજાણું આમાં? '**જ્ઞાનમાં જે રાગાદિકની કલુષતા-આકુળતારૂપ સંકલ્પ-વિકલ્પ-ભાસે છે તે સર્વ પુદ્‌ગલવિકાર છે,...**' જુઓ! ભગવાન આત્મા ચૈતન્ય અરિસો છે. એ તો ચૈતન્ય અરિસો. ઓલો જડ અરિસો છે. આ ચૈતન્ય સ્વરૂપ જ્ઞાનમૂર્તિ અરૂપી જ્ઞાનઘન છે અને એ રાગાદિ ભાવ આકુળતારૂપ છે. હવે એમ નાખ્યું જરી. સમજાય છે? કે રાગાદિ પુણ્ય-પાપનો ભાવ એ રાગાદિ કલુષિત છે. આકુળતારૂપ છે એ. એ સંકલ્પ-વિકલ્પ ભાસે છે. આહાહા..! આ કરું, આ મૂકું ને આ લઉં એવા વિકલ્પો જે છે એ તો આકુળતારૂપ છે. કહો. લ્યો, આ ખાવા-પીવામાં મજા પડે છે એવો વિકલ્પ છે એ આકુળતારૂપ છે એમ કહે છે.

મુમુક્ષુ :- મજા છે ને આકુળતા?

ઉત્તર :- એ મજા કહે છે, એ મજા કહે છે એ મૂઢ છે એમ કહે છે. એય..! મલૂકચંદભાઈ! આ પૈસાવાળા અમે સુખી છીએ. મૂઢ છો એમ કહે છે.

અહીં તો રાગવાળો છું એ માને તો પણ મૂઢ છે એમ કહેવું છે અહીં તો. પૈસા તો ધૂળ ક્યાંય રહી ગઈ. એ તો અજીવતત્ત્વ છે. એ ક્યાં આમાં ગરી ગયા હતા? એ તો અજીવતત્ત્વ છે. પૈસો, શરીર તો આ માટી અજીવતત્ત્વ, આ તો માટી પુદ્‌ગલ છે. એની તો અહીં વાત કરી નથી આમાં સૂક્ષ્મપણામાં. અહીં તો જે પર તરફના વલણમાં પુણ્ય અને પાપ જે ચૈતન્યના સ્વભાવમાં નથી, જેનું સ્વરૂપ નથી એવો પુણ્ય-પાપનો રાગાદિ ભાવ શુભ-અશુભ થાય એનાથી પણ આત્મા જુદો અંતરમાં જાણવાનો અભ્યાસ કરવો. કેમ કે પુણ્યનો-પાપનો ભાવ દુઃખરૂપ છે-આકુળતારૂપ છે. આહાહા..!

ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદસ્વરૂપ છે. જે જ્ઞાન એકલું કહ્યું હતું ને એટલે ભેગું પછી અહીં દુઃખને નાખ્યું અને આનંદને નાખ્યું. '**તે સર્વ પુદ્ગલવિકાર છે, જડ છે.**' બહુ શાંતિથી આ તો ધીરો થઈને પકડે તો સમજાય એવું છે. નહિતર સમજાય એવું નથી. કહે છે, '**આમ જ્ઞાન અને રાગાદિકના ભેદનો સ્વાદ આવે છે...**' જુઓ! છે? છે ચીમનભાઈ શું છે? આ તમારા ઈજનેર કરતા બીજી જાત છે આખી બધી. શાળા જ જુદી જાતની છે આ.

કહે છે, આકુળતા નાખીને? રાગાદિ ભાવ આકુળતારૂપ છે. અને ભિન્ન પડતા જ્ઞાન અને રાગાદિના ભેદનો સ્વાદ આવે છે. એટલે આત્મા આનંદનો સ્વાદ આવે એ આત્મા છે. અને રાગનો સ્વાદ આકુળતા ભાસે, ભિન્ન રહી જાય એનું નામ આત્મા છે. આહાહા..! સમજાણું કાંઈ? ભારે ઝીણું. આવું તો ક્યાંય હજી તો માંડ એને કાને પડ્યું નહિ ત્યાં એકદમ... સાંભળ! ભગવાન આત્મા ચૈતન્ય સ્વરૂપ છે. એની હયાતીમાં, મોજૂદગીમાં તો જ્ઞાન અને આનંદ પડ્યો છે. આત્માના હોવાપણામાં તો જ્ઞાન-જાણવું અને આનંદ પડ્યો છે. અને પુણ્ય-પાપના ભાવ તો વિકાર પુદ્ગલનો વિકાર જડ અને આકુળતા છે. કહો, સમજાણું આમાં? એ બેને અંદર જુદાં પાડવા એનું નામ સમ્યગ્દર્શન અને ભેદજ્ઞાન છે. એ કોઈ દિ' એણે અનંત કાળમાં એક સેકન્ડ પણ કર્યું નથી. કહો, સમજાણું આમાં?

'**ભેદનો સ્વાદ આવે છે અર્થાત્ અનુભવ થાય છે.**' જોયું! આહાહા..! આત્મા... જુઓ! અહીંયાં પહેલેથી ભેદજ્ઞાનથી આવી વાત ઉપાડી છે. અહીંયાં સ્વાદ આવે એ આઠમે આવે અને ત્યારે અનુભવ થાય એમ નથી. વસ્તુ ચૈતન્ય જ્ઞાનસ્વભાવ અને અનાકુળ આનંદસ્વરૂપ, એને પુણ્ય-પાપના રાગથી ભિન્ન પાડતાં જે આત્માનો આનંદનો સ્વાદનો અનુભવ (થાય) એ આત્મા. એમાં રાગનો સ્વાદ તે આકુળતારૂપ ભિન્ન રહી જાય છે. કહો, સમજાણું આમાં? આનંદનો અનુભવ અને રાગનો અનુભવ બે એક ચીજ નથી. કહો, ભારે ધર્મ ભાઈ! આવો ધર્મ તે કેવો વળી? આ બધું કરીએ, આખો દિ' આ બધું કરીએ છીએ ને. કેટલું વાંચીએ, વિચારીએ, આ બધા ભક્તિ કરીએ, પૂજા કરીએ, જાત્રા કરીએ, દયા પાળીએ, વ્રત (પાળીએ), એ બધો ધર્મ નહિ? માણસ કહે, આ બધો ધર્મ નહિ? ત્યારે શું કરીએ છીએ અમે? એ અધર્મ કરીએ છીએ અમે? એમ કહે છે.

ભાઈ! ધર્મ તો એને કહીએ કે જે વિકલ્પ જે રાગ છે એને અંતર્મુખના સ્વભાવ સન્મુખ થઈ અને એને જુદો પડે છે. અંતર થતાં જુદો પડે છે એને જુદો પાડ્યો કહેવાય. એમાં આત્માના આનંદનો અતીન્દ્રિય જ્ઞાનનો, જ્ઞાનસ્વભાવ, જાણકસ્વભાવ જાણનારો એ હું, એમાં જે આનંદ આવે એને આત્મા કહે છે, એને ભેદજ્ઞાન કહે છે, એને ધર્મની શરૂઆત કહે

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે. કહો, સમજાણું કાંઈ? અહીં તો મોટું મોટું લખ્યું છે અને ગાથા મૂકી છે આહીંની. લખ્યું પાછું માર ગોળા. શરીરનો આત્મા, શરીર આત્માનો સેવક છે. સમજ્યાને? પછી આપણે સેવકને હુકમ કરવાનું કામ કરે. આ તો એ હુકમ કરે. હુકમ કોણ કરે અને ક્યાં ચીજ જડ જુદી અને આ જુદી. કોણ જાણે શું ચાલે છે? ક્યાંનો ક્યાં.. ભાઈ! આ રજકણ પણ હાલે ચાલે, પાંપણ હાલે ચાલે એ કાંઈ તારાથી છે નહિ અને તારામાં છે નહિ. તો સેવક શેનો હતો? સ્વતંત્ર પદાર્થ છે એ તો. આત્માનો સેવક જડ હશે?

મુમુક્ષુ :- કો'કવાર સ્વામી કહી દે.

ઉત્તર :- સ્વામી પણ નથી. એ પણ ખોટી વાત છે. એ તો માને છે કે આ મને લાભદાયક. એમ માન્યું એ તો મિથ્યાત્વ એનો સ્વામી પોતે થાય છે. માન્યતામાં સ્વામી થાય. ઈ કહેતો નથી, એ તો જડ છે. એને તો ખબર પણ નથી કે અહીં કોણ મારે માટે અંદર માનનાર છે? કોણ મારે માટે માનનાર છે એવું તો આને બિચારાને ખબરેય નથી. આ તો માટી છે જડ. આહાહા..! સમજાણું?

'**જ્યારે આવું ભેદજ્ઞાન થાય ત્યારે આત્મા આનંદિત થાય છે...**' ઓલું મુદિત આવ્યું હતું ને? મુદિત થાવ એનો અર્થ કર્યો. ઠીક અર્થ કર્યો છે. જ્યારે ભગવાન આત્મા પોતાના શુદ્ધ સ્વભાવ સન્મુખ થઈને પુણ્ય-પાપના વિકલ્પને વિમુખ રાખીને અંતર આત્માનો જ્ઞાન અને આનંદનો સ્વાદ થાય ત્યારે તેને ભેદજ્ઞાન કહેવામાં આવે છે. ત્યારે આત્મા આનંદિત થાય છે. ત્યારે તેને આનંદ આવે છે. જે દુઃખ હતું, પુણ્ય-પાપના વિકલ્પમાં દયા, દાન, વ્રત, ભક્તિનો વિકલ્પ એ દુઃખરૂપ છે. એ દુઃખરૂપ અને આત્માને જ્યાં અંતર ભિન્ન પાડ્યો ત્યારે જે આત્માને દુઃખના રાગથી ભિન્ન પાડતા આત્મા જ્ઞાન આનંદ સ્વરૂપ છે એમ આનંદનું વેદન થયું એ આત્મા. સમજાણું કાંઈ? એ આત્માનું જ્ઞાન, એ આત્માનું દર્શન, એ આત્માની રમણતા, એ આત્માની સમાધિ. સમજાણું કાંઈ?

શું છે? પણ હવે અમારે કરવું શી રીતે? બીજું કાંઈ સાધન કાંઈક છે કે નહિ? હવે એ તો ભલે એમ હોય. અહીં તો કહે છે, સાંભળને! એ તો વાત થઈ. જે તને પુણ્ય-પાપના વિકલ્પ ઉઠે છે તેનાથી જુદો પાડવો, અંદર જુદો પાડવો એ અભ્યાસ છે. આહાહા..! અને જુદો પડે એટલે એને આનંદ આવ્યા વિના રહે નહિ. કારણ કે દુઃખથી જુદો પડ્યો એને આનંદમાં દૃષ્ટિ થઈ એટલે આનંદ આવ્યા વિના રહે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? એનું નામ અહીંયાં ભેદજ્ઞાન કહેવાય છે. ભેદજ્ઞાન સાબુ ભયો.. એ કહે છે ને. ભેદજ્ઞાન .. પાયો એવો શબ્દ છે ક્યાંક. 'ભેદજ્ઞાન સંવર જિન પાયો.' એમ છે બનારસીદાસમાં. સમજાણું? ભેદજ્ઞાન સંવર જિન પાયો. સંવરમાં હશે ક્યાંક. સંવર છે ને અધિકાર? જુઓ!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

**જો અપની મહિમા અવધારત,**
**ત્યાગ કરૈં ઉર સૌંજ પરાઈ. ૫.**

પછી,

**ભેદગ્યાન સંવર-નિદાન નિરદોષ હૈ,**
**સંવરસૌ નિર્જરા, અનુક્રમ મોષ હૈ,**
**ભેદગ્યાન સિવમૂલ, જગતમહિ માનિયે,**
**જદપિ હેય હૈ તદપિ, ઉપાદેય જાનિયે. ૬.**

એ પૂર્ણ લખ્યું ને એ અપેક્ષાએ કહ્યું.

**ભેદગ્યાન તબલૌં ભલૌં, જબલૌં મુકતિ ન હોઈ,**
**પરમ જોતિ પરગટ જહાં, તહાં ન વિકલપ હોઈ. ૭**

પછી આવ્યું જુઓ આ.

**ભેદજ્ઞાન સંવર જિન્હ પાયૌ,**
**સો ચેતન સિવરૂપ કહાયૌ.**

એ શ્લોક છે, પેલો છે ને ભેદજ્ઞાનસિદ્ધા? એનું છે.

**ભેદજ્ઞાન સંવર જિન્હ પાયૌ,**
**સો ચેતન સિવરૂપ કહાયૌ.**
**ભેદગ્યાન જિન્હકે ઘટ નાંહી,**
**ભેદજ્ઞાન સંવર જિન્હ પાયૌ,**
**તે જડ જીવ બંધૈ ઘટ માંહી. ૮.**

શરીર માંહી. બહુ કળશો હિન્દી.. એના પછી ઓલો શ્લોક છે.

**ભેદગ્યાન સાબૂ ભયૌ, સમરસ નિરમલ નીર,**
**ધોબી અંતર આતમા, ધોવૈ નિજગુન ચીર. ૯.**

એના પછી એ વાત કરી.

કહે છે, '**કારણ કે તેને જણાય છે કે પોતે સદા જ્ઞાનસ્વરૂપ જ રહ્યો છે,...**' જુઓ! આત્મા પોતાના જ્ઞાન અને આનંદ સ્વભાવને રાગથી ભિન્ન જાણતાં એમ જાણ્યું કે આ તો રાગરૂપ કોઈ દિ' થયો જ નથી. પુણ્ય-પાપના વિકલ્પરૂપે-આકુળતારૂપે-દુઃખરૂપે આ જ્ઞાનસ્વરૂપ કોઈ દિ' થયો નથી. સમજાણું કાંઈ? અહીં તો જરી જરી આમ સગવડતામાં આમ મીઠાશ (આવી જાય). એમાં જરી પાંચ-દસ લાખ મળી જાય, વીસ લાખ, પચાસ લાખ. પચાસ લાખ નહિ, બે અઢી કરોડ લ્યોને. ત્યાં જાણે આકાશે પાટું. આકાશે પાટુ

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


નથી કહેતા. ત્યાં અડે નહિ પાટું. કોણ જાણે શું થાય છે? પણ હવે ધૂળના ઢગલા બહાર જ્યાં આવે...

મુમુક્ષુ :- બોલાવે શેઠ... શેઠ... શેઠ...

ઉત્તર :- શેઠ એ શબ્દ ધૂળ છે. બોલાવે બોલાવે શેઠ એ ધૂળ છે. એમાં ધૂળમાં આવ્યો ક્યાં આત્મા?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ક્યાં ધૂળમાંય નથી નામ જરી. હોય ત્યાં આમ ચાલે, આમ ચાલે. મલપતો ચાલે.

મુમુક્ષુ :- લાકડી છૂટી જાય પછી.

ઉત્તર :- લાકડી છૂટી ગઈ હતી નહિ? ખબર છે ને? અમને ખબર છે ત્યાં બેઠા હતા. લાકડી પહેલી છૂટી ગઈ. લાકડી પહેલી નહોતી અને પછી લાકડી લઈને નીકળ્યો. ખોટ ગઈ હતી. કયું ગામ કીધું? ... જોડે જ મકાન (હતું). અપાસરે ત્યાં જોડે બેઠા હોય બારી પાસે. ત્યાંથી નીકળે દેરાસરે. સોનાનો કંદોરો નાખીને. લાકડી કેમ લીધી? ખોટ ગઈ છે. આવા ને આવા. આ તો ઘણા વર્ષની વાત છે, હોં! (સંવત) ૧૯૮૪ પહેલાની.

મુમુક્ષુ :- ખરી દવા જ ઈ છે ને.

ઉત્તર :- દવા એ છે. ખરી દવા ઈ છે. જ્યાં બે કરોડ, પાંચ કરોડ થાય ત્યાં હૂંફ ચડી જાય જડની. દારૂની, દારૂની. આહાહા..!

ભાઈ! તારા ઘરમાં એ ક્યાં છે? એ ઘરની લક્ષ્મી ક્યાં છે? આ તો રાગ પણ તારા ઘરની લક્ષ્મી નથી તો એ ચીજ તો ક્યાં રહી ગઈ. આહાહા..! છન્નું હજાર સ્ત્રીના વૃંદમાં પડ્યો. અરે..! અમે તો આનંદ સ્વરૂપ છીએ. આ રાગ પણ અમારા સ્વરૂપ નહિ, એ તો દુઃખરૂપ છે. સમજાણું કાંઈ? ગૃહસ્થાશ્રમમાં રહ્યા છતાં. ગૃહસ્થાશ્રમમાં રહ્યા એ તો લૌકિક અપેક્ષાની વાત છે. જ્યાં આત્મા પોતાના શુદ્ધ સ્વભાવની અંતર દૃષ્ટિ થઈ એ આત્મામાં જ છે એ. રાગમાં નથી તો વળી ગૃહસ્થાશ્રમમાં છે એમ પણ નિમિત્તથી કથન એ તો છે. આહાહા..! સમજાણું?

કહે છે કે જ્યાં આત્મા પોતાનો કાયમી અસલ જ્ઞાન અને આનંદ સ્વભાવરૂપ, એને પુણ્ય-પાપના રાગથી ભિન્ન પાડીને અભ્યાસ કરતાં જે આત્માનું તળ હાથ આવ્યું, એ તો જ્ઞાનસ્વરૂપ અને આનંદરૂપ છે એમ અનુભવ થતાં એને એમ થઈ જાય છે કે હું તો સદાય આવો જ રહેલો છું. હું કોઈ દિ' રાગરૂપ થયો નથી. રાગરૂપ થયો હોય તો છૂટો પડે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? કહો, સમજાણું કાંઈ? જુઓ!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

'**પોતે સદા જ્ઞાનસ્વરૂપ જ રહ્યો છે,...**' અનુભવ થયો કે રાગથી ભિન્ન પડીને આ તો આત્મા સદા ત્રણે કાળે આ રૂપે જણાયો તે રૂપે જ રહેલો છે. એમાં રાગાદિ હોય એ ત્રણ કાળમાં નથી. ભિન્ન જ હતો પણ ભાસતો નહિ. સમજાણું કાંઈ? '**રાગાદિરૂપ કદી થયો નથી.**' ભાષા જુઓ! એ વિકલ્પ જે પુણ્યનો દયા, દાન, વ્રતનો વિકલ્પ આ મેં છોડ્યું, મૂક્યુંની વૃત્તિ રાગ એ રૂપે આત્મા કદી થયો જ નથી. સમજાણું કાંઈ? થયો હોય તો જુદો કેમ પડે? જુદો જણાતા તે જુદા રાગરૂપે કોઈ દિ' થયો નથી એમ એને અનુભવમાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ આમાં? ભારે વ્યાખ્યા. પહેલા શ્લોકની છે આ બધી. ત્રણ ગાથાના પહેલા શ્લોક છે ને, ભાઈ! હજી બે ગાથાની છે, હોં. હજી એક ગાથા રહી ગઈ હતી.

'**માટે આચાર્ય મહારાજે કહ્યું છે કે હે સત્પુરુષો!**' સમજાણું? નથી એમ કીધું ને બે ગાથામાં? નથી. '**उवओगोम्हि य कम्मं णोकम्मं चावि णो अत्थि**' એ બે ગાથાની ટીકા થઈ ગઈ. એમાં કહે છે કે આવો નથી એમ ભાસે છે એમ એમાંથી કાઢ્યું. સમજાણું કાંઈ? નથી એમ કહ્યું છે પણ નથી એમ ભાસે છે. છે એમાં શું? તો એ જાણનાર અને આનંદ છે એમ ભાસ્યું તો આ આત્મામાં રાગાદિ ત્રણ કાળમાં નથી એમ ભાસે છે. હવે એને વ્યવહાર કરવો અને વ્યવહારથી નિશ્ચય થાય, કહે છે કે એ વાત જ રહી નહિ. વ્યવહારરૂપે થયો નથી. વ્યવહાર એટલે રાગ આ દયા, દાનના વિકલ્પ એ રૂપે આત્મા કોઈ દિ' થયો જ નથી અને કરે કે દિ'? સમજાણું કાંઈ?

એકરૂપ માન્યતા હતી. એકરૂપ થયો નહોતો. થયો હોય તો છૂટો પડે કેમ? સમજાણું કાંઈ? ભારે. આવી ધર્મની રીત હશે કરવાની? પછી ભગવાન પાસે જઈને સ્તુતિ કરી નાખે, હે ભગવાન! તારી દેજો. લ્યો. હે ભગવાન! તારો. પ્રભુ! આ તમને શું કરવા પધરાવ્યા છે અહીં ત્યારે? મૂર્તિ પધરાવી. ગાયન ગાય બે, ચાર, દસ, પચ્ચીસ, પચાસ. કહે છે કે ભાઈ! એ તરનારો તો ભગવાન તરવાના સ્વભાવથી ભરેલો જ છે. સમજાણું કાંઈ? એ બૂડવાનો સ્વભાવ રાગરૂપે કોઈ દિ' થયો નથી. એમ કહે છે. સમજાણું કાંઈ?

'**માટે આચાર્યમહારાજે કહ્યું છે કે હે સત્પુરુષો! હવે તમે મુદિત થાઓ.**' એ આનંદના અનુભવમાં આવો હવે. એમ. આનંદને જ અનુભવો. વારંવાર અતીન્દ્રિય આનંદને જ અનુભવો. એ જ આત્માનું કર્તવ્ય અને આચરણ છે. લ્યો! એ એનો આચાર છે. આત્માનો આચાર આ. પુણ્ય-પાપના રાગથી ભિન્ન પડીને આત્માને અનુભવવો એ આત્માનું આચરણ છે. જેમાં આચરણમાં આનંદ છે. જેના આચરણમાં કોઈ વિકલ્પની અપેક્ષા કાંઈ રહેતી નથી.

હવે ટીકા ત્રીજી ગાથાની. ત્રીજી ત્રીજી છે ને?

**एदं तु अविवरीदं णाणं जइया दु होदि जीवस्स।**
**तइया ण किंचि कुव्वदि भावं उवओगसुद्धप्पा।।१८३।।**

૧૮૩મી ગાથા. આ બે ગાથાની ટીકા થઈ.

‘**ટીકા :- આ રીતે આ ભેદવિજ્ઞાન જ્યારે જ્ઞાનને અણુમાત્ર પણ...**’ અણુમાત્ર પણ. ‘**(રાગાદિવિકારરૂપ) વિપરીતતા નહિ પમાડતું થકું...**’ દેખો! અણુ-એક વિકલ્પનો અંશ પણ. જ્ઞાનની અંદર આ રાગ અંશ છું એમ નહિ પમાડતું થકું ‘**અવિચળપણે રહે છે,...**’ આ રીતે આ ભેદવિજ્ઞાન રાગથી, વિકલ્પથી, પુણ્ય-પાપથી, બહિર્મુખ વૃત્તિઓથી, અંતર્મુખ સ્વભાવ ભિન્ન પાડતા ભગવાન આત્મા જ્ઞાનને અણુમાત્ર પણ. એ જ્ઞાન સ્વરૂપને અંશમાત્ર પણ સ્વભાવથી વિપરીત એવો રાગ એવા વિપરીતતાને નહિ પમાડતું થકું. સ્વભાવથી વિપરીત એવો જે વિકલ્પ, એ વિકલ્પ વિપરીત છે, એ વિપરીતતાને નહિ પમાડતું થકું. જ્ઞાનસ્વભાવને રાગ જે જ્ઞાનથી વિપરીત છે તો એ વિપરીતપણાને નહિ પમાડતું થકું અવિચળપણે જ્ઞાન જ્ઞાનમાં રહે છે. સમજાણું કાંઈ?

‘**આ રીતે આ ભેદવિજ્ઞાન...**’ માથે કહ્યું ને કે ઉપયોગમાં ઉપયોગ છે. ઉપયોગમાં ક્રોધ અને કર્મ, શરીર નથી. અને વિકાર અને શરીર અને કર્મમાં ઉપયોગ નથી. એમ કહ્યું બેમાં. એ રીતે જ્યારે ભેદવિજ્ઞાન થયું ત્યારે જ્ઞાનને એટલે આત્માના સ્વભાવને ‘**અણુમાત્ર પણ...**’ એક વિકલ્પ નાનામાં નાનો રાગ એ પણે, વિપરીત છે એ રાગ, એ વિપરીતતાને નહિ પમાડતું અવિપરીતપણે રાગરહિત જ્ઞાનનું જ્ઞાનમાં અવિચળપણે રહેતું થકું. અવિચળપણે રહે છે. સમજાણું કાંઈ? એ વ્યવહારનો વિકલ્પ આવે તેપણે જ્ઞાન વિપરીતપણે નહિ, એને વિપરીતપણે નહિ પરિણમાવતું થકું. આહાહા..!

રાગથી ભિન્ન પડેલું જ્ઞાન એવો જે આત્મા, એવા આત્મસ્વભાવને જરી પણ રાગભાગપણે વિપરીતપણે નહિ થયું થકું. જુઓ! વિપરીતતા નહિ પમાડતું થકું. જ્ઞાન પોતાનો સ્વભાવ તેને પમાડતું થકું અને વિપરીતપણું નહિ પમાડતું થકું. વિપરીત કહ્યું હતું ને અંદર? અત્યંત સ્વરૂપવિપરીતતા નહોતું કહ્યું? અત્યંત સ્વરૂપવિપરીતતા ટીકામાં આવ્યું હતું. એને કીધું. ‘**एदं तु अविवरीदं णाणं**’ કીધું ને? ઓલું તો નથી-નથી કીધું ને? નથી કીધું માટે ચાલ્યું. આ નથી, આ નથી, એટલું બે ગાથામાં આવ્યું. એમાંથી કાઢ્યું. એટલે ‘**एदं तु अविवरीदं णाणं**’ એમ કીધું ને ત્રીજી ગાથામાં. જ્યારે આ રીતે અવિપરીત જ્ઞાન ‘**जइया दु होदि जीवस्स। तइया ण किंचि कुव्वदि भावं उवओगसुद्धप्पा।**’ ઓહોહો..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એકલી જુદી પાડી. બેને સમજાવ્યું કે આમાં આ નથી, આમાં આ નથી.

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એમ જ્યારે અવિપરીત જ્ઞાન થાય છે ત્યારે તે જ્ઞાનને રાગ વિપરીતપણે તે જ્ઞાન પરિણમતું નથી. એમ કહે છે એમાં. બે ગાથાની ટીકા કરી, એનો એક શ્લોક મૂક્યો, એનો ભાવાર્થ ભર્યો. સમજાણું? પાઠમાં છે ને? '**एदं तु अविवरीदं णाणं**'. એમ છે ને? '**एदं तु अविवरीदं णाणं जइया दु होदि जीवस्स।**' અવિપરીત એટલે ઓલું જે વિપરીત હતું. શું વિપરીત? કે રાગરૂપે હું છું, શરીરરૂપે હું છું, શરીરની ક્રિયા હું કરું છું. સમજાણું?

અહીં તો શરીરને દાસ કરે. સમજાણું? ..? કોણ વશ કરે? ધૂળ પોતે વશ તાબે નથી કરતું એમ. પોતે તાબે થાય છે. સેવક છે. ઈતની વિચિત્રતા કિ સેવક હોતે હુએ ભી સ્વામી હૈ શરીર. ઐસા દાસ હૈ જો માલિકકો અપને અધિકારમેં રખતા હૈ. જોયું! માલિક શરીર સાચવે એને અધિકારમાં રાખે શરીર. ઉસે અપને આદેશ ઔર સંકેતો પર ચલાતા હૈ. શરીર આદેશ અને સંકેત ઉપર આત્માને ચલાવે છે. શરીરકો જબ સેવક માના ગયા હૈ તો ઉસે અપને સ્વામી આત્માકે સંકેતોંકે અનુસાર ચલના ચાહિયે. હોવું આમ જોઈએ કહે છે. સેવક માના ગયા તો ઉસે અપને સ્વામી આત્મા કે સંકેત.. ઉસકે આદેશ નિર્દેશકા પાલન કરના ચાહિયે. કિંતુ ઉલ્ટા હી હો રહા હૈ. ઉલટા હી હો રહા હૈ. ઓલો હુકમ કરે એમ ચાલે. આરેરે..! આ શું પણ? હુકમ કોણ કરે અને ચાલે કોણ? ધૂળેય હુકમ (કરે નહિ), એને બિચારાને ખબરેય નથી.

સેવકને સ્વામીકો અપને બંધનમેં બાંધ રખા હૈ. ઔર વહ બાજીગરકે બંદર કી તરહ ઉસે મનચાહે ઢંગસે નચા રહા હૈ. શરીરકે બંધન ક્યા હૈ? વિકાર, વાસના, ભોગેચ્છા યહી ઉસકે સુદઢ બંધન હૈ. આત્મામેં બંધનોમેં અનાદિકાલ સે બંધા.. ભી સેવક બના ચલા રહા હૈ. અપને સેવકકા ભી સેવક બના ચલા રહા હૈ. જડને શું, કાંઈ બિચારાને ખબરેય નહિ. આવાને.. લોકો એમ કહે કે આહાહા..! કેવી વાત કાઢે છે ને. ઈ એક બાકી રહી ગયા તમારા અભ્યાસમાં. એ અભ્યાસ કરવા જેવા હતા. આહાહા..! સ્વામી કેવો? એક એક રજકણ ઈશ્વર સ્વતંત્ર ઈશ્વર છે. એક એક રજકણ ઈશ્વર છે. એનો એ. એની પર્યાયને બીજો પરિણમાવી દે અને બીજાની પર્યાયને એ પરિણમાવી દે એવું છે જ નહિ. આહાહા..!

મુમુક્ષુ :- અજ્ઞાન હોય ત્યાં..

ઉત્તર :- અજ્ઞાન હોય તો પણ એમ નથી. એ તો માને છે અજ્ઞાની કે હું શરીરને પરિણમાવું છું. શરીર મને દાબે. એ તો માન્યતાથી માને છે. માને છે. ઓલો દાખલો નહોતો આપ્યો એણે? અનુભવપ્રકાશમાં. એક પથરો મોટો હતો ને. એની સાથે વઢ્યો. રાતનું અંધારું હતું. પુરુષાકારે પથરો મોટો, પુરુષાકારે. એને ખબર નહિ કે આ પથરો છે. વઢ્યો. પડ્યો ઉપર. ભાઈસાહેબ હું હાર્યો. તું જીત્યો લે. પણ ઓલો પથરો છે. ભાઈ! તું જીત્યો અને

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


હું હાર્યો. હવે ઉભો થા. ઓલો ઉભો થાય નહિ. ત્યારે ખબર પડી કે ઓય મારો આ તો જડ છે. આમ ને આમ માન્યું છે એણે. એની મેળાએ માન્યું છે, લે તું જીત્યો અને હું હાર્યો. આવે છે ને? અનુભવપ્રકાશમાં આવે છે. આ શરીરને કહે, ભાઈ! તું જીત્યો અને હું હાર્યો. લે. મૂઢ તારી માન્યતામાં છે કે... આહાહા..!

અહીં તો આસ્રવે સંવરને જીત્યો હતો. એ સંવરે આસ્રવનો તિરસ્કાર કર્યો. લ્યો, આ આવ્યું છે. ભેદજ્ઞાનમાં આમ છે. પુણ્ય-પાપના પોતાના વિકાર પરિણામે એની માન્યતાને અને એ હું છું એની માન્યતા દ્વારા, સંવર એટલે ભેદજ્ઞાનની દશાને એણે ઉત્પન્ન થવા દીધી નહિ એને જીત્યો કહેવાય છે. જીત્યો કહેવાય છે. સમજાણું? ત્યારે સંવરે તિરસ્કાર કર્યો. તિરસ્કારનો અર્થ ઉત્પન્ન થવા દીધો નહિ. બિલકુલ નહિ. હું તો જ્ઞાનાનંદ છું એમાં આસ્રવ અને ફાસ્રવ કેવા? મારા સ્વરૂપમાં તો અનંત જ્ઞાન અને વીતરાગતા પડી છે. અનંત જ્ઞાન અને વીતરાગતા. વીતરાગ વિજ્ઞાનઘન આત્મા છે. ત્યાં વળી આસ્રવ ઉત્પન્ન થાય અને આસ્રવનું ઘર-સ્થાન એ આત્મા કેવો? સમજાણું કાંઈ? ઓલામાં આવ્યું છે ને? એમ કે વેરી કોણ હોય? કે પોતાનો ભાવ વેરી હોય. એમ કહ્યું. ચિદ્‌વિલાસમાં નથી કહ્યું? વેરી પર ન હોય. એમ. કર્મ વેરી નહિ.

મુમુક્ષુ :- શાસ્ત્રમાં આવે છે.

ઉત્તર :- એ તો નિમિત્તની વાત છે. ઓલો ભાવકર્મ અને દ્રવ્યકર્મ બેય એક ગણીને કરી નાખ્યું. ભાવકર્મને અને એને ભેગું ગણીને. સમજાણું? વેરી, નિશ્ચયથી તો વેરી પોતે પોતાનો ભાવ હોય એ વેરી હોય. બીજો વેરી હોઈ શકે નહિ. એ તો પ્રવચનસારમાં નથી આવ્યું? અનિષ્ટ-ઈષ્ટ. વિકારભાવ તે અનિષ્ટ છે, સ્વભાવ તે ઈષ્ટ છે. ઈ બે વેરી છે. પરની સાથે શું સંબંધ છે? એ તો જગતના પદાર્થ છે. એને કારણે એ પરિણમ્યે જાય છે. એની પરિણતિને કોણ રોકે અને કોણ ન કરે? સમજાણું? સેવક પણ નથી. એ તો અનંતા પરમાણુ ઈશ્વર એ એનો સેવક હશે એમ ને? અનંતા ઈશ્વર છે એ તો. એક ઈશ્વરનો અનંતા ઈશ્વર સેવક?

કહે છે, **'આ રીતે ભેદવિજ્ઞાન જ્યારે જ્ઞાનને અણુમાત્ર પણ વિપરીતતા નહિ પમાડતું થકું...'** અવિપરીત જ્ઞાન થયું ને? **'ત્યારે અવિચળપણે રહે છે,...'** આત્મા રાગને પોતાપણે માનતું ત્યારે જ્ઞાનને વિપરીતપણે પરિણમાવતું. જ્ઞાનસ્વરૂપ એવો આત્મા એને રાગપણે હું છું એમ માનતો ત્યારે જ્ઞાનને વિપરીતપણે પરિણમાવતું એટલે માનતો. એ જ્ઞાનને મારું સ્વરૂપ જ્ઞાન જ છે, રાગ નહિ એમ ભેદજ્ઞાન થતાં અવિપરીતપણે થયું જ્ઞાન, એ રાગ જે વિપરીત છે એ વિપરીતપણે જ્ઞાન બિલકુલ નહિ થયું થકું. વિપરીતપણે જ્ઞાન નહિ (પમાડતું),

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

જ્ઞાનનું વિપરીતપણું નહિ થયું થકું અવિચળપણે રહે છે. જ્ઞાન, જ્ઞાનમાં છે. જ્ઞાને જ્ઞાનનું પરિણમન કર્યું. રાગને લઈને નહિ, રાગપણે નહિ, રાગપણે નહિ, રાગપણે પરિણમાવ્યું નહિ, રાગને લઈને જ્ઞાન નહિ, જ્ઞાન જ્ઞાનમાં રહ્યું પોતાને કારણે અવિચળપણે રહ્યું છે. સમજાણું કાંઈ? છે ને પુસ્તક?

**'ત્યારે શુદ્ધ-ઉપયોગમયાત્મકપણા વડે...'** જુઓ! છે? **'तदा शुद्धोपयोगमयात्मत्वेन ज्ञानं ज्ञानमेव केवलं सन्न किञ्चनापि रागद्वेषमोहरूपं भावमारचयति।'** લ્યો, અહીં તો શુદ્ધોપયોગ અહીંથી લીધો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અરે..! અહીંની વાત છે ચોથેથી. સમજે નહિ ને. વસ્તુ પોતે શુભ-અશુભભાવપણે નથી એટલે સામે શુદ્ધ લીધું. અહીં આસ્રવથી રહિત કહેવું છે ને? પુણ્ય-પાપના વિકલ્પો આસ્રવ છે એનાથી રહિત થયું એટલે શુભાશુભભાવથી રહિત શુદ્ધઉપયોગરૂપ થયું. એમ કહેવું છે. શું કીધું સમજાણું આમાં? શુભ અને અશુભભાવ બેય આસ્રવ છે. એનાથી જુદું પાડતા એ ભાવવાળો ન રહ્યો, બીજા ભાવવાળો થઈ ગયો. એ શુદ્ધભાવ થયો. એમાં શું પણ, સીધી વાત છે પણ. આહાહા..!

આસ્રવ એટલે શુભાશુભભાવ. હવે એનાથી અવિપરીતજ્ઞાન ભિન્ન પડ્યું. ઓલું વિપરીત હતું કે હું એ છું. શુભ-અશુભભાવ હું છું, શુભ-અશુભભાવ હું છું એટલે રાગ હું છું. ત્યારે તો વિપરીત હતું. જ્ઞાન વિપરીત (પરિણમતું). ભેદ પાડ્યો કે આ હું નહિ. ત્યારે જ્ઞાનમાં શુભાશુભભાવ તો આવ્યા નહિ. ત્યારે આવ્યું શું? થયું શું? જ્ઞાન શુદ્ધોપયોગપણે પરિણમ્યું એને અહીંયાં ભેદજ્ઞાન કહેવામાં આવે છે. આહાહા..! બહુ સારો કળશ છે, હોં! આ ટીકા છે. અર્થ લ્યો ને.

**'(રાગાદિવિકારરૂપ) વિપરીતતા નહિ પમાડતું થકું...'** ઓહોહો..! શું કહે છે? વસ્તુ ભગવાન આત્મા જ્ઞાન અને આનંદ સ્વરૂપ છે એની મોજૂદગીમાં રાગ-દ્વેષના, પુણ્ય-પાપના ભાવ નથી એમ જ્યારે એમાં શરીર, કર્મ નથી એ બધું આવી ગયું. પણ આમ આટલા જ અહીં તો ભાગ પાડ્યા. ઓલામાં તો બધું પાડ્યું હતું ને. પણ એ બીજાનું કામ નથી અહીં. એટલે એમાં આ જ ભાવ લીધો. નહિતર ઓલામાં તો...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. જુઓને, કળશમાં એમ લીધું અને ટીકામાં એમ લીધું. સમજાણું ને? નહિતર મૂળ પાઠમાં ગાથા એ હતી કે ક્રોધાદિ નથી તેમ કર્મ પણ નથી, તેમ નોકર્મ પણ નથી. એનું અહીં કામ નથી. એ પણે તો કોઈ દિ' થાય જ છે કે દિ'? માન્યતા કરે તો પણ

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


શરીરરૂપે થાય જ કે દિ'? રાગ અને વિકલ્પપણે માને તો રાગરૂપે પરિણમે છે એમ એ માને છે. તો એ વિપરીત જ્ઞાન હતું. સમજાણું કાંઈ?

એ જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા પુણ્ય-પાપના આસ્રવરૂપ શુભાશુભ ઉપયોગ એટલે અશુદ્ધઉપયોગ, અશુદ્ધઉપયોગ. એનાથી જ્ઞાનસ્વભાવને જુદું પાડતાં અવિપરીત જ્ઞાન થયું. ત્યારે શુભાશુભ રાગપણે જ્ઞાનને નહિ પરિણમાવતું થકું અવિચળપણે શુદ્ધઉપયોગપણે રહે છે. '**ત્યારે શુદ્ધ-ઉપયોગમયાત્મકપણા વડે...**' શુદ્ધઉપયોગ-આત્મ એટલે શુદ્ધઉપયોગસ્વરૂપપણા વડે, શુદ્ધ ઉપયોગ સ્વરૂપપણા વડે. લ્યો! સમજાણું કાંઈ? '**જ્ઞાન કેવળ જ્ઞાનરૂપ જ રહેતું થકું...**' શુદ્ધઉપયોગ શુભ આચરણ. જોયું! અહીં શુભ આચરણ થયું એ. સમજાણું કાંઈ?

શુદ્ધ વસ્તુ જ્ઞાન અને શુદ્ધ ચૈતન્ય તરફ વળતાં, અંતર ઢળતાં શુભાશુભ પરિણામપણે એ જ્ઞાનને વિપરીત નહિ પમાડતા થકા, અવિપરીતપણે શુદ્ધ સ્વરૂપપણે રહ્યું થકું '**કેવળ જ્ઞાનરૂપ જ રહેતું થકું...**' જ્ઞાન અને આનંદ. એટલે ઓલા રાગરૂપે નહિ. એમ. કેવળ જ્ઞાનનો અર્થ? રાગરૂપે નહિ. પણ જ્ઞાનપણે, શ્રદ્ધાપણે, આનંદપણે એ બધું જ્ઞાનરૂપ છે. '**જ્ઞાન કેવળ જ્ઞાનરૂપ જ રહેતું થકું...**' શુદ્ધઉપયોગપણાના સ્વભાવ દ્વારા તે જ્ઞાન, તે આત્મા પોતાના શુદ્ધ સ્વભાવમાં રહેતું થકું '**જરા પણ...**' જરા પણ '**રાગદ્વેષમોહરૂપ ભાવને કરતું નથી;...**' લ્યો! ભાષા એમ છે ને? '**ण किंचि कुव्वदि**' એમ છે ને? છેલ્લો શબ્દ. જુઓ! છે અધિકાર સંવરનો. પણ એ કર્તા મૂક્યું. કરે છે ત્યાં એ મિથ્યાત્વભાવ છે. ભેદજ્ઞાન થયું નથી. સમજાણું કાંઈ? નથી કરતું એટલે પરિણમતું નથી. એમ. નથી કરતું એટલે પરિણમતું નથી. કરે છે એટલે કે રાગમાં એકત્વ થઈને પરિણમે છે. એમ. મિથ્યાત્વભાવમાં, રાગમાં એકત્વ થઈને પરિણમે છે.

અહીંયાં કરતો નથી. શુભાશુભભાવ જે રાગ, એનાથી ભિન્ન પાડતાં જે સ્વભાવ અવિચળપણે રહ્યું તે શુદ્ધાત્મપણા વડે જરા પણ.. સમજાય છે? '**જરા પણ રાગદ્વેષમોહરૂપ ભાવને કરતું નથી;...**' લ્યો, અહીં કરતું થકું નાખ્યું એમાં. એટલે પોતે જ્ઞાનસ્વરૂપ છે, આનંદસ્વરૂપ છે તે જાણવાપણે પરિણમતું થકું. રાગપણે બિલકુલ રાગને નહિ કરતું થકું. તો ભેદજ્ઞાનથી, જ્યારથી ભેદજ્ઞાન થયું ત્યારથી જ્ઞાન જ્ઞાનમાં રહ્યું થકું. રાગપણાને બિલકુલ નહિ કરતું થકું. રાગપણે જ્ઞાનને જરાય વિપરીતપણે નહિ પમાડતું થકું, એ જ્ઞાન રાગને જરીએ કરતું નથી. આહાહા..! જરીએ કરતું નથી? થઈ ગયા વીતરાગ? સાંભળને હવે. આહાહા..! હિંમતભાઈ! ક્યાં નાખે ઓલો.

'**જરા પણ...**' એમ છે ને? શું અંદર છે? '**सन्न किञ्चनापि रागद्वेषमोहरूपं भावमारचयति**' છે ને? જુઓ! '**आरचयति**' '**आरचयति**'નો અર્થ જ કરતું નથી એમ કર્યું?

'**आरचयति**' છે. આચરંતિ નથી. શબ્દ ફેર પડો ગયો. '**आरचयति**' છે. '**आरचयति**' એટલે આચરતું નથી. રચતું નથી, રચતું નથી. સમજાણું? ભાવનું '**आरचयति**' ભાવને આચરતું નથી. આચરતું એટલે રચતું નથી. એમ. એને રચતું નથી એટલે કરતું નથી. પાઠમાં એમ છે ખરું ને? પાઠમાં છે ને એ ગાથામાં. ટીકા. ત્રીજી. ત્રીજીમાં છે ને? '**ण किंचि कुव्वदि**' એ '**कुव्वदि**' ટીકામાંથી. '**आरचयति**' સમજાણું કાંઈ? આહા..! જ્ઞાની, રાગથી ભેદ પડેલું જ્ઞાન તેને, જ્ઞાની જ્ઞાનપણે રહેતો રાગને કિંચિત્ પણ કરતો નથી. આહાહા..!

મુમુક્ષુ :-

ઉત્તર :- ત્રણે નાખ્યા છે ને અહીં તો મિથ્યાત્વ સહિતનો ભાવ છે ને, જુઓ! મોહ નાખ્યો છે. રાગદ્વેષમોહ ત્રણ. બે એક. .. રાગદ્વેષ કરતો નથી. કરતો નથી, એનું જ્ઞાન કરે છે.

'**રાગદ્વેષમોહરૂપ ભાવને કરતું નથી; તેથી (એમ સિદ્ધ થયું કે) ભેદવિજ્ઞાનથી શુદ્ધ આત્માની ઉપલબ્ધિ (અનુભવ) થાય છે...**' આત્માનો અનુભવ થાય છે-આત્મા પ્રાપ્ત થાય છે. જે પુણ્ય-પાપને પ્રાપ્ત થયેલો આત્મા મિથ્યાત્વમાં હતો એ પુણ્ય-પાપના વિકલ્પથી જુદો પડીને ભેદજ્ઞાન દ્વારા શુદ્ધ આત્માની પ્રાપ્તિ થાય છે. આત્માની પ્રાપ્તિ થાય છે-જેવો આત્મા છે તેવો અનુભવમાં આવે છે. કહો, સમજાણું કાંઈ? લ્યો, આ પૈસા મળે છે એમ કહે છે. આત્મા મળે છે એમ કહે છે. આહાહા..! આત્માની પ્રાપ્તિ થાય છે એમ કહે છે. ક્યાંય વયો ગયો હતો? હા. રાગ અને વિકલ્પમાં ખોવાઈ ગયો હતો. સમજાણું?

મુમુક્ષુ :- પૈસા મળે એની વાત કરે તો બેઠો હોય તો ઊભો થઈ જાય.

ઉત્તર :- હા, પૈસા મળે તો. ધૂળમાંય નથી. દુઃખી છે બિચારા. ક્યાંય એ બધા ધોળા કોટ પહેરીને, સોનાના બટન પહેરીને આમ આમ ચાલે.

મુમુક્ષુ :- હવે સોનાના...

ઉત્તર :- આ તો પહેરતા હતા ને અત્યારે. સાકરચંદભાઈ. હવે બહુ શોખ એવો રહ્યો નહિ. બહારનો નહિ. બીજો શોખ વધી ગયો. મોટરું, ખાવાના ને પીવાના. શું કહેવાય તમારે હોટલુંમાં. એક એક જણને ખવરાવે, પાંચસોને ખવરાવે તો પાંચ-પાંચ રૂપિયા કહે છે. એક તો એમ કહે છે. એક ટંકના. પાંચસોને ખવરાવે તો પચ્ચીસો રૂપિયા. એવી રીતે .. આઠ-આઠ રૂપિયા. મેં વળી પાંચનું કીધું. મગજમાં તો કાંઈક આવતું હતું કે વધારે કહે છે. આઠ-આઠ રૂપિયા. શીખંડ, પુરી, પતરવેલીયાના ભજીયા, આમ દહીંથરા મોળા ને એમાં વળી રસનું ટાણું હોય તો ઊંચામાં ઊંચી કેરીનો રસ. આહાહા..! શું છે? ભાઈનું સગપણ કર્યું છે ને એટલે આ મહેમાનોને બોલાવ્યા છે. હોટલમાં જમાડી દીધા. કેટલો ખર્ચ? ચાર હજાર રૂપિયા.

મુમુક્ષુ :- ચાર હજાર હોય?

ઉત્તર :- આ તો ખવરાવાના લ્યો ને. પાંચસો માણસને. એય..! અતુલભાઈ! આ બેય કુંવારા છે હજી. બેય શેઠિયાના દીકરા છે. બેય પરણશે ને હજી. પરણશે ત્યારે હજી શું થાશે? કહો, આવા ડંફાસ છે. આહાહા..! 'દાદુ દુનિયા બાવરી ખોટા કરે ગલ,...' ગાડુ કહે છે ને? હવે ગાડુ ન રહ્યું, બસમાં લ્યો, મોટરમાં લ્યોને. 'મોટરમાં લાવીને ઘેર લઈ લાવ્યો જાણે જીત્યા ટોડરમલ.' એવો શ્લોક છે, હોં! 'દાદુ દુનિયા બાવરી ખોટા કરે ગલ,' ખોટી મજાઓ માણે છે મફતની જૂઠા. અને ગાડામાં બેસાડીને લાવ્યો હેલ. આ બસમાં બેસાડીને લાવ્યો, મોટરમાં બેસાડીને લાવ્યો, લ્યોને.

મુમુક્ષુઃ- વિમાનમાં.

ઉત્તર :- વિમાનમાં લ્યો ને આ ઉતર્યું. 'જીત્યા ટોડરમલ્લ.' જ્યાં ટોડરમલ જીત્યા. બાયડી સારી આવી એટલે જાણે. શું હશે આ તે? એય..! આ પ્રાપ્તિ ઉપરની વ્યાખ્યા ચાલે છે. અહીં આત્માની પ્રાપ્તિ થાય છે એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા..!

'**ભેદવિજ્ઞાનથી શુદ્ધ આત્માની ઉપલબ્ધિ (અનુભવ) થાય છે...**' પ્રાપ્તિનો અર્થ ઓલો ઉપલબ્ધ છે ને અનુભવ? પ્રાપ્ત એટલે જે રાગમાં પ્રાપ્ત હતો ત્યાં અહીં અનુભવમાં આત્મા જ પ્રાપ્ત થયો. તે આત્મા જ મળ્યો અને આત્માને પ્રાપ્ત થયો. એમ. 'તે તો પ્રભુએ આપીઓ' એનો અર્થ ઈ. આવે છે ને? આ શું કહ્યું વળી પાછું? આત્મા આપતા હશે? હા, એમ બોલાય. સાંભળને. અમે આત્મા શું છે એ જાણતા નહોતા. ભગવાન! આપે જણાવ્યું તો આપે આત્મા આપ્યો. જુઓ! અહીં કીધું ને, આત્મા પ્રાપ્ત થયો. એટલે આત્મા ક્યાંય વયો ગયો હતો? પણ રાગથી ભિન્ન પાડીને જ્યાં દૃષ્ટિ કરી, અનુભવ કર્યો (તો) ઉપલબ્ધ થયો-પ્રાપ્ત થયો.

'**અને શુદ્ધ આત્માની ઉપલબ્ધિથી રાગદ્વેષમોહનો (અર્થાત્ આસ્રવભાવનો) અભાવ જેનું લક્ષણ છે એવો સંવર થાય છે.**' લ્યો, આ સંવર આવ્યો. સમજાણું કાંઈ? ટીકામાં છે, હોં! '**रागद्वेषमोहाभावलक्षणः संवरः प्रवभवति।**' એ તો સંવરની વ્યાખ્યા જ ઉપાડી છે ને. સમજાણું? કહો, '**રાગદ્વેષમોહનો અભાવ જેનું લક્ષણ છે એવો સંવર થાય છે.**' ત્યારે સંવર થાય છે. આહાહા..! વિશેષ કહેશે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**જેઠ વદ ૧૪, ગુરુવાર તા. ૬-૦૭-૧૯૬૭**
**ગાથા-૧૮૪-૧૮૫, પ્રવચન-૨૬૮**

સમયસાર. સંવર અધિકાર. ૧૮૩ ગાથા પૂરી થઈ. **'હવે પૂછે છે...'** શિષ્યનો પ્રશ્ન છે **'કે ભેદવિજ્ઞાનથી જ શુદ્ધ આત્માની ઉપલબ્ધિ (અનુભવ) કઈ રીતે થાય છે?'** શું પૂછ્યું છે? કે આત્માને પુણ્ય-પાપના ભાવ અને શરીરાદિ બધું પર છે અને આત્મા એનાથી અંતર જુદો છે એવું આત્માનું જેને ભેદજ્ઞાન થાય તેને જ આત્માનો અનુભવ કઈ રીતે થાય? સમજાણું? ભેદવિજ્ઞાનથી જ શુદ્ધ આત્માનો અનુભવ કઈ રીતે થાય? એમ પ્રશ્ન છે. માથે કહ્યું હતું ને, જ્ઞાનીને રાગ-દ્વેષ થતા નથી.

ધર્મી એને કહીએ, આત્મા જ્ઞાન અને શુદ્ધ આનંદસ્વરૂપ છે એની દૃષ્ટિ રાખીને એનો અનુભવ કરે એને ધર્મી કહીએ. ધર્મી કહો કે ભેદવિજ્ઞાની કહો. ધર્મી એટલે જે અનાદિથી પુણ્ય-પાપના રાગ અને પરવસ્તુ, એમાં પોતાપણાની માન્યતાથી જે અધર્મ દૃષ્ટિ હતી અને એને અનુભવ હતો વિકારનો, એને વેદન હતું વિકારનું, અનુભવ હતો એકલો પરને અનુસરીને એકલો વિકારનો, એ અધર્મ દૃષ્ટિ છે. જેને ભેદજ્ઞાન નથી, રાગ, પુણ્ય-પાપના ભાવ અને પરવસ્તુ એનાથી જેને એકપણાની માન્યતા છે એને ભેદજ્ઞાન નથી, જુદાપણાનું ભાન નથી. જુદાપણાનું નથી એટલે એકપણે રાગને પોતાપણે માનીને પ્રતિકૂળતામાં દ્વેષનો અનુભવ, અનુકૂળતામાં રાગનો અનુભવ, રાગ અને દ્વેષને એ વેદે અનુભવે છે.

ભેદજ્ઞાનીને શુદ્ધાત્માની ઉપલબ્ધિ-પ્રાપ્તિ કેમ થાય છે? એમ પૂછ્યું છે. સમજાણું કાંઈ? ધર્મી જીવને આત્મા પુણ્ય-પાપના ભાવથી અને શરીરાદિ કર્મથી જુદો છે એવું જ્યાં ભેદજ્ઞાન થયું એને આત્માનો અનુભવ કેમ થાય છે? એને જ આત્માની પ્રાપ્તિ કેમ થાય છે? એમ પ્રશ્ન છે. એની આ ગાથા છે.

**जह कणयमग्गितवियं पि कणयभावं ण तं परिच्चयदि।**
**तह कम्मोदयतविदो ण जहदि णाणी दु णाणित्तं।।१८४।।**
**एवं जाणदि णाणी अण्णाणी मुणदि रागमेवादं।**
**अण्णाणतमोच्छण्णो आदसहावं अयाणंतो।।१८५।।**

**જ્યમ અગ્નિતપ્ત સુવર્ણ પણ નિજ સ્વર્ણભાવ નહીં તજે,**
**ત્યમ કર્મઉદયે તપ્ત પણ જ્ઞાની ન જ્ઞાનીપણું તજે. ૧૮૪.**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

**જીવ જ્ઞાની જાણે આમ, પણ અજ્ઞાની રાગ જ જીવ ગણે,**
**આત્મસ્વભાવ-અજાણ જે અજ્ઞાનતમ-આચ્છાદને. ૧૮૫.**

'**ટીકા :- જેને ઉપર કહ્યું તેવું ભેદવિજ્ઞાન છે...**' ઉપર કહ્યું હતું તેવું એટલે? પ્રથમ જ ધર્મ પામતા આત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિ અનંત ગુણનો પવિત્ર પિંડ પ્રભુ છે. ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરે કેવળીએ કહ્યો, જોયો એવો. એવા આત્માની અંતર્મુખ થઈને જેને બહિર્મુખથી ભેદ થયો છે, અંતર્મુખમાં એકાકાર થયો છે. એવું જે ભેદજ્ઞાન, એને કહ્યું હતું એવું ભેદજ્ઞાન એટલે આ. સમજાણું કાંઈ? '**ઉપર કહ્યું તેવું ભેદવિજ્ઞાન...**' નાનામાં નાનો રાગનો અંશ પણ મારા સ્વભાવમાં, શુદ્ધ વસ્તુમાં છે નહિ. કેમ કે વસ્તુ સ્વભાવ અને વિભાવ બે ચીજ જ તદ્દન ભિન્ન છે. સમજાણું કાંઈ? ચૈતન્યપ્રભુ સર્વજ્ઞ સ્વભાવ એટલે પૂર્ણ જાણવાના સ્વભાવ અને આનંદવાળું તત્ત્વ. એને વિકલ્પ નામ પુણ્ય-પાપની વૃત્તિઓથી છૂટીને અંતરમાં પરથી ભેદજ્ઞાન થયું એટલે પરથી ખસ્યો અને અંતરમાં આવ્યો. તો એવા ભેદવિજ્ઞાનીને... પૂછયું છે એનો ઉત્તર કહ્યો છે.

'**જેને ઉપર કહ્યું તેવું ભેદવિજ્ઞાન...**' એટલે આ કહ્યું તેવું. '**તે જ તેના (ભેદવિજ્ઞાનના) સદ્ભાવથી...**' એટલે કે આત્મા આનંદ અને જ્ઞાનનો સૂર્ય છે અને રાગાદિથી પર છે. દયા, દાન, વ્રત, ભક્તિના વિકલ્પો છે એ રાગથી પણ પ્રભુ પર છે. એવી અંતરમાં ભેદજ્ઞાન શક્તિ ઉઘડી, ખીલી છે તેના કારણે. એમ. તેના સદ્ભાવથી. ભેદવિજ્ઞાન છે તે જ તેના સદ્ભાવથી '**જ્ઞાની થયો થકો...**' જુઓ! સમજાણું કાંઈ? જ્ઞાની થયો કહો કે ધર્મી થયો કહો.

'**ઉપર કહ્યું તેવું ભેદવિજ્ઞાન છે તે જ...**' તે જ. એટલે તે જ. '**તેના સદ્ભાવથી...**' સ્વભાવ શુદ્ધ ચૈતન્ય અને રાગના વિકલ્પથી જુદું પડ્યું એવું ભેદજ્ઞાન, તેની હયાતીથી જ્ઞાની થયો થકો. જુઓ! આમ આ રીતે જ્ઞાની થયો થકો. આમાં એમ નથી કહ્યું કે આટલી ક્રિયા કરનારો જ્ઞાની થયો થકો, આટલું ભણ્યો માટે જ્ઞાની થયો થકો. '**જ્ઞાની થયો થકો...**' આ કારણે ધર્મી થયો થકો. આ કારણે જ્ઞાની થયો થકો. કહો, સમજાણું આમાં? '**આ પ્રમાણે જાણે છે :-**' ધર્મી પુણ્ય-પાપના વિકલ્પોથી પર જુદું ચૈતન્ય એમ ભેદવિજ્ઞાન થયો તે જ આત્મા પરથી જુદાપણાના જ્ઞાનના હયાતીને લઈને જ્ઞાની-ધર્મી થયો થકો. ધર્મી એમ જાણે છે કે.. જુઓ! દાખલો આપ્યો છે સંયોગનો. સંયોગનો આપ્યો છે. કર્મનો અંદર આકરો ઉદય આવે તો જોડાય અને આની કોર ભેદ પાડે એમ નથી લીધું. લીધું છે એવું કે એને પ્રતિકૂળ સંયોગ મળે કે અનુકૂળ મળે. ભલે પ્રતિકૂળનો દાખલો છે.

'**જેમ પ્રચંડ અગ્નિ વડે તપ્ત થયું થકું પણ...**' આકરા અગ્નિના ભડકાથી સોનું તપ્ત

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


થયું થકું પણ. '**સુવર્ણ...**' એ સોનું '**સુવર્ણત્વને છોડતું નથી...**' સમજાણું? સંયોગનો દાખલો આપ્યો. એટલે એમ કે સંયોગથી અને રાગથી ભિન્ન જાણ્યું છે માટે તેને પ્રતિકૂળ સંયોગ વખતે એના તરફનું વલણ નથી એથી તેને આવા કર્મના ઉદયથી ઘેરાયેલો છતાં તે સ્વભાવની એકતામાં પડ્યો છે માટે તેને રાગ અને દ્વેષ થતો નથી. એમ સિદ્ધ કરવું છે.

ફરીને. આ તો દૃષ્ટાંત છે કે '**જેમ પ્રચંડ અગ્નિ વડે તપ્ત થયું થકું પણ સુવર્ણ સુવર્ણત્વ છોડતું નથી તેમ પ્રચંડ કર્મોદય વડે ઘેરાયું...**' એ કર્મોદય એટલે ઘાતિકર્મ અંદરનો એ અહીં નથી લેવું. ભાઈ! કારણ કે અંદરથી રાગથી જ્યાં ભિન્ન પડ્યો છે એને સંયોગ પ્રતિકૂળ હોય તો પણ પ્રતિકૂળથી તો ભિન્ન છે. આહાહા..! એટલે પ્રતિકૂળને કારણે એને દ્વેષ આવે છે, ખેદાઈ જાય છે એમ છે નહિ. એમ કહેવું છે. કહો, દેવાનુપ્રિયા! રાજમલજી! આ તો વકિલ છે હુશિયાર. આમાં સમજાય એવું છે. હુશિયાર માણસ છે ને. કહો, સમજાણું આમાં? આહાહા..! જુઓને! કેવી શૈલીએ વાત કરે છે!

જ્યાં આત્મા પરથી ભિન્નનું ભેદજ્ઞાન જ્યાં વર્તે છે એને લઈને ધર્મનો જ્ઞાની થયો થકો, આત્માનું જ્ઞાન જાણનારને આત્મામાં જ્ઞાની થયો થકો, સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની થયો થકો, એને સુવર્ણનું સુવર્ણપણું અગ્નિથી તપતું થકું તે સુવર્ણ પોતાના ભાવને છોડતું નથી. સોનું સોનાના ભાવને છોડતું નથી. '**તેમ પ્રચંડ કર્મોદય વડે...**' દૃષ્ટાંત તો આપ્યો છે ને ઓલામાં પાંડવનો. પાંડવ આદિ. દાખલો તો અહીં એ જ લેવાયને. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. હા. પ્રતિકૂળતાની. એ તો પુણ્યનો ઉદય લઈ લેવો એમાં બેય લેવું. સંયોગથી અનુકૂળથી ઘેરાયેલો કે પ્રતિકૂળથી ઘેરાયેલો એનાથી ભેદજ્ઞાન વર્તે માટે તેના તરફના રાગ-દ્વેષ થતાં નથી.

મુમુક્ષુ :- .. એમાં તો મજા પડે ને.

ઉત્તર :- ના ના. એ તો દાખલા માટે કીધું. પાછી બેય વાત કરીને જુદી. સમજાણું કાંઈ? એ તો દાખલો તો એ આપેને સમજાવવું હોય તો. અનુકૂળતામાં ગલગલીયા થાય. પણ એ ગલગલીયા અનુકૂળતામાં થતાં જ નથી સમકિતીને. ધર્મીને અનુકૂળ શાતાના ઉદયના ગંજ હોય તો તેને તે લલચાવતા નથી. કેમ કે તેનાથી ભિન્ન આત્માના આનંદનો અનુભવ છે. આત્માના આનંદનો અનુભવ છે. એથી ભેદજ્ઞાનીને અનુકૂળતાના ગંજ એને એ પોતે એને લલચાવીને રાગ કરાવે એવી ચીજ રહી નથી એને. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- એવી વાત કરોને...

ઉત્તર :- એ બેય લાગુ પડે છે એ પણ તપ્ત જ છે બધું. દાખલો તો એવો આપે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ને જરી પ્રતિકૂળનો દેખાયને. એય..! મલૂકચંદભાઈ! આ બધું પૂછે છે તમારા ઘરનું બધું. આમ પૈસાવાળા આટલા આટલા કરોડપતિ થઈ ગયા છોકરાઓ. બધા હેરાન-હેરાન છે. એને ક્યાં ભેદજ્ઞાન ભાન ક્યાં છે?

મુમુક્ષુ :- ભેદજ્ઞાન તો છે ને. રૂપિયા એના છે બીજાના નથી એમ.

ઉત્તર :- ના. ના. એ પૈસા મારા છે અને અમને અમારા અમે... પૈસા મારા માનનાર જડને પોતાનું માને છે. પૈસા પોતાના માનનાર જડનું કારણ જે કર્મ એને પોતાના માને છે. પૈસા પોતાના માનનાર પૂર્વના શુભભાવ હતા વિકાર એ પણ મારા છે એમ માને છે અને એને લઈને મને મળી ચીજ છે એમ માનીને તેને રાગદ્વેષ થયા વિના રહે નહિ. આત્મા ખંડ ખંડ થઈ જાય છે એમ કહે છે. અહીં અખંડ થાય છે એમ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? આહાહા..!

'**પ્રચંડ કર્મોદય...**' જુઓને પાંડવોને. અહીં શેત્રુંજય. પાંચ પાંડવો ચડ્યા. મહા ત્રણ તો ચરમશરીરી હતા. ધર્મરાજા, ભીમ અને અર્જુન. સહદેવ અને નકુલ એકાવતારી થયા. જરી રાગ રહી ગયો. એવું તો આવે છે કે નીકળ્યા હતા આમ પોતે ભગવાનના દર્શન કરવા. અહીંથી આપણે નેમિનાથ ભગવાનના દર્શન કરશું. ત્યાં અહીં આવ્યા. ત્યાં સાંભળ્યું કે નેમિનાથ ભગવાન ગીરનાર મોક્ષ પધાર્યા. એટલે એમ ને એમ ચડી ગયા ઉપર શેત્રુંજય ઉપર. ધ્યાનમાં. એમાં દુર્યોધનનો ભાણેજ આવી. એને બેને લડાઈ થયેલી ખરીને પાંડવો અને કૌરવોની. છે ને મોટું બધું સાંભળેલું. દસ વર્ષની ઉંમરે મોટી ત્યાં એની કથા છે. માણ-માણભટ્ટ. બધી એક એક વાત બધી આખી સાંભળેલી બેસીને ત્યાં. ઉમરાળામાં છે ને ઓલી કન્યાશાળા? પહેલા કન્યાશાળા આપણે લેવાનું મન થયું હતું ને, મનસુખને. એ કન્યાશાળા. ત્યાં બહાર. પણ આ તો ઘણાં વર્ષની વાત, હોં! ૬૮ વર્ષ પહેલાંની વાત. ત્યારે માણભટ્ટ હતો. લાડવા ખાય ચુરમાના. અને ગાણા ગાય. આજ તો ફલાણાના મળ્યા અને એમ જાણે ગાય. એ ગાણા ગાય. કાલનું કરજો. ચુરમાના લાડવા હોં ઉડાડે સરખા. પછી આ વાત માંડી હતી એણે.

અરે..! પાંડવો ત્યાં આગળ ધ્યાનમાં રહ્યા. મુનિ હતા. ભગવાન આત્માનું ચારિત્ર અંદર સ્વરૂપમાં રમણતા આનંદ પ્રગટ કરેલો. સમ્યગ્દર્શન તો પહેલું કરેલું પણ પછી મુનિ થયા એટલે આત્માના અતીન્દ્રિય આનંદની અંદર ઉગ્ર જેણે અનુભવના પ્રચંડ સ્વસંવેદન અને શાંતિ વેદાતી. એમાં જરી આ ખબર પડી કે ભગવાન પધાર્યા મોક્ષ. અરેરે..! બસ. ચાલો. આહાહા..! આમાં તો એવું આવે છે. આમાં કોણ જાણે મહિના-મહિનાના અપવાસ કરતા. શ્વેતાંબરમાં મહિના-મહિનાના અપવાસ (આવે છે). આત્માના આનંદમાં હતા. વાત સાંભળી કે બસ!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


હવે આપણે દેહ છોડીએ. સમાધિ લઈએ. સમાધિ કરી. ચડ્યા શેત્રુંજય ઉપર. એમાં ઓલો આવ્યો ભાણેજ. લોઢાના ધગધગતા દાગીના પહેરાવ્યા, મુગટ લોઢાનું. આહાહા..! આવા ઉપશાંત રસના કંદ જેવા મુનિ (સામે) પણ આવું સાટુ વાળવાની વૃત્તિ. જુઓને! એ દશા શું થાય? બેયનો દાખલો છે આમાં. સામે સામે છે ને. બીજો અજ્ઞાનીનો છે.

મહાન વીર્યના પૂતળા. મહા પાંડવો સંસારમાં પણ મહા યોદ્ધા હતા. અહીં પણ આનંદકંદમાં આમ ઝુલતા હતા. નગ્ન મુનિ. મુનિ તો નગ્ન જ હોય. એને વસ્ત્ર-પાત્ર હોઈ શકે નહિ ત્રણ કાળમાં. સમજાણું કાંઈ? એ આમ ધ્યાનમાં (હતા). ત્રણ તો પોતાની શ્રેણીમાં સ્થિર થઈને કેવળજ્ઞાન પામ્યા. બે ભાઈઓને જરી વિચાર આવ્યો કે અરે..! આ બે ભાઈઓ ધર્મ મુનિને શું થતું હશે? કોમળ બહુ હતા ને પાછા. એવો એક વિકલ્પ આવ્યો શુભભાવ. આયુષ્ય બંધાઈ ગયું સર્વાર્થસિદ્ધિનું. બે ભવ થઈ ગયા. સર્વાર્થસિદ્ધિમાં પાછો છેલ્લો મનુષ્યનો. અહીં શેત્રુંજય ઉપર. એવી શાંત સ્થિરતા. આત્મા રાગથી ભિન્ન અનુભવના આનંદમાં છે એટલે એને પ્રતિકૂળતાના સંયોગ તરફનું લક્ષ નથી. અનુકૂળ આનંદ તરફ જ એનો અનુભવ છે. એથી એવું કર્મથી ઘેરાયેલું છતાં.

'**ઘેરાયું થકું પણ (અર્થાત્ વિઘ્ન કરવામાં આવતાં છતાં પણ)...**' એમ લખ્યું છે ને બહારનું. '**જ્ઞાન જ્ઞાનત્વ છોડતું નથી,...**' જ્ઞાન એટલે આત્મસ્વભાવનો જે રાગથી પુણ્યના વિકલ્પથી જુદું ભાન થયું છે એવો જે આત્મા આત્માપણું છોડતું નથી. એ પોતાનો જ્ઞાન, દર્શન અને આનંદસ્વભાવનું પરિણમન તે છૂટતું નથી. સમજાણું કાંઈ?

આનંદ આત્મા ચૈતન્ય ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ શાશ્વત સત્ જ્ઞાન અને આનંદનો કંદ પ્રભુ (છે), એવું જ્યાં અંદરમાં દયા, દાન, વ્રતના વિકલ્પ છે, રાગ છે એનાથી ભિન્ન પડીને આત્માનું ભાન થયું છે અને એના ઉપરાંત અહીંયાં તો મુનિનો દાખલો આપ્યો છે કે ઘણી આત્માની શાંતિના ઉભરા આવે છે અંદર. આહાહા..! અતીન્દ્રિય આનંદની દશામાં (ઝુલે છે). કહે છે કે એવા કર્મના ઉદયથી વિઘ્ન કરવામાં આવતા છતાં ધર્મી પોતાના આનંદ સ્વરૂપ સચ્ચિદાનંદ પ્રભુ, એનો અંતરમાં અનુભવ હોવાથી એ આત્માનું આત્માપણું એટલે અનુભવપણું ત્યાં છૂટતું નથી. કહો, સમજાણું કાંઈ?

વસ્તુ જ્ઞાન, આનંદ સ્વરૂપના ભાનમાં પરના તરફની વૃત્તિ જ જ્યાં નથી અને હોય, ઉઠે એનાથી પણ ભિન્નપણે આત્માને અનુભવે છે. એને જ્ઞાન એટલે આત્મા, જ્ઞાનત્વપણું. એટલે વસ્તુ આનંદપણું, એનું શુદ્ધભાવપણું, એનું અનુભવપણું, આનંદનું અનુભવપણું એવી પ્રતિકૂળતાના સ્થાનમાં પણ તે અનુભવ છૂટતો નથી. કહો, સમજાય છે કાંઈ?

એમ અનુકૂળ લઈ લેવું. ચક્રવર્તીને છ ખંડના રાજ છે. છન્નું હજાર સ્ત્રીના વૃંદમાં પડ્યો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

દેખાય પણ રાગથી ભિન્નનો અનુભવ છે. આહાહા..!

મુમુક્ષુ :- મજા કરે છે?

ઉત્તર :- મજા કરે છે આત્માના આનંદમાં. બહારમાં મજા માનતો નથી. એ અશુભ રાગ થાય ભોગનો એમાં પ્રીતિ નથી, રુચિ નથી, પ્રેમ નથી. પ્રેમ પડ્યો છે પ્રભુમાં. આત્મા આનંદ સ્વરૂપ ભગવાન એના પ્રેમમાં એને અશુભ રાગ રહ્યો એ પણ પ્રેમને લૂટતો નથી. પ્રીતિ નથી. ઉપસર્ગ જાણે છે. રાગને ઉપસર્ગ રોગ જાણે છે. આહાહા..! સમજાણું કાંઈ? ધર્મી જીવને રાગભાવ આવે તેને એ રોગ જાણે છે. એને મારાપણે માનતો નથી એટલે તેને રાગથી ભિન્નપણાનો અનુભવ છૂટતો નથી. એમ કહે છે. સમજાણું કાંઈ?

'**કેમ કે હજાર કારણો ભેગાં થવા છતાં...**' હજાર તો દાખલો આપ્યો છે હોં! બાકી અનંતા કારણો ભેગા થવા છતાં ભગવાન આત્મા જ્યાં શુભની વૃત્તિ વિકલ્પ છે એનાથી પણ ભિન્નપણે આત્માની દૃષ્ટિ અને અનુભવ છે એવા ધર્મીને લાખ અનંત કારણો મળો તો પણ '**સ્વભાવને છોડવો અશક્ય છે;....**' જાણ્યું છે સ્વરૂપ, એનો અનુભવ એ કેમ છૂટે કહે છે. લાખ અનંત કારણો મળો પ્રતિકૂળ કે અનુકૂળ, એ જ્ઞાને જ્ઞાનનો ભાવ, આત્માએ આત્માના આનંદનો સ્વભાવ અંતર જાણ્યો, જોયો, અનુભવ્યો છે. એને અનંત પ્રતિકૂળ કારણ મળો તો પણ તે કાંઈ વસ્તુનો છેદ કરી શકતું નથી. કેમ કે હજાર કારણ મળતાં છતાં સ્વભાવને છોડવો અશક્ય છે. સ્વભાવ છૂટે? જાણ્યું છે કે હું તો આનંદ છું. હું તો એ જ્ઞાનનો સચ્ચિદાનંદ સૂર્ય છું. એવું જ્યાં ધર્મીએ આત્માને આમ જાણ્યો છે એને પ્રતિકૂળતાના અનંત સંયોગો એના સ્વભાવને કેમ છોડાવી શકે? સમજાણું કાંઈ? એને અનુકૂળતાની સામગ્રી લલચાવી શકે ને ઓગાળે નહિ, પ્રતિકૂળતાની સામગ્રી અગ્નિની પેઠે બાળે એમ પણ નથી. આહાહા..! સમજાણું કાંઈ?

'**કેમ કે હજાર કારણો ભેગાં થવા છતાં સ્વભાવને છોડવો અશક્ય છે; કારણ કે તેને છોડતાં સ્વભાવમાત્ર વસ્તુનો જ ઉચ્છેદ થાય,...**' ભગવાન આત્મા પુણ્ય-પાપના રાગથી ભિન્ન એવો આત્માનો સ્વભાવ, જ્યાં અનુભવમાં આવ્યો, કહે છે કે એવા અનુભવને અનંત કારણો મળે બહારના એને ન ફેરવી શકે. જો પર ફેરવે તો તો ભાવનો નાશ થાય. ભાવનો નાશ થતાં વસ્તુનો નાશ થાય. સમજાણું કાંઈ? સૂક્ષ્મ વાત છે, ભાઈ! આ કાંઈ બહારથી મળે એવી નથી. બહારના ત્યાગ કરીને મરી ગયો અનંત વાર.

ભગવાન અંદર સચ્ચિદાનંદ પ્રભુ અનાકૂળ આનંદનો નિત્યાનંદ કંદ છે. ખબર નથી. ઝાંવા આમ નાખે છે જાણે અહીંથી મળશે, અહીંથી મળશે. દયા, દાન, ભક્તિ, વ્રત, તપના ભાવ કરું તો મળશે એ બધા વિકલ્પો છે. એમાં આત્મપ્રાપ્તિ એનાથી નથી. એનાથી ધર્મ નથી

અને પ્રાપ્તિ નથી. કહો, જ્યાં ત્યાં રખડ્યા કરે શેત્રુંજય અને સમ્મેદશિખર. ત્યાં આત્મા મળશે. ત્યાં નથી. આત્મા ત્યાં ક્યાં હતો તો મળે એવો છે. એ મલૂકચંદભાઈ! જઈ આવ્યા છો ને. હવે તો જઈ આવ્યા એટલે પછી વાંધો નથી ને. આહાહા..!

ભગવાન આત્મા શાશ્વત વસ્તુ, શાશ્વત ધ્રુવ ચિદાનંદની મૂર્તિ પ્રભુ આત્મા છે. એ પોતે જ નિજ સ્વરૂપમાં વસ્તુ પડી છે. એને બહાર શોધવાથી કાંઈ મળે નહિ. અને જેણે બહારથી પૃથક્ કરીને શોધીને અનુભવ્યો એને બહારના પ્રતિકૂળના અનંત કારણ મળે પણ તેનો ભાવ પ્રતિકૂળ થાય એવું બની શકે નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

કહે છે, '**તેને છોડતાં સ્વભાવમાત્ર વસ્તુનો જ ઉચ્છેદ થાય,...**' જુઓ! સ્વભાવ છૂટે, અનુભવ છૂટે, પ્રતિકૂળ કારણે આનું સત્ છૂટે અનુભવનું તો અનુભવ છૂટતા વસ્તુનો નાશ થઈ જાય. '**અને વસ્તુનો ઉચ્છેદ તો થતો નથી...**' વસ્તુ સત્... સત્... સત્.. શાશ્વત વસ્તુ ભગવાન આત્મા શાશ્વત ધ્રુવ સચ્ચિદાનંદ પ્રભુ, એવી જે આત્મચીજ, એનો જ્યાં રાગ અને પુણ્યથી ભિન્ન ભાન થયું એ સત્ય તે સત્ જ છે. એ સત્નો નાશ થતો નથી. આહાહા..! ભારે ભાઈ ધર્મ! આવો ધર્મ કઈ જાતનો હશે આ? એ ન્યાલચંદભાઈ!

લાખ તારા પૂજા ને ભક્તિ ને જાત્રા ને સામાયિક ને પોષા ને પડિક્કમણા કર, એ બધા વિકલ્પ અને રાગ છે. એ ધર્મ નથી અને ધર્મ એનાથી પમાતો નથી. ભેદજ્ઞાનથી પમાય છે. એમ કહ્યું છે ને અહીં તો? આહાહા..! વિકલ્પથી, રાગથી ભિન્નપણે જ્યાં ભેદજ્ઞાન છે તે ભેદજ્ઞાનના સદ્ભાવે જ્ઞાની થયો થકો, પ્રતિકૂળતાના અનંત ગંજ આવી પડે પણ તે ભેદજ્ઞાનનો અનુભવ તેને છૂટતું નથી. અને એ અનુભવ છૂટે તો ભાવ છૂટ્યો, ભાવ છૂટ્યો તો દ્રવ્ય પણ નાશ થઈ જાય. તો સત્નો નાશ કદી થતો નથી. આહાહા..!

ભગવાન આત્મા શાશ્વત ચીજ છે, અનાદિઅનંત છે. આદિ અને અંત વિનાની અણકરેલી અનાશ-નાશ ન થાય એવી ચીજ વસ્તુ છે. એની દશામાં પુણ્ય અને પાપના વિકલ્પો રાગ ઉઠે એ તો દોષ અને અવગુણ છે. એનાથી જ્યાં ભેદજ્ઞાન થયું, ભેદજ્ઞાન થયેલો જ્ઞાની થયો એને પ્રતિકૂળતાના સંયોગો કંઈ પણ નુક્સાન કરી શકતા નથી. એને લાખ વિઘ્ન કરો પણ એને એ વિઘ્ન અડતા નથી. એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**કારણ કે સત્ના નાશનો અસંભવ છે.**' વસ્તુ છે વસ્તુ, આસ્તિક, આસ્થા જ્યાં અંદરમાં આ જ આવો છે એમ પ્રતીત ભાનમાં આવ્યું, સત્ પ્રભુ, આખું તત્ત્વ સત્રૂપે સત્ શાશ્વત છે એવું રાગ અને પુણ્ય-પાપના ભાવથી ભિન્ન ભાનમાં આવ્યું એને કોણ રોકી શકે? એને પ્રતિકૂળતા કોણ કરી શકે? અને અનુકૂળતાથી લાલચમાં એને કોણ રાગમાં ઓગાળી શકે? આહાહા..! સમજાણું કાંઈ? આ ઈન્દ્રાણીઓની લાલચ પણ ત્યાં મફત જાય. અને

આ પ્રતિકૂળ અગ્નિના સંયોગો આવે એ મફત જાય. એને કોઈ દ્વેષ ઊપજાવી શકે કે અનુકૂળ લાલચ રાગ ઊપજાવી શકે એમ છે નહિ. કેમ કે એનાથી ભિન્ન છે. ભિન્ન પાડેલું જ્ઞાન ભિન્ન ચીજથી ત્યાં ખસતું નથી. પોતાથી ખસતું નથી. વાત ભારે ભાઈ! દુનિયાએ ક્યાંય ક્યાંય માન્યું અને ક્યાંય વસ્તુ.

'સર્વજ્ઞનો ધર્મ સુશર્ણ જાણી...' શ્રીમદ્દે ન કહ્યું? 'આરાધ્ય આરાધ્ય પ્રભાવ આણી, અનાથ એકાંત સનાથ થાશે, એના વિના કોઈ ન બાહ્ય સ્હાશે.' સર્વજ્ઞ પ્રભુ પરમેશ્વર જેને એક સમયમાં-સેકન્ડના અસંખ્ય ભાગમાં ત્રણ કાળ ત્રણ લોક જણાણો. એવો જ ભગવાન આત્માનો જ્ઞાન સ્વભાવ છે. એવા સ્વભાવમાં ત્રણ કાળ ત્રણ લોકનું જ્યાં પ્રગટ જ્ઞાન જ્યાં ભાન થયું, એની વાણીમાં આ આવ્યું કે ભાઈ! જેને રાગની સાથે એકત્વબુદ્ધિ તૂટી છે અને શુદ્ધ સ્વભાવની સાથે એકત્વબુદ્ધિ (થઈને) ભેદજ્ઞાન પરથી થયું છે, એવા ધર્મી જીવને એ જ્ઞાની થયો થકો એને, સોનાને લાખ અગ્નિમાં મૂકો તો પણ સોનું સોનાભાવને છોડીને લોઢું થાતું નથી. ગમે એવી અગ્નિ તપાવો એને પણ સોનું છોડીને લોઢું થાય નહિ, કથીર થાય નહિ. એમ ભગવાન આત્મા ચૈતન્યબિંબ એવું આત્માનું અંદર રાગથી ભિન્ન ભાન, અનુભવ થયો એને પ્રતિકૂળતાના ભાવ ગમે તે હો, પણ એને આનંદના ભાવને તે વિઘ્ન કરી શકતું નથી. એમ કહે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ આનંદના અનુભવની દૃષ્ટિ છે અને અનુભવ છે. પ્રતિકૂળતાનો લાખ કરોડ વિઘ્ન આવે તો એ વિઘ્ન એને અડતા નથી. એના તરફની રુચિ જ નથી, પ્રેમ નથી અને એનાથી ભિન્ન પડેલો છે. સમજાણું કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બસ! એમ આત્મા આત્માપણે રહે છે એમ કહે છે.

મુમુક્ષુ :- ના, એ એમ કહે છે...

ઉત્તર :- સોનું છે એ તો દાખલો છે. સોનાનો સોનાપણાનો ભાવ પ્રતિકૂળ અગ્નિ આવે છતાં તે ભાવ છૂટતો નથી. એમ ભગવાન આત્મા રાગના કાટ વિનાનો ચૈતન્ય ભગવાન આત્માને અનુભવમાં આવ્યો, એવા આત્માને પ્રતિકૂળ લાખ કરોડ સંયોગ હો, તેને વિઘ્ન ઊપજાવી શકતું નથી. હવે અહીં તો દાખલાનો સિદ્ધાંત છે. અહીં દાખલો દાખલા માટે છે? આહાહા..! સમજાણું?

અહલ્યા અહલ્યા કહેવાય છે ને શું? ઓલા લક્ષ્મણને પાણી છાટ્યું એ. વિશલ્યા. વિશલ્યા પૂર્વે ચક્રવર્તીની દીકરી હતી. પછી જંગલમાં કો'કે નાખી દીધેલી. એમાં ત્યાં આહાર-પાણી

કાંઈ મળે નહિ. સંથારો કરી લીધો. સંથારો. એમાં કોઈ અજગર આવ્યો. જંગલ હતું. અજગર. આટલો ગળ્યો, આટલું મોઢું. ત્યાં એનો બાપ આવ્યો. અજગરને મારું. બસ કરો. મારે તો આહારનો ત્યાગ છે, હું આનંદમાં છું. બહાર મને કાઢશો તો પણ હું આહાર લેવાની નથી. મને સમાધિ સંથારો છે. ... આટલું ગળી નાખ્યું હતું. આટલું મોઢું બહાર હતું. બહાર ફેંકી. કુદરતે આવી પડ્યું લ્યો. .. છે. સ્થિતિ પૂરી થવાની, છે એ છે. હવે ઓલો અજગર ગળે છે તો ના પાડે છે. સમજાય છે? એના પ્રકારે પછી થઈ છે ને ઓલી વિશલ્યા. મોટું બ્રહ્મચર્ય. એનું આમ પાણી છાંટે ને... લક્ષ્મણને શક્તિ વાગી હતી ને રાવણની. શક્તિ વાગી હતી. એ પાણી જ્યાં છાંટ્યું ત્યાં જુઓ! હજી તો લગન કર્યા નથી. પણ એવી એની પુણ્ય પ્રકૃતિ એવી સ્થિતિમાં બંધાઈ ગયેલી. આ તો આત્માના ધ્યાનની વાત છે આ તો. આહાહા..!

ભગવાન આત્મા જેના સ્વભાવમાં તો અનંતતા બેહદ આનંદ પડ્યો છે. જેનું સ્વરૂપ જ જ્ઞાનાદિ બેહદ શક્તિવાળું તત્ત્વ છે. એવું જ્યાં અંતરમાં રાગથી ભિન્ન પડીને આટલા સ્વભાવ પ્રત્યેની અધિકતામાં દૃષ્ટિ ગઈ એ નિર્વિકલ્પ વેદન થયા વિના એ દૃષ્ટિ જાય નહિ. આહાહા..! ઉછળીને વીર્ય સ્વભાવની અનંતતા ઉપર ગયું. અને પરિમિત સાધારણ પુણ્ય-પાપનો વિકલ્પ આદિ છૂટા પડી ગયા. સમજાણું કાંઈ? દિપચંદજી! એનું નામ સમ્યગ્દર્શન. એનું નામ ધર્મની પહેલી શરૂઆત. ભાન ન મળે અને અમે ધર્મ કરીએ બધા. હેરાન થઈ થઈને.

કહે છે, ભાઈ! અપૂર્વ વાત છે, બાપા! ધર્મ એટલે કોઈ અપૂર્વ ચીજ છે. એ કહે છે કે જ્યાં અંતર ભાન થયા છે. પછી ભલે બાળક હો. સમજાય છે? કે એક દેડકું હો, પણ આત્મજ્ઞાન જેને ભેદજ્ઞાન થયું એને પ્રતિકૂળતાના સંયોગો એના જ્ઞાનના છેદ કરે, એના અનુભવનો છેદ કરે, તાકાત નથી કોઈની. સમજાણું કાંઈ? આહાહા..!

'**આવું જાણતો થકો જ્ઞાની...**' જુઓ! જે મારો સ્વભાવ છે શુદ્ધ આનંદ એ તો ત્રિકાળ છે. ત્રિકાળ છે. સત્ પ્રભુ ત્રિકાળ છે. એવો જ્યાં અંતરમાં અનુભવ થયો '**એવું જાણતો થકો જ્ઞાની કર્મથી આક્રાંત (ઘેરાયેલો, આક્રમણ પામેલો) હોવા છતાં...**' ઘેરો ઘાલ્યો ચારે કોરથી. શરીરમાં ક્ષુધા, શરીરમાં રોગ, પ્રતિકૂળતાના ઘેરા, દુશ્મનો આવીને મારે. તમારે રાજ જોતું હતું. એમ કરીને ઓલાએ પહેરાવ્યા છે ને લોઢાના. રાજ જોતું હતું, લ્યો આ રાજ. પરજ્ઞેય ઉપર લક્ષ જ નથી જ્યાં. ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદની ખાણ છે. એમાં એકાગ્ર થયેલા અમને કોઈ પ્રતિકૂળ દુનિયામાં છે જ નહિ. સમજાણું કાંઈ? એમ અમને કોઈ અનુકૂળ નથી. એમ પાછું ભેગું. અહીં તો પ્રતિકૂળતાનો દાખલો લીધો છે.

ધર્મીજીવ એને કહીએ કે જેને પુણ્ય-પાપના રાગ નિમિત્ત સંયોગોથી ભિન્ન ભાન થયું

છે. એવો જ્ઞાની કર્મથી ઘેરાયેલો હોવા છતાં '**પણ રાગી થતો નથી,...**' અહીં એ સિદ્ધ કરવું છે. ઓલામાં રાગને આત્મા માને છે એમ કહેશે. અહીં વિકારી થતો નથી. કેમ કે આત્મા રાગ વિનાનો અનુભવે છે. તેથી તેને પ્રતિકૂળ સંયોગમાં... રાગી... અનુકૂળ જુઓ. રાગી થતો નથી એટલે આવ્યું છે. એ આવ્યું હતું ને. દાખલો ઓલો આપ્યો છે. એય..! રાગી થતો નથી. ઓલામાં રાગ કરવો છે ત્યાં? આ અનુકૂળના ગંજ હોય તો એ તો પરવસ્તુ છે. મારી ચીજ તો મારી પાસે છે. હું તો આનંદની મૂર્તિ સચ્ચિદાનંદ પ્રભુ છું. આહાહા..! સમજાય છે કાંઈ?

ભગવાન અતીન્દ્રિય આનંદનો કંદ પ્રભુ છે. એની એને અનંત કાળથી ખબર નહોતી. એના જ્યાં અંતર ભાન થયા કે અરે..! આ આત્મા તો પોતાના શુદ્ધ સ્વભાવથી કોઈ દિ' છૂટ્યો નથી. છૂટ્યો જ નથી. પહેલો રાગથી માનતો હતો પણ શુદ્ધ સ્વભાવથી કોઈ દિ' છૂટ્યો નથી. એ તો માન્યતામાં એમ હતું કે હું રાગ છું, પુણ્ય છું, દેહ છું. માન્યતા હતી. વસ્તુ તો વસ્તુ તરીકે હતી જ. આનંદ પ્રભુ ધ્રુવ શાશ્વત અનાદિઅનંત. આદિ કેવી? વસ્તુને આદિ હોય? છે... છે... છે.. એવો ભગવાન આત્મા આદિ અંત વિનાનું તત્ત્વ ધ્રુવ સચ્ચિદાનંદ પ્રભુ એવા હોવાવાળા પદાર્થનું એમાં નહિ હોવાવાળા પદાર્થથી ભેદજ્ઞાન થયું. આહાહા..! એને અનુકૂળતાની સામગ્રી લલચાવીને રાગ કરાવતી નથી. એમ કહે છે.

જ્યાં સુખબુદ્ધિ જ ઊડી ગઈ છે. જગતના કોઈ પણ રજકણમાં દેવાંગનાઓ ઉપરથી ઉતરે, સુખબુદ્ધિ જ ઉતરી ગઈ છે. સુખબુદ્ધિ જ ક્યાં છે? સુખ તો મારામાં છે. હું પોતે આનંદકંદ પ્રભુ છું. મારો આનંદ મારામાં છે. આનંદ મારો પુણ્યના-પાપના ભાવમાં પણ આનંદ નથી. તો પછી એના ધૂળના ફળ આ બધા પૈસા ને માટી, ધૂળમાંય ક્યાંય સુખ છે નહિ. કહો!

મુમુક્ષુ :- ... સંયોગ મળે તો ધર્મ કરવો ઠીક પડે.

ઉત્તર :- ધૂળમાંય કરવો પડતો નથી અનુકૂળ સંયોગ. પ્રતિકૂળ સંયોગના પાર ન મળે. સાતમી નરકે સમ્યક્ પામે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. એની સામું જોતા નથી. સામું જોતા નથી. દાખલો છે એટલે નથી લખ્યું થોડું. પંચમ કાળના ધનાર્થીઓ ધની જીવો પૂર્વના પુણ્યને લઈને મળેલો વૈભવ અભિમાનીઓ. આટલું બતાવ્યું હતું ઓલામાંથી. થોડું વળી બીજામાં છે ક્યાંક. સમજ્યાને? કહ્યું હતું તે દિ'. શેમાં હતું? પરમ દિ' નહોતું કહ્યું? બે કહ્યું હતું. આત્માવલોકન. પરિગ્રહ... અનુભવપ્રકાશમાં. છે. એક ઓલામાં રત્નકરંડ શ્રાવકાચારમાં. પહેલું એ કહ્યું અને બીજું પછી કહ્યું થોડું ત્યાં.

સમયસાર નાટકમાં આવ્યું. નાટકમાં. કલહ.. એ તો કહ્યું હતું પછી બીજું. કલહ .. ઉપજાવ્યું.. વિધ્યાંચળ પર્વતમાં હાથી ઊપજે છે. એમ આ ધૂળ જે પૈસા છે એમાં કલહ-ક્લેશ ઊપજે છે. એય..! છોકરો ન માને તો અંદર ક્લેશ થાય થોડો.

મુમુક્ષુ :- છોકરો તો માને જ ને. ન માને એમ ન બને.

ઉત્તર :- ધૂળેય માનતો નથી. ઘણા ટળવળીયા કેટલા વર્ષથી કરે છે? એય..! હિંમતભાઈ! લોકો એમ કહે, હિંમતભાઈ એના કાકાનું માને. કો'ક એમ પણ બોલતા હશે. એમ કહે છે ભઈ લોકો, આપણને ક્યાં ખબર છે? એનો કાકો બોલે. ઓલો અનુકૂળ હોય તો બોલે એટલે માનતો હશે. બીજું શું વળી? બે અઢી ત્રણ કરોડ ફાટી ગયો પ્યાલો, તમને ગણે કોણ? એય..! હિંમતભાઈ! આહાહા..! હમણાં તો ત્યાં મોટું દિલ્લીમાં નહોતું મોટું આહાહા..! આઠ દિ'માં સાત લાખ અને અઢ્યોતેર હજાર. ફિલ્મમાં ઊપજ્યા. ફાટી ચાલેને ક્લેશ એકલો. ક્લેશ છે, ત્યાં ધૂળમાંય કાંઈ નથી. હોળી છે ત્યાં. પૈસામાં અને ધૂળમાંય કે દિ' સુખ હતું? બાયડીમાં કે દિ' હતું અને દેવમાં ક્યાં હતું? સુખ તો પ્રભુ તારામાં છે. સત્ શાશ્વત આનંદનો કંદ છો. એવી જ્યાં દૃષ્ટિ થઈ એને અનુકૂળતા લલચાવીને રાગ ઊપજાવી શકતું નથી. આહાહા..! સમજાણું?

એલાચી કુમારની વાત આવે છે ને? આમાં શ્વેતાંબરમાં બીજી આવે છે. ઉપર નાચતો હતો, ભાઈ! પણ આમાં બીજી વાત આવી હતી, આપણે આમાં આવી છે હોં! એ એલચીકુમાર રાજ મોટા શેઠનો દીકરોનો અબજોપતિ. અને રૂપાળો બહુ, લક્ષ્મી ઘણી. પણ એક નટની દીકરી આવી રૂપાળી બહુ. એના ઉપર મોહી ગયો. બહુ રૂપાળી. કુંવારી હતી. તો કહે, પરણું તો આને પરણું. એના બાપ પાસે ગયા. એમ પરણાય નહિ. મારી નાતમાં આવો અને આવું નાચો, રાજા પાસ કરે, કન્યા પાસ કરે કે આ નટ હવે થયો તો પછી તને પરણાવું. એ વિના હું પરણાવું નહિ. ભારે કરી. એનો બાપ ગયો. ભાઈસાહેબ તું પરણાવ. આ મારો છોકરો મરી જશે, હોં! અમારે લાખ શેઠિયા હોય તો અમારે નકામા. અમારે તો નટની કળા શીખે અને નટ બતાવે તો થાય. શીખ્યો નટ બરાબર. એવી શીખ્યો કે બે વાંસા ઉપર દોરડે નાચ્યો. ઊંધે માથે. વળી માથું સીધું રાખીને પાંચ પાંચ બેડા માથા ઉપર. એવી કળા. ખુશી થઈ ગયા બધા. ત્યાં ઊભા અંદર જ્યાં ઓલું.. એમાં કોઈ સાધુ નીકળ્યો ખરો ને. કોઈ સાધુ આહાર. બાઈ હશે પદ્મણી જેવી બાઈ. મુનિ મહારાજ નગ્ન દિગંબર. પ્રભુ! પધારો. ઓલો સામું જોતો નથી. ઓલો નજર કરે કે આહાહા..! ધન્ય એના અવતાર! આ હું નટડી માટે આ મારા ખેલ અને ઓલો સાધુ પદમણી જેવી આમ ઉભ્યું છે ત્રણ જણીયું. લ્યો મહારાજ... લ્યો મહારાજ.. સામું જોતો નથી. આહાહા..! ધન્ય અવતાર..! ધન્ય અવતાર..!

બધા ખુશી થઈ ગયા એવો નાચ કર્યો. હેઠે ઉતર્યો કે હવે તને આ કન્યા (પરણાવશું). ઉતર્યા ભેગો લોંચ કરી નાખ્યો, ફડાક દઈને. અમે તો આનંદના સાધનારા વનવાસમાં જાશું. અમારે નટડી-બટડી જોઈતી નથી. આહાહા..! કહો, સમજાણું કાંઈ?

અંતરમાં ભાન પ્રગટ્યું છે ને! નહિ, એ નહિ. અરે..! પ્રભુ! આનંદના ખજાના પડ્યા છે એને ખોલને. આ બધા અનુકૂળ પ્રતિકૂળતાના ખજાનામાં રોકાઈને રાગ દ્વેષથી કલુષિત છે. કહો, રાજમલજી! 'કલહ .. ઉપજાય .. અઘાય કો સમશાન..' ... રૂપી ગીધડાને ખાવાનું સ્મશાન છે પૈસા. ત્યાં ઓલો કહે મને આપો, ઓલો કહે મને આપો. બધા ભેગા થાય સગાવહાલા. ઓલા પૈસાવાળા હોયને સગા હેરાન કરીને મારી નાખે. આમ કરો, દયો અમને. આમ કરો. બધી મોટી વાત છે. બનારસીદાસમાં છે. અમારે હીરાજી મહારાજ બોલતા. 'કલહ .. કોક ગીધ.. કોમળ ખંડવે કો મહા...' નરમાશ આદિ હોય ને જ્યાં પૈસા આવ્યા ત્યાં આંખ્યું ફાટી ગઈ. અભિમાનીના પૂતળા. કહો, સમજાણું કાંઈ? એમાં પાંચ-દસ કરોડ (થયા).. આહાહા..! આને તો વળી શું હશે?

મુમુક્ષુ :- ચાલીસ કરોડ.

ઉત્તર :- ચાલીસ કરોડ. આના મામાના દીકરા પાસે. ચાલીસ કરોડ. નગદ. કોણ જાણે આંખ્યું ક્યાં ગઈ હશે? હેરાન હેરાનના રસ્તા છે. મરી જવાના બધા.

મુમુક્ષુ :- મજા તો માણી લઈએ.

ઉત્તર :- ધૂળેય મજા નથી, સોજા છે બધા. સોજા છે. એ સમાણા એટલે રાડ્યું નાખશે.

આ આત્માની જ્યાં આનંદની લક્ષ્મી જોઈ... આહાહા..! મારા ભંડારમાં તો અનંતો આનંદ પડ્યો છે. એ મેં કોઈ દિ' ખોલ્યો નહિ. એમ રાગથી ભિન્ન પાડીને જ્યાં ખોલવાની કુચી ખીલી, કહે છે કે અનુકૂળના ગંજ હો, રાગ થતો નથી. ભગવાન આત્માના પ્રેમમાં-આનંદમાં પડ્યો એને આ રાગ શા હવે? આહાહા..! સમજાણું કાંઈ? એ દ્વેષી થતો નથી. આ પ્રતિકૂળતા. વાઘ આવીને આમ ખાય.. શાંત.. શાંત. આહાહા..! સમજાણું?

'**દ્વેષી થતો નથી,...**' આવ્યું ને શ્રીમદ્‌માં નથી આવતું? 'એકાકી વિચરતો...'

એકાકી વિચરતો વળી સ્મશાનમાં,
વળી પર્વતમાં વાઘ-સિંહ સંયોગ જો.
અડોલ આસન ને મનમાં નહિ ક્ષોભતા.
પરમ મિત્રનો જાણે પામ્યા યોગ જો.
અપૂર્વ અવસર એવો ક્યારે આવશે?

આ શરીર મારું નથી અને જેને જોઈતું હોય એ લઈ જાય તો મારો મિત્ર છે એ. એવી

પ્રતિકૂળતામાં પણ વાઘને દેખીને રાડ પાડતો નથી, ભય પામતો નથી. જેને રાગ અને પરથી ભિન્ન આત્માનું જ્ઞાન થયું છે એવા જ્ઞાનીને પ્રતિકૂળતાના દ્વેષ થતા નથી.

'**મોહી થતો નથી,...**' એટલે કે એ મારા છે, મને નુક્સાન કરી શકે છે એવી માન્યતા તેને ઉત્પન્ન થતી નથી. સમજાણું કાંઈ? મારા માન્યા વિના નુક્સાન કરી શકે એમ માની શકે નહિ. મારા માન્યા વિના અનુકૂળ મને થઈ શકે એમ માની શકે નહિ. મારા છે (એ) બુદ્ધિ ગઈ છે. મારું તો મારી પાસે ચૈતન્ય ખજાનો છે. એવા ભાનમાં જ્ઞાનીને મોહી કરતો નથી. કોઈ ચીજ એને પોતાપણે મનાવી શકતી નથી. કોઈ ચીજ એને પોતાપણે મનાવે એવી ચીજ જગતમાં છે નહિ. આહાહા..! જુઓ આ ધર્મ! અત્યારે તો કોડીના હાટે ધર્મ. કહો, મોહનભાઈ! પાંચ હજાર કો'ક ખર્ચે, પચ્ચીસ હજાર ખર્ચે તો ભારે ધર્મ કર્યો. ધૂળેય ધર્મ નથી, સાંભળને હવે.

કો'ક કહેતું હતું હમણાં. કાલે આવ્યા હતા. ઓહોહો..! સોળ લાખ ખર્ચ્યા! કો'ક આવ્યા હતા કાલે દર્શન કરવા. પાલીતાણાથી. જાત્રાએ કોઈ આવ્યા હશે તો કહે, તમારું નામ બહુ સાંભળ્યું હતું. પછી ત્યાંથી આવ્યા હતા તો પછી સાંજે ત્યાં બેઠા હતા. ચાર વાગે. આની માટે જ આવ્યા હતા. ઓલા સોળ લાખ ખર્ચ્યા એને શું? મેં કીધું, સોળ લાખ ખર્ચ્યા એણે રાગ મંદ કર્યો હોય તો પુણ્ય છે. ધર્મ નહિ. એને એમ થાય કે આહાહા..! સોળ લાખ! અગિયાર દિ' રહ્યા જયપુરમાં સોળ લાખ ખર્ચ્યા. પાછું એને કહ્યું કે આ તમે કર્યું છે? ના. અમે ક્યાં કર્યું? એ તો પરની વસ્તુ છે. કહો, ચીમનભાઈ! ઓળખો કે નહિ તમે? પુનમચંદ ગોદિકા. પુનમચંદ ગોદિકા, મુંબઈ. બાપુ! એ તો શુભરાગ હો પુણ્ય. એ કાંઈ આ તમે કર્યા છે અને આ બધા એ તમારું કાર્ય છે નહિ. આહાહા..! અને આ તો શુભરાગ થયો એ પણ મારી ચીજ નથી, મને લાભદાયી નથી એમ માને તેને અહીં જ્ઞાની અનુભવી કહેવાય છે. આહાહા..! સમજાણું કાંઈ? એ શુભરાગ થયો તો હળવે હળવે મારું કલ્યાણ થશે. માન્યું એણે પોતાનો. જેને પોતાનો માને એમાંથી લાભ માને. પણ મારી ચીજ જ નથી, એ શુભરાગ પણ હું નથી. હું તો આનંદ સચ્ચિદાનંદ પ્રભુ જ્ઞાનની મૂર્તિ શુદ્ધ ચૈતન્ય સ્ફટિક રતન આનંદનું સ્ફટિકરત્ન છું. એવું જેને અંતર જ્ઞાન જ્યાં થયું એને કોઈ ચીજ મારી છે એમ મનાવી શકતું નથી. સમજાણું કાંઈ? મોહીમાં માની. એમ.

'**પરંતુ શુદ્ધ આત્માને જ અનુભવે છે.**' જોયું! ઓલો અજ્ઞાની રાગને પોતાનો માને છે એમ કહેશે. અહીંયાં ધર્મી તો એવા અનુકૂળ અને પ્રતિકૂળ સંયોગોમાં ભગવાન આત્મા શુદ્ધ આનંદની મૂર્તિ કંદ સ્વરૂપ છે. એવું ભાન છે તે આત્માને સ્વભાવ સન્મુખ થઈને અનુભવે છે. કહો, સમજાણું કાંઈ? '**શુદ્ધ આત્માને જ અનુભવે છે.**' જોયું પાછું? સમજાણું?

રાગ-દ્વેષ-મોહ થતો નથી એટલે એનાથી ભિન્ન પડેલું જ્ઞાન પોતાના શુદ્ધ આત્માને અનુભવે છે. એ આત્મા શાંતિ અને આનંદ સ્વરૂપ છે એને ધર્માત્મા ધર્મી અનુભવે છે. એને રાગ અને દ્વેષ થતો નથી અને પરને એ વેદતો નથી. પરને તો અજ્ઞાની પણ ક્યાં વેદે છે? આહાહા..! ભારે ભાઈ! કોઈ કહે કે આવો ધર્મ તો ક્યારે થાતો હશે? પણ આ ધર્મ પહેલેથી થાય, સાંભળને! ધર્મની રીતની ખબર ન મળે અને ધર્મ ધર્મ કરીએ. લ્યો ધર્મ. કરતો હોય અધર્મ અને માને કે ધર્મ (કરું છું). હવે એને શી રીતે આરા આવે?

'**અને જેને...**' હવે અવળું લે છે. ગાથા છે ખરીને બેય? '**ઉપર કહ્યું તેવું ભેદવિજ્ઞાન નથી...**' એટલે જેણે ભગવાન આત્માને રાગના વિકલ્પથી અને પરથી જુદો જેણે ભેદજ્ઞાન કર્યું નથી '**તે તેના અભાવથી...**' ઓલામાં તેના સદ્ભાવથી હતું. ભેદવિજ્ઞાનના સદ્ભાવથી હતું. રાગ ને પુણ્ય ને શરીરની ક્રિયા એ બધી પર છે. એનાથી આત્માને ભિન્ન એવું ભેદજ્ઞાન જેણે કર્યું નથી '**તે તેના અભાવથી...**' ભેદજ્ઞાનના અભાવથી. ઓલામાં આવ્યું હતું ભેદવિજ્ઞાનના સદ્ભાવથી. '**અજ્ઞાની થયો થકો,...**' લ્યો! અજ્ઞાની થયો થકો. '**અજ્ઞાન-અંધકાર વડે આચ્છાદિત હોવાથી...**' અજ્ઞાન અંધકાર વડે. રાગ ને પુણ્યના વિકલ્પો એ મારા, મારું કર્તવ્યુ એમ અજ્ઞાનના અંધારામાં ઘેરાઈ ગયેલો. ભલે ત્યાગી થઈને બેઠો હોય મુનિ હોં! હજારો રાણીને છોડીને. જંગલમાં વસતો હોય નગ્ન. પણ જેને અંદરમાં એ શુભ-અશુભ રાગ જે દયા દાનના વિકલ્પથી પર આત્મા એને જુદો પાડીને ભેદજ્ઞાન નથી, એ રાગના અંધકારમાં જ અટવાઈ ગયો છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**અજ્ઞાન-અંધકાર વડે આચ્છાદિત હોવાથી...**' જોયું! કર્મથી આચ્છાદિત એમ નહિ. પોતાના શુદ્ધ ભગવાન પ્રભુ એનું જેને અજ્ઞાન છે અને એકલા પુણ્ય-પાપના વિકલ્પને પોતાના માને છે એ અજ્ઞાનથી અંધારામાં ઢંકાઈ ગયો છે. ભગવાન આત્મા એને અજ્ઞાનમાં ઢંકાઈ ગયો છે. કહો, સમજાણું આમાં? '**અજ્ઞાન-અંધકાર વડે આચ્છાદિત હોવાથી...**' જુઓ! સમજાણું? ઓલું ઓલાથી ઘેરાયું થકું. બહારમાં રાગદ્વેષમોહ પામતો. અજ્ઞાન આચ્છાદિત થયો થકો, લ્યો.

'**ચૈતન્યચમત્કારમાત્ર આત્મસ્વભાવને નહિ જાણતો થકો,...**' જોયું! ભગવાન આત્મા જ્ઞાન ચમત્કાર વસ્તુ છે. ત્રણ કાળ ત્રણ લોકને જાણવાનો ભગવાન આત્માનો સ્વભાવ છે. ત્રણ કાળ ત્રણ લોકને જાણવાનો ચૈતન્ય ચમત્કાર સ્વભાવ છે. એવો ચમત્કાર કે જેની એક સમયની દશામાં ત્રણ કાળ ત્રણ લોક જણાય એવો ચૈતન્ય ચમત્કાર છે. દુનિયા બહારના ચમત્કાર ધૂળમાં આટલું થયું તો એને કાંઈ થયું કે નહિ? એને લબ્ધિ પ્રગટી કે નહિ? એને વચનસિદ્ધિ થઈ. હવે ધૂળેય નથી, સાંભળને. એ ચમત્કાર નથી. ચમત્કાર તો આ ચૈતન્યનો

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે. સમજાણું કાંઈ? સારા દેખેને એની પાસે આવે. આશીર્વાદ આપો, મહારાજ! શેનો? સુખી રહીએ. ક્યાં સુખી રહો? પૈસા તને મળે એ સુખી છો? દુઃખી છો. એય..! ચીમનભાઈ! ઊંધા છે, ભાઈ જગતથી ઊંધી વાત છે અહીં તો. આશીર્વાદ આપો આશીર્વાદ મહારાજ. વાસક્ષેપ નાખો. વળી ઘણા ભાઈ એમ આવે. વાસક્ષેપ ઓલા નથી કેસર નાખતા? દેરાસરમાં નાખે છે. ભાઈ! વાસક્ષેપ અમે રાખતા નથી. અહીં તો તત્ત્વની વાત છે એ સમજવી હોય તો એ વાત છે. આહાહા..! એવા ઘણાં આવે. મોટું નામ ને તો બધા આવે. ઘણાં આવે ખાનગી આવે. ખાનગી આવે. તમારા માણસો પૈસાવાળા બહુ થાય છે. તમારી લાકડી.. આ લાકડીમાં કહે છે ને? આમાં કહે છે ને? જાદુ છે આમાં. આ દિલીપભાઈ જાણ્યું છે. એય.. તમારો ભત્રીજો. ધૂળ આ તો હાથમાં પરસેવો થાય અને પુસ્તકને ન અડાય એ ખાતર રાખી છે. કેટલાક લઈ પણ જાય, ચોરી પણ જાય તો એમાં ક્યાં? જાદુગર તો આ ચૈતન્ય ચમત્કારની વાત છે. સમજાણું? એને ભાન ન મળે અને આ બહારના ચમત્કારની વાત. જુઓને! શું કહે છે?

'**ચૈતન્યચમત્કાર...**' આહાહા..! જેના એક ક્ષણમાં રાગથી ભિન્ન પાડતા જે આનંદનો અનુભવ આવે અને જેને પૂર્ણ રાગથી ભિન્ન પાડીને કેવળજ્ઞાન કરે એને તો અનંત આનંદ આવે છે. એવો ચૈતન્ય ચમત્કાર ભગવાન એને અજ્ઞાની થયો થકો નહિ જાણતો થકો. '**રાગને જ આત્મા માનતો થકો,...**' એ તો વિકલ્પ ઉઠે છે ને એ જ મારું સ્વરૂપ છે. રાગ જે આવ્યો દયા-દાન કે હું આમ કરું, આ ઠીક કરું એવો રાગ તે ઉપર જ એની દૃષ્ટિ છે. પુણ્યના પરિણામ તે મારા છે એમ અજ્ઞાનીને માન્યતા છે. તેથી અજ્ઞાની '**રાગને માનતો થકો, રાગી થાય છે, દ્વેષી થાય છે, મોહી થાય છે,...**' લ્યો, એ વિશેષ આવશે વાત...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

**જેઠ વદ ૧૫, શુક્રવાર તા. ૭-૦૭-૧૯૬૭**
**ગાથા-૧૮૬, પ્રવચન-૨૬૯**

સમયસાર. સંવર અધિકાર. સંવર અધિકાર નામ પવિત્રતાની પ્રાપ્તિ. સંવર એટલે પવિત્રતાની પ્રાપ્તિ, ધર્મની પ્રાપ્તિ, શુદ્ધિની પ્રાપ્તિ, શાંતિની પ્રાપ્તિ એનું નામ સંવર કહેવાય છે. તો સંવર.. પૂછે છે શિષ્ય કે શુદ્ધ આત્મા.. છે ને પ્રશ્ન ઉપર? છે? હિંમતભાઈ ક્યાં છે?

મુમુક્ષુ :- ભેદવિજ્ઞાનથી જ શુદ્ધ આત્માની ઉપલબ્ધિ કઈ રીતે થાય છે?

ઉત્તર :- હા.

શિષ્ય પૂછે છે કે આત્મા પવિત્ર શુદ્ધ ત્રિકાળ શુદ્ધ છે,... એટલું તો કબુલ કર્યું શિષ્યે. આત્મા વસ્તુ છે ધ્રુવ એ તો શુદ્ધ આનંદનો કંદ છે આત્મા. શુદ્ધ ચૈતન્યદળ. જેમ સ્ફટિકના દળમાં જેમ દીવાનો પ્રકાશ સારો (-આખો) વ્યાપક એમાં એકરૂપ દેખાય છે, એમ આ શરીરના રજકણના સ્કંધમાં ચૈતન્યનો પ્રકાશ શુદ્ધ ધ્રુવ, ધ્રુવ ત્રિકાળ એમાં પડેલો છે. એવો.. શિષ્ય પૂછે છે, પ્રભુ! એવો શુદ્ધ આત્મા, પવિત્ર આત્મા જેમાં અનંત આનંદ અને જેમાં અનંત શાંતિ સત્ત્વપણે, સત્ત્વ એવો આત્મા એનું સત્ત્વપણે પડ્યું છે એવા આત્માનો અનુભવથી, એ અનુભવ એ પર્યાય છે, એવા આત્માના અનુભવથી-ઉપલબ્ધિથી એટલે પ્રાપ્તિથી. એવો જે આત્મા વર્તમાન પર્યાયમાં પ્રાપ્ત કરવો. ભાષા આમાં જુદી જાતની છે. કહો, હિંમતભાઈ! કોઈ દિ' તમારે ત્યાં આવ્યું ન હોય કાંઈ.

ભગવાન આત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ છે. સત્ શાશ્વત જ્ઞાન અને આનંદનું રૂપ એનું છે ત્રિકાળ. એવો જે શુદ્ધ આત્મા... શિષ્યનો પ્રશ્ન છે કે મહારાજ! એવા શુદ્ધ આત્માના અનુભવથી જ-એને અનુસરીને થવું. ભગવાન આત્મા પવિત્રનું ધામ એનો અનુભવ-એને અનુસરીને વેદન-એની શુદ્ધતાની વર્તમાન પર્યાયમાં શુદ્ધતાની પ્રાપ્તિ, એનાથી જ સંવર-એનાથી જ ધર્મ થાય? એનાથી જ ધર્મ થાય? એનાથી જ આત્માને મોક્ષનો માર્ગ થાય? એનાથી સમ્યગ્દર્શન અને ચારિત્ર થાય? એ કઈ રીતે થાય છે? શેઠી! જુઓ! આ પ્રશ્ન છે.

મહારાજ! આ આત્મા પવિત્ર શુદ્ધ ત્રિકાળ સચ્ચિદાનંદ પ્રભુ છે. વસ્તુ ધ્રુવ. એનો અનુભવ-એને અનુસરીને વર્તમાન પર્યાય એટલે અવસ્થા છે-એને એ ત્રિકાળ ધ્રુવમાં જોડવી એવી પર્યાય વર્તમાન છે તેને તેના વસ્તુનું તે પર્યાયમાં જ્ઞેય કરવું, તેને દેખવું, તેને શ્રદ્ધવું, તેમાં ઠરવું, એવો જે આત્માનો અનુભવ એનાથી જ ધર્મ થાય? એમ પ્રશ્ન છે. કહો, શેઠી! વાત મુંબઈ-બુંબઈની બીજી આવે પાછી.

મુમુક્ષુ :- મુંબઈ આ વાત કેવી?

ઉત્તર :- નથી? આહાહા..!

આ પહેલો પ્રશ્ન શું છે? શિષ્યનો આટલો પ્રશ્ન છે. બહુ જ્યારે ગાથા ગઈ પહેલી. ૧૮૧, ૧૮૨, ૧૮૩, ૧૮૪ અને ૧૮૫. ત્યારે કહ્યું કે તમે એમ સિદ્ધ કર્યું કે ભગવાન આત્મા વસ્તુ શુદ્ધ છે. વસ્તુ હોં! એની દશામાં, પર્યાય એટલે હાલતમાં દશામાં વિકાર હો, વિકારનો અભાવ હો અને વિકારના અભાવની પરિપૂર્ણતા હો. એ બધી દશાઓ છે. એ બધી પર્યાયો એટલે હાલત છે. પણ વસ્તુ જે ત્રિકાળ છે એ શુદ્ધ ધ્રુવ ચૈતન્ય છે. પવિત્રનું ધામ છે. જેમાં વર્તમાન જ્ઞાનની નજર નાખતાં શુદ્ધતા પ્રગટે. જેમાં શ્રદ્ધા તેની કરતાં શાંતિ પ્રગટે. જેમાં ઠરતાં આનંદ આવે. રાજમલજી! આ પ્રશ્નનો અવકાશ પણ આવો ક્યાં? આ તો કેમ અમારે પૈસા મળે? કેમ અમારે પુણ્ય થાય? કેમ અમારા સંસારના કામ થાય? કહો, હિંમતભાઈ! હમણા કોલેજ કરી, ભાઈએ ઉઘાડી. તે દિ' હતી ને, વાત થઈ હતી. એમાં રોકાણા હતા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કજીયા કરશે. કજીયા કરે છે ને અહીં. ભાવનગરમાં કહે છે ને ભાઈ. મોટા માંડવા બાંધ્યા છે ને એ... તોફાન. કેટલાક મુંડાવે છે ને પછી વાળ મોકલે છે. આ જીતુભાઈ કહેતા હતા હમણાં. આ આવું થાય. મેં તો ત્યાં બીજું કીધું હતું. ત્યાં પછી કોલેજમાં કળા શીખવા દેડકાનું ઓલું કરે.

મુમુક્ષુ :- એ તો વળી ડોક્ટરનું હોય તો.

ઉત્તર :- ડોક્ટરનું શીખે ને ભાઈ. બચુભાઈના ભાઈ છે. જયંતિભાઈ. નાના. આમ શીખવું ને આમ શીખવું. કહે છે કે બાપા! આખી દુનિયાના એ બધા રસ્તા ચાર ગતિના દુઃખને રસ્તે, પંથે ઊંડે જવાના રસ્તા છે. રાજમલજી! ભગવાન સ્વરૂપ શુદ્ધ ચૈતન્યથી ભાગી, ભગવાનથી ભાગીને આગળ દોડીને દુઃખમાં જાવું છે એ બધે. આહાહા..! સમજાણું કાંઈ? ભગવાન માહાત્મ્યવાળું તત્ત્વ, જેની નજર નાખતાં આનંદ આવે, જેની શ્રદ્ધા કરતાં શાંતિ વળે, જેમાં રમતાં તૃપ્ત-તૃપ્ત થવાય એવી આ આત્મચીજ, એને ભૂલીને-ભાગીને પુણ્ય ને પાપ ને રાગ ને દ્વેષ ને વિકલ્પ ને સંકલ્પ વિકલ્પ કરતો ભગવાનથી બહાર દોડીને દુઃખમાં ઊંડે જાય છે. આહાહા..!

હવે અહીં શિષ્ય પૂછે કે એ ભગવાન આત્મા પ્રભુ છે, શુદ્ધ ચિદાનંદ મૂર્તિ છે ને વસ્તુ છે ને આત્મા. છે ને? આદિ અંત વિનાનું શાશ્વત ધ્રુવ તત્ત્વ છે. તો એ તત્ત્વનું અંદર વસ્તુ જે શુદ્ધ ધ્રુવ, વસ્તુ છે સત્ સ્વભાવના અંદર વળા, શાંતિના, આનંદના, અસ્તિના, વસ્તુત્વના આખા ચક્રના બધા વળા ગુણમાં પડ્યા છે એમાં. એવું એ આખું ધ્રુવ તત્ત્વ

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે. આહાહા..! સમજાણું કાંઈ? ભગવાન! શિષ્યનો તો આ પ્રશ્ન છેલ્લો છે. નાથ! આવો જે આત્મા તમે કહો છો એના અનુભવથી જ ધર્મ થાય? બસ! ધર્મ આ એક જ રીત હશે? ભાઈ! રાજમલજી! એ પાઠ છે ને? '**कथं शुद्धात्मोपलम्भादेव संवर इति चेत्**' સંસ્કૃત છે ઉપર. એનું સંસ્કૃતનું અહીં છે. મુદ્દાની રકમના માલની વાત છે. આહાહા..! ભગવાન! આત્માનું શુદ્ધ સ્વરૂપ છે ને. જેની પ્રાપ્તિથી એટલે જેના અનુભવથી આત્માને સંવર એટલે ધર્મ, શાંતિ, સુખ, સમાધાન, સંતોષ, સર્વાંગ આત્માના પ્રદેશમાં તૃપ્ત-તૃપ્તપણું એવું આત્માના અનુભવથી જ કઈ રીતે થાય? કહો, સમજાય છે કાંઈ? ત્યારે એનો ઉત્તર આપે છે. ગુરુ એનો ઉત્તર આપે છે. ગાથા-૧૮૬. ઉપર છે ને શ્લોક?

**सुद्धं तु वियाणंतो सुद्धं चेवप्पयं लहदि जीवो।**
**जाणंतो दु असुद्धं असुद्धमेवप्पयं लहदि।।१८६।।**

ગાથા તો બહુ સારી આવી છે. નીચે હરિગીત.

**જે શુદ્ધ જાણે આત્મને તે શુદ્ધ આત્મ જ મેળવે;**
**અણશુદ્ધ જાણે આત્મને અણશુદ્ધ આત્મ જ તે લહે. ૧૮૬.**

આત્મા તો બેયમાં નાખ્યો, એઈ..! અણશુદ્ધ આત્મા મેળવે અણશુદ્ધ. એની ટીકા. ઓલી કોર ટીકા. ટીકા છે ને? શિષ્યના પ્રશ્નને પહેલો પાકો સમજવો જોઈએ. એના ઉત્તરરૂપ આ ભાવ છે. દિપચંદજી! આમ પૂછે છે પહેલા. અમારે મહાવ્રત કેમ લેવા, અવ્રત કેમ ટાળવા, ફલાણું કેમ કરવું, એ કાંઈ નહિ. શાંતિભાઈ! શાંતિભાઈ તો રાડ પાડે. ભયંકર ભૂલમાંથી.. એ શાંતિભાઈ છે ને એ પણ દીક્ષા લેવાના હતા. દિગંબર મુનિ (થવાના હતા). બૈરાં-છોકરા છે એને, હોં! વૈરાગ્ય થયા ને વૈરાગ્ય. કોઈ રીતે આપણું કલ્યાણ થાય એમ હોય ને. પણ કલ્યાણની ખબર ન મળે. કલ્યાણ એ ક્યાંથી આવતા હશે? કલ્યાણ કયે ઘરે પડ્યું છે તો એ ઘર ખોલતા નીકળશે? આહાહા..!

કહે છે, ભગવાન! તું તો કલ્યાણનો ખજાનો છો, ભાઈ! તને ખબર નથી. અને તું કલ્યાણનો ખજાનો ન હોય તો ક્યાંય બીજે કલ્યાણ હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? પ્રભુ ભગવાન આત્મા એ આનંદનો પિંડ પ્રભુ, અતીન્દ્રિય.. કોઈ એક ગુણના વળથી લ્યો તો આખા આનંદમય છે. અતીન્દ્રિય આનંદમય છે, જ્ઞાનમય છે, શ્રદ્ધામય છે, શાંતિ એટલે ચારિત્રમય છે, સ્વચ્છતામય છે. આખું પિંડ એનું સ્વચ્છ સ્વરૂપનું પિંડ છે આખું. એવો આત્મા પ્રભુ! એના અનુભવથી જ આત્માને શાંતિ વળે? એટલે સંવર થાય? એટલે કે વિકાર ન થાય અને નિર્વિકારી દશા ઉત્પન્ન થાય? એમ શિષ્ટનો પ્રશ્ન છે.

ભગવાન ઉત્તર આપે છે, ભાઈ! '**જે સદાય...**' સદાય શબ્દ પડ્યો છે ને? જે હંમેશા,

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કાયમી '**અચ્છિન્નધારાવાહી જ્ઞાનથી...**' ભગવાન આત્મા એ શુદ્ધ ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... શુદ્ધ ચૈતન્ય છે. વર્તમાન જ્ઞાનની પર્યાયને તેમાં વાળી, તે વર્તમાન જ્ઞાનની દશા જે રાગમાં અટકતી હતી તેને, ભગવાન આત્મા તરફ તેની વર્તમાન દશાને અંતરમાં વાળી. સદાય અચ્છિન્ન-ત્રુટ ન પડે તેવા પ્રવાહ ધારાથી '**જ્ઞાનથી શુદ્ધ આત્માને...**' એટલે અંતરની નિર્મળ જ્ઞાનદશા દ્વારા શુદ્ધ ધ્રુવ વસ્તુ જે ધ્રુવ છે તેને '**શુદ્ધ આત્માને અનુભવ્યા કરે છે...**' ભગવાન આત્મા અતીન્દ્રિય ચૈતન્ય કલ્યાણમય મૂર્તિ પ્રભુ, એને વર્તમાન જ્ઞાનની દશા એમાં વાળીને સદા ત્રુટ પડ્યા વિના ધારા-પ્રવાહ. જેમ ગંગાની ધારા વહે ને વચ્ચે ત્રુટ ન પડે. પ્રવાહ ધોધ-ધોધ. એમ ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય ધ્રુવ એમાં વર્તમાન જ્ઞાનની દશાને અંતરમાં અત્રુટપણે ધારાવાહી એકાગ્ર થઈને. જયંતિભાઈ! વાતું આખી બીજી છે આ. વાડામાં બાંધીને બેઠા હોય એ આ વાત નથી ક્યાંય. મલૂકચંદભાઈ! આહાહા..!

અરે..! અનંત કાળનો રઝળ્યો, એને શાંતિ વળવાના ધામ ક્યાં છે એની ખબર ન મળે. અનંત કાળનો દુઃખી, રઝળતો દુઃખી. સમજાણું? બહુ ભૂખ લાગી હોય ને, ઓલા છપ્પનીયામાં ભાઈ જોયું હતું. ગાયોને બહુ ભૂખ ... બેં... આમ શું કહેવાય એની ભાષા? ભંભારે કાંઈક. ભાંભરે. છપ્પનીયામાં જોઈ હતી, હોં! દસ વર્ષની ઉંમર. એવી ભાંભરે. ભૂખ (લાગી હોય), પેટમાં કાંઈ ન મળે. શેર પણ મળે નહિ. છપ્પનમાં ભાઈ! દસ વર્ષની ઉંમર હતી. બધું જોયેલું. ભરવાડ બિચારા ઊભા ઊભા.. ગાયું રોવે, ભરવાડ ભરવાડ રોવે. ધાબળો નાખી, એના ઉપર નાખી ગાય ઉપર જેમ દીકરો હોય એમ રોવે. ઘાસ નહોતું મળતું. શેઠી! છપ્પનીયાની સાલ. એ ભાંભરે. અને એમાં ક્યાંક જો લીલું ઘાસ જો અધ મણનું મળી જાય. એમ અનાદિનો આત્મા ભૂખ્યો દુઃખી દુઃખી છે. રાગ અને દ્વેષના ભેંકાર કર્યા કરે છે. પુણ્ય અને પાપના વિકલ્પો કરી અને દુઃખથી ભરેલા ભંડારમાં ઊંડો ઊતરે છે. એમાં કહે છે કે આત્મા શું છે એ જો મળી જાય ને. એ ચુરમા ખાવાનું જેમ ઓલાને થાય એવું થાય, એમ કહે છે.

'**અચ્છિન્નધારાવાહી...**' ભગવાન આત્માના શુદ્ધ ધ્રુવ ચૈતન્ય આનંદ સ્વરૂપને વર્તમાન દશાને અંતરમાં ભેટા કરતા એ દશાને ત્રુટ ન પડે, પ્રવાહ તૂટે નહિ, પ્રવાહ તૂટે નહિ એવી અંતરમાં શુદ્ધ ધ્રુવ તરફની એકાગ્રતા દ્વારા.. સમજાય છે કાંઈ? '**શુદ્ધ આત્માને અનુભવ્યા કરે છે...**' ભગવાન શુદ્ધ સ્વરૂપ છે ત્યાં જ જેની દૃષ્ટિમાં અનુભવ થયા કરે છે. પરમાનંદ પ્રભુ એના જ્ઞાનમાં, તે જ્ઞાનમાં તેનો જ અનુભવ થયા કરે છે. તેની વર્તમાન દશામાં શાંતિ એના તરફથી રહ્યા જ કરે છે. એવા આત્માને જે અનુભવ્યા કરે છે '**તે,...**' ભારે વાત! આહાહા..! દુનિયા દુઃખી.. દુઃખી.. દુઃખી. દુઃખી એટલે આ પૈસા ને ભૂખ્યો ને એમ નહિ. એને ભગવાન આત્મા આનંદસ્વરૂપ છે એના ભાન વિના..

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

એમાં આવ્યું ને? શ્રીમદ્‌માં ન આવ્યું? શ્રીમદ્‌માં આવ્યું ને? 'જે સ્વરૂપ સમજ્યા વિના..' જોયું છે? જયંતિભાઈ! શ્રીમદ્ રાજચંદ્ર નથી? આત્મસિદ્ધિ. જોઈ છે? નહિ જોઈ હોય. એક આપજો એય..! આપણે નાની છે ને. તમને આપી છે કે નહિ? નાની. આપો તો ખરા એક. વાંચજો તો ખરા એમાં શું છે એ. એમાં પહેલી કડી છે આ.

જે સ્વરૂપ સમજ્યા વિના પામ્યો દુઃખ અનંત,
સમજાવ્યું તે પદ નમું શ્રી સદ્‌ગુરુ ભગવંત.

આ તો આ છોડીયું ગાતી હતી ને દીકરીયું. બીજું ગાયન.. ઉત્તમચંદભાઈના ગાયનમાં ગાય છે ને હમણાં? એ નાની છે ૧૪૨ શ્લોક છે. તમારે જોશે ને એક? વાંચજો તો ખરા હવે આવા કોલેજમાં કરતા કરતાં. શ્લોક.

'જે સ્વરૂપ સમજ્યા વિના...' અમારે ત્યાં ઓલો ગાયન ગાતો હતો એ બીજી ઢબે.

જે સ્વરૂપ સમજ્યા વિના પામ્યો દુઃખ અનંત,
સમજાવ્યું તે પદ નમું શ્રી સદ્‌ગુરુ ભગવંત.

સ્વરૂપ સમજ્યા વિના દુઃખ પામ્યો એમ વ્યાખ્યા છે. આહાર મળ્યો નહિ, ક્ષુધા થઈ, તૃષા લાગી, દરિદ્રતા આવી, નરકમાં ગયો માટે દુઃખ છે એમ નથી. સમજાણું કાંઈ? ભગવાન આત્મા સચ્ચિદાનંદ સત્ સત્ શાશ્વત જ્ઞાન, આનંદ. ચિદ્ એટલે જ્ઞાન. સચ્ચિદાનંદ. જ્ઞાન અને આનંદનું એ રૂપ આખું સ્વરૂપ છે આત્માનું ધ્રુવ. એને જાણ્યા વિના જેટલા એણે પુણ્ય અને પાપના, રાગ અને દ્વેષના, દયા અને દાનના, વ્રત અને ભક્તિના ભાવ કર્યા એ બધા દુઃખરૂપ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ભક્તિના પણ?

ઉત્તર :- ભક્તિનો ભાવ પણ દુઃખરૂપ છે, પૂજાનો પણ દુઃખરૂપ છે અને પરોપકારનો. પરોપકારની વૃત્તિ ઉઠે એ પણ દુઃખરૂપ છે અને પૈસા ઉઘરાવામાં રોકાય છે એ ભાવ પણ દુઃખરૂપ છે.

મુમુક્ષુ :- આકુળતાને ઉત્પન્ન કરે?

ઉત્તર :- આકુળતા છે.

મુમુક્ષુ :- ત્યાં જાવું, કરવું...

ઉત્તર :- પણ શું કરવા? વૃત્તિ ઉઠે છે એ જ આકુળતા છે. વળી આપે ન આપે પછી પ્રશ્ન. ઈચ્છા ઉઠે છે એ પોતે જ દુઃખરૂપ છે. 'ક્યા ઈચ્છત ખોવત સબૈ, હૈ ઈચ્છા દુઃખમૂલ.'

મુમુક્ષુ :- એ તો મુનિને માટે છે.

ઉત્તર :- અરે..! બધા આત્માને માટે છે. મુનિ જ છે આત્મા પરમેશ્વર છે. પાંચેય પદ આત્મામાં પડ્યા છે. પડ્યા વિના પ્રગટ ક્યાંથી થાશે? સમજાણું કાંઈ? અરિહંતપદ, સિદ્ધપદ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ પાંચ પદ જે છે એ આત્માની નિર્મળ દશાના પદ છે. તો એ નિર્મળ દશા અંદરમાં પડી છે. એની શક્તિમાં, સત્‌માં પડી છે. ન હોય અને આવે એમ ત્રણ કાળમાં બને નહિ. પંચપરમેષ્ઠીનું રૂપ એ આત્મસ્વરૂપ છે. સમજાણું કાંઈ?

એવા સ્વરૂપને જાણ્યા વિના એટલે કે તેના ભેટા અને તેના વલણ કર્યા વિના એણે આમ બહારના ભટકવાના વિકલ્પો કર્યા કરે છે. ચાહે તો અશુભ હો કે ચાહે તો શુભ હો. બેય દુઃખ છે.

કહે છે, એ જીવ '**અચ્છિન્નધારાવાહી...**' છે ને? સદાય. ભાષા કેવી છે! જેવો ભગવાન ત્રિકાળ છે ને. અવળું પછી લેશે. પહેલું સવળું લેશે. સદાય ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય ધ્રુવ સત્ત્વ છે તેને અંતર્મુખમાં દૃષ્ટિમાં લઈ વર્તમાન જ્ઞાનની દશામાં તેને જ્ઞેય બનાવી, વર્તમાન સ્થિરતાનો અંશ તેમાં સ્થિરતા કરી '**અચ્છિન્નધારાવાહી જ્ઞાનથી શુદ્ધ આત્માને અનુભવ્યા કરે છે...**' જ્ઞાનમાં શ્રદ્ધા, શાંતિ બધું આવી જાય છે. વર્તમાન જ્ઞાનની દશા દ્વારા ભગવાન આત્માને અંતરમાં લક્ષમાં, દૃષ્ટિમાં લઈ અને શુદ્ધ આત્મા પૂર્ણ ધ્રુવ આત્માને અનુભવ્યા, પર્યાયમાં તેના આનંદના વેદનને અનુભવે છે '**તે,...**' એનું નામ ધર્મ છે. એનું નામ સંવર છે. એનું નામ સમ્યગ્દર્શન-જ્ઞાન અને ચારિત્ર છે. એનું નામ મુક્તિનો માર્ગ છે. બાકી બધા બંધના માર્ગ છે. આહાહા..! નવરાશ ન મળે પણ માણસને. થોડોક વખત મળ્યો ત્યાં બહારમાં.

આમ ગાયું-ભેસું જુઓ. એને તો આખો દિ' ખાવા, ખાવા ને ખાવા. એક જ વૃત્તિ આવે. બિચારાએ હું કોણ છું તે એણે સાંભળ્યું નથી. આવા ભવ. એને ચોવીસે કલાક આહારની ઓલી હોય છે. ... આહારસંજ્ઞા બહુ હોય એને. ખાઈ આવે પછી બેસે નવરી તો પણ અંદરથી કાઢીને ઓગાળે. એ ને એ. આહાર સંજ્ઞા.. આહાર સંજ્ઞા. પણ તું કોણ છો? પણ એણે પણ સાંભળ્યું નથી બિચારાએ. આ સાંભળનારને ખબર ન મળે તો ઓલાને બિચારાને ક્યાંથી ખબર (હોય)? આહારસંજ્ઞા એને વધારે હોય. નારકીને ભય. નરકમાં ભય.. ભય.. સમજાય છે? મનુષ્યને વિષય વાસના. દેવને લોભ પરિગ્રહસંજ્ઞા. એમાં ને એમાં જાણે આ કરવું.. આ કરવું. પણ તું કોણ છો? બાપા! આ શું થયું છે તને? આ શું થાય છે તને? ખબર ન પડે.

કહે છે કે જે કોઈ આત્મા, આત્માને અનુભવે તેને સંવર કેમ થાય? એમ થાય કે વર્તમાન જ્ઞાનની દશાને, ભલે શરીરાદિ હો, બીજું બધું હો. હો. થાય, પણ અંતરમાં જ્ઞાનને વર્તમાનમાં અંતરમાં વાળી અને તેને સદાય ત્રુટ પડ્યા વિના, છેદ પડ્યા વિના, ખંડ પડ્યા વિના

ધારાપ્રવાહપણે આત્મા તરફની એકાગ્રતા રીતે આત્માને અનુભવ્યા કરે છે તેને ધર્મ થાય છે. કેમ? કેમ? કે '**જ્ઞાનમય ભાવમાંથી જ્ઞાનમય ભાવ જ થાય છે...**' શુદ્ધ ભગવાન આત્મા, તેના એકાગ્રમાંથી, એ તો જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા છે, તો એની એકાગ્રતાથી જ્ઞાનમય ભાવ પ્રગટે છે. જ્ઞાનમય એટલે જ્ઞાનનું રૂપ, શ્રદ્ધાનું રૂપ, શાંતિનું રૂપ, આનંદ એ બધું જ્ઞાનમય છે. રાગમય નહિ. ભારે વાત, ભાઈ!

'**જ્ઞાનમય ભાવમાંથી જ્ઞાનમય ભાવ જ થાય છે...**' ભગવાન આત્મા પોતાના ચૈતન્યની સત્તા, સત્ત્વ પૂર્ણ શુદ્ધ (છે). એને અંતરમાં જ્ઞાન દ્વારા પકડીને એની એકાગ્રતા ધારાવાહી રહ્યા કરે છે તેને તો જ્ઞાનમય, આનંદમય, શાંતિમય, સ્થિરતામય, સ્વચ્છતામય, પ્રભુતામય એવી દશા જ્ઞાનમય ભાવમાંથી જ્ઞાનમય ભાવ થાય. સોનાના ભાવમાંથી સોનાના દાગીના થાય. સોનાના દાગીનામાંથી, સોનાના ભાવમાંથી કાંઈ લોઢાના દાગીના થાય? એ દાખલો આપશે આગળ. સમજાય છે? આમાં છે કે બીજે? બીજે હશે. આમાં તો બીજું નિજમય.. પછી આવશે. કર્તાકર્મમાં ગયું ને એ. કર્તાકર્મમાં ગયું. સમજાણું કાંઈ? કનકમય ભાવમાંથી કનકમય ભાવ ઊપજે. લોઢામાંથી લોઢું ઊપજે.

એમ ભગવાન આત્મા.. આહાહા..! ચૈતન્યનો બિંબ ભગવાન હોવાપણે સત્‌નું સત્તાપણું-હોવાપણું શુદ્ધ ચૈતન્ય આનંદનું ધ્રુવપણું ભગવાન આત્માનું, એને જે વર્તમાન દશા દ્વારા અંતર એને અનુભવે. એમ ને એમ એણે અનંત કાળ ગાળ્યો છે. સાધુ નામ ધરાવીને, ત્યાગી થઈને, દિગંબર થઈને પણ આ કર્યું નથી. શાંતિભાઈ! આ કર્યું ને આ કર્યું ને વ્રત પાળ્યા, અપવાસ કર્યા, ધૂળ કરી, ત્યાગી થયા નગ્ન-એ બધા વિકલ્પોની જાળ. આહાહા..! દુઃખની જાળ. એના રહિત એકલો આત્મા. અહીં આત્મા કહેવો છે ને? ઓલો વિકલ્પ તો આસ્રવતત્ત્વ છે. અહીં તો સંવરની વ્યાખ્યા છે. એને આસ્રવ કેમ રોકાય છે અને સંવર કેમ થાય છે એની વ્યાખ્યા અહીં છે. કહે છે કે ભાઈ! જેમાં ધ્રુવપણું ચૈતન્યનું શુદ્ધપણું ત્રિકાળ પડ્યું છે વસ્તુનું, એમાં એકાગ્ર થઈને એ શુદ્ધ આત્માને જ્ઞાનમય આત્માને જ્ઞાનમય ભાવથી વેદે છે, સેવે છે એને જ્ઞાનમય ભાવમાંથી જ્ઞાનમય ભાવ જ થાય છે. એને રાગમય ભાવ હોતા નથી. આહાહા..!

'**જ્ઞાનમય ભાવમાંથી જ્ઞાનમય...**' ભગવાન ચૈતન્યપ્રકાશ સૂર્ય છે. આત્મા ચૈતન્યસૂર્ય છે. તો એની એકાગ્રતામાંથી ચૈતન્યસૂર્યના કિરણો પ્રકાશના નીકળે છે. એ પ્રકાશમાં શ્રદ્ધા, શાંતિ, આનંદ બધું ભેગું હોય છે. સૂર્યમાંથી કોઈ અંધારું નીકળે નહિ. અંધારાના કોઈ ભાગમાં અંજવાળું ન હોય અને અંજવાળાના કોઈ ભાગમાં અંધારું ન હોય. એમ ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યબિંબ શરીરના રજકણથી ભિન્ન, આખા શરીરમાં ધ્રુવપણું વ્યાપીને પડ્યું છે અંદર.

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


સત્ પ્રભુ એની અંદરમાં શાંતિ અને આનંદ આદિ શુદ્ધતાનો સ્વભાવ પડ્યો છે ધ્રુવ. એને એકાગ્ર થઈને અનુભવે એને તો વસ્તુમાંથી વસ્તુની પર્યાય જ્ઞાનમય જ્ઞાનમાંથી જ્ઞાનમય આવે, શાંતિમય આવે, આનંદમય આવે, સ્વચ્છતામય આવે, પ્રભુતામય આવે, પામરતાનો નાશ કરે. આહાહા..! મોટા ઝઘડા, એવા ઝઘડા ને. વ્યવહારથી પામે અને વ્યવહાર.. અરે..! સાંભળને. અહીં તો વ્યવહારનો આસ્રવ છે. એને નિશ્ચય સ્વભાવનો આશ્રય કરે ત્યારે એ વ્યવહાર તૂટે છે એમ કહેવું છે અહીં તો. સમજાણું કાંઈ? આમાં વાદવિવાદને સ્થાન પણ ક્યાં છે?

વાત એ કે સહજાત્મ પ્રભુ, સ્વરૂપ સહજાત્મ સ્વરૂપ છે. ત્રિકાળ સહજ... સહજ.. સહજ.. આનંદ અને જ્ઞાનની મૂર્તિ પ્રભુ ધ્રુવ આદિ અંત વિનાની. એની અંતરમાં એકાગ્ર થતાં, અનુભવ કરતાં એ જે ભાવ છે તે જાતના ભાવની દશા પ્રગટ થાય છે. એ આત્મામાં કાંઈ રાગ, પુણ્ય, પાપ પડ્યા નથી કે એની એકાગ્રતામાંથી એ નીકળે. સમજાણું કાંઈ?

'**જ્ઞાનમય ભાવમાંથી જ્ઞાનમય ભાવ જ થાય છે એ ન્યાયે...**' એ ન્યાયે. ન્યાય તો આ આપ્યો પાછો. એઈ..! ઓલો બહારમાં .. સોનાનો એ નહિ. જ્ઞાનમયમાંથી જ્ઞાન. એનો ને એનો ન્યાય. '**એ ન્યાયે નવાં કર્મના આસ્રવણનું નિમિત્ત...**' નવા આવરણો આવે એનું નિમિત્ત કોણ? રાગ, દ્વેષ અને મોહ. રાગ એટલે પ્રેમ, દ્વેષ એટલો દોષ, દ્વેષ-અણગમો. મોહ એટલે પરવસ્તુની એકતાબુદ્ધિ. એવા '**જે રાગદ્વેષમોહની સંતતિ (પરંપરા) તેનો નિરોધ થવાથી,...**' લ્યો! નવા આવરણનું કારણ રાગદ્વેષમોહનું અટકવાથી '**શુદ્ધ આત્માને જ પામે છે;...**' ભગવાન પવિત્ર આત્માની જ પરિણતિને પામે છે. આહાહા...! આ ધર્મ છે. ચીમનભાઈ! પછી બધાને એકબીજા મનાવે અને માને આહા.. ઓહો.. હોહા.. ધૂળધાણી છે. ગાંડાની હોસ્પિટલમાં ગાંડેગાંડા ભેગા થાય અને ગાંડો બીજાને સારો કહે. જયંતિભાઈ! મોટો ગાંડો ઉપર બેઠો હોય એને બહુ સારો કહે વળી. ઊંચે ચડીને. ગધેડે ચડીને બેઠો હોય કો'ક અંદર, પૂર્યા હોય બધા ઘણા ગાંડા એમાં ગધેડું એવું હોય. પછી ગધેડા ઉપર બેઠો તો કહે ઓહો..! આ હુશિયાર લાગે છે. એમ અજ્ઞાનને રવેડે ચડ્યો અને એના પુણ્ય અને પાપના વિકલ્પના દુઃખને પંથે ગયો.. આહાહા..! ભારે કામ કરે છે. ભારે કામ કરે છે. મલૂકચંદભાઈ!

કહે છે કે ભગવાન! બહું જ ટૂંકામાં ઘણું જ માખણ. ઘણાં જ ટૂંકામાં એકલો તત્ત્વસાર. સમયસાર છે ને આ? તત્ત્વસાર કહો કે સમયસાર કહો. એમાં પણ આ ગાથા સંવરની.

**सुद्धं तु वियाणंतो सुद्धं चेवप्पयं लहदि जीवो।**
**जाणंतो दु असुद्धं असुद्धमेवप्पयं लहदि।।१८६।।**

છે ને? ઓલામાં '**वियाणंतो**' છે, આમાં '**जाणंतो**' છે એટલો ફેર છે ને? વિશેષ જાણતો.

ઓલો '**जाणंतो दु असुद्धं असुद्धमेवप्पयं**' આત્મામાં... તૈયાર માખણ થઈને આપે અને ભૂખ લાગી હોય તો કોણ ન ખાય? પેટ ભરીને. દાંત ન હોય તો માખણને કાંઈ દાંત જોવે છે? અને એમાં...

મુમુક્ષુ :- જઠરાગ્નિ મોળી હોય ને.

ઉત્તર :- એ જઠરાગ્નિ મોળી અહીં છે નહિ. એ પણ ખાય. એ પણ ખાય. વાંધો નહિ. ઓલા ના પાડે બીજા તો વાંધો નહિ આવે, વાંધો નહિ આવે તમતમારે. ઘડીકમાં ખાટલામાંથી ઊભો થઈ જાય. મોળા સાટા અને માખણ બે આપે ને. તરતનું તાજું હોં! માખણ. અને મોળા સાટા ઘીના.

અહીં કહે છે, બાપા! આત્મામાં આનંદ રેલાય છે, હોં! એ આનંદ તળાય છે, ભાઈ! તને ખબર નથી. આહાહા..! એ આનંદમાં એકાગ્ર થાય તો આત્મા આનંદમય થઈ જાય છે. આહાહા..! સમજાણું કાંઈ? એ આનંદમય થાય કહો કે જ્ઞાનમય થાય એ બધી એક જ વાત છે. એ તો જ્ઞાનથી વાત કરી છે. સમજાણું કાંઈ? કહો, ચીમનભાઈ! સમજાય છે કે નહિ આમાં? આ તો બધું પૈસા-બૈસાનું બધું હોંશનું ઊડી જાય એવું છે આમાં. પાંચ-પાંચ દસ લાખ પેદા કરે, પચ્ચીસ લાખ. આ વળી આનો છોકરો વળી બે ત્રણ કરોડ (પેદા કરે). મલૂકચંદભાઈનો. એ બધું સવારમાં સાંભળ્યું હતું, કાંઈ માલ નથી. તમારા ભાઈ કહેતા હતા. ઠોકરું ખાશે કોક દિ' આમાં. ક્યાંયનું ક્યાંય. મુંબઈમાં ફેલ થયું. મુંબઈ ન ચાલ્યું કહે. એમ કે મુસલમાનની છે ને ઓલી? મુંબઈ ન ચાલ્યું. એ કાંઈ પુણ્ય હોય તો ચાલે એવું છે. પણ એમાં ચાલે તોપણ આત્માને શું છે? એકલો રાગ, રાગ ને રાગ. રાગની રેલમછેલ. રાગની રેલમછેલ. ભાઈ! એકલા દુઃખની રેલમછેલ છે. અરે..! દુનિયાના ગજ જ જુદી જાતના. સમજાણું કાંઈ? એ દુઃખના ડુંગરે માથા ફોડે છે. ભાન નથી.

ભગવાન આનંદનો ડુંગર છે. ચૈતન્ય આનંદનો ડુંગર ધ્રુવ અનાદિઅનંત. શરીર પ્રમાણે મોટો અરૂપી આનંદનો ડુંગર પર્વત પડ્યો છે. વસ્તુ રજકણે રજકણ જુદા છે રાગ જુદો. એકલું તત્ત્વ માખણ પડ્યું છે. સમજાણું કાંઈ? એની એને નજર કરતાં... પણ નજર કરવી મોંઘી બહુ. પુરુષાર્થ અનંત માગે છે એમાં. સમજાણું કાંઈ? આમ વલણ જે અનાદિનું બહારનું (થઈ ગયું છે) એને અંતરમાં વાળવું એ મહા પ્રયત્ન છે. ઓછો પુરુષાર્થ નથી. લોકો એ પુરુષાર્થને કિંમત આપતા નથી. કેમ કે એની એને ખબર નથી. બહારની કિંમત. આ રળવા, ભોગ ને પાંચ પચાસ લાખ, કરોડ, બે કરોડ મળ્યા. એમાં કાંઈક પાંચ-પચાસ લાખ દાનમાં આપે જુઓ તમારે હો હા.. ચોપાનિયે ચોપાનિયે આવે નામ. ફોટા આવે. જયંતિભાઈ!

મુમુક્ષુ :- ઈ એનો ક્યાં ફોટો છે, એ તો કાગળીયાનો.

ઉત્તર :- ધૂળના ફોટા. પણ આ પણ ક્યાં ફોટો? આ તો માટીનો ફોટો. એ ક્યાં આત્મા અંદર આવી ગયો છે? આ તો પુદ્‌ગલ માટી માંસ હાડકા છે. એ આત્મા છે? એનો ફોટો છે ત્યાં? અને ઈ આનો પણ ક્યાં છે? એ તો રજકણ છે ત્યાં બીજા. આહાહા..! આમ જોવે ત્યાં, જુઓ! મારો આવ્યો. જુઓ! મારો ફોટો. ક્યાં પણ તું ત્યાં ગરી ગયો છો? અરેરે..! પણ ભારે ભાઈ, હોં! ભ્રમણાની રીત.

અહીં તો કહે છે, ભગવાન બહારમાં તો ક્યાંય છે નહિ, પણ પુણ્ય અને પાપના શુભ અને અશુભ ભાવ થાય એમાં ક્યાંય ગંધ નથી સુખની. એ તો દુઃખરૂપ જ છે, આકુળતા છે. એ આસ્રવ છે, નવા આવરણનું કારણ છે. શુભ અને અશુભભાવ. આસ્રવ એટલે આ ઉત્સર્ગ છે-આવવું. એ નવા આવરણો આવવાનું નિમિત્ત છે. એ પોતે સુખરૂપ કેમ હોઈ શકે? એને અટકાવવાના ભાવ, જે નવા આવરણને આવવાના ભાવ રાગદ્વેષમોહ એને કોણ અટકાવે? કે જ્ઞાનમયભાવ થતાં તે રાગદ્વેષમય ભાવ ઉત્પન્ન થતાં નથી. તેથી તેને આવરણ આવતું નથી. તેથી તે આસ્રવ અને આવરણ વિનાનો થાય છે. આહાહા..! લોજિકથી વાત છે કે નહિ કાંઈ? વકીલ છે ને વકીલ છે એ. કહો, સમજાણું આમાં? આહાહા..! પહેલાં નિર્ણય તો કર, નિર્ણય તો કર.

મુમુક્ષુ :- પોતાની વકીલાત કરતા ન આવડે?

ઉત્તર :- બધી આવડે. ન આવડે શું, કરે તો ને.

અહીં તો આચાર્ય કહે છે, '**જ્ઞાનમય ભાવમાંથી જ્ઞાનમય ભાવ જ થાય છે...**' એ ન્યાયે. પણ હવે વાત તો આત્માની કરો છો પણ ન્યાય બીજો તો આપો કાંઈક. આહાહા..! સાંભળ બાપુ! એનો ન્યાય. ભગવાન આત્મા છે ને. પ્રભુ! તું તો શુદ્ધ ચૈતન્યતત્ત્વ છો. વર્તમાન અવસ્થાને છોડી દે લક્ષમાં. સમજાણું? વસ્તુ છે આમ સત્.. સત્... સત્.. સત્... સત્.. શાશ્વત સત્. એની વર્તમાન અવસ્થા થાય છે-પર્યાય થાય છે એ વાત એક કોર મૂકી દે. કારણ કે પર્યાય દ્વારા નક્કી કરવું છે. પણ એ નક્કી કરવા યોગ્ય ચીજ કઈ છે? એ વસ્તુ આમ ધ્રુવ (પડી છે). ખરેખર તો એક સમયની અવસ્થા પણ એમાં આવી નથી. ધ્રુવમાં એક સમયની અવસ્થા આવતી નથી. પ્રગટ છે તે. એવું તત્ત્વ. એને વર્તમાન પર્યાય દ્વારા અંતરમાં વાળીને. જ્ઞાનમયમાંથી જ્ઞાનમય જ ભાવ થશે. શુદ્ધ ભાવમાંથી શુદ્ધ ભાવનો જ અનુભવ થશે. શુદ્ધ ભાવની એકાગ્રતામાંથી શુદ્ધ ભાવની જ દશા પ્રગટ થશે. એને લઈને '**નવાં કર્મના આસ્રવણનું નિમિત્ત જે રાગદ્વેષમોહની સંતતિ (પરંપરા)...**' જુઓ! ઓલામાં અચ્છિન્નધારા હતું ને? આની પરંપરા આમ હતું. '**તેનો નિરોધ થવાથી, શુદ્ધ આત્માને જ પામે છે;...**' ભગવાન આત્મા અંતરમાં શુદ્ધ જ્ઞાયકમાં એકાગ્ર થતાં એ શુદ્ધ દશાને

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


જ પ્રાપ્ત કરે છે. એને નવા આવરણનું નિમિત્ત એવા રાગદ્વેષમોહ તો સતત નિરંતર રોકાઈ જાય છે. કહો, શેઠી! કેટલા મહિના થયા? ઘણા મહિના થયા અહીં તો. નહિ? કારણ કે અમે ચાર મહિના બહાર હતા ત્યાં સુધી તો હોય નહિ અહીં. પોષ સુદ બારશ. અહીંથી નીકળ્યા હતા અમે. પોષ સુદ અગ્યારસ. પાંચ મહિના. સાડા પાંચ મહિના. સાડા પાંચ થયા. ત્યાં હતા. પાછા અમે ચાર દિ' આવ્યા હતા, હોં! તમે મુંબઈ હતા. ઠીક નહોતું, સાંભળ્યું હતું. ચાર દિ' જયપુર આવ્યા હતા ફરીને. તાવ આવ્યો હતો. આહાહા..! પણ ક્યાં લીલા! ક્યાંય રખડતો આમ ને આમ ને આમ. જેના શાશ્વત ધામ એને જોવા નવરો થાતો નથી. બધા નાશવાન છે. એનું જાણપણાનું જ્ઞાન પણ ટકતું નથી. અસ્થિર છે, ... છે.

કહે છે, ભગવાન આત્મા શુદ્ધ આત્માને જે જાણે છે. એમ છે ને પાઠ? '**सुद्धं तु वियाणंतो**' '**वियाणंतो**'નો અર્થ વિશેષે અનુભવે છે. એમ. એકલું જાણવું નહિ પણ વિશેષ જાણવું એટલે એને અનુભવવું. સમજાણું કાંઈ? એ '**सुद्धं चेवप्पयं लहदि**' એ શુદ્ધ પરિણતિને નિર્મળ ધારામાં આત્માને પ્રાપ્ત કરે છે. ભાષા જુદી, ભાવ જુદા. ક્યાંય ચોપડે આવે નહિ. શેરબજારમાં આવે નહિ. આવે? અહીં પણ ક્યાં હતા? વકીલના ચોપડામાં પણ ક્યાં હતા? આહાહા..! જુઓ એ ગાથા. એ ગાથા એવી આવી ગઈ તમારે, લ્યો.

હવે અવળું. '**અને જે સદાય અજ્ઞાનથી...**' ઓલું હતું ને? અચ્છિન્નધારાવાહી જ્ઞાનથી. હવે '**જે સદાય...**' એનો એ શબ્દ છે. અચ્છિન્નધારાવાહી તૂટી ગયું. '**સદાય અજ્ઞાનથી અશુદ્ધ આત્માને...**' એટલે હું પુણ્ય અને પાપના રાગવાળો છું. હું દયા, દાન, ભક્તિ, વ્રતના વિકલ્પો છે એ વાળો છું એમ જે અશુદ્ધ આત્માને અનુભવે નામ અશુદ્ધમાં એકાગ્ર થાય છે. કહો, સમજાણું? જેને અંતરમાં એ વિકલ્પ ઉઠે છે શુભ-અશુભભાવનો, એ અશુદ્ધ છે. એ અશુદ્ધ આત્માને અનુભવે છે. હું રાગવાળો જ છું, રાગસ્વરૂપ જ છું, પુણ્ય મારું સ્વરૂપ છે, પુણ્યને હું કરું છું એ મારું કર્તવ્ય છે, એમ જે આત્માને અશુદ્ધ મેલવાળો, પુણ્ય અને પાપવાળો અનુભવે છે, અનુભવ્યા કરે છે તે એકલો દુઃખી છે. એને દુઃખનો અનુભવ છે એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

ભગવાન આત્મા શુદ્ધ ભગવાન પોતાનું સ્વરૂપ છે તેને ભૂલી, અજ્ઞાનથી-પોતાના સ્વરૂપના બેભાનથી, અશુદ્ધ-જે પુણ્ય અને પાપના મેલ છે એ આત્મામાં અશુદ્ધતા છે, એ મારો છે એમ એને અનુભવે છે. એ મારું કર્તવ્ય છે, એ હું કરું છું, એ મારું કામ છે, એ મારી ફરજ છે, એ મારા સ્વરૂપને લાભદાયક છે (એમ અનુભવે છે). દિપચંદજી! કહો, શાંતિભાઈ! આવી વાત પણ સાંભળી ન હોય. આહાહા..! ઓલા કહે, એ અણુવ્રત અને મહાવ્રતને ચારિત્ર કહેવાય અને .. શરીરની ક્રિયા માને. અરે.. ભગવાન! શું તું કહે છે બાપા? અણુવ્રત-

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

મહાવ્રતના પરિણામ હોય તો કોઈ શુભ હોય મિથ્યાત્વ સહિતના અજ્ઞાની. એને હોય જ નહિ અણુવ્રત-મહાવ્રત. દેહની ક્રિયા જડ છે, બાપા!

ભાઈ! તું શુદ્ધ સ્વરૂપ છે ને પ્રભુ! એ વિકલ્પ ઉઠે વ્રત-અવ્રતનો બધોય વિકાર અને દુઃખરૂપ છે. ચારિત્ર તો સ્વરૂપના આનંદના ધામને ઓળખી, આનંદના ધામને સ્પર્શી અને એમાં સ્પર્શના વિશેષ ઠરતા ઠરે એને ચારિત્ર કહેવામાં આવે છે. ચારિત્ર એટલે લૂગડા છોડી દીધા, નાગો થઈ ગયો, બાવો થયો સાધુ. ચારિત્ર ક્યાંથી આવ્યા? આહાહા..! કેમ દિપચંદજી! એ.. ન્યાલચંદભાઈ! એણે તો બધાય લૂગડાવાળાને પણ માન્યા હતા અને કંઈકને માન્યા હતા. લૂગડાવાળાને કહે, જય ભગવાન. શેઠિયા કહેવાય તો કરે ને. પણ શું કરે ત્યાં? આહાહા..! આ તો કહે છે, લૂગડા છોડીને, નાગો થઈને બેઠો પણ અંદરમાં શુભ અને અશુભરાગની વૃત્તિઓ થાય છે તેને પોતાનું સ્વરૂપ મને લાભદાયક કરીને અનુભવે છે તે મિથ્યાદષ્ટિ છે. અસત્ય દૃષ્ટિ છે, પાપદષ્ટિ છે, અધર્મ દૃષ્ટિ છે, અધર્મી છે. ગજબ વાત! શાંતિભાઈ! સાધારણ માણસથી તો સાંખી જાય નહિ, આમ સાંખી. આમ ધ્રુજે બિચારા ધ્રુજે કે અરર..! આ બધો લોપ થઈ જાય છે. સાંભળને હવે. ભગવાન રાગ-દ્વેષથી લોપસ્વરૂપ જ છે. આત્મામાં રાગદ્વેષ કેવા? આહાહા..! એને પુણ્ય અને પાપના પુણ્યવાળો આત્માને માનવો એ દયા, દાન, ભક્તિ, વ્રત, પૂજાના પરિણામવાળો માનવો એ અશુદ્ધ આત્મા એણે માન્યો. એ અશુદ્ધ આત્માને અનુભવ્યા કરે છે. એ રાગવાળો આત્મા એ રાગને વેદ્યા કરે છે તે એકલા દુઃખને જ વેદે છે. અજ્ઞાનને વેદે છે, વિકારને વેદે છે, આસ્રવને વેદે છે, બંધભાવના બંધના કારણ એવા ભાવને-અધર્મને વેદે છે. આહાહા..!

'**અજ્ઞાનમય ભાવમાંથી અજ્ઞાનમય ભાવ જ થાય છે...**' અશુદ્ધ. ઓલાનું જ્ઞાનમય હતું. આ પુણ્યના વિકલ્પો છે એ મારું કર્તવ્ય છે, એ મને ઠીક છે, કરતાં કરતાં મને લાભ થશે એવો અજ્ઞાનમય ભાવ છે. અજ્ઞાનમય ભાવ એટલે દુઃખમય ભાવ છે એમાંથી દુઃખમય જ ભાવ થાય છે. રાગમાંથી રાગનો જ ભાવ થાય. આકુળતામાંથી આકુળતાનો ભાવ થાય, દુઃખમાંથી દુઃખનો ભાવ થાય. આહાહા..! સાંખ્યું જાય નહિ. પંચ મહાવ્રતના પરિણામ દુઃખમય.

મુમુક્ષુ :- આત્મામાં તો ધ્રુવની ખાણ હતી, આની ક્યાં ખાણ હતી.

ઉત્તર :- રાગ પોતે ખાણ છે ને દુઃખરૂપ. દુઃખરૂપ જ છે આખી વસ્તુ. આહાહા..! એને દુઃખમાં ને દુઃખમાં એકાકાર થયા કરે અને નવું.. નવું.. નવું... દુઃખ ઉત્પન્ન થયા કરે છે. એમ કહે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ડર લાગે છે? એમ કે આવી તમે વાત કરો તો સાધુ લોકો સાંભળતા ડરે

છે કે અમારું તો નામ આમાંથી કાઢી નાખે છે. આ તો કોઈ વ્યક્તિનું કામ નથી, બાપા! ભાઈ! આ તો વસ્તુનું સ્વરૂપનું આવું છે, બાપા! એને દુઃખી થઈને દુઃખ થાય છે એના ઉપર કાંઈ એવું .. હોય? વિપરીત માન્યતાથી ધર્મ માને છે એને દુઃખ થાય છે. અને એના ફળમાં એને દુઃખ થાય, દુઃખ થશે. એવાને કાંઈ તિરસ્કાર હોય નહિ. તિરસ્કાર ન હોય. સમજાય છે? એને ઓળખીને લક્ષમાં દયા આવવી જોઈએ. અરે..! આ ક્યાં જાય છે? શું કરશે? શું માને છે અને શું થશે? અનંત કાળના દુઃખમાં જે જીવ દુઃખના ભાવ કરે અનંત કાળમાં રહેવાના, એવા ભાવ ઉપર તિરસ્કાર કેમ કરાય? સમજાણું કાંઈ? એ વ્યકિતનો તિરસ્કાર ન હોય.

બાપુ! અહીં તો વસ્તુનું સ્વરૂપ આવું છે એમ સમજાવાય છે. આહાહા..! શ્રીમદ્દે કહ્યું નહિ? 'કોઈ ક્રિયાજડ થઈ રહ્યા શુષ્ક જ્ઞાનમાં કોઈ...' એમાં આવશે કડી. 'માને મારગ મોક્ષનો, કરુણા ઉપજે જોઈ.' કેટલામી લીટી છે એ? ચોથી? 'કોઈ ક્રિયાજડ થઈ રહ્યા...' એ દયા, દાન, ભક્તિ, વ્રત, તપ, પૂજાનો વિકલ્પ ઉઠે છે ને? એ ક્રિયા છે. જડ ક્રિયા છે. એ તો રાગ છે. 'કોઈ ક્રિયાજડ થઈ રહ્યા, શુષ્ક જ્ઞાનમાં કોઈ.' આત્મા નિર્લેપ છે અને શુદ્ધ છે. પણ રાગની એક્તાની બુદ્ધિ તો તૂટી નથી. 'માને મારગ મોક્ષનો, કરુણા ઉપજે જોઈ.' બનારસીદાસમાં એમ આવ્યું, ભાઈ! દયા.. નહોતું? .. નહોતું કહ્યું? .. ભેખધારી ઠગે જગતને. દયા ... વસ્તુની .. અનંત દુઃખમાં...

સર્વ આત્માઓ ભગવાન છે. પર્યાયમાં ભૂલ છે એટલે એ સંસારનું કારણ છે. પર્યાયદષ્ટિ જેની ટળી છે, દ્રવ્યદષ્ટિ થઈ એ બીજા જીવોને દ્રવ્ય સ્વભાવે તો ભગવાન જ ભાળે છે. પર્યાયની ભૂલનું દુઃખ એને થશે. કરુણા કરવાલાયક છે, એ કાંઈ તિરસ્કાર કરવા લાયક નથી. સમજાણું કાંઈ?

દાખલો છે. આ હરણિયા હોય છે ને હરણિયા? એ હરણિયા આમ દોડતા હોય પાંચ-પચ્ચીસ. એમાં શિકારી આવે શિકારી મારવા. પછી આમ ઉગમણા એને પાથર્યું હોય જાળ જાળ. અને શિકારી પચ્ચીસ-પચ્ચાસ હરણને દોડાવીને ઉગમણે લઈ જતો હોય. એમાં એક નિકળ્યો કોઈ મહાજન રસ્તે. એણે સીસોટી કરી હરણિયાને કે તમે આમ ન જાવ, આમ (જાવ). પણ ભાન નથીને બિચારાને. '...' જ્યાં શંકા કરવા લાયક નથી ત્યાં શંકા કરે. આ મને મારનારા છે. ઓલા મહાજન નીકળ્યો બિચારો મોઢા આગળ આની કોરથી ચાલ્યો આવતો હતો. ત્યાં ઓલાએ પાથરેલા જાળ. એટલે એણે જોયેલું. પેલો હરણિયા દોડાવતો જાય આમ. આણે સીસોટી કરી કે આમ વયા જાવ. એના ઉપર શંકા કરે કે એય.. આ અમને મારી નાખશે. અને ઓલો શંકા કરવા લાયક છે પાછળ હાંકે રાખે ત્યાં શંકા કરતો

નથી. એવો શ્લોક છે, સૂયગડાંગમાં. 'જવીણો...' આ બધો અર્થ કરતા એ વખતે, હોં! 'વેગે ચડેલા મૃગો...' એમ પાઠ છે. 'જવીણો વેગા...' વેગે ચડ્યા છે. વેગે ચડેલા મૃગો અત્રામ છે. કોઈ એને શરણ છે નહિ. 'અશંકિયાણી શંકંતી...' જ્યાં શંકાના સ્થાન છે ત્યાં શંકાતુર નથી અને જ્યાં શંકાના સ્થાન નથી ત્યાં શંકા કરે છે. 'અશંકીયાણી..' સૂયગડાંગમાં છે.

અહીં કહે છે, ભગવાન! તારું પાપ જ મોટું. શુદ્ધ ભગવાન આત્માને છોડી અને એને પુણ્ય-પાપના રાગવાળો, એનાથી હિત થાય એમ માનવું, એમાં ક્યાંય હોશુંને ઉત્સાહને જોડી દેવો એ મહા મિથ્યાત્વનું પાપ છે. એ અજ્ઞાનમય મહાપાપ છે. અજ્ઞાનમય ભાવમાંથી તો અજ્ઞાનમય જ ભાવ થશે. ત્યાં શુદ્ધતાના ભાવ ક્યાંથી આવશે? સમજાણું કાંઈ? '**સદાય અજ્ઞાનથી અશુદ્ધ આત્માને અનુભવ્યા કરે છે...**' એ રાગનું કર્તવ્ય એ મારું, શુભનું મારું, આચરણ શુભનું મારું એમ આત્માને મેલો જ અનુભવ્યા-વેદ્યા કરે છે. તેને અજ્ઞાનમયમાંથી અજ્ઞાન જ થશે. રાગમાંથી રાગ જ ઊભો થશે.

'**એ ન્યાયે નવાં કર્મના આસ્રવણનું નિમિત્ત...**' નવા આવવાના નિમિત્તરૂપે '**રાગદ્વેષમોહની સંતતિ તેનો નિરોધ નહિ હોવાથી,...**' નહિ નિરોધ થવાથી '**અશુદ્ધ આત્માને જ પામે છે.**' એ મલિન પરિણામને જ પામશે. એ અશુદ્ધ આત્મા. આહાહા..! સમજાણું કાંઈ? '**અજ્ઞાનમય ભાવમાંથી અજ્ઞાનમય ભાવ જ થાય છે એ ન્યાયે નવાં કર્મના આસ્રવણનું નિમિત્ત જે રાગદ્વેષમોહની સંતતિ તેનો નિરોધ નહિ થવાથી,...**' કારણ કે આત્માના સ્વભાવથી અનાદર કરનારો જે વિકલ્પ એનાથી તિરસ્કાર સ્વભાવનો કરે છે એનો જેણે આદર કર્યો છે. સમજાણું કાંઈ? શુભભાવ દયા, દાન, કરુણા, કોમળતા આદિ શુભભાવ એ આત્માના સ્વભાવનો તિરસ્કાર કરનારા છે. એનો જે આદર કરે છે એને અજ્ઞાનમાંથી અજ્ઞાન જ થશે એકલું. કહો, દેવાનુપ્રિયા! સમજાય છે કે નહિ આ? આહાહા..!

'**અશુદ્ધ આત્માને જ પામે છે.**' વળી આત્મા અશુદ્ધ ન હોય ને? એ વિકારના વિકલ્પો જે છે એને જ પોતાનો માની ત્યાં દૃષ્ટિ પડી છે. ભગવાન સ્વરૂપ શુદ્ધ છે એનું જ્ઞાન નથી, અનો આદર નથી, એનો સત્કાર નથી, એના સ્વભાવનું ભાન નથી. અને એ બહિર્મુખ વિકલ્પો ઉઠતા તેના તરફના પ્રેમમાં સપડાણો, અશુદ્ધ દશાને જ પ્રાપ્ત કરે છે. દુઃખ દશાને પ્રાપ્ત કરે છે. આ કહે છે અહીં. આહાહા..! કહો, હિંમતભાઈ! સમજાય એવું છે, હોં! નથી સમજાય એવું નહિ. આ કાંઈ એવી ભાષા આકરી નથી, સાદી ભાષામાં સાદું છે.

મુમુક્ષુ :- આ સમજીને શું કરવું?

ઉત્તર :- આ કરવું ઈ. આ શું કરવું? આત્માને ઓળખીને આત્મામાં ઠરવું. કહો, સમજાણું

કાંઈ? કેમ ઓળખવો? કે સમાગમ કરો ઓળખવો હોય તો. ઓલો છોકરો પૂછતો હતો તમારો પાછો. તમે કીધું હતું અમને. એને ઓળખવો કેવો? મેં કીધું ઓળખવું, વાંચવું, શ્રવણ કરવું. તારો બાપ વાંચે છે કે નહિ કીધું, જો! એમ ને એમ મળી જાશે? ભણવા જાય છે ત્યાં કેટલા માથો ફોડે છે. જુઓને! આ બેય જણા આવે ને જાય. કેટલું કરે છે. ભાવનગરથી. છોટાભાઈ!

કહે છે, '**માટે શુદ્ધ આત્માની ઉપલબ્ધિથી (અનુભવથી) જ સંવર થાય છે.**' આ સરવાળો લ્યો. ભગવાન પવિત્ર પ્રભુ એવા પવિત્રતાના અંતરમાં એકાગ્ર થવાથી શુદ્ધપણાની પર્યાયરૂપ આત્માનો અનુભવ થાય છે અને સંવર થાય છે. આ સંવર. આમ હાથ જોડીને પાંચ પાંચ .. સેવા ને પચખાણ એ સંવર-ફંવર નહિ. કર્યા હશે નાની ઉંમરમાં બોટાદમાં. કર્યા હશે ને? પાંચ.. ખાઈને આવે, ચા પીને આવે એકાદ વાર. .. સવાર સુધીનો...

મુમુક્ષુ :- મગજના લાડવા મળે.

ઉત્તર :- ધૂળમાંય મગજનો લાડવો નથી. ત્યાં દુઃખ છે.

કહે છે કે આવા આત્માનો અનુભવ થવાથી જ આત્મા તરફની દૃષ્ટિના વેદનથી એને સંવર નામ આસ્રવનું રુંધવું, અટકવું થતાં એને આવરણ આવતા નથી. એનાથી આત્માનો લાભ થાય છે. બાકી કોઈ આત્માનો લાભ થાતો નથી.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**અષાઢ સુદ ૧, શનિવાર તા. ૮-૦૭-૧૯૬૭**
**ગાથા-૧૮૬, શ્લોક-૧૨૭, પ્રવચન-૨૭૦**

આ સમયસાર, સંવર અધિકાર છે. ૧૮૬ ગાથાનો ભાવાર્થ છે. સંવર એટલે શું? ૧૮૬ ગાથા. એનો ભાવાર્થ. આત્મા જ્ઞાનાનંદ શુદ્ધ સ્વરૂપ છે. એની પર્યાયમાં કર્મના નિમિત્તના સંગે જે કાંઈ પુણ્ય અને પાપનો ભાવ જે આસ્રવરૂપે શુભભાવ આદિ પણે પરિણમે છે, એ આસ્રવ છે, દુઃખરૂપ છે, એ બંધનનું કારણ છે. આત્મા એ જ્ઞાનાનંદ ચૈતન્ય ધ્રુવ સત્ય વસ્તુ છે. વસ્તુ છે. એની વર્તમાન પર્યાયમાં કર્મના સંગના લક્ષે, સ્વભાવના સંગના અભાવે જે શુભ-અશુભભાવરૂપ એની દશા થાય છે એ ભાવ આસ્રવ એટલે મલિન દુઃખરૂપ ભાવ છે. એની મૂળ સત્તા ચૈતન્યના મૂળ સત્ત્વના તત્ત્વમાં એ ભાવ નથી.

જેને કલ્યાણ કરવું હોય એણે શું કરવું? સુખી થવું હોય એણે શું કરવું? કે '**જે જીવ અખંડધારાવાહી જ્ઞાનથી...**' વસ્તુ જે ચૈતન્ય છે, શુદ્ધ તત્ત્વ સત્ત્વ એના ઉપર દૃષ્ટિ આપીને પુણ્ય-પાપના વિકલ્પો આસ્રવો કે ભાવબંધ કહો એ વિકૃત ભાવ, એને છોડવા, એને રોકવા, સંવર નામ નિર્મળ નિર્દોષ દશા થવા, સ્વતંત્ર આત્મશાંતિની પ્રાપ્તિ થવા એણે શું કરવું? '**અખંડધારાવાહી જ્ઞાન...**' ચૈતન્ય સ્વરૂપ જે શુદ્ધ સત્ ધ્રુવ છે એના ઉપર જ્ઞાનની વર્તમાન દશાને એમાં એકાકાર કરી... સમજાણું કાંઈ? માર્ગ તો અંતરનો અલૌકિક છે આ. વસ્તુ જ પોતે અંતરમાં ચૈતન્યદ્રવ્ય વસ્તુ છે. સચ્ચિદાનંદ સ્વરૂપ સત્ શાશ્વત જ્ઞાન અને આનંદ આદિ શાંતિનું સદૃશ્ય ત્રિકાળ રૂપ છે એ. એની વર્તમાન દશા જે પરસંગના વલણમાં અનાદિથી ગઈ છે એને સ્વભાવ સંગમાં વાળી અને એકાગ્રતા દ્વારા આત્માનો અનુભવ કરવો એનું નામ ધર્મ અને એનું નામ શાંતિ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

'**અખંડધારાવાહી...**' એટલે જેવું દ્રવ્ય છે વસ્તુ. એના તરફની એકાકારતા. અખંડ કે જેમાં ખંડ ન પડે. એવા '**આત્માને નિરંતર શુદ્ધ અનુભવ્યા કરે છે...**' આત્મા શુદ્ધ ચૈતન્ય આનંદ, એના ઉપર દૃષ્ટિ કરી, એમાં એકાકાર થઈ અને એ આત્માના શાંત સ્વભાવ, આનંદ સ્વભાવ એવો શુદ્ધ ભાવ એને અનુભવ્યા કરે છે '**તેને રાગદ્વેષમોહરૂપી ભાવાસ્રવો રોકાય છે...**' એને જે જ્ઞાન પરમાં રોકાઈને ભેખ ધારણ (કરે છે), રાગ-દ્વેષ, પુણ્ય-પાપનું ભેખ ધારણ કરતું એ આત્મા તરફની એકાગ્રતાથી તે ભેખ રાગનો તૂટી જાય છે. સમજાય છે કાંઈ?

રાગ-દ્વેષ ખંડ ખંડ પર વસ્તુમાં લક્ષ કરીને પ્રેમ અને દ્વેષ અને પર વસ્તુની એક્તાની

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

બુદ્ધિ, રાગદ્વેષાદિ ભાવ એમાં એક્તાબુદ્ધિ એવો જે ભાવાસ્રવ નામ દુઃખરૂપ ભાવ એને અંતર આનંદ સ્વરૂપના અનુભવથી તે રોકાઈ જાય છે.

નિરાલંબી વાત. એને લક્ષમાં કોઈ દિ' ચૈતન્ય જાત શું છે એની સામું જોવાને નવરો થયો નથી. બહાર ભટક્યા ભટક કરે છે આમ. વસ્તુ પોતે પોતામાં સચ્ચિદાનંદ પ્રભુ એને ન જોતાં બહારમાં આ.. આ.. આ.. બહારનો અર્થ? કાંઈ પરપદાર્થ શરીર, કર્મ પરને તો કદી એ અડતો પણ નથી. શરીર, કર્મ, વાણી એ તો જડ છે. એને તો કોઈ દિ' અડ્યો પણ નથી. ફક્ત એના સંગમાં પુણ્ય અને પાપના આસ્રવના વિકૃત આ ભાવ કરે છે એ સંસાર અને દુઃખરૂપ ભાવ છે. એને જેમાં દુઃખ નથી, જેમાં પૂર્ણ આનંદ સ્વરૂપ સત્ સ્વરૂપ છે એના અંતરમાં એકાગ્ર થઈ અને તે પુણ્ય-પાપની પરની એક્તાબુદ્ધિ, એવો આસ્રવ, મલિન પરિણામ રોકાય છે એટલે ઉત્પન્ન થતાં નથી. માસ્તર સમજાય છે? ઝીણું, બહુ ઝીણું આ. જગતના અભ્યાસમાં ન મળે આ. આહાહા..! કહો, દિપચંદજી!

દેખનારો અને જાણનારો એને તું દેખ અને એને જાણ. જેના હોવાપણામાં તો જ્ઞાન ને જાણવું ને દેખવું એવો સ્વભાવ છે. એવો જાણનાર પરને જાણે છે, રાગને, દ્વેષને આને એ જાણવાની દશા એની છે. રાગ દ્વેષાદિ વિકાર છે. એ જાણવાની દશા એને અંતરમાં એકાકાર કરી અને આત્માના શાંતસ્વભાવ, અવિકારી સ્વભાવ અંતર્મુખની દૃષ્ટિ કરીને અનુભવ્યા કરે એને રાગદ્વેષમોહ થતાં નથી.

'**તેથી તે શુદ્ધ આત્માને પામે છે;...**' એ પવિત્ર આત્માની દશાને પ્રાપ્ત કરે છે. વસ્તુ પવિત્ર (છે). (એવી) દશા પ્રાપ્ત થવી એનું નામ અહીંયાં સંવર અને ધર્મ કહેવામાં આવે છે. બહુ વાત... ઘણો ફેર જગતની સાથે. પુણ્ય કરો, શુભભાવ કરો એનાથી આગળ વધાશે. એ લેખ આવ્યો છે કો'કનો ઈન્દોરવાળાનો. આમ કરો.. આમ કરો. એમ કે બાબુભાઈ તો એમ કહેતા હતા કે પુણ્ય નહિ કરો તો મરી જશો. જુઓ! એમ કરવાનું તો કહે છે, પણ વળી ના પાડે છે કે નહિ. કીધું હોય કે નહિ? એમ લખ્યું છે. સાંભળવા જાતો હશે બાબુભાઈને.

ભાઈ! આ તો એવી વાત છે કે અનંત કાળમાં નહિ કરેલી આત્મદશા એની વાત છે. એટલે પુણ્ય અને પાપના રાગ ને વિકલ્પ-ભાવ તો અનંત વાર એ વિકારના ચક્ર કર્યા જ કરે છે. એ કાંઈ નવી ચીજ નથી. એને વિકારનું ચક્ર શુભ-અશુભ... શુભ-અશુભ... શુભ-અશુભ.. કરે છે એ તો અહીંયાં આસ્રવ છે, મેલ છે, દુઃખરૂપ છે. હવે એને ઉત્પન્ન થવા ન દેવું હોય અને શાંતિ ઉત્પન્ન કરવી હોય તો વસ્તુ ભગવાન આત્મા અંદર આનંદ સ્વરૂપનો આખો સ્વભાવ છે જેનો. વસ્તુ છે કે નહિ? આદિ-અંત વિનાનું તત્ત્વ છે કે નહિ એ?

વસ્તુ પદાર્થ છે ને આત્મા? તો એનામાં સ્વભાવ છે. વસ્તુ જેમ શાશ્વત છે તો એની શક્તિઓ, સ્વભાવ પણ શાશ્વત છે ને સાથે? વર્તમાન દશા-હાલતમાં એને પુણ્ય-પાપના વિકૃતભાવ થાય છે. પણ વસ્તુમાં ક્યાં છે એ? વસ્તુ શુદ્ધ ચૈતન્યઘન છે, આનંદઘન છે એના ઉપર નજર કરીને એમાં એકાગ્ર થવાથી જે આત્માની શાંતદશા અનુભવાય એનાથી શુદ્ધ આત્માની પ્રાપ્તિ કહેવામાં આવે છે. માસ્તર! આ તો બીજો માર્ગ છે આખો દુનિયાથી.

મુમુક્ષુ :- દુઃખ મટાડીને સુખી થાવું છે.

ઉત્તર :- એ આ દુઃખ મટાડીને સુખી થવાનો આ માર્ગ છે. દુઃખ ક્યાંય રહેતું નથી બહારમાં. પ્રતિકૂળ સંયોગ એ દુઃખ નથી, અનુકૂળ સંયોગ એ સુખ નથી. બેયમાં કલ્પના કરે છે કે હું આમ સુખી અને આમ દુઃખી. કલ્પના છે એ દુઃખરૂપ છે. એ કલ્પનાના દુઃખના વેદન એ અનાદિ કાળથી એમ ને એમ કર્યે જાય છે. ચાહે તો સ્વર્ગમાં જાય, ચાહે તો નરકમાં જાય, ચાહે તો ભોગી થાય અને ચાહે તો જોગી થાય. પણ એના આત્માના અંતરના ભાન વિના એ પુણ્ય અને પાપના વિકલ્પનું વેદન કર્યા જ કરે છે. એ કાંઈ નવી વાત નથી. અનાદિથી કરે છે, અનાદિથી કરે છે. જેને એમાંથી ખસવું હોય અને આત્માની શાંતિ, શાશ્વત શાંતિમાંથી શાંતિ કાઢીને શાશ્વત શાંતિરૂપે થવું હોય એને માટે આ વાત છે. આ તો માને કે આ કાંઈક પૈસા થાય, ફલાણું થાય, શરીર ઠીક થાય, છોકરા સુખી થાય. ધૂળેય નથી. દુઃખના દાળીયા છે. દુઃખનો અનુભવ કરે છે મૂઢપણે, એને ભાન નથી.

મુમુક્ષુ :- ધાર્યા પ્રમાણે થાય તો...

ઉત્તર :- ધાર્યા પ્રમાણે ક્યાં હતું? ધાર્યા પ્રમાણે થાય તો શું રાગ છે. શું થયું? શું ધાર્યા પ્રમાણે થયું? આ ધૂળ સરખી રહી લ્યો કદાચને. એ તો જડ છે. એમાં એનું વલણ જાય છે કે આ ઠીક એ રાગ છે. રાગ એ દુઃખ છે. પૈસા મળ્યા. શું છે પણ? તને તો ઈચ્છા થઈ. ઈચ્છા એ તો દુઃખ છે. ક્યાં એને સુખ થાય છે?

મુમુક્ષુ :- સુખ તો અંતરમાં થાય ને.

ઉત્તર :- અંતરમાં સુખ છે એને ભૂલી જઈ બહારમાં સુખ અનાદિ કાળથી માને છે. એ જ ભ્રમણાના વેદન એને અનાદિના છે. આહાહા..!

ભગવાન આત્મા સત્ શાશ્વત એમાં આનંદ અને જ્ઞાનનું ભરપુર સ્વરૂપ ભર્યું છે. વસ્તુ છે ને એક? તો એનો જ્ઞાન આનંદ પણ એકરૂપ અખંડ છે એમાં. એની ઉપર અંદર નજર કરીને આત્માની એકાગ્રતાનો અનુભવ કરવો એ શુદ્ધાત્માને પામે છે. આત્મા તો શુદ્ધ છે પણ પર્યાયમાં શુદ્ધ આત્માને પામે છે એમ કહેવામાં આવે છે. આહાહા..! પાઠ છે ને? '**सुद्धं तु वियाणंतो सुद्धं चेवप्पयं लहदि**' એમ છે ને? જેઓ પોતાના શુદ્ધપણાના

પામે છે. એ શુદ્ધ તો વસ્તુ ત્રિકાળ વસ્તુ તો શુદ્ધ જ છે ચૈતન્યમૂર્તિ. એની અવસ્થામાં આકાર વિકારનો જે હતો, આકાર વિકારનો જે હતો, એને ચૈતન્યના અંતર સ્વભાવ જે શાશ્વત શુદ્ધ છે એમાં અંતરની જ્ઞાનદશાને વાળી... આ કાંઈ બોલવાની રીત નથી. એ કાંઈ બોલે પ્રાપ્ત થાય એવું નથી. વસ્તુના માહાત્મ્યમાં અંતર વળી, 'આ ચીજ જ હું'. પોતે જો અન્યથી ખાલી હોઉં તો એનો અર્થ શું? ખાલી હોઉં તો એ વસ્તુ શું પણ ત્યારે? હું એટલે આત્મા. એના ગુણો જે છે, શક્તિઓ છે, સ્વભાવ છે, એનું સત્‌નું સત્ત્વ છે, હોવું છે, એનો હોવાપણાનો ભાવ. એથી ખાલી કોઈ દિ' હોઈ શકે જ નહિ. પણ એણે એના તરફની પ્રતીત અને વિશ્વાસ અનંત કાળમાં કર્યો નથી. ત્યાગી થાય તો એ આ મેં ત્યાગ્યું, આ મેં છોડ્યું, આ મારે પાળવું... એ બધા વિકલ્પની જાળ છે-રાગની. એ રાગની જાળમાં રોકાણો છે એ સંસાર, એ દુઃખરૂપ, એ આસ્રવ, એને ભાવબંધ કહ્યો છે.

ભગવાન આત્મા એ ભાવબંધના પરિણામ વિનાની ચીજ છે ત્રિકાળી. ધીરો થઈને.. ઓહો..! એક આંગળી તૂટે ત્યાં એને એમ થઈ જાય કે હાય.. હાય! મારો અવયવ ગયો. છોકરા પાંચ વર્ષના મરી જાય તો કહે, અરેરે..! મારું એક અંગ ગયું. પણ આખો અંગી ભગવાન અનંત ગુણનો સાગર, એનો એક અંગ શુદ્ધનય એની એને રોકકળ નહિ. જરીક એક છોકરો મરી જાય તો રોવે, ફલાણું મરી જાય તો રોવે, એક આંગળી તૂટે તો હાય-હાય. કાન તૂટે તો, એક આંખ ફૂટે તો...

મુમુક્ષુ :- ઢોર ઘરનું મરી જાય તો રોવે.

ઉત્તર :- એક બકરી સારી હોય ને મરી જાય તો ભાવે નહિ, તે દિ' ભાવે નહિ. આહાર ન ભાવે, લ્યો. પોતાનું પાળેલું કૂતરું હોય ને મરે તો આહાહા..! આજ ખાવું ભાવશે નહિ. પણ આખો તું ચૈતન્ય ભગવાન જીવંત જ્યોત પ્રભુ અનાદિઅનંત શુદ્ધ તત્ત્વ છે એને તું જોતો નથી અને એને મારી નાખ્યો. રાગ અને પુણ્ય-પાપ મારા એમ માનીને આ આખા ચૈતન્યના આનંદને મારી નાખ્યો. એને ગોતવાનું તને કાંઈ રોકકળ નથી થાતી? કહો, શાંતિભાઈ! આ પહેલું સમજવું એણે નક્કી કરવું જોઈએ.

એને એવી શ્રદ્ધાની પાળ બાંધવી જોઈએ કે જેટલો પુણ્ય-પાપનો વિકલ્પ અને રાગ ઉઠે તે મને લાભદાયક નથી. મારો તો ચૈતન્ય આનંદ સ્વભાવ આનંદ સચ્ચિદાનંદ પ્રભુ હું છું. એમાં અંતર એકાકાર થાઉં એટલો મને ધર્મનો લાભ થાય. એવી શ્રદ્ધાની પાળ એણે નક્કી કરવી જોઈએ. કહો, સમજાણું કાંઈ? શુભથી આમ થાશે અને ફલાણાથી આમ થાશે. દયા, દાન, વ્રતના ભાવ કરશું તો હળવે હળવે શુદ્ધ થાશું. હવે ઈ જ.. કોણ જાણે શું કરે છે, કાંઈ ખબર પડતી નથી. રાગને રગડ રગડ કરે છે. એ છૂટે પછી... એ શુભઉપયોગ

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છૂટે ક્યારે? શુદ્ધઉપયોગ થાય ત્યારે. પણ પહેલી દૃષ્ટિમાં આદર ન જાય ત્યાં સુધી એને સમ્યગ્દર્શન થાય શી રીતે? જ્યાં વાત કરે દર્શનની ત્યાં (એમ કહે), લ્યો, શુભઉપયોગ તો ફલાણા ગુણસ્થાન સુધી રહેશે. એને પણ પુણ્ય કરવું પડે છે, એણે પણ કરવું પડે છે. સમજાણું? એ ઈંદોરવાળો છે કો'ક, લખે છે. શું છે? જૈન સંદેશ. એક ફેરી વાંચ્યું હતું. કીધું, લાવો થોડું વાંચીએ તો ખરા.

મુમુક્ષુ :- એવા લેખ મોકલાય જ નહિ જૈન દર્શનમાં.

ઉત્તર :- મોકલાય જ નહિ ને. કાંઈ ... મોકલે કોણ અને જાય કોણ? કરને વિકલ્પ તું તારે. પુણ્ય સર્વથા હેય નહીં હૈ. ઈન્દોરીલાલ બડજાત્યા. ઈન્દોર. મોટો લેખ છે. આ તો વળી બીજો છે. ભાઈ! શુભભાવ એટલે... મહારાજ! પણ શુભભાવમાં જ સંવર-નિર્જરા કહે છે. એ તો આમાં પણ એ કહે છે. આમાં પણ કહે છે. બધાયને એક જ રટણ લાગી છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. જેટલો રાગ છે એટલો બંધ છે. પણ જેટલો રાગ ઘટ્યો છે ને શુભમાં? એટલી સંવર નિર્જરા છે. અશુભભાવ નિવૃત્તિ સંવર. કહે છે ને દ્રવ્યસંગ્રહમાં? ચારિત્ર કહ્યું છે કે નહિ અશુભથી નિવૃત્તિ? ખબર છે? દ્રવ્યસંગ્રહમાં આવે છે. અશુભભાવ નિવૃત્તિ. પણ કઈ અપેક્ષાએ? અરે..! ભગવાન! પણ ખરો અશુભ તો મિથ્યાત્વભાવ છે. જે આત્માના શુદ્ધ ચૈતન્ય સ્વરૂપનો જ્યાં આદર જ નથી અને જ્યાં વિકલ્પનો આદર છે એ જ મહા મિથ્યાત્વભાવ છે. આહાહા..! વાત એવી સૂક્ષ્મ અને નહિ જાણેલી એટલે એને આ ખટકે છે અંદર બધાને. એય..! સોનગઢ.. સોનગઢ કર્યા કરે. સોનગઢવાળા આમ કહે છે, સોનગઢવાળા આમ કહે છે. ભાઈ! સોનગઢ નહિ. વસ્તુનું સ્વરૂપ એવું છે. ... કર ને.

આત્મા છે કે નહિ? વસ્તુ છે કે નહિ? એક ચીજ છે કે નહિ? એ ચીજ જે વસ્તુ છે એની કોઈ વસ્તુ એમાં વસેલી શક્તિઓ છે કે નહિ? ગોળ છે અને ગળપણ નથી. અફીણ છે ને કડવાશ નથી. એમ હોય? એમ આત્મા છે ને એને ગુણ શક્તિ નથી, એમ હોય કોઈ દિ'? આત્મા છે તો એનો ગુણ શું? એની શક્તિ શું? કે જ્ઞાન, આનંદ, શાંતિ, સ્વચ્છતા એ એની શક્તિ ગુણ છે. અને એ ગુણનું પર્યાયમાં-વર્તમાન અવસ્થામાં એનો અનાદર કરી અને રાગદ્વેષના ભાવ કરે છે એ દુઃખરૂપ દશા છે. આમાં તો સીધી બે ને બે ચાર જેવી વાત છે. સમજાણું કાંઈ?

એને દુઃખરૂપ દશા ટાળવી હોય તો જેમાં આનંદ અને શક્તિ પડી છે વસ્તુ, એના તરફ એકાગ્ર થાય તો આનંદની દશા દુઃખનો અભાવ કરીને પ્રગટ થાય. આહાહા..! પહેલું હજી એને શ્રદ્ધામાં, એના જ્ઞાનમાં, એના વીર્યમાં આવું નક્કી ન કરે ત્યાં સુધી સ્વસન્મુખનું

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કામ કરી શકે નહિ. સમજાણું કાંઈ? આમ બહારમાં કાંઈક કરવું, એમાંથી કાંઈક ભળાય, બીજા ભાળે. શું કરે? બાપા! ભાળે શું? તું હજી તારી દિશા, અરૂપી તારામાં આસ્રવ પુણ્ય-પાપ અને બંધનો જે ખેલ છે એ અરૂપી છે. જડનો ખેલ કર્મનો, શરીરનો એ તો એનામાં રહ્યો. એને તું અડ્યો પણ નથી કોઈ દિ'. એ તો માટી ધૂળ છે.

તારા ધ્રુવ ચૈતન્યમાં વર્તમાન પર્યાયમાં ખેલ જે છે એ પુણ્ય-પાપ બે થઈ આસ્રવ, અને એ અટકવું એ બંધ. એ ખેલ તારી દશાનો છે. એ ખેલ દુઃખરૂપ છે. એ સંસાર છે, ખેદ છે. આત્માની શાંતિને ઉત્પન્ન ન થવા દેતાં એકલો ખેદ... ખેદ.. ખેદ... આહાહા..! એક વાર તો આમ સર્પ નીકળે મોટો ને. કાળો નાગ એવો સાંભળ્યો હોય, આમ સાડા ચાર હાથનો લાંબો જાડો. હાય.. હાય.. એમ થઈ જાય. એ જાણે જીવ ગળી જશે? જીવ કેવો ગળે? જીવ કોઈ ગળતો હશે? પણ કાળો નાગ ખરેખર તો મિથ્યાભ્રાંતિ એ કાળો નાગ છે. ભગવાન આત્મા શુદ્ધ સ્વભાવનું સત્ત્વ આખો પરમાત્મા પોતે જ શુદ્ધ પરમાત્મસ્વરૂપ જ છે. પરમ-આત્મ એટલે પરમસ્વરૂપ. એનો અનાદર અને પુણ્ય-પાપનો આદર મહા કાળો નાગ છે મિથ્યાત્વ. એનાથી ડરતો નથી. એને તો હોંશ કરીને પકડવા જાય છે. સમજાણું કાંઈ?

'**અને જે જીવ...**' આ સવળી વાત કરી એક ગાથાની. ભગવાન આત્મા આનંદસ્વરૂપ પોતે પ્રભુ છે. એમાં એકાગ્ર થઈને શુદ્ધ આત્મા નામ પવિત્ર દશાની પ્રાપ્તિ કરે એનું નામ શુદ્ધ આત્માને પામે છે. એટલે કે પવિત્રતાને પામે છે. એ પવિત્રતાની પ્રાપ્તિ તેને અહીંયાં સંવર અને મોક્ષનો માર્ગ કહે છે. સમજાણું? '**અને જે જીવ અજ્ઞાનથી આત્માને અશુદ્ધ અનુભવે છે...**' જુઓ! પોતાના શુદ્ધ સ્વભાવનું સત્ત્વ તેની ખબર નહિ અને પોતાને પુણ્ય-પાપના વિકલ્પ રાગવાળો અનુભવે છે. સમજાણું કાંઈ?

ઓલો દાખલો નહોતો આવ્યો? કો'ક મોટો એક મોટો અજગર હતો તે એણે સિંહને ભરડામાં લીધો. આવ્યું હતું? મોટો અજગર. વાઘ-વાઘને ભરડામાં લીધો આમ પકડીને. વાઘ છૂટવા માટે આમ એવા કરે. પણ ઓલો એટલો ભીંસ કરીને, એટલી ભીંસ કરીને હાડકા ભાંગી નાખ્યા. અજગરે જંગલમાં. એક માણસ નીકળ્યો એણે જોયું. મોટો અજગર હશે લાંબો ને એમાં વાઘ આવ્યો. વાઘ અને અજગર લાંબો. વાઘને આમ ભરડી અને પોતાના ભરડામાં લઈ લીધો ભરડામાં. હાય.. હાય. એટલી તડામાર કરે, એટલામાં હેઠે ધૂળના ખાડા પડી ગયા. છૂટવા માટે. અંતે ઓલાએ એટલી ભીંસ કરી દીધી આમ ને. લોહી નીકળીને મરી ગયો. હાડકા તૂટી ગયા. એ અજગરે વાઘને માર્યો. છાપામાં આવ્યું હતું. એ જંગલમાં હતું. આહાહા..! એમ ભ્રમણાએ ભગવાનને મારી નાખ્યો. આહાહા..! ગળી ગયો ગળી. ભગવાન

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


તો આમ ચૈતન્ય સ્વરૂપ (છે એની) ખબર ન મળે.

જેની નજર નાખતાં આનંદના ઝરણા ઝરે, જેની સામું જોતાં શાંતિ મળે, જેમાં એકાગ્ર થતાં એકલો આનંદનો જ ભાવ વેદાય. એવી ચીજને ન જોતાં, એને અંતરમાં ન જાણતાં આ બહારમાં ભટક્યા ભટક કરે છે અનાદિથી વિકલ્પમાં. કહે છે કે એવો અજ્ઞાની ભગવાન આત્મા..! કાંઈક શરીર સુંદર હોય, હાડકા ઠીક હોય, જુવાની હોય. એ તો જડની દશા છે, ભાઈ! એ તો જડની દશા છે, ભાઈ! તારી દશા નથી. શરીરના અવયવો સુંદર હોય, મોઢું આંખ આ બધું. એને આમ માને પ્રેમથી આહાહા..! અરે..! તારા ભ્રમભાવે તને ભરડો માર્યો છે, ભાઈ! ક્યાં કોને શરીર સુંદર કહેવા? હાડકા માવા સડેલા હાડકાનો માવો છે આ તો બધો. બહારની ચામડી સરખી અને આમ મોઢું સરખું (જોવે તો) આહાહા..! શું છે પણ આ?

ભગવાન અંતર આનંદના રૂપથી ભરેલો પ્રભુ, સુંદર ચૈતન્યગુણનો નાથ આત્મા છે. એના રૂપને, સ્વરૂપને જોવાને નવરો ન થતાં અજ્ઞાનથી પોતાના શુદ્ધ સ્વરૂપના રૂપને, સ્વરૂપના રૂપના ભાન વિના '**આત્માને અશુદ્ધ અનુભવે છે...**' એ પુણ્ય ને પાપના રાગવાળો વેદે ને જાણે ને અનુભવે છે. '**તેને રાગદ્વેષમોહરૂપી ભાવાસ્રવો રોકાતા નથી...**' એને રાગદ્વેષ અને મોહના ભાવ થયા કરે છે. '**તેથી તે અશુદ્ધ આત્માને પામે છે.**' એ વિકારી ભાવની દશાને પામે છે. કહો! આ તો વાત બહુ સીધી અને સાદી છે. આમાં કોઈ શાસ્ત્ર બહુ ભણવા પડે તો સમજાય એવું કાંઈ નથી આ. રાજમલજી! આ તમારા બી.એ. થવું પડે અને એલ.એલ.બી. થવું પડે. (ત્યારે) તમારે કોર્ટમાં વકીલાત થાય. આહાહા..!

આમ વસ્તુ, એના ભાન વિના, ચૈતન્યના સહજાનંદ મૂર્તિ પ્રભુ એના માહાત્મ્ય વિના એ પુણ્ય ને પાપના પરના માહાત્મ્ય કરવા ગયો ત્યાં વિકારી દશાને અનુભવે છે. એને અશુદ્ધ આત્માની પ્રાપ્તિ, મેલ દશાની પ્રાપ્તિ થાય છે. '**આ રીતે સિદ્ધ થયું કે શુદ્ધ આત્માની ઉપલબ્ધિથી (અનુભવથી) જ સંવર થાય છે.**' લ્યો! બીજી રીતે આમ હાથ જોડીને બેસે કે આસ્રવ આ ન કરું, આ મારે ન ખપે નહિ. એમ નથી થાતું એમ કહે છે. શાંતિભાઈ! આહાહા..! ભગવાન! બંસીધરજીને કીધેલું હોં! એ કાંતિલાલે. ઓલો કલકત્તાવાળો. એ સામાં આવ્યું હતું. કહે છે એ વાત બરાબર છે. વળી એને આ નડે છે. અસંયમીને વાંદવા નહિ. એ મોટું લાકડું.

'**હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :-**' ૧૨૭ કળશ.

**यदि कथमपि धारावाहिना बोधनेन**
**ध्रुवमुपलभमानः शुद्धमात्मानमास्ते।**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

**तदयमुदयदात्माराममात्मानमात्मा**
**परपरिणतिरोधाच्छुद्धमेवाभ्युपैति।।१२७।।**

આ શ્લોક ઓલાને બહુ વહાલો હતો. ઓલા નાગર હતા ને? ભાઈ! ગુલાબરાયને? જુનાગઢના ગુલાબરાય હતા. રેલના ઓલા. અહીં આવ્યા હતા. એની દીકરી ક્ષયમાં હતી. પછી અહીં આ સેનેટરીમાં આવેલા. આ શ્લોક એને.. આમ વેદાંતી હતા. પણ આ શ્લોક સાંભળીને.. આહાહા..! ભારે વાત! ગુલાબરાય હતા. રેલના. બિચારા ગુજરી ગયા. અમે ગયા હતા જ્યારે ત્યાં (સંવત) ૧૯૯૫માં ત્યારે તો હતા. નાગર હતા નાગર. અહીં આવ્યા હતા. એની દીકરીને ક્ષય હતો ને. આ સેનેટરીમાં રહેતી. મરી ગઈ છોડી પછી. પછી ગુલાબરાય કહેતો કે માર્ગ આ ભાઈ અલૌકિક. આવું જૈનમાં છે? અમને તો ખબર પણ નહિ આ. આવી વાત જૈનમાં! આ વસ્તુ! આ શ્લોક.

**यदि कथमपि धारावाहिना बोधनेन**
**ध्रुवमुपलभमानः शुद्धमात्मानमास्ते।**
**तदयमुदयदात्माराममात्मानमात्मा**
**परपरिणतिरोधाच्छुद्धमेवाभ्युपैति।।१२७।।**

**શ્લોકાર્થ :- 'જો કોઈપણ રીતે...'** જો કોઈપણ રીતે. એનો અર્થ નીચે. **'કોઈ પણ રીતે (તીવ્ર પુરુષાર્થ કરીને)...'** આહાહા..! એક માણસનું નામ ભૂલી ગયો હોય અને પરિચયમાં આવી ગયો હોય પછી કહે આ નામ કેમ યાદ આવતું નથી? સમજાય છે? પછી અંદરમાં કેટલો શોધવા જાય? સમજાણું? એક માણસ કોઈ મળ્યો હોય પ્રેમથી અને કાંઈક વાતચીત થઈ હોય અને પછી (યાદ કરે કે) આ કોણ માણસ મળ્યા હતા? આ એક માણસ ક્યાંક મળ્યો હતો. કોણ? ક્યા ગામમાં? એ જેમ એને ગોતવા જાય છે અંદર, આમ બધી તારવણી કરતા.. કરતા.. કરતા.. આ ઠેકાણે મળ્યો હતો એમ જ્યારે એને હાથ આવે ત્યારે એને એકાગ્ર કેટલું થાવું પડે. ભૂલી ગયો હોય ને નામ. ભૂલી ગયો હોય. એમ આત્મા પોતાના શુદ્ધ સ્વરૂપને ભૂલી ગયેલો છે અનાદિથી. સમજાણું કાંઈ? એને અંતરમાં પત્તો લેવા અંદર પુરુષાર્થની ગતિએ તીવ્ર પુરુષાર્થ દ્વારા અંદરમાં શોધવા જાય. આમાં ક્યાં છે પણ આ ધ્રુવ વસ્તુ? સમજાણું કાંઈ?

આ કોઈ માણસને યાદ કરે ને પછી આમ થઈને ઊભો નથી રહેતો? યાદ ન આવે ત્યારે. નામ એનું (શું) હતું? એ શેમાં કરે? અંદરમાં. આમ આમ કર્યા કરે. કેમ રાજમલજી! કોઈ ભૂલી ગયા હોય ત્યારે એવું હોય છે ને? ક્યાં વિચાર કરતો હશે? આંખમાં? ક્યાં હશે? કોણ હશે? ક્યાંનો હશે? એ બરાબર છે. મળ્યો હતો, એનું નામ કહ્યું હતું. ગોતતા..

ગોતતા... ગોતતા... જેમ એકાગ્ર થાય છે ને? ત્યારે ઓલું ધારણામાં હોય એ વાત આવી જાય છે વાત. એમ આ વસ્તુ જે છે.. પ્રવિણભાઈ!

ભગવાન આત્મા... આવે છે ને શાસ્ત્રમાં? સોનું, મુઠ્ઠીમાં સોનું અને ભૂલી ગયો. દાંતણ કરવા બેઠો હતો ને પેલું સોનું હતું મુઠ્ઠીમાં રાખેલું. પછી ખબર ન રહી. મુઠ્ઠી આમ આમ રાખી. દાંતણ થઈ ગયું એટલે.. સોનું ક્યાં ગયું? પણ ઓલું મુઠ્ઠી વાળેલી એ મુઠ્ઠીમાં રાખ્યું હતું એ ભૂલી ગયો. એમ આ પછી યાદ કરતા... કરતા.. આ રહી મુઠ્ઠી. આમાં હતી જ તે. ક્યાં વઈ ગઈ હતી? એમ આત્મા અનાદિથી અજ્ઞાનમાં ખોવાઈ ગયેલો. પુણ્ય-પાપના વિકલ્પના અટવીમાં રખડતો, ભગવાન ચૈતન્ય ધ્રુવ સ્વરૂપ છે એ ખોવાઈ ગયો છે.

કહે છે, '**કોઈ પણ રીતે (તીવ્ર પુરુષાર્થ કરીને)...**' સમજાણું કાંઈ? એની વર્તમાન જ્ઞાનદશાને કોઈપણ રીતે અંતરમાં વાળીને ચૈતન્યના સ્વભાવ તરફમાં જોડાણ કરીને '**ધારાવાહી જ્ઞાનથી...**' ધારાવાહી જ્ઞાન-અત્રુટક જ્ઞાન. એના બે પ્રકાર લેશે. '**શુદ્ધ આત્માને...**' એકરૂપ ચૈતન્ય ભગવાન આત્માને '**નિશ્ચળપણે...**' ચળ્યા વિના. જેમ કોઈના વિચારમાં ચડી જાય ત્યારે કલાક, બે કલાક જામી જાય છે ને વિચાર એને? ધ્યાનમાં. આંખ આમ ને આમ રહી ગઈ હોય પણ આમ ચડી ગયો હોય વિચારમાં. કાંઈક વિચારે ચડી જાય ધંધાના, વેપારના, ફલાણાના. થઈ જાય કે નહિ? મોહનભાઈ! આંખ એમ ને એમ રહી ગઈ હોય, હોં! એ જાણે કે કાંઈક.. એક સંકલ્પ ચાલ્યો ને આનું આમ.. આનું આમ.. ભલે પોતે ન કરતો હોય. છોકરો કરતો હોય. છોકરાનું ચાલે મગજમાં. એ આમ કરતો હશે, ઓલો આમ કરતો હશે. ચાલે ચાલે તો કલાક, બે કલાક ચાલે અંદર. પાછી બીજી વાત પણ ભૂલી જાય અને એને કોણ બેઠા કોણ પૂછે છે અને કોણ જોવે છે એ પણ ભૂલી જાય. શું કરો છો આ? કાંઈક વિચારે ચડી ગયો હતો હું. કહે છે કે નહિ એમ? વિચારે ચડી ગયો હતો. ક્યાં ગયો હશે? કાંઈ બહાર ગયો હશે? એ વિચારની ધારામાં સંકલ્પ-વિકલ્પમાં પડ્યો. એમ જ્યાં ખબર રહેતી નથી બીજી, એમ આત્માની ધારામાં જતાં બીજી ખબર ન રહે એને અહીં ધારાવાહી જ્ઞાન કહે છે. સમજાણું કાંઈ? સમ્યગ્જ્ઞાન પણ ધારાવાહી કહેવાય અને ઉપયોગ એમ બે પ્રકાર કહેશે.

'**શુદ્ધ નિશ્ચળપણે અનુભવ્યા કરે...**' છે. પણ આ બહારનું જરૂરનું હોય એને મૂકીને અહીં ક્યાં ગરવું અંદરમાં? પહેલું આ કરવું કે નહિ? શું કરવું? બહારના જરૂરનું બહારમાં બાયડી-છોકરા હોય, શરીર હોય એનું સંભાળ, ખાવું-પીવું, ટાણે ભૂખ લાગે, એની પહેલી જરૂરિયાત ઈ કરવી કે આ કરવી અમારે?

મુમુક્ષુ :- છે પ્રશ્ન મુદ્દાનો.

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ઉત્તર :- આ શરીર પાને પડ્યું, બાયડી પાને પડી, છોકરા પાને પડ્યા, દુકાન એક કરીને બેઠો હોય. નોકરો સાત-આઠ-દસ કરીને બેઠો હોય. પાંચ-દસ લાખ ત્યાં નાખ્યા હોય. સમજ્યાને? બાર આનાનું વ્યાજ, રૂપિયાનું વ્યાજ.. અડધો નફો આપો. અડધો ભાગ. પૈસા હોય. પાંચ લાખ આપ્યા ને એક ટકાનું વ્યાજ અમને દેવું અને એ સિવાય નફો થાય તો અડધો અમારો અને અડધો તમારો. ઓલો બિચારો નિર્ધન હોય. હવે એ વિચારની ધારામાંથી આની જરૂર પડે. સવારે દિવાળું નીકળે, નહિ ધ્યાન રાખીએ તો. કહો, શેઠી! તમે કહો છો, આત્માનું ધારાવાહી જ્ઞાન કરો. અમારે ધારાવાહી આને ઝીલવું કે આને ઝીલવું? હવે ધૂળમાંય નથી, સાંભળને! એ તો બહારનું થવાનું એ થયા કરશે. તારી ચિંતા કરવાથી કાંઈ ફેરફાર થવાનો નથી.

બધું રાખવું. છોકરા સરખા હોય, સરખું સગપણ હોય. બધું કાંઈક... સમજ્યાને? આબરૂ પ્રમાણે કન્યા ન મળે તો પણ ચિંતા અને કન્યા એવી મળી ગઈ તો પણ ચિંતા. પાછો છોકરો વળી કન્યામાં સલવાણો અને શરીર મોળું પડી જશે, ક્ષય થઈ જશે તો પણ ચિંતા. મારી નાખે જગતને. હાડકા.. હજી છ મહિના પરણ્યો અને શરીરમાં કાંઈ કસ નથી. આમ કેમ ફેરફાર થઈ ગયો? એય.. વિચાર. હવે આ બધી જરૂરિયાતને મૂકીને અહીં વળગવું? એમ કહે છે અહીં. એ જરૂરિયાત કાંઈ નથી, સાંભળને! મફતનો હેરાન થા છો. એ કલ્પના તું કરીને રોકા. બાકી કલ્પના વડે કાંઈ બહારમાં થાય એવું છે? કાંઈ જરીએ ફેરફાર? એની ચિંતામાં રોકાય તો ત્યાં ઠીક થાય અને ન રોકાય તો અઠીક થાય. એવું છે? નટુભાઈ! શું હશે?

મુમુક્ષુ :- આપ કહો છો એમ જ છે.

ઉત્તર :- એમ જ છે? પણ વકીલાત સરખી ચાલે. હવે શું કરવું? જેનો કેસ લીધો એને સંભાળવા બેસવું. પાના-બાના ફેરવવું કે નહિ? લ્યો. ધારાવાહી જ્ઞાનમાં રોકાવું. પણ આ લઈને બેઠા હોય એનું શું કરવું અમારે? અરે..! સાંભળને. ભાઈ! હવે એ તો બહારનું થયા કરે. અહીં તો તને હિત કરવું હોય તો આ છે એમ કહે છે. એ તો બધું અનંત વાર સંકલ્પ-વિકલ્પની માંડી છે તેં. સંકલ્પ-વિકલ્પની, હોં! બહારનો એક પરમાણુ ફરે ત્રણ કાળમાં તારા વિકલ્પથી એમ છે નહિ. જે કાળે જે રીતે શરીર, વાણી, પરપદાર્થની જે પર્યાયનો કાળ તે પર્યાયે તે જ રીતે તારી ચિંતા હો કે ન હો થયા જ કરશે. આહાહા..! પણ ભાઈ રાંધવામાં ધ્યાન રાખવું પડે કે નહિ પાછું લ્યો. રાંધવાનું સોંપ્યું હોય અને રાંધવામાં ધ્યાન ન રાખે તો શું કરવું? એ વખતે અમારે આત્માનું ધ્યાન કરવું? ઠપકો મળે એને સાસુનો. એય.. મલૂકચંદભાઈ! એને સોંપ્યું હોય એક કામ. તો એણે શું કરવું? છોકરાને સાચવવા,

ફલાણું કરવું. સમજાણું? હવે કાંઈ ધૂળેય થાય એમ નથી. સાંભળને. તારા વિકલ્પની..

એટલો તો નિર્ણય કર કે તારા સંકલ્પ-વિકલ્પથી બહારમાં કાંઈ થાય એવું નથી. ઢીલા પડી જશે ફટ દઈને. આને માટે આ કરું, કાંઈ થવાનું નથી. એક રજકણ ફરે તારા સંકલ્પ-વિકલ્પની રક્ષા કરવા જાય અને એને લઈને આ થાય, ત્રણ કાળમાં કાંઈ ફરે એવું નથી. કહો, પ્રવિણભાઈ! આ તો વાત બરાબર છે કે નહિ? એટલી તો પાકી કરવીને એણે? કે આ સંકલ્પ-વિકલ્પ કર તેથી બહારના પરમાણુની કોઈ અવસ્થા આડી-અવળી થાય, ઠીક થાય એમ ત્રણ કાળમાં બને એવું નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ધૂળેય એકેય થાતું નથી. જોડે શું થાય છે? પગ મૂકે ત્યાં ઉપાડવાનું મન થાય. મૂક્યો હોય ત્યાં ઉપાડવાનું મન થાય. સમજ્યા ને? ઉપાડ્યો તો હવે મૂકવાનું મન થાય. એમાં ક્યાં છે આમાં કાંઈ ઠેકાણા? આકુળતા છે. કોઈ પ્રતિકૂળ વળી બોલે તો એને જરી સમજાવવાનું મન થઈ જાય. લ્યો. ત્યાં ઓલો ન માને કે ના ના એમ નહિ. ઉઠા ભણાવો છો અમને. એય.. વળી વધારે. એને કાંઈક સમાધાન ન થાય ત્યાં સુધી એને સખ ન આવે લે. હવે મૂકને પડતી. એનું સમાધાન થાવું, ન થાવું તારી કલ્પનાથી છે? સમજાણું કાંઈ?

એ કલ્પનાની જાળ મને નુક્સાનકારક છે, તેનાથી પરપદાર્થમાં કાંઈ ફેરફાર થતો નથી. એટલી પાળ બાંધે તો એને અંતરમાં જવાનો અવકાશ આવે. દવા આ છે. આ ઈંજેક્શન છે. માસ્તર! ઓલા પૈસાવાળા બિચારા આમ.. આમ.. કરે. લ્યો. આમ થયું છે, ઢીંકણું થયું. કલ્પના કરે કલ્પના. અરે..! આ શરીરમાં કાંઈ આમ થઈ ગયું. કોણ જાણે સખ નથી. આમ છે તેમ છે. છ-છ મહિનાથી શરીરમાં કાંઈક થયા જ કરે છે. ડોક્ટરો આટલા આટલા બોલાવીએ. ડોક્ટરો પણ કોઈ રોગની તપાસ કરીને નક્કી કરી શક્યા નથી. છે, એવા રોગ આવે છે કેટલાક. ડોક્ટરો પણ નક્કી કરી શક્યા નથી.

મુમુક્ષુ :- મરી જાય ત્યાં સુધી નક્કી ન થાય.

ઉત્તર :- મરી જાય ત્યાં સુધી.. મરી ગયો ને.

ભાઈ! તારી કલ્પનામાં આવાને બોલાવું, આને કરું. એ બધી કલ્પના તારા આત્મા માટે નિરર્થક, પરને માટે નિરર્થક. સમજાણું કાંઈ? જે કાંઈ કલ્પના કર એ આત્મા માટે સાર્થક નથી. અનર્થનું કામ કરનાર છે. અને એ પરના અર્થની કોઈ પર્યાય કરે વિકલ્પથી એ કાંઈ નથી. એ અનર્થનું કારણ તારા આત્મા માટે, પર માટે છે નહિ. એટલો નિર્ણય કરે તો એને આત્મા તરફ વળવાનો અવકાશ રહે. સંકલ્પ, વિકલ્પ ઘણાં ઘટી જાય એના. કહો, મોહનભાઈ!

ત્યારે કહે છે કે આત્મા ઉપર વળી શાંત... શાંત... શાંત...

આમ તીવ્ર પુરુષાર્થ દ્વારા '**નિશ્ચળપણે અનુભવ્યા કરે તો આ આત્મા,...**' નિશ્ચળ હતું ને? આમ સ્થિર. આડું અવળું ન થાય. '**જેનો આત્માનંદ પ્રગટ થતો જાય છે...**' ભગવાન! ઓલો સંકલ્પ-વિકલ્પ પ્રગટ થતાં એ દુઃખ હતું. આત્માના અંતરમાં એકાગ્ર થઈને જેમ જેમ લીનતા વધે છે તેમ તેમ તેને આનંદ પ્રગટ થતો જાય છે. એટલે આત્મસ્થિરતા વધતી જાય છે. અંદર સ્વરૂપમાં સ્થિરતા.. સ્થિરતા.. સ્થિરતા...

'**એવા આત્માને પર પરિણતિના નિરોધથી શુદ્ધ જ પ્રાપ્ત કરે છે.**' લ્યો! એવા આત્માને વિકારરૂપી પરપરણિતિ એટલે દશા, પર અવસ્થા એને કીધી. વિકારી છે ને? શુભ-અશુભ સંકલ્પ-વિકલ્પ એ પર અવસ્થા એ વિકારી. કારણ કે આત્માના મૂળ સ્વરૂપની છે નહિ. એથી પરપરિણતિના નિરોધથી. સ્વપરિણતિની ઉત્પત્તિથી શુદ્ધ સ્વભાવની એકાગ્રતાથી શુદ્ધ પરિણતિની ઉત્પત્તિથી અશુદ્ધ પરિણતિ રોકાઈ જાય છે. કહો, સમજાય છે આમાં?

'**ભાવાર્થ :- ધારાવાહી જ્ઞાન વડે શુદ્ધ આત્માને અનુભવવાથી રાગદ્વેષમોહરૂપ પર-પરિણતિ (ભાવાસ્રવોનો)...**' પુણ્ય-પાપના ભાવ '**નિરોધ થાય છે અને તેથી શુદ્ધ આત્માની પ્રાપ્તિ થાય છે.**' નિરોધ એટલે અટકી જાય છે. આ એની રીત છે, આ એના માર્ગનો રસ્તો આ છે. બીજો કોઈ રસ્તો છે નહિ. જ્યાંથી ખસી ગયો છે ત્યાં જાવું. પોતાના નિજ સ્વભાવની સત્તા ધામથી ખસી ગયો છે. પર્યાયમાં હોં! આ આમ .. આવે છે. ત્યાંથી આમ જાવું. બસ! એ એક જ ઉપાય છે સુખનો, બીજો કોઈ ઉપાય છે નહિ.

'**ધારાવાહી જ્ઞાન એટલે પ્રવાહરૂપ જ્ઞાન-અતૂટક જ્ઞાન.**' વચ્ચે તૂટ ન પડે, ખેદ ન પડે, ખંડ ન થાય એવું અતૂટ. '**તે બે રીતે કહેવાય છે- એક તો, જેમાં વચ્ચે મિથ્યાજ્ઞાન ન આવે...**' ચૈતન્યના શુદ્ધ સ્વભાવનું જ્ઞાન થઈને જે સમ્યગ્જ્ઞાન થયું તે કાયમ રહે. આત્મા શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ ભગવાન આત્મા છે એવું જે અંતરમાં જ્ઞાનનું પરિણમન જ્ઞાન થયું, તે જ્ઞાન કાયમ એવું ને એવું રહે એને પણ મિથ્યાજ્ઞાન ન આવે માટે અતૂટક કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? '**એવું સમ્યગ્જ્ઞાન ધારાવાહી જ્ઞાન છે.**'

'**બીજું, એક જ જ્ઞેયમાં ઉપયોગના ઉપયુક્ત...**' પોતાના ઉપયોગમાં રહેવું. જ્ઞાતા, જ્ઞાન અને જ્ઞેય ત્રણનો ભેદ ભૂલી અને સ્વરૂપમાં એકધારાએ ઉપયોગ અંતર વેપાર કામ કરે અને બહાર આવે નહિ. એને પણ ધારાવાહી બીજા પ્રકારનું કહેવામાં આવે છે. શું કીધું આ? એ '**અપેક્ષાએ જ્ઞાનનું ધારાવાહીપણું કહેવામાં આવે છે, અર્થાત્ જ્યાં ઉપયોગ એક જ્ઞેયમાં ઉપયુક્ત રહે છે...**' પોતાના શુદ્ધ સ્વભાવમાં એકાકાર થઈને જ્ઞાનની દશા પોતાના આત્મ આચરણમાં, આત્મ વેપારમાં થંભી ગયેલી હોય, બહાર આવે નહિ ત્યાં સુધી

તેને અંતરનું એ જ્ઞાનના ઉપયોગવાળું ધારાવાહી જ્ઞાન કહેવામાં આવે છે.

'**આની સ્થિતિ અંતર્મુહૂર્ત જ છે,...**' અલ્પ જ્ઞાનીને અંતરમાં રહેવાની સ્થિતિ અંતર્મુહૂર્ત-મુહૂર્તની અંદર બહુ થોડો કાળ હોય છે. અંદરમાં સ્થિરતા તદ્દન નિર્વિકલ્પ ઉપયોગમાં સ્થિરતા અલ્પજ્ઞાની ચોથા, પાંચમા આદિને વિશેષ હોતી નથી. સમજાણું? '**પછી તે ખંડિત થાય છે.**' એટલે શું? કે આત્મા અંતરના વેપારમાં, અંતરના આચરણરૂપ, અંતર આત્માના આચરણરૂપ સ્વભાવ સન્મુખમાં એકાકાર થઈ સ્વજ્ઞેય જ જેનો એકલો વેપાર વર્તે એટલો કાળ તો અંતર્મુહૂર્ત બહુ થોડો રહે છે. અલ્પ જ્ઞાનીને વિશેષ કાળ હોઈ શકે નહિ. સમજાણું કાંઈ?

'**આ બે અર્થમાંથી જ્યાં જેવી વિવક્ષા હોય તેવો અર્થ સમજવો.**' જે કાંઈ ધારેલી વાતને સિદ્ધ કરવી હોય એવો અર્થ સમજવો. '**અવિરતસમ્યગ્દષ્ટિ વગેરે નીચેનાં ગુણસ્થાનવાળા જીવોને મુખ્યત્વે પહેલી અપેક્ષા લાગુ પડે.**' ચોથા ગુણસ્થાનમાં સમ્યગ્દષ્ટિ પાંચમે, છઠ્ઠે આદિમાં અંતર ઉપયોગ સ્વરૂપમાં રહેવાને કાળ ઘણો અલ્પ હોય છે. તો તેને પહેલી ચીજ લાગુ પડે કે સમ્યગ્જ્ઞાન થયેલું કાયમ રહે. ઉપયોગ અંદર કાયમ રહે એવું એને લાગુ પડે નહિ. સમજાણું કાંઈ?

'**શ્રેણી ચડનાર જીવને મુખ્યત્વે બીજી અપેક્ષા લાગુ પડે...**' અવિરત માટે ઉપયોગની ધારા લાંબી ન હોય એટલે એક ધારા. '**શ્રેણી ચડનાર જીવને મુખ્યત્વે બીજી અપેક્ષા લાગુ પડે...**' ગૌણપણે શું લાગુ પડે? મુખ્યત્વે એટલે એને ઈ છે. '**શ્રેણી ચડનાર જીવને મુખ્યત્વે...**' એટલે ઉપયોગ એકાકાર થયો તે જ એને લાગુ પડે. જ્ઞાનની સમ્યક્ ધારા તો સાથે હોય જ. ઝીણું આવ્યું થોડું સમજવા માટે.

'**કારણ કે તેનો ઉપયોગ શુદ્ધ આત્મામાં જ ઉપયુક્ત છે.**' શું કહે છે? લ્યો ઉપરથી હવે. આ આત્મા શુદ્ધ પરમાનંદમૂર્તિ, એનું જે અંતર્મુખ થઈને જ્ઞાન થયું એ જ્ઞાન કાયમ એવું ને એવું રહે અને મિથ્યાજ્ઞાન રાગની એક્તાપણાને ન પામે તો એ સમ્યગ્જ્ઞાનને પણ એવું ને એવું રહે તો ધારાવાહી કહેવામાં આવે છે. ચોથા, પાંચમા, છઠ્ઠા ગુણસ્થાનમાં એ ધારા હોય છે. અને ઉપર ગુણસ્થાનની દશામાં જતાં, નીચે છે એ ઉપયોગ બહુ અંતર્મુહૂર્ત રહે થોડો, ધારાવાહી રહે તો જે થયેલું સમ્યગ્જ્ઞાન કાયમ રહે એની અપેક્ષા લાગુ પડે. ઉપયોગની અપેક્ષા નીચે સ્થિર થવાની અપેક્ષાએ બહુ થોડો કાળ માટે એ એને મુખ્યપણે લાગુ પડે નહિ. શેઠી! અને જ્યાં ઉપર આગળ ધ્યાનમાં ગયો, અલ્પ કાળમાં જ્યાં કેવળજ્ઞાનની તૈયારી થવાની છે, એવા અંતરના આત્માને જ્ઞેય સ્વને પકડીને સ્થિર થયો છે અંદર, તો એ ઉપયોગપણું એને ખસવાનું નથી. એથી મુખ્યપણે તેને ઉપયોગની ધારા લાગુ પડે. અંદર સમ્યગ્જ્ઞાન ભલે હો પણ એને મુખ્યપણે ઉપયોગની ધારા લાગુ પડે. અને નીચલાવાળાને ઉપયોગ બહુ થોડો

અંદર ધ્યાનમાં રહે. બહાર નીકળી આવે. પણ એને સમ્યગ્જ્ઞાન કાયમ રહે એ અપેક્ષા લાગુ પડે. કહો, સમજાણું આમાં?

મુમુક્ષુ :- પૈસામાં સુખ છે ઈ પણ ધારાવાહી જ હોય છે.

ઉત્તર :- એ તો પહેલી વાત કરી. સંકલ્પ-વિકલ્પની ધારાવાહી છે. એમાં કાંઈ પૈસાને માટે નથી, પૈસામાં નથી. સંકલ્પ-વિકલ્પ (કરે છે). હેરાન, હેરાન થઈ જાય છે. છતાં પણ પાછો વળતો નથી. નટુભાઈ! આહાહા..! પોતાની પાટે આવતો નથી. કો'કની પાટે જાય છે બેસવા. આમ કરું ને આમ કરું ને આમ કરું. ઓહોહો..! ભાઈ! અમારે બધું કરવું પડે. એક જણો વળી એમ કહેતો હતો લ્યો. આ અમારે વ્યવહાર કરવો પડે. તમે કહો છો કે વ્યવહાર ખોટો તો વ્યવહાર અમારે કરવો ન પડે? રોગ થાય તો દવા ન કરવી? એ વળી એમ કહેતો હતો. અહીંયાં આવે વ્યવહાર બીજી વાત વ્યવહાર ચાલતી હતી. ભાઈ! શુભાશુભભાવ છે એ પુણ્ય છે, એ વ્યવહાર છે. એ કાંઈ પરમાર્થ ધર્મ નથી. ત્યારે કહે, વ્યવહાર અમારે કરવો નહિ? રોગ થાય તો દવા ન કરવી? લ્યો. એ વ્યવહાર. કાંઈ (ખબર ન મળે). અમારે વ્યવહાર કરવો કે નહિ? પૈસાવાળો માણસ હતો. તે દિ' તો સાંઈઠ લાખ હતા એની પાસે. હવે થઈ ગયા સાત-આઠ કરોડ.

મુમુક્ષુ :- છોકરાના છોકરા છે.

ઉત્તર :- પણ એ બધા છોકરાના છોકરા બધા નામ ધારવું છે ને મગજમાં કે આની પાસે આ (છે). કે દિ' એને ખાવા છે અને કે દિ' વાપરવા છે? સંકલ્પ-વિકલ્પને ખાય અને સંકલ્પ-વિકલ્પને વાપરે. માસ્તર! સંકલ્પ-વિકલ્પ કરે કે આ મને મળ્યા, આ મને ટળ્યા, આ મેં ભોગવ્યા. એ તો રાગને ભોગવે અને રાગને અનુભવે. સમજાણું કાંઈ? આહાહા..! આખા પુદ્ગલના ચક્ર પલટન મારે છે એ તો એને કાળે (પરિણમે છે). એમાં તને કાંઈ લેવા દેવા છે નહિ. આહાહા..! વચમાં આવીને માને કે મને પૈસા આવ્યા, મને શરીર આવ્યું, મારે બાયડી થઈ, હવે છોકરા થયા, મારે આબરૂ (વધી). પણ એ તો પુદ્ગલનું પરાવર્તન એને કારણે ત્યાં આવીને ઊભું રહ્યું છે. તારે કારણે આવ્યું નથી. આહાહા..!

મુમુક્ષુ :- ચશ્મા બદલાવ્યા વિના...

ઉત્તર :- એ બદલાવા પડશે કહે છે. સુખ જોઈતું હોય તો. એમ કહે છે. ચશ્મા બદલાવવા પડશે એમ કહે છે. મલૂકચંદભાઈ! દુનિયા દુઃખી છે. પૈસા જોઈએ ને આ જોઈએ. એક દિવસમાં પાંચ લાખ પેદા થાય. ફાટી જાયને પાવર? એય..! મોહનભાઈ! પણ પાંચ લાખ એટલે શું? એટલે શું? એ પરમાણુની પર્યાય આટલી અહીં આવી એવું તેં સાંભળ્યું. સાંભળ્યું અને એનો થયો રાગ. બસ! થયું એટલું તારામાં આવ્યું. એ ચીજ આવી નથી અને એ

ચીજ તારે કારણે કાંઈ જતી પણ નથી.

મુમુક્ષુ :- આવીને ઊભી તો રહે.

ઉત્તર :- ક્યાં ઊભા? એ તો ત્યાં ઊભા છે, એની પર્યાયમાં ઊભા છે. અહીં આવીને ઊભી છે? એના આત્મામાં ઊભી છે આવીને? શું કહેતા હતા? બે દિ'માં પોણા પાંચ લાખ? કેટલા કીધા હતા? બે દિ'માં પોણા પાંચ લાખ પૂનમચંદભાઈએ એના દિકરાએ દિલ્હીમાં ફિલમ પાડી ફિલમ. એંસી લાખની ફિલ્મ છે ને? બે દિ'માં પોણા પાંચ લાખ. આઠ દિ'માં સાત લાખ અઠ્યોતેર હજાર. લોકો તો ફાટી ગયા પ્યાલા. શું છે પણ હવે? સાંભળને ભિખારામાં. એય.. મલૂકચંદભાઈ! બહાર છાપામાં આવ્યું હતું. પૂનમચંદ. નામ નથી આપ્યું. આ કહે, મારું નામ આપીશ નહિ. પૂનમચંદ શાહ નામ આપ્યું.

મુમુક્ષુ :- પૂનમચંદ મલૂકચંદ લખાય નહિ. પૂનમચંદ શાહ લખે છે.

ઉત્તર :- શાહ લખાય. પૂનમચંદ શાહ. બે દિ'માં પોણા પાંચ લાખની પેદાશ. એંસી લાખની ફિલ્મ દિલ્હીમાં પહેલી બહાર પાડી. થોડા વખતમાં... એ પોતે ને પોતે પૈસા દઈને લખાવતો હશે. પાંચ કરોડ...

મુમુક્ષુ :- આપ જાણી ગયા બધું.

ઉત્તર :- ના. એના કાકાએ કહ્યું હતું મને, હોં! બહુ આપણને ખબર નહિ. આપણે જાણે કો'ક લખતું હશે. આપણને બહુ ખબર નથી. તે દિ' વાંચ્યું હતું. એનો કાકો કહેતા હતા.

મુમુક્ષુ :- જાહેરખબર આપે.

ઉત્તર :- જાહેરખબરમાં આપે. જાહેરખબરમાં દસ લાખ ખર્ચ્યા. ફક્ત એ શું કહેવાય એ? પાર્ટી. પાર્ટીમાં દસ લાખ તો જાહેરખબરમાં ખર્ચ્યા. અહીંયાં આવી છે ને ભાવનગર? શું જોયું? ઓલા છોકરા ગયા તો. કહે આમ હતું. ઉર્દુ-બુર્દુ? કહે ના, ઉર્દુ નહિ, હિન્દી ભાષા હતી. મુંબઈમાં ફેલ થઈ ગઈ છે. એક જણો કહેતો હતો. બીજો કહેતો હતો. મુંબઈમાં ન ચાલ્યું. જેમાં રહે છે ત્યાં ન ચાલ્યું.

મુમુક્ષુ :- .. બીજી વાર ચાલશે.

ઉત્તર :- ચાલે તો પણ શું? જડમાં ચાલ્યુ શું એને ચાલ્યું? આરે.. આરે..! એવો રોકાણો છે ને એવી મીઠાશ એને. આહાહા..!

અહીં કહે છે, ભગવાન! એકવાર આવી લગની તને લાગી છે ને બહારની. એકવાર અંદરની લગની તો લગાડ, ભાઈ! આહાહા..! એ અનંત લક્ષ્મીનો ધણી પ્રભુ છે. સમજાણું કાંઈ? અનંતજ્ઞાન, દર્શન અને આનંદનો લક્ષ્મીનો ધણી આત્મા. એ લક્ષ્મી ખૂટે નહિ, કાઢ

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એટલી નીકળે એવો અંદર છે. એમાં એકવાર તો ધારાવાહી એકાકાર થા. સમજાણું કાંઈ? એ ધારાવાહી સમ્યગ્જ્ઞાન થયું તો એમ ને એમ કેવળજ્ઞાન એનાથી થશે. કોઈને ઉપયોગમાં સ્થિર થઈ જાય તો ઉપર ગુણસ્થાનમાં સમ્યગ્જ્ઞાન થતાં સાથે ઉપયોગ લાગુ પડી ગયો, અંદર એકાકાર થઈ ગયો, અંતર્મુહૂર્તે કેવળ. ઝળહળ જ્યોતિ જગતની ચીજોને મારી કરીને માનતો એ જ્ઞાનમાં આવીને જણાઈ ગઈ. કહો, સમજાણું કાંઈ? પર રહીને જણાઈ ગઈ. મારી કરીને માનતો હતો. આવતી હતી ક્યાં એનામાં? જ્ઞાનના આકારમાં પરિણતિ ઉભી કરતો. બસ એટલું. એક પરિણતિ ઊભી થઈ ગઈ... કેવળજ્ઞાન! આહાહા..! ત્રણ કાળ ત્રણ લોક થયું, થાય, થશે એક સમયમાં જાણે. એવી ધારા પ્રગટ કર કે જેથી ફરીને તને અવતાર મળે નહિ. ત્યારે એને સંવર દશા પૂર્ણ પ્રગટ થઈ કહેવામાં આવે છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

**અષાઢ સુદ ૨, રવિવાર તા. ૯-૦૭-૧૯૬૭**
**ગાથા-૧૮૭ થી ૧૮૯, પ્રવચન-૨૭૧**

સંવર એટલે શું? આત્માને આનંદની પ્રાપ્તિ થવી. સંવર એટલે નિર્દોષ દશાની પ્રાપ્તિ થવી. નિર્દોષ દશા એટલે શું? કે ત્રિકાળ જે જ્ઞાયક નિર્દોષ સ્વભાવ છે તેના આશ્રયે નિર્દોષ અવસ્થાનું પ્રગટ થવું-વીતરાગી અવસ્થા-એને સંવર કહે છે. એ સંવર ક્યા પ્રકારે થાય છે? એમ પ્રશ્ન શિષ્યનો છે. જુઓ! શિષ્યનો આ પ્રશ્ન છે કે સંવર ક્યા પ્રકારે થાય છે? ભગવાન આત્મા સંવરની દશાનો પ્રકાર કઈ રીતે ઉત્પન્ન કરે છે એમ શિષ્યનો પ્રશ્ન છે. એનો ઉત્તર ત્રણ ગાથા(માં કહે છે).

**अप्पाणमप्पणा रुंधिऊण दोपुण्णपावजोगेसु।**
**दंसणणाणम्हि ठिदो इच्छाविरदो य अण्णम्हि।।१८७।।**
**जो सव्वसंगमुक्को झायदि अप्पाणमप्पणो अप्पा।**
**ण वि कम्मं णोकम्मं चेदा चिंतेदि एयत्तं।।१८८।।**
**अप्पाणं झायंतो दंसणणाणमओ अणण्णमओ।**
**लहदि अचिरेण अप्पाणमेव सो कम्मपविमुक्कं।।१८९।।**

નીચે હરિગીત.

**પુણ્યપાપયોગથી રોકીને નિજ આત્મને આત્મા થકી,**
**દર્શન અને જ્ઞાને ઠરી, પરદ્રવ્યઇચ્છા પરિહરી. ૧૮૭.**
**જે સર્વસંગવિમુક્ત, ધ્યાવે આત્મને આત્મા વડે,-**
**-નહિ કર્મ કે નોકર્મ, ચેતક ચેતતો એકત્વને, ૧૮૮.**
**તે આત્મ ધ્યાતો, જ્ઞાનદર્શનમય, અનન્યમયી ખરે,**
**બસ અલ્પ કાળે કર્મથી પ્રવિમુક્ત આત્માને વરે. ૧૮૯.**

શરૂઆતથી તે મુક્તિ સુધીની વાત લઈ લીધી છે. આત્માને શાંતિના આનંદનો અનુભવ કઈ રીતે થાય?

**ટીકા :- 'જે જીવ રાગદ્વેષમોહ જેનું મૂળ છે એવા શુભાશુભ યોગ...'** જે શુભ અને અશુભ જે વેપાર છે પરિણામ... પરની સાથે તો સ્પર્શ છે જ નહિ. આત્માને કર્મ સાથે, શરીર, કર્મ, વાણી, કર્મની પ્રકૃતિઓના પેટા ભેદો જેટલા એ બધા પરમાણુની પર્યાય છે. એની સાથે તો, એને તો અડ્યો પણ કોઈ દિ' નથી. ફક્ત પરના લક્ષે પોતામાં શુભ-

અશુભ ભાવ કે જેનું મૂળ રાગદ્વેષમોહ (છે). **'રાગદ્વેષમોહ જેનું મૂળ છે એવા શુભાશુભ...'** અહીં તો મિથ્યાત્વ મૂળ છે જેનું શુભાશુભનું એ વાત લીધી. શુભાશુભ જેનું **'રાગદ્વેષમોહ જેનું મૂળ છે...'** જેનું એટલે શુભાશુભ યોગનું. શુભાશુભ ભાવનું રાગદ્વેષમોહ મૂળ છે. રાગદ્વેષમોહ જેનું મૂળ છે. એમ. **'શુભાશુભ યોગમાં...'** રાગદ્વેષમોહ કારણ છે. શું કીધું? રાગદ્વેષમોહ ત્રણે લીધા. મોહ એટલે એકત્વબુદ્ધિ. રાગ-દ્વેષ. જેનું એટલે શુભાશુભ યોગના વર્તતા ભાવમાં રાગદ્વેષમોહનું એ મૂળ છે. પરમાં એકત્વ થવું વિકારભાવમાં. પરની જડની સાથે કાંઈ સંબંધ નથી. એને અંતર રાગ અને દ્વેષ અને વિકારી પરિણામમાં, વેપારમાં એકાકાર વર્તે એવો જે શુભાશુભભાવ કે જેનું, એ શુભાશુભભાવ જેનું મૂળ એટલે એનું મૂળ. રાગદ્વેષમોહ એનું મૂળ છે શુભાશુભ યોગમાં. એવા વર્તતા આત્માને.

અહીં લીધું છે શું? કે આત્મા વીતરાગસ્વરૂપ છે. ત્યારે સામે રાગદ્વેષ અને મોહ જેનું મૂળ છે એવા શુભાશુભભાવ. પુણ્ય-પાપની ઇચ્છા અંદર રોકવાની વાત કરે છે ને. આમ ખંડ ખંડ થતો જે શુભ-અશુભ રાગ, ભાવ ઉપયોગ યોગ એવા ભાવને, એવા વર્તતી દશાને **'આત્માને દઢતર (અતિ દઢ) ભેદવિજ્ઞાનના અવલંબનથી...'** કહો, સમજાણું કાંઈ? એને રાગ-દ્વેષના પરિણામ જે શુભાશુભ વિકલ્પો જે છે-ભાવ તેને, **'આત્માને દઢતર ભેદવિજ્ઞાનના અવલંબનથી...'** એ રાગથી ભિન્ન પાડવું અને આત્માનું અવલંબન કરવું એવા ભેદજ્ઞાનના જોર દ્વારા. સમજાણું કાંઈ?

**'આત્મા વડે જ અત્યંત રોકીને,...'** કોને? શુભાશુભભાવને. શુભાશુભભાવ છે ને? આસ્રવ છે ને? એમ કહેવું છે અહીં. શુભાશુભભાવ જ જેનું મૂળ. રાગદ્વેષમોહ છે એ જેનું મૂળ એટલે શુભાશુભનું. એ શુભ અને અશુભ એ આસ્રવ છે. વિકલ્પ શુભ હો કે અશુભ એવો વેપાર એ આસ્રવ. સંવર અધિકાર છે ને. એનાથી પાછો વળી અને **'આત્માને દઢતર (અતિ દઢ) ભેદવિજ્ઞાનના આલંબનથી...'** આશ્રયથી. ખરેખર તો આત્માના આશ્રયથી એટલે અહીં ભેદવિજ્ઞાનના અવલંબનથી લીધું. રાગના શુભાશુભભાવ છે તેનાથી ભેદજ્ઞાનનું અવલંબન એટલે એનાથી જુદું. એટલે જ્ઞાનની પર્યાય જે આત્મા તરફ વળે છે એવું જે ભેદજ્ઞાનનું અવલંબન. એનાથી આત્મા વડે શુદ્ધ નિર્મળ આનંદ દ્વારા જ **'અત્યંત રોકીને,...'** ઝીણી વાત બહુ. જુઓ! આ સંવર. આ સંવર ઉત્પન્ન કરવાની (વિધિ). સંવર એટલે પહેલી સમ્યગ્દર્શનની અહીં વાત છે આ. પછી મુનિપણાની લેશે, પછી કેવળ લેશે. સમજાણું કાંઈ?

પુણ્ય-પાપના વિકલ્પો, એને આત્માના દઢતર ભેદવિજ્ઞાનના અવલંબનથી, અંતર્મુખના આશ્રયથી એ ભેદજ્ઞાન થયું. બહિર્મુખમાંથી ખસીને અંતર ચૈતન્ય જ્ઞાયક ધ્રુવ સત્ સ્વરૂપ, એને **'દઢતર ભેદવિજ્ઞાનના અવલંબનથી આત્મા વડે જ...'** પોતાના નિર્મળ પરિણતિ

દ્વારા જ '**અત્યંત રોકીને,...**' એ પરિણતિ દ્વારા અંતર વળી એનાથી શુભાશુભભાવ ઉત્પન્ન ન થયા. ઉત્પન્ન ન થયા એને રોકીને એમ કહેવામાં આવે છે. શેઠી! બહુ સૂક્ષ્મ આવ્યું. હીરા-માણેકમાં પણ સૂક્ષ્મ વાત કરતા હશે ને એમાં? ધૂળની પણ એ તો.

મુમુક્ષુ :- .. જુદા પડવાની.

ઉત્તર :- આ રજકણ તો જુદા જ છે. એને તો કોઈ દિ' અડ્યો જ નથી આ. આખી આકૃતિ શરીર, વાણી, મનના પરમાણુની પર્યાય એને કાળે થાય, કર્મ પણ એને કાળે બને. એને આત્મા કોઈ દિ' પર્યાયથી અડ્યો જ નથી. ફક્ત તેના લક્ષે પર્યાયમાં શુભ-અશુભ રાગ જે થાય છે... સમજાય છે? એને, એ એક આત્માનો ભેખ છે. આસ્રવો પણ આત્માની અવસ્થાનો ઉપર ઉપર એ વિકૃત ભેખ છે. એ ભેખની પર્યાયને જ્યાં સુધી ત્યાં દૃષ્ટિ છે ત્યાં સુધી તેનો તે કર્તા છે. સમજાણું કાંઈ?

એ વસ્તુ છે એની દૃષ્ટિ નથી ત્યાં સુધી પોતે પરના લક્ષે જે પુણ્ય અને પાપ અને રાગ અને દ્વેષ, શુભ-અશુભભાવ જે થાય, એની પરિણતિનો પર્યાયનો પરિણામ કર્તા છે. સમજાણું કાંઈ? એ પરિણામ તે પરિણતિનો કર્તા છે. દ્રવ્ય કર્તા નથી. સમજાણું કાંઈ? એથી પર્યાયમાં જે શુભ-અશુભ રાગ ઉત્પન્ન થાય તેનું પરિણમન પર્યાય પોતે પરિણામ પોતે તેને પરિણમે છે, કરે છે. એને કહે છે કે અહીંયાં શુભાશુભ વિકલ્પને એનાથી ભિન્ન-એવા વિકલ્પથી ભિન્ન-ભેદવિજ્ઞાનના બળથી આત્માને આત્મા વડે. એ અંતરના રાગથી શુભાશુભ વિકલ્પ ભિન્ન એવા આત્માના ભેદજ્ઞાન દ્વારા. આત્મા વડે રોકીને. રોકી એટલે કે આવતા હતા અને રોક્યા એમ નહિ. એને ઉત્પન્ન પહેલા થતાં પરના લક્ષમાં, શુભાશુભ રાગની વૃત્તિમાં પ્રેમથી, રુચિથી જે ઉત્પન્ન થતાં એને અંદરમાં ભિન્ન પાડીને આત્મા દ્વારા તેને ઉત્પન્ન થવા દીધા નહિ. એને અહીંયાં સંવર કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? બાકી સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સ્વરૂપાચરણરૂપ સ્થિરતાના સંવરની આ વાત છે પહેલી. સમજાણું કાંઈ?

'**અત્યંત રોકીને,...**' બે વાર મૂકશે દર્શન-જ્ઞાન સ્વભાવ. પહેલી ગાથામાં આવે છે ને. '**दंसणणाणम्हि**' પછી છેલ્લામાં આવશે '**दंसणणाणमओ**' અનન્યમય કરીને.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. પણ છેલ્લે પૂર્ણ કરવું છે ને ત્યાં આવશે.

અહીંયાં તો કહે છે કે '**અત્યંત રોકીને,...**' ભગવાન આત્મા...! બહુ સૂક્ષ્મ અધ્યાત્મ વાત છે. એટલે એ વાતને માટે એને (ધીરા થવું પડે). બહુ ધીરજથી પકડી શકાય એવી વાત છે. આ કોઈ વાત એમ ને એમ ધારણાથી પકડી લે તો એ બરાબર સમજાય નહિ.

આ વસ્તુ છે એમાં જે શુભાશુભ પરિણામ જે થાય છે એ મિથ્યાત્વ થાય છે. એમાં

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એમ કહે છે. શુભાશુભ પરિણામની એકત્વબુદ્ધિ એમાં જ બધું મિથ્યાત્વ છે. અસત્યબુદ્ધિ, વિપરીત પરિણામ એ આસ્રવ છે. એને એનાથી ભિન્ન, એનાથી જુદો ચૈતન્ય સ્વભાવ તેને પરથી ભિન્ન જ્ઞાન વડે આત્માને અત્યંત રોકીને. આત્મા વડે તેને રોકીને. સ્વરૂપમાં એકાગ્ર થતાં એ ઉત્પન્ન થતાં નથી. તેને રોકીને એમ કહેવામાં આવ્યું. આ સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન ને સ્વરૂપાચરણ સ્થિરતાની વાત કરી. એ સંવર. કહો, સમજાણું કાંઈ? આમ જે પુણ્ય-પાપના રુચિના પ્રેમનું કર્તવ્ય પરિણામ દ્વારા હતું, તેને ખસીને આમ સ્વભાવ સન્મુખમાં ભેદજ્ઞાનના બળ વડે આત્મા વડે તેને રોકીને એમ પહેલું કહ્યું. સમજાણું કાંઈ?

**'શુદ્ધદર્શનજ્ઞાનરૂપ આત્મદ્રવ્યમાં સારી રીતે પ્રતિષ્ઠિત (સ્થિર) કરીને,...'** હવે આમ કર્યું. ભગવાન આત્મા કેવો છે? એ તો શુદ્ધદર્શનજ્ઞાનરૂપ આત્મદ્રવ્ય છે. ઓલો શુભાશુભ પરિણામ એ રૂપે આત્મા નહોતો. સમજાણું કાંઈ? અહીં તો રાગદ્વેષમોહ જેનું મૂળ છે. જેનું મૂળ છે એટલે એનું મૂળ આ શુભાશુભ યોગ જ રાગદ્વેષમોહનું મૂળ છે. એમ કહે છે. એ એની એકત્વબુદ્ધિ થઈને એ જ મિથ્યાત્વ છે એમ કહે છે. શુભાશુભભાવ, એની જે પ્રીતિ, રુચિ અને એનું કર્તૃત્વ થયુંને એ જ મિથ્યાત્વ છે. એવા મિથ્યાત્વને એના ભાવથી ભિન્ન એવો ભગવાન આત્મા એને પરથી ભિન્ન પાડીને સ્વભાવના ભેદજ્ઞાનના બળ વડે આત્મા વડે ઉત્પન્ન થવા દેવા નહિ. તેને રોકીને એટલે અહીં સંવર વ્યાખ્યા છે ને? રોકીને એમ કહેવામાં આવ્યું છે. ભારે વાત. આ કરતા તો ઓલા વ્રત કરે, તપ કરે, નિયમ કરે, .. એમાં સમજાય, જાવ. ધૂળેય નથી એમાં. શું કરે? કરે શું વિકલ્પ કરે. એ પર રજકણો તો એને કાળે અને એને કારણે આવે ને જાય. એમાં આત્માને કાંઈ લેવા-દેવા સંબંધ છે નહિ. ફક્ત વિકલ્પ (કરે કે) આ મેં છોડ્યું. એ કહે છે કે એ વિકલ્પ છે... સમજાય છે? એ જ મિથ્યાત્વનું મૂળ છે એમ કહે છે અહીં તો. સમજાણું કાંઈ?

એ મિથ્યાત્વ જેનું મૂળ છે, બીજી ભાષાએ કહીએ તો. મિથ્યાત્વ જેનું મૂળ છે, ભાઈ! પહેલી લીટીમાં. મિથ્યાત્વ જેનું મૂળ છે એવા શુભાશુભ યોગ. એનો અર્થ કે શુભાશુભના વિકલ્પની પર્યાયબુદ્ધિમાં રોકાણો છે એ જ એનું શુભાશુભ પરિણામનું મૂળિયું તે મિથ્યાત્વ છે.

મુમુક્ષુ :- એ મૂળમાંથી આવે છે.

ઉત્તર :- એમાંથી મૂળ ત્યાં છે. આમ અહીંયાં રોકાઈ ગયો છે ને. ત્યાં મિથ્યાત્વ છે. રાગદ્વેષમોહ જેનું મૂળ છે.

મુમુક્ષુ :- એ શુભાશુભનું મૂળ છે. શુભાશુભનું મૂળ રાગદ્વેષમોહ.

ઉત્તર :- એ રાગદ્વેષમોહ જેનું મૂળ. જેનું એટલે શુભાશુભયોગનું.

મુમુક્ષુ :- એનું મૂળ કોણ?

ઉત્તર :- રાગદ્વેષમોહ. રાગદ્વેષમોહ જેનું મૂળ એટલો શુભાશુભયોગ. પણ શુભાશુભયોગની એકત્વબુદ્ધિ થઈ એના મૂળમાં રાગદ્વેષ અને મિથ્યાત્વ ઉત્પન્ન થયું. અહીં ભાષા તો એમ છે ને. '**રાગદ્વેષમોહ જેનું મૂળ છે...**' જેનું એટલે? શુભાશુભ યોગનું. શુભાશુભ યોગનું રાગદ્વેષમોહ મૂળ છે. પણ એનો અર્થ એ શુભાશુભ યોગ ઉપર રુચિ છે ત્યાં જ એને મિથ્યાત્વભાવ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ... રાગદ્વેષમોહ જ્યાં હોય ત્યાં શુભાશુભ...?

ઉત્તર :- ના, ના, અહીં રાગદ્વેષમોહ જેનું. જેનું એટલે શુભાશુભયોગનું. શુભાશુભયોગનું મૂળ કોણ? જેનું મૂળ એટલે કોનું? શુભાશુભ યોગનું. કોણ? કે રાગદ્વેષ અને મોહ. બસ, એ. એટલે મિથ્યાત્વ કારણ છે એમ કીધું મૂળ તો. વાત તો એમ છે જરી.

મિથ્યાત્વ જેનું મૂળ છે એવા શુભાશુભ યોગ. ભાષા બીજી રીતે કરીએ છીએ, લ્યો. મિથ્યાત્વ જેનું મૂળ છે એવા શુભાશુભ ભાવ. અને સમ્યગ્દર્શનનું મૂળ તો ભગવાન આત્મા. સમજાણું કાંઈ? રાગદ્વેષમોહ જેનું. જેનું કોનું? શુભાશુભનું. તો શુભાશુભ પરિણામનું મૂળ છે રાગદ્વેષ અને મિથ્યાત્વ. એ પુણ્ય અને પાપની પ્રીતિની રુચિમાં રોકાણો છે એ જ મિથ્યાત્વ છે. અહીં શુભાશુભને આસ્રવ કહેવો છે ને? અને આસ્રવ તે એનું નામ મિથ્યાત્વભાવ છે.

એવા '**આત્માને દઢતર (અતિ દઢ)...**' પરથી ભિન્ન પાડીને '**ભેદવિજ્ઞાનના અવલંબનથી...**' આધાર-આશ્રયથી. લ્યો, અહીં તો મૂળ ભેદવિજ્ઞાનનું આલંબન લીધું છે ને. પર્યાયને જુદી પાડવી છે ને એટલે. '**આત્મા વડે જ અત્યંત રોકીને,...**' ભગવાન આત્માના અંતરના લક્ષમાં આવીને એને ઉત્પન્ન થવા ન દેવા-મિથ્યાત્વભાવને, એનું નામ રોકીને એટલે સમ્યગ્દર્શનની ઉત્પત્તિ થઈ. ત્યાં મિથ્યાત્વની ઉત્પત્તિ છે નહિ. મિથ્યાત્વને રોક્યું એમ કહેવું છે. ભારે ઝીણું. કહો, પ્રવિણભાઈ! સમજાય છે કે નહિ એમાં?

'**શુદ્ધદર્શનજ્ઞાનરૂપ આત્મદ્રવ્યમાં...**' લ્યો! કેવો છે ભગવાન આત્મા? વસ્તુ. એ તો શુદ્ધદર્શનજ્ઞાનરૂપ આત્મદ્રવ્ય છે. પાછો શુદ્ધદર્શનજ્ઞાનવાળો એમ પણ નથી કહ્યું. વાળો તો ભેદ પડી જાય છે. એ તો શુદ્ધદર્શનજ્ઞાનરૂપ જ વિજ્ઞાન, જાણક, દેખવું એ રૂપ આત્મદ્રવ્ય છે. વસ્તુ એ શુદ્ધદર્શનજ્ઞાનરૂપ આત્મા છે. કહો, સમજાણું? એવા '**આત્મદ્રવ્યમાં સારી રીતે પ્રતિષ્ઠિત કરીને,...**' એમ કહે છે. સ્થિર થઈને. અંતરમાં એકાગ્ર થઈને સ્થિર થઈને. હવે જરી આગળ લઈએ.

'**સમસ્ત પરદ્રવ્યની ઈચ્છાના ત્યાગ વડે...**' પછી પરની વૃત્તિ જે ઉઠે છે અસ્થિરતાની, એના પણ ત્યાગ વડે. '**પરદ્રવ્યની ઈચ્છાના ત્યાગ વડે સર્વ સંગથી રહિત થઈને,...**' મુનિદશા. પહેલું ભિન્ન પાડ્યું છે પછી જે વૃત્તિ ઉઠે છે અસ્થિરતાની, ભિન્ન તો પાડ્યું છે.

પછી અસ્થિરતાની જે પરદ્રવ્યની ઈચ્છા જે છે એના અભાવ વડે એટલે ત્યાગ વડે '**સર્વસંગથી રહિત થઈને,...**' સ્વરૂપમાં સ્થિર થઈ, બાહ્ય અને અભ્યંતર પરિગ્રહ રહિત થઈને. અભ્યંતર રાગના પરિગ્રહથી રહિત થયો, નિમિત્તથી રહિત થયો એમ કહેવામાં આવ્યું છે. જુઓ! આ બાહ્યના પરિગ્રહનો ત્યાગ પણ અંતરના પરિગ્રહનો ત્યાગ થાય તો બાહ્યનો પરિગ્રહ ત્યાગ થયો એવા અસદ્ભુત વ્યવહારનયે કથન કરવામાં આવે છે. સમજાણું કાંઈ?

'**સમસ્ત પરદ્રવ્યની ઈચ્છાના ત્યાગ વડે...**' અસ્થિરતા રહી છે હજી. જુદો પડ્યો પણ હજી પરદ્રવ્ય તરફના વલણવાળી જે અસ્થિરતાની વૃત્તિ રહી છે એના અભાવ વડે. અભાવ એટલે? એનો અભાવ ક્યારે થાય? ભાષા તો સમજાવે ખરાને. તેના ત્યાગ વડે, ઈચ્છાના ત્યાગ વડે એટલે જે ઈચ્છા થાય છે એના તરફ ન જતાં આમ સ્વભાવ તરફ વળે છે. રાગથી ભિન્ન પડીને સ્થિરતા કરવી. ઓલી ભિન્ન પડીને દર્શન તો કર્યું. સમજાણું કાંઈ? હવે રાગથી ભિન્ન પડીને સ્વરૂપમાં સ્થિરતા કરવી.

'**સર્વસંગથી રહિત થઈને,...**' બિલકુલ પરદ્રવ્ય તરફની વૃત્તિનો અભાવ કરીને. ભગવાન આત્મા પરના સંગના વલણે જે વૃત્તિ એને રોકીને, રહિત થઈને '**નિરંતર અતિ નિષ્કંપ વર્તતો થકો,..**' ભગવાન આત્મા પોતામાં નિરંતર અતિ નિષ્કંપ વર્તતો. સ્થિર... સ્થિર.. સ્થિર... ચારિત્ર છે. સમજાણું કાંઈ? '**અતિ નિષ્કંપ વર્તતો થકો, કર્મ-નોકર્મનો જરા પણ સ્પર્શ કર્યા વિના...**' એનો અર્થ કે કર્મ-નોકર્મને તો સ્પર્શે છે કે દિ'? પણ એનું લક્ષ કર્યા વિના. સમજાણું કાંઈ? કર્મ અને નોકર્મની ઈચ્છા જેમ હતી ને એટલે આમ લક્ષ જાતું. એટલે કર્મને નોકર્મનો જરા પણ સ્પર્શ કર્યા વિના. એટલે એના તરફનું બિલકુલ લક્ષ કર્યા વિના. એમ. સમજાણું કાંઈ? ભાઈ! વાત તો ઊંચી છે. પહેલો શુભાશુભ યોગના વિકલ્પના ભાવના મૂળથી છૂટો પાડી અને શુદ્ધ દર્શન જ્ઞાનમાં સ્થિર થયો દઢ ત્યારે સમ્યગ્દર્શન થયું. પછી જે પરદ્રવ્ય તરફના વલણની વૃત્તિની અસ્થિરતા રહી છે એને છોડીને એટલે કે અહીં ઠરીને એને છોડીને (કહેવામાં આવ્યું છે). એમ. આહાહા..!

મુમુક્ષુ :- નિર્જરાની વાત કરે છે કે સંવરની?

ઉત્તર :- સંવરની. શું કીધું? નિર્જરાની? સંવરની.

'**કર્મ-નોકર્મનો જરા પણ સ્પર્શ કર્યા વિના...**' એટલે કે વલણ જે હતું ને ઈચ્છાનું, અસ્થિરતાનું? એને કર્મ ને નોકર્મ. કર્મ આ અને નોકર્મ એના ઉપર લક્ષ જઈને અસ્થિરતા જે થતી એની અસ્થિરતાને પહેલું કીધું કે એને. સમજાણું? ઈચ્છાના ત્યાગ વડે એમ પહેલું કહ્યું હતું. પહેલા કહ્યું હતું ને? સમસ્ત પરની ઈચ્છાનો ત્યાગ. એને અહીં લાવ્યા છે પાછા. કે એને આત્મા વડે નિષ્કંપ વર્તતો '**કર્મ-નોકર્મનો જરા પણ સ્પર્શ કર્યા વિના...**' એટલે

લક્ષ કર્યા વિના. સ્પર્શ તો કરે છે કે દિ'? આરે..! ભાષા જુઓ! ત્યારે શું પહેલા કર્મને સ્પર્શ કરતો હતો? પણ સ્વરૂપની દૃષ્ટિ હોવા છતાં, સમ્યગ્દર્શન હોવા છતાં, પર તરફના લક્ષમાં ઈચ્છાની વૃત્તિ જે ઉત્પન્ન થતી તે કર્મ-નોકર્મને સ્પર્શતો હતો એમ કહેવામાં આવે છે. ભારે માર્ગ. ભાઈ! ત્યારે માણસને આ મોંઘુ પડે છે ને. મૂળ વાત તો છે એના ઘરની સરળ સહજ. વાત તો એ તો લાંબી વિસ્તારથી કરે તો સમજાય ને. બાકી તો આમ છે એને આમ વાળ, એ વાત છે. સમજાણું કાંઈ? પરમાં વલણ છે તે પર્યાયનું, તે પર્યાયને પરથી ભિન્ન પાડીને અંદરમાં વાળ. અંદરમાં વળીને જે સ્થિર થયો તેને સમ્યગ્દર્શન-જ્ઞાન અને ચારિત્ર અંશે થયું. એમ સમ્યગ્દર્શનની ભૂમિકા પ્રગટ થઈ. પછી જે કાંઈ ઈચ્છાઓ પરના લક્ષમાં જતાં જે થાય છે પોતાને કારણે અસ્થિરતા, તેવી ઈચ્છાના ત્યાગ વડે. ભાષા એમ લીધી છે. ઈચ્છા છોડું, એમ નહિ. પણ સમજાવવું શી રીતે? આહાહા..!

ઈચ્છાના અભાવ વડે '**સર્વ સંગથી રહિત થઈને,...**' લ્યો. એટલે પરના લક્ષથી રહિત થઈને પોતામાં આવ્યો. શેમાં? આત્મામાં. '**નિરંતર અતિ નિષ્કંપ વર્તતો થકો, કર્મ-નોકર્મનો જરા પણ સ્પર્શ કર્યા વિના પોતાના આત્માને જ આત્મા વડે...**' નિર્મળ આત્મા દ્વારા. આત્મ વડે એટલે. આત્માને નિર્મળ પરિણતિ દ્વારા '**ધ્યાતો થકો,...**' આત્માને આત્મા એટલે નિર્મળ વીતરાગી પર્યાય દ્વારા ધ્યાતો થકો. આહાહા..! એ ધ્રુવને-ધ્યેયને-પકડીને જે સમ્યગ્દર્શન કર્યું પછી કહે છે કે આત્માને એ શુદ્ધ પરિણતિ વડે ધ્યાતો થકો. એને લગાડી દીધું-શુદ્ધ પરિણતિને. સમજાણું કાંઈ? કહો, શાંતિભાઈ! બહુ ઝીણું આવું. એ કરતા ... હેં!

મુમુક્ષુ :- અભ્યાસ માંગે છે.

ઉત્તર :- હં, અભ્યાસ માંગે છે. આ અભ્યાસ કરવો નથી અને ઓલો અભ્યાસ આ છોડો.. આ છોડો.. આ છોડો. શું છોડે પણ? અડ્યો નથી ને છોડે શું? ગ્રહ્યો નથી ને છોડે શું? મેં છોડ્યું એ તો મિથ્યાદૃષ્ટિ થયો. મિથ્યાત્વભાવને પુષ્ટ કર્યું. મેં આ છોડ્યું.. મેં આ છોડ્યું.. મેં આ છોડ્યું.. સમજાણું કાંઈ? વિકલ્પ કર્યો ને વિકલ્પ શુભ? મેં આ છોડ્યું... મેં આ છોડ્યું... મેં આ છોડ્યું. એ આવ્યું ને પુણ્ય અધિકારમાં?

બ્રાહ્મણને ઘેર અવતર્યો. છે તો ચંડાળનો. બ્રાહ્મણને ઘરે ગયો તો કહે, મારે આ ખપે નહિ... મારે આ ખપે નહિ.. મારે આ ખપે નહિ.. એમ આ પણ આ છોડું છું... આ છોડું છું... આ છોડું છું... એવો જે શુભ વિકલ્પ. આ છોડું છું એ એનો મિથ્યાત્વભાવ. અમારે આ ખપે નહિ, અમારે વિષય કષાય ખપે નહિ, અમારે આ ખપે નહિ. નિર્દોષ આહાર હોય તો ખપે, ફલાણું ખપે, નગ્ન શરીર ખપે, આવું ખપે. એવો ગ્રહણ-ત્યાગનો વિકલ્પ

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે તે જ એનો મિથ્યાત્વભાવ છે. સમજાણું કાંઈ? એને છોડીને આત્માના સ્વભાવના દૃઢ અભ્યાસના ભેદજ્ઞાન વડે આત્માને આત્મા વડે અત્યંત રોકીને પહેલો શબ્દ આવ્યો. પછી સ્થિર થઈને ઈચ્છાને રોકીને સર્વસંગપરિત્યાગ (કરે). આહાહા..! અસંગ ભગવાન આત્મા,ઈચ્છાનો પણ સંગ સ્વરૂપને નથી એવા અસંગ ભગવાન આત્મામાં લીનતા (જામી), અંતરના ધ્યેયને પકડીને ધ્રુવને લીનતા.. લીનતા... લીનતા.. જામી ગઈ.

'**પોતાના આત્માને જ આત્મા વડે...**' જોયું! ઓલા વિકલ્પ વડે, ઈચ્છા વડે એ તો જુદી પડી ગઈ. '**ધ્યાતો થકો,...**' શુદ્ધ પરિણતિને ધ્યેય ધ્રુવને લેતો થકો. શુદ્ધ પરિણતિમાં ધ્રુવને ધ્યેય કરતો થકો. ધ્રુવ ધ્યેય તો સમ્યગ્દર્શનમાં પણ કર્યું છે. આમાં પણ શુદ્ધ પરિણતિને ત્યાં એકાગ્ર કરતો થકો. આહાહા..! કહો, રાજમલજી! આ બધી ક્રિયા હજી આવી સમજવી પહેલી પડશે, કહે છે.

મુમુક્ષુ :- આ બધી ક્રિયાઓ છે?

ઉત્તર :- આ બધી ક્રિયા છે આ. ક્રિયા આવી કહે છે આમાં. આહાહા..! એ આ વાત એમ છે ને.

ભાઈ! આ વસ્તુ છે કે નહિ? તો વસ્તુ છે તે અહીં તો દર્શન-જ્ઞાનરૂપ આત્મા એમ લીધું. દર્શન-જ્ઞાન છે એ શુદ્ધ જ છે. કારણ કે એકરૂપ છે ને એટલે શુદ્ધ છે. ખંડ ખંડ ને વિકલ્પો આ છે એ નહિ. વસ્તુ છે એટલે એ પણ શાશ્વત છે. એવું એનું દર્શન-જ્ઞાન શુદ્ધ રૂપ એ પણ શાશ્વત છે. એ શુદ્ધ દર્શન-જ્ઞાનરૂપ એવું આત્મદ્રવ્ય તેને સારી રીતે પ્રતિષ્ઠિત થઈ. એમાં બરાબર સ્થિર થઈને. વસ્તુના.. વસ્તુ જે વસ્તુ છે આખી ધ્રુવ છે, જે અનંત ગુણોનો રસકંદ છે. કહો, સમજાણું કાંઈ? એક પરમાણુમાં પણ જે વર્ણ, ગંધ, રસ, સ્પર્શ આદિ છે એ ધ્રુવ છે. ગુણો. એ નાનું ક્ષેત્ર કહે એમ કાંઈ અહીં લેવાનું નથી. એક પોઈન્ટ છે રજકણ. એમાં પણ જે વર્ણ, ગંધ, રસ, સ્પર્શરૂપ એ પરમાણુ છે, ભાઈ! અહીં દર્શનજ્ઞાનરૂપ આત્મા છે. પરમાણુ વર્ણ, ગંધ, રસ, રૂપ છે. એ રૂપ પરમાણુ ધ્રુવ છે એ. સમજાણું કાંઈ? એની ઓલી પર્યાય છે એક સમયની એ તો ઉપર ઉપર તરે છે. અંદર પ્રતિષ્ઠા પામતી નથી. રાગ પણ પ્રતિષ્ઠા પામતો નથી. પણ એક સમયની પર્યાય અંદર પેસતી નથી.

મુમુક્ષુ :- ત્રિકાળમાં શી રીતે જાય?

ઉત્તર :- ત્રિકાળમાં પેસે શી રીતે? ત્રિકાળ એક વસ્તુ છે તેને કહે છે કે પર્યાયને એના ઉપર વાળ કે જે શુદ્ધ દર્શનજ્ઞાનરૂપ ભગવાન આત્મા ધ્રુવ છે. એમ ને એમ આમ. વજ્ર, શુદ્ધ દર્શનજ્ઞાનરૂપ વજ્રની મૂર્તિ આત્મા છે. શુદ્ધ દર્શનજ્ઞાનરૂપી વજ્ર.

એવા '**આત્માને જ આત્મા વડે ધ્યાતો થકો,...**' જુઓ! અહીં તો મુનિની દશાનું

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


વર્ણન કરે છે. પહેલું સમ્યગ્દર્શનનું વર્ણન કર્યું. અહીં તો એમ સિદ્ધ કરવું છે કે શરૂઆતથી છેક સુધી આત્માના અવલંબે સંવર ઉત્પન્ન થાય છે. જેટલો આશ્રય અંતરનો લે એટલો પરનો આશ્રય ટળે, એટલો આસ્રવ ટળે. સ્વઆશ્રય થાય એટલો સંવર થાય. સમજાણું કાંઈ?

પહેલી વસ્તુ શું છે આમ અંદર, સમજાય છે? એનું એને માહાત્મ્ય બેઠું નથી, માહાત્મ્ય. મોટો ભગવાન છે એ તો. પૂર્ણ ભગવાન. એક એક ગુણે પૂર્ણ ભગવાન. એક એક ગુણે, હોં! પૂર્ણ ધ્રુવ. આખું રૂપ એનું. એવા સ્વભાવનું રૂપ એવો આત્મા, તેને રાગથી ભિન્ન પાડીને એમાં ભેદજ્ઞાન દ્વારા સ્થિર થવું. એનું નામ પ્રથમ સમ્યગ્દર્શન-જ્ઞાન ને ચારિત્રનો અંશ કહેવામાં આવે છે. વિશેષ સ્થિર થવા માટે પરદ્રવ્ય તરફની વૃત્તિઓ જે ઉઠે છે ઈચ્છાઓ અસ્થિરતાની, પરને કારણે નહિ, પરને લક્ષે, એ અસ્થિરતા તે અચારિત્ર છે. એને છોડીને અને સ્વરૂપ જે શુદ્ધદર્શનજ્ઞાન નિષ્કંપપણે આત્મામાં વર્તતો થકો. એ .. આગળ લેશે.

'**પોતેને સહજ ચેતયિતાપણું હોવાથી...**' કેમ કે પોતે સ્વભાવિક જાણનાર, દેખનાર હોવાથી. લ્યો! સ્વભાવિક ચેતયિતા છે. વસ્તુ સ્વભાવિક જાણક... જાણક... દેખન.. જાણવા-દેખવાનો સ્વભાવ, એ સ્વસ્વભાવ છે એનો.

'**એકત્વને જ ચેતે છે...**' પોતાના સ્વરૂપમાં એકપણાને જ અનુભવે છે. એ જ્ઞાનચેતનાને પ્રગટ કરીને અનુભવે છે. એમ કહે છે. શું કીધું? વિકલ્પ જે હતાને એ કર્મચેતના હતી. સમ્યગ્દર્શન થયા છતાં. પેલી કર્મચેતના પુણ્ય-પાપની તે રુચિમાં પડ્યો હતો એ તો મિથ્યાત્વભાવ છે. એનાથી છૂટીને સ્વરૂપમાં એકાગ્ર થયો ત્યારે સમ્યગ્દર્શન-જ્ઞાન આદિ પ્રગટ્યું. હવે જે અસ્થિરતા રહી કર્મચેતનાની-રાગની, જડની સાથે સંબંધ નથી, એને ઈચ્છા કીધી. એને છોડીને આત્મદ્રવ્યને આત્મા વડે સ્થિર થઈને. કેમ કે '**પોતાને સહજ ચેતયિતાપણું હોવાથી...**' સ્વભાવિક ચેતનારો દર્શનજ્ઞાન. ઓલાના બે બોલ લીધા હતા ને? એને ભેગા કર્યા અહીંયાં. સ્વભાવિક ચેતયિતાપણું. એકરૂપ ચેતયિતા. જાણનાર-દેખનાર સ્વભાવ જ હોવાથી એકત્વને ચેતે છે. એમાં એકપણાને અનુભવે છે. એ જ્ઞાન-દર્શન એવું આત્માનું રૂપ તેને એકપણે બેનું રૂપ એક એને એકપણે અનુભવે છે. આહાહા..! સમજાણું કાંઈ? નીચે કર્યું છે ને? '**ચેતવું = અનુભવવું; દેખવું-જાણવું.**' જ્ઞાનચેતનારૂપ.

'**તે જીવ ખરેખર,...**' શું કહ્યું? કે ભગવાન આત્મા જ્ઞાન-દર્શનના સ્વભાવનું રૂપ, તેના રાગના જે શુભાશુભ પરિણામ છે એ રાગદ્વેષનું મૂળ છે. સમજાણું? એની એક્તાબુદ્ધિ એ મિથ્યાત્વ છે એમ કહે છે. એને પરથી ભિન્ન પાડી સ્વરૂપની દૃષ્ટિમાં આત્માને ઠરે એને સમ્યગ્દર્શન, જ્ઞાન થાય છે. પછી ઈચ્છા-વૃત્તિઓ ઊભી થાય છે કર્મ નોકર્મને લક્ષે, અંતર નિમિત્ત અને બાહ્ય નિમિત્ત બેય. એને લક્ષે ઈચ્છા થાય તેને રોકીને. એટલે તેનું લક્ષ છોડીને આત્મા

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


વડે આત્મામાં સ્થિર થતો થકો એકત્વને જ અનુભવે છે. એકલી જ્ઞાનચેતના, જ્ઞાનવેદન, સ્વસંવેદન. સ્વસંવેદન જ્ઞાનને વેદે તેને અહીંયાં જ્ઞાનચેતના કહેવામાં આવે છે. કહો, સમજાણું?

'**તે જીવ ખરેખર, એકત્વ-ચેતન વડે...**' લ્યો, એકત્વ ચેતન વડે. '**અર્થાત્ એકત્વના અનુભવન વડે...**' એમ. પોતાનો શુદ્ધ આનંદ સ્વભાવ, જ્ઞાન સ્વભાવ તેના એકપણાનું ચેતન વડે, રાગ-દ્વેષ ભિન્ન પડી ગયો અસ્થિરતા, એના ચેતન વડે '**અત્યંત ભિન્ન ચૈતન્યચમત્કારમાત્ર આત્માને ધ્યાતો,...**' સમજ્યાને? પરદ્રવ્યથી અત્યંત ભિન્ન. ખુલાસો કરવો પડે ને ભાઈ, અત્યંત ભિન્ન શબ્દ કીધો એટલે. પરના વિકલ્પથી અને અસ્થિરના લક્ષથી બિલકુલ ભિન્ન એવો જે ભગવાન આત્મા, એમાં અંતરમાં ધ્યેયમાં જે નજર હતી એને ધ્યેયમાં વધારે ઠરવું. એવો માર્ગ કોઈ છે. આ તો કહે, એકાંત થઈ જાય. એમાં કાંઈક શુભાદિ પરિણામ હોય, ક્રિયાના હોય, રાગના હોય તો એનાથી આ પમાય તો એ અનેકાંત થાય છે. પણ એ વાત જ અહીં એકાંતની જ કરી છે. જુઓને! સમ્યક્ એકાંત એ જ સમ્યગ્દર્શન અને જ્ઞાન છે. શું થાય? રાડે રાડ પાડે.

પોતાના સ્વભાવના માહાત્મ્યને અવલંબન લેવું એવું એને માહાત્મ્ય લાગતું નથી. કાંઈક... કાંઈક... કાંઈક... આ હોય, આ હોય ને. પાંગળો પાંગળો માને છે એને. મોટો ત્રણ લોકનો નાથ વજ્રનો સ્થંભ. વજ્રના સ્થંભ પણ બધા નાશવાન પરમાણુની અપેક્ષાએ. આ તો અખંડ એક તત્ત્વ છે. જેમાંથી કેવળજ્ઞાનના પ્રવાહ વહ્યા કરે પણ એ ખૂટે નહિ. એની સદશ્યતા કોઈ દિ' (ખૂટે નહિ). કેવળજ્ઞાન નીકળ્યા કરે તોય સદશ્યતા ખૂટે નહિ. કેવળજ્ઞાન ઘણું નીકળ્યું માટે હવે ત્યાં એના ગુણની એક્તા હતી એ ઓછી થઈ એમ હશે? કહો, સમજાણું કાંઈ? મતિજ્ઞાન, શ્રુતની પર્યાય વર્તે ત્યારે તેનું ધ્રુવપણું પુષ્ટ હોય. ઓછું જ્ઞાન બહારમાં છે માટે. અને કેવળજ્ઞાન ઘણું બહાર આવે એટલે ત્યાં કાંઈક ઓછું થાય એમ હશે? આહાહા..!

એવું જ એનું સ્વરૂપ છે એકરૂપ સદશ્ય ધ્રુવ. ચાહે તો કેવળજ્ઞાન પ્રગટો અને ચાહે તો ક્ષાયિક સમકિત પ્રગટો અને ચાહે તો યથાખ્યાત પ્રગટો, ચાહે તો મતિ-શ્રુત પ્રગટો. એય..! સાધારણ માણસને એમ થાય ને કે અહીં મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન પહેલું પ્રગટ્યું ત્યારે તો અલ્પ છે ને? અલ્પ છે ત્યાં વિશેષ પુષ્ટિ રહી. અને કેવળજ્ઞાન પ્રગટે એક એક એક નીકળ્યા જ કરે ત્યાં પુષ્ટિ ઓછી થઈ. એ વાતની વાત એમ નથી કહે છે. શશીભાઈ! કહે છે કે એ ધ્રુવ જ એવું છે સ્વરૂપ એકલાને અનુભવ દ્વારા, એકલાને અનુભવ દ્વારા. સમજાય છે?

(પર પરિણતિથી) અત્યંત ભિન્ન ચૈતન્ય ચમત્કાર વસ્તુ છે એ. એમ કહે. ચમત્કાર એવી ચીજ છે. ગમે તેવી દશા થાય તો પણ એવી ને એવી ચીજ છે. કહો, ચંદુભાઈ! પદાર્થનો સ્વભાવ તે કઠણ પડે જગતને. એમાંથી ઘણું આવ્યું ત્યારે તો કાંઈક થોડું થયું હશે કે નહિ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

પણ ઘણું આવ્યું એટલે? એ તો પર્યાય સ્વતંત્ર (પ્રગટી છે). ખરેખર તો તે પર્યાય સ્વતંત્ર પ્રગટી છે. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા આમ પરિપૂર્ણ સ્વભાવમાં એકરૂપ છે. એકરૂપ કીધું ને? એકત્વને ચેતે છે. ભગવાન એકરૂપ છે એને અનુભવે છે અંદર. એમ એકપણું ત્રિકાળ છે એને એકપણાને અનુભવે છે. '**(જ્ઞાનચેતનારૂપ રહે છે),...**' પર્યાયમાં એકત્વ નથી. '**એકત્વના અનુભવન વડે અત્યંત ભિન્ન ચૈતન્યચમત્કારમાત્ર...**' કેવો છે આત્મા? કે ચૈતન્યચમત્કારમાત્ર. મહા ચૈતન્યચમત્કાર. એવો ચમત્કાર કે અનંત અનંત કેવળજ્ઞાન આવ્યા કરે તો એ તો ચૈતન્યચમત્કાર એવો ને એવો ભગવાન એકથી ભરેલો પૂર્ણ છે. સમજાણું કાંઈ?

'**આત્માને ધ્યાતો,...**' ચૈતન્યચમત્કારમાત્ર ભગવાન આત્માને પોતે ધ્યાતો. એને ધ્યેયમાં લઈને એકાગ્ર થતો '**શુદ્ધદર્શનજ્ઞાનમય આત્મદ્રવ્યને પ્રાપ્ત થયો થકો,...**' એ પ્રાપ્ત થયું હવે. '**શુદ્ધદર્શનજ્ઞાનમય આત્મદ્રવ્યને પ્રાપ્ત થયો થકો...**' શુદ્ધ એવું દર્શનજ્ઞાન ત્રિકાળ સ્વરૂપ એવો ભગવાન એને પ્રાપ્ત થયો થકો આત્મા '**શુદ્ધ આત્માની ઉપલબ્ધિ થતાં સમસ્ત પરદ્રવ્યમયપણાથી અતિક્રાંત થયો થકો,...**' શુદ્ધ આત્માની ઉપલબ્ધિ એટલે? અનુભવ. શુદ્ધ તો શુદ્ધ છે પણ પર્યાયમાં પ્રાપ્તિ થતાં 'આ શુદ્ધ છે' એમ પ્રાપ્તિ અનુભવની થતાં. આ તો બરાબર ધ્યાન ન રાખે તો સમજાય એવી નથી આ વાત.

'**શુદ્ધ આત્માની પ્રાપ્તિ થતાં સમસ્ત પરદ્રવ્યમયપણાથી અતિક્રાંત થયો થકો,...**' વિકલ્પથી પાર થયો થકો. '**સમસ્ત પરદ્રવ્યમયપણાથી અતિક્રાંત...**' બિલકુલ પરનું લક્ષ રહ્યું નહિ, વૃત્તિ રહી નહિ. '**અલ્પ કાળમાં જ...**' આ દશા, સ્વભાવને અવલંબતી દશા અલ્પ કાળમાં પરિપૂર્ણતાને પામે છે. એમ કહે છે. કહો, સમજાણું આમાં? કહો, આમાં બીજું ક્રિયાનું તો આવ્યું નહિ કાંઈ. નવરંગભાઈ! આહાહા..! ભગવાન! તારી ક્યાં ક્રિયામાં કચાશ છે કે જે પરની ક્રિયાનું એને અવલંબન લેવું પડે? એમ કહે છે. મહા ભગવાન આત્મા.

પરિણતિને જ્યાં ધ્રુવને થાંભલે બાંધી એને શું હોય? સમજાણું કાંઈ? ધ્રુવને થાંભલે પરિણતિને બાંધી. આ ઢોર હોય ને રખડતું બાંધ્યા વિનાનું? એક ઠેકાણે ખીલો નાખીને બેસે તો લાંબુ ચાલી ન શકે આઘો. એટલામાં ને એટલામાં ફર્યા કરે. કોઈની કાંઈ જરૂર નથી એમ કહે છે અહીં તો. ભગવાન મોટો પડ્યો છે ભેટો ચૈતન્યનો એનો કરને ભેટો. એ પરણતિને ત્યાં બાંધ થાંભલે. આવે છે ને ક્યાંક નહિ? પુણ્ય-પાપના અધિકારમાં, નહિ?

મુમુક્ષુ :- મોક્ષ અધિકારમાં...

ઉત્તર :- મોક્ષ અધિકારમાં ક્યાંક આવે છે. હા, હા. વ્યવહાર પડિક્કમણાથી છોડાવીને. વ્યવહાર પડિક્કમણામાં આવે છે ને મોક્ષ અધિકારમાં? બધા બોલોને છોડાવીને. આને થાંભલે

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


બાંધ.

મુમુક્ષુ :- છેલ્લી ગાથા.

ઉત્તર :- હા એ. એ. મોક્ષ છે ને. આ પણ છેલ્લી સ્થિતિનું વર્ણન છે. સમજાણું કાંઈ? આમ પર્યાય છે ને આમ આત્માની? એને આમ જે રખડાવે છે એને અહીં બાંધ કહે છે અંદર. વિકલ્પ રહેશે નહિ. નિર્મળાનંદની પ્રાપ્તિ પૂર્ણ થઈ જશે. એવી મોટી ખાણ છે એ કેવળજ્ઞાન.

**'અલ્પ કાળમાં...'** છે ને **'अचिरेण'** શબ્દ પડ્યો છે ને? **'अचिरेण अप्पाणम'** **'સર્વ કર્મથી રહિત આત્માને પામે છે.'** લ્યો! આત્મા તો દ્રવ્ય છે ત્રિકાળ. પણ એની નિર્મળ પૂર્ણ પર્યાય પામ્યો ત્યારે આત્માને પામે છે એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? કેટલી વાત કરી આટલામાં તો. પહેલેથી છેક સુધી. આ વિધિનું વિધાન (છે). આ વિધિ મોક્ષને માટે છે એવું કથન સર્વજ્ઞના શાસ્ત્રમાં આવે છે. એવું કથન બીજા શાસ્ત્રમાં હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? કારણે કે બીજે એવો આત્મા જોયો નથી એણે. સર્વજ્ઞ પર્યાય પ્રગટીને આત્મા જેવો છે એવો જોયો એણે જ આત્મામાં જેવડો છે તેવડો અનુભવ્યો. એની વાણીમાં એવો આત્મા આવે. સમજાણું કાંઈ?

જેની જ્ઞાનપર્યાય એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોકને, અનંતા કેવળીને જાણે એવી પર્યાય છે, એવી જેની એક સમયની પર્યાય છે એવો જે સર્વજ્ઞ, એની સત્તા જેને સ્વીકારમાં નથી એને કોઈ રીતે ધર્મનો સ્વીકાર કોઈ દિ' હોઈ શકે નહિ. અને એ સર્વજ્ઞે એક સમયમાં પૂર્ણ દશા પ્રગટ કરી એવો જ આત્મા સર્વજ્ઞસ્વભાવી અનંત છે, એક નહિ. એવો આત્મા છે એને આત્મા જાણે ને માને ત્યારે એ આત્મા જાણ્યો-માન્યો કહેવાય. આમ તો આત્મા-આત્મા બધા કરે (છે). એમ નહિ. તેથી આત્મા-આત્મા કહ્યો છે. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા જેના એક જ્ઞાનગુણની એક પર્યાય, હોં! ગુણનું તો શું કહેવું? ગુણ છે એ તો અનંતી પર્યાયનું કારણ છે, અનંતી પર્યાય. પણ એ સિવાય ગુણની શક્તિ અનંત છે પર્યાય સિવાય. ગુણ છે ને? એને પર્યાય તો એક અંશ પ્રગટ્યો એટલી થાય ભલે. પણ એનું સામર્થ્ય એક ગુણનું અનંત અપરિમિત સામર્થ્ય છે. સમજાણું કાંઈ! એ પર્યાયનું આટલું સામર્થ્ય છે કે એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોકને જાણે તો એના ગુણના સામર્થ્યનું તો અપાર સામર્થ્ય છે. પર્યાય બધી થાય એ નહિ, એ સિવાયનું સામર્થ્ય આનું છે. આહાહા..!

એવા અનંત સામર્થ્યવાળો એક એક ગુણ એનો ધરનારો એક એક આત્મા. એવો આત્મા હોય તેને સર્વજ્ઞે જોયો છે. અને એ સર્વજ્ઞે કહેલો આત્મા એ રીતે જે અનુભવમાં આવે ત્યારે તેને સમ્યગ્દર્શન-જ્ઞાન થાય. સમજાણું કાંઈ? સર્વજ્ઞે કહેલો આત્મા. આવે છે ને? નહિ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

જયચંદ્ર પંડિતમાં આવે છે ને? જીવ અધિકારમાં. કે ભાઈ, કોઈ આત્મા જ્ઞાન છે એમ માને એટલું તો? ના, એમ નહિ. આવે છે? નહિ. સર્વજ્ઞ એક પર્યાય જાણનાર એવડી મોટી છે એણે જેણે આત્મા, એણે જોયો એવડો ને એ આત્મા, એવા આત્માને માને ત્યારે એની આખી દૃષ્ટિ ઉઠી. રાગના ઓલાથી ઉઠી ગઈ અને આવડા આત્માની દૃષ્ટિ થાય તે વસ્તુ વીતરાગી છે તે દૃષ્ટિ જ વીતરાગી થઈ જાય. વીતરાગી દૃષ્ટિ વિના એ વીતરાગ સ્વભાવની એકતા થાય નહિ. સમજાણું કાંઈ? શશીભાઈ! આત્મા આત્મા તો કરે ને બધા. આપણે કોઈ વાર દાખલો આપીએ છીએ ભાઈ 'જ્યાં લગી આત્મા તત્વ ચિન્હો...' એ આત્મા બધા સમજવા જેવા. એ તો ... ચંદુભાઈ! લોકોને જરી એક એક લાઈન.. આમ છે. આહાહા..!

કહે છે, જુઓને! કેટલું સામર્થ્ય છે જેનું! આમ જ્યાં ખસ્યો અને અહીં આવ્યો ત્યાં તો સમ્યગ્દર્શન થઈ ગયું. અને પર તરફની વૃત્તિઓ ખસીને અહીં ઠર્યો (એટલે) સર્વ કર્મથી મુક્ત થઈને કેવળજ્ઞાન (થઈ ગયું). સમજાણું કાંઈ? આ વિધિ ને વિધાન છે એવું તો એણે પહેલો નિર્ણય કરવો પડશે કે નહિ? આ વિધિ છે સમ્યગ્દર્શન પામવાની, આ વિધિ છે કેવળજ્ઞાન પામવાની. વચમાં ક્રિયા કરવી ને આ કરવું, ઢીંકણું એ વિધિ-બિધિ નથી એમ કહે છે આમાં. શેઠી! હવે તો તમારે શું વાંધો છે? પહેલા વાંધો હતો હજી. પહેલા વાંધો બહુ હતો. પહેલુંવહેલું આ સાંભળ્યું ત્યારે તો ભડકતા.

મુમુક્ષુ :- પત્ર લખ્યો હતો.

ઉત્તર :- લખ્યો હતો પત્ર? ઠીક.

ભાઈ! તારામાં ક્યાં ઓછપ છે કે જે રાગ પરવસ્તુ છે તેના આલંબને અંતરમાં એકાગ્રતા થાય? એ તો આત્મા એવડો નથી. ભાઈ! એવો આત્મા નથી. રાગના અવલંબે અંતરમાં એકાગ્ર થાય એવડો આત્મા નથી. સમજાણું કાંઈ? એ તો સવારમાં કહ્યું હતું ને? રાગ કારણ થાય અને પર્યાય કાર્ય થાય એવો આત્મા નથી. આત્મા નથી. આહાહા..! એટલે આ રીતે આમ. એવો આત્મા નથી કે રાગ, ઈચ્છાનો કાંઈક આધાર લઈને અંદર (પૂર્ણ) થાય એવો આત્મા નથી. આહાહા..! સમજાણું કાંઈ? આ બધા પૈસા ખર્ચ્યા ને? આ બધા જયપુરમાં રોકાણા અગિયાર દિ' એનું શું થયું? શેઠી! તમે હતા મોઢા આગળ. ભાઈ બાબુજી હતાને મોઢા આગળ? તો એના બાપ તો મોઢા આગળ કહેવાયને પછી. આહાહા..! કોને કહેવું? બાપા! એ તો બહારની પ્રવૃત્તિ એને પર્યાય કાળે થાય. કોણ લાવે? કોણ કરે? એનું જ્ઞાન પણ આત્માના લક્ષે થાય ત્યારે એનું જ્ઞાન કર્યું કહેવાય. એના લક્ષમાં આમ આ જાણું છું, આ થાય છે એને જાણું છું, કર્તા નથી એમ પણ નહિ. આનો કર્તા નથી તો આ થાય છે એને જાણું એમ નહિ. જેનામાં જ્ઞાન છે એનું જ્ઞાન કરીને જ્યારે ઊભો રહે ત્યારે આ

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


થાય છે એનું જ્ઞાન વ્યવહારે કહેવામાં આવે. સમજાણું કાંઈ? ઘણાં એમ કહે લ્યો, આપણે જ્ઞાતા-દષ્ટા રહો, જ્ઞાતા-દષ્ટા રહો. પણ કઈ રીતે જ્ઞાતા-દષ્ટા રહે? ઓલો જ્ઞાતા-દષ્ટા આખો અખંડ છે એની દષ્ટિ થયા વિના, એનું જ્ઞાન થયા વિના આમાં જ્ઞાતા-દષ્ટા રહી શકશે જ નહિ. સમજાણું કાંઈ?

તેથી આચાર્ય કહે છે, શુદ્ધ દર્શનજ્ઞાનમય ભગવાન આત્મા એવા આત્મદ્રવ્યને પ્રાપ્ત કરે છે. આહાહા..! એવો પ્રભુ પૂર્ણ દર્શન, આનંદનો કંદ નાથ આત્મા, એને અંતર્મુખના વલણથી પરના લક્ષને બિલકુલ છોડી દઈને એટલે ઈચ્છાને છોડી દઈને, એવા શુદ્ધ આત્માને પ્રાપ્ત થતાં '**પરદ્રવ્યમયપણાથી અતિક્રાંત થયો થકો,..**' અસ્તિ-નાસ્તિ કરે છે. '**અલ્પકાળમાં...**' '**अचिरेण**' '**સર્વ કર્મથી રહિત...**' રહિતથી તો હતો. પણ નિમિત્તપણું ગયું અને રાગ પણ ગયો. '**આત્માને પામે છે.**' એવો ભગવાન આત્મા એકલો પૂર્ણ શુદ્ધ પર્યાયમાં પમાય છે. લ્યો, આ શરૂઆતથી તે ઠેઠ સુધીના સંવરની ક્રિયા કીધી. શાંતિભાઈ! આ સંવર છે. આમ ઓલા કહે, પચ્ચખાણ કરાવો. ક્યાં પણ હાથ જોડવા છે બહારમાં? હાથ ક્યાં તારા હતા? એ તો જડ છે. હાથ જોડો. હાથજોડ કરો, હાથજોડ કરો. એમ કહે છે ને? તો હાથ ક્યાં તારા છે તે હાથજોડ કરે? એના બાપના નથી પણ એના પણ નથી.

એનો અર્થ કે એકત્વ અંદર થા. એમ. સમજાણું કાંઈ? એ હાથજોડ કરે. તારી પરિણતિનો કર જે છે, કર કહેવાય છે ને કિરણને. ભગવાને કીધું ને? જ્ઞાનના કિરણ વડે જગતને સમજાવ્યું છે. સમજાણું? સૂરજના જેમ કિરણો હોય છે, એમ ભગવાનનું જ્ઞાન કિરણરૂપ પ્રગટ્યું છે એ દ્વારા જગતને સંભળાવે છે. ભાઈ! કોઈ હળવે હળવે વાત નીકળે. કોઈ એમ કહેતું હતું, હળવે હળવે મહારાજ બોલે એમાં સમજાતું નથી. તો ધ્યાન રાખવું જોઈએ. કોઈક વાત હળવે હળવે આવતી હોય, વિચારમાં ચાલતી હોય તો. એ વળી કાલે કો'ક કહેતું હતું કે કો'ક એવી વાત હળવે હળવે બોલે તો અમને સમજાતું નથી. તો ધ્યાન વધારે રાખવું.

મુમુક્ષુ :- પણ અવાજ ત્યાં સુધી ન પહોંચતો હોય તો?

ઉત્તર :- ન પહોંચે તો હવે અહીં કેટલું .. લાવવું હતું? એક યોજનમાં પહોંચી જાય જ્યાં ભગવાનની દિવ્યધ્વનિ હતી ત્યાં તો. એ કો'ક કહેતું. નહિ? ચંદુભાઈ કહેતા હતા? કોણ કહેતું હતું? શાંતિભાઈ કહેતા હતા. કો'ક વળી કહેતા હતા. કો'ક દાખલો કે એવું હળવે હળવે બોલે તો ન સમજાય. એ વખતે ધ્યાન રાખવું કે આ હળવે હળવે છે માટે બહુ ધ્યાન રાખે તો સમજાય. એમ રાખવું. આહાહા..! ભારે વાત કરી.

એ સર્વસંગ વિમુક્ત છે ત્યાં મુનિપણું છે. બીજી ગાથામાં. કહો. આવી આત્મ દશાની સંવર દશા. મહાન ચૈતન્યપ્રભુ પોતાના આશ્રયે આવે છે પર્યાય અથવા એ પર્યાયને આત્માનો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આશ્રય મળે છે ત્યારે પર્યાય સંવરરૂપ થાય છે. એ પર્યાયને રાગનો આશ્રય મળે ત્યાં સુધી મિથ્યાત્વનો આસ્રવ થાય છે. પહેલી શરૂઆતમાં એ વાત કરી હતી ને. સમજાણું કાંઈ?

**'આ સંવરનો પ્રકાર (રીત) છે.'** લ્યો, સરવાળો કીધો. પૂછયું હતું ને ક્યા પ્રકારે થાય? આ સંવરનો પ્રકાર નામ રીત છે. આ સંવર ઉત્પન્ન થવાની આ રીત છે. બીજી રીત છે નહિ. સમજાણું કાંઈ? ધર્મની ઉત્પત્તિ અને ધર્મની પૂર્ણતા પ્રગટ કરવાની આ રીત છે. સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ પરમાત્માના માર્ગને વિષે. સમજાણું કાંઈ? ભગવાનની દિવ્યધ્વનિમાં આ આવ્યું હતું. એવું ગણધરોએ શાસ્ત્રમાં રચના કરી છે. એનામાંથી પરંપરા આવેલી વાત કુંદકુંદાચાર્યે આ કહી છે. એ પણ નિમિત્તથી કથન છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ નિમિત્તનું કથન. કહે કોણ? એ તો વાણી છે. વાણી છે. વાણીમાં સ્વપર વાર્તા કહેવાની તાકાત છે. આત્મામાં સ્વપર જાણવાની તાકાત છે. વાણીમાં સ્વપર કહેવાની તાકાત છે. બેય ચીજ ભિન્ને ભિન્ન છે. કોણ કરે? એવી રીત સંવરની રીત અને સંવર ઉત્પન્ન થવાનો આ પ્રકાર. ભાવાર્થ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**અષાઢ સુદ ૩, સોમવાર તા. ૧૦-૦૭-૧૯૬૭**
**ગાથા-૧૮૭ થી ૧૯૨, શ્લોક-૧૨૮, પ્રવચન-૨૭૨**

સંવરનો અધિકાર છે. શિષ્યનો પ્રશ્ન છે કે સંવરની ઉત્પત્તિ કેમ થાય? સંવર ક્યા પ્રકારે થાય, એમ છે ને? સંવર એટલે ધર્મ. ધર્મની ઉત્પત્તિ કેમ થાય? ધર્મ ક્યા પ્રકારે ઉત્પન્ન થાય? અથવા ધર્મ કેમ થાય? જેને ધર્મ કરવાની જિજ્ઞાસા છે એનો એ પ્રશ્ન છે કે ધર્મ કેમ થાય? એનો ઉત્તર આપ્યો છે. ટીકા આવી ગઈ.

'**ભાવાર્થ :- જે જીવ પ્રથમ તો રાગદ્વેષમોહ સાથે મળેલા મનવચનકાયાના શુભાશુભ યોગોથી...**' કારણ કે અહીંયાં ધર્મ કેમ થાય એટલે સંવર કેમ થાય? અને સંવર કેમ થાય એટલે કે આસ્રવનો નિરોધ થાય તો સંવર થાય. તો આસ્રવ એ શુભ અને અશુભ યોગ તે આસ્રવ છે. સમજાણું કાંઈ? શુભ અને અશુભ જે યોગ છે, શુભ અશુભ જે ભાવ-પરિણામ છે એ આસ્રવ છે. ભલે એનું મૂળ એમ કહ્યું કે મોહ-મિથ્યાત્વ પર્યાય છે. રાગદ્વેષમોહ એ એનું મૂળ છે. કારણ કે દ્રવ્ય-ગુણ એનું મૂળ નથી. એનું મૂળ તો મિથ્યા પરિણામ, એ પરિણામને મૂળથી ઉત્પન્ન થાય છે. આસ્રવ મિથ્યાત્વ મૂળથી ઉત્પન્ન થાય છે. સમજાણું કાંઈ?

આસ્રવની ઉત્પત્તિ કાંઈ આત્મદ્રવ્યથી થાય નહિ. વસ્તુ તે આત્મા તો આનંદ સ્વરૂપ આત્મા છે. આત્મા, આ આત્મા છે એ સર્વજ્ઞ પરમેશ્વરે જોયો છે અને એમ છે. અતીન્દ્રિય આનંદ સ્વરૂપ આત્મા છે. એટલે કે આનંદની ખાણમાંથી પુણ્ય-પાપ આવે એમ તો છે નહિ. કેમ વાર લાગે છે બે મિનિટ? એટલી વાર ન લાગવી જોઈએ. પહેલી પાંચ મિનિટ પહેલા આવવું જોઈએ. કારણ કે ઓલા રેલમાં કેમ વહેલા જાય છે? કહો, સમજાણું આમાં? અધિકાર વયો જાય, વચમાં ગડબડ થાય. ઘડિયાળ રાખવી જોઈએ તમારે આની કોર થોડી. શું કહેવાય એ? આગળ રાખવી જોઈએ. આગળ રાખવી જોઈએ, ઠીક. શું કહ્યું સમજાણું આમાં?

આ શિષ્યનો પ્રશ્ન છે કે અમને આનંદની દશા કેમ પ્રગટ થાય? સંવર કેમ થાય? એનો અર્થ કે અમને આનંદની ઉત્પત્તિ કેમ થાય? અમે દુઃખમાં છીએ તો દુઃખનો નાશ થઈને આનંદ કેમ થાય? એમ સંવર કેમ થાય કહો, આનંદ કેમ થાય કહો કે પુણ્ય-પાપ આસ્રવના પરિણામ આનંદ-સંવર થતાં રોકાઈ જાય છે એ કેમ થાય? એમ પ્રશ્ન છે. સમજાણું કાંઈ?

ત્યારે કહે છે, ભાઈ! ભગવાન આત્મા તો અતીન્દ્રિય આનંદ, શાંત આનંદ સ્વરૂપ જ છે. એના સ્વરૂપમાં તો આનંદ જ છે. ભગવાન આત્મા જે છે એમાં તો આનંદ જ છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

એ કાંઈ પુણ્ય અને પાપના આસ્રવરૂપી મેલ એને ઉત્પત્તિનું ધામ એ આત્મા નથી. સમજાય છે કાંઈ? પણ આત્મામાં રાગ અને દ્વેષની એકતાબુદ્ધિ એવો જે મિથ્યાત્વભાવ, એ મિથ્યાત્વભાવ જેનું મૂળ છે એમાંથી ઉત્પન્ન થાય, પુણ્ય-પાપના ભાવ ઉત્પન્ન થાય છે. ભાઈ! રાજમલજી! એ નક્કી કરવું પડશે તમારે આ બધા વકીલોને. સમજાણું કે નહિ?

ભગવાન આત્મા પરમેશ્વર કેવળજ્ઞાની તીર્થંકરદેવે કેવળજ્ઞાનમાં આત્માને અતીન્દ્રિય આનંદસ્વરૂપ જોયો છે અને એમ છે. હવે એ આત્મા પુણ્ય-પાપની ઉત્પત્તિનું કારણ આનંદ કેમ થાય? એટલે કે જે પુણ્ય-પાપ તો દુઃખરૂપ છે. શુભ-અશુભ યોગ છે, શુભ-અશુભ ભાવ છે એ તો દુઃખરૂપ છે. પછી એને આસ્રવ કહ્યો. તો કહે છે કે એ દુઃખની ઉત્પત્તિનું કારણ આત્મા કેમ હોય? જેમાં આનંદ છે એ ઉત્પત્તિનું કારણ કેમ હોય? શેઠી! સમજાણું કાંઈ?

પણ તે ભગવાન આત્મા પોતાના આનંદ સ્વરૂપને ભૂલી જ્યારે રાગની બહિર્બુદ્ધિમાં જ્યારે એકત્વબુદ્ધિ થાય છે એવો જે મિથ્યાત્વ અને રાગદ્વેષ ભાવ એનું મૂળ એનાથી શુભાશુભનો આસ્રવ ઉત્પન્ન થાય છે. એના પરિણામ જે છે એ પરિણામમાંથી આસ્રવ ઉત્પન્ન થાય એમ કહે છે. સમજાણું આમાં? અનંત કાળનો એને અજાણ્યો પંથ એની એને ખબર નથી. અરે..! હું ક્યાં છું? આ શું થાય છે? અને કેટલા ભવમાં રખડ્યો? ક્યાં રખડ્યો? ક્યાં હતો? કોઈ શરણ છે? ક્યાંય શરણ નથી. બધેચારે કોર ઝાંવા નાખીને દુઃખી થયો છે. શુભ અશુભ ભાવ કરીને દુઃખી થયો છે. બરાબર હશે?

મુમુક્ષુ :- અશુભ તો બરાબર છે...

ઉત્તર :- શુભ-અશુભ ભાવ કરીને દુઃખી થયો છે. અને એની ઉત્પત્તિ મિથ્યાત્વમાંથી છે. મિથ્યારૂપી વિપરીત પરિણામ મિથ્યાત્વ એ મૂળમાંથી ઉત્પન્ન એના થાય છે. સમજાણું કાંઈ? આહાહા..!

કહે છે કે '**જે જીવ પ્રથમ તો રાગદ્વેષમોહ...**' જેનું મૂળ છે એની '**સાથે મળેલા...**' છે. '**મનવચનકાયાના શુભાશુભ...**' આસ્રવભાવ. શુભ કે અશુભ વિકલ્પ જે રાગ વિકાર છે એની સાથે રાગ-દ્વેષથી મળેલા એ વિકારભાવ છે. એમ. શૈલી એવી લીધી છે ને? હજી આગળ લેશે ત્રણ .. વાત. એવા '**યોગોથી...**' પુણ્ય-પાપના શુભ-અશુભ ભાવ, એનું અસ્તિત્વ થયું. કોને લઈને? કે મિથ્યા પરિણામ અને રાગદ્વેષમોહને લઈને. સમજાણું કાંઈ? એને '**પોતાના આત્માને ભેદજ્ઞાનના બળ વડે...**' એણે શબ્દ વિશેષ ન લીધો પણ દઢતર એમ શબ્દ છે ને સંસ્કૃતમાં? દઢતર ભેદવિજ્ઞાનના બળ વડે. એમ. આહાહા..!

અરે..! હું એક આત્મા બહિર્મુખ બુદ્ધિ દ્વારા જે પુણ્ય-પાપના ભાવ થાય, બહિર્મુખ

કહો કે રાગ-દ્વેષનું મૂળ મિથ્યાત્વ કહો. સમજાણું કાંઈ? અંતર ભગવાન આત્મા વસ્તુ છે ને પદાર્થ છેને. ચૈતન્યધામ છે આત્મા. જેનામાં અતીન્દ્રિય આનંદનો ભંડાર, ભંડાર પૂરો ભર્યો છે. સમજાણું કાંઈ? એને પુણ્ય-પાપના આસ્રવમાંથી ખસી અને અંતરના આનંદ તરફ આત્માને વાળવો. સમજાણું કાંઈ? બીજી રીતે કહીએ તો એ આસ્રવ એટલે દુઃખરૂપ જે ભાવ છે એનાથી પોતાના આત્માને ભેદજ્ઞાનના બળ વડે એ બહિર્મુખ જે ભાવ, બહિર્મુખ બુદ્ધિથી ઉત્પન્ન થયેલા એનાથી અંતર્મુખ આત્માને વાળીને. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા એકલો વીતરાગરસનો કુંડ છે. વીતરાગ આનંદ રસનો સરોવર સ્વભાવ સાગર આત્મા છે. અરે..! કેમ બેસે? સમજાણું કાંઈ? એ આત્મા એના અસંખ્ય પ્રદેશમાં છલોછલ શાંતિ અને આનંદ ભર્યા છે. એ મિથ્યા પરિણામના મૂળને કારણે શુભાશુભ આસ્રવના દુઃખની ઉત્પત્તિ કરે છે. ભાઈ! કહે છે, તને ધર્મ કરવો હોય એટલે સંવર કરવો હોય એટલે કે વર્તમાનમાં સુખી થવાની સુખદશા ઉત્પન્ન કરવી હોય તો તે પુણ્ય-પાપના ભાવ જે છે શુભ-અશુભ આસ્રવ, તેના તરફથી પાછો વળી, પાછો વળી અંતર ભગવાન આત્મા '**પોતાના આત્માને ભેદજ્ઞાનના બળ વડે ચળવા ન દે,...**' સ્વરૂપમાં એકાગ્ર થતાં ખસવા ન દે. અંતર.. અંતર.. અંતર... રાગથી જે પર તરફ બહિર્બુદ્ધિ, અંતર સ્વરૂપથી બહિર્બુદ્ધિમાંથી ઉત્પન્ન થતાં વિકાર શુભાશુભ આસ્રવ એમાંથી પાછો વાળી આત્મામાં ભેદજ્ઞાન એટલે રાગ અને આસ્રવથી જુદો પડી સ્વભાવમાં ભેદજ્ઞાન વડે સ્થિર થાય. '**પછી તેને શુદ્ધદર્શનજ્ઞાનમય આત્મસ્વરૂપમાં નિશ્ચળ કરે...**' એ તો અહીંથી ખસે એટલે અહીં ઠર્યો એમ કહેવામાં આવે. શૈલી તો શું કહે!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- એ પછી નથી એનું જ છે એ. સમજાણું કાંઈ? પછી શેની લખી? એમાં કાંઈ નથી.

વડે જ અત્યંત. છે ને? '**ભેદવિજ્ઞાનના અવલંબનથી આત્મા વડે જ અત્યંત રોકીને,...**' છે ને? સંસ્કૃત ટીકા પણ એમ છે ને. એ તો શબ્દ તો એમ જ લે ને. આમ વાળીને પછી આમાં ઠર. એમ. પછી પહેલું ક્યાં છે ત્યાં? ભારે વાત. અગમ્ય વાતને વાણીમાં ગમ્યમાં મૂકવી. સમજાણું કાંઈ? કહે છે, આવા પરથી ભિન્ન પાડી અને અંતરના શુદ્ધ દર્શન.. અહીંથી ભિન્ન પડ્યો એટલે શુદ્ધ દર્શનજ્ઞાનમય એવો આત્મસ્વરૂપમાં નિશ્ચળ કરે. અહીંથી ખસ્યો અને અહીં ઠરે. કહો, સમજાય છે કે નહિ આમાં? ભારે ભાઈ! આ દુનિયાની વાત જો હોય ને એવી રસવાળી લાગે. વાર્તા એક મૂકે તો કેટલી રસવાળી લાગે. આ અંદર આત્માની વાર્તા એને કોણ જાણે (રુચતી નથી). ભગવાન આત્મા ભૂલ્યો બાપુ તું. ભાઈ! તને ભૂલીને

આ ભવ કરવા પડે છે ભૂલથી. તું કોણ છો એના સ્વરૂપની તને ખબર નથી. એના ભૂલથી આ બધા ભ્રમણ ઉભા થયા છે. એ ભ્રમણનું કારણ એ પુણ્ય-પાપનો શુભ યોગ છે. એનું મૂળ કારણ એની ઉત્પત્તિમાં મિથ્યાભ્રમ છે એમ કહે છે. સમજાણું કાંઈ?

એને અંતરમાં આત્મા મહા ચીજ આનંદ અને શુદ્ધ દર્શન-જ્ઞાનમય આત્મા છે. આત્મા એટલે જાણન-દેખન સ્વભાવ મૂર્તિ આત્મા છે. દેખન-દેખન-જાણન એવો શુદ્ધ દર્શનજ્ઞાનમય આત્મ જેનું સ્વરૂપ એમાં નિશ્ચળ કરે. એ શું કહે? જે હોય એ કહેવાય કે ન હોય એ કહેવાય? આ વાત આકરી પડે એને. બહારનું કાંઈક ફેરવવું હોય, પાપ ફેરવીને પુણ્ય કરવું, આ કરવું.. આ ફરવું.. આ ત્યાગ અને આ ગ્રહણ તો તો ઠીક પણ પડે એને. અનાદિથી અજ્ઞાનમાં ઠીક પડ્યું છે એને. અહીં તો બાહ્ય ત્યાગ ગ્રહણની વાત જ નથી અહીં તો.

અહીંયાં તો આત્માના ત્રિકાળી આનંદ સ્વભાવને ભૂલીને પોતે ભગવાન પોતે પોતાને ભૂલ્યો. આહાહા..! શ્રીમદ્‌માં એક પત્ર છે ને? એમાં લોકો સમજતા નથી કે અનંત ગુણ સંપન્ન છે પ્રભુ. પણ એમાં પણ અપલખણના પાર ન મળે. એટલે ઓલા લોકો કહે, જુઓ! ભગવાનમાં પણ અપલક્ષણ કાઢે છે એ. એ કહે છે, બાપુ! પ્રભુ! શું કહે છે? ભાઈ! ભગવાન તો પૂર્ણ શુદ્ધ છો. તારામાં પૂર્ણ ગુણ છે. ભાઈ! તને ખબર નથી. પણ તારા અપલક્ષણનો પાર નહિ. તું પાછો એને છોડીને પુણ્ય-પાપના પ્રેમમાં પડ્યો એ તારું અપલક્ષણ છે. સમજાણું કાંઈ? વાત સાંભળતા પણ ઝોલા આવે. ન બેસે તો. આ ઝોલા આવે એવી નથી, આ તો ઝોલા ઉડાડે એવી છે. પણ કોઈ દિ' રસ કરીને સાંભળી નહિ, મારી કરીને માની નથી વાત.

એ હું છું. હું એક અસ્તિ અસ્તિ છું કે નહિ? છે કે નહિ? છે. તો છે તો એ ક્યા સ્વભાવ વડે છે? આત્મા છે તો ક્યા ગુણ એટલે શક્તિ અથવા સ્વભાવ વડે છે? એ છે તો ક્યા ભાવ વડે છે? છે એ જ્ઞાન અને આનંદ આદિ ભાવ વડે એ છે. કીધું ને? શુદ્ધ દર્શનજ્ઞાનમય જ એનું સ્વરૂપ છે. એમ કીધું. સમજાણું કાંઈ? આહાહા..! એનો એ કીધું. અહીંથી ઉઠાવે છે ત્યારે અહીં કાંઈ છે કે નહિ? કહે છે. શું છે ઈ? શુદ્ધ દર્શનજ્ઞાન આનંદમય આત્માનું સ્વરૂપ છે. ન્યાલચંદભાઈ! આવી વાતું છે આ. બહારમાંથી આવું કાંઈ થાતું હોય ને. પણ બહારમાં તું છો નહિ ને. જ્યાં છો ત્યાં ભૂલ પડી છે. જ્યાં છો ત્યાં કેવડો છો એને જાણ્યા વિના ભૂલ પડી છે. સમજાણું કાંઈ? જ્યાં છો ત્યાં કેવડો કેમ છે? અસ્તિ છે શું? એટલે સત્તા સત્ છે શું?

કહે છે કે ભાઈ! તું તો શુદ્ધ જ્ઞાનદર્શનમય આત્મા છો. એ પુણ્ય-પાપના ભાવ એ વિકલ્પ આસ્રવ છે. એનાથી ખસી, ભગવાન આત્માનું હોવાપણું અસ્તિપણું છેપણું શુદ્ધ

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


દર્શનજ્ઞાનમયપણે છે એમાં એકાગ્ર થા. સમજાણું કાંઈ? ઓલામાં આવે છે ને ક્યાંક શેમાં? પર ઘર પરઘર... ભૂલ્યો. શું છે? નથી આવતું? હિન્દીમાં નહોતું આવતું? અબ હમ..

મુમુક્ષુ :- નામ અનેક ધરાયે.

ઉત્તર :- નામ અનેક ધરાયે. એમ ગાયન બોલતા હતા. જયપુરમાં. જયપુરમાં-જયપુરમાં. રેકોર્ડિંગ. જયપુર રેકોર્ડમાં આવતું હતું સવારમાં. .. બહુ વારંવાર બોલતા હતા. 'અબ હમ કબહું નિજ ઘર ન આયે, પરઘર ભમત અનેક નામ બિતાયે. અનેક નામ ધરાયે.' આહાહા..! જ્યાં હોય ત્યાં શરીર હું, વાણી હું, ધૂળ છે આ. એને કહે કે હું. રાગી હું, દ્વેષી હું, ક્રોધી હું, માની હું, લોભી હું, ભોગી હું, વિષય લંપટી હું, આ રાગનો ત્યાગી એવો વિકલ્પ તે હું અને પરનો ત્યાગ મેં કર્યો એવો વિકલ્પ તે હું. એવા અનેક નામ ધારણ કર્યા, ભાઈ! પણ તેં તારા અંતર સ્વરૂપ ભગવાન પરમેશ્વર કેવળજ્ઞાની ત્રિલોકનાથે જે પ્રગટ દશા કરી, જેમાંથી કરી તે તેવડું અસ્તિત્વ તારું છે. અસ્તિત્વ સમજાય છે? હોવાપણું. ભગવાનના જ્ઞાનમાં કેવળજ્ઞાન થયું, પરમાત્મા થયા, અનંત આનંદ થયો એનું હોવાપણું એના અંતર સ્વભાવમાં હોવાપણું હતું. એ હોવાપણામાંથી પર્યાયનું હોવાપણું બહાર કાઢ્યું છે.

એ કહે છે કે '**શુદ્ધદર્શનજ્ઞાનમય આત્મસ્વરૂપમાં નિશ્ચળ કરે...**' એવો ભગવાન આત્મા આવો આત્મા છે. જ્યાં જ્ઞાન અને દર્શન જેમાં સ્વરૂપ પૂર્ણ પડ્યું છે એવો જે આત્મા, એને પુણ્ય-પાપના આસ્રવો, એનું મૂળ જે રાગદ્વેષમોહ એનાથી ઉત્પન્ન થયેલાને નવો જેને ધર્મ ઉત્પન્ન કરવો (છે તે), એનાથી ભેદજ્ઞાન કરીને આત્મામાં નિશ્ચળ કરે. આહાહા..! કહો, સમજાણું આમાં?

'**અને સમસ્ત...**' હવે આગળ વધે છે. '**બાહ્ય-અભ્યંતર પરિગ્રહથી રહિત થઈને...**' પછી તો અભ્યંતર અને બાહ્ય પરિગ્રહથી રહિત થઈ. મુનિપણાની વાત કરે છે હવે. પહેલા સમ્યગ્દર્શન જ્ઞાનની વાત હતી. '**કર્મ-નોકર્મથી ભિન્ન...**' ઓહો..! ભગવાન આત્મામાં જ્યાં અંતરમાં ઉગ્રપણે ઠરે છે ને ત્યારે એને રાગ અને રાગના નિમિત્તો બધા છૂટી જાય છે. સમજાણું કાંઈ? વનવાસી સંતો, જંગલમાં પડ્યા હોય છે આમ. આત્મયોદ્ધા. આહાહા..! આમ વાઘ અને વરુ આવે. શાંત.. શાંત.. ભાઈ! પરમાણુની પર્યાય તો થવા કાળે થશે. અમારી દશાને કોઈ રોકી શકે એવું નથી. જ્યાં અમારી નજરું પડી છે ત્યાં નિધાન પડ્યા છે. નજર નામ અમારી દૃષ્ટિ જ્યાં પડી છે અંતર વસ્તુમાં ત્યાં તો અનંત આનંદ અને જ્ઞાનનું નિધાન છે. હવે આ વાઘ અને વરુ અમને લૂંટી જાય, કરી જાય એવી કોઈ ચીજ છે નહિ. સમજાણું કાંઈ? આહાહા..!

'**જેને સમસ્ત બાહ્ય-અભ્યંતર...**' જુઓ! પછી એક વસ્ત્રનો એક તાણો પણ બાહ્યમાં

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

ન રહ્યો, એમ કહે છે. અને અંતરમાં એની મમતાનો રાગ પણ ન રહ્યો. એવા '**સમસ્ત બાહ્ય-અભ્યંતર પરિગ્રહથી રહિત થઈને...**' નગ્ન મુનિ દિગંબર થઈ જાય એમ કહે છે. પછી પણ. ઓલું કર્યા પછીની વાત હોં! અહીંયાં. દિપચંદજી! ભાન વિના ચાલી નીકળે એને કહે છે, રખડી મરીશ. આહાહા..! મુનિપણું ધન્ય અવતાર છે ને! ચારિત્ર દશા વીતરાગ દશા, વીતરાગતા તે વીતરાગતા પ્રગટ કરવાનું સાધન પોતાનો વીતરાગભાવ અંદર છે. એને આ બાહ્ય ત્યાગ કરું તો મારી વીતરાગતા આવશે એવું ક્યાં વસ્તુમાં અંદર હતું? અભ્યંતર રાગનો ત્યાગ સ્વભાવના એકાગ્રે થયો તેમાં રાગનો ત્યાગ થયો તેટલા નિમિત્તો છૂટી ગયા. એ બાહ્ય-અભ્યંતર બેય છૂટી ગયા. સમજાણું કાંઈ?

'**કર્મ-નોકર્મથી ભિન્ન...**' શરીર અને કર્મ બેયથી જુદો પડી '**પોતાના સ્વરૂપમાં એકાગ્ર થઈ...**' કયા પ્રકારે છે એમ કહ્યું હતું ને? '**તેને જ અનુભવ્યા કરે અર્થાત્ તેના જ ધ્યાનમાં રહે,...**' એ ભગવાન આત્મા આનંદને જેણે ધ્યાનમાં ધ્યેયમાં લીધું છે, એમાં ને એમાં સ્થિર કરે. કામ બહુ આકરું પણ ફળ બહુ મોટું. ભાઈ! અંતરમાં વલણમાં દૃષ્ટિ તો પહેલી થઈ, હવે વિશેષ લીન થઈ રાગ અને બાહ્ય નિમિત્તો છૂટી ગયા અને વસ્તુમાં લીન થતાં અતીન્દ્રિય આનંદનો મુનિઓને, સંતોને અતીન્દ્રિય આનંદના ઉભરા આવે. દુઃખી નથી. દુનિયા એમ લે કે આ અરરર..ર..! આ જંગલમાં આ એકલા. તૃષા લાગી હશે, ગરમી પડતી હશે, સવારમાં આને ચા જોવે. એને ચા ક્યાં મળતી હશે? શેઠી! દુઃખી હશે કે નહિ? અહીં તો સવારે ઉઠે અને પાછી ઊની ઊની ચા જોવે, લ્યો. છએ ઉઠે તો સવા છએ જોઈએ. આ (મુનિરાજ) તો બેઠા છે. ક્યારે ખાશે? ક્યારે પીશે? આ સવાર પડી ગઈ. સુખી હશે? બાપુ! એ આનંદના પીણા પીવે છે એ. સમજાણું કાંઈ?

કહે છે ને? '**પોતાના સ્વરૂપમાં એકાગ્ર થઈ...**' જાય છે. અનુભવ્યા કરે છે. આત્માના આનંદના પીણા સુધારસને પીવે છે. સમજાણું કાંઈ? ઓલા દૂધના ઉકાળા નહિ. સવારમાં ઉઠીને ઉકાળો જોઈતો હોયને એને. અરે..! મુનિ ઉઠ્યા હશે, સવારનો ટાઈમ થઈ ગયો હશે. અત્યારે ભરે છે ને સવારમાં જાય ત્યારે. જુઓને! ચા ને શું કહેવાય? પાતરા ભરીને તૈયાર રાખે. અધમણ-બે મણ રાખતા હશે. અમદાવાદમાં રાખે છે ને ક્યાંક? આહાહા..! અરે..! એ તે કાંઈ માર્ગ છે? બાપા! ભાઈ!

મુમુક્ષુ :- પંચમકાળમાં તો એવો જ હોય.

ઉત્તર :- પંચમકાળ હોય કે.. ઓલા વળી કહે ચોથા કાળના સાધુ નથી એમ કરીને... પણ ચોથા અને પાંચમામાં સાધુમાં ફેર હોય? એ તો અંદર કોઈ નિર્મળતાની પર્યાયમાં ફેર (હોય). વસ્તુમાં કાંઈ ફેર હોય? ચોથા આરામાં સુખડી થાતી અને પાંચમામાં સુખડી થાય

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એમાં ફેર હશે? ચોથા આરામાં લોટ, ગોળ અને ઘીની થાતી અને પાંચમા આરામાં શેની થતી હશે? લોટ આવ્યો કે નહિ? ક્યાં ગયો? એય..! તારાચંદજી! સુખડી સમજો છો સુખડી? શું કહે છે? પકવાન. આ આવ્યો બીજો મારવાડી કહે છે. એમ કે ચોથા આરામાં હોય કે પાંચમા આરામાં હોય પણ કાંઈક પકવાન થાય પકવાન એ તો ઘી, લોટ ને સાકરનો થાય કે નહિ? કે સાકરને ઠેકાણે ધૂળનો થાય? ઘીને ઠેકાણે પેશાબનો થાતો હશે? લોટને ઠેકાણે ગારાનો? એય..! નહિ? ચોથા આરાના અને પાંચમા આરાના સાધુમાં ફેર હશે અંદર દર્શનજ્ઞાનચારિત્રમાં? એ ત્રણ એટલે દર્શનજ્ઞાનચારિત્ર એમ કહે છે. થોડો જરી.. નબળાઈ સાધારણ... ગુણસ્થાન એનું જે દર્શન, જ્ઞાન અને ચારિત્ર ત્રણ. ઘી, ગોળ અને લોટ સમજ્યાને? ત્રણ હોય તો સુખડી થાય. નહિતર સુખડી થાય નહિ. સમજાણું કાંઈ?

હવે ગરીબ માણસ હોય કો'ક ઘી ન નાખે. એવું કરે છે. એવું સાંભળ્યું છે કે તેલ નાખે. તેલનો શિરો કરે. પણ તેલ જોવે કે નહિ? કે પાણી જોવે? એમ આત્મામાં ચોથે આરે હોય કે પાંચમે આરે. ભગવાન આત્મા પરમેશ્વર તીર્થંકરદેવ કેવળજ્ઞાનીએ જોયો એ આનંદમૂર્તિ છે તેની પ્રતીત, તેનું જ્ઞાન અને તેમાં રમણતા એ ત્રણેય ચોથે આરે, પાંચમે બધે એક જ હોય. સમજાણું કાંઈ? જેના દર્શન દુર્લભ થઈ પડ્યા. કેવળજ્ઞાનીના વિરહ. આ મુનિઓના વિરહ પડી ગયા. સમજાણું કાંઈ?

કહે છે, પોતાને અનુભવ્યા જ કરે. તેના ધ્યાનમાં, આનંદમાં-આનંદમાં લહેર કરે. સમજાણું કાંઈ? પહેલી દૃષ્ટિમાં આનંદ આવ્યો હતો, થોડો સ્વાદ લીધો હતો. એમાં વધારે સ્વાદમાં પડ્યા છે એને સાધુ કહેવામાં આવે એમ કહે છે. જેને બાહ્ય અને અભ્યંતર પરિગ્રહ છૂટી ગયો છે. તદ્દન નગ્ન બાહ્યમાં જંગલમાં હોય છે. જુઓને! આ મુનિઓ.

'**તે જીવ આત્માને ધ્યાવાથી...**' લ્યો! એવો આત્મા આત્માનું ધ્યાન અને આત્માનો અનુભવ કરવાથી '**દર્શનજ્ઞાનમય થયો થકો...**' થયું શું કહે છે? કે દર્શનજ્ઞાનમય પરિણતિ એની નિર્મળ થઈ '**અને પરદ્રવ્યમયપણાને ઓળંગી ગયો થકો...**' રાગ અને નિમિત્તમાંથી ખસી ગયો થકો '**અલ્પ કાળમાં સમસ્ત કર્મથી મુક્ત થાય છે.**' તે અલ્પ કાળમાં કેવળજ્ઞાન પામીને પરમાત્મા થાય છે. લ્યો, અહીં તો પહેલેથી છેક સુધી સંવર.. દુનિયા સંવર કહે છે એ નહિ, ભગવાન કહે છે એની વાત છે.

અહીં દુનિયામાં તો એને ઘરે રહ્યા. પાંચ આસ્રવ પચ્ચખાણ.. પણ શું હિંસા, જૂઠું, ચોરી, વિષય. પણ પાંચ આસ્રવમાં મિથ્યાત્વ પહેલો આસ્રવ છે એનું કાંઈ કર્યું? પહેલું બંધનું કારણ તો મિથ્યાત્વ છે અને એ મિથ્યાત્વના મૂળ કારણે શુભાશુભ યોગ ઉત્પન્ન થાય છે. એને છેદ્યા વિના સંવર થાય ક્યાંથી? સમજાણું કાંઈ? આવ્યું હતું, નહિ? પરમાત્મ પ્રકાશમાં

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

આવ્યું હતું એક અધિકારમાં. મિથ્યાત્વ અવ્રત, પ્રમાદ, કષાય, યોગ એક સમયમાં પાંચ છે એના રહિત દૃષ્ટિ કરે. એક સમયમાં, હોં! આવ્યું હતું ને એક ગાથામાં. પરમાત્મપ્રકાશ. કહો, સમજાણું? રાજકોટ આવ્યું હતું.

મિથ્યાભ્રાંતિ, અવ્રત, પ્રમાદ, કષાય અને યોગ. એ પાંચેયની એક સમયની પર્યાય છે. એને વસ્તુની દૃષ્ટિ કરીને તેનો અભાવ કરે છે. દૃષ્ટિમાં એ પાંચેય રહેતા નથી. સમજાણું કાંઈ? પહેલી ચોટે પાંચે રહેતા નથી. પછી અસ્થિરતા થોડી રહે. પણ જ્યાં દૃષ્ટિ પડી છે તેમાં એ નથી. સમજાણું કાંઈ? ભારે ઝીણી વાતું, ભાઈ! બાહ્ય ત્યાગ કરવો.. બાહ્ય ત્યાગ કરવો લ્યો. આવ્યું છે. વીતરાગનો માર્ગ બાહ્ય ત્યાગ છે. બાહ્ય ત્યાગ નહિ પણ ત્યાગ લખ્યું છે, હોં એણે. એક પત્ર આવ્યો છે ખાનગી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ના, એમ શબ્દ ન આવે. વીતરાગનો માર્ગ ત્યાગ ઉપર મહત્વ છે. એ પછી ... એક કાગળ આવ્યો છે, ભલામણનો. કહો, સમજાણું કાંઈ? ઈ કહે. વીતરાગનો માર્ગ ત્યાગની ઉપર મહત્તા છે. માટે હવે ઉપદેશ બંધ કરો અને નિવૃત્તિ લ્યો. નહિતર ઉપદેશ બંધ કરો. એ તો ઘણાં પ્રકાર માણસના હોય છે. ઠીક લાગે એમ કહે. અતંરદેશી પત્ર આવ્યો હતો. અંતરદેશી કહેવાય ને? શું કહેવાય? થોડું લખાણ સાત આઠ લીટી.

કહે છે કે આહાહા..! અરે..! ત્યાગ તો મિથ્યાત્વ, અવ્રત, કષાય, પ્રમાદનો ત્યાગ કરવો છે કે બહારનો ત્યાગ કરવો છે? અહીં તો કહે છે કે જ્યાં મિથ્યાત્વનો ત્યાગ થઈને સ્વરૂપની દૃષ્ટિ થઈ પછી સ્વરૂપમાં લીનતા થતાં અવ્રત, પ્રમાદ, કષાયનો ત્યાગ થાય. ત્યાગ થતાં એના નિમિત્તો બાહ્યના જે હતા એ એને રહેતા નથી. એ નગ્ન દિગંબર થઈ જાય છે. સમજાણું? એ અલ્પ કાળમાં મુનિ પોતાના સ્વરૂપમાં લીન થયો છે, અલ્પ કાળમાં મુક્તિને પામશે. કારણ કે મુક્તિનો ઉપાય તો અંદર હતો. અને ઉપાયનું કારણ તે અંદર વસ્તુ છે. એમાં લીન થયા થકા કેવળજ્ઞાનને પામશે.

‘**હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :-**’ ઓલી કોર પાને છે આમાં.

કળશ છે કળશ-૧૨૮.

**निजमहिमरतानां भेदविज्ञानशक्त्या**
**भवति नियतमेषां शुद्धतत्त्वोपलम्भः।**
**अचलितमखिलान्यद्रव्यदूरेस्थितानां**
**भवति सति च तस्मिन्नक्षयः कर्ममोक्षः।।१२८।।**

આહાહા..!

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


'**શ્લોકાર્થ :- જેઓ ભેદવિજ્ઞાનની શક્તિ વડે નિજ (સ્વરૂપમાં) મહિમામાં લીન રહે છે...**' જુઓ! ભાષા. એ ગાથાનો સાર છે, હોં! મૂળ તો. કીધી એનો. જે ગાથાઓ કીધી ને ત્રણ? એનો આ કળશ છે. ભગવાન આત્મા જે પુણ્ય-પાપ અને પરપદાર્થની મહિમા કરે છે, જેને અંતરમાં પુણ્ય-પાપની અને પરની મહિમા છે તે મિથ્યાત્વભાવ છે. સમજાણું કાંઈ? એક પાંચ-દસ લાખ રૂપિયા મળે ત્યાં.. આહાહા..! (થઈ જાય). એને તો આહા..! થાય પણ બીજાને થઈ જાય.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ જ કહે છે. મહિમા આવે એ મૂઢ છે. એમ કહે છે અહીં.

મુમુક્ષુ :- ભલે મૂઢ હોય પણ પૈસા તો આવે ને.

ઉત્તર :- આવ્યા. કે દિ' એની પાસે આવતા હતા? મમતા છે એની પાસે તો. આહાહા..!

ભગવાન આત્મા અનંત ચૈતન્ય રત્નાકરથી ભરેલો ભગવાન વસ્તુ છે. એની મહિમા છોડીને જેણે.. અહીં ભાષા એવી લીધી જુઓ! કે જેને પરવસ્તુના મહિમાનો ભાવ આવે છે એવો શુભાશુભભાવ, કહે છે કે એને છોડ, મહિમા છોડ, મહિમા અંદરમાં છે. આહાહા..! '**निजमहिमरतानां**' છે ને? '**रतानां**' એટલે લીન. ભગવાન આત્મા..! ભેદવિજ્ઞાનનો અર્થ કે પરની મહિમાના ભાવને છોડી દઈ, ક્યાંય પણ પરની આમ દયા પળી પણ આખી મહિમા બધો મિથ્યાત્વનો મહિમા છે. સમજાણું કાંઈ? આ શરીરની ક્રિયા કાંઈક ઠીક થઈ. એ બધો મહિમા પરદ્રવ્યનો જેની દૃષ્ટિમાં છે એ મિથ્યાત્વને જ પ્રશંસે છે. સમજાણું કાંઈ? આહાહા..! બાહ્ય વસ્તુ કાંઈક છૂટી અને એની અંતરમાં દૃષ્ટિનો ત્યાગ નથી હજી મિથ્યાત્વનો. બાહ્યની છૂટી ત્યારે એને માને કે આહાહા..! ભારે! એવી જેને મહિમા આવે છે એ પણ મિથ્યાદૃષ્ટિ છે એમ કહે છે. બાહ્ય પદાર્થના ભાવ-અભાવ ઉપર એની મહિમા છે. સમજાણું કાંઈ?

'**ભેદવિજ્ઞાનની શક્તિ વડે...**' એટલે પરના મહિમાથી, પ્રેમથી છૂટી '**નિજ (સ્વરૂપના) મહિમામાં લીન રહે છે...**' ભગવાન આત્મા અંતરમાં અણીન્દ્રિય આનંદમૂર્તિમાં મહિમા કરીને લીન રહે છે. જોયું! મહિમામાં લીન એટલે એમાં લીન રહે છે, એમ. મહિમા કરીને. સમજાણું કાંઈ? જેની વિશેષતા ભાસે ત્યાં વીર્ય ટકી જાય. કહે છે કે રાગ અને પુણ્યથી ખસી અને નિજ પોતાની મહિમા આવી ત્યાં દૃષ્ટિ ત્યાં ટકી જાય છે. ત્યાં લીન થાય છે એને સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાનરૂપી સંવરની ઉત્પત્તિ કહેવામાં આવે છે. આહાહા..! ભાઈ! કો'ક દિ' સાંભળે. ઓલી વાર્તા સાંભળી હોય એમાં આ સાંભળવું હોય એને તો એવું લાગે જાણે કે શું? બાપા! તારા ઘરની વાત છે ભાઈ! એ ભૂલ્યો કેમ અને ભગવાનને સંભારાય કેમ? એની વાત છે. લે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

'**તેમને નિયમથી (ચોક્કસ) શુદ્ધ તત્ત્વની ઉપલબ્ધિ થાય છે;...**' ભાષા જુઓ! ટૂંકી કરી, બહુ ટૂંકી. ભેદવિજ્ઞાનનો અર્થ કે પરની મહિમા છૂટીને નિજ મહિમા સ્વરૂપમાં જે લીન રહે છે તેમને ચોક્કસ શુદ્ધ આત્માની.. શુદ્ધ તત્ત્વ એટલે આનંદ સ્વરૂપ આદિની ઉપલબ્ધિ એટલે આનંદની પ્રાપ્તિ થાય છે. કહો, સમજાણું આમાં? જ્યાં મહિમા કરવી જોઈએ ત્યાં મહિમા કરતો નથી. કંઈક ભાષા એવી, કંઈક વાણી નીકળે, શબ્દ નીકળે, આ નીકળે (એટલે) ઓહોહો..! (થઈ જાય). શું છે પણ? ઓહોહો..! એ તો જડના બધા ખેલ છે, બાપા! કહો, સમજાણું કાંઈ? શરીર કાંઈક સુંદર હોય, ચાલ કાંઈક હાથી જેવી મલપતી હોય, શરીરના વળાંક ચામડાના સરખા હોય આમ. એવા વળાંક સરખા હોય કે જેમાં કોઈ વીંટી-બીટી ખોવાઈ ગઈ હોય તો અંદર ગરીને જાય નહિ. ધોળામાં તો ખબર ન પડે એવા પેટના ફાંદા. ભારે બાદશાહી! ભારે પુણ્યશાળી! એમ કહે એને.

મુમુક્ષુ :- પણ પુણ્યશાળી કહે ને.

ઉત્તર :- પણ મહિમા શેની? પુણ્યશાળો શેનો? એની મહિમા કરે. સમજાણું કાંઈ? બહુ પુણ્યશાળી. જુઓ! ગણપતિ જેવું શરીર છે. ગણપતિ સમજો છો? શેઠી! ગણપતિ નથી હોતા? હાથીની સૂંઢ હોય છે ને એને. નાનું હોય આવડું હોય શરીર. .. .. બહુ નાની ઉંમરનો હશે, આઠ વર્ષનો, દસ વર્ષનો હશે. રાજકોટમાં અપાસરાની સામે સોનીના મકાન છે ને. આઠ વર્ષનો હોં! જોયો હતો? બતાવ્યો હતો. કો'કનું હશે બાવાનો દીકરો. પણ એવો .. ગણપતિ જોઈ લ્યો. આમ લાકડી.. કોઈ .. બાવાજી! ક્યાં છે? મને કંઈ ખબર નથી. નાનો છોકરો પછી શીખવેલું બધું. આહાહા..! પણ અંદર મિથ્યા મૂઢ છે. વસ્તુની તો ખબર ન મળે. બાહ્ય ત્યાગ ને આહાહા..! લંગોટી પહેરેલી અને બરાબર બેઠો સોનીની દુકાને. અપાસરા સામે છે. જુઓ! આ છોકરો.

ભાઈ! એના બહારના શરીર ને વાણી અને બહારમાં પૈસાના ઠાઠ ને આ શું કહેવાય બધું તમારે? ઘરવખરી-ફર્નિચર. ઈલેક્ટ્રિસિટી. જુઓને! કેટલું ગોઠવ્યું અહીં તો. આ મકાનમાં ત્રણ હજાર રૂપિયા નાખીને. જુઓ આમ. નાખી છે ને ઈલેક્ટ્રિક આમાં? મફતમાં. નહિ? આ મકાનમાં. .. ઈલેક્ટ્રિક અત્યારે શોભા લાગે સારી. આમ દાબે તો ફડાક. પણ અહીં દાબે ત્યાં ફડાક જ પ્રગટે. સમજાણું કાંઈ? ઓલાને આમ એક દાબે તો હજાર ગણું આમ થઈ જાય. આહાહા..! ભારે સંચો તૈયાર કર્યો. એય..! હિમંતભાઈ! બધુ આવે એમાં.

આ તો ભગવાન એવો છે અંદર આનંદના સ્વભાવથી ભરેલો એને એકાગ્રતાનો પેટ મારે અંદર, અંદરમાંથી ઝરણા શાંતિના ઝરે એવો ભગવાન આત્મા છે. એને દીવા ઝળહળ જ્યોતિ ચૈતન્યની થાય પર્યાયમાં એને લે ને. આ હોળીનું શું કામ છે તારે? સમજાણું કાંઈ?

ભોયરામાં અંધારામાં બેઠા હોય મુનિ ધ્યાનમાં. ઝળહળ જ્યોતિ કેવળજ્ઞાન પ્રગટે. અંધારામાં પ્રગટતું હશે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ દેખાય નહિ ને અંધારામાં? પણ કયો દેખવો છે? ત્યાં અધારું દેખવું છે કે આ દેખવો છે? નજર કરીને ચૈતન્યમાં નજરને થંભાવે. સત્ ધ્રુવમાં નજરને થંભાવે. થાંભીને જ્યાં સ્થિર થાય, કહે છે, કેવળજ્ઞાન (પ્રગટે). આહાહા..! સમજાણું કાંઈ? આઠ વર્ષના છોકરાઓ કેવળ પામ્યા છે. સાંભળ્યું છે? આઠ વર્ષના છોકરાને કેવળજ્ઞાન થાય? અહીં તો આઠ વર્ષના છોકરાને ભાન પણ નહિ હોય, કાંઈ નામ પણ સાંભળતા ન હોય. એ આઠ વર્ષના છોકરા કેવળજ્ઞાન પામે. મુક્તિએ જાય. એ આઠ વર્ષ કેવા? સવા નવ મહિના પેટના સહિત. સવા સાત વર્ષ. જન્મ્યા પછી સવા સાત. અંદરના સવા નવ. આઠ વર્ષે કેવળ પામે. કહો, સમજાણું આમાં? આહાહા..! સિદ્ધ ભગવાન. ચક્રવર્તી કહે કે ણમો સિદ્ધાણં. ચક્રવર્તી એને કહે કે ણમો સિદ્ધાણં. બાળક હતો ને આઠ વર્ષનો? સમજાણું? અંતર્મુહૂર્તમાં કેવળ પામે. મોક્ષ જાય. આહાહા..! અનાદિ સંસાર શાંત. નિગોદમાંથી કોઈ દિ' નીકળ્યો ન હોય અને અનાદિ પહેલો જ માણસ થાય. આઠ વર્ષની ઉંમરે ભગવાન પાસે સાંભળવા જાય. સાંભળીને ત્યાં ને ત્યાં સમ્યગ્દર્શન, ત્યાં ને ત્યાં મુનિ અને અંતર્મુહૂર્તમાં કેવળ. કહો, સમજાણું કાંઈ? આહાહા..!

કહે છે, '**निजमहिमरतानां**' સમજાણું? પોતાના મહિમામાં લીન થઈ ગયો. બાળપણ .. છે પણ.. સમજાણું? એ એક વાત આમાં આવે છે. અતિમુક્ત કુમાર છે ને નાનો. નાની ઉંમરમાં દીક્ષા લે છે. પછી એની મા કહે છે, દીકરા! તને પણ આટલી આઠ વર્ષની ઉંમરમાં તને શું ખબર પડે? દીક્ષા શું કહેવાય? માતા! એ તો હું જાણું છું, પણ એક વાત છે. જાણું છું તે નથી જાણતો, નથી જાણું તે જાણું છું. બે બોલ કહ્યા. એવું આવે છે શ્વેતાંબરમાં. માતા! તું કહે છો કે તું બાળક છો ને. આ શું તું દીક્ષા જાણ? ચારિત્રલીન શું તને ખબર પડે બાપા? મા! હું નથી જાણતો કે કયે સમયે દેહ છૂટશે. પણ નક્કી છે કે આ એકવાર દેહ છૂટવાનો છે. નથી જાણતો તેને જાણું છું. સાંભળ્યું છે કે નહિ? એય..! ન્યાલચંદભાઈ! ભૂલી ગયા? તમારે તો અપાસરામાં બહુ ચાલતું હશે. એમાં આવે છે, બોલ આવે છે એમાં. એમાં આવે છે, હોં! અમારે તો એકે એક વાત છંછેડીને ચર્ચા થઈ ગયેલી છે ને. એ કાંઈ આવી વાત કાંઈક રહી જાય. ઘણા વર્ષ થઈ ગયા એટલે એમ કરીને ભૂલાવે.

જાણું છું પણ નથી જાણતો. બા! માતા! શું જાણું છું? કે મારો આત્મા આ દેહથી ભિન્ન છે. પણ તે ભિન્ન કયે સમયે પડશે એ હું અત્યારે જાણતો નથી. કેવળજ્ઞાન. સમજ્યાને?

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એવી વાત છે. વાત તો સાધારણ છે. વાત તો અમે લડાવતા થોડીક અંદરથી. જે વાત આવે એને લડાવતા નહિ એનું રૂપ બરાબર આપીએ એને. કોઈ કહે, ..ને લડાવે છે. કો'ક કહેતું હતું. શાંતિભાઈને કહે. શાંતિભાઈ ક્યાં ગયા? ત્યાં બેઠા છે. .. અહીંયાં બેઠા છે. હિંસાની વાત લડાવે ઓલા આવી હશે ને આથણાની? આથણાની આવી હતી ને? એ લડાવી હતી ને. એમ કહે. એય..! ઓલા .. શું કહેવાય? ડામચીયો. ડામચીયો કહેવાય?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. એ. હેઠે ઓલું પડ્યું હોય.

મુમુક્ષુ :- ડામચીયો

ઉત્તર :- હા. એ ડામચીયો. હેઠે હોય ને ઉપર ગાદલા નાખે. ચાર બાજુ ચાર લાકડા હોય અને હેઠે ખાલી જગ્યા હોય તો એમાં એ આવે અથાણાની (બરણી). એટલે જગ્યા ખાલી ન જાય અને માથે પડે નહિ, ઓલું ફૂટે પણ નહિ, ગોદડા-બોદડા માથે હોય ને. એવી શૈલી હતી પહેલી. એય..! પ્રવિણભાઈ! એવી હતી. હવે તો તમારા મકાન બધા થઈ ગયા એવા રૂપાળા થઈ ગયા. પણ એકલા કંથવા હોય હોં! કંથવા.

એવું અભિપ્રાય જેનું મૂળિયું છે એવા મિથ્યાત્વ અજ્ઞાન અવિરતી રૂપ અધ્યવસાયો વિદ્યમાન છે. એને ચારેયમાં એક્તાબુદ્ધિની વિદ્યમાનતા છે. શું કીધું? જે '**જીવને, આત્મા અને કર્મના એકપણાનો અધ્યાસ (અભિપ્રાય)...**' છે. કારણ કે વસ્તુ પોતે ભિન્ન છે એનું જ્યાં લક્ષ નથી. એટલે કર્મ ઉપર જ જેનું લક્ષ અનાદિથી છે. એ બેના એકપણાનો જેને અભિપ્રાય જેમનું મૂળ. બે પદાર્થ ભિન્નના એકત્વના અભિપ્રાય '**જેમનું મૂળ એવા મિથ્યાત્વ...**' મિથ્યાત્વ અધ્યવસાય, અજ્ઞાન અધ્યવસાય, અવિરતી અધ્યવસાય, યોગ.. એ અધ્યવસાનો એટલે એ પરિણામમાં એકત્વબુદ્ધિનો ભાવ જેને હયાતી ધરાવે છે, વિદ્યમાન છે. '**તેઓ રાગદ્વેષમોહ સ્વરૂપ આસ્રવભાવના કારણ છે;...**' એ અધ્યવસાયો. સમજાણું? ત્રણ બોલની અટપટી વાત લીધી છે. ભગવાન આત્મા અને કર્મ બે જુદી ચીજ છે. બેનો એક(પણાનો) જેનો અભિપ્રાય છે એ જેનું મૂળ છે. એ એકપણું બે છે એવો જે અભિપ્રાય જેનું મૂળ, એવા જે મિથ્યાત્વ, અવ્રત, અજ્ઞાન, પ્રમાદ, યોગ એવા જે અધ્યવસાય છે. બેની એક્તાનો અધ્યવસાય છે એને જ મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય, યોગનો એકત્વનો અધ્યવસાય છે. શું કીધું સમજાણું કાંઈ?

જેને આત્મા સત્ અસ્તિત્વ અનંત ગુણનો પિંડ એવો છે એના ઉપર અસ્તિત્વની ખબર નથી. એથી એનું અસ્તિત્વ, એનું હોવાપણું હું અને આ કર્મ બે (એક છીએ), એમ પર ઉપર લક્ષ જતાં બે થઈને એક છીએ એવો જેનો અભિપ્રાય છે એ મૂળ. એવો અભિપ્રાય

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


જેનું મૂળ. એને કારણે મિથ્યાત્વ, અવ્રતનો અધ્યવસાય ઉત્પન્ન થાય છે. એ તો ચારેયની એક્તા કીધી. સમજાણું કાંઈ? જુઓ! મિથ્યાત્વ, અવ્રત, અજ્ઞાન, અવિરતી સમજ્યાને? ઓલો પ્રમાદ-કષાય અહીં ન નાખ્યા. અહીં અજ્ઞાન નાખ્યું. પણ ઓલું અજ્ઞાન નાખ્યું એમ. ઓલાને બદલે મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય અને યોગ. એને ઠેકાણે મિથ્યાત્વ અજ્ઞાન. એટલે બે લીધા ને. ઓલો અવિરતિ અને યોગ. અવિરતી અસ્થિરતામાં લઈ લીધી અને યોગ એ જુદો કંપન્ન છે ને. એમ ચાર લીધા. મિથ્યાત્વ, અજ્ઞાન, અવિરતિ એમ લીધું ત્રણ. એટલે અચારિત્ર. એમ. મિથ્યાત્વ, અજ્ઞાન અને અચારિત્ર. આમ સમ્યગ્દર્શન-જ્ઞાન અને ચારિત્ર એની સામે આમ. પછી યોગ. છે ને કંપન્ન સ્વરૂપ? એને ભિન્ન બતાવ્યું છે. એના અધ્યવસાયો વિદ્યમાન છે.

એટલે કહે છે કે, ભગવાન આત્મા હોવાપણે જે રીતે છે તેની દ્રવ્યદૃષ્ટિ વસ્તુની નથી. એથી તેની વર્તમાન પર્યાયમાં પર ઉપર લક્ષમાં કર્મ અને આત્મા બે એક છે, એવો જેનો અભિપ્રાય એ અભિપ્રાય જેનું મૂળ એવા મિથ્યાત્વ, અજ્ઞાન, અવ્રત અને યોગ એમાં એકત્વબુદ્ધિ એને વર્તે છે. ભારે ઝીણું. નામેય આવડતા ન હોય સરખા. સમજાણું કાંઈ આમાં? ક્યાં ગયો તમારો જ્યોતિ નથી? ગયો હશે.

આ વસ્તુ છે કે નહિ બે? સાંભળો. એક આત્મા છે અને એક કર્મ છે. હવે આત્મા જે રીતે છે એ રીતે લક્ષમાં આવ્યો નથી, એથી એની વર્તમાન અવસ્થામાં ક્યાંક બીજામાં હું છું અથવા બીજો તે હું છું એમ એની માન્યતા છે. આત્મા અને કર્મ બે એકનો અભિપ્રાય જેને છે એ અભિપ્રાય જેનું મૂળ છે એવા મિથ્યાત્વ, અજ્ઞાન, અવ્રત અને યોગ એ ચારની એક્તાબુદ્ધિ એને અધ્યવસાય વર્તે છે. સમજાણું કાંઈ? ભારે ભાઈ, આ ધર્મકથા આકરી.

એક જણો કહે કે ભાઈ! ઉપદેશ બંધ કરો હવે. એમ કહે છે. અંદર બેસતા પણ વાંચન તો કરે કે નહિ? કે એમ ને એમ જાતો હશે બધો વખત? એ પછી વાત. ભક્તિમાંથી આવ્યા પછી કાગળ વંચાવશું. આ તો નથી આવતા ને એને પહેલા વંચાવી દીધું. એ બિચારા ક્યાં આ વાતું કરે એમાં કેટલાય ખોટા પડે. અને કેટલા.. ભાઈ! આ તો સાચી વાત છે. હવે સાંભળને ભાઈ! તને ખબર નથી. આહાહા..! અને તે એનો કાળ હોય ત્યારે ઉપદેશ નીકળે છે. વિકલ્પ હોય છે. આહાહા..! હવે એને આ બાહ્યનો ત્યાગ એની મહિમા જગતને. અને એ ત્યાગ તે કાંઈ બાહ્યના નિમિત્તપણાનો રાગ છૂટે એ તો સ્વરૂપનો આશ્રય કરે ત્યારે છૂટે. એ આશ્રયની પોતાની યોગ્યતા પોતાને ખબર પડે કે બીજાને ખબર પડે એની? સમજાણું કાંઈ? બાહ્ય ત્યાગ કરીને બેઠા તો, આહાહા..! ભારે! આ છોડ્યું... આ છોડ્યું... આ છોડ્યું... આ ખપે, ન ખપે, તોફાન કરે ત્યારે કહે હા, ત્યાગી થયા. એય..! આ ત્યાગમાં પાછો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એમ કહે નહિ ખપે. ચામડાવાળો છે તમારો હાથ. ઓહો..! ભારે ત્યાગી લાગે છે. ચામડાનું ઓલું છે. શું કહેવાય એ? પટ્ટો. ચામડાનો પટ્ટો છે. બાંધ્યો છે? કાઢી નાખો. ભારે કરી. તને ન ગમે તો ચાલ્યો જા. એય.. શેઠી! ...

ભાઈ! આ તો સહજ માર્ગ છે. વસ્તુ ચૈતન્યના સ્વભાવનું અંતર્મુખ થઈને ભાન થાય પછી સહજપણે સ્વભાવમાં સ્થિર થાય ત્યારે રાગ ઘટે ત્યારે એના નિમિત્તો છોડ્યા એમ કહેવામાં આવે છે. આવી વસ્તુની મર્યાદા છે. એ સિવાય મર્યાદા બીજી કરવા જાય તો એને લપ ગરી જશે અધ્યવસાયની, એકત્વબુદ્ધિની. એમ કહે છે, જુઓ! સમજાણું કાંઈ?

એ મિથ્યાત્વ, અજ્ઞાન, અવિરતિ, યોગની જે એકત્વબુદ્ધિ તેઓ જ રાગદ્વેષમોહસ્વરૂપ આસ્રવભાવના કારણ છે. એને કારણે મિથ્યાત્વ અને રાગદ્વેષ ઉત્પન્ન થાય છે. આ તો એકત્વ ઉપાડ્યું પાછું ભાઈએ જોર આપ્યું ત્રણેયમાં. વસ્તુ આત્મા અને કર્મ બેની એકત્વબુદ્ધિ છે એનું મૂળ. એને કારણે મિથ્યાત્વ, અજ્ઞાન, અવ્રત અને યોગમાં એકત્વબુદ્ધિ ઉભી થાય છે. અને એ જ રાગદ્વેષમોહનું કારણ જે રાગદ્વેષમોહસ્વરૂપ આસ્રવભાવ તો એ છે. એનું એ કારણ છે. સમજાણું કાંઈ? અને એ આસ્રવભાવ કર્મનું કારણ છે. એ આસ્રવ થયો એટલે કર્મ, અને કર્મ-નોકર્મ. કર્મ છે એટલે શરીર થયા વિના રહેશે નહિ. અને નોકર્મ સંસારનું કારણ છે. શરીર થયું તો દૃષ્ટિ ત્યાં જશે તો રખડવાનું કારણ ઊભું છે. વિશેષ વાત કરશે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**અષાઢ સુદ ૪, મંગળવાર તા. ૧૧-૦૭-૧૯૬૭**
**ગાથા-૧૯૦ થી ૧૯૨, પ્રવચન-૨૭૩**

આ સમયસાર. ૧૯૦, ૧૯૧, ૧૯૨ ગાથા. એની ટીકા. સંવરનો અધિકાર છે ને. ભેદજ્ઞાન તે સંવર છે. પરની એક્તાબુદ્ધિ તે આસ્રવ છે. આત્મા શુદ્ધ સ્વભાવ એમાં પરની એક્તાબુદ્ધિ, કર્મ તે હું છું અથવા પરપદાર્થ તે હું છું. રાગાદિ હું છે એટલે કર્માદિ હું છું એવી એકત્વબુદ્ધિ એ જ આસ્રવ છે અને એ જ બંધનું કારણ છે. અને એનાથી ભિન્ન. સંવર છે ને? પરવસ્તુથી ભિન્ન, કર્મથી ભિન્ન આત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિ એવું ભેદજ્ઞાન, તેને અહીંયાં સંવર ઉત્પત્તિનું કારણ છે. એ કહે છે, જુઓ!

'**ટીકા :- પ્રથમ તો જીવને, આત્મા અને કર્મના એકપણાનો અધ્યાસ (અભિપ્રાય) જેમનું મૂળ છે...**' ભગવાન આત્મા પોતે પવિત્ર શુદ્ધ ધામ. એને ભૂલી અને કર્મ આદિ હું છું એવો જે એ પોતાના એક તત્ત્વની સાથે બીજા પદાર્થના એકપણાનો આશય, અભિપ્રાય, અધ્યાસ જેનું મૂળ છે. એકપણું. પરમાં એકપણું જેનું મૂળ. '**એવા મિથ્યાત્વ-અજ્ઞાન-અવિરતિ-યોગસ્વરૂપ અધ્યવસાનો વિદ્યમાન છે,...**' એને જ મિથ્યાત્વના, અવ્રતના, અજ્ઞાનના યોગ સ્વરૂપની એક્તાબુદ્ધિનો અભિપ્રાય અધ્યવસાન હોય છે. શું કીધું સમજાણું?

જીવને એટલું. '**આત્મા અને કર્મના એકપણાનો...**' એટલે જીવ અને કર્મના એકપણાનો અભિપ્રાય, આશય જેમનું મૂળ છે. કોનું? '**મિથ્યાત્વ-અજ્ઞાન-અવિરતિ-યોગસ્વરૂપ...**' કારણ કે ત્રણ છે એ કષાયભાવમાં નાખ્યું અજ્ઞાન આદિમાં અને એક યોગ સ્વરૂપ. એ ચારની એનામાં એક્તાબુદ્ધિ વર્તે છે. સમજાણું કાંઈ? આત્મા પરથી ભિન્ન પાડ્યા વિના પરમાં એકત્વબુદ્ધિ દ્વારા જ્યાં સુધી પરપણે, કર્મપણે હું છું એવી બુદ્ધિ છે, આશય છે ત્યાં સુધી તેને મિથ્યાત્વ, અજ્ઞાન, અવ્રત, યોગની એક્તાબુદ્ધિના અધ્યવસાય હયાતી ધરાવે છે. કહો, સમજાણું કાંઈ? એટલે એને હોય છે. એકપણું છે એટલે આવું એને થાય છે. એમ કહે છે મૂળ તો.

મુમુક્ષુ :- કર્મ તો ભાળતો નથી.

ઉત્તર :- ભાળતો નથી પણ આ બાજુ અસ્તિત્વ નથી એટલે આમ એણે માન્યું છે. ભાળતો ભલે નથી પણ એનો સ્વભાવ શુદ્ધ છે એને પરથી ભેદ પાડ્યો નથી એટલે પરથી એક છું એવું માને છે. ન્યાયથી એને (બેસવું જોઈએ). વસ્તુ જે છે ચૈતન્ય જ્યોત, એ કર્મ અને કર્મના નિમિત્તથી થતાં પરિણામ, એનાથી વસ્તુ રહિત છે. એમ ન માનતા એનાથી સહિત(માને) છે એમ મૂળ તો કહે છે. સમજાણું કાંઈ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

મૂળ વિષય છે આ. જ્યાં અંતરમાં વસ્તુ જે જ્ઞાયક ચૈતન્ય છે, એ રાગ અને કર્મથી ભિન્ન પડેલું તત્ત્વ છે. એવું ભેદજ્ઞાન થાય ત્યાં તેની પરની એકત્વબુદ્ધિ તૂટી અને સ્વમાં એક્તા થાય. જ્યાં સુધી સ્વમાં એક્તા નથી અને પરમાં એક્તા છે, એમ કહે છે, ત્યાં સુધી તેના અભિપ્રાયને કારણે મિથ્યાત્વ, અજ્ઞાન, અવ્રત અને યોગના એક્તાબુદ્ધિના અભિપ્રાય ચારેયમાં એને પડ્યા છે. ઝીણું બહુ. કહો, શેઠી! સમજાય છે કે નહિ? દિપચંદજી!

ભગવાન આત્મા, એને અને કર્મ નામ બીજી એક ચીજ છે. એને જો જુદું પડેલું હોય તો તો બીજી ચીજથી જુદો છું તો તો ભેદજ્ઞાન થયું. રાગ અને કર્મ એવી ચીજથી હું જુદો છું તો તો ભેદજ્ઞાન થયું, ભેદજ્ઞાન થયું એ સંવર થયો, સંવર થયો એટલે સમ્યગ્દર્શન અને જ્ઞાન થયું. પણ એ પરથી ભિન્ન નથી એમ માન્યું એટલે પરથી એક છું એમ જ્યાં માન્યું છે. વસ્તુ આખી ચૈતન્ય સ્વરૂપ હોવા છતાં આ વસ્તુપણે હું છું એમ નહિ પણ હું આ કર્મપણે પણ છું. કર્મના નિમિત્તે થતાં વિકાર (સાથે) એકપણાની જ્યાં બુદ્ધિ વર્તે છે, એકપણાની બુદ્ધિ જેનું મૂળ છે એને લઈને ચાર પ્રકારના એકપણાના અધ્યવસાયો ત્યાં થાય છે. નવનીતભાઈ! બહુ ઝીણું પણ. મુંબઈમાં... મલૂકચંદભાઈ! આહાહા..!

મુમુક્ષુ :- અમદાવાદમાં તો કહેતા હતા ને.

ઉત્તર :- અમદાવાદમાં ક્યાં અમદાવાદમાં. આ સંવર પહેલો અધિકાર ચાલ્યો. આટલું બધું કાંઈ ચાલે નહિ. એ તો પહેલી ત્રણ ગાથામાં જ સાત વ્યાખ્યાન થઈ ગયા. ત્યાં તો નવું હોય. અહીં તો વિગતે આવે ને. વિસ્તારથી આવે ને. પહેલા ગાથા હતી ને ત્રણ. ત્રણમાં જ સાત વ્યાખ્યાન થઈ ગયા. સમજાણું કાંઈ? હિંમતનગર.. હિંમતનગર.

શું કહે છે? જુઓ! આમ ન્યાયથી એને ખ્યાલમાં વાત આવવી જોઈએ ને. આ આત્મા એક વસ્તુ છે-પદાર્થ, તો એ જ્ઞાન, દર્શન, આનંદ સહિત સ્વભાવવાળું તત્ત્વ છે. એવા તત્ત્વને એ રીતે ન માનતા જેની દૃષ્ટિ પર ઉપર છે, સ્વ ઉપર નથી. હું જ્ઞાન, દર્શન, આનંદરૂપ આત્મા છું એવી દૃષ્ટિ નથી. એથી એની દૃષ્ટિ પર ઉપર છે. પર્યાયબુદ્ધિમાં. એ કર્મ અને આત્માને એક છીએ અથવા રાગદ્વેષના પરિણામ અને હું આત્મા, બે એક છીએ એટલે એ બે એક થયા કર્મ અને એ. એવા કર્મ અને ભાવકર્મ વિકલ્પને લ્યો એ પણ વિકાર છે. તો વિકાર અને સ્વભાવ બે એકપણાનો જ્યાં અધ્યવસાય છે, અભિપ્રાય છે, એ તો અભિપ્રાય કહો કે અધ્યવસાય કહો, આશય છે, ત્યાં આગળ મિથ્યાત્વ-અજ્ઞાન-અવ્રત અને યોગ ત્રણ તો મૂળ વસ્તુ છે. અને યોગ. અને એમાં એકપણાનો અભિપ્રાય ઉભો છે. એમ કહે છે. પરના એકપણાની બુદ્ધિ છે તેમાં ચાર પ્રકારના એકપણાનો અભિપ્રાય ઉભો છે. એમ કહે છે. એકપણામાં જોયું.. આહાહા..!

**'જેમનું મૂળ છે એવાં મિથ્યાત્વ-અજ્ઞાન-અવિરતિ-યોગસ્વરૂપ અધ્યવસાનો વિદ્યમાન છે, તેઓ રાગદ્વેષમોહસ્વરૂપ આસ્રવભાવનાં કારણ છે;...'** એ પર સાથેનો એકત્વભાવ મિથ્યાત્વ સાથેનો, અવ્રત સાથેનો, અજ્ઞાન અને યોગ. એવો જે અધ્યવસાય એ રાગદ્વેષમોહસ્વરૂપ આસ્રવભાવ, એનું એ કારણ છે. એવી એક્તાબુદ્ધિ એ જ રાગદ્વેષમોહસ્વરૂપ આસ્રભાવનું કારણ છે. એને લઈને રાગ-દ્વેષ અને મોહ થાય છે. સમજાણું કાંઈ? **'તેઓ...'** એટલે કોણ? પરની સાથેના મિથ્યાત્વ, અવ્રત, અજ્ઞાન અને યોગના અધ્યવસાય એકત્વબુદ્ધિ એવો ભાવ. એવો રાગદ્વેષમોહસ્વરૂપ આસ્રવભાવ એનું તેઓ કારણ છે. એકત્વબુદ્ધિ તે રાગદ્વેષમોહનું કારણ છે. સમજાણું કાંઈ? ત્યાં રાગદ્વેષ અને મોહ ઉત્પન્ન થાય. વીતરાગતા ઉત્પન્ન થવી જોઈએ એને ઠેકાણે રાગદ્વેષમોહ ઉત્પન્ન થાય. પરની એકત્વબુદ્ધિ છે. આહાહા..!

**'આસ્રવભાવ કર્મનું કારણ છે;...'** એવો જે મિથ્યાત્વભાવ. મોહ છે ને મિથ્યાત્વ? રાગદ્વેષભાવ જ્યાં ઉત્પન્ન થયો એ આસ્રવભાવ બંધનનું કારણ છે, નવા કર્મનું એ કારણ છે. કહો, સમજાણું આમાં? **'કર્મ નોકર્મનું કારણ છે;...'** અને એ કર્મ શરીરને નિમિત્ત થાય શરીર આપવામાં. કર્મથી શરીર મળે. ભેદ પાડીને પર્યાય પ્રગટ કરે તો આત્મા મળે. સમજાણું કાંઈ? કર્મથી તો શરીર મળે. આત્મા પોતાના શુદ્ધ સ્વભાવની પરથી ભેદજ્ઞાન વિના, પરથી એકત્વ અભિપ્રાયને લઈને એનામાં મિથ્યાત્વ, અજ્ઞાન, અવ્રત અને યોગની એક્તાબુદ્ધિના અધ્યવસાયો હોય છે. અને તે જ રાગદ્વેષમોહ આસ્રવનું કારણ છે. અને તે આસ્રવ તે કર્મનું કારણ છે. તેનાથી કર્મ થાય છે. સમજાણું કાંઈ આમાં? અને એ કર્મ નોકર્મમાં શરીર આપે પછી. **'અને નોકર્મ સંસારનું કારણ છે.'** જાવ. પછી શરીર ઉપર લક્ષ રહ્યું અને શરીર મળ્યું ઈન્દ્રિયાદિ એનાથી વેપાર શરૂ થયો બધો, એ સંસારનું મિથ્યાત્વનું કારણ છે. એ રખડવાનું, ચાર ગતિમાં રખડવાનું શરીર કારણ છે એમ કહે છે. આત્મા કાંઈ કારણ નથી. સમજાણું કાંઈ?

**'માટે-સદાય આ આત્મા, આત્માને કર્મના એકપણાના અધ્યાસથી મિથ્યાત્વ-અજ્ઞાન-અવિરતિ-યોગમય આત્માને માને છે...'** જુઓ! પાછું એ આવ્યું. સમજાણું? **'માટે-સદાય આ આત્મા,...'** અનંત કાળથી આત્મા અને કર્મના એકપણાના અધ્યાસ, ટેવ અને અભિપ્રાયથી મિથ્યા ભ્રાંતિ, અજ્ઞાન, અવિરતિ, યોગમય એવો આત્મા છું એમ માને છે. સમજાણું કાંઈ? **'(અર્થાત્ મિથ્યાત્વાદિ અધ્યવસાન કરે છે);...'** એમ. યોગમય આત્માને માને એટલે એક્તાબુદ્ધિ ઉત્પન્ન કરે છે. બસ. સમજાણું કાંઈ? ઝીણું બહુ આવ્યું. નવનીતભાઈ! એય.. હિંમતભાઈ! શું છે આ? કેટલી પણ અટપટી નાખી ત્રણ-ચાર વાર આમ.. આમ... આમ...

હજી એક બોલ છે કે આત્મા અને પરમાં એક્તાબુદ્ધિ. એને કારણે મિથ્યાત્વ-અજ્ઞાન-અવિરતિ-યોગના અધ્યવસાયો એક્તાબુદ્ધિ એને કારણે વર્તે છે. એક્તાબુદ્ધિ તે રાગદ્વેષમોહનું કારણ છે અને રાગદ્વેષમોહ તે આસ્રવનું કારણ છે અને આસ્રવ તે કર્મનું કારણ છે, કર્મ તે નોકર્મનું કારણ છે અને નોકર્મ તે સંસારનું કારણ છે. કહો, સમજાણું આમાં? આ પૈસા મળશે ને ફલાણું મળશે એ અહીં નથી લીધું. એ વાતનું કામ નથી અહીં.

મુમુક્ષુ :- નોકર્મમાં આવી જાય.

ઉત્તર :- નોકર્મ નહિ. અહીં તો એક્તાબુદ્ધિને લઈને શરીર મળ્યું એને હવે લક્ષ બહારમાં ગયું. થઈ રહ્યું. આખું દ્રવ્ય ચૈતન્ય પડ્યું રહ્યું અને આ શરીર મળ્યું એને લઈને આ પાંચ ઇન્દ્રિયથી વેપાર કરવા માંડે. આમ કરવું ને આ કરું. એ પછી બહારમાં ગયું લક્ષ. કહો, સમજાણું કાંઈ?

'**તેથી રાગદ્વેષમોહરૂપ આસ્રવભાવને ભાવે છે,...**' શું કહે છે? જેવો જેને માને તેવું તેને ભાવનાનું સ્વરૂપ હોય છે. એ આત્મા રાગદ્વેષ અને મોહ સ્વરૂપ પોતાને માને તેથી તેની ભાવના કરે કે આ હોય તો ઠીક. સમજાણું કાંઈ? '**રાગદ્વેષમોહરૂપ આસ્રવભાવને...**' શું કરવા? કે એને પોતાને એકપણે માન્યું છે. અને એકપણે માન્યું, જે પોતે જેને માને એની જ એને ભાવના હોય. '**રાગદ્વેષમોહરૂપ આસ્રવભાવને ભાવે છે,...**' એટલે રાગ હોય તો ઠીક, આ ભાવ હોય તો ઠીક, આ મિથ્યાત્વ હોય તો ઠીક. એ જેને પોતાપણે માને એની ભાવનાની વૃદ્ધિ કરવાનું એ છે. એની ભાવનાને ભાવે છે. કહો, સમજાણું કાંઈ? '**તેથી કર્મ આસ્રવે છે;...**' લ્યો! એવી રાગ-દ્વેષ અને મોહની ભાવના. રાગ કરું. સમજાણું? પ્રેમ કરું, દ્વેષ કરું. કારણ કે એને પોતાનું સ્વરૂપ આમ રાગદ્વેષરહિત ચિદાનંદ વીતરાગ વિજ્ઞાનઘન, વીતરાગ વિજ્ઞાનઘન એવો આત્મા એ તો ભિન્ન પાડીને દૃષ્ટિમાં લીધો નથી. સમજાણું? એથી જેને પોતાનું માન્યું એને વધારવા માગે છે. સમજાણું કાંઈ? અને તેથી કર્મ આવે છે અને તેથી શરીર થાય છે અને તેથી સંસાર ઉત્પન્ન થાય છે. જુઓને! શરીરથી સંસાર ઉત્પન્ન થાય એટલે આખું શરીર આવ્યું, સંસાર આવ્યું. ચાર ગતિ અને રખડવાનું એમાંથી ઊભું થયું. કહો, અહીં શરીરથી ધર્મ થાય છે એમ ન કહ્યું અહીં. ભાઈ! એ કહ્યું. શરીરથી આમ નજર (કરે) ત્યાંથી સંસાર થાય છે, એમ કહે છે. શરીરના ભેદજ્ઞાન પાડવાથી આત્માને મુક્તિ થાય છે. સમજાણું કાંઈ? શુભ-અશુભ રાગ અને શરીર, એનાથી ભેદજ્ઞાન કરવાથી એને મુક્તિની પર્યાય ઉત્પન્ન થાય છે અથવા મુક્તિના કારણરૂપ ભેદજ્ઞાન સંવર ઉત્પન્ન થાય. સંવરની વાત છે ને અહીં? કહો, સમજાણું? એવા અનાદિની અવળીથી એ વાત કરી. હવે સવળી કહે છે.

'**પરંતુ જ્યારે (તે આત્મા),...**' જોયું! જ્યારે... પછી એટલું. ઓલામાં જીવ શબ્દ

હતો ને? '**પ્રથમ તો જીવને, આત્મા અને કર્મના...**' એટલે એ તો જીવને અને કર્મને એ બધું એક છે. અહીં શબ્દ '**જ્યારે (તે આત્મા), આત્મા ને કર્મના ભેદવિજ્ઞાન વડે...**' પર પુણ્ય-પાપના રાગ અને કર્મ એનાથી જુદો પડીને પોતાના પૂર્ણ શુદ્ધ અસ્તિત્વમાં જ્યાં દૃષ્ટિ આવે છે. પુણ્ય-પાપના વિકલ્પ વૃત્તિ અને કર્મ એનાથી ભેદ પાડીને. કેમ કે એ પુણ્ય-પાપ અને કર્મમાં એ નથી. જેમાં નથી તેનાથી જુદો પાડીને ભેદવિજ્ઞાન વડે... કર્મ અને રાગ એનાથી ભિન્ન પડે. એ તો કર્મથી જુદો ત્યાં દૃષ્ટિ ગઈ આત્મામાં, ત્યાં રાગથી જુદો એમાં આવી ગયું. સમજાણું કાંઈ? આમ જ્યાં રાગથી એક છું ત્યાં કર્મથી એક છું એમ (આવી જાય છે). અને કર્મથી એક છું ત્યાં રાગથી એક છું પણ એમાં આવી ગયું. બહુ ઝીણું. કહો, પ્રવિણભાઈ!

નજર જ્યાં સુધી પર ઉપર છે, વસ્તુના હોવાપણામાં જેટલું એનું અસ્તિત્વ જેટલા પ્રમાણમાં છે એટલા પ્રમાણ ઉપર અસ્તિત્વમાં દૃષ્ટિ ન આવતાં, એ અસ્તિત્વનો સ્વીકાર આમ ન થતાં જ્યાં રાગ અને કર્મ છે તેમાં હું છું, તે હું છું એમ એકપણાનું અસ્તિત્વ માન્યું છે ત્યાં આખો સંસાર ઊભો થાય છે. કહો, સમજાણું કાંઈ? પછી તો અહીં ક્રમ મૂક્યો. એ ભાવ ચાર અધ્યવસાયને લઈને ઊભા થાય છે. એ અધ્યવસાય રાગદ્વેષમોહ જે આસ્રવ છે તેને ઊભા કરે છે અને રાગદ્વેષમોહથી કર્મ આવે છે અને કર્મથી શરીર અને શરીરથી સંસાર. કહો, સમજાણું આમાં?

પણ આત્મા અને કર્મના જુદાપણા વડે. લ્યો! ઓલું એકપણા વડે હતું. અહીં જુદાપણા વડે. શબ્દે શબ્દે ફેર છે. છે ને ત્યાં? '**આત્મા અને કર્મના એકપણાનો અધ્યાસ...**' અધ્યાસ એટલે એકપણાનો અભ્યાસ. અહીં ભિન્નપણાના અભ્યાસથી. આત્મા અને કર્મ. એટલે પર ઉપરનું લક્ષ છૂટી અને જ્ઞાયક સ્વરૂપ ચૈતન્યના ઉપર પરથી ભિન્ન પડીને આત્માના અસ્તિત્વ ઉપર દૃષ્ટિ થઈ ત્યારે તે ભેદજ્ઞાન વડે આત્માનું અસ્તિત્વ પ્રતીતમાં આવ્યું.

'**શુદ્ધ ચૈતન્યચમત્કારમાત્ર આત્માને ઉપલબ્ધ કરે છે-**' ઓલું પરમાં એકત્વ હતું તે મિથ્યાત્વ-અજ્ઞાન-અવિરતિ અને યોગના અધ્યવસાયની એક્તાબુદ્ધિ ઉત્પન્ન કરતો હતો. સમજાણું કાંઈ? આ તો અધ્યાત્મ શાસ્ત્ર છે. થોડા શબ્દોમાં ઘણાં ભાવો મૂક્યા હોય. એને અધ્યાત્મમાં સમાડી દેવા છે ને બધા. જુઓ! કેવી રીતે સમાડી દીધા. પરમાં એકત્વબુદ્ધિ જે હતી એટલે કે પરના લક્ષમાં પોતાના લક્ષને ચૂકીને પર તરફમાં એકત્વબુદ્ધિ હતી એનાથી ભિન્ન પડતાં પોતામાં એકત્વ આવ્યું. તો શું આવ્યું? કે '**શુદ્ધ ચૈતન્યચમત્કારમાત્ર આત્મા...**' એ તો શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ આત્મા તેને દૃષ્ટિમાં પરથી ભેદજ્ઞાન પાડતાં પ્રાપ્ત કરે છે. ઓલો પરમાં ચારના અધ્યવસાયને વિદ્યમાન પ્રાપ્ત કરતો. એકત્વબુદ્ધિમાં.

અહીંયાં પરથી ભિન્ન પાડીને હું એક શુદ્ધ ચૈતન્ય ચમત્કારમાત્ર આત્મા છું. જોયું! ચમત્કાર. શુદ્ધ ચૈતન્યચમત્કાર ભગવાન આત્મા છે. બસ એમાં કોઈ વિકલ્પ રાગ, શરીર, કર્મ કાંઈ છે જ નહિ. સમજાણું? એવા શુદ્ધ ચૈતન્યચમત્કારમાત્ર આત્માને અનુભવે છે. ઉપલબ્ધ કરે છે, પ્રાપ્ત કરે છે કહો, અનુભવે છે કહો. સમજાણુ કાંઈ? ઓલો પરમાં એકત્વબુદ્ધિ હતી તો પરમાં એકત્વબુદ્ધિના અધ્યવસાયોને અનુભવતો. મિથ્યાત્વ, અજ્ઞાન, અવ્રત અને યોગ. આ પરથી ભિન્ન પાડીને પોતાના આત્માને અનુભવ કરે છે. સમજાણું કાંઈ?

'**ત્યારે મિથ્યાત્વ, અજ્ઞાન, અવિરતિ અને યોગસ્વરૂપ અધ્યવસાનો કે જે આસ્રવભાવનાં કારણો છે તેમનો અભાવ થાય છે;...**' ઓલામાં વિદ્યમાન હતા. સમજાણું કાંઈ? શું કહ્યું? ભગવાન આત્મા જેને કહીએ કે જેમાં એકલો જ્ઞાન ને આનંદ ને શુદ્ધ સ્વભાવ આખો ભર્યો છે ચૈતન્યચમત્કાર. એવા આત્માને પરથી ભિન્ન પાડતાં, ભેદજ્ઞાન કરતાં આત્મા વસ્તુ ચૈતન્યચમત્કાર તેનો અનુભવ કરે છે. અનુભવ કરતાં '**ત્યારે મિથ્યાત્વ, અજ્ઞાન, અવિરતિ અને યોગસ્વરૂપ અધ્યવસાનો કે જે આસ્રવભાવનાં કારણો છે...**' તેને ઉત્પન્ન થતાં નથી. ઉત્પન્ન થતાં નથી એનો અભાવ કરે છે એમ કહેવામાં આવે છે. કહો, સમજાણું આમાં? ઓલી વાત છે એનાથી આ ગુંલાટ ખાઈને વાત કરે છે. આહાહા..!

કોણ કરે? રજકણને કોણ ફેરવે? એમ કહે છે અહીં તો. રાગ રાગને કોણ ફેરવે? રાગ છે એ પર છે એના ઉપર લક્ષ જાય ત્યારે રાગને ફેરવ્યું. એટલે પોતાનું માન્યું. સમજાણું? રાગ અને .. એનાથી આમ અંદર વસ્તુ શુદ્ધ ચૈતન્ય સ્વભાવ એના ઉપર દૃષ્ટિ જતાં પરથી ભેદ પડતાં આત્માને પ્રાપ્ત કરે છે. આત્મા તો આત્મા છે. પણ પર્યાયમાં એનો અનુભવ થાય છે એ આત્માને પ્રાપ્ત કરે છે એમ કહેવામાં આવે છે. લ્યો, આનું નામ સંવર. એમ કહે છે. એનું નામ ધર્મ.

'**ભેદવિજ્ઞાન વડે શુદ્ધ ચૈતન્યચમત્કારમાત્ર આત્માને ઉલપબ્ધ કરે છે-અનુભવે છે...**' એટલે કે જે પુણ્ય-પાપને કર્મ એક હતા એના કારણે જે એકત્વબુદ્ધિથી મિથ્યાત્વ આદિના અધ્યવસાયોને વિદ્યમાન અનુભવતો હતો, એનાથી ભિન્ન પડતાં આત્માને અનુભવે છે. જેના આત્મામાં અતીન્દ્રિય આનંદના સ્વાદને વેદે છે એમ કહે છે. આહા..! કહો, આ ક્રિયા. ધાર્મિક ક્રિયા. ધાર્મિક ક્રિયા છે કે નહિ? (એમ) કેટલાક કહે. વીતરાગમાર્ગમાં ત્યાગની મહિમા છે. પણ ક્યા ત્યાગની? પરની એકત્વબુદ્ધિનો ત્યાગ એમાં ભેદજ્ઞાન એટલે સ્વમાં એકત્વનો આદર, એનું નામ પરનો ત્યાગ કહેવામાં આવે છે. ત્યાગ કોનો? આ બહારના આ વસ્તુ છૂટતી જાય, છૂટતી જાય એટલો ત્યાગ થતો જાય એમ છે નહિ, એમ કહે છે. સમજાણું કાંઈ?

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**'મિથ્યાત્વ, અજ્ઞાન, અવિરતિ અને યોગસ્વરૂપ અધ્યવસાનો કે જે આસ્રવભાવનાં કારણો છે તેમનો અભાવ થાય છે;...'** જુઓ! એનો ત્યાગ છે એમ કહ્યું. એનો ત્યાગ થાય છે ભાઈ આ. શું કીધું? એ કર્મ અને કર્મના નિમિત્તે થતો રાગ, તેનાથી આત્માને ભિન્ન પાડી અને શુદ્ધ ચૈતન્યમાત્ર આત્માને વેદતા, અનુભવતાં, જાણતાં, સ્વાદ લેતાં, એને મિથ્યાત્વ આદિના ભાવનો ત્યાગ થાય છે એટલે એને ઉત્પન્ન થતાં નથી. આ ત્યાગ કહેવામાં આવે છે. આહાહા..!

મુમુક્ષુ :- ... સમાધિ છે?

ઉત્તર :- હા. સમાધિ કહો, શાંતિ કહો, સ્વસંવેદન કહો, ધર્મ કહો, બધું જે કહો એ છે. શું કહો? ઉપયોગ કહો. શુદ્ધઉપયોગ. શુભાશુભ પરિણામથી જુદો પડ્યો તો શુદ્ધઉપયોગ થયો. આહાહા..! કહો, સમજાણું?

જુઓને! ટોડરમલજીએ તો એ લીધું. શુદ્ધઉપયોગરૂપી મુનિપણું અંગીકાર કર્યું. ભાષા એવી લીધી છે ને. શુદ્ધઉપયોગ. અને કદાચિત રાગના મંદ ઉદયથી શુભ થાય તો ધર્મલોભી જીવને કહે. પણ ધર્મલોભી જીવને. ધર્મનો આકાંક્ષી હોય. પરાણે આવતો હોય એને ન કહે. જે સાંભળવાનો કામી છે એને કહે. દીક્ષા ગ્રહણનો કામી છે. દીક્ષા ગ્રહવાનો. એમ ... છે. એને આપે. સમજ્યાને? .. ભાષા પણ તોળી તોળીને. ટોડરમલજીની. શું કરે છે આ લોકો? હોલ તો ખોલ્યો. એય..! શેઠી!

મુમુક્ષુ :- વાંચન...

ઉત્તર :- કીધું હતું ભાઈ તમે આ પૈસા તો ખર્ચ્યા ઘણા પણ હવે આનું કાંઈ પાછું. પાછળથી એવું મોટો હોલ આમ જુઓ તો. ઓહોહો..! ૧૦૫ ફૂટ લાંબો, ૬૫ ફૂટ પહોળો. ૩૪ તો મોટા ઓરડા નાના નાના. બે તો મોટા મકાન આ બાજુ. હવે એનું પાછું કાંઈક. શાસ્ત્ર વાંચન, એમાં મોક્ષમાર્ગ પ્રકાશકની ખરેખર તો વસ્તુ ... એમાં પણ એ સાતમા અધ્યયનનો જે મોક્ષમાર્ગનો અધિકાર એને માટે તો બહુ પ્રસિદ્ધ થવું જોઈએ ત્યાં. જયપુરથી. બે મોક્ષમાર્ગ નથી. મોક્ષમાર્ગ એક છે. બે મોક્ષમાર્ગ માને એ ભ્રમમાં પડ્યા છે. કહો, સમજાણું? અહીંથી જ પલટી ભેદજ્ઞાન થયું, રાગથી ભેદ થયો એ જ દર્શન-જ્ઞાન-ચારિત્ર છે. સમજાણું?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બધું ગયું. ઓલો ભાગ રાગ છે એનાથી ભિન્ન પડ્યો છે એ દર્શન-જ્ઞાન-ચારિત્ર. રાગને રાખીને નથી. સમજાણું કાંઈ? પંચાધ્યાયીમાં પણ એમ લીધું છે. આચાર્ય, ઉપાધ્યાય, સાધુની વ્યાખ્યા લીધી છે ને? ત્યાં અંતર, બાહ્ય, દર્શન-જ્ઞાન-ચારિત્ર બેને સમાન છે ત્રણેને. કોને? આચાર્ય, ઉપાધ્યાય અને સાધુને. ત્રણે સમાન છે. આવે છે ને પંચાધ્યાયીમાં?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

બધી સમાનતા.. થોડો .. સમાનતા. અંતર બહિર .. અંતરબહિર એટલે વ્યવહાર નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન બેયને સમાન છે. એટલે એકસાથે અંતરબહિર સાથે લીધો છે. પહેલો બહિર હોય અને પછી અંતર હોય એમ નથી. એને ન માને. સમજાણું કાંઈ?

અહીં શું કહ્યું? જુઓને! શુભઉપયોગ જે રાગ છે, એનાથી ભેદવિજ્ઞાન વડે. એમ થયું ને? કર્મના ભેદવિજ્ઞાન વડેનો અર્થ કે કર્મથી જુદો પડીને સ્વભાવની એક્તા થાય ત્યાં રાગથી પણ જુદો પડીને સ્વભાવથી એક્તા થાય. એમ છે. સમજાણું કાંઈ? પરની એક્તા પરના લક્ષે એક્તાબુદ્ધિથી જે રાગ અને મિથ્યાત્વ ઉત્પન્ન થતું એ પરનું લક્ષ છોડીને સ્વના ચૈતન્ય ચમત્કારમાત્રમાં આવ્યો એને રાગથી અને કર્મથી બેયથી જુદો પડ્યા. સમજાણું કાંઈ?

'**શુદ્ધ ચૈતન્યચમત્કારમાત્ર આત્માને અનુભવે છે...**' એમ કહ્યું. ત્યાં ઓલો રાગ શુભ છે એને અનુભવે છે એમ છે? સમજાણું કાંઈ? શુભઉપયોગ છે એમાં સંવર છે. આ તો એનાથી જુદો પાડીને ઠરે એનું નામ સંવર છે. આરેરે..! ભારે કરે છે. સમજાણું કાંઈ? ઘણાને ખટકે છે આ હોં સોનગઢની વાત. સ્પષ્ટ થાય છે ને. સ્પષ્ટ થાય એટલે જાણે કે અરર..! ઓલો કહે અમારું ઉડી ગયું, ઓલો કહે અમારું ઉડી ગયું. વાડો ચલાવવો હોય એને ધક્કો લાગી જાય ને? કોણ હલવે? ભાઈ! કોનાથી હલવે? એ તો એની યોગ્યતા હોય તો થાય છે.

કેટલી વાત કરે છે જુઓને! '**આત્મા ને કર્મના ભેદવિજ્ઞાન વડે...**' એટલે કે આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ શુદ્ધચૈતન્યમાત્ર તે. એને અને કર્મના નિમિત્તને થતો રાગાદિ, બેયના ભેદવિજ્ઞાન વડે. કારણ કે કર્મ તરફનું લક્ષ છોડીને આમ જ્યાં આવ્યો શુદ્ધ ચૈતન્યમાત્રમાં ત્યાં પરથી ભિન્ન પડ્યો અને રાગથી પણ ભિન્ન પડ્યો. શુભરાગ શુભઉપયોગથી પણ ભિન્ન પડ્યો. સમજાણું કાંઈ? કર્મના લક્ષે હતો ત્યારે શુભ-અશુભ ઉપયોગ સાથે થતો અને એનું લક્ષ છોડીને અંતરમાં જ્ઞાનાનંદ પરથી ભેદ પાડીને આવ્યો અને શુભાશુભ પરિણામથી પણ ભેદ પાડીને શુદ્ધઉપયોગનું આચરણ ઉત્પન્ન થયું એમ કહે છે. સમજાણું કાંઈ?

ત્યારે આ રીતે આત્માને શુદ્ધઉપયોગ દ્વારા પ્રાપ્ત કરતાં '**ત્યારે મિથ્યાત્વ, અજ્ઞાન, અવિરતિ અને યોગસ્વરૂપ અધ્યવસાનો...**' એક્તાબુદ્ધિ એવો જે આશય હતો એ કારણો છે જે આસ્રવના એ અટકી ગયા, નીકળી ગયા, સંવર રહી ગયો. કહો, સમજાણું કાંઈ? અહીં તો મિથ્યાત્વ, અજ્ઞાન, અવિરતિ એના અધ્યવસાય ત્રણે ગયા એમ કહે છે. અવિરતિ આવ્યું કે નહિ અવિરતિ? રાગનો ત્યાગ નહોતો, એક્તાબુદ્ધિ હતી એનાથી ભિન્ન પડીને શુદ્ધ ચૈતન્યમાત્રમાં આવ્યો, અવિરતિભાવનો અભાવ થઈ ગયો. એક્તાબુદ્ધિની અવિરતિ ભાવ હતો ઈ. સમજાણું?

'**આસ્રવભાવનાં કારણો છે...**' એ ચારનો એક્તાભાવ તે આસ્રવભાવનું કારણ છે તેમનો

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અભાવ થાય છે. અને '**અધ્યવસાનોનો અભાવ થતાં...**' અહીં તો ચારની એક્તાબુદ્ધિની જ અહીં વાત કરવા માગે છે એકલી. એનો '**અભાવ થતાં રાગદ્વેષમોહરૂપ આસ્રવભાવનો અભાવ થાય છે;...**' ઓલામાં ઉત્પન્ન થતાં કહેતા, આમાંથી અભાવ થાય છે. આસ્રવભાવના કારણો, તેના ત્યાગ થતાં અધ્યવસાનોનો અભાવ થતાં, એની એક્તાબુદ્ધિનો અભાવ થતાં રાગદ્વેષમોહ આસ્રવભાવનો, રાગદ્વેષમોહ જે આસ્રવભાવ છે તેનો પણ અભાવ થાય છે. જુઓ! રાગ-દ્વેષ, પુણ્ય, શુભ-અશુભ અને એક્તાબુદ્ધિ બધાનો અભાવ થાય છે. કહો, સમજાણું આમાં?

'**આસ્રવભાવનો અભાવ થતાં કર્મનો અભાવ થાય છે;...**' પછી કર્મ આવતા નથી. અને '**કર્મનો અભાવ થતાં નોકર્મનો અભાવ થાય છે;...**' શરીર થાતું નથી. જુઓ! આસ્રવનો અભાવ થતાં કર્મ આવતા નથી, કર્મનો અભાવ થતાં શરીર થાતું નથી. '**નોકર્મનો અભાવ થતાં સંસારનો અભાવ થાય છે.**' લ્યો! આખો ક્રમ મૂક્યો. શરીર જ મળતું નથી. અશરીરી એકલો આત્મા રહી જાય છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એકલું શરીર. શરીર તો બધું એની સાથે.. બધો એનો અભાવ થઈ જાય. કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બધું બધું આવે છે ને. છ પર્યાપ્તિ, નોકર્મ, .. આહાર, .. એ બધા શરીરના અવયવોની વાત છે.

નોકર્મ નામ શરીર નહિ આવતા સંસારનું પરિભ્રમણ પણ તેને અભાવ થાય છે '**આ પ્રમાણે આ સંવરનો ક્રમ છે.**' લ્યો! એ સંવર નામ ધર્મની ઉત્પત્તિનો ક્રમ છે. ધર્મની ઉત્પત્તિ થતાં પૂર્ણ થઈ જાય ત્યારે શરીર-બરીર રહેતું નથી. ત્યાં સુધી વાત લઈ ગયા, લ્યો. ઓહોહો..! કહો, સમજાણું કાંઈ? આત્મા, રાગ-પુણ્યના પરિણામ અને કર્મ, બેયથી ભિન્ન પડતાં પોતાના શુદ્ધ ચૈતન્યચમત્કારના દૃષ્ટિ અનુભવમાં આવતાં એને પરના એકપણાના બુદ્ધિવાળા જે અધ્યવસાયો-મિથ્યાત્વ, અજ્ઞાન, અવિરતિ, યોગ તે ઉત્પન્ન થતાં નથી. એ ઉત્પન્ન થતાં નથી તેથી તેને રાગદ્વેષમોહ થતા નથી. એ આસ્રવનું કારણ તો એ હતું. અને આસ્રવ નહિ થતાં તેને કર્મ આવતા નથી. કર્મ નહિ આવતા તેને શરીર થતું નથી, શરીર થતું નથી તો સંસાર થતો નથી. લ્યો, આ ક્રમ-ક્રમ. ભારે પણ કામ. હવે બહારથી કાંઈ થઈ જતું હોય ને તો તો સૂઝ પડે જગતને. પૈસા ખર્ચીને ધર્મ થાતો હોય. એય.. શેઠી! કહો, આ સોળ લાખ ખર્ચ્યા. એનાથી કાંઈ કાંઈ સંવર થાય કે નહિ? અહીં તો ના પાડે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

છે. એય.. મોહનભાઈ! રાગની મંદતાનો ભાવ શુભ હોય પરલક્ષે. બસ, એટલું આસ્રવનું કારણ છે. એય..! હિંમતભાઈ! શું આ થઈ ગયા પછી વાત થાય છે ને?

મુમુક્ષુ :- ચાલ્યા જ કરે છે ને?

ઉત્તર :- હજી તમારે કરવાનું છે. ઈ આ બેઠા. બધાને અહીં તો પહેલેથી કહીએ છીએ. ત્યાં ક્યાં પાછળથી કહીએ છીએ? જાત્રા-બાત્રા થઈ ગઈ પછી જાત્રાને કહે છે પુણ્ય, એમ છે? પહેલેથી કહીએ છીએ. બાપુ! એ તો વિકલ્પ ઉઠે છે. હોય છે. છે પુણ્યનો આસ્રવ. પરના લક્ષે જે ભાવ ઉત્પન્ન થાય એ બધો શુભ હોય તો પુણ્યનો આસ્રવ છે. પરને આશ્રયે અશુભ થાય તો પાપનો આસ્રવ છે. વસ્તુ તો ઈ છે. સમજાણું? ઓલામાં આવે છે. ઓલા મોક્ષમાર્ગ પ્રકાશકમાં શરૂઆતમાં આવે છે. અરિહંતાદિ વડે રાગની હાનિ થાય છે, જીવ-અજીવનું વિશેષ જ્ઞાન થાય છે. એવું આવે છે. મૂળમાં આવે છે, મૂળમાં આવે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ના ના. હાનિ થાય છે એ છે. ઈ તો છે ને બેયમાં છે. છે છે. એ તો બેય છે. એ ઓલો સ્વપર ભેદવિજ્ઞાનનો. એ જુદું. એ જુદી વાત છે. આ... શું છે? મોક્ષમાર્ગ આ? શું કીધું? અરિહંતાદિ...

મુમુક્ષુ :- બધાનું ભેગું છે.

ઉત્તર :- હા. એ વાત છે ને. પ્રમત્ત કષાય.. શુદ્ધ પરિણામનું કારણ પણ છે એમ પણ છે. એ તો આવે છે ને. તેથી જુઓ. છે? અને પોતાના ઘાતિ કર્મનું હીનપણું થવાથી સ્વભાવિકપણે વીતરાગ વિશેષ જ્ઞાન થાય છે. અરિહંત શબ્દ છે ખરો. જીવ-અજીવનું જ્ઞાન થાય છે. મારામાં લખ્યું છે. એ તો આ ..કર્મનું હીનપણું સ્વભાવિકપણે વીતરાગ વિશેષ જ્ઞાન થાય છે. જુઓ! આવ્યું કે નહિ? એના વડે હોં! ભાઈ! એ તો આવે છે. એવી વાત છે. ...

કાર્ય .. નિમિત્તભૂત થઈ રાગાદિને હીન કરે છે, જીવ-અજીવનું વિશેષ જ્ઞાન ઊપજાવે છે. જુઓ! આમાં છે. આમાં છે, જુઓ. જુઓ! એમ છે. એ વગેરે કાર્ય તત્કાળ નિમિત્તભૂત થઈ રાગાદિકને હીન કરે છે અને જીવ-અજીવાદિનું વિશેષ જ્ઞાન ઊપજાવે છે. લ્યો. આ તો આમાં લખ્યું. છે ને શબ્દ? એમાં ફેર નથી. ઈ તો બીજો ફેર છે. છે ને? આ લખ્યું જુઓને ચોખ્ખું. નિમિત્તભૂત થઈ રાગાદિને હીન કરે છે. જીવ-અજીવાદિનું વિશેષ જ્ઞાન ઊપજાવે છે. વિશેષ જ્ઞાન. ઓલું જ્ઞાન તો પોતાને આશ્રયે થાય છે, હોં! પણ આ એ જાતનું જ્ઞાન થાય છે. શૈલી તો એવી છે. કહો, સમજાણું આમાં? ફરી વાંચવું શરૂ કર્યું. આના શબ્દે શબ્દે તમે ત્યાં વાંચી ગયા હતા. મને કાંઈ ખ્યાલ નહોતો ... શબ્દે શબ્દના અક્ષરે અક્ષર ક્યાં

જાય છે. ત્યાં ઉદ્દ્ઘાટન કર્યું ને એનું. એટલે પછી એનું કાંઈક હોવું જોઈએને જરી? લ્યો! અહીં લખ્યું જુઓ! તત્કાળ નિમિત્તભૂત થઈ રાગાદિને હીન કરે છે. જીવ-અજીવ... માટે પ્રમાણે અરિહંતાદિ વડે વીતરાગ વિશેષ જ્ઞાનરૂપ પ્રયોજનની સિદ્ધિ થાય છે. જુઓ ભાષા. નિમિત્તથી વાત કરે ત્યારે એમ જ હોય ને. ત્યારે ઓલા કહે, જુઓ! પરદ્રવ્ય વડે થયું કે નહિ? એમ કહે. આ તો એ ઉપર વાત છે. પરદ્રવ્ય વડે થાય અને તમે કહો કે પરદ્રવ્ય વડે કાંઈ થાય નહિ આત્માનું જ્ઞાન. હા હા કાંઈ ન થાય. સાંભળ! એ તો જરી વિશેષ અમુક થાય. એનું લક્ષ છોડીને સ્વદ્રવ્યનું લક્ષ કરે છે ત્યારે એને યથાર્થતા, વીતરાગતાનું વિશેષ જ્ઞાન થાય છે. વાત એમ છે, ભાઈ! સમજાણું કે નહિ? કહો, હિંમતભાઈ! એ તો પાંચ પરમેષ્ઠી જ હોય છે માન્યતામાં, શુભભાવમાં. એણે એ વાતનું વર્ણન કર્યું છે.

**'આ પ્રમાણે સંવરનો ક્રમ છે.'** સંવરની વિધિ એટલે ધર્મની ઉત્પત્તિનો આ એક ક્રમ છે કે પરથી ભિન્ન પાડીને પોતાના શુદ્ધ ચૈતન્યમાત્રના સ્વભાવને અનુભવવો. એથી તેને મિથ્યાત્વ, અજ્ઞાન, અવ્રત અને યોગના અભિપ્રાયવાળા ભાવ હતા તે ઉત્પન્ન થતાં નથી. આસ્રવ થતો નથી. એને લઈને પછી રાગદ્વેષમોહ થતો એ આસ્રવ થતો નથી. આસ્રવ નહિ થવાથી કર્મ આવતા નથી. કર્મ નહિ આવવાથી શરીર થતું નથી. શરીર નહિ થવાથી સંસાર થતો નથી. આહાહા..!

મુમુક્ષુ :- શરીરથી સંસાર...

ઉત્તર :- .. પહેલેથી કહ્યું હતું. ઓલાને સંસાર રાખ્યો હતો અને અહીં સંસાર ઉડાડી દીધો. શરીર થાય તો સંસાર થાય, શરીર ન રહે તો સંસાર નથી થાતો એમ કીધું. ત્યાં લક્ષ જાય છે ને પર ઉપર? શરીર ઉપર લક્ષ જાય તો થાય શું? બધા રાગદ્વેષ ઊભા થાય. એને આ પરદ્રવ્યના આશ્રયે આ કરું... આ કરું... (એમ થાય). સમજાણું કાંઈ? 'પ્રભુનો મારગ છે શુરાનો, કાયરના કામ નહિ આ તો.' સમજાણું? વીતરાગ માર્ગ છે. મોક્ષમાર્ગ વીતરાગ, વસ્તુસ્વરૂપ વીતરાગ, એના ફળ પણ વીતરાગ વિજ્ઞાન પૂર્ણ સિદ્ધપદ. લાલાપેઠા કરે એમાં ચાલે એવું ત્યાં નથી. પોપાબાઈનું રાજ નથી કે ત્યાં અંદર કામ કરે. સમજાણું?

ભગવાન આત્મા. અહીં તો પરથી ભિન્ન પાડે. એમ અહીં તો લીધું ને. એટલે ઓલામાં જરી શબ્દ આવ્યો કે પરદ્રવ્ય. બાકી પરદ્રવ્યથી, કર્મથી ભિન્ન પડ્યો ત્યારે નોકર્મથી પણ ભિન્ન પડ્યો જ. એમ કહેવું હતું જરી, ઓલા શબ્દની સાથે. કર્મ અને એના નિમિત્તથી ઉત્પન્ન થતો વિકલ્પ રાગ, એનાથી ભિન્ન પડ્યો એટલે આમ લક્ષ આત્માના શુદ્ધ ચૈતન્ય સ્વભાવ ઉપર ગયું. ત્યારે નોકર્મથી પણ ભિન્ન પડ્યો. ત્યારે તેને ભેદજ્ઞાન થયું. સમજાણું કાંઈ? ભારે માર્ગ બાપા! વીતરાગ પ્રભુનો. ઓહોહો..! એ વસ્તુ. વ્યવહારથી વાત જ્યાં કરી હોય એને

વળગે તો આ માર્ગમાં મેળ ખાશે નહિ.

અહીં તો કહે છે ને? કર્મથી જુદો પડ્યો ત્યાં કર્મનું લક્ષ તૂટ્યું. પછી નોકર્મનું લક્ષ તો ક્યાંય રહ્યું. આ ભગવાનની વાણી છે ને અને ભગવાન આ કહે છે, એને લઈને મને અહીં લક્ષ તૂટે છે અને હું પરમાં જાઉં છું. એમ છે નહિ. શાસ્ત્રમાં લખ્યું હોય આ લખ્યું. હવે પણ લખ્યું કઈ અપેક્ષાએ? કઈ નયનું કથન છે? શું ત્યાં સિદ્ધ કરવા માગે છે એ વાતને સમજ્યા વિના બાપુ! આહાહા..! અંતરમાં વળવું છે એને બહારના લક્ષ છૂટ્યા વિના અંતરમાં વળી શકશે નહિ. પરનું લક્ષ રાખીને અંતરમાં લક્ષ જશે એમ કોઈ દિ' બનશે નહિ. એટલે અહીં તો વાત કરી પણ નોકર્મ તો એમાં આવી જ ગયું. સમજાણું?

મુમુક્ષુ :- કર્મ કહેતાં બધું આવી ગયું.

ઉત્તર :- હા. એ તો કર્મ કહો તો આની કોરનું. કર્મની એક્તાબુદ્ધિ એટલે કર્મ સાથે થયેલા રાગની એક્તાબુદ્ધિ. કર્મ અને બાહ્ય નિમિત્તો એની સાથે એક્તાબુદ્ધિ. એ ત્રણેથી ભેદજ્ઞાન કરે ત્યારે આત્માની પ્રાપ્તિ થાય. એક્તાબુદ્ધિ એકમાં રહે તો ત્રણેમાં એક્તાબુદ્ધિ છે. રાગના વિકલ્પમાં એક્તાબુદ્ધિ હોય તો એને કર્મમાં અને નોકર્મમાં એક્તાબુદ્ધિ જ છે.

મુમુક્ષુ :- હજી પ્રશ્ન છે કે પહેલા શું કરવું?

ઉત્તર :- આ પહેલા આ કરવું પરથી ભેદજ્ઞાન કરવું તે. ઉપદેશબોધ કરવો, વૈરાગ્ય કરવો, ફલાણું કરવું. પણ એ વાત અહીં મૂળ વસ્તુમાં છે જ નહિ. સાંભળે છે ત્યાં એ ઉપદેશબોધ અને રાગની મંદતા છે જ એને. છે જ. એમાં શું છે પણ? આહાહા..! હવે એને કહે છે કે આ અંદર જે સાંભળે અને જે રાગ (થાય), એ બધું કર્મ છે. સાંભળવું એ નોકર્મ છે લ્યોને. ઓલું રાગ છે તે કર્મ છે. ખરું કર્મ છે એ. દ્રવ્યકર્મ છે લ્યોને, એ પણ પરદ્રવ્ય છે રાગ. એમાં જ્યાં સુધી એકતા એટલે પરના લક્ષમાં છે ત્યાં સુધી તો એક્તાબુદ્ધિથી મિથ્યાત્વાદિનો અધ્યવસાય જ વર્તે છે. અને એ અધ્યવસાય વર્તવાથી રાગદ્વેષમોહ જ આસ્રવના કારણ ઉત્પન્ન થાય છે અને એને કારણે નવા કર્મ અને કર્મને લઈને આખો સંસાર ઊભો થાય છે. 'ઊપજે મોહ વિકલ્પથી સમસ્ત આ સંસાર.' લ્યો. શ્રીમદ્‌માં આવે છે ને. 'અંતર્મુખ અવલોકતા વિલય થતાં નહિ વાર.' શું કહ્યું?

મુમુક્ષુ :- ક્રિયાનો મોટો પ્રશ્ન છે.

ઉત્તર :- મોટો પ્રશ્ન છે. આ ક્રિયાની વાત ચાલે છે આ. આહાહા..!

આત્મા આમ જે પર્યાયને ફેરવતો પરને લક્ષે એકત્વબુદ્ધિથી એ મિથ્યાત્વની ક્રિયા હતી. એનું લક્ષ છોડીને અંતરમાં એકાગ્ર થાય ભેદ પાડીને એ સમ્યગ્દર્શનની ક્રિયા છે. પર્યાય ફેરવી ને? આહાહા..! મૂળ પહેલું આકરું સમજાતું નથી ને એટલે લોકો પછી બહાર ભમ્યા ભટક્યા

ભટક. પછી બહારથી કાંઈક મળશે. આમ કરશું. તેમ કરશું. આ કરશું, દયા પાળશું, વ્રત પાળશું એમ કરતા કરતા થાશે.

હવે આ જયસેનાચાર્યની ટીકા વાંચી નહિ હોય ટોડરમલજીએ? શુભઉપયોગ લીધો છે ને. ચોથેથી ... અહીં તો કહે છે કે મુનિનો શુભોપયોગ જરી થાય રાગને કારણે, રાગના મંદને કારણે પણ એને હેય જાણવો. હેય જાણવો. એમ કહે. ધવલ એક કોર રાખો. પણ આ જયસેનાચાર્યની ટીકા તો વાંચી હશે કે નહિ? એણે વાચ્યું છે કે ઉપયોગના પ્રકાર પાડ્યા છતાં અહીં કહે છે કે શુભઉપયોગ તો હેય છે મુનિને. લ્યો! આ કાંઈ તત્ત્વમાં ફેર હોય કાંઈ કોઈમાં? સમજાણું? સમજાણું કે નહિ આમાં? શુભયોગને હેય કહ્યો છે ને. એણે કહ્યું શ્લોક આવે. સમજાણું ને? એનાથી થાય એમ કહે છે ને? ભાઈ! એણે જયસેનાચાર્યની ટીકા નથી વાંચી?

શુદ્ધોપયોગના બાહ્ય સાધનોમાં અનુરાગ કરે છે. પરંતુ એ રાગભાવને પણ હેય જાણી દૂર કરવા ઈચ્છે છે. કદાચિત્ મંદ રાગના ઉદયથી શુભોપયોગ પણ થાય છે. પણ એટલે ઓલો શુદ્ધઉપયોગ છે એ પણ છે, પણ આ પણ થાય છે. પણ કદાચિત મંદ રાગના ઉદયથી શુભોપયોગ. ત્રણે ને માટે આચાર્ય, ઉપાધ્યાય, સાધુને. સમજ્યાને? 'જે વડે...' જે વડે 'શુદ્ધોપયોગના બાહ્ય નિમિત્તો...' એટલે સાધનોમાં. અનુરાગ કરે છે. 'પરંતુ એ રાગભાવને પણ હેય જાણી દૂર કરવા ઈચ્છે છે.' લ્યો. જયસેનાચાર્યની ટીકાનું વાંચ્યું હશે કે નહિ? ખબર નથી એને? ઓલા ધવલ .. દર્શનમૂર્તિ હતી. .. લખ્યું છે ને. .. કાંઈ થતું ન હોય તો કોઈ આચાર્યથી કથન બીજા આચાર્યનું જુદું હોય? એવું હોય? ત્રણ કાળમાં તો માર્ગ આખો અનિશ્ચિત થઈ ગયો. કોઈ નિર્ણય કરવાનું રહ્યું જ નહિ. કહે છે, એક આચાર્ય આમ કહે, એક આચાર્ય આમ કહે અને એક આચાર્ય આમ કહે. એવું હોય નહિ. બધા આચાર્યનું એક જ કથન છે. સમજાણું?

અહીં તો એક જ વાત. અહીં તો જરી આ ભેદવિજ્ઞાન આવ્યું ને એટલે પછી ઓલું નોકર્મ પરદ્રવ્ય છે. દેવ-ગુરુ-શાસ્ત્ર એથી પણ ભિન્ન પડ્યો છે એમ કહેવું છે સમજાણું? એનો આશ્રય લક્ષ રાખે ત્યાં સુધી તો આસ્રવ થાય છે. અને એનાથી લાભ થાય એવી એકત્વબુદ્ધિ હોય ત્યાં સુધી મિથ્યાત્વનો આસ્રવ થાય છે. મિથ્યાત્વ, અજ્ઞાન, અવિરતિ અને યોગની અભિપ્રાય એક્તાબુદ્ધિ છે એને કે આનાથી લાભ થશે.. આનાથી લાભ થશે.. એને પરદ્રવ્યની એક્તાબુદ્ધિ પડી છે એમ કહે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એક્તાબુદ્ધિ તોડીને સ્વભાવમાં એક્તા કરવી આ એક ક્રિયા પહેલી છે. 'લાખ

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


વાતની વાત નિશ્ચય ઉર આણો.' આવે છે કે નહિ ભાઈ? છ ઢાળામાં. ભાઈને છે ને મોઢે. 'લાખ વાતની વાત નિશ્ચય...' પરથી ભિન્ન પડીને એક અહીં અત્યારે (ચાલે છે). એ કરવાનું છે. આહાહા..! આમાં વાદવિવાદને અવસર પણ નથી, બાપા! આમાં ક્યાં વખત ચાલ્યો જાય છે. આહાહા..!

માંડ મળ્યો થોડો વખત મનુષ્યનો. એ સમયે સમયે દેહ છૂટવાની નજીક ચાલ્યો જાય છે. દેહ છૂટવાને નજીક સમય ચાલ્યો જાય છે. હવે એમાં તારે આ શું માથાફોડ (કરવી છે)? બાપા! આહાહા..! કહો, એ વખતે દેહમાં કંઈક હશે. એ વખતે તારે ઉપયોગને અંતરમાં વાળવો છે કે ત્યાં રાખીશ? શું કરવું છે? ત્યાં રાખીશ તો દુઃખ થશે તને. આમ થાય, ફલાણું આમ. હવે એમાંથી ૫૦ વર્ષ, ૬૦ વર્ષ, ૭૦ વર્ષ, ૮૦ વર્ષ રહ્યો એમાં આ.. એ આમ થાય છે. એ રાતની .. બધા સૂતા હોય. રાતે પીડા બહુ થાય તો કોને શું થાય? ખબર પડતી નથી. બધા સૂતા હોય. પછી ક્યાં સુધી? પંદર દિ' મહિનો ચાલ્યું હોય. રાતે બધા ઊંઘતા હોય ને માણસ જોડે? સગા-વ્હાલા સૂતા હોય તો પણ. જાગતા કેટલાક રહે? એ વખતે ઓલી પીડા થાતી હોય તો હાય.. હાય..! પણ પીડા શેની થાય છે તને? પરની એકતાની છે. પરની એક્તાની બુદ્ધિમાં દુઃખ છે તને. એય... સાંભળતા નથી, ધ્યાન રાખતા નથી. મારી સાથે જાગવું જોઈએ. બધા કે દિ' જાગે? મહિનો, બે મહિના ચાલે તો મંદવાડ? તો પણ વારાફરતી જાગે પણ બિચારાને ઝોલું આવી જાય. આમ ખાટલે હાથ રાખીને બેઠો હોય તો એને ઝોલું આવી જાય. ત્યાં ક્યાં તારે જાવું છે? કરને અહીં. આહાહા..! ઘણાં એવા રાડ પાડે હોં કે અરે..! રાતે આટલી (પીડા) થાય છે. કોઈ ઉઠતું નથી. મારે કોને કહેવું? વાતચીત કંઈ કરે તો... કોણ વાતચીત કરવા નવરો છે?

અહીં તો કહે છે, પરની વાતચીત છોડ અને અંદરમાં એકાગ્ર થાય. આ એકમાં એકમાં એકલો જા. એકમાં એકલો જા. બીજો કોઈ સાથે આવશે નહિ. આહાહા..! એકલો ચાલ્યો જાય છે, બાપા! દેહ છોડીને ક્યાં? એના નક્કી તો નિર્ણય કર અંદરથી. એમ ખાતરી થાય કે નક્કી હું હવે અલ્પ કાળમાં છૂટો પડી જવાનો છું. મોક્ષ જ થવાનો છે, મારે બીજું છે નહિ. આ રીતે ભેદજ્ઞાન થતાં એને મોક્ષનો નિર્ણય થાય. એમ કહે છે અહીંયાં. સમજાણું કાંઈ? આ તો અંતરના ભાવના ભેદજ્ઞાનની વાત છે.

'**ભાવાર્થ :- જીવને જ્યાં સુધી આત્મા ને કર્મના એકપણાનો આશય છે-**' ત્યાં અધ્યાસ-અભિપ્રાય કૌંસમાં, અહીં આશય લીધો. એટલે કે '**-ભેદવિજ્ઞાન નથી...**' પરમાં એકત્વબુદ્ધિ છે ત્યાં સુધી પરથી ભિન્નપણું નથી. એમ એનો અર્થ છે. કર્મ અને રાગમાં એકપણે માને છે, રાગથી લાભ થાય, કર્મથી લાભ થાય, કર્મ હોય તો કાંઈક મંદ પડે તો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


મને ઠીક પડે એવી એક્તાબુદ્ધિ છે એની સાથે. એવી એક્તાબુદ્ધિ છે, એવો એકપણાનો આશય ત્યાં સુધી એને એનાથી જુદાપણાનું જ્ઞાન નથી. અહીં એકપણું છે તો જુદાપણું નથી. એ તો સીધી વાત છે કે નહિ?

'**ત્યાં સુધી મિથ્યાત્વ, અજ્ઞાન, અવિરતિ અને યોગસ્વરૂપ...**' એક્તાબુદ્ધિ ઊભી થાય છે. ચારેયમાં એક્તાબુદ્ધિના અધ્યવસાયો વર્ત્યા કરે છે. સમજાણું? એકરૂપ ચૈતન્ય તરફમાં વલણ નથી એટલે અહીંયાં ચાર પ્રકારની એક્તાબુદ્ધિ (વર્તે છે). પરમાં એક્તાબુદ્ધિ એકમાં થઈ એટલે ચારેયમાં એક્તાબુદ્ધિ વર્તે છે. '**અધ્યવસાનથી રાગદ્વેષમોહરૂપ આસ્રવભાવ થાય છે,...**' એ એક્તાબુદ્ધિથી જ ખરેખર તો રાગદ્વેષમોહ ઉત્પન્ન થાય છે. સમજાણું કાંઈ? એ અવ્રતનો ભાવ, યોગનો ભાવ, એક્તાનો ભાવ એ ભાવ જ રાગદ્વેષમોહ ઉત્પન્ન થવાનું કારણ છે. '**આસ્રવભાવથી કર્મ બંધાય છે,...**' લ્યો. '**કર્મથી શરીરાદિ નોકર્મ ઉત્પન્ન થાય છે...**' લ્યો આદિ આમાં નાખ્યું. સમજાણું? શરીરાદિ. વાણી, આહાર, શરીર બધું આવી જાય. '**અને નોકર્મથી સંસાર છે. પરંતુ જ્યારે તેને આત્મા ને કર્મનું ભેદવિજ્ઞાન થાય છે...**' એટલે કે આત્મા સિવાય બીજી બધી ચીજથી જુદો દૃષ્ટિમાં પડે છે '**ત્યારે શુદ્ધ આત્માની ઉપલબ્ધિ થવાથી...**' એટલે અનુભવ થવાથી. એટલે આત્માને પ્રાપ્ત થવાથી '**મિથ્યાત્વાદિ અધ્યવસાનોનો અભાવ થાય છે,...**' પછી મિથ્યાત્વાદિ, અવ્રતાદિ સાથે એક્તાબુદ્ધિ એને ઉત્પન્ન થતાં નથી. અહીં સંવર ઉત્પન્ન થયું પછી ઓલું ક્યાંથી થાય?

'**અધ્યવસાનના અભાવથી રાગદ્વેષમોહરૂપ આસ્રવનો અભાવ થાય છે, આસ્રવના અભાવથી કર્મ બંધાતા નથી, કર્મના અભાવથી શરીરાદિ નોકર્મ ઉત્પન્ન થતાં નથી...**' લ્યો, અહીં આવી ગયું-આદિ. '**અને નોકર્મના અભાવથી સંસારનો અભાવ થાય છે.- આ પ્રમાણે સંવરનો અનુક્રમ જાણવો.**' આત્માની પૂર્ણ શુદ્ધિનો ઉત્પત્તિનો આ ક્રમ છે. આ ક્રમ સિવાય બીજો ક્રમ હોતો નથી. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


# પાઠકોંની નોંધ માટે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

# પાઠકોંની નોંધ માટે

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


# પાઠકોંની નોંધ માટે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com